શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી

ભાગ ૧૦


પૂર : ૨૪,૨૫



શ્રીસારંગપુરધામ - કષ્ટભંજન દેવ શ્રીસ્વામિનારાયણ મંદિર

: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

INDEX





ભાગ-૧૦

(પૂર - ૨૪, ૨૫)

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૭૩, જન્માષ્ટમી, ૧૫/૦૮/૨૦૧૭

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૧૦૦૦

કિંમત : ૧૬૦/-

ISBN : 978-93-83456-33-8

: પ્રાપ્તિસ્થાન :

- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- **વડોદરા** : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **દસમા ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.




ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી



શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્‌ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)

પ્રસ્તાવના

જેમ કોઈ અમૃત પીવે તેનું શરીર અમર થાય, તેમ જે શ્રદ્ધા-ભાવથી આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું સેવન કરે, તો તેનો આત્મા અમરપદને પામી જાય. જેમ આઈસ્ક્રીમ ખાવાથી તનમાં ટાઢું થાય તેમ આ ગ્રંથનું ભાવથી વાંચન, શ્રવણ-મનન કરવાથી જીવમાં ટાઢું થાય, એવો અજોડ આ ગ્રંથ છે.

આ ગ્રંથમાં લખાયેલા સર્વાવતારિ સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય ચરિત્રો અને ઉપદેશનો મહિમા ગાતાં સ્વયં ગ્રંથકાર આધારાનંદ સ્વામી પૂર-૯, તરંગ-૪માં કહે છે, શ્રીહરિએ આ ભૂમિ ઉપર પ્રકટ થઈને જે ચરિત્રો કર્યાં છે તે જ્યાં સુધી આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી મૂર્તિમાન રહેશે. કેમ જે, અંતર્ધાન લીલા પછી પણ

चरित्र रूप होई रहत सदाई, आप इच्छाकर रहत हे ताई;
प्रगट मूर्ति करे मोक्ष हि जेसा, चरित्ररूप करे मोक्ष हि तेसा...०६
चरित्र मूर्ति एक करी जाने, यामें अनु एक नुन्य न माने;
ताके मोक्ष में फरक न लेशा, श्रीहरि एसे कहेउ हमेशा...०७
दो में फरक हि समझत जितना, मोक्ष में फरक रहत तितना;

શ્રીહરિ ચરિત્રરૂપે થઈને પોતાની ઈચ્છાથી સદાય પ્રગટ રહે છે. અને તેથી જ પ્રકટ મૂર્તિરૂપ શ્રીહરિ જે રીતે જીવોનો મોક્ષ કરે છે તે રીતે જ ચરિત્રરૂપ શ્રીહરિ પણ જીવોનો મોક્ષ કરે છે. માટે શ્રીહરિની મૂર્તિ અને ચરિત્ર તે બંનેને એક કરી જાણે, તે બેમાં એક અણુ જેટલી પણ ન્યૂનતા ન માને, તો તેના મોક્ષમાં લેશમાત્ર ફરક રહેતો નથી; એમ શ્રીહરિ હંમેશાં કહેતા હતા. મૂર્તિમાં અને ચરિત્રોમાં જેટલો ફરક સમજવામાં આવે તેટલો તેને મોક્ષમાં પણ ફરક રહે છે. માટે ગ્રંથકાર પૂર-૨૫, તરંગ-૩૬માં સમજાવતા કહે છે,

भगवान के चरित्र हि जेते, परम अमृत जानिके तेते;
हरिजन गावत हि प्रित लाई, हरि की मूर्ति संभारीके ताई...३४
करी करीके करना हे इतना, हरि की स्मृति रहे जिमी तितना;

'જે હરિભક્ત અતિ પ્રેમથી શ્રીહરિની મૂર્તિને સંભારીને ભગવાનનાં ચરિત્રોને પરમ અમૃતરૂપ જાણીને ગાય છે, તો તે બહુ મોટી પદવીને પામે છે. આ વાત સહુથી અધિક છે. કેમ જે, કરી કરીને શ્રીહરિની સ્મૃતિ સતત રહે, એટલું જ કરવાનું છે.' હરિસ્મૃતિ રાખવા માટે આ ગ્રંથ અનુપમ નિધિ છે.

આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના દસમા ભાગમાં પૂર ૨૪ અને ૨૫નો સમાવેશ કર્યો છે. સાથોસાથ આ ભાગના અંતે પરિશિષ્ટમાં આધારાનંદ સ્વામીના જ અતિ ઉપયોગી એવા **'શ્રીનારાયણ અંગ ચિંતામણિ'**, **'અક્ષરબાવની'** અને **'શિક્ષાપત્રી દોહાવલિ'** જેવા ગ્રંથનો સમાવેશ કર્યો છે. આ ગ્રંથ અણમોલ સાહિત્યરૂપ સમૃદ્ધિનો અલૌકિક ખજાનો છે. ભગવત્ સ્મૃતિ, સદ્‌ગુણો અને સંસ્કારોની અખંડ જ્યોત જગાવનારો છે. એવા સંશોધિત ગુજરાતી અનુવાદ સાથેના આ ગ્રંથનું પઠન-પાઠન અને શ્રવણ-મનન કરી આપણા જીવનને ધન્યભાગી બનાવીએ. એ જ અભ્યર્થના સહ...

લિ. સ્વામી પ્રાણજીવનદાસ-કુંડળધામના
ભાવભીના જય સ્વામિનારાયણ



ગ્રંથસાર



ભગવાન પુરુષોત્તમે આત્યંતિક પ્રલય પછી સ્વેચ્છયા નિર્હેતુક કરુણાથી અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ કરી. પછી 'तत्सृष्ट्वा तदेवानुप्रावीशत्' તે જ ન્યાયથી સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ થયા ત્યારે તેમણે અનંત અધમ જીવોનો ઉદ્ધાર કર્યો. ભૂમિ ઉપર બદ્ધમૂલ થયેલો અધર્મ ઉખેડ્યો, વિવિધ મતપંથોમાં વ્યાપેલાં અનેક પ્રકારનાં દુર્વ્યસન મુકાવ્યાં. ધર્મને નામે પ્રસરેલી હિંસા, વામમાર્ગીઓના દુરાચાર, અજ્ઞાની, જડ અને મિથ્યાભિમાની સમાજ તરફથી થતી ધાડ, ચોરી તથા હત્યાઓ વગેરેને અટકાવ્યા. વળી નાનાં-મોટાં ગામડાંઓમાં વસતા માનવસમાજમાં આત્મીયતાની લાગણી પેદા કરી. સદાચારમય ધર્મથી તદ્દન અજાણ્યા અને નાની મોટી રાજસત્તાઓથી કચડાયેલા માનવસમાજને સંબોધીને જાગ્રત કર્યો, અને આત્મસ્વરૂપની વાસ્તવિકતાથી વિમુખ રહેલા તથા મતપંથીઓએ પ્રસરાવેલી અંધશ્રદ્ધામાં ડૂબેલા સાચા મુમુક્ષુઓમાં નવીન પ્રાણ પૂર્યા.

પુરુષોત્તમે શરૂ કરેલા પતિતોને ઉદ્ધારવાના પાવનકાર્યમાં મુક્તાત્માઓ સહયોગી થયા. તથા અનેક જન્મથી પ્રભુને પામવા કરેલી સાધનાની સિદ્ધિ મેળવવા કેટલાક પુણ્યાત્માઓ અવતર્યા, તેમજ બદરીવનમાં પરમેશ્વરે કહેલા શુભ સંદેશને ચરિતાર્થ કરવા અનેક ઋષિમુનિઓ પણ પ્રગટ્યા. તે સહુએ મહાપ્રભુએ કરેલા પુણ્યાત્માઓના ઉદ્ધારરૂપ પવિત્ર યજ્ઞમાં મુમુક્ષુઓને આમંત્રિત કર્યા, અને તે સહુનો સંસારથી ઉદ્ધાર કર્યો.

ઉપર જેનો નિર્દેશ કર્યો તે અધમોને ઉદ્ધારવાનાં કાર્યને સફળ કરવા ભગવાન શ્રીહરિ આ પૃથ્વી ઉપર પ્રગટ થયા. અને તેઓ ઓગણપચાસ વર્ષ, બે માસ અને એક દિવસ આ ભૂમિ ઉપર રહ્યા. તેમાં વિ.સં.૧૮૫૬ના શ્રાવણ વદિ છઠથી વિ.સં.૧૮૮૬ના જેઠ સુદિ દશમ સુધીના અરસામાં ઓગણત્રીશ વર્ષ, ચાર માસ અને બાર દિવસ સુધી અત્યારના ગુજરાત રાજ્યમાં વિચર્યા. સદ્.શ્રીસિદ્ધાનંદ સ્વામીના મત અનુસારે આત્માનંદ સ્વામીના સમયથી ચાલ્યા

આવતા ગુરુના ક્રમરૂપ સંપ્રદાયની સંભાળ શ્રીહરિએ લીધી. પછી તેનું સંશોધન, પરિમાર્જન અને પરિવર્ધન કર્યું. ઘણી દીર્ઘદૃષ્ટિથી મોટાં મંદિરોનું નિર્માણ કર્યું. તેમાં સેવાની વ્યવસ્થા કરી તથા ગુરુ-શિષ્યની અભિનવ પ્રથાનું પ્રસ્થાપન કર્યું. તેમજ વિદ્વાન સંતો પાસે શાસ્ત્રોની રચના કરાવી. તેમાં ચરિત્રગ્રંથોને ઘણું મહત્ત્વ આપ્યું છે. સિદ્ધાનંદ સ્વામીએ તો શ્રીહરિનાં ચરિત્રોને મૂર્તિને તુલ્ય ગણ્યાં છે. તે શ્રીહરિચરિત્રોની ઘણી વિવિધતા છે. તેમાં એક મહત્ત્વપૂર્ણ ચરિત્ર છે : સચ્છાસ્ત્રોનું વ્યસન. શ્રીહરિના પ્રાદુર્ભાવથી આરંભીને અંતરધાન સુધીનાં ચરિત્રોમાં તેમને સચ્છાસ્ત્રોનું વ્યસન હતું, તે સર્વત્ર દેખાઈ આવે છે. જેમ કે, બાલચરિત્રોમાં અભિરુચિ પરીક્ષણ પ્રસંગે બાલસ્વરૂપ શ્રીહરિએ સચ્છાસ્ત્ર ઉપર હાથ મૂકીને પોતાની રુચિ બતાવી હતી. અયોધ્યાનિવાસના દિવસોમાં શ્રીહરિ પ્રત્યેક મંદિરે દર્શન કર્યાં પછી સહજ સ્વભાવે શાસ્ત્રશ્રવણ કરવા બેસતા હતા. તેમજ પારંપરિક રીતના વિદ્યાભ્યાસકાળમાં પણ ભણેલાં સચ્છાસ્ત્રમાંથી સારસંગ્રહ કરીને એક ગુટકો લખી રાખ્યો હતો. મહાપ્રભુએ ભારતની યાત્રા, તીર્થોનું શુદ્ધીકરણ અથવા અનેક મુમુક્ષુઓના ઉદ્ધાર માટે જ્યારે ઘરનો ત્યાગ કર્યો, ત્યારે તેમણે સાથે લીધેલી વસ્તુમાં ભગવાનની પૂજા સિવાયની એક વસ્તુ હતી : સચ્છાસ્ત્રનો ગુટકો. પોતાના તાપસ જીવનમાં પણ ભગવદ્‌ગીતા, ઋષભદેવ શિક્ષા, ભીષ્મસ્તુતિ, દશમસ્કંધમાં રહેલા કેટલાયે ગીત તથા સ્તુતિઓનો રોજ પાઠ કરતા હતા. અને તેનો પાઠ કરતા શ્રીનીલકંઠ પ્રભુનાં દર્શન સુખાનંદ સ્વામીને લોજ ગામની વાવ ઉપર થયાં હતાં. તેમજ મુક્તાનંદ સ્વામીની પ્રથમ મુલાકાતમાં પણ પાંચ ભેદનો પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમાં તેમનું સચ્છાસ્ત્ર વ્યસન પ્રગટ દેખાય છે. સત્સંગમાં આવ્યા પછી પણ આમોદના દીનાનાથ ભટ્ટ, તેમના એક ભાઈ, ભુજના પ્રાગજી દવે, તેમના પિતા વગેરે વિદ્વાન બ્રાહ્મણો પાસે તથા સદ્.મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી જેવા વિદ્વાન સંતો પાસે સચ્છાસ્ત્રની કથા નિરંતર વંચાવતા હતા. અને જે ગ્રંથ ન હોય તો તેને લેવા માટે કોઈ વિદ્વાન સંતને મોકલીને તેની પ્રતિ લખાવીને મંગાવતા હતા. શ્રીહરિએ ભાવનગરથી મહાભારત મંગાવ્યું

હતું તેમજ નિત્યાનંદ સ્વામીને જૂનાગઢ મોકલીને પંચરાત્રશાસ્ત્ર મંગાવ્યું હતું. પ્રસ્તુત ગ્રંથમાં શ્રીહરિએ શ્રીમદ્ભાગવતપુરાણને અનેકવાર સાંભળ્યું છે, તેવું દેખાય છે. તો આ રીતે શ્રીહરિની અનેક પ્રકારની લીલાઓમાં શ્રીહરિનાં સચ્છાસ્ત્ર વ્યસનરૂપ અદ્ભુત ચરિત્રને શ્રીહરિના પ્યારા ભક્તોએ વિચારીને યાદ રાખવું જોઈએ.

શ્રીહરિચરિત્રામૃતસાગરના આ દસમા ભાગમાં ચોવીશ અને પચીશ એમ બે પૂરનો સમાવેશ કર્યો છે. તેમાં પૂર ચોવીશના તરંગ અડસઠ છે. તેમાં તરંગ એક થી ત્રીશ સુધીમાં લોયા પ્રકરણનાં એક થી અઢાર વચનામૃત કહ્યાં છે. આ વખતે શ્રીહરિ લોયા ગામમાં ત્રણ માસ સુધી રહ્યા છે. સ્થાનિક બધા હરિભક્તોને પુત્રનો લગ્નપ્રસંગ હોય તેવો ઉત્સાહ હતો. ગામડાના ભક્તો હતા છતાં પણ ધર્મનિષ્ઠામાં ઘણા પાકા હતા. લોયા ગામમાં શ્રીહરિ રોજ સાંજે સત્સંગિજીવનના અઢાર શ્લોક બોલાવીને નવા વિદ્વાન સંતો પાસે કથા કરાવતા હતા. વળી ત્યાં નિત્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને મુખ્ય કરીને સાથેના સંતોનાં બે જૂથ કર્યાં. અને તેમની પાસે કંઠસ્થ શ્લોકો બોલવાની સ્પર્ધા કરાવી. તેમાં જે જૂથ જીતે તેને પ્રસાદીનો થાળ આપીને ભણનારા સંતોને પ્રોત્સાહન આપતા હતા.

શ્રીહરિ લોયામાં હતા અને મકરસંક્રાંતિનો દિવસ આવ્યો. ગામડાંના સહુ હરિભક્તો તલ અને સાકર લાવ્યાં. શ્રીહરિને ભેટ મૂકેલાં તે તલ અને સાકર થોડાં લઈને પોતે જમ્યા, પછી સંતો તથા હરિભક્તોને પોશ ભરી ભરીને વહેંચી દીધાં. તેમાં એક દિવસ કણબી પટેલોનો માગણ નાયક આવ્યો. આપણા સત્સંગમાં તેનો ખેલ કોઈ દેખતા નહિ, પણ નાયકની પ્રાર્થનાથી શ્રીહરિએ હા કહી અને તે નાયક કઠપૂતળીનો ખેલ બતાવવા લાગ્યો. શ્રીહરિ, સંતો તથા હરિભક્તો બેઠા હતા, પણ નાયકની કઠપૂતળીઓ કાંઈ નાચી નહીં.

તે અરસામાં ગઢપુરથી તાજાં સારાં રીંગણાંથી ભરેલી એક ગાડી આવી. રીંગણાંને જોઈ શ્રીહરિ ખૂબ રાજી થયા. શ્રીહરિની ઇચ્છાથી સુરા ખાચરે દહીં તથા મશાલો લાવી આપ્યો. સંઘા પટેલ ચણાનો લોટ લાવ્યા.

ગઢડાના મોટીબા તથા લાડુબાએ પાંચ મણ ઘી મંગાવી આપ્યું. પછી શ્રીહરિએ વૈષ્ણવાનંદ સ્વામી તથા નિર્ગુણાનંદ સ્વામી વગેરે સંતોને સાથે રાખીને પચીશ મણ રીંગણાંનું શાક કર્યું. સંતોએ દસ મણ ઘઉંના રોટલા તથા ત્રણ મણ જેટલી ખીચડી બનાવી. ખીચડી નિષ્કુળાનંદ સ્વામીએ કરી હતી. જ્યારે જમવાનો સમય થયો ત્યારે દરેક રંગેડામાંથી તૈયાર થયેલું રીંગણાંનું શાક થોડું થોડું લઈને શ્રીહરિ જમ્યા અને તેનાં ઘણાં વખાણ કર્યાં. શ્રીહરિએ પોતે જમ્યા પછી સંતોની પંગત કરી. સહુને અરધો અરધો સાત પડો ઘઉંનો રોટલો અને પોતાને હાથે રાંધીને તૈયાર કરેલું શાક એક એક ડંકો આપીને જમાડ્યા. શ્રીહરિની અદ્‌ભુત લીલાઓમાં લોયામાં કરેલી શાકોત્સવની લીલા ઘણી પ્રસિદ્ધ છે. આગળ કહ્યા પ્રમાણે ગઢપુરથી વારંવાર રીંગણાં આવતાં અને શ્રીહરિ તેનું શાક બનાવીને સંતો તથા હરિભક્તોને જમાડતા હતા.

તે દિવસોમાં ઝાલાવાડ પ્રદેશના ખોલડિયાદ ગામના કણબી પટેલ મૂળા અડાલજા અને ખેંગાર સિંધવ વગેરે હરિભક્તો પોતાની ઘરની ભેંશોનું અઢાર મણ જેટલું ઘી લઈને રસોઈ આપવા લોયા આવ્યા. પછી તે ભક્તોને રાજી કરવા માટે શ્રીહરિએ ચૂડા તથા રાણપુરથી સાઠ મણ રીંગણાં મંગાવ્યાં, અને નવ નવ મણ ઘી વાપરી તેમાં દહીં, ઘણો સારો મસાલો તથા ચણાનો લોટ મેળવીને શ્રીહરિએ ખંતથી શાક બનાવ્યું. આગળ કહી ગયા તે રીતે ઘઉંના સાત પડા રોટલા અને રીંગણાંનું શાક સહુને ખૂબ પ્રેમથી પીરસીને બે દિવસ સુધી બે રસોઈમાં જમાડ્યા. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, 'શાકના સુગંધથી ખેંચાઈને દેવતાઓ પણ ત્યાં આવ્યા અને સહુ સંતોમાં રહીને તે રીંગણાંનું પ્રસાદીનું શાક જમીને ધન્ય બન્યા હતા. વળી એક દિવસ મૂળ નિમાડ દેશના અને ચેલા ખાચરની પીપરડીમાં રહેતા ભાણજી વિપ્રે પણ ઉપર કહ્યા મુજબનું રીંગણાંનું શાક કરાવીને, સહુને જમાડીને શ્રીહરિને રાજી કર્યા હતા. આ રીતે જે કોઈ પણ હરિભક્ત રસોઈ આપવા આવે તો, શ્રીહરિ લોયામાં ઉપર કહ્યા મુજબનું રીંગણાંનું શાક પોતે કરીને સહુને જમાડતા હતા.

શ્રીહરિ લોયોમાં રહીને જ્યારે આવી અદ્‌ભુત શાકોત્સવની લીલા કરતા હતા ત્યારે શ્રીહરિના મોટા ભાઈ રામપ્રતાપજી તથા નાના ભાઈ

ઇચ્છારામજી ત્યાં આવ્યા. વર્તમાન ઉત્તરપ્રદેશમાં છપૈયાની આસપાસના લોહગંજરી અને આંબલિયા ગામથી તેઓ ચાલ્યા હતા. શ્રીહરિના આશ્રિત સંત એકડમલ માયાજિતાનંદ સ્વામી હતા. તે ફરતાં ફરતાં જ્યાં બંને ભાઈ રહેતા હતા ત્યાં ગયા. તેમને શ્રીહરિના સમાચાર કહ્યા. તે સાંભળીને બંને ભાઈનો પરિવાર ખૂબ જ ખુશી થયો. ખાસ કરીને ઇચ્છારામજીભાઈ શ્રીહરિને મળવા માટે ઉતાવળા થયા. તેને દેખીને મોટા ભાઈ પણ તૈયાર થયા. દ્વારિકાની યાત્રાને બહાને ઘેરથી નીકળ્યા. તેમાં એક કરતારામ નામે વિપ્ર તથા જ્ઞાનાનંદ સ્વામીના સંબંધીઓ અને તેથી આગળ ચાલતા સુખાનંદ સ્વામીના સંબંધીઓ જે સત્સંગી હતા, તેઓ સહુ મળીને આઠ જણ ગુજરાતમાં આવ્યા. તેમાં ઇચ્છારામજીભાઈ પહેલા આવ્યા અને રામપ્રતાપજીભાઈ પાંચ દિવસ પછી આવ્યા. ઇચ્છારામજીભાઈના આવ્યા પછી શ્રીહરિએ તે પ્રદેશના પુરબિયા લોકોના સ્વાભાવિક સદ્‌ગુણ અને દુર્ગુણોની વાત સભા વચ્ચે કહી. પહેલા તો શ્રીહરિએ કાંઈ હેત જણાવ્યું નહિ, પણ ઇચ્છારામજીભાઈનો શાંત અને હેતવાળો સ્વભાવ જોઈને રાજી થયા અને તેમને સાથે રાખ્યા. ઇચ્છારામજીભાઈએ ઘેરથી નીકળીને લોયા આવ્યા સુધીની બધી વાત કહી. બંને ભાઈઓનું સભામાં સન્માન જળવાય તે રીતે શ્રીહરિ તથા સંતો તેમનો આદર કરતા હતા.

સત્સંગની રીત, સંતો, હરિભક્તોનો ભાવ તથા શ્રીહરિનો પ્રતાપ જોઈને ઇચ્છારામજીભાઈએ શ્રીહરિને હાથે વ્રતમાન-નિયમ ધારણ કર્યા. અને રામપ્રતાપજીભાઈએ મુક્તાનંદ સ્વામીને હાથે સત્સંગના વ્રતમાન-નિયમ લીધા. તે પછીના દિવસોમાં ક્યારેક શ્રીહરિ રામપ્રતાપજીભાઈ, ઇચ્છારામજીભાઈ અને કરતારામની પાસે તુલસીદાસ વગેરે ભક્તકવિઓનાં પદ સભામાં ગવડાવતા હતા. શ્રીહરિએ રામપ્રતાપભાઈની ઇચ્છા જાણીને મયારામ ભટ્ટ, સેવક તથા પાર્ષદોને મોકલીને ચાર ઘોડેસવારો સાથે તેમને જૂનાગઢ તથા દ્વારિકાની યાત્રાએ મોકલ્યા. અને ઇચ્છારામભાઈએ તો શ્રીહરિનાં ચરણોમાં જ બધી યાત્રા પૂર્ણ થઈ છે, એમ માન્યું. પછી પહેલા ઇચ્છારામભાઈને તથા દ્વારિકાની યાત્રા કરીને આવ્યા પછી

રામપ્રતાપજીભાઈને સંપૂર્ણ રીતે જીવન જરૂરિયાતની વસ્તુઓ તથા ખરચી અપાવી. વાહન, સારસંભાળ લેનારા સંતો તથા પાર્ષદો વગેરેની પૂરી સગવડતા આપીને અનુક્રમે તે બંને ભાઈઓને ઘેર જવા વળાવ્યા. અને તે બંનેને કહ્યું કે, 'જયારે તમને ઠીક લાગે ત્યારે આવજો અને જેને અહીં આવવું હોય તેને સાથે લાવજો.'

લોયામાં રહેલા શ્રીહરિએ આપણા સત્સંગમાં 'તિલક કેવું કરવું ?' એમ સભામાં પૂછ્યું. પછી મુક્તાનંદ સ્વામી વગેરેની સંમતિ લઈને નાકના મૂળમાં બીજના ચંદ્રમા જેવા વળાંકવાળું ઊર્ધ્વપુંડ્ર નક્કી કર્યું. પછી ભુજવાળા નારાયણજીભાઈ સુતાર પાસે શીશમનાં લાકડાંમાંથી તે તિલકનાં બીબાં કરાવીને સહુને આપ્યાં. અને તિલકની વચ્ચે ચાંદલો કરાવીને પોતાના સંપ્રદાયના આશ્રિતોની ઓળખાણ જાહેર કરાવી. શ્રીહરિ લોયામાં હતા અને મહા સુદિ પૂનમનું ચંદ્રગ્રહણ આવ્યું. જે ચંદ્રગ્રહણ શાસ્ત્રમાં કહેલા નિયમ પ્રમાણે કર્યું. રાતે વીશેક બળદગાડીઓ જોડાવીને ભાદર નદીએ ગયા અને સંતો વગેરેની સાથે સ્નાન કર્યું. લોયામાં શ્રીહરિ રહ્યા ત્યાં સુધી રોજ નિયમિત સભા થાતી, સંતો કીર્તન ગાતા અને સાંજે આરતી પછી ધૂન વગેરે કરીને સભામાં વચનામૃતનો ઉપદેશ કરતા. તે સિવાય ધર્મ તથા નીતિવિષયક શુભ કલ્યાણની વાતો કહેતા હતા.

કાનમ દેશના સારંગ ગામના વણિક ખુશાલભાઈ સારા હરિભક્ત હતા. સત્સંગ થયા પહેલાં તે પુષ્ટિમાર્ગના વૈષ્ણવ હતા. શ્રીહરિએ તેમની પાસે તેમના પૂર્વના અનુભવોની વાત સભામાં કહેવડાવી. તેમજ વઢવાણના ચારણ પિંગળશીભાઈ કુશળ કવિ અને સારા વિદ્વાન હતા. તેઓ ભાવગનર થઈને લોયા આવ્યા ત્યારે તેમની સાથે ઘણી સારી ધર્મ તથા જ્ઞાન સંબંધી વાતો પોતે કહી, અને તેમની પાસે કહેવડાવી. તે પછી શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને વીશ-પચીશ ભણનારા સંતો સાથે પંચરાત્ર શાસ્ત્રનું પુસ્તક શોધી અને લખી લાવવા માટે જૂનાગઢ મોકલ્યા. શ્રીહરિએ લોયામાં રહીને અનેક પ્રકારની લીલા કહી છે. પછી દરબાર ઝીણાભાઈની સાથે વાત વિચારીને લોયાથી પંચાળા જવા નીકળ્યા. બાર ગામના કાઠી દરબારો સાથે હતા.

મુક્તાનંદ સ્વામી વગેરે સંતો પણ ઘણા હતા. શ્રીહરિએ લોયાથી નીકળીને પીપરડી, હાથસણી, જસદણ, બંધિયા, ગોંડલ વગેરે રસ્તાનાં ગામોમાં હરિભક્તોને દર્શન દઈને રાજી કર્યા. શ્રીહરિના પંચાળામાં આવવાથી દરબાર ઝીણાભાઈનું કુટુંબ અને ગામના બધા જ હરિભક્તોને ઘણો આનંદ થયો. સહુ સંતો પણ પંચાળા પહોંચી ગયા. આ રીતે ચોવીશમા પૂરના અડસઠ તરંગમાં શ્રીસિદ્ધાનંદ સ્વામીએ શ્રીહરિની અદ્‌ભુત લીલાઓ કહી છે. સ્વામી શ્રીહરિની નીતિપ્રિયતાની વાત કહેતાં કહેતાં તે પ્રસંગે બુદ્ધિમાન અંગ્રેજોની નીતિની ઘણી જ પ્રશંસા કરતા હોય તે જાણી શકાય છે.

પૂર પચીશમાં તરંગ ચોસઠ છે. તેમાં તરંગ એકથી સાત અને બેતાળીશથી સુડતાળીશમાં પંચાળા પ્રકરણનાં એક થી સાત વચનામૃત કહ્યાં છે. શ્રીહરિએ પંચાળામાં હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ કર્યો. રંગોત્સવની પૂર્વતૈયારીમાં પિચકારીઓ, રંગનો સામાન અને સુખડ વગેરે માંગરોળથી મંગાવ્યા. સંતોએ પથ્થર ઉપર ઘસીને ચંદન તૈયાર કર્યું, તેનું તિલક આધારાનંદ સ્વામી પાસે કરાવ્યું. શ્રીહરિ પંચાળા હતા ત્યારે સુરતના મુનિબાવા નામથી પ્રસિદ્ધ એક ઘણા સારા વિદ્વાન, બુદ્ધિમાન અને પ્રભાવશાળી સંત ત્યાં સાથે હતા. તેઓ આપણા નિઃસ્પૃહ સંતોનું વર્તન તથા મુક્તાનંદ સ્વામીના સમાગમથી આપણા સત્સંગમાં આવ્યા. અને મુક્તાનંદ સ્વામી પાસે તેમણે નિયમ ધારણ કર્યા હતા. તેઓ ત્યાગી સંત હતા, પણ તેમણે બાહ્યવેષ બદલ્યો ન હતો. તે એકાંતિક સંત હતા. અને તેણે તે પહેલાં સુરત આવેલા આપણા બે સંત હરિયાનંદ અને વિશ્વાસચૈતન્યાનંદની સ્વાભાવિક ટેવ બાબતમાં શ્રીહરિ પાસે ફરિયાદ કરી, ત્યારે શ્રીહરિએ તે બંને સંતો પાસે સંતોનાં પગરખાં માથે ઉપડાવીને પ્રાયશ્ચિત કરાવ્યું.

શ્રીહરિ ઝીણાભાઈના દરબારમાં ઊતર્યા હતા, અને ઘણા ખરા સંતો ગામની બહાર ખાખરાના વનમાં જ્યાં ઘાસની ઝૂપડીઓ કરી હતી ત્યાં ઊતર્યા હતા. ઝીણાભાઈએ હુતાશનીને દિવસ ઘણી સારી રસોઈ કરાવી. તથા શ્રીહરિને હાથે પીરસાવીને સંતોને જમાડ્યા હતા. તે પછી શ્રીહરિ તથા સંતોની ભાવથી પૂજા કરી. બપોર પછી દિવસ ચાર ઘડી બાકી હતો

ત્યારે શ્રીહરિ સારાં વસ્ત્રાલંકાર પહેરીને માણકી ઉપર ચઢીને ગામ બહાર જ્યાં સંતો રહેતા હતા ત્યાં આવ્યા. ત્યાં સભા કરીને જ્યારે બેઠા ત્યારે સહુ હરિભક્તો દર્શન કરવા આવ્યા. અને શ્રીહરિની આગળ ખારેક વગેરે ફગવા મૂક્યા. શ્રીહરિએ સહુને તેની પ્રસાદી આપી. સાંજ થઈ ત્યારે આરતી વગેરે નિયમ કર્યા, અને તે પછી મુક્તાનંદ સ્વામી વગેરે ગાયક સંતોએ સારાં વાજિંત્ર વગાડીને હોરીનાં પદ ચાર ઘડી સુધી ગાયાં. પણ જે સંતોને સંગીત કે વાજિંત્ર વગાડતા આવડતું ન હતું તેઓ ઊભા થઈને થોડા નજીકમાં દૂર જઈને કીર્તન ગાતાં ગાતાં ગોળાકારે રાસના રૂપમાં ફરવા લાગ્યા. તે પછી બીજા સંતો ઊઠીને પણ તે રાસમાં ભળ્યા. ત્યારે શ્રીહરિએ ઉત્સવનાં પદ બંધ કરાવ્યાં અને જ્યાં સંતો રાસ રમતા હતા ત્યાં ગયા. પછી તો મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પણ સંતોની સાથે રાસમાં ભળ્યા. તે જોઈને શ્રીહરિ મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીની વચ્ચે રહીને રાસ રમવા લાગ્યા. હુતાશનીની રાતે જે રાસોત્સવ થયો તે ઘણો અદ્ભુત હતો, તેની શોભા કહી શકાતી નથી. બ્રહ્માંડના બધા દેવો પણ રાસ રમતા શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તે રાસમાં સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો - એમ ચાર મંડળ થયા હતા. સહુને શ્રીહરિની સાથે રાસ રમવાનો અલભ્ય લાભ પ્રાપ્ત થયો. રાસ રમતાં વીશેક પદ ગાયાં ત્યારે શ્રીહરિ રાસમાંથી બહાર નીકળ્યા. રાત અરધી વીતી ગઈ હતી. સચ્ચિદાનંદ સ્વામીએ 'ચોર...ચોર...' એમ બોલીને રાસને બંધ કરાવ્યો. પછી શ્રીહરિ રાતે ઉતારે આવીને પોઢી ગયા.

સવારે શ્રીહરિ શ્વેત વસ્ત્રો પહેરીને જ્યાં રંગોત્સવ કરવાની તૈયારી કરી હતી ત્યાં આવ્યા. ગગાભાઈએ આખી રાત જાગી રંગ તૈયાર કરીને તેના બે હોજ ભર્યા હતા. અને કેટલાંક રંગનાં માટલાંઓ પણ ભરી રાખ્યાં હતાં. શ્રીહરિ દેખે તે રીતે સંતોનાં બે જૂથ થયાં. અને પિચકારીઓ ભરી ભરીને સંતો પરસ્પર રંગ નાખીને ખૂબ જ રમ્યા. રંગ બધો ખૂટી ગયો. તે વખતે શ્રીહરિએ ઊભા થઈને 'બંને પક્ષ જીત્યા' તેમ કહીને રંગોત્સવ બંધ કરાવ્યો અને સહુના ઉપર ખૂબ જ ગુલાલ ઉડાડ્યો. તે દિવસોમાં બુંદેલખંડ

અને ગ્વાલિયરના હરિભક્તો દર્શન કરવા આવ્યા હતા, તેઓ પણ ખૂબ જ રંગે રમ્યા, વાજિંત્રો વગાડીને નાચ્યા-કૂદ્યા. શ્રીહરિએ પંચાળામાં રંગોત્સવ કરીને ઝીણાભાઈનો સંકલ્પ પૂરો કર્યો. તે પછી આગળ કહી ગયા તે રીતે મોટા ભાઈ રામપ્રતાપજી જે રીતે રાજી થાય તેમ તેમને સેવક, વાહન અને ભોમિયા વગેરેની સગવડ કરી આપી અને પોતાને ઘેર જવા વળાવ્યા. તે પછી શ્રીહરિ પાંચ દિવસ સુધી અત્યંત ઉદાસ થઈને બીમાર થયા હોય તે રીતે સૂઈ રહ્યા. આ પ્રસંગે ગ્રંથકારે મુક્તાનંદ સ્વામીના મુખે રામાનંદ સ્વામીએ કહેલી વાત એવી લખી છે કે, 'આ શ્રીહરિને તેમના સંબંધી જ્યાં સુધી ભેળા નહિ થાય ત્યાં સુધી તેઓ સહુ સંતોને તથા હરિભક્તોને અપાર સુખ આપશે, પણ પછીથી તો તેઓ ઉદાસ થઈ જાશે. ઉપલક રીતે સહુને બોલાવશે, પણ અંતરમાં દેહનો ક્યારે ત્યાગ કરવો ? તેમ વિચારતા થઈ જાશે.'

પછી શ્રીહરિએ સહુ સંતોને બોલાવીને સંપ્રદાયનું બંધારણ અને સંગઠન ચિરસ્થાયી રહે તેવો વિચાર કર્યો. પછી શ્રીહરિ પંચાળાથી ગઢપુર આવ્યા. બ્રહ્માનંદ સ્વામીને મંદિર કરવા માટે વડતાલ મોકલ્યા. અને ભુજમાં મંદિર તૈયાર થયાના સમાચાર સાંભળીને શ્રીહરિ ભુજ ગયા, અને ધામધૂમથી ત્યાં અઢારસો ઓગણએંશીના વૈશાખ સુદિ પાંચમને દિવસ શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. સ્થાનિક વિપ્રો અને મતપંથીઓએ ભુજના રાજા આગળ અણગમો દર્શાવ્યો, પણ તેમનું કાંઈ ચાલ્યું નહીં. તે પછી મધ્ય પ્રકરણના પ્રથમ વચનામૃતને અંતે આ પચીશમું પૂર સંપૂર્ણ થાય છે. વળી, આધારાનંદ સ્વામીએ જે તે સમયે રચેલા નાના પણ અતિ ઉપયોગી એવા 'શ્રીનારાયણ અંગ ચિંતામણિ', 'અક્ષરબાવની' તથા 'શિક્ષાપત્રી દોહાવલી' - આ ત્રણ ગ્રંથો છેલ્લે પરિશિષ્ટ ૧ થી ૩માં મૂકેલ છે. આ સાથે દશમો ભાગ પૂર્ણ કર્યો છે.

ભગવાન શ્રીહરિની અપાર કૃપાથી અને મારા પૂજ્યપાદ ગુરુશ્રીની કારુણ્ય સુધામય દૃષ્ટિથી હું આ દસમો ભાગ પૂરો થાય ત્યાં સુધીનું કાર્ય કરી ચૂક્યો છું. આ ગ્રંથને શ્રીસ્વામિનારાયણ સાહિત્ય પ્રકાશન મંદિર ગાંધીનગર દ્વારા પૂ.પા.શા. શ્રીહરિપ્રકાશદાસજી સ્વામી યુવાનોને પણ પ્રેરણા મળે તેવા ઉત્સાહથી પ્રકાશિત કરી રહ્યા છે. હું તો તેમની પ્રેરણા પ્રમાણે કામ કરું છું.

આવા અદ્‌ભુત પ્રકાશનકાર્યની સફળતાના યશોભાગી તો પૂ.શાસ્ત્રી સ્વામી જ છે અને તે સર્વ વિદિત છે.

વળી તેમની સાથે જ અદમ્ય ઉત્સાહથી આ કાર્યમાં પ્રાણ પૂરનારા પૂજ્યપાદ સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી(કુંડળધામ) અડીખમરૂપમાં ઊભા રહ્યા છે. છેલ્લા છ માસથી હું અહીં તેમની સાથે કુંડળમાં રહ્યો છું. એટલે મને અનુભવ થયો છે કે જેમ કોઈ કુશળ બાગવાન હોય તે પોતાનાં પ્રિય ફૂલ-ઝાડની સતત માવજત રાખતો હોય છે, તેમ તેઓશ્રી પોતાના અતિશય પ્રિય આ મહાન ગ્રંથના કામમાં સતત જાગરૂક રહે છે.

વળી, આ ગ્રંથના પ્રત્યેક ભાગને સત્સંગમાં સમર્પિત કરતી વેળાએ તેમનો આત્મસંતોષ પ્રગટ થતો જણાય છે. પૂ.સ્વામીજીને આ ગ્રંથના પ્રકાશનમાં અતિ અભિરુચિ છે, તે તેમના મંડળના પ્રત્યેક સંત, પાર્ષદ, સાધક અને મુમુક્ષુઓની આંખમાં ચમકતી હોય છે.

આ પ્રસંગે પૂ.પા.સ્વામીજીનો અને તેમના વિચક્ષણ, વિદ્વાન, કાર્યકુશળ અને સાધુતા સંપન્ન ઉપર કહેલા સહુ શિષ્યમંડળનો હું વારંવાર આભાર માનું છું. આ અનુવાદન કાર્યમાં કાંઈ ખામી રહી હોય તો શ્રીહરિના પ્યારા સહુ સંત-હરિભક્તો તેને હંસના નીરક્ષીર ન્યાયે ક્ષમા આપશો.

અનુવાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના
અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ



અનુક્રમણિકા INDEX

પૂર-૨૪

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪
૬૫	૬૬	૬૭	૬૮				

પૂર-૨૫

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪

INDEX

અનુક્રમણિકા

પૂર - ૨૪

પૂર - ૨૫

સદ્.શ્રીઆધારાનંદ સ્વામીના અન્ય ગ્રંથો



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨૪

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર ચોવીશમું : તરંગ - ૧

લોયાનું પહેલું વચનામૃત કહ્યું

✵ મંગલાચરણ :

दोहा : श्रीसहजानंद स्वामि हि, दिन दिन ही अति जोउ;
भुवि पर विचरेउ जाहि लग, प्रताप जितना सोउ...०१
देखाये अति अद्भुत हि, एसे हि कोउ वेर;
प्रताप देखाये नहि, रखे न अब कछु फेर...०२
साचे मोक्ष के खप जेही, एसे जन हि जेते;
सत्संग सो करत भये, पार न पावत तेते...०३
साचे मोक्ष के खप बिन, व्यसन फेल हि ताके;
अधर्म त्याग न होत कबु, परीक्षा रहे वाके...०४

ભગવાન શ્રીસહજાનંદ સ્વામી જ્યાં સુધી આ ભૂમિ ઉપર વિચરણ કરતા રહ્યા, ત્યાં સુધી રોજ રોજ પોતાનો અતિશય અદ્‌ભુત પ્રતાપ હતો તેને દેખાડતા રહ્યા. આવો પ્રતાપ પૂર્વે કોઈ વખતે દેખાડ્યો નથી, પણ આ વખતે પ્રતાપ બતાવવામાં કાંઈ બાકી રાખ્યું નથી. ૧-૨.

જે મુમુક્ષુઓને ખરેખર મોક્ષનો સાચો ખપ હતો તે બધા પાર ન પામી શકાય એટલા લોકો સત્સંગ કરવા લાગ્યા. ૩. જેને મોક્ષનો સાચો ખપ ન હોય તેવા લોકોથી વ્યસન અને ફેલરૂપી અધર્મનો ક્યારેય ત્યાગ થઈ શકતો નથી. વ્યસન તથા ફેલરૂપ અધર્મનો ત્યાગ કરવો તે જ મોક્ષના ખપની ખરી પરીક્ષા છે. ૪. હવે શ્રીહરિચરિત્રામૃતસાગરના ચોવીશમા પૂરમાં શ્રીહરિની જેમ વાત છે, તેવી હું કહું છું. ૫.

(સં.૧૮૭૭ના) કાર્તિક વદિ દશમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં પરમહંસો ઊતર્યા હતા, તે જગ્યામાં મંચ ઉપર પલંગ ઢાળ્યો હતો, તેના ઉપર આવીને બેઠા હતા. શ્રીહરિએ રૂ ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો અને શ્વેત છીંટની ડગલી પહેરી હતી. અને બુટ્ટાદાર શ્વેત અંગરખું પણ ધારણ કર્યું હતું. અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા જે, “શંકર શબ્દનો શો અર્થ છે ? તે સારસ્વત વ્યાકરણની દૃષ્ટિએ સિદ્ધ કરીને તમે કહો.” ૬-૧૧.

❋ શંકરનાં દર્શન અને તેને માનવાનો હેતુ :

પછી નિત્યાનંદ સ્વામી આદિક વ્યાકરણ ભણેલા સંતો બોલ્યા જે, “સુખને કરે તેને શંકર કહીએ.” પછી તે વાત સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, ૧૨-૧૩. “આજ જ્યારે પાછલી ચાર ઘડી રાત રહી હતી ત્યારે અમને સ્વપ્નમાં શિવજીએ દર્શન દીધાં. ૧૪. તે શિવજી મોટા જબરા નંદીશ્વર ઉપર બેઠા હતા અને તેમનું શરીર ઘણું પુષ્ટ હતું. ૧૫. તેમની ચાળીશ વર્ષની અવસ્થા હતી અને મસ્તક ઉપર મોટી જબરી જટા હતી અને તેમની સાથે પાર્વતીજી હતાં. ૧૬. પાર્વતીજીએ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. તે શિવજી મોટા સંતના જેવા શાંતમૂર્તિ હતા. તે શિવજીને અમારા ઉપર ઘણું હેત જણાયું, પરંતુ મને શિવજીના ઉપર હેત ન જણાયું. કારણ કે, હું એમ જાણું છું જે, ‘શિવજી તો તમોગુણના દેવતા છે, તેમ સંભળાય છે. ૧૭-૧૮. અને આપણે તો શાંતમૂર્તિ એવા જે શ્રીકૃષ્ણનારાયણ તેના ઉપાસક છીએ,’

તે માટે રજોગુણી અને તમોગુણી એવા જે બ્રહ્મા, શિવ અને ઈન્દ્રાદિક દેવતા તેમની ઉપર ક્યારેય ભાવ બેસે નહીં. ૧૯-૨૦.

❋ ક્રોધની દુષ્ટતા :

તેમાં પણ ક્રોધ ઉપર તો અમારે ઘણું વેર છે. જે મનુષ્ય અને દેવ ક્રોધી હોય છે તે બધાને હિંસા ઉપર રુચિ હોય છે. ૨૧. તે અમને ક્યારેય ગમતું નથી. જે શાંત સ્વભાવના દેવ હોય છે તે અમને રુચે છે. છતાં પણ અમે જે શિવજીને માનીએ છીએ તેનું કારણ તમને કહીએ છીએ. ૨૨. શિવજી તો ત્યાગી છે અને યોગી છે. તથા ભગવાનના મોટા ભક્ત છે. તેણે કરીને શિવજીને અમે માનીએ છીએ. ૨૩. અને ક્રોધ તો કેવો છે ? તો હડકાયા કૂતરા જેવો છે. તે હડકાયા કૂતરાની લાળ જે ઢોર અને મનુષ્યને અડે છે તે બધાં હડકાયા કૂતરાની જેમ ડાચિયો નાંખી નાંખીને મરી જાય છે. ૨૪-૨૫. **તેમ ક્રોધી અને કામી માણસની લાળ જેને અડે છે તે બધા મોક્ષના માર્ગથી પડી જાય છે.** ૨૬. અને વળી ક્રોધી માણસ કેવો હોય છે ? તે હવે હું કહું છું. જેવા કસાઈ, આરબ, ભાવર તથા જેવો વાઘ, દીપડો અને કાળો સર્પ હોય તેનાથી જેમ બધાને ડર લાગે છે અને તે બીજાના પ્રાણને હરી લે છે, તે રીતે જ ક્રોધ જેમાં આવે છે તે બીજા સહુને ડરાવે છે અને બીજાના પ્રાણને હરી લે છે; ક્રોધ એવો મહાન ક્રૂર છે. ૨૭-૨૯. એવો જે ક્રોધ તે જ્યારે સાધુમાં આવે ત્યારે તે સાધુ બીજાને ઘણો ખરાબ લાગે છે. કારણ કે, સાધુ તો શાંત હોય છે. ૩૦. પરંતુ જ્યારે તે સાધુમાં ક્રોધ આવે ત્યારે તે સાધુ શાંત રહેતો નથી, અને બીજાને અતિશય ભારે ક્રૂર લાગે છે. અને તે વખતે તે સાધુની આકૃતિ પણ ફરી જાય છે. કારણ કે, ક્રોધને વિરૂપ કહ્યો છે. માટે એ ક્રોધ જેના શરીરમાં આવે તેના શરીરને વિરૂપ કરી દે છે. તેથી તે ક્રોધીની આખી આકૃતિ ફરી જાય છે."

ત્યારે શુકમુનિએ પૂછ્યું જે, "હે મહારાજ ! જે લગારેક ક્રોધ ચઢી આવે અને પછી તે વિચારે કરીને ટાળી નાખે; એવો જે ક્રોધ તે કાંઈ નડતર કરે કે ન કરે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેમ અત્યારે આ સભા ભરાઈને બેઠી છે, ૩૧-૩૫. તેમાં અચાનક સર્પ નીકળે અને કોઈને કરડે

નહિ, તોપણ સહુ ઊઠીને ભાગવા લાગે અને ધીરજ રહે નહીં. સહુના અંતરમાં ત્રાસ થાય. ૩૬. અને જેમ ગામને ઝાંપે વાઘ આવીને હુંકારા કરતો હોય અને તે કોઈને મારે નહિ, તોપણ સહુ મનુષ્યના અંતરમાં બહુ ભય લાગે અને કોઈથી ગામની બહાર નીકળાય નહીં. તેમ થોડોક ક્રોધ ઊપજે તોપણ તે તેટલો ઉદ્વેગ કરે છે, અને તે ક્રોધ સહુના સુખમાં ભંગ કરતો રહે છે." ૩૭-૩૯.

પછી નાના નિર્માનાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "કામને મૂળમાંથી કઈ રીતે ઉખાડી નાખવો, તેનું શું સાધન છે ? તે કહો." ત્યારે શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે, ૪૦-૪૧.

❋ કામને જીતવાના ઉપાયો :

चोपाई :

एक हि आत्मनिष्ठा दृढ जेहू, जथार्थ कर चैये यह तेहू;
अरु अष्ट प्रकार करीके जोऊ, ब्रह्मचर्य व्रत रखना सोऊ...४२
एह आदिक पंच वर्तमाना, ताकु दृढ करीके रखाना;
भगवानहु के महिमा ताकू, अतिशे तेही समझे वाकू...४३

"એક તો આત્મનિષ્ઠા યથાર્થરૂપે દૃઢ કરવી જોઈએ અને અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યવ્રત રાખવું, એ આદિક પંચવ્રતમાનને દૃઢ કરીને રાખવા અને ભગવાનનો મહિમા અતિશય સમજવો. ૪૨-૪૩. આ ઉપાયે કરીને કામનાં મૂળ જરૂર ઊખડી જાય છે. અને તે કામનાં મૂળ સંપૂર્ણ ઊખડી જાય, તોપણ બ્રહ્મચર્ય આદિક નિયમમાંથી કોઈ રીતે જિંદગીભર ક્યારેય ડગવું નહીં. આમ કામનાં મૂળ ઉખાડવાનાં આટલાં સાધનો છે. ૪૪-૪૫.

अरु अतिशे काम जोउ तिनके, मूर हि उखरने केउ इनके;
उपाय यह रहायेउ भारी, भगवान के महिमा अपारी...४६
सारी रित्ये समझना जेसे, रहाये जिस रीतकर हि तेसे;

અને અતિશય કામનું મૂળ ઊખડ્યાનો મોટો ઉપાય તો એ છે જે, ભગવાનનો મહિમા જેમ છે તેમ સારી પેઠે સમજવો."

❋ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ વૈરાગ્યનાં લક્ષણ :

પછી ભજનાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૪૬-૪૭. "હે મહારાજ ! કનિષ્ઠ વૈરાગ્ય કોને કહે છે અને મધ્યમ તથા ઉત્તમ વૈરાગ્યનું રૂપ-લક્ષણ કેવું હોય છે ? તે કહો." ૪૮. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે કનિષ્ઠ વૈરાગ્યવાળો હોય તે તો ધર્મશાસ્ત્રમાં કહેલા જે સ્ત્રીના ત્યાગ સંબંધી નિયમો તેમાં સારી રીતે વર્તે ત્યાં સુધી તો એને ઠીક રહે, પણ જો કોઈ સ્ત્રીનાં અંગ દેખાઈ જાય તો તેનું ચિત્ત તે અંગમાં ચોંટી જાય અને તેનું કાંઈ ઠેકાણું રહે નહીં. તેને તો આ કહ્યાં તે લક્ષણે કરીને કનિષ્ઠ વૈરાગ્ય છે તેમ જાણવું. ૪૯-૫૨. અને મધ્યમ વૈરાગ્ય જેને હોય તે કદાચ સ્ત્રીને ઉઘાડી દેખી જાય, તોપણ પશુને જેમ ઉઘાડા દેખીને કોઈ જાતનો ક્ષોભ-વિકાર થતો નથી તેમ તેના મનમાં ક્ષોભ ન થાય. ૫૩-૫૪. અર્થાત્ જેનું તે સ્ત્રીનાં કોઈ અંગમાં જ્યારે ચિત્ત ચોંટે જ નહિ ત્યારે તેને આવાં લક્ષણે કરીને મધ્યમ વૈરાગ્યવાળો જાણવો. ૫૫. અને જે ઉત્તમ વૈરાગ્યવાળો હોય તેને તો જો કદાચિત્ એકાંતમાં સ્ત્રીનો યોગ થઈ જાય તથા અપાર દ્રવ્ય આદિક પદાર્થનો યોગ થઈ જાય તોપણ તેનું મન ક્યારેય ડગે નહીં. ૫૬-૫૭. ત્યારે તેને એવાં લક્ષણે કરીને ઉત્તમ વૈરાગ્યવાળો કહીએ."

❋ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ જ્ઞાનવાળા ભક્તનાં લક્ષણ :

વળી ભજનાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૫૮. "કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ એ ત્રણ પ્રકારે કરીને જે ભગવાનનું જ્ઞાન, તેનું શું સ્વરૂપ છે ? તે હે હરિ ! જેમ હોય તેમ આપ કહો." ૫૯. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે કનિષ્ઠ જ્ઞાનવાળો ભગવાનનો ભક્ત હોય છે તે પ્રથમ ભગવાનનો પ્રતાપ દેખીને નિશ્ચય કરે છે, અને પછી તેને તેવો પ્રતાપ જ્યારે ન દેખાય અને કોઈક દુષ્ટ જીવ ભગવાનનો દ્રોહ કરતા હોય, છતાં પણ તેનું ભૂંડું ન થાય ત્યારે તેનો નિશ્ચય રહે નહીં; તે કનિષ્ઠ જ્ઞાનવાળાનું લક્ષણ છે. ૬૦-૬૩. અને જે મધ્યમ જ્ઞાનવાળો ભક્ત છે, તે જ્યારે ભગવાનનાં શુભ અને અશુભ એવાં મનુષ્યચરિત્રને દેખે છે, ત્યારે તેને મોહ થાય છે અને નિશ્ચય રહેતો નથી; તેને મધ્યમ જ્ઞાનવાળો કહીએ. ૬૪-૬૫.

अरु उत्तम ज्ञान रहे जेहा, वरतत रहाये एसे तेहा;
भगवान चाय तेसी हि रीता, शुभ अशुभ क्रिया करीता...६६
देखीके पण कबहु यह तामें, मोह रतीभर होवे न वामें;
निश्चय जेसे के तेसे रहावे, उत्तम ज्ञान एही कहावे...६७
तथा जोउ पोता कु जेहू, निश्चय हि भगवान के तेहू;
कराये हो तेही ज जोऊ, कहे यह भगवान न होऊ...६८
तब तिनकु एसे रीत जाना, याके शिर अब फिरे रहाना;
भक्त एसे जेही होय तेऊ, उत्तम ज्ञान वारे रहे एऊ...६९

અને ઉત્તમ જ્ઞાનવાળા ભક્તને તો એમ વર્તે જે, ભગવાન ચાહે તેવી શુભ કે અશુભ ક્રિયા કરે, તેને દેખીને પણ ક્યારેય તેમાં તેને રતીભાર પણ મોહ ન થાય અને જેવો નિશ્ચય હોય તેવો ને તેવો જ રહે; તેને ઉત્તમ પ્રકારના જ્ઞાનવાળો ભક્ત કહેવાય છે. ૬૬-૬૭. તથા જેણે પોતાને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો હોય તે જ આવીને એમ કહે જે 'આ ભગવાન નથી', ત્યારે તેને એમ જાણે કે, 'એનું માથું ફરી ગયું છે'; એવો જે ભક્ત હોય તે ઉત્તમ જ્ઞાનવાળો કહેવાય છે. ૬૮-૬૯.

તેમાં જે કનિષ્ઠ જ્ઞાનવાળો ભક્ત છે, તે તો અનેક જન્મે કરીને સિદ્ધ થાય છે; તે તેનાં વર્તન ઉપરથી દેખાઈ આવે છે. ૭૦. અને મધ્યમ જ્ઞાનવાળો જે ભક્ત છે, તે બે-ત્રણ જન્મે કરીને સિદ્ધ થાય છે; તે પણ તેનાં વર્તન ઉપરથી દેખાય છે. ૭૧. **તથા ઉત્તમ જ્ઞાનવાળો ભક્ત તો આ ને આ જન્મે કરીને સિદ્ધ થાય છે, અને તે પણ તેનાં વર્તન ઉપરથી દેખાઈ આવે છે."** ૭૨. આ રીતે શ્રીજીમહારાજે તે સંતોના પ્રશ્નોના સારરૂપ ઉત્તર અતિશય પ્રસન્ન થઈને કર્યા. ૭૩. શ્રીહરિએ જે રીતે ઉત્તર કર્યા તેને મુક્તાનંદ સ્વામીએ સાંભળ્યા, અને પછી તેનું ચિત્તમાં મનન કર્યું, અને તે પછી એકાંતમાં બેસીને તે લખી લીધા હતા. ૭૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું પહેલું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર ચોવીશમું : તરંગ - ૨

લોયાનું પહેલું વચનામૃત ચાલુ

નિર્માનાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને ભજનાનંદ સ્વામીના પ્રશ્નનો ઉત્તર જ્યારે થઈ રહ્યો ત્યારે મોટા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "ભગવાનનો નિશ્ચય તો સંપૂર્ણ હોય, તોપણ અંતરમાં કૃતાર્થપણું મનાતું નથી, તેનું કારણ શું છે ?" ૧-૩. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ અને માન ઈત્યાદિક અંતઃશત્રુઓએ કરીને જેનું અંતઃકરણ દગ્ધ-દાઝી કે ધગી ગયેલું અર્થાત્ અવરાયેલું વર્તતું હોય, તેને નિશ્ચય હોય તોપણ પોતાને કૃતાર્થપણું મનાતું નથી. તેનું એ જ કારણ છે, તેમાં કાંઈ ફરક નથી."

❋ કામાદિક દોષોને જીતવાના ઉપાયો :

પછી નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૪-૬. "એ કામાદિક અંતઃશત્રુઓને ટાળવાનો શો ઉપાય છે ?" ત્યારે શ્રીજીમહારાજ એ મુનિના પ્રત્યે બોલ્યા જે, ૭. "એ કામાદિક શત્રુઓને ટાળવાનો ઉપાય કહીએ છીએ. કામાદિક શત્રુ તો ત્યારે ટળે, જ્યારે એ કામાદિક શત્રુઓના ઉપર અતિશય નિર્દય થઈને તેને દંડ દેવા માટે રાત-દિવસ તત્પર રહે. જેમ ધર્મરાજા છે તે પાપી જીવને મારવાને અર્થે દંડ લઈને રાત-દિવસ તૈયાર રહે છે, તેમ ઈન્દ્રિયો કુમાર્ગે ચાલે તો ઈન્દ્રિયોને દંડ દે.

અને અંતઃકરણ વિષય સંબંધી સંકલ્પ કરવારૂપ કુમાર્ગે ચાલે તો અંતઃકરણને પણ દંડ દે. તેમાં ઈન્દ્રિયોને શત્રુ જાણીને કૃચ્છ્રચાંદ્રાયણાદિક વ્રતે કરીને દંડ દે. તથા અંતઃકરણને (દેહથી તદ્દન જુદો એવો હું આત્મા છું, વિષયો દુઃખદાયી છે અને ભગવાન સુખદાયી છે, આવા) વિચારે કરીને દંડ દે. ૮-૧૨. અમે કહ્યું તે રીતે જ્યારે ઈન્દ્રિયો અને અંતઃકરણને દંડ દેવા લાગે ત્યારે કામાદિક અંતઃશત્રુઓનો નાશ થઈ જાય અને તેને અતિશય સુખ થાય. ૧૩. અને ભગવાનના નિશ્ચયે કરીને પોતાના અંતરમાં સંપૂર્ણ કૃતાર્થપણું મનાય." ૧૪.

❋ સંપૂર્ણ સત્સંગ થયો હોય તેવા ભક્તનાં લક્ષણ :

ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "સંપૂર્ણ સત્સંગ થયો કેને કહેવાય ?" પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે પ્રસન્ન થઈને બોલ્યા જે, ૧૫-૧૬. "એક તો નિર્ધારીતપણે અતિશય દઢ આત્મનિષ્ઠા હોય અને તે પોતાના આત્માને દેહ, ઈન્દ્રિયો તથા અંતઃકરણથી અતિશય અસંગી માને, અને દેહ, ઈન્દ્રિયાદિકની જેટલી ક્રિયાઓ કહેવાય છે તેને પોતાને વિષે ન માને; તોપણ પંચવ્રતમાનના નિયમોમાં લેશમાત્ર પણ ફેર પડવા દે નહીં. ૧૭-૧૯. અને પોતે બ્રહ્મસ્વરૂપે વર્તે તોપણ અનુપમ એવા જે પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન તેનું દાસપણું છોડે નહીં. ૨૦. અને સ્વામી-સેવકપણે કરીને ભગવાનની ઉત્સાહથી દઢપણે ઉપાસના કરતો રહે, પણ તે ઉપાસનાનો ક્યારેય ત્યાગ કરે નહીં. ૨૧. કારણ કે, જે જેટલી ભગવાનની ઉપાસનાનો ત્યાગ કરે છે તે તેટલો મોક્ષના માર્ગથી પડી ગયો છે, તેમ જાણવું. ૨૨. **અને પ્રત્યક્ષ મૂર્તિ એવા જે ભગવાન, તેમની જેટલી ક્રિયાઓ છે તે બધી ક્રિયાઓને આકાશની પેઠે અતિશય અસંગી સમજે.** ૨૩.

જેમ આકાશ છે તે બીજા ચાર ભૂતોમાં વ્યાપીને અનુસ્યૂતપણે રહ્યો છે, અને ચાર ભૂતની જે ક્રિયા તે આકાશને વિષે થાય છે, તોપણ તે આકાશ શુદ્ધનો શુદ્ધ જ રહે છે. ૨૪-૨૫. અને પૃથ્વી આદિક ચાર ભૂતોના જે વિકારો, તે આકાશને લેશમાત્ર પણ અડતા નથી. તેમ પ્રત્યક્ષ જે શ્રીકૃષ્ણનારાયણ તે શુભ-અશુભ સર્વ ક્રિયાઓને કર્તા થકા આકાશની પેઠે નિર્લેપ છે; એમ ચોક્કસ જાણે, પણ તેમાં ક્યારેય ફેર પડે નહીં. ૨૬-૨૮.

चोपाई :

अरु तेही भगवान जो ताके, असंख्यात ऐश्वर्य हि वाके;
ताकु समझे जिमी रहाये, इनसे अधिक न कोउ हि ताये...२९
यह भगवान जीवु तिनके, कल्याण के हित हि इनके;
मनुष्य जेसे जनावत रहेऊ, तोउ पण अनंत कोटि तेऊ...३०
ब्रह्मांड के कर्ता हर्ता ताई, रहाये न संदेह रहाई;
अरु गोलोक वैकुंठ जेहा, श्वेतद्वीप ब्रह्मपुर तेहा...३१

इत्यादिक जो धाम रहाते, तेही सबके स्वामि कहाते;
अरू अनंत कोटि एसे जेहू, अक्षररूप मुक्त रहे तेहू...३२
तेही सबके स्वामि रहे ताही, एसे भगवान के जो वाही;
महिमा जानीकर हि जेऊ, तेही भगवान के विषे तेऊ...३३
श्रवणादिक भक्ति जोउ तिनकू, दृढ करीके रखे तेही इनकू;
तेही भगवान के भक्त ताकी, सेवा चाकरी करेउ वाकी...३४

અને તે ભગવાનના જે અસંખ્યાત ઐશ્વર્ય છે તેને જેમ છે તેમ સમજે અને તે ભગવાનથી અધિક અન્ય કોઈને ન માને. ૨૯. અને એમ સમજે જે, 'આ ભગવાન જીવોનાં કલ્યાણ કરવા માટે મનુષ્યના જેવા જણાય છે, તોપણ અનંત કોટિ બ્રહ્માંડોના તેઓ કર્તા-હર્તા છે; તેમાં કોઈ સંદેહ નથી. અને તેઓ ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને બ્રહ્મપુર ઇત્યાદિક જે ધામ છે તે સર્વેના સ્વામી છે અને અનંત કોટિ એવા જે અક્ષરરૂપ મુક્ત તે સર્વના સ્વામી છે.' **એવો ભગવાનનો મહિમા સમજીને તે ભગવાનને વિષે શ્રવણ આદિક ભક્તિને દૃઢ કરીને રાખે, અને તે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે.** ૩૦-૩૪. **એવી રીતે જ્યારે તે વર્તે ત્યારે તેનો સંપૂર્ણ સત્સંગ કહીએ."**

※ સંતનો અવગુણ લે તે જરૂર વિમુખ થાય :

પછી નાના શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૩૫. "ક્યારેક તો ભગવાનના ભક્તનો મહિમા અતિશય સમજાય છે અને ક્યારેક તો લગાર પણ સમજાતો નથી તેનું શું કારણ છે ? તે મને જેમ સમજાય તેમ કહો." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ૩૬-૩૭. "સંતો છે તે તો ધર્મવાળા છે. તે જ્યારે કોઈને અધર્મમાં ચાલતો દેખે ત્યારે તેને ટોકે, પછી જે દેહાભિમાની હોય તેને સવળો વિચાર રહેતો નથી. તેથી સવળું વિચારીને સંતે કહેલી શિક્ષાને ગ્રહણ કરતા આવડે નહીં. ૩૮-૩૯.

અને ઊલટાનો તે સંતનો અવગુણ લે છે. માટે જ્યાં સુધી તે સંત તેને દુઃખ લગાડીને ન કહે ત્યાં સુધી તે સંતનો મહિમા સમજતો રહે છે, પરંતુ જ્યારે દુઃખ લગાડીને હિતની વાત કહે છે ત્યારે તે સંતનો તરત અવગુણ લે અને મહિમા રહેતો નથી. અને જેને સંતનો અવગુણ આવ્યો હોય તેને

તો કોઈ રીતે પ્રાયશ્ચિતે કરીને પણ શુદ્ધ થવાતું નથી. જેમ કામાદિક દોષનાં પાપનું નિવારણ કહ્યું છે તેમ સંતોના દ્રોહનાં પાપનું નિવારણ કહ્યું નથી. અને જેમ કોઈને ક્ષયરોગ થાય તેને મટાડવાનું ઔષધ ક્યારેય સંભળાતું નથી. તેથી તે જ્યારે ત્યારે નિશ્ચિત મર્યા વિના રહેતો નથી, ૪૦-૪૫.

તેમ જેને સંતનો લગાર પણ અવગુણ આવ્યો હોય તો તેને જરૂર ક્ષયરોગ થયો છે, એમ મનમાં નિશ્ચિત જાણવું. ૪૬. તે તો પાંચ દિવસ મોડો-વહેલો પણ નિશ્ચિત વિમુખ થયા સિવાય રહેશે નહીં. આ વાત હું ચોક્કસપણે દેખીને-અત્યારે અનુભવીને કહું છું. ૪૭. વળી, જેમ મનુષ્યનાં હાથ, પગ, નાક, કાન, આંગળીઓ એ આદિક અંગ કપાય તોપણ તે મનુષ્ય મર્યો કહેવાતો નથી. પણ જ્યારે તેના ધડ ઉપરથી મસ્તક કપાઈ જાય ત્યારે તેને મરેલો કહેવાય છે. ૪૮-૪૯. **તે રીતે જ સંતો અને હરિભક્તોનો જેને અવગુણ આવ્યો હોય તેનું માથું કપાઈ ગયું છે તેમ જાણવું.** ૫૦. અને બીજા વ્રતમાનમાં કદાચ ફેર પડે તો તેનું અંગ કપાયું કહેવાય, પણ તે જીવે ખરો. અર્થાત્ તે મોક્ષના ખપે કરીને સત્સંગમાં ટકે ખરો, પણ જેને સંતનો અવગુણ આવ્યો તે તો સત્સંગમાં ક્યારેય ટકે નહીં. ૫૧-૫૨. તે તો જ્યારે ત્યારે સત્સંગમાંથી જરૂર વિમુખ જ થાય, એ એનું માથું કપાણું જાણવું. તેમાં કાંઈ જ ખોટું નથી." ૫૩.

✵ અભાવ-અવગુણ ટાળવાના ઉપાય :

પછી ભગવદાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "કોઈ હરિભક્તનો અવગુણ આવ્યો હોય તો હવે તેને ટાળવાનો કોઈ ઉપાય છે કે તે ન ટળે તેવો વજ્રસાર છે ?" ત્યારે શ્રીજીમહારાજ તે અવગુણ ટાળ્યાનો ઉપાય બોલ્યા જે, ૫૪-૫૫. "ઉપાય તો છે પણ તે અતિ કઠણ છે. કેમ જે, તે અતિશય શ્રદ્ધાવાળો હોય તેનાથી જ થાય છે. જ્યારે કોઈ સંતનો અવગુણ આવે ત્યારે તેણે મનમાં એમ વિચાર કરવો જે, 'મેં ચોક્કસ અતિ મોટું પાપ કર્યું છે. કેમ જે, મેં બ્રહ્મસ્વરૂપ એવા જે ભગવાનના ભક્ત, તેમનો અવગુણ લીધો. આ મેં બહુ મોટું અપાર પાપ કર્યું.' એવા વિચારમાંથી હૈયામાં અતિશય દાઝ થાય. ૫૬-૫૮. અને તે દાઝને લીધે અન્ન જમે તોપણ તેના સ્વાદુ-

કુસ્વાદુપણાની કાંઈ ખબર રહે નહીં. ૫૯. તથા રાત્રિને વિષે તેને નિદ્રા પણ આવે નહીં. જ્યાં સુધી તેનાં હૈયામાંથી સંતનો અવગુણ ટળે નહિ ત્યાં સુધી તે જેમ પાણી વગર માછલું તરફડે તેમ અતિ વ્યાકુળ થાય. ૬૦-૬૧.

दोहा : अरु जब यह संत के जो, हैया में अति अपार;
गुण आवत रहे तबहि यह, सुख पावे तेहि वार...६२

सोरठा : अरु संत कोउ बात, दुःखाये होय जो तेही;
अति दीन होउ जात, प्रसन्न करे ततखेव तब...६३

અને જ્યારે એ સંતનો પોતાના હૈયામાં અતિશય ગુણ આવે ત્યારે જ તેને મનમાં સુખ થાય. અને તે સંત કોઈ વાતે દુખાણા હોય, તો તેની આગળ અતિશય દીન થઈને તેમને તત્કાળ રાજી કરે. ૬૨-૬૩. એવી જાતનો જેના હૃદયમાં વિચાર રહેતો હોય તો તેના હૃદયમાં ક્યારેક સંતનો અવગુણ આવ્યો હોય, તોપણ તે ટળી જાય અને સત્સંગમાંથી વિમુખ ન થાય. પણ એ વિના એનો બીજો કોઈ ઉપાય ગ્રંથોમાં કહ્યો નથી, એ જ એક ઉપાય કહ્યો છે." આટલી વાત કરીને પછી શ્રીહરિ પોતે મૌન રહ્યા. ૬૪-૬૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું પહેલું વચનામૃત પૂરું થયું" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર ચોવીશમું : તરંગ - ૩

લોયાનું બીજું વચનામૃત કહ્યું

(સં.૧૮૭૭ના) કાર્તિક વદિ એકાદશીને દિવસ સ્વતંત્ર એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં મંચ ઉપર રહેલા પલંગ ઉપર દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન હતા. અને ભક્તજનોના ચિત્તને ચોરનારું શ્રીહરિનું મુખ તે વખતે ઘણું પ્રસન્ન હતું. ૧-૩. અને શ્રીહરિએ ભક્તજનોને સુખી કરવા માટે ઘણા હેતથી રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો. ૪. અને નરનારાયણ આવા નામથી

અંકિત કાળા કિનખાબની ડગલી પહેરી હતી. ૫. અને ધર્મકુમાર શ્રીહરિએ મસ્તક ઉપર આસમાની રંગનો બુરાનપુરી રેંટો સોનેરી તારની ફરતી કોરવાળો બાંધ્યો હતો. ૬. અને સોનેરી કોરવાળો કસુંબી રંગનો એક રેંટો કમર ઉપર બાંધ્યો હતો. તેની અપાર શોભા બની હતી. ૭. અને પોતાના મુખારવિંદની આગળ બધા મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૮. અને મુક્તાનંદ સ્વામી આદિક પરમહંસો દુકડ, સરોદ, સિતાર અને મંજીરા આદિક વાજિંત્ર વગાડીને કીર્તનગાન કરતા હતા.

✵ વિશ્વાસી, જ્ઞાની, શૂરવીર અને પ્રીતિવાળા ભક્તનાં લક્ષણ :

પછી જ્યારે કીર્તન ગાવાની સમાપ્તિ થઈ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "સહુ સંતો સાંભળો. મારા મનમાં જે એક પ્રશ્ન થયો છે તે તમને પૂછું છું." ૯-૧૧. ત્યારે સહુ મુનિઓ બોલ્યા કે, "હે મહારાજ ! એ પૂછો." પછી શ્રીજીમહારાજ સહુ મુનિ પ્રત્યે બોલ્યા જે, "આ સત્સંગમાં હરિભક્તને મૃત્યુનો ભય જે રીતે ન રહે (અને દેહ છતાં જ પોતાનું કલ્યાણ મનાય જાય) તેનો ઉપાય તમે કહો." ૧૨-૧૩. પછી મુક્તાનંદ સ્વામીએ જેવો પોતાને આવડ્યો તેવો ઉત્તર કર્યો. પણ જ્યારે તેનું સમાધાન ન થયું ત્યારે સહુ મુનિઓ બોલ્યા કે, "હે મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર તો આજે આપે જેવો મનમાં ધાર્યો હોય તેવો કહો." ૧૪-૧૬.

પછી શ્રીજીમહારાજ મુનિઓ પ્રત્યે બોલ્યા જે, "જ્યાં સુધી તમે કીર્તન બોલતા હતા ત્યાં સુધીમાં અમે વિચાર કરી રાખ્યો છે તે હવે તમને કહીએ છીએ. અમારી નજરમાં તો એમ આવ્યું છે કે ચાર પ્રકારના જે ભક્ત હોય તેને મૃત્યુનો ભય નિશ્ચિત નાશ પામે છે. અને તેને કૃતાર્થપણું મનાય છે. ૧૭-૧૯. તે ચાર પ્રકારના ભક્તોની વિક્તિ કરીને કહીએ છીએ. એક તો વિશ્વાસી, બીજો જ્ઞાની, ત્રીજો શૂરવીર અને ચોથો પ્રીતિવાળો; એ ચાર પ્રકારના હરિભક્ત છે તેમને ૨૦-૨૧. મૃત્યુનો ભય રહેતો નથી, અને દેહ છતે જ પોતાને વિશે કૃતાર્થપણું મનાય છે. હવે તે ચાર પ્રકારના ભક્તનાં લક્ષણ કહીએ છીએ. ૨૨.

❋ વિશ્વાસી ભક્તનાં લક્ષણ :

चोपाई :

तामें विश्वासी रहे जिनही, प्रत्यक्ष भगवान जो इनही;
ताके जो साधु तेही रहाते, ताके बचन के विषे वरताते...२३
ताके अतिशे रहे विश्वासा, कबहु न होवत तेही नासा;
माटे तेही भगवान के जोऊ, निश्चे के बल करीके सोऊ...२४

दोहा : मृत्यु के भय रहत नहि, जानत हि इमि रहेउ;
प्रत्यक्ष पुरुषोत्तम ही, भगवान मिले तेउ...२५
माटे कृतार्थ हि भयेउ, फेर हि नहि रहाय;
मृत्यु के डर न रहत यह, समझ करीके ताय...२६

તેમાં જે વિશ્વાસી ભક્ત હોય તે તો પ્રત્યક્ષ ભગવાન અને તેમના સાધુનાં વચનને વિષે અતિશય વિશ્વાસ રાખે છે. તે વિશ્વાસનો ક્યારેય નાશ થતો નથી. માટે તેને ભગવાનના ફક્ત નિશ્ચયના બળે કરીને મૃત્યુનો ભય રહેતો નથી. કેમ જે, તે વિશ્વાસુ ભક્ત એમ જાણે છે જે, 'મને પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે માટે હું કૃતાર્થ થયો છું. એમાં કાંઈ ફેર નથી.' આવી સમજણે કરીને તેને મૃત્યુનો ભય રહેતો નથી. ૨૩-૨૬.

અને જે જ્ઞાની ભક્ત છે તેને આત્મજ્ઞાનનું બળ રહે છે. તે એમ માને છે કે, 'હું તો બ્રહ્મસ્વરૂપ એવો ભગવાનનો અનુપમ ભક્ત છું.' માટે તેને મૃત્યુનો લગાર પણ ભય રહેતો નથી. અને જે શૂરવીર ભક્ત છે તેને તો ભગવાનનું અપાર બળ હોય છે. તેથી તેનાં સર્વે ઈન્દ્રિયો અને અંતઃકરણ તે ભક્તથી થરથર કંપતા રહે છે. વળી તે બીજા કોઈથી પણ ડરે નહીં. તેના જેટલા શત્રુઓ હોય તે બધા તેના ભયથી ધ્રૂજી મરે છે. ૨૭-૩૦. માટે તે શૂરવીર ભક્તને કોઈ રીતે પરમેશ્વરનાં વચનનો ભંગ ક્યારેય થાય નહિ અને દિન-પ્રતિદિન તેનો રંગ ચઢતો રહે છે. તેથી તે અધિકપણે પોતાને કૃતાર્થ માને છે. તેના મનમાં કોઈ દિવસ મૃત્યુનો લેશમાત્ર પણ ત્રાસ રહેતો નથી. ૩૧-૩૨.

❋ પ્રીતિવાળા ભક્તનાં લક્ષણ :

અને ચોથો જે પ્રીતિવાળો ભક્ત છે તે તો પતિવ્રતાને જેવું અંગ હોય તે રીતે ભાવથી વર્તે છે. ૩૩. જેમ પતિવ્રતા સ્ત્રી હોય તેને પોતાના પતિ સિવાય

બીજે કોઈ ઠેકાણે વૃત્તિ ડોલે નહીં. એક પોતાના પતિમાં જ મનને દૃઢ કરીને પ્રીતિ રાખે છે, તેમ પ્રીતિવાળો જે ભગવાનનો ભક્ત છે તે પતિવ્રતાની રીત રાખે છે અને ભગવાનને જ પોતાના પતિ માને છે. ૩૪-૩૫. તે ભક્તને ભગવાનને વિષે જ એક દૃઢ ટેકવાળી પ્રીતિ રહે છે અને તે કોઈ દિવસ છૂટતી નથી. માટે તે પોતાને કૃતાર્થ માને છે અને મૃત્યુના ભયની શંકા પણ લાવતો નથી. ૩૬. અને તે મૃત્યુનો લેશમાત્ર પણ ડર રાખતો નથી. એ ચાર માંહિલું એક અંગ પણ જેને પ્રધાનપણે રહેતું હોય અને બીજાં ત્રણ અંગ ગૌણ હોય તોપણ તે જન્મ-મૃત્યુના ભયથી તરી જાય છે. અને તે ચાર માંહિલું એક પણ અંગ ન હોય તો તેને મૃત્યુનો ભય રહે છે." ૩૭-૩૯.

આટલી વાત કરીને પછી શ્રીજીમહારાજ સહુ મુનિ તથા હરિભક્તોના પ્રત્યે બોલ્યા કે, "અમે કહ્યાં જે ચાર અંગ તેમાં જેને જે એક અંગ મુખ્ય વર્તતું હોય તે અંગ તમે કહો." ૪૦-૪૧. પછી સમગ્ર પરમહંસોએ જેને જે અંગ વર્તતું હતું તે અતિશય પ્રસન્નપણે કહ્યું, અને હરિભક્તોમાં પણ જેને જે રીતનું અંગ વર્તતું હતું તેણે તે રીતે કહ્યું. તે સાંભળીને શ્રીજીમહારાજ અતિશય અપાર પ્રસન્ન થયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ ચાર અંગમાંથી જેને શૂરવીરતાનું અંગ હોય તે સર્વે આવીને અમારે પગે લાગો." પછી જેને જેને શૂરવીરતાનું અંગ વર્તતું હતું તે સર્વ તે વખતે ઊઠીને શ્રીજીમહારાજનાં ચરણારવિંદને છાતીમાં લઈને પગે લાગ્યા. ૪૨-૪૬.

❋ કાર્ય કરતાં કારણની મહત્તા :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "વળી જેને કાંઈ પ્રશ્ન પૂછવો હોય તે પૂછો." ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, "જે કારણ હોય તે કાર્યથી મોટું હોવું જોઈએ. ત્યારે વડનું બીજ તો નાનું છે અને તે થકી મોટો વડ કેમ થાય છે ? આ પ્રશ્ન છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે કારણ હોય તે તો નાનું હોય અને સૂક્ષ્મ હોય તોપણ મોટાં કાર્યની ઉત્પત્તિ કરવાને સમર્થ છે, એ જ કારણમાં મોટાઈ છે. જેમ મૂળમાયાના કાર્યભૂત એવા જે અનંત પ્રધાનરૂપ ઈશ્વરો છે તેનો ઘણો મોટો વિસ્તાર છે, પણ કારણરૂપ

મૂળ પ્રકૃતિ છે તે તો સ્ત્રીને આકારે રહી છે. તથા પૃથ્વીનું કારણ જે ગંધ તે તો અતિશય સૂક્ષ્મ છે અને તેનું કાર્ય જે પૃથ્વી તે તો પચાસ કોટિ યોજન વિસ્તારવાળી કહેવાય છે. ૪૭-૫૪. એમ જ આકાશ આદિક બીજાં જે ચાર ભૂત, તેનો મોટો વિસ્તાર છે. જેનો કોઈ નિર્ધાર કરી શકતું નથી. ૫૫.

અને તેનું કારણ જે શબ્દાદિક તે અતિશય સૂક્ષ્મ છે. અને જેનું જે કારણ હોય તે અતિશય નાનું હોય, તોપણ તે મોટાં કાર્યને ઉત્પન્ન કરવા સમર્થ થાય છે. આ રીતની કારણમાં કળા રહી હોય છે, તે કોઈના કળ્યામાં આવતી નથી. ૫૬-૫૭. જેમ અગ્નિદેવ છે તે તો મનુષ્યના જેવા સદાય મૂર્તિમાન છે અને મનુષ્યના જેવડા છે. ૫૮. અને તેનું કાર્ય જે અગ્નિની જ્વાળાઓ તે તો અતિ મોટી જણાય છે, પણ મૂર્તિમાન અગ્નિ તેવા દેખાતા નથી. તથા જેમ વરુણ કહેવાય છે તેની મૂર્તિ મનુષ્યના જેવડી છે, અને તેનું કાર્યરૂપ જે જળ તે તો અતિશય ઝાઝું છે. ૫૯-૬૦.

અને જેમ સૂર્ય છે તેની મૂર્તિ તો મનુષ્યના જેવી રથ ઉપર બેઠી છે. ૬૧. અને તેનું કાર્ય જે પ્રકાશ તે તો સંપૂર્ણ બ્રહ્માંડમાં વ્યાપીને રહ્યો છે, તેમ કહેવાય છે. ૬૨. તેમ સર્વના કારણ અને જેનો પ્રતાપ સહુથી વધારે છે; એવા શ્રીપુરુષોત્તમનારાયણ જે શ્રીકૃષ્ણ તે તો મનુષ્ય જેવડા છે, તોપણ અનંત કોટિ બ્રહ્માંડના જે કારણ તેના પણ કારણ છે. તેનાથી અધિક કોઈ સમર્થ નથી. અને જે મૂર્ખ હોય છે તે એમ સમજે છે કે, જેનું કાર્ય આવડું મોટું હોય તો તેનું કારણ તો કેવડું મોટું હશે ? આવી જે સમજણ છે તે તો મૂર્ખની સમજણ છે. ૬૩-૬૬.

चोपाई :

अरु सब हि के कारण रूपा, भगवान एसे परम अनूपा;
मनुष्य जेसे तेही रहाते, तोउ पण पोताके कहाते...६७
अंग हि तामेसुँ भगवाना, योग हि कला करीके रहाना;
अनंत कोटि ब्रह्मांड ताकू, उत्पन्न करन समर्थ हे वाकू...६८
अरु पिछे पोताकेउ जेहा, विषे लीन करने को तेहा;
समर्थ रहाये तेही स्वछंदा, एही सम समर्थ कोउ न रहंदा...६९

અને સર્વના કારણરૂપ એવા જે પરમ અનુપમ ભગવાન તે મનુષ્ય જેવા જ છે, તોપણ તે પોતાના અંગમાંથી યોગકળાએ-દિવ્ય સામર્થીએ કરીને અનંત કોટિ બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને સમર્થ છે, અને પાછા પોતાને વિષે લીન કરવાને પણ સમર્થ અને સ્વતંત્ર છે. તેથી ભગવાનના જેવો બીજો કોઈ સમર્થ નથી. ૬૭-૬૯.

जिमी अग्नि वरुण सूर्य जेहू, पोताके कार्यरूपे तेहू;
अतिशे बडे जनात रहाता, पुनि ताकु तेही लीन कराता...७०
एक पोते रहाते तेही, तीमि भगवान पण जोउ एही;
एक एक रोम में अनंता, कोटि कोटि ब्रह्मांड रहंता...७१
अणु ताकी रित रहे जो जानो, अष्टावरण चौद लोक प्रमानो;
रहे एसी रीत कारण तामें, अलोकिकपना रहाये यामें...७२
दोहा : अरु मोटाई पना रहे, समझु जानत जेउ;
भगवान मनुष्य जेसे हि, जनात हे जो तेउ...७३
तोउ पण यह भगवान हि, सबके कारण रहेहु;
सबके रहाये करता, अरु समर्थ रहे एहु...७४

જેમ અગ્નિ, વરુણ અને સૂર્ય તે પોતાના કાર્યરૂપે કરીને અતિશય મોટા જણાય છે, અને વળી તે પોતાનાં કાર્યને પોતામાં લીન કરીને એક પોતે જ રહે છે; **તેમ ભગવાનના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડો અણુની જેમ રહ્યા છે, તે અષ્ટઆવરણ તથા ચૌદ લોકે સહિત રહ્યા છે, તેમ જાણવું.** એવી રીતે કારણમાં અલૌકિકપણું રહ્યું છે. અને મોટાઈ રહી છે. તેને જે સમજુ હોય તે જાણે જે, **'ભગવાન મનુષ્ય જેવા જણાય છે તોપણ એ ભગવાન સર્વના કારણ છે અને સર્વના કર્તા છે ને સમર્થ છે."** ૭૦-૭૪. આ રીતે વાત કહીને શ્રીજીમહારાજ પોતે શયન કરવા માટે ચાલતા થયા. ૭૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું બીજું વચનામૃત કહ્યું" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર ચોવીશમું : તરંગ - ૪

લોયાનું ત્રીજું વચનામૃત

(સં.૧૮૭૭ના) કાર્તિક વદિ તેરશને દિવસ સર્વ જગતના વંદ્ય એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ, ગામ શ્રીલોયા મધ્યે સુરા ખાચરના દરબારમાં રાત્રિને સમયે મંચ ઉપર રહેલા પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને ધોળી છીંટની ડગલી પહેરી હતી, અને રૂનો ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો અને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો. ૧-૪. તથા ધોળી પછેડી ઓઢી હતી. અને તે વખતે પોતાના મુખારવિંદની આગળ જેટલા મુનિ તથા દેશદેશના હરિભક્તો હતા તે તમામની સભા ભરાઈને બેઠી હતી.

❋ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળા ભક્તનાં લક્ષણ :

તે સમયે ભગવદાનંદ સ્વામી અને શિવાનંદ સ્વામી, એ બંને સંતોએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, ૫-૭. "ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ? તે કહો." ૮.

પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, **"જેને ભગવાનનો અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાથી ભગવાનને અને સંતને અર્થે શું ન થાય ? તેને ભગવાન અને સંતને અર્થે કોઈ બાબત અંતરાય કરતી નથી.** ૯-૧૦.

મનુષ્યને કુટુંબના સમાન કોઈ બંધન નથી, તેમ છતાં તેવા નિશ્ચયવાળો ભક્ત, ભગવાન અને સંતને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, ૧૧. સર્વ પ્રકારનાં સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, પુરુષ હોય તે સ્ત્રીનો અત્યંત ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો પણ અત્યંત ત્યાગ કરે." ૧૨. એમ કહીને પછી શ્રીજીમહારાજે તે વખતે માહાત્મ્યવાળા હરિભક્તોની વાત કરી. તેમાં એક પછી એક હરિભક્તોનાં નામ લીધાં. તે જેટલાં તેવાં હરિભક્તો યાદ આવ્યાં તેટલાની મહારાજે વાત કહી. ૧૩-૧૪.

ગામ ડડુસરના ગલુજી નામના રજપૂત હરિભક્ત તથા ધરમપુરના રાણી કુશળકુંવરબાઈ તથા સોરઠ દેશના પટેલ હરિભક્ત પર્વતભાઈ તથા રાજબાઈ, જીવુબાઈ, લાડુબાઈ, અમરબાઈ અને અમૂલાબાઈ જે ગઢપુરના કાઠી રાજાઓની પુત્રીઓ હતી. તેમણે ભગવાન સિવાયનું જે કાંઈ સુખ કહેવાય છે તે બધાનો ત્યાગ કરી દીધો હતો. શ્રીહરિની આજ્ઞાને આધીન થઈને રહ્યાં હતાં. કાળ, માયા અને કર્મનો જે કાંઈ ભય હોય તે સર્વનો તેમણે ત્યાગ કરી દીધો હતો. ૧૫-૧૮. અને જે રીતે શ્રીહરિ પ્રસન્ન રહે તે રીતે જ તે વર્તતા હતા. વળી, અજ્ઞાની લોકો સમજ્યા વિના મનફાવે તેમ જે કાંઈ બોલતા, તેને પશુ, પક્ષી, કૂતરાં અને ગધેડાના શબ્દ જેવા માનતા હતા. આવાં ભક્તોનાં નામ શ્રીહરિ લેતાં હતાં. ૧૯-૨૦. મોટા રામબાઈ તથા જે માતાજી કહેવાતાં હતાં તે ઝમકુબાઈ તથા ગામ ભૂજના લાધીબાઈ, દાદા ખાચર, માંચાભક્ત, મૂળજી બ્રહ્મચારી, મુનિવર મુક્તાનંદ સ્વામી, વાળાક દેશના આહિર પટેલ સામત, તથા ગામ માનકૂવાના મૂળજી અને કૃષ્ણજી તથા વાળાક દેશમાં ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત, ઈત્યાદિક જે સત્સંગીઓ તેમણે ભગવાન અને સંતોને માટે જે જે કર્યું હતું વાતને વિસ્તારીને પ્રેમથી કરતા હવા." ૨૧-૨૫.

❋ નિશ્ચયવાળો ક્યારેય વચનમાં ફેર પાડે નહીં :

दोहा : अरु पुनि इमि कहत भये, भगवान के जाकु;
निश्चय माहात्म्य ज्ञान जुत, दृढ होय जो ताकु...२६

सोरठा : भगवान मिले ताके, बचन में जोउ तिनहु के;
फेर पारे न वाके, जिमी कहे तिमी करेउ...२७

અને વળી એમ કહ્યું જે, "જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યજ્ઞાને સહિત દઢ હોય તે ભક્ત પોતાને મળેલા જે ભગવાન, તેનાં વચનમાં કાંઈ ફેર પાડે નહિ અને તેઓ જેમ કહે તેમ કરે." ૨૬-૨૭. તે વિષે પોતાની વાત કરવા લાગ્યા. તેમાં પોતાના અલૌકિક રીતના સ્વભાવની વાત કહી જે, ૨૮. "અમારો સ્વભાવ કેવો હતો ? તો એક ગોદોહનમાત્ર જ એક સ્થાનકમાં રહેવાય, પણ અધિક ન રહેવાય. એવા અમે હંમેશાં ત્યાગી

હતા અને અતિશય શ્રેષ્ઠ વૈરાગ્ય હતો. વળી, શ્રીરામાનંદ સ્વામી ઉપર અસાધારણ હેત હતું, તોપણ રામાનંદ સ્વામીએ ભૂજનગરથી કહી મોકલ્યું કે, 'જો સત્સંગમાં રહેવાનો ખપ હોય તો થાંભલાને બથ ભરીને પણ રહેવું પડશે.' એમ જ્યારે મયારામ ભટ્ટે આવીને અમને કહ્યું. ત્યારે અમે મેઘપુરમાં થાંભલાને બાથ લીધી. ત્યાર પછી તે વિપ્રે કહ્યું કે, 'મુક્તાનંદ સ્વામી જેમ કહે તેમ તમારે વર્તવું; એમ રામાનંદ સ્વામીએ કહ્યું છે.' પછી મુક્તાનંદ સ્વામી જેમ અમને પ્રેરતા હતા તેમ જ માહાત્મ્યે સહિત અમે કરતા રહ્યા, તે બધું વર્ણવી શકાતું નથી. ૨૯-૩૪.

પછી રામાનંદ સ્વામીનાં દર્શન થયાં તે પહેલાં દસ માસ (નવ માસ) સુધી અમે મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. માહાત્મ્યવાળાનાં આવી રીતનાં લક્ષણ સાંભળીને જેને ભગવાન અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેને જાણવો." અને પછી શ્રીહરિએ ભૂજનગરના સુતાર સુંદરજીભાઈ તથા બંધિયા ગામના ડોસા વાણિયાની વાત કરી. ૩૫-૩૮. અને વળી જેને **ભગવાન તથા સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેની કોરનો તેને કેફ વર્તે.** આમ કહીને રાણા રાજગરની વાત જેમ બની હતી તેમ કહી. તેઓ પોતાના મૃત્યુ સમયે બોલ્યા કે, 'મને ભગવાન તથા સંતો અત્યારે લેવા આવ્યા છે. ૩૯-૪૧. તેઓ આ વખતે અલૌકિક ભારે દિવ્ય વિમાન લઈને આવ્યા છે. હું ભગવાનનું જે દિવ્ય અનુપમ બ્રહ્મસ્વરૂપ અક્ષરધામ છે તેમાં જાઉં છું. માટે હવે જેને મારી સાથે આવવું હોય તે આવો.' એમ કહીને પોતાના ભાઈના પુત્રને સાથે લઈને તત્કાળ અક્ષરધામમાં ગયા. ૪૨-૪૩.

चोपाई :

एसे भगवान संत जो ताके, अब वेर सत्संग में वाके;
प्रगट हम भये जेही दिनसे, प्रताप होत रहे दिन तिनसे...४४
जो जो गाम देश हि तामें, हरिजन रहत भये जो यामें;
जिनकु कहे एसी जो रीता, माहात्म ज्ञान रहे तिस रीता...४५
ताके केफ वरतत रहे जाकू, मृत्यु समय आवत जब वाकू;
अलोकिक बात देखत ताही, देखत तेसे कहीके वाही...४६

આ વખતે આવા ભગવાન તથા તેમના જે સંતો, તેમનો આવો પ્રતાપ અમે જે દિવસથી પ્રગટ થયા છીએ તે દિવસથી સત્સંગમાં વર્તી રહ્યો છે. ૪૪. જે જે દેશ કે ગામમાં હરિભક્તો રહે છે તેમાં અમે કહ્યો એ રીતે માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય જેને હોય છે તેને આવો કેફ વર્તે છે. તેથી જ જ્યારે તેને મૃત્યુસમય આવે છે ત્યારે તે અલૌકિક વાત દેખે છે. અને જેવું દેખે છે તેવું તે કહી બતાવે છે. ૪૫-૪૬. આમ તેઓ જ્યારે ભગવાનનાં ધામમાં જાય છે ત્યારે તેમનો આવો કેફ દેખાય છે."

શ્રીહરિએ આટલી વાત કરીને પછી પ્રહ્લાદની વાત કરી. ૪૭. પ્રહ્લાદના ઉપર નૃસિંહજી પ્રસન્ન થઈને બોલ્યા જે, 'તારા મનમાં જે ઇચ્છા હોય તે માંગ, હું તને તે આપીશ. ૪૮. કેમ જે, હર કોઈ બાબત તેના સમય વિના ક્યારેય મળતી નથી. જે ફળનો જ્યારે સમય હોય છે ત્યારે તે ફળ સહજપણે મળે છે.' ૪૯. ત્યારે પ્રહ્લાદજી નૃસિંહ ભગવાનની આગળ બોલ્યા કે, 'હે મહારાજ ! હું આ આપના વિકરાળ રૂપથી ડરતો નથી અને આપે જે મારી રક્ષા કરી તેને હું રક્ષા માનતો નથી. હવે હું જે માગું છું તે જ તમે મને આપો. ૫૦-૫૧. આપ જ્યારે મારા ઇન્દ્રિયોરૂપ શત્રુના સમૂહથી મારી રક્ષા કરશો ત્યારે હું આપે રક્ષા કરી છે તેમ માનીશ.' માટે જે ખરા ભગવાનના ભક્ત હોય તે, ભગવાન દૈહિક રક્ષા કરે તેનાથી હર્ષ ન પામે અને ભગવાન રક્ષા ન કરે ત્યારે તેથી શોક ન કરે, તો તે ભક્ત સાચા કહેવાય છે. અને જો હર્ષ-શોક કરે તો તે કાચો ભક્ત છે. ૫૨-૫૪.

✵ જેટલો મહિમા હોય તેટલું સુખ રહે :

भगवान संत सत्संग मिलेऊ, तेही सम बात अधिक न केऊ;
देशकाल विषम जोउ तामें, चाय तितना दुःख आवे यामें...५५

तन मन भगवान कु दियेऊ, ताके शोक न करत तेऊ;
शोक करत ताके जिहाँ लगहू, तन मन न दिये तिहाँ लगहू...५६

निश्चय में जितना कसर जाही, दुःख तितना सहत हे ताही;
निश्चय में कसर नहि जितना, जीय में सुख वरतत तितना...५७

ભગવાન, સંત અને સત્સંગ મળ્યો છે તેના જેવી બીજી કોઈ અધિક વાત નથી. દેશ-કાળની વિષમતાને લીધે ગમે તેવું દુઃખ આવે, તોપણ જેણે ભગવાનને તન, મન અર્પણ કર્યું હોય તેવો ભક્ત તેનો શોક કરતો નથી. અને જ્યાં સુધી દુઃખ આવ્યાનો શોક કરે છે ત્યાં સુધી તેણે ભગવાનને તન, મન અર્પણ કર્યાં નથી. ૫૫-૫૬. જે ભક્તને નિશ્ચયમાં જેટલી કસર હોય તેટલું તે દુઃખ માનીને સહન કરે છે. પરંતુ જેને નિશ્ચયમાં જેટલી કસર નથી હોતી તેટલું તેના જીવમાં સુખ વર્તે છે. ૫૭. તેવો નિષ્ઠાવાન ભક્ત તો અપાર અલમસ્ત થઈને દૃઢપણે ભગવાનને ભજે છે. તે ભક્ત ભગવાન તથા સંતનું અપાર માહાત્મ્ય સમજે છે. ૫૮. તે ઉપર ગામ કઠલાલમાં એક વિપ્ર હરિભક્ત બાઈ હતાં, તેની વાત કહી. કેમ જે, તે બાઈનું અપાર માહાત્મ્ય દેખીને તો પર્વતભાઈના મનમાં એમ વિચાર થયો હતો કે, **'જ્યાં સુધી આવું માહાત્મ્ય સમજ્યા નથી ત્યાં સુધી કોઈ વાત સમજાણી નથી.'**

આવી રીતના યથાર્થ માહાત્મ્યને જાણનારા જેટલાં હરિભક્ત હોય તેનો દેહ ગમે તે રીતે પગ ઘસીને મરણ પામે, અથવા વાઘ મળે અને તેના શરીરને ખાઈ જાય અથવા સર્પ કરડવાથી મરે અથવા શસ્ત્ર વાગે, ક્યારેક પાણીમાં ડૂબી જાય, ઈત્યાદિક અપમૃત્યુએ કરીને ગમે તે રીતે તેનું શરીર પડે, પણ જેને ભગવાન અને સંત મળ્યા હોય તેના મનમાં કોઈ જાતનો સંદેહ ન રહે. ૫૯-૬૨.

જેને ભગવાન તથા સંત મળ્યા હોય તેની ક્યારેય અસદ્‌ગતિ થાતી નથી. આવા તો સત્સંગમાં ઘણા જ ચમત્કારો રહ્યા છે. માટે જેને ભગવાન અને સંતો મળ્યા હોય તેનું ગમે તે રીતે શરીર છૂટે, પણ તે તો ભગવાનનાં ધામમાં જ જાય છે, પણ વચ્ચે ક્યાંય અટકતા નથી. ૬૩. અને જે જીવ ભગવાન તથા સંતથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી રીતે છૂટે તથા ચંદનનાં કાષ્ઠમાં સંસ્કારેયુક્ત તેનો દેહ બળે, તોપણ તે તો નક્કી જમપુરીમાં જાય. ૬૪-૬૫. આ બે બાબતની વિક્તિ જેમ છે તેમ જે સારી રીતે સમજે, તથા જેના અંતરમાં એ સર્વે પ્રકારની સમજણની દૃઢ ગાંઠ પડી ગઈ હોય, તેને ભગવાન તથા સંતનો માહાત્મ્યે સહિત નિશ્ચય છે તેમ જાણવું. અને

આવા નિશ્ચયવાળા જે સંતો-ભક્તો હોય તે જરૂર બ્રહ્મમહોલ(અક્ષરધામ)માં જ પહોંચે છે, પણ તેથી ઓરા ક્યાંય રહેતા નથી. ૬૬-૬૮. તે અક્ષરધામના તાબે-આધારે બીજાં પણ કેટલાંક ધામો છે. જે ભક્ત જેવો અધિકારી-જેવું પાત્ર હોય, તે ભક્ત તેવા ધામમાં જઈને રહે છે. ૬૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું ત્રીજું વચનામૃત કહ્યું" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર ચોવીશમું : તરંગ - ૫

લોયાનું ચોથું વચનામૃત

(સં.૧૮૭૭ના) કાર્તિક વદિ ચૌદશને દિવસ એક પહોર દિવસ ચઢતા સ્વામી શ્રીહરિકૃષ્ણ મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં મંચ ઉપર ઢાળેલા પલંગ ઉપર આવીને વિરાજમાન થયા હતા. તે વખતે શ્વેત સુરવાળ પહેર્યો હતો અને શ્વેત છીંટની ડગલી પહેરી હતી. મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તેની એટલી સુંદર શોભા થઈ હતી કે જે કહી શકાતી નથી. ૧-૫.

✻ શ્રીહરિ અક્ષરધામમાં રહ્યા થકા જ સર્વત્ર દેખાય છે :

પછી અખંડાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને જે પ્રશ્ન પૂછ્યો હતો તે હવે કહું છું, "અનંત કોટિ બ્રહ્માંડ છે. તે સર્વ બ્રહ્માંડોને વિષે અત્યારે આ બ્રહ્માંડમાં જેવા મૂર્તિમાન પ્રત્યક્ષ ભગવાન વિચરણ કરી રહ્યા છે, ૬-૭. તેવી ને તેવી મૂર્તિ તે બ્રહ્માંડોમાં પણ દેખાય છે કે નથી દેખાતી ?" પછી શ્રીજીમહારાજ તે મુનિના પ્રત્યે બોલ્યા જે, ૮.

"ભગવાન પોતે પોતાનાં અક્ષરધામને વિષે સદા વિરાજમાન રહે છે. તેઓ ક્યારેય તેનો ત્યાગ કરતા નથી. ૯. તે ભગવાનની ઈચ્છાએ કરીને મૂળમાયામાંથી અનંત કોટિ પ્રધાન-પુરુષ ઊપજે છે. અને તે થકી અનંત

કોટિ બ્રહ્માંડો ઊપજે છે. પછી તે ભગવાન પોતાનાં અક્ષરધામમાં એક ઠેકાણે રહ્યા થકા, પોતાની ઇચ્છાએ કરીને અક્ષરધામમાં જે મૂર્તિ રહી છે, તે જ અનંત કોટિ બ્રહ્માંડને વિષે પોતાના ભક્તજનોને માટે અનંતરૂપે દેખાય છે. કેમ જે, ભગવાન ભક્તાધીન છે. તેઓ ભક્તોનું હિત કરવા માટે વિચરણ કરતા રહે છે. ૧૦-૧૩.

दोहा : सत्य संकल्प रहेउ, अंतरजामि रहाय;
आवर्ण हि न इनकु कोउ, पराधिन कबु न ताय...१४

सोरठा : जोग कला हे जेति, ताके कारण रहे यह;
तेहिकर नेति नेति, वेद यह वेर वेर कहत...१५

વળી, તે ભગવાન સત્યસંકલ્પ છે, અંતર્યામી છે. તેમને કોઈ આવરણ નડતું નથી અને ક્યારેય તેઓ પરાધીન થતા નથી. ૧૪. જેટલી યોગકળાઓ-અલૌકિક સામર્થી છે તે બધાનું કારણ તે ભગવાન જ છે. તેને લીધે વેદો પણ તેમને વારંવાર 'નેતિ નેતિ' કહે છે. ૧૫. ભગવાનની આવી અગમ્ય વાતોનો પાર બ્રહ્મા અને શિવજી જેવા અનેક દેવતાઓ પણ હજી સુધી પામી શક્યા નથી. ૧૬. આકાશ અને અક્ષર આવા અપાર છે, તે પણ આજ સુધી પરમાત્માનો પાર લઈ શક્યા નથી. અને જો પાર આવે તો ભગવાનને એવા અકળ કોઈ કહે નહીં. ૧૭. કેમ જે, જો અકળ તત્ત્વ પણ કળ્યામાં આવી જાય તો તે અકળ કહેવાય નહિ. માયિક બાબતો ઘણી તુચ્છ કહેવાય છે, છતાં તેમાં પણ કેટલીક અકળ હોય છે. **જેટલી અકળ બાબતો છે તેનું યથાર્થ જ્ઞાન એક ભગવાનમાં રહ્યું છે. બીજા કોઈમાં તે જ્ઞાન ક્યારેય હોતું નથી.** ૧૮-૧૯. અકળ એવા ભગવાનમાં જેટલી અકળ વાતો છે તે નિવાસ કરીને રહી છે. જેટલી અકળ વાતો હોય તે તમામ કેવળ અનુભવગ્રાહ્ય જ હોય છે. ૨૦.

જેને અનુભવનું જ્ઞાન હોતું નથી તે અનુભવને મિથ્યા કહે છે. અનુભવના માર્ગ વિનાના(અનુભવ કરવાની પાત્રતા વિનાના) જેટલા અનુભવો છે તે મિથ્યા હોય છે. તેની રીતને જે જાણતા નથી તે સાચા અનુભવને પણ મિથ્યા કહે છે. પરંતુ અનુભવના માર્ગમાં તો અનુભવ જ સત્ય

કહેવાય છે. ૨૧-૨૨. જ્યારે આકાશમાં ઊડવાનું હોય ત્યારે તે પાંખ વિના ઉડાતું નથી. છતાં કોઈ પાંખ વિના ઊડવાની વાત કરે તો માનવું જોઈએ કે તેને ઊડવાના અનુભવની કાંઈ ગમ નથી. ૨૩. જે વાત જેની પાસેથી પ્રાપ્ત થતી હોય તે તેની પાસેથી જ મળે છે. અર્થાત્ જે વાત ભગવાન પાસેથી જ પ્રાપ્ત થાય તેમ હોય તે બાબત સર્વજ્ઞ એવા મોટા ગુરુ પણ જાણતા હોતા નથી. તો અલ્પજ્ઞ મનુષ્ય ન જાણી શકે; એમાં શું કહેવું ?" ૨૪.

✵ ભગવાનના અવતારની અને કલ્યાણની રીતિ બતાવી :

આ વાત સાંભળીને પછી અખંડાનંદ સ્વામી બે હાથ જોડીને તે વખતે ફરીવાર પૂછવા લાગ્યા જે, "જે સર્વાધાર શ્રીકૃષ્ણનારાયણ છે તે સદાય મનુષ્યના આકાર જેવી આકૃતિને ધારી રહ્યા છે. ૨૫-૨૬. વળી, તે ભગવાનનું સ્વરૂપ સર્વકાળે સત્ય છે, તેમ છતાં તે જ ભગવાન ક્યારેક મચ્છ, કચ્છ, કૂર્મ, વરાહ અને નૃસિંહ ઇત્યાદિક અનંત રૂપે કરીને પણ ભાસે છે, તે કેમ સમજવું ? ૨૭-૨૮.

અને વળી બ્રહ્માંડ બ્રહ્માંડમાં જે ખંડ રહ્યા છે તે પ્રત્યેક ખંડમાં કલ્યાણની રીત તથા ભગવાનની મૂર્તિની રીત તે બધી એક સરખી છે કે જુદી જુદી છે ? આ મારો બીજો પ્રશ્ન છે. આપના સિવાય આનો ઉત્તર કોઈ યથાર્થ રૂપમાં કહી શકે નહીં. ૨૯-૩૦. અન્ય જે કોઈ બુદ્ધિમાન ઋષિઓ છે તે તેના અનુભવમાં જેવું આવ્યું હોય તેવું કહે છે. તથા કેટલાક ભગવાનના ભક્તને ભગવાનનાં ભજને કરીને સમાધિમાં જે રીતે ભગવાન દેખાડે છે તેવી વાતો તે કરે છે. પરંતુ તે કોઈની વાત એક સમાન મળતી આવતી નથી. ૩૧-૩૨. તેણે કરીને અમારે ચિત્તમાં અનેક વિભ્રાંતિઓ વર્તે છે. એકચિત્ત થયા સિવાય જીવમાં પરમાનંદ વર્તતો નથી." ૩૩. પછી તે પ્રશ્નનો યથાર્થ ઉત્તર કરતાં થકાં શ્રીજીમહારાજ અત્યંત પ્રસન્ન થઈને તે મુનિના પ્રત્યે બોલ્યા જે, ૩૪.

चोपाई :

श्रवण करन के पाये जेहा, प्रथम यह रहाये जो तेहा;
तामें काचप रहे तिन करीके, अंतर तम वरतत फरी फरीके...३५

अंतर में तम न वरते जबहू, ज्ञान के प्रकाश अखंड रहे तबहू;
बात जेसी रहायेउ जाही, सुनीके तेसी की तेसी हि ताही...३६
दोहा : दृढ करीके रहे जब यह, पाये दृढ तब होत;
पाये दृढ विन बातके, चित्त हो जावत बोत...३७

"શાસ્ત્ર તથા સત્પુરુષનાં વચન સાંભળવા તે પાયો છે. તેને પ્રથમથી જ દૃઢ કરવો જોઈએ. તેમાં કાચપ રહી જાય છે તેથી હૃદયમાં વારંવાર અજ્ઞાનરૂપ અંધારું રહી જાય છે. ૩૫. જ્યારે અંતરમાં અજ્ઞાનનું અંધારું ન રહે ત્યારે અંતરમાં જ્ઞાનનો પ્રકાશ અખંડ રહે છે. **જે વાત જેવી હોય તેને સાંભળીને તેવી ને તેવી જ્યારે દૃઢ કરીને રાખવામાં આવે છે, ત્યારે તેનો પાયો ઘણો દૃઢ થાય છે.** તે પાયાની દૃઢતા વિના તો મનુષ્યનું ચિત્ત ઘણી રીતે વિભ્રાંત થઈ જાય છે. ૩૬-૩૭.

હવે અમે જે વાત કહીએ છીએ તેને તમે હવે જેમ છે તેમ દૃઢ કરીને સમજી રાખજો. ૩૮. એરણના ઉપર રોજ ઘણી જાતના ઘાટ ઘડાતા હોય છે, પણ ક્યારેય તે એરણ ઘાટ જેવી થઈ જાતી નથી. ૩૯. અમારી કેટલીક વાત છે તે એરણ, ધ્રુવ અને વજ્રની ભૂમિ જેવી છે. અને સમયે સમયે કેટલીક વાતો અમે કહી પણ હોય છે, છતાં તે જેને સમજાતી નથી તે ભ્રમી જાય છે, કહેતાં તેને શંકાઓ થાય છે. ૪૦. **અમારી જે વાત જેવી રીતની હોય છે, તેને પોતાનાં ચિત્તમાં તેવી ને તેવી જ જે સમજે છે, તેમાં જેટલું કાંઈ અજ્ઞાનરૂપ અંધારું હોય તેમાંથી એક રતીભાર પણ રહેતું નથી.** ૪૧.

જેટલા મનુષ્ય શુદ્ધ બુદ્ધિવાળા હોય છે તેને અમારી વાત સાંભળ્યા પછી અમારી વાતથી અધિક બીજી કોઈ વાત નજરમાં આવતી નથી. ૪૨. એવા ભક્તને અમારી વાત સાંભળીને અમારો સર્વોપરિ નિશ્ચય થાશે. જે કુબુદ્ધિવાળા મનુષ્ય હોય તે પણ જો અમારી વાતમાં ચિત્તને પરોવે, તો તેને કાંટે જોખેલાં માપ જેવી અદલ કહે. કેમ જે, અમારી વાત તો કાંટા ઉપર કરેલા તોલના સમાન અદલ છે. તે જેમ છે તેમ ઢાંકી રહેતી નથી. ૪૩-૪૪.

भगवान की मूर्ति एक जोऊ, अक्षरधाम में रहे सोऊ;
एक मूर्ति अनंत जो रूपा, ब्रह्मांड जेते में अनूपा...४५

भक्त कु लाड लडावन हीता, बनत रहे नहीं पार लहीता;
भगवान की मूर्ति रहाये जेती, सदा एक रूप रहे तेती...४६

ભગવાનની જે એક મૂર્તિ છે તે અક્ષરધામમાં રહી છે. તે અનુપમ એક મૂર્તિ જ જેટલાં બ્રહ્માંડો છે તેમાં અનંત રૂપે થાય છે. ૪૫. તે ભગવાન પોતાના ભક્તોને લાડ લડાવવાને માટે પાર ન આવે તેટલાં રૂપે બને છે, છતાં જેટલી ભગવાનની મૂર્તિ છે તે બધી સદા એક રૂપ જ છે. ૪૬. તોપણ પરમ સુજાણ તે ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડવી જોઈએ ત્યાં તેવી દેખાડે છે. ૪૭. અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. કોઈના તર્કમાં ન આવે એવા તે અવિનાશી ભગવાન પોતે તો સદા દ્વિભુજ જ છે, તોપણ તેઓ પોતાની ઈચ્છાએ કરીને ક્યાંક ચતુર્ભુજ, ક્યાંક અષ્ટભુજ કે ક્યાંક અનંતભુજને સમય અનુસાર દેખાડે છે. તથા મચ્છ, કૂર્મ આદિક રૂપે કરીને પણ ભાસે છે, અને તે તે સમયે અદ્‌ભુત ચરિત્રો કરે છે. ૪૮-૫૦.

આ રીતે જ્યાં જેવું ઘટે ત્યાં તેવું રૂપ પ્રકાશે છે. કારણ કે, તેઓ તો ઈશ્વરોના પણ ઈશ્વર છે. ૫૧. **પોતે સદાય એક રૂપે જ બિરાજે છે, પણ તેમની અનેક કળાઓ છે. તેથી તે ભગવાન એક ઠેકાણે રહ્યા થકા પણ અનંત કોટિ બ્રહ્માંડમાં અંતર્યામીરૂપે વ્યાપીને જેવા છે તેવા જ અખંડ વિરાજમાન રહે છે.** ૫૨-૫૩.

જેમ વ્યાસજી એક હતા. તેમણે શુકદેવજીને જ્યારે સાદ કર્યો ત્યારે સ્થાવર-જંગમ બધાં જ જીવોમાં રહીને સાદ કર્યો હતો. અને જ્યારે શુકદેવજી પણ વ્યાસજીની સન્મુખ બોલ્યા ત્યારે તેમણે પણ વ્યાસજીની જેમ જ સ્થાવર-જંગમ બધી સૃષ્ટિમાં રહીને હોંકારો દીધો હતો. માટે શુકદેવજી જેવા જે મોટા સિદ્ધ હોય તે આ રીતે જે સમગ્ર જગતમાં વ્યાપવાને સમર્થ થાય છે. તે તો ભગવાનનાં ભજનના પ્રતાપે કરીને એવી યોગકળાઓને નક્કી પામ્યા છે, તો પોતે ભગવાન પુરુષોત્તમનારાયણ તે તો યોગેશ્વરોના પણ યોગેશ્વર છે અને સર્વ યોગકળાઓના નિધિ છે. ૫૪-૫૮. તેઓ એક ઠેકાણે રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડમાં પોતાની ઈચ્છાએ કરીને જ્યાં જેમ

ઘટે ત્યાં તે રીતે ભાસે એમાં શું આશ્ચર્ય કહેવાય ? જેમ કોઈ બાજીગર તુચ્છ માયાને જાણતો હોય, તે માયામાં પણ લોકોને કેવું આશ્ચર્ય થાય છે ? તેને બહુ વાર જોવામાં આવે તોપણ તેની યથાર્થ ખબર પડતી નથી. ૫૯-૬૧. તો ભગવાનમાં તો સર્વ યોગકળાઓ રહી છે. તે મહા આશ્ચર્યરૂપ છે, તેને કોણ જાણી શકે ? ૬૨.

માટે ભાગવતમાં કહ્યું છે કે, 'આટલા જ ભગવાનની માયાને તર્યા છે.' ૬૩. અને વળી કહ્યું છે કે, 'કોઈ ભગવાનની માયાનાં બળના પારને પામ્યા નથી.' ૬૪. તેણે કરીને એમ જાણવું જે, એ ભગવાનની યોગકળામાં તો બ્રહ્મા, શિવજી અને ઈન્દ્રાદિકને પણ કેટલીયે વાર કુતર્ક થયા છે. ત્યારે એ ભગવાનની માયાનાં બળના પારને ન પામ્યા કહેવાય. ૬૫-૬૬. તે કુતર્ક એટલે શું ? તો તે હવે કહું છું જે, 'એ પોતે ભગવાન થઈને આમ કેમ કરતા હશે ?' આવી શંકાને કુતર્ક કહેવાય. ૬૭.

अरु भगवान कु इस हि रीता, समझत रहाये जेही नीता;
भगवान एह तो समर्थ रहाते, जिमी करत रहाये जाते...६८
ठीक करत रहत हे यह ताही, एसी रित्य भगवान कु जाही;
निरदोष समझे यह माया ताकू, तरेउ केवावत हे वाकू...६९

અને જે ભક્ત ભગવાનને હંમેશાં આ રીતે સમજે કે, 'આ ભગવાન તો સમર્થ છે. તેઓ જે કરતા હશે તે ઠીક જ કરતા હશે.' એવી રીતે ભગવાનને જે નિર્દોષ સમજે છે તે ભગવાનની માયાને તર્યા કહેવાય. ૬૮-૬૯. અને કલ્યાણની રીતિ તો બધે એક સરખી છે, પણ ભજનારા જે જીવો તેમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારના ભેદ રહ્યા છે. અને તેમની શ્રદ્ધા પણ અનંત પ્રકારની છે, તેમ તમારે નક્કી સમજવું. ૭૦-૭૧. તેના યોગે કરીને કલ્યાણના માર્ગમાં પણ અનંત પ્રકારના ભેદ દેખાય છે. પરંતુ વસ્તુગતે તો કલ્યાણનો માર્ગ એક છે. ૭૨. અને ભગવાનનું સ્વરૂપ તો એક જ છે. એ ભગવાન અતિ સમર્થ છે અને તેના જેવા તો તે એક જ છે. કેમ જે, તેમના જેવા થવાને માટે તો અક્ષર પર્યંત કોઈ પણ ક્યારેય સમર્થ થતા નથી, એ સિદ્ધાંત વાત છે." ૭૩-૭૪.

❋ ભક્તિમાં ધોખા કરે તે ક્યારેય ચોખ્ખા ન થાય :

પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું કે, "ઝીણાભાઈ તો આજ અમારી પાસે બહુ દિલગીર થઈ ગયા અને ઉદાસ થઈને અમારી પાસે જે વાત બોલ્યા તે વાત કહું છું. 'જ્યારે મહારાજ સંત-હરિભક્તોએ સહિત અમારે ઘેર આવ્યા નહિ અને હુતાશની જેવો કોઈ સમૈયો પણ ન કર્યો (ત્યારે અમારે પણ ઘરમાં રહ્યાનું શું કામ છે ?) તેથી હવે આપ શ્રીહરિની પાસે વાત કરો. કારણ કે, શ્રીહરિ આપની વાતને સાંભળે છે. મારી વાતને કાને સાંભળતા નથી. (આ રીતે ઝીણાભાઈની વાત જણાવ્યા પછી મુક્તાનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરતા કહ્યું જે,) 'આપ તો બહુ મોટા ભગવાન છો. ૭૫-૭૮. અને જેવા દાદા ખાચર હરિભક્ત છે તેવા જ ઝીણાભાઈ પણ કહેવાય છે. વળી જેવા વસ્તા ખાચર હરિભક્ત છે તેવા જ સૂરા ખાચર પણ હરિભક્ત છે. ૭૯. અને ઝીણાભાઈ પણ તેમના જેવા જ હરિભક્ત છે. વળી સોરઠ દેશમાં તે મોટા છે. માટે જ્યારે આપની નજરમાં આવે ત્યારે ઝીણાભાઈને આપે રાજી કરવા જોઈએ. ૮૦. આ મનુષ્યશરીરનો કાંઈ નિર્ધાર નથી. માટે વહેલાસર આ વાતનો વિચાર કરજો." ત્યારે તરત જ શ્રીહરિએ ઝીણાભાઈને પોતાની પાસે બોલાવ્યા. ૮૧.

અને તેમનાં વચન સાંભળવાને માટે શ્રીહરિ પ્રેમથી બોલ્યા જે, 'જે કોઈ પ્રેમી હરિભક્ત કહેવાય છે તે મૂંઝાઈને રીસ કરીને પ્રેમ કરે તો તેનો પ્રેમ અંતે ક્યારેય નભવાનો નથી. માટે કાયમ પ્રેમ નભે તે રીતનો પ્રેમ હરિભક્તે કરવો જોઈએ. ૮૨-૮૩. **રીસવાળા હરિભક્તની ભક્તિ અને અપાર પ્રેમ, એ બધું અંતે જાતા ખોટું થઈ જાય છે.** ૮૪. માટે જે હરિભક્ત હોય તેમણે મૂંઝાઈને મુખને ઝાંખું કરવું તે તો તેની અતિ મોટી ખોટ છે.' ૮૫.

પછી ઝીણાભાઈ બોલ્યા જે, 'ભગવાન અને ભગવાનના સંત જ્યારે પોતાને ઘેર આવે ત્યારે મુખ પ્રફુલ્લિત થવું જોઈએ. કારણ કે, તેનાથી અધિક બીજો કોઈ લાભ કહેવાતો નથી. તે તો સર્વોપરિ લાભ છે. ૮૬-૮૭. અને જો ભગવાન તથા સંતો પોતાને ઘેર ન આવે, અને ભગવાનના કથા તથા

કીર્તન પોતાને ઘેર ન થાય, તો તે ઘર સ્મશાન જેવું કહેવાય છે. ૮૮. તેથી ભગવાન અને સંતોને માટે થઈને તો ભગવાનના ભક્તે મોઢું ઝાંખું કરવું જોઈએ. તે વાત અષ્ટપદી(જયદેવ રચિત પ્રબંધ)માં કહી છે. ૮૯. ગોપીઓ અને ગોવાળોને જ્યારે ભગવાનનો વિયોગ થાતો હતો ત્યારે તે બધાં રડતાં હતાં અને જ્યારે યોગ થતો હતો ત્યારે તેમને આનંદ થાતો હતો. ૯૦. જેને જેના ઉપર જેટલું હેત હોય તેના સંયોગ અને વિયોગથી તેટલો આનંદ અને શોક ગમે તેવો જ્ઞાની હોય, તોપણ થયા વિના રહેતો નથી. ૯૧.

આપ જ્યારે પ્રથમ સત્સંગમાં આવ્યા ત્યારે લોજપુરમાં રહ્યા હતા. અને સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ભુજ હતા. ત્યારે તેમનાં દર્શનને માટે આપને કેવો વિયોગ થયો હતો ? તે વાતને અત્યારે આપ ભૂલી ગયા છો. ભગવાન રામચંદ્રજી જેવો સીતાજીને માટે કલ્પાંત કરતા હતા તેવો આપ પણ ગુરુ માટે કલ્પાંત કરતા હતા. અત્યારે તો આપ ઘણા નિપુણ થઈને બેઠા છો.'

તે પછી ઝીણાભાઈની આ વાત સાંભળીને અંતર્યામી શ્રીહરિ તેમના પ્રત્યે બોલ્યા જે, 'જ્યારે ભગવાન અને સંત પોતાને ઘેર આવે ત્યારે તો મન અતિ પ્રસન્ન થવું જોઈએ, પણ ક્યારેય શોક કરવો નહિ તેમ રામાનંદ સ્વામીએ જ કહ્યું છે. ૯૨-૯૫. અમને તો જેમ સ્વામીએ કહ્યું હતું તેમ અત્યારે તમને કહીએ છીએ. શોક કરવાનો જેને જેટલો સ્વભાવ હોય, તેને તેટલું અંતે જાતા જરૂર કાંઈક ખરાબ થયા સિવાય રહે નહીં. **માટે પ્રેમી હરિભક્તે પોતાના ધર્મમાં રહીને જે રીતની ભગવાનની આજ્ઞા હોય તેમાં પ્રસન્ન રહેવું, અને પ્રસન્ન રહ્યા થકા આજ્ઞાનું પાલન કરવું તેમાં જ ભગવાન રાજી થાય છે.** ૯૬-૯૮.

પણ પોતાના મનનું ગમતું કરવા માટે સર્વે હરિભક્તે ક્યારેય કોઈ રીતે જીવમાં મૂંઝાવું નહીં. અને જ્યારે ભગવાન ક્યાંક જવાની આજ્ઞા કરે ત્યારે શોકે કરીને જો મૂંઝાય તો તેને પ્રથમ જે ભગવાને દયા કરીને દર્શન દીધાં હોય તથા રાજી થઈને પ્રસાદ આપ્યો હોય, તેનું સુખ રહેતું નથી. વળી ભગવાને અનંત પ્રકારની જ્ઞાનવાર્તા કહી હોય, તેમજ પૂજા, સેવા વગેરે ક્રિયાએ કરીને જે સુખ આપ્યું હોય તે બધું મૂંઝવણે કરીને જતું રહે છે. અને

બુદ્ધિમાં એકલો તમોગુણ છવાઈ જાય છે. તેણે કરીને પછી પોતે પોતામાં જ ગુણ માને છે અને છેવટે દુ:ખિયો થકો જ જ્યાં મોકલે ત્યાં જાય. પછી મૂંઝવણે કરીને આજ્ઞા યથાર્થ પળે નહીં. ૯૯-૧૦૨.

❋ આનંદમાં રહીને ભક્તિ કરવી :

सोरठा : माटे भगवान ताके, भक्त कु सदा प्रसन्न रहि;
मगन रेना मन वाके, भगवान के भजन कर हि...१०३
कोउ रीत्यकर जोउ, हरिजन शोक न करना कबु;
भगवान मिले सोउ, तेहि सम नहि बात कोउ...१०४

માટે ભગવાનના ભક્તે તો સદા આનંદમાં રહી ભગવાનનું ભજન કરવું ને મનમાં પ્રસન્ન રહેવું, ૧૦૩. પણ કોઈ રીતે કરીને હરિભક્તે ક્યારેય શોક કરવો નહીં. કેમ જે, ભગવાન મળ્યા છે તેના સમાન બીજી કોઈ શ્રેષ્ઠ વાત નથી. ૧૦૪. આ રીતે સમજીને (ગમે તેવો ભૂંડો દેશ-કાળ હોય તોપણ) પોતાના હૃદયમાં લેશમાત્ર પણ મૂંઝવણને પેસવા દેવી નહીં. ૧૦૫.

कोउ बात कर जाहि, मुंझात न हरिजन तेहि;
बडे रहे जो ताहि, प्रसन्न रहत हम ताहि पर...१०६

કેમ જે, કોઈ પણ વાતે કરીને જે હરિભક્ત મૂંઝાતો નથી તે બહુ મોટો છે. અને અમે તેના ઉપર પ્રસન્ન રહીએ છીએ.' ૧૦૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું ચોથું વચનામૃત કહ્યું" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર ચોવીશમું : તરંગ - ૬

લોયાનું પાંચમું વચનામૃત

(સં.૧૮૭૭ના) કાર્તિક વદિ અમાસને દિવસ રાત્રિને સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં મંચ પર મૂકેલા પલંગ ઉપર વિરાજમાન હતા. અને શ્વેત સુરવાળ પહેર્યો હતો તથા

છીંટની શ્વેત ડગલી પહેરી હતી. અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી, અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા થઈ હતી. ૧-૪.

✵ જે હરિ વાર્તાનું કરે પાન તે જ સાચો બુદ્ધિમાન :

પછી શ્રીજીમહારાજે સર્વ પરમહંસોના પ્રત્યે એ રીતનો પ્રશ્ન પૂછ્યો કે, જેનાથી જે બાબત જેવી હોય તેવી દેખાઈ આવે. ૫. જેવાં સૂર્ય અને દર્પણ છે તેવાં જ આ શ્રીહરિના પ્રશ્નો છે. કરોડો ગ્રંથો જોવા-વાંચવામાં આવે, તોપણ આવી વાત ક્યાંય જોવા મળતી નથી. ૬.

ચોપાઈ :

भगवान की मूर्ति विन हि ओरा, बात एसी न मिलत कोउ ठोरा;
एसी बात के करत जो पाना, सर्वोपरि यह रहे बुद्धिमाना...०७
हरि के प्रश्न रहाये जेता, चिंतामनि कल्पतरु रहे तेता;
तिनसे दैवत रहे अपारा, कहत ताके न आवत पारा...०८

એક ભગવાનની મૂર્તિ સિવાય આવી વાત ક્યાંય મળતી નથી. આવી વાતનું જે પાન કરે છે તે સર્વોપરિ બુદ્ધિમાન છે. ૭. શ્રીહરિના જે પ્રશ્ન હોય છે તે તો ચિંતામણિ અને કલ્પતરુ જેવાં છે. અરે ! તેનાં કરતાં પણ શ્રીહરિના પ્રશ્નમાં અપાર દૈવત રહ્યું છે, તેનો કહ્યે પાર આવતો નથી. ૮. **જેના હૃદયમાં મોક્ષનો અંકુર ઉદય થયો હોય તેને જ આવી બાબત દેખ્યામાં આવે છે. મોક્ષના અંકુર વિનાના જે કોઈ દેવો, દૈત્યો કે મનુષ્યો સુધીના છે તે ગમે તેવા બુદ્ધિમાન હોય કે ત્રિલોકીના મોટા રાજા કહેવાતા હોય, તોપણ તેને પ્રભુ પામવામાં જ્યાં સુધી બુદ્ધિ ઉપયોગી થાતી નથી, ત્યાં સુધી તેની બધી શક્તિ કે સંપત્તિ નિરર્થક છે.** ૯-૧૦.

ઈન્દ્ર જેવો થયો તોપણ તેનાથી શું લાભ ? કેમ જે, તેના માથા ઉપર લખચોરાશી તો લટકી જ રહી છે. કેમ જે, જ્યાં સુધી જીવ સત્સંગ નથી કરતો ત્યાં સુધી તે લખચોરાશીમાં ભટકતો રહે છે. ૧૧. સત્સંગને આવો સર્વોત્તમ દેખાડવા માટે શ્રીહરિ મુનિઓના પ્રત્યે પ્રશ્ન કરતા હતા. અને પોતે જ પૂછીને પછી તેનો યથાર્થ ઉત્તર પણ પોતે કરતા હતા. ૧૨. કેમ જે,

શ્રીજીમહારાજે પૂછેલા પ્રશ્નનો ઉત્તર બ્રહ્માદિક દેવતાઓને માટે પણ કઠણ હતો. તો પછી બીજા તો શું ગણતરીમાં ? ૧૩.

❋ કપટી અને નિષ્કપટી ભક્તનાં લક્ષણ :

શ્રીહરિએ ઘણા પ્રેમથી મુનિઓના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો કે, “મનના કેટલા સંકલ્પ કહેવાય ત્યારે નિષ્કપટી કહેવાય ? ૧૪. કેમ જે, ચિત્તમાં જેવા ગુણ વર્તતા હોય તે ગુણને અનુસારે શુભ-અશુભ સંકલ્પો વારંવાર દેખાઈ આવે છે. ૧૫. તે સંકલ્પોનું તો અંતઃકરણમાં પૂર ચાલતું હોય છે, (તે બધું તો દેખાતું પણ નથી અને) તે ક્યારેય રોક્યું પણ રોકાતું નથી. તે અશુભ સંકલ્પોને જોઈને ભગવાનના ભક્તના મનમાં અતિશય દુઃખ પણ થતું હોય છે. પરંતુ તેમાં કેટલા અશુભ સંકલ્પ કહે ત્યારે તે ભક્ત નિષ્કપટ કહેવાય ? અને કેટલા ન કહે તો તે કપટીમાં ગણાય ?” ૧૬-૧૭. તે પ્રશ્નનો ઉત્તર જેવો હતો તેવો પરમહંસથી જ્યારે ન થયો ત્યારે શ્રીજીમહારાજે તેનો યથાર્થરૂપમાં ઉત્તર કર્યો જે, ૧૮. **“પોતામાં પંચવ્રતમાન સંબંધી જે કાચપ હોય, અને તે પોતાના વિચારોએ કરીને જ્યારે તે સંકલ્પો ન ટળતા હોય, ત્યારે તે કાચપ જેમાં ન હોય એવા જે સંત તેમની આગળ નિષ્કપટ થઈને તે સંકલ્પોને કહેવા.** ૧૯-૨૦.

આ સિવાયના પણ જે જે સંકલ્પો કહેવાની જે રીત છે તેને અમે બતાવી દઈએ છીએ. બ્રહ્મવેત્તા એવા કોઈ સંત કે હરિભક્તનો કોઈ રીતે પોતાની કુબુદ્ધિએ કરીને જો અવગુણ આવ્યો હોય, તો તે અવગુણ-સંકલ્પ પણ હાથ જોડીને કહેવા, પણ તેને છુપાવીને મનમાં રાખવા નહીં. ૨૧-૨૨. જ્યાં સુધી આવા સંકલ્પોને છુપાવી રાખે છે ત્યાં સુધી તે હરિભક્ત કહેવાતો નથી. તે રીતે જ **ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયના જો ઘાટ થયા હોય તો તે પણ કહેવા; તો જ તે હરિભક્ત નિષ્કપટ કહેવાય,** તેમ તમારે સમજવું. ૨૩-૨૪. અમે કહી તે ત્રણ બાબતના સંકલ્પ થતા હોય અને પોતાના ટાળ્યા ન ટળતા હોય; એવા જે અતિ ભૂંડા સંકલ્પ તે સંતની આગળ ન કહે તો તેને કપટી જાણવો. અને જે તે સંકલ્પને કહી દે તેને નિષ્કપટી જાણવો.” ૨૫-૨૬.

❋ કપટીને ઓળખવાનો ઉપાય :

પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "એવો કોઈ કપટી હોય પણ કળાય નહિ તેવો હોશિયાર હોય, તો તેને કેવી બુદ્ધિએ કરીને ઓળખવો ? તે તમે કહો." તે પ્રશ્નનો ઉત્તર પણ જ્યારે પરમહંસથી ન થયો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ કપટી તો એમ ઓળખાય જે, ૨૭-૨૮. જ્યારે તેનો સહવાસ થાય. અર્થાત્ ખાતાં, પીતાં, બેસતાં, ઊઠતાં, ચાલતાં, જોતાં, વાત સાંભળતાં જ્યારે તે પોતાની સાથે રહેતો હોય ત્યારે પોતે તેની પૂરી ખબર રાખે, અને જ્યારે પોતાથી જુદો પડે ત્યારે બીજા માણસ પાસે પણ તેની છાની ખબર રખાવે, ત્યારે તે કપટીનું કપટ જણાઈ આવે છે."

વળી ફરીને શ્રીજીમહારાજે મુનિઓના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ૨૯-૩૧. "જે કોઈ દંભે કરીને વ્રતમાન પાળતો હોય અને દંભે કરીને ભગવાનનો નિશ્ચય રાખતો હોય, પણ તે પોતે ઘણો બુદ્ધિમાન હોય, તેથી પોતાના દંભને લગાર પણ કોઈ આગળ જણાવા ન દેતો હોય. વળી, તે પાછો માની હોય તેથી તેનાં વ્રતમાન અને નિશ્ચયને બીજાનાં સાચાં વ્રતમાન તથા સાચા નિશ્ચય કરતાં પણ અધિક કરીને બતાવતો હોય, ત્યારે તેવા દંભીને કઈ રીતે કળીએ કે તેનાં વ્રતમાન અને નિશ્ચય દંભે કરીને છે ? આ અમારો પ્રશ્ન છે." ૩૨-૩૫. તે પ્રશ્નનો ઉત્તર પણ જ્યારે પરમહંસોથી ન થયો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ૩૬. "એવા જે બુદ્ધિમાન દંભી હોય, તેની પ્રતિષ્ઠાનો જ્યારે ભંગ થાય ત્યારે તેનાં વ્રતમાન અને નિશ્ચયનો દંભ કળ્યામાં આવે છે. ૩૭. તે સિવાય કળ્યામાં આવતો નથી. તે પ્રશ્નનો આ ઉત્તર છે."

વળી ફરીને શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ૩૮. "ભગવાનનો નિશ્ચય અને વ્રતમાન તે બંનેમાંથી કેવા ઘાટ હોય તે જરૂર પાડે ? અર્થાત્ એમાં તલભાર પણ ખોટું પડે નહીં, કહેતાં જીવને પાડે જ. અને કેવા ઘાટ હોય તે કોઈ દિવસ ન પાડે ? ૩૯-૪૦. અને તેનો અવધિ(સમય મર્યાદા) પણ જે રીતે હોય તે રીતે કહો કે, ક્યાં સુધી તે ઘાટ ચાલુ રહે તો ધર્મમાંથી પાડી દે, અને ભગવાનના નિશ્ચયમાંથી પણ ડગાવી દે ?" આ પ્રશ્નનો ઉત્તર પણ જ્યારે સંતોથી ન થાય એમ જણાયું.

✵ ધર્મ અને નિશ્ચયમાંથી કોણ ન ડગે ? :

ત્યારે તરત જ શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે ઘાટને ટાળવા માટે પ્રયત્ન કરે તોપણ ટળે નહિ, એવો જે કાંઈક ધર્મ પાળ્યામાં અયોગ્ય ઘાટ રહેતો હોય, તે પણ જ્યારે વધુ મહેનત કરે ત્યારે તો ટાળ્યો ટળી જાતો હોય, પણ ફરીને પાછો પંદર દિવસે અથવા મહિને તે ઘાટ થતો દેખાય, ૪૧-૪૪. એવો જે ઘાટ છે તે ધર્મમાંથી પાડ્યા સિવાય રહે નહીં. અને તે રીતે જ ભગવાનના નિશ્ચય બાબતે પણ એમ જ થાય તે નક્કી કરીને જાણવું. ૪૫. અને જે ઘાટ થયા તેને વિચારનું બળ મેળવીને એકવાર ટાળી દે, પછી ફરીને ક્યારેય જો તે ઘાટ ન થાય તો તે ધર્મ અને નિશ્ચય એ બેમાંથી પાડતા નથી. તે પ્રશ્નનો આવો ઉત્તર સમજવો."

✵ સત્સંગમાં દૃઢ પાયો કરવાનો ઉપાય :

વળી ફરીને શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ૪૬-૪૭. "સત્સંગમાં દિવસે દિવસે કોનો દૃઢ પાયો થતો રહે છે ? (અને કોનો નથી થતો ?) તેનો ઉત્તર કરો." ૪૮. પછી તે પ્રશ્નનો ઉત્તર પણ પરમહંસોથી ન થયો ત્યારે શ્રીહરિએ તેનો ઉત્તર કર્યો જે, "જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વેશ્યા, કુમારી અને પોતાનું શરીર ઈત્યાદિક બધામાંથી ગુણ ગ્રહણ કર્યો હતો. તેવી રીતે સંતોમાંથી ગુણ ગ્રહણ કરવાનો જેનો સ્વભાવ હોય, તેનો દિવસે દિવસે સત્સંગમાં પાયો દૃઢ થાય છે તેમ જાણવું. ૪૯-૫૨.

અને જેને આ સંતોમાંથી ગુણ લેવાનો સ્વભાવ ન હોય તો તે આ સત્સંગમાં રહ્યો હોય, નિરંતર કથા-વાર્તા સાંભળતો હોય તથા નિરંતર બીજાને વાતો કરતો હોય, તથા તે માટે અમારી અનેક વાતો કંઠે કરી રાખી હોય, વળી ધ્યાન, ભજન જેવાં ઘણાં સાધનો કરતો હોય છતાં પણ તે સર્વે સાધનો તેને વિમુખ કરનારા થાય છે. ૫૩-૫૪. જ્યાં સુધી આ સર્વે સંતોના ગુણ ગ્રહણ કરવાનો સ્વભાવ નથી થયો ત્યાં સુધી તે સત્સંગમાં રહે તોપણ શું થઈ ગયું ? કારણ કે, સંતો-હરિભક્તોના ગુણ લેવારૂપી પાયો જ્યાં સુધી દૃઢ નથી થયો ત્યાં સુધી તેનો પાયો અધર-પધર રહે છે. તે બાબત નમ્રતા

તથા વિનયમાં દેખાઈ આવે છે. ૫૫-૫૬. જેના અંતરમાં જેવો ભાવ વર્તતો હોય તે અંતસમયે દેખાઈ આવે છે.

આ પ્રશ્નનો ઉત્તર જેવો અમે જાણીએ છીએ તેવો તમને કહ્યો." તે સમયે ફરીને શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, **"સંત, શાસ્ત્ર અને પોતાનો વિચાર, એ ત્રણેય હોય ત્યારે તો ચોક્કસ ઇન્દ્રિયો-અંતઃકરણ અતિશય જીતી શકાય છે; તેમાં સંદેહ નથી,** ૫૭-૫૯. પણ તે ત્રણમાંથી એક જ હોય તોપણ ઇન્દ્રિયો અને અંતઃકરણ જિતાય કે તે ત્રણેયે કરીને જ જિતાય? અને જો એમ કહેશો જે, એ ત્રણેય વાનાં ભેળાં હોય તો જિતાય, ત્યારે સંતો પાસેથી કેવી યુક્તિ શીખવી ? તે કહો. અને શાસ્ત્રમાંથી કેવી યુક્તિ શીખવી ? તે કહો, અને પોતાના વિચારે કરીને કેવી યુક્તિ શીખવી ? તે પણ કહો." પછી તે પ્રશ્નનો ઉત્તર પણ પરમહંસોથી થયો નહીં. ૬૦-૬૩.

❋ સંત, શાસ્ત્ર અને પોતાના વિચારમાંથી શું શીખવું ? :

ચોપાઈ :

तब श्रीजीमहाराज जेहू, उत्तर करत भये यह तेहू;
शास्त्र करीके वार जो वारा, भगवान के महिमा अपारा...६४
सिखना रहे जेसे प्रकारा, प्रित अति करीके जो निरधारा;
संत के माहात्म्य रहे जेसे, वार हि वार समझना तेसे...६५

ત્યારે શ્રીજીમહારાજે તેનો ઉત્તર કર્યો જે, "શાસ્ત્રે કરીને તો ભગવાનનો જેવો અપાર મહિમા છે તેવો દઢતાપૂર્વક અતિ પ્રેમે કરીને વારંવાર શીખવો. અને સંતોનું જેવું માહાત્મ્ય છે તેને પણ પ્રેમથી વારંવાર નિશ્ચિત સમજવું. ૬૪-૬૫. અને સંતો પાસેથી એમ શીખવું જે, જે રીતે સંત ઇન્દ્રિયો અને અંતઃકરણને જીતવાની યુક્તિ-કળા શીખવે જે, ૬૬. આવી રીતે નેત્રની દષ્ટિને નાસિકા ઉપર રાખવી તથા ગ્રામ્યવાર્તાને દુઃખદાયક જાણીને સાંભળવી નહિ, ઇત્યાદિક વિવિધ પ્રકારની જે યુક્તિઓ તે સંતો પાસેથી શીખવી. **અને તે સંતોએ પ્રેમથી જે રીતની યુક્તિ શીખવી હોય તેને પોતાના વિચારે કરીને પોતાના કલ્યાણ માટે સવળી સમજીને માનવી.** અને પછી તે રીતે જ ભાવ રાખીને વર્તવા લાગવું, તે પોતાની બુદ્ધિથી કરવાનું હોય છે. ૬૬-૬૯.

જેમ ફૂટલાં વાસણમાં કરેલી જળધારા કાંઈ કામ આવતી નથી, **તેમ ભાવ વગરની જેટલી કાંઈ મોક્ષ સંબંધી વાતો છે, તે લગાર પણ ફળીભૂત થાતી નથી. ૭૦. એમ ત્રણેય બાબતોમાં ભાવ રાખવાથી ઈન્દ્રિયો અને અંતઃકરણ જરૂર જીત્યામાં આવે છે.** આ રીતે તે પ્રશ્નનો ઉત્તર પૂર્ણ થયો." ૭૧.

❋ ઈન્દ્રિયોને જીતવે કરીને જ અંતઃકરણ જિતાય છે :

પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "ઈન્દ્રિયોને જીતવે કરીને અંતઃકરણ જિતાય છે ? કે અંતઃકરણને જીતવે કરીને ઈન્દ્રિયો જિતાય છે ? તેનો ઉત્તર તમે કરો." ૭૨-૭૩.

પછી જ્યારે પરમહંસોથી તે પ્રશ્નનો ઉત્તર ન થયો ત્યારે શ્રીહરિએ તે પ્રશ્નનો ઉત્તર કર્યો જે, "જે ખપવાળા છે તે તો દેહદમને કરીને બાહ્ય ઈન્દ્રિયોને જીતી લે છે. જો કે, તેમણે દેહના દમને કરીને બાહ્ય ઈન્દ્રિયોને જીતી હોય, તોપણ ક્યારેય તે બાહ્ય ઈન્દ્રિયોનો વિશ્વાસ રાખે નહીં. આ તે ખપવાળાની વાત છે. ૭૪-૭૬. બીજા તો પંચવ્રતમાનના નિયમોમાં દૃઢતાથી રહે ત્યારે બાહ્ય ઈન્દ્રિયો જિતાય છે, અને તેણે કરીને અંતઃકરણ પણ જરૂર જીત્યામાં આવે છે. પણ એકલા અંતઃકરણને જીતવે કરીને સર્વ બાહ્ય ઈન્દ્રિયો જીતાતી નથી તે વાત ચોક્કસ છે, તેમાં કાંઈ ફેર નથી. પરંતુ જો બાહ્ય ઈન્દ્રિયો જિતાય જાય તો અંતઃકરણ પણ જીત્યામાં આવી જાય છે. ૭૭-૭૯. કારણ કે, જો બાહ્ય ઈન્દ્રિયોને સર્વ પ્રકારે જીતીને વિષયોમાં ક્યારેય પ્રવર્તવા ન દે તો અંતઃકરણ અંદર ને અંદર નિરાશ થઈ જાય છે જે, 'આ દેહે કરીને હવે આ વાત ક્યારેય બનવાની નથી." (માટે બાહ્ય ઈન્દ્રિયોને જીતવાથી અંતઃકરણ જિતાય છે.) ૮૦-૮૧.

❋ બાહ્ય ઈન્દ્રિયો અને અંતઃકરણ જીતવાના ઉપાય :

પછી ફરીવાર શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "જે બાહ્ય ઈન્દ્રિયો છે તે કયાં સાધનો કરવાથી જીત્યામાં આવે છે ? તેનો ઉપાય કહો. અને અંતઃકરણ કઈ રીતે જિતાય છે ? તે પણ કહો." જ્યારે તે પ્રશ્નનો ઉત્તર મુનિઓથી ન થયો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **"ધર્મશાસ્ત્રમાં જેવી રીતે ત્યાગીના**

નિયમો કહ્યા છે, તેને તેવી જ રીતે પ્રેમથી પાળે. અને આહારને નિયમમાં રાખે તથા અતિ ભાવથી તપ્તકૃચ્છ્ર ચાંદ્રાયણાદિક વ્રતે કરીને શરીરને ક્યારેય ઉન્મત્ત થવા દે નહીં. ૮૨-૮૬.

અને જાણી જાણીને ટાઢ, તકડો, ભૂખ તથા તરસને સહન કરે, તથા ભગવાનની કથા, કીર્તન અને વાતોને નિરંતર કરતા (સાંભળતા) રહે, અને ભજન-સ્મરણમાં બેસે તથા આસનને જીતે, ઈત્યાદિક સાધનોએ કરીને બાહ્ય ઈન્દ્રિયો જિતાય છે. તથા ભગવાનનાં અપાર માહાત્મ્યનો વિચાર, ભગવાનનું ધ્યાન અને આત્મનિષ્ઠા એટલે કરીને અંતઃકરણ અવશ્ય જીત્યામાં આવે છે." આ રીતે શ્રીહરિએ કહ્યું. ૮૭-૯૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું પાંચમું વચનામૃત કહ્યું" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર ચોવીશમું : તરંગ - ૭

લોયાનું છઠ્ઠું વચનામૃત

(સં.૧૮૭૭ના) માગશર સુદિ પડવાને દિવસ સંસારનાં બંધનને ટાળનારા એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરા ખાચરના દરબારમાં મંચ ઉપર પલંગ હતો, તે ઉપર રાત્રિને સમયે વિરાજમાન થયા હતા. અને શ્વેત ખેસ પહેર્યો હતો અને છીંટની શ્વેત ડગલી પહેરી હતી. અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો, અને બીજા ફેંટાથી બોકાની બાંધી હતી. ૧-૪. અને શ્વેત પાઘનું છોગું મસ્તક ઉપર લટકી રહ્યું હતું, એક શ્વેત ચોફાળ ઓઢ્યો હતો. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૫-૬.

❋ શ્રીહરિની વાતની મહત્તા :

પછી શ્રીજીમહારાજે પરમહંસોની સાથે વાત કરવા માટે તેમને પ્રશ્ન પૂછ્યો. શ્રીહરિની વાત અજ્ઞાનરૂપ અંધારું ટાળવા પ્રગટ થયેલ પ્રકાશમાન

સૂર્ય સમાન છે. અજ્ઞાનરૂપી અંધારું જીવોના અંતઃકરણમાં છવાઈ રહ્યું છે, તે કરોડો કલ્પ જાય તોપણ જ્ઞાનવાર્તા વિના ટળે એવું નથી. ૭-૮. આ ભૂમિ ઉપર અપરંપાર જ્ઞાનવાર્તા છે, પણ શ્રીહરિની વાતમાં અને બ્રહ્માંડમાં રહેલી બધી જ વાતોમાં ચિંતામણિ અને કાંકરા જેટલો ફરક છે. આવા તો અપાર દૃષ્ટાંતો કહી શકાય, તેનો કહેતા પાર આવતો નથી. ૯-૧૦.

શ્રીહરિની વાત સમાન બીજી કોઈ વાત નથી. કારણ કે, શ્રીહરિની વાત તો જન્મ-મરણથી છોડાવે છે. તે સિવાયનાં બીજાં પણ જે કાંઈ દુઃખ હોય છે તે સર્વે શ્રીહરિની વાત સાંભળવાથી છૂટી જાય છે. ૧૧. નાસ્તિક સિવાયના જે કોઈ આસ્તિક મનુષ્યો કહેવાય છે, તે બધા શ્રીહરિની વાતને સાંભળી તે પ્રમાણે અનુસરે તો તે શ્રીહરિની સમીપે જઈને વસે છે. તેમને રતીભાર પણ દુઃખ રહેતું નથી. ૧૨. નખથી શિખા પર્યંત પાપમાં બૂડેલો ચાહે તેવો અધમ માણસ હોય, તોપણ શ્રીહરિની વાતમાં તેનો ઉદ્ધાર રહેલો હોય છે. ૧૩. **જે કોઈ પણ મનુષ્ય શ્રીહરિની વાતનો પ્રેમથી સત્કાર કરે છે, તે સંપૂર્ણ બ્રહ્માંડને જીતીને નિર્ભય એવાં ભગવાનનાં ધામને પામે છે.** ૧૪. જે માણસ પોતાની બુદ્ધિના માને કરીને શ્રીહરિની વાતનો જ્યાં સુધી સત્કાર નથી કરતો, ત્યાં સુધી તે જેટલી જાતનાં અતિ દારૂણ દુઃખ કહેવાય છે તે બધાંને પામે છે. શ્રીહરિની વાત આવી મહત્ત્વપૂર્ણ છે." ૧૫-૧૬.

✵ સત્સંગ થયા પછી શું દુર્લભ છે ? :

શ્રીહરિએ સંતોને એવો પ્રશ્ન પૂછ્યો કે, "સત્સંગ થયા પછી દુર્લભમાં પણ અત્યંત દુર્લભ એવું કયું સાધન તમે માન્યું છે ? કે જેનાથી બીજું કોઈ ઉત્તમ સાધન ન હોય, તે અમારો પ્રશ્ન છે." પછી તે પ્રશ્નનો ઉત્તર પરમહંસોથી જ્યારે ન થયો ત્યારે શ્રીજીમહારાજ પ્રેમથી તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા,

चोपाई :

भगवान हि यह ताके जोऊ, एकांतिकपना आवे सोऊ;
यह अतिशे दुर्लभ रहाते, साधन सबसे अधिक कहाते...२०

एकांतिकपना यह सो कहा, कहत हे अब जेसे हि रहा;
धर्म ज्ञान वैराग्य यह तीना, जुक्त भगवान की लेलीना...२१
भक्ति करना भाव सहीता, मूर्ति में एकरस करी चीत्ता;
भक्त के भाव तामें जोऊ, भगवान विराजत आई सोऊ...२२

"સત્સંગ થયા પછી ભગવાનના ભક્તમાં એકાંતિકપણું આવવું તે અતિશય દુર્લભ છે. અને તે એકાંતિકપણું જ સર્વે સાધનોથી શ્રેષ્ઠ કહેવાય છે. ૧૭-૨૦. તે એકાંતિકપણું તે શું ? તે જેમ છે તેમ હું કહું છું જે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, એ ત્રણેય સાધનથી યુક્ત ભગવાનના સ્વરૂપમાં લેલીન થઈને, પ્રેમભાવે સહિત ભગવાનની મૂર્તિમાં ચિત્તને એકરસ કરીને જે ભક્તિ કરવી તેને જ એકાંતિકપણું કહેવાય છે. ભક્તના એવા ભાવમાં ભગવાન આવીને વિરાજમાન થાય છે. ૨૧-૨૨. કાચ જેવા નિર્મળ પદાર્થમાં જેમ સૂર્ય અને ચંદ્ર યથાર્થ રીતે દેખ્યામાં આવે છે, તથા બીજા જેટલા પદાર્થ છે તે સર્વે પણ દેખ્યામાં આવે, તેવી જ રીતે ભક્તના ભાવમાં ભગવાન જેવા છે તેવા જ સાક્ષાત્ વિરાજમાન રહે છે. **આવી સમજણ જેમાં આવે છે તેને એકાંતિકપણું કહેવાય છે. અર્થાત્ આવો મહિમા સમજીને અમે કહી તેવી પરાભક્તિ કરવી; તેને એકાંતિકપણું પ્રાપ્ત થયું કહેવાય."** ૨૩-૨૪.

પછી ફરી શ્રીજીમહારાજે સંતોને પ્રશ્ન પૂછ્યો જે, "ધર્મસંબંધી સાધનમાં એવું એક કયું સાધન છે કે તે એકને રાખવાથી ધર્મ સંબંધી બીજાં બધાં સાધન તેમાં આવીને રહે છે ? અને ભગવાન સંબંધી ભજન, સ્મરણ, કીર્તન તથા વાર્તા વગેરે જે સાધનો છે તેમાં એવું એક કયું સાધન છે કે કઠિન આપત્કાળ આવે ત્યારે બધાં સાધનો જાય પણ તે એક રહે તો બીજાં સર્વે સાધન રહે ? તે કહો." ૨૫-૨૮.

પછી તે પ્રશ્નનો ઉત્તર પણ પોતે કર્યો કે, **"ધર્મસંબંધી સાધનમાં તો એક નિષ્કામપણું હોય તો સર્વે સાધન તેમાં આવી જાય છે. અને ભગવાન સંબંધી સાધનમાં એક ભગવાનનો નિશ્ચય રહે તો તેમાં સર્વે સાધન આવી જાય છે.** માટે ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય છે તે બધાં સાધન કરતાં અધિક કહેવાય છે."

✵ નિશ્ચયરૂપી મતિ એકસરખી રાખવાની આવશ્યકતા :

અને વળી શ્રીજીમહારાજે પ્રેમથી પ્રશ્ન પૂછ્યો જે, "કેવી મતિ એક પ્રકારની રાખે તો અપાર રૂડું થાય ? અને તે મતિને જો ફેરવીએ તો ભૂંડું થયા સિવાય રહે નહીં ? ૨૯-૩૨. અને કેવી મતિ વારંવાર ફેરવવાથી અપાર રૂડું થાય છે ? અને ન ફેરવીએ તો જરૂર ભૂંડું થાય ? તેમાં કાંઈ ખોટું નથી." ૩૩.

भगवान के निश्चयरूप जेहू, मति ताकु कोउ दिन हि तेहू...३४
फीरने ताकु देना नाही, जीके जीवन जानी हि ताही;
अरु भगवान ताके चित्त प्रोई, माहात्म सुनी कर तेहि सोई...३५
निश्चय ताकी पुष्टि हि करना, वारंवार अति मुद भरना;
तब हि ताके श्रेय अपारा, होई जावे वार नहीं पारा...३६

પછી તેનો ઉત્તર પણ જેવો હતો તેવો પોતે કર્યો કે, "ભગવાનના નિશ્ચયરૂપ જે મતિ તેને જીવનું જીવન જાણીને કોઈ દિવસ ફરવા દેવી નહીં. અને ચિત્ત પરોવીને ભગવાનનું માહાત્મ્ય સાંભળીને નિશ્ચયની પુષ્ટિ વારંવાર પ્રસન્ન મનથી કરવી. તેમ કરવાથી તે ભક્તનું અપરંપાર શ્રેય થઈ જાય છે, તેમાં વાર લાગતી નથી. ૩૪-૩૬. અને ભગવાનના સ્વરૂપના નિશ્ચયરૂપી જે મતિ-સમજ તેને જો વારંવાર ફેરવવામાં આવે તો તેનું જરૂર ભૂંડું થાય છે, તેમાં અમે કાંઈ ખોટું કહેતા નથી. અને તે નિશ્ચય સિવાય હરકોઈ બાબત પોતાના મનના નિશ્ચયને આધારે જે નક્કી કરવામાં આવી હોય, અને સંતોની રીતમાં જે મળતી ન આવતી હોય તો તેવી બાબતનો સંતોનાં વચને કરીને ત્યાગ કરવો. ૩૭-૩૯.

અને સહુ સંતોને ગમતી ન હોય એવી જે મતિ-માન્યતા હોય, તેને ઊંધી-ખોટી જાણીને ત્યાગ કરે ત્યારે તે સંત કહેવાય. ૪૦. **કેમ જે, જે જે મતિ સંતોને ન રુચે તે બધી વિપરીત મતિ છે. માટે સંતોનાં વચને કરીને તે સર્વે મનમુખી માન્યતાઓને જ્યાં સુધી ફેરવતો રહે ત્યાં સુધી તે સંત કહેવાય છે.** ૪૧. સંતો કહે જે, 'તારે આ સ્થળે ક્યારેય ફરી બેસવું નહિ

અને આવું કરવું નહીં.' (તો તે ઠેકાણે બેસવું નહિ ને તે કરવું નહીં.) ત્યારે તો સંતો કહે તે પ્રમાણે જ ચોક્કસ કરવું. ૪૨. કેમ જે, સંતો જેમ કહે તેમ જે પોતાની મતિને ફેરવે તો તે સંત કહેવાય છે. પણ જે પોતાનું ધાર્યું કરે છે તેનું તો ભૂંડું થયા સિવાય રહેતું નથી. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું છઠ્ઠું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર ચોવીશમું : તરંગ - ૮

લોયાનું છઠ્ઠું વચનામૃત ચાલુ

❋ દેહાભિમાની અને વ્યવહારમાં આસક્તિવાળાનો સંગ ન કરવો :

વળી શ્રીજીમહારાજે સંતોના પ્રત્યે ફરીને જે પ્રશ્ન પૂછ્યો તે હવે હું કહું છું, ૧. "કેવી રીતનો સત્સંગી અથવા પરમહંસ હોય અને તે ધર્મમાં સંપૂર્ણ રહેતો હોય, છતાં તેની પાસે બેસીએ તથા તેની વાત સાંભળીએ તો દોષ લાગે ?" હવે તેનો ઉત્તર તમે કરો. ૨-૩.

આવી વાત કહીને પછી પોતે જ તેનો ઉત્તર કર્યો કે, "જેને ભગવાનનો નિશ્ચય હોય અને ધર્મમાં પણ પોતે રહેતો હોય, તોપણ જો તેને વ્યવહારમાં આસક્તિ હોય તથા દેહાભિમાન હોય તથા માન હોય, અને ભગવાન તથા સંત તેના માનનું ખંડન કરે તથા અપમાન કરે, તો તે ભગવાનનો તથા સંતનો અવગુણ જરૂર લે. ૪-૬.

પછી બીજાની આગળ પણ તે માની માણસ પોતાને બુદ્ધિમાન ગણીને ભગવાન તથા સંતના અવગુણની વાત કરીને, ૭. તેને પણ વિમુખ જેવો કરે. એવો જે સંત તથા હરિભક્ત હોય, તેનો અંધ બનીને-મોહાંધ કે અતિ ભોળા રહીને કોઈ રીતે સંબંધ રાખવો નહીં. ૮. અને તેનો જો સંબંધ રાખે તો તેનું ભૂંડું થયા સિવાય રહે નહીં."

❋ જે હિંમતવાળાનો સંગ રાખે તેનો રંગ રહે :

પછી શ્રીજીમહારાજે ફરીવાર પ્રશ્ન પૂછ્યો જે, ૯. "કેવો સાધુ હોય અને તે ધર્મમાં રહેતો હોય અને નિશ્ચય પણ હોય, તોપણ તેની સાથે કાયમ નાહવા માટે ન જવું ? ૧૦. અને તેની સમીપે ભૂલમાં પણ પથારી કરવી નહીં. અને તેના મુખની કથા, વાર્તા તથા કીર્તન પણ ક્યારેય સાંભળવા નહીં ?" ૧૧. પછી તે પ્રશ્નનો ઉત્તર શ્રીહરિએ પોતે ઘણા પ્રેમથી કર્યો કે, "જે સંત વારંવાર હિંમત રહિત વાત કરતા હોય તેની વાત હવે કહું છું કે, 'જે એમ કહે કે, શું એક જન્મે કરીને નિષ્કામાદિક ગુણ આવે છે ? ક્યારેય એક જન્મે આવે નહીં. એ તો જ્યારે ભગવાન કૃપા કરે ત્યારે તે ગુણ આવે છે. ભગવાનની કૃપા સિવાય અનેક જન્મે કરીને પણ તે નિષ્કામાદિક ગુણ આવતા નથી. ૧૨-૧૪.

અને નિષ્કામરૂપી ગુણ આવ્યા સિવાય ક્યારેય કલ્યાણ થાતું નથી. માટે કલ્યાણ તો અનેક જન્મે કરીને થાય છે, પણ આ ને આ દેહે કરીને ક્યારેય કલ્યાણ થાતું નથી.' આવી રીતની હિંમત રહિત જે વાત કરતો હોય તેના સંગનો સર્વ પ્રકારે જરૂર ત્યાગ કરવો. અને જે એમ કહેતો હોય કે, 'આ સત્સંગ મળ્યો છે, તેથી કૃતાર્થ થયા છીએ. અને આ ને આ દેહે કરીને હવે કલ્યાણ થઈ રહ્યું છે, તેમાં કોઈ ફરક નથી. જેનો ગણે પણ પાર ન આવે એવાં અસંખ્ય પશુ, પંખી, વૃક્ષ, વેલી છે. **તે બધાં પણ ભગવાન, ભગવાનના સંત અને સત્સંગના યોગે કરીને કૃતાર્થ થઈ જાય છે, તો જે મનુષ્ય હોય તે કૃતાર્થ થાય તેમાં શું કહેવું ? તે તો જરૂર થાય તેમાં કોઈ ફેર નથી.** ૧૫-૧૯.

અને બ્રાહ્મણથી લઈને ચાંડાળ પર્યંતના જીવનો પણ સત્સંગના યોગે કરીને ઉદ્ધાર થાય છે. અત્યંત અધમ જીવોનો ઉદ્ધાર થયો હોય તેનાં નામ પણ ગ્રંથમાં લખેલાં છે. ૨૦. વળી કામ, ક્રોધ, મદ, મત્સર અને માન ઈત્યાદિક દોષોનો શો ભાર છે ? તેનો કાંઈ ભાર નથી. તેમનું કાંઈ જોર ચાલવાનું નથી. ૨૧. કારણ કે, **ભગવાન તથા સંતનો અપાર પ્રતાપ દેખીને**

તે બધા અંતઃશત્રુઓ થરથર ધ્રૂજતા રહે છે. તેમની આગળ તે દોષોનું કાંઈ પરાક્રમ ચાલતું નથી. ૨૨. ભગવાન તથા સંતોના પ્રતાપે કરીને તે દોષો સહેજે નાશ થઈ જશે.' આવો હરિભક્ત શ્રીહરિ અને સંતના બળે અધર્મસર્ગનો નાશ કરવામાં ક્યારેય પાછો હઠતો નથી. ૨૩. અધર્મનો નાશ કરવામાં તે હરિભક્ત બળ રાખે છે. અધર્મનું બળ દેખીને જ્યાં સુધી હરિભક્ત ફોશી થાય છે ત્યાં સુધી તે બાળબુદ્ધિ છે. જ્યાં સુધી તેને સત્સંગનો પ્રતાપ દેખ્યામાં આવ્યો નથી ત્યાં સુધી તે પોતાને અલ્પ માને છે. ૨૪-૨૫.

જેમ ચક્રવર્તી રાજાનો પુત્ર થયો હોય, પણ જ્યાં સુધી તે બાળક હોય ત્યાં સુધી તે અલ્પ બાબતમાં પણ ડરતો હોય છે. તેમ જેને સત્સંગનો પ્રતાપ નથી સમજાતો તે બાળબુદ્ધિ હરિભક્ત છે. ૨૬. સિંહનું બચ્ચું હોય, પણ તે જ્યાં સુધી નાનું હોય ત્યાં સુધી અલ્પ એવા જંતુથી પણ ડરતું રહે છે, તે જ રીતે જે સાચા હરિભક્ત થાય છે તેનાથી કામ, ક્રોધાદિક સર્વે અંતઃશત્રુઓ અને કાળ, કર્મ તથા યમદૂતાદિક સર્વે પણ થરથર કંપતા રહે છે. ૨૭-૨૮. કોઈ ભૂપના પણ ભૂપ જેવો સમર્થ હોય, તોપણ તે પોતાનાથી મોટા ભૂપની મરજીને પાળવા માટે રાત-દિવસ તેનાથી ડરતો રહે છે. ૨૯. તે પહેલાં જ્યાં સુધી પોતાથી મોટા રાજાની મરજીને પાળે છે ત્યાં સુધી જેટલું રાજસુખ હોય તે સર્વને તે ભોગવે છે. ૩૦.

પરંતુ જ્યારે તે એક દિવસ પણ મરજી ન પાળે અને ગાફલ રહે ત્યારે તેનાથી મોટો રાજા હોય તે તરત જ ચાહે તેમ તેની સાથે કરે છે. તે બધું સહન કરે ત્યાં સુધી તેનું રાજ્ય રહે છે. આમ નાના રાજાને તે સહન કરવું પડે છે. તો પછી તે મોટા રાજાની આગળ ગમે તેટલી અપાર સામાન્ય પ્રજા હોય તેનાં શાં લેખાં ? તે મોટા રાજાની કોઈ પણ વસ્તુ ગમે ત્યાં પડી હોય, તોપણ તેને ગમે તેવો ઉદ્ધત્ત ચોર હોય તે પણ તેનું લગારેય નામ લેતો નથી, પરંતુ તેની રક્ષા કરે છે. કારણ કે તે મોટા રાજાનાં સામર્થ્યને જાણે છે. ૩૧-૩૩. અને તે મોટો રાજા એકલો ફરતો હોય, તોપણ બધા તેનું રક્ષણ કરે છે. આવો તો એ મોટા રાજાનો પ્રતાપ છે. જ્યારે ભગવાન તો ભૂપોના ભૂપ અને તેના પણ ભૂપ પરમ અનુપમ છે. ૩૪.

❋ શ્રીહરિની સર્વોપરિતા અને રાજાધિરાજપણું :

चोपाई :

अनंत कोटि ब्रह्मांड ताके, गिनत पार न आवत वाके;
ताके ईश्वर प्रधान रहाये, गिनत ताके न पार ही आये...३५

प्रधान के ईश्वर प्रकृति रहाते, प्रकृति के महामाया कहाते;
महामाया के अक्षर रहीता, अक्षर के भगवान कहीता...३६

दोहा : अक्षर के करत न त्याग हि, कबहु जो कोउ वार;
तिहाँ रही जेसे घटित हि, देखावत निरधार...३७

ताके लेवत शरण जो, निष्कपट होउ जेह;
ताके नाम न लेत कोउ, चाय तेसे हि तेह...३८

અનંત કોટિ બ્રહ્માંડો છે. જેનો ગણતા પાર આવે તેમ નથી. તેના ઈશ્વર પ્રધાનપુરુષ છે. તે પ્રધાનપુરુષો પણ એટલા બધા છે કે તેનો ગણતા પણ પાર આવતો નથી. અને તે પ્રધાનપુરુષના ઈશ્વર(સ્વામી) પ્રકૃતિ છે. જે પ્રકૃતિને મહામાયા કહેવાય છે. અને મહામાયાના ઈશ્વર (નિયંતા મહાપુરુષ છે) અને તેના નિયંતા અક્ષરબ્રહ્મ રહ્યા છે. અને અક્ષરના પણ ઈશ્વર(નિયંતા) સર્વોપરિ ભગવાન છે. ૩૫-૩૬. તે ભગવાન ક્યારેય અક્ષરનો ત્યાગ કરતા નથી. અને તે અક્ષરધામમાં રહ્યા થકા જ જ્યાં જેવું ઘટિત હોય ત્યાં તેવી રીતે પોતાનું દર્શન આપે છે. તે નિશ્ચિત વાત છે. અને એ સર્વોપરિ ભગવાનનું જે નિષ્કપટ થઈને શરણ લે છે તેનું ગમે તેવો કોઈ મોટો હોય તોપણ નામ લેતો નથી. ૩૭-૩૮.

सोरठा : जामें जेतो प्रताप, जानत रहे सब हि तेही;
सामर्थ ताके अमाप, ताके आधीन ओर रहे सब...३९

एसे भगवान ताके, ज्ञान वारे संत तिनके जो;
समागम करना वाके, कामादिक दोष जितने...४०

तत्पर नित्य रहेउ, सब प्रकार ही तिनके;
संग करना नित्य तेउ, भगवान कु प्रसन्न करन...४१

એવા સર્વોપરિ ભગવાન તે જેનો જેવો પ્રતાપ હોય છે તે બધાને જાણતા હોય છે. તેમનું સામર્થ્ય અમાપ છે અને બીજા બધા જ તેમને

આધીન રહે છે. ૩૯. એવા સર્વોપરિ ભગવાનનાં જ્ઞાનવાળા જે સંત હોય તેનો નિત્ય સમાગમ કરવો. અને કામાદિક દોષોને જીતવા નિત્ય તત્પર રહેવું. આમ ભગવાનને પ્રસન્ન કરવા માટે તેવા સંતોનો મન, કર્મ, વચને નિત્ય સમાગમ રાખવો." ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું છઠ્ઠું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર ચોવીશમું : તરંગ - ૯

લોયાનું છઠ્ઠું વચનામૃત ચાલુ

❋ શ્રીહરિના બળવાળાનો જ સંગ વિશેષ રાખવો :

વળી શ્રીહરિએ ફરીવાર સંતોને પ્રશ્ન પૂછ્યો જે, "કેવો સાધુ હિંમતે સહિત વાત કરતો હોય તોપણ તેનો ત્યાગ કરવો ? તેનો તમે ઉત્તર કરો." આમ કહીને પછી તે પ્રશ્નનો ઉત્તર શ્રીજીમહારાજે પોતે કર્યો કે, ૧-૨. "જે સાધુ કેવળ પોતાના પુરુષાર્થને જ અધિક કહેતો હોય અને પુરુષાર્થે કરીને જ પોતાને કૃતાર્થ માનતો હોય, પણ ભગવાનનું બળ ન રાખે અને એમ ન સમજે કે, 'આ સાધનોએ કરીને મારે જરૂર ભગવાનને પ્રસન્ન કરવા છે.' આમ જેને સાધનનું જ બળ હોય તો તેવા સાધુના સમાગમનો ત્યાગ કરવો, પણ તેમાં ક્યારેય અનુરાગ કરવો નહીં." ૩-૫.

❋ જે વઢે તેનો સંગ રાખે તે મહાસુખ ચાખે :

અને વળી શ્રીજીમહારાજે જેવો ઊપજ્યો તેવો પ્રશ્ન કર્યો જે, "કેવા સાધુ હોય તેનો સંગ કરવો ? અને કેવા સાધુનો સંગ કરતા ડરવું ?" ૬. પછી તે પ્રશ્નનો ઉત્તર પણ જેવો હતો તેવો પોતે પ્રેમથી કર્યો કે, "જે સાધુ શાસ્ત્રમાં કહ્યાં પ્રમાણેનાં વ્રતમાનને સુધાં સારાં પાળતા હોય, અને નિશ્ચય પણ ઘણો સારો હોય, અને તેમનો સ્વભાવ પણ સહુને ગમતો હોય, અને તેમની સાથે રહેતા હોઈએ ત્યારે તે ઉમંગથી આપણા વખાણ પણ કરતા

હોય, પરંતુ આપણાથી ક્યારેક કોઈ બાબત અજાણમાં અઘટિત થઈ જાય તોપણ જે ટોકે નહિ, અને પંપોળીને રાખે અર્થાત્ શિષ્ય જતો રહે એવી બીકે તેને દુઃખ લગાડીને સાચું કહે નહિ, તથા જાપરો રાખે અર્થાત્ આપણી ભૂલ હોવા છતાં મમત્વે કરીને જતું જ કર્યા કરે, તો તે મુક્તાનંદ સ્વામી જેવા લોકવ્યવહારે મોટા સાધુ કહેવાતા હોય, તોપણ તેનો સંગ કરવો નહીં. હવે જેનો સંગ કરવો જોઈએ તેની વાત હું કહું છું. ૭-૧૦.

આપણે વગર વિચાર્યે જે કાંઈ કર્યું હોય તેને જે સંત વારંવાર ટોક્યા કરે. આપણો જેટલો વિપરીત સ્વભાવ દેખાય તેને ખટકો રાખીને જે દેખાડતા રહે, પછી તે વિપરીત સ્વભાવનો જ્યાં સુધી ત્યાગ ન કરીએ ત્યાં સુધી તે ઉપર જે વારે વારે વાત કર્યા કરે, પણ કોઈ જાતનો લલોચપો(લહત-મહત) લગાર પણ રાખે નહિ, ૧૧-૧૨. તો ભલે તેને લોકવ્યવહારમાં મોટા તરીકે કોઈ જાણતા ન હોય, તોપણ તેમનો સમાગમ જાણી જોઈને કરવો.” ૧૩.

❋ આળસ અને પ્રમાદ જીવનને બરબાદ કરે છે :

પછી વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, “જે સંતમાં ભક્તિ-જ્ઞાન આદિક ઘણા મોટા મોટા સારા ગુણ હોય, પણ તેમાં એક એવો કયો ભૂંડો દોષ હોય, જેણે કરીને તેનો સંગ કરાય નહીં ?” ત્યારે તેનો ઉત્તર પણ શ્રીજીમહારાજે પોતે કર્યો જે, ૧૪-૧૬. “જેને અપાર આળસ, પ્રમાદ હોય અને જેને નિદ્રા બહુ હોય અને સ્નાન-ધ્યાનાદિક નિયમોને પાળવાનું કોઈક કહે ત્યારે એમ કહે કે, ‘હમણાં કરીશું, શી ઉતાવળ છે ? ધીરે ધીરે થશે.’ આવું જે બોલે તે સાધુ સુધો સારો હોય તોપણ તેનો સંગ કરવો નહીં.”

❋ અહંકારીથી હંમેશાં આઘા રહેવું :

પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, “જે સંત સુધી સારી વાત કરતો હોય તોપણ તેની વાત ન સાંભળવી, એવો એની વાણીમાં શો દોષ જાણવો ?” ૧૭-૨૦. ત્યારે તે પ્રશ્નનો ઉત્તર પણ શ્રીહરિએ પોતે જેમ હતો તેમ કર્યો જે, “જે સંત વાત કરવામાં પોતાને વિષે જે ભક્તિ, ધર્મ, વૈરાગ્ય અને જ્ઞાનનું અધિકપણું હોય, તેની અહંકારે કરીને પોતે પોતાની સરસાઈ દેખાડે. અને બીજા સંતમાં રહેલા જ્ઞાન, ભક્તિ તથા વૈરાગ્ય આદિક જે

ગુણ તેની કાંઈક ન્યૂનતા દેખાડે; એવો જેની વાણીમાં દોષ દેખવામાં આવે, તેની વાણી ગમે તેવી મનોહર હોય તોપણ તેની વાત સાંભળવી નહીં."

❋ સંબંધીનું ખંડન કરે તે વાણી અમૃત સમાન છે :

પછી ફરીને શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ૨૧-૨૪. "જે સંતની વાણીમાં કુત્સિતપણું(નિંદા-ટીકા કરવાપણું) હોય, તોપણ તે વાણીને અમૃતના જેવી સમજીને પાન કરાય એવી તે કઈ વાણી છે ? તે કહો." ૨૫-૨૬. એમ કહીને શ્રીજીમહારાજે તે વખતે પોતે તેનો ઉત્તર કર્યો કે, "જે સંત વાત કરે ત્યારે પોતાનાં સંબંધી, મા-બાપ, બહેન, ભાઈ તથા પોતાની જ્ઞાતિની કુત્સિત(તોછડા) શબ્દોમાં વારંવાર નિંદા કરે, ત્યારે તેની વાણીને બુદ્ધિમાન લોકોએ સારી જાણવી. ૨૭-૨૯. કારણ કે, તેની વાણીને જે સાંભળે છે તેને તે સંતની કોરનો એમ જરૂર ગુણ આવે છે કે, 'આ સંતને તો કોઈ રીતે કરીને પોતાના દેહના જે સંબંધી, તથા બીજા જે જે સંબંધીઓ છે તેને વિષે લેશમાત્ર પણ હેત દેખાતું નથી.' માટે આ સંતની વાણી ઘણી સારી છે. તેને અમૃત જાણીને તેનું પાન કરવું, પણ તેની મનમાં કોઈ જાતની શંકા રાખવી નહીં." ૩૦-૩૨.

❋ ભગવાન અને ભક્તની આગળ નિર્માની રહેવું :

પછી શ્રીજીમહારાજે ફરીને પ્રશ્ન કર્યો જે, "કયે ઠેકાણે માન રાખવું અને કયે ઠેકાણે માન ન રાખવું ?" ૩૩. પછી તેનો ઉત્તર પણ જે રીતે હતો તે રીતે શ્રીહરિએ પોતે કર્યો જે, "ભગવાનનો દૃઢ આશ્રિત હોય અને તે જેવો તેવો ગરીબ હરિભક્ત હોય, તોપણ તેની આગળ ક્યારેય માન રાખવું નહીં. અને જેને સત્સંગ થકી કાંઈક પાછો પગ પડી ગયો હોય-અવગુણ આવી ગયો હોય તેની આગળ તો માન રાખવું, પણ તેનાથી દબાઈ જાવું નહીં. અને પ્રશ્ન-ઉત્તરમાં તેના વેણ ઉપર વેણ વારંવાર લાવવું, અને તેને પાછો પાડવો અને તેના માનનું ખંડન કરવું." ૩૪-૩૭.

❋ વચનમાં વર્તે એ જ મહાન છે :

વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "કયે ઠેકાણે ભગવાનનાં દર્શનાદિકને વિષે તથા સંતને વિષે હેત ન રાખવું અને કયે ઠેકાણે અધિક

હેત રાખવું ?” ૩૮-૩૯. પછી તેનો ઉત્તર પણ શ્રીહરિએ પોતે કર્યો જે, “અમે જ્યારે સહુ સંતોને સાધારણ રીતે કહેતા હોઈએ કે, ‘બુરાનપુર તથા કાશી ફરવા માટે કોણ જાશે ?’ તે કહો. તે વખતે જ્યારે કોઈ ન બોલે ત્યારે તે સભામાંથી પોતે ઊઠીને અમને એમ કહેવું કે, ‘હે મહારાજ ! આપ મને કહો તો હું ત્યાં જાઉં.’ આમ કહીને અમારી પરમ પવિત્ર જે રીતની આજ્ઞા હોય, તે લઈને અમે જ્યાં મોકલીએ ત્યાં હેતથી જાય, પણ તેમાં શંકા કરે નહીં. ૪૦-૪૩.

અને આવા ઠેકાણે અમારી પ્રસન્નતાને અર્થે અમારાં દર્શનાદિકનું તથા સંતસમાગમનું હેત પણ લગારેય ન રાખવું. તેનું જ નામ અપાર હેત કહેવાય. અને અમે તથા સંત ક્યારેક કોઈક બાબતે કચવાયા હોઈએ, અને તેનું ઘણું હિત કરવા માટે, વઢીને તેનો તિરસ્કાર કરીને તેને સંતોનાં મંડળમાંથી બહાર કરી દીધો હોય, પછી તે શોકે કરીને રડતો હોય ત્યારે તેની પાસે કોઈ એકડમલ વિમુખ જેવો આવીને સંતોનો તથા અમારો અવગુણ કહેવા લાગે, ત્યારે તેની આગળ તે સંતોના તથા અમારા ગુણોને અપાર હેતે કરીને કહે અને એમ બોલે કે, ‘હું તો એમનો દાસ-વેચાણ છું. હું ક્યારેય તેમનાથી ઉદાસ થવાનો નથી. અને મારું કલ્યાણ પણ એમની પાસે જ છે, બીજે કોઈ ઠેકાણે નથી. તેઓ જ લખચોરાશીનું જે અતિશય દુઃખ છે તેને મટાડનારા છે. ૪૪-૪૯. **એમણે તો મારા દોષને લીધે મને દૂર કર્યો છે, પરંતુ તેઓ તો અત્યંત નિર્દોષ છે. તેમના ઉપકારનું વર્ણન મારાથી કરી શકાય તેમ નથી. અને વચને કરીને તેઓ મારાં શરીરના ટુકડે ટુકડા કરી નાખે, તોપણ મને તેમનો ક્યારેય જિંદગીભર અવગુણ આવશે નહીં.** ૫૦-૫૧. આ રીતે અવગુણ બોલનારાની આગળ શ્રીહરિ તથા સંત પ્રત્યે અતિ હેત જણાવે, તેના મોક્ષમાં ક્યારેય ફેર પડતો નથી.” ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં “લોયાનું છઠ્ઠું વચનામૃત ચાલુ કહ્યું” એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર ચોવીશમું : તરંગ - ૧૦

લોયાનું છઠ્ઠું વચનામૃત ચાલુ

વળી ફરીને શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "જેણે કરીને ભગવાન રાજી થતા હોય તોપણ ક્યારેય તે કરવું નહિ, અને જેણે કરીને ભગવાન કુરાજી થતા હોય તોપણ તે કરવું, તે શી વાત છે ? તે કહો." ૧-૨. પછી તેનો ઉત્તર પણ શ્રીહરિએ પોતે કર્યો કે, "અમે કોઈક વચન કહીએ તેમાં જો અધર્મ જેવું હોય તો તે કરવામાં ચિરકારી થવું, અર્થાત્ તેમાં ઘણોક વિલંબ કરવો. ૩-૪. પણ જેમાં અધર્મ જેવું હોય તેવું અમારું વચન પણ તરત માનવું નહિ તેમાં વાર લગાડવી. જેમ શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને એમ કહ્યું હતું કે, ૫. અશ્વત્થામાનું શિરચ્છેદન કરવું, તે યોગ્ય છે. કારણ કે જ્યારે દ્રૌપદીનો વિલાપ સાંભળ્યો ત્યારે પોતાનું ધાર્મિક કર્તવ્ય સમજીને શ્રીકૃષ્ણ તે સહન ન કરી શક્યા, ૬.

અને વિપ્રનો વધ કરવામાં બ્રહ્મહત્યાનો જે દોષ કહ્યો છે તેને નંદકુમારે લગાર પણ માન્યો નહીં. ૭. પછી તે વચનને અર્જુને માન્યું નહીં. તેથી ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનના ઉપર અપાર પ્રસન્ન થયા. ૮. તેમ એવી રીતનું અમારું કોઈ વચન હોય, અને તેણે કરીને અમે રાજી થતા હોઈએ, તોપણ તેવું અમારું વચન ક્યારેય માનવું નહીં. વળી, અમારાં વચને કરીને પંચવ્રતમાન સંબંધી જે નિયમ તેનો ભંગ થતો હોય તો તેવાં જે અમારાં વચન તેને ન માનવાં, તેમ અમે પોતે દૃઢપણે નિશ્ચિત કહીએ છીએ. એવાં તે બે પ્રકારનાં વચન પ્રેમથી ન માનીએ, અને ૯-૧૧. તે વચન ન માનવાથી ભગવાન કચવાતા હોય, તો સારી રીતે કચવાવા દેવા, પણ તેવાં વચન માનીને ક્યારેય પ્રસન્ન કરવા નહીં. એમ જે કરે છે તે બુદ્ધિમાન છે." ૧૨.

❋ જે સત્યને માર્ગે ચાલે તેને સત્સંગ થાય :

પછી શ્રીજીમહારાજે સંતોને પ્રશ્ન પૂછ્યો કે, "જ્યારે ભગવાનનું ધ્યાન કરતા હોઈએ છીએ ત્યારે મનને વિષે અનેક પ્રકારના ભૂંડા ઘાટ-સંકલ્પના તરંગ ઊઠવા માંડે, જેમ સમુદ્રને વિષે મોટા તરંગો ઊઠે છે તેમ ભૂંડા ઘાટ-

સંકલ્પ ઊઠવા લાગે ત્યારે તે ઘાટ-સંકલ્પોને કેમ ટાળવા ? તેનો ઉત્તર હવે કરો." ૧૩-૧૫. પછી તે પ્રશ્નનો ઉત્તર શ્રીહરિ પોતે જ કરવા લાગ્યા કે, "જ્યારે અતિશય ભૂંડા ઘાટ થવા લાગે ત્યારે ભગવાનનું ધ્યાન કરવાનું છોડી દેવું, ને તે ઘાટ-સંકલ્પને કળિયુગના ગુણ જાણવા. ચારેય યુગના જેવા ગુણ છે તેવા મનુષ્યનાં શરીરમાં વારાફરથી વર્તતા હોય છે. તે ગુણને અનુસારે અંતરમાં તેના ઘાટ થઈ આવે છે. તે રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણે કરીને તે તે ગુણ અનુસારે અંતર ફરી જાય છે, અર્થાત્ સત્ત્વગુણી, રજોગુણી, તમોગુણી થઈ જાય છે. ૧૬-૧૮.

વળી, બીજા ગુણો(સ્વભાવ) પણ અપાર રહ્યા છે. તે ગુણોના યોગે કરીને તેના ગુણ-ધર્મની અસરવાળું આપણું અંતર થઈ જાય છે. કારણ કે અંતઃકરણનો સ્વભાવ જ એવો દેખાય છે. ૧૯. અંતરમાં જેવા ગુણો રહ્યા હોય તે સત્સંગે કરીને દેખાય છે. પરંતુ કોઈ વેદ-પુરાણાદિક અનંત ગ્રંથને ભણ્યો હોય, તોપણ સત્સંગ વિના તેને ગુણો ઓળખાતા નથી. ૨૦. કોઈ પણ વાત હોય તે જેવી હોય તેવી સત્સંગ સિવાય દેખાતી નથી. સત્ય અને અસત્ય, બે પ્રકારની વાત હોય છે. તેમાં પણ બીજી અપાર વાતો સમાયેલી હોય છે. ૨૧. સત્ય વાતના માર્ગમાં સમજી-વિચારીને ચાલવું તેનું જ નામ સત્સંગ કહેવાય છે. અને અસત્ય વાતના ઉપર જે ચાલવું તેનું જ નામ કુસંગ કહેવાય છે. તે સત્સંગ અને કુસંગને લક્ષણે કરીને જોઈ લેવા. જેમાં જેટલા અંતર્યામીપણે ભગવાન રહ્યા હોય, તે તેનાં વર્તન ઉપરથી દેખાઈ આવે છે. ૨૨-૨૩.

❋ સ્મરણ અને પ્રાર્થનાનો લાભ :

અને જ્યારે ધ્યાન કરતા હોઈએ ત્યારે અંતરમાં જો કળિયુગના ગુણનો પ્રભાવ પ્રગટ થાય, તો તેને ઓળખીને કળિયુગના ગુણ જ્યાં સુધી રહે ત્યાં સુધી ધ્યાન કરવાનું છોડી દેવું. ૨૪. **જીભે કરીને ઉચ્ચ સ્વરે નિર્લજ્જપણે તાળી વગાડીને 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...' આવાં નામનું વારંવાર ભજન કરવું. અને 'હે દીનબંધુ ! હે દીનજનપાલક ! હે દયાસિંધુ ! હે**

હરિ !' એમ ફરી ફરીને ભગવાનનું નામ લેવું. એવી રીતે બુદ્ધિમાન ભક્તે વારંવાર ભગવાનની પ્રાર્થના ઘણા ભાવથી કરતા રહેવી. ૨૫-૨૭.

તથા મુક્તાનંદ સ્વામી જેવા મોટા મોટા સંતો છે તેમનાં નામ લઈને પણ નિત્ય પ્રાર્થના કરવી. ૨૮. જ્યારે આ રીતે ભગવાન તથા ભગવાનના ભક્તોનાં નામોનું ઉચ્ચારણ કરે, ત્યારે બધા ઘાટ-સંકલ્પ હોય તે દૂર થઈ જાય છે. અને અનંત તથા અપાર સુખ થાય છે. ૨૯. વ્યાસમુનિએ ભાગવત.૧૨/૩/૫૧-૫૨માં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે,

कलेर्दोषनिधे राजन्नस्ति ह्येको महान् गुणः।
कीर्त्तनादेव कृष्णस्य मुक्तसङ्गः परं व्रजेत् ॥५१॥

कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः।
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात्॥५२॥

'કળિયુગમાં કોઈ પણ માણસ ભગવાનનું નામ-સંકીર્તન કરે છે તો તેનો ઉદ્ધાર થઈ જાય છે, તે નિશ્ચિત છે. તેમાં લગાર પણ ખોટું નથી. ૩૦. આ વાતને માણસ જયાં સુધી મિથ્યા જાણે છે ત્યાં સુધી તેને સંસારમાં ભટકવાનું રહે છે. કેમ જે, કોઈ પણ બાબત તેના યથાર્થ નિશ્ચય વિના-તેના વિશ્વાસ વિના ફળતી નથી. ૩૧. કેટલાક લોકો તો પોતાની કલ્પિત વાતોમાં જ મોક્ષ માને છે, પરંતુ ભગવાનનાં વચનનો ત્યાગ કરીને જે બીજી બાબતમાં જેટલો સ્નેહ રાખે છે તેને તેવું ફળ મળે છે. મોક્ષની વાત તો આવી છે. સત્ય વસ્તુમાં સત્યપણાનો નિશ્ચય હોય તો જ તે ફળીભૂત થાય છે. ૩૨-૩૩. પરંતુ અસત્ય બાબતમાં સત્યપણાનો નિશ્ચય કર્યો હોય, તોપણ તે ક્યારેય ફળીભૂત થાતો નથી. આ સાચી-ખોટી બંને બાબતનો જેને વિવેક હોય તેને નિશ્ચય ફળીભૂત થાય છે. ૩૪.

❋ ભગવદ્‌જ્ઞાનની મહત્તા :

चोपाई :

हरि सम ओर न बात रहाते, एसे समझत सत्य ज्ञानी कहाते;
हरि से अधिक जिहाँ लगही, दुजे कु जानत रहे तिहाँ लगही...३५

चाय तेसे ज्ञानी यह रहेऊ, अज्ञानी में खपत रहे तेऊ;
ज्ञान मात्र के जीवन जेहा, श्रीहरि रहाये जोउ तेहा...३६

दोहा : श्रीहरि की मूर्ति बिन हि, ज्ञान बात हि जेते;
निरजीव जो रहेउ सब, चाय तेसे तेते...३७

सूर्य बिन नेत्र बिन जोउ, दीपक बिन तम जीमि;
श्रीहरि की मूर्ति बिन हि सब, ज्ञान रहाये ईमि...३८

सोरठा : अजोग्य घाट जेते, स्वामिनारायण नाम बिन;
निवर्ति न होत तेते, ओर साधन अपार कर...३९

ભગવાન શ્રીહરિની સમાન બીજી કોઈ વાત નથી. જે આવું સમજે છે તે સાચો જ્ઞાની કહેવાય છે. જ્યાં સુધી શ્રીહરિ કરતાં પણ કોઈ બીજાને અધિક માને છે, ત્યાં સુધી તે ચાહે તેવો જ્ઞાની હોય તોપણ તે અજ્ઞાનીમાં ખપે છે. કારણ કે, જ્ઞાનમાત્રનું જીવન એક ભગવાન શ્રીહરિ પોતે જ રહ્યા છે. ૩૫-૩૬. શ્રીહરિની મૂર્તિ સિવાયની ગમે તેવી જ્ઞાનની વાતો હોય, પરંતુ તે બધી નિર્જીવ છે. સૂર્ય, દીપક અને નેત્ર વિના જેમ બધે અંધારું જ રહે છે, તેમ ભગવાનની મૂર્તિ સિવાયનું (શ્રીહરિની સાકાર ઉપાસના વિનાનું) બધું જ્ઞાન અંધારારૂપ છે. ૩૭-૩૮. **મનમાં જેટલા અયોગ્ય ઘાટ થતા હોય તેને ટાળવા બીજાં અપાર સાધનો કરે, તોપણ 'સ્વામિનારાયણ' નામ વિના તેની યથાર્થ નિવૃત્તિ થતી નથી.** ૩૯.

જ્યારે સૂર્ય અને ચંદ્રની પાછળ રાહુ દોડે છે ત્યારે ભગવાનનું સુદર્શનચક્ર તેની પાછળ પડે છે. ૪૦. **તે ચક્રને દેખીને રાહુ જેમ તત્કાળ હટી જાય છે, તેમ 'સ્વામિનારાયણ' આવું નામ સાંભળીને બીજા સર્વે ખરાબ ઘાટ-સંકલ્પ તરત જ હટી જાય છે.** ૪૧. જેમ અગ્નિએ કરીને દારૂનો નાશ થાય છે, તેમ તે 'સ્વામિનારાયણ' એવાં નામના પ્રતાપથી તે ઘાટ-સંકલ્પોનો તત્કાળ નાશ થાય છે. પરંતુ આ વાતને નાસ્તિક માનતા નથી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું છઠ્ઠું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર ચોવીશમું : તરંગ - ૧૧

લોયાનું છઠ્ઠું વચનામૃત ચાલુ

❋ બીજાને ઉદ્વેગ થાય એમ ન કરે તે સમજુ છે :

અને વળી શ્રીજીમહારાજે ફરી પ્રશ્ન પૂછ્યો કે, "આ સત્સંગમાં જે અતિ મોટો સરસ ગુણ જણાતો હોય, અને તે ગુણના સહુ લોકો વખાણ કરતા હોય, તોપણ જે જરૂર ત્યાગ કરવા યોગ્ય છે, એવો તે કયો ગુણ છે ? અને દોષ હોય છતાં જે ગ્રહણ કરવા યોગ્ય હોય એવો તે કયો દોષ છે ? તેનો હવે ઉત્તર કરો." એમ કહીને શ્રીહરિ તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા જે, ૧-૪. "આપણા સત્સંગમાં મુક્તાનંદ સ્વામી જેવા મોટા સંત સહુથી સરસ રીતે જે વ્રતમાન-નિયમોને પાળતા હોય, તે ગુણ ઘણો સારો છે. પરંતુ તે સારા ગુણે કરીને બીજા સંતને ઉદ્વેગ કરાવે ખરા. કેમ જે, એમની બરોબર સર્વેથી વર્તી શકાય નહીં. ૫-૬.

તે માટે એ ગુણ જો કે બહુ મોટો અને સારો છે, તોપણ બીજાના હિત માટે તેનો ત્યાગ કરીને સર્વે સંતોની સાથે ભળીને સહુની બરોબર વર્તવું. કેમ જે, તેમ કરવાથી બીજા કોઈને ઉદ્વેગ ન રહે.

જેટલા મનમુખી અને મૂર્ખ છે તે તો જે વાતને પકડે છે તેનાથી સંતોને અપાર ઉદ્વેગ થતો હોય, તોપણ તેનો તેને ક્યારેય વિચાર આવતો નથી. જે સંતોને રાજી કરવા માટે જ કરવાનું હોય તેને તે મનમુખી ઉદ્વેગ કરતો રહે છે. ૭-૯. સંતો તો સનકાદિકો કરતાં પણ અધિક છે. સમગ્ર ત્રિલોકી સંતોને મસ્તક નમાવે છે. એવા સંતોને જે કોઈ ઉદ્વેગ કરાવે છે તે કદાચ ભૂમિથી અધ્ધર ચાલે તેવા હોય, તોપણ તે સંતોથી વિમુખ થઈ રહ્યા છે, તેની તેને ગમ પડતી નથી. પરંતુ જે ન સમજે તેને સંતો પણ શું કરે? પછી સંતો તેનો હૃદયથી ત્યાગ કરી દે છે. ૧૦-૧૧.

चोपाई :

संत में मिल कर चलत तिनमें, जितना साधन रहाये इनमें;
आई कर करत सब हि निवासा, साधन ईनसे न होत उदासा...१२

दोहा : संत की मरजि में चलत नहि, तिनसे साधन जेते;
कोप करत हि रहाये सब, जितना रहे तेते...१३
साधन बाँध कर इनकु, संत से करत दूर;
संत के गुण गावत जेहि, दोष गावत हि पूर...१४

જે સંતોની સાથે મળીને-ભળીને ચાલે છે, તેમાં જેટલાં કાંઈ સાધન(ગુણ) છે તે બધાં આવીને નિવાસ કરે છે. સહુની સાથે મળીને ચાલનારાથી સાધન ક્યારેય ઉદાસ થતા નથી. ૧૨. જે માણસ મનમુખી થઈ સંતોની મરજીમાં ચાલતો નથી, તેના ઉપર જેટલાં સાધનો છે તે બધાં કોપ કરે છે. ૧૩. પછી કોપાયમાન થયેલા તે પોતાનાં સાધનો તેને બાંધીને સંતોથી દૂર કરે છે. પછી પ્રથમ જે સંતોના પોતે ગુણ ગાતો હતો તે સંતોના ભરપૂર દોષો ગાય છે. અર્થાત્ મનસ્વી સાધનબળ તેને સંતથી વિમુખ કરી તેનો અપરાધ કરાવે છે. ૧૪. **સંતો જેમ કહે તેમ જ જે તરત કરતો રહે છે, તે પરમ પવિત્ર સંત છે. જેટલાં સાધનો છે તે સર્વે તેના ગુણ ગાય છે.** માટે બીજા બધા સંતોની બરોબર વર્તવારૂપ દોષ છે તોપણ તે શ્રેષ્ઠ ગુણ છે. તેને સુજ્ઞ સંતો ગ્રહણ કરે છે.” ૧૫-૧૬.

✵ આત્મનિષ્ઠાની ગરિમા :

પછી શ્રીજીમહારાજે ફરીને પ્રશ્ન પૂછ્યો કે, “આ સંતમાં એવો કયો એક દોષ રહ્યો છે કે જે દોષનો ત્યાગ કરે ત્યારે સર્વે દોષમાત્રનો તત્કાળ ત્યાગ થઈ જાય, પણ એક રતીભાર દોષ રહેવા પામે નહીં ? ૧૭-૧૮. અને એવો કયો એક ગુણ છે કે જે એક ગુણ આવવાથી તેમાં સર્વે ગુણ આવે ?” ત્યારે તેનો ઉત્તર પણ શ્રીહરિએ પોતે કર્યો જે, ૧૯. **“જે દેહાભિમાનરૂપ દોષ છે તેમાં સર્વે દોષ રહ્યા છે.** અને તેનો જો ત્યાગ કરે તો સર્વે દોષોનો ત્યાગ થઈ જાય છે. તેથી તે સંત મહાભાગ્યશાળી બને છે. અને **‘હું દેહથી જુદો જે અનુપમ આત્મા તે છું’ એવો જે આત્મનિષ્ઠારૂપ એક અનુપમ ગુણ જ્યારે આવે છે, ત્યારે તેમાં બીજા સર્વે ગુણમાત્ર આવીને રહે છે.”** ૨૦-૨૨.

વળી, શ્રીજીમહારાજે તે વખતે પ્રશ્ન પૂછ્યો જે, “કેવા પંચવિષયને નિત્ય સેવવાથી બુદ્ધિમાં પ્રકાશ થાય છે તથા અંતરમાં ભગવાન દેખાય છે ?

અને કેવા પંચવિષયને સેવવાથી બુદ્ધિમાં અંધકાર વ્યાપી જાય છે ?" ૨૩-૨૪. ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો કે, "ભગવાન સંબંધી પંચવિષયને જ્યારે સેવે છે ત્યારે તે ભક્તની બુદ્ધિમાં પ્રકાશ થાય છે. અને જગત સંબંધી પંચવિષયને જ્યારે ભોગવવા ચાહે છે ત્યારે તેની બુદ્ધિમાં અંધકાર વ્યાપી જાય છે."

❋ સમજુએ ભૂંડા દેશકાળ હોય ત્યાંથી ભાગી જવું :

વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "કેવો દેશ, કેવો કાળ, કેવો સંગ તથા કેવી ક્રિયા હોય, કે જેનો સંબંધ ભગવાનની આજ્ઞાએ કરીને પણ ક્યારેય ન કરવો, અને હંમેશાં તેનાથી ડરતા રહેવું ?" પછી તેનો ઉત્તર પણ જે રીતે હતો તે રીતે પોતે જ કર્યો જે, ૨૫-૨૯. "જે દેશમાં રહેવાથી જે ત્યાગી થયા હોય તેને પોતાના દેહના સંબંધીનો વારંવાર બેઠા-ઊઠ્યાનો યોગ થતો હોય, તો ચાહે તેવો પરિપૂર્ણ ત્યાગી હોય તોપણ તેણે તે દેશમાં ભગવાનની આજ્ઞાએ કરીને પણ જરૂરાજરૂર ક્યારેય રહેવું નહીં. અને અમારાં દર્શન થતાં હોય અને તેની સાથે સાથે સ્ત્રીઓનાં પણ દર્શન થતાં હોય, એવા દેશ, કાળ, ક્રિયા અને સંગ હોય તે મોહનું ઝાળું કહેવાય છે. ત્યાં અમે બેસાડીએ (અને કહીએ જે અમારાં દર્શન કરો), તોપણ તે ઠેકાણે બેસીને ક્યારેય અમારાં દર્શન કરવાં નહીં. ૩૦-૩૩.

તે રીતે જ જે જે ઠેકાણે બેસવાથી સ્ત્રીઓ દેખાયા કરતી હોય તો તેવે ઠેકાણે બેસવું નહીં. કોઈ બહાનું લઈને ત્યાંથી ઊઠી જાવું, પણ ત્યાં બેસી રહેવું નહીં. ત્યારે તેના ત્યાગના માર્ગમાં કોઈ છિદ્ર પડતું નથી, અર્થાત્ વિઘ્ન આવતું નથી. અને નિપુણ એવા અમારા સંતોએ જે કાળમાં વિષમપણું વર્તતું હોય, અને જ્યાં ઘણી મારકૂટ થતી હોય તે સ્થળે ભગવાનની આજ્ઞા હોય, તોપણ ત્યાંથી તત્કાળ ચાલી નીકળવું. ૩૪-૩૬. પણ તે સ્થાનકમાં રહીને ક્યારેય કોઈએ માર ખાવો નહીં."

❋ મૂર્તિના સંબંધવાળા કીર્તનો સર્વેના ગાવા :

અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "કયાં શાસ્ત્રોને સાંભળવાં? અને કેવાં શાસ્ત્રોને ભણવાં ? તથા કેવાં શાસ્ત્રોને ક્યારેય ન સાંભળવાં અને

ન ભણવાં ? તેનો ઉત્તર તમે કરો." ૩૭-૩૮. ત્યારે આવું કહીને શ્રીહરિ તેનો ઉત્તર કરવા લાગ્યા જે, "જે શાસ્ત્રમાં બહુ રીતે ભગવાનના સાકારપણાનું પ્રતિપાદન કરેલું હોય, તથા ભગવાનના ઘણા અવતારનું નિર્બાધપણે કરીને પ્રતિપાદન કર્યું હોય, **અને જેનાથી ભગવાનમાં દિવસે દિવસે અપાર ભાવ વધતો રહે, પણ ક્યારેય ઘટે નહિ; એવાં જે શાસ્ત્ર હોય તેને પ્યારથી સાંભળવા અને ભણવા કે જેણે કરીને જીવનો ઉદ્ધાર થાય છે.** ૩૯-૪૧.

અને જે શાસ્ત્રમાં ભગવાનનાં સાકારપણાનું પ્રતિપાદન ન કર્યું હોય, તથા ભગવાનના અવતારોનું નિરૂપણ તથા સ્થાપન લગાર પણ ન કર્યું હોય; તેવા ગ્રંથ શુદ્ધ વેદાંતના હોય, ભલે એક અદ્વિતીય નિરાકાર બ્રહ્મનું પ્રતિપ્રાદન કરતા હોય, અને સારા બુદ્ધિવાળા વિદ્વાનના કરેલા હોય, તોપણ તે ગ્રંથ કોઈ દિવસ ભણવા કે સાંભળવા નહીં. ૪૨-૪૪. **અને જો રણછોડભગતના જેવાં કીર્તન જ હોય ને તેમાં ભગવાનની મૂર્તિનું ઘણું સારું વર્ણન કર્યું હોય, તો તેને ગાવવાં અને ઘણાં ભાવથી સાંભળવાં. એવી રીતના જે ગ્રંથો હોય તેને પણ એકાગ્રચિત્તથી વાંચવા અને સાંભળવા."** ૪૫-૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું છઠ્ઠું વચનામૃત પૂરું થયું" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર ચોવીશમું : તરંગ - ૧૨

લોયાનું સાતમું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ના) માગશર સુદિ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરા ખાચરના દરબારમાં મંચ ઉપર રહેલા પલંગ ઉપર આવીને વિરાજમાન થયા. ૧-૨. તે વખતે મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને તેનાં છોગલાં શોભતાં હતાં. તથા શ્વેત છીંટની ડગલી પહેરી હતી અને તેની પણ ઘણી શોભા બની રહી હતી. તેમજ રૂ ભરેલો શ્વેત સુરવાળ

પહેર્યો હતો. તે વખતે શ્વેત પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિવરોની તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયે શ્રીહરિની મરજી જોઈને વચનામૃતનું એક પુસ્તક નિર્માનાનંદ મુનિએ નિત્યાનંદ સ્વામી માટે લખ્યું હતું, તે પુસ્તક શ્રીજીમહારાજની આગળ નિત્યાનંદ સ્વામીએ ઘણા હર્ષથી લાવીને મૂક્યું. અને પોતાની છાતી ઉપર શ્રીહરિનાં ચરણકમળ લીધાં અને શ્રીહરિએ પણ પ્રસન્ન થઈને તેને ચરણકમળ આપ્યાં. ૩-૮. પ્યારા શ્રીહરિએ કંઠમાં હજારીફૂલના હાર પહેર્યા હતા, તે પુસ્તક લઈને આવનારા નિત્યાનંદ મુનિના ઉપર પ્રસન્ન થઈને આપ્યા. ૯. તે પુસ્તકનાં જેટલાં પાનાં હતાં, તેનાં મથાળાં હિંગળોક(લાલ રંગ)થી બાંધ્યાં હતાં. શ્રીહરિએ જેટલાં પાનાં જોયાં તેમાં ઘણા ભાવ સહિત અક્ષરો લખેલા હતા. ૧૦.

❋ ભગવાનના સાક્ષાત્ જ્ઞાનથી જ મુક્તિ થાય છે :

જ્યારે શ્રીહરિએ પુસ્તક જોઈ લીધું ત્યારે પરમહંસો પ્રત્યે બોલ્યા કે, "આજ તો ભારે ભારે પ્રશ્ન પૂછો. તમે જે રીતના પ્રશ્ન પૂછો તે રીતની અમે વાત કરીએ." ત્યારે તરત જ મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૧૧-૧૨. "શ્રુતિમાં કહ્યું છે જે, '**ऋते ज्ञानान्न मुक्तिः**' '**तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय॥**' જ્ઞાન વિના ક્યારેય મુક્તિ થાતી નથી. તો હવે આપ આ પ્રશ્નનો ઉત્તર કરો કે, એ શ્રુતિમાં કહ્યું છે જે, જ્યારે ભગવાનનું સાક્ષાત્ જ્ઞાન થાય છે ત્યારે તે જીવનું કલ્યાણ થાય છે. ત્યારે શાસ્ત્રમાં કલ્યાણને અર્થે જે બીજાં સાધન બતાવ્યાં છે, તેનું શું પ્રયોજન છે ? કારણ કે, કલ્યાણ તો જ્ઞાને કરીને જ થાય છે." એવો પ્રશ્ન સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, ૧૩-૧૬.

❋ નિત્યાનંદ સ્વામીના ગુણો :

"જ્ઞાન તે જાણવાનું નામ છે, તેમ શાસ્ત્રમાં કહ્યું છે." ત્યારે પરમ નિપુણ આવા નિત્યાનંદ સ્વામી ત્યાં બેઠા હતા. તે કેવા હતા ? તો બુદ્ધિના અખંડ સાગર હતા. ૧૭. શ્રીહરિના રોજે રોજના પ્રસાદરૂપ અનુગ્રહ-કૃપાને

પામીને પ્રશ્ન-ઉત્તર કરવામાં બ્રહ્મા સમાન થયા હતા. કરોડગણી બુદ્ધિવાળા અને વિદ્વાન તરીકે જે પંકાતા હોય, અર્થાત્ પ્રસિદ્ધિને પામ્યા હોય; એવા વિદ્વાનોનો પણ વિદ્વાનપણાનો જેટલો ગર્વ હોય, તથા આચાર્યપણાનો જેટલો ગર્વ હોય, તે સર્વે ગર્વ નિત્યાનંદ સ્વામીના પ્રશ્ન-ઉત્તર જ્યારે તેઓ સાંભળતા ત્યારે ઊતરી જતો હતો. ૧૮-૧૯. અને નિત્યાનંદ સ્વામીનાં મુખનાં વચન એકવાર જ સાંભળ્યાં હોય, તોપણ તે મોટા મોટા મતવાદીઓ જીવતા સુધી સંભારતા હતા. ૨૦. સિંહને દેખીને હાથીના ટોળે ટોળા જે રીતે સંકોચાઈ જાય છે, તેમ સિંહના જેવા એક નિત્યાનંદ સ્વામીને દેખીને વિદ્વાનોના ટોળા હોય, તોપણ સંકોચાઈ જતા-દબાઈ જતા અને પાછા હઠી જતા. નિત્યાનંદ સ્વામી એક શ્રીહરિથી જ પાછા હઠતા. અને બીજા જેટલા વિદ્વાનો કહેવાતા હતા તે જ્યારે આવીને સ્વામીને નમસ્કાર કરતા ત્યારે તે બધાનો સત્કાર થતો હતો. જે લોકો નિત્યાનંદ સ્વામીને હઠાવવાનું ધારતા હતા તેઓ તો આંકડાના તૂરની જેમ ઊડી જતા હતા. ૨૧-૨૨. દ્વેષીઓએ નિત્યાનંદ સ્વામી ઉપર જેમાં જેટલી સિદ્ધાઈ હતી તેટલી અજમાવી લીધી હતી. પરંતુ તેઓ પોતાની સિદ્ધિએ સહિત એવા ઊડી ગયા કે, તે સિદ્ધો ફરીથી ક્યારેય ખોળવા છતાં પણ મળ્યા નહીં. ૨૩.

આવા મહાન નિત્યાનંદ સ્વામી શ્રીહરિની આગળ બે હાથ જોડીને બોલ્યા કે, “જાણવું તેનું જ નામ જો જ્ઞાન કહેવાતું હોય તો તેમાં મારી આશંકા છે કે, શાસ્ત્રે કરીને તો બધું જગત ભગવાનને જાણે છે. છતાં તેણે કરીને સહુનું કલ્યાણ થાતું નથી. તો ‘જાણવું’ એ શબ્દને કેમ સમજવો ?” ત્યારે શ્રીહરિ બોલ્યા જે, “(અપરોક્ષપણે કહેતાં સાક્ષાત્કારપણે પરમેશ્વરને પામવા, તેને જાણવું શબ્દથી કહેવાય છે.) શાસ્ત્રે કરીને પરોક્ષપણે ભગવાનને જાણ્યા, (તેને જાણ્યા ન કહેવાય.) ૨૪-૨૬. તેણે કરીને જેમ કલ્યાણ થાતું નથી, તેમ જ રામ-કૃષ્ણાદિક ભગવાનના અવતાર (પ્રગટ) હતા, ત્યારે તેમને બધા જ મનુષ્યોએ પ્રત્યક્ષ દેખ્યા હતા, તો તેણે કરીને પણ શું કલ્યાણ થયું છે ?” ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, “જે મનુષ્યોએ ભગવાનને પ્રત્યક્ષ દેખ્યા હોય તેનું જન્માંતરે કરીને કલ્યાણ થાય છે.”

ત્યારે શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા કે, ૨૭-૩૦. "જેણે શાસ્ત્રે કરીને ભગવાનને (માત્ર માહિતીરૂપે) જાણ્યા તેણે કરીને પણ જન્માંતરે કલ્યાણ થાય છે. ૩૧. કાં જે શાસ્ત્રે કરીને જેને જાણ્યા છે તે(પ્રગટ ભગવાન) ને જ નેત્રે કરીને દેખે છે. ૩૨. અને જે(પ્રગટ ભગવાન)ને નેત્રે કરીને દેખે છે તેને જ શાસ્ત્રે કરીને જાણે છે, માટે બંનેનું બીજબળ બરોબર થાય છે, અને તે બંનેનું જન્માંતરે કલ્યાણ પણ બરોબર થાય છે. આવી વાત નિશ્ચિતપણે દેખાય છે. ૩૩-૩૪. કેમ જે, શ્રવણે કરીને જે ભગવાનને સાંભળ્યા તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને તો સાંભળ્યા જ કહેવાય. (માત્ર માહિતી જ કહેવાય, સાક્ષાત્ જ્ઞાન ન કહેવાય.) ૩૫. અને ત્વચાએ કરીને સ્પર્શ કર્યો તેમાં શું જ્ઞાન નથી ? પણ તેને સ્પર્શ કર્યો જ કહેવાય. ૩૬. અને નેત્રે કરીને જે દેખ્યા તેમાં શું જ્ઞાન નથી રહ્યું ? પણ તે તો જોયા જ કહેવાય છે. ૩૭. અને નાસિકાએ કરીને સૂંઘ્યા તેમાં શું જ્ઞાન નથી હોતું ? પણ તે તો સૂંઘ્યા જ કહેવાય. અને જીહ્વાએ કરીને વર્ણન કર્યું તેમાં શું જ્ઞાન ભર્યું નથી ? પણ તે તો વર્ણન જ કર્યા કહેવાય. ૩૮-૩૯. એવી રીતે બાહ્ય ઇન્દ્રિયોએ કરીને જે જ્ઞાન થાય છે તે ઘણું (માત્ર માહિતીરૂપ) અપાર રહ્યું છે." ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું સાતમું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર ચોવીશમું : તરંગ - ૧૩

લોયાનું સાતમું વચનામૃત ચાલુ

❋ ઇન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ પૂગે તે પૂરો જ્ઞાની :

વળી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા કે, "અંતઃકરણે કરીને જે જ્ઞાન થાય છે, અને અંતઃકરણ-ઇન્દ્રિયોથી પર જે જીવસત્તા તદાશ્રિત જે અનુભવ જ્ઞાન છે, અર્થાત્ ઇન્દ્રિયો-અંતઃકરણની મદદ વિના જીવને જે જ્ઞાન થાય છે તેમાંથી તમે કયા જ્ઞાનને કહો છો ? અને જે ભગવાન છે તેમણે

તો આ જગતની ઉત્પત્તિને માટે અનિરુદ્ધ એવું સ્વરૂપ ધાર્યું છે. જેને વિષે સ્થાવર-જંગમરૂપ એવું આખું વિશ્વ સાવકાશે કરીને રહ્યું છે. અને સંકર્ષણરૂપ ધરીને જગતનો સંહાર કરે છે, અને પ્રદ્યુમ્નરૂપ ધરીને જગતની સ્થિતિ કરે છે તથા મચ્છ, કચ્છાદિક જે અવતાર તેને ધારણ કરે છે. ૧-૬.

આવી રીતે જ્યાં જેવું કાર્ય હોય ત્યાં તેવાં કાર્યની સિદ્ધિને માટે તેવા અનુપમ રૂપ ગ્રહણ કરે છે. તેમાં કોઈક કાર્ય એવું હોય છે કે જેમાં અંતઃકરણ-ઈન્દ્રિયો લેશમાત્ર પણ પહોંચતા નથી, કેવળ અનુભવજ્ઞાને કરીને જ જણાય છે. ૭-૮. ત્યારે તેવાં કાર્યની સિદ્ધિને માટે ભગવાન પણ તેવા સ્વરૂપને ધારણ કરે છે. અને કોઈ કાર્ય એવું હોય છે કે, ઈન્દ્રિયો અને અંતઃકરણે કરીને જાણ્યામાં આવે છે ત્યારે તે કાર્યની સિદ્ધિને માટે ભગવાન પણ તેવા જ થાય છે. ૯-૧૦. માટે તમે કેવા ભગવાનના સ્વરૂપના જ્ઞાને કરીને કલ્યાણ થાય છે, એમ પૂછો છો ? (અર્થાત્ ઈન્દ્રિયો-અંતઃકરણથી અનુભવાય એવા પ્રત્યક્ષ ભગવાનથી કલ્યાણ થાય ? કે માત્ર જીવસત્તા તદાશ્રિત અનુભવજ્ઞાનથી જાણ્યામાં આવે; એવા ભગવાનના જ્ઞાનથી કલ્યાણ થાય ? એમ પૂછો છો.)"

ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે, ૧૧. "જે ભગવાનના સ્વરૂપને વિષે ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણેય પહોંચતા હોય એવા ભગવાનનાં સ્વરૂપના જ્ઞાને કરીને મોક્ષ થાય, તેમ અમે બધા સંતો કહીએ છીએ." ૧૨-૧૩. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એવા જે ભગવાન તે તો શ્રીકૃષ્ણ છે. ૧૪. **તે તો પોતે પોતાને એમ કહે છે કે,**

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः॥

(ગીતા : ૧૫/૧૮)

(विष्टभ्याहमिदंकृत्स्नमेकांशेनस्थितोजगत्।
मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय ! ।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ।।

पश्य मे पार्थ ! रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ।।)

ઈત્યાદિક વચને કરીને પોતે પોતાને ઈન્દ્રિયો-અંતઃકરણ થકી અગોચર કહે છે. માટે ભગવાનને તત્ત્વે કરીને જેમ સમજવાના હોય છે તેમ હવે હું કહું છું. તેને તમે સાંભળો. ૧૫-૧૬. **જે ઈન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણેયે કરીને જે યથાર્થપણે પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે તે પૂરો જ્ઞાની કહેવાય છે, અને તેમાં કોઈ કસર કહેવાતી નથી.** (અર્થાત્ પ્રત્યક્ષ ભગવાનને ઈન્દ્રિયો-અંતઃકરણે કરીને પ્રગટપણે મળેલો છે ને જાણે છે, પણ એ પ્રગટ ભગવાનને જીવસત્તા તદાશ્રિત અનુભવ જ્ઞાનથી જો નથી જાણતો તો તે પૂરો જ્ઞાની નથી. માટે પ્રગટ ભગવાનને આત્મામાં પ્રગટ કરે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય છે.)

અને (પ્રગટ ભગવાનના) એ ત્રણ પ્રકારના જ્ઞાનમાં જે કાંઈ ઓછું રહે તો તેને આત્યંતિક જ્ઞાન કહેવાય નહિ, તેમ તમે નિશ્ચિત જાણો. અને તેણે કરીને તે જન્મ અને મૃત્યુને પણ ન તરે. ૧૭-૧૯. (પણ પ્રગટ ભગવાન પૃથ્વી પર ન હોય ત્યારે ભલે ઈન્દ્રિય-અંતઃકરણે કરીને તેને પ્રગટ ભગવાનનો સંબંધ નથી, પરંતુ નરસિંહ મહેતાની જેમ ભગવદ્ઉપાસનાને બળે સિધા જ જીવસત્તા તદાશ્રિત અનુભવ જ્ઞાનમાં પરમાત્માને જાણે, તો તે પણ પૂરો જ્ઞાની કહેવાય. અને તે આત્યંતિક કલ્યાણને પામ્યો કહેવાય.) અને કોઈક સાધને કરીને બ્રહ્મસ્વરૂપને પામ્યો હોય તો તે પણ પ્રત્યક્ષ ભગવાનને એવી રીતે ન જાણે, તો તે પણ ક્યારેય પૂરો જ્ઞાની કહેવાય નહિ, એમ તમારે સહુએ સમજી રાખવું. ૨૦-૨૧. માટે જ શ્રીમદ્ ભાગવત ૧/૫માં એમ કહ્યું છે કે,

नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं न शोभते ज्ञानमलं निरञ्जनम् ।

તે રીતે જ ભગવદ્ગીતા ૪/૧૭ માં પણ કહ્યું છે કે,

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ।।

અકર્મ જે જ્ઞાન તેને વિષે પણ જાણવાનું રહ્યું છે, તે શું ? તો, જે બ્રહ્મરૂપ થયો હોય તેને પણ પરબ્રહ્મ પુરુષોત્તમ તે જાણવાના રહે છે. અને

તે ન જાણે તો તે કાચો કહેવાય છે. શુકદેવજી તથા સનકાદિક વગેરે સાચા બ્રહ્મરૂપ થયા હતા. ૨૨-૨૫. જે બ્રહ્મરૂપ થયો હોય તેને જ પુરુષોત્તમ ભગવાનની ભક્તિનો અધિકાર છે. કે જે ભક્તિને ગ્રંથોમાં સહુથી સારરૂપ અને અતિ દુર્લભ કહી છે. ૨૬. એવી ભક્તિ જે કરતા હોય તેની વાત હવે હું કહું છું. શ્વેતદ્વીપવાસી નિરન્નમુક્તો બ્રહ્મરૂપ થયા છે, છતાં પણ તેઓ ચંદન, પુષ્પાદિક અનેક પ્રકારની પૂજા સામગ્રીએ કરીને પરબ્રહ્મ વાસુદેવની અવસર જોઈને પૂજા કરે છે. તેમ એ ભક્ત પણ દૃઢ બ્રહ્મરૂપ થયો થકો પ્રત્યક્ષ ભગવાનની ચંદન, પુષ્પાદિક લઈને ભક્તિ કરે છે. ૨૭-૩૦. અને તે શ્રવણ, મનનાદિકે કરીને નિરંતર પ્રસન્નતાપૂર્વક ભગવાનની ભક્તિ કરે છે. તે ભગવાને ગીતામાં પ્રસિદ્ધ રીતે કહ્યું છે કે,

श्लोक :

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समःसर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्।।

માટે બ્રહ્મરૂપ થઈને જે ચિત્ત પરોવીને પરબ્રહ્મની ભક્તિ ન કરે, તો તે પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય. તે ગીતા ૭/૫ના શ્લોકમાં કહ્યું છે કે,

भूमिरापोऽनलो वायुः खं मनोबुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ।।

એ વ્યાપ્ય એવી જડપ્રકૃતિ રહી છે. ૩૧-૩૩.

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ! ययेदं धार्यते जगत् ।।

અને એ વ્યાપ્ય અષ્ટધા પ્રકૃતિથી જુદી આ વ્યાપક એવી ચૈતન્ય પ્રકૃતિ છે તેમ જાણવું. અને જે પ્રત્યક્ષ ભગવાન છે તે કેવા છે ? તો અષ્ટ પ્રકારે રહેલી જે વ્યાપ્ય પ્રકૃતિ અને તેને વિષે વ્યાપક એવી જે ચૈતન્ય પ્રકૃતિ તે બંનેના આધાર છે. જેમ આ આકાશ છે તે પૃથ્વી આદિક ચાર તત્ત્વનો આધાર છે. ૩૪-૩૬. અને પૃથ્વીની જ્યારે સંકોચ અવસ્થા થાય છે ત્યારે તેની ભેળો આકાશ પણ સંકોચને પામે છે. અને પૃથ્વીની વિકાસ અવસ્થા

થાય છે તેની ભેળી આકાશની પણ વિકાસ અવસ્થા થાય છે. તે રીતે જ જળ, તેજ અને વાયુની સંકોચ તથા વિકાસ અવસ્થાની ભેળો આકાશ પણ સંકોચ અને વિકાસ પામે છે. ૩૭-૪૦. અને પૃથ્વી આદિક તત્ત્વની સંકોચ અને વિકાસ એવી બંને અવસ્થા તે આકાશને વિષે થાય છે. ૪૧. તેમ એ બંને પ્રકૃતિની જે સંકોચ-વિકાસ અવસ્થા ભેળી ભગવાનની પણ સંકોચ અને વિકાસ અવસ્થા છે. ૪૨.

चोपाई :

रहायेउ स्वतंत्र स्वछंदा, आपके सदा स्वाधिन रहंदा;
अरु यह दोउ प्रकृति की जोऊ, संकोच विकाश अवस्था सोऊ...४३
भगवान के तेहि विषे रहाये, एसे जो भगवान कहाये;
तेहि सबके आत्मा कहाता, ता उपरि श्रुतियो रहाता...४४

છતાં તે ભગવાન અતિશય સ્વતંત્ર છે. અને તે પોતે સદા સ્વાધીન રહ્યા છે. અને એ બંને પ્રકૃતિની સંકોચ-વિકાસ અવસ્થા તે ભગવાનને વિષે છે. એવા જે ભગવાન તે સહુના આત્મા છે. તેના ઉપર શ્રુતિઓ કહી છે કે, **अन्तःप्रविष्टः शास्ता जनानां सर्वात्मा। 'यस्याक्षरं शरीरं... एष सर्वभूतान्तरात्मापहतपाप्मा दिव्यो देव एको नारायणः॥ यस्यात्मा शरीरं य आत्मानमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृतः॥ यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृतः॥** ઈત્યાદિક શ્રુતિઓ છે. તથા અન્નમય બ્રહ્મ કહ્યો છે, મનોમય બ્રહ્મ કહ્યો છે અને વિજ્ઞાનમય બ્રહ્મ કહ્યો છે. ૪૩-૪૫. તથા આનંદમય બ્રહ્મ કહ્યો છે. ઈત્યાદિક ઘણા પ્રકારની બ્રહ્મવિદ્યા કહી છે. તે અહીં દિશમાત્ર થોડી લખી છે. ૪૬.

ताके तात्पर्य एसे रहाता, भगवान सब कारण कहाता;
अरु सब हि के रहे आधारा, एहि सम कोउ न रहे निरधारा...४७
माट हि इनके जोग करिके, एहि सबकु ब्रह्म कहे यह लहिके;
पण यह सब ही शरीर रहेऊ, एहि सबके शरीरी हि जेऊ...४८

તે બ્રહ્મવિદ્યાનું તાત્પર્ય એવું છે કે, 'ભગવાન સર્વના કારણ છે, સર્વના આધાર છે અને તેમના સમાન બીજો કોઈ નથી, તે નિશ્ચિત વાત

છે. ૪૭. માટે તે ભગવાનના યોગે કરીને એ અન્નમયાદિક સર્વેને બ્રહ્મ કહ્યા છે. પણ એ સર્વે તો શરીર છે અને સર્વેના શરીરી તે ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ છે. તે સહુના અજ્ઞાનરૂપી અંધારાને હરનારા છે. તે ભગવાનને વિશે ૪૮-૪૯. એ જડ-ચૈતન્યરૂપ જે બંને પ્રકૃતિ, તે સંકોચ અને વિકાસ અવસ્થાએ કરીને પોતાના કાર્ય સહિત તે ભગવાનને વિષે સુખે કરીને રહી છે. તે માપી ન શકાય તેવી ઘણી અદ્‌ભુત વાત છે. ૫૦-૫૧. અને એ સહુને વિષે ભગવાન અંતર્યામીરૂપે કારણપણે કરીને રહ્યા છે. અને તે જ ભગવાન આ પ્રત્યક્ષ પ્રમાણ છે. એવી રીતે મહિમાએ સહિત જે ભગવાનને જાણે અને દેખે તેને પરિપૂર્ણ એવું અવિચ્છિન્ન જ્ઞાન કહીએ."

✵ જેને સત્ય જ્ઞાનની દૃઢતા હોય તેને કૃતાર્થતા મનાય :

ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, ૫૨-૫૪. "આપે જે રીતે કહ્યું એવી રીતે દેખાતું તો ન હોય, પણ તેના અંતઃકરણમાં આવી રીતની દૃઢ આંટી-ગાંઠ પડી હોય તો તેને પરિપૂર્ણ જ્ઞાની કહેવાય કે નહીં ?" પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, ૫૫-૫૬. "જેમ અંધારું ઘર હોય તેમાં કોઠી તથા થાંભલા રહ્યા હોય તેને દેખે છે તોપણ તેને યથાર્થ દેખ્યા ન કહેવાય. ૫૭. તેમ પુરુષોત્તમ ભગવાનને વિશે જડ-ચિત્‌ પ્રકૃતિ રહી છે. અને એ પ્રકૃતિને વિષે પોતે પુરુષોત્તમ પણ રહ્યા છે તેને અનુમાને કરીને જાણે છે, પણ જો તે દેખ્યામાં નથી આવતું તો તેને પરિપૂર્ણ જ્ઞાની ન કહેવાય. ૫૮-૫૯. અને જો એને એવી જ્ઞાનની દૃઢ આંટી-ગાંઠ પડી હોય તો તેને કાંઈક અલૌકિકપણું જણાયું જોઈએ. ૬૦. અને નહિ તો અલૌકિકપણું જણાશે. અને નિઃસંદેહ એવી આંટી છે ને જણાતું નથી, ૬૧.

दोहा : तोउ इमी यह समझ हि, यह भगवान ताके;
विषे तोउ रहेउ सब हि, पण मेरे कु वाके...६२

सोरठा : प्रताप जिस जो रीत, देखावत न एसी ज यह;
इच्छा रहेउ खचीत, इमी समझ भगवानहु कि...६३

भक्ति करत हि रहेउ, पोताकु कृतार्थ यह;
मानत रहेउ तेउ, परिपूर्ण ज्ञानी रहे तब...६४

તો એ એમ સમજે જે, 'એ ભગવાનને વિષે તો સર્વે રહ્યું છે, પણ તેઓ મને તેમનો જેવો પ્રતાપ છે તેવો દેખાડતા નથી, એવી જ એમની નિશ્ચિત ઇચ્છા છે.' એમ સમજીને તે ભગવાનની ભક્તિ કરતો થકો પોતાને કૃતાર્થ માને છે, તો તે પરિપૂર્ણ જ્ઞાની છે. ૬૨-૬૪. માટે ઇન્દ્રિયો, અંતઃકરણ અને અનુભવ એ ત્રણેય પ્રકારે કરીને જે ભગવાનને યથાર્થપણે જાણતો હોય તેને જ્ઞાની કહીએ. અને તેવા જ્ઞાનીને ભગવાને ગીતા ૭/૧૫માં શ્રેષ્ઠ કહ્યો છે. ૬૫.

आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ !।
तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ।।

એવો જે જ્ઞાની છે તે તો સદા સાકારમૂર્તિ એવા પ્રત્યક્ષ ભગવાન, તેને પ્રકૃતિ-પુરુષ અને અક્ષરથી પર ને સહુના કારણ, સહુના આધાર જાણીને અનન્યપણે સેવે છે. આવી રીતે જે સમજે છે તેને પૂરો જ્ઞાની કહેવાય છે. ૬૬-૬૭. અને એ જ્ઞાને કરીને જ આત્યંતિક મોક્ષ થાય છે. અને જે એમ નથી સમજતા અને કેવળ શાસ્ત્રે કરીને '**अहं ब्रह्मास्मि**' થઈ બેસે છે અને કહે છે જે, 'રામ-કૃષ્ણાદિક તો બ્રહ્મરૂપ એવો જે હું તે મારી લહેરી-તરંગો છે. ૬૮-૬૯. એવા જે બ્રહ્મકોદાળ-બ્રહ્મનું ખોટું પ્રતિપાદન કરનાર આધુનિક વેદાંતીઓ છે તે તો અતિ દુષ્ટ અને મહાપાપી છે. તે મરીને નરકમાં પડે છે અને કોઈ દિવસ તેનો છૂટકો થાતો નથી. જ્યારે તે ભગવાનને શરણે થશે ત્યારે જ અજ્ઞાનરૂપી અંધારા નરકથી તે તત્કાળ છૂટશે. ભગવાનનું શરણું લીધા વિના ઉદ્ધાર થતો જ નથી. ૭૦-૭૨.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું સાતમું વચનામૃત પૂરું થયું" એ નામે તેરમો તરંગ સમાપ્ત ।।૧૩।।



પૂર ચોવીશમું : તરંગ - ૧૪

લોયાનું આઠમું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ના) માગશર સુદિ પંચમીને દિવસ રાત્રિને સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રી લોયા મધ્યે સુરા ખાચરના દરબારમાં મંચના પલંગ ઉપર વિરાજમાન થયા હતા. ૧-૨. અને મસ્તકે ધોળો ફેંટો બાંધ્યો હતો અને શ્વેત છીંટની ડગલી પહેરી હતી. ૩. અને શ્વેત ખેસ પહેર્યો હતો. અને પોતાના મુખારવિંદની આગળ તે સમયે પરમહંસો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. એટલી સુંદર શોભા હતી કે જે વર્ણવી શકાતી નથી.

❋ અભાવ, સ્વભાવને છોડો, દિલ હરિમાં જોડો :

તે સમયને વિષે શ્રીજીમહારાજને મુનિવર મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "જે માણસ ભોળો હોય તેને તો કોઈ સંતનો સ્વભાવ દેખીને અવગુણ આવે પણ જે ડાહ્યો બુદ્ધિમાન હોય તેને પણ સંતોનો અવગુણ કેમ આવે છે ?" ૪-૭. ત્યારે શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, "જે ડાહ્યો બુદ્ધિમાન હોય તેને પોતામાં કાંઈક અયોગ્ય સ્વભાવ દેખ્યામાં આવે ત્યારે તે તેની ઉપર ખટકો રાખે છે. પોતે તેમાં અતિ દોષબુદ્ધિ રાખીને દ્વેષે સહિત તે સ્વભાવને ટાળવાનો રાત-દિવસ દાખડો કરતો હોય છે. અને તે સ્વભાવની ઉપર પોતાને અતિશય ખાર હોય છે. તેથી તેવો ને તેવો સ્વભાવ બીજા કોઈ સંતમાં જ્યારે દેખાઈ આવે ત્યારે તે સંતનો તેને અભાવ આવે છે. ૮-૧૧. અને જે સાધુ ભોળો હોય તે તો પોતાના અયોગ્ય સ્વભાવને ટાળવાનો ક્યારેય લગાર પણ વિચાર કરતો નથી, અને જો બીજા સંતમાં કાંઈક અયોગ્ય સ્વભાવ દેખે તો તેનો અવગુણ લે છે, ૧૨-૧૩. તેને ભોળો-મૂર્ખ જાણવો. તે બુદ્ધિ વગરનો છે એટલે પોતાના દોષ દેખતો નથી. એટલે જ તેને ભોળો-મૂર્ખ કહેવાય છે." ૧૪.

❋ કામાદિક દોષોનું મંદ પડવાનું કારણ :

તે પછી તત્કાળ જ શ્રીજીમહારાજે ભણનારા નાના નાના જે પરમહંસો

હતા તેમને પોતાની સમીપે બોલાવીને બેસાડ્યા, અને તેમને પ્રશ્ન શીખવવા લાગ્યા. તે સંતો શ્રીહરિની હરીફમાં-સ્પર્ધામાં બેસીને પ્રશ્ન કરતા હતા અને શ્રીહરિ તેનો ઉત્તર કરતા હતા. ૧૫-૧૬. સહુ પહેલા પોતે શ્રીહરિએ પ્રસન્નતાપૂર્વક સંતોને એમ પ્રશ્ન પૂછ્યો કે, "કામ, ક્રોધ અને લોભાદિક અંતઃશત્રુઓ સહુ દોષોમાં વધારે પ્રબળ છે. ૧૭. તેનો વેગ અતિશય તીવ્ર હોય છે. તેથી ગમે તેવો હોય તોપણ તેને પછાડી દે છે. તેનું જે તીવ્રપણું અને મંદપણું તે બાળ, યૌવન અને વૃદ્ધપણાએ કરીને દેખાઈ આવે છે. હવે તેની રીત કહું છું.

બાળપણામાં તેનો વેગ મંદ હોય છે તેમ દેખાય છે. ૧૮-૧૯. અને યૌવન અવસ્થામાં તેનો વેગ તીવ્ર થાય છે. અને વળી પાછો વૃદ્ધપણામાં તેનો વેગ મંદ થઈ જાય છે. ૨૦. આ રીતે કામાદિકનું તીવ્રપણું અને મંદપણું જે રીતે રહ્યું છે તે દેખ્યામાં આવે છે. ૨૧. પણ વિચારે કરીને તેમાં મંદપણું રહ્યું છે કે નહીં ? તેનો ઉત્તર વિચાર કરીને કહો." ૨૨. આમ કહીને પછી તત્કાળ જ કરુણારસથી ભરેલા એવા શ્રીહરિ અપાર હેત લાવીને તેનો ઉત્તર જેવો પોતે વિચાર્યો હતો તેવો કરવા લાગ્યા. ૨૩. તે વખતે શ્રીહરિનાં નેત્રકમળ અત્યંત પ્રસન્નતાથી ખીલેલા હતા. શ્રીહરિની મૂર્તિ માનો હૃદયમાં ખૂંતી જતી હોય એવી હતી. વળી વચનમાં એટલો બધો અમૃતરસ હતો કે તેને સાંભળતા લેશ પણ તૃપ્તિ થાતી નહીં. ૨૪. **શ્રીહરિનાં વચનમાં વધારે ને વધારે રસ ભર્યો હતો. શ્રીહરિની મૂર્તિમાં સુગંધ અને સ્વાદ પણ અતિશય ભર્યા હતા. શ્રીહરિની નખશિખ મૂર્તિ દિવ્ય અલૌકિક રસથી ભરપૂર હતી.** ૨૫.

હવે શ્રીહરિ પોતે પૂછેલા પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા જે, "વિચારે કરીને પણ કામાદિક ત્રણેયનું મંદપણું છે. ૨૬. તે વિચાર કરવાની જેમ રીત છે તે હવે હું કહું છું, તો તમે પરમ નિપુણ સંતો સાંભળો. ૨૭. કેમ જે, શુક-સનકાદિક સંતોના માર્ગમાં તમે ચાલ્યા છો. તેનાથી અધિક બીજું કોઈ પદ નથી. ૨૮. જેવું મોટું પદ મળ્યું હોય, તેવા જ જ્યારે વિચાર કરે ત્યારે તેવા ઊંચા વિચારોને કારણે તે મોટા કહેવાય છે. ૨૯.

❋ શ્રીહરિ, સંત અને સત્સંગ સુખનું ધામ છે :

चोपाई :

कल्पतरु से अधिक अपारा, सत्संग रहे यह वार न पारा;
एसे विचार रखत दिन राती, जीवत लग अलोकिक भाँती...३०
सत्संग के फल रहे भगवाना, संत ताके हरिजन रहाना;
भगवान ताके धाम रहाये, सुख के वार न पार हे ताये...३१
भगवान के बचन जिस रीता, अधिक जानीके तेसी रीता;
वरतना प्रमाद करिके त्यागा, भगवान में करना अनुरागा...३२

આ સત્સંગ કલ્પવૃક્ષ કરતાં પણ ઘણો અધિક છે. આવો અલૌકિક વિચાર જિંદગીભર રાત-દિવસ રાખવો. ૩૦. સત્સંગનું ફળ ભગવાન, સંતો તથા હરિભક્તો છે. તેમ જ જેમાં સુખનો કોઈ પાર નથી એવું ભગવાનનું ધામ પણ સત્સંગનું ફળ છે. ભગવાનનાં જે રીતનાં વચન હોય તેને અધિક જાણીને તે પ્રમાણે પ્રમાદનો ત્યાગ કરીને વર્તવું, અને ભગવાનનાં સ્વરૂપમાં ગાઢ સ્નેહ કરવો. ૩૧-૩૨. ભગવાનની કથા તથા કીર્તનને ભાવે કરીને સાંભળવાં. તેમાં આળસ અને નિદ્રા ન આવે, પરંતુ દિવસે દિવસે અધિક ભાવ રહે. આ કહ્યું તે બધું સત્સંગનું ફળ છે. તેવાં ફળને જાણ્યા વિના અને વિચાર કર્યા વિના જો સત્સંગ કરે તો તે ઘટતો જાય છે. ૩૩-૩૪. સત્સંગ કરીને જેવો વિચાર કરે છે તે તેવાં ફળને પામે છે.

અને બાલ્ય અવસ્થામાં કામાદિક શત્રુનું મંદપણું સહજ સ્વભાવે વર્તે છે, તે દેખાય છે. અને યૌવન અવસ્થામાં કામાદિકનું તીવ્રપણું હોય છે. ૩૫-૩૬. અને વૃદ્ધાવસ્થામાં પાછું કામાદિકનું મંદપણું હોય છે, તે તો આહારે કરીને છે. તે પ્રત્યક્ષ દેખ્યામાં આવે છે. ૩૭. જેમ બાલ્ય અવસ્થામાં આહાર થોડો હોય છે તેથી કામ પણ થોડો હોય છે. ૩૮. અને તે રીતે જ વૃદ્ધપણામાં પણ આહાર ઓછો હોય છે એટલે કામ પણ ઓછો હોય છે. ૩૯. અને યૌવન અવસ્થામાં આહારની વૃદ્ધિ અધિક હોય છે એટલે તેણે કરીને કામની વૃદ્ધિ પણ અધિક હોય છે. **માટે યૌવન અવસ્થામાં જ્યારે આહાર ઓછો કરે**

અને દેહે કરીને ઠંડી, ગરમી, વરસાદ અને ભૂખને જાણીજાણીને સહન કરે; આવો વિચાર ઘણા હેતથી રાખે અને મોટા સંતનો સમાગમ રાખે. આવી રીતે જ્યારે વિચાર અને વર્તન બંને રાખે ત્યારે તેને યૌવન અવસ્થામાં પણ કામ (વગેરે દોષ)નો વેગ મંદ પડી જાય છે." ૪૦-૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું આઠમું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર ચોવીશમું : તરંગ - ૧૫

લોયાનું આઠમું વચનામૃત ચાલુ

❋ સ્વભાવ ટાળે તે શૂરવીર છે :

પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "જીવને નાના પ્રકારનાં વ્યસન પડે છે. ૧. કોઈકને ભાંગ્યનું, અફીણનું, દારૂનું અને ગાંજા ઈત્યાદિક અનેક પ્રકારનાં વ્યસન પડે છે. તે વ્યસન ક્રિયમાણના હશે કે પ્રારબ્ધે કરીને હશે? તેનો ઉત્તર કરો." પછી તેનો ઉત્તર પોતે જ કર્યો જે, ૨-૩. "એ વ્યસન તો કર્યાં થાય છે, પણ પ્રારબ્ધે કરીને થતા નથી. માટે જો વ્યસનને ટાળ્યામાં અતિ શ્રદ્ધાએ સહિત આગ્રહ રાખે અને શૂરવીરપણું હોય તો કોઈ પણ વ્યસન ટળી જાય છે. પરંતુ જો લગારેય શ્રદ્ધા ન રાખે અને ફોશી હોય તેનાથી ક્યારેય એ સ્વભાવ ટળે નહીં. કેમ જે, એ સ્વભાવ ટાળ્યા વિના ક્યારેય ટળતા નથી. જે અયોગ્ય સ્વભાવને ટાળતો નથી તો તેણે કરેલો સત્સંગ નિષ્ફળ છે. કેમ જે, અયોગ્ય સ્વભાવ ટાળવા તે સત્સંગનું ફળ છે. ૪-૬.

चोपाई :

अजोग्य स्वभाव जो जितना, सत्संग कर न टलत हि तितना;
सत्संग करे में कसर रहाता, बात करिके देत देखाता...०७
बात के फल रहाये इतनेऊ, सार असार देखना तितनेऊ;
बुद्धि के फल इतना रहेऊ, सार बात ग्रहण करना तेऊ...०८

જેટલા અયોગ્ય સ્વભાવ છે તે જો સત્સંગ કરવા છતાં ટળતા નથી તો તેને તેટલી સત્સંગ કરવામાં કસર રહી ગઈ છે. તે આવી વાતે કરીને દેખાડી દઈએ છીએ. ૭. વાતો કરવા-સાંભળવાનું ફળ એટલું જ છે કે, તેનાથી સાર-અસાર જોઈ શકાય. અને બુદ્ધિનું ફળ પણ એટલું જ રહ્યું છે કે, તેનાથી સારરૂપ વાતનું ગ્રહણ કરી શકાય." ૮.

❋ સારી-નરસી પ્રકૃતિનું કારણ સંગ છે :

વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "કેટલાંક બાળકને તો વૃદ્ધના સરખી શાંત પ્રકૃતિ હોય છે, તે દેખ્યામાં આવે છે. અને તે પ્રકૃતિ દેખીને તે બાળક પ્રિય લાગે છે. અને કેટલાંક બાળકની પ્રકૃતિ ચંચળ હોય છે, ૯-૧૦. તે પ્રકૃતિ સંગે કરીને થાય છે કે એના જીવમાં જ એવી પ્રકૃતિ રહી છે ?" ત્યારે તે પ્રશ્નનો ઉત્તર પણ શ્રીહરિએ પોતે કર્યો જે, ૧૧. "બહુધા તો સંગે કરીને સારી-નરસી પ્રકૃતિ થાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. તેના ઉપર શ્લોક પણ લખ્યો છે. ૧૨. જેમ શ્વેત વસ્ત્રને જેવા રંગમાં બોળવામાં આવે તેવો રંગ તેને લાગે છે. તેવી જ આ વાત છે. જેવો સંગ હોય તેવો રંગ લાગે છે અને તેવું નામ પડે છે. હા, કેટલાકને પૂર્વકર્મને અનુસારે પણ પ્રકૃતિ થાય છે."

❋ સ્વભાવનો પ્રભાવ જાણવાની રીત :

ત્યારે કપિલેશ્વરાનંદ સ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ ! પૂર્વની પ્રકૃતિ કે સ્વભાવ હોય તે કેમ જણાય ? અને હમણાં સંગે કરીને થયા હોય તે કેમ જણાય ?" ૧૩-૧૬. ત્યારે શ્રીજીમહારાજે તેનો ઉત્તર કર્યો કે, **"જે હમણાંના સ્વભાવ-પ્રકૃતિ હોય તે તો જ્યારે કોઈ સારા સંતનો સંગ કરે, ૧૭. ત્યારે તેના અયોગ્ય સ્વભાવ-પ્રકૃતિ જોઈને સંત તેમાં દોષ દેખાડે. પછી જ્યારે જે જે બાબતમાં પોતાને દોષ દેખ્યામાં આવે, ત્યારે તે અયોગ્ય બાબતને ટાળવાનો તત્પર થઈને થોડા જ દિવસ ઉપાય કરે તો તે ટળી જાય છે,** તેમાં કોઈ વિલંબ થાતો નથી. જેમ વંડી ઉપર ઘાસ ઊગ્યું હોય અને પાંચ દિવસ વરસાદ ન વરસે તો તે તરત સુકાઈ જાય છે, તેમ હમણાંના

જે સ્વભાવ હોય તે થોડાક દિવસમાં જ ટળી જાય છે. ૧૮-૨૦. અને જે પૂર્વના સ્વભાવ-પ્રકૃતિ હોય તે થોડોક ઉપાય-દાખડો કરે ટળતા નથી. તેણે કરીને તે પૂર્વના સ્વભાવ-પ્રકૃતિ છે તેમ જાણવું. ૨૧.

પૂર્વના જે સ્વભાવ હોય તેને ટાળવાને માટે તો તત્પર થઈને પૂરો ઉપાય કરે. તેમાં પ્રમાદ-આળસનો ત્યાગ કરે અને જેમ ધર્મરાજા અથવા તો સારો રાજા હોય તે અધર્મી ઉપર નિર્દય થાય છે, તેમ પોતાના અયોગ્ય સ્વભાવ ઉપર મન, કર્મ, વચને કરીને નિર્દય થાય. ૨૨-૨૩. આ રીતે કોઈ અયોગ્ય સ્વભાવ ઉપર દૃઢતાથી નિર્દયપણું રાખે, અને કોઈ અયોગ્ય સંગ દેખાય તો તેનો મળની જેમ ત્યાગ કરી દે, ૨૪. અને સત્સંગમાં જેટલા ત્યાગી અને જેટલા હરિભક્ત હોય, તેના વ્રતમાન-નિયમમાં મળતું ન આવે એવું જે પોતાનું વિરુદ્ધ વર્તન હોય, તથા એવો જે વિરુદ્ધ સંગ અને સ્વભાવ હોય, તેનો જ્યારે ત્યાગ કરી દે ત્યારે તે સંત તથા હરિભક્ત સાચો છે તેમ તમારે જાણવું. ૨૫-૨૬.

પૂર્વના જેટલા સ્વભાવ-પ્રકૃતિ હોય છે તે સહેજે ટળતા નથી. અને તેને ટાળવાનો જ્યારે આગ્રહપૂર્વક પૂરેપૂરો પરિશ્રમ કરે ત્યારે તે માંડ માંડ ટળે. જેમ ધરતીમાં જે જગ્યાએ ધરો ઊગી હોય અથવા તો બોરડીનાં ઝાડ થયાં હોય, તેને કાઢવા માટે ખેડૂત અગ્નિ મૂકે અને વારંવાર મૂળ ખોદે અને વરસો વરસ તેને સળગાવી દે, તોપણ તે પાછા વરસાદ આવે ત્યારે તે નવપલ્લવિત થઈ ફૂટી નીકળે છે. અને જો કોદાળી લઈને તેનાં જ્યાં સુધી મૂળ હોય ત્યાં સુધી તેને ખોદી કાઢે તો તે જરૂર જતા રહે છે. તેમ જે પૂર્વના અયોગ્ય સ્વભાવ હોય તેને ટાળવા માટે જ્યારે સારા સંતના સમાગમમાં રહીને તત્પર થઈ અતિ પ્રયાસ કરે ત્યારે તે માંડ માંડ ટળે છે."

※ ઈન્દ્રિયોની ચંચળતા ટાળ્યાના ઉપાયો :

ત્યાર પછી વળી, શ્રીજીમહારાજે ઘણા હેતથી પ્રશ્ન પૂછ્યો જે, "જેની ઈન્દ્રિયો ચંચળ હોય તો તેની ચંચળતાને ટાળવાના પૃથક્ પૃથક્ કયા ઉપાય છે ? તેનો તમે સહુ ઉત્તર કરો." આમ કહીને પછી શ્રીહરિએ પોતે જ તેનો

ઉત્તર કર્યો જે, ૨૭-૩૪. "ચક્ષુ ઇન્દ્રિયની ચંચળતા ટાળવાનો જે ઉપાય છે તેને અમે જેમ જાણીએ છીએ તેમ હવે કહીએ છીએ. પરંતુ જેને ખપ હોય તેને માટે તે હિતકારી છે. **સત્સંગની જેટલી વાત છે તે જેટલો ખપ હોય છે તેટલું હિત કરે છે.** જેમ વરસાદનાં પાણીનો ભૂમિ અને સરોવરને જેટલો ખપ હોય ૩૫-૩૬. તેટલું તે ઉપયોગમાં આવે છે. ખપ વગરનું જેટલું પાણી હોય છે તેને સમુદ્ર ગ્રહણ કરી લે છે. તે જ રીતે જે જે વાત થાય છે તેને બુદ્ધિમાન મનુષ્ય જાણે છે. અને જેને બુદ્ધિ નથી તે સમજતો નથી. માટે અમારે બુદ્ધિમાનના ઉપર હેત રહે છે. ૩૭-૩૮. **જેને મોક્ષનો ખપ હોય તેને જ તેની બુદ્ધિ ઉપયોગમાં આવે છે, પણ જેને ખપ નથી હોતો તેની બુદ્ધિ વ્યર્થ કહેવાય છે.** ૩૯.

હવે જે રીતે **ચક્ષુ** ઇન્દ્રિયની ચંચળતા ટાળવાનો જે ઉપાય છે તે કહીએ છીએ. જેને ચક્ષુ ઇન્દ્રિયની ચંચળતા ટાળવી હોય તેણે પોતાની દૃષ્ટિ નાસિકાના અગ્ર ભાગ ઉપર રાખવી, પણ આસપાસ જોવું નહીં. અને વાંચનારાએ મૌન રહીને વાંચવું. કેમ જે, જે વાંચતી કે ભણતી વખતે બીજો બકવાસ કરતો હોય તેને વાંચેલી કે ભણેલી વિદ્યા યાદ રહેતી નથી. ૪૦-૪૧. અને જે સૂતાં સૂતાં વાંચે છે તેમાં તેટલો પ્રમાદ જાણવો. કોઈ પણ કાર્ય કરે તેમાં કોઈની શંકા-મર્યાદા ન રાખે, અને ત્યાગી થઈને પણ જે સ્વેચ્છાચારી થઈને વર્તતો હોય તે પ્રમાદીમાં ખપે છે. તેમાં ક્યારેય સંતના ગુણ આવતા નથી. જેમ ખારી જમીનમાં ઘાસ ઊગતું નથી તે રીતનો આ ત્યાગી કહેવાય છે. તે હું તમને સહુને દેખાડું છું. ૪૨-૪૪.

જે સાચા ત્યાગી હોય તેને ઓળખાવ્યા વિના ક્યારેય તે દેખ્યામાં આવતા નથી. **જે સંતો મનમુખી નથી અને બધા જ લોકોની મર્યાદા રાખે છે, તે ત્યાગી પરમ ભાગવત સંત કહેવાય છે. અને તે સારાં નવાં વહાણ જેવા છે. તેનો જે સમાગમ રાખે છે તે પણ આ સંસારસાગરના પારને પામી જાય છે.** ૪૫-૪૬. તે સંતોને ભજન-સ્મરણમાં અપાર પ્રેમ હોય છે અને સેવા કરવામાં પણ તેવો જ નિર્ધાર હોય છે. અને એમ કરતાં થકાં સ્ત્રી આદિક પદાર્થ જો અજાણતા દેખાઈ જાય, અને ભલે અયોગ્ય ઘાટ ન

થયો હોય, તોપણ તે શુભ ગુણવાળા સંત પોતાનાં નેત્રને ઉઘાડાં રાખીને, મેષોન્મેષ રહિત થઈને જ્યાં સુધી નેત્ર સારી રીતે બળે અને આંસુ વહે, ત્યાં સુધી ઘડી બે ઘડી પર્યંત જોઈ રહે. ૪૭-૪૯.

ત્યારે દૃષ્ટિની ચંચળતા નિયમમાં આવે છે. હવે **નાસિકા** ઇન્દ્રિયની જેટલી ચંચળતા હોય તેને ટાળવાનો ઉપાય કહું છું. તે માટે યોગીની રીત કહું છું. પરમ પવિત્ર યોગને સિદ્ધ કરવા માટે યોગી કોઈનાં શરીરને, મુખને અથવા વસ્ત્રને વારંવાર ઘણું ગંધાતું જણાય, ત્યારે તે અતિ દુર્ગંધને આવતી જોઈને બુદ્ધિમાન હોય તે એમ વિચારે કે, **'મારો દેહ પણ ઉપરથી સારો લાગે છે, પણ આ દેહની અંદર પણ ચોક્કસ રુધિર, માંસ અને હાડકાં જ રહ્યાં છે. તેમજ પેટમાં અનેક પ્રકારનાં મળ, મૂત્ર અને આંતરડાં ભર્યાં છે.** ૫૦-૫૪. આવો વિચાર કરવાથી નાસિકાની ચંચળતા ટળે છે અને તે નિયમિત થાય છે.

હવે **શ્રોત્ર** ઇન્દ્રિયની રીત કહું છું. ૫૫. ભાંડ, ભવાઈ, નટ અને કોઈ બાજીગર આવે ત્યારે તેના શબ્દ સાંભળવામાં શ્રોત્ર ઇન્દ્રિય ચંચળ થઈ જાય છે. અને અગ્નિમાં જેમ પંતગિયું પડે તેમ તે શબ્દ સાંભળવા તત્પર થઈ જાય છે. ૫૬. પણ તે રીતે ભગવાનની કથા અને કીર્તનને સાંભળવામાં શ્રોત્ર ઇન્દ્રિયની વૃત્તિ આતુર થતી નથી, પણ તેમાં તો આળસ અને નિદ્રા આડ કરે છે. ૫૭. જ્યારે તેમાં આળસ અને નિદ્રા આવે ત્યારે ઊભા થાવું. કારણ કે આળસ, પ્રમાદ અને નિદ્રા તો લાજ-શરમવાળાના નાક અને કાનને તરત કાપી નાખે છે. માટે કથા-કીર્તનાદિકમાં આળસ અને નિદ્રાનો તત્કાળ ત્યાગ કરવો. ૫૮.

चोपाई :

भगवान की कथा कीर्तन तामें, त्रप्ति न होवे सुनते यामें;
कोटि वर्ष सुने चित्त कु लगाई, एक दिन जनु सुने न रहाई...५९
एसी श्रद्धा रखिके जेही, मोक्ष सबंधी साधन तेही;
करत रहे तब कान की जितनी, चंचलता नियम में भये तितनी...६०

ભગવાનની કથા અને કીર્તન સાંભળવામાં તૃપ્તિ થાય જ નહિ, અને તે કથા-કીર્તન કરોડો વર્ષ સુધી એક ચિત્ત થઈને સાંભળ્યા હોય, તોપણ માનો એક દિવસ પણ સાંભળ્યા ન હોય ને શું ! એવી શ્રદ્ધા રાખીને મોક્ષસંબંધી સાધનને કરતા રહે ત્યારે કાનની જેટલી ચંચળતા હોય તે નિયમમાં આવે છે. ૫૯-૬૦.

હવે **સ્પર્શ** ઇન્દ્રિયને નિયમમાં રાખવાની જે રીત છે તેને કહું છું કે, જાણીજાણીને જ્યારે ટાઢ, તડકો અને વરસાદ હોય ત્યારે તેને સહન કરે, અને ત્યારે જ જે યોગી છે તે સિદ્ધગતિને પામે છે. પોતાને ઓઢવાની ગોદડીને ઓશીકે મૂકી રાખે, જ્યારે ખૂબ ઠંડી પડે ૬૦-૬૧. અને જ્યારે ઓઢવું પડે ત્યારે ક્યારેક થોડું ઘણું ઓઢે. જેમ તેમ કરીને ગુજરાન કરે, પણ વારંવાર શરીરને લાડ લડાવે નહીં. ૬૩. આ યોગીપુરુષની પરમ પવિત્ર સર્વોપરિ રીત છે. તે યોગી મોટા રાજા કે દેવતાઓ કરતાં પણ શ્રેષ્ઠ છે. તે યોગીને સમાન બીજો કોઈ થઈ શકતો નથી. ૬૪. તપ કરીને પોતાની ચામડીને વારંવાર બાળતો રહે. આમ કરવાથી તેની સ્પર્શ ઇન્દ્રિયની ચંચળતા જિતાય છે. સાધન કર્યા વિના સિદ્ધગતિ પ્રાપ્ત થતી નથી. જે જે વાત હોય છે તેનાં સાધન કર્યા સિવાય તે વાતની સિદ્ધિ પમાતી નથી. ૬૫-૬૬. જ્યારે સાધન કરે છે ત્યારે પણ જો ભગવાનની કૃપા થાય તો જ તેમાં મનોવાંછિત સિદ્ધિ મળે છે. કેટલાકને તો સાધન કરવાં છતાં પણ વિપરીતતા થઈ આવે છે, ૬૭. અને તેનું વિપરીત ફળ મળે છે; આવી વાતો તો અનંત છે.

હવે **હાથની** ચંચળતાને ટાળવાનાં સાધન કહું છું. ૬૮. જ્યારે પોતાના હાથ નવરા હોય ત્યારે હાથમાં માળા લઈને ઘણા શ્રદ્ધાભાવથી શ્વાસોશ્વાસ ભગવાનનું નામ લેવું. ૬૯. એક એક મણકે નામ લેવું, પણ નકામી જલદી માળા ફેરવવી નહીં. કેટલાક એમ કહે છે કે, 'મને કરીને નામ અધિક લેવાય છે,' ૭૦. પણ તે બધી વાત ખોટી છે. જેટલાં નામ જીભથી લેવાય છે તેટલાં જ મનથી લેવાય છે તેમ જાણવું. અને આ વાતને તમે સત્ય કરીને માનજો. ૭૧. એમ કરે ત્યારે હાથની જેટલી ચંચળતા છે તે બધી મટી જાય છે.

અને હવે **પગની** ચંચળતાને ટાળવાનું સાધન કહું છું. ૭૨. જ્યારે આસન જીતવામાં આવે છે ત્યારે પગની ચંચળતા તત્કાળ મટી જાય છે. હવે જ્યારે **શિશ્ન** ચંચળ થાય ત્યારે તેને જીતવાનું સાધન કહું છું. જેમ ઝીણી ખસ થઈ હોય અથવા તો લાલ દાદર(ચામડીનો રોગ) થઈ હોય, તેને જો ખંજવાળવામાં આવે તો ત્યારે લોહી નીકળે તોપણ ખંજવાળ મટતી નથી, પણ જો તેને ખંજવાળવામાં ન આવે તો તે ખંજવાળ સહજ રીતે જ મટી જાય છે. ૭૩-૭૫. તે રીતે જ જો શિશ્નમાં ખંજવાળ આવે તોપણ તેને હાથે કરીને અડવું જ નહિ, તે તેને જીતવાનું સાધન છે. ૭૬. અને જો શિશ્નમાં વારંવાર વાયુ ભરાય તો તેવા સમયમાં આહાર થોડો કરવો. ૭૭. અને વારંવાર ઉપવાસ કર્યા કરવા, તેમાં ફેર પાડવો નહીં. અને દેહને બળહીન કરી નાંખવો, ત્યારે શિશ્ન ઇન્દ્રિય જિતાય છે. ૭૮.

હવે **જિહ્વા** ઇન્દ્રિયને જે રીતે જિતાય તેનું સાધન કહું છું. **જે વસ્તુ જીભને ભાવતી હોય તે વસ્તુ ક્યારેય તેને આપવી નહીં.** ૭૯. અને આહાર યુક્ત કરવો તો જીભની ચંચળતા મટે છે. હવે **વાણીની** જે ચંચળતા હોય તેને જીતવાનું સાધન કહું છું. મુક્તાનંદ સ્વામી જેવા સંત જ્યારે સ્નેહભાવથી વાતો કરતા હોય તથા અત્યંત પ્રેમમગ્ન થઈને કથા-કીર્તન કરતા હોય ત્યારે, તેની વચમાં પોતે ડહાપણ કરીને કાંઈ બોલવું નહિ, અને જો વચમાં બોલી જવાય તો પચીશ માળા ફેરવવી. તેણે કરીને વાણીની ચંચળતા મટી જાય છે. આ રીતે ઇન્દ્રિયોની ચંચળતા ટાળવાના અલગ અલગ સાધન કહ્યાં છે.” ૮૦-૮૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં “લોયાનું આઠમું વચનામૃત ચાલુ કહ્યું” એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર ચોવીશમું : તરંગ - ૧૬

લોયાનું આઠમું વચનામૃત ચાલુ

❋ રસનાને જીતે તો સર્વે ઇન્દ્રિયો જિતાય :

વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "આ સર્વે ઇન્દ્રિયો છે તેમાંથી એકને જ પરિપક્વ જીતે તો સર્વે ઇન્દ્રિયો જીતાઈ જાય, એવી એક કઈ ઇન્દ્રિય છે ? તે કહો." ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કરવા લાગ્યા જે, ૧-૩. **"એક જિહ્વા ઇન્દ્રિયને જો પરિપૂર્ણ રીતે જીતવામાં આવે તો બીજી બધી ઇન્દ્રિયો જીતાઈ જાય છે."** ૪.

વળી શ્રીજીમહારાજે ફરીને પ્રશ્ન પૂછ્યો કે, "જે પુરુષને અંતરમાં કામ વ્યાપ્યો હોય તેને બહારથી ચોક્કસ કેમ જાણ્યામાં આવે કે આને અત્યારે કામ વ્યાપ્યો છે. કારણ કે તેનું અંગ તો વસ્ત્રથી ઢંકાયેલ હોય છે ?" ૫-૬. ત્યારે તેનો ઉત્તર પણ પોતે જ કર્યો કે, "જેમાં કામ વ્યાપે તેના નેત્ર ઇત્યાદિક જે સર્વે ઇન્દ્રિયો તે ચંચળ થાય, ત્યારે નિશ્ચિતરૂપમાં જાણવું કે આ મનુષ્ય કામે કરીને વ્યાકુળ થયો છે." ૭-૮.

❋ ચંચળને શાંત અને શાંતને ચંચળ થવાના ઉપાય :

તે વખતે ફરી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "જેનો ચંચળ સ્વભાવ હોય તેને કઈ રીતે શાંત થાવું ? અને જેનો શાંત સ્વભાવ હોય તેને કઈ રીતે ચંચળ થાવું ? તે કયા વિચારે કરીને થવાય છે ? તે કહો." પછી તેનો ઉત્તર પણ શ્રીહરિએ પોતે હેતથી કર્યો જે, "જેનો ચંચળ સ્વભાવ હોય તેણે એમ વિચાર કરવો કે, **'હું આત્મા છું, હું ક્યારેય દેહ હતો નહીં.** ૯-૧૧. **હું બ્રહ્મ છું, અલિંગ છું અને આકાશની પેઠે સદા સ્થિર છું.'** આવા વિચારને કરતો રહે. ૧૨. અને આવા વિચારે કરીને જ્યારે ઉપશમ અવસ્થાને પામે ત્યારે ચંચળ હોય તે શાંત થઈ જાય છે. ૧૩. હવે શાંત સ્વભાવવાળાને ચંચળ થવાનું સાધન કહું છું જે, 'ભગવાન અને ભગવાનના ભક્તનું અતિશય માહાત્મ્ય જાણવું. જ્યારે માહાત્મ્ય જાણે ત્યારે ભગવાનની નવ પ્રકારની ભક્તિ દિલમાં પ્રેમ લાવીને કરે છે.

પ્રેમ વિના તો ચાહે તેટલી ભક્તિ કરે તોપણ તે જીવ વિનાની હોય છે. ૧૪-૧૬. જીવ વિનાનું શરીર જેવું શોભે છે તેવી પ્રેમ વિનાની ભક્તિ લાગે છે. પ્રેમ વિનાની ભક્તિ રાજા વગરના દેશ જેવી, ફળ અને પાંદડાં વિનાના વૃક્ષ જેવી, ચંદ્રમા વિનાની અંધારી રાત જેવી અને સૂર્ય વિનાના દિવસ જેવી લાગે છે. જેમ વરસાદ વિનાના ચોમાસાને જોઈને કોઈને આનંદ થતો નથી, તેમ પ્રેમ વગરની ભક્તિથી આનંદ થતો નથી. ૧૭-૧૮. તેમજ પાણી વગરનાં સરોવર, નદી, કૂવા અને વાવ જેવા શોભે, કિલ્લા વગરનું શહેર અને નાક-કાન વિનાનો માણસ જેવો શોભે; તેવી પ્રેમ વગરની ભક્તિ શોભે છે. ૧૯. તથા મીઠાં વિનાનું શાક જેવું હોય, બગડી ગયેલું દૂધ જેવું હોય અને ચાહે તેવાં ભોજન અને મેવા-મીઠાઈ હોય પણ તે વાસી થઈ ગયા હોય, તો તેમાં જેવો સ્વાદ હોય તેવી પ્રેમ વગરની ભક્તિ દેખાય છે.

જ્યારે કોઈ પ્રેમ રાખીને ભગવાનની શુદ્ધ ભક્તિ કરે અને ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે, તેણે કરીને ભગવાન તેના ઉપર અપાર પ્રસન્ન થાય છે. તેથી ભગવદ્પ્રસન્નતા માટે જ ભક્તિ તથા સેવા કરવી, પણ લગારેય કોઈ પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવી. ૨૦-૨૨. કેમ જે, જે પદાર્થને માટે સેવા-ચાકરી કરે છે તેને સેવાનું દિવ્ય ફળ મળતું નથી. પદાર્થ મળે, એટલું જ તેનું ફળ છે. એમ આ વાત નિશ્ચિત છે. ૨૩.

चोपाई :

पदार्थ की लालच नहि लेशा, सेवा की लालच रहे हंमेशा;
अपरमित भगवान ताकू, फल देवत निजधाम के वाकू...२४

दोहा : कोउ दिन होत न नाश तेही, एसे फल नहि कोउ;
एसे फल देवत रहे, अंतरजामी हि सोउ...२५
चंचलता आवत तिनमें, एसे समझत जब;
एसी समझ बिन हि जो, तिव्रता आत न कब...२६

જેને પદાર્થની લેશમાત્ર પણ લાલચ ન હોય, અને હંમેશાં સેવાની જ લાલચ રહેતી હોય, તો ભગવાન તેને પોતાના ધામરૂપ અપરિમિત ફળ આપે છે. ૨૪. દિવ્યધામરૂપ ફળનો કોઈ દિવસ નાશ થતો નથી. માટે

એના જેવું બીજું કોઈ ફળ નથી. એવું ફળ અંતર્યામી પરમાત્મા તેને આપે છે. ૨૫. જ્યારે ભક્ત આવું માહાત્મ્ય તથા પ્રેમ સમજે છે ત્યારે શાંત સ્વભાવમાં ચંચળતા આવે છે. પરંતુ આવી સમજણ વિના તેમાં તીવ્રતા ક્યારેય આવતી નથી." ૨૬.

આટલી વાત કર્યા પછી ભક્તજનોના મોક્ષરૂપ કાર્યને સુધારવા માટે જે શ્રીહરિ અત્યારે પ્રગટ થયા છે, તેમણે સહુને ફરી આ રીતે પ્રશ્ન પૂછ્યો જે, "શ્રીમદ્‌ભાગવતાદિક જે પવિત્ર આઠ સચ્છાસ્ત્ર છે, તેમાંથી કાંઈ ત્યાગ કરવા યોગ્ય છે કે બધું જ ગ્રહણ કરવા યોગ્ય છે ?" પછી તેનો ઉત્તર પણ પોતે જ કર્યો જે, ૨૭-૨૯. "તે આઠ ગ્રંથમાં અને તે સિવાયના બીજા પણ ગ્રંથોમાં અનેક પ્રકારનાં પ્રકરણો છે. ૩૦. તે સર્વે પ્રકરણોએ કરીને ભગવાનને જે રીતે ભક્તો પામ્યા છે, તે ભક્તોની જેવી સમજણ હોય એવાં તેમનાં અંગ કહ્યાં છે. ૩૧. અને અભક્તો જે રીતે ચાલતા હોય તેની રીતને પણ કહી બતાવી છે. જેટલા અભક્ત છે તે બધા તેમાંથી અભક્તની રીતને જોઈને ગ્રહણ કરે છે. ૩૨. અને ભક્તની જેવી રીત કહી હોય તેને ભક્તો તેવી રીતે ગ્રહણ કરે છે. જેમ આ ભૂમિ ઉપર ગણાય નહિ તેટલી અપાર વસ્તુઓ રહી છે, ૩૩. પરંતુ તેમાંથી જે જેનો અધિકારી હોય તે તેવી વસ્તુઓને ગ્રહણ કરે છે. તેવી જ રીતે ગ્રંથમાં રહેલી વાતોને પણ જે જેવો અધિકારી હોય તે તે પ્રમાણે ગ્રહણ કરે છે. ૩૪. જે આ વિવેકરૂપ શાસ્ત્રીય મર્મને જાણતા નથી, તે ગમે તેવા બુદ્ધિમાન હોય તથા તે વેદ, ઈતિહાસ અને પુરાણ આદિકને ભણ્યા હોય, તોપણ તેને ઘોર અજ્ઞાન અંધારું રહે છે. ૩૫.

જેમ પરમેશ્વરે રચેલાં આ શરીરમાં જેટલાં અંગ છે તેમાં નકામું કયું છે ? તે રીતે જ સદ્‌ગ્રંથો સર્વે સારા છે. ૩૭. (તે ગ્રંથોના સર્વ પ્રકરણમાંથી જે પ્રકરણ પોતાના અંગમાં મળતું આવતું હોય તેને ગ્રહણ કરવું અને બીજાનો ત્યાગ કરવો. અને એમ જાણવું જે, 'એ છે તો સાચું, પણ તે બીજા ભક્તને અર્થે છે. મારે અર્થે નથી.) હવે ગ્રંથકાર કંઈક વિશેષ સમજાવતા કહે છે. જેમ એક પદાર્થે કરીને ક્યારેય રથ કહેવાતો નથી. અને જેમ એક જ વર્ણના મનુષ્યથી ક્યારેય ગામ શોભતું નથી. ૩૮.

દિવસને લઈને રાત અને રાતને લઈને દિવસ શોભે છે, તે સ્પષ્ટ જણાઈ આવે છે. તેમજ કુરૂપ તથા સુરૂપ એકબીજાને કારણે જેવાં હોય તેવાં જોતાં જ જણાઈ આવે છે. તેમ શાસ્ત્રકારોએ વિવેક ગ્રહણ કરાવવા માટે શાસ્ત્રમાં અવિવેકની પણ રચના કરી છે, પરંતુ તેમાં જનોના ઉદ્ધાર કરવા માટેની જે રહસ્ય વાત છે તે શાસ્ત્રકારોના મનમાં સ્પષ્ટ રહી હોય છે. ૩૮-૩૯. તેથી જે કોઈ અધર્મમાં પ્રીતિવાળા લોકો છે તે ગ્રંથોમાંથી જે કાંઈ ગ્રહણ કરે છે તેણે કરીને તેઓ સ્પષ્ટ અધાર્મિક દેખાઈ આવે છે. જેટલા ભગવાનના ખરા ભક્તો હોય છે તેઓ જ તે ગ્રંથના મર્મને જાણે છે. ૪૦. જેમ બગલો અને હંસ, બંને સરખા દેખાય છે. પણ તે તેના આહાર ઉપરથી જુદા જણાઈ આવે છે. તેમ ગ્રંથોમાં બંનેની વાત લખેલી હોય છે. તેમાંથી જે જેવું ગ્રહણ કરે તેના ઉપરથી ધાર્મિક અને અધાર્મિક માણસ દેખાઈ આવે છે. ૪૧.

ભક્તને શાસ્ત્રોમાંથી પોતાના અંગને પુષ્ટ કરનાર જેવા શબ્દો રુચે છે તેવા શબ્દોને તે ગ્રહણ કરે છે, અને જે શબ્દો નથી રુચતા તેનો ત્યાગ કરી દે છે." (માટે પોતાના અંગમાં મળતું આવતું હોય તેવું ગ્રહણ કરવું અને અંગમાં ન મળતું હોય તે બીજા માટેનું સમજી તેનો ત્યાગ કરવો.) ૪૨. પછી ફરી શ્રીજીમહારાજે પ્રેમથી પ્રશ્ન પૂછ્યો જે, "તમે બધા નાના નાના સંતો છો તે અહીંયાં આવીને બેઠા છો, ૪૩.

❋ જેને સંત પ્રમાણરૂપ કરે તે મહાન છે :

તેમાંથી કોઈકને તો આ બધા જ મોટા સંતો ખૂબ પ્રમાણ કરે છે અને કોઈકને પ્રમાણ કરતા નથી. તેમાં તમારા બધાની ઉંમર તો એક સમાન છે. અને સંગ પણ એકસરખો દેખાય છે. તેમજ ભોજન, વસ્ત્ર, ઉપાસના, શાસ્ત્ર, ઉપદેશ અને મંત્ર, તે બધાં પણ સહુને એકસરખા છે. તોપણ જે ન્યૂનાધિકપણું દેખાય છે, તેનું શું કારણ છે ? વળી આ મોટા સંતો છે તે તો સમદૃષ્ટિવાળા છે. ૪૪-૪૬. તથા પક્ષપાત રહિત અને ધર્મવાળા છે. તેથી જે જેવો હોય તેને તેમ કહે છે. માટે પ્રથમ આ વાતને સમજી લો અને

પછી આ પ્રશ્નનો ઉત્તર તમે કરો." ૪૭. પછી પોતે જ તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા જે, "જેના સંતો વખાણ કરે છે તેને જ શ્રદ્ધા વધુ છે. ૪૮.

दोहा : माटे धर्म पालना तिनमें, अधिकता जो रहाये;
संत की सेवा करनमें, भाव रहेउताये...४९

सोरठा : तथा भगवान ताकि, बात सुनना तिनमें यह;
श्रद्धा जोई वाकि, अरु संत के विश्वास रहे...५०
माटे यह बढी गयेउ, अरु यह जो समागम हि;
जेहि जो नहीं बढेउ, श्रध्धा रहित रहेउ यह...५१

તેથી તેને ધર્મ પાળવામાં અધિકપણું છે અને સંતોની સેવા કરવામાં પણ વધારે ભાવ રહ્યો છે. ૪૯. તથા ભગવાનની વાત સાંભળવામાં પણ શ્રદ્ધા છે અને તેને સંતોનો વિશ્વાસ રહે છે. માટે જ તે આગળ વધી ગયો છે. અને આ સમાગમમાં રહ્યો હોવા છતાં પણ જે વધ્યો નથી તે શ્રદ્ધા રહિત છે, એમ જાણવું. ૫૦-૫૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું આઠમું વચનામૃત પૂરું થયું" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર ચોવીશમું : તરંગ - ૧૭

લોયાનું નવમું વચનામૃત

(સં.૧૮૭૭ના) માગશર સુદિ છઠને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં મંચ પર રહેલા પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને તે વખતે ઘણી જાતની શોભા ધારણ કરી હતી. ૧-૨. શ્વેત છીંટની ડગલી પહેરી હતી. તથા શ્વેત સુરવાળ પહેર્યો હતો, અને તેની ઘણી શોભા થઈ હતી. અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો અને મુખ ઘણું પ્રસન્ન હતું. તથા પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

※ ધર્મ, જ્ઞાનાદિક ચારેયને ઊપજ્યાના હેતુ :

પછી શ્રીજીમહારાજ ૩-૫. બોલ્યા જે, "સર્વે પરમહંસ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો." ત્યારે મુનિઓમાં શ્રેષ્ઠ અને વૃદ્ધ એવા મોટા આત્માનંદ સ્વામીએ અખંડાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ અને ધર્મ એ ચારને ઊપજ્યાનો શો હેતુ છે ? તે તમે પરમ સુખદાયક મુનિવર કહો." પછી તેનો જેવો છે તેવો જ ઉત્તર ઘણું હેત લાવી તથા અતિ કરુણારસ વરસાવી શ્રીજીમહારાજે કર્યો. તેમાં પ્રથમ વૈરાગ્ય ઊપજવાની જે રીત છે તેને ખૂબ પ્રેમથી કહેવા લાગ્યા જે, "વૈરાગ્ય તો એમ ઉપજે જે, જો કાળનું સ્વરૂપ જાણ્યામાં આવે. તે કાળનું સ્વરૂપ જેવું છે તેવું હવે અમે તમને સારી રીતે કહીએ છીએ. ૬-૧૦. નિત્ય પ્રલય, નૈમિત્તિક પ્રલય, પ્રાકૃત પ્રલય અને આત્યંતિક પ્રલય એ ચાર પ્રકારના પ્રલયની રીતને જેમ છે તેમ જાણે. તથા બ્રહ્માથી લઈને સ્તંબ પર્યંત સમગ્ર જીવોના આયુષ્યને જાણે, અને એમ જાણીને પિંડ-બ્રહ્માંડના સર્વ પદાર્થોને કાળનું ભક્ષ્ય સમજે, ત્યારે તેને જેમ છે તેમ સમજણ સાથેનો વૈરાગ્ય ઊપજે છે.

હવે **જ્ઞાન** ઉત્પન્ન થયાની રીત જેમ છે તેમ કહીએ છીએ જે, 'બૃહદારણ્યક,' 'છાંદોગ્ય' તથા 'કઠવલ્લી' આદિક જે 'ઉપનિષદ્' તથા 'ભગવદ્ગીતા' તથા અતિશય સારરૂપ જે 'વાસુદેવમાહાત્મ્ય' અને 'વ્યાસસૂત્ર' ઈત્યાદિક ગ્રંથનું સાચા સદ્ગુરુના મુખથી શ્રવણ કરતાં કરતાં યથાર્થ જ્ઞાન ઊપજે છે. અને **ધર્મ** તો એમ ઊપજે જે, 'યાજ્ઞવલ્ક્યસ્મૃતિ,' 'મનુસ્મૃતિ,' 'પરાશરસ્મૃતિ,' 'શંખલિખિતસ્મૃતિ' ઈત્યાદિક સ્મૃતિઓનું શ્રવણ કરે ત્યારે તેને ધર્મ ઊપજે, અને તેમાં જેમ છે તેમ નિષ્ઠા આવે છે.

અને **ભક્તિ** એમ ઉપજે જે, ભગવાનની જે વિભૂતિઓ કહેવાય છે તેને જેમ છે તેમ જાણે. હવે તે વિભૂતિઓની રીતને હું કહું છું, તેને તમે મન દઈને સાંભળો. બ્રહ્માંડના ખંડ ખંડ પ્રત્યે ભગવાનની મૂર્તિઓ જે રીતે રહી છે તેનું એકાગ્રચિત્તથી શ્રવણ કરે, તથા ભગવાનનાં ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તથા શ્વેતદ્વીપ આદિક જેટલાં ભગવાનનાં ધામ છે તેનું શ્રવણ કરે, તથા જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ જે ભગવાનની લીલા નિરંતર

થતી રહે છે તેને અપાર માહાત્મ્યે સહિત ચિત્ત દઈને વારંવાર સાંભળે. ૧૧-૨૩. તથા રામ-કૃષ્ણાદિક જેટલા ભગવાનના અવતારો છે, તેમનાં અપાર અલૌકિક રસવાળાં વિવિધ પ્રકારનાં ચરિત્રો જેમાં હોય એવાં અનુપમ ગ્રંથોની અમૃતમય કથા ઘણા હેતથી સાંભળે, ત્યારે ભગવાનના સ્વરૂપને વિષે પ્રેમ સહિત અપાર ભક્તિ ઊપજે છે. ૨૪-૨૬.

અને આ ચાર સાધનોમાં જે ધર્મ છે તે તો કાચી બુદ્ધિ હોય ત્યાં જ પ્રથમ કર્મકાંડરૂપ સ્મૃતિઓ-ધર્મશાસ્ત્રનું શ્રવણ કરે ત્યારે ધર્મ ઊપજે છે. અને જ્યારે તેને ધર્મને વિષે દૃઢતા થાય, ત્યાર પછી જે ઉપાસનાના-સમજણ પ્રધાન ગ્રંથ હોય તેનું શ્રવણ કરે, ત્યારે તેને જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય એ ત્રણેય ઉત્પન્ન થાય છે. આ રીતે તે ચારેયને ઊપજવાના હેતુ અમે તમને બતાવી દીધા. અને આ રીતે અમે તે પ્રશ્નનો ઉત્તર પણ કર્યો છે. ૨૭-૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું નવમું વચનામૃત પૂરું થયું" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર ચોવીશમું : તરંગ - ૧૮

લોયાનું દસમું વચનામૃત

(સં.૧૮૭૭ના) માગશર સુદિ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરા ખાચરના દરબારમાં મંચ પર પલંગ હતો તેના ઉપર પ્રાતઃકાળને સમયે વિરાજમાન થયા હતા. ૧-૨. અને શ્વેત છીંટની ડગલી પહેરી હતી અને શ્વેત સુરવાળ પહેર્યો હતો. તેમજ મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો. અને પોતાના મુખારવિંદની આગળ તે સમયે મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

✵ જેવા ભાવથી કર્મ કરે તેવો વૃત્તિમાં વેગ આવે છે :

તે સમયે નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૩-૫. "આ જગતમાં કેટલાક માણસને સ્ત્રી આદિક પદાર્થમાં એવી રીતનું એવું અતિ હેત થઈ જાય

છે કે, તેનો વિયોગ થયો હોય તો પ્રાણનો ત્યાગ થઈ જાય. અને કેટલાક મનુષ્યોને તો સ્ત્રી આદિક પદાર્થમાં હેત રહે છે, પણ સાધારણ રહે છે. તેણે કરીને તે પ્રાણનો ત્યાગ કરતા નથી. આ બે પ્રકારના મનુષ્યો છે. તે જેમ સંસારમાં હેતે કરીને જોડાય છે તેમ તે હેતવાળાને જો ભગવાન મળે, તો તેમાં પણ તેવા પ્રબળ હેતે કરીને એમ જ જોડાઈ જાય કે ભગવાનના વિયોગે કરીને તેને પ્રાણનો ત્યાગ થઈ જાય. કારણ કે હેતનો એવો સ્વભાવ છે. અને જેને સંસારમાં સામાન્ય હેત હોય છે તેને ભગવાન જ્યારે મળે ત્યારે ભગવાનમાં પણ સામાન્ય હેત થાય છે. ૯-૧૧. અને આ બે પ્રકારના જે મનુષ્ય તેને વિષે જે ભેદ છે તે કર્મે કરીને છે કે સહજ સ્વભાવે કરીને છે કે, તે જીવ બે પ્રકારના અનાદિના જ છે ? તે સમજવામાં આવતું નથી. તો હવે આપ સાક્ષાત્ શ્રીહરિ તેનો ઉત્તર કરો.” ૧૨-૧૩.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, “એ ભેદ જીવમાં સ્વાભાવિક નથી, પરંતુ એ તો કર્મે કરીને છે. તે કેવી રીતે છે ? તો જ્યારે જીવ કર્મ કરે છે ત્યારે જીવની વૃત્તિનો વેગ કર્મે કરીને ત્રણ પ્રકારે થાય છે. તે વાત નિશ્ચિત જેવી રીતે છે તેને હવે હું કહું છું. ૧૪-૧૬. એક મંદ વેગ, બીજો મધ્યમ વેગ અને ત્રીજો તીવ્ર વેગ છે. અને તે જેવે વેગે કરીને વૃત્તિ જ્યારે પદાર્થમાં ચોંટી જાય છે ત્યારે જીવને નિશ્ચિત તેવું કર્મ લાગે છે. અને તે કર્મે કરીને સ્નેહમાં પણ ત્રણ પ્રકાર છે.” ૧૭-૧૮.

✻ જેવો વેગ હોય તેવું હેત થાય છે :

ત્યારે વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું કે, “વૃત્તિના વેગમાં આપે ચોક્કસ ત્રણ ભેદ કહ્યા, તે ભેદ ગુણે કરીને થયા કે બીજા કોઈ કારણથી થયા ?” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, “એ ત્રણ પ્રકારના ભેદ ગુણે કરીને ક્યારેય થતા નથી. એ તો જ્યારે પદાર્થમાં કેવળ ઈન્દ્રિયો જ ચોંટે ત્યારે વૃત્તિનો મંદ વેગ થાય છે. અને જ્યારે મને સહિત ઈન્દ્રિયો પદાર્થમાં જાય ત્યારે વૃત્તિનો મધ્યમ વેગ થાય છે. અને ઈન્દ્રિયો, મન તથા જીવ એ ત્રણેય મળીને પદાર્થમાં પ્રવર્તે છે ત્યારે તે વૃત્તિનો તીવ્ર વેગ થાય છે. અને તેને અનુસારે કર્મ લાગે છે. ૧૯-૨૪.

અને તે તીવ્ર વેગ એક ચક્ષુ ઈન્દ્રિયને વિષે જો લાગ્યો હોય તો બીજી બધી ઈન્દ્રિયો તેને અનુવર્તી થઈને બધી ઈન્દ્રિયોમાં પણ તે વેગ લાગે છે.

એવી રીતે જ **જે જે ઈન્દ્રિયોમાં મુખ્યપણે તીવ્ર વેગ લાગ્યો હોય ત્યારે બીજી ઈન્દ્રિયો પણ તેને અનુવર્તી થઈ રહે છે.** પણ તેનો અભ્યાસ કર્યા સિવાય કોઈ જાણી શકતું નથી. ૨૫-૨૮. અને એ જે તીવ્ર વેગ છે તે રજોગુણી, સત્ત્વગુણી અને તમોગુણી એ ત્રણેયને લાગે છે. ૨૯. અને એક એક ઈન્દ્રિયમાં તો બધાને તીવ્ર વેગ હોય છે. અને તેને અનુસારે પદાર્થમાં હેત થાય છે." ૩૦.

❋ જેવા દેશ-કાળાદિક સેવે, તેવો તેમાં સ્નેહ થાય છે :

ત્યારે વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું કે, "તો પછી ભગવાનના સ્વરૂપમાં તીવ્ર વેગે કરીને જીવને હેત કેમ થાતું નથી ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું કે, "દેશ, કાળ, ક્રિયા, ધ્યાન, શાસ્ત્ર, દીક્ષા, મંત્ર અને સંગ એ આઠના યોગે કરીને શુભ અથવા અશુભ આચરણ થાય છે. તેમાં કોઈ ફરક નથી. ૩૧-૩૩.

चोपाई :

तेही जो शुभ देश काल ताके, संगादिक प्राप्त होय वाके;
तब भगवान के विषे पण तिनकू, तिव्र वेग करीके जो इनकू...३४

स्नेह होवत रहेउ अपारा, भगवान बिन न लगत प्यारा;
कोटि ब्रह्मांड के वैभव ताकू, मल सम देखत रहेउ वाकू...३५

अरु जो अशुभ देशादिकहु के, जोग होवत रहाये इनुके;
तब भगवान बिन अन्य जेते, पदार्थ रहाये जोउ तेते...३६

दोहा : तामें प्रीत होत रहेउ, देशादिक जेसेउ;
तेसी मति होत हे जोउ, शुभ सेवना देखे तेउ...३७

તે જો શુભ દેશ, કાળ અને સંગાદિક પ્રાપ્ત થયા હોય તો ભગવાનને વિષે પણ તીવ્ર વેગે કરીને અપાર સ્નેહ થાય છે. અને ભગવાન વિના બીજું કોઈ પ્રિય લાગતું નથી. અને કરોડો બ્રહ્માંડના વૈભવ પણ તેને મળના જેવા તુચ્છ દેખાય છે. ૩૪-૩૫. અને જો અશુભ દેશાદિકનો યોગ થાય

તો ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ થાય છે. કારણ કે, દેશ-કાળાદિક જેવા હોય તેવી મતિ થાય છે. માટે શુભ દેશ-કાળાદિકને દેખીને તેનું સેવન કરવું." ૩૬-૩૭.

❋ બે પ્રકારના કાળનું વર્ણન :

ત્યારે ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું કે, "કાળ વિષમ હોય ત્યારે કેમ કરવું ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જ્યારે જે સ્થળમાં વિષમ કાળ હોય ત્યારે તે સ્થળેથી અન્ય સ્થળમાં તત્કાળ ભાગી જવું, પણ વિષમ કાળમાં કરોડ વાતે પણ ત્યાં રહેવું નહીં. ૩૮-૪૦. અને તે કાળ પણ સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપર અને કળિયુગ એવા રૂપે કરીને જેમ બહાર વર્તે છે તેમ પોતાના અંતરમાં પણ સદા વર્તે છે. તેમાં જ્યારે હૃદયમાં કળિયુગ વર્તતો હોય ત્યારે ભગવાનની મૂર્તિ અંતરમાં ધારવી નહિ, પણ બહાર નેત્રની આગળ મૂર્તિ ધારવી. આમ ધ્યાન કરીને મૂર્તિમાં જ એક તાન રાખવું. અથવા તો વારંવાર ઊંચેથી 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...' આ નામનું સ્મરણ કરવું. અથવા તો મૂર્તિનાં કીર્તન બોલવાં. કેમ જે, કળિયુગમાં તેને જ શ્રેષ્ઠ ભક્તિ કહી છે." ૪૧-૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું દસમું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર ચોવીશમું : તરંગ - ૧૯

લોયાનું દસમું વચનામૃત ચાલુ

❋ ત્રણ પ્રકારના વેગને જાણવાના ઉપાય :

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "જેનાં હૃદયમાં મંદ વેગ, મધ્યમ વેગ અને તીવ્ર વેગ વર્તતો હોય, તે કેમ જાણવો ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ૧-૨. જ્યારે ઇન્દ્રિયોમાં **મંદ વેગ** વર્તતો હોય ત્યારે નાની બાળકી, નવયૌવનવાળી સ્ત્રી તથા વૃદ્ધ સ્ત્રી એ ત્રણેયને વિષે

એકસમાન ભાવ રહે છે. કેમ જે, ત્યાં એકલી ઇન્દ્રિયની જ વૃત્તિ ગઈ છે, માટે તેમાં મંદ વેગ રહ્યો છે. અને જ્યારે ઇન્દ્રિયોને વિષે મન ભળે છે ત્યારે તે ત્રણેય પ્રકારની સ્ત્રીઓને દેખે તેમાં બાળકી અને વૃદ્ધ સ્ત્રીને જોઈને તો અયોગ્ય ઘાટ થતો નથી, પરંતુ નવયૌવનવાળી સ્ત્રીને જોઈને અયોગ્ય ઘાટ થાય છે અને વિકારને પામી જાય છે. કેમ જે, તેમાં મન મળેલું હોય છે. તેને **મધ્યમ વેગ** જાણવો. ૩-૭. અને જ્યારે ઇન્દ્રિયને વિષે મન અને જીવ આ બંને મળે છે ત્યારે તો ત્રણેય પ્રકારની સ્ત્રીને દેખીને એ ત્રણેય પ્રકારની સ્ત્રીને વિષે અયોગ્ય ઘાટ થાય છે ને વિકાર પામે છે. એટલું જ નહિ, પરંતુ પોતાની મા-બહેનને દેખીને પણ વિકાર થાય છે, તેને **તીવ્ર વેગ** જાણવો."

❋ જીવમાં દોષની શેડ પડે તો કોઈ વિકાર ન નડે :

પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "એ ત્રણ પ્રકારની સ્ત્રીઓને જોઈને તેની વિક્તિ જણાય તથા તેના રૂપ-કુરૂપ પણ જેવા હોય તેવા દેખ્યામાં આવે, તોપણ ક્યારેય વિકાર તો થાય નહીં. ત્યારે તેને કયો વેગ જાણવો ?" પછી શ્રીજીમહારાજ તે પ્રશ્ન સાંભળીને બોલ્યા જે, ૮-૧૨. "જે પદાર્થને અત્યંત દુઃખદાયી સમજીને મનન થયું હોય, પછી તે મનને કરીને તે પદાર્થને વિષે અત્યંત દોષ જણાય છે. તે દોષનો મનમાં વિચાર થઈને જીવમાં તે દોષ પ્રવેશ કરી જાય છે, અને જીવથી પર જે સાક્ષી-પરમાત્મા તે પણ તે દોષને પ્રમાણ કરે છે. તેણે કરીને એ દોષની અતિશય દૃઢતા થઈ છે. માટે પદાર્થને વિષે જ્યારે ઇન્દ્રિયની વૃત્તિ જાય છે ત્યારે તે વૃત્તિની ભેળું મન અને જીવ બંને આવે છે, તોપણ જીવમાં જે દોષની અતિશય દૃઢતા થઈ છે, તે દોષની શેડ(ધારા) મન અને ઇન્દ્રિયોને વિષે સોંસરવી નીકળે છે. તેણે કરીને તે પદાર્થ યથાર્થ દેખાય ને જાણ્યામાં આવે, તોપણ તેને વિશે અત્યંત અભાવ આવી જાય છે કે જે કહી શકાતો નથી. ૧૩-૧૯.

જેમ દૂધ-સાકરનું પાત્ર ભર્યું હોય અને તેમાં સર્પે લાળ નાખી હોય અને તે નાખતા દેખી હોય, પછી તે દૂધ પહેલાંના જેવું જ દેખાતું હોય તોપણ તેના ઉપર પીવાનો કશો ભાવ રહેતો નથી. કારણ કે એણે એમ જાણ્યું છે કે, આને જે પીવે તેના જરૂર તત્કાળ પ્રાણ જાય. તેમાં તલભાર

પણ કાંઈ ખોટું નથી. ૨૦-૨૨. તેમ જેને એવું સમજાયું હોય જે, **'આ રૂપવાન સ્ત્રી છે, તે કલ્યાણના માર્ગમાં અતિશય વિરોધી છે. અને આ લોક તથા પરલોકને વિષે પરમ દુઃખદાયક છે અને તે સ્ત્રીની પ્રાપ્તિ તો મને અનંતવાર થઈ છે, જેનો ગણતા પણ પાર આવે તેમ નથી.** કેમ જે પશુ, પક્ષી આદિકની યોનિમાં મેં અનંત જન્મ ધર્યા છે, ત્યાં પણ સ્ત્રીની પ્રાપ્તિ થઈ હતી. ૨૩-૨૫.

આ રીતે બ્રહ્માંડમાં જેટલી જાતની સ્ત્રી છે તેને ઘણી વાર પત્ની કરી છે. તે સ્ત્રી જ જમપુરી અને લખચોરાશીનો પાર આવવા દેતી નથી. અને હજી પણ જો હું પરમેશ્વરનું ભજન નહિ કરું તો અનંત નારીઓની પ્રાપ્તિ થશે. તે કાંઈ અત્યંત દુર્લભ નથી. અને ભગવાન તથા ભગવાનના સંતનો સંગ તે તો દુર્લભમાં પણ દુર્લભ છે. તેવું દુર્લભ તો બીજું કાંઈ નથી. અને તે દુર્લભ વસ્તુની પ્રાપ્તિને વિષે આ સ્ત્રી જ અતિશય પરમ વિઘ્નરૂપ છે. એ સ્ત્રીના જેવું તો બીજું કોઈ વિઘ્નરૂપ દેખાતું નથી, એમ જાણીને હૃદયમાં દોષની દૃઢતા થઈ છે. તેણે કરીને ગમે તેવી રૂપવાન સ્ત્રી દેખાય તોપણ વિકાર થતો નથી. દોષદૃષ્ટિ કેળવવામાં આવી વાત રહી છે. ૨૬-૩૧.

❋ જ્ઞાનની દૃઢતા થાય તો સર્વે વિકાર જાય :

અને વળી તેને વિષે અવિકારી રહ્યાનું બીજું પણ એક કારણ છે. જેમ જનક વિદેહી જેવા મોટા ભગવાનના ભક્ત રાજા હતા. તેઓ રાજ્યમાં રહેતા હતા અને રમણીય શબ્દાદિ પંચવિષયને ભોગવતા થકા પણ જ્ઞાનની દૃઢતાએ કરીને તેઓ નિર્વિકારપણે રહ્યા હતા. એટલું જ નહિ પરંતુ તેને દેખીને તો બધા દોષો પણ કંપતા હતા. ૩૨-૩૪. અને તે જનકના જેવા જે જ્ઞાની હોય તે પ્રેમથી આવો વિચાર કરે કે, **'હું આત્મા છું, શુદ્ધ છું, ચેતન છું, નિર્વિકારી અને સુખરૂપ છું, અવિનાશી અને અજર અમર છું. અને સ્ત્રી આદિક જે વિષય છે તે તો અતિશય દુઃખરૂપ છે, તુચ્છ છે, જડ છે તથા નાશવંત છે.'** આમ વિચાર કરીને કેવળ આત્મસ્વરૂપે રહે. ૩૫-૩૭. અને એક આત્મસ્વરૂપને જ સુખરૂપ જાણે, અને શબ્દાદિક વિષયમાં જે સુખ જેવું જણાય છે અને સારા જેવું જણાય છે તે તો આત્માને લીધે જ જણાય

છે. ૩૮-૩૯. અને આત્મા જ્યારે દેહમાંથી નીકળી જાય ત્યારે જેટલું સુખરૂપ હોય તે બધું ભૂંડું થઈ જાય છે. ૪૦. એવી રીતે પોતાના આત્માનો વિચાર કરે અને આત્મા થકી પણ પર જે પરમાત્મા રહ્યા છે. ૪૧.

चोपाई :

ताके विचार करे इस रीता, एसे माया से पर हि पुनिता;
शुद्ध आत्मा के ज्ञान ताके, में पाये तेहि संत यह वाके...४२
प्रतापे पाये हे जो जरुरा, अरु संत परमेश्वर के पूरा;
भक्त रहायेउ ज्ञान हि वाना, अरु परमेश्वर जेहि भगवाना...४३
तेही तोउ सर्वात्मा हि ऐसे, जेही ब्रह्म कहावत तैसे;
ताके पण यह आत्मा रहेऊ, अरु अक्षर जेहि कहावत तेऊ...४४
ताके पण यह आत्मा रहाते, अरु अनंतकोटि मुक्त जो कहाते;
ताके पण आत्मा हि रहावा, एसे जेही परब्रह्म कहावा...४५
परमात्मा नारायण तिनके, में जो ब्रह्मरूप एसे इनके;
दास जो ताके दास रहाता, इमि दृढ कर समझ वरताता...४६

તેનો પણ એવો વિચાર કરે જે, 'આવું જે માયાથી પર અને પુનિત શુદ્ધ આત્માનું જ્ઞાન હું પામ્યો છું, તે તો સંતના પ્રતાપથી જ પામ્યો છું. અને તે સંત તો પરમેશ્વરના પૂરા ભક્ત છે તથા જ્ઞાનવાન છે. અને જે પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ-મહાપુરુષ તેના પણ આત્મા છે. અને જે અક્ષર કહેવાય છે તેના પણ આત્મા છે. તથા અનંતકોટિ જે મુક્તો છે તેના પણ આત્મા છે. એવા જે પરબ્રહ્મ પરમાત્મા નારાયણ તેનો હું બ્રહ્મરૂપ એવો દાસનો પણ દાસ છું.' આવી તેને દઢ સમજણ રહે છે. ૪૨-૪૬. જેટલું જેને નિર્દંભ તથા નિષ્કપટ વર્તન અને સમજણ હોય છે, તે તેને પરલોકમાં આવીને તેટલી તરત સહાય કરે છે. ૪૭. જે લોકો દંભ અને કપટ રાખીને નિર્દંભ ભક્તો કરતાં અધિક અધિક જ્ઞાનાદિકની વાતો કરે છે, તેનું કહેલું જ્ઞાન સાંભળીને આ લોકમાં રહેલા મનુષ્યો તેને માને છે. ૪૮.

दोहा : ज्ञानादिक परलोक में, सहाय करत न तेह;
अंतरजामि जानत रहे, जेसे वरतन जेह...४९

जेसे बरतन हि जिनके, देखके तेसि रीत;
वरतन तेसे फल देत हे, अंतरजामि खचीत...५०

પરંતુ તેવા જ્ઞાનાદિક પરલોકમાં સહાય કરતા નથી. કેમ જે તેનું જેવું વર્તન હોય છે તેને અંતર્યામી પરમેશ્વર જાણતા હોય છે. ૪૯. અંતર્યામી પરમેશ્વર જેનું જેવું વર્તન હોય તેને દેખીને તે પ્રમાણે તેવું ફળ નિશ્ચિત આપે છે. ૫૦.

❋ આત્મા અને પરમાત્માનાં જ્ઞાનનું ફળ :

હવે ભગવાનનો મહિમા કઈ રીતે સમજવો ? તેની રીત કહું છું. ભગવાનનો યથાર્થ મહિમા તો ભાગવતના દશમ સ્કંધના વેદસ્તુતિના ગદ્યમાં કહ્યો છે. ૫૧-૫૨.

चोपाई :

एसी रीत पोताकेउ जेहू, स्वरूप हु के ज्ञान हि तेहू;
अथवा परब्रह्म जो ताके, स्वरूप के जिनकु ज्ञान वाके...५४

तिनकु गमे तेसे हि भारी, सुंदर विषय मिले सुखकारी;
पण तेहि करिके कबु तिनके, मन विकार न पावत इनके...५५

'द्युपतय एव ते न ययुरन्तमनन्ततया त्वमपि।' *(ભા. ૧૦/૮૭/૪૧)*

ઈત્યાદિક શ્રુતિઓએ ભગવાનનો અતિશય, અપાર મહિમા વારંવાર પ્રતિપાદન કર્યો છે. આવી રીતે પોતાના સ્વરૂપનું અને પરબ્રહ્મના સ્વરૂપનું જેને જ્ઞાન થયું છે તેને ગમે તેવા ભારે સુંદર સુખકારી વિષય મળે, તોપણ ક્યારેય તેનું મન લેશમાત્ર પણ વિકારને પામતું નથી. ૫૩-૫૫. અને અવશ્ય જે શબ્દાદિક વિષય ગ્રહણ કર્યા જોઈતા હોય તેને ગ્રહણ કરે, ૫૬. પણ તે ભક્ત ક્યારેય વિષયને આધીન થઈ જાય નહિ, સ્વતંત્રપણે વિષયને ગ્રહણ કરે. જેમ કરોળિયો પોતાની લાળને વિસ્તારીને પોતે ઈચ્છે ત્યાં સુધી બહાર રાખે છે અને પાછી સ્વતંત્રપણે તેને ગળવી ઘટે ત્યારે ગળી લે છે. ૫૬-૫૮.

चोपाई :

तिमी एसे ज्ञानी जो जिनही, पोते पोताकी इंद्रियु तिनही;
ताकी वृत्तिकु विषय हि तामें, घटित तितना प्रसारी वामें...५९

पाछे स्वतंत्रपने रहीता, संकेल लेवत वृत्ति चीत्ता;
अरु एसे ज्ञानी होय जाही, राज्य में होय पण जो ताही...६०

दोहा : वन तामें रहेउ तेही, अरु वन में हि जेहि;
तोउ पण ताकु राज्य से, अधिक आनंद एहि...६१
अरु एसे हि ज्ञानी तेहु, राज्य में रहे तोउ;
अरु हजारु मनुष्य यह, आज्ञा में रहे सोउ...६२

તેમ એવો જે જ્ઞાની ભક્ત તે પોતાની ઇન્દ્રિયોની વૃત્તિને વિષયમાં ઘટે તેટલી પ્રસારીને, પછી સ્વતંત્રપણે રહ્યો થકો તે વૃત્તિને ચિત્તમાં સંકેલી લે છે. ૫૯. અને એવો જે જ્ઞાની હોય તે રાજ્યમાં હોય તોપણ વનમાં છે. અને વનમાં રહ્યો હોય તોપણ તેને રાજ્ય કરતાં અધિક આનંદ હોય છે. ૬૦-૬૧. અને આવો જે જ્ઞાની તે રાજ્યમાં રહ્યો હોય અને હજારો મનુષ્ય તેની આજ્ઞામાં રહેતા હોય અને અપાર સમૃદ્ધિએ યુક્ત હોય, તેણે કરીને તે પોતાને લગાર પણ એમ ન માને કે, 'હું બહુ મોટો થઈ ગયો.' ૬૨-૬૩

અને રાજ્યનો નાશ થઈ જાય તથા મૃત્તિકાનું પાત્ર હાથમાં લઈને ઘેર ઘેર માગી ખાય. તેણે કરીને એમ ન માને જે, 'હું ઘણો ગરીબ થઈ ગયો.' કારણ કે, તેને આત્મા અને પરમાત્માનું જ્ઞાન થયું છે. તેથી તે પોતાને ગરીબ માનતો નથી, પરંતુ સદા આનંદના સાગરમાં ઝૂલતો રહે છે. તે તો જ્ઞાનના કેફમાં સદા મહા અલમસ્ત રહે અને ક્યારેય ગરીબપણું માનતો નથી. તેણે પોતાના સ્વરૂપનો અને ભગવાનના સ્વરૂપનો મહિમા યથાર્થ જાણ્યો છે; તે માટે તેને સોનું, કચરો, લોઢું અને પાષાણ એ બધામાં સમબુદ્ધિ વર્તે છે. ૬૪-૬૮. તથા માન અને અપમાનમાં પણ સમબુદ્ધિ વર્તે છે. અને એવો જે જ્ઞાની તેને કોઈ પદાર્થ બંધન કરવા સમર્થ થાતા નથી. કારણ કે તેની દૃષ્ટિ તો અતિશય મોટી થઈ ગઈ છે કે જેનાથી બીજી કોઈ મોટાઈ નથી. ૬૯-૭૦. અને તેણે કરીને તે જેટલા માયિક પદાર્થ હોય છે તેને તુચ્છ દેખે છે.

જેમ કોઈ પુરુષ પહેલાં કંગાળ હોય અને પછી જ્યારે તેને રાજ્ય મળે ત્યારે તેની દૃષ્ટિ ઘણી મોટી થઈ જાય છે. અને પહેલાં તો તે લાકડાંના ભારા

વેચી ખાતો હોય ૭૧-૭૨. તથા બીજા તુચ્છ કામોને કરતો હોય, તે બધું દુઃખ તે વીસરી જાય છે. અને મોટાં મોટાં જે રાજ્યસંબંધી અપાર કામકાજ, તેને કરવા લાગે છે. અને તેની ઘણી લાજ-આબરૂ વધે છે. ૭૩-૭૪.

તેમ આવો જે જ્ઞાની ભક્ત તેને બધાં જ પદાર્થમાત્ર તુચ્છ થઈ જાય છે. અને તેને એવા જ્ઞાનને વિષે વિશાળ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. એવી રીતે જે સમજ્યો છે તે બહુ સુખિયો છે. તથા જે વિશ્વાસી હોય, ૭૫-૭૬.

छंद हरिगीत :

केते इमि समझत रहे एसे बडे संत ही;
तथा भगवान बात करत हे इमि रहे खचीत ही;
पण यामें कछु संशय नहि इमि समझे तिनही;
भगवान संत कहे तिमि करन लगे इनही...७७

કહેતાં જે એમ સમજતા હોય કે, 'આવા મોટા સંત તથા ભગવાન તે જે વાત કહે છે તે ચોક્કસ એમ જ છે, પણ તેમાં કાંઈ સંશય નથી.' એમ સમજીને તે ભગવાન તથા સંત જેમ કહે તેમ કરવા લાગે, ૭૭. એ બે જણ જ સુખિયા થાય છે. અને એ વિના જે બીજા છે તે ક્યારેય સુખી થાતા નથી. ત્યાં શ્લોક છે કે,

यश्च मूढतमो लोके यश्च बुद्धेः परं गतः।
तावुभौ सुखमेधेते क्लिश्यत्यन्तरितो जनः॥

(ભાગવત : ૩/૭/૧૭)

અને બીજો શ્લોક ભગવદ્‌ગીતામાં કહ્યો છે કે,

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते॥

(ગીતા : ૨/૫૯)

આ શ્લોક પણ તે વાતની જ પુષ્ટિ કરે છે. ૭૮.

छंद मोतीदाम :

एसी रीत जाकि अलोकिक जाहि, दृष्टि होवत हि रहायेउ ताहि;
ताकु परमेश्वर बिन हि जेहु, सब हि पदार्थ जितने जो तेहु...७९

એવી રીતે જેની અલૌકિક દૃષ્ટિ થઈ જાય છે તેને પરમેશ્વર વિના સર્વે પદાર્થ તુચ્છ થઈ જાય છે. અને આ બે શ્લોક કહ્યા તેનો પણ એકસરખો ભાવ છે. તેથી આ વાત પ્રેમથી અમે કહી છે.” ૭૯-૮૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં “લોયાનું દસમું વચનામૃત ચાલુ કહ્યું” એ નામે ઓગણશીમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર ચોવીશમું : તરંગ - ૨૦

લોયાનું દસમું વચનામૃત ચાલુ

❋ આશરાવાળાને માયા સુખરૂપ છે :

પછી મુક્તાનંદ સ્વામીએ બે હાથ જોડીને ચિત્તનું આકર્ષણ કરનારા શ્રીજીમહારાજને કહ્યું કે, “હે મહારાજ ! હવે તમે જે પ્રશ્ન પૂછવા ધાર્યો હતો તે પૂછો. અમે તે સાંભળીએ અને તેનો ઉત્તર અમને જેવો સૂઝશે તેવો કરશું. આપ તો અજેય છો, તે આપનાં વચનમાં દેખાઈ આવે છે.” ૧-૩. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, “માયામાં તે કેવળ દુઃખ જ રહ્યું છે કે સુખ પણ કાંઈક રહ્યું છે ? એ પ્રશ્ન છે. હવે તમે તેનો ઉત્તર કરો.” પછી મુક્તાનંદ સ્વામીએ તે વખતે ઉત્તર કર્યો કે, “માયા તો કેવળ દુઃખદાયી છે, તેમ દેખાય છે.” પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, “માયામાંથી ઊપજ્યા એવા જે સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ, તેમાં જે સત્ત્વગુણ છે તે તો સુખરૂપ કહેવાય છે. તથા શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે, **‘सत्त्वं यद् ब्रह्मदर्शनं’** *(ભાગવત : ૧/૨/૨૪)* સત્ત્વગુણ તો પરબ્રહ્મનું દર્શન કરાવનારો છે. તથા સત્ત્વગુણની સંપત્તિ તે જ્ઞાન, વૈરાગ્ય, વિવેક અને શમ-દમાદિક સાધન છે. એવી જે માયા તે કેવી રીતે દુઃખરૂપ કહેવાય ? અને વળી ભાગવતના એકાદશસ્કંધમાં તેના ઉપર શ્લોક કહ્યો છે કે,

विद्याविद्ये मम तनू विद्ध्युद्धव ! शरीरिणाम्।
मोक्षबन्धकरी आद्ये मायया मे विनिर्मिते।।

(ભાગવત : ૧૧/૧૧/૩)

માટે નિશ્ચિત રૂપમાં મોક્ષ કરે એવી જે વિદ્યારૂપ માયા તે કઈ રીતે દુઃખદાયી કહેવાય ?" ૪-૧૦. પછી એ પ્રશ્નને સાંભળીને મુક્તાનંદ સ્વામી આદિક પરમહંસ સર્વે બોલ્યા જે, "હે મહારાજ ! એનો ઉત્તર અમારાથી થાય નહીં. માટે હે પ્યારા શ્રીહરિ ! આપ જ કૃપા કરીને ઉત્તર કરો." ૧૧-૧૨.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેમ યમરાજાનું જે સ્વરૂપ છે તે પાપી જીવને અતિશય ભયાનક અને વિકરાળ દેખાય છે. તથા જેનાં હૃદયમાં દયા જ ન હોય એવું નિર્દય જણાય છે. ૧૩-૧૪ તથા મોટા મોટા દાંત ને મોટું મુખ ભયાનક લાગે છે. તેનું રૂપ અતિશય બળવાન, કાજળના જેવું કાળું તથા પર્વતના જેવું મોટું અને કાળના સમાન ભયાનક એવું મહા દુઃખરૂપ દેખાય છે. ૧૫-૧૬.

અને જે પુણ્યવાળા જીવ હોય તે તો પાપથી ડરતા રહે છે. અને કોઈ પણ જાતની અધર્મની વાતમાં ક્યારેય પગ મૂકતા નથી. જેના હૃદયમાં દયા, કૃપા અને કરુણા ભરી હોય તેઓ કોઈને દુઃખિયો દેખીને અંતરમાં દુઃખ પામે છે, તથા થઈ શકે તેટલો બીજા ઉપર ઉપકાર કરતા રહે છે. જેને અન્ન-વસ્ત્ર ન મળતાં હોય એવો માણસ ગમે તે જાતિનો હોય, તોપણ જ્યારે તે માગવા આવે તે સમયે પુણ્યશાળી મનુષ્ય પોતાની સંપત્તિ પ્રમાણે તેને આપે છે. ૧૭-૧૯. અને જે લોકો નિષ્કપટ થઈને ભગવાનને શરણે થાય છે તેને કરોડો યજ્ઞ કરતાં પણ કરોડગણું ફળ મળે છે. આવી રીતના જે પુણ્યશાળી જીવો છે તેને યમરાજા ઓળખતા હોય છે.

આવી રીતે જે જીવ પાપથી ડરતા હોય તેવા જીવને યમરાજા પોતાનું અતિશય સુખરૂપ વિષ્ણુના જેવું રૂપ જણાવે છે. અને ઘણી કરુણાથી ભર્યા દેખાય છે તથા દયાના સિંધુ જણાય છે. ૨૦-૨૨. તેને યમરાજા બ્રહ્માંડમાં કોઈ દયાળુ ન હોય તેવા દયાળુ દેખાય છે. જેમ માતા-પિતા બાળકનું પાલન-પોષણ કરે છે, તેમ દયાવાળા અને ધર્મવાળા જીવની યમરાજા રક્ષા કરે છે. તેમ માયા છે તે જે ભગવાનથી વિમુખ છે તેને તો અત્યંત બંધન કરનારી છે અને વારંવાર અતિશય દુઃખદાયી છે. ૨૩-૨૫.

दोहा : अरु भगवान के भक्त रहे, निष्कपट जेही होइ;
माया अति सुखदाई रहे, तेसेकु जो सोइ...२६

सोरठा : अरु माया हि ताके, कार्य इंद्रियु अंतःकरण;
देवता रहे वाके, तेही सब हि भगवान की...२७

भक्ति ताकु हि तेहि, अति यह पुष्ट करत रहे;
माटे भगवान के जेहि, भक्तकु माया दुःख न देत कबु...२८

चोपाई :

भगवान के भक्त रहे ताकू, माया परम सुखदाई रहे वाकू;

અને જે નિષ્કપટ ભગવાનના ભક્ત છે તેને માટે તો એ માયા અતિશય સુખદાયી છે. અને માયાનું કાર્ય ઈન્દ્રિયો-અંતઃકરણ અને દેવતા તે બધા તો ભગવાનની ભક્તિને અતિ પુષ્ટ કરે છે. માટે ભગવાનના ભક્તને તો માયા ક્યારેય દુઃખ દેતી નથી. ૨૬-૨૮. ભગવાનના ભક્તને માટે તો માયા પરમ સુખદાયી છે."

✵ પૂર્ણ આશરાવાળાને માયા દુઃખ દેવાં સમર્થ થતી નથી :

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "જ્યારે માયા સુખદાયક છે ત્યારે પરમેશ્વરનો ભક્ત હોય, તે ભગવાનની મૂર્તિને હૃદયમાં ધારીને ભજન કરવા બેસે છે, ત્યારે એને અંતઃકરણરૂપ માયા તે સંકલ્પ-વિકલ્પરૂપે કરીને વારંવાર દુઃખ કેમ દે છે ?" ૨૯-૩૧.

पिछे श्रीजिमहाराज जेहू, बोलत भये मुनि प्रति तेहू;
जिनकु भगवान जोउ ताके, माहात्म रहाय जेसे वाके...३२
परिपक्व समझत जो रहाये, अति दृढ भगवान के ताये;
आश्रय होय तिनकु ही जोऊ, अंतःकरणरूप माया सोऊ...३३
दुःख नहीं तेहि देत रहाते, भक्त की सहाय रहत कराते;
अरु जिनकु दृढ आश्रय तामें, जितना फेर रहाये यामें...३४

પછી શ્રીજીમહારાજ મુનિઓના પ્રત્યે બોલ્યા જે, **"જેને જેમ છે તેમ ભગવાનનું માહાત્મ્ય પરિપક્વપણે સમજીને અતિશય ભગવાનનો દૃઢ આશ્રય હોય, તેને તો અંતઃકરણરૂપ માયા દુઃખ દેતી નથી, પરંતુ તે તો ભક્તની**

સહાય કરે છે. અને જેને એવા દૃઢ આશ્રયમાં જેટલો ફેર હોય તેને તેટલું દુઃખ દે છે. જેમ કાચા-પોચા હરિભક્ત હોય તેને કુસંગી લોકો ડગાવવા માટેનો આગ્રહ કરતા રહે છે, ૩૨-૩૫. પણ જે પાકો હરિભક્ત હોય તેને ડગાવવાની તે લગાર પણ લાલચ રાખતા નથી. અને તે સાંભળે તે રીતે ક્યારેય કોઈ કુસંગી સત્સંગનું ઘસાતું પણ બોલી શકે નહિ, તે વાત નક્કી છે. ૩૬-૩૭. તેમ જેને એવો પરમેશ્વરનો આશરો પરિપક્વ થયો હોય તેવા ભક્તને ડગાવવાની લાલચ અંતઃકરણરૂપ માયા રાખે નહીં. ઊલટી તેની ભક્તિમાં પુષ્ટિ કરવા માટે દિવસે દિવસે ઘણા પ્રેમથી તત્પર થઈને રહે છે. ૩૮-૪૦.

અને જેના જીવમાં એવા ભગવાનના આશરા વિષે કાંઈક કાચપ હોય, તો તેને ડગાવવાને માટે માયા વિવિધ પ્રકારે દુઃખ દે છે કે જેનો કહેતા પાર આવતો નથી. અને જ્યારે એના જીવમાં કોઈ દિ છૂટે નહીં એવો દૃઢ આશ્રય થાશે, અને એવો ભગવાનનો પરિપક્વ આશ્રય કરશે, ત્યારે એને ડગાવવાને માટે માયા ક્યારેય સમર્થ નહિ થાય. આવી તો ઘણી વાતો છે. માટે તમારા પ્રશ્નનો એ જ ઉત્તર છે જે,

दोहा : जाकु भगवान तिनके, परिपक्व हि एसेउ;
निश्चय रहाये तिनकु, कोउ रीत्य कर तेउ...४५
माया दुःख हि दीनेकु, समर्थ न होत रहात;
एसे रहेउ बात एहि, कहेउ यह साक्षात...४६

જેને ભગવાનનો એવો પરિપક્વ નિશ્ચય છે તેને કોઈ રીતે માયા દુઃખ દેવાને માટે ક્યારેય સમર્થ થાતી નથી. એવી આ વાત પ્રગટ પ્રમાણ રહી છે. તે અમે કહી.” ૪૧-૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં “લોયાનું દસમું વચનામૃત પૂરું થયું” એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર ચોવીશમું : તરંગ - ૨૧

લોયાનું અગિયારમું વચનામૃત

(સં.૧૮૭૭ના) માગશર વદિ આઠમને દિવસ મહાન અને પરમ સુખના મૂળરૂપ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરા ખાચરના દરબારમાં પ્રાતઃકાળે મંચ ઉપર વિરાજમાન હતા. ૧-૨. અને પોતાના અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૩-૪.

❋ અસત્પુરુષની સમજણ :

પછી શ્રીજીમહારાજને શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો કે, "શ્રીમદ્ભાગવત' તથા 'ભગવદ્ગીતા' એ આદિક જે સચ્છાસ્ત્ર તે થકી અસત્પુરુષ કેવી સમજણને ગ્રહણ કરે છે ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "આ પ્રશ્નનો ઉત્તર જેવો છે તેવો અમે કહીએ છીએ. જે અસત્પુરુષ છે તે સચ્છાસ્ત્રમાંથી જેવી રીતે સમજે છે તે રીતને અમે હવે કહીએ છીએ. તે એમ સમજે છે જે, આ વિશ્વને વિષે સ્થાવર-જંગમરૂપ એવી જે સ્ત્રી-પુરુષની સર્વે આકૃતિઓ છે તે વિરાટરૂપ એવા જે આદિપુરુષ નારાયણ, તેના થકી માયાએ કરીને વિવિધરૂપે ઉત્પન્ન થઈ છે. માટે એ સર્વે આકૃતિઓ છે તે નારાયણની જ છે.

અસત્પુરુષો એમ કહી વળી કહે છે જે, જે મુમુક્ષુ મોક્ષને ઈચ્છતો હોય તેણે પહેલાં તો પોતાના મનને વશ કરવું, અને એવી જે વાત હોય તેને અનુસરવું. તે મન સ્ત્રી તથા પુરુષરૂપ એવી ઉત્તમ-નીચ જે જે આકૃતિઓ તેને વિષે જ્યારે ચોંટે ત્યારે તેનાથી કોઈ અધિક ન દેખાય, અને જ્યારે તેમાં દૃઢપણે કરીને આસક્ત થાય ત્યારે મનને વિષે તે આકૃતિનું ધ્યાન કરવું. ૫-૧૪. તો એને સદ્ય સમાધિ થાય. અને તે આકૃતિને વિષે મન જો દોષને કલ્પે, તો તેમાં બ્રહ્મની ભાવના લાવવી જે, 'સમગ્ર જગત છે તે બ્રહ્મ છે.' એમ વિચાર કરીને સંકલ્પને ખોટો કરવો. આવી રીતે જે સચ્છાસ્ત્રમાંથી અનુભવનું ગ્રહણ કરવું તે અસત્પુરુષની સમજણ છે. અને એમ સમજવું એ એના મનનો અતિ દુષ્ટ ભાવ છે. અને તેનું ફળ અંતકાળે ઘોરતમ નરક છે અને તે વારંવાર સંસૃતિનાં દુઃખને પામે છે, જે કહી શકાતું નથી." ૧૫-૧૯.

❋ સત્પુરુષની સમજણનું વર્ણન :

ત્યારે વળી શુકમુનિએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "એ સચ્છાસ્ત્રમાંથી સત્પુરુષ હોય છે તે કેવી સમજણનું ગ્રહણ કરે છે ?" ત્યારે શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા કે, "એ સચ્છાસ્ત્રને વિષે જ એ પ્રશ્નનો ઉત્તર જે રીતે કર્યો છે તેને હું તે રીતે કહું છું. એક પુરુષોત્તમનારાયણ વિના બીજા જે અનેક ભવ, બ્રહ્માદિક મોટા દેવ રહ્યા છે તેનું ધ્યાન જે મોક્ષને ઈચ્છતો હોય તેણે કરવું નહીં. મોક્ષભાગી જીવો માટે આ વાત કહી છે. ૨૦-૨૩. અને મનુષ્યને વિષે તથા દેવતાઓને વિષે પુરુષોત્તમનારાયણની જે રામ-કૃષ્ણાદિક મૂર્તિઓ છે તેનું ધ્યાન કરવું. તેણે કરીને તેનો ઉદ્ધાર થાય છે. અને તેને વિષે પણ જે મોક્ષના ખપવાળા ડાહ્યા-બુદ્ધિશાળી છે તે, ૨૪-૨૫. જે સ્થાનકમાં એ રામ-કૃષ્ણાદિક ભગવાનની મનુષ્યરૂપ મૂર્તિ રહી હોય, તે સ્થાનકને વિષે પણ વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ અને બ્રહ્મપુર આદિક લોકની ભાવના કરે છે. અને તે સ્થાનકોને વિષે રહ્યા જે પાર્ષદ તેની ભાવના પણ રામ-કૃષ્ણાદિકના પાર્ષદ જે હનુમાનજી-ઉદ્ધવાદિક તેને વિષે કરે છે. ૨૬-૨૯.

અને કરોડો કરોડ સૂર્ય તથા ચંદ્રના પ્રકાશ જેવી અપાર પ્રકાશમાન, એવી તે લોકોને વિષે રહેલી આ પુરુષોત્તમનારાયણની દિવ્ય સુંદર મૂર્તિઓ, તેની ભાવના રામ-કૃષ્ણાદિકને વિષે કરે છે. ૩૦-૩૧. એવી રીતે જે સચ્છાસ્ત્રમાંથી સમજણનું ગ્રહણ કરીને દિવ્યભાવે સહિત મનુષ્યરૂપ ભગવાનની મૂર્તિનું ચિત્તમાં ધ્યાન કરે છે, તેને ભગવાનના અવતારની મૂર્તિઓ તથા તે સિવાય અન્ય આકાર, તે બંનેને વિષે સમભાવ થાય જ નહીં. અને ભગવાનના અવતારોની મૂર્તિઓ તો અપાર છે. ૩૨-૩૪. અને તે ભગવાનની મૂર્તિઓ તો સદા દ્વિભુજ જ છે. અને તેને વિષે ચારભુજની ભાવના, અષ્ટભુજની ભાવના કહી છે, તે પણ ભગવાનની મૂર્તિ અને તે સિવાયના અન્ય આકાર, તે બેમાં અવિવેકી પુરુષોને સમભાવ થઈ જાય છે તેની નિવૃત્તિને માટે કહી છે. ૩૫-૩૬.

चोपाई :

अरु जेसी भगवान की जेहू, मूर्ति पोताकु मिलेउ तेहू;
ताके ज ध्यान करना एका, जाकु रहाये परम विवेका...३७

दोहा : अरु आगे भगवान के, अवतार हो गयेउ;
तेही मूर्ति के ध्यान जो, करत नहीं कबु तेउ...३८

पोताकु जो भगवान की, मूर्ति मिलेउ ताके;
विषे ज पतिव्रता की जो, टेक रखत हे वाके...३९

અને જેને પરમ વિવેક હોય તેવા ભક્તે પોતાને ભગવાનની જેવી મૂર્તિ મળી હોય, તેનું જ એક ધ્યાન કરવું. ૩૭. અને પૂર્વે જે ભગવાનના અવતાર થઈ ગયા હોય તેની મૂર્તિનું ધ્યાન પરમ વિવેકી ક્યારેય કરે નહીં. ૩૮. અને પોતાને જે ભગવાનની મૂર્તિ મળી હોય તેને વિષે જ પતિવ્રતાની જેમ ટેક રાખે છે. જેમ પાર્વતીએ કહ્યું હતું કે, 'કોટી જન્મ લગ રગડ હમારી, વરું શંભુ કે રહું કુમારી.' એવી રીતે પતિવ્રતાપણાની દૃઢ ટેક જે રાખે છે તે ભગવાનના ખરા ભક્ત છે. ૩૯-૪૧.

અને તે પતિવ્રતાની ટેક તે પણ ભગવાનનું જે અનુપમ રૂપ અને અન્ય જીવનું જે રૂપ, તે બંનેને વિષે અવિવેકી મનુષ્યને સમભાવ થઈ જાય છે તેની નિવૃત્તિને માટે કહી છે. કારણ કે, પોતાને મળી જે મૂર્તિ તેને મૂકીને પૂર્વે જે અપાર પરોક્ષ અવતાર થયા છે તેનું જો ધ્યાન કરે, તો તે ભગવાન સિવાય અન્ય બીજા જે દેવ, મનુષ્યાદિક આકાર તેનું પણ ધ્યાન કરે. માટે પતિવ્રતાના જેવી ટેક રાખવાની કહી છે, પણ ભગવાનની મૂર્તિઓને વિષે લગાર પણ ભેદ નથી. આવી રીતે જે સત્પુરુષ છે તે સચ્છાસ્ત્રમાંથી સમજણને નિર્ધારિત ગ્રહણ કરે છે. માટે જે **સચ્છાસ્ત્રનું શ્રવણ કરવું તે સત્પુરુષ થકી જ કરવું, પણ અસત્પુરુષ થકી સચ્છાસ્ત્રનું શ્રવણ ક્યારેય કરવું નહીં."** ૪૨-૪૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું અગિયારમું વચનામૃત કહ્યું" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર ચોવીશમું : તરંગ - ૨૨

લોયાનું બારમું વચનામૃત

(સં.૧૮૭૭ના) માગશર વદિ નવમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં મંચ ઉપર રાખેલા પલંગ ઉપર રાત્રિને સમયે વિરાજમાન હતા. ૧-૨. અને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી. તેની અદ્‌ભુત શોભા થઈ હતી. અને બીજાં બધાં શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને તે વખતે પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી, તેની એવી સુંદર શોભા બની હતી કે તે કહી શકાતી નથી. ૩-૫.

❋ છ પ્રકારના નિશ્ચયના ભેદોનું વર્ણન :

પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, “ભગવાનનો નિશ્ચય બે પ્રકારનો છે. એક **સવિકલ્પ** કહેવાય છે અને બીજો **નિર્વિકલ્પ** કહેવાય છે. અને તે બંનેમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા ત્રણ પ્રકારના ભેદ છે. તે બંને મળીને છ ભેદ થયા, તેનાં લક્ષણ તમે પૃથક્ પૃથક્ કરીને કહો.” ૬-૮. પછી તે પ્રશ્નનો ઉત્તર જેવો હતો તેવો પરમહંસોથી થયો નહિ, ત્યારે શ્રીજીમહારાજ મુનિઓના પ્રત્યે બોલ્યા જે, “સવિકલ્પ નિશ્ચયમાં **કનિષ્ઠ** ભેદ કહું છું જે, ભગવાન જ્યારે અન્ય મનુષ્યની સમાન કામ, ક્રોધ, લોભ, સ્વાદ અને માન ઈત્યાદિકને વિષે જ્યાં સુધી પ્રવર્તે ત્યાં સુધી ભગવાનનો નિશ્ચય રહે, પણ જો તેથી વધારે તે દોષોમાં પ્રવર્તે તો લગાર પણ નિશ્ચય રહે નહીં. આ રીતે નિશ્ચયનો **કનિષ્ઠ** ભેદ કહ્યો.

હવે **મધ્યમ** ભેદને કહું છું જે, મનુષ્ય કરતાં બમણા કામાદિકને વિષે પ્રવર્તે ત્યાં સુધી પણ નિશ્ચય રહે. અને હવે **ઉત્તમ** ભેદને કહું છું. ભગવાન ગમે તેવું નીચ જાતિની પેઠે આચરણ કરે તથા મદ્ય, માંસ, પરસ્ત્રી, ક્રોધ, હિંસા ઈત્યાદિક ગમે તેવું આચરણ કરે, તોપણ સંશય થાય નહીં. કેમ જે, ‘એ ભક્ત ભગવાનને એમ જાણે જે ભગવાન તો સર્વના કર્તા છે.’ ૯-૧૬. અને જે પરમેશ્વર છે તે સર્વેના ભોક્તા છે. માટે જે જે ક્રિયાઓ પ્રવર્તે છે

તે અન્વયપણે નિયંતારૂપે કરીને સહુને વિષે અનુપમ રૂપમાં રહ્યા એવા જે ભગવાન તે થકી જ પ્રવર્તે છે. ૧૭-૧૮. તો એ તો કાંઈક થોડીક એવી જે નીચ જેવી ક્રિયા કરી તેણે કરીને એમને કાંઈ બાધ કે દોષ હોતો નથી. કારણ કે એ ભગવાન તો સર્વ કર્તા છે અને તેનાથી પર કોઈ સમર્થ કહેવાતું નથી.' એવી રીતે ભગવાનને વિષે અપાર સર્વેશ્વરપણું જાણે છે. માટે એને ઉત્તમ સવિકલ્પ નિશ્ચયવાળો ભગવદ્ભક્ત કહીએ. આ વાત જેવી હતી તેવી કહી. ૧૯-૨૧.

અને હવે નિર્વિકલ્પ નિશ્ચયમાં કનિષ્ઠ ભક્તની વાત કહું છું. તે ભક્ત ભગવાનને સર્વ શુભ-અશુભ ક્રિયા કરતાં દેખે તોપણ એમ સમજે કે, **'ભગવાન સર્વ ક્રિયાને કરે છે તોપણ તે અકર્તા છે. કેમ જે, એ ભગવાન તો બ્રહ્મરૂપ રહ્યા થકા કરે છે.** ૨૨-૨૩. તે બ્રહ્મ કેવું છે ? તો આકાશની જેવી તેની રીત છે. સર્વેને વિષે એકરસ રહ્યું છે. અને સર્વની તમામ ક્રિયાઓ તેને વિષે જ થાય છે. છતાં તે અવિકારી જ છે.'

એવું જે બ્રહ્મપણું તે ભગવાનને વિષે જાણે છે. ૨૪-૨૫. જેમ રાસપંચાધ્યાયીમાં શુકજીના પ્રત્યે પરીક્ષિત રાજાએ પ્રશ્ન પૂછ્યો હતો કે, 'ધર્મરક્ષક ભગવાનનો જે અવતાર તેણે પરદારાનો સંગ કેમ કર્યો ?' ત્યારે તેનો ઉત્તર શુકદેવજીએ કર્યો કે, 'શ્રીકૃષ્ણ તો અગ્નિના સમાન તેજસ્વી છે. ૨૬-૨૮. તેણે કરીને તેઓ જે જે શુભ-અશુભ ક્રિયાઓને કરે છે તે સર્વે ભસ્મ થઈ જાય છે.' એવી રીતે ભગવાન નિર્લેપ છે. આવા પરમાત્માને તે ભક્ત પરમ અનુપમ બ્રહ્મરૂપ જાણે છે, તે કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. ૨૯-૩૦. અને શ્વેતદ્વીપને વિષે છ ઊર્મિએ રહિત એવા નિરન્નમુક્ત જેવો તે ભક્ત પોતે થઈને શ્રીકૃષ્ણ ભગવાનની જે ઉપાસના કરે તેને મધ્યમ પ્રકારના નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. ૩૧-૩૨.

चोपाई :

अरु अष्टावरण जुक्त ऐसा, कोटि कोटि ब्रह्मांड तैसा;
अक्षर ताके विषे हि तेही, अणु ताकी रित्य जोउ एही...३३

जनात रहाये एसी रीता, पुरुषोत्तम ताके तिस रीता;
धामरूप अक्षर जो जेहा, तेही रूप पोते होय तेहा...३४
पुरुषोत्तम की उपासन करही, तेहि उत्तम निर्विकल्प रहही;

અને અષ્ટ આવરણોએ યુક્ત એવા કરોડો કરોડ બ્રહ્માંડો જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે; એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ."

❋ નિશ્ચયના ભેદ પડવાનું કારણ :

ત્યારે ચૈતન્યાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, ૩૩-૩૫. "હે મહારાજ ! એવી રીતે જે નિશ્ચયના ભેદ થયા, તે શાથી થયા છે ?" પછી કૃપાળુ શ્રીજીમહારાજ તત્કાળ જ બોલ્યા જે, ૩૬. "જ્યારે મુમુક્ષુ પ્રથમ ગુરુની પાસે આવે ત્યારે વક્તા જે ગુરુ, તેમાં દેશ, કાળ, સંગ, દીક્ષા, ક્રિયા, મંત્ર અને શાસ્ત્ર ઈત્યાદિકનું જે શુભ-અશુભપણું, તથા પોતાની જે શ્રદ્ધા તેનું જે મંદ-તીક્ષ્ણપણું, તેણે કરીને એવા ભેદ પડી જાય છે. ૩૭-૩૯.

માટે **સારા દેશ-કાળાદિકને સેવવા, તથા વક્તા પણ સુધો શાંત હોય અને તેમાં કોઈ દોષ ન હોય, તેવે સમયે તેની પાસેથી જ્ઞાન અતિશય ભાવે સહિત સાંભળવું, અને તેનું વારે વારે મનન કરવું."** ૪૦-૪૧. ત્યારે વળી ચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું કે, "કદાચિત્ કોઈ યોગે કરીને કનિષ્ઠ પ્રકારનો નિશ્ચય થયો હોય તો તે ફરીને ઉત્કૃષ્ટ નિશ્ચય થાય કે ન થાય ? તે કહો."

छंद परधरी :

तब हि श्रीजीमहाराज जाउ, बोलत भयेउ श्रोताकु ताउ...४३
उत्कृष्ट श्रद्धा उपजे जेहु, तथा देशादिक अछे जो तेहु;
प्राप्त होय तिन करीके ताहि, तथा उत्कृष्ट ज्ञान हि जाहि...४४

दोहा : वक्ता मीले जो जब यह, सर्वोत्कृष्ट जो जेहु;
निश्चय होय निश्चय कर, का जन्मांतर तेहु...४५
करीके उत्कृष्ट जोउ, निश्चय होत रहेउ;
ऐसे रहेउ बात यह, कहे तुमकु हि तेउ...४६

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે તથા સારા દેશ-કાળાદિક પ્રાપ્ત થાય તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળા વક્તા મળે તો તેને સર્વોત્કૃષ્ટ નિશ્ચય ચોક્કસ થાય છે, નહિ તો જન્માંતરે કરીને ઉત્કૃષ્ટ નિશ્ચય થાય. આ વાત તો આવી છે, તે મેં તમને કહી.” ૪૨-૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં “લોયાનું બારમું વચનામૃત કહ્યું” એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર ચોવીશમું : તરંગ - ૨૩

લોયાનું તેરમું વચનામૃત

(સં.૧૮૭૭ના) માગશર વદિ દશમીને દિવસ પ્રાતઃકાળને સમયે શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરા ખાચરના દરબારમાં મંચ પરના પલંગ ઉપર આવીને વિરાજમાન થયા હતા. તે સમયે મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો અને બીજા શ્વેત ફેંટાએ કરીને બોકાની વાળી હતી. અને તે સમયે ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી તથા શ્વેત ખેસ પહેર્યો હતો, તથા શ્વેત ચોફાળ ઓઢ્યો હતો. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

✵ રહે હરિચરણમાં મગન, તેને ન નડે કોઈ વિઘન :

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “જે તમે મોટા મોટા પરમહંસ છો તે બધા પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો.” ત્યારે ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ૧-૭. “કેવો પુરુષ હોય કે જેનો દેશ, કાળ તથા ક્રિયા આદિકે કરીને ક્યારેય પરાભવ ન થાય ? અને કેવો હોય તેનો પરાભવ થાય ? અને સાંભળ્યામાં તો એમ આવે છે કે, ‘બ્રહ્મા જેવા મોટાને પણ સરસ્વતીને દેખીને મોહ થયો હતો અને દેવ હોવા છતાં પશુ સમાન થઈ ગયા હતા. ૮-૯. અને શિવજીને પણ મોહિનીનાં દર્શને કરીને તરત જ મોહ થયો. તો આ કેમ સમજવું ? માટે વિચારીને ઉત્તર કરો. કેમ જે,

એવા મોટાને પણ દેશ-કાળાદિકે કરીને પરાભવ થયો. વળી, ઈન્દ્ર, ચંદ્રાદિક જેવા બીજા પણ કેટલાયનો પરાભવ થયો હતો તેનો ગણતા પાર આવતો નથી.” ૧૦-૧૧.

પછી તેનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામી કરવા લાગ્યા, પણ થયો નહીં. ૧૨. પછી શ્રીજીમહારાજ અતિશય પ્રસન્ન થઈને જે રીતે તેનો ઉત્તર હતો તે રીતે કરવા લાગ્યા જે, ૧૩.

दोहा : नाडी प्राण संकेले हु, निर्विकल्प दृढ जेहु;
स्थितियें करिके सिद्ध जो, भयेउ जोगी हि तेहु...१४
श्रीनारायण तिनकेउ, चरणारविंद मांहि;
रहे होय तोउ तुछ जो, जेसे जीव हि ताहि...१५
सोरठा : ताकु पण को रीत, देश काल संगादिक कर;
पराभव हि खचीत, होवत नहीं दिन कोउ...१६

“નાડી-પ્રાણ સંકેલાઈને દૃઢ નિર્વિકલ્પ સ્થિતિએ કરીને સિદ્ધ થયેલાં યોગી જો શ્રીનારાયણનાં ચરણારવિંદમાં નિમગ્ન રહ્યો હોય, તો તુચ્છ જેવો જીવ હોય તેને પણ દેશ, કાળ, સંગાદિકે કરીને કોઈ રીતે ક્યારેય ચોક્કસ પરાભવ ન થાય. ૧૪-૧૬. અને એવી રીતે જો બ્રહ્માદિક રહ્યા હોય તો તેનો પણ પરાભવ ન થાય. ૧૭. અને આવી રીતની સ્થિતિ જ્યાં સુધી પ્રાપ્ત ન થઈ હોય અને જ્યાં સુધી દેહમાં વર્તતા હોય ત્યાં સુધી બીજા જીવને પરાભવ થાય, અને એવા મોટા જે બ્રહ્માદિક તેનો પણ પરાભવ થતો દેખાય છે. અને જો એમ ન હોય તો,

तत्सृष्टसृष्टसृष्टेषु कोऽन्वखण्डितधीः पुमान्।
ऋषिं नारायणमृते योषिन्मय्येह मायया॥

(ભાગવત : ૩/૩૧/૩૭)

એ શ્લોકનો અર્થ જેવો છે તેવો ક્યારેય ઠીક બેસે નહીં. માટે સ્ત્રીના પ્રસંગમાં રહીને પણ એક નારાયણઋષિનો કોઈ રીતે પરાભવ ન થાય. અને તેમના સિવાય બીજો તો ગમે તેવો મોટો હોય ને તે જો નારાયણનાં ચરણારવિંદને વિષે નિમગ્ન ન રહે તો તેનો તત્કાળ પરાભવ થાય. ૧૮-૨૨.

અને જો ભગવાનનાં ચરણારવિંદમાં નિમગ્ન રહે તો ગમે તેવો જીવ હોય તોપણ તેનો ક્યારેય પરાભવ થાય નહીં. એવી રીતે અમે અમારાં અંતરમાં નિર્ધારિત અચળ સિદ્ધાંત કરી રાખ્યો છે તે તમને કહ્યો. અને ભાગવતમાં પણ કહ્યું છે કે,

एतदीशनमीशस्य प्रकृतिस्थोऽपि तद्गुणैः।
न युज्यते सदात्मस्थैर्यथा बुद्धिस्तदाश्रया॥१॥

(ભાગવત : ૧/૧૧/૩૮)

તથા ગીતામાં પણ ભગવાને કહ્યું છે કે,

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते॥

(ગીતા : ૭/૧૪)

એવી રીતે માયાએ કરીને નિર્લેપપણું તે તો એક નારાયણમાં જ દૃઢપણે કરીને રહ્યું છે. અથવા નારાયણને નિર્વિકલ્પપણે જે પામ્યો હોય તેનો પણ ક્યારેય નિશ્ચિતરૂપમાં પરાભવ ન થાય. ૨૩-૨૭. અને સવિકલ્પપણે જો નારાયણને પામ્યો હોય તો તે ગમે તેવો મોટો હોય તોપણ તેનો પરાભવ થયા સિવાય રહેતો નથી.”

ત્યાર પછી અપાર મહાસિંધુ જેવા, બુદ્ધિમાં ઘણા વિશારદ એવા મહામુનિ નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, “હે મહારાજ ! જ્યાં સુધી મુક્તને માયાના ગુણનો સંબંધ રહે છે ત્યાં સુધી તેને અપાર દેશ-કાળાદિકે કરીને વિપર્યયપણું થઈ જાય અર્થાત્ બંધન થાય છે તેમાં કોઈ સંદેહ નથી. અને જે નારાયણઋષિ છે તે તો ગુણમાં રહ્યા થકા પણ દેશ-કાળાદિકે કરીને પરાભવને ન પામે, એ સર્વે વાત તો યોગ્ય છે. કારણ કે બધા ગુણો તેમને આધીન વર્તતા હોય છે. ૨૮-૩૩.

પણ જ્યારે એ સર્વે મુક્તોને ગુણનો સંબંધ ન હોય અને નિર્ગુણપણે કરીને અક્ષરધામને વિષે રહ્યા હોય, અને ભગવાન નારાયણ પણ ત્યાં તેવી રીતે જ રહ્યા હોય. તે સમયે એ સર્વે ચૈતન્યમય રહ્યા છે અને સદા નિર્ગુણપણે રહ્યા છે. તે ગીતામાં કહ્યું છે કે, **‘मम साधर्म्यमागताः’**

(ગીતા : ૧૪/૨) આ શ્લોકમાં કહ્યા પ્રમાણે ભગવાન નારાયણના સાધર્મ્યપણાને પામ્યા છે એવા જે મુક્તો અને નારાયણને વિષે ભેદ કેમ સમજવો ? તેને તો આપ જે રીતે જાણો, તેવું કોઈ જાણતું નથી. માટે તે કેમ સમજવું ? તે કહો." ૩૪-૩૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું તેરમું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર ચોવીશમું : તરંગ - ૨૪

લોયાનું તેરમું વચનામૃત ચાલુ

❋ ભગવાન અને ભગવદ્‌ભાવને પામેલા મુક્તોની ભેદરેખા :

પછી નિત્યાનંદ સ્વામીનો એવો પ્રશ્ન સાંભળ્યો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ૧. "જેમ ચંદ્રમા છે અને તારા છે તેમાં ભેદ રહ્યો છે કે નહીં ? જુઓને, પ્રકાશપણે કરીને તો તે સરખા નથી. ૨. અને બિંબમાં પણ ઘણો ભેદ રહ્યો છે. તથા સર્વ ઔષધિઓનું પોષણ પણ ચંદ્રમાએ કરીને જ થાય છે, પણ ક્યારેય બીજા કોઈ તારાઓથી પોષણ થાતું નથી. અને રાત્રિનો અંધકાર પણ ચંદ્રમાથી જ મટે છે, પણ કોઈ દિવસ તારાઓથી મટતો નથી. તેમ નારાયણમાં તથા મુક્તોમાં બહુ ભેદ રહ્યો છે. ૩-૫. અને વળી રાજા તથા તેના ચાકર તે મનુષ્યજાતિએ કરીને સરખા છે, પણ રાજા ચાકર કરતાં અધિક કહેવાય છે. ૬. રાજાનું સામર્થ્ય, ઐશ્વર્ય, રૂપ અને લાવણ્યતા મનુષ્ય કરતાં પરમ અનુપમ તથા સર્વોપરિ છે. એવી વાત બીજા કોઈની કહેવાતી નથી. ૭. અને જે રાજા વડે થાય તે ચાકરથી થાય નહીં. માટે બીજો કોઈ ગમે તેવો મોટો હોય તોપણ તે રાજાને સમાન થતો નથી. ૮.

ચોપાઈ :

तिमी पुरुषोत्तम भगवाना, नारायण यह परम सुजाना;
तेही सब हि करता रहाते, सब हि ताके कारण कहाते...०९

सब नियंता रहे रूपवाना, अति तेजस्वी कहात रहाना;
समर्थ कर्तुमकर्तुं कहावा, अन्यथा कर्तुं तेही रहावा...१०
तेहि जो पोताकी इच्छा तिनमें, आवत रहे जेहि वरत हि इनमें;
अक्षरधाम के विषे जेते, रहाये जो मुक्त यह तेते...११
सबकु पोताके जो जेही, तेज ताके विषे लीन कर तेही;
पोते एक विराज हि माना, रहत हे नहीं आवत जाना...१२

તેમ ભગવાન પુરુષોત્તમનારાયણ છે તે પરમ સુજાણ છે, સર્વ કર્તા છે, સર્વ કારણ છે, સર્વ નિયંતા છે, અતિશય રૂપવાન છે, અતિ તેજસ્વી છે અને **'कर्तुमकर्तुमन्यथाकर्तुं समर्थः'** છે. ૯-૧૦. અને તેઓ જો પોતાની ઈચ્છામાં આવે તો અક્ષરધામને વિષે રહ્યા જે મુક્તો, એ સર્વેને પોતાના તેજને વિષે લીન કરીને પોતે એક જ વિરાજમાન રહે, તે બીજા કોઈને જાણ્યામાં પણ ન આવે. ૧૧-૧૨.

दोहा : अरु चाय तब सब मुक्त हि, सेवत एसी हि रीत;
इनकी भक्ति तिनकु जो, अंगीकार करत प्रीत...१३
अरु यह मुक्त सहित हि जो, विराजमान रहेउ;
अरु अक्षरधाम के विषे, पोते रहेउ तेउ...१४

सोरठा : अक्षर कु पण लीन, करीके पोते स्वराट कर;
एकीले जो प्रवीन, विराजमान रहत हि यह...१५
अरु पोताके मनहि, आवत तब अक्षरधाम विन;
पण अनंत जो तिनहि, कोटि मुक्त कु तेहि...१६

અને તેમને ગમે તો તે બધા મુક્તો સેવે તે રીતે રહીને તેમની ભક્તિને પ્રેમથી અંગીકાર કરે છે, અને તે મુક્તોએ સહિત વિરાજમાન રહે. અને તે ભગવાન જે અક્ષરધામને વિષે પોતે રહ્યા છે, તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા પરમ નિપુણ પોતે એકલા જ વિરાજમાન રહે. ૧૩-૧૫. અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વગર પણ અનંત કોટિ મુક્તોને પોતાનાં ઐશ્વર્યે કરીને ધારણ કરવાને સમર્થ છે. જેમ પૃથુ ભગવાને પૃથ્વીને કહ્યું હતું કે, 'મારા ધનુષ્યથી નીકળ્યાં એવાં જે બાણ, તેનાથી તને જરૂર મારીને મારાં સામર્થ્યે કરીને આ સર્વ જગતને ધારવામાં હું સંપૂર્ણ સમર્થ છું

અને અપરંપાર શૂરવીર છું. તેને તું નિશ્ચય કરીને ચોક્કસ જાણ.' તેમ એ પુરુષોત્તમનારાયણ છે તે પોતાનાં ઐશ્વર્યે કરીને સર્વોપરિ વર્તે છે. તે આવા જે સર્વોપરિ નારાયણ છે તેને અને બીજા અક્ષરાદિક મુક્તોને જે લોકો સરખા કહે છે તેને દુષ્ટ મતવાળા જાણવા, તેને અતિશય પાપી જાણવા અને એનાં ક્યારેય દર્શન પણ કરવાં નહીં. ૧૬-૨૧. અને એવી રીતની ખોટી સમજણવાળાનાં દર્શન કરીએ તો પંચમહાપાપ જેવું પાપ લાગે છે, જે ક્યારેય માફ થતું નથી. ૨૨. અને તે નારાયણને લઈને તો જેને વિષે જેટલી મોટપ કહીએ તેટલી સંભવે છે. ૨૩. અને નારાયણને લઈને તો વિષ્ણુ, બ્રહ્મા, ભવ, નારદ અને સનકાદિક એ સર્વેને પણ ભગવાન કહેવાય છે. ૨૪.

અને તે **નારાયણને લઈને તો ઉદ્ધવજીને પણ ભગવાન કહેવાય, તેમાં કોઈ જાતનો બાધ નથી.** ૨૫. **અને હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને પણ નારાયણને લઈને ભગવાન સમાન કહેવાય.** અને તે નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય, તો બીજાની તો વાત જ શી કહેવી ? તે વેદસ્તુતિના ગદ્યમાં કહ્યું છે કે, ૨૬-૨૮. **'अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगतास्तर्हि न शास्यतेति नियमो ध्रुव ! नेतरथा।'** *(ભાગવત : ૧૦/૮૭/૩૦)* એ વેદસ્તુતિના ગદ્યનો પણ એ જ અર્થ છે.

અને જો એમ ન હોય તો આપણે સર્વે જે છીએ તે દેહથી અલગ જે આત્મા, તેને બ્રહ્મરૂપ જાણીએ છીએ. તથા જ્ઞાન, વૈરાગ્ય આદિક સાધનોથી યુક્ત છીએ, તોપણ એ નારાયણને પ્રસન્ન કરવાને માટે રાત-દિવસ ઉજાગરા કરીએ છીએ. અને કીર્તન-નામ-સ્મરણ તે તાળીઓ વગાડી-વગાડીને હાથની આંગળીઓ ફાટી જાય તે રીતે કરીએ છીએ. તથા અતિશય ભાવથી રાત-દિવસ અપાર કથા-વાર્તાને કરીએ, કરાવીએ છીએ. તે જો નારાયણના સમાન થઈ જવાતું હોય તો એવડો દાખડો શું કરવા કરીએ ? માટે આવો વિચાર દિલમાં ધારવો. ૨૯-૩૩.

માટે અનેક વાતે કરીને એ નારાયણના જેવા તો એક નારાયણ જ છે. પણ બીજો કોઈ તેમના જેવો થતો નથી, આ વાત નિશ્ચિત છે. અને **'एकमेवाद्वितीयं ब्रह्म'** *(છાંદોગ્ય : ૬/૨/૧)* એ શ્રુતિનો પણ યથાર્થરૂપમાં આ જ

અર્થ છે જે, 'એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે.' એમ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે." ૩૪-૩૬. આવી રીતે શ્રીહરિએ પ્રશ્નનો ઉત્તર કર્યો. તેમાં અતિ અદ્‌ભુત એવું વેદોનું રહસ્ય કહ્યું છે. ૩૭. **શ્રીહરિ જ્યારે જ્યારે વાતો કરતા ત્યારે બધાં શાસ્ત્રો અને પુરાણોના સિદ્ધાંત તેમનાં વચનમાં ભર્યાં રહેતાં.** ૩૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું તેરમું વચનામૃત પૂરું થયું" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર ચોવીશમું : તરંગ - ૨૫

લોયાનું ચૌદમું વચનામૃત

(સં.૧૮૭૭ના) માગશર વદિ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં મંચ પર રાખેલા પલંગ ઉપર આવીને તે વખતે વિરાજમાન થયા હતા. ૧-૨. અને મસ્તક ઉપર શ્વેત ફેંટો ધારણ કર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને તે વખતે શ્વેત ખેસ પહેર્યો હતો. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના બધા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

❋ મોટા મોટા આચાર્યની રુચિ અને અભિપ્રાય :

પછી શ્રીજીમહારાજ પરમહંસો પ્રત્યે બોલ્યા જે, ૩-૫. "પૂર્વે જે આચાર્યો થઈ ગયા તે બધાની પૃથક્ પૃથક્ રુચિ છે. તેમાં શંકરાચાર્યને અદ્વૈતજ્ઞાનાંશ પ્રધાન જણાય છે. તે તેમનાં વચનો ઉપરથી દેખાય છે. તથા રામાનુજાચાર્યની જેવી રુચિ છે તે તેમનાં જ્યારે વચન સાંભળીએ છીએ ત્યારે પ્રગટ દેખાઈ આવે છે. રામાનુજનો એમ મત છે જે, 'જીવ, માયા અને પુરુષોત્તમ એ ત્રણેય નિત્ય છે. ૬-૮. અને જે પુરુષોત્તમ છે તે જીવ અને માયાના નિયંતા છે અને સર્વના કારણ છે, અને પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય આકારવાન એવા સાકાર મૂર્તિ થકા વિરાજમાન છે. અને જેટલા અવતારો છે તે સર્વે નક્કી તેમના જ છે. ૯-૧૦. એવા જે નારાયણ

નામધારી પુરુષોત્તમ તેની ઉપાસના જીવે સદાય કરતા રહેવી.' એવી રીતે રામાનુજાચાર્યની દૃઢ સમજણ જણાય છે.

તથા વલ્લભાચાર્યને કેવળ ભક્તિ ઉપર નિષ્ઠા બહુ જણાય છે. અને તે બધા આચાર્યોએ પોતપોતાના ગ્રંથોમાં પ્રસંગે કરીને બીજી અપાર વાતો લખી છે. પણ ગમે તે રીતે કરીને અંતે તો તેઓ બધા પોતાની રુચિ ઉપર જ જાય છે, એમ તેમના ગ્રંથોને વિશે તેમનાં વચન છે તેણે કરીને તેમનો જેવો અભિપ્રાય હોય તેવો યથાર્થ જણાઈ આવે છે. તે રીતે જ અમારી વાત સાંભળીને તમને સહુને અમારી કેવી રુચિ જણાય છે ? અને જેમ સોયની પાછળ દોરો ચાલ્યો જાય છે ને વળી જેમ માળાના મણકાને વિષે દોરો સોંસરવો રહ્યો હોય છે, તે રીતે અમારી જે સર્વે વાત તેમાં શો અભિપ્રાય નિરંતર સોંસરવો ચાલ્યો આવે છે ? તે જેને જે રીતે જણાતું હોય તે તમે સહુ વાત કહો." ત્યારે સર્વે મોટેરા પરમહંસે જેને જેવું જણાયું તેવું તેમણે કહ્યું. ૧૧-૧૯.

❋ શ્રીહરિની રુચિ અને અંતરનો અભિપ્રાય :

પછી શ્રીજીમહારાજ જે બોલ્યા તેને હવે હું(સિદ્ધાનંદ સ્વામી) લખું છું, "હવે અમે અમારો જેવો અભિપ્રાય તથા રુચિ છે તેને કહીએ છીએ. ૨૦. એક તો અમને એ રુચે છે જે, ઋષભદેવ ભગવાન વાસુદેવ ભગવાનના ધ્યાને કરીને તેમાં એકાત્મતાને પામ્યા હતા, ૨૧. તોપણ જ્યારે બધી સિદ્ધિઓ આવીને પ્રાપ્ત થઈ ત્યારે પોતે ભગવાન હતા, તોપણ બીજા ત્યાગીઓની શિક્ષા-શીખવવાને માટે તે સિદ્ધિઓને તેમણે ગ્રહણ ન કરી. તે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે, '**જે યોગી સિદ્ધ થયો હોય અને પોતાનું મન વશ કર્યું હોય તોપણ તે મનનો કોઈ રીતે વિશ્વાસ ક્યારેય કરવો નહીં.** તેના ઉપર શ્લોક કહ્યો છે તે હવે હું કહું છું,

न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते।
यद्विस्रंभाच्चिराच्चीर्णं चस्कन्द तप ऐश्वरम्॥
नित्यं ददाति कामस्य छिद्रं तमनु येऽरयः।
योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली॥

(ભાગવત : ૫/૬/૩-૪)

એવી રીતે જે મનનો વિશ્વાસ ન કરે તેવો ત્યાગ અમને રુચે છે. ૨૨-૨૫. તથા અમારા મનમાં શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમ જેવા રુચે છે તેના જેવા બીજા કોઈ લોક ક્યારેય કોઈ દિવસ રુચતા નથી. અને અમારા મનમાં જેમ રહે છે એમ કહું છું જે, ૨૬-૨૭. શ્વેતદ્વીપને વિષે તથા બદરિકાશ્રમને વિષે જઈને નિરન્નપણે રહ્યા થકા તપ કરવું તે બહુ સારું લાગે છે, પણ બીજા લોકમાં રહેલા અનેક પ્રકારના વૈભવ ભોગવવા, તે અમને ક્યારેય રુચતા નથી. ૨૮-૨૯. તથા ભગવાનના જે ઘણાક અવતાર થયા છે તેને એમ જાણીએ છીએ કે, એ સર્વે અવતાર છે તે ભગવાન નારાયણના જ છે, તોપણ તે અવતારોમાં ઋષભદેવજી અમને બહુ ગમે છે. તથા તેનાથી ઉતરતા બીજા કપિલજી તથા દત્તાત્રેય, તે બંને અમને સરખા જણાય છે. અને એ ત્રણે અવતાર કરતાં કરોડગણું અધિક

चोपाई :

श्रीकृष्ण के विषे अधिकाई, हित रहाये हमारे ताई;
अरु इमि जानत रहे खचीता, दुजे सब अवतार हि करीता...३३
यह अवतार बडे बहु भयेऊ, अरु समर्थ बहुत भयेउ तेऊ;
अरु यामें अवतार अवतारी, एसे भेद न देखात लगारी...३४

હેત તો અમારે શ્રીકૃષ્ણને વિષે છે. અને અમે એમ નિશ્ચિત જાણીએ છીએ કે, 'બીજા સર્વે અવતાર કરતાં આ અવતાર બહુ મોટો થયો છે અને બહુ સમર્થ છે. અને આમાં અવતાર અવતારી એવો ભેદ લગાર પણ દેખાતો નથી.' ૩૦-૩૪. અને બીજા મચ્છ-કચ્છાદિક ભગવાનના અવતાર છે પણ તેમાં અમારી અતિ રુચિ નથી. અને હવે અમારી જેવી ઉપાસના છે તે કહીએ છીએ જે, ૩૫.

❋ શ્રીહરિએ બતાવેલ ઉપાસનાનું વર્ણન :

चोपाई :

सबसे पर एक बडे रहावा, तेज ताके समूह कहावा;
तेही तेज के समूह जेही, अधोउर्ध्व चहु दिश हि तेही...३६

दोहा : प्रमाण रहित रहे तेउ, अनंत रहेउ एहि;
तेही तेज के समूह मध्य हि, भाग के विषे तेहि...३७
एक बडे सिंहासन हि, उपर ताकि जो जेहु;
दिव्य मूर्ति एसे जेही, श्रीनारायण तेहु...३८

सोरठा : पुरुषोत्तम भगवान, विराजमान रहेउ यह;
सिंहासन हि महान, चहुकोर अनंत कोटि...३९
मुक्त बैठे रहाय, नारायण तिनके तेहि;
दरशन करत हि ताय, एसे मुक्त सहित नित हि...४०

સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે, તે તેજનો સમૂહ અધો-ઊર્ધ્વ તથા ચારે કોરે પ્રમાણે રહિત છે ને અનંત છે. અને તે તેજના સમૂહના મધ્ય ભાગને વિશે એક મોટું સિંહાસન છે, ને તેની ઉપર દિવ્ય મૂર્તિ એવા જે શ્રીનારાયણ પુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે. ને તે સિંહાસનને ચારે કોરે અનંત કોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે. એવા જે મુક્તે સહિત શ્રીનારાયણ તેને અમે નિરંતર દેખીએ છીએ, એમ તમે સહુ જાણો. અને તે ભગવાનને વિશે તેજનું અતિશયપણું છે તે અપાર પ્રકાશપણાને લીધે જ્યારે એ સભા સહિત તે ભગવાનનાં દર્શન નથી થતાં ત્યારે અમને અતિશય કષ્ટ થાય છે. અને તે તેજનો સમૂહ તો નિરંતર દેખાય છે, તોપણ એને વિશે રુચિ નથી. ૩૬-૪૩. અને ભગવાનની મૂર્તિનાં દર્શને કરીને જ અતિ સુખ થાય છે. અમારે એવી રીતે ઉપાસના છે. અમારે જેવી ઉપાસના છે તે કહી બતાવી.

અને એ ભગવાનને વિશે ભક્તિ તો ૪૪-૪૫. ગોપીઓને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે જેવી ભક્તિ હતી તેવી ભક્તિ અમને રુચે છે. તે તમને પ્રગટ કહી બતાવ્યું. તે માટે અમે સહુ મનુષ્યને જોતા રહીએ છીએ જે, કોઈક કામી સ્ત્રી હોય તેને પુરુષને વિષે જેવું હેત હોય તથા કોઈક કામી પુરુષને સ્ત્રીને વિષે જેવું હેત હોય તેને દેખીને અમને મનમાં એમ થાય છે કે, 'એવું હેત આપણે ભગવાનમાં જરૂર કરવું જોઈએ.' તેવા હેત વિના ભગવાનમાં પૂરો ભાવ ન કહેવાય. ૪૬-૪૯. તથા કોઈકને પુત્રમાં તથા

ધનમાં બહુ હેત જણાય તેને જોઈને અમને એમ થાય છે કે, 'આપણે પણ આવું હેત ભગવાનમાં હોય તો સારું.' કેમ જે, તે હેતમાં જેટલાં સાધન છે તે બધાં આવી જાય છે. ૫૦-૫૧. તથા કોઈક ભગવાનનાં કીર્તન-ધૂન ગાતા હોય ત્યારે તેને સાંભળીને તેની પાસે કોઈ મનુષ્યને મોકલીએ છીએ અથવા અમે પોતે તેની પાસે જઈએ છીએ અને જાણીએ છીએ કે, 'એ બહુ ઠીક કરે છે.' ૫૨-૫૩.

❋ પ્રભુને સુવાણ કોની સાથે થાય ? :

અને અમારે સુવાણ-મન મેળ તો એવા મનુષ્યોની સાથે થાય છે કે, **'જેમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન ઈર્ષ્યા, દંભ અને કપટ ઈત્યાદિક દોષ ન હોય, અને ધર્મશાસ્ત્રમાં જે રીતે કહ્યું હોય તે રીતે ધર્મને પાળતો હોય,** ૫૪-૫૫. **અને ઘટિત રીતે ભગવાનની ભક્તિથી યુક્ત હોય તેની સાથે અમારે બેઠ્યા, ઊઠ્યાની અપાર સુવાણ થાય છે.** અને એવો જે ન હોય અને તે કદાચ અમારી ભેગો રહેતો હોય તોપણ તેની સાથે અમારે સુવાણ થાય નહિ અને તેની ઉપેક્ષા રહે છે. **અને પહેલાં તો અમારે કામી ઉપર ઘણો અભાવ રહેતો હતો,** ૫૬-૫૮. **અને હવે તો ક્રોધ, માન અને ઈર્ષ્યા એ ત્રણ જેમાં હોય તેના ઉપર બહુ અભાવ રહે છે.** ૫૯. કારણ કે, કામી હોય તે તો ગૃહસ્થની પેઠે નિર્માની અને દીન થઈને સત્સંગમાં પડ્યો રહે છે અને સંતોની આગળ માન રાખતો નથી. ૬૦. અને જેમાં ક્રોધ, માન તથા ઈર્ષ્યા હોય છે તે તો સત્સંગમાંથી જરૂર વિમુખ થયા વિના રહેતા નથી, તેમાં કાંઈ ખોટું નથી. માટે એ ત્રણ ઉપર અમારે બહુ ખેદ-અસંતોષ રહે છે. અને જે માની હોય તેને પોતાથી મોટા હોય તેની આગળ પણ સ્તબ્ધપણું રહે છે. તેથી મોટાની આગળ નાના થઈને સેવા કરવામાં વર્તાય નહીં. ૬૧-૬૩.

અને એ સર્વે જે અમારો અભિપ્રાય છે તે હવે થોડાકમાં કહીએ છીએ કે, 'જેવી રીતે શંકર સ્વામીએ અદ્વૈતબ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે, તેને વિશે તો અમારે રુચિ નથી. તથા રામાનુજ સ્વામીએ જેવી રીતે ક્ષર અને અક્ષરથી પર જે પુરુષોત્તમ ભગવાનનું નિરૂપણ કર્યું છે તે અમને રુચે છે. ૬૪-૬૭. અને

તે પુરુષોત્તમ ભગવાનને વિષે તો અમારે દૃઢ ઉપાસના-નિષ્ઠા છે. તેનાથી અધિક અમને કાંઈ દેખાતું નથી. ૬૮. તથા ગોપીઓના જેવી તો એ પુરુષોત્તમ ભગવાનને વિષે અમારે ભક્તિ છે. હવે જેવો વૈરાગ્ય છે તે કહીએ છીએ. ૬૯. શુકદેવજી તથા જડભરતના જેવો તો અમારે વૈરાગ્ય છે. અને તેના જેવી જ આત્મનિષ્ઠા છે, તે અમારે જેમ વર્તે છે તેમ કહી બતાવ્યું. ૭૦.

એવી રીતે અમારો અભિપ્રાય તથા રુચિ છે. તે અમારી વાતે કરીને તથા અમે માન્યા એવા જે અમારા સંપ્રદાયના ગ્રંથ તેણે કરીને પૂર્વાપર વિચારીને જુએ તો જે બુદ્ધિમાન હોય તેના જાણ્યામાં આવે છે." આવી રીતે પોતાના જે ભક્તજન તેની શિક્ષાને-શિખામણને અર્થે તથા ભક્તજનના ઉદ્ધાર કરવાને માટે શ્રીજીમહારાજે આ વાર્તા કરી છે અને પોતે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. ૭૧-૭૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું ચૌદમું વચનામૃત કહ્યું" એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર ચોવીશમું : તરંગ - ૨૬

લોયાનું પંદરમું વચનામૃત

(સં.૧૮૭૭ના) માગશર વદિ તેરસને દિવસ રાત્રિને સમયે, શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં, મંચ ઉપર રહેલા પલંગ ઉપર વિરાજમાન હતા. ૧-૨. અને તે વખતે મસ્તક ઉપર મલમલનો પેચદાર શ્વેત ફેંટો બાંધ્યો હતો, અને બીજા શ્વેત ફેંટાએ કરીને બોકાની વાળી હતી. અને પરમ નિપુણ શ્રીહરિએ ગરમ પોસની ડગલી પહેરી હતી. ૩-૪. અને શ્વેત ખેસ પહેર્યો હતો તથા શ્વેત ચોફાળ અને પછેડી ભેળા કરીને ઓઢ્યા હતા. તેની વર્ણવી ન શકાય તેવી શોભા બની હતી. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

✵ જીવ આખા દેહમાં વ્યાપીને કેવી રીતે રહે છે ? તેનું વર્ણન :

પછી જેમની વાતમાં પરમ રહસ્ય ભર્યું છે એવા શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા કે, ૫-૭. "આ શરીરમાં જે જીવ રહ્યો છે તે અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવપણે કરીને સર્વ દેહમાં નખશિખાપર્યંત વ્યાપીને રહ્યો હોય, તેમ પ્રગટ દેખાય છે. અને દેવતા તથા ઈન્દ્રિયોરૂપે કરીને જીવનું ભોક્તાપણું છે. ૮-૯. પણ દેવતા અને ઈન્દ્રિયોથી પૃથક્પણે રહીને ભોક્તા નથી."

ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તો પછી એમ કહેવાય છે કે જીવ તો સામાન્યપણે સર્વ દેહમાં વ્યાપીને રહ્યો છે અને વિશેષપણે કરીને હ્રદયાકાશમાં રહ્યો છે, ત્યારે સર્વ ઠેકાણે તેનું એક સરખું જાણપણું નથી જણાતું, તો તેનું કેમ સમજવું ?" ૧૦-૧૨.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેમ સૂર્ય છે તે પોતાનાં કિરણોએ કરીને સર્વ પદાર્થમાં વ્યાપીને રહ્યો છે. પણ તેની સામે જેવું પદાર્થ હોય તેવો ત્યાં સૂર્યનો પ્રકાશ જણાય છે. કેમ જે, કાચની ભૂમિ હોય તથા સ્વચ્છ નિર્મળ પાણી હોય ત્યાં જેવી રીતે સૂર્યનો શુદ્ધ પ્રકાશ જણાય છે, તેવી રીતે પથ્થરની ભૂમિમાં અને રેતીના પટમાં તથા ડોળાયેલાં પાણીમાં પ્રકાશ દેખાતો નથી. એવી રીતે સૂર્યના પ્રકાશમાં ન્યૂનાધિકપણું જણાય છે. તેમ એ જીવ ઈન્દ્રિયો, અંતઃકરણ અને ગોલક એ સર્વને વિષે સમાનપણે રહ્યો છે. ૧૩-૧૮. પણ ઈન્દ્રિયોને વિષે સ્વચ્છપણું છે, માટે તેને વિષે વિશેષ પ્રકાશ દેખાય છે. ૧૯. જુઓ ને, નેત્રમાં જેવું તેજ જણાય છે તેવું નાક અને કાનમાં કોઈ દિવસ જણાય છે ? નથી જણાતું. ૨૦. અને ચાર અંતઃકરણનું અતિ સ્વચ્છપણું છે, તો ત્યાં જીવનો અધિક પ્રકાશ જણાય છે. ૨૧. અને બીજા ઈન્દ્રિયોમાં ન્યૂન જણાય છે, પણ જીવ તો સર્વ શરીરને વિષે સમાનપણે રહ્યો છે." ૨૨.

✵ ગાયના દૃષ્ટાંતે કરીને આત્મદર્શનનું વર્ણન :

ત્યારે મહાન કવિરાજ બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "આ જીવને કેટલાક તો તારા જેવો દેખે છે, તથા કેટલાક તો દીવાની જ્યોતિ જેવો કહે છે તથા બપોરિયા જેવો દેખે છે, તેને કેમ સમજવું ? તે કહો." ૨૩-૨૪.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "જેમ જેને અક્ષિવિદ્યા હોય અર્થાત્ આંખ દ્વારા આત્મા-પરમાત્માને જોવાની યોગકળા આવડતી હોય, તેને નેત્ર દ્વારાએ જીવનાં દર્શન થાય છે અને તેને વિષે ભગવાનની મૂર્તિને પણ દેખે છે. ૨૫-૨૬. તેમ જેને ઇન્દ્રિયો દ્વારા લક્ષ-વૃત્તિનો નિરોધ થયો હોય તે યોગી આત્માને તેવો દેખે છે.

જેમ કાચનું પૂતળું મનુષ્યને આકારે કર્યું હોય, તેને જે જે અંગમાં જેવાં છિદ્ર હોય, તથા રોમ અને નાડીઓ તે પણ સર્વે કાચની હોય અને તે પૂતળાની માંહિલીકોરે જો તેજ ભર્યું હોય, તો જે અંગમાં જેવાં છિદ્ર હોય તેવું તેમાં તેજ દેખાય છે, પણ બધું દેખાતું નથી. ૨૭-૩૦. તેમ અનુપમ એવા આ જીવનું સ્વરૂપ જેને જેવું દેખાય છે તે તેવું કહે છે, પણ એની નિરાવરણ દૃષ્ટિ નથી થઈ, માટે એને જેવો આત્મા છે તેવો જ નથી દેખાતો. તેથી તે જેવો દેખે છે તેવો તેને કહે છે. ૩૧-૩૨. અને જ્યારે તેની નિરાવરણ દૃષ્ટિ થઈને આત્માકારે થાય છે, ત્યારે ઇન્દ્રિયોના ગોલકના જે વિભાગ હોય તે તેની દૃષ્ટિમાં નથી આવતા. પછી જેવો આત્મા છે તેવો જણાય છે. ૩૩-૩૪.

જેમ આકાશની દૃષ્ટિને જે પામ્યો હોય, તે યોગીની દૃષ્ટિમાં બીજા ચાર ભૂતો ક્યારેય નથી આવતા. તેમ યોગમાર્ગે કરીને જેની નિરાવરણ દૃષ્ટિ થાય છે, તેને ગોલક, ઇન્દ્રિયો, દેવતા અને અંતઃકરણ તેણે કરીને જણાતા જે જીવના પ્રકાશના ભેદ, તે દૃષ્ટિમાં આવતા નથી. ૩૫-૩૭. તેથી નિરાવરણ દૃષ્ટિવાળાને જીવ જેવો છે તેવો યથાર્થરૂપમાં દેખાય છે. અને ભેદદૃષ્ટિવાળાને જીવ જેવો છે તેવો યથાર્થ દેખાતો નથી.

તેના ઉપર દૃષ્ટાંત કહું છું. જેમ કોઈએ ગાયનું પૂંછડું દેખ્યું, કોઈએ મુખ દેખ્યું, ૩૮-૪૦. અને કોઈકે ખરી દેખી તથા કોઈએ પેટ દેખ્યું, તેમજ કોઈએ ગાયના આંચળ દેખ્યા, તે બધાએ જે જે અંગ દેખ્યાં તે ગાયના જ છે. ૪૧. પણ જેવી ગાય છે તેવી સંપૂર્ણ કોઈએ દેખી નથી. હા, એક અંગ દેખ્યું માટે ગાયને દેખી પણ કહેવાય, તે ખોટું કહેવાતું નથી. ૪૨. તેમ આત્માના પ્રકાશનું દર્શન જેટલું જેને ઇન્દ્રિયો દ્વારા અથવા અંતઃકરણ દ્વારા

ચોક્કસ થયું હોય, તેટલો તે આત્મદર્શી કહેવાય છે, પણ સંપૂર્ણ આત્મદર્શન તેને કહેવાય નહીં. માટે અમે તો એ જીવને વિષે આવી રીતે સામાન્ય-વિશેષપણું કહીએ છીએ."

✵ ભગવાન સર્વેમાં મૂર્તિમાન રહ્યા છે :

ત્યારે નિત્યાનંદ સ્વામીએ હાથ જોડીને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! અત્યારે તમે જીવને તો નિશ્ચિતરૂપમાં નિરાકાર કહ્યો, ૪૩-૪૬. ત્યારે તે જીવને વિષે જે ભગવાન રહ્યા છે તે પણ અલિંગ(નિરાકાર)પણે રહ્યા છે કે મૂર્તિમાન રહ્યા છે ? તે કહો." ૪૭. પછી શ્રીજીમહારાજ પરમ હેતથી બોલ્યા જે, "ભગવાન તો ઈન્દ્રિયો, દેવતા, અંતઃકરણ અને જીવ, એ સર્વના આશ્રયપણે(આધારપણે તથા પ્રકાશકપણે) રહ્યા છે. **તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીની સાથે ગોપીઓને કહેવડાવ્યું હતું કે, 'ઈન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને જીવ, તેના આશ્રયપણે કરીને હું અત્યંત પ્રસન્નતાથી તમારી સમીપે રહ્યો છું.**

જેમ પંચ મહાભૂતો બ્રહ્માંડને વિષે નિવાસ કરીને રહ્યા છે, તેના તે જ પંચભૂતો પ્રતાપે સહિત સર્વ દેહમાં રહ્યા છે. તેમ હું મથુરામાં રહ્યો છું, તે તો જેમ મહાભૂત વિશેષપણે કરીને બ્રહ્માંડને વિષે રહ્યા છે તેમ રહ્યો છું. આમાં કાંઈ અસત્ય માનશો નહીં. ૪૭-૫૪. અને જેમ આ પંચમહાભૂતો જીવના શરીરમાં સામાન્યપણે કરીને રહ્યા છે, તેમ હું તમારી સમીપે નિર્લેપ રહ્યો થકો સદા રહ્યો છું, પણ હું તમને દેખાતો નથી તેનું કારણ તો એ છે કે, તમારા ચિત્તની વૃત્તિનો મારે વિષે નિરોધ કરવો છે અર્થાત્ સ્થિર કરવી છે તેટલા માટે દેખાતો નથી, પણ હું રહ્યો તો મૂર્તિમાન જ છું."

✵ ગમે તે રૂપે, પણ શ્રીહરિ પોતે જ રહ્યા છે :

ત્યારે ફરી નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું કે, ૫૫-૫૭. "હે મહારાજ ! આપે કહ્યું કે, એ ભગવાન ઈન્દ્રિયાદિકના આશ્રયપણે કરીને રહ્યા છે, ૫૮. તે પુરુષરૂપે કરીને રહ્યા છે કે અક્ષરરૂપે કરીને રહ્યા છે, કે પોતે સ્વયં પરમ અનુપમ પુરુષોત્તમપણે કરીને રહ્યા છે ?" ૫૯. ત્યારે શ્રીજીમહારાજ તે મુનિ પ્રત્યે બોલ્યા જે, "જીવ, પુરુષ, અક્ષર અને પુરુષોત્તમ ભગવાન એ સર્વનું તેજ, પ્રકાશપણે કરીને તો સજાતીય-સરખું જણાય છે.

માટે એમના પ્રકાશના ભેદ પાડવાને તો કોઈ સમર્થ નથી, અને તેમાં ભેદ તો અતિશય છે. ૬૦-૬૨. પણ તે ભેદને દેખવાને ક્યારેય કોઈ સમર્થ નથી. એવી જ આ બાબત છે.

सोरठा : पण भेद जो ताकु, देखने कु समर्थ केहि;
नहीं हे कबु वाकु, एसी बात रहाये एहि...६३
जाकु यह भगवान, कृपा करत हि तेही करहि;
प्रकाश हि जो मान, एसे दिव्य देह तेही...६४

चोपाई :
बंधात हे तेही इमि जेहू, जानत हे जो में यह रयेहू;
अरु यह जोउ पुरुष हि रहाते, अरु यह जो अक्षर हि कहाते...६५
अरु यह सबसे विलक्षण जेहा, एसे यह पुरुषोत्तम तेहा;
रहे एसी रित्य सब हि ताकू, पृथकपणे देखत हे वाकू...६६
अरु याके प्रकाशपण तिनकू, विलक्षणपणे देखत इनकू;
पण भगवान के भक्त विनही, दूजे चाय तेसे जन तिनही...६७
कोइ पृथक देखने कु हीता, समर्थ नहि होवत हि कहीता;
माटे यह भगवान हि जेही, चाय तेसे रूप कर हि तेही...६८

હા, જેના ઉપર એ ભગવાન કૃપા કરે છે તેણે કરીને તેને પ્રકાશમાન એવો દિવ્યદેહ બંધાય છે. પછી તે એમ જાણે છે જે, 'આ હું છું અને આ પુરુષ છે, અને આ અક્ષર છે અને એ સર્વેથી વિલક્ષણ એવા આ પુરુષોત્તમ છે.' એવી રીતે એ સર્વને પૃથક્પણે દેખે છે. ૬૩-૬૬. અને એમના પ્રકાશને પણ વિલક્ષણપણે દેખે છે, પણ ભગવાનના એવા ભક્ત સિવાય બીજો ગમે તેવો હોય, તોપણ તેને પૃથક્પણે દેખવાને સમર્થ થાતો નથી. માટે એ ભગવાન ગમે તે રૂપે કરીને રહ્યા હોય, પણ પોતે જ રહ્યા છે. એમાં અમે કાંઈ પણ મિથ્યા કહેતા નથી.

❋ વેદાંત, સાંખ્ય તથા યોગશાસ્ત્રની સમજણ :

અને વેદાંત જે ઉપનિષદ્ તથા યોગ અને સાંખ્ય, એ ત્રણેય શાસ્ત્ર સનાતન છે. એ ત્રણેય શ્રીકૃષ્ણ પરમાત્માનું જ ભાવથી વર્ણન કરે છે. તે ત્રણેય શાસ્ત્રના મત હવે અમે તમને પૃથક્ પૃથક્પણે કરીને કહીએ છીએ,

તેને તમે બધા હેતપૂર્વક સાંભળો. તેમાં **જે સાંખ્યશાસ્ત્રના મતવાળા છે તે ચોવીશ તત્ત્વ કહીને તેથી પર પચીશમા પરમાત્માને કહે છે,** પણ જીવ તથા ઈશ્વરને પૃથક્‌પણે કહેતા નથી. તેનો અભિપ્રાય એવો છે કે, તત્ત્વ છે તે જીવ વિનાના ક્યારેય હોય નહીં. ૬૭-૭૩. માટે તે તત્ત્વ ભેળો તદાત્મકપણે કરીને રહ્યો જે જીવ તેને તત્ત્વરૂપ જ કહે છે, પણ તત્ત્વ થકી પૃથક્ નથી કહેતા. અને જેમ જીવને ચોવીશ તત્ત્વરૂપ માને છે તેમ બ્રહ્માંડના અભિમાની જે ઈશ્વર, તેને પણ ચોવીશ તત્ત્વરૂપ માને છે. ૭૪-૭૬. એવી રીતે જીવ અને ઈશ્વર, એ બંનેને તત્ત્વરૂપ માનીને તત્ત્વ ભેળા જ તેને ગણે છે, પણ તત્ત્વથી પૃથક્ ગણતા નથી. ૭૭.

તે સાંખ્યશાસ્ત્રવાળા પરમાત્માને પચીશમા કહે છે, પણ એમ ન સમજવું કે, એના મતમાં જીવ નથી. ૭૮. કાં જે, સાંખ્યશાસ્ત્રવાળાએ શમ-દમાદિક ષટ્‌સંપત્તિ, શ્રવણ, મનન, નિદિધ્યાસનાદિક જે સાધન કહ્યાં છે, તે જીવને જ કરવાનાં કહ્યાં છે. પછી તે સાધને કરીને વિચારને પામે, અને તે વિચારે કરીને ચોક્કસરૂપમાં તત્ત્વથી પોતે નોખો પડે, ને પોતાને બ્રહ્મરૂપ માને ને પરમાત્માને ભજે. એવી રીતે સાંખ્યશાસ્ત્રનો મત કહેવાય છે. ૭૯-૮૧. તે મોક્ષધર્મમાં શુકજીના પ્રત્યે નારદજીએ કહ્યું છે કે,

त्यज धर्ममधर्मं च उभे सत्यानृते त्यज।
उभे सत्यानृते त्यक्त्वा येन त्यजसि तत्त्यज ।।

એનો અર્થ એવો છે કે, 'જ્યારે મુમુક્ષુ આત્મવિચાર કરવા બેસે ત્યારે તેને આડા જે ધર્મરૂપ તથા અધર્મરૂપ, સત્યરૂપ તથા અસત્યરૂપ જે જે અપાર સંકલ્પ આવે તેનો ત્યાગ કરીને, અને જે વિચારે કરીને એને તજે છે તે વિચારનો પણ ત્યાગ કરીને, ૮૨-૮૫. બ્રહ્મરૂપે રહેવું. પણ દેહે કરીને ધર્મરૂપ નિયમનો ત્યાગ કરવાનું કહ્યું નથી.' એવો તે શ્લોકનો અર્થ છે.

હવે યોગશાસ્ત્રનો મત અમે કહીએ છીએ. **યોગવાળા છે તે ચોવીશ તત્ત્વને પૃથક્ ગણે છે, તથા જીવ અને ઈશ્વરને પચીશમા કહે છે તથા પરમાત્માને છવ્વીશમા કહે છે.** ૮૬-૮૮.

અને વિવેકે કરીને પચીશમાને-જીવાત્માને તત્ત્વ થકી અલગ સમજીને તેને વિષે પોતાપણાની દઢતા માનીને, ચોવીશ તત્ત્વની જે વૃત્તિઓ, તેનો પિંડીભાવ-એકાગ્ર કરીને બળાત્કારે છવ્વીશમા જે પરમાત્મા તેને વિષે રાખે, પણ વિષયસન્મુખ ચિત્તને લગાર પણ જવા દે નહિ, અને સાર-અસારનો વિચાર કરે. ૮૯-૯૧. અને એમ સમજે જે, 'મારી વૃત્તિ ભગવાનને છોડીને બીજે ઠેકાણે જો જશે તો મને જરૂર સંસૃતિ થાશે.' ૯૨. માટે અતિશય આગ્રહ રાખીને ઈન્દ્રિયો તથા અંતઃકરણની વૃત્તિઓ, તેને ભગવાન સન્મુખ રાખે; એવી યોગવાળાની સમજણ હોય છે. ૯૩.

અને જે સાંખ્યમતવાળા છે તે એમ સમજે છે જે, 'મારે ઈન્દ્રિયો-અંતઃકરણ જ નથી તો તે જશે ક્યાં ?' આવી તેને દઢ સમજણ રહે છે. માટે તે સમજણનાં બળથી પોતાને પરમ અનુપમ બ્રહ્મરૂપ માનીને સદા નિર્ભય વર્તે છે. અને જે યોગવાળા છે તે તો રાત-દિવસ ડરતા જ રહે છે. ૯૪-૯૬. જેમ કોઈક પુરુષના હાથમાં તેલનું માથા લગણ ભરેલું પાત્ર હોય, અને તે પુરુષને પગથિયાં ઉપર ઊંચે ચઢવું હોય, ત્યારે તે પુરુષની બંને બાજુએ ઉઘાડી તલવારવાળા પુરુષ ડરાવવાને માટે પાછળ તૈયાર રહ્યા હોય, ને તે તેલને ઢોળાવાં ન દેવું હોય, તો તે પુરુષ જેવા ભયને પામતો રહે, તેમ **યોગશાસ્ત્રવાળા વિષયથી ડરીને ભગવાનના સ્વરૂપને વિષે પોતાની વૃત્તિઓને રાખે છે;** એ યોગશાસ્ત્રવાળાનો મત છે.

અને વેદાંત જે ઉપનિષદ્ તેનો જે મત છે તે હવે કહું છું જે, ૯૭-૧૦૧. સર્વના અતિશય મોટા કારણ એવા જે પુરુષોત્તમનારાયણ બ્રહ્મ, તેનું જ ગ્રહણ કરીને બીજા સર્વેને મિથ્યા માને છે. અને જેમ આકાશની દષ્ટિને જે પામ્યો હોય તે બીજાં તત્ત્વને દેખે નહિ, તેમ જે એક બ્રહ્મને જ દેખતો હોય તે બીજા કોઈને દેખે નહીં. એવી રીતે વેદાંતનો જે શુદ્ધ મત સાધેલો છે તે અમે યથાર્થ તમને કહ્યો." ૧૦૨-૧૦૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું પંદરમું વચનામૃત કહ્યું" એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥

પૂર ચોવીશમું : તરંગ - ૨૭

લોયાનું સોળમું વચનામૃત

(સં.૧૮૭૭ના) માગશર વદિ ચૌદશને દિવસ સંધ્યા આરતી થયા પછી, શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાભક્તના દરબારમાં મંચ પર રહેલા પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને તે વખતે શ્વેત ખેસ પહેર્યો હતો, ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી, તથા મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો. અને બીજા શ્વેત ફેંટાથી બોકાની વાળી હતી. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતની શોભા કહી શકાતી નથી.

❋ વાસના કુંઠિત કે નિર્મૂળ થઈ હોય તેનાં લક્ષણ :

પછી શ્રીજીમહારાજ સર્વે પરમહંસોના પ્રત્યે બોલ્યા જે, “હવે તમે સર્વ પરમહંસ પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો.” એમ કહીને પોતે જ તે વખતે પ્રશ્ન પૂછ્યો જે, ૧-૭. “જેને વાસના કુંઠિત-બૂઠી ન થઈ હોય, તથા જેને વાસના કુંઠિત થઈ હોય, અને જેને વાસના નિર્મૂળ થઈ ગઈ હોય તેનાં શું લક્ષણ છે ?” ૮. પછી મુક્તાનંદ સ્વામી તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા, પણ જ્યારે ઉત્તર ન થયો ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ૯. “જેની વાસના કુંઠિત ન થઈ હોય તેની ઇન્દ્રિયોની વૃત્તિ વિષયમાં તરત ચોંટી જાય. તે પાછી વિચાર કરીને પણ તેમાંથી નીકળતી નથી. અને જેની વાસના કુંઠિત થઈ ગઈ હોય, તેની વૃત્તિ વિષયમાં તત્કાળ પ્રવેશ કરે નહીં. અને કદાચિત્ વૃત્તિ જો વિષયમાં પ્રવેશ કરી જાય, તો તે વૃત્તિને જ્યારે પાછી વાળે ત્યારે તરત પાછી વળે, પણ વિષયમાં ક્યારેય આસક્ત થાય નહીં. અને જેની વાસના નિર્મૂળ થઈ ગઈ હોય, તેને તો જાગ્રત અવસ્થાને વિષે સુષુપ્તિની જેમ વિષયનો નિત્ય અભાવ વર્તે છે. અને તેને સારા અને નરસા, બંને વિષય સમાનપણે જણાય, ને પોતે ગુણાતીતપણે વર્તે.”

❋ વાસનાને નિર્મૂળ કરવાના ઉપાય :

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું જે, “વાસના કુંઠિત તો હોય, પણ તે મૂળમાંથી ટળી નથી જતી, તેનું શું કારણ છે ?” ૧૦-૧૭.

चोपाई :

तब श्रीजीमहाराज जेहा, बोलत भये मुनि प्रति हि तेहा;
याके उत्तर एही रहाते, आत्मनिष्ठा रूप जो कहाते...१८
एसे ज्ञान तथा प्रकृति ताके, कार्य एसे पदार्थ हि वाके;
ताके विषे अनासक्ति रूपा, ऐसे जो वैराग्य अनूपा...१९
तथा ब्रह्मचर्यादिक रूपा, धर्म तथा माहात्म्य जुत अनूपा;
एसी भगवान की भक्ति जेहू, यह चार वाने जामें तेहू...२०
संपूर्ण होवे जो जब तिनकी, वासना निर्मूल भई इनकी;
अरु यह चार महीं जो जेती, न्यूनता हि रहवत हे तेती...२१

ત્યારે શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, "એનો ઉત્તર એ છે કે, આત્મનિષ્ઠારૂપ જે જ્ઞાન, તથા પ્રકૃતિનાં કાર્ય એવાં જે પદાર્થમાત્ર તેને વિષે અનાસક્તિરૂપ એવો જે અનુપમ વૈરાગ્ય, તથા બ્રહ્મચર્યાદિકરૂપ જે ધર્મ, તથા માહાત્મ્યે યુક્ત એવી જે અજોડ ભગવાનની ભક્તિ, એ ચાર વાના જેમાં સંપૂર્ણ હોય તેની વાસના નિર્મૂળ થઈ જાય છે. અને એ ચારમાં જેટલી ન્યૂનતા રહે તેટલી વાસના નિર્મૂળ થતી નથી. તે લક્ષણે કરીને જાણી લેવું."

❋ માહાત્મ્યે સહિત ભક્તિ મળે તો સર્વે દોષો ટળે :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હવે અમે એક પ્રશ્ન પૂછીએ છીએ કે મુમુક્ષુને ભગવાનની પ્રાપ્તિ કરવા માટે અનંત પ્રકારનાં સાધન કરવાનાં કહ્યાં છે. ૧૮-૨૩. તેમાં એક એવું કયું મોટું સાધન છે, જેણે કરીને સર્વે દોષ નાશ થઈ જાય અને સર્વે ગુણ તેમાં આવે ? માટે હે સંતો ! તેનો ઉપાય તમે કહો." ૨૪-૨૫. ત્યારે એ પ્રશ્નનો ઉત્તર પરમહંસોથી યથાર્થરૂપમાં થયો નહીં. પછી ભક્તજનોનું કાર્ય સુધારવામાં તત્પર રહેતા એવા શ્રીજીમહારાજે તરત તેનો ઉત્તર કર્યો જે, ૨૬-૨૭. "ભગવાનનું માહાત્મ્ય જેમ કપિલદેવજીએ દેવહૂતિના પ્રત્યે યથાર્થરૂપમાં કહ્યું છે જે, '**मद्भयाद्वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात्।**' *(ભા.૩/૨૫/૪૨)* એવી રીતે **અનંત પ્રકારના માહાત્મ્યે યુક્ત એવી જે ભગવાનની અપાર ભક્તિ, તે જેનામાં હોય તેના દોષમાત્ર નાશ પામી જાય છે. ૨૮-૩૦. અને તેમાં જ્ઞાન, વૈરાગ્ય તથા ધર્મ એ કદાચ ન**

હોય, તોપણ કહ્યો એ મહિમાવાળી ભક્તિના માર્ગે જો ચાલે, તો તેમાં એ સર્વે આવે છે. ૩૧. માટે એ સર્વ સાધનમાં મોટામાં મોટું શ્રેષ્ઠ સાધન છે."

❋ કપટીને ઓળખવાની રીત :

અને વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, ૩૨. "જે કપટી હોય ને તે બુદ્ધિવાળો હોય માટે પોતાના કપટને જણાવા દે નહિ, તો તેનું કપટ કઈ રીતે કળી શકાય ? તે ચોક્કસ કહો." ત્યારે તેનો ઉત્તર જેમ હતો તેમ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યો જે, ૩૩-૩૪. "જેની બેઠક-ઊઠક જે સત્સંગનો દ્વેષી હોય અને સંતોનું તથા ભગવાનનું ઘસાતું બોલતો હોય તે પાસે વારંવાર હોય, અને વળી જેને કુસંગીના સંગમાં ઘણી રુચિ હોય, તેવા વ્યક્તિની રુચિ અને ભાવમાં તેનું અંતર જેવું હોય તેવું દેખાઈ આવે છે. ૩૫-૩૬. માટે જેવી તેની બેઠક-ઊઠક હોય તેના ઉપરથી તે ઓળખાય, પણ બીજી રીતે તો ન ઓળખાય. આ રીતે તે પ્રશ્નનો ઉત્તર છે." તે ઉત્તરને શ્રીજીમહારાજે યથાર્થરૂપમાં સાચો માન્યો. ૩૭-૩૮.

પછી પોતે બોલ્યા કે, "એવા કુસંગીનો સંગ ન કરતો હોય તો કેમ કળીએ ?" ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે, "જ્યારે કોઈક દેશ-કાળનું વિષમપણું આવે ત્યારે એ ગમે તેવું કપટ રાખે, તોપણ તેનું તે કપટ કળાઈ જાય છે, છુપાવ્યું રહેતું નથી." ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "તે ઉત્તર ઠીક કર્યો." ૩૯-૪૧.

❋ દ્રોહથી ગુણ પણ દોષરૂપ થઈ જાય :

અને વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમને એક પ્રશ્ન ઊપજ્યો છે તે અમે કહીએ છીએ જે, એવો એક કયો અવગુણ છે કે જેણે કરીને સર્વે ગુણમાત્ર તે દોષરૂપ થઈ જાય છે ? તેનો ઉત્તર જેવો હોય તેવો કરો." ત્યારે સમગ્ર વિપ્રોના પૂજ્ય એવા શ્રીપાત્ દેવાનંદ સ્વામી હતા, જેઓ રામાનંદ સ્વામી વખતના બહુ ગુણ સંપન્ન હતા. તેઓએ તે પ્રશ્નનો ઉત્તર કર્યો કે, "ભગવાનના ભક્તનો જે દ્રોહ કરે તેના બધા જ ગુણ દોષરૂપ થઈ જાય છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ ઉત્તર પણ ખરો, ૪૨-૪૫.

चोपाई :

सब हि गुण संपन्न होय जेहू, अरु जोउ भगवान कु तेहू...४६
अलिंगपणे समझत रहाये, पण मूर्तिमान रहाये ताये;
समझत नहि यह दोष सम जोऊ, बडे दोष न कहावत कोऊ...४७
पिछे एहि दोष करिके तिनके, दुजे सब हि गुण रहे जो इनके;
दोषरूप होई जात रहाता, याके उत्तर एसे देखाता...४८

પણ અમે તો એનો ઉત્તર બીજો ધારી રાખ્યો છે જે, 'સર્વ ગુણથી સંપન્ન હોય પણ જો તે ભગવાનને અલિંગ(નિરાકાર)પણે સમજતો હોય, પણ મૂર્તિમાન સમજે નહીં. તે દોષના જેવો બીજો કોઈ મોટો દોષ કહેવાતો નથી. પછી તે દોષે કરીને તેના બીજા સર્વે ગુણ હોય તે સર્વે દોષરૂપ થઈ જાય છે. એ પ્રશ્નનો ઉત્તર આવો દેખાય છે." ૪૬-૪૮.

❋ જો હોય માની સ્વભાવ, તો આવી બીજાનો અભાવ :

વળી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "સંતોનો અભાવ કયા કારણથી આવે છે ? તે કહો." પછી તેનો ઉત્તર પરમહંસો કરવા લાગ્યા, પણ યથાર્થરૂપમાં થયો નહીં. ત્યારે સર્વે સંતોના સાંભળતા શ્રીજીમહારાજે તેનો ઉત્તર કર્યો જે, "જેને માન હોય તેને સંતનો અભાવ વારેવારે આવે છે. કેમ જે, જે માની હોય તેનો એવો સ્વભાવ હોય કે, 'જે પોતાનાં વખાણ કરે તેમાં સો અવગુણ હોય, તોપણ તે બધાને છોડીને તેમાં એક ગુણ હોય તેના આદરભાવથી વખાણ કરે, અને તેને બહુ જ માને તથા સદાય તેને આધીન રહે. અને જે પોતાનાં વખાણ ન કરે, તો તેમાં સો ગુણો હોય તે બધાને છોડી દઈને તેમાં એકાદ જેવો તેવો અવગુણ હોય તેને બહુ માને. અને જ્યારે પોતાનો આદર કે માન ન દેખે ત્યારે તત્કાળ તેનો ત્યાગ પણ કરી દે. ૪૯-૫૫.

વળી, પોતાનો આદર-સત્કાર ન કરતા હોય તેમાં સો ગુણ ભર્યા હોય, તોપણ તેને ઝેર સમાન દેખે. અને જ્યારે પોતાનું સન્માન ન દેખાય ત્યારે પહેલા તો અલૌકિક ભાવ ન રહે. પછી જેટલો થાય તેટલો મન અને વચને કરીને દ્રોહ કરે, અને તે પછી દેહે કરીને પણ જેટલો થઈ શકે તેટલો

દ્રોહ કરે. ૫૬-૫૭. માટે ભગવાનના ભક્તને તો માનરૂપ દોષ મોટો ગણાય છે. અને તે **માન સમજુમાં જ હોય અને અણસમજુ-ભોળામાં ન હોય એમ જાણવું નહિ, ભોળામાં તો સમજુ કરતાંય અધિક માન રહ્યું હોય છે."**

✵ મહિમાથી જ માન ટળે છે :

પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને હાથ જોડીને પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ ! મારી આ એક વિનંતિ છે. આપે જે માન વિશે કહ્યું તે માનનો નાશ કેમ થાય ?" ૫૮-૬૦. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "માહાત્મ્ય સમજ્યા વિના તો માન આવે છે, અને જે ભગવાનનું માહાત્મ્ય અતિશય સમજતો હોય તેને તો માન ન આવે. કેમ જે, જુઓને ઉદ્ધવજી કેવા ડાહ્યા હતા અને નીતિશાસ્ત્રમાં અપાર કુશળ હતા, અને દેહે કરીને રાજા જેવા હતા, પણ જો તેઓ ભગવાનનું માહાત્મ્ય ઘણું સમજતા હતા તો ગોપીઓને વિષે

छंद हरिगीत :

भगवान ताके स्नेह जोईके ताके आगे पोताहु के;
मान न रहेउ कछु इमि कहे गोपियु तिनहु के;
चरण की रज जिनकु अडत होय एसे जो जेही;
वृक्ष लता तृण गुच्छ हि तामें कोउ होउँ तेही...६५

ભગવાન સંબંધી સ્નેહ જોઈને, તેની આગળ પોતાનું કાંઈ માન રહ્યું નહિ અને એમ કહ્યું કે, 'ગોપીઓના ચરણની રજ જેને અડતી હોય એવાં જે જે વૃક્ષ, વેલી, તૃણ અને ગુચ્છ તે માંહેલો હું કાંઈક થાઉં.' ૬૧-૬૫.

अरु तुलसिदास कहे तुलसि जाकेउ मुखसे;
भुले निकसे राम नाम हि कहा बात बहु तिनसे;
मेरे तनके चाम तिनके पनियाँ कर देवहू;
भक्त के माहात्म जानत इमि साचे भक्त तेहहू...६६

વળી તુલસીદાસજીએ કહ્યું છે કે, 'જેના મુખથી ભૂલમાં પણ રામનામ કહેવાયું હોય, તો તેના પગમાં મારા ચામડાંની મોજડીઓ હું કરાવી દઉં.' આવી રીતે જે ભક્તનું માહાત્મ્ય જાણે છે તે સાચા ભક્ત કહેવાય છે.

આવી રીતે જેના મુખમાંથી ભૂલે પણ ભગવાનનું નામ નીકળે, તેને માટે પણ પોતાના શરીરની ચામડીની મોજડીઓ કરાવી આપતા હોય, તો જે ભગવાનના ભક્ત હોય અને નિરંતર ભગવાનનું નામ-સ્મરણ અને ભજન કરતા હોય, કીર્તન, વંદનાદિક કરતા હોય, અને વળી, ભગવાનનું માહાત્મ્ય સમજતા હોય તો તેની આગળ શું માન રહે ? ન જ રહે. ૬૬-૬૯.

छंद परधरी :

माटे माहात्म समझत जाय, मान तब न रहत हि ताय;
माहात्म समझ हि विन ताउ, मान न जावत रहत काउ...७०
तेहि हित जाकु मान हि जेहि, त्याग हि करना होय जो तेहि;
भगवान संतहु केउ ताउ, माहात्म समझना हित लाउ...७१

માટે જ્યારે માહાત્મ્ય સમજે ત્યારે તેને માન રહેતું નથી. પણ માહાત્મ્ય સમજ્યા વિના તો કોઈનું માન જાતું નથી. ૭૦. તે માટે જેને માનનો ત્યાગ કરવો હોય તેણે ભગવાનનું અને સંતનું માહાત્મ્ય હેત લાવીને સમજવું." ૭૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું સોળમું વચનામૃત કહ્યું" એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર ચોવીશમું : તરંગ - ૨૮

લોયાનું સત્તરમું વચનામૃત

(સં.૧૮૭૭ના) માગશર વદિ અમાસને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીલોયા મધ્યે, સુરાભક્તના દરબારમાં મંચ પર મૂકેલા પલંગ ઉપર વિરાજમાન હતા. અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો. અને બીજા શ્વેત ફેંટાએ કરીને બોકાની વાળી હતી. તથા ગરમ પોસની રાતી ડગલી માંહેલી કોરે પહેરી હતી. અને તે ડગલીની ઉપર શ્વેત અંગરખું પહેર્યું હતું. તથા શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત ચોફાળ ઓઢ્યો હતો. તથા તેની ઉપર પીળી રજાઈ ઓઢી હતી. તેની શોભા મુખથી કહેતા આવડતી નથી. ૧-૫. અને

પોતાના મુખારવિંદની આગળ બધા મુનિવરો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે માનો કમળનું વન ખીલ્યું હોય તેવી લાગતી હતી. એવી રીતે શ્રીજીમહારાજ પ્રસન્ન થકા રાત્રિને સમયે વિરાજમાન હતા. જેમ તારાગણોથી વિંટાયેલો ચંદ્રમા હોય તેવા શ્રીહરિ શોભતા હતા.

❋ અહં અને આસક્તિને કારણ સ્તુતિ કરનાર જ નિંદા કરે :

પછી શ્રીજીમહારાજ પોતાની ઈચ્છાએ કરીને બોલ્યા કે, "તમે જુઓ તો ખરા ! ભગવાનની માયાનું બળ કેવું છે !! જેણે કરીને કોઈકને ઘણું વિપરીતપણું થઈ જાય છે. કેમ જે, પ્રથમ કેવો સારો જણાતો હોય અને પછી તે અતિશય ભૂંડો થઈ જાય છે. તેને સત્સંગનો પાશ પણ રહેતો નથી." ૯-૧૦. આમ કહીને પછી તત્કાળ દયાળુ શ્રીહરિ સંતોના પ્રત્યે બોલ્યા જે, "આજ તો તમે પ્રશ્ન પૂછો તો અમે વાત કરીએ." ત્યારે નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! જે મનુષ્ય પ્રથમ તો સારો હોય, નમ્ર ચિત્તનો હોય અને વારંવાર સંતોની સ્તુતિ કરતો હોય, અને તેનો તે પાછો નિંદા કરવા માંડે છે; માટે ગમે તેવા દેશ, કાળ, ક્રિયા અને સંગ વિષમ થાય તોપણ સદા સારો ને સારો જ રહે, ૧૧-૧૪. પણ કોઈ રીતે કરીને ક્યારેય તેની બુદ્ધિ વિપરીત થાય નહિ, આવી શુદ્ધિ તેમાં શું કરવાથી રહે ? હવે તે ઉપાય કહો." ૧૫.

ત્યારે દેવો, મનુષ્યો અને મુનિઓના શિરતાજ શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, "હવે અમે તેનો ઉત્તર કરીએ છીએ જે, ૧૬.

चोपाई :

जाकु देह के अनादर होऊ, आत्मनिष्ठा दृढ होय सोऊ;
अरु पंचविषय यह जो तामें, वैराग्य पर रुचि रहे यामें...१७

भगवान के महात्म सहीता, यथार्थ निश्चय होय खचीता;
एसेकु चाय जेसे जेहा, देश कालादिक केउ तेहा...१८

विषमपना कबु होवे ताही, तोउ पण याकी मति जाही;
विपरीत न होवे कोउ दिनही, चार गुन यह करीके इनही...१९

૧. જેને દેહનો અનાદર હોય, ૨. દઢ આત્મનિષ્ઠા હોય, ૩. પંચવિષયમાં અભાવરૂપી જે વૈરાગ્ય તેના ઉપર રુચિ હોય અને ૪.

ભગવાનનો માહાત્મ્ય સહિત યથાર્થ દૃઢ નિશ્ચય હોય; એવા ભક્તને ગમે તેવું દેશ-કાળાદિકનું વિષમપણું થાય, તોપણ એ ચાર ગુણે કરીને તેની બુદ્ધિ ક્યારેય વિપરીત થાય નહીં. ૧૭-૧૯. અને જેને દેહાભિમાન મુખ્યપણે કરીને રહેતું હોય, અને જેને પંચવિષયનો અતિશય અભાવ ન થયો હોય; તેને જ્યારે સંત તે વિષયનું ખંડન કરવા લાગે ત્યારે તે ગમે તેવા મોટા સંત હોય, તોપણ તેનો અંતે જાતા ભાવ રહેતો નથી. ૨૦-૨૧. પછી તેમનો સમાગમ કરતાં કરતાં પણ વાતે વાતે તેમનો અભાવ લે છે, અને ભગવાન પણ જો પંચવિષયનું ખંડન કરે, તો તેનો પણ અંતરમાં જરૂર અભાવ આવ્યા સિવાય રહે નહીં. **અને ભગવાનનો તો યથાર્થ નિશ્ચય હોય, તોપણ જો પંચવિષયનો અત્યંત અભાવ ન થઈ ગયો હોય અને તેની આસક્તિ હોય, અને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે તો તેનું મસ્તક શસ્ત્રે કરીને છેદી નાખે, એવો તે દ્રોહ કરે.** આ વાત ખોટી નથી."

❋ દેહાભિમાની સંતનો અભાવ લઈ જરૂર પડી જાય :

ત્યારે વળી નિત્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, "કોઈકમાં તો દેહાભિમાન દેખાય છે તથા પંચવિષયની આસક્તિ પણ રહી છે, તોપણ તે સદા સત્સંગમાં નભ્યો જાય છે, તેનું કેમ સમજવું ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જ્યાં સુધી એને કોઈક ધક્કો નથી લાગ્યો ત્યાં સુધી તે સત્સંગમાં નભ્યો જાય છે, પણ જ્યારે કાંઈક ધક્કો લાગશે અને મોટા સંત અથવા ભગવાન જ્યારે તેના માનને ખોદશે, તથા સ્વાદ, દેહાભિમાન, લોભ, કામ અને ક્રોધ ઈત્યાદિકને ખોદશે; ત્યારે તેને જરૂર તે સંતનો પૂરો અભાવ આવશે અને જરૂર તે સંતનો દ્રોહ કરશે, ૨૨-૩૧. અને તે સત્સંગથી અવશ્ય વિમુખ થાશે. જેમ સર્પે લાળ નાખી હોય એવું જે દૂધ-સાકર, તેને જેણે પીધું હોય તે જીવે છે તોપણ નહિ જીવે. તે ઘડી-બે ઘડીમાં, સાંજે-સવારે, આજ-કાલ જરૂર મરનારો છે. તેમાં ખોટું નથી. તેમ **જેમાં દેહાભિમાનરૂપ સર્પની લાળ રહી હોય તે મહિને, બે મહિને, વર્ષે, બે વર્ષે, દસ વર્ષે, દેહ છોડીને, જ્યારે ત્યારે પણ એ જરૂર સંતનો અભાવ લઈને મોક્ષના માર્ગથી પડી જશે. આમાં કાંઈ ખોટું નથી.**

અને જેણે દોષરૂપ જાણીને દેહાભિમાનનો ત્યાગ કર્યો હોય અને એમ સમજતો હોય કે, 'અંતઃકરણ અને ઈન્દ્રિયોનો પ્રકાશક અને જેનાથી દેહ ચાલે છે, એવો જે સત્તારૂપ અતિ પરમ અનુપમ આત્મા તે હું છું. ૩૪-૩૮. એવો હું આત્મા તે ધન-સ્ત્રી આદિક કોઈ પદાર્થે કરીને સુખી થાઉં તેવો નથી.' એમ દૃઢ સમજણ જેને હોય, **તેને સંત ચાહે તે રીતે પંચવિષયનું ખંડન કરે અને દેહાભિમાનનું ખંડન કરે, તોપણ તે સંતનો કોઈ રીતે અભાવ આવે નહિ, પણ દિવસે દિવસે સંતનો ગુણ જ લેતો રહે. તથા તુચ્છ પદાર્થને માટે સંત સાથે બખેડો કરે નહિ, અને તેની સાથે અંતરમાં આંટી પણ પડે નહીં."**

✵ વિષયનો અભાવ થયો હોય તેનાં લક્ષણ :

પછી અત્યંત પ્રસન્ન મનથી મુનિશ્રેષ્ઠ નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૩૨-૪૩. "જેને પંચવિષયનો અભાવ હોય તે કેમ જાણ્યામાં આવે ? તે અમને સમજાય તે રીતે આપ કહો." ૪૪. ત્યારે શ્રીજીમહારાજ તે મુનિના પ્રત્યે બોલ્યા જે, "જેને પંચવિષયનો અભાવ હોય તે તો એમ જાણ્યામાં આવે કે, ૪૫. જ્યારે કોઈ રસદાર સારાં ભોજન ખાવામાં આવે ત્યારે તેને ખાય ખરો, પણ જેવું તેવું પદાર્થ ખાતો હોય અને તેમાં જેવો આનંદ રહેતો હોય તેવો તેને આનંદ રહે નહિ, પણ મૂંઝાઈ જાય. અને વસ્ત્ર પણ જેવાં તેવાં જાડાં પહેરતો હોય તેમાં જેવો આનંદ રહેતો હોય, તેવો જ્યારે ઝીણાં વસ્ત્ર પહેરવાં પડે ત્યારે આનંદ રહે નહીં. ૪૬-૪૮. અને મનમાં મૂંઝાઈ જાય. તેમજ સારી પથારી હોય અથવા કોઈક માન આપે, ઈત્યાદિક **જે જે સારાં પદાર્થનો યોગ થાય ત્યારે તેમાં તેનું મન મૂંઝાય,** ૪૯-૫૦. **પણ સારાં પદાર્થમાં કોઈ રીતે તે આનંદ પામે જ નહિ, ત્યારે એમ જાણવું જે આને વિષયમાં અભાવ વર્તે છે."** પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો. ૫૧-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું સત્તરમું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર ચોવીશમું : તરંગ - ૨૯

લોયાનું સત્તરમું વચનામૃત ચાલુ

❋ અહં-આસક્તિ ટાળવાના ઉપાય :

હવે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ ! એ પંચવિષયનો અભાવ કેમ થાય ? તેનું જે સાધન હોય તે કહો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **"વિષયનો અભાવ કરવા માટેનું મુખ્ય સાધન તો પરમેશ્વરનું માહાત્મ્ય છે, અને તે પછી આત્મનિષ્ઠા તથા વૈરાગ્ય છે.** ૧-૩. હવે તે માહાત્મ્ય કહીએ છીએ જે, ભગવાનની બીકે કરીને ઇન્દ્ર વરસે છે, સૂર્ય, ચંદ્ર તથા અગ્નિ યથાયોગ્ય પ્રકાશ કરે છે, પૃથ્વી બધાને ધારી રહી છે, સમુદ્ર ક્યારેય મર્યાદા લોપતો નથી, ૪-૫. ઔષધિઓ ઋતુને પામીને જેની જેવી રીત હોય તે રીતે વારંવાર ફળે છે, અને જે ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરતા રહે છે, તથા જેની શક્તિ કાળ કહેવાય છે, ૬-૭. તથા માયા, પુરુષ અને અનાદિ અક્ષર પણ જેની શક્તિ કહેવાય છે.

આવી રીતે ભગવાનની મોટપને સમજતો હોય, તેને જગતમાં એવું કયું પદાર્થ છે કે જે બંધન કરે ? તથા કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, માન અને વિવિધ પ્રકારનાં સ્વાદું ભોજન, સૂક્ષ્મ વસ્ત્ર, ધન, સ્ત્રી તથા જે જે પંચવિષય સંબંધી પદાર્થ છે, તે કોઈ ક્યારેય બંધન કરે નહીં. ૮-૧૦. કાં જે, એણે સર્વનું પાકું માપ કરી રાખ્યું હોય છે કે, 'ભગવાન તે આવા છે. અને એ ભગવાન સંબંધી ભજન-સ્મરણ તથા કથા-વાર્તાને વિષે આવો મોટો માલ છે; અને અક્ષર તે આવું છે અને આવું એ અક્ષર સંબંધી સુખ છે. ૧૧-૧૨.

વળી, ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ સંબંધી જે સુખ તેને જેમ છે તેમ જાણે, તથા પ્રકૃતિપુરુષ સંબંધી સુખ તે આવું રહ્યું છે, અને બ્રહ્મલોક સંબંધી સુખ આવું રહ્યું છે. ૧૩-૧૪. અને સ્વર્ગનું સુખ તે આવું છે, તથા રાજ્યાદિકનું સુખ તે આવું છે'; એવી રીતે એ સર્વનાં સુખનું અનુમાન કરીને, ભગવાનનાં સુખને સહુથી અધિક માનીને, જે ભગવાનને વિષે જોડાયો હોય તેને એવો કયો પદાર્થ છે કે, જે ભગવાનનાં ચરણારવિંદથી પાડે ? કોઈ ન પાડે. કેમ જે, તે એવી સાચી સમજણના રાહને પામ્યો છે. ૧૭-૧૮.

चोपाई :

जिमी पारसमणि रहाये जेहू, जेहि लोह ताकु छुये तेहू;
कंचन भये सो कंचन ताही, पिछे पारसमणि ताके वाही...१९
करे पण लोह होत न तिनही, कंचन के कंचन रहत इनही;
तिमी एसे यह भगवान तिनके, माहात्म साचे जाने इनके...२०
भगवान के पारे पण ताऊ, भगवान के चरण से कदाऊ;
परत नहि तबहु जेही जेता, पदारथ तिनसे करीके तेता...२१
परत नहीं यह कोउ दिनहू, माहात्म के बल करहि इनहू;
अरु भगवानकु भजत जेते, एसे संत हरिभक्त तेते...२२
ताके पण बहु माहात्म तेऊ, समझत एसे बडेउ जेऊ;
भगवान ताके साक्षातकारा, उपासक एही संत निरधारा...२३

જેમ પારસમણિ હોય તે લોઢાને અડે ત્યારે તેનું સોનું થાય, પછી તે પારસમણિનું કર્યું પણ ફરી લોઢું થાય નહિ, સોનાનું સોનું જ રહે; તેમ આવા ભગવાનનું જેણે સાચું માહાત્મ્ય જાણ્યું હોય, તે ભક્ત ભગવાનનો પાડ્યો પણ તે ભગવાનનાં ચરણારવિંદથી ક્યારેય પડે નહિ, તો એવાં માહાત્મ્યનાં બળે કરીને તે ભક્ત બીજાં પદાર્થે કરીને તો પડે જ ક્યાંથી..?! કોઈ દિવસ ન પડે. અને એ ભગવાનને ભજતા હોય એવા જે જે સંતો અને હરિભક્તો, તેનું પણ એ બહુ માહાત્મ્ય સમજે જે, 'એવા મોટા જે ભગવાન તેના આ સાક્ષાત્ ઉપાસક સંત છે. ૧૯-૨૩. માટે તે ભગવાનના યોગે કરીને તેઓ બહુ મોટા છે.' અને જેમ ઉદ્ધવજી પોતે કેવા મોટા હતા ? માનો રાજા જેવા હતા. પણ જો આવી રીતનું ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા, તો પોતાના ડહાપણનું લગાર પણ માન રહ્યું નહીં. અને ગોકુળમાં ગોપીઓનાં વચન જ્યારે સાંભળ્યાં, ત્યારે ગોપીઓનાં ચરણની રજને પામવા માટે ઘણા ભાવથી ઇચ્છા કરી, ૨૪-૨૭. અને વૃક્ષ તથા વેલીનો અવતાર માગ્યો. કેમ જે, એવા મોટા જે ભગવાન તેના માર્ગને વેદની શ્રુતિઓ પણ શોધતી રહે છે, એવા ભગવાનને વિષે ગોપીઓની અપાર પ્રીતિ દેખી. ૨૮-૨૯.

तिमि ऐसे भगवान के संता, आगे मान किमि रहंता;
अरु तिनकु नमना हि तामें, बडी मोटप रहाये यामें...३०

तिनके आगे दासानुदासा, होईकर रहेवाय हुलासा;
अरु पाँच पाँच हि नित्य जेहा, दोष छोडावन हित हि तेहा...३१
जुते मारे तोउ सहन करही, विवाह तामें जिमि गारी सहही;

તેમ એવા મોટા જે ભગવાન, તેના સંતની આગળ માન કેમ રહે ? કેમ જે, તેમને નમવામાં તો બહુ મોટપ રહી છે. તેમની આગળ તો ઉત્સાહથી દાસાનુદાસ થઈને રહેવાય. અને જેમ વિવાહના પ્રસંગમાં મનુષ્ય ગાળો સહન કરે છે, તેમ પોતાના દોષ છોડાવવાને માટે તે સંત નિત્ય પાંચ પાંચ ખાસડાં મારે, તોપણ તેને સહન કરે. અને એમ સમજે જે, 'અત્યારે મારાં ઘણાં મોટાં ભાગ્ય ઉદય થયાં છે. ૩૦-૩૨. કેમ જે, જેને ભગવાન ઘણા વહાલા છે એવા સંતોનો હું કહેવાઉં છું, અને ભગવાનમાં પ્રીતિ કરાવવા માટે તેઓ મારો તિરસ્કાર કરે છે. તેમના તેવા તિરસ્કારને હું સહન કરું છું; માટે મારાં મોટાં ભાગ્ય ઉદય થયાં છે. અને તે સંતના તિરસ્કારથી તો મારો લખચોરાશીના જે તિરસ્કારો છે, તેનો નાશ થઈ જશે. ૩૩-૩૪.

અને (જો હું ગૃહસ્થાશ્રમમાં હોત તો) પ્રારબ્ધને વશ થઈને, સ્ત્રી અને છોકરાઓ પણ જેટલા તિરસ્કાર કરત, તે વારંવાર સહન કરવા પડત. ૩૫. વળી માતા, પિતા તથા રાજા ઈત્યાદિકના તિરસ્કારને પણ વારંવાર સહન કરવા પડત, અને વારેવારે હાજી હાજી એમ કરવું પડત. ૩૬. તથા પ્રારબ્ધને વશ થઈને તો ખરખોડીની ભાજી ખાવી પડત તથા મોથ ખાવી પડત, તે કરતાં આ સંતને સંગે રહીને હું નિઃસ્વાદી વર્તમાન પાળું છું, તે અત્યારે મારું મોટું ભાગ્ય ઉદય થયું છે. વળી પ્રારબ્ધને વશ થઈને તો જેવાં તેવાં વસ્ત્ર તથા ચીંથરાં પહેરવાં પડત, અને કેટલીક યોનિમાં તો તે પણ મળત નહિ, તેના કરતાં આ સંતને સંગે રહીને હું ગોદડી ઓઢું છું, તે એ મારાં મોટાં ભાગ્ય ઉદય થયાં છે.' ૩૭-૪૧

અને જ્યારે સંતની સભામાં જાય છે ત્યારે પોતાને માન ન મળે તો સંતોનો અવગુણ લે છે, ત્યારે એને તે સંતોની જેવી મોટપ છે તેવી જાણ્યામાં આવી નથી. કેમ જે, જો જાણ્યામાં આવી હોય તો અવગુણ આવે નહીં. ૪૨-૪૩. જેમ મુંબઈનો ગર્વનર સાહેબ ખુરશી નાખીને બેઠો હોય, અને

તેની સભામાં કોઈક ગરીબ માણસ આવે, અને તેને ખુરશી ન નાખી દે તથા કોઈ આદર કરે નહિ, ત્યારે એને તે કાંઈ અંગ્રેજના ઉપર ધોખો થાય છે ? અને કાંઈ તેને ગાળ દેવાનો મનમાં ભાવ થાય છે ? નથી થાતો. શા માટે જે, એ અંગ્રેજની જેવી મોટાઈ છે તેને તે જાણે છે જે, 'એ તો આ બધા દેશનો મોટો બાદશાહ છે, અને હું તો અતિશય કંગાળ, પરવશ અને બેહાલ છું.' એમ જાણીને તેનો થોડો અમથોય તલભાર પણ ધોખો થાતો નથી. તેમ જો સંતની મોટાઈ જાણી હોય, તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તોપણ તેનો ધોખો થાય નહીં. અને જેટલો લે એટલો પોતાનો જ અવગુણ લે, પણ કોઈ રીતે સંતનો અવગુણ લે જ નહીં. ૪૪-૫૦.

सोरठा : माटे जिनकू जोउ, भगवान अरु संतहु के;
माहात्म पूरे सोउ, समझ तामें आत रहे...५१
सत्संग यह मांहिं, ताके पाये अचल भये;
माहात्म समझत नाहि, ताके विश्वास हि नहीं...५२

માટે જેને ભગવાન અને સંતનું સંપૂર્ણ માહાત્મ્ય સમજવામાં આવ્યું હોય, તેનો પાયો સત્સંગમાં અચળ છે, અને જેને માહાત્મ્ય સમજાયું નથી તેનો વિશ્વાસ નહીં." ૫૧-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું સત્તરમું વચનામૃત પૂરું થયું" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર ચોવીશમું : તરંગ - ૩૦

લોયાનું અઢારમું વચનામૃત

(સં.૧૮૭૭ના) પોષ સુદિ પડવાને દિવસ રાત્રિને સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે, સુરાભક્તના દરબારમાં મંચ પર મૂકેલા ઢોલિયાની ઉપર વિરાજમાન થયા હતા. અને તે વખતે મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો. અને બીજા શ્વેત ફેંટાએ કરીને બોકાની વાળી

હતી. અને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી. ૧-૪. તથા ત્યારે ચોફાળે સહિત પીળી રજાઈ ઓઢી હતી, અને શ્વેત ખેસ પહેર્યો હતો. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે પરમહંસ સંધ્યા આરતી તથા સ્તુતિ કરી રહ્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “તમે કીર્તન ગાઓ.” ૫-૭. પછી વિવિધ પ્રકારનાં વાજિંત્ર જેવાં કે, દોકડ, સરોદ, તંબૂર, સિતાર, મંજીરા, મોરચંગ, શ્રીમંડલ અને જલતરંગ, એ બધાને સંતો વગાડી રહ્યાં હતાં, અને અનુપમ ગાન છવાઈ રહ્યું હતું. તે વખતે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી આદિક પરમહંસો કીર્તન ગાતા હતા. ચારે બાજુ આનંદસાગરનો રસ છવાઈ રહ્યો હતો. આમ ચાર ઘડી સુધી સંતોએ ગાન કર્યું.

❋ પ્રગટ પ્રભુના નિશ્ચયમાં આવતી આંટી-ઘૂંટી :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ૮-૧૦. “સંતો, હવે તમે કીર્તન રાખો. હવે અમે વાત કરીએ છીએ. અમે જે વાત કહીએ તેમાં જેને આશંકા થાય તે પૂછજો.” એમ કહીને બોલ્યા જે, “ભગવાનનો નિશ્ચય થવો તે સહુથી મહાકઠણ છે. ૧૧-૧૨. તે નિશ્ચયની વાત અતિશય અટપટી છે. તે કહેવી કઠણ છે. માટે કહેવામાં પણ ડર લાગે છે જે, ‘શું જાણીએ કોઈક વાત કરીએ અને તેમાંથી કોઈને મનમાં અવળું પડે ? વળી, તેણે જે નિશ્ચયની દૃઢતા કરી રાખી હોય, તે અમે વાત કરીએ તેને લીધે ક્યારેક ડગી જાય, તો તે મૂળગેથી જાય.’ અને તે વાત કર્યા વિના પણ ચાલતું નથી.

કેમ જે, તે વાત સમજવાથી સહેજે જ સંસારના પારને પામી જવાય; એવો ઘણો મોટો લાભ પણ રહ્યો છે. અને જ્યાં સુધી આ વાત સમજતા ન આવડે ત્યાં સુધી તેમાં બહુ બહુ દૂષણ પણ આવે છે. વળી, એ સમજણ વિના તો એ દૂષણ દેખ્યામાં પણ આવતા નથી. અને આ વાત જ્યાં સુધી સમજે નહિ, ત્યાં સુધી તેણે નિશ્ચય કર્યો હોય તેમાં ઘણી કાચપ રહી જાય છે.

તે માટે અમે વાત કરીએ છીએ જે, ભગવાને વરાહનો દેહ ધાર્યો તે ભૂંડનું રૂપ તે અતિ કુરૂપ કહેવાય. તથા જ્યારે મત્સ્યાવતાર ધર્યો ત્યારે માછલાના જેવું રૂપ હતું. અને કચ્છાવતાર ધાર્યો ત્યારે બીજા કાચબાના જેવું જ રૂપ ધારણ કર્યું હતું. તથા નૃસિંહાવતાર ધારણ કર્યો ત્યારે સિંહના જેવું ભારે ભયાનક રૂપ ધાર્યું હતું. તથા વામનાવતાર ધાર્યો ત્યારે તે વામનરૂપના હાથ તથા પગ ટૂંકા હતા, અને કમરનો ભાગ સ્થૂળ હતો અને નાનો સુંદર વેષ ધારણ કર્યો હતો. ૧૩-૨૩. તથા જ્યારે વ્યાસાવતાર ધારણ કર્યો ત્યારે શરીરનો રંગ કાળો હતો, અને શરીર ઉપર રૂંવાડાં ઘણાં હતાં, અને શરીર ગંધાતું હતું; ઇત્યાદિક ભગવાને જે તે કાર્યને અનુરૂપ જે જે આકૃતિઓ ધારણ કરી હતી, ત્યારે તેને તે કાળે જે જે મળ્યા, તેમણે ભગવાનના તેવા તેવા રૂપનું ધ્યાન કર્યું છે. ૨૪-૨૬. અને તેમનાં તેમનાં ધ્યાને કરીને તે બધા તે તે ભગવાનના સ્વરૂપને પામ્યા હતા.

તેમાં જે વરાહને મળ્યા, તે શું ધામને વિષે ભગવાનને વરાહરૂપ જ દેખે છે ? ૨૭-૨૮. અને મત્સ્યજીને જે મળ્યા, તે શું ધામને વિષે મત્સ્યરૂપે જ દેખે છે ? અને કૂર્મને જે મળ્યા, તે શું ધામને વિષે ભગવાનને કૂર્મરૂપે જ દેખે છે ? અને નૃસિંહજીને જે મળ્યા, તે શું ધામને વિષે ભગવાનને નૃસિંહરૂપે જ દેખે છે ? અને વામનને મળ્યા, તે શું ધામને વિષે ભગવાનને વામનરૂપે જ દેખે છે ? અને વ્યાસને જે મળ્યા, તે શું ધામને વિષે ભગવાનને વ્યાસરૂપે જ દેખે છે ? અને હયગ્રીવને જે મળ્યા, તે શું ધામને વિષે ભગવાનને અશ્વરૂપે જ દેખે છે ? ૨૯-૩૨. અને જેણે વરાહને પતિભાવે ભજ્યા તે શું ભૂંડણ થઈ ? અને સખાભાવે જેણે ભજ્યા તે શું ભૂંડ થયો ? અને મત્સ્યને પતિભાવે જેણે ભજ્યા તે શું માછલી થઈ ? તથા સખાભાવે જેણે ભજ્યા તે શું માછલાનાં શરીરને પામ્યો ? અને કૂર્મને પતિભાવે જેણે ભજ્યા તે શું કાચબી થઈ ? અને સખાભાવે જેણે ભજ્યા તે શું કાચબો થયો ? અને નૃસિંહને પતિભાવે જેણે ભજ્યા તે શું સિંહણ થઈ ? અને સખાભાવે ભજ્યા તે શું સિંહ થયો ? તેને તમે કેમ સમજો છો ? ૩૩-૩૭. અને હયગ્રીવને

જેણે પતિભાવે ભજ્યા તે શું ઘોડી થઈ ? અને તેમને સખાભાવે જેણે ભજ્યા તે શું ઘોડો થયો ?

માટે જો ભગવાનનું મૂળરૂપ વરાહ આદિકના જેવું જ હોય, તો તો તે તે અવતારના ભક્તોને તેના ધ્યાને કરીને જ્યારે તદાકારપણું થાય, ત્યારે તો અમે આગળ કહ્યું તેમ થવું જોઈએ, પણ એ વાત એમ નથી. માટે તે વાત જેમ છે તેમ હવે અમે કહીએ છીએ. ૩૮-૪૧.

चोपाई :

तुम कहोगे भगवान ताके, केसे हि रूप रहाये वाके;
भगवान हे सच्चिदानंदा, तेजोमय मूर्ति हे जगवंदा...४२
एक एक रोम महीं जिनके, कोटि कोटि सूर्य सम तिनके;
प्रकाश रहेउ वार न पारा, कोटि कामदेव कु निरधारा...४३
लज्जावत हि एसे रहावा, रूपवंत न जावत कहावा;
अनंत कोटि ब्रह्मांड तिनुके, पति कहावत हे जो इनुके...४४

ત્યારે તમે કહેશો જે, 'તે ભગવાનનું રૂપ કેવું છે ?' તો તે કહીએ છીએ જે, તે જગદ્‌વંદ્ય ભગવાન તો સચ્ચિદાનંદરૂપ છે ને તેજોમય મૂર્તિ છે. અને જેના એક એક રોમમાં કોટિ કોટિ સૂર્યના સમાન અપાર પ્રકાશ રહ્યો છે, અને કરોડો કામદેવને લજ્જા પમાડે એવા તે ભગવાન નિશ્ચય રૂપાળા છે, જે કહી શકાતા નથી. અને તે ભગવાન અનંત કોટિ બ્રહ્માંડના પતિ છે. ૪૨-૪૪.

अरु राजाधिराज हि रहाये, सब ही के नियंता कहाये;
सबके अंतरयामी रहेऊ, अतिशे सुख स्वरूप हे तेऊ...४५
अरु जाके सुख की आगे जेहा, अनंत रूपवंत स्त्रियु तेहा;
देखने ताके सुख हि जेता, अति तुच्छ होय जावत हि तेता...४६
यह लोक परलोक के जेहू, सबंधी पंचविषय के तेहू;
सुख जितना कहावत हि जेऊ, भगवान की मूर्ति के सुख तेऊ...४७
आगे सुख कहावत हि जेते, तुच्छ होइ जावत दुजे तेते;
ऐसे भगवान के स्वरूपा, रहाये तेहि परम अनूपा...४८

અને તે ભગવાન રાજાધિરાજપણે રહ્યા છે અને સર્વના નિયંતા છે, સર્વના અંતર્યામી છે અને અતિશય સુખસ્વરૂપ છે. ૪૫. અને જેનાં સુખની આગળ અનંત રૂપવાન સ્ત્રીઓને જોયાનું જે સુખ, તે અતિશય તુચ્છ થઈ જાય છે. ૪૬. અને આ લોક તથા પરલોક સંબંધી પંચવિષયનાં જેટલાં સુખ કહેવાય છે, તે બધાં ભગવાનની મૂર્તિનાં સુખની આગળ અતિશય તુચ્છ થઈ જાય છે; આવું ભગવાનનું સ્વરૂપ પરમ અનુપમ છે. ૪૭-૪૮. તે ભગવાનનું સ્વરૂપ સદા દ્વિભુજ જ છે. અને પોતાની ઈચ્છાએ કરીને ક્યારેક ચતુર્ભુજ પણ જણાય છે, અને ક્યારેક અષ્ટભુજ પણ જણાય છે, તથા સહસ્રભુજ પણ દેખાય છે. વળી તે જ ભગવાન મત્સ્ય, કચ્છ અને વરાહાદિક રૂપને તથા રામ-કૃષ્ણાદિક રૂપને કોઈક કાર્યને માટે ધારણ કરે છે, ૪૯-૫૧. **પણ તેઓ જે એ પોતાનું મૂળરૂપ છે તેને તજીને અવતાર ધારણ કરતા નથી.** ૫૨. તે જ ભગવાન પોતે અનંત ઐશ્વર્યોએ સહિત અને અનંત શક્તિઓએ સહિત જ મત્સ્ય, કચ્છ આદિક રૂપને ધારણ કરે છે. ૫૩. અને જે કાર્યને નિમિત્તે જે દેહ ધારણ કર્યો હોય, તે કાર્ય જ્યારે કરી રહે ત્યારે તે દેહનો ત્યાગ કરે છે. ૫૪. તે ભાગવતમાં કહ્યું છે કે,

भूभारः क्षपितो येन तां तनूं विजहावजः।
कण्टकं कण्टकेनैव द्वयं चापीशितुः समम् ॥

(ભાગવત : ૧/૧૫/૩૪)

જે જે દેહે કરીને ભગવાને ભૂમિનો ભાર ઉતાર્યો, તથા મનુષ્યશરીરને પામેલા જીવના ચૈતન્યમાં ખૂંતેલા દેહાભિમાનરૂપ કાંટાને કાઢીને, પછી કાઢવાના કાંટારૂપી જે પોતાનો દેહ, તેનો પણ ત્યાગ કર્યો. ૫૫-૫૭. જેમ કે, રાક્ષસને મારવાને માટે ભગવાને નૃસિંહરૂપ લીધું હતું, પરંતુ તે કાર્ય કરી લીધા પછી જ્યારે તે દેહનો ત્યાગ કરવાને ઈચ્છ્યા, ત્યારે તે સિંહને મારવા માટે કોણ સમર્થ હોય ? પછી પોતાની ઈચ્છાએ કરીને કાળરૂપ જે શિવ, તે શરભનું રૂપ ધારણ કરીને આવ્યા, અને નૃસિંહને તથા શરભને યુદ્ધ થયું. પછી તે યુદ્ધમાં બંનેએ દેહનો ત્યાગ કર્યો. ૫૮-૬૦. તેણે કરીને શિવજી તે શરભેશ્વર મહાદેવ કહેવાયા, જે આજ સુધી છે. અને નૃસિંહજીએ જે શરીર

છોડ્યું તે જગ્યાએ નારસિંહી શિલા થઈ છે. માટે ચિત્રામણમાં જ્યાં જ્યાં મત્સ્ય, કૂર્મ આદિક ભગવાનના અવતારના ચિત્રામણ કરે છે, ત્યાં ત્યાં થોડોક મત્સ્ય-કચ્છ આદિકનો આકાર કરીને, પછી તે ઉપર શંખ, ચક્ર, ગદા અને પદ્મ, આ ચાર આયુધોને ભુજામાં ધારણ કરી રહ્યા હોય, વૈજયંતી માળા તથા પીતાંબર પહેર્યું હોય, તથા કિરીટ નામનો મુકુટ તથા શ્રીવત્સનું ચિહ્ન ધારણ કર્યું હોય, ઈત્યાદિક જે ચિહ્નો તેણે સહિત ભગવાનની મૂર્તિને ચીતરે છે. તો જો ભગવાનનું રૂપ અનાદિ એવું જ અનુપમ છે.

અને ભક્તવત્સલ અને પરમ કૃપાળુ એવા શ્રીકૃષ્ણ ભગવાને, પ્રથમ જન્મ સમયમાં વસુદેવ-દેવકીજીને ચતુર્ભુજરૂપે દર્શન દીધું. અને અક્રૂરજીને યમુનાજીનાં જળને વિષે ચતુર્ભુજરૂપે કરીને દર્શન દીધું. તથા ભગવાને જ્યારે મર્મ વચન કહ્યાં ત્યારે રુક્મિણીજીને મૂર્છા આવી ગઈ. ત્યારે તત્કાળ જ ચતુર્ભુજરૂપે કરીને તેને દર્શન દીધું. અને અર્જુને પણ બંને હાથ જોડીને ગીતામાં કહ્યું છે કે, ***'तेनैव रूपेण चतुर्भुजेन सहस्रबाहो भव विश्वमूर्ते !'*** *(ગીતા.૧૧/૪૬)* માટે અર્જુન પણ શ્રીકૃષ્ણ ભગવાનને ચતુર્ભુજરૂપે દેખતા હતા. ૬૧-૭૧. અને જ્યારે યાદવાસ્થળી કરીને શ્રીકૃષ્ણ ભગવાન પીપળાના વૃક્ષની નીચે બેઠા હતા, તે સમયે ઉદ્ધવજીએ તથા મૈત્રેયઋષિએ ભગવાનનું શંખ, ચક્ર, ગદા, પદ્મ ધરી રહેલ ચતુર્ભુજરૂપ, અનુપમ પીતાંબરે સહિત જ દેખ્યું હતું. અને શ્રીકૃષ્ણ ભગવાન તો શ્યામ હતા.

અને તે રૂપ તો કરોડો કામને લજ્જા પમાડે એવું કહ્યું છે. માટે **એવા મનુષ્યના જેવા દેખાય છે, તેને વિષે જ પૂર્વે કહ્યો એવો જે પ્રકાશ અને સુખ તે સર્વે રહ્યાં છે.** ૭૨-૭૬. **અને જેને ધ્યાન, ધારણા અને સમાધિનું અંગ હોય, તેને એની એ મૂર્તિ છે તે જ કરોડો કરોડ સૂર્યના સમાન પ્રકાશેયુક્ત દેખાય છે,** પણ ત્યાં મશાલ કે દીવાનું કામ ક્યારેય પડતું નથી. આ વાત અલૌકિક કહેવાય છે. ૭૭-૭૮. વળી, એવો પ્રકાશ એ ભગવાનને વિષે રહ્યો છે, છતાં તે નથી દેખાતો તે તો એ ભગવાનની એવી ઈચ્છા છે. અને એ ભગવાન જ્યારે ઈચ્છે કે, 'આવો પ્રકાશમાન હું આ ભક્તને દેખાઉં.'

તો તે પ્રકાશેયુક્ત એવી એ જ મૂર્તિને દેખે છે, અને તેમાં અનંત કળાઓને પણ દેખે છે.

માટે જેને ભગવાનનો નિશ્ચય અતિ દૃઢ હોય તે તો એમ સમજે કે, 'ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને બ્રહ્મપુર, એ ધામમાં જે કાંઈ ઐશ્વર્ય, સમૃદ્ધિ તથા પાર્ષદો છે, તેણે સહિત જ આ લોકમાં પણ ભગવાન ચોક્કસ રહ્યા છે. તેમની સેવા કરવાવાળા રાધા, રમા આદિક અપાર છે; એવા પરમ ભાવે સહિત સમજુ ભક્ત ભગવાનને દેખે છે. અને જે મૂઢ લોકો છે તે તો મનુષ્યના જેવા દેખે છે. ૭૯-૮૪. તે શ્રીકૃષ્ણ ભગવાને એવી રીતે મૂઢ મનુષ્યોને દેખીને ગીતામાં કહ્યું છે કે,

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम्॥

(ગીતા : ૯/૧૧)

માટે જે મૂઢ છે તે ભગવાનના એવા પરમભાવને જાણ્યા વિના જ, ભગવાનને વિષે પોતાના જેવા મનુષ્યભાવને પરઠે છે. ૮૫-૮૭. તે મનુષ્યભાવ તે શું ? તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા અને તૃષ્ણા ઈત્યાદિક અંતઃકરણના ભાવ છે તેમ જાણવું. હવે દેહના ભાવ કહીએ છીએ જે, ૮૮-૮૯. હાડ, ચામડી, મળ, મૂત્રાદિક તથા જન્મ, મરણ, બાલ, યૌવન, વૃદ્ધ એ સર્વે દેહના ભાવ છે, ઈત્યાદિક જે મનુષ્યભાવ તે ભગવાનને વિષે પરઠે છે. માટે એવો જે મનુષ્યભાવનો પરઠનારો હોય, તેને ભગવાનના નિશ્ચય જેવું જણાય છે તોપણ તેનો નિશ્ચય કાચો છે, ૯૦-૯૨. અને તે સત્સંગમાંથી જરૂર પડી જાશે, તેમાં કાંઈ ખોટું નથી. અને **તે ભગવાન તો પરમ દિવ્યમૂર્તિ છે. તેમને વિષે મનુષ્યભાવ તો લેશમાત્ર પણ રહ્યો નથી.** માટે એ ભગવાનમાંથી મનુષ્યભાવને ટાળીને તેમાં દેવભાવ લાવવો. પછી બ્રહ્માદિકનો ભાવ તે ભક્તે લાવવો. અને પછી પ્રધાનપુરુષનો ભાવ આવે, તે પછી પ્રકૃતિપુરુષનો ભાવ આવે અને તે પછી અક્ષરનો ભાવ આવે. ૯૩-૯૬. પછી અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ તેનો ભાવ આવે છે અને પછી તે દૃઢ થઈને રહે છે. જેમ વ્રજના ગોવાળોએ જ્યારે શ્રીકૃષ્ણનાં

આશ્ચર્યરૂપ ચરિત્ર દેખ્યાં, ત્યારે તેમને શ્રીકૃષ્ણમાં પ્રથમ દેવભાવ આવ્યો. પછી ગર્ગાચાર્યનાં વચનને સંભારીને તેમાં નારાયણનો ભાવ આવ્યો. પછી તેમણે એમ કહ્યું કે, 'આપ તો નારાયણ છો. માટે અમને આપનું ધામ દેખાડો.' ૯૭-૧૦૦. ત્યારે તેમને અક્ષરધામ દેખાડ્યું.

❋ જેટલો દિવ્યભાવ થાય એટલો નિશ્ચય કહેવાય :

सोरठा : रहे ताकु हि जेहु, पुरे निश्चय जानना तब;
अरु इमि कहत रहेउ, याकु प्रथम भगवान हु...१०२

चोपाई :

ताके निश्चय हतेउ नाहीं, अब हि भये तेहि कहा ताही;
प्रथम यह भगवान कु तेहा, देखते नहि देखते एहा...१०३
पण मनुष्य के भाव सहीता, देखते हते तेसि हि रीता;
पिछे जब यह निश्चय भयेऊ, दिव्य भाव सहित तब हि तेऊ...१०४

આવી રીતે ભગવાનને વિષે જેને દિવ્યભાવ છે, તેને પૂરો નિશ્ચય થયો જાણવો. અને જે એમ કહેવાય છે કે, 'આને પ્રથમ ભગવાનનો નિશ્ચય ન હતો અને હવે થયો.' તે શું એ ભગવાનને પ્રથમ દેખતો ન હતો ? દેખતો તો હતો જ, પણ મનુષ્યભાવ સહિત દેખતો હતો. પછી જ્યારે તેને નિશ્ચય થયો ત્યારે દિવ્યભાવ સહિત

दरशन करे यह जब हि जाऊ, निश्चय भये दृढ तब हि ताऊ;
अरु जिहाँ लग जब जोउ जेही, भगवान ताके विशे तेही...१०५
दिव्य भाव कहायेउ ऐसा, नहीं समझत रहाये तैसा;
तिहाँ लग याकु बाते बाते, धोखे होत केते रहाते...१०६

દર્શન કર્યું, ત્યારે એને દૃઢ નિશ્ચય થયો જાણવો. અને જ્યાં સુધી ભગવાનને વિષે એવો દિવ્યભાવ ન સમજે, ત્યાં સુધી એને વાતે વાતે કેટલાય ધોખા થતા રહે. ૧૦૧-૧૦૬. અને વારંવાર ઘણા ગુણ-અવગુણ લીધા કરે છે જે, 'આનીકોરનો પક્ષ રાખે છે અને અમારો પક્ષ રાખતા નથી. આને અધિક બોલાવે છે, પણ અમને બોલાવતા નથી. અને આના ઉપર અધિક હેત છે અને અમારા ઉપર હેત નથી.' એવી રીતે અપાર ગુણ-અવગુણ

પરઠ્યા કરે છે. તેણે કરીને તેનું અંતર દિવસે દિવસે ઘણું જ પાછું પડી જાય છે, અને અંતે તે વિમુખ થાય છે. **માટે સત્યસ્વરૂપ ભગવાનને વિષે ક્યારેય કોઈ પ્રકારે મનુષ્યભાવ ન જ પરઠવો.**

અને ભગવાનના ભક્તને વિષે પણ કોઈ દિવસ મનુષ્યભાવ ન પરઠવો. કાં જે, દેહે કરીને તો ભગવાનના ભક્તમાં કોઈક અંધ હોય, કોઈક લૂલો હોય, ૧૦૭-૧૧૨. અને કોઈક કોઢિયો હોય, કોઈક બહેરો, મૂંગો, વૃદ્ધ કે કુરૂપ હોય; એવા કેટલાક દોષો રહ્યા હોય, પણ જ્યારે તે દેહને છોડે છે ત્યારે તે ભગવાનના ધામમાં શું એવો અંધ અને લૂલો જ રહે છે ? ના, ભગવાનના ભક્ત તેવા રહેતા નથી. એ તો સર્વ મનુષ્યપણાના ભાવ છે તેમ જાણવું. ૧૧૩-૧૧૫.

ताकु तजिके दिव्य हि रूपा, होत रहाये परम अनूपा;
ब्रह्मरूप होवत हि रहावा, देह भाव लेश न रहत कहावा...११६
माटे हरि के भक्त हि तिनके, विशे मनुष्यभाव जो इनके;
न परठाय तब परमेश्वरही, विशे किमि परठाय जो इनही...११७

કેમ જે, તે બધા ભાવોને તજીને, તે ભક્તો પરમ અનુપમ દિવ્યરૂપ થાય છે, બ્રહ્મરૂપ થઈ જાય છે અને લેશમાત્ર પણ દેહભાવ રહેતો નથી. ૧૧૬. માટે **ભગવાનના ભક્તને વિષે મનુષ્યભાવ ન પરઠાય, તો પરમેશ્વરને વિષે તો મનુષ્યભાવ કેમ પરઠાય ?** ૧૧૭. અને આ જે વાત અમે કહી, તેને સૂઝે તો આજ સમજો તોપણ આટલી જ સમજવાની છે તેમ જાણો. અને સૂઝે તો સો વર્ષે કરીને સમજો, તોપણ આટલી જ સમજવાની છે.

ગમે તેટલા ગ્રંથ ભણો, યોગ, યજ્ઞ તથા તપ આદિક અપાર સાધન વારંવાર કરીને પણ, આટલી જ વાત સમજવાની છે. માટે આટલી જ વાત જો સમજાઈ જાય, તો આમાં બધાં સાધન આવી જાય છે. આ વાત એવી અગાધ છે. પરમેશ્વરની ઈચ્છાએ કરીને આ વાતનો ઉદય થાય છે. ૧૧૮-૧૨૦. તેથી આ વાતને સમજીને તેની દૃઢતાની ગાંઠ પાડવી. કેમ જે, તે દૃઢતાની ગાંઠ પાડ્યા વિના ક્યારેય કોઈનોય છૂટકો થાય તેમ નથી.

માટે આ અમારી જે વાત છે તેને અનુપમ જાણીને તમારે સર્વે હરિભક્તોએ યાદ રાખીને પરસ્પર આ વાત નિત્ય કરવી. અને જ્યારે કોઈક ભક્તને અણસમજણે કરીને ધોખો થાય, ત્યારે તેને આ વાત કરીને તરત ચેતાવી દેવો. આ અમારી વાતને અમૃત જ માનજો. ૧૨૧-૧૨૩. અને **નિત્ય પ્રત્યે દિવસમાં એકવાર આ વાત કરવી, એમ અમારી આજ્ઞા છે, તેમાં ફેર પાડવો નહીં. આ વાતને જરૂરાજરૂર ભૂલશો નહીં."** આમ કહીને પછી શ્રીજીમહારાજ સર્વ સંતો તથા હરિભક્તોના હૃદયમાં અપાર આનંદ આપીને, તથા 'જય સ્વામિનારાયણ' કહીને હસતાં હસતાં પોતાને ઉતારે ચાલતા થયા. તે વખતે પાદુકા પહેરી હતી તેનો ચટાક્ ચટાક્ શબ્દ થતો હતો. ૧૨૪-૧૨૬. આવી રીતે શ્રીજીમહારાજની વાત સાંભળીને બધા સાધુ તથા હરિભક્તોએ, શ્રીજીમહારાજને સર્વ અવતારના કારણ અને સર્વ અવતારના અવતારી જાણીને દિવ્યભાવની અતિશય દૃઢતા કરી. ૧૨૭-૧૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાનું અઢારમું વચનામૃત કહ્યું" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર ચોવીશમું : તરંગ - ૩૧

લોયા ગામના ભક્તોના સત્સંગની વિશેષતા કહી

શ્રીહરિ ત્રણ માસ સુધી લોયા ગામમાં રહ્યા. તે લોયા ગામમાં જેટલાં મનુષ્યો હતાં તે બધાં હરિભક્ત હતાં. ૧. તેમને શ્રીહરિ તથા સંતોના ઉપર અપાર ભાવ હતો. તેઓ શ્રદ્ધાભાવથી યુક્ત થઈને નિરંતર સેવા વગેરે કરતા હતા. તેમને અપાર ઉત્સાહ હતો. ૨. કોઈ અપાર ધનાઢ્ય હોય, પણ જ્યાં સુધી તેને પુત્ર પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી અપાર સમૃદ્ધિએ કરીને પણ તેને લગારેય સુખ આવતું નથી. પછી જ્યારે સાઠ વર્ષની ઉંમરે પુત્ર પ્રાપ્ત થાય ત્યારે તેને જેવો તે પુત્રનો વિવાહ કરવામાં ઉત્સાહ હોય, તેવો તે લોયા ગામના હરિભક્તોને સેવા-સત્સંગમાં ઉત્સાહ રહેતો હતો. તે ગામમાં સંઘા

પટેલ નામે કણબી હરિભક્ત મુખ્ય હતા. ૩-૫. તેના જેટલા સંબંધી હતા તેનાથી તે બધું ગામ ભર્યું હતું. ગામમાં હરિભક્ત સિવાયનું એક પણ ઘર ન હતું. તે બધાનાં નામ કહ્યે પાર પમાય તેમ નથી. ૬.

❋ સેવાની મહત્તા :

હરિભક્તો શ્રીહરિ અને સંતોની ભાવ સહિત જેટલી સેવા કરે છે, તે બધી સેવાને શ્રીહરિ તલ તલ જેટલી જાણે છે. શ્રીહરિ રાજી થઈ તેનું એવું ફળ આપે છે, જે ક્યારેય ટળતું નહીં. ૭. આ લોકના ચાહે તેટલા રમણીય પદાર્થ હોય, પણ તે જેટલા ભગવાન અને સંતોની સેવામાં ઉપયોગી નથી થતા, તેટલું તેનું જમપુરી તથા લખચોરાશીરૂપ વિપરીત ફળ મળે છે. જેટલા નાશવંત પદાર્થો છે, તે શ્રીહરિ અને સાચા સંતો માટે ૮-૯.

ચોપાઈ :

ताकि सेवा में जितना आते, ताके फल अक्षय हि रहाते;
जन्ममरण जमपुरी जो जेहा, चोराशि के दुःख जितना तेहा...१०
तिन प्रकार के ताप हि जेहू, तीन प्रकार के कर्म जो तेहू;
ताके दुःख रहाये अपारा, वरणन करत आवत न पारा...११
दुःखहु के मूर बीज जितनेऊ, नाश होई जावत तितनेऊ;
हरि अरु संत की सेवा ताके, ऐसे फल रहायेउ वाके...१२

સેવામાં જેટલા ઉપયોગમાં આવે તેનું અક્ષય ફળ મળે છે. અને તેનાથી જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનું જેટલું દુઃખ છે, અને ત્રણ પ્રકારના તાપનું તથા ત્રણ પ્રકારનાં કર્મનું જે અપાર દુઃખ હોય છે; જેનું વર્ણન કર્યે પાર આવતો નથી, તે બધાં દુઃખોનાં મૂળભૂત જેટલાં બીજ હોય છે, તેનો પણ નાશ થઈ જાય છે; એવું ભગવાન અને સંતોની સેવાનું ફળ છે. ૧૦-૧૨. આ લોયા ગામનાં હરિભક્ત જે બાઈ-ભાઈ હતાં, તે જેને જે જાતની સેવા કહી હોય તે ધર્મ રાખીને કરતા હતા. ૧૩. કેમ જે, **ધર્મ પાળ્યા વિના જે જે સાધન કરવામાં આવે, તે બધાં નિષ્ફળ થઈ જાય છે,** એમ તે બધાં હરિભક્તો જાણતાં હતાં. ૧૪.

આ ભૂમિ ઉપર જે જે મોટા રાજાઓ હોય છે, તેને પોતાના નામનો સિક્કો હોય છે. સિક્કા વિના કોઈ હોતા નથી. ૧૫. શાહુકાર અને ચોર દેખવામાં તો બંને સમાન જ હોય છે, પરંતુ તેમનો સિક્કો-પ્રભાવ જ તેમનું સુનોરપણું અને કુનોરપણું દેખાડી દે છે. ૧૬. રાજાના ઈષ્ટદેવ અને ધર્મ તે સ્વાયંભુવ મનુની નીતિમાં રહ્યા છે. જે જે સિદ્ધિ કહેવાય છે તે બધી નીતિમાં રહી હોય છે. ૧૭. નીતિ જ રાજાને ચક્રવર્તી કરે છે. જે નીતિનો ત્યાગ કરે છે તે દુઃખને પામે છે.

વેન રાજાએ નીતિને છોડી દીધી હતી, તો તેનું તત્કાળ મૃત્યુ થયું હતું. ૧૮. જ્યારે તેના પુત્ર પૃથુ થયા, અને નીતિમાં કહ્યા પ્રમાણે તે વર્ત્યા ત્યારે તે પોતે ભગવાન જેવા કહેવાયા, અને ભક્તોમાં સર્વોપરિ લખાયા. ૧૯. હિરણ્યાક્ષ બહુ મોટો રાજા થયો. અને તે રીતે જ હિરણ્યકશિપુ પણ મોટો અનાડી થયો. નીતિ ભગવાનનું રૂપ છે. જ્યારે તેણે નીતિનું અપમાન કર્યું ત્યારે તેના ઉપર ભગવાનનો કોપ થયો. ૨૦. તે ભગવાન સિવાય મરે નહિ તેવો સમર્થ થયો હતો. જ્યારે હિરણ્યાક્ષ પૃથ્વીને ઉઠાવીને પાતાળમાં ચાલ્યો ગયો, ત્યારે બ્રહ્માને ઘણો શોક થયો. ભગવાન વિષ્ણુએ તે વાતને જાણી. પછી બ્રહ્માને જ્યારે છીંક આવી ત્યારે તે બ્રહ્માની નાસિકામાંથી ભગવાન વિષ્ણુ તરત જ પ્રગટ્યા, અને વિકરાળ વરાહ રૂપ ધારણ કર્યું અને તત્કાળ હિરણ્યાક્ષને માર્યો. તેમજ ભૂમિને છોડાવીને લાવ્યા પછી ભૂમિને અચળ કરીને સ્થાપી. ૨૧-૨૩.

પછી હિરણ્યકશિપુએ ભગવાનને મારવા માટે તપ કર્યું. તેના શરીરનો રાફડો થઈ ગયો. રાફડામાં કેવળ શરીરનાં હાડકાં જ બચ્યાં. ૨૪. પછી બ્રહ્મા તેની પાસે આવ્યા અને પોતાના કમંડળમાંથી પાણી લઈને રાફડા ઉપર છાંટ્યું, ત્યારે તેમાં પ્રાણ આવ્યા. ૨૫. અને પૂર્વે જેવું હતું તેવું શરીર થયું. બ્રહ્માએ તેને કહ્યું કે, 'હું તને ઈચ્છિત વર આપવા માટે અત્યારે આવ્યો છું. કોઈ જાતની મનમાં શંકા રાખીશ નહીં.' ૨૬. પછી હિરણ્યકશિપુએ જેટલા વર માગ્યા હતા તે બધા તેને આપ્યા. બ્રહ્મા ઘણા પ્રસન્ન હતા કારણ કે તે

તેના પુત્રનો પુત્ર હતો. ૨૭. પછી હિરણ્યકશિપુ નિર્ભય થઈને પોતાને સ્થાને આવ્યો. તેને પ્રહ્લાદ નામે પુત્ર થયો હતો. જે ભગવાનના ભક્ત હતા. ૨૮.

❋ પ્રહ્લાદજીની સમજણ :

પ્રહ્લાદ કોઈને ભગવાન સમાન જાણતા નહીં. અનંત કોટિ બ્રહ્માંડની સમૃદ્ધિને તેઓ ભગવાનના એક રોમની સમાન પણ દેખતા નહીં. ૨૯. ભગવાનના સંબંધ વગરની સંપત્તિ ચાહે તેટલી અધિક હોય, તોપણ તેને તે કાળનો કોળિયો દેખતા. અને તેઓ નાશવંત પદાર્થમાંથી હંમેશાં ઉદાસ વર્તતા હતા. ૩૦. પ્રહ્લાદજીએ ભગવાનને કાળના પણ કાળ દેખ્યા. ભગવાનથી અધિક કોઈ ન રહ્યું. ભગવાનથી અધિક કોઈને કહે તેને તેઓ નારકી કરતાં પણ વધારે ખરાબ માનતા હતા. ૩૧. અને પ્રહ્લાદજી તેવા લોકોને યમદૂત કરતાં પણ ખરાબ માનતા હતા; આવા તે સંપૂર્ણ ભગવાનના ભક્ત થયા હતા. અને ભગવાનનું ભજન કરવામાં જે કોઈ પણ અંતરાય કરે, તેને તેઓ પોતાનો ભયંકર શત્રુ માનતા હતા, આવી તેમની સમજણ હતી. તેમને આવી સર્વોપરિ સમજણ નારદજીની કૃપાથી પ્રાપ્ત થઈ હતી. ૩૨-૩૩.

પછી હિરણ્યકશિપુએ પ્રહ્લાદજીને પોતાની પાસે બોલાવ્યા, અને અસુરોની જે રીતની નીતિ હતી તે હેત કરીને તેને સંભળાવી. ૩૪. અને ઉત્તમ પંચવિષયોમાં તેને લોભાવવા લાગ્યો. સામ, દામ, ભેદ અને દંડની નીતિ બતાવી. છતાં પ્રહ્લાદજી તે કોઈમાં લોભાયા નહીં. ૩૫. કારણ કે, જેના હાથમાં ચિંતામણિ આવે છે તે ક્યારેય કાચના ટુકડામાં લલચાતા નથી. હિરણ્યકશિપુએ પોતાની પાસે જેટલી શિખામણ હતી તે બધી પુત્રને આપી. ૩૬. પ્રહ્લાદજીએ હિરણ્યકશિપુની વાતને ન માની, ત્યારે તેણે જેટલા મારવાના ઉપાય હતા તે બધા કર્યા, તોપણ તેનાથી પ્રહ્લાદજી મર્યા નહીં. પછી તે હિરણ્યકશિપુ બોલ્યો કે, 'તારો જે ભગવાન છે તે મારો શત્રુ છે. ૩૭. હું તેને શોધતો જ રહું છું. તે મારી આગળ છુપાઈને રહે છે. તું તારા ભગવાન મને બતાવ, તો હું તેનું ભગવાનપણું દેખું.'

ત્યારે પ્રહ્લાદજી બોલ્યા, 'મારા ભગવાન તમારી સમીપે જ રહ્યા છે, તોપણ તમને દેખાતા નથી, એવા તે છે. તેઓ કાળના પણ કાળ છે.

તમારા જેવા કીડા તેના શા લેખામાં ? તમે તો તેની ગણતરીમાં જ નથી. જો ઇચ્છા હોય તો જુઓ. ૩૮-૪૦. તે **ભગવાન સિવાયની કોઈ અણુમાત્ર વસ્તુ ખાલી નથી. તેઓ પોતાની શક્તિએ કરીને સર્વત્ર વ્યાપી રહ્યા છે, છતાં તે સહુથી ભિન્ન પણ રહ્યા છે.'** ૪૧. પછી જ્યારે હિરણ્યકશિપુ ક્રોધ કરીને બોલ્યો કે, 'શું તારો ભગવાન આ થાંભલામાં છે ?' ત્યારે પ્રહ્લાદે કહ્યું, 'હા, તેમાં પણ રહ્યા છે.' ૪૨.

પછી હિરણ્યકશિપુએ હાથથી તે થાંભલા ઉપર પ્રહાર કર્યો. તેનાથી તે થાંભલાના બે ઊભા ભાગ થઈ ગયા. પ્રહ્લાદનું વચન સત્ય કરવા માટે ભગવાને હરખથી નૃસિંહરૂપ ધાર્યું. પછી બ્રહ્માએ જેટલા વર આપ્યા હતા, તેમાંથી એક પણ વરદાનનો લોપ કર્યા સિવાય, તે વરદાનની પ્રતિજ્ઞાને સત્ય રાખી, તેના મુખથી જ તેને બાંધી લીધો. પછી તે મહા બળવાન હિરણ્યકશિપુને મારી નાખ્યો. ત્યારે દેવતાઓ 'જય જય...જય જય...' કરવા લાગ્યા. તે સમયે જે જે અસુરો સહાય કરવા આવ્યા, તે બધાનો પણ તરત નાશ કર્યો. ૪૩-૪૫. જે રીતે પતંગિયાં અગ્નિમાં નાશ પામે, તે રીતે બધા અસુરોનો નાશ થયો અને દેવતાઓને ઘણો આનંદ થયો. ભગવાન જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે તેઓ ભક્તને લાડ લડાવે છે. જેને ભગવાનનો ખપ હોતો નથી, તેવા મનુષ્યો ચાહે તેવા ધનાઢ્ય હોય, તેમજ વેદ અને પુરાણોને ભણેલા હોય તોપણ તેનાથી શું ? જે ભગવાનના ખપ વગરના હોય છે, તે બધાને તો મર્યા પછી જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીની પ્રાપ્તિ વારંવાર થયા કરે છે. અને તેનું દુઃખ કહી શકાતું નથી. જ્યાં સુધી મનુષ્યને ભગવાનનો ખપ નથી હોતો, ત્યાં સુધી તેઓ દુઃખમાં પણ સુખને દેખતા રહે છે. ૪૬-૪૯.

❋ સંત જ મુમુક્ષુની સાચી માતા સમાન છે :

જ્યારે મનુષ્યને સાચા સંતનો સમાગમ મળે છે, ત્યારે તેના અંતરમાં રહેલા બધા વ્યાધિઓને સંતો પારખી લે છે. ૫૦. જે રીતનો વ્યાધિ હોય તેને સંતો પારખીને, મુમુક્ષુના સાચા સુહૃદ બનીને તે રીતની વાત કરે છે, તેથી તે વાત મુમુક્ષુના ચિત્તમાં ચોંટી જાય છે. ૫૧. પરમ નિપુણ સંતો જાણતા હોય

છે કે, મુમુક્ષુના સુહૃદ થયા સિવાય અને રોગને જાણ્યા સિવાય, મુમુક્ષુના ચિત્તમાં વાત ચોંટતી નથી. ૫૨. જે જે કોઈ પણ બાબત હોય તેને જો સુધારવામાં આવે તો તે સુધરી જાય છે, પણ જ્યારે કોઈ તેનો ઈલમી(ઉપાય જાણનાર) મળે ત્યારે સુધરે છે, ઈલમી વિના કોઈ બાબત ક્યારેય સુધરતી નથી. ૫૩. અનેક પ્રકારનાં અનાજ, વિવિધ પ્રકારના મેવાઓ, ગણ્યે પાર ન આવે તેવાં ફળ, પુષ્પ, કંદ, મૂળ વગેરે જે વસ્તુઓ છે, તે પણ ઉદ્યમ કર્યા સિવાય આપ ઈચ્છાથી થતી નથી. તે જ રીતે મોક્ષને માટે પણ ઉદ્યમ કર્યા સિવાય મોક્ષ થતો નથી. ૫૪-૫૫. પણ જીવને માયિક બાબતનો જેટલો ખપ રહે છે તેટલો મોક્ષ બાબતનો ખપ હોતો નથી. ચાહે તેવો બુદ્ધિમાન હોય, પણ તે પોતાની રીતે મોક્ષના માર્ગ ઉપર ક્યારેય ચાલતો નથી. ૫૬.

જ્યાં સુધી મનુષ્ય મોક્ષના માર્ગે ચાલતો નથી, ત્યાં સુધી તેને બુદ્ધિ મળી તે ન મળ્યા બરાબર છે. મોક્ષના ખપ વિના કોઈએ મોક્ષ માટે ઘણું પરાક્રમ કર્યું હોય, તેવું અમે ક્યારેય સાંભળ્યું નથી. ૫૭. આ લોકમાં કેટલાક અધિકાર પામીને મોક્ષ વિષયક ખપના ધર્મગુરુ થઈને ફરતા હોય છે. પણ આ લોકનો જેટલો હુકમ અને અધિકાર હોય છે, તે મોક્ષના માર્ગમાં કાંઈ ઉપયોગી થતા નથી. તે જ્યારે પરલોકમાં જાય છે ત્યારે કઠણ સમયને પામે છે. જે લોકોને તે ધર્મગુરુએ જેવી અહીંયાં સહાય કરી હોય છે, તેવી તે લોકો તેને ત્યાં પરલોકમાં સહાય કરે છે. ૫૮-૫૯.

કર્મફળપ્રદાતા પરમેશ્વર છે, તે જે મનુષ્ય જેવાં કર્મ કરે છે તેને જાણે છે. પરમેશ્વર પ્રસન્ન થઈને શુભ કર્મનું શુભ ફળ આપે છે. ૬૦. અને જે અશુભ કર્મ કરે છે તેનું અશુભ ફળ પરમેશ્વર તેનું અપમાન કરીને આપે છે. શુભ કર્મનું ફળ મહાસુખ છે. જેમાં રતીભાર પણ દુઃખ નથી. ૬૧. જેમાં લેશમાત્ર પણ સુખ નથી, એવા અશુભ કર્મનું ફળ દુઃખ જ રહ્યું છે. અહીં બે દી ફાવે તેવાં કર્મની કમાણી અને મનફાવે તેવો સંગ કરી લ્યો, પણ જેટલી સાચી કમાણી-મૂડી હશે તેટલી સહાય કરશે, અને જે ખોટી કમાણી હશે તે તો દુઃખ આપશે. આમ સમજીને જે હરિભક્તો હોય છે તે મોક્ષનો ખપ રાખે છે. ૬૨-૬૩.

❋ શ્રીહરિ અને સંત, મોક્ષ છે મૂર્તિમંત :

चोपाई :

हरि करत बात चरित्र जेते, मूर्तिमान रहे मोक्ष हि तेते;
संत हरिजन जेते रहाये, मूर्तिमान मोक्ष तेते रहे ताये...६४

दोहा : निष्कपट समझत जो इमि, फल मिलत रहे ताय;
कपट जितना रखत तेही, तेसे फल यह पाय...६५

सत्संग रहे चिंतामनि, कल्पवृक्ष हि रहाय;
जेसे भाव रहे जिनके, तेसे करत सहाय...६६

શ્રીહરિએ જે જે વાતો અને ચરિત્રો કર્યાં છે તે બધાં મૂર્તિમાન મોક્ષરૂપ છે. વળી, જેટલા સંતો અને હરિભક્તો છે તે પણ મૂર્તિમાન મોક્ષરૂપ છે. ૬૪. આમ જે મનુષ્ય નિષ્કપટભાવે સમજે છે તેને તેવું ફળ મળે છે, અને જે મનુષ્ય જેટલું કપટ રાખે છે તે તેવાં ફળને પામે છે. ૬૫. આ સત્સંગ તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ છે. તેથી જેનો જેવો ભાવ હોય તેને તેવી મદદ કરે છે.

सोरठा : हरिजन जितने जेह, मोक्षभागी तितने तेही;
अलोकिक यह तेह, समझ कर सत्संग करत...६७

जान अजान हि जेहु, सत्संग करत हे जेही;
भव भटकत न तेहु, ऐसे रहे सत्संग यह...६८

જેટલા હરિભક્તો છે તે બધા મોક્ષભાગી છે, અને તેથી જ તેઓ અલૌકિક સમજણ રાખીને ભાવથી સત્સંગ કરે છે. જાણે કે અજાણે જે લોકો સત્સંગ કરે છે તે સંસારમાં ભટકતા નથી; એવો આ સત્સંગ મહત્ત્વપૂર્ણ છે. ૬૬-૬૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં “લોયા ગામના ભક્તોના સત્સંગની વિશેષતા કહી” એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર ચોવીશમું : તરંગ - ૩૨

લોયામાં શ્રીહરિએ સત્ય-અસત્ય ગુરુની વાત કહી

રોજ સવારના પહોરમાં દિલમાં અપાર કૃપા લાવીને શ્રીહરિ મંચ ઉપર પલંગ બિછાવેલો હોય, તેના ઉપર આવીને બેસતા હતા. ૧. આ વર્ષમાં બાર માસ સુધી શ્રીહરિએ ખૂબ જ કૃપા કરીને સહુને નિત્ય દર્શન, તથા કથા વગેરેનું સુખ આપ્યું હતું. ૨. સંતો, વર્ણી, સંન્યાસી અને હરિભક્તો, આ બધા જ કાયમ શ્રીહરિની સાથે જ રહેવા ઈચ્છતા હતા; એવા તે ભાવિક હતા. ૩. તે સહુ સંતો-ભક્તો બહુ વર્ષોથી શ્રીહરિની સાથે રહેવાનો લાહવો મળે, એવી ઈચ્છા રાખતા હતા. પરંતુ નિત્ય શ્રીહરિની સાથે રહી લાભ લેવાનો યોગ બની શકતો નહીં. પછી તે બધાનો અતિશય ભાવ જાણીને તેમના ઉપર શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. ત્યારે જેના જે પ્રકારના મનોરથ હોય તે રીતે તે સહુને એક વર્ષ સુધી શ્રીહરિએ સાથે રાખવાનું ધાર્યું હતું. તેમાં ભક્તવત્સલ, સુખદાયક શ્રીહરિએ અતિ હેત લાવી તે સહુના મનોરથ પૂરા કર્યા. જે સંતો-હરિભક્તોના જેવા મનોરથો હતા તે પ્રમાણે શ્રીહરિ તેમને આખો દિવસ દર્શન આપતા. અરે ! પ્યારા શ્રીહરિ ક્યારેક તો અડધી રાત જાય ત્યાં સુધી દર્શન આપતા, અને રોજ રોજ વાતો કરતા હતા. પણ આવો યોગ કાયમ રહેતો નથી. ૫-૭.

✵ જે રાખે પ્રમાદ, તેનું જીવન થાય બરબાદ :

આવા ઉત્તમ યોગમાં પણ જે પ્રમાદ રાખે છે તેણે શું સમજીને સત્સંગ કર્યો ? તેને તો હાથીએ કરેલા ગંગાસ્નાનની જેવો સત્સંગ કહેવાય. ૮. **મોક્ષને માર્ગે ચાલનારામાં જો પ્રમાદ હોય, તો તે બધો ખેલ બગાડી નાખે છે. કોઈ પણ બાબત હોય તેમાં જે જેટલો પ્રમાદ રાખે તેને તેટલું નુકશાન થાય છે.** ૯. અરે, રાજ્યને પામેલો રાજા પણ જો પ્રમાદ રાખતો હોય, તો તે પરાધીન થઈ જાય છે; એવો પ્રમાદ મલિન છે. ૧૦.

चोपाई :

चाय तेसे सर रहे भरीता, एक छिद्र जो तामें परीता;
नीर बिन अंत्ये होई जाते, प्रमाद यह एसे रहाते...११

प्रमाद जिहाँ जिहाँ रहे आई, राजा के राज दीन छोराई;
प्रमाद जामें करत निवासा, शुभ मति ताकी होवत नाशा...१२

ચાહે તેવું સરોવર પાણીથી ભરાયેલું હોય, પણ તેમાં જો એક જ છિદ્ર પડ્યું હોય, તો અંતે તે સરોવર પાણી વગરનું થઈ જાય છે, એ રીતે જ પ્રમાદ રાખનાર અંતે નાશ પામે છે. ૧૧. જ્યાં જ્યાં પ્રમાદ આવીને રહ્યો, ત્યાં તેણે રાજાનું રાજ્ય પણ છોડાવી દીધું છે. જે માણસમાં પ્રમાદ નિવાસ કરીને રહે છે તેની શુભ બુદ્ધિ નાશ થઈ જાય છે. ૧૨.

જે માણસથી રાજ્યનો અભ્યુદય થાય, અને ધનની અભિવૃદ્ધિ થાય; એવો સારો માણસ જેમાં પ્રમાદ હોય તેને ગમતો નથી. ૧૩. જેમાં પ્રમાદ રહ્યો હોય તે માણસ, જેનાથી બધા ધનનો નાશ થતો હોય તેવા માર્ગમાં રાજ્યના ઉદયને દેખે છે. ૧૪. પછી તે પ્રમાદી માણસ જે કોઈ સદ્‌બુદ્ધિ આપતો હોય, અને જેનાથી રાજ્ય તથા ધનનો ઉદય થતો હોય, તેવા સારા માણસને દૂર કરી દે છે. ૧૫. ધનનો ખર્ચ કરતો હોય તેમાં જે તેને રોકે નહિ, અને ઉલટાનો ખર્ચ કરવામાં ઉત્સાહ વધારે, તેવા માણસને પ્રમાદી પોતાના જેવો મિત્ર માને છે. ૧૬.

તેવો પ્રમાદી માણસ રાજા થયો હોય તોપણ શું ? રાજનીતિને ભણ્યા વિના તો તે જ્યાં ઊગતું હોય ત્યાં વાવતો નથી, અને જ્યાં વાવે છે ત્યાં ઊગતું નથી. ૧૭. જે રાજા રાજનીતિને ભણેલા નીતિજ્ઞ માણસને આધીન રહેતો નથી, ત્યાં સુધી તે ક્યારેય ધન-સમૃદ્ધિને પામતો નથી. ૧૮. જે રાજા નીતિમાન હોય છે અને જેમાં સદ્‌બુદ્ધિ હોય છે, તે પ્રમાદી માણસનો ત્યાગ કરી દે છે. અને તેની સાથે ક્યારેય સ્નેહ સંબંધ રાખતો નથી. ૧૯. જે માણસ પ્રમાદી હોય તેમાં જેટલા ફેલ અને વ્યસન છે, તે બધાં આવીને વાસ કરે છે. પછી પ્રમાદ તેમાં પોતાને રહેવાના અવકાશની રાહ જોતો નથી. અર્થાત્ તેવા મનુષ્યમાં પ્રમાદ પણ વધતો જાય છે. ૨૦. અમારી વાત તો ગુણનો સંગ્રહ કરાવે એવી છે, અને જેમાં જેટલા અવગુણ હોય તેમાં તેટલો દોષ દેખાડે છે. ૨૧. કોઈ પણ પ્રાણીની હિંસા ન કરવી. હિંસા કરવામાં મન, કર્મ અને વચનથી ડરતા રહેવું.

✳ જો અમાયિક બુદ્ધિ થાય તો જ જ્ઞાન પમાય :

જેને મોક્ષનો ખપ હોય તે મુમુક્ષુ જીવોના આચાર્ય અને ગુરુ અમે છીએ. ૨૨. મનુષ્ય ચાહે તેટલી પોતાની બુદ્ધિ દેખાડતો હોય, પણ જ્યાં સુધી તે માયિક સુખમાં લોભાયેલો રહે છે, ત્યાં સુધી તેની બુદ્ધિ માયિક રહે છે. જે અમાયિક બુદ્ધિવાળા છે તેમને ભગવાનનું જ્ઞાન થાય છે. પછી અનંતકોટિ બ્રહ્માંડના જે વૈભવ કહેવાય છે, તેમાં તે ક્યારેય લોભાતા નથી. જેટલી સિદ્ધિઓ કહેવાય છે તે સર્વેને પણ તે તુચ્છ દેખે છે; એવી કેટલીક વાતો છે. ૨૩-૨૫. ઉપરના દેખાવમાં તો હંસ અને બગલો સમાન હોય છે, પણ તે ચારા ઉપરથી ઓળખાઈ જાય છે. **જેની બુદ્ધિ ભગવાનના સ્વરૂપમાં સ્થિર રહેતી હોય તે અન્ય કોઈમાં લોભાતો નથી;** ૨૬. એવો જે હોય તે સિદ્ધ યોગી કહેવાય. તે ભગવાનનાં વિવિધ પ્રકારનાં ચરિત્રોનો રાત-દિવસ યોગ રાખે છે. ૨૭. દિનપ્રતિદિન અધિક અધિક ભગવાનનાં ચરિત્રોમાં ડૂબેલા રહે અને તે વિના, પાણી વગરનાં માછલાંની જેમ અકળાતા હોય; એવું જેનું વર્તન હોય તેવા સંતને ભગવાનનો સદાય સંબંધ રહ્યો હોય છે તેમ જાણવું.

✳ હરિ-સંતનાં વચને સેવા થાય, તેનાં બંધન જાય :

ભગવાન સંબંધી જેટલી સેવા છે તેને ભગવાન તથા સંતનાં વચનોએ કરીને જે અલૌકિકભાવપૂર્વક કરે છે, તેને તેટલો ભગવાનનો સંબંધ જાણવો. ભગવાન સંબંધી સેવા જો માહાત્મ્ય વગર કરે, તો મરીને બીજું શરીર ધારણ કરીને, તે વખતે જ્યારે તે ભગવાનના સંબંધવાળી સેવા માહાત્મ્યે સહિત કરશે, ત્યારે તેને ભગવાનનો સંબંધ થયો કહેવાશે. ૨૮-૩૧.

ભગવાન સંબંધી વાતવાળા જે જે કથા-કીર્તન હોય, તે નિર્દંભ અને નિષ્કપટ થઈને માહાત્મ્યપૂર્વક જો કરવામાં આવે છે, તો તેમાં ભગવાનનો સંબંધ રહે છે. આ સત્સંગ નિર્દંભી અને નિષ્કપટીનો છે. આ સત્સંગ દંભી અને કપટીનો ઉચ્છેદ કરી નાખે છે, અને અધર્મ સંબંધી વાતને પણ કેદ કરી દે છે. જેટલું વર્તન અઘટિત હોય છે તે બધું અધર્મની બાબત કહેવાય

છે. ૩૨-૩૪. અમારી જે કાંઈ પણ બાબત હોય છે, તે બધામાં યોગ્ય બાબતને ગ્રહણ કરાવવાનું અમારું તાન રહે છે. જે કાંઈ પણ અઘટિત અને અસત્ય કહેવાય છે, તેનો અમારા આશ્રિતોની પાસે ત્યાગ કરાવીએ છીએ, તથા સત્ય વાતને ગ્રહણ કરાવીએ છીએ. આ રીતે અમારો મત વિખ્યાત રહ્યો છે. ૩૫-૩૬.

જ્યાં જેટલું અસત્ય વર્તન-ખોટું થતું હોય છે ત્યાં તેટલો અધર્મ નિવાસ કરીને રહે છે. ૩૭. પછી અધર્મની જેટલી પ્રજા-દુર્ગુણોની ટોળી છે, તે બધી જ્યાં અધર્મ રહેતો હોય છે ત્યાં નિઃશંકપણે આવીને વસે છે. ૩૮. તે અધર્મની પ્રજાને જે કોઈ માને છે અર્થાત્ તે દોષોને જે માન્ય ગણે છે, તેની ગતિ પણ તે અધર્મીની ગતિ જેવી જ થાય છે. કેવી છે તે ગતિ ? તો, જે અધર્મને માર્ગે ચાલે છે તે જન્મ, મૃત્યુ, જમપુરી અને લખચોરાશીનાં ભટકણનાં દુઃખને ઝૂરી ઝૂરીને પામે છે. ૩૯-૪૦. અત્યારે જ્યાં જેટલું નિર્દંભ અને નિષ્કપટપણે સત્ય વર્તન હોય છે, ત્યાં ધર્મ પોતાની પ્રજાએ સહિત આવીને અત્યંત ઉત્સાહથી નિવાસ કરીને રહે છે. ૪૧. **જ્યાં પરસ્પર સુમતિ જેટલી વધારે રહેતી હોય, ત્યાં એકબીજાનું હિત કરવામાં વધારે અધિક ભાવના રહે છે.** ૪૨. જ્યાં ધર્મનો નિવાસ હોય છે, ત્યાં એકબીજાનાં અપાર સુખને દેખીને ન વર્ણવી શકાય, એટલો બધો અપાર સહુને આનંદ થાય છે. ૪૩.

❋ જો હોય શુભ નીતિ, તો રહે પ્રભુમાં પ્રીતિ :

જ્યાં ધર્મ હોય છે ત્યાં ભગવાન હોય છે. તે સુનીતિએ કરીને દેખાય આવે છે. કેમ જે, સુનીતિ છે તે ધર્મ અને અધર્મને દેખવાનું ચોક્કસ દ્વાર નિમિત્ત છે. ૪૪.

चोपाई :

द्वार बिन न रहे एक बाता, ब्रह्मांड हि तामें जेति रहाता;
जेसेउ जाकु खप रहेऊ, तेसे गुरु करत रहे तेऊ...४५
शुभ अशुभ बात जो यह तिनके, शुभ अशुभ गुरु रहाये इनके;
जामें सुँ सुख होय अपारा, फेर दुःख न होय लगारा...४६

जन्म मरण जमपुरि जो केरा, वेर हि वेर चोराशि फेरा;
छोरावे परम हित दे जाही, शुभ गुरु यह कहे जोउ ताही...४७
शुभ गुरु न मिलत जिहाँ लगहू, भव भटकत यह जन तिहाँ लगहू;
शुभ गुरु मिले न कर्त विश्वासा, ताके दुःख कबहु न होवत नाशा...४८

આ બ્રહ્માંડમાં કોઈ પણ બાબત હોય તે દ્વાર વિનાની હોતી નથી. જેને જેવો ખપ હોય તે તેવા ગુરુને કરે છે. ૪૫. શુભ અને અશુભ વાતના શુભ અને અશુભ ગુરુ હોય છે. જેમાંથી અપાર સુખ થાય અને ફરીને લગાર પણ દુઃખ ન થાય, તેમજ જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીના વારંવાર થતા ફેરાને, પરમ હેતથી જે છોડાવે તેને શુભ ગુરુ કહેવાય છે. ૪૬-૪૭. જ્યાં સુધી શુભ ગુરુ ન મળે ત્યાં સુધી મનુષ્ય સંસારમાં ભટક્યા કરે છે. શુભ ગુરુ મળવા છતાં તેનો જે વિશ્વાસ ન કરે તેને ક્યારેય દુઃખનો નાશ થતો નથી. ૪૮. આ બધાં કહ્યાં તે દુઃખથી જે છોડાવે નહિ, તેને પ્રગટ પ્રમાણ અશુભ ગુરુ કહેવાય છે. ૪૯.

❋ વાણી વિવેકની મહત્તા :

જે જે બાબત જેવી હોય તે વાતમાં દેખાય છે. જેટલી કાંઈ કરામત છે તે વાતમાં રહી છે. **વાત ચિંતામણિ તથા કલ્પવૃક્ષ છે. જો વાત કરતા આવડે તો તેમાં બધી જાતનાં ફળ રહ્યાં છે.** વાત રાજ્ય અપાવે છે અને વાત બંદીખાને પણ નખાવે છે. બગડેલાં કામને પણ વાત સુધારી દે છે. માટે જો વાત કરતા આવડે તો વાતમાં શું નથી હોતું ? ૫૦-૫૨. જ્યાં જેવી રીતે વાત કરવી ઘટે તેમ વાત કરવામાં જે હોશિયાર હોય, જે દેશ-કાળને ઓળખવામાં પ્રવીણ હોય, તથા જેમાં પ્રમાદ, ગાફલાઈ ન હોય તેની વાતમાં જે કાંઈ સુખમાત્ર કહેવાય છે, તે અપાર ભર્યું હોય છે. આ લોક અને પરલોકમાં શુભ ગુરુની વાતથી ઈચ્છિત સુખ મળે છે. પરંતુ અશુભ ગુરુ પાસેથી તે સુખ ક્યારેય મળતું નથી. જે અશુભ ગુરુ હોય છે તે તો અશુભ માર્ગે ચઢાવી દે છે. ૫૩-૫૫. અશુભગુરુ અશુભ વાતને શુભ કહે છે અને શુભ વાતને અશુભ દેખાડે છે. જેને પાપનો ડર હોતો નથી તેનાથી ભૂંડું કાર્ય શું ન બની શકે ? ૫૬. જે ગુરુના આશ્રયમાં ધનનો નાશ થઈ જતો હોય,

તોપણ અજ્ઞાની મનુષ્ય તેની પાસેથીય આશા રાખ્યા કરે છે. મૂર્ખ મનુષ્ય પકડેલી વાતને છોડી શકતો નથી, તે તેનાં પૂર્વે કરેલાં પાપનું ફળ છે. ૫૭.

મનુષ્યનાં હૃદયમાં જ્યારે ભગવાન વસે છે ત્યારે સત્ય અને અસત્ય વાત ઓળખાય છે. રાત અને દિવસમાં જેટલો ફરક છે, તેટલો સત્ય અને અસત્યમાં ફરક રહ્યો છે. ૫૮. જેનું હૃદય પાપથી અવરાઈ ગયું હોય તે અસત્યને સત્ય માને છે, અને તે જ્યારે અસત્યને અસત્ય જાણે છે ત્યારે સત્યને સત્યના રૂપમાં દેખી શકે છે. ૫૯. જેટલા શુભમાર્ગ ચૂકી ગયા હતા તે બધા આ દુનિયામાંથી કાયમને માટે મટી ગયા છે. અશુભ ગુરુની કહેલી વાતથી તો મનુષ્યની બુદ્ધિ અશુભ થઈ જાય છે. માટે તમે જેટલા સંતો સંસ્કૃત ભણેલા છો, તે આરતી અને ધૂન કર્યા પછી સત્સંગિજીવનના અઢાર શ્લોકોની નિત્ય કથા કરજો. કે જેમાં ભૃગુઋષિ અને નંદીશ્વરના શાપની વાત આવે છે." ૬૦-૬૨.

પછી આરતી અને ધૂન બાદ રોજ તે શ્લોકોની એક એક સંત કથા કરવા લાગ્યા. ૬૩. પ્રથમ દિવસે કપિલેશ્વરાનંદ સ્વામીએ કથા કરી, જેને નિત્યાનંદ સ્વામીએ ભણાવ્યા હતા. ૬૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયામાં શ્રીહરિએ સત્ય-અસત્ય ગુરુની વાત કહી" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર ચોવીશમું : તરંગ - ૩૩

શ્રીહરિએ સંતો પાસે પરસ્પર શ્લોક બોલાવીને વિજયી સંતોને થાળ આપ્યો

જે મુનિ કથા વાંચતા હતા, તેના ઉપર પ્રસન્ન થઈને શ્રીહરિ પોતાની છાતી ઉપરથી ફૂલનો હાર ઉતારીને નિત્ય આપતા હતા. ૧. ભણનારા જેટલા વિદ્યાર્થી નાના સાધુઓ હતા, તે બધાની ઉંમર પચીશ વર્ષથી અંદર હતી. ૨. આત્માનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, અચિંત્યાનંદ

સ્વામી, લક્ષ્મણાનંદ સ્વામી, ૩. બે શિવાનંદ સ્વામી, પ્રસાદાનંદ સ્વામી, દહરાનંદ સ્વામી, શૂન્યાતીતાનંદ સ્વામી, નારાયણાનંદ સ્વામી, નિર્મળાનંદ સ્વામી, ૪. ત્રિગુણાતીતાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી, પ્રતોષાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી અને પ્રજ્ઞાનંદ સ્વામી, ઈત્યાદિક જે વિદ્યાર્થી સંતો હતા, તે સત્સંગિજીવનના એટલા શ્લોકોને વાંચીને જેને જેવી કથા આવડે તેવી એક માસ પર્યંત કરતા હતા. ૫-૬.

વર્ણી વાસુદેવાનંદ સ્વામીએ પણ શ્લોકોની કથા કરી. તેમાં કપિલેશ્વરાનંદ સ્વામી, અચિંત્યાનંદ સ્વામી અને દહરાનંદ સ્વામીનું શ્લોકોનું ઉચ્ચારણ સહુ સંતો કરતાં શ્રેષ્ઠ હતું. તેઓ શ્લોક બોલવામાં ગૂંચવાતા નહીં. ૭-૮. જ્યારે સંતો કથા કરી રહેતા, ત્યારે શ્રીહરિની પાસે આવીને શ્રીહરિનાં ચરણકમળને, ઘણા ભાવથી પોતાનાં મસ્તક ઉપર અને છાતીમાં લેતા હતા. શ્રીહરિએ ભણનારા સંતોનાં બે જૂથ કર્યાં હતાં. તેમાં એક વિભાગમાં નિત્યાનંદ સ્વામીને મોટા કરીને ફૂલનો હાર આપ્યો, અને બીજા જૂથમાં બ્રહ્માનંદ સ્વામીને મોટા કરીને તેમને પણ ફૂલનો હાર આપ્યો. ૯-૧૧.

પછી શ્રીહરિએ કહ્યું કે, "વસંતતિલકા આદિક જે વૃત્તનો કે જે છંદનો શ્લોક પહેલો બોલાય, તેની પાછળ તે વૃત્તના જ સામા પક્ષે બીજા શ્લોકો અનુક્રમે બોલવા. ૧૨. અને તે શ્લોકો બોલતાં જેના પક્ષમાં તે વૃત્તના શ્લોકો ખૂટી જાય, તો તે બીજા પક્ષની સમક્ષ હાર્યા કહેવાય. ૧૩. તમારા બે પક્ષમાંથી આજ કોઈ એક પક્ષ પહેલાં શ્લોકને બોલો, અને જે પક્ષ બાકી રહે તેણે આવતીકાલે પ્રથમ શ્લોકને બોલવો; તે આ સ્પર્ધાનું બંધારણ છે તેને તમે ધ્યાનમાં રાખજો." ૧૪. પછી નિત્યાનંદ સ્વામી પહેલાં શ્લોક બોલ્યા અને પહેલે દિવસે નિત્યાનંદ સ્વામીના જૂથની જીત થઈ. ૧૫. શ્રીહરિએ તે સમયે મુકુંદાનંદ વર્ણીને બોલાવીને કહ્યું, 'શ્લોકો બોલવામાં જે જૂથનો વિજય થાય, તેને તમારે નિત્ય થાળ આપવો. ૧૬. આવતી કાલે નિત્યાનંદ સ્વામીને તમારે અમે જે થાળ જમીએ તે સંભારીને તેમને આપવો.' ૧૭. ત્યારે બ્રહ્મચારીએ કહ્યું કે, 'થાળને સમયે તેમના બે સાધુ

મારી પાસે આવે, અને કદાચ હું ભૂલી જાઉં તો તે સાધુ જ્યારે આવે ત્યારે મને યાદ કરાવે.' ૧૮.

બીજે દિવસે જ્યારે સભા થઈ ત્યારે શ્રીહરિ મંચ ઉપર આવીને બેઠા. શ્રીહરિ રોજ આથમણે અથવા દક્ષિણાદે મુખારવિંદે આવીને બેસતા હતા. ૧૯. તે વખતે શ્રીહરિ રોજ ગરમ પોસની ડગલી પહેરતા હતા. મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધતા હતા. અને શ્વેત ચોફાળને ઓઢતા હતા. ૨૦. એક શ્વેત ખેસ પહેરતા હતા, તેની એટલી ભવ્ય શોભા બનતી કે જે કહી શકાતી નથી. દર્શન કરનારા મનુષ્યને જેવો ભાવ હોય, તેવા તે મૂર્તિનાં દર્શન થાતાં હતાં. ૨૧. **શ્રીહરિની મૂર્તિમાં અપાર કળાઓ રહી છે. બ્રહ્માદિક દેવતાઓ પણ તેના પારને પામતા નથી, તો પછી બીજા મનુષ્ય તો ક્યાંથી પાર પામે ? તેથી જે જેવું દેખે તેવું તે કહે છે.** ૨૨. દેશેદેશના ગુરુઓમાં જેનું જેટલું પરાક્રમ હતું, તે તેનું ચાલે ત્યાં સુધી શ્રીહરિ સામે અજમાવતા. પરંતુ જ્યારે કાંઈ ન ચાલે ત્યારે તે થાકીને બેસી રહેતા. ૨૩.

❋ ધર્મી અને અધર્મી ગુરુનાં લક્ષણ :

શ્રીહરિ જ્યાં સુધી પ્રગટ થયા ન હતા, ત્યાં સુધી અધર્મી ગુરુઓ પોતાના શિષ્યોમાં મનફાવે તેમ વર્તતા હતા. ૨૪. તે ગુરુઓ શિષ્યોનો મોક્ષ અધર્મમાં જ દૃઢપણે ઠેરાવી દેતા હતા. શિષ્ય તો અંધશ્રદ્ધાળુ હતા, તેથી કોઈ દોષને જાણતા નહીં. ૨૫. તેઓએ લોકોના મગજમાં એવી વાત બેસાડી દીધી હતી કે, 'જે ગુરુમાં દોષ દેખે છે તે શિષ્ય નર-નારીઓ વારંવાર સંસારમાં ભટક્યા કરે છે.' ૨૬. આ વાતનું ઉથાપન ભગવાન શ્રીહરિ સિવાય કોઈ મોટા દેવથી પણ કરી શકાત નહીં. કારણ કે, તે ગુરુ ભગવાન કરતાં પણ પોતાને અધિક કહેતા હતા. ૨૭. જેટલા સત્પુરુષો થયા તેમણે નિષ્કામધર્મ વગરનાને ગુરુ કર્યા નથી. કારણ કે, કામી ગુરુઓને તો કૂતરાં જેવા કહ્યા છે. ૨૮. અને લોભી ગુરુઓને ચંડાળ જેવા કહ્યા છે; એવા અધર્મી ગુરુની જે સોબત રાખે છે તેનો કાળ વારંવાર નાશ કરે છે, તેવું તે સત્પુરુષોએ જગજાહેર કહ્યું છે. ૨૯.

આવાં તો અનંત-અપાર વચનો સત્પુરુષોએ કહ્યાં છે. જેમાં અધર્મ નિવાસ કરીને રહ્યો હોય તેવા અધર્મી ગુરુઓ સાચા ગુરુથી રાત-દિવસ ત્રાસ પામતા રહે છે. તે સાચા સદ્‌ગુરુનો પ્રતાપ કહેવાય છે. જે અધર્મી લોકો હોય છે તેમને અધર્મમાં રુચિ રહે છે. તેથી જ તેઓ સાચા ગુરુનું જાહેરમાં કે ગુપ્તપણે પણ અપમાન કરતા રહે છે. પણ જે લોકોના અંતરમાં સત્ય વાત રુચતી હતી, તે લોકોને ખોટા ગુરુનાં કુકૃત્યો જોઈને સત્યગુરુ અને સત્યધર્મમાં રુચિ થવા લાગી. જેને એવી રુચિ થઈ તે સત્સંગી થયા, અને જેને રુચિ ન હતી તે કુસંગી રહ્યા. ૩૦-૩૩.

આજે શ્રીહરિનો થાળ બન્યો ત્યાં સુધી સંતો ગરબીનાં પદ બોલતા રહ્યા. ૩૪. શ્રીહરિએ થોડીક વાતો કરી. પછી થાળ તૈયાર થયો ત્યારે શ્રીહરિ જમ્યા. થાળ જમી રહ્યા ત્યારે નિત્યાનંદ સ્વામીને થાળની પ્રસાદી આપી. ૩૫. જ્યારે દિવસ એક પહોર બાકી રહ્યો ત્યારે શ્રીહરિએ સભા કરાવી, અને મુક્તાનંદ સ્વામી આદિક જે જે સંતો ગાન કરવાનું જાણતા હતા, તેમની પાસે વાજિંત્રો વગડાવીને કીર્તનગાન કરાવ્યું. પછી સંધ્યા આરતી કરીને શ્રીહરિએ કેટલાક નિત્ય-નિયમ બાદ શ્લોકોની કથા કરાવી. પછી સંતોની પાસે પરસ્પર એક વૃત્તના શ્લોકો બોલાવ્યા. તે સમયે તે બોલાતા શ્લોકોની ધૂમ મચી ગઈ. ૩૬-૩૮. તે દિવસે બ્રહ્માનંદ સ્વામી પહેલાં શ્લોક બોલ્યા હતા. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'આજ તો ખૂબ જ રંગ જામ્યો છે.' ૩૯. તે દિવસે બ્રહ્માનંદ સ્વામીનાં જૂથવાળા સંતો શ્લોક બોલવા લાગ્યા અને તે જૂથનો વિજય થયો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ સંતો પાસે પરસ્પર શ્લોક બોલાવીને વિજયી સંતોને થાળ આપ્યો" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ।।૩૩।।



પૂર ચોવીશમું : તરંગ - ૩૪

લોયા ગામમાં રમવા આવેલા નાયકની વાત કહી

બીજે દિવસ બ્રહ્માનંદ સ્વામીનો વિજય થયો ત્યારે શ્રીહરિએ સંભારીને રાજીપાથી તેમને થાળની પ્રસાદી આપી. ૧. પછી બંને જૂથના જે ભણનારા સંતો હતા તે અતિ ખટકો રાખીને શ્લોકો કંઠે કરવા લાગ્યા. ૨. પછી મકરસંક્રાંતિ આવી ત્યારે શ્રીહરિ સવારના પહોરમાં આવીને મંચ ઉપર બેઠા. તે વખતે સંતો તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી. સંતો કીર્તનગાન કરવા લાગ્યા. ત્યારે લોયા ગામના હરિભક્તો તલ અને ખાંડ લાવ્યા. ૩-૪. મોટા મોટા થાળ ભરી ભરીને લાવ્યા હતા. થાળ વીશથી-પચીશ જેટલા હતા. હરિભક્તોનો આનંદ વધારવા માટે હરેક થાળમાંથી શ્રીહરિ પૈસા પૈસા ભાર તલ-ખાંડ જમ્યા. શ્રીહરિની જેટલી જે કાંઈ બાબત છે, તેમાં સંતો અને હરિભક્તોને પ્રસન્ન કરવાનો જ ભાવ રહેતો; શ્રીહરિને એવું તાન હતું. શ્રીહરિએ એક એક પોશ ભરીને પહેલાં બધા સંતોને તલ આપ્યા. ૫-૭. શ્રીહરિએ સંતોના પહેલાં વર્ણી અને સંન્યાસીઓને તલ આપ્યા. સંતોને આપી રહ્યા પછી શ્રીહરિએ હરિભક્તોને પણ તલ આપ્યા. ૮.

એક દિવસ કણબીનો નાયક-ભવાયો કણબીની પાસે માગવા નીકળેલો હતો, તે પ્રેમભાવથી લોયા ગામ આવ્યો. ૯. તે નાયક શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યો. તેણે ઘણા ભાવથી ગાન કર્યું. જ્યારે તે ગાન કરી રહ્યો ત્યારે તે શ્રીહરિની આગળ બોલ્યો, “હે પ્યારા ! આપના જેટલા હરિભક્તો છે તે ભાંડ તથા ભવાઈને જોતા નથી. અમારે તો તે ભાંડ અને ભવાઈમાં જ આજીવિકા રહી છે. આપ હરિભક્તોને કહો કે તે અમારી રમત દેખે.” ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “જે હરિભક્તો થયા હોય છે તેઓ તો ભાંડ-ભવાઈને દેખતા નથી. કેમ જે, ભાંડ-ભવાઈ, તાઈફા અને નટ બજાણિયામાં, જાદુગર અને જુગટામાં અધર્મ નિવાસ કરીને રહ્યો હોય છે. ૧૦-૧૩. આવાં જે તોફાનો-ટીખળો હોય છે, તે તોફાનોને અમારા હરિભક્તો દેખતા નથી, અને જો દેખે તો તે હરિભક્ત કહેવાતા નથી. પરંતુ એ બધા તાઈફાઓ

છોડી દેવા, ફેલ અને વ્યસનોને છોડી દેવા, તે ખરા હરિભક્તથી જ થઈ શકે છે. બીજાથી ક્યારેય થઈ શકતું નથી.

હરિભક્ત સિવાયના જે લોકો છે તે ફેલ અને વ્યસનમાં તણાતા જાય છે. અને તેથી તેનો મોક્ષ થતો નથી. ૧૪-૧૬. ફેલ, વ્યસન અને તોફાનોનો ત્યાગ કરવો ઘણો કઠિન છે. જેને સત્સંગ થયો નથી તે ચાહે તેવા જ્ઞાની ગુરુ હોય, ચાહે તેવા સિદ્ધ કહેવાતા હોય, વળી શાસ્ત્રી, પુરાણી કે વિપ્ર કહેવાતા હોય, તોપણ તેઓ બધા વ્યસન અને ફેલમાં ભરપૂર રહ્યા હોય છે. અમારા જે હરિભક્તો છે તે બધા દોષોને દૂર કરી દે છે. ૧૭-૧૮. હરિભક્ત સિવાયના લોકો વ્યસનમાં ભરપૂર ડૂબી રહ્યા છે. જેટલા અજ્ઞાની ગુરુ અને શિષ્યો છે, તે ફેલ-વ્યસનમાં ડૂબ્યા વગરના લગભગ એક પણ રહ્યા નથી. ૧૯. જ્યારે માણસ ફેલ અને વ્યસનોને છોડી દે છે, ત્યારે જ તે ભગવાનમાં સર્વે રસો દેખે છે.

એવા ગુરુ અને શિષ્ય સાચા છે અને તેમણે સર્વે શાસ્ત્ર ભણી લીધાં છે. ૨૦. તે શાસ્ત્રમાં કર્મકાંડ જે રીતે કહ્યા છે, તે પ્રમાણે તત્પર થઈને કરતા હોય છે. વેદના અર્થો હિંસા સહિત અને હિંસા રહિત એમ બે રીતે છે. તેમાં જે હિંસાપર વાક્યો જણાય છે, તેનો ભાવાર્થ તો જે લોકો નિયમ વગરના છે તેમને નિયમમાં કરવાનો છે. પરંતુ તે બાબતને સમજ્યા વિના જે એકલી હિંસાપરક વાતને જ માને છે, તેણે કરીને તે ભણેલા હોવા છતાં પણ અંધ કહેવાય છે. જે લોકો નિયમ વગર ચાલતા હોય તેને નિયમમાં ચલાવવા માટેનો જ વેદ અને પુરાણોનો મત રહ્યો છે, પરંતુ તે શુદ્ધ બુદ્ધિ સિવાય દેખાતું નથી. જ્યારે કોઈ શુદ્ધ બુદ્ધિવાળા ગુરુ મળે ત્યારે તેઓ શુદ્ધ અર્થ દેખાડે છે. ૨૧-૨૪. જે શુદ્ધ બુદ્ધિ વગરના હોય છે તેને શાસ્ત્રના અર્થ સમજાતા નથી. તમે પણ તમારા પ્રયોજનને સમજતા નથી. જે ભગવાનના ભક્ત નથી થતા, તેમનું જેવું રૂપ હોય તેને વેશ ધારીને તમે દેખાડો; એ જ તમારું પ્રયોજન છે. અર્થાત્ કુસંગીઓનું રૂપ ઉઘાડું કરવું એ જ તમારા ખેલનું પ્રયોજન હોવું જોઈએ. ૨૫-૨૬.

ભગવાનને નહિ ભજનારા એવા નટ, બજાણિયા અને જાદુગર તે પોતાનું પેટ ભરવા માટે મરણનો પણ ડર રાખતા નથી. ૨૭. જે ગારુડી-મદારી હોય છે તે પેટ ભરવાને માટે સર્પને પકડે છે. તેમાં કેટલાંક તો મરી જાય છે. ૨૮. વળી કેટલીક નિર્લજ્જ સ્ત્રીઓ પેટ ભરવાને માટે વેશ્યા એવું નામ ધરાવે છે, જેમાં તેને તલભાર પણ લાજ હોતી નથી. ૨૯. તમે બધા પેટ ભરવાને માટે અનંત પ્રકારના વેષ ધારો છો, તેમાં તમને કોઈની લાજ આવતી નથી. અને કેટલાક પુરુષ હોવા છતાં પણ ફાતડા-હીજડા બની જાય છે, ૩૦. તેની તેને લેશમાત્ર પણ લાજ નથી હોતી. કેટલાક તો હંમેશાં માથું મુંડાવેલું રાખે, અને પેટને માટે રુધિરની ધારા પણ કરતા હોય છે, તેમાં તેને લગાર પણ લાજ આવતી નથી. ૩૧.

કેટલાક મોટા મોટા બુદ્ધિમાનો પણ પોતાનું એક પેટ ભરવા માટે જ દેશ-પરદેશ જઈને રહે છે, અને વહાણમાં બેસી સમુદ્રમાં જાય છે. ૩૨. વહાણમાં બેઠેલામાં કેટલાકની તો ફરી ખબર પણ આવતી નથી. પેટને માટે તેઓ શી વાત નથી કરતા ? અપાર કળા-કારીગરીને લડાવે છે, તેમનું પણ પેટ ભરવું એટલું જ ફળ હોય છે. ૩૩. અનેક લોકો તીર્થ અને વ્રત કરે છે. હિમાલયમાં દૃઢ નિશ્ચય કરી આગળ વધીને મરે છે, પણ તે લોકોને સત્સંગ કરવો એ કઠણ પડે છે. અને તેથી સત્સંગમાં પોતાની બુદ્ધિનો પ્રવેશ કરાવતા નથી. ૩૪.

❋ સત્સંગની સર્વોપરિતા અને આવશ્યકતા :

चोपाई :

सत्संग करत नहि जिहाँ लगहू, इंद्र से अधिक भये तिहाँ लगहू;
ब्रह्मा सम भये कहा होई, वैराट सम कबु भये सोई...३५
सत्संग बिन चोराशी फेरा, भमत रहाये वेर हि वेरा;
यह सब हि कबुल करीता, सत्संग कबुल न करत रहीता...३६

दोहा : सर्वोपरि सत्संग रहे, मायिक बुद्धि हि ताहि;
करना रहे कठिन हि यह, एसे बात रहाहि...३७
दुःख के होवत ज्ञान जब, जितना होत रहेउ;
दुःख के ज्ञान भये बिनहि, सत्संग होत न तेउ...३८

જ્યાં સુધી માણસ સત્સંગ નથી કરતો ત્યાં સુધી તે ઈન્દ્ર કરતાં પણ અધિક થાય, અને બ્રહ્મા જેવો કે કદાચ વિરાટ જેવો પણ થાય, તો તેથી પણ શું ? ૩૫. સત્સંગ કર્યા સિવાય જીવ લખચોરાશીના ફેરામાં વારંવાર ભમતો રહે છે. છતાં જીવ એ સર્વે કબૂલ કરે છે, પણ સત્સંગને ક્યારેય કબૂલ કરતો નથી. ૩૬. આ સત્સંગ તો સર્વોપરિ છે. પણ જેની માયિક બુદ્ધિ હોય તેને સત્સંગ કરવો કઠિન છે, એવી આ વાત છે. ૩૭. માણસને જ્યારે દુ:ખોનું જ્ઞાન થાય છે ત્યારે જ સત્સંગ થાય છે. દુ:ખનું જ્ઞાન થયા સિવાય સત્સંગ થાતો નથી. ૩૮. **જીવને જ્યાં સુધી દુ:ખમાં મહાસુખ દેખાય છે, ત્યાં સુધી તેને જન્મ, મરણ અને જમપુરીનું દુ:ખ મટતું નથી."** ૩૯. શ્રીહરિની કહેલી વાત સાંભળીને તે નાયક ત્યારે બોલ્યો, "જેવી અનુપમ વાત આપ જાણો છો તેવી આ વાત આપે કહી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયા ગામમાં રમવા આવેલા નાયકની વાત કહી" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર ચોવીશમું : તરંગ - ૩૫

શ્રીહરિએ નાયક પાસે ખેલ કરાવ્યો, પણ તે નિષ્ફળ રહ્યો

પછી તે નાયકે શ્રીજીમહારાજની આગળ બંને હાથ જોડીને કહ્યું કે, "અમે તો અતિશય અધમ છીએ. ૧. જિંદગીના આટલા દિવસ ગયા, પણ જીવનો મોક્ષ થાય એવી વાત અમે ક્યારેય સમજ્યા નથી. આ રીતે જ અમે મરી જઈશું તેવું દેખાય છે. ૨. પોતાને જરૂર મરી જવાનું છે, એવું ક્યારેય સમજાતું નથી. હું ખોટું બોલતો નથી. અરે ! મર્યા પછી શું થાશે ? ૩. પુણ્યનું ફળ સુખ છે અને પાપનું ફળ દુ:ખ છે, એવું મુખથી કહીએ છીએ પણ તે બાબતમાં ક્યારેય વિચાર કરતા નથી. ૪. પ્રભુ જેવો જન્મ આપશે તેવું આ જીવ ભોગવશે. રાજા, રાંક અને ફકીર વગેરે બધાં કર્મને આધીન વર્તે છે. ૫. જીવ જેવું કર્મ કરે તે પ્રમાણે પ્રભુ તેને જરૂર ફળ આપે છે.

જીવ વારંવાર કર્મને આધીન વર્તે છે, અને ચોરાશીના ફેરા ફરતો રહે છે. ૬. જીવ આવનારા દુઃખોનો ક્યારેય વિચાર કરતો નથી, અને વારંવાર મોહરૂપ મદિરાનું પાન કરતો રહે છે. પણ તેનાથી ક્યારેય તૃપ્ત થાતો નથી.

પ્રભુથી વિમુખ જીવ મોહનો કેફ કરીને દુઃખને દેખતો નથી. જ્યારે તે મોહના કેફનો પાકો ત્યાગ કરે ત્યારે પ્રભુના ચરણોમાં અચળ પ્રેમ થાય છે. જ્યારે મોહમાં રહેલા દોષ દેખે છે, ત્યારે તેનાથી મોહનો ત્યાગ થઈ શકે છે. ભગવાનના જે સાચા સંતો કહેવાય છે તે સાચા ધન્વંતરી વૈદ્ય છે. તે **સંતો મનુષ્યોનાં જન્મ-મરણરૂપી દુઃખને ટાળવા વાતોરૂપી ઔષધ આપે છે. તેને જે જીવો પરેજી પાળીને ખાય છે,** ૭-૧૦. **તેનાં બધા દુઃખરૂપી રોગ ટળી જાય છે. પરંતુ જે સંતોથી દૂર રહે છે તેના રોગ ટળતા નથી.** હે પ્રભુ ! અમે ક્યારેય દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર કરશું નહીં."

જ્યારે નાયકે આવા નિયમ ધારણ કર્યા, ત્યારે શ્રીહરિએ તેનો હાથ પકડ્યો. નાયક હાથ જોડીને બોલ્યો કે, "આપે મને પાપથી છોડાવી લીધો છે. ૧૨. અમારાં બધાં લોકો છે, તે બધાં નર-નારીઓને હુલાવી-ફુલાવીને પલાળી દે છે. ૧૩. માણસનું અંતર પલળ્યા સિવાય તેનાથી ભોજન, વસ્ત્ર, ઘરેણાં, ધન, પશુ અને વાહન ઈત્યાદિક ક્યારેય છૂટતા નથી. ૧૪. જેનો જેવો સ્વભાવ હોય તે પાણીની જેમ રસ રસ થઈ જાય, એમ માણસો વચ્ચે તેનાં વખાણ કરીને દૃઢ કરતા રહીએ છીએ. ૧૫. અમે જે રીતે પેટ ભરીએ છીએ તે બધું અમે આપની આગળ જાહેર કર્યું છે. અમારી જેવી વાત હતી તેવી અમે નિષ્કપટભાવે આપને કહી છે. ૧૬. **અનંતકોટિ બ્રહ્માંડનાં જીવ-પ્રાણીમાત્ર આપની અમૃતમય દૃષ્ટિથી પોતાનું ભરણ-પોષણ પામતાં રહે છે.** ૧૭.

❋ મોટાની મીઠી નજર જ જીવનું પૂરું કરે છે :

જેમાં જેટલી બુદ્ધિ અને જેટલું ચાતુર્ય હોય છે તે બધું આપની અમૃતમય દૃષ્ટિએ કરીને તેમાં રહ્યું છે; એમ અમે જાણીએ છીએ અને તે આપની દૃષ્ટિમાં દેખાઈ આવે છે. ૧૮. જેમાં જેટલો પ્રતાપ રહ્યો હોય તે

બધો દેખાઈ આવે છે. આ બધી દૃષ્ટિ તો આપની આપેલી છે, તેમ મને મારા જીવમાં દેખાય છે. ૧૯. માટે હે મહારાજ ! આપ દેખો અને બધા સંતો તથા હરિભક્તો પણ દેખે, છતાં જેમાં કોઈ જાતનો બાધ ન હોય તેવો ખેલ અમારી પાસે છે. ૨૦. શ્રીકૃષ્ણની મૂર્તિ, બ્રહ્મા, શિવ અને ગણપતિજી વગેરેની બધી મૂર્તિઓ કાષ્ઠની છે, તથા રુક્મિણીની મૂર્તિ પણ મારી પાસે કાષ્ઠની છે. ૨૧. ભગવાન શ્રીકૃષ્ણ રુક્મિણીજીનું જે રીતે હરણ કરીને લઈ આવ્યા હતા એવો એક કાષ્ઠનો રથ છે, તેને એક પાટિયા ઉપર રાખું છું. ૨૨. અને તેના ઉપર આ બધો ખેલ થાય છે. તે ખેલ આપને બતાવવાનો મારા દિલમાં ભાવ છે. આવા ખેલ આપ ક્યારેય જોતા નથી એવું હું જાણું છું. આપના બધા સંતો-હરિભક્તો પણ તેવા ખેલને ટીખળી સમજે છે, પણ અમારે તો નવા નવા ખેલમાં જ આજીવિકા હોય છે.

આ ખેલ તે અમારી ખેતી છે. અમારાથી બીજી કોઈ મજૂરી થાતી નથી. પોતાનું પેટ ભરવાને માટે અમે અમારું માન ખોઈએ છીએ. ૨૩-૨૫. અતિશય તુચ્છ માણસને પણ અમે મોટો કરીને બોલાવીએ છીએ. તેમાં કેટલાક તો અમારી સામે પણ દેખતા નથી, છતાં પણ તેને અમે બોલાવવા ચાહીએ છીએ. ૨૬. મહારાજ, આપ તો ઘણા મહાન છો. અમે આપની પૂજા શું કરીએ ? આ જે ખેલ કરીએ તે એક પૂજા છે. માટે આપ કૃપા કરીને તેને ગ્રહણ કરો. ૨૭. આપ તો જેનો જેવો ભાવ હોય તેને ભક્ત જાણીને ગ્રહણ કરો છો. આપ મોટા રાજા છો, અરે ! રાજાના પણ રાજા છો. શેષ, શારદા, નારદ, ભવ, બ્રહ્મા, ઈન્દ્રાદિક મોટા મોટા અનંત બ્રહ્માંડના પાર ન આવે તેટલા મોટા દેવતાઓ પણ આપની આગળ નૃત્ય કરીને ગાન કરે છે. તે સહુને આપને રીઝવવાનું તાન રહે છે. આપ જે જે બ્રહ્માંડમાં રહો છો ત્યાં રાધા, લક્ષ્મી, લલિતા, દુર્ગા અને સાવિત્રી જેવી અગણિત દેવીઓ આપની આગળ નૃત્ય કરીને ગાન કરે છે. સૂર્યની આગળ અપાર પતંગિયાં શા લેખામાં આવે ? ૨૮-૩૧. અમે તો તે પતંગિયાં જેવાં છીએ અને અગણિત દેવતાઓ સૂર્યના જેવા છે."

ત્યારે શ્રીહરિએ કહ્યું, "ગામથી ઉત્તર દિશામાં એક નાની નદી છે. ૩૨. તેના ઉત્તરકાંઠાને સમીપે એક ઘણી સારી બેટ જેવી સ્વચ્છ જગ્યા છે. જ્યારે સૂર્યાસ્તને બે ઘડી વાર હોય ત્યારે અમે ત્યાં સભા કરશું. ૩૩. ત્યારે તમારે તમારો ખેલ ત્યાં લાવવો. અમે તે જગ્યાએ ચોક્કસ તમારો ખેલ જોઈશું." શ્રીહરિએ તે નાયકને આમ કહ્યું. પછી જ્યારે સાંજ પડી ત્યારે શ્રીહરિએ જ્યાં કહ્યું હતું ત્યાં સભા કરી. ૩૪. પછી ત્યાં નાયક ખેલ લઈને આવ્યો. ઘણું ગાન, તાન કરીને ધૂમ મચાવી દીધી. કઠપૂતળીના ખેલની જેવી રીત હતી તે બધી તેમણે ત્યાં કરી. ૩૫. પરંતુ તેના ખેલમાં કોઈ પૂતળી હલીચલી નહીં.

શ્રીહરિ તો પોતાના મુખ ઉપર રૂમાલ રાખીને મંદ મંદ હસતા રહ્યા. તે વખતની શ્રીહરિના મુખની જે શોભા હતી તે કહી શકાતી નથી. ૩૬. બધા નાયકનું મન તે વખતે નિરુત્સાહ થઈ ગયું. તે જનસમુદાયની વચ્ચે કઠપૂતળીના ખેલને ભજવી શક્યો નહીં. ૩૭. ત્યારે તે નાયકને ઉત્સાહ આપવાને માટે શ્રીહરિ બોલ્યા, "તારો આ ખેલ તો અદ્‌ભુત છે. અમે સહુ સંતોએ સહિત તારો આ ખેલ દેખ્યો." સાંજ પડી ગઈ. કઠપૂતળીની બધી દોરીઓ ભેળી થઈ ગૂંચવાઈ ગઈ. છતાં એક પણ મૂર્તિ ન ચાલી. તેણે ઘણી કરામત કરી, પરંતુ એક પણ ચાલી નહીં. ત્યારે નાયક બોલ્યો કે, "આજ તો આ ઘણું આશ્ચર્ય થયું. કોઈ દિવસ ન થઈ હોય એવી આ ઘટના કેમ બની ?" ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ નાયક પાસે ખેલ કરાવ્યો, પણ તે નિષ્ફળ રહ્યો" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર ચોવીશમું : તરંગ - ૩૬

શ્રીહરિએ લોયામાં રીંગણાંનું શાક બનાવ્યું

તે વખતે શ્રીહરિએ નાયકની આગળ કહ્યું કે, "આ બધા ત્યાગી સંતો અહીંયાં છે. તારા ખેલે તે સંતોની અદબ-મર્યાદા રાખી છે. ૧. ત્યાગી સંતોએ વિવાહ જોવો તે અઘટિત વાત ગણાય; એવું તારે સમજવું." ૨. શ્રીહરિ ગામમાં આવ્યા અને આવીને મંચ ઉપર બેઠા. આરતી તથા ધૂન કરાવી. તે પછી સહુ સંતોએ સ્તુતિ કરી. ૩. સંતો રોજ અઢાર શ્લોકથી જે સ્તુતિ કરતા હતા તેની કથા વંચાણી. પછી ભણનારા સંતો રોજ-રોજ બોલતા હતા તે નિયમ મુજબ સંતો પરસ્પર શ્લોક બોલ્યા. તે અરસામાં એક દિવસ ગઢપુરથી રીંગણાં ભરેલી ગાડી આવી. ૪-૫. રીંગણાં દેખીને શ્રીહરિ રાજી થયા. પછી બોલ્યા કે, "જો ઘી મળે તો અમે અતિશય પ્રસન્ન દિલથી આવતી કાલે આ રીંગણાંનું શાક કરશું. ૬. હવે સમૈયાના દિવસોમાં સંતોને રસોઈ કરવામાં કોઈ બાધ નથી. આજ સુધી તો વર્ણી અને બ્રાહ્મણો રસોઈ કરતા હતા. હવે તો પરમહંસ મટીને સાધુ દીક્ષા ગ્રહણ કરેલી છે. સાધુની દીક્ષા ગ્રહણ કરી તેને ચાર વર્ષ થઈ ગયા છે." ૭-૮.

ત્યારે નિષ્કુળાનંદ સ્વામીએ ઘણા હરખથી શ્રીહરિની આગળ કહ્યું, "આપ લોયામાં જ્યાં સુધી રહો ત્યાં સુધી ખીચડી અને ભાત હું એકલો કરી દઈશ." ત્યારે રસીલા શ્રીહરિએ તેમને ફૂલનો હાર આપ્યો. પછી નિર્ગુણાનંદ સ્વામી, વૈષ્ણવાનંદ સ્વામી વગેરે શ્રદ્ધાવાળા વીશ જેટલા સંતો શ્રીહરિની આગળ બોલ્યા કે, ૯-૧૦. "હે મહારાજ ! ઘઉંની રોટલી રોજ અમે કરી દઈશું. એમાં અમને ક્યારેય કહેવું નહિ પડે." ત્યારે શ્રીહરિ કહે, "જ્યારે રીંગણાં આવશે અને જે દિવસે ઘી હશે તે દિવસે અમારે શાક કરવું, અને નિત્ય સંતોને પીરસવું. જો કે, દહીં તથા ચણાના લોટ સિવાય શાકમાં ક્યારેય સ્વાદ આવતો નથી. ૧૧-૧૨. એમાંય જો ધાણા, જીરૂ, હળદર અને મરચુ દહીંમાં મેળવીને અમે શાક કરીએ, તો તો માણસ જમતા ધરાય નહીં." ૧૩. ત્યારે સુરા ખાચર બોલ્યા કે, "જ્યારે આપ શાક કરો ત્યારે જેટલું જોઈએ તેટલું દહીં અને મસાલાઓ હું લાવી આપીશ." ૧૪.

ત્યારે સંઘા પટેલ બોલ્યા કે, "ચણાનો લોટ જેટલો જાઈએ તેટલો તમે જ્યારે કહેશો ત્યારે હું લાવી આપીશ." ૧૫. ત્યારે મોટીબા અને લાડુબા બોલ્યા કે, "અમે ગઢપુરથી રીંગણાં મંગાવતા રહીશું અને જેટલું આપ કહેશો તેટલું ઘી પણ અમે આપશું." ૧૬.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "પચીશ મણ જેટલાં રીંગણાં હોય તેમાં જો પાંચ મણ ઘી હોય, તો પાકી રસોઈ જેવું થાય. ૧૭. દસ મણ જેટલો ઘઉંનો લોટ અવશ્ય જોઈએ. અને તેની સાથે ત્રણ મણ જેટલી ખીચડી હોય તો સર્વે સંતો જમી રહે." ૧૮. શ્રીહરિ સુરા ભક્તના ભવનમાં રહેતા હતા. તેની પાછળના ભાગમાં જ સંઘા પટેલનું એક ઘર હતું. ૧૯. સંતોને માટે રસોઈ કરવાનું તે ઘરમાં ઠરાવ્યું. સંઘા પટેલના ઘરની આગળના ભાગમાં ચોક હતો. ૨૦. તેમાં બે લીંબડાનાં ઝાડ હતાં ત્યાં સંતોની પંક્તિ થાતી હતી. કોઈ હરિભક્તની રસોઈ હોય, તે દિવસે શ્રીહરિ આવીને સંતોની પંગતમાં ઘણા ભાવ સહિત પીરસતા હતા. કારણ કે, શ્રીહરિને રસોઈ આપનારા હરિભક્તોને રાજી કરવાનું તાન રહેતું. ૨૧-૨૨.

રીંગણાં આવ્યાં તે પછી જ્યારે બીજો દિવસ થયો ત્યારે રાતનો પાછલો એક પહોર બાકી રહ્યો, ત્યારે લગભગ ત્રણ વાગ્યે શ્રીહરિએ ઘણા હરખથી સ્નાન કર્યું. ૨૩. નિત્યનો બધો પૂજાવિધિ કર્યો. પછી તે ઘરની ઓસરીમાં આવ્યા. ઘનશ્યામ શ્રીહરિ એક બાજોઠ ઉપર બેઠા. તે સ્થળે એક મોટો દીવો કર્યો. ૨૪. તે સમયે દસ-બાર સંતો નાહી, પૂજા કરીને જ્યાં શ્રીહરિ બેઠા હતા ત્યાં આવ્યા. ૨૫. પછી તે ઘરની ઓસરી આગળ, તાંબાના પાંચ ચરુ એક સરખા રહે તેવી, ઉત્તર-દક્ષિણ લાંબી એક મોટી ચૂલ ખોદાવી. ૨૬. શ્રીહરિ જે ભવનમાં રહેતા હતા તે ઉગમણા બારનું હતું. અને જેટલાં રીંગણાં હતાં તેને તે ભુવનની ઓસરીમાં રાખ્યાં હતાં. તે ભવનના દ્વારથી દક્ષિણ દિશા તરફ રીંગણાં ગોઠવ્યાં હતાં. શ્રીહરિ ત્યાં બેઠા. ૨૭-૨૮.

પાણીથી માંજીને પાંચ ચરુને તે ચૂલના ઉપર મૂક્યા. અને ગાળેલું થોડું થોડું પાણી જેટલી જરૂર હોય તેટલું તેમાં નંખાવ્યું. ૨૯. રીંગણાંનાં ડીંટમાં જેટલા કાંટા હતા તેને શ્રીહરિએ છરીથી સાફ કરાવ્યા. પછી એક

મોટા કડાયામાં નાખીને પાણીથી તેને ધોવડાવ્યા. ૩૦. ડીંટ ભેળું રહે તે રીતે રીંગણાંના ચાર-ચાર ચીરિયાં કરાવ્યાં. અને તે વખતે એક એક ચરુમાં પાંચ પાંચ મણ રીંગણાં નંખાવ્યાં. ૩૧. જ્યારે ચરુ ભરાઈ ગયો ત્યારે નીચે ચૂલમાં અડાયા છાણાંનો તાપ કરાવ્યો, અને અવિનાશી શ્રીહરિ તેની પાસે બેઠા. ૩૨.

નિપુણ શ્રીહરિએ ચરુનાં મોઢાં ઉપર ધોયેલાં નવાં કૂંડાં ઢાંક્યાં. પછી જુવારના પાંદડાં વિનાના સુંદર સાંઠા(રાડા) હતા, તેના બે ત્રણ ઝૂડા-પૂળા બંધાવ્યા અને સૂતરની ફાળકીથી બાંધ્યા. જ્યારે રીંગણાં ચઢીને માખણ જેવા તૈયાર થઈ ગયા, ત્યારે જે સાંઠાનો બાંધેલો ઝૂડો હતો તેનાથી વર્ણી પાસે છૂંદાવીને તેને એકરસ કરાવ્યા. પછી શ્રીહરિ તેને ઉત્સાહથી દેખતા હતા. ૩૩-૩૫. શ્રીહરિ જેટલા ચરુ હતા તેમાં જોઈએ તેટલું મીઠું નંખાવતા હતા, અને તે પછી દહીંનાં ભરેલાં કૂંડા હતાં, તેમાં હળદર, જીરૂ, ધાણા અને ચણાનો લોટ તથા જોઈએ તેટલું મરચું નાખ્યું. અને પછી શ્રીહરિએ પોતાના હાથથી દહીંમાં મેળવીને તે શાકમાં નાખ્યું. ૩૬-૩૭.

જ્યારે શાકમાં પાણીનો લેશ ન રહ્યો ત્યારે હરેક ચરુમાં એક એક મણ ઘી નાખ્યું. જ્યારે શાક ઘીને પી ગયું અને ઘી જ્યારે પક્વ થયું ત્યારે તેમાંથી સુગંધ છૂટ્યો. પછી ચરુને ચૂલ ઉપરથી ઉતરાવી લીધા. જ્યારે વર્ણીએ શ્રીહરિવરને માટે થાળ બનાવ્યો ત્યારે પ્રેમથી તે જમવાને માટે બેઠા. ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ લોયામાં રીંગણાંનું શાક બનાવ્યું" એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર ચોવીશમું : તરંગ - ૩૭

શ્રીહરિએ પોતાને હાથે સુંદર શાક બનાવીને સંતોને પંગતમાં પીરસ્યું

શ્રીહરિ જ્યારે જમવા બેઠા ત્યારે તેમણે કરેલું શાક મંગાવ્યું. અલગ અલગ વાસણમાં રાખેલું તે શાક લાવ્યા. ૧. શ્રીહરિ તે બધું અલગ અલગ શાક જમ્યા. પછી વારંવાર શાકની પ્રશંસા કરતાં બોલ્યા, 'જે પ્રેમથી શાક જમશે તેને શાક જમતા તૃપ્તિ થાશે નહીં.' ૨. તે સમયે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, એ સંતો શ્રીહરિની પાસે બેઠા હતા. ૩. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે તે ચારેય સંતોને ત્યાં જમાડ્યા. જે શાક કર્યું હતું તે તેમને જમાડીને શ્રીહરિએ પૂછ્યું, ૪. "સંતો બોલો, આ શાક કેવું થયું છે ? જેવું જણાય તેવું કહેજો."

❋ હરિમૂર્તિનો સ્વાદ તે સર્વોત્તમ સ્વાદ છે :

ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, "બ્રહ્માંડમાં જેટલા સ્વાદ છે તે બધા સ્વાદ આ શાકના સ્વાદ આગળ લજાઈ ગયા છે. અને જેટલા સ્વાદ છે તે બધાને આ શાકનો સ્વાદ લેવાનો ભાવ થઈ ગયો છે." ૫-૬. ત્યારે શ્રીહરિએ ઘણા હરખથી બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું કે, "તમને આ શાક કેવું લાગ્યું ?" ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે, ૭. "જેટલી જાતના સ્વાદ કહેવાય છે તે બધા આ શાકની આગળ કાંઈ નથી. આ શાકમાં એટલો સ્વાદ આવ્યો છે કે તે જમતાં જમતાં ધરાતા જ નથી." ૮. ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, "હે શ્રીહરિ ! આપે આ શાક બનાવ્યું છે, તેની આગળ હવે તો અમૃતનો મહિમા પણ ઘટી ગયો છે. ૯. મનુષ્યદેહને પામીને જેણે આ શાકને ચાખ્યું નથી તો તેને મનુષ્યદેહ મળ્યો તે ન મળ્યા બરાબર છે, અને તેનો જન્મ વ્યર્થ ગયો છે." ૧૦. પછી આનંદાનંદ સ્વામી બોલ્યા કે, **"મહારાજ, આપ જે જે કરો છો તે બધું જ સર્વોપરિ થાય છે. આપમાં એવા મોટા આશ્ચર્યો દેખાય છે."** ૧૧.

પછી શ્રીહરિએ કહ્યું કે, "સંતોને માટે જો રસોઈ તૈયાર થઈ ગઈ હોય તો જ્યારે સંતોની પંક્તિ કરો ત્યારે અમે પીરસવા આવીએ." ૧૨.

પછી જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે સંતોની પંગત કરી. પૂર્વ અને પશ્ચિમ દિશામાં લાંબી પંક્તિ થઈ. ૧૩.

✵ સ્વામિનારાયણ નામ સર્વે મંગળનું ધામ છે :

दोहा : स्वामिनारायण नाम की, धुनि मुनि जोउ जेते;
महा मंगलरूप हि यह, उचरत भये तेते...१४

सोरठा : मंगल जितना जेहु, स्वामिनारायण नाम महीं;
वरतत रहेउ तेहु, एसे रहाये नाम यह...१५
अमंगल हि जेतेउ, स्वामिनारायण नाम कर;
नाश होत तेतेउ, प्रताप हे अस नाम महीं...१६

चोपाई :
एसे नाम के नामी जेहा, श्रीहरि प्रगट रहाये तेहा;
संत कु साक पिरसन आये, डंके तिनसे देत रहाये...१७

જેટલા સંતો હતા તે બધા મહાન મંગળરૂપ 'સ્વામિનારાયણ' નામની ધૂન બોલતા હતા. ૧૪. જે કાંઈ પણ મંગળ કહેવાય છે તે બધું મંગળ 'સ્વામિનારાયણ' નામમાં રહ્યું છે; આવું તે નામ મહાન છે. ૧૫. 'સ્વામિનારાયણ' નામ ઉચ્ચારવાથી આ દુનિયામાં જેટલા અમંગળ છે તે બધાનો નાશ થાય છે. આ 'સ્વામિનારાયણ' નામમાં આવો પ્રતાપ રહ્યો છે. ૧૬. એવા નામના નામી જે શ્રીહરિ પ્રગટ વિરાજે છે.

તે સંતોને શાક પીરસવા માટે આવ્યા. શાક ડંકો ભરીને આપતા હતા. ૧૭. માનો, અમૃતના રસનો ભ્રમ કરાવતું હોય તેવા શાકથી સંતોના પાત્રને ભરી દેતા હતા. તે શાકના વઘારના સુગંધથી જેટલું આકાશ છે તે બધું ભરાઈ ગયું હતું. ૧૮. આકાશમાં જે દેવતાઓ રહે છે તેમણે જ્યારે આ શાકનો સુગંધ લીધો ત્યારે બધા મૂર્છિત થઈ ગયા, શરીરનું ભાન ભૂલી ગયા; આવી દેવતાઓની સ્થિતિ થઈ. ૧૯. ઘઉંના લોટના સાત પડા રોટલા કરાવ્યા હતા. શ્રીહરિએ કહ્યું, "આખા રોટલાના અડધા અડધા બે ભાગ કરવા. ૨૦. પહેલા સંતોને અડધો અડધો રોટલો આપવો અને કહેવું

કે વધારે જોઈએ તો પછી લેજો." શ્રીહરિએ જે રીતે કહ્યું તે રીતે જમવા બેઠેલા સંતોને રોટલા આપ્યા. ૨૧. શાક અને રોટલા બધી પંગતમાં જ્યારે ફરી રહ્યા ત્યારે શ્રીહરિએ જમવાની છૂટી આપી.

સંતો જ્યારે શાક જમવા લાગ્યા ત્યારે તેઓ પરસ્પર એમ બોલતા હતા કે, ૨૨. "આ અડધો રોટલો તો બહુ થઈ ગયો. શાક ખાવાનું છોડીને રોટલો કોણ ખાય ? આજ તો શાક જ ખાવું છે. આ શાકની આગળ બીજા પાક શું ?" ૨૩. શ્રીહરિ જેટલું શાક પીરસતા હતા, તેટલું શાક સંતો ઘણા ભાવથી લેતા હતા. સંતોએ રોટલા જમવાનો ભાવ છોડી દીધો. ફરીને કોઈ રોટલો લેતા જ નહીં. ૨૪. સંતો બે-ત્રણ પત્તર શાક જમી ગયા, તે જોઈને મનમાં ઘણું હેત લાવીને શ્રીહરિએ સંતોને કહ્યું કે, ૨૫. "તમે કોઈએ ફરીને રોટલો લીધો નહિ અને એકલું શાક જ ખાધું એટલે બધું શાક ખૂટી ગયું છે. હવે જોઈએ તો રોટલો લો." ૨૬. ત્યારે સંતોએ કહ્યું કે, "શાક એટલું સરસ થયું છે કે તેની વાત શું કરીએ !" એ રસભર્યું શાક 'હજી જમીએ, હજી જમીએ' એમ જ રહ્યા કરે છે. શાકના રસનો આવો તાલ આવવાથી બીજા બધા રસ બેતાલ થઈ ગયા છે. તેમાં વળી, હે કૃપાળુ ! આપ પોતે પીરસો છો માટે અત્યારનો તો સમય જ એવો અલૌકિક છે. ૨૭-૨૮.

❋ અલૌકિકભાવની મહત્તા :

આપ જ્યાં સુધી આ ભૂમિ ઉપર વિચરી રહ્યા છો ત્યાં સુધી તેટલા દિવસ અલૌકિકતાનું ખાતું લખાઈ રહ્યું છે. આપને જે અલૌકિક જાણે છે તે અલૌકિક દિવસોને દેખે છે. જેના દિલમાં લૌકિક ભાવ રહે છે તેના બધા દિવસો લૌકિક ગયા છે. ભૂમિ, સૂર્ય અને ચંદ્ર જે દિવસથી આપને અલૌકિક જાણતા થયા છે, તે દિવસથી તે બધા અલૌકિક થયા છે. જેને અલૌકિક ભાવ વર્તે છે તે તેના ખાતામાં લખાતું રહે છે. ૩૧-૩૨.

लौकिक भाव अलोकिक भावा, खाते ताके आत लिखावा;
लौकिक अलोकिक ताके जेहा, भिन्न भिन्न खाते रहे तेहा...३३
खाते करीके जाके जेसे, वरतन रहाये जोउ तेसे;
दरपन में मुख देखात जिमी, देखत में देख आवत तिमी...३४

भगवान बिन नहि जिहाँ बाता, साकार मूर्ति रहे साक्षाता;
एसे कु मानत धर्म सहीता, तिहाँ मोक्ष प्रगट हि रहीता...३५

લૌકિક ભાવ લૌકિક ખાતામાં અને અલૌકિક ભાવ અલૌકિક ખાતામાં લખાય છે. કારણ કે લૌકિક અને અલૌકિક ખાતા અલગ અલગ રહ્યા છે. તે ખાતાઓએ કરીને જેનું જેવું વર્તન હોય તે બધું દર્પણમાં જેમ મોઢું દેખાય તે રીતે દેખ્યામાં આવે છે. ૩૩-૩૪. જ્યાં ભગવાન સિવાયની બીજી કોઈ વાત ન હોય, અને ભગવાન સદા દિવ્ય સાકાર મૂર્તિ છે; એમ માનીને ધર્મે સહિત ભક્તિ કરતા હોય, ત્યાં મોક્ષ પ્રગટ રહે છે. ૩૫. તે ભગવાનમાં સાકારપણાની સાથે નિરાકારપણું પણ રહ્યું છે. અર્થાત્ તેજે સહિત મૂર્તિ રહી છે. અથવા તો ભગવાન દિવ્ય અવયવે યુક્ત હોવાથી, સાકાર અને માયિક અવયવે રહિત હોવાથી નિરાકાર છે. તેમનામાં આવી અપાર યોગકળાઓ રહી છે, જેનો ગણતા પાર આવતો નથી. ૩૬. સૂર્ય, ચંદ્ર, તારાગણ અને પાંચ ભૂતો મૂર્તિમાન છે છતાં તેની મૂર્તિ દેખાતી નથી. ૩૭. જે કોઈ પણ બાબતનું કાર્ય હોય તેની સિદ્ધિ તેનાં સાધનો વિના કરોડો કલ્પે પણ થાતી નથી. ૩૮. સાધનો અને નિમિત્ત, એ બંને અલગ અલગ વાત છે. આ બે વિના કોઈ વાત ચોક્કસપણે સિદ્ધ થાતી નથી. ૩૯. હે મહારાજ ! સંતો-હરિભક્તોના ધર્મને પ્રદીપ્ત કરવા માટે આપ અગણિત ચરિત્રો કરી રહ્યા છો, જેમાં મોક્ષરૂપી ફળ રહ્યું છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ પોતાને હાથે સુંદર શાક બનાવીને સંતોને પંગતમાં પીરસ્યું" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર ચોવીશમું : તરંગ - ૩૮

ખોલડિયાદના ભક્તો તરફથી શ્રીહરિએ રીંગણાંનું શાક બનાવીને સંતોને પીરસ્યું

ઝાલાવાડ દેશમાં અપાર હરિભક્તો હતા. તેમાં બ્રાહ્મણો અને કેટલાક તો ક્ષત્રિય રાજાઓ હતા. તેમજ વૈશ્ય અને શૂદ્રનો તો કોઈ પાર ન હતો. ૧. હરિભક્તોના અગણિત ગામ હતા, તેને મધ્યે એક ખોલડિયાદ નામે ગામ છે. જ્યાં ઘણા હરિભક્તો રહેતા હતા. ૨. તે ગામના હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે લોયા ગામમાં આવ્યા. તેમણે શ્રીહરિની આગળ હાથ જોડીને કહ્યું કે, ૩. "અમારા ગામના મુખી હરિભક્ત છે. તેમના દિલમાં બે રસોઈ આપવાનો ઘણો ભાવ છે. ૪. આપ અતિ ભાવથી પીરસો એવી રસોઈ આપવા માટે અમે આવ્યા છીએ. અમે ઘર ઘરાઉં તાજું ઘી લાવ્યા છીએ. જેમાં કપૂરના જેવો તો સુગંધ છે. ૫. એક એક રસોઈ માટે નવ નવ મણ ઘી લાવ્યા છીએ. હે મહારાજ ! જે રીતે આપને ભાવ હોય તે રીતે ઘી અધિક વપરાય તેમાં અમે પ્રસન્ન છીએ." ૬.

ત્યારે શ્રીહરિએ તે ભક્તોને કહ્યું કે, "તમે રીંગણાં લાવો. અમે તેનું શાક કરીએ. આ દેશમાં અપાર હરિભક્તો છે. તે જુદી જુદી જાતની અપાર રસોઈ આપે છે. ૭. હરિભક્તોને ભાવ થાય છે ત્યારે, તેઓ આ ભૂમિ ઉપર જે અનેક પ્રકારનાં અસંખ્ય ભોજનો છે, તે અમને અને સંતોને જમાડે છે. ૮. પણ અમે અમારા હાથે રસોઈ બનાવીએ અને સંતો જમે એવી રસોઈ કોઈ હરિભક્તે આપી નથી. કેમ જે, અમે અમારા હાથથી સંતોને માટે ક્યારેય રસોઈ કરી નથી. ૯. માટે અમારા હાથે રસોઈ બનાવીને સંતોને જમાડવા; એવો અમારા દિલમાં ઘણા દિવસથી ભાવ રહે છે. તેનો તમે આજે યોગ કરાવ્યો છે. ૧૦. પછી પહેલા દિવસે લેઉવા કણબી મૂળજી અડાળજા નામે જે હરિભક્ત હતા, તેની રસોઈ કરવાનું મનમાં નક્કી કર્યું. અને તેને માટે ઘણાં રીંગણાં લાવ્યાં. ૧૧. રાણપુર અને ચૂડા ગામ જઈને પચાસથી સાઠ મણ જેટલાં રીંગણાં લાવ્યાં. પછી શ્રીહરિએ તેનું અમૂલ્ય શાક બનાવ્યું

અને તેમાં અમાપ ઘી નાખ્યું. ૧૨. શ્રીહરિએ કહ્યું, અમે સંતોના ખપનો દૃઢ નિર્ધાર કરવા માટે સંતોને ઘણા વર્ષ સુધી અનેક રીતે તાવ્યા છે. ખપ વિના કસણીમાં ક્યારેય ટકી શકાય નહીં. ૧૩. કોઈ પણ નામથી કહેવાતી જે કોઈ બાબત હોય, તેની દૃઢતા કર્યા સિવાય તેનો વિશ્વાસ આવતો નથી. ૧૪. કોઈ સાત માળનું ભવન બનાવતો હોય તો તેના પાણી સુધીના મજબૂત પાયા કરે છે. ૧૫. અત્યારે અમે સત્સંગના પાયા પાતાળ સુધી નાખ્યા છે. જેથી તે કોઈ રીતે ડગે નહીં. મોક્ષરૂપ ધર્મ, મોક્ષરૂપ ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન વગેરે જે જે મોક્ષરૂપ બાબતો છે, તેને અમે સત્સંગમાં સ્થાપન કરી છે; જે વેદો તથા પુરાણો દ્વારા પ્રમાણભૂત છે. ૧૬-૧૭. તે સત્સંગનું જે ઉત્થાપન કરે છે તે બધા વેદ અને પુરાણના દ્રોહી છે. તે દ્રોહીઓ તેનાં વચને કરીને જ દેખાડી દે છે કે, તેઓ અધર્મના વંશ છે. ૧૮. સંતો કે હરિભક્તોને તે મુખથી કહેવું પડતું નથી. કારણ કે, જેવું જેનું અંતર હોય તેવું તેનાં વચનમાં દેખાઈ આવે છે. ૧૯.

❋ બંધનને તોડે ને શ્રીહરિમાં જોડે એ જ બુદ્ધિનું ફળ છે :

અમે ઘણી બુદ્ધિથી વિચાર કરીને આવી સત્સંગની પ્રથા બાંધી છે. જેનામાં મોક્ષની બુદ્ધિ હોય છે તેને સત્સંગ ઉપરથી અમારી બુદ્ધિ દેખાઈ આવે છે. ૨૦. મોક્ષની બુદ્ધિ વિના ચાહે તેટલી બુદ્ધિ હોય, તોપણ જ્યાં સુધી તે બુદ્ધિ જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીમાં વારંવાર ભટકાવ્યા કરે છે ત્યાં સુધી દુઃખ ચાલુ રહે છે; એવી ગમે તેટલી બુદ્ધિ હોય પણ તે સાચી બુદ્ધિ કહેવાતી નથી. ૨૧-૨૨. રૂડી બુદ્ધિનું એટલું જ ફળ છે કે, દુઃખરૂપ બેડીના બંધનમાં ક્યારેય આવી જવાય નહીં. ૨૩. જ્યાં સુધી મોક્ષરૂપી બુદ્ધિ આવતી નથી ત્યાં સુધી સંસારનાં દુઃખરૂપી બેડીમાં જીવ બંધાયેલો રહે છે, તેમ જાણવું. ૨૪. જે સંતો-હરિભક્તોને મોક્ષની બુદ્ધિ આવી છે તેઓ, ભગવાન તથા સંતો-ભક્તો સિવાયના ગમે તેવા હોય, તોપણ જ્યાં સુધી તેને મોક્ષની બુદ્ધિ આવતી નથી, ત્યાં સુધી તે કાળના મુખમાં ચવાઈ રહ્યા હોય તેમ દેખે છે. ૨૫-૨૬. જે સંતો અને હરિભક્તો સંતસમાગમ કરે છે તે બધા મોક્ષની બુદ્ધિ પામે છે તેવું દેખાય છે. ૨૭.

⁂ શ્રીહરિ ને સંતમાં જેટલો ભાવ થાય તેટલો મોક્ષ થાય :

सोरठा : भगवान संत हीत, मोक्ष की बुद्धि आये जेहु;
करत रहत अति प्रीत, पूजा सेवा अधिक अधिक...२८

चोपाई :

मोक्ष की बुद्धि रहे जिस रीता, सत्संग करत यह तेसि रीता;
संत हरिजन पर भाव जितना, मोक्ष की बुद्धि देखावत तितना...२९
मोक्ष की बुद्धि जेसे हि जाही, भाव कही देवत तेसे ताही;
भाव जेसे तेहि मोक्ष रहाते, खेती करत तेसे तेहि पाते...३०

જેને મોક્ષની બુદ્ધિ પ્રાપ્ત થઈ હોય, તે ભગવાન અને સંતોને વિશે અતિશય પ્રેમ કરે છે, અને વધારે ને વધારે તેમની સેવા તથા પૂજા કરતા રહે છે. જેને જેવી મોક્ષની બુદ્ધિ હોય તે તેવી રીતે સત્સંગ કરે છે. જેટલો સંતો તથા હરિભક્તો ઉપર ભાવ હોય તેટલી તેનામાં મોક્ષની બુદ્ધિ દેખાય છે. ૨૮-૨૯. જેમાં જેવી મોક્ષની બુદ્ધિ હોય તે તેનો ભાવ કહી દે છે. મનુષ્ય જેવી ખેતી કરે છે તેવી તે નીપજ પામે છે, તેમ જેવો ભાવ હોય તેવો તેનો મોક્ષ થાય છે. ૩૦.

ખોલડિયાદના હરિભક્તોને જેવો ઉત્તમ ભાવ હતો તેવું શ્રીહરિએ સુંદર શાક બનાવ્યું. જ્યારે શાક તૈયાર થયું ત્યારે વર્ણી થાળ પીરસીને લાવ્યા. ૩૧. રસોઈનાં જે જે પાત્રમાં શાક કર્યાં હતાં તેમાંથી બધું અલગ અલગ લાવીને ધરાવ્યું. હરિભક્તો જેટલું ઘી લાવ્યાં હતાં તે બધું શાકમાં નાખ્યું હતું. શાક અતિ ઘણું સ્વાદુ બન્યું હતું. શ્રીહરિ તેને ઘણા પ્રેમથી જમ્યા. પછી મુનિવર મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામીને શ્રીહરિએ શાક જમાડ્યું. ૩૨-૩૪. સહુ સંતો તે શાકનાં વખાણ કરીને કહેતાં કે, “આવું શાક ત્રિલોકીમાં ક્યાંય ન હોય, તેવું થયું છે. હે મહારાજ ! આપે આ સ્વાદ ક્યાં રાખી મૂક્યો હતો ?” ૩૫.

શ્રીહરિ જ્યારે જમી રહ્યા પછી સંતોની પંગત સંઘા પટેલના ઘરની આગળના ચોકમાં કરાવી. ૩૬. તે ચોકને સ્વચ્છ કરાવીને તેમાં પાણી

છંટાવ્યું હતું, અને સંતો પંગતમાં બેસીને 'સ્વામિનારાયણ' નામની ધૂન બોલતા હતા. ૩૭. શ્રીહરિએ પોતે જે શાક કર્યું હતું તેને પોતે જ પીરસવા લાગ્યા. અને તેમાં સંતોના ઉપર જે ઘણો ભાવ હતો તે દેખાડતા હતા. ૩૮. જેના ઉપર જેને જેટલો ભાવ હોય તે છુપાવ્યો છુપાતો નથી. બહાર આવેલો ભાવ અંદરનો ભાવ કહી દે છે. ૩૯. શ્રીહરિ અત્યંત ઉત્સાહ ભર્યા ડંકા ભરી ભરીને સંતોના પાત્રને ભરી દેતા હતા. આમ આનંદરૂપી રંગની રેલમછેલ થઈ રહી હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "ખોલડિયાદના ભક્તો તરફથી શ્રીહરિએ રીંગણાંનું શાક બનાવીને સંતોને પીરસ્યું" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર ચોવીશમું : તરંગ - ૩૯

ઇચ્છારામભાઈ લોયામાં આવીને શ્રીહરિને મળ્યા

✵ સંતમહિમા :

दोहा : श्रीहरि हो लेलीन महा, पिरसत संत कु ताहि;
संत के सम बात कोउ, अधिक न जानत वाहि...०१
रिद्धि सिद्धि जो चिंतामनि, तिनसे संत अपार;
भूषण रहे सत्संग के, मोक्ष के रहे द्वार...०२
सोरठा : मात मिलत हि रहेउ, तात मिलत रहेउ तेही;
सुत भ्रात मिले तेउ, जुवती मिलत सुखदाई यह...०३
राज मिलत गज बाज, भुरलोक सुरलोक मिलत;
विधि से अधिक समाज, मिलत हे संत एसे मिलत नहि...०४

શ્રીહરિ પ્રેમરસમાં અતિ લેલીન થઈને સંતોને પીરસતા હતા. કારણ કે, શ્રીહરિને મન સંતો સમાન બીજી કોઈ વાત ન હતી. સંતોથી અધિક બીજું કાંઈ જાણતા નહીં. ૧. રિદ્ધિ, સિદ્ધિ અને ચિંતામણિ કરતાં પણ સંતો અપાર છે. સંતો સત્સંગનું શ્રેષ્ઠ ભૂષણ અને મોક્ષનું દ્વાર છે. ૨. આ

જગતમાં મા મળે છે, બાપ મળે છે, પુત્ર અને ભાઈ મળે છે, સુખદાયક યુવતી સ્ત્રી મળી શકે છે. ૩. રાજ્ય, હાથી, અશ્વ, ભૂર્લોક, દેવલોક પણ મળી શકે છે. અરે ! બ્રહ્મા કરતાં પણ વધારે સુખ-સાજ મળી શકે છે, પણ આવા સંતો મળતા નથી; ૪. સંતોને શ્રીહરિ આવા જાણતા. શ્રીહરિ સંતોથી અધિક કોઈને માનતા નહીં. તેથી શ્રીહરિ પરમ ઉત્સાહથી સંતોને પીરસતા હતા. તે સમયે શ્રીહરિનું પ્રસન્ન મુખ પ્રફુલ્લિત થઈ રહ્યું હતું. ૫. જ્યારે શ્રીહરિ એક તાન થઈને સંતોને પીરસતા હતા, ત્યારે શ્રીહરિ બીજું બધું જ ભાન ભૂલી ગયા હતા. મહાઆનંદ અતિશય વ્યાપી ગયો હતો.

બરાબર તે સમયે બે સંતો આવ્યા. ૬. એક ભાવાનંદ સ્વામી અને બીજા સગુણાનંદ સ્વામી આવ્યા હતા. તેમણે પંગત વખતે દંડવત્-પ્રણામ કર્યા, અને પછી શ્રીહરિને કહ્યું, ૭. "આપના ઈચ્છારામ નામે જે નાના ભાઈ છે, તે અહીંયાં આવી રહ્યા છે. અમે આગળથી આપને વધામણી આપવા આવ્યા છીએ. ૮. અમે વડોદરાથી તેમની સાથે આવ્યા છીએ. અને વડોદરાના હરિભક્તો પણ સાથે આવે છે. તેમજ જ્ઞાનાનંદ સ્વામીના ત્રણ ભાઈ પણ તેમની સાથે આવે છે." ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું કે, "અમારાથી જે મોટા ભાઈ છે તેની સ્મૃતિ અમને છે." ૯-૧૦. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, મોટા આત્માનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી ઈત્યાદિક જે મોટા સંતો હતા, તે આ વાત સાંભળીને રાજી રાજી થઈ ગયા અને તેમના મનમાં અપાર ઉત્સાહ થયો. ૧૧-૧૨.

પછી શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા હતા એ સમયે જ ઈચ્છારામભાઈ ત્યાં આવ્યા. ૧૩. વડોદરાના હરિભક્તો પણ સાથે આવ્યા. તેમણે આવીને દંડવત્-પ્રણામ કર્યા અને પછી હાથ જોડીને ઊભા રહ્યા. ૧૪. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા ઈચ્છારામજીની સામે જોઈ રહ્યા, અને તેમને દેખીને 'આ શ્રીહરિના ભાઈ છે' તેમ નિશ્ચય કર્યો. ૧૫. બધા સંતોએ તેમને નખથી શિખા પર્યંત દેખ્યા. શ્રીહરિનાં જેવાં અંગ હતાં તેવાં જ તેમનાં અંગ હતાં. ૧૬.

તે વખતે શ્રીહરિએ નાના ભાઈની સામે લગાર પણ જોયું નહિ, અને જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી પોતે પંગતમાં પીરસતા રહ્યા. ૧૭. 'ધન્ય ઘડી મારા ભાઈ આવ્યા,' આવું હેત શ્રીહરિએ તેમને દેખાડ્યું નહીં. પરંતુ તે સમયે સંતોના મનમાં જે અતિશય આનંદ થયો તે કહી શકાતો નથી. ૧૮. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ કર-ચરણ ધોયા. અને સંઘા પટેલના ઉત્તરાદા બારના જે ઘર હતા, તેની ઓસરી ઉપર સારો પલંગ ઢાળેલો હતો, તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. જેટલા સંતો હતા તે સર્વે પણ આવીને બેઠા. બંને ભાઈ શું વાત કરે છે ? તે જાણવાનું તાન સહુના મનમાં હતું. કેમ જે, આ વાત એવી અલૌકિક હતી. મુક્તાનંદ સ્વામી આદિક જે મોટા મોટા સંતો હતા તે બધા શ્રીહરિની સમીપે આવીને બેઠા. હું પણ તે વખતે ત્યાં બેઠો હતો. ૧૯-૨૨.

શ્રીહરિએ ઈચ્છારામભાઈને પોતાની પાસે બેસાડ્યા. શ્રીહરિવર દક્ષિણ તરફ મુખ કરીને બેઠા હતા. મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. ૨૩. શ્વેત ધોતી પહેરી હતી અને તે ધોતીમાં હળદરનો રંગ લાગેલો હતો. તે થોડોક આભાસમાત્ર હતો. રૂમાલ પણ તેવો હળદરવાળો દેખાતો હતો. ૨૪. શ્વેત પછેડી ઓઢી હતી, તેમાં પણ હળદરનો આભાસ દેખાતો હતો. આ રીતની શ્રીહરિની શોભા બની હતી. ૨૫. તે સમયે ઈચ્છારામભાઈએ શ્રીહરિના ચરણને પોતાના મસ્તક ઉપર ધાર્યા, અને ખૂબ જ રડવા લાગ્યા. ૨૬. તે જોઈને જે સંતો હતા તેમના નેત્રમાં પણ આંસુ આવી ગયા.

ત્યારે શ્રીહરિએ ઈચ્છારામને કહ્યું કે, "અરે, તમે શા માટે રડો છો ? ૨૭. અમે અને તમે, આપણે કોણ છીએ ? તમને હું ઓળખતો નથી." પછી તેમને પૂછ્યું કે, "તમને હું જે પૂછું તે કહો, તો હું માનું કે તમે મારા સાચા ભાઈ છો. ૨૮. તમારો જન્મ કયા ગામમાં થયો છે ? તમે માતા-પિતાનું નામ કહો. તમે કઈ જાતના સરવરિયા છો ? અને તે કેટલાં ઘરમાં ગણાય છે ? ૨૯. તમારો વેદ અને શાખા કઈ છે ? ભાઈનું નામ શું છે ? તથા મામાનું નામ શું છે ? તેમનું ગામ કયું કહેવાય છે ? ૩૦. તમારા ઘરનું દ્વાર નિશ્ચિત કઈ દિશામાં રહ્યું છે ? ઘરની પાછળ અને આગળના ભાગમાં કયાં વૃક્ષ રહ્યાં

છે ? ૩૧. અમારી ખબર તમને કોણે આપી કે તમે તરત ઘર છોડીને ચાલ્યા આવ્યા ? જે મોટા ભાઈ છે તે કેમ નથી આવ્યા ?"

આવું બધું પૂછ્યું ત્યારે ઈચ્છારામજી બોલ્યા કે, ૩૨. "જોખન પાંડે મોટા ભાઈ છે. તેનું રામપ્રતાપ એવું નામ છે. ઘરથી તો અમે બંને દ્વારકા જઈએ છીએ તેમ કહીને સાથે ચાલ્યા હતા, ૩૩. માયાજિતાનંદ નામે જે એકડમલ સંત છે, તેણે આપ ભગવાનની ઈચ્છાએ કરીને અમારા ઉપર અતિશય કૃપા કરી કે, ત્યાં આવીને અમને ખોળી લીધા. ૩૪. માયાજિતાનંદ સ્વામીએ એવી વાત કરી કે, તે અમારા જીવમાં ચોંટી ગઈ. આપની વાત જ્યારથી અમે સાંભળી ત્યારથી અમને ખાવા-પીવામાં પણ રુચિ રહી નહીં. ૩૫. એક આપનું જ ધ્યાન લાગ્યું રહેતું હતું. સૂઈએ તો સ્વપ્નમાં પણ આપ દેખાતા હતા. અઠ્યાવીશ વર્ષથી વિયોગ થયો છે. એટલાં બધાં વર્ષ પછી આજ આપનો યોગ થયો છે. ૩૬. આપના સિવાયના અમારા આટલા બધા દિવસો નકામા ગયા છે. આજનો દિવસ જ લેખે આવ્યો છે." ૩૭.

શ્રીહરિએ જેટલી વાત પૂછી તે બધી વાતનો ઉત્તર તેમણે આપ્યો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તમે મારા ભાઈ સાચા, હવે મેં તમને ઓળખી લીધા છે." ૩૮. પછી ઘણા હેતથી તેમને છાતીમાં લગાવીને મળ્યા. તેમના મનનો સંતાપ ટાળવા માટે શ્રીહરિ બોલ્યા કે, "તમે આવ્યા તે ઘણું સારું થયું. ૩૯. હવે આ અમારા સત્સંગની રીતને તમે પ્રેમથી રાખો. જેટલા સંતો, વર્ણી અને હરિભક્ત બાઈ-ભાઈ છે, તે બધાં તમને તથા તમારા પરિવારને ગુરુના રૂપમાં માનશે, અને અમારા સંબંધે કરીને તમારું ઘણું ભરણપોષણ કરશે. ૪૦-૪૧. ભોજન, વસ્ત્ર, ઘરેણાં, ધન, હાથી, ઘોડા, મ્યાના, રથ, ગાડી વગેરે વાહન, ગાય અને ભેંશ, આ બધું વગર ઈચ્છે તમને અપાર જરૂર મળશે. હવે તમારે લગાર પણ ચિંતા રાખવી નહીં. સત્સંગમાં આ લોકનું અને પરલોકનું બધું સુખ રહ્યું છે. ૪૨-૪૩.

❋ સંત દ્વારા જ સત્સંગની વૃદ્ધિ થાય છે :

चिंतामणि कल्पवृक्ष तिनसे, सत्संग यह अधिक हे इनसे;
चिंतामणि कल्पवृक्ष हि तामें, मोक्ष कबु न रहायेउ यामें...४४

सत्संग में मोक्ष सब हि परही, वरतत रहायेउ अब तरही;
सबुद्धिवंत रहे जन जितना, जानत रहे बात यह तितना...४५
कबुद्धि जन रहायेउ जितने, सत्संग ताकु बूरे तितने;
समझत रहाये बूरे ताके, अंत्ये होवत रहाये वाके...४६
सत्संग ताकु अच्छे जेहा, समझत रहाये जेही तेहा;
दिन दिन ताके अच्छे रहाते, सत्संग एसे एही कहाते...४७

આ સત્સંગ ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતાં પણ ઘણો શ્રેષ્ઠ છે. કેમ જે, ચિંતામણિ અને કલ્પવૃક્ષમાં ક્યારેય મોક્ષ નથી રહ્યો. ૪૪. જ્યારે સત્સંગમાં તો અત્યારે સર્વોપરિ મોક્ષ વર્તી રહ્યો છે. આ વાતને જે શુભ બુદ્ધિવાળા મનુષ્યો છે તે બરાબર જાણે છે. ૪૫. જે કુબુદ્ધિવાળા લોકો છે તે બધા સત્સંગને ખરાબ સમજે છે. પરંતુ અંતે ખરાબ તો તેમનું જ થાય છે. ૪૬. જે લોકો સત્સંગને ઉત્તમ સમજે છે તેનું દિવસે દિવસે ભલું થાય છે; આવો આ સત્સંગ કહેવાય છે. ૪૭. **જ્યારથી તમે સત્સંગની સન્મુખ ચાલ્યા છો ત્યારથી તમારું ભાગ્ય ઉદય થયું છે. હવે તમે સંતોને જે રીતે માનશો તેવું તમારું ભલું-કલ્યાણ થશે.** ૪૮.

કારણ કે, **આ સત્સંગની અભિવૃદ્ધિનું કારણ સંતો છે.** ગમે તેવો મોટો રાજા હોય, તે જો સુબુદ્ધિવાળો હોય તો તે સંતોને ભગવાનના જાણીને માને છે અને સંતોમાં ભગવાન સાક્ષાત્ રહ્યા છે, આવી ભાવના તે રાખે છે. ૪૯-૫૦. જે રૂડી બુદ્ધિવાળા મનુષ્યો છે તેમનો ઉદ્ધાર કરનારા આ સંતો અને સત્સંગ છે. જે કુબુદ્ધિવાળા છે તેનો ઉદ્ધાર થતો નથી. ૫૧. જ્યાં ધર્મવંશ ન હોય ત્યાં ભરપૂર અધર્મવંશ રહે છે, છતાં કુબુદ્ધિવાળા લોકો તો તેમાં પોતાનો મોક્ષ માને છે. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "ઈચ્છારામભાઈ લોયામાં આવીને શ્રીહરિને મળ્યા" એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર ચોવીશમું : તરંગ - ૪૦

શ્રીહરિએ ઇચ્છારામજીભાઈને પરિચય પૂછ્યો અને તેમણે પરિચય આપ્યો

જ્યાં લીલાધર સોનીએ ઘર કર્યાં છે ત્યાં પહેલાં કણબી હરિભક્તનાં ઘર હતાં. ૧. તે ઘરમાં ઈચ્છારામભાઈનો ઘણા પ્રેમથી ઉતારો કરાવ્યો. પછી ત્યાં બધું સીધું પહોંચાડ્યું. ૨. સાકર, ઘી, ઘઉંનો લોટ, ચોખા, રીંગણાં અને મનમાન્યું દૂધ વગેરે પાણીએ સહિત પહોંચાડ્યું. જેની તે દિવસ રસોઈ હતી તેવાં ભોજન પ્રેમથી કરી ઈચ્છારામજી ભાવ સાથે જમ્યા. ૩-૪. જ્યારે સાંજનો સમય થયો ત્યારે શ્રીહરિ મંચ ઉપર આવીને બેઠા. તે સમયે સંતો અને હરિભક્તોની પણ સભા થઈ. ૫. તે વેળાએ ઈચ્છારામજીભાઈ ત્યાં આવ્યા. શ્રીહરિના ચરણમાં પડ્યા અને મસ્તક નમાવી, હાથ જોડીને સંતોના ચરણે પડ્યા. ૬. સર્વ સંતોની સભા થઈ હતી તેની આગળના ભાગમાં તેમને બેસાડ્યા.

ખોળિયાવાળા નવા ગોદડાને ચારવડું કરીને તેના ઉપર જ્યારે ઈચ્છારામજીને બેસાડ્યા, ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તમે કયા મહિનામાં ઘેરથી ચાલ્યા ? અને શા માટે આવ્યા છો ? હવે તે બધું મને કહો. ૭-૮. અને રામપ્રતાપભાઈ ને તમે ક્યાંથી જુદા પડ્યા ? તેમની સાથે અત્યારે કોણ છે ? જ્યાં રોકાવાનું થાય ત્યાં તેની શી સ્થિતિ થતી હશે ? ૯.

❋ શ્રીહરિએ કહેલા પુરબિયાના સ્વભાવનું વર્ણન :

પરદેશમાં જુદું પડી જવું એ વાત ઠીક ન કહેવાય. પુરબિયા(પૂર્વ હિન્દુસ્તાની) અતિશય ગરીબ હોય, તોપણ સર્પના જેવા ક્રોધી હોય છે. ૧૦. જે જતન કરીને સાચવે છે તેને જ તે કરડે છે. સમય આવ્યે ભૂલતા નથી. પૂર્વ દેશનું પાણી જ એવું છે કે ત્યાંના માણસો અતિ તીખા હોય છે. ૧૧. લડાઈ કર્યા સિવાય એક પણ દિવસ તેનો ભૂલમાં પણ ક્યારેય જાતો નથી. જે સહન કરે છે તેને તો તે દુર્બળ કે મૂર્ખ કહે છે; તે દેશની એવી રીત છે. ત્યાં ધન મળવું ઘણું દુર્લભ છે. ધનને માટે તો તે પુરબિયા અંગ્રેજો પાસે જઈને તેમના નોકર થઈને રહે છે. ૧૨-૧૩. ધનના લોભને લીધે ઠેકઠેકાણે લડાઈમાં કેટલાએ મરે છે. તે શોધતાએ મળતા નથી. ૧૪.

અધર્મી જીવ મર્યા પછી જમપુરીમાં જાય છે. તેણે જેટલો અધર્મ કર્યો હોય તેટલો ત્યાં માર ખાય છે. પછી જન્મ-મરણને સહન કરતા રહે છે. ૧૫. જેટલા પુરબિયા છે તે અધર્મથી ડરતા નથી. તેઓ હિંસાપ્રધાન છે. જે કંઠી બાંધે છે તે હિંસાને છોડે છે. ૧૬. એકવાર ગુરુ કરે છે, તે કરવા ખાતર કરે છે, પણ તેમને મોક્ષનો લગારેય ખપ હોતો નથી. તેથી, 'હું સમજતો નથી' એવું તો તેઓ તેના મુખથી ક્યારેય બોલતા નથી. ૧૭. ચાહે તેવી જાતના હોય, પણ ચોકો બનાવ્યા સિવાય રસોઈ બનાવે નહીં. તેઓ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય પર્યંત બધા જ જનોઈ રાખે છે. ૧૮.

શરીરમાં જ્યાં સુધી શક્તિ રહે ત્યાં સુધી બધા એકવાર નહાય છે. કોઈના દબાવ્યા દબાય નહિ; તેવું તે પૂર્વ દેશનું પાણી રહ્યું છે. ૧૯. ગરીબ હોવા છતાં તે સિંહ જેવા છે. જે તેને છંછેડે તેની સામા થાય છે; પૂર્વ દેશનું આવું પાણી છે. તેઓ સંપ રાખીને રહે નહીં. ૨૦. તે દેશનો એવો ગુણ છે કે, જે કુસંપ-કંકાસ રાખે છે તે મરદ કહેવાય છે. આવો તે દેશનો ગુણ જ્યાં સુધી રહે, ત્યાં સુધી તે ગુણ તેને આપણા સત્સંગમાં લગાર પણ શોભવા દે નહીં. તેઓ પોતે પોતાને બહુ સારા માને છે. જેમાં તે સાર માને છે તેમાં તે ગુણ દેખતા રહે છે. ૨૧-૨૨. જેમાં દોષ હોય તેમાં જો મમત્વ થઈ ગયું હોય, તો તેમાં પણ ખૂબ ગુણ માને છે. જ્યાં સુધી જે વાતમાં ગુણ દેખતા રહે, અને જેમાં લાભ માને છે ત્યાં સુધી તે મૂઢ લોકો તેને ક્યારેય છોડતા નથી. અને જેમાં લાભ માન્યો હોય તેમાં જ્યારે તે નુકશાન દેખે છે, ત્યારે તે નુકશાન કરનારનો તરત ત્યાગ કરી દે છે. પણ જ્યાં સુધી લાભ મનાય છે ત્યાં સુધી તેનો ત્યાગ કરતા નથી. ૨૩-૨૫.

સંસારીને ઘર છોડવું ઘણું કઠણ છે. વળી, તે દેશ ઘણો દૂર છે. તેમ છતાં તેમને અમારામાં જ્યારે અધિક હેત થયું, ત્યારે ઘર છોડવું કઠણ હતું તે પણ સુગમ થઈ ગયું છે. ૨૬. સંતો ચતુર હોય છે. તેઓ વાતે કરીને માણસને બહુ પ્રકારનું હિત બતાવે છે. તેથી માણસના હૃદયમાં આવું હેત થાય છે. જીવનો કાયમ એવો સહજ સ્વભાવ છે કે તે ક્યારેય અધરપધર ચોંટતો નથી." ૨૭-૨૮.

શ્રીહરિ જ્યારે આટલી વાત કરી રહ્યા ત્યારે ઈચ્છારામજીભાઈ બોલ્યા, "આપ તો ભગવાન છો અને બધી વાતોને જાણો જ છો. ૨૯. જેઓ વાતને ન જાણતા હોય તેને જેમ છે તેમ વાત કહેવી જોઈએ, પણ આપે અત્યારે અમારાં હિતની વાત પૂછી છે તેથી હેત કરીને હું કહું છું. ૩૦. અમારો જેટલો પરિવાર છે તે બધાંએ જ્યારે આપની વાત સાંભળી ત્યારે તેમને બધાંને ખૂબ જ આનંદ થયો. તે બધાંનો જીવ હવે અહીં આપના તરફ જ તાકી રહ્યો છે. ૩૧. તેમનું એક શરીર જ ઘરમાં રહ્યું છે. એવી રીતે તે બધાં વર્તી રહ્યાં છે. હે પ્યારા શ્રીહરિ ! તે સહુને એક વાર આપનાં દર્શન થાય તેવું હું આપની પાસે માગું છું. ૩૨.

चोपाई :

ओर कछु मागत नहीं लगारा, भगवान तुम हो देवन वारा;
अनंत कोटि ब्रह्मांड ताके, देव भूप मनुष्य रहे वाके...३३
चोराशि जाति के जीय तिनके, भरण पोषण करत हो इनके;
जिनके जेहि कहावत जाही, ममत रहत हे ताकि ताही...३४

બીજું કાંઈ લગાર પણ માગતો નથી. તમે ભગવાન જ બધું દેનારા છો. અનંત બ્રહ્માંડના દેવ, રાજા અને મનુષ્યો તથા ચોરાશી લાખ જાતિનાં જીવ-પ્રાણીમાત્રનું ભરણ-પોષણ આપ જ કરો છો. જેના જે કહેવાતા હોય તેને તેની મમતા રહે છે. ૩૩-૩૪. જે આ બાબતને જાણતા ન હોય તેને આ વાત કહેવી તે તો ઠીક છે, પણ આપ જેવા જાણતા હોય, તેની આગળ કહેવું તેમાં તો મારા જેવા કહેનારાની કિંમત થઈ જાય છે. ૩૫.

❋ મૂર્તિ, સંત અને ભક્ત સર્વથી મહાન છે :

जो जो बात कहावत जेती, तव मूर्ति में रहाये तेती;
सो मूर्ति अब तेही मिले आई, मूर्ति से अधिक न कोउ देखाई...३६

दोहा : तव मूर्ति तव संत हि यह, तव हरिजन हे जेह;
अधिक में अधिक कहे इतना, हम जानत हे तेह...३७

જે કાંઈ જડ-ચિદ્ બાબત કહેવાય છે તે બધી આપની મૂર્તિમાં રહી છે. તે મૂર્તિ પોતે કૃપા કરીને મને મળી છે. હવે મને તે મૂર્તિથી અધિક

કોઈ દેખાતું નથી. ૩૬. આપની મૂર્તિ, આપના આ સંતો અને આપના જે હરિભક્તો છે, તે સહુથી અધિકમાં પણ અધિક કહ્યા છે; એટલું હું જાણું છું. ૩૭. એનાથી જો કોઈ અધિક વાત હોય તો આપ મને બતાવો." ત્યારે શ્રીહરિ ઘણા પ્રસન્ન થઈને બોલ્યા કે, "આપણા પિતાજી હરિપ્રસાદજી નામે જે ધર્મદેવ હતા. તેના તમે પુત્ર છો. ૩૮-૩૯. અને માતા પ્રેમવતી તે સાક્ષાત્ ભક્તિદેવી હતા, તે વાત જ્યારે મને રામાનંદ સ્વામીએ કહી ત્યારથી હું સાક્ષાત્ જાણું છું." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ ઈચ્છારામજીભાઈને પરિચય પૂછ્યો અને તેમણે પરિચય આપ્યો" એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર ચોવીશમું : તરંગ - ૪૧

ઇચ્છારામભાઈએ 'ઘરથી નીકળીને વડોદરા આવ્યા' ત્યાં સુધીની વાત કહી

ઈચ્છારામભાઈએ કહ્યું કે, "ધર્મ અને ધર્મના વંશનું પોષણ કરવાને માટે તો આપ ધર્મના ઘેરે પ્રગટ થયા છો. ૧. આપના વિના તો આખો અધર્મવંશ, ધર્મવંશનો નાશ કરવાનું જ રાત-દિવસ તાન રાખે છે. ૨. પરંતુ જેટલો અધર્મવંશ છે તે બધો આપના પ્રતાપને જોઈને આપની આગળ દૂરથી જ ભાગી જાય છે. ૩. હું, રામપ્રતાપજીભાઈ અને ત્રીજા માયાજિતાનંદ સ્વામી, અમે ત્રણ આપના પ્રતાપે ઘેરથી ઉતાવળા નીકળ્યા હતા. ૪. અમે બંને ભાઈઓએ બે અશ્વ લીધા અને લોહગંજરી ગામથી ચાલ્યા. લોહગંજરી અને છપૈયા ગામ એક થઈને નજીક જ રહ્યા છે.

રામપ્રતાપજીભાઈ લોહગંજરી ગામમાં નિવાસ કરીને રહ્યા છે અને હું આંબલિયા ગામમાં નિવાસ કરીને રહું છું. ૫-૬. વિવાહના સંબંધે સસરા હોય તે જમાઈને ઘર અને ખેતર આપે છે. હરિપ્રસાદજીના પિતાનું ગામ તો ઈટાર હતું. ૭. ઈટાર ગામના જે પાંડે કહેવાતા હતા તે બધા જમીનદાર

હતા, પણ જ્યારે દેશ-કાળ વિષમ થયા અને મૂળ ગામમાં સંકટ આવ્યું, ત્યારે આપણા પિતા હરિપ્રસાદજીના પિતા સગા-સંબંધીઓમાં જઈને રહ્યા. હરિપ્રસાદજીના પિતા ઘણા સાધુ સ્વભાવના હતા. ૮-૯. તેઓ જેમાંથી થોડી પણ ઉપાધિ થાય, તેનો તરત જ ત્યાગ કરી દેતા હતા. તેઓ તેર ઘરમાં મોટા કહેવાતા હતા, તેણે કરીને જ્યાં જતા ત્યાં પૂજાતા હતા. ૧૦. અત્યાર સુધી આવું ચાલ્યું આવે છે અને ઇટાર ગામના તરીકે મનાય છે. તેઓ જ્યાં જતા ત્યાં જે સરવરિયા અટકના ગામધણી હતા. ૧૧.

તેમને ઇટારના પાંડે જાણીને ઘણા હેતથી ઘર અને ખેતર આપતા હતા. તે ખેતર આપનારાની સાથે હળીમળીને જ્યાં સુધી રહેતા ત્યાં સુધી તે ખેતર રળી ખાવા દેતા હતા. ૧૨. તેઓ એ રીતે નિભાવ કરતા હતા. તે વાતને ભગવાન જાણે છે. ભગવાનની સેવા કર્યા વગર સુખ ક્યાંથી મળે ? ૧૩. જ્યારે અમે લોહગંજરીથી ચાલ્યા ત્યારે પહેલા અમે અયોધ્યામાં આવ્યા. ત્યાંથી કરતારામ નામના એક વિપ્ર અમારી સાથે ચોથા ઉમેરાયા. ૧૪. કરતારામ અયોધ્યાથી પૂર્વ દેશમાં રહેતા હતા, અને ત્યાંથી દ્વારકા જવા માટે નીકળ્યા હતા, તે અયોધ્યાથી ભેળા થયા. ૧૫. રામપ્રતાપજીભાઈની કીર્તનભક્તિમાં તે કરતારામને ઘણો પ્રેમ હતો, અને તે પણ તેવા જ હતા. ૧૬. રામપ્રતાપજીભાઈ એક ખંજરી સાથે રાખતા. રસ્તામાં ઉમંગથી ચાલતા હતા. અને એવા પ્રેમમગ્ન થઈને કીર્તન ગાતા કે રસ્તામાં ગામ આવતાં તેની તેમને ખબર રહેતી નહીં. ૧૭. જે ગામમાં રાત રહેતા તે ગામમાં જ્યારે કીર્તન બોલતા, ત્યારે તે ગામના મનુષ્યો ઘણી રીતે ભાવથી સેવા કરતા હતા. ૧૮.

જ્યારે અમે લખનૌ શહેરમાં પહોંચ્યા ત્યારે ત્યાં એક વેણીરામ નામે વણિક હરિભક્ત હતા તે મળ્યા. તેણે અમને પાંચ દિવસ સુધી રાખ્યા. ૧૯. તેણે અમારી ઘણા ભાવથી સેવા કરી અને ગ્વાલિયર પહોંચીએ ત્યાં સુધીનો ખર્ચો આપ્યો. જ્ઞાનાનંદ સ્વામીના બંને ભાઈ હરિભક્ત હતા. ૨૦. તે લખનૌની પાસેના (નતીપનગર) ગામમાં રહેતા હતા. તે ગામમાં જે બ્રાહ્મણ હતા તથા તેના નજીકના જે સંબંધી હતા, તે ભાવથી હરિભક્ત થયા

હતા. ૨૧. તે ચારેય હરિભક્તો આપનાં દર્શન કરવાને માટે અમારી સાથે ચાલ્યા. આમ અમે આઠ જણ ભેગા થયા. ૨૨. અમે ગંગા અને યમુના નદીને ઊતર્યા અને ઘાઘરા નદીને પણ ઊતર્યા. કેટલાક દેશને પાર કરતાં કરતાં ગ્વાલિયર શહેરમાં આવ્યા. ૨૩. જ્યારે એક મહિનો થયો ત્યારે અમે ગ્વાલિયર પહોંચ્યા હતા. ગ્વાલિયરની ચારે બાજુના વીશ-પચીશ ગામમાં ચારે વર્ણના કેટલાક મુમુક્ષુઓ હરિભક્તો થયા છે. ૨૪-૨૫.

મોટા સુખાનંદ સ્વામીના મુખથી વાત સાંભળીને વિપ્ર, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રમાં ઘણા ભાવથી હરિભક્ત થયા છે. ત્યાં ધૂવા અને બરાઈ ગામમાં અમને પાંચ પાંચ દિવસ પ્રેમથી રાખ્યા. ૨૬-૨૭. તે બધા હરિભક્તો ગરીબ હતા, છતાં તેમણે અમે ડભોઈ ગામ પહોંચીએ ત્યાં સુધીની બધી ખર્ચી કરી દીધી. ૨૮. અમે ગ્વાલિયરથી ચાલ્યા અને જ્યારે ઉજ્જૈનપુરી આવ્યા ત્યારે રામપ્રતાપજીભાઈ ત્યાં રોકાઈ ગયા. તેઓ તીર્થમાં પાંચ પાંચ દિવસ રહેતાં રહેતાં આવે છે. તીર્થથી તેઓ તરત ચાલતા નથી. **ખરેખર તીર્થોના તીર્થ તો આપ છો. આ ભૂમિ ઉપર જેટલાં તીર્થ કહેવાય છે તે બધાં આપના ચરણમાં નિવાસ કરીને રહ્યાં છે, તેમ હું સમજું છું.** તેથી તેમને અને મારે કઈ રીતે બને ? ૨૯-૩૧. મોટા ભાઈ જાણીને ઉજ્જૈન પહોંચ્યા ત્યાં સુધી તો મેં તેમની અદબ રાખી, પછી મારા જીવમાં જરાય ધીરજ રહી નહીં. ૩૨.

જ્યારે મને અપાર અસુખ થયું ત્યારે તેમની રજા લઈને હું ચાલતો થયો. તૈલંગ દેશના વીશ પચીશ મનુષ્યો વડોદરા આવતા હતા. ૩૩. તેની સાથે અમે પાંચેય ચાલ્યા અને રામપ્રતાપજી, કરતારામ અને માયાજિતાનંદ સ્વામી, એ ત્રણેય સાથે રહ્યા. જ્યારે અમે તે તૈલંગી લોકોની સાથે ચાલ્યા ત્યારે અમને ઘણું સુખ થયું. જ્યારે અમે વડોદરા આવ્યા ત્યારે ત્યાંના હરિભક્તોએ અમને ઘેરી લીધા. ૩૪-૩૫. મને આપનો ભાઈ જાણીને સહુએ મારી ઘણી સેવા કરી. ધનેશ્વર નામના વિપ્ર હરિભક્ત જે ચાર ભાઈ છે. ૩૬. તે ધનેશ્વર સરકારી વહિવટમાં લહિયા છે. તેમને સરકારે જે શેલું આપ્યું હતું તે તેમણે મને આપ્યું. ૩૭. બાપુભાઈ શિવરામ નામે જે હરિભક્ત છે, તેમણે મને ઘણા ભાવથી એક પાઘ બંધાવી. ૩૮. એક

વૈદ્ય રામચંદ્ર વિપ્ર હરિભક્ત છે તેમણે મને હીરકોરી બે ધોતિયાં આપ્યાં અને રામચંદ્ર વૈદ્યના ભાઈ હરિશ્ચંદ્ર વિપ્રે એક છીંટની ડગલી લાવીને મને આપી છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "ઈચ્છારામભાઈએ 'ઘરથી નીકળીને વડોદરા આવ્યા' ત્યાં સુધીની વાત કહી" એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર ચોવીશમું : તરંગ - ૪૨

આત્માનંદ સ્વામી તથા રામાનંદ સ્વામીના દૈવતની વાત કહી

પછી ઈચ્છારામભાઈએ વડોદરાના હરિભક્તોએ જે રીતે સેવા કરી તે બધાનાં નામ કહ્યાં. ૧. વડોદરાથી જ્યારે ચાલ્યા ત્યારે વચ્ચે જ્યાં હરિભક્તો રહે છે, એવા બોચાસણ ગામ થઈને ધંધુકા ગામ આવ્યા. ત્યાંથી રાણપુર થઈને તે લોયામાં આવી શ્રીહરિને મળ્યા. ૨-૩. 'અમારા ધન્યભાગ્ય છે કે આપ ભગવાન આ વખતે અમારે ઘેર પ્રગટ થયા.' આમ ઈચ્છારામભાઈએ કહ્યું. ૪.

❋ ઈચ્છારામભાઈની સમજણ અને ભાવના :

વળી કહ્યું, "આપનાં દર્શન થયાં તેથી અમારાં બધાં દુઃખ અને સંકટ ચાલ્યાં ગયાં છે. આવાં આપનાં દર્શન મહત્ત્વપૂર્ણ છે. બીજી બાબત હવે હું શું કહું ? ૫.

चोपाई :

ऐसे संत ऐसे हरिजनही, भगवान होवे तिहाँ तिनही;
होवे ओर ठोर हि नाही, मानसर तिहाँ हंस रहाही...०६

भगवान अरु सत्संग जेहा, अनोपम अलोकिक जो तेहा;
मानसर यह रहाये ताही, ऐसे अवर नहि कोउ वाही...०७

यह सभा यह सत्संग विनही, कोउ ब्रह्मांड में न किनही;
बडे भाग्य जब करे बलवाना, तब याके तेही जोग रहाना...०८

भाग्य विन जोग होत हि जाकू, नजर देखत मनात न वाकू;
हमारे धन्य भाग्य ही रहाये, सत्संग तुमारे अब हिताये...०९

આવા સંતો અને આવા હરિભક્તો તો જ્યાં ભગવાન હોય ત્યાં જ હોય છે, બીજે કોઈ સ્થળે હોતા નથી. જ્યાં માનસરોવર હોય ત્યાં જ હંસ રહે છે. ૬. ભગવાન અને સત્સંગ, એ બે અનુપમ અને અલૌકિક માનસરોવર છે. આવું બીજે ક્યાંય નથી. ૭. આવી સભા આ સત્સંગ વિના કોઈ બ્રહ્માંડમાં કોઈ જગ્યાએ નથી. જ્યારે ખૂબ બળવાન ભાગ્ય ઉદય ત્યારે આવો યોગ થાય છે. ૮. ભાગ્ય વિના તો યોગ થયો હોય તે નજરે દેખે તોપણ મનાય નહીં. માટે મારા ધન્યભાગ્ય છે. કેમ જે, અત્યારે મને આપના સત્સંગનો યોગ થઈ આવ્યો છે. હવે ક્યારેય આ સત્સંગનો વિયોગ ન થાય એવો અમને યોગ રખાવજો. અમે આપનો અપાર અપરાધ કર્યો હશે ત્યારે તો તમે ઘરબારનો ત્યાગ કર્યો છે. ૯-૧૦. ઘર ત્યાગ કર્યો તેને કેટલાંય વર્ષ વીતી ગયા, પણ અમને ખબર પણ કર્યા નહીં."

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "અમે જો પોતાના દેહના સંબંધીને ખબર આપીએ, અને સંબંધીનો જ્યાં સુધી નાતો રાખીએ ત્યાં સુધી અમે ત્યાગી કહેવાઈએ નહીં; એવી વાત અમે જાણીએ છીએ, એટલે સંબંધીની સાથે સંબંધ રાખતા નથી." ૧૧-૧૨. ત્યારે શ્રીપાત્ દેવાનંદ સ્વામી બોલ્યા, "આપે કોઈ દિવસ પોતાના દેહના સંબંધીની વાત કરી નથી. ૧૩.

મોટા આત્માનંદ સ્વામી ચતુર્વેદી મોઢ વિપ્ર હતા. અને તેઓ જ્યારે ત્યાગી થયા ત્યારે જેટલા મોટા મોટા રાજગુરુ વિપ્રો હતા, તેઓ તેના સંબંધી કહેવાતા હતા. વળી, ગોપીનાથ(ગોપીભટ્ટ) નામે તેમને એક પુત્ર હતા. ૧૪-૧૫. તે પુત્ર ક્યાં રહે છે ? સંબંધીઓ ક્યાં રહે છે ? તે બધી વાતને તેઓ યાદ કરતા નહીં. તેમના જેટલા શિષ્યો થયા હતા તે બધાને તેમણે સંબંધી માન્યા હતા. ૧૬. તેમણે જ્યાં સુધી દેહનો ત્યાગ કર્યો ત્યાં સુધી દેહના સંબંધીની સાથે લગાર પણ સંબંધ રાખ્યો ન હતો. બે ત્યાગી બાઈઓ કોઈક વખતે સાથે રહેતી, અને ક્યારેક તેમનાથી જુદી રહેતી હતી. આત્માનંદ સ્વામી પોતે દેહમાં સાક્ષાત્ ષટ્ચક્રને દેખતા હતા. ૧૭-૧૮.

અને આ બ્રહ્માંડમાં જે રીતે ષટ્ચક્રો રહ્યા છે, તેને પણ રાત-દિવસ દેખતા. અને તેના જે દેવતાઓ હતા તેને પણ દેખતા. ૧૯. અને તે ષટ્ચક્ર અને દેવતાઓ જેવા છે, તેવો તેનો બીજાને નિત્ય અભ્યાસ કરાવતા હતા. આ બ્રહ્માંડને ભેદવામાં તેમને કાંઈ શ્રમ પડતો નહીં; ૨૦.

આવા તે અપાર સમર્થ હતા. પરંતુ જે અજ્ઞાની અને ગમાર લોકો હતા તેમણે આત્માને ક્યારેય જોયો ન હતો, છતાં આત્માનંદ સ્વામીને પોતાના જેવા પણ જાણતા નહીં. ૨૧. **આત્મા જે રીતનો છે તે રીતે જ જ્યાં સુધી જેને દેખ્યામાં આવ્યો નથી, ત્યાં સુધી તે દુનિયામાં ચાહે તેવો પ્રવીણ કહેવાતો હોય, તોપણ તે અજ્ઞાની કહેવાય છે.** ૨૨. આત્માનંદ સ્વામી આ પ્રકારની વાતો રાત-દિવસ કહેતા રહેતા. અને તેઓ ષટ્ચક્ર અને આત્માને રાત-દિવસ દેખતા હતા. ૨૩. જે જે પોતાના આશ્રિતો નિષ્કપટ, ભક્તિભાવ તથા સરળ ચિત્તવાળા, અને અતિ ભાવિક હોય, તેને ષટ્ચક્ર જેવા છે તેવા બતાવતા હતા. ૨૪. વળી, આત્માનંદ સ્વામી એવા સમર્થ હતા કે, આત્મા જેવો છે તેવો સહજ ભાવે દેખાડતા હતા. ૨૫. આમ પોતે આત્માને દેખતા અને બીજાને દેખાડતા હતા, તોપણ તેનો જરાય ગર્વ ન હતો. આ વાતને બીજા કોઈ જાણતા નહીં. આ રીતે તેઓ વર્તતા અને સદાય પ્રસન્ન રહેતા હતા. ૨૬.

⁕ વર્તન અને નિયમ વ્યક્તિનો અંદરનો ભાવ દેખાડે છે :

જે જિજ્ઞાસુને આત્મદર્શનનો ભાવ હોય અને જો તે નિર્દંભ દેખાય તો તેને આત્મસાક્ષાત્કાર કરાવતા હતા. ૨૭. આ બ્રહ્માંડમાં જે રીતે ષટ્ચક્ર રહ્યા છે અને તેની જેવી રચના છે તેને પણ સહજભાવે બતાવતા હતા. ૨૮. પરંતુ જે કપટી, દંભી અને જ્ઞાનનો ચોર હોય, તથા જેને નિયમમાં રહેવાની થોડી પણ રુચિ ન હોય, એવાને આત્મસાક્ષાત્કાર કરાવતા નહીં. **નિયમો ઉપરથી જેનું જેવું અંતર હોય, અને અંદરનો અને બહારનો જેવો ભાવ હોય, તે સહજ સ્વભાવે દેખાય આવે છે.** જે જે સત્ય અને અસત્ય વાતો છે, તેને યથાર્થરૂપે દેખવાનાં દ્વાર જેના જેટલા નિયમો છે તે છે. જેનામાં વિશાળ બુદ્ધિ હોય તેને સત્સંગની વાત યથાર્થ દેખ્યામાં આવે છે.

તેને સત્સંગના સમાન કાંઈ જ દેખાતું નથી. જેટલા જ્ઞાનચોર છે, તે તો સત્સંગની વાત શીખીને બીજા જેમ પોતાને સહુથી અધિક માને, તેમ વાતોના ફડાકા માર્યા કરે છે. પણ જેમાં જેટલું દૈવત અને પ્રતાપ વર્તતા હોય તે છુપાવ્યા છુપાતા નથી. જેમ છુપાવવા જાય છે તેમ તે જાહેર થતો જાય છે.

આત્માનંદ સ્વામીનો જેણે જેણે સમાગમ કર્યો, તેમાં એક રામાનંદ સ્વામી જ ઐશ્વર્યે સહિત વાતોમાં દૈવતવાળા નીકળ્યા. તેમના સ્વરૂપમાં તે ઐશ્વર્ય દેખાતું હતું. ૨૯-૩૫. આત્માનંદ સ્વામી કરતાં પણ રામાનંદ સ્વામીમાં ઐશ્વર્ય અધિક દેખાતું હતું. જેમાં પ્રતાપ હોય તે છૂપો રહેતો નથી. ૩૬. આત્માનંદ સ્વામી કરતાં રામાનંદ સ્વામીએ ત્યાગી સંત વધારે કર્યા હતા અને તે વધારે પ્રતાપી હતા. ૩૭.

રામદાસજી સંત રામાનંદ સ્વામીના મોટા શિષ્ય થયા. તે ઘણા નિષ્કામી હતા. ૩૮. તેમણે રામાનંદ સ્વામીની અતિશય નિષ્કપટ ભાવે સેવા કરી હતી. તે સેવાના પ્રતાપથી તેમને ઐશ્વર્ય મળ્યું હતું, પરંતુ તેમને તે ઐશ્વર્યનો મનમાં ક્યારેય ગર્વ થયો નહીં. કારણ કે, તેઓ સાધુતામાં જ અધિક મોટપ માનતા હતા." ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "આત્માનંદ સ્વામી તથા રામાનંદ સ્વામીના દૈવતની વાત કહી" એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર ચોવીશમું : તરંગ - ૪૩

દેવાનંદ સ્વામીએ શ્રીહરિની બાબતમાં રામાનંદ સ્વામીની સમજણ કહી

ફરી દેવાનંદ સ્વામી રામાનંદ સ્વામીની જેટલી વાત જાણતા હતા તે કહેવા લાગ્યા. ૧. રામાનંદ સ્વામી અયોધ્યાપુરીના અતિશય પ્રતાપી અંજન વિપ્ર હતા. ૨. મુક્તાનંદ સ્વામી તે રામાનંદ સ્વામીના શિષ્ય થયા. જેમ જેટલું પાણી વરસે છે તે બધું સમુદ્રમાં આવીને ભરાય છે, તેમ જેટલા સાધુતાના ગુણ કહેવાય છે તે બધા મુક્તાનંદ સ્વામીમાં નિવાસ કરીને રહે

છે. ૩-૪. આત્માનંદ સ્વામીને સહજ સ્વભાવે જે ઐશ્વર્ય પ્રાપ્ત થયું હતું, તેને તેઓ છુપાવી રાખતા હતા. **ઐશ્વર્ય પામીને જે છુપાવી રાખવું એટલી મોટામાં મોટાઈ રહી છે.** ૫.

મુનિવર રામાનંદ સ્વામી પૂર્વજન્મમાં ઉદ્ધવ હતા. તેમણે શ્રીકૃષ્ણની સેવા કરી હતી તેથી તેમાં ઐશ્વર્ય આવ્યું હતું, પણ તેઓ શ્રીકૃષ્ણ ભગવાનથી કોઈને અધિક સમજતા નહીં. શ્રીકૃષ્ણ ભગવાન કરતાં પણ જે જીવ ઐશ્વર્યને જ્યાં સુધી વધારે ગણે છે ત્યાં સુધી તે ચાહે તેવો બુદ્ધિમાન હોય, અને ઐશ્વર્યથી યુક્ત થયો હોય તોપણ તેનાથી શું ? કેમ જે, ભગવાનથી કોઈ અધિક નથી; આવું જે સમજે છે તે ખરા બુદ્ધિમાન છે, અને એણે સર્વે સાધન કરી લીધાં છે. સાધનો અને તેનાથી પ્રાપ્ત થયેલાં ઐશ્વર્યોનું ફળ એટલું જ છે કે, 'ભગવાનથી કોઈ અધિક નથી' એમ સમજવું. ૬-૯.

❋ ભગવાનની મોટપ સમજવી તે સર્વે વાતનો સાર છે :

चोपाई :

समझना नहि यह बुद्धि रहाते, यह ऐश्वर्य सब पर हि कहाते;
यह साधनहु की अवधि रहाये, भगवान से अधिक कोउ ताये...१०

समझत नहि यह सब कर रहेऊ, अनंत वेर इतना तेऊ;
समझना हे वेर हि वेरा, ईन करते अधिक कोउ फेरा...११

समझाय नहीं तेही हि जोऊ, समझना जेती बात हि सोऊ;
भगवान अधिक रहे यह हीता, कथा कीर्तन के जोग रखीता...१२

दोहा : कथा कीर्तन के जोग विन, भगवान की विन बात;
असत्य बात रहे जितनी, अधिक यह हो जात...१३

भगवान की बात बिन हि, जेति बात रहेउ;
विष से अधिक विष रहे, भव भटकावत तेउ...१४

ભગવાનથી અધિક કોઈને ન સમજવા, આવી બુદ્ધિ હોવી તે જ સહુથી પર ઐશ્વર્ય કહેવાય છે. ભગવાન સહુથી અધિક સમજાય જાય તે સર્વે સાધનોની અવધિ છે. જે ભગવાનથી અધિક કોઈને નથી સમજતા તેણે બધું કરી લીધું છે. અનંતવાર ફરી ફરીને એટલું જ સમજવાનું છે કે, ભગવાનથી અધિક ક્યારેય કાંઈ ન સમજાય જાય. જેટલી કાંઈ વાત

સમજવાની છે તેનું પણ એટલું જ પ્રયોજન છે. ભગવાન સહુથી અધિક રહે એટલા માટે જ રામાનંદ સ્વામી કથા અને કીર્તનનો યોગ રાખતા હતા. ૧૦-૧૨. ભગવાનની કથા, કીર્તનના યોગ વિના, અને ભગવાનની વાત વિના જેટલી ખોટી-નાશવંત બાબત છે, તે અધિક થઈ જાય છે. ૧૩. ખરેખર તો ભગવાનની વાત વિના બીજી જેટલી બાબતો છે, તે ઝેર કરતાં પણ અધિક ઘાતક છે. કારણ કે તે સંસારમાં ભટકાવે છે. ૧૪. જે બાબત સંસારમાં ભટકાવે છે તેવી બાબતમાં મનુષ્ય ગુલતાન રહે છે. કેમ જે, નર-નારી કે દેવ પણ મોહરૂપી મદિરાનું પાન કરે છે. જે નર-નારી જ્યાં સુધી સત્સંગથી દૂર રહે છે ત્યાં સુધી તે સંસારમાં ભટક્યા કરે છે. ૧૫-૧૬.

પ્રગટ ભગવાનનો યોગ થયા સિવાય છ ચક્રને દેખવાથી પણ શો ફાયદો ? ભગવાનના યોગ વિના મનુષ્ય કરોડો કલ્પ વીતી જાય, તોપણ સંસારને તરતો નથી, અને વારંવાર સંસારમાં ભટક્યા કરે છે. ૧૭. **મનુષ્યદેહ મળ્યાનું એટલું જ ફળ છે કે, 'તેનો ઉપયોગ કરીને જન્મ-મરણ ભટકણને ટાળવું.' પરંતુ માણસ બીજા અપાર કામ કરે છે, પણ ભવભટકણ ટાળવાનું કાર્ય લગાર પણ કરતો નથી.** ૧૮. જ્યાં સુધી જીવ ભવભટકણ ટાળવા મહેનત નથી કરતો, ત્યાં સુધી તેની ભણેલી વિદ્યા તલભાર પણ ઉપયોગમાં આવતી નથી. જેમ ગધેડાની ઉપર ચિંતામણિનો અપાર ભાર ભરવામાં આવે, પણ તે ગધેડો જ્યાં સુધી ચિંતામણિને જાણતો નથી, ત્યાં સુધી તે ગધેડાનો ગધેડો જ રહે છે. તેમ ભગવાનના સ્વરૂપના જ્ઞાન વિના ચાહે તેવો પંડિત હોય, પણ તે અજ્ઞાની માણસમાં જ ગણાય છે. રામાનંદ સ્વામી આ રીતની અપાર વાતો કરતા હતા. ૧૯-૨૧.

હવે હે હરિ ! મને જેવી દેખાય છે તેવી હું (દેવાનંદ સંન્યાસી) આપની વાત કહું છું. ભગવાનના અનંત અવતાર થયા છે, જેનો ગણતા પણ પાર આવતો નથી. તેમાં જે કોઈ અવતારો જે પ્રયોજન માટે લીધા હતા, તે સર્વે હેતુની તમે અત્યારે શોધ કરી છે. એટલે કે તે બધા અવતારોમાંથી એક એક શ્રેષ્ઠ બાબતોને આપે આ વખતે લીધી છે, અને અસાર વાતોનો ત્યાગ કરી દીધો છે. ૨૨-૨૩. જે ભગવાનની સાકાર મૂર્તિનો નિષેધ કરે છે, તેવા ઘણા

મતવાદી તો જાણે પોતે ભગવાન કરતાં પણ અધિક હોય તેમ ફરે છે. ૨૪. પરંતુ ભગવાન કરતાં પોતાની સમજણને જે અધિક માને છે તેને પાખંડી કહ્યા છે. ૨૫. સદ્‌ગુરુ રામાનંદ સ્વામી આપને સહુના કારણ એવા સનાતન શ્રીકૃષ્ણના રૂપમાં દેખતા હતા. ૨૬. રામાનંદ સ્વામીની સમજણને આત્માનંદ મુનિએ પોતાની સમજણ માની હતી. કેમ જે, તેઓ રામાનંદ સ્વામીની સમજણને પોતાની સમજણ કરતાં અધિક શ્રેષ્ઠ માનતા હતા. આમાં જ મોટાની અપરંપાર મોટપ રહી છે. પણ અજ્ઞાની લોકો એમ સમજતા નથી. ૨૭-૨૮. જે રીતે આત્માનંદ મુનિના બધા આશ્રિતો આત્માનંદ મુનિને પરમેશ્વરની બુદ્ધિથી માનતા હતા, તે રીતે રામાનંદ સ્વામીના જે નર-નારી આશ્રિત થયાં હતાં, તે બધાં રામાનંદ સ્વામીને પરમેશ્વર કરીને માનતા હતા. ૨૯-૩૦.

❋ મોટા પુરુષની સમજણ :

તે બધાં સ્વામીના પ્રતાપને જોઈને તેમને ભગવાન માનતા હતા. પ્રતાપ વિના કોઈ માનતા નથી. જેટલા સાચા મોટા પુરુષ હોય છે તેઓ તેમને લોકો ભગવાન માને-પૂજે તેણે કરીને, ૩૧. તથા કોઈ રાજા પોતાને માને ન માને, તેણે કરીને ક્યારેય પોતાની મોટપ માનતા નથી. વળી, પોતાને બ્રહ્મા જેવા મોટા હોય તે પણ માને કે કદાચ દેવતાઓ ન માને, તેણે કરીને તે ક્યારેય અંતરમાં લગારેય ક્ષોભને પામતા નથી. અને જે મોટા પુરુષો છે તે જેટલો ક્ષોભ પ્રગટ કરે છે તેટલી તેની માયા છે, કહેતાં ચરિત્ર કરે છે. ૩૨-૩૩. તે મોટા પુરુષની માયાને કહેતાં ચરિત્રને કોણ સમજે ? સામાન્ય જીવો તો તેમને પોતાની જેવા અલ્પ માને છે. પરંતુ જે મોટા પુરુષો છે તે અજ્ઞાનીના સંતાપથી સંતપ્ત થતા નથી. તેઓ તો પોતાના અંતરમાં અત્યંત પ્રસન્ન રહે છે. ૩૪.

चोपाई :

जो जो जामें सुख रहे जितना, बडे के उचिष्ट रहे तितना;
बडे जेते इमि जानत रहाते, तिन करीके बडे देखाते...३५

बडे जेते विषय रहे तामें, अधिकता न हि मानत यामें;
जेता सुख रहायेउ जाही, आत्मा कर जानत रहे ताही...३६

दोहा : अनंत कोटि ब्रह्मांड के, सुख रहायेउ जेहु;
आत्मावते रहेउ यह, नाम धरावत तेहु...३७

बडे कहावत तिनकेही, सिद्धांत यह रहेउ;
आत्मा बिन रहे असत्य हि, मायिक तितना तेउ...३८

જ્યાં જ્યાં જે જે કાંઈ સુખમાત્ર છે, તે બધું મોટા પુરુષોનું ઉચ્છિષ્ટ છે, કહેતાં મોટાએ રાજી થઈને આપેલી પ્રસાદીરૂપ છે. એમ જ જેટલા મોટા હોય તે જાણે છે, અને તે સમજણે કરીને જ તેઓ મોટા દેખાય છે. ૩૫. જે મોટા પુરુષો છે તે વિષયમાં કાંઈ અધિકતા માનતા નથી. અને જે કાંઈ સુખ રહ્યું છે તે તો સુખરૂપ એવા આત્માએ કરીને છે, તેમ જાણે છે. ૩૬. અનંત કોટિ બ્રહ્માંડનાં જે કાંઈ સુખો છે, તે બધાં આત્માને લીધે જ 'સુખ' એવું નામ ધરાવે છે. ૩૭. જે મોટા પુરુષો છે તેનો આવો સિદ્ધાંત છે કે, આત્મા વિના જે કાંઈ પણ માયિક પદાર્થ છે, તે અસત્ય છે. ૩૮. અજ્ઞાની મનુષ્ય અને જ્ઞાની મનુષ્યની સમજણમાં ભૂમિ અને આકાશ જેટલો અપાર ફરક રહ્યો હોય છે. ૩૯. જેટલા અજ્ઞાની લોકો છે તે બધા હર્ષ અને શોકરૂપી સાગરમાં ડૂબતા રહે છે અને વારંવાર લખચોરાશીમાં ભટકતા રહે છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "દેવાનંદ સ્વામીએ શ્રીહરિની બાબતમાં રામાનંદ સ્વામીની સમજણ કહી" એ નામે તેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર ચોવીશમું : તરંગ - ૪૪

શ્રીહરિની મોટપ બાબતમાં પર્વતભાઈનો પ્રશ્ન

શ્રીપાત્ દેવાનંદ સ્વામી પોતે જેવું સમજતા હતા તે રીતે શ્રીહરિને ફરી કહેવા લાગ્યા કે, ૧. "સદ્‌ગુરુ રામાનંદ સ્વામી મારા ઉપર અપાર કૃપા રાખતા હતા, તેનો કહ્યે પાર આવતો નથી. ૨. તેમનાં વચનથી હું કાશી ગયો હતો. ત્યાં ગોમઠમાં જઈને સંન્યાસી થયો. ૩. પછી એક વરસ સુધી હું ગોમઠમાં તે ગુરુ પાસે રહ્યો, અને સંન્યાસીના બધા ધર્મ અને રીતભાત મેં શીખી લીધા. પછી હું જયારે કાશીથી પાછો રામાનંદ સ્વામીની પાસે આવ્યો

ત્યારે સ્વામી મારા ઉપર પ્રસન્ન થયા. ત્યાર બાદ કોઈ પણ વિપ્ર હરિભક્ત ઘર-સંસારમાંથી ઉદાસ થતા, અને જેને સગા-સંબંધીમાં સ્નેહરૂપ મૂળનો નાશ થતો, તેને સ્વામી મારી પાસે સંન્યાસી કરાવતા હતા. તે સ્વામી આ ભૂમિ ઉપર જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી આ રીતે સંન્યાસી કરાવતા.

હે હરિ ! એક વખત પર્વતભાઈએ રામાનંદ સ્વામીને આપનું નામ લઈને પૂછ્યું હતું કે, "નીલકંઠ વર્ણી કેવા મોટા છે ? કારણ કે, આપના કરતાં વધુ તે વર્ણીમાં વગર ચોંટાડ્યે ચિત્ત ચોંટી જાય છે. ૪-૮. જ્યારથી તેઓ આવ્યા છે અને તેનાં દર્શન થયાં ત્યારથી તેમનામાં ચિત્ત ચોંટી જાય છે. તેમની જેટલી ક્રિયાઓ છે તે બધી ક્રિયાઓ ચિત્તને ચોરે એવી છે. ૯. માટે તે કેવા યોગી છે ? આપ જેવા તેને જાણતા હો તેવું મને કહો." પછી રામાનંદ સ્વામી હસતે મુખે પર્વતભાઈ આગળ બોલ્યા હતા કે, "હવે હું જે વાત કહું છું તેને તમે તમારા દિલમાં રાખી મૂકજો. જે કપટી, કુટિલ, દંભી અને ખળ હોય તેને અમે ક્યારેય આવી વાત કહેતા નથી. ૧૦-૧૧. તમારે પણ જે કપટી, કુટિલ, દંભી, ખળ અને જ્ઞાનચોર હોય તેટલાને બેઠતા-ઊઠતા ઓળખી લેવા. અને આ વાત કહેવી નહીં. ૧૨.

જે જ્ઞાનચોર હોય છે તે બધા એકાંતમાં જઈને મનમાં ઘણા પ્રસન્ન થઈને જ્ઞાનનું મનન કરતા હોય છે. ૧૩. તે જ્ઞાનચોરોના મનમાં પોતાની પ્રસિદ્ધિ કરવાનું તાન હોય છે. અને તેઓ તેમાં જ પોતાનું બહુ હિત માનતા હોય છે. ૧૪. જે જ્ઞાનચોર હોય તે પોતાની સમજણને જ સહુથી પર માનતા હોય છે. અજ્ઞાની લોકો તો તેને દેખીને તે જ્ઞાનચોરને અધિકપણે માને છે કે, 'આ બહુ મોટા જ્ઞાની છે.' પણ જે સાચા જ્ઞાની હોય તે તો તેને જ્ઞાનચોર જાણે છે. ૧૫-૧૬.

જે જ્ઞાનચોર હોય છે તે એકાંતમાં જઈને જ્ઞાનની વાતો કરતા હોય છે, અને સભામાં બેસીને ધ્યાન કરતા હોય છે. ૧૭. જેટલા જ્ઞાનચોર હોય છે તે બધા જ્યારે સભામાંથી ઊઠે છે, ત્યારે એકાંતમાં ભેળા જઈને બેસે છે અને પરસ્પર ગુલતાન થઈને રહે છે. ૧૮. તેઓ પરસ્પર એવું બોલે છે કે, 'આપણે જેવું સમજીએ છીએ તેવું બીજા કોઈ સમજતા નથી.' આ

રીતે પરસ્પર પોતાનાં વખાણ કરે છે. તે લોકોની વાતમાં જે ભળી જતા નથી, ૧૯.

તેમને મૂળ વિનાના કહે છે, અને પોતે પોતાને મૂળવાળા માને છે. પરંતુ જ્યાં સંતો-હરિભક્તોની પ્રસિદ્ધ સભા થાય છે, તે સંતો-હરિભક્તો જ મૂળવાળા છે; એમ જે પૂરા મૂળવાળા હરિભક્ત હોય છે તે જાણે છે. અધૂરિયા અને મૂળ વિનાના જ્ઞાનચોર હોય છે તે એકાંતમાં સભા કરે છે, અને પોતાને સર્વોપરિ માને છે. જ્યારે સંપ્રદાયમાં કોઈ એક નિયંતા ન રહે ત્યારે એક જ મતમાં બે મત થઈ જાય છે. પણ નિયંતાનો જે મૂળવાળો મત હોય છે તે ચાલે છે, અને જે એકાંતમાં સભા કરે છે તે પાખંડ મતમાં ખપે છે. ૨૦-૨૩. જે જાહેર સભા હોય તે સભા કહેવાય છે, અને ત્યાં ધર્મનો પરિવાર રહે છે. પણ જે એકાંતની સભા હોય તે સભા કહેવાતી નથી, અને ત્યાં અધર્મનો બધો પરિવાર રહે છે. જેટલા અધર્મથી ભરેલા મત છે તે બધાનું ખંડન કરવા માટે તો આ સત્સંગ રહ્યો છે, તે દૃઢતાથી જાણવું. ૨૪-૨૫. જે ધર્મ અને અધર્મ છે તેને અંદરથી અને બહારથી યથાર્થરૂપમાં તો આ સત્સંગ જ બતાવી દે છે." ૨૬. રામાનંદ સ્વામી પર્વતભાઈને કહે છે કે, "હવે આ વર્ણી જે રીતના છે તે હું તમને કહું છું. કારણ કે તમે મારા મિત્ર જેવા ભક્ત છો. કહેલી વાત યોગ્ય પાત્ર વિના ક્યારેય ટકતી નથી. ૨૭.

✵ રામાનંદ સ્વામીએ પર્વતભાઈને નિજ રહસ્ય કહ્યું :

सोरठा : बहुत गोप्य जो बात, मित्र सुँ गोप्य न रहत कबु;
मित्र से गोप्य रखात, अंतर के मित्र न रहे यह...२८

चोपाई :

जो जो बात हि करना जेता, अधिक स्नेह बढन हित तेता;
बात करे स्नेह होय जितना, घटी जावे रहे नहीं तितना...२९

याके नाम न बात कहावा, बात करना यह कठिन रहावा;
बात करना अरु सुनना तामें, बहुत विवेक चैये यामें...३०

બહુ જ ખાનગી વાત હોય તે મિત્રની આગળ છૂપી રહેતી નથી. અને જો મિત્રની આગળ પણ વાત ખાનગી રખાય તો તે ખરેખર અંદરથી મિત્ર

નથી હોતો. ૨૮. જે કાંઈ વાત કરીએ તેનું પ્રયોજન અધિક સ્નેહ વધારવા માટે તો હોય છે. પરંતુ જો વાત કરીએ અને જેટલો સ્નેહ હોય તેટલોય ન રહે ને ઘટી જાય તો, ૨૯. તેનું નામ વાત ન કહેવાય. અર્થાત્ વાત કરતા આવડ્યું ન કહેવાય. કેમ જે, યથાર્થ રીતે વાત કરવી તે ઘણી કઠિન છે. વાત કહેવામાં અને સાંભળવામાં બહુ વિવેકની જરૂર પડે છે. ૩૦.

વિવેક વિના જેટલી વાતો કહેવા કે સાંભળવામાં આવે, તે બધી વૃથા થઈ જાય છે. જે વિવેક છે તે સૂર્ય સમાન અથવા તો દર્પણ તુલ્ય કહેવાય છે. ૩૧. ચોર માણસને સૂર્ય અને ચંદ્રનું અજવાળું સુખરૂપ દેખાતું નથી. જેટલું અંધારું રહે તેને ચોર પરમ સુખ માને છે. ૩૨. જેને ચોરની રીત-ભાત રુચતી ન હોય, તે મનુષ્ય તો દેવતા કરતાં અધિક પવિત્ર છે. અને એવા જે રાજા તથા ગુરુ હોય છે, તે પણ દેવતા કરતાં અધિક પવિત્ર છે. ૩૩. આ દુનિયામાં અપરંપાર તમાસા થતા હોય છે. તે જે રાજા, ગુરુ કે મનુષ્યને જીવમાં લગાર પણ ગમતા ન હોય, તે દેવતા કરતાં પણ અધિક ગણાય છે. ૩૪.

વ્યસન બહુ પ્રકારનાં હોય છે, જેનો ગણતા પાર આવતો નથી. જેને તેવાં વ્યસનનો પ્રસંગ ન હોય, તે મનુષ્યને દેવ કરતાં પણ વધારે સારો દેખવો. ૩૫. જેટલી અનીતિ કહેવાય છે તેને જે દૂરથી જ તજી દે છે; એવા રાજા ગુરુ અને મનુષ્ય, તે બધા દેવતા કરતાં પણ અધિક છે. ૩૬. જે નીતિ પ્રમાણે ચાલે છે, અને જેને અનીતિ રુચતી નથી એવા જે કોઈ પણ હોય, તે બધા દેવ કરતાં પણ અધિક છે; એવા રાજા અને ગુરુને જે રીતે મનુષ્ય વધારે ને વધારે સુખી થાય તેવું જ નિત્ય તાન રહે છે. ૩૭-૩૮. મનુષ્યનાં જ્યારે અપાર ભાગ્ય ઉદય થાય ત્યારે નીતિવાળા રાજા અને ગુરુ થાય છે. ૩૯. જે ગુરુ અને રાજા નીતિમાન હોય, તેની કીર્તિ આ જગતમાં અત્યંત વધતી રહે છે. અને તેની શુભ કીર્તિનો નાશ ક્યારેય થતો નથી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિની મોટપ બાબતમાં પર્વતભાઈનો પ્રશ્ન" એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર ચોવીશમું : તરંગ - ૪૫

દેવાનંદ સ્વામીએ પ્રગટ શ્રીહરિનો અને નીતિમાન રાજાનો પ્રતાપ કહ્યો

ચાહે તેવો કોઈ સિદ્ધ હોય, પણ તે પાત્ર ન હોય તો અંતરની જેટલી વાત છે તેને રામાનંદ સ્વામી કહેતા નહીં. ૧. જે વાતમાં સંદેહ કરે તેને સ્વામી પાત્ર માનતા નહીં. તે ઘણા ભાવથી સેવા કરે તોપણ તેને પાત્ર માનતા નહીં. ૨. શુદ્ધ ગુરુની વાતમાં ક્યારેય સંદેહ કરે નહિ; એવા જે શુદ્ધ શિષ્ય હોય તેની આગળ ગુરુ જેટલી ગુપ્ત વાત હોય તેને અતિ ભાવથી કહે છે. પછી હે હરિ ! રામાનંદ સ્વામીએ પર્વતભાઈને આપ જેવા છો તેવી વાત કહી. ૩-૪.

❋ શ્રીહરિની સર્વોપરિતા :

चोपाई :

जो जो बात कहावत ताके, वर्णी यह कारण रहेउ वाके;
पण इनके कारण कोउ नाहीं, एसे यह वर्णी रहेउ ताही...०५

चिदाकाश रहेउ जिमी तिनके, उतपत्ति स्थिति विनाश इनके;
कोउ दिन कर नहीं रहाते, सदाय रहे ईस रीत कहाते...०६

अक्षर चिदाकाश जो जेहा, ताके कारण वर्णी रहे तेहा;
वर्णी के कारण कोउ न रहाये, एसे यह वर्णी समर्थ कहाये...०७

अक्षरधाम ता महिं जेहू, पुरुषोत्तम नाम रहाये तेहू;
पूरण पुरुषोत्तम यह रहीता, आदिनारायण एही कहीता...०८

सनातन कृष्ण कहावत ताही, जेते अवतार याके रहाही;
सनातन मूर्ति रहाये जेऊ, जेते ब्रह्मांड तामें तेऊ...०९

જે કાંઈ વસ્તુમાત્ર કહેવાય છે તે સર્વેનું કારણ આ વર્ણી છે, પણ તેમનું કારણ કોઈ નથી; એવા આ વર્ણી કારણરૂપ છે. ૫. જે ચિદાકાશ છે તેની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ કોઈ દિવસ કહેવાતો નથી. તે સદા એવી રીતે જ રહ્યો છે, એમ કહેવાય છે. ૬. તેવા અક્ષરરૂપ ચિદાકાશનું કારણ આ વર્ણી છે, પણ આ વર્ણીનું કારણ કોઈ નથી; એવા આ વર્ણી મહાસમર્થ છે. ૭. અક્ષરધામમાં જે પુરુષોત્તમ નામે રહ્યા છે તે પૂર્ણ પુરુષોત્તમ

પોતે આ વર્ણી છે. એમને 'આદિનારાયણ' કહેવાય છે. ૮. વળી, એમને સનાતન શ્રીકૃષ્ણ કહેવાય છે. જેટલા અવતારો છે તે બધા આમના છે. આ પુરુષોત્તમનારાયણની સનાતન મૂર્તિ એક હોવા છતાં અનંત બ્રહ્માંડોમાં અનંતરૂપે રહી છે. જેમનો કોઈ પાર લઈ શકતો નથી. જ્યાં જેવું કામ પડે ત્યાં તેવી મૂર્તિને આ વર્ણી ધારણ કરે છે. ૯-૧૦. આ વર્ણીમાં અપરંપાર યોગકળાઓ રહી છે. આ વખતે આ વર્ણીનું ચિંતવન કરીને જે કાંઈ પણ ચિંતવવામાં આવે, તે તેને અત્યારે જરૂર મળે છે. આ વર્ણીનો અપાર પ્રતાપ છે. તેમાં જરાય ખોટું નથી."

પછી પર્વતભાઈએ રામાનંદ સ્વામીએ કહેલી વાતને પોતાના મનમાં નિશ્ચિત કરીને માની. ૧૧-૧૨. રામાનંદ સ્વામીએ પર્વતભાઈને જેવી વાત કરી તેવું જ તેમનું અંતર તરત જ થઈ ગયું. અર્થાત્ તરત જીવમાં હા પડી ગઈ. તેથી તરત સ્વામીએ જેમ કહ્યું હતું તેમ જ પર્વતભાઈને બધું અલૌકિકરૂપે દેખાવા પણ લાગ્યું. ૧૩-૧૪. ત્યારે શ્રીહરિએ દેવાનંદ સ્વામીને કહ્યું કે, "આ અતિ ખાનગી વાત તમે ક્યાંથી જાણી ? ૧૫. જેમ તમે આ વાતને જાણો છો તેમ આ સત્સંગમાં બીજા પણ કેટલાક જાણતા હશે, પણ અમે આ વાત જાણતા નથી." ૧૬. ત્યારે દેવાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું કે, "જે સાચા મોટા કે સર્વોપરિ હોય તે જ્યારે પ્રગટ થાય છે, ત્યારે તેઓ પોતાની જેવી મોટપ હોય તેવી કહેતા નથી. તેમ છતાં જેમાં જેટલી મોટપ હોય તે દેખાયા વિના રહેતી નથી. ૧૭-૧૮. જેમાં જેવો પ્રતાપ હોય તેવો તે પ્રતાપ તેના આચરણ-વિચરણમાં દેખાઈ આવે છે. તે છુપાવ્યો છૂપો રહેતો નથી. ૧૯. સિંહ, ચોર, લૂંટારા, કપટી, કુટિલ અને પ્રપંચી-દગાબાજ મનુષ્યને ભય ઉપજાવે છે, અને દુઃખ દેતા રહે છે. ૨૦.

આ ભૂમિ ઉપર જેટલા રાજાઓ છે તે પણ પોતાની પ્રજાને ચાહે તેવું દુઃખ દે છે. હે હરિ ! પ્રજાની રક્ષા કરે એવા તો આપના સિવાય બીજા કોઈ નથી. ઘણા ગુરુઓ પણ શિષ્યને ઠગે છે, અને મિથ્યા ઉપદેશ આપી શિષ્યની સ્ત્રી અને ધનને ભોગવે છે. ૨૧-૨૨. અધર્મમાં પણ શિષ્યો ધર્મ માને એવા જ તે પાખંડીઓ કથા-કીર્તન કરતા રહે છે. તે ગુરુઓ ધર્મમાં

અધર્મ દેખાડે છે, છતાં અજ્ઞાની લોકોને તેવો ઉપદેશ સાચો મનાય છે. ૨૩. શિષ્ય ભગવાનના ધામમાં જાય તેવો માર્ગ તેને દેખાડતા નથી, અને પોતાના વચનને માનવામાં જ મોક્ષ રહ્યો છે તેવું બતાવે છે. ૨૪.

આમ જ્યારે મોક્ષનો માર્ગ બંધ થઈ ગયો હતો ત્યારે આપ શ્રીહરિ પ્રગટ થયા છો, અને તે રીતનો જ આપે રાજા પ્રગટ કર્યો છે. તે રાજા પણ જે બાબત જેવી હોય તેને તેવી જાણનારો છે. ૨૫. જે માણસ જેવો હોય તેવો તેને ઓળખે તે જ ખરો રાજા કહેવાય છે. જેનો નાશ કરવો ઘટે તેવાનો જે નાશ કરે તે રાજાની અભિવૃદ્ધિ થાય છે. ૨૬.

જ્યારે ભૂમિ ઉપર નીતિમાન રાજા પ્રગટ થયો ત્યારે તે બધી પ્રજાને પણ નીતિ ઉપર ચલાવે છે. ૨૭. દેશનાં જેટલાં ગામ અને નગર છે તે બધામાં તેણે નીતિ ભણાવવાને માટે સુંદર નિશાળો બનાવી છે. ૨૮. આ ભૂમિ ઉપર નીતિ ભણવાને લીધે જે બાળકો બુદ્ધિમાન થશે અને સુધરશે, તે બધાં ભાવથી માતા-પિતાની સેવા કરશે. ૨૯. ઘરમાં જ્યારે સ્ત્રી આવે છે, ત્યારે તે પુરુષને માતા-પિતા ઉપર ભાવ રહેતો નથી. કારણ કે, તે પત્ની તેના પતિને માતા-પિતાના દોષ દેખાડીને સ્વતંત્રપણે જીવવાનું શીખવે છે. ૩૦.

❋ સ્ત્રીઓને ભણાવવાની અને નીતિની જરૂરિયાત :

સ્ત્રીઓ નીતિ ભણતી નથી, તોપણ પુરુષને માતા-પિતાની સાથે લગાર પણ સંબંધ રહેવા દેતી નથી, તે વાત નિશ્ચિત અને નિર્ધારિત છે. ૩૧. આવી સ્ત્રી જ્યારે મરે છે ત્યારે બીજા જન્મમાં તે ગધેડી, કૂતરી, વાંદરી અથવા ઊંધે માથે ઝૂલનારી વાગોળ થતી દેખાય છે. ૩૨. જે સ્ત્રી પતિનાં માતા-પિતાની ગુરુભાવ લાવીને પ્રેમ સહિત શુદ્ધ ચિત્તથી જિંદગીભર સેવા કરે છે, તે પતિએ સહિત દેવલોકમાં જાય છે અને વિમાનમાં બેસીને વિચરે છે. એમાંય જે મનુષ્ય આ સત્સંગ કરે છે તેનો મહિમા તો વર્ણવી શકાતો નથી. ૩૩-૩૪. જે નીતિપરાયણ વર્તે છે તેને સ્વર્ગનું સુખ મળે છે, અને જે સત્સંગ કરે છે તે ભગવાનના ધામમાં જઈને નિવાસ કરે છે. અને તેની પાસે કોઈ દુઃખ આવતું નથી." શ્રીહરિના નાના ભાઈ ઇચ્છારામજીએ આવી વાત જ્યારે સાંભળી ત્યારે તેના દિલમાં આનંદ થયો. ૩૫-૩૬.

પછી ઈચ્છારામજીએ કહ્યું કે, **"જેટલું સુખમાત્ર છે તે બધું અત્યારે સત્સંગમાં વર્તે છે, અને દુઃખ તો બીજી જગ્યાએ રહ્યું છે.** ૩૭. હે હરિ ! તમે અમને દુઃખમાં છોડી દઈને ચાલી નીકળ્યા. પછી અમારી સાથે સંબંધનો સ્નેહ રાખ્યો નહિ, તે અમારો શું અપરાધ હતો ? ૩૮. જે અપરાધે કરીને અમને આપનો આટલા દિવસ સુધી વિયોગ થયો, અને અમે પાર વગરનું દુઃખ સહન કર્યું." ૩૯. ત્યારે શ્રીહરિ ઈચ્છારામભાઈ આગળ બોલ્યા, "હવે તમે આ સંતો કહે તેમ કરો. આ અમારાં વચનમાં જ સુખમાત્ર રહ્યું છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "દેવાનંદ સ્વામીએ પ્રગટ શ્રીહરિનો અને નીતિમાન રાજાનો પ્રતાપ કહ્યો" એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર ચોવીશમું : તરંગ - ૪૬

ઇચ્છારામજીભાઈએ સત્સંગ વિષે પોતાના વિચારો કહ્યા

दोहा : श्रीहरि पुनि कहत भयेउ, अनुज भाइ प्रति जोउ;
संत में भाव जितना यह, सुख तितना यह होउ...०१
संत रहेउ चिंतामनि, कल्पउ वृक्ष रहेउ;
भाव संत में जिस विध हि, तिस विध सुख यह तेउ...०२
सोरठा : होत रहेउ अपार, तुमारे यह संत हि पर;
भाव रखना निरधार, भाव बिन हि न सिद्धि होत...०३

વળી શ્રીહરિએ નાના ભાઈ ઈચ્છારામજી આગળ વાત કરી કે, "જેટલો સંતો ઉપર પ્રેમભાવ હોય છે તેટલું સુખ થાય છે. ૧.કારણ કે, સંતો ચિંતામણિ અને કલ્પવૃક્ષ છે. તેથી જેને સંતોમાં જેવો ભાવ હોય તેવું તેને અપાર સુખ મળે છે. માટે તમારે સંતોની સાથે દૃઢપણે ભાવ રાખવો. કારણ કે, ભાવ વિના સિદ્ધિ થાતી નથી." ૨-૩. ત્યારે ઈચ્છારામભાઈ હાથ જોડીને બોલ્યા કે, "સંતો તો મારા પ્રાણ છે. ૪. જ્યારે સંતોએ કૃપા કરી ત્યારે જ મને આપનાં દર્શન થયાં છે. સંતો મને જેમ કહેશે તેમ હું મન, કર્મ, વચનથી કરીશ." ૫. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "આ બધા સંતોને

તમારાથી અધિક કોઈ નથી. તમારા આવવાથી યશસ્વી સંતો ખૂબ જ બળ પામ્યા છે. ૬. **ત્યાગી થઈને પોતાના કુટુંબમાં જ્યાં સુધી પ્રેમ રાખે છે, ત્યાં સુધી તે ત્યાગી થયા હોવા છતાં, જેવા હતા તેવા ને તેવા ગૃહસ્થ જ છે.** ૭. અમે તમારી સાથે જેટલું હેત રાખીએ તેટલા અમે ગૃહસ્થમાં ખપીએ."

ત્યારે ઈચ્છારામભાઈ બોલ્યા કે, "અમે બધા તો આપને શરણે આવ્યા છીએ. ૮. ભગવાન સિવાયના જે બીજા ત્યાગી હોય તેને માટે તમે કહેલી રીત છે. વેદ, પુરાણ અને લોકની જે રીતિ છે, તે કોઈ ભગવાનને માટે શિક્ષક-નિયામક હોય એવું અમે સાંભળ્યું નથી. કારણ કે ભગવાન જ તે સહુના શિક્ષક છે. તે ભગવાન જ્યારે મનુષ્યદેહને ધારણ કરે છે, ત્યારે વેદ, પુરાણ અને લોકની રીતને જેટલી યોગ્ય લાગે તેટલી લોકના હિતને માટે રાખે છે. ભગવાન પોતે તો પરમ પવિત્ર છે. ભગવાનનું જેટલું આચરણ છે તે બધું લોકોના મોક્ષને માટે રહ્યું છે. ૯-૧૧. આ રીતે જે સમજે છે તે સુબુદ્ધિવાળા કહેવાય છે અને તે લોકો બધી વિદ્યાના પારને પામ્યા છે. જે લોકો ભગવાનમાં દોષ દેખે છે તે લોકો તો કુબુદ્ધિવાળા કહેવાય છે. ૧૨. તે કુબુદ્ધિવાળા ચાહે તેટલા ગ્રંથોને ભણ્યા હોય, તોપણ તે એક પણ ગ્રંથને ભણ્યા નથી. કારણ કે તેણે ભગવાનને જેવા છે તેવા જાણ્યા નથી. ૧૩. જ્યાં સુધી જીવ ભગવાન કરતાં પણ અધિક બીજું કાંઈ જાણે છે, ત્યાં સુધી તે આ સંસારમાં વારંવાર ભટકતા રહે છે. ૧૪.

❋ અસત્યનો ત્યાગ કરવો, એ જ ભણવાનું ફળ છે :

અનંત બ્રહ્માંડની ઉત્પત્તિ કરે એવા હોય, તોપણ તે ચોક્કસ ભગવાનના દાસ થઈને રહે છે, છેક અક્ષર સુધી એમ જ છે; તેમ રૂડી બુદ્ધિવાળા લોકો સમજે છે. ૧૫. જે લોકો કુબુદ્ધિવાળા છે તે વેદ, પુરાણને ભણે છે, તોપણ ભગવાન સિવાય બીજાને અધિક માને છે. ૧૬. જ્યાં સુધી તે લોકો સત્સંગ નથી કરતા ત્યાં સુધી તેની આવી કુબુદ્ધિ ટળતી નથી. જ્યાં સુધી કુબુદ્ધિ ટળતી નથી ત્યાં સુધી વેદ અને પુરાણોને ભણવાથી શું ફાયદો ? ૧૭. **સત્સંગ કરવો, સત્ય અને અસત્ય વાતને ઓળખવી તથા અસત્ય વાતનો ત્યાગ કરવો, તે જ વેદ અને પુરાણોને ભણવાનું ફળ છે.** ૧૮. જ્યારે અસત્ય

બાબતનો ત્યાગ કરે ત્યારે જ તે સત્સંગ કરે છે. સત્સંગનો એવો મત છે કે સત્ય વાતનું ગ્રહણ કરવું. ૧૯. સત્સંગ કરે છતાં જ્યાં સુધી આ વાત જાણવામાં ન આવે ત્યાં સુધી તે સત્સંગ કહેવાતો નથી. સત્સંગનો એટલો જ સિદ્ધાંત છે કે ભગવાનનું ભજન કરવું અને કુબુદ્ધિનો ત્યાગ કરવો. ૨૦.

જે કુબુદ્ધિ રાખે છે તે હરિભક્ત કહેવાતો નથી. ખાલી વેષ ધરવાથી કોઈ પાર પડતું નથી. મનુષ્યદેહનું એટલું જ ફળ છે કે, જે સત્ય વાત હોય તેને ગ્રહણ કરવી. ૨૧. ઇન્દ્રિયો અને અંતઃકરણનું પણ ફળ એટલું જ છે કે અસત્ય વાતનો ત્યાગ કરવો અને સત્ય વાતમાં અનુરાગ કરવો, ત્યારે જ સાચો સત્સંગ કર્યો કહેવાય; આ જ સત્સંગનું તાન છે અને વેદ તથા પુરાણનું પણ એટલું જ તાન કહેવાય છે. ૨૨-૨૩. મનુષ્યદેહ મળ્યાનું ફળ એટલું જ છે કે, અસત્ય વાતનો ત્યાગ કરવો. જેટલી અસત્ય વાત કહેવાય છે, તેનો જ્યાં સુધી ત્યાગ નથી કરાતો, ત્યાં સુધી અંતર્યામી પ્રગટ ભગવાન તેના ઉપર પ્રસન્ન થાતા નથી; એમ બુદ્ધિમાન મનુષ્યો જાણે છે. ૨૪-૨૫. અસત્ય બાબતો તો અપાર છે. તેનો ગણ્યે પાર આવતો નથી, પણ તે સર્વે ખોટી બાબતોમાં સહુથી ભૂંડી અને સહુથી મોટી ચાર બાબત છે. ૨૬. (૧) હર કોઈ પ્રાણીમાત્રની હિંસા કરવી અને તેનું માંસ ખાવું. (૨) દારૂ પીવો. (૩) ચોરી કરવી અને (૪) નર-નારીએ વ્યભિચાર કરવો. એ ચાર દોષો જાણ-અજાણે કરવા તે અસત્ય કહેવાય છે. ૨૭-૨૮.

આ ચાર દુર્ગુણો ઘણા મોટા અને અતિ ભારે છે. એ ચારમાં જેટલા દોષો છે તે બધા આવી જાય છે. ૨૯. જ્યાં જેટલો અસત્ય વાતનો ત્યાગ રહેતો હોય ત્યાં તેટલું સત્ય બાબતનું પ્રતિપાદન રહેતું હોય છે. ૩૦. તે સર્વ સારી બાબતોમાં **સહુથી શ્રેષ્ઠ તો ભગવાનની કથા, કીર્તન તથા વાતો છે. કેમ જે, તેમાં ભગવાન પ્રગટ રહે છે તેમ વર્તન ઉપરથી દેખાઈ આવે છે."** ૩૧. ઇચ્છારામભાઈ જ્યારે આમ બોલ્યા ત્યારે તે સાંભળીને બધા સંતો તથા હરિભક્તો ઘણું રાજી થયા, અને બધામાં આનંદ આનંદ છવાઈ ગયો. ૩૨. તે સમયે સંતો, વર્ણી અને હરિભક્તોની અતિશય મરજી દેખીને બીજે દિવસે પરમ નિપુણ શ્રીહરિએ ઇચ્છારામભાઈને વસ્ત્રો આપ્યાં. ૩૩.

❋ શ્રીહરિની નિર્બંધતા :

चोपाई :

हरि कोउ में न बंधात रहाता, निरबंध रहीके हित देखाता;
हरि कु बंधन करेउ ऐसा, संत भक्त बिन नहि हे तैसा...३४
संत भक्त निष्कपट हि तामें, हरि बंधात रहाये यामें;
हरि बंधात हि इनमें जोऊ, जीव के अपार बंधन सोऊ...३५
छोडावन कु रहेउ हीता, जेते श्रीहरि चरित्र करीता;
श्रीहरि की क्रिया जेता जेहा, अलोकिक चरित्र रहाये तेहा...३६

दोहा : हरि की बात जितना जोउ, अलोकिक करहि जाहि;
जान हि इतना संत यह, हरिजन इतना ताहि...३७
अलोकिक जानना तेही, समझ हि करीके ताय;
जेसे रहे जिस रीत के, समझ देत देखाय...३८

શ્રીહરિ કોઈમાં બંધાતા નહીં. નિર્બંધ રહીને હેત દેખાડતા. શ્રીહરિને બંધન-વશ કરે એવા તો સંતો અને હરિભક્ત સિવાય બીજા કોઈ જ નથી. ૩૪. જે નિષ્કપટ સંતો-હરિભક્તો હોય તેમાં શ્રીહરિ બંધાતા હતા. ભગવાન શ્રીહરિ બંધાય-વશ થાય એમાં જીવનાં અપાર બંધનને છોડાવવાં માટેનો જ હેતુ છે. કેમ જે, શ્રીહરિએ જેટલાં ચરિત્રો કર્યાં છે, અરે ! તેમની જે જે ક્રિયાઓ છે તે સર્વે અલૌકિક ચરિત્રો જ છે. ૩૫-૩૬. શ્રીહરિની સર્વે બાબતને જે જેટલી અલૌકિક કરીને જાણે છે, એટલા તે સંતો અને હરિભક્તોને પણ તેની સમજણે કરીને અલૌકિક જાણવા. જે જેવા હોય છે તેને તેની સમજણ દેખાડી દે છે. ૩૭-૩૮. શ્રીહરિનાં ચરિત્રોને જે જેટલાં લૌકિક સમજે છે તેને લૌકિક માનવા. લૌકિકપણું અને અલૌકિકપણું તો સમજણમાં રહ્યું છે. જેની જેવી સમજણ હોય તેને સંતો જાણે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં “ઈચ્છારામજીભાઈએ સત્સંગ વિષે પોતાના વિચારો કહ્યા” એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર ચોવીશમું : તરંગ - ૪૭

શ્રીહરિએ સત્ય-અસત્ય ગુરુ, રાજા તથા મનુષ્યની વાત કરી

અત્યાર સુધી સંતો તિલક તો કરતા હતા, પણ કોઈની પાસે દર્પણ ન હતું. તેથી જેવું આવડે તેવું બધા સંતો ગોપીચંદનનું તિલક કરતા હતા. કોઈની તિલક કરવાની રીત એકસરખી ન હતી. ૧-૨. ભગવાને જ્યારે આત્માનંદ સ્વામીને પ્રતાપ આપ્યો, ત્યારે તેમણે સહુ પ્રથમ જે ગુપ્ત સત્સંગ હતો તેને થોડોક પ્રગટ કર્યો. ૩. શુકજી, સનકાદિકો, વ્યાસમુનિ અને નારદમુનિ જેવા સત્સંગની જેવી છે તેવી રીત જાણતા હતા. આ વખતે તો આત્માનંદ સ્વામી કરતાં પણ વધારે રામાનંદ સ્વામીએ સત્સંગનાં મૂળ જમાવ્યાં, અને તેનું પોષણ કરતા રહ્યા હતા. ૪-૫. તેમાં પણ જ્યારથી શ્રીહરિ આ સત્સંગના અધિપતિ થયા, ત્યારથી તેમણે આ સત્સંગના પાયા સહુ પ્રથમ એવા અચળ કર્યા કે, જે પાયા કોઈ કલ્પે કરીને પણ ડગે નહીં. ૬. સત્સંગના જે જે ઉપકરણ હતા, તે બધાને આ વખતે શોધી શોધીને શ્રીહરિએ ભેળા કર્યા. પછી તેનું સત્સંગરૂપી અલૌકિક મોટામાં મોટું પુર રચ્યું છે. ૭.

❋ જે નિયમરૂપી કોટ રાખશે તેનો યશ થાશે :

ચારેય ધામની અંદરથી વિવિધ પ્રકારના ધર્મો અને નિયમોને લીધા છે. આ સત્સંગરૂપી પુરને કોઈ બ્રહ્માંડમાં ન હોય એવા કોટ અને બુરજ કર્યા છે. ૮. **ધર્મ અને નિયમરૂપી કોટમાં જે લોકો નિવાસ કરીને રહે છે તેની કીર્તિ અપાર વધે છે.** જેનો કહેતાં પાર આવતો નથી. ૯. આ બ્રહ્માંડમાં શ્રીહરિએ આ વખતે જે ધર્મ અને નિયમરૂપી કોટ કર્યો છે, તેમાં પોતાની વાતોરૂપ ઘણું ધન ખર્ચ્યું છે. ૧૦. જે કોઈ બાબત છે તે ધનનો ખર્ચ કર્યા વિના બનતી નથી. જે આ ધર્મ-નિયમરૂપી કિલ્લો છે તેમાં મોક્ષના ખપરૂપી દરવાજા મૂક્યા છે. ૧૧. જેને મોક્ષનો જેટલો ખપ હોય તેટલા તે દરવાજાનાં બારણાં છે. જેને મોક્ષનો ખપ જ ન હોય તેને માટે તો કુસંગરૂપી પુર છે. ૧૨. જેને કોઈ જાતના નિયમ ન હોય તેવા અગણિત લોકો તે કુસંગરૂપી પુરમાં વસે છે. ૧૩. જે નીતિવાળો રાજા છે તે અન્યાયમાં ચાલનારાને તરત સજા કરે છે, પણ તેમાં કાંઈ વિલંબ કરતો નથી. ૧૪.

જે નીતિમાં નથી ચાલતા અને પોતાની પ્રજાને ગમે તે રીતે પીડતા હોય, તે મોટા રાજા હોય તોપણ તે તુચ્છ છે. ૧૫. તે રાજાના દીવાન કે કારભારી પણ નીતિનો ડર નથી રાખતા અને પ્રજાને પીડે છે. તે પ્રજાની પીડાને રાજા પણ નથી સાંભળતો. ૧૬. આવા નીતિ વગરના રાજાની પ્રજા પીડા પામતી હોય, તે પોતાનું દુઃખ કોની આગળ સંભળાવે ? કારણ કે કોઈ દુઃખને સાંભળવાવાળો જ હોતો નથી. ૧૭. જ્યાં ઉપદ્રવ હોય એવા પોતાના મૂળ દેશનો જે પ્રજા ત્યાગ નથી કરતી, તે પ્રજા અતિશય દુઃખને પામે છે. એવા દુઃખદાયી મૂળ દેશને જે જેટલું પોતાનું જીવન માને અને તેનો ત્યાગ ન કરે, તો તે તેટલું દુઃખ પામે છે. ૧૮.

❋ જે અનીતિના ફળને જાણે તે જ સાચા મનુષ્ય છે :

વૃક્ષ જેવા જડ લોકો પોતાની જન્મભૂમિમાં રહીને અપાર દુઃખ પામે, તોપણ તેનો ત્યાગ કરતા નથી. અને તે રીતે જ નીતિ વગરના ગુરુઓમાં જે શિષ્યો બંધાયા હોય, તે શિષ્યો પણ ઝાડ જેવા જ મૂર્ખ છે. ગુરુ ચાહે તેવી ક્રિયા કરે, તોપણ અનીતિમાં અનુરાગવાળા તે ગુરુનો ક્યારેય ત્યાગ કરતા નથી. ૧૯-૨૦. પછી અનીતિનું જેવું દુઃખરૂપ ફળ છે તે તેવા ગુરુ અને શિષ્યોને મળે છે. જે અનીતિના ફળને બરાબર જાણે છે તેટલા જ લોકો મનુષ્ય છે. ૨૧. જે અનીતિના ફળને જાણે છે એટલા જ સાચા અર્થમાં રાજા અને પ્રજા કહેવાય છે. જે અનીતિના ફળને જાણે છે એટલા જ સાચા અર્થમાં ગુરુ અને શિષ્ય છે. ૨૨. **જે અનીતિના ફળને જાણે છે તે જ સાચા પંડિત છે, અને અનીતિના ફળને જે જાણે છે તે જ વેદને સાચા અર્થમાં ભણ્યા કહેવાય છે.** ૨૩.

ચાર વર્ણ અને ચાર આશ્રમના લોકો તથા જેટલા મતમતાંતર અને તીર્થધામોમાં રહેનારા લોકો છે, તે જો અનીતિનું અને નીતિનું જેવું ફળ રહ્યું છે તેને જાણે છે, તો તે બધા સાચા છે. અને જે નથી જાણતા તે બધા અંધ છે. ૨૪-૨૫. જે સત્ય-અસત્યના ફળને યથાર્થરૂપમાં જાણે છે તેને જ ખરા અર્થમાં નેત્ર છે, અને જે નથી જાણતા તે નેત્રહીન અંધ છે. ૨૬. જે એવા અંધ હોય તેનો ક્યારેય મોક્ષ થાતો નથી. અને જે સત્યરૂપી નેત્રથી દેખતા હોય છે તેનો મોક્ષ જરૂર થાય છે. ૨૭.

આવી આવી તો અનંત અને અપાર વાતો શ્રીહરિએ સત્સંગને દૃઢ કરવાને માટે કરી છે. જેનો પાર લઈ શકાતો નથી. ૨૮. જેટલો પાયો કાચો રહે તેટલું તે ડગ્યા વિના ન રહે. જેમાં જેટલો ધર્મ નથી હોતો તેમાં સત્ય-અસત્યનો વિવેક ક્યારેય રહેતો નથી, આ વાત નિશ્ચિત છે. ધર્મ વિના મોક્ષ થતો નથી. જેટલા મતો ધર્મ વિના મોક્ષ કહે છે તે ઠગ મત કહેવાય છે. ૨૯-૩૦. જે અજ્ઞાની લોકો છે તે જેમાં વિષયભોગ દેખે છે તે વિષયને જ મોક્ષ માને છે, અને અસત્ય માર્ગને સત્ય કહે છે. ૩૧. જે લોકો અસત્યને સત્ય કહે છે, તે બધા જમપુરીમાં જાય છે. લખચોરાશીમાં વારંવાર ભટકે છે, પણ તે લોકો અસત્યનો માર્ગ છોડતા નથી. ૩૨. જ્યારે અસત્યનો કેડો છોડી દે છે ત્યારે તે સત્યને માર્ગે ચાલે છે.

અક્ષર, ગોલોક અને વૈકુંઠ એ ભગવાનનાં સનાતન ધામ છે. તે સિવાયનાં પણ બીજાં કેટલાંક ધામ કહેવાય છે. જે સત્યવાદી છે તે તેવાં ધામમાં રહે છે. જ્યાં જેટલું સત્યનીતિનું ચલણ હોય છે ત્યાં તેટલો ભગવાનનો નિવાસ હોય છે, તે સત્યનીતિએ કરીને જણાય આવે છે. જ્યાં જેટલા અસત્ય અને અનીતિ હોય છે ત્યાં તેટલું અધર્મનું ચલણ રહે છે. ૩૩-૩૫. જેની જેવી રીત હોય તે તેનાં ચલણ અને રુચિને કારણે તત્કાળ દેખાઈ આવે છે, તે ગુપ્ત રહેતી નથી." શ્રીહરિએ આવી વાત કહી હતી. ૩૬.

શ્રીહરિએ અગિયાર વરસ સુધી માતા-પિતાને અતિશય રાજી કરવાને માટે તેમની સાથે રહીને ચરિત્ર કર્યાં હતાં. ૩૭. પછી માતા-પિતાને અક્ષરધામમાં પહોંચાડીને ઘરનો ત્યાગ કર્યો. તે પછી વનમાં વિચર્યા. ૩૮. અપાર તીર્થ અને વ્રતોને આઠ વરસ સુધી કરતા રહ્યા. અપાર દેશોમાં ફર્યા. ઉત્તર, પૂર્વ અને દક્ષિણ દિશામાં મુમુક્ષુ જીવોનો ઉદ્ધાર કરવાને માટે તીર્થને નિમિત્તે મોટા મોટા પર્વતો અને વન વગેરેમાં ફર્યા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ સત્ય-અસત્ય ગુરુ, રાજા તથા મનુષ્યની વાત કરી" એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર ચોવીશમું : તરંગ - ૪૮

શ્રીહરિના પ્રાદુર્ભાવની પૂર્વકથા અને નીતિમાન રાજાના રાજ્યની વાત કહી

શ્રીહરિ દક્ષિણ દેશમાં ફરીને પશ્ચિમ દેશમાં આવ્યા અને ત્યાં સોરઠમાં લોજપુર આવીને રોકાયા. ૧. ત્યાં રહેલા મુક્તાનંદ સ્વામી ભગવાનને મેળવવા માટે કાશીપુરીએ સહિત ચારે ધામમાં ફરી આવ્યા હતા. ૨. અયોધ્યાપુરી, ગોકુળ, મથુરા અને વૃંદાવનમાં જઈને પાછા આવ્યા ત્યારે રામાનંદ સ્વામી મળ્યા. ૩. તેમની આજ્ઞાથી તેઓ લોજપુરમાં રહ્યા હતા, અને ત્યાં તેમને શ્રીહરિ મળ્યા. મુક્તાનંદ સ્વામી અને શ્રીહરિને ઘણું હેત થયું. ૪. તે વખતે રામાનંદ સ્વામી હરિભક્તોને દર્શન દેવા માટે કચ્છ દેશમાં ફરતા હતા. પછી તેઓ ભુજનગરના હરિભક્તોને દર્શન દઈ, રાજી કરીને દસ મહિના પછી સોરઠ દેશમાં પીપલાણા ગામ આવ્યા. ૫-૬. તેમણે મુક્તાનંદ સ્વામી અને શ્રીહરિને તત્કાળ પીપલાણા બોલાવી લીધા. દર્શન કર્યાં તેનો મહાન ઉત્સવ થયો, અને એટલો આનંદ થયો કે જે કહી શકાતો નથી. ૭.

રામાનંદ સ્વામી તો ઉદ્ધવજી હતા, અને શ્રીહરિનાં માતા-પિતાને પ્રયાગક્ષેત્રમાં મળ્યા હતા. ૮. ત્યાં રામાનંદ સ્વામી પોતે રામાનુજાચાર્ય પાસેથી જે વૈષ્ણવી દીક્ષા પામ્યા હતા, તે રામાનુજાચાર્યના કહ્યા પ્રમાણે ધર્મ-ભક્તિને આપી. ૯. રામાનંદ સ્વામી જે જે તીર્થધામોમાં ફરતા ત્યાં તેઓ શ્રીમન્નારાયણનું ભજન કરતા, અને મુમુક્ષુઓને પ્રેમથી દીક્ષા આપતા હતા. ૧૦. ધર્મદેવને દીક્ષા આપીને જ્યારે વૃંદાવનમાં મોકલ્યા ત્યારે ત્યાં શ્રીકૃષ્ણ ભગવાનની જેવી મૂર્તિ છે તેવાં તેનાં દર્શન કર્યાં. ૧૧. પછી પાંચ દિવસ સુધી જ્યારે તે મૂર્તિનું ધ્યાન કર્યું, ત્યારે ધ્યાનમાં શ્રીકૃષ્ણ ભગવાને ધર્મદેવને દર્શન દીધાં, અને ધર્મદેવની આગળ બોલ્યા કે, 'હું તમારે ત્યાં પુત્રરૂપે થઈશ. ૧૨. અત્યારે ચારે ધામમાં અધર્મી લોકો ધાર્મિકજનોને નિત્ય પીડે છે. ૧૩.

આ ભૂમિ ઉપર કોઈ નીતિવાળો રાજા રહ્યો નથી. બધા જ રાજાઓ અધર્મમય થઈ ગયા છે, તે એકબીજાને પીડે છે. તેમાં જેટલા ધર્મવાળા લોકો છે તે પણ પીડા પામે છે. તેમની કોઈ સહાય કરતું નથી. ૧૪-૧૫. જેને

નીતિ અતિ પ્રિય છે તે નીતિ વિનાની એક પણ વાત કરતા નથી. તેથી જેને નીતિ ગમતી હોય તેવા રાજાનું જ્યારે આ ભૂમિ ઉપર ચલણ થશે, ત્યારે તે અધર્મી લોકોને શોધી શોધીને નીતિ પ્રમાણે ચલાવશે. અને તે પછી ધર્મવાળા લોકોને લગાર પણ દુઃખ નહિ રહે. ધર્મવાળાને અધર્મીઓનું દુઃખ ન રહે અને નિરંતર સુખ થાય; એવો હે ધર્મ ! અમારો વિચાર છે, જે મેં તમને પ્રેમથી કહ્યો. ૧૬-૧૮. શ્રીકૃષ્ણ ભગવાને જે બાબત સાક્ષાત્ બનવાની હતી તે બધી વાત કહી. તે પછી તેઓ અંતર્ધાન થયા અને ધર્મદેવના અંતરમાં વસીને રહ્યા. ૧૯. પછી ભક્તિદેવીના ઉદરમાં આવ્યા અને યોગ્ય સમય થયો ત્યારે પ્રભુ પ્રગટ થયા.

તે વખતે ભગવાનના સંકલ્પથી નીતિમાન રાજા, જે પોતાના દેશમાં રહીને એક શહેરમાંથી રાજ્ય કરતો હતો, તે ચારે ધામમાં જેટલા મોટા મોટા રાજાઓ હતા તેને દેખીને, તેને મદદ કરવાને માટે નીતિમાન રાજાનું લાખ લાખનું લશ્કર લઈને, જ્યાં પોતાના મળતિયા રાજા હોય તેમને સહાય કરવા લાગ્યો. અને તે મળતિયા રાજાને માટે જેટલું ખર્ચ થયું હોય, તેટલો તેના દેશને દબાવીને તે લેવા લાગ્યો. અને જે દેશમાં ભાગ ન આપે તે રાજા પાસેથી ભાગમાં રૂપિયા લેવા લાગ્યો. ૨૦-૨૩. આમ તે રાજાના રાજ્યમાં જે દેશ આવ્યા તેમાં જે જે પ્રજા રહેતી હતી, તેને અનીતિ કરનારા લોકો તરફથી રતીભાર પણ દુઃખ રહ્યું નહીં. ૨૪. જેની જે જે આજીવિકા હોય તેનો વિચાર કરીને અને પ્રજાને રાજી રાખીને તેની પાસેથી તે રાજા ધન લેતો હતો, પણ પ્રજાને લગાર પણ ડર દેખાતો નહીં. ૨૫. ગરીબ હોય અથવા ધનાઢ્ય હોય, અરે..! કોઈ ચાહે તેવો બળવાન હોય, પણ તે જો અનીતિ કરતો હોય, તો તે દરેકને અનીતિ પ્રમાણે સજા કરતો હતો. ૨૬.

જે મનુષ્ય નીતિમાં ચાલતો હોય તેને તે રાજા દિવસે દિવસે અધિક માન આપતો હતો. અને તે જ્યાં સુધી નીતિમાં ચાલે ત્યાં સુધી તેને આગળ વધવા દેતો હતો. ૨૭. જે વિપ્ર, ગુરુ અને ભેખધારી હોય, તે જ્યાં સુધી વિચારીને પોતાની નીતિમાં ચાલતા હોય ત્યાં સુધી તે રાજા તેની સાથે દ્વેષ કરતો નહીં. ૨૮. તે નીતિવાળો રાજા પોતે કબજે કરેલા દેશમાં રહેનારી

પોતાની પ્રજાને અપાર સુખી દેખીને તેના ઉપર ખૂબ જ પ્રસન્ન રહેતો હતો. ૨૯. જેની પાસે વધારે સમૃદ્ધિ દેખાતી તેની તે ખૂબ જ સંભાળ રાખતો હતો. તેના ઉપર દ્વેષનો મનમાં ક્યારેય સંકલ્પ પણ કરતો નહીં.

❋ બંધન મેલે અને નિર્બંધપણે ખેલે તે મહાન છે :

આ રીતે કોઈ કરોડો યજ્ઞ કરે તેવું ફળ તેને પ્રતિદિન થાતું હતું. જે અલ્પબુદ્ધિના મનુષ્ય આ બાબતને જાણતા નથી, તે આવી વાતને સાંભળીને તેની મશ્કરી કરે છે. ૩૦-૩૧. આવી બાબતમાં જ્યાં સુધી બુદ્ધિ પહોંચતી નથી ત્યાં સુધી કોઈ ચાહે તેવો બુદ્ધિમાન હોય, તોપણ તે બાળબુદ્ધિમાં ખપે છે. ૩૨. અથવા તો તે ગાંડામાં ખપે છે. કેમ જે, વાતના પ્રસંગને જ તે સમજી શકતો નથી. જે આ નીતિમાન રાજા હતો તેનું જ્યાં જ્યાં ચલણ થયું હતું, ત્યાં પ્રજાને વધારે ને વધારે સુખી કરવાનું તેને નિત્ય પ્રતિ અધિક તાન રહેતું હતું. પ્રજાને સુખી કરવા માટે તો કેટલાકે પોતાનાં શરીરની કુરબાની આપી હતી. ૩૩-૩૪.

નિર્બંધ રહીને જે રાજ્ય કરે છે તે સર્વોપરિ કહેવાય છે. અંગ્રેજ રાજાની નીતિને દેખીને શ્રીહરિ વારંવાર તેની પ્રશંસા કરતા હતા. ૩૫. શ્રીહરિ વારંવાર કહેતા કે, "ઘણા રાજાઓના રાજ્ય આ ભૂમિ ઉપર છે, પણ નીતિ વગરનું રાજ્ય તો સૂર્ય અને ચંદ્ર વગરની રાત જેવું હોય છે. ૩૬. નીતિવાળું રાજ્ય છે તે તો સૂર્ય અને ચંદ્ર સમાન છે. નીતિ નેત્ર સમાન છે. આવી નીતિની ગરિમા છે. ૩૭. જે રાજાનું નીતિવાળું રાજ્ય હતું તેનું રાજ્ય રહ્યું. નીતિ વિનાનું રાજ્ય રહ્યું નહીં. નીતિ વગરના રાજાની પ્રજા સદાય પીડા પામતી હતી. નીતિવાળા રાજાનું રાજ્ય તેની નીતિએ કરીને દિવસે દિવસે અધિક વધતું ગયું. ૩૮-૩૯. તે રીતે જ ધર્મે કરીને સત્સંગનાં મૂળ ઊંડાં જામતાં ગયાં અને જે ધર્મ વગરના હતા તેનાં મૂળ રહ્યાં નહીં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિના પ્રાદુર્ભાવની પૂર્વકથા અને નીતિમાન રાજાના રાજ્યની વાત કહી" એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર ચોવીશમું : તરંગ - ૪૯

શ્રીહરિએ અંગ્રેજી રાજ્યની નીતિની પ્રશંસા કરી

શ્રીહરિ મંચ ઉપર બેઠા હતા. સંધ્યા આરતી થઈ અને નારાયણધૂન કરી રહ્યા ત્યારે પોતે અતિશય ખુશ હતા. ૧. ઝાલાવાડ દેશમાં ખોલડિયાદ નામનું ગામ છે. ત્યાંના ક્ષત્રિય ખેંગાર સિંધવ નામે હરિભક્ત ગામના પટેલ હતા. તે સાતેય ભાઈ હરિભક્ત હતા. ૨-૩. તે જીવા સિંધવ વગેરે પુત્ર કહેવાતા હતા. સગા સિંધવના ચાર પુત્ર પણ હરિભક્ત થયા હતા. ૪. અજા સિંધવને બે પુત્ર હરિભક્ત થયા હતા. જીવા સિંધવના ત્રણ ભાઈના એક એક પુત્ર ખેંગારભાઈ, રામાભાઈ અને રૂડાભાઈ, એ ત્રણેય શ્રીહરિની આગળ આવીને ઊભા રહ્યા, અને બે હાથ જોડીને બોલ્યા કે, "હે મહારાજ ! અમારે રસોઈ આપવી છે. ૫-૬. રસોઈ માટે ઘેરથી તૈયાર કરીને નવ મણ ઘી લાવ્યા છીએ. આપની નજરમાં આવે તે રીતે આપ રસોઈ કરાવો. ૭. જે રીતે સંતો ભાવથી જમે અને આપ પંક્તિમાં પીરસવા માટે ફરો, તે રીતે રસોઈ આપવાની અમારા મનમાં ભાવના રહી છે." ૮.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "અમારા મોટા ભાઈ રામપ્રતાપજીને આવવા દો. તે આવ્યા પછી તમને બોલાવીને રસોઈ બાબતે જેવો ભાવ હશે તે કહીશું." ૯. પછી શ્રીહરિએ પોતાના કંઠમાં જે ફૂલહાર પહેર્યા હતા, તે ત્રણેય હાર ઘણા ભાવથી ત્રણેય હરિભક્તોને આપ્યા. ૧૦. તે હરિભક્તો પરસ્પર એક મનવાળા-સંપીલા હતા, અને તેથી જ તેઓનો ઘણો અભ્યુદય થયો હતો.

જ્યારે બીજો દિવસ થયો ત્યારે શ્રીહરિ મંચ ઉપર આવીને બેઠા. ૧૧. શ્રીહરિની આગળ જેટલા સંતો, વર્ણી અને સંન્યાસી હતા તે બધાની સભા થઈ, અને જે દેશદેશના હરિભક્તો ત્યાં આવ્યા હતા તે બધાની પણ પોતાની આગળ સભા થઈ. ત્યારે શ્રીહરિ પોતે બોલ્યા કે, "જ્યાં સુધી પેશવાનું રાજ્ય હતું ત્યાં સુધી પ્રજાને સુખ ન હતું. ૧૨-૧૩. લૂંટારાઓ પ્રજાને રાત-દિવસ લૂંટતા હતા, અને કેટલાયે મનુષ્યોને મારી નાખતા હતા. લૂંટારાઓને તલભાર પણ દયા આવતી નહીં. ૧૪. લૂંટારાને જેટલું હાથમાં આવતું તે બધું લૂંટી લેતા. રૂપિયા કે ઘરેણાં જે કાંઈ દેખે તેને તે છોડતા

નહીં. ૧૫. જેટલા અન્યાયી લોકો હતા તે ચાહે તેમ કરતા હતા. જ્યારે દુ:ખી લોકોની વાત કોઈ સાંભળતું ન હતું, ત્યારે અંતર્યામી ભગવાને જેને નીતિ ઉપર વિશ્વાસ હતો, અને જે નીતિમાં ચાલવામાં સુખ માનતો; એવા નીતિમાન રાજાને યાદ કર્યો. ૧૬-૧૭.

પછી તે નીતિમાન રાજાનું સહજ રીતે રાજ્ય થઈ ગયું. અને જેટલા અન્યાયી લોકો હતા તે બધાને તેણે કબજે કર્યા. પછી મનુષ્યોને જે જે અન્યાયી નડતા હતા, તે બધાને શોધી શોધીને ફાંસીએ ચઢાવ્યા. તે કોઈની લાંચ લેતો નથી. લાંચ લેવાની નીતિનું જે ચલણ હતું તેને તે ઉખેડ્યા સિવાય રહ્યો નહીં. લાંચ નીતિને હઠાવી દે છે. તેથી તે પોતે લાંચ લેતો નથી. તેના રાજ્યમાં જો કોઈ લોભને વશ થઈને લાંચ લે, અને તે કદાચ પકડાઈ જાય તો તેને મોત વિના કોઈ ઉપાય રહેતો નથી. પછી તેની કાંઈ જ મોટપ રહેતી નથી અને ફરી પાછી આવતી પણ નથી. જે ક્યારેય કોઈ પ્રકારની લાંચ લેતો નથી, તેની ઘણી મોટાઈ તે જીવે ત્યાં સુધી વધતી રહે છે. અને મર્યા પછી પણ તેની કીર્તિ ગવાતી રહે છે; આવું અંગ્રેજનું રાજ્ય જ્યારે સ્થિર થયું ત્યારે કોઈના અંતરમાં કલેશ રહ્યો નહીં. ૧૮-૨૨.

અંગ્રેજનું રાજ્ય થવાથી બધી પ્રજા રિદ્ધિ સિદ્ધિ યુક્ત થઈ. તેનાં સોનાનાં ભવન થયાં, અને પ્રજાને આભૂષણ, વસ્ત્ર અને ધનનો કોઈ પાર રહ્યો નહીં. ૨૩. દેશના જેટલા ખેડૂતો હતા તે કોઈ પણ બળદગાડી વિનાનો રહ્યો નહીં. ઘેર ઘેર ભેંશો અને ગાયો હતી, તે ચાહે ત્યાં ચરીને પાછી આવતી હતી. ૨૪. કેમ જે, જેટલા સિંહ અને ચોર હતા તેને ખોળી ખોળીને રહેવા દીધા નહીં. જેટલા ક્રૂર હતા તેનાં બીજ પણ ઉખાડી નાખ્યાં. ૨૫. જ્યાં જ્યાં પ્રજાને ભય લાગતો હતો ત્યાં ત્યાં અંગ્રેજે ચોકી બેસાડી દીધી. સુરક્ષાદળના ઘોડેસવારોને ફરતા કર્યા, અને જ્યાં ડર હતો તે બધાને નિર્ભય કર્યા. ૨૬. ઝાડી અને પર્વતોના અતિ વિકટ સ્થાનોમાં જ્યાં જ્યાં ચોર લોકો સંતાઈને રહેતા હતા, તેને શોધી શોધીને પકડી લીધા. ૨૭. અમુક દેશમાં ચાળીશ કોશ સુધી કે સો કોશ સુધીમાં કોઈ ગામ ન હતા. તેવે ઠેકાણે કોશ કોશને આંતરે કૂવા કરાવ્યા છે. ૨૮.

❋ લોભ જાય પછી જ સારા કામ થાય :

જ્યાં જ્યાં રસ્તાની જરૂર જણાય ત્યાં ત્યાં એક હજાર કોશ સુધીની લાંબી સડકો બંધાવી દીધી છે. તે એવી સડકો બંધાવી દીધી કે જેના ઉપર કોઈ માણસ ભૂલો પડે નહીં. ૨૯. અંધારી રાતમાં કોઈ ચાલે, તોપણ વચ્ચે ક્યારેય ભૂલો ન પડે તેવી સડક બાંધી છે. તેમાં છ છ કોશને આંતરે મુકામો કરાવ્યા છે. વટેમાર્ગુઓને માટે આરામસ્થળ કરી દીધાં છે. ૩૦. જ્યાં પ્રજાને કોઈ રાજા કે ચોર સંબંધી પીડા રહેતી હતી, તેવા રાજા અને પ્રજાનો તેણે ઉચ્છેદ કરી દીધો છે. વળી, પ્રજાને માથે જે વેઠ હતી તે કાઢી નાખી છે. ૩૧. હવે તે પૈસા આપીને કામ કરાવે છે. વીતી ગયેલા યુગમાં પ્રજાનું ભલું કરવાવાળો આવો રાજા ક્યારેય સાંભળ્યો નથી. તે પ્રજા પાસેથી જે કર લે છે તેટલું તે પ્રજાને સુખ કરી આપે છે. ૩૨. દેશ અને લશ્કરના માલિક હોવા છતાં તે અધિકારીઓ રાજ્યમાં એકલા ફરે છે. એકલા ફરવામાં તે અપાર મોટાઈ માને છે. તેઓ માની લોકોને મોટા ગમાર સમજે છે. ૩૩.

તે લગાર પણ ધનનો લોભ રાખતા નથી. નીતિનો વારંવાર અભ્યાસ કરે છે. તે હંમેશાં નીતિને જ સર્વે સમૃદ્ધિ માને છે. ૩૪. કેમ જે, તમામ સમૃદ્ધિ નીતિમાં નિવાસ કરીને રહી છે. જેના હૃદયમાં અજ્ઞાનનું અંધારું હોય તેને આવી નીતિ તલભાર પણ દેખાતી નથી. ૩૫. જેના અંતરમાં તેવું અનીતિરૂપ અંધારું ન હોય, તેને આ બ્રહ્માંડના સર્વે ભોગો તથા મનોવાંછિત સુખ મળે છે. ૩૬. જેને અંતરનું અંધારું ન ટળ્યું હોય તેવા લોકો આ બ્રહ્માંડમાં ચોરાશી લાખ જાતના દેહ ધરીને ફરતા રહે છે. ૩૭. **સત્સંગ કર્યા સિવાય જન્મ-મરણ ટળતાં નથી. જ્યારે સત્સંગ કરે છે ત્યારે જ તે સાચો પ્રવીણ ગણાય છે.** ૩૮. અનંત કોટિ બ્રહ્માંડોમાં સત્સંગના સમાન કોઈ નથી, આવો આ સત્સંગ શ્રેષ્ઠ છે. ૩૯. **માણસ જ્યારે સત્સંગને જેવો છે તેવો યથાર્થ સમજી-વિચારીને કરે છે, ત્યારે તેના અંતરના બધાં જ અંધકારનો નાશ થઈ જાય છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં “શ્રીહરિએ અંગ્રેજી રાજ્યની નીતિની પ્રશંસા કરી” એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥

પૂર ચોવીશમું : તરંગ - ૫૦

રામાનંદ સ્વામીએ શ્રીહરિની કહેલી મોટપ તથા સત્સંગનું મહત્ત્વ

✵ હરિમહિમા :

વળી શ્રીહરિએ વાત કહી કે, "અમને બહુનામી રામાનંદ સ્વામીએ પોતાની પાસે રાખ્યા અને પછી અમને દીક્ષા આપી. ૧. અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે તેમણે અમને પોતાની ગાદી ઉપર બેસાડી દીધા. અને મુખથી આવું બોલ્યા કે, ૨.'આપ જ અક્ષરાધિપતિ છો. ગોલોક અને વૈકુંઠના પણ પતિ છો. આપ શ્વેતદ્વીપપતિ અને બદરીપતિ રહ્યા છો. ૩. આ વખતે ભક્તિ, ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યનો ઉદય કરવા માટે આપ પ્રગટ થયા છો. ૪. આપની જેટલી મરજી હોય છે તેટલું જ અમારાથી બની શકે છે. અમારું તો એવું સામર્થ્ય છે કે, આપની મરજી વિના અમારાથી કાંઈ બની શકતું નથી. ૫. આત્માનંદ સ્વામી મોટા સિદ્ધ હતા. તેઓ જેમ ધારે તેમ થાતું. તેઓ સરળ અને નિર્મળ ચિત્તવાળા પોતાના આશ્રિતને પિંડ અને બ્રહ્માંડમાં ષટ્ચક્રની જેવી રચના છે, તેને સહજ સ્વભાવે બતાવતા હતા. પરંતુ એવું તેમનું સામર્થ્ય તમારી મરજીને લીધે જ હતું. ૬-૭.

चोपाई :

अनंत कोटि ब्रह्मांड ताके, उत्पत्ति स्थिति नाश जो वाके;
तुमारी मरजी होवत अनुसारा, तुमारी मरजी से कोउ बारा...०८
अक्षर प्रयंत देखात नाहीं, एसि यह तव मूर्ति हि रहाही;
तुमारि मरजी यह ऐश्वर्य रहाता, ऐसे तुम यह वर्णी देखाता...०९

અનંત કોટિ બ્રહ્માંડની જે ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ થાય છે, તે આપની મરજીને અનુસારે જ થાય છે. આપની મરજીથી બહાર-સ્વતંત્ર હોય તેવા અક્ષર પર્યંત કોઈ દેખાતું નથી. એવી આ આપની મૂર્તિ છે. આપની મરજી એ જ એક મોટું ઐશ્વર્ય છે; એવા આપ અત્યારે વર્ણીરૂપે દેખાઓ છો. ૮-૯. હવે હું માયિક શરીરનો ત્યાગ કરીશ. તેમાં કાંઈ વિલંબ કરવો નથી. કેમ જે, આપની મરજી વિના જેટલું કાંઈ કરવામાં આવે છે તે બધું નિષ્ફળ થઈ જાય છે. ૧૦. હું તો આટલી જ વાતને જાણું છું. આનાથી

અધિક કાંઈ જાણતો નથી. કોઈ બાબત આપની મરજીથી અધિક થઈ ગઈ હોય તો તે કહો, તેને સાંભળવા હું ચાહું છું. ૧૧.

❋ મોટા પુરુષની સર્વે ક્રિયા અલૌકિક હોય છે :

આમ કહીને રામાનંદ સ્વામીએ પોતાના શરીરનો ત્યાગ કર્યો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, **'મોટા પુરુષોનું આવવું અને જવું તો એક નરનાટ્ય છે અર્થાત્ લીલા છે. ૧૨. તેમને આવવા-જવાનું હોતું નથી. તેમનું ખાવા-પીવાનું જે દેખાય છે તે પણ તેમનાં ચરિત્ર છે. ભલે તે મનુષ્ય સમાન દેખાતા હોય, તોપણ ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિકને પણ તેમનાં ચરિત્રોમાં મોહ થાય છે,** તો મનુષ્યને મોહ થાય તેમાં આશ્ચર્યની શી વાત છે ? મોટાના પ્રતાપને તો જે મોટા હોય તે જાણે છે. તેમનો પ્રતાપ અમાપ હોય છે. તેથી જે અમાપ હોય તે તેને જાણે છે. ૧૩-૧૫. ભગવાન રામચંદ્રજીનો પ્રતાપ અમાપ હતો. તેમનાં ચરિત્રોને એક હનુમાનજી જ જેમ છે તેમ જાણતા હતા. ૧૬. શ્રીકૃષ્ણ ભગવાનનો સર્વે પ્રતાપ અમાપ હતો. તે પ્રતાપને યથાર્થપણે એક ઉદ્ધવજી જાણતા હતા અને બીજી ગોપીઓ જાણતી હતી. ૧૭. જે ભક્ત જેવા હોય તે વચનમાં વર્તવે કરીને દેખાય આવે છે. કેટલાક ભક્તને પહેલાં બહુ ભાવ હોય છે, પણ દેશકાળે કરીને તેમાં વિપરીતપણું આવી જાય છે. ૧૮. તેથી પહેલાં હોય તેવો જ ભાવ રહેતો નથી, તે વર્તન ઉપરથી દર્પણની જેમ દેખાય આવે છે. અક્રૂરજીને પહેલાં કેટલો બધો ભાવ હતો ? પણ તે બધો લોભને લીધે ફરી ગયો. ૧૯. તેથી ભગવાનનું સમીપપણું છોડીને અક્રૂરજી દૂર કાશી જઈને રહ્યા હતા. બળદેવજી પણ ઈશ્વર કહેવાય, પણ જ્યારે મનુષ્યશરીર ધારણ કર્યું ત્યારે લોભે તેમનો જેવો સ્વભાવ હતો, તે બધો લોકોને દેખાડી દીધો હતો.

સત્યસ્વરૂપ શ્રીહરિનાં જેટલાં શુભ કે અશુભ ચરિત્ર હોય છે તેમાં કેટલાંય હેતુઓ રહ્યા હોય છે, હેતુ વગરનું એક પણ ચરિત્ર હોતું નથી. મોટા પુરુષોના હેતુમાં તુચ્છ મતિવાળા લોકો લૌકિક મતિ રાખીને વર્તે છે. ૨૦-૨૨. તુચ્છમતિ જીવ કરોડો કલ્પે પણ ભગવાન અને મોટા પુરુષના હેતુ જાણી શકતા નથી. તેથી તેને લખચોરાશીનાં દુઃખ મટતાં નથી. એવા તુચ્છ

મતિવાળા મનુષ્યો સંસારમાં ભટકતા રહે છે. ૨૩. જ્યાં સુધી જીવ સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેની તુચ્છ બુદ્ધિ ટળતી નથી. કરોડો કલ્પ સુધી કોઈ જપ, તપ કરતો રહે, અને કરોડો કલ્પ સુધી કોઈ તીર્થયાત્રા કરે, તેમજ વેદો, પુરાણો તથા વ્યાકરણ, જ્યોતિષ વગેરે સર્વે શાસ્ત્રો ભણે, તોપણ તે તુચ્છ બુદ્ધિવાળો જ રહે છે. ૨૪-૨૫. કરોડો કલ્પ સુધી યોગ, યજ્ઞ વગેરે અતિ કઠિનમાં કઠિન સાધનો કરે, તોપણ સત્સંગ કર્યા વિના કરોડો કલ્પે પણ તુચ્છ બુદ્ધિ ટળતી નથી. ૨૬. જ્યાં સુધી જન્મ-મરણ અને જમપુરી ટળતા નથી ત્યાં સુધી ભગવાનના હજૂરી સેવક થવાતું નથી. ૨૭.

❋ સત્સંગમહિમા :

જ્યારે માણસ સત્સંગ જેવો છે તેવો જ તેને સમજીને નિષ્કપટ થઈને સત્સંગ કરે છે, ત્યારે તેની બુદ્ધિ શુદ્ધ થાય છે. ૨૮. જેને સત્સંગ કરતાં કરતાં જો પ્રથમના જેવો ભાવ રહેતો નથી, તો પછી તેને કૃષ્ણપક્ષના ચંદ્રની જેમ દિવસે દિવસે ભાવ ઘટતો જાય છે. ૨૮-૨૯.

सत्संग कर दिन दिन भावा, अधिक अधिक नये बढत रहावा;
शुक्ल पक्ष के चंद हि जिमी, हरिजन यह रहायेउ तिमी...३०
सत्संग सम नहीं हे केहा, भगवान जामें रहे तेहा;
भगवान ताके धाम रहावा, भगवान के भक्त कहे न जावा...३१
सत्संग रहे जेसी रीता, समझना यह कठिन रहीता;
सत्संग सम न देखे कोऊ, अनंत कोटि ब्रह्मांड सोऊ...३२
अनंत कोटि ब्रह्मांड के सूखा, सत्संग के सुख आगे लूखा;
समझे दिल में सत्य करीता, सत्संग तब समझे खचीता...३३

સત્સંગ કરતાં કરતાં જેને દિનપ્રતિદિન અધિક અધિક અને નવો નવો ભાવ શુક્લપક્ષના ચંદ્રમાની જેમ વધતો રહે છે, તે જ ખરો હરિભક્ત છે. ૩૦. સત્સંગ સમાન બીજું કાંઈ જ નથી. કેમ જે, તેમાં સાક્ષાત્ ભગવાન રહ્યા છે, ભગવાનનું ધામ રહ્યું છે, અને કહી ન શકાય એટલા ભગવાનના ભક્તો પણ તેમાં રહ્યા છે; એવો સત્સંગ છે. ૩૧. સત્સંગ જે રીતનો છે તે સમજવું ઘણું કઠણ છે. અનંત કોટિ બ્રહ્માંડમાં સત્સંગના જેવું કાંઈ દેખાતું

નથી. ૩૨. અનંત કોટિ બ્રહ્માંડનાં જે સુખો છે તે સત્સંગનાં સુખની આગળ લૂખાં છે. આ વાત જ્યારે પોતાના દિલમાં સાચી સમજાય ત્યારે તેને ચોક્કસ સત્સંગ સમજાયો કહેવાય. ૩૩. નારદ, સનકાદિક અને શુકજીના જેવા અપાર મુનિવરો, અને ઉદ્ધવજી તથા હનુમાનજીના જેવા અપાર ભગવાનના ભક્તો થયા છે. તેમણે પોતામાં જેટલી કસર હતી તેને ઓળખીને, તથા સત્સંગના સુખને સહુથી અપરંપાર અધિક દેખીને આગળ કહ્યું તે રીતે સત્સંગ કર્યો હતો. તેવા ભક્તો અનંત કોટિ બ્રહ્માંડનાં સુખ મળ સમાન જાણીને, અને ભગવાન સંબંધી સુખને અતિ રસરૂપ જાણીને રાત-દિવસ તેનું શ્રવણ કરે છે, પણ તેનાથી તૃપ્તિ પામતા નથી. જો તેમાં તૃપ્તિ થાય તો તેટલી તેમાં કસર ગણાય. ૩૪-૩૭.

સર્વોપરિ સુખને તો સહુ કોઈ ચાહે છે, પણ જ્યાં સુધી સત્સંગ ન કરે ત્યાં સુધી તે સુખ ક્યાંથી મળે ? ૩૮. ચિંતામણિ અને કલ્પવૃક્ષ સિવાયના અન્ય પદાર્થોએ કરીને તો આખી પૃથ્વી પાર ન આવે એટલી ભરી છે. તેમ ભગવાન અને સત્સંગ સિવાયના કુસંગથી આ બધી ભૂમિ પાર ન આવે તેટલી બધી ભરી છે. તેનાથી શું થયું ??" ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "રામાનંદ સ્વામીએ શ્રીહરિની કહેલી મોટપ તથા સત્સંગનું મહત્ત્વ" એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર ચોવીશમું : તરંગ - ૫૧

દૈવત સંપન્ન ગુરુએ કહેલા પ્રકરણને ખપવાળા શિષ્યો અનુસરે છે

શ્રીહરિએ વળી કહ્યું કે, "જેવા દેશકાળ હોય તે પ્રમાણે વારંવાર પ્રકરણ ફેરવવાં જોઈએ. અત્યારે જેનામાં શ્રેષ્ઠ દૈવત છે તે બધું પ્રતિપાદન કરે છે. પણ જેનામાં દૈવત ન હોય તેનાથી સમર્થ જેવું ધર્મસ્થાપન થઈ શકતું નથી. કેમ જે, દૈવત વિના લોકો ગમે તેટલું કરે, તોપણ તેનાં વચનને કોઈ માનતા નથી. ૧-૨. સત્સંગની રીતને જોઈને મોટા મોટા મતપંથીઓ પણ પોતાના

મનમાં શિષ્યોને અમારા જેવી આજ્ઞા કરવા ચાહે છે. ૩. પણ પોતામાં દૈવત ન હોય અને કેટલીક પ્રકારના ધર્મ પોતે દઢ કરીને પાળતા ન હોય, તો શિષ્યોને તેનાં વચન કેમ મનાય ? ૪. શિષ્યને ગુરુમાં પોતાના કરતાં સો ગણો વધારે ધર્મ દેખાય તથા સો ગણી વધારે ભક્તિ, તથા સો ગણા વધારે જ્ઞાન-વૈરાગ્યરૂપી સદ્‌ગુણો ગુરુમાં જોવા મળતા હોય, તથા તે શિષ્યને જેટલો મોક્ષનો અને ગુરુનો ખપ હોય તેટલાં તેને ગુરુનાં વચન મનાય છે. ૫-૬. ખપ વગરનાને ગુરુ જ નથી હોતા કે કાયમ નથી રહેતા. કારણ કે, જેટલો ખપ હોય તે તેનું મૂળ કહેવાય છે. જેને ધર્મનો અધિક ખપ હોય તેવા ગુરુ દુર્લભ છે. ૭. તેમજ જેને ધર્મનો ખપ અધિક હોય તેવા શિષ્ય પણ દુર્લભ છે. જે ગુરુને ધર્મનો ખપ જેટલો અધિક હોય તે ગુરુ તેટલા સૂર્ય સમાન છે. અર્થાત્ તે બીજાને પણ સન્માર્ગે અધિક ચલાવી શકે છે. ૮.

ધન તથા સ્ત્રીરૂપ સાગરમાં દેવતા, મનુષ્ય અને પ્રાણીમાત્ર બધાં જ નિરંતર ડૂબી રહ્યાં છે. છતાં કોઈને તેનું દુઃખ જણાતું નથી. એનું જ નામ મોહ કહેવાય છે કે, તેમાં દુઃખ હોવા છતાં કોઈ નર-નારી દુઃખ દેખતાં નથી. જ્યાં સુધી તે મોહમાં દુઃખ દેખાતું નથી ત્યાં સુધી તે બધાં લખચોરાશીમાં ભટકતાં રહે છે. ૯-૧૦.

જે કોઈ બાબતનું જ્ઞાન જેવું હોય તેવું આપમેળે કોઈ દિવસ થઈ શકતું નથી. તે રીતે જ મોક્ષ બાબતનું જ્ઞાન પણ પોતાની મેળે કોઈને યથાર્થ થયું હોય તેવું સાંભળ્યું નથી. જેને આવી રીતે મોક્ષની બાબતનું યથાર્થ જ્ઞાન હોય તે ગુરુ જ સાચા ગુરુ કહેવાય છે. ૧૧-૧૨. તેવા ગુરુ પાસેથી ભગવાનની બાબતમાં જેટલું સુખ છે તે દેખાય છે, અને ભગવાન સિવાયની બાબતમાં જે દુઃખ છે તે પણ દેખાય છે. ૧૩. જેટલા સાચા ગુરુઓ હોય છે તે બધાનું મોક્ષ મેળવવાની બાબતમાં એકસરખું જ તાન જોવા મળે છે, તેને જે બુદ્ધિમાન મનુષ્યો છે તે જાણે છે. ૧૪. જે સાચા ગુરુ છે તેનો પ્રતાપ ક્યારેય છુપાતો નથી. તે સદ્‌ગુરુ જેમ જેમ પ્રતાપ છુપાવે તેમ તેમ તે પ્રતાપ અધિક અધિક વધતો જાય છે. ૧૫.

❋ સત્સંગ અને કુસંગનું વર્ણન :

સત્યનો પ્રતાપ દિવસે દિવસે વધતો જાય છે, અને તે સત્યનું જે જ્ઞાન છે તે અસત્યને નષ્ટ કરી દે છે. ૧૬. **સત્યનું જ્ઞાન થાય તેનું જ નામ સત્સંગ કહેવાય છે. જેને સત્યનું જ્ઞાન નથી હોતું તેને અસત્યનું જ્ઞાન હોય છે. તે અસત્યરૂપ જ્ઞાનનું નામ જ કુસંગ કહેવાય છે.** અને આદિ, મધ્યે અને અંતે જે જે દુઃખ કહેવાય છે તે બધું કુસંગનું ફળ છે. અર્થાત્ કુસંગીને સર્વે પ્રકારનું દુઃખ ભોગવવું પડે છે. ૧૭-૧૮. જન્મ, મરણ, લખચોરાશી અને જમપુરીનું દુઃખ, શરીરમાં અપાર રોગની પીડા, માનસિક પીડા વગેરે છે, તેનો કહ્યે પાર આવતો નથી; એ બધું કુસંગનું ફળ છે, સત્સંગ કર્યા સિવાય તે દુઃખ ટળતું નથી. **આ લોક અને પરલોકમાં જે કાંઈ સુખ કહેવાય છે તે બધું સત્સંગનું ફળ છે.**

સત્સંગ આવો ઉત્તમ કહેવાય છે. આ રીતે સત્સંગ અને કુસંગના જેવા રૂપ છે તેવા વિભાગ કરીને બતાવ્યા છે. ૧૯-૨૧. ભગવાન અથવા સત્પુરુષો જ્યારે પ્રગટ થાય છે, ત્યારે રાત અને દિવસનો વિભાગ જેમ સ્પષ્ટ દેખાય છે તે રીતે સત્સંગ અને કુસંગનો વિભાગ કરીને તે બંનેને સ્પષ્ટ દેખાડી દે છે. ભગવાન અને સત્પુરુષની આ મુખ્ય ઓળખાણ છે. ૨૨-૨૩. જેમાં જેટલું દૈવત હોય છે તે તેનાં વર્તન ઉપરથી દેખાય આવે છે.

અત્યારે રાજ્યનું મૂળ અચળ થયું દેખાય છે. તે રાજ્ય નીતિ ઉપર ચાલી રહ્યું છે. ૨૪. રાજ્યનાં જેટલાં મૂળ છે તે નીતિ જ છે. જ્યારે આ રાજ્યને પણ નીતિરૂપી મૂળ નહિ રહે ત્યારે આ રાજ્ય પણ બીજા જેવું થઈ જશે. અર્થાત્ આ અંગ્રેજ રાજ્યનો પણ નાશ થઈ જશે. ૨૫. નીતિ વગરનું રાજ્ય આંધળું કહેવાય છે. જેમાં નીતિરૂપી નેત્ર હોય તે રાજ્ય પરિપૂર્ણ કહેવાય છે. ૨૬. નિયમ વગરના જેટલા મત છે તે બધા આંધળા છે, અને નિયમ પાળનારા જે મત છે તે દેખતા કહેવાય છે. ૨૭. નિયમવાળા જે દેખતા મત છે તેને નિયમ વગરના આંધળા મતો હઠાવવા ચાહે છે, પણ ક્યાં રાત અને ક્યાં સૂર્ય ? ૨૮. રાતના જેવા નિયમ વગરના જે મત છે તે નિયમ પાળનારા સૂર્ય જેવા મતને મિથ્યા કહે છે. સૂર્ય સમાન મતનો જે

પ્રતાપ છે તેને રાતના સમાન મત દેખી શકતા નથી. ૨૯. રાતના જેવા આંધળા મતની જેવી રીત હોય તે પ્રમાણે તે મતવાળા ચાલે છે. તે લોકોને કોઈ જાતના નિયમ હોતા નથી. તેમણે જન્મ-મરણનો બધો ભય પણ છોડી દીધો હોય છે. ૩૦. તે રાત જેવા અંધ મતના લોકો 'આ સંસારમાં કોઈ ભગવાન નથી' તેમ બોલે છે; એવું બોલીને તેઓ ભગવાનની એક પણ વાત માનતા નથી. ૩૧.

चोपाई :

साचे भक्त भगवान तिनके, बचन यह मानत रहे इनके;
भव ब्रह्मा इंद्रादिक देवा, भगवान के बचन के तेवा...३२
प्रतिपादन करत वेर वेरी, शिर पर चढावत रहे तेरी;
शुक सनक नारदमुनि व्यासा, सारद शेष वरतत होय दासा...३३
अक्षर प्रजंत भगवान के ताई, दास होई वरतत रहाई;
वेद पुराण वेदांत जेता, भगवान कु सब पर हि तेता...३४
कहत भये तेही वार वारा, तब ताकी मोटप रहे अपारा;

જે ભગવાનના સાચા ભક્ત છે તે ભગવાનનાં વચનને માને છે. ભવ, બ્રહ્મા તથા ઈન્દ્રાદિક દેવો પણ વારંવાર ભગવાનનાં વચનોનું પ્રતિપાદન કરે છે, અને તે આજ્ઞાવચનને માથે ચડાવતા રહે છે. શુક, સનકાદિક, નારદમુનિ, વ્યાસ અને શેષ જેવા પણ ભગવાનના દાસ થઈને વર્તે છે. અરે ! અક્ષર પર્યંત બધા જ ભગવાનના દાસ થઈને વર્તે છે. વેદો, પુરાણો અને વેદાંત, એ બધા ભગવાનને વારંવાર સહુથી પર કહે છે. અને તેથી જ તેમની અપાર મોટપ રહી છે. જે લોકો ભગવાનથી બીજાને અધિક કહે છે, તે ચાહે તેવા મોટા હોય તોપણ ભગવાનના દ્રોહી કહેવાય છે. અને જે દ્રોહી થયા તે ચાહે તેવા બુદ્ધિમાન હોય તોપણ હવે બુદ્ધિમાન ક્યાં રહ્યા ? ૩૨-૩૬.

જેને ભગવાન મેળવવાનો ખપ હોય તેવા સંતો-હરિભક્તોને અમે આ વાત ઘણા હેતથી કહીએ છીએ. સોનાને કુંદન કરવા માટે જે રીતે શુદ્ધ કરવામાં આવે છે તે રીતે અમે તમને શુદ્ધ કરીએ છીએ. સોનું જ્યારે કુંદન થાય છે ત્યારે તેનું મૂલ્ય અવશ્ય વધી જાય છે. ૩૭-૩૮. અમે સંતોને

શુદ્ધ કરી કરીને કુંદનરૂપ કર્યા છે, તે સંતો બધા હરિભક્તોને પણ કુંદનરૂપ કરે છે. ૩૯. હવે આ ઉદ્ધવ સંપ્રદાયના જેટલા સંતો અને હરિભક્તો છે તે દેખાતાની સાથે જ સહુને 'આ સ્વામિનારાયણના આશ્રિત છે' એમ કઈ રીતે ઓળખાઈ જાય ? તે તમે સહુ કહો." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "દૈવત સંપન્ન ગુરુએ કહેલા પ્રકરણને ખપવાળા શિષ્યો અનુસરે છે" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર ચોવીશમું : તરંગ - ૫૨

શ્રીહરિએ તિલકનાં બીબાં કરાવ્યાં તથા સંતો વગેરે રામપ્રતાપભાઈની સન્મુખ ગયા

શ્રીહરિએ આગળ કહ્યા પ્રમાણે જ્યારે પ્રશ્ન કર્યો ત્યારે મુક્તાનંદ સ્વામીએ તેનો ઉત્તર કરતા કહ્યું, "જેટલા સંપ્રદાય છે તે બધાના તિલક અલગ અલગ પ્રકારના હોય છે, તેણે કરીને તે બધા સંપ્રદાયોની ઓળખાણ પડે છે કે આ અમુક મતના છે. તિલક વગર ક્યારેય કોઈની ઓળખાણ પડતી નથી. ૧-૩. આ જેવું મને સમજાયું તેવું મેં તમને કહ્યું. હવે બીજા સંતોને જે જણાતું હોય તે સહુ બોલો." ૪. ત્યારે સહુ સંતો બોલ્યા કે, "મુક્તાનંદ સ્વામીએ જે કહ્યું છે તે સાચી વાત છે. તિલક ઉપરથી જેવો મત કે સંપ્રદાય હોય તે તરત જોઈ શકાય છે." ૫.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "બધા સંપ્રદાયથી સારું અને દેખવામાં સહુ લોકોને પ્રિય લાગે તેવું, તથા મોટા મોટા રાજાઓને પણ પ્રેમ ઉપજે તેવું જે તિલક હોય તે કહો. જે જે ધામમાં ભગવાનના પાર્ષદો રહ્યા હોય છે તે બધા કસ્તૂરી, કેસર અને ચંદનનું તિલક ધારણ કરે છે. ૬-૭. તે બધા ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરે છે અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કરે છે. ધામમાં જે ભગવાનની મૂર્તિઓ રહી છે તે પણ તે રીતનું તિલક કરે છે. અને તેનાથી એટલી સુંદર શોભા થાય છે કે જે કહી શકાતી નથી."

આમ કહીને શ્રીહરિએ કપિલેશ્વરાનંદ સ્વામી અને સિદ્ધાનંદ સ્વામીને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે, "તમે બંને ઘણા હોશિયાર છો માટે દર્પણમાં દેખીને તિલક કરી આવો. ૮-૧૦. ઈચ્છારામભાઈના મુકામ ઉપર જઈને ગોપીચંદનનું તિલક કરજો. તેની વચમાં ગોળ ચાંદલો કરજો. અને નાકના મૂળમાં સુંદર શિંગોડા જેવું કરજો. કપિલ સ્વામી ! તમે આ અમે જેમ કહ્યું તેમ મનને એક સ્થિર રાખીને તિલક કરજો. ૧૧-૧૨. અને સિદ્ધાનંદ મુનિ ! તમે કપાળમાં નાસિકાના મૂળમાં બીજના ચંદ્ર જેવું લાગે તેવું ઊર્ધ્વપુંડ્ર તિલક કરજો." ૧૩. પછી શ્રીજીમહારાજે જેમ કહ્યું તે રીતે તે બંને સંતો તિલક કરીને આવ્યા.

ત્યારે શ્રીહરિએ તેમને પોતાની સમીપે બોલાવ્યા. શ્રીહરિ મંચ ઉપર હતા. ૧૪. બંને સંતોને પોતાની પડખે ઊભા રાખ્યા, અને પોતાના બંને હાથ તે બંને મુનિઓના મસ્તક ઉપર રાખ્યા. સંતોની સભા સન્મુખ તેમને ઊભા રાખ્યા. પછી સંતોને કહ્યું કે, "સહુ જુઓ, આ બંનેમાં કોનું તિલક સરસ છે ? ૧૫-૧૬. આ સંતોએ કરેલા તિલક કોના મતની સાથે મળતા આવે છે ? અલગ અલગ મતની રીતને જેટલા સંતો જાણતા હો તે બોલો." ૧૭. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, "હું જે જાણું છું તે કહું છું. રામાનંદ સંપ્રદાયના જે લોકો છે તે નાકની ઉપરના ભાગમાં શિંગોડા જેવું ચિહ્ન કરે છે. ૧૮. જે શૈવ અને શક્તિપંથીઓ છે તે પણ શિંગોડાની રીતનું કરે છે. તેમજ જેટલા રાધાવલ્લભીય સંપ્રદાયના છે તેઓ પણ શિંગોડા જેવું કરે છે. ૧૯. અને ગૌડીય વૈષ્ણવો છે તે શિંગોડા જેવું ચિહ્ન કરે છે. અને કેટલાક એકલું શિંગોડું જ કરે છે.

એ બધા છટાદાર લાગે છે, પણ ઊભું તિલક કરીને તેમાં ચાંદલો કોઈ કરતા નથી. આ ચાંદલો એટલો સહુથી અલગ છે, તેનાથી તિલક ઘણું સુંદર લાગે છે. ૨૦-૨૧. વળી, તિલકના મૂળમાં બીજના ચંદ્રમા જેવી ગોળાઈ કોઈ કરતા નથી. તેથી આપણા ઉદ્ધવ સંપ્રદાય સિવાય બીજા કોઈ મતમાં આવું તિલક દેખાતું નથી. ૨૨. આ સિદ્ધાનંદ સ્વામીએ કરેલું તિલક બીજાં બધાં તિલકોનો રાજા છે. માટે તે અનુપમ અને શ્રેષ્ઠ છે. આપણા ઉદ્ધવ સંપ્રદાય સિવાય બીજા કોઈ મતમાં આવું તિલક કરાતું નથી." ૨૩.

❋ શ્રીહરિએ સાંપ્રદાયિક તિલકની શરૂઆત કરાવી :

પછી શ્રીહરિએ કહ્યું કે, "આવું તિલક બધાને એકસરખું આવડે નહીં." પછી અવિનાશી શ્રીહરિએ નારાયણજીભાઈ સુતારની પાસે તિલક ચિતરાવ્યું. ૨૪. પછી શ્રીહરિએ નારાયણજીભાઈને કહ્યું કે, "તમે તિલકનાં આવાં બીબાં બનાવો. તમે બીબાં બનાવી દ્યો તો સંતોના મંડળમાં જે મહંત હોય તે બધાને અમે એક એક બીબું આપીએ. અને હરિભક્તોના પ્રત્યેક ગામમાં એક એક બીબું આપશું." ત્યારે તે નારાયણજીભાઈ બોલ્યા કે, "જો હરિભક્તને ઘેર શીશમનું લાકડું હોય તો તેમાંથી અમે બીબાં કરી દઈએ. આપ જ્યારે કહો ત્યારે નિષ્કુળાનંદ સ્વામી તથા સિદ્ધાનંદ સ્વામી મારી પાસે આવીને બેસે, તો હું બીબું કરી આપું." ૨૫-૨૮.

પછી સંઘા પટેલ, પૂંજાભાઈ, કમાભાઈ અને રત્નાભાઈ ઈત્યાદિક જે હરિભક્ત પટેલો હતા તેમને શ્રીહરિએ બોલાવ્યા. ૨૯. પછી તેમને કહ્યું કે, "અમારે અત્યારે શીશમનું કામ પડ્યું છે. જેના ઘરમાં તે હોય તે જુઓ અને ખોળીને અમને તે લાવી આપો. ૩૦. તેની જે કિંમત થતી હશે તે અમે અપાવી દેશું." ત્યારે પટેલિયાઓએ કહ્યું કે, "તમે જેટલું કહેશો તેટલું શીશમનું લાકડું અમે લાવી આપીશું. ૩૧. એક એકને ઘરે શીશમનાં એક, બે, ત્રણ લાકડાં તો સહુ રાખે છે. વળી, ધોલેરા તો અહીંથી નજીક છે." ૩૨. આમ કહીને દસ-બાર શીશમનાં લાકડાં લાવી આપ્યાં. તેમાં કાંઈ વાર લાગી નહીં.

પછી શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને બોલાવીને કહ્યું કે, "આ શીશમનાં લાકડાં છે. તેમાંથી તિલકનાં બીબાં કરાવો." પછી બોટાદ ગામના સુતાર હરિભક્તો તેમજ ખસ અને અળઉ ગામના સુતાર હરિભક્તો જેટલા દર્શન કરવા આવ્યા હતા, તે સહુ નારાયણજીભાઈ જેમ કહે તેમ બીબાં કરવા લાગ્યા. રોજ સો સો બીબાં બનાવતા હતા. તે બીબાં કરતા પાંચ દિવસ થયા. ૩૩-૩૬. પછી સંતોના મંડળમાં જે જે મહંત હતા, તેમને પ્રસાદીના કરી કરીને પહેલા બીબાં આપ્યાં. ૩૭. અને હરિભક્તોનાં ગામોમાં જે મુખ્ય હરિભક્ત હતા, તેમને એક એક બીબું આપ્યું. ૩૮. જ્યાં સુધી બીબાં પહોંચ્યાં ત્યાં સુધી શ્રીહરિએ આપ્યા.

ઈચ્છારામજીભાઈ આવ્યા, તેને જ્યારે પાંચ દિવસ થયા ત્યારે મોટા ભાઈ રામપ્રતાપજી આવ્યા. દિવસ પાછલો એક પહોર હતો ત્યારે અગાઉથી તેના ખબર આવ્યા. ત્યારે સહુ સંતો અને હરિભક્તોમાં આનંદ છવાઈ ગયો. ૩૯-૪૦. શ્રીહરિએ કહ્યું કે, “બાઈઓ સિવાય જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો છો તે બધા જેટલું આગળ ચલાય તેટલા સામે જાઓ. હવે અમે એક અહીં બેઠા છીએ.” ૪૧. ઈચ્છારામભાઈ પણ સાથે બેઠા રહ્યા અને બીજા સહુ રામપ્રતાપજીભાઈની સામે દોડ્યા. સુરા ખાચર અશ્વ ઉપર બેઠા હતા. બીજા દસ-બાર ઘોડા પણ સાથે હતા. ૪૨. અડધા કોશ સુધી આગળ સન્મુખ ગયા ત્યારે મોટા ભાઈ ત્યાં મળ્યા. સુરા ખાચર આદિક જે બધા અશ્વ ઉપર બેસીને ગયા હતા તે પહેલા જઈને તેમને મળ્યા. માયાજિતાનંદ સ્વામીએ રામપ્રતાપભાઈની ઓળખાણ કરાવી. જેઓ અશ્વ ઉપર બેસીને ગયા હતા, તેમણે સમજીને ઘણા હેતથી ભાઈને એક એક રૂપિયો ભેટ ધર્યો.

પછી જ્યારે સંતો અને વર્ણી આવ્યા ત્યારે ‘આ જગતમાં આમના જેવા કોઈ મોટા નથી’ એમ સમજી રામપ્રતાપજી સહુ સંતો તથા વર્ણીઓને ઘણા હેતથી મળ્યા-ભેટ્યા. ૪૩-૪૫. જેટલા હરિભક્તો સામે આવ્યા હતા તે સહુએ રામપ્રતાપભાઈના ચરણમાં હાથ જોડી, મસ્તક નમાવ્યાં અને કેટલાકે શ્રીફળ ધર્યાં. ૪૬. સંતો, વર્ણી અને સહુ હરિભક્તો ગામથી લઈને એક કોશ સુધી ઘાટા એકતાર થઈ ગયા હતા. ૪૭. રામપ્રતાપજીભાઈ સંતો અને વર્ણીને મળવાને માટે અત્યંત ભાવથી એક કોશથી પગે ચાલીને આવ્યા હતા. તેમને સંતોમાં ઘણો ભાવ હતો. ૪૮. જ્યારે તે સહુ અડધો કોશ આવ્યા હશે, ત્યારે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી મળ્યા. પછી શુકાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી વગેરે સંતો અને વર્ણીઓ અર્ધો કોશ સુધીમાં સામે આવીને મળ્યા. ૪૯-૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં “શ્રીહરિએ તિલકનાં બીબાં કરાવ્યાં તથા સંતો વગેરે રામપ્રતાપભાઈની સન્મુખ ગયા” એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર ચોવીશમું : તરંગ - ૫૩

રામપ્રતાપજીભાઈનું શ્રીહરિએ સ્વાગત કર્યું અને સાથે જમ્યા

મુક્તાનંદ સ્વામીએ રામપ્રતાપજીભાઈને હાથ જોડીને કહ્યું કે, "આપ અશ્વ ઉપર બેસો." ૧. ત્યારે ભાઈએ કહ્યું કે, "આપ પગથી ચાલો અને હું અશ્વ ઉપર બેસું તે ઘટિત ન કહેવાય. ૨.

सोरठा : संत अति बडे रहेउ, संत के रहे दास हम;
पुजने जोग्य हि तेउ, भगवान कु प्रिये रहे...०३
धन्य हि भाग्य हमार, प्रिये रहे भगवान यह;
मिले संत अब वार, कृत कृत्य भये आज हम...०४

સંતો અતિ મોટા છે અને હું તો સંતોનો દાસ છું. સંતો તો સહુને પૂજવા યોગ્ય અને ભગવાનને પણ પ્રિય છે. ૩. મારા ધન્યભાગ્ય છે કે, આ ભગવાનના પ્રિય એવા સંતો મને અત્યારે મળ્યા છે. હું આજે કૃતકૃત્ય થઈ ગયો છું." ૪. ત્યારે મુક્તાનંદ સ્વામીએ રામપ્રતાપભાઈનો હાથ પોતાના હાથમાં પકડ્યો અને ગામમાં આવ્યા. સંતો અને હરિભક્તો સહુને ઘણો આનંદ થયો. ૫. સહુ કીર્તન ગાતાં ગાતાં બજારમાં ચાલ્યા આવતા હતા.

શ્રીહરિએ જ્યારે તેમને દૂરથી દેખ્યા ત્યારે તરત જ મંચ ઉપરથી ઊતર્યા. ૬. શ્રીહરિ સો પગલાં સુધી તેમની સામે ચાલ્યા અને મોટા ભાઈના ચરણમાં પડ્યા. પછી પરસ્પર પ્રેમથી ભેટ્યા. મોટા ભાઈ શ્રીહરિને છોડતા ન હતા. ૭. આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. હેતથી હૃદય અપાર ભરાઈ ગયું. ભેટીને જ્યારે તૃપ્ત થયા ત્યારે કંઠ છોડ્યો, અને ભાઈ પ્યારથી બોલ્યા, "તમે ભાઈના સંબંધનું હેત લગાર પણ રાખ્યું નહીં. અમને અતિશય ખારા જાણીને તમે છોડી દીધા. આ માયાજિતાનંદ મુનિ મળ્યા ત્યારે અમને આપનો મેળાપ થયો છે. ૮-૯. મારો આજે ફરીને નવો જન્મ થયો છે. હવે વિયોગ કરાવશો નહીં."

પછી શ્રીહરિએ ભાઈનો હાથ પકડ્યો અને ઘણા હેતથી મંચ તરફ ચાલતા થયા. ૧૦. ભાઈને મંચ ઉપર લાવીને બેસાડ્યા. શ્રીહરિની સાથે તે

બેઠા. તે વખતે શ્રીહરિએ પોતાના ભાઈને મોટા ભાઈ જાણીને તકિયો તેના તરફ કરી દીધો. ૧૧. તેથી એક જ તકિયે બંને પોતાની પીઠ ટેકાવીને બેઠા. તે વખતે જે શોભા થઈ તે કહી શકાતી નથી. પછી સંબંધીઓને યાદ કરીને મોટાભાઈ એક પછી એક વાતો કહેવા લાગ્યા. ૧૨. તે સંબંધીઓમાં જેણે જેણે પ્રણામ કહ્યા હતા તે બધાંનાં નામ લઈ લઈ, સંભારીને શ્રીહરિને પ્રણામ કહ્યા. ૧૩. તે સહુએ વારમવાર કહ્યું છે કે, 'હવે અમને ઘનશ્યામજી ક્યારે મળશે ? તેઓ તો અપાર પ્રતાપી થયા છે. હવે અમને ક્યાંથી સંભારતા હોય ?' ૧૪. જો કે, આપ સુખી છો તેમ સાંભળીને સહુ ઘણા ખુશી થયા છે. જ્યારથી આપનું નામ સાંભળ્યું છે ત્યારથી સહુ વારંવાર સંભારે છે. ૧૫.

✵ રામપ્રતાપભાઈએ પોતાના કુટુંબનો પરિચય આપ્યો :

મારે ત્રણ પુત્ર છે. તેમાં મોટો નંદરામ છે. પછી નિપુણ ઠાકોરરામ છે અને નાનો અયોધ્યાપ્રસાદ છે. ૧૬. તેમાં નંદરામજી તો ઘણા સાધુ સ્વભાવના છે. તે મોટો છે છતાં પણ કોઈ બે શબ્દ કહે તો તેને સહન કરી લે છે. ૧૭. તે કોઈની સાથે ક્યારેય ઝઘડો કરતા નથી. ઝઘડો કરવામાં ડરે છે. તેનામાં ખાવું, પીવું કે કપડાં વગેરેની ક્યારેય લોલુપતા નથી દેખાતી. ૧૮. તેથી તેને માટે તે ક્યારેય પ્રયત્ન કરતો નથી. સહેજે જે મળે તેમાં આનંદ માને છે. ક્યારેય કોઈની વાતને ઓછી-વધુ કે આઘી-પાછી કરવાનો સ્વભાવ નથી. સદા આનંદમાં રહે છે. ૧૯. ઠાકોરરામ અને અયોધ્યાપ્રસાદજી ઘણા નિપુણ છે. તે કોઈના દબાવ્યા દબાતા નથી. જો કોઈ તેને દબાવે તો આ બંને દબાવી દે છે. ૨૦. આ સંસારમાં જે સાધુતા રાખે છે તેનાથી કોઈ મનુષ્ય દબાતા નથી. બીજા માણસ આપણી મર્યાદા રાખે તેટલું તો આપણમાં પાણી હોવું જોઈએ. ૨૧.

નંદરામમાં તેની માતાના બધા ગુણ આવ્યા છે, જ્યારે ઠાકોરરામ અને અયોધ્યાપ્રસાદજીમાં મારા ગુણ આવ્યા છે. તેઓ એમાં બહુ ડહાપણ માને છે." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તે બેમાં વધારે બુદ્ધિમાન કોણ છે ?" ૨૨-૨૩. ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા કે, "ઠાકોરરામની બુદ્ધિ ઘણી બધી

વ્યાવહારિક છે. જ્યાં જાય ત્યાં તેને માન મળે છે." ૨૪. જ્યારે આટલી વાત કરી રહ્યા ત્યારે શ્રીહરિએ હેતથી કહ્યું કે, "હવે મોટા ભાઈને ઈચ્છારામજીની ભેળો ઉતારો આપો." ૨૫.

ત્યારે માયાજિતાનંદ સ્વામી બોલ્યા કે, "સિંહ અને બકરી ક્યારેય ભેળા ફરતા જોયા નથી, તેની સાવધાની રાખવી." ૨૬. તે સાંભળી શ્રીહરિ જાણી ગયા અને ઉતારો જુદો કરાવી દીધો. રામપ્રતાપભાઈ જ્યારે રસોઈ કરી રહ્યા ત્યારે તેમણે શ્રીહરિને બોલાવ્યા. ૨૭. શ્રીહરિ બોલાવ્યા ભેગા તત્કાળ ત્યાં ગયા. કારણ કે ભાઈ સંકર્ષણ છે, તેમ જાણીને કાંઈ વાર ન લગાડી. ૨૮. પછી તેમણે શ્રીહરિને કહ્યું કે, "અમે અને તમે આજે સાથે જમીએ. સાથે જમ્યા તેને ઘણા વર્ષ થઈ ગયા છે. જે હેત છૂટી ગયું હતું તે હવે તાજું થયું છે. ૨૯. તેમણે પોતાના દેશની જે રસોઈ બનાવી હતી તે થાળમાં ધરી. શ્રીહરિને જુદા થાળમાં પીરસ્યું. બંને ભાઈ જમવા લાગ્યા. ૩૦. ત્યારે મુક્તાનંદ સ્વામી આદિક મોટેરા પાંચ સંતો શ્રીહરિનાં આ ચરિત્રને જોવાં માટે આવ્યાં. કેમ જે, આવું ચરિત્ર તેમણે પહેલાં દેખ્યું ન હતું. ૩૧.

જ્યારે સાંજનો સમય થયો ત્યારે શ્રીહરિ મંચ ઉપર આવીને બેઠા. સંતો, વર્ણી અને જે હરિભક્તો હતા તે બધા સભામાં આવીને બેઠા. ૩૨. સંતોની સભાની આગળ બંને ભાઈ માટેનાં બે આસન કરાવ્યાં હતાં. ઈચ્છારામભાઈ પહેલાં આવ્યા અને શ્રીહરિને પગે લાગીને એક આસન ઉપર બેઠા. ૩૩. પછી રામપ્રતાપભાઈ આવ્યા ત્યારે તેમણે મંચ ઉપર બેસવાનું મનમાં ધાર્યું. તેથી ત્યાં જવા માટે જ્યારે એક પગ ઊંચો ઉપાડ્યો, ત્યારે ઈચ્છારામભાઈએ રામપ્રતાપભાઈનો એક પગ પકડી રાખ્યો, અને મંચ ઉપર ચઢવા દીધા નહીં. ૩૪-૩૫. પછી જમીન ઉપર જે ગાદી મૂકેલી હતી તેના ઉપર તેમને બેસાડ્યા અને કહ્યું કે, "તમે અને હું બંને ભાઈ મનુષ્ય છીએ. ૩૬.

મનુષ્યે મનુષ્ય ભેળા બેસવું તે વાત જ યોગ્ય છે, પણ ભગવાનની બરોબર બેસવું તે અઘટિત છે. ૩૭. ભાઈ થયા એટલે શું થયું ? આપણે તો ઘરસંસારમાં ખૂંતી રહ્યા છીએ. વળી, જિંદગીભર સ્ત્રીની સાથે દૃઢપણે વળગી

રહ્યા છીએ. ૩૮. આપણે તો દીકરા, દીકરી, ધન અને સગાસંબંધીઓની સાથે લપટાઈને રહ્યા છીએ. ૩૯. આ સંતોને જુઓ, આટલો બધો તેમણે ત્યાગ કર્યો છે છતાં સહુ જમીન ઉપર બેઠા છે. જ્યારે આપણા ભાઈ તો સહુથી અધિક સર્વોપરિ તત્ત્વ છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "રામપ્રતાપજીભાઈનું શ્રીહરિએ સ્વાગત કર્યું અને સાથે જમ્યા" એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર ચોવીશમું : તરંગ - ૫૪

ઇચ્છારામભાઈની પ્રગટ શ્રીહરિમાં સર્વોપરી નિષ્ઠા તથા પ્રગટમાં સર્વે તીર્થ માન્યા

વળી ઈચ્છારામભાઈએ મોટા ભાઈને જે વાત કહી તેને હજી હું કહું છું, ૧. "આ સંતો, વર્ણી, સંન્યાસી, એ બધા ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યે કરીને આપણા ભાઈને અધિક માને છે. ૨. તેઓ પોતે ભગવાન છે. તે પોતાનાં શિષ્ય એવાં નર-નારીઓને તથા જે ત્યાગી થયા છે તેમને પોતામાં જેટલો પ્રતાપ રહ્યો છે, તે અત્યારે હરિભક્તના ઘેર ઘેર દેખાડી રહ્યા છે." ૩-૪. ત્યારે રામપ્રતાપભાઈ બોલ્યા કે, "શ્રીહરિએ મને પણ અપાર પ્રતાપ દેખાડ્યો છે, પણ તે ભુલવાડી દેતા હતા. તેથી હું તેમના પ્રતાપને ભૂલી ગયો છું. જેમ વીજળી ચમકીને અદૃશ્ય થાય તેમ એક ઘડી પણ સ્થિર રહેતા નહીં. તેઓ ઘરમાં જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી તેમની બધી વાત અકળ રહી હતી. ૫-૬.

ચાહે તેવો કોઈ બળિયો હોય, અને જેને કોઈ ન પહોંચી શકતું હોય એવાની સાથે પણ આ ઘનશ્યામ કુસ્તી કરવા ચાહતા. ત્યારે હું તેમને રોકતો, છતાં પણ તે ઉમંગથી રમતા હતા. ૭. જેટલા અભિમાનીઓ હતા તે બધાના અભિમાનને આ તરત ટાળી દેતા હતા. કોઈથી પાછા પડતા નહીં. સિંહની સન્મુખ પણ પગલાં ભરીને જતાં. ૮. જ્યારે તે ગાયો ચારવા જતા ત્યારે

વનમાં ફરતા રહેતા અને રાતે વનમાં જ સૂઈ રહેતા. તેમને કોઈ જીવજંતુનો ભય લાગતો નહીં. ૯.

જ્યારે આ ઘનશ્યામ પાંચ (ત્રણ) વર્ષના હતા ત્યારે બધા છોકરાઓ ભેળા થઈ તેમને ગામની બહાર રમવા લઈ ગયા. આમને એક આંબાની નીચે બેસાડીને છોકરાઓ રમવા લાગ્યા. સાંજનો સમય થઈ ગયો. આંધી ચઢી ને અંધકાર થઈ ગયો. તે સમયે એકબીજાને લગાર પણ દેખતા ન હતા. તેવામાં વરસાદ વરસવા લાગ્યો. અપાર ગાજવીજ થવા લાગ્યા. આ જ્યાં બેઠા હતા તે ઝાડ તે સમયે મૂળથી જ ઊખડી ગયું. અને પોતે ઝાડની નીચે બેસી રહ્યા. અને તે સિવાયનાં બીજાં કેટલાંક ઝાડ ઊખડી પડ્યાં. ૧૦-૧૩. બધા બાળકો આ શ્રીહરિને ભૂલી ગયા અને ગામમાં ભાગી ગયા. જ્યારે વરસાદ બંધ થયો ત્યારે રાતમાં સંબંધીઓએ આ શ્રીહરિને ઘરમાં ન દેખ્યા, ત્યારે માતાજી રડવા લાગ્યા. તેમને ઘેર ઘેર જઈને શોધવા લાગ્યા. ૧૪-૧૫. ગામમાં જ્યારે ન મળ્યા ત્યારે ગામથી બહાર એકે એક ઝાડે ગોત્યા, ત્યારે મામીને તૂટેલા ઝાડની નીચેથી મળ્યા. ૧૬.

વનમાં જ્યારે ગાયો રહેતી હતી ત્યારે આ ઘનશ્યામ દૂધ લેવા માટે જતા. જ્યારે દૂધ લઈને આવતા ત્યારે તેમાંથી વચ્ચે દૂધ પી લેતા. ૧૭. પછી જેટલું દૂધ પીધું હોય તેટલું તળાવનું પાણી તેમાં ઉમેરી દેતા હતા; આવાં એમનાં ચરિત્રો હતાં કે જેનો કહેતા પાર આવતો નથી. ૧૮. આ શ્રીહરિ મોટા થયા અને ઘણું કરીને જ્યારે અયોધ્યામાં રહેતા, ત્યારે અયોધ્યામાં જેટલાં મંદિરો હતાં, તેનાં મુખ્ય બધા જ વેરાગીઓની સાથે ઓળખાણ સોબત કરતા. જ્યાં જતા ત્યાં સહુ બોલાવતા. આ ઘનશ્યામ તંબોળીના ઘરમાં જઈને રહેતા અને નિત્ય તેને સીધું આપતા. ૧૯-૨૦. આમને માટે થઈને તો આપણાં માતા, પિતાએ અયોધ્યાપુરીમાં રહેવાનો નિર્ધાર કર્યો હતો. જ્યારે માતા-પિતાનું મરણ થયું ત્યારે થોડાક દિવસોમાં જ આ શ્રીહરિ આપણાથી છાના છાના ઘરેથી ચાલી નીકળ્યા હતા. ત્યારે મેં બહુ વિલાપ કર્યો હતો. કેટલાય દિવસ સુધી તેમને ખોળતો રહ્યો, પણ ફરી તેમના કાંઈ સમાચાર મળ્યા નહીં. ૨૧-૨૨.

આ એકડમલ માયાજિતાનંદ મુનિમાં ભગવાને જ્યારે પ્રવેશ કર્યો ત્યારે તેમણે અમને ગોતી લીધા. મેં તો આમની આશા છોડી દીધી હતી. ૨૩. પણ માયાજિતાનંદ સ્વામીએ અમને ખબર આપી અને તે નિપુણ મુનિએ કેટલીક વાતો-નિશાનીઓ કહી. પછી અમને જ્યારે દિલમાં વાત મનાણી ત્યારે અમે તમને મળવા ચાલી નીકળ્યા. ૨૪. જો કે, ઇચ્છારામને તો મારા કરતાં પણ ઘણો વધુ અહીં આવવા માટે વેગ હતો. તેથી તે ચાલવા માટે તૈયાર થઈ ગયા. ૨૫. ઇચ્છારામ તૈયાર થઈ ગયા છે; એમ જ્યારે મેં જાણ્યું ત્યારે હું પણ દ્વારિકાની યાત્રાને નિમિત્તે તૈયાર થયો. ૨૬. અમારા દેશમાં લોકો દ્વારકાનું ઘણું માહાત્મ્ય જાણે છે." ૨૭.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, "તમે બંને ભાઈ દ્વારકા જાઓ. જેટલો ખર્ચ થશે તે તમે જ્યારે જાવ ત્યારે અમે અપાવીશું." ૨૮. રામપ્રતાપજી શ્રીહરિની આ વાત સાંભળીને મનમાં અપાર ખુશ થઈ ગયા. જ્યારે વસંતપંચમીનો ઉત્સવ થઈ રહે ત્યાર પછી નીકળવું તેવી તેમણે તૈયારી કરી. ૨૯.

✵ ઇચ્છારામભાઈની સમજણ :

चोपाई :

इच्छारामजी तब बोलेऊ, द्वारीका कोटि इहाँ रहेऊ;
प्रगट जिहाँ रहे भगवाना, तीर्थ हि जितना तिहाँ रहाना...३०

हमकु इमि जानत हि रहावा, प्रगट हि हरि तिहाँ सबहि आवा;
जिहाँ प्रगट भगवान रहाते, भव ब्रह्मा देव अनंत कहाते...३१

नित्य दरशन हित तिहाँ आते, सरवोपरि यह रहत मनाते;
अंध हि ताकु न आत मनाता, ताकी हम नहि बात कहाता...३२

ત્યારે ઇચ્છારામજીએ મોટા ભાઈને કહ્યું કે, "મારે માટે તો અહીંયાં જ કરોડો દ્વારિકા રહી છે. કેમ જે, જ્યાં પ્રગટ ભગવાન હોય ત્યાં જેટલાં તીર્થ છે તે બધાં જ રહ્યાં છે. ૩૦. મને આવું સમજાય છે કે, જ્યાં પ્રગટ શ્રીહરિ હોય ત્યાં બધા જ આવતા હોય છે. જ્યાં પ્રગટ ભગવાન રહેતા હોય ત્યાં ભવ, બ્રહ્મા અને અનંત દેવો પણ દર્શન કરવાં માટે નિત્ય આવે

છે. કારણ કે, આ શ્રીહરિ પોતે સર્વોપરિ પુરુષોત્તમ છે એમ મને તો મનાય છે. હા, જે જ્ઞાનઅંધ હોય તેને આવી વાત માન્યામાં આવતી નથી. તેવાની હું વાત કહેતો નથી. ૩૧-૩૨.

બાકીના બધા લોકો જેને ઘેર જમતા હોય, તે ઘરનો માલિક પોતે જો બીજાને ઘેર જમવા માટે રખડતો હોય, તો દુનિયામાં તેની કેવી આબરૂ જાય ? તેમ પ્રગટ પરુષોત્તમ મળ્યા પછી બીજાનું મહત્ત્વ રાખીએ તો આપણી પણ તે ભિખારી જેવી જ અપકીર્તિ થાય. ૩૩. હા, જેને એવી અપકીર્તિ કરવી જ હોય તે ભલે ઘેર ઘેર જમતા ફરો..! તે તો વહેતી ગંગાના જળનો ત્યાગ કરીને કિનારે કૂવો ખોદી પાણી પીવે તેવો મૂર્ખ છે. ૩૪. તે કામ તો સમર્થનું છે. અર્થાત્ સાધનબળપ્રધાન મૂર્ખની મૂર્ખામી છે. હું તો પ્રત્યક્ષ પાણીને પીનારો છું. આ સર્વોપરિ સત્સંગ સિવાય બીજે ક્યાંય હવે મારું મન દોડા કરતું નથી. ૩૫. આવા સત્સંગને છોડીને બીજી જગ્યાએ જે ભટકે છે તે તો અમૃતને છોડી ઝેરમાં અમૃતની ભાવના કરે તેવો ગાંડો છે. ૩૬. જ્યાં કામ, ક્રોધ અને લોભ નિવાસ કરીને રહ્યા હોય ત્યાં અધર્મના વંશનો નિવાસ થયો કહે છે. ૩૭. 'જ્યાં કામ હોય છે ત્યાં રામ રહેતા નથી અને જ્યાં રામ હોય છે ત્યાં કામ હોતો નથી. સૂર્ય અને રાત્રિની જેમ રામ અને કામ એક ઠેકાણે હોતા નથી. ૩૮. જ્યાં અધર્મ રહેતો હોય ત્યાં સત્સંગ રહેતો નથી અને જ્યાં સાચો સત્સંગ હોય ત્યાં અધર્મ ટકી શકતો નથી. ૩૯.

જ્યાં સત્સંગ હોય છે ત્યાં જ સાચો ધર્મવંશ સદાય રહે છે અને ત્યાં અધર્મ માર્ગનું ખંડન થતું હોય છે. ૪૦."

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "ઈચ્છારામભાઈની પ્રગટ શ્રીહરિમાં સર્વોપરી નિષ્ઠા તથા પ્રગટમાં સર્વે તીર્થ માન્યા" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર ચોવીશમું : તરંગ - ૫૫

શ્રીહરિ સત્સંગ, એકાંતિક ધર્મ અને સદ્‌ગ્રંથોને આધારે ચારેય પુરુષાર્થની વાત કરતા હતા

ઈચ્છારામભાઈને જેટલાં બ્રહ્માંડો છે તે સર્વેમાં આ સત્સંગ સમાન બીજું કાંઈ દેખાતું નહીં. ૧. જેવો સત્સંગ છે તેને તેવો જ જાણવાને માટે અપાર સાધનો છે, જેનો કહેતા પાર આવતો નથી. જે જે કાંઈ બાબત છે તેને સિદ્ધ કરવા માટે તેવાં ભિન્ન ભિન્ન પ્રકારનાં સાધનો હોય છે. ૨-૩. અર્થાત્ પ્રત્યેક બાબતને સિદ્ધ કરવા માટેનાં સાધનો ભિન્ન ભિન્ન હોય છે. તે પાંચ, દસ, પંદર, વીશ, પચીશ અને ત્રીશ સુધીના પણ હોય છે. ૪. હર કોઈ બાબત સાધન વિના સિદ્ધ થતી નથી. જેમ માયિક બાબત પણ સાધનો વિના સિદ્ધ થાતી નથી, તે રીતે જ સત્સંગની જેટલી કાંઈ બાબત જેને જેને પ્રાપ્ત થાય છે, તે તેના સાધન વિના સિદ્ધ થાતી નથી. આ વાત નિશ્ચિત રહી છે. ૫-૬.

❋ ભગવત્સંબંધી સાધનની સર્વોત્તમતા :

દેહ સંબંધી સુખ માટે જેટલાં સાધનો છે તેને કનિષ્ઠ સાધન કહેવાય છે, અને તેનું સુખ પણ સ્વપ્ના જેવું કહેવાય છે. ૭. આ બ્રહ્માંડ સંબંધી જેટલાં સાધનો છે તે બધાં જાગ્રત અવસ્થાનાં સુખ જેવાં છે. અને તે સુખ મધ્યમ કહેવાય છે. ૮. કનિષ્ઠ અને મધ્યમ પ્રકારનાં સુખને માટે અગણિત સાધનો છે. તે બધાં જ માયિક સાધન કહેવાય છે. તેમાં માયિક સુખ રહ્યું છે. તે બધાં સુખો દુઃખ સહિત જ હોય છે અને તે પણ છેવટે નાશ થઈ જાય છે.

ચોપાઈ :

दुःख सहित यह सुख सब रहेऊ, अंते नाश रहे तामेऊ;
यह ब्रह्मांड से पर जेते, भगवान सबंधी साधन तेते...१०

उत्तम साधन कहावत तिनही, सरवोपरि करहि रहे इनही;
अमायिक साधन रहे ताई, एही सम कोउ नहीं रहाई...११

सर्वोपरि साधन रहे तिनमें, जन्म मरण जमपुरी के इनमें;
जो जो दुःख कहावत हि जीते, यामें नहीं रहे तिल तीते...१२

આ બ્રહ્માંડથી પર જેટલાં ભગવાન સંબંધી સાધનો છે તે અમાયિક છે. માટે તે બધાં સાધનો ઉત્તમ કહેવાય છે. તે બધાં સાધન સાધકને સર્વોપરિ ભક્ત કરીને જ રહેશે. કેમ જે, ભગવાન સંબંધી અમાયિક સાધન જેવું બ્રહ્માંડમાં બીજું કોઈ સાધન નથી. ૯-૧૧. તે સર્વોપરિ સાધનમાં જન્મ, મરણ, જમપુરી વગેરેનાં જે જે દુઃખ કહેવાય છે તે તલ જેટલાં પણ નથી. ૧૨.

અમાયિક સુખના ભોગી એવા પ્રહ્લાદ, પ્રિયવ્રત ઇત્યાદિક જે જે અગણિત ભક્તો થયા છે, તેમણે મિથ્યાં સુખોને દેખીને તેનો મળની જેમ ત્યાગ કર્યો હતો. તેથી જ તે સર્વોપરિ ભક્તોને સહુથી શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત થયું હતું. ૧૩-૧૪. તે સર્વોપરિ સુખને પ્રાપ્ત કરવાનું દ્વાર તો એક સત્સંગ છે. તેને માયિક બુદ્ધિવાળા ક્યારેય દેખતા નથી. ૧૫. ચાહે તેવો બુદ્ધિમાન હોય, પણ જો તે અક્ષરોને ન ભણ્યો હોય, તો તે અક્ષર બાબતનું તેને જ્ઞાન ન હોવાથી તેમાં તે અંધ કહેવાય. ૧૬. કોઈ પણ બાબતનું જેટલું જ્ઞાન થયું ન હોય ત્યાં સુધી તે બુદ્ધિશાળી હોવા છતાં, તે જ્ઞાનની બાબતે તેટલો અંધ જ કહેવાય. આમ એકેએક વ્યક્તિની આગળ તે બાબતના જે જ્ઞાની ન હોય તે દેખવા છતાં અંધ કહેવાય. એક સત્સંગનું જ્ઞાન થયા સિવાય બીજાં જ્ઞાન મેળવવાનાં અપાર સાધનો હોય, તોપણ સત્સંગ વિના તે માયિક સાધને કરીને કોઈ કાળે જમપુરીનું દુઃખ તથા જન્મ-મરણનું દુઃખ લગાર પણ મટતું નથી. ૧૭-૧૯.

યજ્ઞ, તીર્થ, જપ, તપ કરીને, તેમજ અષ્ટાંગયોગ સંપૂર્ણ સાધીને પણ લખચોરાશીનું દુઃખ મટતું નથી. જેવાં સાધન કરે છે તેવાં ફળ મળે છે. ૨૦. સાધન કરતાં કરતાં જેટલું પાપ કરે છે, તેટલું સુખમાં પણ દુઃખ પામે છે. જે મનુષ્ય જેવું સાધન કરે છે તેવું તેને ફળ મળે છે. ૨૧.

❋ સત્સંગરૂપી નાવ જ જીવને પળમાં પાર કરે છે :

કર્મફળપ્રદાતા પરમેશ્વર જેનું જેવું સાધન હોય તેને તેવું ફળ દે છે. અંતર્યામીનું સ્વરૂપ અનંત છે. તેમાં કોઈનો તર્ક કર્યો ચાલતો નથી. ૨૨. જે મનુષ્ય અતર્ક્ય પરમેશ્વરની બાબતમાં તર્ક કરે છે, તો તે તર્કરૂપી સાગરમાં

ડૂબી જાય છે. જે તર્કરૂપી સાગરમાં એકવાર ડૂબી ગયા, તો પછી તેમાંથી બહાર નીકળ્યા હોય તેવું અમે ક્યારેય સાંભળ્યું નથી. ૨૩. જો સત્સંગરૂપી નાવનો આશરો લે, તો તરત ડૂબતા હોય તે પણ બચી જાય છે. સત્સંગરૂપી નાવ વગર કરોડ ઉપાય કરે, તોપણ કરોડો કલ્પે પણ તે તર્કના સાગરમાંથી બહાર નીકળી શકતા નથી. ૨૪. એટલે જ આ સત્સંગ સર્વોપરિ છે. આ સત્સંગને તુલ્ય બીજું કોઈ આવી શકતું નથી. ૨૫. આ સત્સંગ જેવો છે તેવો બધાને સમજ્યામાં આવતો નથી, અને જો સમજ્યામાં આવી જાય તો તેને પછી બીજું કાંઈ ગમતું નથી. ૨૬.

જેને પોતાના જીવમાં તુચ્છ વાત ગમે છે તે જમપુરીમાં જાય છે, છતાં તે તુચ્છ વાતનો ત્યાગ કરતા નથી. ૨૭. અને તે જન્મ-મરણ તથા લખચોરાશીનાં દુ:ખને અપાર કલ્પો સુધી કબૂલ કરે છે. ૨૮.

❋ શ્રીહરિની સર્વે વાતમાં મોક્ષરૂપી રસ સાક્ષાત્ રહે છે :

चोपाई :

श्रीहरि कहत भये इमि बाता, जिमी बात के प्रसंग रहाता;
बात के प्रसंग पर अपारा, बात करत हरि वार न पारा...२९
बिचित्र बिचित्र हि बात कराते, बिचित्र रस रहे जामें भराते;
जितनी बात करत हरि तामें, मोक्षरूप फल रहाये यामें...३०
अनंत प्रकार के धर्म ताकी, बात करत बिचित्र जो वाकी;
भक्ति की बात केतीक हि भाँती, कहत सुनत तृप्ति न रहाती...३१
ज्ञान की बात करत अगनीता, अपार रस रहे जामें भरीता;
मोक्ष के रसिक जन रहे ताकू, प्रीति बढावत रहाये वाकू...३२

શ્રીહરિ જેવો વાતનો પ્રસંગ હોય એવી વાતો કરતા હતા. વાતનો પ્રસંગ નીકળે ત્યારે શ્રીહરિ અપાર વાતો કરતા હતા. ૨૯. શ્રીહરિ વિવિધ વિવિધ વાતો કરતા હતા, જેમાં નિત્ય નવો રસ ભર્યો રહેતો હતો. શ્રીહરિ જે વાત કરતા તેમાં મોક્ષરૂપી ફળ રહ્યું હોય છે. ૩૦. શ્રીહરિ અનંત પ્રકારના ધર્મની વિવિધ વાતો કરતા. વળી, કેટલીક પ્રકારની ભક્તિની વાતો કહેતા, જેને સાંભળતા તૃપ્તિ થાતી નહીં. ૩૧. વળી અગણિત પ્રકારની જ્ઞાનની

વાતો કહેતા, જેમાં અપાર રસ ભર્યો રહેતો હતો. જે મનુષ્યો મોક્ષના રસિક હોય તેમને તે વાતો હેત વધારતી હતી. ૩૨. વળી વૈરાગ્યની એવી વાતો કહેતા કે તેમાં એકલો રસ જ ભર્યો રહેતો. જેમાં જેવો ધર્મ રહ્યો હોય તેવી પ્રગટ મૂર્તિમાન ધર્મની વાત કહેતા. એ બધી વાત સર્વોપરિ કહેવાતી. વળી ભક્તિના જે નવ અંગ કહેવાય છે, તે જેમાં જે મુખ્ય વર્તતા હોય તેની વાત પણ તે રીતે જ કહેતા; તેને સાંભળીને ઘણો પ્રેમ ઉપજતો.

વળી સદ્‌ગ્રંથને અનુસારે જ્ઞાનની અનંત પ્રકારની વાતો કહેતા હતા. ૩૩-૩૫. શ્રીહરિ જે જ્ઞાન સદ્‌ગ્રંથોની સાથે ન મળતું તેને પ્રમાણ કરતા નહીં. સદ્‌ગ્રંથને શ્રીહરિ ધ્રુવના તારાને ઠેકાણે માનતા. ધ્રુવ વગરના તારાઓ તો દોડ્યા કરે છે. ૩૬. જે દોડ્યા કરતા હોય તેના ઉપરથી કોઈ દિશા સૂઝતી નથી. દિશાઓની કલ્પના તો સ્થિરને આધારે યથાર્થપણે થાય છે. ૩૭. દિવસે ધ્રુવ ક્યારેય દેખાતો નથી. ત્યારે ધ્રુવમાછલી(દિશાસૂચક યંત્ર) જેવી છે તેવી સાચી દિશાને બતાવે છે. ૩૮. જે સદ્‌ગ્રંથોનાં વચનને પ્રમાણરૂપ રાખતા નથી તે અસત્ય મત કહેવાય છે. સદ્‌ગ્રંથોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, તેનો વિચાર કરીને તે ચારની વાત લખવામાં આવી હોય છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિ સત્સંગ, એકાંતિક ધર્મ અને સદ્‌ગ્રંથોને આધારે ચારેય પુરુષાર્થની વાત કરતા હતા" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર ચોવીશમું : તરંગ - ૫૬

માન આદિ અંતઃશત્રુઓને સત્સંગથી જીતવાની વાત શ્રીહરિએ કહી

શ્રીહરિ ફરી કહેવા લાગ્યા, 'એ ચારેય પુરુષાર્થની વાતનું તાન તો સત્સંગ કરવા ઉપર જ રહ્યું છે, પણ તે સમજવું કઠિન છે. ૧. ઉપરની વાત જુદી હોય અને અંદરની જુદી હોય છે; આવો જીવને અનંત જન્મનો મોટો જોરદાર રોગ રહ્યો છે. તે સત્સંગ કરતા હોય, અરે ! મુક્ત થઈ ગયા હોય, તેને પણ વાત જેમ છે તેમ સમજવી કઠણ છે. સનકાદિકો, શુકદેવજી, નારદ, કપિલજી અને દત્તાત્રેય મુનિ જેવા અગણિત પુરુષો થયા છે તે સત્સંગને સમજતા હતા. ૨-૪. તેઓ સત્સંગને જેમ જેમ સમજતા ગયા તેમ તેમ તેમને સત્સંગ અગાધ અગાધ અને અપાર દેખાતો રહ્યો; એવો આ સત્સંગ મહાન છે. ૨૧. ૫. સત્સંગ જેવો છે તેવો જો દેખવામાં આવે તો બ્રહ્માંડમાં તેને બંધન કરે એવું કોઈ ન રહે. ૬. જ્યાં સુધી કોઈ બંધન કરતું હોય ત્યાં સુધી તેને સત્સંગ કરવામાં કસર દેખાય છે. તે કસર તેનું બંધન કહી દે છે. ૭. ભગવાન વામનરૂપ ધરીને આવ્યા ત્યારે બલિ રાજાનું દેહ, ઘર, રાજ્ય અને ધને સહિત જે કાંઈ હતું તે બધું બલિને બાંધીને ખૂંચવી લીધું હતું. ૮.

આમ ભગવાને વગર વાંકે બલિને બાંધી દીધા, છતાં બલિ રાજાએ રંચમાત્ર પણ ભગવાનનો દોષ ન લીધો, માત્ર પોતાનો જ દોષ જોયો. ૯. એટલું જ નહીં પણ તેણે ભગવાનનો અપાર ગુણ લીધો. તેનો અર્થ એ કે, બલિરાજાએ નિશ્ચિતપણે સંપૂર્ણ સત્સંગ કર્યો હતો. તેણે જેવો સત્સંગ કર્યો હતો તે તેનાં વર્તને સમય આવ્યે દેખાડી દીધું. ૧૦.

चोपाई :

तिमि संत अरु हरिजन तिनही, चाय तेसे कहे नित्य इनही;
अधिक अधिक प्रित करेउ तिनसे, सुलट जो समझ ग्रहिके इनसे...११
सुलट समझ ग्रहत जिहाँ लगहू, हरिजन पुरे रहे तिहाँ लगहू;
बात करत रहे सहज हि जामें, जबहि दुःख लगत रहेउ यामें...१२

તેવી જ રીતે અત્યારે આ સંતો અને હરિભક્તો ચાહે તેમ પોતાને રોજ કહે, તોપણ સવળી સમજણનો ઉપયોગ કરીને-તે ઘડતર કરનારાને હિતેચ્છુ સમજીને, તેમાં વધારે ને વધારે હેત કરે; આવી રીતે જ્યાં સુધી જે સવળી સમજણને ગ્રહણ કરે ત્યાં સુધી તે પૂરો હરિભક્ત છે. પરંતુ જો કોઈ સંત-ભક્ત સહજ વાત કરે, તેમાંય દુઃખ લાગી જતું હોય અને તે હરિભક્તનો ભાવ ઊતરવા માંડે, તો તેને માનાદિક કોઈ બાબતનો રોગ લાગુ પડી ગયો છે, તે પારખી લેવું જોઈએ. ૧૧-૧૩.

જ્યાં સુધી જેને માનાદિક રોગ ન થયો હોય ત્યાં સુધી તેને ભાવનાને કારણે લગાર પણ દુઃખ લાગતું નથી; તે વાત નક્કી છે. ૧૪. જો કોઈ પણ વાતે કરીને તે સંત-ભક્તની અરુચિ થઈ ગઈ હોય, તો પછી જ્યાં સુધી તેની અરુચિ વર્તે ત્યાં સુધી તેની સામું જોવું પણ ગમે નહીં. અથવા તે સામે જુએ એ પણ ગમે નહીં. ૧૫. **એવી અરુચિ થવાનું મૂળ-કારણ તો માન દેખાય છે. સાચા સંત તે માનને શત્રુ જાણીને દૂરથી ત્યાગ કરે છે.** ૧૬.

❋ સત્સંગની ગરજ હોય તો સંપ રહે :

જે હરિભક્ત થયા હોય તેણે પોતાના શત્રુઓને ઓળખવા જોઈએ. ભક્તોના ખરા શત્રુ કોણ છે ? તો, કામ-માનાદિક જે કાંઈ અધર્મસર્ગ કહેવાય છે તે બધો જ હરિભક્તનો શત્રુ છે. ૧૭. માટે જેટલો અધર્મવંશ છે તેને સંતો-ભક્તોએ અલગ અલગ કરીને ઓળખવો. તે પ્રત્યેક દોષોના ભિન્ન ભિન્ન સ્વભાવ હોય છે. તે તે સ્વભાવે કરીને તે દોષ દેખાય આવે છે. ૧૮. **જ્યાં સુધી એકબીજાનો સ્વભાવ મળતો આવે ત્યાં સુધી અધર્મવંશીઓ પણ પરસ્પર ઘણો સંપ રાખીને રહેતા હોય છે.** ૧૯. જ્યારે સ્વભાવ મળતો ન આવે ત્યારે ચાહે તેવો મિત્ર હોય, તોપણ એકબીજા સાથે બોલતા નથી; તેવું અધર્મવંશમાં દેખાય છે. ૨૦. માતા, પિતા અને ભાઈઓ સમાન બીજા કોઈ વધારે પ્રિય દેખાતા નથી, પરંતુ જ્યાં સુધી વિક્ષેપરૂપી સ્વભાવ અંદર આવતો નથી ત્યાં સુધી જ તે હેત રહે છે. ૨૧.

संप के कारण गरज देखाता, गरज बिन हि संप न रहाता;
गरज की दिश जब भूल जाते, मित्र संग तब बैर कराते...२२

तिमि मोक्ष के खप जिहाँ लगहू, जाकु रहत हे तिहाँ लगहू;
संत हरिजन ताकु हि तेही, दिव्य अलोकिक देखत एही...२३

સંપ રહેવાનું કારણ તો ગરજ દેખાય છે. ગરજ વિના સંપ રહેતો નથી. જ્યારે જીવ ગરજની દિશા ભૂલી જાય છે ત્યારે મિત્રની-હિતેચ્છુની સાથે પણ વેર કરે છે. ૨૨. તે રીતે જ જ્યાં સુધી જે જીવને મોક્ષનો ખપ રહે છે ત્યાં સુધી તે સંતો અને હરિભક્તોને અલૌકિક દિવ્યભાવથી દેખે છે. ૨૩. નીરોગી માણસમાં રોગ જ્યારે પ્રવેશ કરે છે, ત્યારે જ્યાં સુધી તે રોગ રહે ત્યાં સુધી તે રોગને અનુસારે વર્તન કરતો હોય છે. ૨૪. અથવા તો જેમ કોઈ મનુષ્યમાં જ્યારે ભૂતપ્રેત આવીને પ્રવેશ કરે છે, ત્યારે તેનું ચિત્ત તેના જેવું થઈ જાય છે. ૨૫. અથવા તો કોઈને વાયુના રોગથી, કોઈને ગર્વે કરીને કે દારૂ પીવાથી પણ તેનું ચિત્ત ફરી જાય છે. ૨૬. તેમજ ગમે તેવો ચતુર હરિભક્ત હોય, તોપણ અધર્મવંશના યોગે કરીને જ્યારે તેનો પાશ લાગે છે, ત્યારે તેને સાચા સંતનો યોગ વાતમાં પણ રુચતો નથી. ૨૭-૨૮. **ગમે તેવો ચતુર હરિભક્ત હોય તોપણ અધર્મવંશના યોગે કરીને જ્યારે કુસંગનો પાશ લાગે છે ત્યારે તેને સાચા સંતનો યોગ પણ વાત વાતમાં રુચતો નથી.**

જેને જેવો પાશ લાગ્યો હોય તે તેની રુચિમાં દેખાય છે. જે સંતો-હરિભક્તો જેવા હોય તેવા તેની રુચિ ઉપરથી દેખાઈ આવે છે. ૨૯. ભગવાનના ભક્તોમાં પણ જેનો સ્વભાવ, પ્રકૃતિ કે રુચિ પોતાની સાથે મળતી આવે તેની સાથે તે રુચિ રાખે છે, અને જેની સાથે તે ન મળે તેનાથી દૂર ભાગે છે. ૩૦. પછી ખાલી ઉપરથી નમસ્કારનો વ્યવહાર રાખે છે, પણ અંતરમાં લગાર પણ ભાવ હોતો નથી. અરુચિને લીધે અલૌકિક ભાવ પણ લૌકિક થઈ જાય છે. ૩૧. **જેને પરમ વિવેક હોય તેની જ એકસરખી અલૌકિક બુદ્ધિ રહે છે. જેની એકસરખી અલૌકિક બુદ્ધિ રહેતી હોય તેને ઓળખવા પણ ઘણા કઠણ છે.** ૩૨.

એવી અલૌકિક બુદ્ધિવાળા સંત-ભક્ત પોતાનું જેવું વર્તન હોય તે પ્રમાણે જ બીજાને વાત કરે છે. જે કોઈ જીવ સત્સંગ કરે છે તે સર્વે પોતાથી મોટા

હોય તેમ તે દેખાડે છે. ૩૩. વળી, પોતાને કોઈ મોટા ન માને તેમાં જ તે અલૌકિક સુખ માને છે. જેના અંતરમાં પોતાને મનાવવા-પૂજાવાનું જેટલું તાન રહે છે, તે સાચા હરિભક્તની રીત નથી. તેવાની બુદ્ધિ તો વિપરીત થઈ ગણાય છે. પછી જ્યાં સુધી તેની વિપરીત મતિ રહે છે ત્યાં સુધી તે આ સંસારમાં ભટકે છે. ૩૪-૩૫.

चोपाई :

भगवान ताकी बडता जेहू, सरवोपरि रहायेउ तेहू;
एसे भगवान के भक्त ताकी, बडता रहे सरवोपरि वाकी...३६

दोहा : ब्रह्मांड जितने तिनके, अधिपति होवे जोउ;
भगवान के भक्त सम हि, बडा न रहेउ तोउ...३७

જેવી ભગવાનની મોટપ સર્વોપરિ છે, તેવી ભગવાનના સાચા ભક્તની મોટપ પણ સર્વોપરિ છે. ૩૬. સમસ્ત બ્રહ્માંડોના અધિપતિ હોય તોપણ તે ભગવાનના ભક્ત સમાન મોટા નથી. ૩૭. તે બ્રહ્માંડાધિપતિઓ પોતાનો જેટલો હુકમ હોય તે ચલાવે છે, અને બીજા તે હુકમમાં ચાલે છે. કેમ જે, ભગવાને જ એ રીતની મર્યાદા જોઈ-વિચારીને બાંધી છે. જેથી કોઈને તે મર્યાદા બહાર ચાલવા દેતા નથી. ૩૮-૩૯. પરંતુ જે કોઈ જીવ કે ઈશ્વર જેમ જેમ ભગવાનનો હુકમ ચલાવે છે, તેમ તેમ તેઓ સર્વોપરિ મોટપને પામે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "માન આદિ અંતઃશત્રુઓને સત્સંગથી જીતવાની વાત શ્રીહરિએ કહી" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર ચોવીશમું : તરંગ - ૫૭

શ્રીહરિએ રામપ્રતાપભાઈને સાચા સંતની સમજણ આપી

दोहा : श्रीहरि पुनि कहत भयेउ, भगवानहु के जेहु;
धारे सदा होवत हे, फेर न यामें तेहु...०१
भगवान बिन जो जितना, धारत जेसि हि रीत;
असत्य होई जात सब, बात रहेउ खचीत...०२

શ્રીહરિએ ફરીને વાત કહી કે, "હંમેશાં ભગવાનનું ધાર્યું જ થાય છે, તેમાં કોઈ ફેર નથી. ૧. ભગવાન સિવાયના બીજા જે કોઈ છે તે પોતે જેમ ધાર્યું હોય તેમ કરવા ચાહે છે, પણ તે બધું ખોટું પડે છે. આ વાત નિશ્ચિત છે." ૨. આટલી વાત શ્રીહરિએ કહી. પછી જ્યારે સંધ્યાસમય થયો ત્યારે મશાલો થઈ. સહુએ આરતી અને ધૂન કર્યા. પછી સંતો સ્તુતિના શ્લોક બોલ્યા અને તે બધાનો અર્થ કર્યો, તે રામપ્રતાપજીભાઈએ સાંભળ્યું. ૩-૪.

(જ્યારે ગામ લોયામાં મહારાજ પાસે રામપ્રતાપભાઈ આવ્યા. ત્યારે તેમને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા સારુ મહારાજે મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીને વાતો કરવાની આજ્ઞા કરી. ત્યારે તેઓ વાતો કરે જે, "મહારાજ તો ભગવાન છે, તમારા ભાઈ નથી." ત્યારે તે રામપ્રતાપભાઈ એમ બોલ્યા જે, "સ્વામી, તુમ ઠીક કહતે હો, હમારે ઘરકી બાત હૈ તે હમ સબ જાનત હે." પણ મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થાય નહીં.

પછી મહારાજે તેમને સમાધિ કરાવી. તે પ્રથમ વૈકુંઠધામમાં ગયા. તે અતિ તેજોમય તે ધામ અને તેજોમય શોભાયમાન અનેક વિમાનને દેખ્યાં. ને તેજોમય મૂર્તિ વૈકુંઠનાથ ભગવાનને દેખ્યા. ને તે સન્મુખ આવીને, અતિ હેતે કરીને મળીને, અતિ સન્માન કરીને, પોતાના સિંહાસન ઉપર બેસાડીને પૂજીને, વંદના કરીને એમ કહ્યું જે, "તમે તો પુરુષોત્તમનારાયણના ભાઈ છો, ને અમને દર્શન દીધાં તે મોટી દયા કરી." એમ બોલ્યા.

ત્યારે રામપ્રતાપભાઈ એમ બોલ્યા જે, "મારે તો શ્રીજીમહારાજ પાસે જાવું છે." ત્યારે તેમણે કહ્યું જે, "આ ગરુડ ઉપર બેસીને જાઓ." એમ

કહીને ગરુડ આપ્યો તે ઉપર બેઠા. ને તે ગરુડ અતિ વેગે કરીને ઊડ્યો, તે તેજોમય અક્ષરધામમાં પહોંચ્યો. અને પછી ગરુડથી ઊતરીને અક્ષરમાં પ્રવેશ કર્યો. તે તેજોમય છે મૂર્તિ જેમની એવા શ્રીજીભગવાનને દેખ્યા. ને તેજોમય એવા અનેક કોટી મુક્તોની સભા બેઠી છે. ને તે મુક્ત શ્રીજીને એકાગ્રવૃત્તિએ કરીને જોઈ રહ્યા છે. તેને દેખ્યા. ને પોતાને તો કોઈએ બોલાવ્યો નહિ ને સામું પણ જોયું નહીં. તે જોઈને પછી ભક્તિમાતાને દેખ્યાં ને તેમના ઉપર ખીજીને બોલ્યા કે, "છોટકી, હમકું ક્યું નહિ બુલાતી હૈ ?" તે સાંભળીને શ્રીજીએ ભક્તિને એમ કહ્યું જે, "એ તો સંકર્ષણ છે, તે રીસ કરશે માટે બોલાવો."

પછી ભક્તિએ બોલાવ્યા ને શ્રીજીએ આસન નંખાવ્યું તે ઉપર બેઠા. ને તે જોઈને શ્રીજીમહારાજનો યથાર્થ નિશ્ચય થયો. પછી શ્રીજીએ આજ્ઞા કરી એટલે ગરુડ ઉપર બેસીને પાછા આવ્યા.)

પછી ભાઈને સંતો, વર્ણી અને હરિભક્તોની અલૌકિક રીત દેખીને નિશ્ચય થયો કે, 'આ શ્રીહરિ ભગવાન છે.' એવું એમને જીવમાં જણાયું. પછી તેમને જ્યારે ભાવ થયો ત્યારે તેમણે હરિભક્તોના જે રીતના વ્રતમાન-નિયમ છે, તે મુક્તાનંદ સ્વામીના હાથથી ધારણ કર્યા. પછી સત્સંગ સમાન બીજું કાંઈ શ્રેષ્ઠ જોયું નહીં. ૫-૬. પછી તેઓ બોલ્યા કે, "આટલા દિવસ સુધી ભેખધારીમાં ગુણ ભલે ગમે તેવા હોય, તોપણ તેમને ભગવાનના માનીને હું સારા છે તેમ માનતો હતો. ૭. પરંતુ સાચા ભેખધારીમાં કેવા ગુણો હોય ? તેની મને લગાર પણ ગમ હતી નહીં. તે બધાને હું સારા જ માનતો હતો. જે કોઈ પણ સાધુ નામ ધરાવતા તે સહુને હું ભગવાનના દેખતો હતો. ૮. જેણે વસ્ત્ર ભગવાં કર્યાં હોય તેના હૃદયમાં જરૂર ભગવાન રહ્યા હોય છે, તેમ હું મારા દિલમાં માનતો. અને તેમાં ભગવાનની ભાવના લાવીને જરા પણ દોષ ગ્રહણ કરતો નહીં. ૯. કેમ જે, જે કોઈ સંતોના દોષ જુએ છે તેનું જેટલું પુણ્ય હોય તે તત્કાળ નાશ પામી જાય છે. પછી તે બેહાલ થઈને ભટકતા રહે છે." ૧૦.

✹ સાચા સંતનાં લક્ષણ :

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તમારી તે વાત સાચી છે, જો તે સાચા સંતો હોય તોપણ તમારે તેને ઓળખવા જોઈએ. સાચા સંતોની ખરી રીત એવી છે કે, તેઓ સ્ત્રી અને ધનનો ક્યારેય સ્પર્શ પણ કરતા નથી. ૧૧.

चोपाई :

धन नारी के न रखत प्रसंगा, भगवान ताके रखत संगा;
चार अंतःकरण रहे तामें, हरि के रखत निवास वामें...१२

दोहा : पंच ज्ञानइंद्रि जो तिनमें, भगवानहु के जेहु;
रखत अखंड निवास यह, साचे संत हि तेहु...१३
पंच कर्मइंद्रि हि तिनकु, अजोग्य कर्म हि तामें;
जान न देवे कबहु यह, तान हरि बात यामें...१४

તેઓ ધન અને સ્ત્રીનો પ્રસંગ નથી રાખતા અને સતત ભગવાનનો જ પ્રસંગ રાખે છે. તેઓ પોતાનાં ચારેય અંતઃકરણમાં ભગવાનનો જ નિવાસ રાખે છે. અર્થાત્ અંતરમાં અખંડ ભગવાન ધારી રાખે છે. ૧૨. તેવી જ રીતે જે પોતાના પાંચેય જ્ઞાનેન્દ્રિયોમાં પણ ભગવાનનો અખંડ નિવાસ રાખે છે, પાંચ કર્મેન્દ્રિયોને કોઈ અયોગ્ય કર્મમાં ક્યારેય જવા દે નહિ, અને એક ભગવાનની બાબતનું જ તાન રાખે; તે સાચા સંત છે. ૧૩-૧૪.

सोरठा : कथा कीर्तन हि बात, भगवान सबंधि तिन महीं;
श्रद्धा बहुत रहात, सेवा करना तिन महीं...१५
अजोग्य वस्तु ताके, व्यसन जेते रहे तेही;
त्याग करेउ यह वाके, मल सम जानी कर हि तेहु...१६

चोपाई :

भगवानकु प्रसन्न करीता, रात दिन यह तान रहीता;
राजा रंक धन के हित जिमी, रात दिन उद्यम करत तिमी...१७

સાચા સંતને ભગવાન સંબંધી કથા, કીર્તન અને વાતોમાં તથા સેવા કરવામાં ઘણી શ્રદ્ધા રહે છે. ૧૫. કોઈ પણ અયોગ્ય વસ્તુના વ્યસનને મળ સમાન જાણીને તેનો ત્યાગ કરે છે. ૧૬. સંતને એક ભગવાનને રાજી

કરવાનું જ રાત-દિવસ તાન હોય છે. જેમ રાજાથી લઈને રંક સુધીના સહુ કોઈ ધન માટે રાત-દિવસ ઉદ્યમ કરે છે, તેમ સાચા સંતો ભગવાનને રાજી કરવા રાત-દિવસ સખત મહેનત કરે છે. કેમ જે, જેને જેમાં લાભ મનાય છે તે તેના માટે પરિશ્રમ કરે છે. ૧૭-૧૮.

❋ ભોગ ભોગવવા તે જન્મ વગોવવા જેવું છે :

મનુષ્ય ધનને માટે દેશ પરદેશમાં જઈને રહે છે, છતાં તેમાં કાંઈ પ્રયાસ-દાખડો માનતા નથી. ધનને માટે તો માણસ તોપના મુખની સામે જઈને ઊભો રહે છે, પણ તેનાથી ડરતો નથી. ૧૯. ધનને માટે થઈને મનુષ્ય સર્પ અને સિંહની સેવા પણ તત્પર થઈને કરે છે. વળી, ધનને માટે થઈને મનુષ્ય રાત-દિવસ ધંધામાં જોડાયેલો રહે છે, તે રાતે પણ સૂતો નથી. ૨૦. આમ ધંધામાં લગાર પણ આળસ રાખતો નથી, છતાં પણ તેણે ધારેલું બધું ધન તેને મળી જતું નથી. જેનો જેવો ઉદ્યમ હોય અને જેવી બુદ્ધિ હોય તેવું તેને ધન મળે છે. ૨૧. જેટલી જાતનો ડર કહેવાય છે તે બધો ભય જ્યાં ધન હોય ત્યાં આવીને રહે છે.

ધન તથા સ્ત્રી, બે અગ્નિ છે અને મનુષ્યની જાતિ પતંગિયું છે. અગ્નિને દેખીને જેમ પતંગિયું અંજાયા વિના રહેતું નથી, તેમ ધન અને નારીરૂપી અગ્નિથી મોટા મોટા દેવતાઓ પણ અંજાયા સિવાય રહેતા નથી. ૨૨-૨૩. જુઓને ! નાત જાતનો ઘણો ડર છે, રાજા અને શાસ્ત્રનો અતિશય ડર છે, તોપણ જે અધર્મી ભાઈ હોય છે તે ખાનગીમાં બહેનની સાથે પણ વ્યભિચાર કરે છે. ૨૪. તે રીતે જ પુત્રીની સાથે અધર્મી પિતા વ્યભિચાર કરે છે, અને માતાની સાથે અધર્મી પુત્ર વ્યભિચાર કરે છે. ૨૫.

જેને મોક્ષનો જેટલો ખપ ન હોય તેવા જીવ ઉપરથી ડર રાખે છે, પણ ખાનગીમાં તો પશુના જેવું જ વર્તન કરે છે, તે બધા મરીને જમપુરીમાં જાય છે. ૨૬. મનુષ્ય થયા પછી પણ જે કોઈ મનફાવે તેમ વર્તે છે તે બધાને જમ બરાબર ઓળખે છે. તેથી તેઓ જેવું પાપ કરે તેવો તેને જરૂર દંડ દે છે. વ્યાસજીએ ઠેર ઠેર લખ્યું છે કે, **'જે અધર્મમાં ગળાડૂબ રહી પાપ કરે**

છે તેને જરૂરાજરૂર દુઃખ થાય છે.' વ્યાસનું આ વચન ક્યારેય ખોટું થાશે નહીં. દુઃખ સહન કરવાં માટે જેટલા સમર્થ હોય છે તે બધા ચાહે તેમ વર્તે છે. ૨૭-૨૯.

જે મનુષ્યો દુઃખથી ડરતા હોય છે તે બધા સત્સંગ કરે છે અને પાપમાત્રનો ત્યાગ કરે છે. ૩૦. જે માણસ સુખને માર્ગે ચાલે છે તે સુખ પામે છે અને જે દુઃખને માર્ગે ચાલે છે તે દુઃખ પામે છે. **સત્શાસ્ત્રો અને સાચા સંતો, એ બે સાચો માર્ગ બતાવે છે. કેમ જે, તે બંને જીવ-પ્રાણીમાત્રનાં સુખને જ ઇચ્છે છે.** ૩૧-૩૨. સુખને માર્ગે ચાલ્યા વગર બ્રહ્મા પર્યંત કોઈને કરોડો કલ્પ જતા રહે, તોપણ કોઈને સુખ થાતું નથી. તો પછી બીજા જીવની તો વાત જ શી કહેવી ? ૩૩.

જેટલા ન્યાયપ્રિય રાજાઓ હોય છે તે બધા સુખને માર્ગે ચાલે છે તેથી તે ઘણા સુખી થાય છે. તેને ધનનો કોઈ પાર રહેતો નથી. ૩૪. રાજા પ્રજાને જે રીતે સુખી કરે તે રીતે રાજા પોતે પણ સુખી થાય છે; આવી જેની સમજણ હોય છે તે રાજાની સર્વોપરિ કીર્તિ થાય છે. ૩૫. દુષ્ટરાજા પ્રજાને જે રીતે દુઃખી કરે છે તે રીતે તે રાજા પોતે દુઃખી થાય છે; જે ન્યાયવાળો રાજા હોય છે તે આવું સમજે છે. તેથી તેને લેશમાત્ર દુઃખ થાતું નથી. ૩૬. જે દુઃખને માર્ગે ચાલીને સુખને ઇચ્છે તે ગબડગંડ કહેવાય. તેને સુખની ખબર જ નથી પડતી. ૩૭. **જેને પરમેશ્વર સહાયમાં હોય છે તે જ સુખને માર્ગે ચાલે છે અને તે અપાર સુખને પામે છે.** ૩૮. અનીતિના માર્ગે જે ચાલે છે તેને ઈશ્વર સહાય કરતા નથી અને તેને અમાપ દુઃખ મળે છે, એમ નીતિને જાણનારા કહે છે. ૩૯. જે શુદ્ધ બુદ્ધિના મનુષ્યો છે તે નીતિના માર્ગે ચાલે છે અને તે આ લોક તથા પરલોકમાં સુખી થાય છે." ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ રામપ્રતાપભાઈને સાચા સંતની સમજણ આપી" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર ચોવીશમું : તરંગ - ૫૮

શ્રીહરિએ ખોલડિયાદના હરિભક્તોની રસોઈમાં રીંગણાંનું શાક કર્યું

ઇચ્છારામજીભાઈએ જ્યારે આ વાત સાંભળી ત્યારે તેમણે તો શ્રીહરિની પાસેથી જ વ્રતમાન-નિયમ ધારણ કર્યા. ૧. કરતારામ નામે વિપ્ર જે અયોધ્યાથી પૂર્વમાં સો કોશ જેટલા દૂર રહેતા હતા, તેણે પણ શ્રીહરિની પાસે વ્રતમાન-નિયમ ધારણ કર્યા. ૨. જ્યારે રાત એક પહોર ગઈ ત્યારે ખોલડિયાદ ગામના હરિભક્તો ગાડું ભરીને રીંગણાં લાવ્યા. ૩. તેઓ ખસ ગામથી વેચાતાં રીંગણાં સાઠ મણ લાવ્યા હતા. તેમાં દસ મણ વેચનારાએ પોતા તરફથી દાનમાં આપ્યાં હતાં. ૪. ખેંગાર પટેલ અને રામાભાઈ રીંગણાં લાવ્યા હતા. તેમણે જ્યાં શ્રીહરિ રહેતા હતા તે ભવનની ઓંસરીમાં લાવીને તે રીંગણાં ઉતરાવ્યા. બધાં રીંગણાં માખણ જેવાં કૂણાં હતાં. જ્યારે સભા ઊઠી ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા. રીંગણાં દેખીને ખૂબ જ રાજી થઈ ગયા. ૫-૬. પછી શ્રીહરિ તે ભવનમાં પલંગ ઉપર પોઢી ગયા.

પાછલી રાત જ્યારે એક પહોર રહી ત્યારે શ્રીહરિ સ્નાન કરીને તૈયાર થયા. જ્યારે પોતે દેવસેવા કરી રહ્યા ત્યારે કેટલાક નિપુણ સંતોને બોલાવ્યા. ભણનારા સંતો હોશિયાર હતા. તેવા પંદર-વીશ જેટલા સંતોને બોલાવ્યા. ૭-૮. તે વખતે શ્રીહરિ બાજોઠ ઉપર બેઠા હતા. શ્વેત ખેસ પહેર્યો હતો અને મસ્તક ઉપર શ્વેત રૂમાલ બાંધ્યો હતો. લલાટની વચ્ચે કેસરી તિલક કર્યું હતું. ૯. એક શ્વેત ચાદર ઓઢી હતી, અને શ્વેત રૂમાલ એક હાથમાં લીધો હતો. પોષ મહિનાની ઠંડી હતી તેથી આગળ એક મોટી સગડી રાખી હતી. ૧૦. અને અડાયાં છાણાંનો તાપ કર્યો હતો. ચારે બાજુથી સંતો તાપતા હતા તથા ધોયેલાં રીંગણાંને સુધારતા હતા.

શ્રીહરિ તે વખતે સહુને શીખવાડતા જતા હતા. એક એક રીંગણાંને ચાર ચાર ચીરી કરતા હતા, પણ ડીંટિયામાં ચારે ચીરો ચોંટેલી રાખતા હતા. તે ચીરોના ઉપર વાસણ ઢાંકવામાં આવતાં હતાં. ૧૧-૧૨. જેમ જેમ રીંગણાં સુધારાતાં ગયાં તેમ તેમ વાસણમાં મૂકતાં ગયાં. બધાં વાસણ જ્યારે ભરાઈ ગયાં ત્યારે તેની નીચે તાપ કર્યો. ૧૩. જરૂર પૂરતું તે બધાં વાસણમાં પાણી નાખવામાં આવ્યું. જેમ જેમ તે રીંગણાં ચડી જતાં તેમ તેમ

બેસી જતાં. પછી તેમાં બીજાં રીંગણાં નાખતાં. સંતો દાબી દાબીને રીંગણાં ભરતા હતા. શ્રીહરિ જેમ બતાવે તેમ મુનિઓ કરતા રહેતા. ૧૪-૧૫.

શ્રીહરિ આટલાં બધાં રીંગણાંનું શાક કરે છે, તે સાંભળી તેને જોવા માટે રામપ્રતાપજીભાઈ અને ઈચ્છારામજીભાઈ ત્યાં આવ્યા. ૧૬. તેઓ રીંગણાં દેખીને અતિ વિસ્મય પામ્યા કે, "આ તો બહુ ઝાઝાં રીંગણાં ! આવું કોઈ શાક કરતા હોય એવું અમે જન્મ્યા ત્યારથી કોઈ જગ્યાએ જોયું નથી. ૧૭. આજ અમારો જન્મ ધન્ય થયો છે. આવી વાત અમે ક્યારેય જોઈ નથી." ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા કે, "શ્રીહરિએ તો આવી અપાર બાબતો કરી છે. ૧૮. શ્રીહરિએ ઘણા ઊંચા પ્રેમભાવથી રોજ રોજ હજારો મણ ઘી, બ્રાહ્મણોને કેટલાય દિવસ સુધી જમાડ્યું છે. ૧૯. મોટા મોટા મહારુદ્ર કર્યા છે, પણ પોતાની પાસે કોડી જેટલું પણ ધન રાખ્યું નથી. પાર ન આવે તેટલા બ્રાહ્મણોને જનોઈ અપાવી છે. ૨૦. અને કેટલાક વિપ્રોને કન્યાદાન દીધાં છે. વસ્ત્ર અને ઘરેણાં આપ્યાં છે, તેનો તો કોઈ પાર લઈ શકતું નથી. ૨૧. આ શ્રીહરિએ કેટલીયે ચોરાશી કરી છે. તેનો કહેતા પાર આવતો નથી. એક વખત તો સળંગ છ માસ સુધી ચોરાશી કરી. તેમાં કાંઈ ફેર પડવા દીધો નહીં. ૨૨. છતાં તે બ્રાહ્મણોએ આ શ્રીહરિનો ગુણ લીધો નહીં.

પછી આ શ્રીહરિએ અનંત જીવોનો ઉદ્ધાર કરવાનું ધારી મંદિરો કરવાનો આરંભ કર્યો છે. ૨૩. **શ્રીહરિના સંકલ્પમાં જીવોનો ઉદ્ધાર રહ્યો છે. તેમના સંકલ્પ વિના કોઈ જીવનો ઉદ્ધાર થતો નથી.** ૨૪.

दोहा : रिद्धि सिद्धि जितना जोउ, हरि यह ताके जेहु;
संकल्प तामें रहेउ, जो मन धारत तेहु...२५
इनके संकल्प तिनकु, मिथ्या करत जेते;
मिथ्या होय जात तेहि, नजर देखे केते...२६

જેટલી રિદ્ધિ-સિદ્ધિઓ કહેવાય છે, તે બધી આ શ્રીહરિના સંકલ્પમાં રહે છે. શ્રીહરિ મનમાં જે ધારે છે તે સિદ્ધ થાય છે. ૨૫. આમના સંકલ્પને જે મિથ્યા કરવા ધારે છે તે પોતે જ મિથ્યા થઈ જાય છે. તેવા કેટલાયને અમે નજરે દેખ્યા છે." ૨૬.

પછી શ્રીહરિ જે ઉપરી સંત હતા તેની આગળ બોલ્યા કે, "જેમ જેમ રીંગણાં ચડતાં જાય તેમ તેમ તેમાં બીજાં નાખતાં રહો." ૨૭. બાર રંગાડામાં જેટલાં રીંગણાં સમાયાં તેટલાં વારંવાર ભરતાં રહ્યાં. જ્યારે બધાં ચડીને એકરસ થઈ ગયાં ત્યારે જુવારના સાંઠાના ઝૂડાથી બધાં રીંગણાંને ભાંગીને એકરસ કર્યાં. પછી જે દહીંનાં કૂંડાં ભર્યાં હતાં તેમાં ચણાનો લોટ નાખ્યો. હળદર, મીઠું અને મશાલા જેટલા ઘટિત હોય તે પ્રમાણે શ્રીહરિએ નાખ્યા, અને પોતાના હાથથી તે બધું એકરસ કર્યું. ૨૮-૩૦. જેટલાં વાસણમાં શાક હતું તે બધાંમાં દહીંનાં કૂંડાં ઠાલવ્યાં.

પછી પરમ દયાળુ શ્રીહરિએ તે પ્રત્યેક રંગાડામાં એક એક મણ ઘી તત્કાળ નખાવી દીધું. ૩૧. પછી લાકડાંના સરવાથી(શાક હલાવવાના એક સાધનથી) ઘી અને શાકને એકરસ કર્યું. પછી રીંગણાંનું જેટલું પાણી હતું, તે બધું જ્યારે બળી ગયું ત્યારે એકલું ઘી અને શાક રહ્યું. ત્યારે તેમાંથી ઘણો સુગંધ છૂટ્યો તે પાતાળથી લઈને સત્યલોક સુધી તે સુગંધ ફેલાતો રહ્યો.

ત્યારે દેવતાઓ પરસ્પર કહેવા લાગ્યા કે, "આવો સુગંધ ક્યાંથી આવે છે ? આપણા મનને તે ખેંચી લે છે. ૩૨-૩૪. આ ભૂમિ ઉપર જેટલા યજ્ઞો થયા છે, તેમાં પ્રાચીન બર્હિષ રાજાએ જે યજ્ઞ કર્યા હતા તેમાંથી પણ આવો સુગંધ નીકળ્યો ન હતો, તેના કરતાં પણ આ સુગંધ અધિક છે. આનું કારણ શું હશે ? આ તો ઘણી આશ્ચર્યકારી વાત દેખાય છે." ૩૫-૩૬.એમ કહીને બધા દેવતાઓ પોતપોતાના વિમાનમાં બેસીને જલદી ચાલ્યા. ૩૭. મન કરતાં પણ તે વિમાનોનો વેગ વધારે હતો. અને તે બધા સુગંધના માર્ગે ચાલતા થયા. ૩૮. જ્યાં શ્રીહરિ બેઠા હતા અને શાક કરતા હતા ત્યાં બધા દેવતાઓ આવ્યા અને વિમાનની ઠઠ જામી ગઈ. ૩૯. તે વિમાનોથી બધો આકાશ ભરાઈ ગયો, અને તે દેવતાઓ જે બોલ્યા તે વાત હવે હું કહું છું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ ખોલડિયાદના હરિભક્તોની રસોઈમાં રીંગણાંનું શાક કર્યું" એ નામે અટ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર ચોવીશમું : તરંગ - ૫૯

શ્રીહરિએ શાકોત્સવમાં સંતો વગેરેની સાથે દેવતાઓને પણ જમાડ્યા

દેવતાઓએ આવીને જોયું ત્યારે અક્ષરાધિપતિ શ્રીહરિ શાક કરી રહ્યા હતા. તે જ્યારે જોયું ત્યારે બધા દેવતાઓને અતિશય આનંદ થયો, અને તેઓ 'જય જય...જય જય...' આવો નાદ કરવા લાગ્યા. તેમણે શ્રીહરિને કહ્યું કે, "અમે આ સુગંધ ઉપરથી અહીં આવ્યા છીએ. ૧-૨.

આ ભૂમિ ઉપર યજ્ઞ તો અપાર થઈ ગયા છે. અને તેમાં ઘી પણ ઘણું હોમાયું છે, પણ તેનો ક્યાંય આવો સુગંધ થયો નથી. ૩. જેટલો આકાશ છે તે બધો આ સુગંધથી ભરાઈ રહ્યો છે, અને તે સુગંધના ઉપર અમારું ચિત્ત ખેંચાયું છે. ૪. **હે મહારાજ ! આપે અમારા ચિત્તને ખેંચવા માટે જ આ શાક કર્યું છે. આપે જે આ શાક કર્યું છે તેના સુગંધને અતિશય ભાવથી જે લેશે તે આ સત્સંગમાં જન્મ ધારશે. આ રીતે અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે આપે અત્યારે આવું ચરિત્ર કર્યું છે.** આપ જ્યારથી પ્રગટ થયા છો ત્યારથી આવાં અપાર ચરિત્રો કરતાં રહ્યાં છો. તે અનંત ચરિત્રોમાં જીવનો ઉદ્ધાર કરવો, તે એક જ તાન રહ્યું છે. ૫-૭. આપનાં ચરિત્રની આવી કલ્યાણકારી બાબતને જે નથી જાણતા તેનો ક્યારેય ઉદ્ધાર થતો નથી. આવાં આપનાં ચરિત્રો પ્રતાપી છે, તેને અમે જેવાં જાણીએ છીએ તેવાં કહીએ છીએ." ૮. જ્યારે દેવતાઓની સાથે આટલી વાત થઈ રહી ત્યારે શ્રીહરિએ વર્ણીને કહ્યું કે, "હવે ચૂલમાં રહેલા અગ્નિને ઓલવી નાખો. બધું શાક ચડી ગયું છે." ૯. શાક કરવા ઉપર જયાનંદ નામે વર્ણી રહ્યા હતા. તે શ્રીહરિ જેમ કહે તેમ કરતા હતા. ૧૦. તેણે ચૂલમાં રહેલા અગ્નિને ઓલવી નાખ્યો, અને શ્રીહરિને માટે જે થાળ કર્યો હતો તે ધર્યો. અને અલગ અલગ પાત્રમાં જે શાક હતું તે પણ લાવીને શ્રીહરિની આગળ ધર્યું. ૧૧. તે બધું અલગ અલગ શાક શ્રીહરિ જમ્યાં અને તે શાકનાં ઘણાં વખાણ કર્યાં અને કહ્યું કે, "આ બધાં શાકમાં કોઈ વાતનો ફરક રહ્યો નથી." ૧૨.

શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરાવી. સંઘા પટેલના ઘરનો જે ચોક હતો તેમાં પંગત થઈ અને બધા સંતો 'સ્વામિનારાયણ'

નામની ધૂન કરવા લાગ્યા. તે ધૂન સતત એકધારી કરતા, કોઈ વિરામ પામતા નહીં. ૧૩-૧૪. જેમાં અતિશય સુગંધ હતો એવું શ્રીહરિએ બનાવેલું શાક પિત્તળનાં ઠામમાં નિપુણ સંતોએ ભર્યું. તે ઠામને બબ્બે કડાં હતાં. બબ્બે સંતોએ તે ઠામનાં કડાંને પકડી રાખ્યાં હતાં. ૧૫-૧૬. શ્રીહરિએ પિત્તળનો ડંકો જમણા હાથમાં લીધો, અને સંતોની પંગતમાં પીરસવા આવ્યા, ત્યારે શાકના ડંકા ભરી ભરીને ઘણા હેતથી સંતોને પીરસ્યું. એક ડંકો શાક પીરસતા હતા તેટલાથી સંતોનું પાત્ર ભરાઈ જતું હતું. ૧૭-૧૮. શ્રીહરિએ કહ્યું, 'ઘઉંના સાત પડા રોટલા પહેલા અડધા અડધા પીરસો. પછી જેને જોઈએ તેમ પીરસજો. ૧૯. શાક જમવાનું છોડીને કોઈ સંતને રોટલામાં ભાવ રહેશે નહીં. ચાહે તેવા બીમાર હોય, તોપણ આ શાક તેને રુચિ પેદા કરે એવું છે. ૨૦. ચાહે તેવી અરુચિ રહેતી હશે તેને પણ આ શાક ઘણું રુચિકર છે.' આમ કહેતાં કહેતાં શ્રીહરિ સંતોને પીરસતા હતા. ૨૧.

શ્રીહરિને શાક પીરસવામાં જે ભાવ હતો તે કહી શકાતો નથી. જ્યારે શાક પીરસી રહ્યા ત્યારે સંતો જમવા લાગ્યા. ૨૨. સંતો જ્યારે શાક જમવા લાગ્યા ત્યારે તેને અજોડ કહીને વખાણવા લાગ્યા. શ્રીહરિ જે શાક કરતા હતા તે સહજ રીતે જ સરસ થાતું હતું. ૨૩. **આવી ચતુરતા તો શ્રીહરિમાં અપરંપાર રહી હતી. શ્રીહરિ જે જે કાંઈ કરતા હતા તે સર્વોપરિ થઈ જાતું હતું.** ૨૪.

दोहा : साक पीरसत हरि जितना, संत जेंवत रहेउ;
देव आये जितना जो, संत ता महीं तेउ...२५
प्रवेश करी जेंवत रहे, साक जितना हि जेहु;
श्रीहरि पिरसत रहे यह, जेंव जावत हि तेहु...२६

શ્રીહરિ જેટલું શાક પીરસતા હતા તેટલું સંતો જમી જતા હતા. કારણ કે, જેટલા દેવતાઓ આવ્યા હતા તે બધા સંતોમાં પ્રવેશ કરીને જમતા હતા. તેથી શ્રીહરિ જેટલું શાક પીરસતા હતા તેટલું તેઓ જમી જાતા હતા. ૨૫-૨૬. શ્રીહરિએ કહ્યું કે, "આજે કોઈ સંતો ના નહિ પાડે. માનો જેટલા દેવતાઓ છે તે બધાએ સંતોમાં આવીને પ્રવેશ કર્યો છે." ૨૭. જે ભંડારી સંતો હતા તેને માટે જોઈએ તેટલું શાક રહ્યું ત્યારે તરત જ શ્રીહરિ પીરસતા

બંધ થઈ ગયા. ૨૮. પછી ભંડારી સંતોને શ્રીહરિએ પીરસ્યું. તે પીરસી રહ્યા પછી શ્રીહરિ પોતે પોઢી ગયા. ૨૯.

જ્યારે પાછલો એક પહોર દિવસ બાકી રહ્યો ત્યારે શ્રીહરિ મંચ ઉપર આવીને બેઠા. અને સંતો તથા હરિભક્તોની સભા થઈ. તેમાં રામપ્રતાપજીભાઈ આવ્યા અને ઇચ્છારામજીભાઈ પણ આવીને બેઠા. તે સમયની શોભા કહી જાતી નથી. જે ખોલડિયાદ ગામના હરિભક્તોએ શાક કરાવ્યું હતું તે બધા શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. શ્રીહરિને કુંકુમનો ચાંદલો કર્યો, અને ગઢપુરથી જે ફૂલના હાર રોજ આવતા હતા તે લઈને શ્રીહરિને પહેરાવ્યા. ૩૦-૩૨. જે દિવસે કોઈ હરિભક્તે શ્રીહરિ તથા સંતોને રસોઈ આપી હોય, ત્યારે તે હરિભક્તો તે ફૂલના હાર લઈને શ્રીહરિ તથા સંતોની પૂજા કરતા હતા. ૩૩. સંતો કે વર્ણીને હરિભક્તોની વધારે ઓળખાણ રહેતી. તેથી તેઓ હરિભક્તોને જેવી પૂજાની રીત હોય તે પ્રમાણે પૂજા કરાવતા હતા. ૩૪.

પહેલા હરિભક્તોને જેવો ભાવ હોય તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરાવતા. હરિભક્તોને અધિક ભાવ રહે, એવી રીતે પૂજા કરાવતા હતા. ૩૫. તેમાં આનંદાનંદ સ્વામી પૂજા કરાવવામાં દેશકાળને વધારે જાણતા હતા. તેને લીધે તે બીજા સંતો કરતાં વધારે મોટા કહેવાતા હતા. ૩૬. છતાં પણ મુક્તાનંદ સ્વામીને આનંદાનંદ સ્વામી પૂછતા રહેતા. જેમ મુક્તાનંદ સ્વામી કહે તેમ તેઓ કરતા રહેતા હતા. ૩૭. મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, "શ્રીહરિના જે બંને ભાઈ છે તેની પૂજા શ્રીહરિની પૂજા કરીને પછી કરાવજો." ૩૮. જ્યાં સુધી તે ભાઈઓ રહ્યા ત્યાં સુધી પહેલા ત્રણેય ભાઈઓની પૂજા કરતા, અને તે પછી વર્ણી તથા સંતોની પૂજા મુક્તાનંદ સ્વામી જેમ કહે તેમ આનંદાનંદ સ્વામી કરાવતા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ શાકોત્સવમાં સંતો વગેરેની સાથે દેવતાઓને પણ જમાડ્યા" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર ચોવીશમું : તરંગ - ૬૦

શ્રીહરિએ લોયામાં ઉત્તરાયણ તથા વસંતપંચમીનો ઉત્સવ કર્યો

ખોલડિયાદના અડાલજા મૂળજી પટેલ અને તેના પુત્રોએ સહુ પહેલા શ્રીહરિની પૂજા કરી. ૧. શ્રીહરિની પૂજા કરીને તેમણે તે વખતે રામપ્રતાપજીભાઈની પૂજા ઘણા ભાવથી કરી. ૨. વળી અતિશય ભાવથી ઈચ્છારામજીભાઈની પૂજા પણ તેમણે કરી. તે પછી વર્ણી તથા સંતોની પૂજા કરી. તેમના પછી ક્ષત્રિય ખેંગાર પટેલે તથા તેના ભાઈઓએ પણ શ્રીહરિની પૂજા કરી. ૩-૪. જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે તે હરિભક્તોએ ઘણા ભાવથી રામપ્રતાપજીભાઈની પૂજા પણ કરી. તેમના પછી તે સમયે ઈચ્છારામજીભાઈની પૂજા પણ કરી. તે પછી જેને મોટા કર્યા હતા તે વાસુદેવાનંદ વર્ણીની પૂજા પણ કરી. ત્યારબાદ સહુ સંતોની પૂજા કરી.

એક દિવસ નિમાડ દેશના વિપ્ર ભાણજીભાઈ, જે ચેલા ખાચરની પીપરડી ગામમાં રહેતા હતા અને સારા હરિભક્ત હતા. તેણે એક દિવસ શ્રીહરિ તથા સંતોને માટે રીંગણાંનું શાક કરાવ્યું. ૫-૮. જે જે હરિભક્તને ભાવ હતો, તેઓ રીંગણાંનું શાક કરાવતા હતા. શ્રીહરિ પોતે શાક કરતા અને પોતે સંતોને પીરસતા હતા. ૯. લોયા ગામમાં સંતો તથા હરિભક્તોને રાજી કરવા માટે શ્રીહરિએ રીંગણાંનો શાકોત્સવ ઘણી વખત કર્યો હતો. જે હરિભક્તો રીંગણાંનું શાક કરાવતા હતા, તે શ્રીહરિની પૂજા કરતા હતા અને શ્રીહરિના ભાઈઓની પણ પૂજા કરતા હતા. ૧૦-૧૧. પછી વર્ણી તથા સંતોની પણ પૂજા કરતા હતા. કેટલાક હરિભક્તો રીંગણાંના શાક સિવાયની બીજી રસોઈ આપતા હતા. તેઓ પણ શ્રીહરિ, તેમના ભાઈઓ, વર્ણી તથા બધા સંતોની પૂજા કરતા હતા. ૧૨-૧૩.

❋ ભાવિક ભક્તોએ કરેલી શ્રીહરિની વિવિધ પ્રકારની પૂજા :

રસોઈ સિવાય પણ જેટલા હરિભક્તોને પૂજા કરવાનો ભાવ રહેતો હતો તે બધા પણ પૂજા કરતા હતા. ૧૪. શ્રીહરિ જ્યાં જ્યાં જઈને રહેતા

ત્યાં ત્યાં બધે રોજ તેમની પૂજા થાતી હતી. ૧૫. મોટીબા તથા લાડુબાએ શ્રીહરિના બંને ભાઈઓ માટે કિનખાબની ડગલી તથા ટોપી કરાવી હતી. ૧૬. બુરાનપુરના નિહાલચંદ નામે જે દરજી હરિભક્ત હતા, તે ઘરની બધી સમૃદ્ધિને છોડીને શ્રીહરિ, સંતો, વર્ણી તથા શ્રીહરિના જે પાર્ષદ હતા, તેમની સેવા કરવા માટે પ્રેમથી શ્રીહરિની સમીપે રહ્યા હતા. ૧૭-૧૮. શ્રીહરિની મૂર્તિ ઉપર શોભે તેવાં સુરવાળ, અંગરખું અને ડગલી તે નિહાલચંદ દરજી બનાવી દેતા હતા. તેમને હંમેશાં શ્રીહરિને રાજી કરવામાં રુચિ રહેતી હતી. ૧૯. તેણે જે ડગલી તથા ટોપી બનાવી તે જીવુબાઈને આપી. જીવુબાઈએ ડગલી તથા ટોપી તે વખતે શ્રીહરિને આપી. ૨૦.

પછી શ્રીહરિએ તે ડગલી તથા ટોપી તે બંને ભાઈઓને પહેરાવ્યાં, અને તેમને હીરકોરનો એક એક રૂમાલ પણ પરમ દયાળુ શ્રીહરિએ આપ્યો. ૨૧. તે સિવાય એક એક પીતાંબર આપ્યું અને બબ્બે હીરકોરનાં સુંદર નવાં ધોતિયાં આપ્યાં. તેમજ જે દિવસે જેની રસોઈ હોય તેના તરફથી રોજ સાકરનું સીધું દૂધે સહિત અપાવતા હતા. દિવસો જતાં એક દિવસ ઉત્તરાયણ આવી. હરિભક્તો તલ અને ગોળ લાવ્યા. ૨૨-૨૩. તેના થાળ ભરી ભરીને શ્રીહરિની આગળ લાવીને મૂકતા હતા. શ્રીહરિએ તલ, ખાંડ તથા ગોળને ભેળાં કર્યાં, અને એક એક પોશ ભરીને પહેલા બંને ભાઈઓને આપ્યાં અને પછી વર્ણીને તથા સંતોને આપ્યાં. ૨૪-૨૫. અને તે પછી સહુ હરિભક્તોને તે તલ આપ્યા. આ રીતે ત્યાં ઉત્તરાયણનો ઉત્સવ કરાવ્યો. ૨૬.

પછી વસંતપંચમીનો દિવસ આવ્યો ત્યારે કેસર અને પતંગથી રંગ બનાવવામાં આવ્યો. ૨૭. જેટલા દેશોમાં હરિભક્તો હતા તે બધા પાર નહિ તેટલા આવ્યા. ૨૮. વડોદરાનાં હરિભક્તો બાઈ-ભાઈ આવ્યાં. તેમાં એક દક્ષિણી વિપ્ર નારુપંત નાના હતા. ૨૯. તેઓ શ્રીહરિને માટે એક છત્ર લાવ્યા. જેના ઉપર એક સોનેરી કળશ હતો. તે છત્ર રાતી બનાતમાંથી બનાવ્યું હતું. તે છત્ર શ્રીહરિના મસ્તક ઉપર ધારણ કર્યું. ૩૦. જેટલા ગુલાલગોટા લાવ્યા હતા તે પણ શ્રીહરિની આગળ ધર્યા. અને કસુંબલ વસંતી વસ્ત્ર

હતાં, તે પણ શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર ધારણ કર્યાં. ૩૧. શ્રીહરિ મંચ ઉપર આવીને બેઠા. આગળના ભાગમાં સંતો અને હરિભક્તોની સભા થઈ. સુખધામ શ્રીહરિના ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી પણ સભામાં આગળ બેઠા ત્યારે સભા પૂર્ણ થઈ હોય તેમ દેખાતી હતી.

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી દોકડ તથા સરોદ આદિ વાજિંત્ર વગાડીને વસંત વધાઈનાં પદ ગાવા લાગ્યા. પહેલા વસંતની પૂજા કરી. તેમાં શ્રીહરિની આગળ એક કળશ સ્થાપન કર્યો. ૩૨-૩૪. જેટલી મંગળમય વસ્તુ કહેવાય તે બધી કળશના ઉપર મૂકી. તે પછી જે રીતે કળશનું પૂજન કરાય તે રીતે પૂજન કર્યું. ૩૫. જે કેસરનો રંગ બનાવ્યો હતો તે રામપ્રતાપજીભાઈએ હાથમાં લીધો. પછી ઈચ્છારામજીભાઈએ પણ રંગ લઈને શ્રીહરિના ઉપર તે રંગ ઢોળી દીધો. ૩૬. રામપ્રતાપજીભાઈએ પણ પોતાના હાથમાં જે રંગ હતો તે શ્રીહરિના ઉપર ઢોળ્યો. પછી શ્રીહરિએ સહુના ઉપર રંગ છાંટ્યો. ૩૭. જેટલો રંગ કર્યો હતો તે બધો શ્રીહરિએ ઘણા જ હેતથી સંતો અને હરિભક્તોના ઉપર છાંટી દીધો. ૩૮. ત્યાં જેટલો ગુલાલ હતો તે પણ ઉડાડી દીધો. અને ગુલાલગોટા હતા તે પણ ઉડાડી દીધા. ૩૯. શ્રીહરિ, શ્રીહરિના બંને ભાઈઓ, સંતો તથા બધા હરિભક્તો રંગ અને ગુલાલમાં ઘણા રસબસ થઈ ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ લોયામાં ઉત્તરાયણ તથા વસંતપંચમીનો ઉત્સવ કર્યો" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર ચોવીશમું : તરંગ - ૬૧

શ્રીહરિ સગડીએ તાપતાં ઝીણાભાઈ વગેરેની આગળ ઘણી વાતો કરતા હતા

ધોળકા ગામના એક હરિભક્ત વણિક જ્ઞાતિનાં બાઈ હતાં, તે શ્રીહરિને માટે શ્વેત અંગરખું લાવ્યાં હતાં. તેમણે આગ્રહ કરીને તે અંગરખું શ્રીહરિને પહેરાવ્યું. પછી તે હરિભક્તે શ્રીહરિને હાથ જોડીને કહ્યું કે, "મહારાજ, આ અંગરખું ફાટે ત્યાં સુધી આપ રાખજો. અમારાં મનમાં એવો ભાવ છે." ૧-૩. શ્રીહરિ હરિભક્તોનો જેવો ભાવ હોય તેમ કરતા હતા. પરંતુ જે હરિભક્ત જેવા હોય તેને ઓળખતા પણ હતા. ૪. જે હરિભક્ત જેવા હોય તેને શ્રીહરિ તે રીતે પ્રસન્ન કરતા હતા - આવા શ્રીહરિ પરમ દયાળુ અને પરમ કૃપાળુ હતા. ૫. શ્રીહરિ જે કાંઈ ચરિત્ર કરતા તેમાં હરિભક્તને રાજી રાખવાનું જ એક તાન રહેતું. એટલા માટે જ શ્રીહરિ સત્સંગમાં વિચરતા હતા. ૬.

શ્રીહરિના એક તાનમાં બીજાં કેટલાયે તાન રહેતાં. શ્રીહરિએ તે અંગરખું ચાર ઘડી સુધી પહેરી રાખ્યું. ૭. પછી પોતાની પીઠ મરોડીને તે અંગરખું ફાડી નાખ્યું. તે અંગરખું પીઠના ભાગમાં ઊભે ઊભું ચિરાઈ ગયું. પછી હાથની કોણીને જ્યારે સહજ સ્વાભાવિક રીતે મરોડી ત્યારે બંને બાંયો તરત ફાટી ગઈ. ૮-૯.

પછી શ્રીહરિ તે હરિભક્તની આગળ બોલ્યા કે, "તમે જેમ કહ્યું હતું તેમ જ અમે કર્યું. આ અંગરખું જ્યાં સુધી ફાટ્યું ત્યાં સુધી અમે પહેર્યું. પણ હવે તો આ અંગરખું ફાટી ગયું છે, તે તમે જાણો." એમ કહીને શ્રીહરિએ હરિભક્તોને ખૂબ જ હસાવ્યા-પ્રસન્ન કર્યા.

રામચંદ્રજીના વિવાહ સમયનાં તુલસીદાસજીએ જે પદ કર્યાં હતાં, તેને શ્રીહરિ અતિશય ઉત્સાહથી રામપ્રતાપજીભાઈની પાસે ગવડાવતા હતા. જેટલાં પદ ભાઈને આવડતાં હતાં તે બધાં સવારે અને સાંજે ગાતા હતા. ૧૦-૧૨. ઈચ્છારામજીભાઈની પાસે પણ શ્રીહરિ પદ ગવડાવતા હતા. તેમજ

કરતારામ પાસે પણ વારાફરતી પદ ગવડાવતા હતા. ૧૩. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી સવારે તથા સાંજે હોરીનાં પદ ગાતા હતા. ૧૪. રોજ દોકડ તથા સરોદને વગાડતા અને શ્રીહરિને જે પદ બહુ પ્રિય હતાં તે પદ અતિશય પ્રેમથી ગાતા હતા. ૧૫.

જ્યાં શ્રીહરિ રહેતા ત્યાં કથા, કીર્તન અને વાતોનો જોરદાર રંગ જામતો હતો. ત્યાં બીજા બધા રંગ ફિક્કા લાગતા હતા. ૧૬. તે સ્થાનમાં કથા, કીર્તન અને ભગવાનની વાતોનું જ સહુને રાત-દિવસ તાન રહેતું હતું. ભગવાન સિવાયની જેટલી કાંઈ બાબતો છે તે બધી નિર્જીવ દેખાતી હતી. ૧૭. એકમાત્ર ભગવાનના શરણ સિવાય બધું પરાધીન દેખાતું હતું. જ્યાં સુધી જીવ ભગવાન સિવાય અન્ય વસ્તુમાં સાર માને છે ત્યાં સુધી તે ચાહે તેટલા ગ્રંથ ભણ્યો હોય, તોપણ તે એકેય ગ્રંથ નથી ભણ્યો. ગમે તેટલા ધર્મવાળા હોય, ચાહે તેવા ભક્તિવાળા હોય, ચાહે તેવા જ્ઞાની હોય, અને ગમે તેટલો વૈરાગ્ય પામ્યા હોય, પણ જ્યાં સુધી ભગવાનને જ સહુથી અધિક નથી જાણતા ત્યાં સુધી તે બધા નિર્જીવ છે. જે કરોડો સાધન કરીને નિષ્કપટભાવે ભગવાનને સર્વોપરિ જાણે છે, તે હરિભક્ત સર્વોપરિ છે - આ રીતે તેની સમજણે કરીને જાણવું. શાસ્ત્રોમાં જેટલાં સાધન કહ્યાં છે તે સર્વે ભગવાનની વાતમાં આવી જાય છે. માટે જેને ભગવાનની કથા-વાર્તામાં દિવસે દિવસે અધિક ભાવ વધતો રહે પણ તેમાંથી ક્યારેય તૃપ્તિ ન થાય, તે સર્વોપરિ ભક્તની નિશાની છે. તે જેમ છે તેમ અમે બતાવી દીધી. ૧૮-૨૩.

તે દિવસોમાં ટાઢ બહુ પડતી હતી. જ્યારે રાત પાછલો એક પહોર રહે ત્યારે બોરડીનાં મૂળિયાં સળગાવીને સગડી કરતા હતા. ૨૪. રોજ શ્રીહરિ તે સગડીની પાસે બેસીને તાપતા હતા. જેવા **દરબાર ઝીણાભાઈ તથા જેવા સોમલા ખાચર હતા તેવા જ સુરા ખાચર પણ હતા. એ બધા હરિભક્તો સત્સંગ અને ભગવાનને નિષ્કપટભાવે સર્વોપરિ સમજતા હતા.** તેઓ બહુ માહાત્મ્યવાળા હતા. ૨૫-૨૬.

सोरठा : भगवान ताके हीत, सत्संगि संतहु के हित;
अधिक न रहे खचीत, तन धन आदिक वस्तु कछु...२७
आपतकाल तामें, आपके तन सम हि तेहि;
मानत रहे यामें, सरवोपरि हरिजन यह...२८

જેઓ શ્રીહરિ, સંતો અને સત્સંગી ભક્તો માટે જ પોતાનું તન, ધન આદિ બધું કરી રાખતા હોય પણ તેનાથી વિશેષ કાંઈ જ રાખે નહીં. ૨૭. વળી, આપત્કાળના સમયમાં જેઓ શ્રીહરિ, સંતો અને હરિભક્તોને પોતાના શરીરની જેમ જ માને-સાચવે; એવા જે હોય તે સર્વોપરિ હરિભક્ત કહેવાય. ૨૮. શ્રીહરિ તાપતાં તાપતાં એ બધા હરિભક્તોની આગળ આવી વાતો કરતા હતા. કદાચ કોઈ કરોડ કલ્પ સુધી કથા-વાર્તાનો યોગ રાખે, પણ જ્યારે આપત્કાળ પડે ત્યારે ધનવાન હરિભક્તો હોય, તેનાં અન્ન-ધન આદિ વસ્તુ જો શ્રીહરિ તથા સંતો-ભક્તો માટે કામ ન લાગે, તો તે તૂટી ગયેલા સરોવરમાં જેમ ગમે તેટલું પાણી આવે, પણ તે કોઈના ઉપયોગમાં આવતું નથી, તેમ તે ધનવાનનું પણ બધું જ નકામું કહેવાય. ૨૯-૩૧.

✵ મોક્ષનું મૂળ ભાવ છે :

चोपाई :

भगवान संत हरिजन परही, जितना भाव उर रहत करही;
भाव तेसे हि तेही कल्याना, होवत रहे आत देखाना...३२
मोक्ष के मूर भाव देखाता, भाव तामें सब बात रहाता;
भाव के मूर महात्म रहाते, महात्म के मूर सत्संग कहाते...३३
सत्संग के मूर संत रहावा, संत विन न आत देखावा;
संत अरु सत्शास्त्र रहे जेता, धर्म भक्ति के मूर हे तेता...३४
ज्ञान वैराग्य के मूर रहाना, सत्शास्त्र जेते कहाना;
संत के मूर सत्शास्त्र रहेऊ, सत्शास्त्र के मूर हरि कहेऊ...३५
हरि के मूर हरि रहावू, ता विन पर न आत देखावू;
तापत एसे बात अपारा, करत रहे हरि वार न पारा...३६

ભગવાન, સંતો અને હરિભક્તો ઉપર દિલમાં જેટલો ભાવ હોય તેવું તેનું કલ્યાણ થાય છે, તે બાબત સ્પષ્ટ જોવા મળે છે. ૩૨. તેથી મોક્ષનું મૂળ-કારણ ભાવ દેખાય છે. શ્રીહરિ તથા સંતો-ભક્તોના ભાવમાં જ સર્વે બાબત રહી છે. શ્રીહરિ તથા સંતો-ભક્તોમાં ભાવ થવાનું મૂળ-કારણ માહાત્મ્ય છે. તે માહાત્મ્યનું મૂળ સત્સંગ છે. ૩૩. સત્સંગનું મૂળ સંતો છે. સંતો વિના સત્સંગનું મૂળ બીજું દેખાતું નથી. સંતો અને સત્શાસ્ત્ર, એ ધર્મ તથા ભક્તિનું મૂળ છે. તથા જ્ઞાન અને વૈરાગ્યનું પણ કારણ તે જ છે. જે સત્શાસ્ત્ર કહેવાય છે તે સંતોનું મૂળ છે અને સત્શાસ્ત્રનું મૂળ ભગવાન કહ્યા છે. હવે તે પરમાત્મા શ્રીહરિનું મૂળ તો તે હરિ પોતે જ છે. તે ભગવાનથી ઉપર હવે કોઈ જ નથી." તાપતાં તાપતાં શ્રીહરિ આવી અપાર વાતો કહેતા હતા. ૩૫-૩૬.

એક દિવસ સવારમાં સિદ્ધાનંદ મુનિ (લેખક પોતે) પ્રભાતી પદ ગાતા હતા. તે શ્રીહરિએ સાંભળ્યું. પછી જ્યાં તાપતા હતા ત્યાંથી જુસાજી નામના પાર્ષદને 'આ કોણ સંત ગાય છે', તે ચોક્કસ જોવા માટે મોકલ્યા. ૩૭-૩૮. તેણે જઈને બારણાં આગળ જ કોઈ સંતને પૂછ્યું કે, "આ કયા સ્વામી ગાય છે ?" પછી તે નામ જાણીને તેણે શ્રીહરિને કહ્યું. ૩૯. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "બહુ જ સારાં કીર્તન ગાય છે. આવી રીતે કીર્તન ભક્તિ કરવી તે બહુ મોટી વાત છે. કેમ જે, આ કીર્તન ભક્તિ ભગવાનની સ્મૃતિ કરાવી દે છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિ સગડીએ તાપતાં ઝીણાભાઈ વગેરેની આગળ ઘણી વાતો કરતા હતા" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર ચોવીશમું : તરંગ - ૬૨

શ્રીહરિએ ખુશાલભાઈ પાસે દુશ્ચરિત્ર અને લોભી ગુરુની વાત કહેવડાવી

મહા મહિનાની પૂનમનો દિવસ આવ્યો. રાત્રિ થઈ ત્યારે ચંદ્રોદય થયો. તે પછી રાહુએ ચંદ્રનું ગ્રહણ કર્યું. ૧. તે વખતે શ્રીહરિ આવીને મંચ ઉપર બેઠા અને બધા સંતો (મેં સર્વે સંગાથે તોડી રે, સાહેલી...એ) ગરબીનાં પદ ગાવા લાગ્યા. પછી શ્રીહરિ વાતો કરવા લાગ્યા. ૨. ત્યારે તે સભામાં કાનમ દેશનું જે સારંગ નામનું ગામ છે ત્યાંના એક ખુશાલભાઈ નામે વણિક હરિભક્ત બેઠા હતા. ૩. શ્રીહરિએ તેને કહ્યું, "તમે પહેલાં પાકા વૈષ્ણવ હતા અને પછી હરિભક્ત થયા છો. તો વિઠ્ઠલનાથજીના જે ગુહ્યમાં ગુહ્ય પદ હોય તેને તમે બોલો, અમે તે સાંભળીએ. જેમાં પૂર્ણ પુરુષોત્તમને યથાર્થપણે કહ્યા હોય તેવાં પદને તમે બોલો." ૪-૫.

ત્યારે તે શેઠ ખુશાલભાઈ શ્રીહરિને પુરુષોત્તમ જાણીને ઘણા હેતથી બોલ્યા, "વલ્લભાચાર્યના પિતાથી આરંભીને પદ બોલાતા આવ્યા છે. ૬. તે બધા આચાર્યો વૈષ્ણવના મોક્ષને માટે ગોલોક ધામથી આવ્યા હોય છે. જેટલો વલ્લભ વંશ હોય છે તેને પુરુષોત્તમ એવે નામે કહેવાય છે. ૭. તે વલ્લભ વંશના પુરુષોત્તમ અને શ્રીકૃષ્ણમાં જુદાઈ કહેવાતી નથી. તે પુરુષોત્તમના સંબંધને ન પામી હોય તેવી બધી જ નારીઓ જમપુરીનું દ્વાર કહેવાય છે, એમ તે માને છે. જ્યારે સ્ત્રીને તે પુરુષોત્તમનો સંબંધ થાય છે ત્યારે તે નિષ્પાપ કહેવાય છે. અને તે સ્ત્રી પતિનો પણ ઉદ્ધાર કરે છે. ૮-૯. જે વૈષ્ણવોનાં ગુહ્ય પદ કહેવાય છે તે બધામાં આવો ને આવો ભાવ રહ્યો હોય છે. એવાં પદને સાંભળ્યા પછી તો અગ્નિમાં જેમ પતંગિયાં પડે તેમ કરોડપતિ ધનવાનો વૈષ્ણવ મતમાં પ્રવેશ કરે છે; એમ તે હરિભક્ત વણિક બોલ્યા.

જ્યારથી હું સત્સંગી થયો છું ત્યારથી આરંભીને મેં તે વૈષ્ણવનાં ગુહ્ય પદોનો ત્યાગ કર્યો છે. હવે મને સાચા અર્થમાં જ્યારે પુરુષોત્તમ મળ્યા

છે ત્યારે તે સાચા પુરુષોત્તમનાં પદોને હું ભાવથી ગાઉં છું. ૧૦-૧૨. વિઠ્ઠલનાથમાં પુરુષોત્તમનો ભાવ પ્રતાપ દેખે તો બેસે, એમ સાક્ષી કહે છે. તે વિઠ્ઠલનાથજીના પુત્રોને અને તેના પણ બધા પુત્રોને 'લાલ' એવા નામથી બધા વૈષ્ણવો કહે છે. ૧૩-૧૪.

જેટલા લાલ થયા છે તે બધા લાલજીને રાખવા લાગ્યા. અને સમય સમય પ્રમાણે વિઠ્ઠલનાથજીએ તેના કેટલાય ઉત્સવ બાંધી દીધા. ૧૫. જે રીતે ઉત્સવ બાંધ્યા છે તેને લાલજી કરવા લાગ્યા, પણ તે જિતેન્દ્રિય ન રહ્યા. છતાં શિષ્યો તો તે બધું લીલાના રૂપમાં જ કહેતા રહ્યા છે. ૧૬. જે ગુરુઓ વ્યભિચાર કરે છે તે ગુરુ તો નરકના દ્વારરૂપ છે. વ્યભિચારમાં મોક્ષ માનનારા લોકો ચોક્કસ અધર્મવંશના છે. તે તેની ચાલચલગત ઉપરથી ઉઘાડું દેખાય આવે છે. જેટલા મતમાં જેવું ચલણ હોય છે તે પ્રસિદ્ધ દેખાઈ આવે છે. ૧૭-૧૮.

જગતમાં જેને પશુધર્મ ગમતો હોય એવાં નર-નારીઓ, જેમાં પશુધર્મ વર્તતો હોય એવા ગુરુમાં અપાર રુચિ કરે છે, અને તેમાં લગાર પણ દોષ ગણતા નથી. વિષયી મનુષ્યો વિષયી ગુરુને સાચા ભગવાનથી પણ અધિક ભાવપૂર્વક માને છે. પરંતુ તેનું શું ફળ થાય છે, તે તેમને દેખાતું નથી. જે અધર્મના ફળને જાણે છે તેઓ ધર્મની જે જે બાબતો છે તેને ભૂલથી પણ ક્યારેય છોડતા નથી, તેને જ મનુષ્યધર્મ કહેવાય છે. એવા જે મનુષ્ય હોય તેને જ ખરા અર્થમાં ધાર્મિક કહેવાય છે. એવા ધાર્મિક મનુષ્યો અત્યારે આ સત્સંગ કરે છે. ૧૯-૨૨.

જ્યારે મેં આ સત્સંગ સ્વીકાર્યો ત્યારે સત્સંગ કરવાથી તે બધું મને સમજાયું. જ્યાં સુધી મનુષ્ય સત્સંગ નથી કરતો ત્યાં સુધી તે ચાહે તેટલો ભણેલો હોય, તોપણ અનાચારમાં શાસ્ત્રો જે જે દોષ બતાવે છે, તેને તે તલભાર પણ દેખતો નથી. અને જ્યાં સુધી તે અનાચારમાં દોષ દેખતો નથી, ત્યાં સુધી તે ગમે તેટલું ભણ્યો હોવા છતાં એક અક્ષર પણ ભણ્યો નથી. તેથી તે તો અભણમાં જ ખપે છે અને તે જે વિદ્યા ભણ્યો હોય તે બધી અવિદ્યા ગણાય છે. તે ખરેખર એક પણ વિદ્યા ભણ્યો નથી. ૨૩-૨૫.

કોઈ મનુષ્ય અપાર ધન પામ્યો હોય, પણ તેનું કરોડોનું ધન કુમાર્ગમાં ચાલ્યું જાય તો તે તેના ઉપયોગમાં નથી આવતું. તે રીતે જ કોઈ કે પોતાનું ધન સન્માર્ગમાં લગારેય ન વાપર્યું, પણ ભેળું કરી કરીને જમીનમાં દાટ્યે જ રાખ્યું તેમાં તેને ક્યારેય તૃપ્તિ થઈ જ નહીં. તો તે ધન પણ તેના કામમાં લગારેય આવતું નથી. ૨૬-૨૭. જેના મનમાં તૃપ્તિ જ ન હોય, અત્યંત કંજૂસાઈ ભરી હોય, અને ધનને ભેગું કરતાં કરતાં ક્યારેય સંતોષ જ ન થતો હોય, તે ગુરુ થયા હોય તોપણ શું થયું ? ૨૮. અસંતોષી જીવો જે જે યોનિમાં જાય છે ત્યાં તેને તૃપ્તિ થાતી નથી. તેઓ તો સદા ભૂખ્યાના ભૂખ્યા જ રહે છે. ૨૯. જેને ધનમાં હેત હોય છે તેને પરમેશ્વરમાં કોઈ રીતે હેત થાતું જ નથી. તે તેના આચરણ ઉપરથી દેખાય છે. ૩૦. કોઈ વ્યક્તિ ખૂબ જ્ઞાન શીખે અને બીજાને કહે, પરંતુ જો ધનને પરમાર્થમાં લગાર પણ ન વાપરે તો તેનું ભેળું કરેલું બધું ધન જેમ સમુદ્રમાં નાખી દીધું હોય તેમ નકામું જ કહેવાય છે. ૩૧.

❋ પરમાર્થી છે તે જ ખરો ધનવાન છે :

જે વારંવાર સંતો અને બ્રાહ્મણને ઘણા ભાવથી જમાડે છે, તે ભલે બીજું કાંઈ જ્ઞાન શીખેલો ન હોય, તોપણ તેને સંતમાં ભાવ છે, માટે તે બધું જ્ઞાન શીખેલો જ છે. કદાચ તેના ઘરમાં કાંઈ ધન ન હોય, છતાં તે અપાર ધનવાન છે. ધન મળ્યાનું એટલું જ પ્રયોજન છે કે તેનાથી સતત પરમાર્થ થાય. ૩૨-૩૩. ગુરુના શિષ્ય નર-નારીઓ લાખોની સંખ્યામાં હોય છે. તે બધાં ધન આપીને તેમને માને છે. ૩૪. જ્યારે તે ગુરુ શિષ્યના ગામમાં જઈને ઘરે-ઘરે પધરામણીએ ફરે છે ત્યારે ગુરુને જેટલો ખર્ચ થતો હોય તે બધો ખર્ચ શિષ્યો તેમને નિત્ય આપતા રહે છે. ૩૫. વળી, ગુરુને માટે રોજ સાકરનાં સીધાંની રસોઈ આવે છે.

જે ગૃહસ્થ ગુરુ તે જાતિએ કરીને વિપ્ર હોય છે, તેવા ગુરુને ભેખધારીઓએ સહિત બધા અધિક કરીને માને છે. જે ભેખધારી છે તેની વાતને મોટા મોટા રાજાઓ પણ માને છે. જો વાત કરતા આવડે તો વાતમાં

બધી રિદ્ધિ સિદ્ધિ રહી છે તેમ દેખાય છે. જે વિપ્ર આચાર્ય હોય છે તેને બધા ભેખધારીઓ માને છે. ૩૬-૩૮. અને ભેખધારીને માટે જે રીતે વિપ્ર પૂજ્ય છે તે રીતે જ વિપ્રને પણ બધા ભેખધારી પૂજ્ય રહ્યા છે." ૩૯. જ્યારે વણિક ખુશાલભાઈએ આવી બધી વાત કરી ત્યારે ચંદ્રનું ગ્રહણ છૂટી ગયું. પછી શ્રીહરિ સ્નાન કરવા ચાલ્યા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને ગામના હરિભક્તોએ લગભગ વીશ જેટલી ગાડી જોડીને તૈયાર રાખી હતી. ૪૦-૪૧. જેટલા વૃદ્ધ સંતોને શ્રીહરિએ આજ્ઞા કરી તે બધા ગાડામાં બેઠા અને બીજા બધા સંતો ગરબીનાં પદ ગાતાં ગાતાં ચાલ્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ ખુશાલભાઈ પાસે દુશ્ચરિત્ર અને લોભી ગુરુની વાત કહેવડાવી" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર ચોવીશમું : તરંગ - ૬૩

પિંગળશી ચારણની સાથે શ્રીહરિએ બુદ્ધિમત્તાની વાત કરી

લોયા ગામથી દક્ષિણ દિશામાં સુખભાદર નામની નદી વહે છે. તે નદી પા કોશ જેટલી દૂર છે. જ્યારે અધરાત થઈ ત્યારે શ્રીહરિ, સંતો અને બધા હરિભક્તોએ જઈને તે નદીમાં સ્નાન કર્યું. ૧-૨. લોયા ગામના બધા હરિભક્તો ભાવિક હતા, તે તલહરાના ભારા બાંધી લાવ્યા. ૩. વીશ પચીશ ભારા લાવ્યા હતા. જ્યારે શ્રીહરિ અને સંતો સ્નાન કરી રહ્યા ત્યારે તે તલહરાને અલગ અલગ જગ્યાએ મૂકીને તેનો તાપ કર્યો. ૪. તે હરિભક્તોનો અપાર ભાવ શ્રીહરિએ જોયો. શ્રીહરિ પણ ભાવથી ત્યાં ઊભા ઊભા તાપવા લાગ્યા. ૫. જ્યાં જ્યાં તાપ કર્યો હતો ત્યાં ત્યાં બધે ફરતા સંતો-હરિભક્તો તાપવા આવ્યા, તે સમાતા નહીં. જ્યારે તલહરાની તાપણીથી સહુ તાપી રહ્યા ત્યારે શ્રીહરિ બળદગાડીમાં બેઠા. ૬.

પછી સંતો અને હરિભક્તોએ સહિત શ્રીહરિ ગામ તરફ ચાલ્યા. આગળના ભાગમાં ઢોલ અને તાસાં વાગતાં હતાં. બધી જ ગાડી શ્રીહરિની

સાથે હતી. સંતો ઘણા ઉમંગથી કીર્તન ગાતા હતા. ૭. આ રીતે સહુ ગામમાં આવ્યા. તેની શોભા એવી થઈ કે જે કહી શકાતી નથી. જેટલા સંતો અને હરિભક્તો હતા તે પોતાને આસને આવીને બેઠા. ૮. સહુએ પહેલા માનસી પૂજા કરી અને પછી સંતોએ શ્રીહરિની પટપ્રતિમાની પૂજા તિલક કરીને કરી. પછી હરિભક્તો સૂઈ ગયા. ૯.

એક દિવસ પિંગળશી નામે એક ચારણ જે વઢવાણ શહેરમાં રહેતા હતા, તે ભાવનગરથી શ્રીહરિનાં દર્શન કરવાં માટે લોયા ગામમાં આવ્યા હતા. તેણે આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. શ્રીહરિ મંચ ઉપર બેઠા હતા. તેણે શ્રીહરિનાં ચરણમાં મસ્તક રાખ્યું. ૧૦-૧૧. પાંચ રૂપિયા ભેટ ધરી અને હાથ જોડી, મસ્તક નમાવીને બધા સંતોને નમસ્કાર કર્યા. પછી તે બ્રહ્માનંદ સ્વામીનો હાથ પકડીને મળ્યા અને તેણે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું, 'આપને ધન્ય ધન્ય છે.' ૧૨. કારણ કે, જેટલી દેવ(ચારણ)જાતિ છે તેનો આપે ઉદ્ધાર કર્યો છે. અત્યારે આપ પરમ ઉદાર આવા શ્રીહરિનું સમીપપણું પામ્યા છો. ૧૩. આ બધા સંતોને પણ ખરેખર ધન્ય ધન્ય છે. આ સહુ હંસની જેમ બેઠા છે અને સાચા મોતીરૂપી આ શ્રીહરિની મૂર્તિ સહુની સમક્ષ રહી છે. ૧૪. પછી શ્રીહરિએ તે પિંગળશી ચારણને પોતાની સમીપે બોલાવીને બેસાડ્યા. તે જ્યાં જતા ત્યાં મોટા મોટા રાજાઓ પણ તેમને માન આપતા હતા. ૧૫.

❋ બુદ્ધિમાન મનુષ્યે કરવા યોગ્ય કર્તવ્ય શું છે ? :

પછી શ્રીહરિએ તેને કહ્યું કે, 'તમે અતિશય બુદ્ધિમાન છો. જીવને માટે મનુષ્યના દેહ જેવો બીજો કોઈ દેહ દેખાતો નથી. ૧૬. આ મનુષ્યદેહ ઉત્તમમાં પણ સહુથી અપાર ઉત્તમ છે. તે મનુષ્યદેહને પામ્યા પછી બુદ્ધિમાનને જિંદગીભર અવશ્ય કરવાનું શું હોય છે ? કે જે કર્યા વિના મનુષ્યજન્મ વૃથા કહેવાય છે. એ પોતાનું કર્તવ્ય કર્યા વિના તો બુદ્ધિ હોવા છતાં પણ તે બુદ્ધિહીનમાં ખપે છે; આવું અમે બુદ્ધિમાનને પૂછતા રહીએ છીએ. તમારા જેવો કોઈ બુદ્ધિમાન કહેવાતો નથી. અમે તો બુદ્ધિમાનને વારંવાર ખોળતા રહીએ છીએ, છતાં પણ તે મળતા નથી. ૧૭-૧૯.

આજે તમે અમને બુદ્ધિમાન મળ્યા છો. તો હવે તમે જે જાણતા હો તે બોલો. વળી, અમે સાંભળ્યું છે કે તમે એવા કવિ છો કે કોઈનું એંઠું ખાતા નથી(બીજા કોઈ કવિના કાવ્યને પોતાના નામે લેતા નથી.). ૨૦. તે તમે એંઠું કોને કહો છો ? તે કહો. અમે તે વાત સાંભળીએ. કહ્યા સિવાય બુદ્ધિમાનની બુદ્ધિ દેખ્યામાં આવતી નથી. ૨૧. એંઠા વગરનું શુદ્ધ કાવ્ય અર્થાત્ બીજા કોઈએ કરેલું ન હોય તેવું તમે નવું કાવ્ય કરો છો, તે તમારા નવા કાવ્યને અમે ક્યારેય સાંભળ્યું નથી. જે કોઈ પણ બાબત હોય તે આધાર(પ્રમાણ) વગર દેખ્યામાં આવતી નથી. ૨૨. તમે અતિશય બુદ્ધિમાન છો. તેટલા માટે હું કહું છું. આમ તો પરમેશ્વર સહુનું મૂળ કહેવાય છે. પરમેશ્વરથી અધિક કોઈ નથી. મૂળ વગરની જે જે વાત હોય તેને બુદ્ધિમાનો પ્રમાણ કરતા નથી.”

ત્યારે તે પિંગળશી ચારણ બોલ્યા, “આ ઠેકાણું(આપનું સામીપ્ય) સત્યનું છે. ૨૩-૨૪. જ્યાં સત્ય હોય ત્યાં સત્ય બોલવું જોઈએ અને જ્યાં અસત્ય હોય ત્યાં અસત્ય બોલાય, એવું અમે જેટલી ચારણ જાતિ છીએ તે બોલીએ છીએ. ૨૫. દેખતાની આગળ આંધળો ચાહે તેવો હોય તોપણ આંધળો તે આંધળો જ રહે છે. આંધળો આંધળાઓની વચ્ચે જ હરખાય છે. ૨૬. અમે બધા તો સ્ત્રી અને ધનના ગુલામ થઈને રહ્યા છીએ. અરે, મોટા રાજાઓ અને દેવતાઓ પણ તેના ગુલામ થઈને રહ્યા હોય છે. ૨૭. આપે જે સ્ત્રી અને ધનને મળ જેવાં કરી-કરાવી દીધા છે, તેને અમે સર્વોપરિ માનીએ છીએ; એવી મલિન બુદ્ધિવાળા અમે છીએ. ૨૮. જે મનુષ્ય સ્ત્રી-ધનમાં જેટલો બંધાયેલો રહે, તેટલો તે દુઃખી રહે છે. જ્યાં સુધી માન-અપમાનમાં સુખ-દુઃખ માને છે ત્યાં સુધી તેને અપરંપાર દુઃખ રહે છે; આવું આ જગત ઘણું નકારું છે. જે જે બાબતમાં જેટલી તુચ્છતા રહી હતી, ૨૯-૩૦. તેને આ વખતે હે મહારાજ ! આપે પ્રગટ થઈને દેખાડી દીધી છે. કાંઈ બાકી રાખ્યું નથી. અને જેમાં જેવું દૈવત હતું તેવું તેમાં આપે આ સમયે બતાવ્યું છે. ૩૧.

પ્રથમ વેદ, પુરાણ અને સ્મૃતિઓમાં અધર્મ ન હતો. આદિ યુગમાં બધી જ પ્રજા વિપ્ર હતી. જેવો સંકલ્પ કરે તેવું થતું હતું. ૩૨. બીજા યુગમાં

કલ્પવૃક્ષની સમીપે જાય અને જેવું ચિંતવે તેવું થતું હતું. સમય જતા એટલો ફરક પડી ગયો. ૩૩. ત્રીજા યુગમાં પુરુષ જ્યારે સ્ત્રીનો સ્પર્શ કરે ત્યારે તેને પુત્ર થતો હતો. એ યુગમાં આટલો ફરક પડ્યો. ૩૪. ચોથા યુગમાં જ્યારે પુરુષ સ્ત્રીનો અંગસંગ કરે ત્યારે તેને પુત્ર કે પુત્રી થવા લાગ્યા. તેમાં પણ એટલો ફરક થઈ ગયો. ૩૫. તે રીતે જ પ્રથમ યુગ વખતે વેદોમાં લેશમાત્ર પણ હિંસા કહી ન હતી. પરંતુ જ્યારે પૃથ્વી ઉપર બળિયા ચક્રવર્તી રાજા થયા ત્યારે જે વિદ્વાન વિપ્રો હતા તે ચક્રવર્તી રાજાની જેવી મરજી હોય તેમ વર્તવા લાગ્યા, તેઓ તેની મરજીને લોપતા નહીં. ૩૬-૩૭. ચાહે તેવો ધર્મવાળો વિપ્ર હોય, પણ જ્યારે તે લોભને માર્ગે ચાલે ત્યારે તેને લોભને વશ થઈને રહેવું પડે છે. ૩૮. જ્યાં લોભ રહે છે ત્યાં ધર્મસર્ગ રહેતો નથી. પછી વર્તનમાં અધર્મનું જોર થઈ જાય છે. ૩૯. જેમ વસ્ત્ર અને ઘરેણાંથી માણસ શોભે છે તેમ વેદોથી વિપ્ર શોભે છે. વેદ વિનાનો વિપ્ર તો પશુ જેવો છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "પિંગળશી ચારણની સાથે શ્રીહરિએ બુદ્ધિમત્તાની વાત કરી " એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર ચોવીશમું : તરંગ - ૬૪

શ્રીહરિએ પિંગળશી ચારણને સત્ત્વાદિક ગુણને અનુસારે ભક્તની વાત કહી

વળી ચારણ પિંગળશીભાઈએ શ્રીહરિની આગળ હાથ જોડીને વાત કહી કે, "વેદ, પુરાણ અને સ્મૃતિઓ જેવી બીજી કોઈ વાત નથી. તે બધા ગ્રંથ સૂર્યના સમાન છે. તે ગ્રંથો જેનું જેવું રૂપ હોય તે વર્તનમાં દેખાડી દે છે, તેવા તે અનુપમ છે. ૧-૨.

જેમ કાચનું મોટું દર્પણ હોય તો તેમાં મનુષ્યનું જેવું રૂપ હોય તેવું દેખાય છે, તેમ બધા ગ્રંથો છે તેમાં જેનું જેવું સત્ય કે અસત્ય વર્તન હોય, જે જેવી રીતે ચાલતા હોય અને જેનાં જેવાં વ્યસન હોય તે પ્રગટ દેખાઈ

આવે છે. ૩-૪. જ્યારે ચક્રવર્તી રાજા થાય છે ત્યારે તેમાં જેવા ગુણો હોય તેવા ગુણ બ્રાહ્મણ ઈત્યાદિકમાં સહજ સ્વભાવે વર્તે છે. ૫. જે શુભ માર્ગે ચાલતા હોય છે તેને વેદાદિક શાસ્ત્રો શુભ ગતિ આપે છે. અને જે અશુભ માર્ગે ચાલે છે તેને અશુભ ગતિ આપે છે. ૬. આટલી વાતને હું જરૂર જાણું છું. તેમાં તલભાર પણ ખોટું નથી.

આ લોકમાં જે શુભ માર્ગે ચાલે છે તેને રાજા ક્યારેય દુઃખ દેતો નથી. ૭. મનુષ્ય જે રીતે અશુભ માર્ગે ચાલે છે, તે રીતે રાજા તેને દુઃખ દે છે; આવો શાસ્ત્ર પ્રમાણે રાજાનો ધર્મ રહ્યો છે. ૮. જે મનુષ્યો શુભ માર્ગે ચાલે છે તેના ઉપર રાજા અપાર પ્રસન્ન રહે છે, તેવા રાજાનો ખૂબ યશ થાય છે. ૯. **એવો ધર્મવાળો રાજા દિવસે દિવસે આગળ વધતો રહે છે અને તેના ઉપર ભગવાન પણ વારંવાર પ્રસન્ન રહે છે, જે કહી શકાતું નથી. જ્યારે ભગવાન પ્રસન્ન થાય ત્યારે જેટલું કરવાનું હોય તે બધું પૂર્ણ થઈ જાય છે.** ૧૦.

આટલી વાતને જે રાજા જાણે છે તે રાજા સર્વોપરિ કહેવાય છે. જ્યાં સુધી રાજા એટલી વાત રાજા થઈને પણ જાણતો નથી ત્યાં સુધી તે રાજા થયો તોપણ શું, તેની ક્યારેય કીર્તિ થતી નથી. કરોડો રૂપિયાની કિંમતનો મણિ હોય, તે જ્યાં સુધી જમીનની અંદર દટાયેલો રહે, ત્યાં સુધી તેની એક બદામ જેટલી પણ કિંમત કહેવાય નહીં. મણિ હોય તોપણ શું, દટાયેલો રહે ત્યાં સુધી મણિ હોવા છતાં પૃથ્વીની ભેળો જ ગણાય છે. ૧૧-૧૩. હે મહારાજ ! આપમાં અને આપના સંતો-હરિભક્તોમાં સર્વોપરી ગુણો વર્તી રહ્યા છે. જેટલી સત્ય વાત છે તે બધી અત્યારે અહીં રહી છે. તેથી જ આને 'સત્સંગ' એવે નામે કહેવાય છે. ૧૪-૧૫.

⁕ જેટલું શુદ્ધ વર્તન હોય તેટલો તે મત સત્ય કહેવાય છે :

જેટલી અસત્ય વાત છે તે સત્સંગ વગરના મતમાં રહી છે. તેથી સત્સંગ વગરના મતો અસત્ય કહેવાય છે. જેમાં સત્ય બાબતનું નિષ્કપટ વર્તન હોય તે મતને સત્ય કહેવાય છે. ઝાઝું ભણવાથી કાંઈ સત્ય મત કહેવાતો નથી. બહુ

મોટો વાચાળ-વક્તા બને તેને કારણે તેની પાસે ઝાઝું ધન આવે છે, ઘણાં વસ્ત્ર અને ઘરેણાં મળે છે. અપાર ખાનપાનાદિ ભોગ તથા હાથી, ઘોડા, મ્યાના, સુખપાલ તથા લીલી, પીળી, લાલ ગાડીઓ મળે છે. કદાચ સોનાના મહેલ, બાગબગીચા એવું એવું વર્ણવી ન શકાય એટલું કોઈ ગાદીપતિ, ધર્મગુરુ કે વક્તા હોવાથી તેને મળે, તેણે કરીને કાંઈ તે મત-તે ગુરુ સાચા ગણાતા કે કહેવાતા નથી. જેમાં સાચું વર્તન હોય તે સત્યમત-સાચાગુરુ કહેવાય છે. સત્યમત તો સત્ય વર્તને કરીને હોય છે. ૧૬-૨૦. જ્યાં સુધી સત્ય વર્તન રહે ત્યાં સુધી તે મત સત્ય કહેવાય છે. સત્ય વાતના અધિપતિમાં જ્યાં સુધી સત્યનું પ્રધાનપણું હોય છે તથા સત્ય વાત દેખાતી હોય છે, ત્યાં સુધી તે ખરો સત્યધર્મનો અધિપતિ કહેવાય છે. ૨૧-૨૨. પરંતુ જ્યારે તેના વર્તનમાં અસત્ય વાતનું પ્રધાનપણું દેખાય છે ત્યાર પછી તે ગાદીપતિ ધર્મગુરુ કેવો ગણાય ? તો, જીવ ગયા પછીના મડદા જેવો રહે છે. ૨૩. સત્ય વાત વગરના જેટલા મત-સંપ્રદાય છે તે બધા મડદા જેવા દેખાય છે. સત્સંગની વાત તો નિર્મળ દર્પણ જેવી છે. ૨૪. આપે સત્ય વર્તને કરીને બધા જ મતોને જીતી લીધા છે, અને સત્ય વર્તનને લીધે જેટલા અસત્ય મતો છે તે દેખાય આવ્યા છે. જેમ સૂર્ય દિવસ અને રાતના ભેદને દેખાડી દે છે; તેમ સત્ય વર્તનરૂપી સૂર્ય અસત્ય મતરૂપ રાતને દેખાડી દે છે, અને અસત્ય વર્તનરૂપ અંધારું અસત્યમતને જેવો હોય તેવો દેખાડી દે છે. ૨૫-૨૬.

અમે સાગર જેવા સંસારરૂપ કૂવામાં પાપને લીધે ડૂબી રહ્યા છીએ, અને અનુપમ આ મનુષ્યદેહને ખોટી રીતે ખોઈ રહ્યા છીએ. ૨૭. અમે અમારાં પાપે કરીને આ સત્સંગ કરી શકતા નથી, પણ હે દયાળુ ! આપ જીવોના અનેક જન્મના દોષોને માફ કરો છો. ૨૮. જે મનુષ્યો જેટલો સત્સંગ નથી કરતા, તે તેટલાં પાપનાં ફળ જમપુરીમાં જઈને જરૂર ભોગવે છે, તેમાં કાંઈ ખોટું નથી. ૨૯. જે ભગવાનનું ભજન નથી કરતા તે નરકકુંડનાં જેવાં દુઃખો છે, તેને એક એક કુંડમાં જઈને હજારો હજાર યુગ સુધી ભોગવે છે. જેનું વર્ણન કરી શકાતું નથી. પછી તે ભગવાનથી વિમુખ જીવ લખચોરાશીમાં જઈને જન્મ-મરણનાં અપાર દુઃખને ભોગવતો રહે છે, કોઈ જાતનાં સુખને પામતો

નથી. તે જીવ દુઃખને કબૂલ કરે છે, છતાંય પણ પોતાના ચિત્તને ભગવાન સન્મુખ કરતો નથી. ૩૦-૩૨. અને તેથી જ ભગવાન કરતાં પણ પાપીઓને માટે પાપનું બળ ઘણું દેખાય છે. કેટલાક લોકો સત્સંગ કરીને બહુ લાભ લે છે. ૩૩. અને કેટલાક ધર્મગુરુ, સાધુ, હરિભક્ત હોય, તેને બીજાને સત્સંગ કરાવવામાં અતિશય ઉમંગ રહે છે. તેથી તે બીજાને તો સત્સંગ કરાવે છે, પણ તે સત્સંગ કરાવનાર પોતે તો સત્સંગથી બહાર વર્તે છે ! ૩૪. હે મહારાજ ! તેનું શું કારણ હશે ? તે આપ કહો. આપ નિષ્કામી અને બહુ બુદ્ધિમાન છો. 'સ્વામિનારાયણ' નામનું ભજન કરાવો છો અને સત્સંગ સિવાય બીજી વાતને ક્યારેય સ્વીકારતા નથી." ૩૫.

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "ભગવાનથી કોઈ અધિક નથી. આવી વાત સમજવામાં ઘણો ફરક રહી જાય છે. ૩૬. કેટલાક ભક્તના જીવમાં સાત્ત્વિક કર્મને લીધે સત્ત્વગુણ વર્તતો હોય છે. અને તે સહુને માટે શાંતિકારક છે. ૩૭. અને કેટલાક ભક્તના જીવમાં રાજસ કર્મને લીધે રજોગુણ પ્રધાન રહેતો હોય છે. ૩૮. અને કેટલાક ભક્તમાં તમોગુણી કર્મને લીધે તમોગુણ પ્રધાન રહેતો હોય છે. ૩૯. જેમાં જેવા ગુણ મુખ્યપણે કરીને રહેતા હોય તે તેમાં દેખાઈ આવે છે, તે ગુપ્ત રહેતા નથી. ૪૦. ઝાડમાં જેવા ગુણ રહ્યા હોય તેને તેનાં ફળ કહી દે છે અને પાણીમાં જેવા ગુણ હોય તે પીવાથી ખબર પડી જાય છે. ૪૧. જેમાં જેવા સત્ત્વાદિક ગુણ રહ્યા હોય તેમાં તેવો ભાવ રહે છે. તે ભાવ-સ્વભાવ જ્યાં સુધી ગુણ વર્તે ત્યાં સુધી રહે છે અને તે ગુણ જાય ત્યારે તે સ્વભાવ પણ જતો રહે છે. ૪૨. ભગવાન તથા ભગવાનના સંતો-હરિભક્તો ભગવાન સમાન કોઈને સમજતા નથી. એવા **સંતો-હરિભક્તો જે રીતે રાજી થાય તેમ કરવું. એમાં જ બધાં સાધન આવી ગયાં છે. તેનાથી અધિક એક પણ સાધન નથી.** ૪૩-૪૪.

અનંત એવા ભગવાન, ભગવાનના સંતો અને ભગવાનના ભક્તો જ્યાં સુધી રાજી ન થાય ત્યાં સુધી મનુષ્ય જેમ મન કહે તેમ કરતો રહે છે. ૪૫. ભલે તે કઠણમાં કઠણ સાધન કરે, પણ તે મનમુખીમાં ખપે છે,

તેનો ક્યારેય ઉદ્ધાર થતો નથી. મનમુખીપણું જમપુરીમાં જવાનું દ્વાર છે. ૪૬. પોતે હરિભક્ત થઈને બીજા હરિભક્તને પાછા પાડવા માટે પોતાના શરીરને ચાહે તે રીતે સૂકવી નાખે, તોપણ તેની ગણતરી વિમુખમાં થાય છે. ૪૭.

❋ ભાવ બરાબર કલ્યાણ, અભાવ બરાબર કઠણાઈ :

भगवान के निश्चय हि जाही, संत हरिजन कु न दुबत ताही;
संत हरिजन कु दुबावत जितना, भगवान नहि यह उर में तितना...४८

दोहा : संत हरिजन उपरी जोउ, जितना मन में भाव;
भगवान तितना हि तेहि, उर तामें हि रहाव...४९
भगवान ताकु देखन हि, रहेउ द्वार भाव;
भाव विन नहि द्वार रहे, एसे आत देखाव...५०

सोरठा : भाव ता महीं जोउ, मोक्ष प्रगट देखात तेही;
भाव विन में सोउ, मोक्ष नहि रहाये कबु...५१

ભગવાનનો જેને ખરો નિશ્ચય છે તે સંતો તથા હરિભક્તોને ક્યારેય દુભવે નહીં. સંત-હરિભક્તને જે જેટલા દુભવે છે તેટલા તેના હૃદયમાં ભગવાન રહેતા નથી. ૪૮. જેના મનમાં સંતો-હરિભક્તો ઉપર જેટલો ભાવ હોય તેટલા તેના હૃદયમાં ભગવાન આવીને રહે છે. ૪૯. ભગવાનનો સાક્ષાત્કાર કરવાનું દ્વાર તો ભાવ છે. ભાવ સિવાય બીજું કોઈ દ્વાર નથી, એવું દેખાય છે. ૫૦. ભાવમાં જ પ્રગટ મોક્ષ દેખાય છે. ભાવ વિના મોક્ષ ક્યારેય થતો નથી. ૫૧. જ્યાં ભગવાન હોય ત્યાં સર્વે સારરૂપ વાત હોય છે. ભગવાન વિના બધું અસાર છે. જેને શુભ બુદ્ધિ છે તે આ વાત જાણે છે.” ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં “શ્રીહરિએ પિંગળશી ચારણને સત્ત્વાદિક ગુણને અનુસારે ભક્તની વાત કહી” એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર ચોવીશમું : તરંગ - ૬૫

શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને પંચરાત્ર શાસ્ત્ર લેવા જૂનાગઢ મોકલ્યા અને તેમની સાથે મોટા ભાઈને મોકલ્યા

પિંગળશીભાઈએ શ્રીહરિને કહ્યું કે, "આ વિશ્વમાં રહેલી સર્વ વાતોમાં કઈ વાત સારરૂપ છે ? કેમ જે, વાતો તો અપાર છે, તેનો કહેતા પાર આવતો નથી. ૧. જેટલું બ્રહ્માંડ કહેવાય છે તે બધું વાતોએ કરીને ભર્યું છે. બ્રહ્માંડમાં રહેનારા મનુષ્યોનો નાશ થઈ જાય તોપણ શબ્દોનો નાશ થતો નથી. ૨. જેટલા પદાર્થ છે તે બધા તેનાં નામને લઈને અલગ અલગ વ્યવહારાય છે. તે કોઈ વસ્તુ નિરર્થક જણાતી નથી. નામ ઉપરથી તેનો અર્થ જણાય છે. હરેક વસ્તુનો બોધ નામ સિવાય થતો નથી. બધી જ વસ્તુઓનાં નામ કહેતાં કહેતાં વિરાટ પુરુષના જેટલી આયુષ્ય જતી રહે, તોપણ નામનો પાર આવતો નથી. એટલાં નામ આ ભૂમિ ઉપર રહ્યાં છે. પરંતુ તે સર્વે નામની અપેક્ષાએ કયું નામ શ્રેષ્ઠ છે ?" ૩-૫.

❋ ભગવદ્‌મહિમા :

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "ભગવાનના નામ જેવું કોઈ નામ નથી. ભગવદ્‌નામ સહુથી અધિક છે, તેમ વેદ, પુરાણો અને સ્મૃતિ કહે છે. ૬.

चोपाई :

सब नाम से सार हि रहावा, इनके तुल्य नहीं कोउ आवा;
भगवान की बात सम बाता, जेते ब्रह्मांड में न रहाता...०७

બધાં જ નામથી ભગવાનનું નામ સારરૂપ છે. ભગવાનનું નામ બધાં નામનો સાર છે, તેને તુલ્ય બીજું કોઈ આવતું નથી. અને ભગવાનની વાત સમાન અનંત બ્રહ્માંડમાં બીજી કોઈ વાત નથી. ૭.

ભગવાનનું નામ અને ભગવાનની કથા-વાર્તા સર્વોપરિ છે એટલો સર્વ શાસ્ત્રમાત્રનો સિદ્ધાંત છે. તે સિદ્ધાંતનું જ્ઞાન કરાવવા માટે જ અપરિમિત ગ્રંથોની રચના થઈ છે. ૮. છતાં પણ ઈશ્વરની તુચ્છથી અતિ તુચ્છ એવી જે માયા છે તે જીવને વારંવાર આવરણ કરતી રહે છે. અરે ! બ્રહ્માદિકના ચિત્તને પણ તે ફેરવી નાખે છે. ૯.

તેનો મતલબ એ થયો કે ભગવાન જેવા કોઈ જ નથી. આવો અર્થ સમજવો ઘણો કઠિન છે, તે શુભ બુદ્ધિવાળાને સમજાય છે. ૧૦. ભગવાનની જે અતિ તુચ્છ માયા છે તે અનંત કોટિ બ્રહ્માંડના બ્રહ્માદિક દેવતાઓને પણ મોહ ઉપજાવે છે. ૧૧. તેમાં ઈન્દ્ર, ચંદ્ર અને રાજા વગેરે તો તેની ગણતરીમાં જ નથી. જો તે તુચ્છ માયામાં આટલો પ્રતાપ દેખાડે છે, તો ભગવાનના ધામમાં તો કેટલું સુખ હશે ? જે રૂડી બુદ્ધિવાળા મનુષ્ય હોય તેને આવું સમજાય છે. ૧૨-૧૩.

ભગવાનના એક રોમનું જે સુખ છે તે સુખ ભગવાને અનંત કોટિ બ્રહ્માંડમાં આપ્યું છે. ૧૪. તે લવલેશ સુખમાં દેવતાઓ ગળાડૂબ થઈ જાય છે અને પરસ્પર વેર પણ કરે છે. ૧૫. સાંસારિક સુખ માટે જીવો જમપુરીમાં જાય છે, અપાર દુઃખને સહન કરે છે અને વારંવાર લખચોરાશીમાં પણ ભટક્યા કરે છે. છતાં પણ મનુષ્યને સાંસારિક સુખનો ક્યારેય અભાવ આવતો નથી. એક છાંટાં જેવાં સુખ માટે અનંત દુઃખોને વેઠે છે. ૧૬-૧૭.

ચોપાઈ :

केतेक रोग भरे तन तिनमें, सहन न होवत एसे इनमें;
अल्प सुख के न रहे निरधारा, कोउ दिन जानत होत न न्यारा...१८
इनके नाम मोह हि कहाते, अज्ञान तम कर न देखाते;
ज्ञान दीपक कर संत दिखाते, तोउ यह सुख के अभाव न आते...१९

આમાયિક શરીરમાં સહન ન થઈ શકે તેવા કેટલાયે રોગ ભર્યા છે. તેવા શરીરમાં છાંટોક સુખ છે તેનો પણ કોઈ નિર્ધાર નથી. છતાં અજ્ઞાની જીવ એવું જાણે છે કે, મારે કોઈ દિવસ આ શરીરથી જુદું નહિ પડવું પડે; આનું જ નામ મોહ કહેવાય છે. અજ્ઞાનરૂપ અંધારાને લીધે તે મોહ સમજાતો નથી. સંતો જ્ઞાનનો દીવો કરીને મોહ બતાવે છે, તોપણ જીવને એ દુઃખભર્યા સુખનો અભાવ આવતો નથી.૧૮-૧૯.

ત્યારે બીજી બાજુ ભગવાનમાં કેટલું બધું સુખ રહ્યું છે ! એવું જ્ઞાન જ્યારે શુભ બુદ્ધિવાળા મનુષ્યને થાય છે ત્યારે તેને તે મોહ જણાઈ આવે છે. ૨૦. પછી તેને ભગવાનનાં સુખની આગળ અનંત કોટિ બ્રહ્માંડનાં

સુખો નરક સમાન દેખાય છે અને તેમાંથી પ્રીતિ ટળી જાય છે. ૨૧. પછી તે ભક્ત આસક્તિથી રહિત થઈને દેહ નિભાવ પૂરતાં માયિકસુખ ભોગવે છે, પણ તે ભોગવવામાં તેને દુઃખ દેખાય છે. જેમ સંપૂર્ણ દાંત અંબાઈ ગયા પછી કોઈ મનુષ્ય પરાણે જમતો હોય, તેમ તે પરાણે દેહ નિભાવ કરે છે; આવું તેને માયિક સુખ લાગે છે. તે તેનાં વર્તનમાં દેખાઈ આવે છે."

આમ જ્યારે શ્રીહરિએ કહ્યું ત્યારે ચારણ પિંગળશીભાઈ બોલ્યા કે, "મહારાજ ! એવા તો આપ એક છો. ૨૨-૨૩. અથવા તો આપના જે સંતો છે તેટલા તેવા દેખાય છે. તે સિવાયના જેટલા સંત કહેવાય છે તે લગભગ તો પથ્થરના નાવ જેવા છે. ૨૪. સંત થયા હોવા છતાં તેનાથી સંતનાં લક્ષણ દૂર રહે છે. તેથી તેઓ જેટલાં વ્યસનો કહેવાય છે તેમાં પૂરની પેઠે તણાતા જાય છે. સંત કોને કહેવાય ? તે બાબતને સંસારી લોકો જાણતા નથી. સંસારી તો અસંતને પણ ભાવથી સંત માને છે. ૨૫-૨૬. સત્સંગ કર્યા સિવાય સંત ઓળખાતા નથી. સત્સંગ વિના ચાહે તેવો નિપુણ માણસ હોય, તોપણ તે અસંતને સંત કરીને માને છે. ૨૭. કોઈ બીજા કવિના કરેલા કવિત, છંદ અને પ્રબંધને ખરો કવિ હોય તે પોતાના નામે કહે-ગાય નહીં. જો એવું કરે તો એને સાચા કવિઓ 'એંઠું ખાધું' કહે છે." ૨૮.

આટલી વાત જ્યારે પિંગળશીભાઈ કરી રહ્યા ત્યારે શ્રીહરિએ તેમને જમાડ્યા. પછી તે રજા માગીને ચાલતા થયા. પછી દયાળુ શ્રીહરિએ બીજે દિવસ નિત્યાનંદ સ્વામીને ઘણા હેતથી પુસ્તક શોધી લાવવા માટે કહ્યું કે, "નારદપંચરાત્ર શાસ્ત્રને તમે તત્કાળ શોધી લાવો. અમે સાંભળ્યું છે કે, તે ગ્રંથ જૂનાગઢમાં છે." પછી તે લખાવી લાવવા માટે શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને જૂનાગઢ જવા માટેની આજ્ઞા આપી. ૨૯-૩૧. વીશ-પચીશ જેટલા ભણનારા સંતો જે નિત્યાનંદ સ્વામીની સાથે રહેતા હતા તેમને સાથે મોકલ્યા. તે દિવસે શ્રીહરિએ જમીને પોતાની પ્રસાદીનો થાળ નિત્યાનંદ સ્વામીને આપ્યો. ૩૨. તેમાં જેટલા સંતો સાથે જવાના હતા તે બધાને પૂરતી થઈ રહે તેટલી પ્રસાદી આપી. પછી ચાલતી વેળાએ શ્રીહરિ સહુને ભેટ્યા. તે પછી સંતો ચાલતા થયા. ૩૩.

નિપુણ શ્રીહરિએ રામપ્રતાપજીભાઈને પણ નિત્યાનંદ સ્વામીની સાથે મોકલ્યા. સાથે એક સારી કેસર ઘોડી આપી. ૩૪. કાળીદાસ નામે એક વિપ્રને ભાઈની સેવા કરવા માટે સાથે મોકલ્યા. તેમની ઘોડીને સાચવવા માટે કરિયાણાના કાળા મકવાણા અને સારંગપુરના રાઠોડ ધાધલ નામે બે પાર્ષદોને પણ પ્રેમથી તેની સાથે મોકલ્યા. ૩૫-૩૬. આ રીતે દ્વારકા તીર્થની યાત્રા કરવા માટે શ્રીહરિએ મોટા ભાઈને રાજીપે રજા આપી. ૩૭. તે વખતે ભાઈએ કહ્યું તેના કરતાં પણ વધારે ખર્ચી અપાવી. તેથી મોટા ભાઈ અતિશય પ્રસન્ન થઈ દ્વારકા જવા માટે તરત જ તૈયાર થયા. ૩૮. લોયાથી જ્યારે નિત્યાનંદ સ્વામી જૂનાગઢ જવા ચાલ્યા ત્યારે રામપ્રતાપભાઈ પણ સાથે ચાલ્યા. પહેલા બોટાદ ગામ આવ્યા. ૩૯. પછી ત્યાંથી ગઢપુર આવ્યા અને પછી ખંભાળા ગામ આવ્યા. અને ત્યાંથી પીપળિયા ગામ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીને પંચરાત્ર શાસ્ત્ર લેવા જૂનાગઢ મોકલ્યા અને તેમની સાથે મોટા ભાઈને મોકલ્યા" એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર ચોવીશમું : તરંગ - ૬૬

રામપ્રતાપભાઈ દ્વારકા ગયા અને ઇચ્છારામજીભાઈ ઘેર જવા તૈયાર થયા

પછી પીપળિયાથી નિત્યાનંદ સ્વામી બંધિયા ગામ થઈને સહુ સંતો સાથે જેતપુર આવ્યા. ૧. માણાવદર ગામમાં અત્યંત નિષ્કામી એવા મયારામ ભટ્ટ રહેતા હતા. તેમને જૂનાગઢ લાવવા માટે જેતપુર ગામથી મોટા પ્રજ્ઞાનંદ સ્વામી અને આધારાનંદ સ્વામીને તૈયાર કર્યા. ૨-૩. પછી નિત્યાનંદ સ્વામી જેતપુરથી ચાલ્યા. જ્યારે જૂનાગઢ આવ્યા ત્યારે દરબાર ઝીણાભાઈના ભવનમાં રહ્યા. ૪.

શ્રીહરિએ લોયા ગામથી જ નિત્યાનંદ સ્વામીને બેસવા માટે જૂનાગઢ સુધીની એક ગાડી કરી દીધી હતી. ૫. રામપ્રતાપજીભાઈ જૂનાગઢમાં બે

દિવસ રહ્યા અને એક જ દિવસમાં ગિરનાર પર્વત ઉપરનાં તીર્થોની યાત્રા કરી આવ્યા. ૬. ત્યારે નિત્યાનંદ સ્વામીએ જે રીતે શ્રીહરિએ કહ્યું હતું તે રીતે બધી વાત ભટ્ટને સમજાવી દીધી. પછી ભટ્ટજીએ શ્રીહરિના વચનને માથે ચડાવ્યું અને દાદાભાઈની ઘોડી માગી લીધી. ૭-૮. પછી તે ચાર ઘોડેસવાર થઈને તરત ચાલ્યા તે શીઘ્ર દ્વારકા પહોંચ્યા. આ બાજુ શ્રીહરિએ ઈચ્છારામભાઈની મરજી શું છે ? તે પૂછ્યું. ૯. ત્યારે ઈચ્છારામભાઈ બોલ્યા કે, "હવે તો મારે આપ જેમ કહો તેમ કરવાનું છે. તેમાં જ હું સુખ માનું છું. મનનું ધાર્યું કરવામાં દુઃખ દેખું છું. ૧૦.

હવે આપ જેમ ચાહો તેમ મને રાખો. આપ તો સ્વયં ભગવાન છો. હું આપની પાસે એટલું માગું છું કે, જે મારાં પુત્ર-પુત્રી વગેરે છે તે બધાંને આપનાં દર્શન થાય. બસ, મારો આટલો મનોરથ છે. મોટા ભાઈની તો હું મરજી સાચવું છું, તોપણ તે મને વઢતા જ રહે છે. ૧૧-૧૨. તેને લીધે જ હું બાર કોશ દૂર આવેલા મારા સસરાને ગામ આંબલિયામાં જઈને જુદો સુખેથી રહું છું. ૧૩. આંબલિયાવાળા સરવરિયા બધા જોરદાર છે અને તેનાથી તે બધો પ્રદેશ કંપે છે. તેથી હું તે જગ્યાએ રહ્યો છું. ૧૪. તે લોકો મને આદરથી માને છે અને તેથી જ હું ત્યાં જઈને ટક્યો છું. મારા હર કોઈ કામની તેઓ સંભાળ રાખે છે." ૧૫.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "આ વખતે તમે રામપ્રતાપજીભાઈથી અલગ પોતાને ઘેર જાવ. એક ઊંટ અને એક ઘોડી તમને આપું છું." એમ કહીને એક ઊંટ અને ઘોડી મંગાવ્યા. કાનજી નામે એક પાર્ષદ હતા તેને તેની ભેળા તૈયાર કર્યા અને સુખાનંદ સ્વામીને તે વખતે કહ્યું કે, "ગુમાનજી આદિક ચાર પાર્ષદને સાથે જવાનું કહો કે તે વડોદરા સુધી જાય અને ત્યાંથી પાછા આવે. ૧૬-૧૮. શ્રીહરિએ વસ્ત્ર, ઘરેણાં વગેરે ઘટિત રીતે પ્રસન્ન થઈને ઈચ્છારામભાઈને આપ્યું અને જોઈએ તેટલું ધન અપાવ્યું. આ રીતે ઈચ્છારામજીનું દારિદ્રય કાપ્યું. ૧૯. જ્યારે શ્રીહરિએ આમ કહ્યું ત્યારે ઈચ્છારામજીભાઈ પ્રસન્ન થયા. શ્રીહરિ તેમને ભેટીને પછી જે તેમની સાથે જવાના હતા તેમને પણ ભેટ્યા. શ્રીહરિએ તેમને વળાવ્યા ત્યારે ચાલતી

વખતે તેમને કહ્યું કે, "જ્યારે ઈચ્છા થાય ત્યારે પાછા આવજો. **આ સંતોનાં દર્શનમાં જ ભુક્તિ અને મુક્તિ બંને રહ્યા છે. જે આ સંતો અને હરિભક્તો છે તે બધા ચિંતામણિ અને કલ્પવૃક્ષ જેવા છે.** જેને ઘેર ચિંતામણિ અને કલ્પવૃક્ષ હોય તેને બધી જ વસ્તુ મળી રહે છે. ૨૦-૨૨. જેને ગામ તથા ગરાસ હોય અને જે મોટા મોટા રાજા કહેવાતા હોય, તોપણ તેઓ પોતાથી જે મોટા હોય તેનાથી નિરંતર ડરતા રહે છે. ૨૩. તે મોટાની ઈચ્છાનો જ્યારે ભંગ થાય છે એટલે તરત જ તેને દુઃખ આવી પડે છે. પણ જે અજ્ઞાની છે તેને તે દુઃખ દેખાતું નથી. તે તો દુઃખમાં પણ સુખ માને છે. ૨૪. એનું જ નામ અજ્ઞાન અને મોહ કહેવાય છે. કોઈને ચક્રવર્તી રાજ્ય મળે તોપણ તે દુઃખને પામે છે. ૨૫. **કોઈને બ્રહ્માંડનું રાજ્ય મળે તેના કરતાં પણ આ સત્સંગમાં કરોડગણું વધુ સુખ છે, પણ તે અજ્ઞાનીને દેખાતું નથી.** ૨૬. જેણે બધાં પાપ કર્યાં હોય તે રાજ્યમાં સુખ દેખે છે. જેની બુદ્ધિ નિષ્પાપ હોય તેને આ સત્ય ઓળખાય છે. ૨૭.

અંગ્રેજ બુદ્ધિમાન પ્રજા છે. તે આ દેશમાં રાજ્ય કરવા આવ્યા છે. તે હમણાં તો નીતિ પ્રમાણે ચાલે છે. તે નીતિ પ્રમાણે ચાલશે ત્યાં સુધી તેની બુદ્ધિ શુભ રહેશે. ૨૮. જ્યાં સુધી શુભ બુદ્ધિ રહેશે ત્યાં સુધી તેના રાજ્યનો ઉદય દિવસે દિવસે થતો જશે. નીતિ અને શુભ બુદ્ધિ, આ બે વસ્તુ રાજ્યનાં અવિચળ અને પ્રબળ મૂળ ગણાય છે. ૨૯. જ્યારે લોભને લીધે અનીતિ અને કુમતિનું બળ થશે ત્યારે નીતિ અને શુભ બુદ્ધિનાં મૂળને ઉચ્છેદ કરનારા કાયદાઓ કરશે. ૩૦. નીતિ અને અનીતિ ભર્યા કાયદામાં શુભ અને અશુભ રહ્યું છે. જો શુભ કર્મ હોય તો મતિ શુભ થાય છે અને જો અશુભ કર્મ હોય તો મતિ અશુભ થાય છે. ૩૧. તમે અયોધ્યાવાસી તમારી મતિને શુભ રાખશો તો તેમાં તમને અન્ન, ધન અને વસ્ત્ર મળશે. શુભ મતિમાં અપાર સુખ રહ્યું છે, એવો દૃઢ વિચાર રાખજો. ૩૨.

❋ સંપત્તિના મદની ભયંકરતા :

पुत्र परिवार कु इमि बाता, करना रात दिन हि रहाता;
जिनकु धन मिलत रहे जबहू, धन के मद चढत रहे तबहू...३३

दारु भाँग्य करते अपारा, धन में मद रहे वार न पारा;
धन के मद चढत रहे जाही, भगवान में रुचि रहत न ताही...३४

તમારે તમારા પુત્ર તથા પરિવારને આવી વાતો રાત-દિવસ કરવી. માણસને જ્યારે ઝાઝું ધન મળે છે ત્યારે તેને ધનનો મદ ચઢે છે. ૩૩. દારૂ અને ભાંગ્ય કરતાં પણ ધનમાં ઘણો વધારે મદ રહ્યો છે. માણસને જ્યારે ધનનો મદ ચઢે છે ત્યારે તેને ભગવાનમાં રુચિ રહેતી નથી. ૩૪. પછી તો તે રાત-દિવસ 'ધન.. ધન..' એમ ધનનું જ ચિંતવન કરતો રહે છે. તે કથા-કીર્તન સાંભળે તેમાં પણ ધનનું જ ચિંતવન કરતો રહે છે. ૩૫. જે ધનનો દાસ થઈને રહે છે તેની પાસે ભગવાન રહેતા નથી, અને જેની પાસે ભગવાન રહેતા હોય તે તેનાં વર્તનમાં છાનું રહેતું નથી. ૩૬.

दोहा : भगवान की कथा कीर्तन, बात हि विविध प्रकार;
अधिक अधिक रस तिन महीं, देखत वार न पार...३७
निंद आवत हि अपार हि, भगवान की कथा बात;
कीर्तन होवत रहे जब, निंद भाग तब जात...३८

જેની પાસે ભગવાન રહ્યા હોય તેને તો ભગવાનની કથા, કીર્તન અને વિવિધ પ્રકારની વાતો વગેરેમાં તેને વધારે ને વધારે રસ દેખાય છે. ૩૭. **ઘણી નિદ્રા આવતી હોય તોપણ ભગવાનની કથા, કીર્તન અને વાતો જ્યારે થતી હોય છે ત્યારે તે નિદ્રા પણ ભાગી જાય છે.** ૩૮. ભગવાનનો જ્યારે તેની સમીપે નિવાસ થાય છે ત્યારે તે જેમ હોય તેમ તેના વર્તનમાં તરત દેખાઈ આવે છે. ૩૯. **જે ઠેકાણે ભગવાન નિવાસ કરીને રહે છે, ત્યાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન પણ વસતા હોય છે."** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "રામપ્રતાપભાઈ દ્વારકા ગયા અને ઈચ્છારામજીભાઈ ઘેર જવા તૈયાર થયા" એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર ચોવીશમું : તરંગ - ૬૭

લોયાથી પંચાળા જવા નીકળેલા શ્રીહરિ ગોંડલથી આગળ નદી કિનારે જમ્યા

શ્રીહરિએ ઇચ્છારામજીભાઈ આગળ આટલી વાત કરી અને પછી તેમને ઘેર જવા માટે રજા આપી, ત્યારે તેઓ ચાલતા થયા. ૧. પછી દરબાર ઝીણાભાઈને રાજી કરવા માટે શ્રીહરિએ ઘણા પ્રેમથી તેમને પોતાની પાસે બોલાવ્યા. ૨. પછી શ્રીહરિ બોલ્યા કે, "તમારા જેવા હરિભક્તને રાજી રાખવા માટે અમે સત્સંગમાં ફરીએ છીએ. હવે તમે જેમ કહો તેમ અમે કરીએ." ૩. ત્યારે ઝીણાભાઈ બોલ્યા કે, "આપ સંતોએ સહિત હુતાશનીનો ઉત્સવ કરવા માટે પંચાળા આવો. ૪. અને જે જે દેશમાં બાઈ-ભાઈ હરિભક્ત હોય તે બધાં હુતાશનીનો ઉત્સવ કરવા માટે ખૂબ જ હરખથી જેટલાં આવી શકે તેટલાં પંચાળા આવે; આવો પત્ર હરિભક્તોના ઉપર લખો." પછી શ્રીહરિએ જે જે દેશમાં હરિભક્તો હતા ત્યાં પત્ર લખાવ્યા, અને જ્યાં જ્યાં સંતો ફરવા ગયા હતા તે બધાને પંચાળા બોલાવ્યા.

પછી શ્રીહરિ લોયા ગામથી ચાલવા માટે તૈયાર થયા. ૫-૭. પચીશ જેટલા હરિભક્ત ઘોડેસવાર કાઠી દરબારો શ્રીહરિની સાથે રહેતા હતા, તે બધા પંચાળા જવા માટે શ્રીહરિ સાથે ચાલ્યા. ૮. ગઢપુર, ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ, સારંગપુર, સુંદરિયાણા, નાગડકા, કોટડા, બોટાદ, ખંભાળા, ગુંદાળા અને વાવડી, એ બાર ગામના ઉત્સાહી કાઠી દરબારો પોતપોતાના ગામના ગામધણી કહેવાતા હતા. તે શ્રીહરિ જ્યાં જતા હતા ત્યાં સાથે રહેતા હતા. મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી પણ પોત પોતાના મંડળને લઈને શ્રીહરિની સાથે રહ્યા હતા. દિવસ ઊગતા પહેલાં જ લોયાથી ચાલ્યા તે **પીપરડી** ગામ આવ્યા. ત્યાં ભાણજીભાઈ નામે એક વિપ્ર હરિભક્ત હતા. ૯-૧૨. તે વિપ્રે સંતો સહિત શ્રીહરિને માટે રસોઈ તૈયાર કરાવી. તેમનો ભાવ જોઈને સંતોએ સહિત શ્રીહરિ જમ્યા. ૧૩. સંતોને જ્યારે કંસાર પીરસ્યો ત્યારે શ્રીહરિએ સંતોને ખૂબ ઘી પીરસ્યું. કોઈ ખામી રાખી નહીં. ૧૪. તે

હરિભક્તને રાજી કરીને શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. શ્રીજીમહારાજના દિલમાં અતિ આનંદ હતો. **હાથસણી** ગામ આવીને રાત રહ્યા. ૧૫.

ત્યાંના ભીમા માલા નામે જે કાઠી હરિભક્ત હતા તે ઘણા પ્રેમી હતા. તેણે શ્રીહરિ અને સંતોની સેવા કરી. ૧૬. શ્રીહરિએ ઘણા પ્રેમથી મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી માટે લોયા ગામથી એક ગાડી જોડાવી દીધી હતી. તે બંને સંતો તેમાં બેસીને આવતા હતા. ૧૭. ભયહારી અને સુખકારી આવા શ્રીહરિ સવારમાં અશ્વ ઉપર બેસીને ચાલ્યા, તે **જસદણ** ગામ આવ્યા. ત્યાંના ગામધણી ચેલા ખાચર હતા. ૧૮. ચેલા ખાચરે શ્રીહરિને પોતાના ગામમાં રાજદરબારમાં પધરાવ્યા. ઘણા ભાવથી ભેટ તથા પહેરામણી કરી અને હાથ જોડીને ચરણોમાં મસ્તક નમાવ્યું. ૧૯.

પછી તેણે શ્રીહરિને કહ્યું કે, "આપ રસોઈ કરાવો. આપ દયા કરીને જે કહો તે હું લાવી આપું. આપ બધા ખાચર દરબારોના ગુરુ છો અને હું પણ ખાચર કહેવાઉં છું. ૨૦. મારા પિતાજી આપને શરણે થયા હતા. આપે જેમ કહ્યું તેમ તેણે નિયમો રાખ્યા હતા. હું જ્યારે કુંડળ ગામમાં અમરા પટગીર દિવ્યગતિને પામ્યા ત્યારે ત્યાં આવ્યો હતો. પછી ફરીને સારંગપુરમાં આવ્યો ત્યારે આપનાં દર્શન કર્યાં અને આપના હાથે વ્રતમાન નિયમ ધારણ કર્યા હતા. તે નિયમ મેં ઘેર પહોંચ્યો ત્યાં સુધી રાખ્યા હતા. ૨૧-૨૨. ત્યાર પછી તો કુસંગના યોગે કરીને તે ચારમાંથી બે જ નિયમ મારાથી રહ્યા છે. પરસ્ત્રી અને ચોરી, આ બે ન કરવા; એ બેમાં ક્યારેય ફરક પડવા દીધો નથી. ૨૩. આપે મારો હાથ પકડ્યો છે. માટે હવે મારો ઉદ્ધાર કરવો તે આપના જ હાથમાં છે." ત્યારે દરબાર પ્રત્યે શ્રીહરિ બોલ્યા કે, "જેને અમારામાં જેવો ભાવ હશે તેમજ જે સાચા સંતો સ્ત્રી-ધનથી દૂર રહે છે, જેના અંતરમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને ભગવાનનું જ્ઞાન દૃઢપણે રહેલું છે; એવા ચિંતામણિ અને કલ્પવૃક્ષ સમાન સંતો ઉપર જેને જેવો ભાવ હશે તેવું તે ફળ પામશે." ૨૪-૨૬.

આમ કહીને શ્રીહરિ ચાલતા થયા. દરબારને રસોઈ આપવાનો ઘણો ભાવ હતો, પણ સવારનો પહોર જાણીને શ્રીહરિ ચાલતા થયા. ૨૭. પછી

દરબારે સંતો અને પાર્ષદોએ સહિત શ્રીહરિને માટે બરફી, પેંડા, જલેબી, મોતીચૂર, આ બધું બજારમાંથી અપાવી દીધું. ૨૮. સાથે જેટલી સવારી હતી તે બધાને પૂરું થઈ રહે તેટલું હેતથી દરબારે અપાવ્યું હતું. તેઓ જેવો સમય હતો તે રીતે સાવધાન રહ્યા હતા. ૨૯. શ્રીહરિ જસદણમાં બે ઘડી સુધી રહ્યા. પુરજનોએ દર્શન કર્યાં.

પછી ત્યાંથી જ્યારે શ્રીહરિ ચાલ્યા ત્યારે આગળ જતા અરણ્યમાં એક નદી આવી. ૩૦. સત્સંગના જીવનપ્રાણ અને શ્યામસુજાણ એવા શ્રીહરિ પહેલા નાહ્યા. પછી ત્યાં બેસીને જમ્યા. તે પછી જેટલા સંતો, વર્ણી અને પાર્ષદો હતા તે બધા પણ સ્નાન કરીને જમ્યા. ૩૧. સુંદરશ્યામ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **આટકોટ** ગામ આવ્યા. ત્યાંથી પછી **બંધિયા** ગામ આવ્યા. ૩૨. દયાળુ શ્રીહરિ ત્યાં બે રાત રોકાયા. પછી ત્યાંથી કૃપાળુ ગોવિંદ **ગોંડલ** આવ્યા. સાથે સંતો અને હરિભક્તોનાં મંડળ હતાં. ૩૩. ત્યાં આવીને એક બગીચામાં ઊતર્યા. તે બગીચામાં સાત પ્રકારનાં પકવાનો, રીંગણાંનું શાક અને ખીચડી કરાવી હતી, તે શ્રીહરિ અને સહુ સંતો જમ્યા. સહુ ભક્તોને શ્રીહરિએ પોતે પીરસીને જમાડ્યા. આ રીતે ત્યાં સહુને પ્રસન્ન કર્યા. તે પુરમાં જેટલાં બાઈ-ભાઈ હરિભક્ત હતાં તે બધાં ઘણાં હરખથી શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવ્યાં. તે સમયે ગોંડલના રાજા મોતીભાઈ હતા તે પણ શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવ્યા. ૩૪-૩૬.

જ્યારે રાજા દર્શન કરી રહ્યા ત્યારે દયાળુ શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને **ડૈયા** ગામ આવ્યા. ૩૭. વાલા શ્રીહરિએ વર્ણીની પાસે તે વખતે લાડુ કરાવ્યા હતા તે લાડુ પોતે સંતોના હાથમાં આપ્યા. ૩૮. ત્યાં શ્રીહરિએ સહુને ઘણી રમૂજ કરાવી. પછી રાત રહીને ભક્તજનોને દર્શન દેતાં દેતાં ચાલ્યા. ૩૯. આગળ ચાલતા વનમાં એક સુંદર નદી આવી. શ્રીહરિ ત્યાં ઘણા ભાવથી ભોજન જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "લોયાથી પંચાળા જવા નીકળેલા શ્રીહરિ ગોંડલથી આગળ નદી કિનારે જમ્યા" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥

પૂર ચોવીશમું : તરંગ - ૬૮

શ્રીહરિ પંચાળા આવીને ઝીણાભાઈના દરબારમાં રહ્યા

નદીએ શ્રીહરિ જ્યારે પોતે જમી રહ્યા, પછી અત્યંત પ્રસન્નમનથી પોતાના સહુ ભક્તોને પણ જમાડ્યા. અને ત્યાંથી આગળ ચાલતા થયા. ૧. આગળ ચાલતા **કંડોરડા** ગામ આવ્યા અને પોતાના ભક્તોને દર્શન દઈને તેમને રાજી કર્યા. ૨. પછી ત્યાંથી જ્યારે ચાલ્યા તે **ઝાંઝમેર** ગામ આવ્યા. ત્યાં રાત રોકાયા અને પોતાને હાથે રસોઈ કરી. ૩. પહેલા પોતે જમ્યા અને પછી ભક્તજનોને પીરસ્યું. શ્રીહરિએ પોતે ત્યાં ચોકી કરી હતી, એટલું વિશેષ ચરિત્ર ત્યાં કર્યું હતું. ૪. ત્યાંથી અશ્વ ઉપર બેસીને શ્રીહરિ ચાલ્યા. પછી એક ઘડી **ઉપલેટા**માં રોકાયા. ત્યાં જે હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૫.

પછી **જાળિયા** ગામ આવ્યા. ત્યાં હીરા ઠક્કરને ઘેર ઉતારો કર્યો. સુખદાયક શ્રીહરિ ત્યાં રસોઈ કરીને જમ્યા. પછી પોતે સંતોને પિરસીને હેતથી જમાડ્યા. ત્યાંના હરિભક્ત ઘણા ભાવિક હતા. પછી શ્રીહરિ ત્યાં રાત રહીને ચાલ્યા અને **ગણોદ** ગામ આવ્યા. ૬-૭. ત્યાં ઘણો સારો બગીચો જોયો, આંબાની ઘણી ઘાટી છાંયા હતી. તે સ્થળે એક રાત રોકાયા. ત્યાંના દરબાર અભેસિંહનો ઘણો ભાવ જોયો. ૮. ત્યારે ત્યાં રસોઈ કરીને જમ્યા અને રાજાને અલૌકિક લાભ આપ્યો. સુખરાશી અને અવિનાશી આવા શ્રીહરિ ત્યાંથી ચાલીને **માણાવદર** ગામ આવ્યા. ૯. ત્યાં આવીને ચાર ઘડી રોકાયા. ગામમાં જેટલા હરિભક્તો હતા તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં અને ઘણો લાભ લીધો. ૧૦.

પછી ત્યાંથી **પંચાળા** ગામ આવ્યા. જૂનાગઢમાં નિત્યાનંદ સ્વામી આદિ જે સંતો હતા તે શ્રીહરિથી એક દિવસ અગાઉ પંચાળા આવી ગયા હતા. ૧૧. તે સહુ સંતો અડધા કોશ સુધી શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા ત્યારે સંતો દંડવત કરીને પગે લાગ્યા. ૧૨. શ્રીહરિના મસ્તક ઉપર શ્વેત પાઘ હતી, શ્વેત અંગરખું અને શ્વેત સુરવાળ પહેર્યો હતો. તે વખતે શ્રીહરિએ એક શ્વેત શેલું કમરે કસી દીધું હતું અને

બીજું એક શેલું ખભા ઉપર રાખ્યું હતું. હાથમાં એક રૂમાલ હતો. ૧૩-૧૪. નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિને પગે લાગીને આવકાર આપ્યો, અને શ્રીહરિએ તેમને બેસવા માટે અશ્વ આપ્યો. ૧૫.

❋ પંચાળાના ભક્તોએ કરેલું શ્રીહરિનું ભવ્ય સ્વાગત :

ઝીણાભાઈના ભાઈ ગગાભાઈ હતા. તેમને શ્રીહરિને આવ્યા જાણી ઘણો ઉત્સાહ-આનંદ થયો. ૧૬. તેઓ પોતાની જેટલી સવારી હતી તે લઈને સન્મુખ આવ્યા. ડંકા અને જરિયાની નિશાન લાવ્યા હતા. ઢોલ અને તાંસા પણ સન્મુખ લાવ્યા હતા. ૧૭. શરણાઈ, રણશિંગી અને ભૂંગળ પણ લાવ્યા હતા. ગગાભાઈ આવીને શ્રીહરિના ચરણમાં પડ્યા. ૧૮. પછી તેમણે કહ્યું કે, “અમારા મનના જેવા મનોરથ હતા તેવા આપે પૂરા કર્યા છે. આજે અમને ઘણો આનંદ થયો છે. ૧૯. ઝીણાભાઈ અમારા મોટા ભાઈ છે. અષાઢ મહિનાથી લઈને તેઓ આપની પાસે આવીને રહ્યા છે. ૨૦. તેમને આપને પંચાળા લાવવાનો અતિશય મનોરથ હતો. અમે વારંવાર ઝીણાભાઈના ઉપર કેટલાયે પત્ર લખ્યા હતા. ૨૧. સોરઠ દેશનાં જે બાઈ-ભાઈ હરિભક્ત છે તે બધાં રાત-દિવસ આપને સંભારે છે અને આપને અપાર ચાહે છે. ૨૨. હે મહારાજ ! આપ પહેલાં અહીં આવ્યા ત્યારે હરિભક્તોને અપાર લાડ લડાવ્યા હતા, તે રીતે જ આ વખતે પ્રેમથી બધાને લાડ લડાવાય તે રીતે ઉત્સવ કરજો.” ૨૩. ગગાભાઈ આટલી વાત કરી રહ્યા ત્યારે શ્રીહરિ પંચાળા ગામની પાસે આવી ગયા.

જ્યારે નદી ઊતરી ગયા ત્યારે જે વાજિંત્રોવાળા હતા તે આવ્યા. ૨૪. અતિશય ઉત્સાહથી વાજિંત્રો વાગતાં હતાં. તેના શબ્દથી બધું આકાશ ભરાઈ ગયું હતું. તેની ઘણી શોભા થઈ હતી. ૨૫. ગામના બધા લોકો સન્મુખ આવ્યા અને જયજયકાર કરવા લાગ્યા. જે પાર્ષદો હતા તે બંદૂકોના અવાજ કરવા લાગ્યા. ૨૬. તે વખતે અનુપમ સુંદર છત્ર શ્રીહરિના મસ્તક ઉપર ધાર્યું હતું. શ્રીહરિ ઘણા ભાવથી ગામમાં આવ્યા. ૨૭. ત્યારે બધા રાજમાર્ગોને સ્વચ્છ કરાવ્યા હતા. કેટલીક પ્રકારની શોભા કરી હતી કે જે બધી વર્ણન કરી શકાતી નથી. ૨૮.

મારી બુદ્ધિ તો થોડામાં પણ થોડી છે, છતાં કીડી બ્રહ્માંડને ઉઠાવવા ચાહે છે. પણ આજ સુધી કીડીએ બ્રહ્માંડને ઉઠાવ્યું હોય તેમ સાંભળવામાં આવ્યું નથી. ૨૯. જેમ પગ વિના ચાલવાનું, મુખ વગર બોલવાનું અને કાન વિના સાંભળવાનું કોઈ ચાહે, નેત્ર વિના જોવાનું અને જીભ વિના સ્વાદ લેવા કોઈ ચાહે, તેવી જ રીતે બુદ્ધિ વિના કવિતા કરવી તે છે. કોઈ પાંખ વિના આકાશમાં ઊડવાનો મનોરથ કરે, તે સંકલ્પ છેવટે નાશ પામી જાય છે. ૩૦-૩૧. માટે કીડી જેમ બ્રહ્માંડને ઉઠાવવાનો સંકલ્પ કરે તેવો મારો આ મનોરથ છે. રાજબજારમાં ફળોની સાથે કેળના સ્તંભ રોપી દીધા હતા. જાત જાતનાં ફૂલઝાડ પણ જાણે બગીચો હોય તેમ રોપી દીધાં હતાં. બજાર ઉપર જેટલી દુકાનો હતી તેમાં ચિત્રો કરીને અનેક પ્રકારના રંગોથી રંગી દીધી હતી. ૩૨-૩૩.

જ્યારે પહોર દિવસ ચઢ્યો ત્યારે શ્રીહરિ પંચાળા ગામ આવ્યા. ગામવાસી કેટલાક લોકો બજારમાં ઊભા હતા, તેનો ગણતા પાર આવતો નથી. ૩૪. શ્રીહરિ પુરજનોને દર્શન દેતાં દેતાં સંતોએ સહિત બજારમાં ચાલ્યા આવતા હતા. ત્યાં આગળ ઝીણાભાઈનો અનુપમ દરબારગઢ હતો. ૩૫. ત્યાં આવીને તેના ભવનમાં શ્રીહરિ ઊતર્યા. તેમાં સુંદર પલંગ બિછાવી દીધો હતો. ઊંચી જગ્યા ઉપર ગામ વસેલું હતું. તેથી તે ગામ પર્વત જેવું શોભતું હતું. ૩૬. સંતોએ સહિત જે દિવસથી શ્રીહરિ આવ્યા તે દિવસથી ઝીણાભાઈએ રસોઈ ચાલતી કરી. તેથી રોજ દરબારમાં અત્યંત પ્રેમરસથી ભરી ઝીણાભાઈની રસોઈ ચાલતી હતી. ૩૭. રોજ રોજ નવી નવી રસોઈ થતી રહેતી હતી અને ભવનના ચોકમાં પંગત થાતી હતી. ૩૮. બધા સંતોની પંગત પૂર્વ-પશ્ચિમ લાંબી થતી હતી. તે વખતે શ્રીહરિ રોજે રોજ પીરસતા હતા. ૩૯.

રોજ સંતોનાં બે-ત્રણ મંડળ આવતાં હતાં. જ્યારે સંતો પુરમાં ન સમાયા ત્યારે તે બધાનો ઉતારો બહાર કર્યો. ૪૦. ગામના પશ્ચિમ દરવાજાની આગળ ઊંચી જમીન હતી, તેના ઉપર એક વડલાનું ઝાડ હતું. તેનાથી ઉત્તર તરફ સુંદર એક સરખી જગ્યા હતી. તેની સમીપમાં જ ખાખરાઓનું વન

છવાયેલું હતું. કેસૂડાંને લીધે તે વન સોહામણું લાગતું હતું. વૃક્ષ વિનાની જેટલી જગ્યા હતી ત્યાં એક એક મંડળને માટે ઘાસની પર્ણકુટીઓ, જાણે કોઈ ગામ વસાવ્યું હોય તેમ બંધાવી દીધી. તેની શોભા અગણિત થઈ હતી. તે વખતે પર્ણકુટીને મધ્યે નિત્યાનંદ સ્વામી માટે એક મોટો તંબુ લાવીને ઊભો કરી દીધો હતો. ૪૧-૪૪.

ભણનારા સહુ સંતો તે તંબુમાં રહેતા હતા. તેમજ ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી પણ તંબુમાં રહ્યા હતા. મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી, એ બંને ગામમાં રહ્યા હતા. ૪૫-૪૬. અલગ અલગ ભવનમાં તે બંને મંડળ રહ્યા હતા. તેની વચ્ચેના ભવનમાં શ્રીહરિ રહેતા હતા. આ બધી રહેવાની રચના કહી. ૪૭. ભવનના ચોકની ઈશાન ખૂણામાં શ્રીહરિનો પલંગ રહે તેવી પથ્થરની એક વેદી નિષ્કુળાનંદ મુનિએ બનાવી. ૪૮. શ્રીહરિ રોજ તે વેદી ઉપર બેસતા હતા. ત્યાં રાતે અને દિવસે સંતો તથા હરિભક્તોની સભા થતી હતી. અને શ્રીહરિ સંતો પાસે સવારે તથા સાંજે ગરબીનાં પદ નિત્ય ગવરાવતા હતા. ૪૯-૫૦. શ્રીહરિ સરોદ અને દોકડ વગડાવીને જે હોરીનાં પદ ગવડાવતા હતા તેમાં આનંદનો સાગર ઊભરાતો હતો. ૫૧. ત્યાર પછી સત્સંગમાં કુસંગ ગુપ્તપણે જે રીતે વર્તતો હતો, તેનું જેવું સ્વરૂપ હતું તેવું શ્રીહરિ વાતે કરીને ખુલ્લું કરી દેતા હતા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્વિંશ પૂરમાં "શ્રીહરિ પંચાળા આવીને ઝીણાભાઈના દરબારમાં રહ્યા" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે ચતુર્વિંશ પૂર સંપૂર્ણ ॥૨૪॥



INDEX

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨૫

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર પચીશમું : તરંગ - ૧

પંચાળાનું પહેલું વચનામૃત

✵ મંગલાચરણ :

दोहा : श्रीहरिकृष्ण प्रगट प्रभु, भक्तवत्सल भगवान;
धर्म की रक्षा करन हि हित, प्रगट भये जिमि भान...०१
हरिजन कु सुख देन हित, देश देश हि विचरत;
चरित्र कर्त चितवन करन, सुनत यह मोक्ष करत...०२
चरित्र श्रीहरि तिनके, सुनने जेता भाव;
तितना होवत सुख तेही, दुःख नहीं कबु रहाव...०३

પ્રગટ પરમાત્મા એવા શ્રીહરિકૃષ્ણ મહારાજ ભક્તવત્સલ ભગવાન છે. તેથી આ બ્રહ્માંડમાં એકાંતિક ધર્મની રક્ષા કરવા માટે સૂર્યની જેમ પ્રગટ થયા છે. ૧. હરિભક્તોને સુખ આપવા માટે દેશદેશમાં વિચરતા રહે છે અને ધ્યાન કરવા માટે ચરિત્રો કરે છે. તે ચરિત્રોને જે સાંભળે છે તેનો શ્રીહરિ મોક્ષ કરે છે. ૨. શ્રીહરિનાં ચરિત્ર સાંભળવામાં જેને જેટલો ભાવ હોય તેટલું તેને સુખ થાય છે. હરિચરિત્ર સાંભળનારાને ક્યારેય દુઃખ

રહેતું નથી. ૩. કેમ જે, જેટલાં દુઃખો કહેવાય છે, તે સર્વેનો નાશ કરવા માટે તો શ્રીહરિનાં સર્વે ચરિત્રો છે. તેથી જ હું એ સર્વે ચરિત્રોને પ્રેમથી કહું છું. ૪. **જો પ્રભુમાં પ્રેમ વિના અને ચરિત્રોમાં મન પરોવ્યા વિના કોઈ હરિચરિત્ર સાંભળે તોપણ તેને સુખ થાતું નથી. તે જીવ એટલો મલિન છે કે તેને હરિચરિત્ર સાંભળવામાં ઉત્સાહ થતો નથી.** ૫. **જો શ્રીહરિનાં ચરિત્ર સાંભળવામાં અતિ ઉત્સાહ હોય તો તેને જેટલાં દુઃખો હોય તે સર્વે નાશ થઈ જાય છે.** ૬. **આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ અનુપમ-દિવ્ય ચિંતામણિરૂપ છે.** તેમાં હવે પચીશમા પૂરનો હું આરંભ કરું છું. ૭.

શ્રીહરિચરિત્ર ભવસાગર તરવાનું મજબૂત વહાણ છે. તેના જેવું બીજું કોઈ વહાણ નથી. આ વહાણમાં આવીને જે કોઈ બેસે છે, તે મનુષ્ય અપાર સંસારસાગરનો પાર તત્કાળ પામી જાય છે. કારણ કે, શ્રીહરિનાં ચરિત્રો જીવોનો ઉદ્ધાર કરવા માટેના ચોક્કસ વહાણરૂપ છે. ૮-૯. જે મનુષ્ય આવાં ચરિત્રોને દૃઢપણે ઉદ્ધાર કરનારાં દિવ્ય જાણે છે, તેને જમપુરી અને લખચોરાશી દેખવા પડતા નથી. એવાં હરિચરિત્રને સાંભળવામાં અને દિવ્ય જાણવામાં જે જીવ જેટલાં આળસ, પ્રમાદ રાખે છે, તેને લીધે તેનામાં તેટલી કસર રહી જાય છે, આ વાત નક્કી આમ જ છે. જે જીવ જેટલી કસર રાખે છે તેટલું તેને દુઃખ રહે છે. ૧૦-૧૧. શ્રીહરિનાં જેટલાં ચરિત્રો છે તે સર્વે જીવોનાં દુઃખને મટાડવા માટે જ છે. વળી, શ્રીહરિ જેટલી વાતો કહેતા રહે છે તે સર્વે પણ ચરિત્રરૂપ જ કહેવાય છે. ૧૨.

(સંવત્ ૧૮૭૭ના) ફાગણ સુદિ ચોથને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીપંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર પલંગ ઢળાવીને વિરાજમાન હતા અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો. ૧૩-૧૪. અનુપમ શ્વેત અંગરખું પહેર્યું હતું. શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત પછેડી ઓઢી હતી. મસ્તક ઉપરના ફેંટાનો પેચ જમણી બાજુ છૂટો હતો. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે સંધ્યા આરતી થઈ રહી. ૧૫-૧૭.

❊ જે પામે ઉત્તમ વિચાર તેને થાય વિષયમાં ખાર :

પછી શ્રીજીમહારાજ જે તકિયો હતો તે ઉપર બેઠા. ત્યાર બાદ બોલ્યા જે, "હવે આ સર્વે મોટેરા પરમહંસ તથા મોટેરા હરિભક્ત છે તેમને અમે પ્રશ્ન પૂછીએ છીએ, તો તમે સાવધાન થઈને સાંભળો. જેને ભગવાનમાં અપાર હેત હોય તથા ધર્મમાં નિષ્ઠા હોય તોપણ જો વિચારને ન પામ્યો હોય તો અતિશય સારાં જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પંચવિષય તે અતિશય ભૂંડાથી ભૂંડા જે શબ્દાદિક પંચવિષય તેના સરખા થાય નહિ અથવા તેનાથી અતિશય ઊતરતા પણ થાય નહીં. ૧૮-૨૧. માટે કયા વિચારને પામે ત્યારે અતિશય સારા જે પંચવિષય, તે પણ અતિશય ભૂંડા પંચવિષય જેવા થઈ જાય ? અથવા અતિ ભૂંડા કરતાં પણ અતિશય ભૂંડા થઈ જાય ? તે જેણે જેવે વિચારે કરીને એ સારા પંચવિષયને ભૂંડા વિષય જેવા જાણ્યા હોય અથવા ભૂંડાથી પણ અતિશય ભૂંડા જાણ્યા હોય તે પોત પોતાનો વિચાર કહો." ૨૨-૨૩.

પછી જેટલા મોટા મોટા સંતો અને મોટા મોટા હરિભક્તો હતા તેમણે પોત પોતાનો જેવો વિચાર હતો તે પ્રમાણે કહ્યું. ૨૪. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારો સર્વેનો વિચાર અમે સાંભળ્યો. ૨૫. પણ હવે અમે જે વિચાર કરી રાખ્યો છે તે કહીએ છીએ. તે પરમ રહસ્યરૂપ વિચારને તમે સાંભળો. ૨૬. જેમ કોઈનો કાગળ પરદેશથી આવ્યો હોય, તેને વાંચીને જેમ દર્પણમાં મુખ દેખાય તેમ જેણે કાગળ લખ્યો હોય તેની જેવી બુદ્ધિ હોય તેવી તે કાગળ ઉપરથી જણાઈ આવે છે. ૨૭-૨૮. તથા જેમ પાંચ પાંડવો, દ્રૌપદી, કુંતાજી અને રુક્મિણી, સત્યભામા, જાંબવતી આદિક જે ભગવાનની પટરાણીઓ હતી તથા ભગવાનનો પુત્ર સાંબ વગેરે જે જે ભક્તો હતાં તેનાં રૂપ તથા વચનો શાસ્ત્રમાં લખ્યાં છે; તે શાસ્ત્રને સાંભળવાથી તેમનાં રૂપનું અનુમાન તે દર્શન જેવું જ થાય છે. તથા તેમની બુદ્ધિ તેનાં વચનમાં જ દેખાય છે. અર્થાત્ તેમનાં બોલેલાં વચને કરીને તેમની જેવી બુદ્ધિ હોય તેનું પ્રમાણ-અનુમાન થાય છે. ૨૯-૩૨. તેમ પુરાણ અને ભારતાદિક ગ્રંથે

કરીને એમ સાંભળ્યામાં આવે છે કે, 'જે ભગવાન છે તે જ આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેના કર્તા છે અને સદા સાકાર છે.' અને તે જો સાકાર ન હોય તો તેને વિશે કર્તાપણું કહેવાય નહીં. ૩૩-૩૪.

અને જે અક્ષરબ્રહ્મ છે તે તો એ ભગવાનને રહેવાનું ધામ છે. એવા દિવ્યમૂર્તિ, પ્રકાશમય અને સુખરૂપ એવા જે ભગવાન છે તે જ પ્રલયકાળમાં માયામાં કારણ શરીરે સહિત લીન થયેલા જીવોને ઉત્પત્તિકાળે બુદ્ધિ, ઇન્દ્રિયો, મન અને પ્રાણને આપે છે. તે શાને અર્થે આપે છે ? ૩૫-૩૭. તો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા જે વિષય તેના ભોગને અર્થે અને મોક્ષને અર્થે ઘણા પ્રેમથી આપે છે. ૩૮. અને એ જીવોને માટે ભોગ તથા ભોગનાં સ્થાનક તે ભગવાને રચ્યાં છે. ૩૯. તેમાં જે ઉત્તમ પંચવિષય રચ્યાં છે તે ભૂંડાં પંચવિષયનાં દુઃખની નિવૃત્તિને અર્થે રચ્યાં છે. ૪૦. જેમ કોઈક અતિશય મોટો શાહુકાર હોય, તે રસ્તાની બંને બાજુ છાયાને માટે ઠેકઠેકાણે વિવિધ પ્રકારનાં ઝાડને રોપાવે છે તથા ઠેર ઠેર પાણીના પરબ તથા કૂવા બંધાવે છે. વળી, કેટલાક સદાવ્રત અને ધર્મશાળા કરાવે છે, ૪૧-૪૨. તે ગરીબને માટે કરાવે છે. એવી મોટા શાહુકારની રીત હોય છે, તેમ બ્રહ્મા, ભવ અને ઇન્દ્રાદિક જે મોટા મોટા દેવ છે તે તો એ ભગવાનની આગળ સડતાળાના રાંક હોય અને પીપરની ટેટી બાફીને ખાતા હોય, તેના જેવા ગરીબ દેખાય છે. ૪૩-૪૪. તે બ્રહ્માદિક દેવતાઓ તથા મનુષ્યનાં સુખને માટે વિવિધ પ્રકારનાં ઉત્તમ એવાં પંચવિષય તે ભગવાને રચ્યાં છે. ૪૫.

અને જેમ શાહુકારે સદાવ્રત, ધર્મશાળા આદિકમાં રાંકને માટે જેવાં સુખ રચ્યાં છે તે કરતાં તે શાહુકારનાં ઘરમાં બહુ જ ઝાઝાં અતિશય ઉત્તમ સુખ હશે, ૪૬-૪૭. **એમ જેને અતિ બુદ્ધિ હોય તેને જણાય છે. તેમ એ ભગવાને બ્રહ્માદિકને અર્થે આશ્ચર્યકારી સુખ રચ્યાં છે, તો પોતાના ધામને વિષે તો એ કરતાં અતિશય ઉત્તમ સુખ હશે; એમ જે બુદ્ધિમાન મનુષ્ય હોય તેને જાણ્યામાં આવે છે. માટે ભગવાનનાં ધામનું જે સુખ છે તેનું અતિશયપણું બુદ્ધિમાનને જાણ્યામાં આવે છે, તેણે કરીને સારા**

એવા જે પંચવિષય તે અતિશય ભૂંડા થઈ જાય છે. પરંતુ તે સિવાય બીજો કોઈ ઉપાય નથી." ૪૮-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળાનું પહેલું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર પચીશમું : તરંગ - ૨

પંચાળાનું પહેલું વચનામૃત ચાલુ

❋ જે ભગવાનમાં મન રાખે તે જ સાચો બુદ્ધિમાન છે :

શ્રીહરિ ફરી આગળ જે વાત કહેવા લાગ્યા તે વાત હવે હું સિદ્ધાનંદ સ્વામી જેમ કહી હતી તેમ સાક્ષાત્ કહું છું. ૧. "આ સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા અને ભૂત ઈત્યાદિક જ્યાં જ્યાં પંચવિષય સંબંધી સુખ દેખાય છે, તે સર્વે સુખો ધર્મે સહિત જે કિંચિત્ ભગવાનનો સંબંધ તેણે કરીને છે. અર્થાત્ ભગવાનની આજ્ઞાપાલન કરવારૂપ ધર્મે કરીને પ્રત્યક્ષ ભગવાનનો જે સંબંધ તેણે કરીને છે, ૨-૩. પણ પોતે ભગવાનમાં જેવું સુખ રહ્યું છે એવું સુખ તો કોઈમાં ક્યારેય નથી. ૪.

જેમ આ મશાલ બળે છે તે મશાલને સમીપે જેવો પ્રકાશ છે તેવો થોડેક દૂર નથી, ૫. અને તેનાથી વધારે દૂર તો જરા પણ પ્રકાશ રહ્યો નથી. તેમ ભગવાન સિવાયના બીજે ઠેકાણે તો કિંચિત્ સુખ દેખવામાં આવે છે, પરંતુ જેમાં કોઈ પણ જાતનો ભય નથી એવું સંપૂર્ણ, અવિચળ, અવિનાશી અને અપાર સુખ તો એક ભગવાનની સમીપમાં જ રહ્યું છે, તે વાત ચોક્કસ છે. ૬-૭.

चोपाई :

अरु जितना भगवान हि तिनसे, दूर रहावत भये जो इनसे;
तितना सुख हि ता महीं तिनकू, न्यूनता रहावत हे इनकू...૮

અને તેથી જ જેટલું ભગવાનથી દૂર રહેવાય છે તેટલી સુખમાં ન્યૂનતા રહે છે. ૮. માટે જે મુમુક્ષુ હોય તે પોતાના હૃદયમાં એમ વિચાર કરે જે, 'જેટલું મારે ભગવાનથી છેટું થશે, તેટલું દુઃખ પ્રાપ્ત થશે અને હું મહા દુખિયો થઈને દુઃખી દુઃખી થઈ જઈશ. ૯-૧૦. અને ભગવાનના થોડાક સંબંધે કરીને મને થોડુંક સુખ થયું છે, માટે મારે ભગવાનનો સંબંધ અતિશય રાખવો છે અને હું અતિ સંબંધ રાખીશ તો મને અતિશય ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ ચોક્કસ થશે.' ૧૧-૧૨.

❋ ભગવાનમાં સુખ મનાય તેનાં સર્વે દુઃખ જાય :

दोहा : इमि जो करिके विचार हि, भगवान ताके जेहु;
सुख के लोभ हि रखिके, जिमि भगवान के तेहु...१३
सबंध रहे अधिक जोउ, तिमि उपाय हि तामें;
करत रहे बुद्धिवंत हि, मन भगवान वामें...१४

આમ વિચાર કરીને અને ભગવાનનાં સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સંબંધ અધિક રહે તેમ જ ઉપાય કરે તેને બુદ્ધિમાન કહીએ. અને તેનું જ મન ભગવાનમાં રહે છે. ૧૩-૧૪. વળી પશુના સુખ કરતાં મનુષ્યનું સુખ અધિક છે અને તે કરતાં રાજાનું સુખ અધિક છે. ૧૫. અને તેથી દેવતાનું સુખ અધિક છે અને તેના કરતાં ઈન્દ્રનું સુખ અધિક છે. ૧૬.

चोपाई :

तिनसे बृहस्पति जो तिनकेऊ, तिनसे ब्रह्मा रहे इनकेऊ;
तिनसे वैकुंठ लोक ताके, तिनसे गोलोक रहे वाके...१७
तिनके सुख अधिक जो रहाते, तिनसे अक्षरधाम के कहाते;
एसी रित्य भगवान हि हुके, सुख कु अधिक जानिके इनुके...१८
दुजे हि पंचविषय के जेते, सुख ताके विषे जोउ तेते;
बुद्धिवंत जे ते रहे तिनकू, तुछ बुद्धि होई जावत इनकू...१९

વળી તેના કરતાં બૃહસ્પતિનું અને તેથી બ્રહ્માનું સુખ તે અધિક છે અને તેના કરતાં વૈકુંઠલોકનું અને તેના કરતાં ગોલોકનું સુખ તે અધિક છે **અને તેના કરતાં ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે. એવી રીતે**

ભગવાનનાં સુખને અતિશય જાણીને બીજા જે જે પંચવિષયનાં સુખ છે તેને વિશે બુદ્ધિવાનને તુચ્છતા થઈ જાય છે. ૧૭-૧૯. અને તે ભગવાનનાં સુખની આગળ બ્રહ્માદિકનું સુખ તો અતિશય તુચ્છ દેખાય છે. ૨૦.

જેમ કોઈ મોટા ગૃહસ્થના ઘરને બારણે કોઈક રાંક-ભિખારી ઠીકરું લઈને માગવા આવ્યો હોય તેના જેવું બ્રહ્માદિકનું સુખ જણાય છે. અને તે ભગવાનના ધામનાં સુખનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે સર્વે જે બીજાં અપાર સુખ છે તેનાથી મન ઉદાસ થઈ જાય છે. તે સુખ તો બંદીખાનામાં ગોંધી રાખ્યા હોય તેવું દેખાય છે. ૨૧-૨૩. તેથી જ મનમાં વારંવાર એવા બહુ ઝાઝા મનોરથ થયા કરે છે કે, 'આ દેહને મૂકીને ક્યારે તે સુખને પામીએ ?' ૨૪. અને સ્વાભાવિકપણે પંચવિષયનું ગ્રહણ કરતા હોઈએ તેમાં તો ઝાઝો વિચાર થતો નથી, પણ જો તે પંચવિષયમાં કાંઈક સારપ મનાય છે ત્યારે તરત જ એ સહુથી અધિક જે ભગવાનનું સુખ છે તેમાં દૃષ્ટિ પહોંચી જાય છે. ત્યાર પછી મન બીજા સુખથી અતિશય ઉદાસ થઈ જાય છે અને એક ભગવાનનાં સુખમાં જઈને મન તરત સ્થિર થઈ જાય છે. આ અમને જેમ વર્તે છે તેમ અમે તમને કહ્યું. ૨૫-૨૮.

❋ જો મનાય હરિમાં સુખ, તો મટે સર્વે દુઃખ :

વળી આ જે બધી વાત અમે કહી તે જે બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે, એટલે જ બુદ્ધિવાળાને શ્રેષ્ઠ કહ્યા છે. ૨૯. માટે બુદ્ધિવાળા ઉપર અમારે અપાર હેત થાય છે. કેમ જે, **અમે બુદ્ધિવાળા છીએ તો એવી રીતે સહુથી પર જે સુખ છે તેમાં અમારી દૃષ્ટિ યથાર્થ પહોંચે છે. માટે જેમાં અતિશય બુદ્ધિ હોય તેની દૃષ્ટિ પણ આ રીતે સહુથી પર જે મહાસુખ છે, તેમાં ચોક્કસ પહોંચે છે. પછી તે દુઃખમાત્રને તરી જાય છે.** પરંતુ જ્યાં સુધી આવી બુદ્ધિ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તે ચાહે તેટલા ગ્રંથને ભણે અને ચાહે તેવી બુદ્ધિવાળો હોય તોપણ તે આ સંસારના પારને પામતો નથી. આવી રીતે અમારો જે વિચાર તે તમારા સહુના વિચાર કરતાં અમને અધિક દેખવામાં આવ્યો છે. તેથી તમને આ વાત સંભળાવી છે. માટે આ અમારા

વિચારને સારરૂપ તથા સર્વોપરિ માનીને અતિ દઢપણે કરીને સહુ હૈયામાં રાખજો. અને આ વિચાર વિના તો જો ક્યારેક રમણીય પંચવિષયમાં વૃત્તિ ચોંટી જાય તો તેને ખપવાળો હોય તે અતિશય બળ કરીને ઊખાડે ત્યારે માંડમાંડ ઊખડે છે. ૩૦-૩૬.

અને જો આ વિચારને પામ્યો હોય તો તે વૃત્તિને ખેંચવામાં લેશમાત્ર પણ પ્રયાસ પડે નહીં. ૩૭. જેમ વિમાનમાં બેસે તેને કોઈ સ્થાન દૂર રહેતું નથી, તેમ તેને સહેજે જ વિષયની તુચ્છતા જણાઈ જાય છે. ૩૮. અને આ જે વાત છે તે જેને ઝાઝી બુદ્ધિ હોય અને ઝાઝાં સુખના લોભને ઈચ્છતો હોય તેને સમજ્યામાં આવે છે. બુદ્ધિ અને લોભ વિના ક્યારેય આ વાત સમજાતી નથી. હવે તે સમજવાની રીતને કહું છું. ૩૯-૪૦. જેમ કોડી કરતાં પૈસામાં અધિક માલ રહ્યો છે અને તે પૈસા કરતાં રૂપિયામાં અધિક માલ રહ્યો છે. ૪૧. અને તેના કરતાં સોનામહોરમાં અધિક માલ રહ્યો છે અને તેથી ચિંતામણિમાં અધિક માલ રહ્યો છે. ૪૨.

तिमि जिहाँ जिहाँ सुख रहे जेही, पंचविषय सबंधी जो तेही;
तिनसुँ भगवान जेहि ताके, धाम जोउ रहायेउ वाके...४३
तामें भगवान के अपारा, सुख रहे कोउ वार न पारा;
सरवोपरी तेहि सुख रहाते, तेहि सम सुख न कोउ कहाते...४४

તેમ જ્યાં જ્યાં પંચવિષય સંબંધી સુખ છે તેનાથી ભગવાનના ધામમાં જે ભગવાનનું સુખ છે તે તો અતિ અપાર અને સર્વોપરિ રહ્યું છે. તેના સમાન તો બીજું કોઈ સુખ કહેવાતું નથી. ૪૩-૪૪. માટે જે બુદ્ધિમાન હોય અને જેની દૃષ્ટિ પૂગતી હોય તેને આ અમારો વિચાર હૃદયમાં ઠરે છે. ૪૫.

✻ એક ભગવાનને પામવાનું જ લક્ષ્ય રાખવું :

અને આ વિચાર જેનાં હૃદયમાં દઢ ઠર્યો હોય, તે કદાચ વનમાં જઈને બેઠો હોય તોપણ પોતાને એમ જાણે છે જે, ‘હું અનંત મનુષ્યે સહિત તથા સર્વે રાજ્યસમૃદ્ધિએ યુક્ત જ રહ્યો છું.’ ૪૬-૪૭. એમ સમજે, પણ પોતાને તલભાર દિલમાં લગારેય દુખિયો ન માને. અને ઈન્દ્રના લોકમાં રહ્યો હોય

તોપણ એમ જાણે જે, 'હું વનમાં બેઠો છું.' પણ તે ઈન્દ્રલોકનાં સુખે કરીને પોતાને સુખિયો ન માને. ૪૮-૪૯. તે સુખને તો તુચ્છ માને. તે માટે આ વિચારને રાખીને તમે સર્વે પ્રેમથી એમ નિશ્ચય રાખજો જે, ૫૦.

सोरठा : अब भगवान ताके, धाम महीं ठेठ हि जोउ;
पो'चना हे वाके, पण बिच महीं कोउ ठोर...५१
तुछ पंचविषय जेहु, सबंधी सुख जो तिन महीं;
कोउ दीन अब तेहु, खुंतना नहि निश्चय कर...५२

'હવે તો ભગવાનના ધામમાં ઠેઠ પહોંચવું છે, પણ વચ્ચે કોઈ ઠેકાણે તુચ્છ જે પંચવિષય સંબંધી સુખ, તેમાં ક્યારેય લોભાવું નથી.' એવી રીતે સૌ મનમાં દૃઢ નિશ્ચય રાખજો. આ તો અમારો જે સિદ્ધાંત છે તે તમને સર્વેને કહ્યો. અમારી આ વાત તો સર્વે સમજણની ચિંતામણિ તુલ્ય છે. પરંતુ જે બાળબુદ્ધિ રાખે છે તેને અમારી આ વાત ઉપયોગમાં આવતી નથી." ૫૦-૫૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળાનું પહેલું વચનામૃત પૂરું થયું" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર પચીશમું : તરંગ - ૩

પંચાળાનું બીજું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ના) ફાગણ સુદિ સાતમને દિવસ ગામ શ્રીપંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર પલંગ હતો અને તેના ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન હતા, તેની સુંદર શોભા કહું છું. ૧-૨. પરમનિધિરૂપ અને ઉદાર એવા શ્રીહરિએ સારો શ્વેત ફેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો અને શ્વેત ખેસ પહેર્યો હતો. ૩. અંગ ઉપર શ્વેત પછેડી ઓઢી હતી. તે સમયે શ્રીહરિની મૂર્તિની શોભા જેટલાં બ્રહ્માંડો છે તેની તમામ શોભા ભેળી કરીએ એવી બની હતી. ૪. અને પોતાના મુખારવિંદની આગળ બધા પરમહંસોની તથા દેશદેશના હરિભક્તોની અપાર સભા ભરાઈને બેઠી હતી.

✵ સાંખ્ય તથા યોગશાસ્ત્રનું રહસ્ય :

તે સમયે શ્રીજીમહારાજ બોલ્યા કે, ૫-૬. "શુકમુનિ ! તમે જે મોક્ષધર્મનું પુસ્તક લાવ્યા છો, તેમાંથી સાંખ્યના અધ્યાયની તથા યોગના અધ્યાયની કથા કરાવીએ." ત્યારે શ્રીહરિના વચનને સાંભળીને શુકમુનિ પુસ્તક લઈ આવ્યા. ૭-૮. પછી નિત્યાનંદ સ્વામીએ ઘણા હરખથી જે રીતે શ્રીહરિ પ્રસન્ન થાય તે રીતે કથા વાંચવાનો આરંભ કર્યો. ૯.

પછી સાંખ્ય અને યોગની વાત સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "યોગવાળા છે તે પચીશમા જીવ-ઈશ્વરને કહે છે અને છવ્વીશમા પરમાત્માને કહે છે. તથા સાંખ્યમતવાળા છે તે ચોવીશ તત્ત્વની અવાંતર(અંતર્ગત) જીવ-ઈશ્વરને કહીને પચીશમા પરમાત્માને કહે છે. આ રીતે પોતાના મતને અનુસારે કહે છે, પણ તેમાં રહેલા દૂષણની તેમને લગાર પણ ખબર નથી. ૧૦-૧૨. તેમાં જે યોગમતવાળા છે તેનો એમ મત છે જે, 'સૂઝે એવો આત્મા-અનાત્માનો વિચાર વારંવાર નિત્ય કરો તથા અપાર સાધન કરો, પણ પ્રત્યક્ષ ભગવાનના આશ્રય વિના ક્યારેય મોક્ષ થતો નથી.' અને સાંખ્યવાળાનો એવો મત છે જે, 'સર્વે દેવ-મનુષ્યાદિકની જેમ છે તેમ ગતિ-પ્રાપ્તિઓને જાણીને, પછી વિષયમાંથી વૈરાગ્યને પામીને ત્રણ દેહથી પર એવો જે આત્મા તેને જાણે ત્યારે તે જીવ મુક્ત થાય છે.' ૧૩-૧૭. અને એ બંને પ્રકારના જે મત છે તેને પોતપોતાના મતમાં જે દૂષણ રહ્યા છે તેના નિવારણ માટે યુક્તિનું ગ્રહણ કરવું.

✵ યોગશાસ્ત્રમાં આવતું દૂષણ અને તેને સમજવાની રીત :

તેમાં યોગમતમાં એ દૂષણ રહ્યું છે કે, જીવને પચીશમો કહ્યો અને ઈશ્વરને પણ પચીશમા કહ્યા. અને જીવનો દેહ ચોવીશ તત્ત્વનો કહ્યો. ૧૮-૨૦. તેમ ઈશ્વરનો દેહ પણ ચોવીશ તત્ત્વનો કહ્યો. માટે તે બંનેને વિષે જરૂર તુલ્યભાવ આવી જાય છે, તેમાં કાંઈ ખોટું નથી. ૨૧. જેમ કે, સ્થૂળશરીર અને વિરાટદેહ તે બંને સમાન છે તથા સૂક્ષ્મ અને સૂત્રાત્મા તુલ્ય છે. ૨૨. તેમજ કારણ અને અવ્યાકૃત, તેને તુલ્ય કરીને દેખે છે. તથા જાગ્રત અને સ્થિતિ અવસ્થાને તુલ્ય કહે છે. ૨૩. તથા સ્વપ્ન અને ઉત્પત્તિ અવસ્થામાં

સમાનતા છે, સુષુપ્તિ અને પ્રલય અવસ્થામાં સમાનતા છે; એમ કહે છે. ૨૪. વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ તથા વિષ્ણુ, બ્રહ્મા અને શિવ તે તુલ્ય છે, એમ સમજીને છવ્વીશમાને ભજે છે. આવી રીતે જીવ તથા ઈશ્વરને વિષે સમાનતારૂપી દોષ યોગમતવાળાને આવે છે. ૨૫-૨૬. તે દોષને ટાળવા માટે કોઈક મોટા પાસેથી ચોક્કસ યુક્તિ શીખવી. હવે તે યુક્તિને અમે કહીએ છીએ જે, 'ઈશ્વરના દેહમાં જે પંચભૂત રહ્યા છે, તેની મહાભૂત એવી સંજ્ઞા રહી છે. ૨૭-૨૮.

અને તે જ ભૂત બધા જીવના દેહને ધારણ કરી રહ્યા છે. અને જીવના દેહમાં જે પંચભૂત રહ્યા છે તે અલ્પ છે, તે બીજાને ધારવા સમર્થ હોતા નથી. અને જીવ છે તે અલ્પજ્ઞ છે તથા ઈશ્વર છે તે સર્વજ્ઞ કહેવાય છે.' ૨૯-૩૦. એવી રીતે યુક્તિ શીખીને જીવ તથા ઈશ્વરને વિષે ક્યારેય સમપણું ભૂલે પણ સમજવું નહીં. ૩૧. અને જો એવી યુક્તિ ન શીખ્યો હોય અને પછી કોઈ પ્રતિવાદી અર્થાત્ વિરોધ મતવાળા આવીને પ્રશ્ન પૂછે તો ઉત્તર આપવો કઠણ પડે અને તેની સમજણ જરૂર ચૂંથાઈ જાય અર્થાત્ સંશય યુક્ત થઈ જાય. અને કોઈ પ્રશ્ન પૂછવાવાળા હોય તે તો ક્યારેય જીવ-ઈશ્વરને વિષે સમાનપણું રહેવા દે નહિ અને જે રીતે વિષમપણું આવે તે રીતે જ પ્રશ્ન પૂછે. ૩૨-૩૪. માટે જીવ-ઈશ્વરને વિષે ક્યારેય સમપણું ન આવે એવી રીતની યુક્તિને વારંવાર શીખવી. ૩૫. અને એવી રીતનાં જે વચન તેને વિવેકે કરીને સાંભળવાં.

❋ સાંખ્યશાસ્ત્રમાં આવતું દૂષણ અને તેને સમજવાની રીત :

અને સાંખ્યવાળાના મતમાં જે દૂષણ છે તે કહીએ છીએ જે, ૩૬. તેમણે ચોવીશ તત્ત્વની સાથે જીવ-ઈશ્વરને કહ્યા છે અને પચીશમા પરમાત્માને કહ્યા છે. તે ચોવીશ તત્ત્વને મિથ્યા કહે છે અને પરમાત્માને સત્ય કહે છે. ૩૭-૩૮. ત્યારે તે પરમાત્માને પામે છે કોણ ? કારણ કે, પામનારા જીવને તત્ત્વથી ભિન્ન કહ્યો નથી. માટે એ જે દૂષણ છે તેને ટાળવા માટે કોઈ મોટા પાસેથી યુક્તિ શીખવી જે, 'એ ચોવીશ તત્ત્વ કહ્યાં તે જીવ વગરના હોય નહીં. માટે તે તત્ત્વની ભેગા જ જીવ-ઈશ્વરને કહ્યા છે.

હવે તે વાત જેમ સમજવાની છે તે કહું છું. તે જીવ-ઈશ્વર ચોવીશ તત્ત્વથી પૃથક્ રહ્યા છે અને તે પરમાત્માને પામે છે.' એવી રીતની યુક્તિ શીખી રાખવી અને જો એવી યુક્તિ શીખી ન હોય ત્યારે કોઈ પ્રતિપક્ષી પ્રશ્ન પૂછે ત્યારે જરૂર સંશય થાય જે, 'તત્ત્વ તો મિથ્યા છે, તે ખોટું નથી. ત્યારે તે પરમાત્માને પામવાને માટે જે બ્રહ્મચર્યાદિક ધર્મ કહ્યા છે તથા શ્રવણ, મનન અને નિદિધ્યાસ વગેરે જે સાધન કહ્યાં છે તે શાને અર્થે કહ્યાં છે ?' ૩૯-૪૫. માટે તત્ત્વના તદાત્મકપણાને પામ્યા જે પરમ અનુપમ જીવ-ઈશ્વર તેને તત્ત્વરૂપે કરીને જ કહ્યા છે, પણ તે તત્ત્વ થકી અતિ વિલક્ષણપણે રહ્યા છે, તે પરમાત્માને પામે છે. ઈત્યાદિક જે યુક્તિઓ છે તેને મોટા સંત પાસેથી સાંખ્યવાળાએ ચોક્કસ શીખવી જોઈએ. ૪૬-૪૮.

અને જે યોગવાળા છે તે, 'પ્રત્યક્ષ મૂર્તિ એવા જે મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહ, વામન, રામ-કૃષ્ણાદિક ભગવાનના અવતાર તેને ધ્યાને કરીને મોક્ષ થાય છે', એવી યુક્તિનું ગ્રહણ કરે છે. અને જે સાંખ્યવાળા છે તેની વાત હવે કહું છું. **'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह'** ૪૯-૫૧. ઈત્યાદિક શ્રુતિશાસ્ત્રે કરીને કહ્યું એવું જે ભગવાનનું સ્વરૂપ, તેને અનુભવે કરીને યથાર્થ જાણે ત્યારે મોક્ષ થાય છે; એવી યુક્તિનું સાંખ્યવાળા ગ્રહણ કરે છે. અને તે બંને મત છે તે સારા છે અને મોટા પુરુષોએ જરૂર માન્યા છે. ૫૨-૫૩. **અને એ બંનેનું જો યથાર્થપણે આચરણ કરે તો તે મનુષ્ય પરમગતિને સાચા અર્થમાં નિશ્ચિત પામે છે.** ૫૪. અને તે બંને મતમાં સાધન તો સરખા કહ્યાં છે, પણ ઉપાસનાની જે રીત છે તે સરખી નથી, ઘણી જુદી છે." ૫૫.

આટલી વાત કરીને શ્રીજીમહારાજે સંતોને કહ્યું કે, "હવે આજ તમે વાજિંત્રોનો સુંદર સાજ લઈને કીર્તન ગાઓ." ૫૬. પછી મુક્તાનંદ સ્વામી આદિક સંતો ઘણા આનંદથી કીર્તન ગાવા લાગ્યા. ૫૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળાનું બીજું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર પચીશમું : તરંગ - ૪

પંચાળાનું બીજું વચનામૃત ચાલુ

✻ સાંખ્ય અને યોગનો સમન્વયાત્મક વિચાર :

પછી ફરીને શ્રીજીમહારાજ બોલ્યા કે, "હવે તમે કીર્તન રાખો અને તે સાંખ્ય તથા યોગ, તે બંનેનો જે રીતનો સિદ્ધાંત છે તે તમે જ્યાં સુધી કીર્તન ગાયા ત્યાં સુધી અમે વિચારી રાખ્યો છે. તેને નિર્ધારિતરૂપમાં અમે કહીએ છીએ તે સાંભળો. ૧-૨. જે યોગમતવાળા છે તેને આત્યંતિક પ્રલયને વિષે અક્ષરધામમાં તેજોમય એવી સુશોભિત દિવ્યરૂપ ભગવાનની મૂર્તિ રહી છે તે ધ્યાન કરવા યોગ્ય છે. ૩-૪. અને તેથી ઓરા પ્રકૃતિપુરુષરૂપ જે ભગવાન તે ધ્યાન કરવા યોગ્ય છે. ૫. અને તેથી ઓરા પ્રકૃતિપુરુષનાં કાર્ય જે ચોવીશ તત્ત્વ તે રૂપ ભગવાન કહેવાય છે, ૬. તે ધ્યાન કરવા યોગ્ય છે. અને તેથી ઓરા હિરણ્યગર્ભ તથા તેથી ઓરા ચોવીશ તત્ત્વથી ઊપજેલા વિરાટ તે ધ્યાન કરવા યોગ્ય છે. અને તેથી ઓરા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ તથા પૃથ્વીને વિષે જે મત્સ્ય, કૂર્મ, નૃસિંહ, વરાહાદિક ભગવાનના અવતારો તથા શાલગ્રામ આદિક જે પ્રતિમાઓ છે એ સર્વે પરમ પવિત્ર અને ધ્યાન કરવા યોગ્ય છે, એવું યોગમતવાળાનું તાત્પર્ય દેખાય છે. ૭-૧૦.

પછી તે વખતે સાંખ્યના સિદ્ધાંતનો વિચાર ઊપજ્યો ત્યારે તેણે એ આકારમાત્રનું નિરાકરણ કરી નાખ્યું. ૧૧. અને તેમાં એમ જણાણું જે, 'એ બધા વિચારનો કરનારો જે જીવ છે તેના જેવો બીજો કોઈ શુદ્ધ દેખવામાં ન આવ્યો. ૧૨. માટે જીવનું ધ્યાન કરવું તે ઠીક છે.' એવો જે સાંખ્યનો વિચાર તેને ટાળવાને અર્થે ફરી યોગનો વિચાર થયો જે, એ પરાત્પર અને પરમ પવિત્ર એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું પ્રકૃતિપુરુષાદિક બધાને વિષે અન્વયપણું રહ્યું છે. ૧૩-૧૫. માટે એ સર્વે ભગવાન જ છે, દિવ્યરૂપ છે, સત્ય છે અને ધ્યેય છે. ૧૬. અને એ વાતને દૃઢ કરવાને અર્થે **'સર્વં ખલ્વિદં બ્રહ્મ'** **'નેહ નાનાસ્તિ કિઞ્ચન'** તથા **'इदं हि विश्वं भगवानिवेतरो यतो जगत्स्थाननिरोधसंभवाः'** ઇત્યાદિક કેટલીક વિસ્તૃત શ્રુતિઓ કહી છે. ૧૭.

એવી રીતનો જે યોગનો માર્ગ છે તેને વિષે પ્રવર્ત્યો જે મુમુક્ષુ તેને બીજું કોઈ વિઘ્ન નથી. શા માટે જે, એ માર્ગ તો સ્થૂળ છે અને એને વિષે પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિનું સુદૃઢ આલંબન રહ્યું છે. તે માટે જેવો તેવો હોય તે પણ એ માર્ગે કરીને ખુશીથી નિર્વિઘ્નપણે મોક્ષને પામે છે.

પરંતુ જ્યારે વિચાર કર્યો ત્યારે એ માર્ગમાં પણ એક દોષ દેખવામાં આવ્યો. ૧૮-૨૧. તે શું ? તો, એ સર્વથી પર જે પુરુષોત્તમ ભગવાન છે તેને અને પ્રકૃતિ-પુરુષાદિકને અંશ-અંશીભાવ આવી જાય છે જે, 'ભગવાનના અંશ પ્રકૃતિપુરુષ છે અને તેના અંશ હિરણ્યગર્ભ, વિરાટ આદિક છે.' ૨૨. આવી રીતે જો સમજાય તો તેમાં મોટો દોષ આવે. કારણ કે, ભગવાન તો અચ્યુત છે. ૨૩. નિરંશ છે, નિર્વિકાર છે, અક્ષર છે અને અખંડ છે. તેમને વિષે ચ્યુતભાવ આવે છે. ૨૪. અને અંશ-અંશીભાવ આવે છે; માટે એવો દોષ ક્યારેય આવવા દેવો નહીં. ૨૫.

✵ યોગના મતે નિર્વિઘ્ન કલ્યાણનો ઉપાય :

दोहा : अरु ईमि समझना मन हि, भगवान जेसे जेहु;
भगवान रहेउ एक हि, दूजे जेतेउ तेहु...२६
सोरठा : प्रकृति पुरुष हि जेहि, आदिक रहाये जेतेउ;
भक्त रहाये तेहि, याके ध्यान करत रहत...२७

અને મનમાં એમ સમજવું કે, 'એ ભગવાનના જેવા તો એક ભગવાન જ છે અને બીજા જે પ્રકૃતિપુરુષાદિક છે તે તો તેમના ભક્ત છે તથા એમનું ધ્યાન કરતા રહે છે. ૨૬-૨૭. માટે એ ભગવાનરૂપ છે.' એમ સમજીને અનુપમ વિવેકે કરીને જે જાણવાનું છે, તે હવે કહીએ છીએ. ૨૮. **જેમ કોઈ મોટા સંત હોય અને તે ભગવાનનું ધ્યાન કરતા હોય તો તેને ભગવાનરૂપ કહેવાય છે, તે રીતે જ પ્રકૃતિપુરુષાદિક પણ ભગવાનરૂપ કહેવાય છે.** અને જે સહુથી પર પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે તે જ હંમેશાં વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધરૂપે થાય છે તથા રામ-કૃષ્ણાદિક અવતારનું ગ્રહણ કરે છે, તે ધ્યાન કરવા યોગ્ય છે. આમ સમજે તો એ યોગમાર્ગ તે અતિશય નિર્વિઘ્ન, મહાશ્રેષ્ઠ, નિર્દોષ અને સર્વોપરિ કહેવાય છે.

હવે સાંખ્યમાર્ગમાં જે દોષ રહ્યા છે તે કહું છું. ૨૯-૩૩. જે સાંખ્યમતવાળા છે તે એમ કહે છે કે, 'અંતઃકરણે કરીને તથા ઇન્દ્રિયોએ કરીને જે જે ગ્રહણ કર્યામાં આવે છે તે સર્વ મિથ્યા છે અને અનુભવે કરીને જે ગ્રહણ કર્યામાં આવે છે તે સત્ય છે.' ૩૪-૩૫. આવી રીતે આકારમાત્રને મિથ્યા કરીને કહે છે, તેની સાથે સાથે જીવના કલ્યાણને અર્થે પ્રગટ થયા જે ભગવાન તેના સદા સત્ય એવા સ્વરૂપને પણ મિથ્યા કહે છે. ૩૬-૩૭. તથા અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ એમનાં રૂપને પણ મિથ્યા કહે છે. અને નિર્ગુણ એવા જે વાસુદેવ તેનું જ ગ્રહણ કરે છે; એવો એ અપાર મોટો દોષ છે. ૩૮-૩૯.

❋ સાંખ્યના મતે નિર્વિઘ્ન કલ્યાણનો ઉપાય :

માટે તે સાંખ્યવાળા છે તે એમ સમજે તો તે ઠીક કહેવાય અને તેમાં કોઈ દોષ ન આવે. તે કેમ સમજે ? તો, સાંખ્યવિચારનું ગ્રહણ કરીને પ્રકૃતિપુરુષથી જે જે ઊપજ્યું છે તે સર્વેને મિથ્યા કરીને પોતાના આત્માને

चोपाई :

सबसे पृथक शुद्ध ब्रह्मरूपा, मानीके तेही परम अनूपा;
जीव के कल्याण के हिता, प्रगट होत हरि यह निमिता...४२
ताके रूप कु सत्य जानी, तिनके ध्यान करना हित आनी;
एसी रित्य यह दो मत ताके, विचार सुलट रहाये वाके...४३

સહુથી પૃથક્ શુદ્ધ બ્રહ્મસ્વરૂપ માનીને, તે પછી જીવના કલ્યાણને અર્થે પ્રગટ થયા જે ભગવાન તેના રૂપને પરમ અનુપમ અને સત્ય જાણીને ઘણાં હેતથી તેનું ધ્યાન કરવું. આવી રીતે આ બંને મતનો વિચાર સવળો રહ્યો છે. ૪૦-૪૩. તે કોઈક અમારા જેવા મોટા પાસેથી શીખે ત્યારે આવડે અને તેમાં દોષ આવે નહીં. પરંતુ પોતાની રીતે શાસ્ત્રને ભણે કે સાંભળે તેનાથી નિર્દોષ સમજણ આવડતી નથી. કેમ જે, તેમાં આવતા દોષો સમજવા કઠણ છે. અને એ વાત છે તો એમ જે, 'પહેલાં સાંખ્યનો વિચાર કરીને જે બ્રહ્મરૂપ થયો હોય તેને માટે યોગનો ઉપદેશ રહ્યો છે તે કહ્યું છે કે,

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥ *(ગીતાઃ૧૮/૫૪)*

તથા **आत्मारामाश्च मुनयो निर्ग्रंथा अप्युरुक्रमे ।**
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थम्भूतगुणो हरिः ॥ *(ભાગવત : ૧/૭/૧૦)*

परिनिष्ठितोऽपि नैर्गुण्य उत्तमश्लोकलीलया ।
गृहितचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥ *(ભાગવત : ૨/૧/૯)*

આવી રીતે સાંખ્યવાળાને યોગની અપેક્ષા છે. કાં જે, એ સાંખ્યમતવાળો પોતાના વિચારે કરીને પોતાના આત્માથી અલગ જે જે કાંઈ પાંચ ઇન્દ્રિયો અને ચાર અંતઃકરણે કરીને ભોગવવામાં આવે છે, એવા વિષયભોગને અતિશય તુચ્છ જાણે છે. માટે એ કોઈ પદાર્થને વિષે ક્યારેય આશ્ચર્ય પામે નહીં ૪૪-૫૧. તથા બંધાય નહિ. અને એની પાસે આવીને કોઈ એમ કહે કે, 'આ પદાર્થ બહુ જ રૂડું છે.' ત્યારે તે મનમાં એમ પવિત્ર વિચાર કરે જે, 'ગમે તેવું સારું હશે, પણ તે ઈન્દ્રિયો અને અંતઃકરણથી ગ્રહણ કર્યામાં આવે એવું હશે ને ઈન્દ્રિયો-અંતઃકરણથી જે ગ્રહણ કર્યામાં આવે તે તો અસત્ય છે અને નાશંવત છે.' એવી એ સાંખ્યવાળાની દૃઢ સમજણ હોય છે. અને તે પોતાના આત્માને અપાર શુદ્ધ જાણે છે; એવો જે સાંખ્યવાળો છે તેને યોગમાર્ગે કરીને ભગવાનની જે ઉપાસના, ધ્યાન અને ભક્તિ તે કરવા. તે કર્યા સિવાય કોઈનો ઉદ્ધાર નથી. ૫૨-૫૬. અને એમ ન કરે તો તેને વિષે અતિશય ન્યૂનતા કહેવાય છે. આવી રીતે સાંખ્યશાસ્ત્ર તથા યોગશાસ્ત્ર તેનો જે સનાતન સિદ્ધાંત છે તે અમે યથાર્થ વિચારીને તમને નિર્ધારિતરૂપમાં કહ્યો છે. ૫૭-૫૮.

❋ આધુનિક સાંખ્ય તથા યોગવાળાની અધોગતિ :

અને જે આધુનિક યોગવાળા અને સાંખ્યવાળા છે તેમણે તો બંને માર્ગને બગાડી નાંખ્યા છે. ૫૯. જે આધુનિક યોગવાળા છે તે આકારનું સ્થાપન કરવા જાય છે ત્યારે બીજા જીવનો આકાર તથા બ્રહ્મા, વિષ્ણુ,

શિવના આકાર તથા રામ-કૃષ્ણાદિક અવતારના આકાર તે બધાને તુલ્યપણે જાણે છે. અને જે આધુનિક સાંખ્યાવાળા છે, ૬૦-૬૨. તે બધા આકારનું જ્યારે ખંડન કરે છે ત્યારે તેની ભેળા તીર્થ, વ્રત, પ્રતિમા, યમ, નિયમ, બ્રહ્મચર્યાદિક ધર્મ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ તથા રામ-કૃષ્ણાદિક અવતાર એ સર્વેનું પણ ખંડન કરે છે. માટે આધુનિક જે સાંખ્યવાળા અને યોગવાળા છે તે બંને (સાચા) માર્ગને છોડી કુમાર્ગે ચાલ્યા છે. તે ક્યારેય ઠેકાણું નહિ પામે અને તે નારકી થાય છે." ૬૩-૬૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળાનું બીજું વચનામૃત પૂરું થયું" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર પચીશમું : તરંગ - ૫

પંચાળાનું ત્રીજું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ના) ફાગણ સુદિ આઠમને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીપંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ચોતરા ઉપર પલંગ હતો તેના ઉપર વિરાજમાન થયા હતા, તેની શોભા કહું છું. ૧-૨. પરમનિધિ એવા શ્રીહરિએ ઘણો સુશોભિત શ્વેત ફેંટો મસ્તકે બાંધ્યો હતો અને શ્વેત ખેસ પહેર્યો હતો અને અંગ ઉપર શ્વેત પછેડી ઓઢી હતી. અને પોતાના મુખારવિંદની આગળ બધા પરમહંસોની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૩-૫.

✻ કલ્યાણના કામમાં આવે તે જ સાચી બુદ્ધિ છે :

પછી શ્રીજીમહારાજ સંતોના પ્રત્યે બોલ્યા કે, "તમે બધા પરમહંસો માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો. તો તેના યોગે કરીને કોઈ સારી વાતનો પ્રસંગ નીકળે. કેમ જે, કાંઈક યોગ વિના વાત આગળ ચાલે નહીં." ૬-૭. ત્યારે સુરત બંદરમાં રહેનારા મુનિબાવા નામે સંત હતા તેણે બ્રહ્માનંદ સ્વામીને જે

પ્રશ્ન પૂછ્યો હતો તે હું કહી સંભળાવું છું, ૮. "આવો સત્સંગનો ભારે યોગ થયો છે, તે જ રીતે ભગવાન અને સંતોનો સર્વોપરિ યોગ થયો છે, ૯. તેમજ કથા, કીર્તન અને વાતોનો સર્વોપરિ યોગ થયો છે. તેથી જેટલી અયોગ્ય બાબતો કહેવાય છે તેનો ત્યાગ કર્યો છે તથા જે જે વિકાર કહેવાય છે તેને મળની સમાન જાણીને ત્યાગ કર્યો છે. વળી સત્સંગનો ઘણો ખપ છે તોપણ માન અને ઈર્ષ્યારૂપી વિકાર કેમ રહી જાય છે ? તેનું કારણ દેખાતું નથી. હવે તે પ્રશ્નનો તમે ઉત્તર કરો." પછી બ્રહ્માનંદ સ્વામી તેનો ઉત્તર કરવા લાગ્યા, પણ એમનાથી કાંઈ થયો નહીં. ૧૦-૧૨. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેમાં માન અને ઈર્ષ્યારૂપી વિકાર રહે છે તેમાં કાંઈ (અલૌકિક) બુદ્ધિ નથી. ૧૩.

❋ સ્વના અવગુણ ને પરના ગુણ લે તે બુદ્ધિશાળી :

दोहा : बुद्धिवंत रहे जितना, पोताहि महीं जेते;
अवगुण रहाये यह तिनकु, जानत रहेउ तेते...१४

सोरठा : तथा जितना जेहि, गुण ताकू जानत रहे;
अरु दुजे महीं तेहि, गुण ताकू जानत रहत...१५
तथा अवगुण जेते, होय ताकु जानत तिनहि;
अरु बुद्धिवंत न तेते, पोतामें जानत गुण हि...१६

चोपाई :

पण पोतामें अवगुण ताकू, जानत नहीं कबहु जो वाकू;
पोताको सनकादिक जेसे, बडे जानत रहाये तेसे...१७

અને જે એવી બુદ્ધિવાળો છે તે તો પોતામાં જેટલા અવગુણ રહ્યા હોય તેને જાણે. ૧૪. તથા જેટલા ગુણ હોય તેને પણ જાણે અને બીજામાં રહેલા ગુણને પણ જાણે. ૧૫. તથા જે અવગુણ હોય તેને પણ જાણે. અને જે એવી બુદ્ધિવાળો ન હોય તે તો પોતામાં ગુણ જ જાણે, પણ પોતામાં રહેલા અવગુણને ક્યારેય જાણે નહિ અને પોતે પોતાને સનકાદિક જેવો મોટો જાણે છે. ૧૬-૧૭. અને પોતા કરતાં મોટા હોય તોપણ તેને પોતાથી અતિશય ઊતરતા માને.

અને જે બુદ્ધિવાળો હોય તે પોતાના અવગુણને જાણતો હોય જે, 'મારામાં આટલો અવગુણ છે.' પછી તેના ઉપર અતિશય ખટકો રાખીને ૧૮-૧૯. તે અવગુણને ટાળવાની મનમાં અતિશય ચાડ રાખે અને તેને ટાળી નાખે. ને તે અવગુણને ટાળવા માટે બીજા સંત વાત કરતા હોય તેને હિતકારી માને. માટે એમાં માન-ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહેતા નથી. અને કોઈકમાં બહુ ઝાઝી બુદ્ધિ જણાતી હોય, પણ તે જો પોતાના અવગુણને ન વિચારતો હોય તો તેની તે બુદ્ધિ નિશ્ચિત વ્યાવહારિક છે, તેમ જાણવું. ૨૦-૨૨. અને તે બુદ્ધિ ઉપરથી તો બહુ ચોજાળી દેખાતી હોય, પણ એને બુદ્ધિવાળો ન કહેવાય. તેને તો અતિ મૂર્ખ જાણવો. ૨૩.

કેમ જે, એની બુદ્ધિ મોક્ષના કામમાં તો આવતી નથી, પરંતુ મોક્ષ વિરોધી કાર્ય કરે છે. અને જેને બુદ્ધિ થોડી જ હોય, પણ જો તે પોતામાં અવગુણ હોય તેને દેખે અને તેને ટાળવા માટે નિત્ય ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે. માટે એને જ બુદ્ધિમાન કહીએ અને તેને જ મોક્ષનો ખપ છે. તે ખપ ઉપરથી બુદ્ધિ દેખાય આવે છે. ૨૪-૨૬.

सोरठा : अरु जो आप मांहि, कोउ वेर अवगुण जेही;
कबहु देखत नाहि, गुण ताकू देखत रहत...२७
मूरख कहिये तेहु, अरु आपमें अवगुण यह;
परठत रहत हि जेहु, बुद्धिवंत कहिये तेही...२८

અને જે કોઈ દિવસ પોતામાં ક્યારેય અવગુણ દેખતો નથી પણ ગુણને જ દેખતો રહે છે તેને મૂરખ કહીએ. અને જે પોતામાં જ અવગુણ પરઠતો રહે તેને બુદ્ધિમાન કહીએ." ૨૭-૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળાનું ત્રીજું વચનામૃત ચાલુ કહ્યું" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર પચીશમું : તરંગ - ૬

પંચાળાનું ત્રીજું વચનામૃત ચાલુ

❋ સ્નેહ છે એ જ મોટી માયા છે :

પછી શ્રીજીમહારાજે આજ્ઞા કરી કે, "સંતો ! તમે કીર્તન ગાઓ." પછી સંતો **'સખી આજ મોહન દીઠા રે શેરીએ આવતા રે...'** એ કીર્તનને ગાવા લાગ્યા. ત્યારે શ્રીહરિ બોલ્યા જે, ૧-૨. "હવે કીર્તન રાખો. તમે આ કીર્તન ગાયાં તેમાં હેત બહુ છે. તે હેતનો અમે વિચાર કર્યો જે, ૩. હેત મોટી વાત છે. અને હેતે કરીને ભગવાનને ભજવા એ ઠીક છે; પણ સારી પેઠે અમે વિચાર કરીને જોયું ત્યારે જે દેખવામાં આવ્યું તે હવે હું કહું છું જે, 'હેત છે તે જ ભગવાનની માયા છે.' ૪-૫.

કેમ જે, સ્ત્રીઓ પરસ્પર બોલતી હોય, દેખતી હોય તથા સ્પર્શ કરતી હોય તેમાં બીજી રીતનું હેત હોય છે. અને પુરુષ હોય ને પરસ્પર બોલે, જુએ, સ્પર્શ કરે તેમાં પણ બીજી રીતનું હેત છે. અને પુરુષ હોય તે સ્ત્રીને જોતો હોય, આલિંગન કરતો હોય, તેની વાત સાંભળતો હોય, તેનો સુગંધ લેતો હોય તથા તેની વાત કરતો હોય તેને વિષે જેવું હેત થાય છે ને તે સ્ત્રીમાં પુરુષનું મન ખેંચાઈ જાય છે, ૬-૮. તેવું પુરુષનું મન પુરુષમાં ખેંચાતું નથી. જ્યારે સ્ત્રી પુરુષને જોતી હોય, આલિંગન કરતી હોય ઈત્યાદિક પુરુષના વારંવાર સંબંધે કરીને સ્ત્રીને પુરુષમાં જેવું હેત થાય છે તે કાંઈક જુદું જ હોય છે. અને તેથી તેનું મન પુરુષમાં સમગ્રપણે ખેંચાઈ જાય છે. આમ જેવું પુરુષના સંગમાં સ્ત્રીનું મન ખેંચાય છે તેવું સ્ત્રીને સ્ત્રીમાં ખેંચાતું નથી. ૯-૧૧.

માટે જે થકી આ જગતનો પ્રવાહ ચાલતો રહે છે, અને જે જીવને સંસૃતિ તથા બંધનની કરનારી છે; એવી જે ભગવાનની માયા તે જ હેતરૂપે છે. તે છોડવી ખૂબ કઠણ છે અને તે જીવને સંસારરૂપી કૂવામાં ડૂબાડી દે છે. ૧૨-૧૩. પછી એમ વિચાર થયો કે, 'શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ; એ જે પંચવિષય છે તે બીજે ઠેકાણેથી મિથ્યા કરીને એક ભગવાનમાં

જ અવિનાશી અને અપાર સુખ જાણીને જો જોડ્યા હોય તો તે ઠીક છે, ૧૪-૧૫. તે માયા નથી.' પછી વળી તેમાં વિચાર થયો જે, એ પણ ઠીક નહીં. ૧૬. કાં જે, ભગવાનના રૂપ કરતાં પરમ અધિક અજોડ રૂપ, અધિક સ્પર્શ, અધિક રસ, અધિક ગંધ અને અધિક શબ્દ તે બીજાને વિષે વધારે દેખાય ત્યારે તે ભગવાનને છોડાવી દે છે અને ભગવાન કરતાં તેમાં જ અપાર હેત થઈ જાય છે. ૧૭-૧૮.

જેમ સોળ હજાર અને એકસો જે શ્રીકૃષ્ણ ભગવાનની સ્ત્રીઓ હતી. તે પૂર્વ જન્મમાં અપ્સરાઓ હતી. ૧૯. તેમણે બ્રહ્માની પાસે જઈને વિનયે કરીને વર માગ્યો હતો કે, 'હે મહારાજ ! અમે જેટલા દેવ, દૈત્ય અને મનુષ્ય, એ બધાનો વારંવાર સ્પર્શ કર્યો છે, પણ જે નારાયણ પુરુષ છે તેનો પતિભાવે સ્પર્શ ક્યારેય નથી કર્યો; માટે એવી જરૂર કૃપા કરો જે, ૨૦-૨૧. એ અમારા પતિ થાય. આપનું આ વચન ક્યારેય ખોટું ન પડે એવી કૃપા કરો.' પછી બ્રહ્માજીએ કહ્યું કે, 'અત્યારે તમે સહુ તપ કરો. ૨૨. તેથી જે નારાયણ ભગવાન છે તે તમારા પતિ થાશે.'

ત્યારે તેમણે ઘણાં વર્ષ પર્યંત તપ કર્યું. પછી તેમના ઉપર મહાન અષ્ટાવક્ર ઋષિ અને નારદજી પ્રસન્ન થયા અને તેમને પસંદ હતો એવો વર આપ્યો જે, ૨૩-૨૪. 'તમારા પતિ નારાયણ થશે.' આ રીતે તપ કરીને જન્માંતરે પરમ પવિત્ર વરદાન પામી હતી. ૨૫. એટલે તો શ્રીકૃષ્ણ ભગવાન પોતે તેમના પતિ થયા હતા. તોપણ જ્યારે ભગવાન કરતાં અધિક રૂપાળો ભગવાનના પુત્ર સાંબને જોયો ત્યારે તેમાં તે અપાર મોહ પામી ગઈ. ૨૬-૨૭. માટે જેની પતિવ્રતા નારી જેવી ભગવાનમાં એક મતિ ન રહેતી હોય તેને શ્રેષ્ઠ વિષય પ્રાપ્ત થાય ત્યારે તેમાં વિવેક રહેતો નથી. ૨૮. માટે તેણે પંચઇન્દ્રિયોના વિષયનાં સુખ સંબંધે કરીને ભગવાનમાં પ્રીતિ કરવી તે ઠીક નથી. ૨૯. અને જેની મતિ પરમ વિવેકથી ભગવાનમાં એકની એક અડગપણે રહેતી હોય તેને તો તેમ પ્રીતિ કરવી તે ઠીક છે, તેમાં ક્યારેય કાંઈ વાંધો દેખાતો નથી. ૩૦.

✵ દેહભાવ મેલે અને બ્રહ્મભાવે ખેલે તે બુદ્ધિશાળી :

અને જેને વિશાળ બુદ્ધિ હોય તેને તો ભગવાનમાં કેમ હેત કરવું ? તેની રીત જેમ છે તેમ હવે કહીએ છીએ. તે રીત જાણ્યા વિના ભક્ત પણ અંધ કહેવાય છે. માટે ક્યારેય બુદ્ધિ ફરી ન જાય તેવું ભગવાનમાં હેત કેમ કરવું ? તેની વાત હવે હું કહું છું. કેમ જે, તે વાત કહ્યા સિવાય તે બાબત સમજાતી નથી. ૩૧-૩૨. **માયાના જે ચોવીશ તત્ત્વ કહેવાય છે તે થકી પોતાના આત્માને જેમ છે તેમ પૃથક્ જાણવો, તેનું નામ બુદ્ધિ-સમજણ કહેવાય છે.** ૩૩. માટે સમજુ ભક્તોએ તે જીવને વિષે ખૂંતીને રહી એવી જે પાંચ ઇન્દ્રિયોની વૃત્તિઓ તેને ઉખાડી નાખીને, તે ઇન્દ્રિયોની વૃત્તિ વિના જ જીવસત્તાપણે રહ્યા થકા નિર્ગુણપણે કરીને, નિર્દંભપણે રહીને જેટલું ભગવાનમાં હેત થાય તેટલું કરવું. હવે તે નિર્ગુણપણું જેમ છે તેમ કહીએ છીએ જે, દસ ઇન્દ્રિયો તે રજોગુણની સંપત્તિ છે. ૩૪-૩૬. અને અંતઃકરણ તથા દેવતા એ સત્ત્વગુણની સંપત્તિ છે, એમ જાણવું. ૩૭. અને પંચભૂત અને પંચવિષય તે તમોગુણની સંપત્તિ છે, તેમ યથાર્થ રીતે જાણવું. ૩૮. તે એ **ત્રણ ગુણની સંપત્તિઓ અને ત્રણ ગુણ તેને પૃથક્ માનીને કેવળ જીવસત્તાએ કરીને રહે, તેને નિર્ગુણ કહીએ. એવા નિર્ગુણ થઈને ભગવાનમાં હેત કરવું.** તે કહ્યું છે કે,

नैर्गुण्यस्था रमन्ते स्म गुणानुकथने हरेः। *(ભાગવત : ૨/૧/૭)*

તથા **परिनिष्ठितोऽपि नैर्गुण्य उत्तमश्लोकलीलया।**
गृहितचेता राजर्षे आख्यानं यदधीतवान्॥ *(ભાગવત : ૨/૧/૯)*

એવી રીતના જે જ્ઞાની છે તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનાં રૂપને જાણીને પોતે ક્ષેત્રજ્ઞરૂપે થઈને ભગવાનમાં પ્રીતિ કરે છે. હવે ક્ષેત્ર તે શું ? તે કહીએ છીએ. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા એ સર્વે ક્ષેત્ર છે. તે ક્ષેત્રને પોતાના આત્માથી પૃથક્ માનીને જ્ઞાની ભક્ત એમ જાણે છે જે, 'એ મારે વિષે કોઈ દિવસ હોય જ નહીં. હું તો એનો જાણનારો છું', એવો રાત-દિવસ વિચાર રાખે છે. ૩૯-૪૫.

चोपाई :

अति शुद्ध अरूप जो रहीता, अलिंग चैतन्य मानत खचीता;
अरु जो क्षेत्र अति रहे मलीना, जड नाशवंत रहत हि चीना...४६

दृढपणे समझिके जो तीमी, सबसे वैराग्य पाइ ईमी;
स्वधर्म सहित भगवान ताकी, भक्ति करना तिनकु जो वाकी...४७

एकांतिक की भक्ति यह ताकू, कहायेउ सब पर कर वाकू;
अरु इनकू ज्ञानी कहावा, यह ज्ञानि सबसे श्रेष्ठ रहावा...४८

વળી, જે આત્મસ્વરૂપ અતિ શુદ્ધ અને અરૂપ છે, તેને અલિંગ એવું ચૈતન્યસ્વરૂપ માને છે. અર્થાત્ હું અજ્ઞાન તથા આસક્તિરૂપ વાસનાએ રહિત શુદ્ધ ચેતન છું, એમ નિશ્ચિત માને છે. અને જે દેહાદિક ક્ષેત્ર છે તે તો અતિશય મલિન છે, જડ છે અને નાશવંત છે; તેમ તેને દઢપણે સમજે છે. ૪૬. આવી રીતે દઢપણે સમજીને પછી સર્વ માયિક પદાર્થોથી વૈરાગ્યને પામીને સ્વધર્મે સહિત ભગવાનની ભક્તિ કરવી, તેને સહુથી શ્રેષ્ઠ એવી એકાંતિકી ભક્તિ કહીએ અને એવા ભક્તને જ્ઞાની કહીએ. એવો જે જ્ઞાની છે તે સહુથી શ્રેષ્ઠ છે. ૪૭-૪૮. તે ભગવાને ગીતામાં કહ્યું છે કે,

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः॥
उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ।

(ગીતા : ૭/૧૭-૧૮)

❋ ઇન્દ્રિયો-અંતઃકરણને વૈરી સમજીને તેની પાસેથી કામ લેવું :

આ રીતે સમજીને ઇન્દ્રિયો, અંતઃકરણ તથા વિષય; એ બધાનાં મૂળને જીવમાંથી ઉખાડી નાંખીને ભગવાનને વિષે દઢ હેત કરવું, એ જ સમજણ ઠીક છે. ૪૯-૫૧. અને જ્યાં સુધી એ બધાનાં મૂળ ન ઊખડ્યાં હોય, ત્યાં સુધી એ ઇન્દ્રિયો અને અંતઃકરણ પાસેથી ભગવાનનાં દર્શન-સ્પર્શાદિક કરવારૂપ કામ લેવું; પણ એ **ઇન્દ્રિયો-અંતઃકરણને પોતાના હિતેચ્છુ ક્યારેય**

ન માનવાં, પરંતુ પોતાના વૈરી જ માનવાં. તેને હિતેચ્છુ જાણીને તેનો ગુણ ન લેવો કે, 'એ ભગવાનની ભક્તિ કરવાને વિષે બહુ ઉપકારક છે.' ૫૨-૫૪.

કેમ જે, નેત્રે કરીને ભગવાનનાં દર્શન થાય છે, શ્રવણે કરીને ભગવાનની કથા સંભળાય છે, ૫૫. ત્વચાએ કરીને ભગવાનનો સ્પર્શ થાય છે, નાસિકાએ કરીને ભગવાનની ફૂલમાળા અને તુલસીનો સુગંધ લેવાય છે, મુખે કરીને ભગવાનનાં કથા-કીર્તન કરાય છે તથા જીહ્વાએ કરીને ભગવાનની પ્રસાદીનો પૃથક્ પૃથક્ જેવો છે તેવો રસ લેવાય છે. આમ ઇન્દ્રિયો-અંતઃકરણના જે કાંઈ વિષય કહેવાય છે તે એક એક વિષયમાં અલગ અલગ અપાર ભાવ રહ્યા છે. ૫૬-૫૯. **આ રીતે તે સર્વે ઇન્દ્રિયો ભગવાનના ભક્તને ભગવાનની ભક્તિ કરવામાં ઉપયોગી થાય છે; એમ સમજીને તેનો ગુણ લેવો નહિ અને તેનો વિશ્વાસ પણ કરવો નહિ, પરંતુ તેને પોતાનાં વૈરી જ જાણવાં.** ૬૦-૬૧. કેમ જે, શું જાણીએ જે ભગવાનનાં દર્શન-સ્પર્શાદિકમાં સુખ મનાવતાં થકાં સ્ત્રી આદિકનાં દર્શન-સ્પર્શાદિકે કરીને જ તેમાં અધિક સુખ મનાવી દે, તો તો ઘણું ભૂંડું થાય. માટે એ પાંચ ઇન્દ્રિયોરૂપ શત્રુને કેદમાં રાખીને ભગવાનની ભક્તિરૂપ કામ લેવું.

✻ જે રાખે નિયમનું બંધન, તેને રહે હરિનો સંબંધ :

જેમ કોઈ રાજાએ પોતાના શત્રુને પકડ્યો હોય, તેને બેડીમાં બાંધી રાખીને કામ કરાવે છે; પણ તેને ક્યારેય છૂટો મેલે નહીં. ૬૨-૬૫. તે ચાહે તેવો શાહુકાર જણાતો હોય તોપણ તેનો વિશ્વાસ કરે નહીં. અને જો તેને છૂટો રાખે અને ક્યારેક વિશ્વાસ કરે, તો તે શત્રુ રાજાને નિશ્ચિત માર્યા વિના રહે નહીં. તેમ જો ઇન્દ્રિયોરૂપી વિરોધીનો જીવ ભૂલથી પણ વિશ્વાસ કરે અને તેને છૂટા મૂકે, પણ કેદમાં ન રાખે તો તેને ભગવાનના માર્ગ થકી જરૂર પાડી દે છે. ૬૬-૬૮. માટે એનો વિશ્વાસ ન કરવો અને જિંદગીભર કબજામાં જ રાખવા. અને વળી જેમ અંગ્રેજ કોઈક ગુનેગારને પકડે છે ત્યારે તેને પાંજરામાં ઊભો રાખીને પૂછે છે, પણ લગારેય છૂટો રાખતા નથી અને કોઈ વાર તેનો વિશ્વાસ કરતા નથી. ૬૯-૭૦.

चोपाई :

तिमि इंद्रियु अंतःकरण इनकू, पंच वर्तमान नियमरूप तिनकू;
पाँजरे तथा बेडी हि तिनमें, रखिके भगवान की जो इनमें...७१
भक्ति करावना पण ताके, विशे गुण न लेना कबु वाके;
शत्रु हि भाव ज रखना जानी, मोक्ष के मग में विघ्न मानी...७२

તેમ એ ઈન્દ્રિયો-અંતઃકરણને પંચવ્રતમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી, તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી; પણ તે વિષે ક્યારેય તેનો ગુણ ન લેવો. તેને વિષે તો મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ માની જાણી જોઈને શત્રુભાવ જ રાખવો. ૭૧-૭૨. **અને જો એમને ભક્તિમાં ઉપયોગી જાણીને તથા પોતાના હિતેચ્છુ માનીને એનો ક્યારેક ગુણ લે તો, ભગવાનનાં દર્શન-સ્પર્શાદિકમાં સુખ મનાવતા થકા સ્ત્રી આદિકમાં પણ ક્યારેક સુખ મનાવી દે, તો એનાં કર્યા-કરાવ્યાં સર્વે સાધન વ્યર્થ થઈ જાય.** જેમ ઝાઝા દારૂનો ઢગલો રહ્યો હોય, તેમાં જો અગ્નિનો એક તણખો પડે તો દારૂનો તે બધો જ ઢગલો તત્કાળ ભસ્મ થઈ જાય છે; તેમ જે સ્ત્રી આદિક વિષયમાં આસક્ત થઈ જાય છે તેનાં સર્વે સાધનો વ્યર્થ થઈ જાય છે. ૭૩-૭૭.

❋ દેહભાવ છોડી પ્રભુમાં હેત કરવું :

कांई ठेकाना रहत न तिनके, माटे केवल आत्मा इनके;
रूप भये पिछे जोउ जेहा, भगवान ताके विषे तेहा...७८
हित होवे तेहि ठीक रहाते, सिद्धांत हमारे एहि कहाते;
एसी रित्य भगवान जो तामें, हित यह करत रहाये यामें...७९
हमकु एहि गमत हि रहाता, तुमकु प्रगट करीके कहाता;
अरु ईमि पण करना विचारा, भगवान में रुप रहे अपारा...८०
तेसे रुप दूजे में नाहीं, अरु जेसे भगवान हि मांहीं;
स्पर्श रहे तेसी जो यह रीता, दूजे कोउ में न रहे खचीता...८१

એનું કાંઈ ઠેકાણું રહેતું નથી. માટે કેવળ આત્મારૂપે થઈને પછી જે ભગવાનને વિષે હેત થાય તે જ ઠીક છે, એમ અમારો સિદ્ધાંત છે. એવી રીતે જે ભગવાનમાં હેત કરે છે, ૭૮-૭૯. તે અમને ગમે છે. અમે આ બાબત

તમને સ્પષ્ટ કરીને કહી છે. અને એમ પણ વિચાર કરવો જે, 'ભગવાનમાં જેવું અપાર રૂપ રહ્યું છે તેવું રૂપ બીજા કોઈમાં નથી અને જેવો ભગવાનનો સ્પર્શ છે તેવો સ્પર્શ બીજા કોઈમાં નક્કી નથી જ. ૮૦-૮૧. અને જેવો ભગવાનમાં સુગંધ રહ્યો છે તેવો સુગંધ બીજે કોઈ ઠેકાણે ક્યારેય થોડો પણ રહ્યો નથી. ૮૨. અને ભગવાનના શ્રવણમાં જેવું સુખ રહ્યું છે તેવું સુખ બીજે ક્યાંય નથી એ વાત નિશ્ચિત છે. ૮૩. અને ભગવાનમાં જેવો રસ રહ્યો છે તેવો રસ બીજે કોઈ ઠેકાણે નથી.' આવી વાતને દૃઢ કરીને જાણવી. ૮૪. એમ ઈન્દ્રિયો તથા અંતઃકરણને વારંવાર ભગવાનનાં સ્વરૂપનો લોભ દેખાડીને બીજા વિષયોમાંથી પાછાં વાળવાં એ પણ સમજણ ઠીક છે."

❋ પોતાને માની આત્મારૂપ, કરો વિચાર અનુપ :

ત્યારે સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! આવો જે સર્વે વિચાર તે કયા સ્થાનકે રહીને વારંવાર કરવો? તેને હવે આપ કહો." ૮૫-૮૭. ત્યારે તે સાંભળીને પોતાના ભક્તજનોને સમજાવવા માટે શ્રીજીમહારાજ બોલ્યા જે, "વિચારવાનું સ્થાનક હૃદયને કહ્યું છે. માટે પોતાના હૃદયને વિશે જે રીતે વિચાર કરવો જોઈએ તે રીત કહું છું જે, 'સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ અને કારણ દેહ તે હું નહીં. ૮૮-૮૯. તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ; તે ત્રણ અવસ્થા હું નહીં. પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને ચાર અંતઃકરણ તથા તે બધાના દેવતા તે હું કોઈ દિવસ નથી, હું તો એ બધાથી સર્વપ્રકારે વિલક્ષણ છું, ૯૦-૯૧. ચૈતન્ય છું અને ભગવાનનો દૃઢ ભક્ત છું.'

અને તે ઈન્દ્રિયો અને અંતઃકરણ વિષય ભોગવવા જ્યારે કાંઈક અટકચાળા કરે ત્યારે તેને એમ કહેવું કે, 'શું તારે એક ભગવાનનું જ રૂપ જોવું છે કે બીજાનું પણ રૂપ જોવું છે ? ૯૨-૯૩. તારે એક ભગવાનનો જ શબ્દ વારંવાર સાંભળવો છે તથા ગંધ લેવો છે કે બીજાનો પણ શબ્દ આસક્ત થઈને સાંભળવો છે અને ગંધ લેવો છે ? અને નિયમરૂપી સુખના માર્ગને છોડીને જો ભગવાન વિના બીજા વિષયમાં તું પ્રેમ કરીશ તો તારે ને મારે શું

કામ છે ? તમે જ્યારે નકામા થયા ત્યારે ભાઈ તું કોણ અને હું કોણ ? તારો અને મારો મત જુદો છે. ૯૪-૯૬. મારે અને તારે ક્યારેય લેણ-દેણ નથી. તમે જેટલું કરશો તેટલું વારે વારે તમે ભોગવશો.' જો ઈન્દ્રિયો-અંતઃકરણ પોતાનું ન માને તો તેને વારે વારે આમ ઉપદેશ કહેવો. ૯૭-૯૮.

પછી ભગવાનની સન્મુખ રહીને ગદ્‌ગદભાવે પ્રાર્થના કરવી કે, **'હે મહારાજ ! હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ ! આપ મારા જેવા દીનજનના દયાનિધિ છો, આપની કીર્તિ નિર્મળ છે અને આપની મૂર્તિ પણ નિર્મળ છે.** ૯૭-૧૦૦. **આ બધો ઈન્દ્રિયો-અંતઃકરણનો વાંક છે. હું તો તેનાથી પૃથક્ રહ્યો છું અને એ તો મારા શત્રુ છે. ૧૦૧. માટે હે મહારાજ ! હવે આપ આ બધાથી મારી નિરંતર રક્ષા કરજો.'** એમ નિત્ય પ્રાર્થના કર્યા કરવી. અને આ રીતે નિત્યે પોતાને ક્ષેત્રજ્ઞ ચૈતન્યરૂપ આત્મા માનીને ભગવાનને વિષે અતિશય ભાવયુક્ત ભક્તિ કરવી. અને આ અમારી અદ્‌ભુત વાતને કાયમ યાદ રાખવી." ૧૦૨-૧૦૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળાનું ત્રીજું વચનામૃત પૂરું થયું" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર પચીશમું : તરંગ - ૭

કથા, કીર્તન અને વાતોનાં શ્રવણનો મહિમા

જે જે દેશમાં સત્સંગ હતો ત્યાંનાં બાઈ-ભાઈ હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવાને માટે પંચાળા આવ્યાં. ૧. સહુ હરિભક્તોને જેવો શ્રીહરિનાં દર્શન કરવામાં ભાવ હતો, તેવો ભાવ બીજા ચાહે તેવા હોય તોપણ તેમાં થતો નહીં. ૨.

❋ પાકા હરિભક્તની સમજણ :

सोरठा : हरि संत विन जेते, चाय तेसे रहाय तेहि;
काल चविना तेते, मानत रहे ब्रह्मांड लग...३

सत्संग करे वीन, हरि संत के शरन विन;
विधि लग पराधीन, हरिजन इमि जानत रहे...४

चोपाई :

जो जो ब्रह्मांड ताके जितना, सुख समृद्धि कहावत हि तितना;
नाशवंत पल के न विश्वासा, एसे समझत हरि के दासा...५

શ્રીહરિ અને સંતો સિવાયના બ્રહ્મા સુધીના ચાહે તેવા હોય, તોપણ તે સર્વેને હરિભક્તો કાળનું ચવાણું માનતા હતા. ૩. કારણ કે, સત્સંગ કર્યા વિના તથા શ્રીહરિ અને સંતોનું શરણ લીધા વિના તો બ્રહ્મા સુધીના બધા પરાધીન જ છે, તેમ હરિભક્તો જાણતા હતા. ૪. તે શ્રીહરિના દાસ હરિભક્તો એમ સમજતા હતા કે, 'જે જે બ્રહ્માંડોમાં જેટલી કાંઈ સુખ, સમૃદ્ધિ કહેવાય છે, તે બધી નાશવંત છે. તેનો એક પળ જેટલો પણ વિશ્વાસ ન કરાય.' ૫. આ રીતે જે ભક્ત યથાર્થપણે સમજે, પણ તેમાં એક રતી જેટલો પણ સંદેહ ન રહે, અને વળી દેશકાળની વિષમતામાં પણ આવી ને આવી જ મતિ રહે; ૬. તથા સત્સંગ, શ્રીહરિ અને સંતો સિવાય બીજું કાંઈ જ સત્ય સમજતા હોય નહીં; તે શ્રીહરિના ખરા ભક્ત છે. કારણ કે, એનું જ નામ સત્સંગ છે કે જેમાં કોઈ જાતનો કુસંગ રહે જ નહીં. ૭.

કુસંગ એટલે શું ? તો, જ્યાં સુધી નાશવંત પદાર્થોમાં જેટલું સુખ માને છે ત્યાં સુધી તેમાં તેટલો કુસંગ રહ્યો છે, એમ સુજ્ઞ ભક્તો સમજે છે. ૮. દેવ કે મનુષ્ય જેવા હોય તેવા જેમ દર્પણે કરીને દેખાય છે; તેમ જ તેમનું અંતર જેવું હોય તેવું તેમની સમજણ ઉપરથી જણાઈ આવે છે. ૯. જેમાં જેટલું દૈવત હોય તે તેનું વર્તન કહી દે છે. તેમાં રહેલા અંતર્યામીને કારણે તેના વર્તનમાં દૈવત પ્રત્યક્ષ રહ્યું હોય છે. ૧૦. જેનું જેવું અંતર હોય તેને તેનું વર્તન ક્યારેય છુપાવી રાખતું નથી. જે જે ગામમાં જેવા ભક્તો રહેતા હતા, તેને તેમના વર્તન ઉપરથી સહુ તેવા જાણતા હતા. વર્તન એ એક કસોટી છે. જે મનુષ્ય જેવો હોય તેને તે વર્તનરૂપ કસોટી બતાવી દે છે. સત્ય અને અસત્યનો વિવેક જણાય, એ મનુષ્યશરીરનું ફળ કહ્યું છે. ૧૧-૧૨.

❋ સત્પુરુષ તથા અસત્પુરુષનાં લક્ષણ :

જે કોઈ સત્પુરુષ હોય તે સહુ સત્યને ગ્રહણ કરે છે અને અસત્યનો ત્યાગ કરે છે. કારણ કે, તેમને અસત્ય ગમતું નથી. ૧૩. જેટલી અસત્ય વાત હોય તેને ગ્રહણ કરવા ઉપરથી જે અસત્પુરુષ હોય છે તે દેખાઈ આવે છે. ૧૪. જે અસત્પુરુષ હોય છે તે આ લોકની બાબતમાં જ અતિશય ગુલતાન રહે છે. તેને પોતાનું મરણ દેખાતું નથી. ૧૫. **ભગવાન અને સંતોની વાત અમૃત સમાન હોય છે પણ અસત્પુરુષને તે વાતો ક્યારેય રુચતી નથી.** ૧૬. જે અસત્પુરુષ હોય તે મરતા સુધી જેમાં જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશી રહી છે તેવી અધર્મમય બાબતોનો ત્યાગ નથી કરતા. ૧૭.

શ્રીહરિ આવી અપાર વાતો સંતો અને હરિભક્તોની આગળ પ્રેમથી કહેતા હતા. તે વાતે કરીને સત્પુરુષ તથા અસત્પુરુષને ઓળખાવી દેતા હતા. ૧૮. વળી ત્રણ પ્રકારના કુસંગને વારંવાર વાતમાં ઓળખાવી દેતા. તેમાં સત્સંગ બહાર જેટલો કુસંગ રહ્યો છે તેને વાતમાં બતાવી દેતા હતા. ૧૯.

❋ બહારના કુસંગને સમજવાની રીત :

જે પાકા કુસંગી હોય તે ભગવાન, સંતો અને સચ્છાસ્ત્રને માનતા નથી. તે કુસંગીઓ તીર્થ, વ્રત, દાન, તપ અને જપનું ખંડન કરે છે. ૨૦. જળે કરીને નાહ્વા-ધોવાથી શરીર પવિત્ર રહે છે. નાહ્યા વિના તો શરીર મડદા જેવું રહે, તેમ સજ્જનો કહે છે. ૨૧. જે લોકો મળત્યાગ કરીને મૂળદ્વારને પણ ધૂએ નહિ તે ચાહે તેવી મોટાઈને પામ્યા હોય, તોપણ તે મળથી ભર્યા જ કહેવાય. ૨૨. આ ભૂમિ ઉપર અપાર મનુષ્યો રહે છે, તેનો ગણ્યે પાર આવતો નથી. જેની જેવી રુચિ હોય તેવું તે ચલાવે રાખે છે. ૨૩. જ્યાં સુધી અસત્ માર્ગે ચાલે છે ત્યાં સુધી તે સંસારમાં ભટકે છે. જે મતને-જે સિદ્ધાંત કે પંથને સચ્છાસ્ત્ર અને સત્પુરુષો જ્યાં સુધી પ્રમાણ નથી કરતા, ત્યાં સુધી ભૂમિ ઉપર તે મતવાળા ચાહે તેવા કહેવાતા હોય, તોપણ તે બધાને માથે સંસારનું બંધન રહ્યું છે. **સચ્છાસ્ત્ર અને સત્પુરુષો જેને પ્રમાણ કરે છે, એ મત સાચા છે અને તે સંસારનું બંધન ટાળનારા છે.** ૨૪-૨૬.

જે સચ્છાસ્ત્ર અને સત્પુરુષો છે તે મનુષ્યને જે જે બંધનકર્તા હોય તે બતાવી દે છે. ૨૭. જે ભગવાનને સત્ય કહે તથા ભગવાનનાં ચરિત્રને સત્ય કહે, તેને સચ્છાસ્ત્ર કહેવાય છે. ૨૮. સત્પુરુષો પરસ્ત્રી, ચોરી, દારૂ તથા માંસરૂપી દુરાચારોને છોડાવે છે અને મોક્ષનો માર્ગ ખરેખર જેવો છે તેવો જ સહુ લોકોને બતાવી દે છે. ૨૯. શ્રીહરિ આ સત્સંગમાં જેવો કુસંગનો ભાગ વર્તી રહ્યો હોય તેને તેવો દેખાડી દેતા હતા. ૩૦.

હરિભક્તો તથા સંતોનાં અંતરમાં જે રીતનો કુસંગ રહ્યો હોય તેને પણ શ્રીહરિ મૂર્તિમાન બતાવી દેતા હતા. તેમજ તેને ટાળવાના સર્વે ઉપાય પણ કહેતા. ૩૧. ભગવાનના ભક્તોને જેટલા અંતઃશત્રુઓ જે જે રીતે પીડતા હોય છે તે રીતને પણ દેખાડી દેતા હતા. ૩૨.

❋ શ્રવણભક્તિની મહત્તા :

अंतर बाहिर सत्संग तामें, अंतरशत्रु पिडत जिमि यामें;
देखाय देत हरि मूर्तिमाना, सुनत रहावत जेही काना...३३
कान सुनत न जितनी बाता, सत्संग जेते करे रहाता;
सत्संग करे न करे ताई, वरतन ताके एसे रहाई...३४

જે કોઈ શ્રીહરિની વાતો કાનથી સાંભળતા તેમને સત્સંગમાં પણ અંદર-બહાર અંતઃશત્રુઓ જે રીતે પીડતા હોય, તેને શ્રીહરિ મૂર્તિમાન બતાવી દેતા હતા. ૩૩. જેટલા જીવો સત્સંગ કરવા છતાં જેટલી ભગવાનની વાતોને કાને નથી ધરતા, તેટલો તેણે સત્સંગ કર્યો હોવા છતાં ન કર્યા બરાબર જ છે; કારણ કે તેનું વર્તન એવું છે. ૩૪. શ્રીહરિએ કહેલી વાતને જે કાનથી સાંભળે છે, અંતરમાં ઉતારે છે તેનો સત્સંગ અલૌકિક રહે છે. એ અલૌકિક સત્સંગને યથાર્થરૂપમાં જાણવા માટે જ કથા, કીર્તન અને વિવિધ પ્રકારની વાતો છે. સંતો-ભક્તો તે કથા-કીર્તન કરી રહ્યા હોય તેમાં જેને જ્યાં સુધી અતિ અલૌકિકપણું જણાતું નથી, ત્યાં સુધી તેણે તે સાંભળ્યું હોવા છતાં ન સાંભળ્યા જેવું જ છે. તેને તો માત્ર શ્રવણનું જે કાંઈ અલ્પ ફળ હોય એટલું જ થાય છે. ૩૫-૩૭.

दोहा : कथा कीर्तन बात के हि, श्रवण मूर हि रहाय;
सब हि साधन के मूर हि, श्रवण रहाये ताय...३८

सोरठा : श्रवण पर जाहि भाव, मोक्ष के गुन जितना यह;
आवहि निश्चे रहाव, श्रवण के फल यह रहेउ...३९

भगवान अरु भगवान, ताके संत हरिजन यह;
भेगे होत रहान, सबसे अधिक बात तेही...४०

કથા, કીર્તન અને વાતોની સાર્થકતાનું કારણ તો શ્રવણ જ છે. અરે ! સર્વે સાધનોનું પોષક-મૂળ પણ શ્રવણ જ છે. ૩૮. જેને ભગવાનનાં કથા, કીર્તનાદિક સાંભળવા ઉપર ભાવ હોય, તેમાં મોક્ષના જેટલા ગુણો છે તે બધા નક્કી આવશે જ. કેમ જે, એ શ્રવણભક્તિનું ફળ છે. ૩૯. કથા, કીર્તનાદિક નિમિત્તે ભગવાન અને ભગવાનના સંતો-હરિભક્તો ભેળા થતા રહે તે સહુથી અધિક વાત છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "કથા, કીર્તન અને વાતોનાં શ્રવણનો મહિમા કહ્યો" એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥

પૂર પચીશમું : તરંગ - ૮

પંચાળામાં રંગોત્સવની તૈયારી તથા સારા કોઠારીની વાત

પછી ઝીણાભાઈએ આવીને શ્રીહરિને કહ્યું કે, "રંગે રમવા માટે જે જે સામાન જોઈએ તે કેસૂડાં સિવાયનો બધો સામાન ગાડી મોકલીને માંગરોળથી મંગાવીએ છીએ. ૧-૨. સંતોને રંગ ઉડાડવા માટેની પિચકારીઓ બનાવવા જેટલા વાંસ જોઈશે તે પણ અમે મંગાવીએ છીએ. કારણ કે, સેવા કરી આપનો રાજીપો રળવાનો અવસર જતો રહે તે ક્યારેય પાછો આવતો નથી." ૩-૪. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "બહુ સારું ! રંગ મગાવો પણ તેની સાથે સાથે સંતોને ચંદનમાં ઘસવા માટે ચંદન ખડી પણ મંગાવજો." ૫.

પછી રંગ ખરીદવા માટે શ્રીહરિના કોઠારી રૈયાભગત હતા તેમને તૈયાર કર્યા, અને પિચકારી માટેના વાંસ લાવવા માટે શ્રીહરિએ બે સંતોને બોલાવી તેમને તૈયાર કર્યા. તેમાં એક નિષ્કામાનંદ અને બીજા આધારાનંદ હતા. ૬-૭. તે બંને સંતોને ગાડા ભેળા મોકલ્યા. કારણ કે, જેવું કામ હતું તેના માટે તે યોગ્ય હતા. શ્રીહરિ સહુને જાણે છે, તેમનાથી એક પણ અજાણ્યા નથી હોતા. ૮. ચરોતર દેશને મધ્યે વડતાલ ગામની સમીપે પીપળાવ નામનું એક ગામ છે. ૯. ત્યાંના વિપ્ર હરિભક્ત ત્રણ ભાઈ હતા. મોટા દયારામ, વચેટ પ્રભાશંકર અને નાના દાઝીભાઈ હતા. તે ત્રણેયને સત્સંગ જ મુખ્ય હતો. જેને સત્સંગ મુખ્ય હોય તે વર્તન ઉપરથી દેખાઈ આવે છે. ૧૦-૧૧.

✵ જેને સત્સંગ, સંત અને ભગવાન મુખ્ય રહે તે મહાન છે :

ભગવાન અને સંતોને માટે જે કાંઈ ઉપયોગી થાય તે જ લેખે છે, એમ તેઓ માનતા. **જે ભગવાન, સંતો અને સત્સંગને જ મુખ્ય રાખે છે, તે હરિભક્ત મુખ્ય કહેવાય. પ્રભાશંકરભાઈની તેવા હરિભક્તમાં ગણતરી થતી હતી.** ૧૨-૧૩. મોટા મોટા સંતો અને મોટા મોટા હરિભક્તો તેનું પ્રમાણ કરતા હતા. કેમ જે, તેનું મન કાયમ એકસરખું શુદ્ધ રહેતું હતું. ૧૪. જે જે પ્રકારનાં જેટલાં વિઘ્નો છે તે બધાં સ્ત્રી અને ધનમાં છે, બીજામાં એવાં વિઘ્નો નથી; એવી સમજણવાળા જે હોય તેને સાચા ત્યાગી કહેવાય. ૧૫. એવા જે હરિભક્ત હોય તેને જોઈ-તપાસીને શ્રીહરિ મોટા મંદિરના કોઠારી (ધન વગેરે વહિવટના અધિકારી) કરતા હતા. ૧૬.

✵ કોઠારીની કુટીલતાનું વર્ણન :

પ્રભાશંકરભાઈ શ્રીહરિ અને સંતોની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તતા હતા. તેમનામાં એવો ગુણ જોઈને મહારાજે તેમને પોતાના કોઠારી કર્યા હતા. ૧૭. ધન દેખીને જેનું મન બગડતું ન હોય-ખોટું કરવા લલચાતું ન હોય તેને જ શ્રીહરિ કોઠારી કરતા. ધનમાં જેનું મન બગડે તે ધણી-માલિક કહે તેમ કરતા નથી. ૧૮. ધણીનાં ધનને પામીને કેટલાક કુટિલ કોઠારીઓ

પોતાને ઘણા હોશિયાર માનીને ધણીનું ધાર્યું ક્યારેય કરતા નથી. ૧૯. તેવા લુચ્ચા કોઠારી પોતાને નિર્બંધ દેખાડીને ધણીને એમ કહે છે કે, 'જો હું કહું તેમ તમે કરો તો હું તમને અગણિત ધન ભેળું કરી દઉં.' (પછી લોભી માલિક તેની માયાજાળમાં આવી જાય છે.) ૨૦. ભગવાન સિવાયના ઘણા બધા લોકો ધનના જ દાસ છે. ધનની આશા તેમને ક્યારેય પૂરી જ થાતી નથી. તેથી જેને ધનની આશા હોય છે તે લોકો ધન મેળવી આપનારાના વચનમાં વર્તે છે અને એ જેમ કહે તેમ બધું કરે છે. આમ, ધનમાં આસક્તિ હોવાથી ધનના મૂળધણીને તે શેઠ લોકો નોકરની જેમ વર્તાવે છે. ૨૧-૨૨. જેને ધનનો લોભ હોય છે તેઓ તેને જેમ નચાવે તેમ નાચે છે.

❋ જે રાખે સ્ત્રી-ધનનો સંબંધ, તેને જરૂર થાય બંધન :

એક ભગવાન જ એવા છે કે જે ધનના લોભરૂપી પૂરમાં કરોડો વાતે પણ ક્યારેય ખેંચાતા નથી. તેથી તો તે ભગવાન કહેવાય છે. માયિક પંચવિષયમાં પણ તે ભગવાન ક્યારેય મોહ પામતા નથી. ૨૩-૨૪.

दोहा : भगवान से अधिक हि जो, जिहाँ लगहु जे जेहु;
जानत नहि तिहाँ लग ही, भगवान जन में तेहु...२५
निरबंध बंधात तोउ, स्वतंत्र रहिके जेहि;
ताकी प्रीत बिन प्रीत में, बंधावत न कबु तेहि...२६

જે સંતો-ભક્તો જ્યાં સુધી ભગવાનથી અધિક બીજું કાંઈ જ જાણતા નથી, ત્યાં સુધી ભગવાન પોતે નિર્બંધ હોવા છતાં પણ સંતો-ભક્તોમાં બંધાય છે. ભગવાન પોતે સ્વતંત્રપણે રહીને તેવા ભક્તની પ્રીતિ સિવાય બીજા કોઈ પ્રેમમાં ક્યારેય બંધાતા નથી. ૨૫-૨૬. **એક ભગવાન સિવાયના બીજા ચાહે તેવા સિદ્ધ હોય, તોપણ સ્ત્રી અને ધનનો જો યોગ થાય તો તેમાં બંધાઈ જાય છે. ૨૭. જ્યાં સુધી સ્ત્રી અને ધનનો યોગ ન રાખે, ત્યાં સુધી તેમાં ખરું સિદ્ધપણું રહે છે.** ૨૮. કદાચ કોઈ સ્ત્રી અને ધનથી દૂર રહેતા હોય અને ગમે તેટલા મોટા સિદ્ધ કહેવાતા હોય, પરંતુ જો તેને ભગવાનની જરા પણ નિષ્ઠા ન હોય તો તે સિદ્ધ થયા તોપણ શું થયું ? ભગવાનના આશ્રય

વિનાના સિદ્ધો તો જીવ વગરના મડદા જેવા છે. ભગવાનના સ્વરૂપનું નિર્દંભપણે યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. ૨૯-૩૦. ત્યાગી થયા હોય તેને નારી અને ધનનો નિર્દંભપણે ત્યાગ કરવો જોઈએ. ભગવાનનું જ્ઞાન, ધનનો ત્યાગ અને સ્ત્રીનો ત્યાગ; આ ત્રણ બાબત વિના ગમે તેટલાં સાધન કરે તોપણ તે સિદ્ધ કહેવાતા નથી. ૩૧.

चोपाई :

शुभ साधन से शुभ गति पावे, जन्म मरण तिन करी न छुटावे;
जन्म मरण छुटन तेही तिनके, भगवान एक रहाये इनके...३२
सूर्य उदे विन निशि नहीं जावे, कोटि उपाय कर जो रहावे;
तिमी भगवान के ज्ञान विनही, जन्म मरण न छुटत कबु किनही...३३
साचे सत्संग मिले विनहू, साचे ज्ञानि न होवत किनहू;
निश्चे कर रहे यह जो बाता, यामें न मिथ्या रंच रहाता...३४

કદાચ કોઈ શુભ સાધન કરે તો શુભ ગતિને પામે, પણ ભગવાનના આશરા વિના જન્મ-મરણથી છૂટાતું નથી. તેમને જન્મ અને મરણથી છૂટવા માટે તો એક ભગવાનનો આશ્રય જ જોઈએ. ૩૨. જેમ કરોડો ઉપાય કરે તોપણ સૂર્ય ઉદય થયા સિવાય રાત જાય નહિ, તેમ ભગવાનના જ્ઞાન વિના ક્યારેય કોઈના જન્મ-મરણ છૂટે નહીં. ૩૩. સાચો સત્સંગ મળ્યા સિવાય કોઈ સાચો જ્ઞાની થતો નથી. આ વાત નિશ્ચિત છે, તેમાં રંચમાત્ર મિથ્યા નથી. ૩૪.

પ્રભાશંકરને એવા જ્ઞાની સમજીને શ્રીહરિએ કોઠારી કર્યા હતા. શ્રીહરિએ મંદિર કરાવ્યાં તેમાં નિત્ય અપાર ખર્ચ થતો હતો. ૩૫. કોણ જાણે તે બધું કઈ રીતે ચલાવતા ! તેની કોઈને ખબર પડતી નહીં. મોટા મોટા રાજાઓ પાસે કરોડની આવક ધરાવતું રાજ્ય હોય છે, પણ તેઓ જ્યાં ઊગે ત્યાં વાવે નહિ અને જ્યાં વાવે ત્યાં બળી જાય છે. તેઓ કેટલુંય ધન પામ્યા હોય તોપણ તે બધું ધન અધર્મમાં ઉડાવી દે છે. ૩૬-૩૭. તૂટેલાં સરોવરમાં ક્યારેય પાણી ભરાતું નથી. જેટલું પાણી આવે તે બધું જતું રહે, તેથી સરોવર તો ખાલી જ દેખાય. ૩૮. **જે કાંઈ બાબત છે તેની વૃદ્ધિ**

નિયમોથી થાય છે. જેમાં કોઈ જાતનો નિયમ ન હોય તેની વૃદ્ધિ ક્યારેય થતી દેખાતી નથી. ૩૯. તેથી ઘણા મોટા મોટા રજવાડા પણ નિયમ વગરના હતા તો બધા ઊડી ગયા. કેટલાક રાજાઓએ પોતાની હયાતીમાં જ નજર આગળ આ બધું નાશ પામતું દેખ્યું હતું. અથવા છતે દેહે મારી નજરે આવા કેટલાય નાશ થતા મેં જોયા છે. ૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળામાં રંગોત્સવની તૈયારી તથા સારા કોઠારીની વાત કહી" એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર પચીશમું : તરંગ - ૯

શ્રીહરિએ પંચાળામાં આધારાનંદ સ્વામી પાસે તિલક કરાવ્યું અને ગુણ પ્રમાણે આદર મળવાની વાત કરી

ઝીણાભાઈએ જેટલો ગુલાલ અને પતંગ(રંગ બનાવવાનાં કાષ્ઠ) મંગાવ્યાં હતાં, તે લાવ્યા. વાંસ અને ખડી પણ લાવ્યા. ૧. વાંસની પિચકારીઓ કરાવીને શ્રીહરિએ પોતે બધા સંતોને એક એક પિચકારી આપી. ૨. જે ખડી માટી લાવ્યા હતા તે બધી સંતોને આપી. જેટલાં મંડળ હતાં તેટલું ચંદન પણ આપ્યું. ૩. સંતોને તિલક કરવા માટે તે ચંદન ઘસવા દીધું હતું, પણ એક મુનિ તો તે ખડી માટીને પ્રસાદી જાણીને જેટલી આપી હતી તેટલી ખાઈ ગયા. ઊંઘમાં કાંઈ ખબર પડી નહીં ! તે સંતનું નામ પરમ ચૈતન્યાનંદ સ્વામી હતું. ૪-૫.

શ્રીહરિએ તે વાત સાંભળી. પછી બીજે દિવસે જ્યારે શ્રીહરિ સભામાં આવીને બેઠા અને સંત-હરિભક્તની સભા થઈ ત્યારે હરિભક્તોને હસાવવા માટે આનંદથી એમ કહ્યું કે, "અમારા સંત તો વિદેહી છે. અમે તેમને જે ખડી માટી આપી તે પ્રસાદી જાણીને ખાઈ ગયા. અમે તેને શું આપ્યું છે તેની ગતાગમ જ નથી !"

પછી મંડળધારી મહંત સિવાયના જે સંતો હતા તે ચંદન ઉતારવા માટે ગામથી બહાર વનમાં જ્યાં પથ્થર હતા ત્યાં ગયા. તે જગ્યાએ ખાખરાનાં અપાર વૃક્ષ હતાં અને તેના ઉપર કેસૂડાંનાં ફૂલનો કાંઈ પાર ન હતો. ૬-૯. પ્રથમ સંતોએ ખાખરાનાં પાનના પડિયા કર્યા તથા માટીના કોરા ઘડામાં પાણી ભર્યું. પછી ખડીમાં ચંદન ઘસ્યું. માનો તે ચંદનને કેસરની ઉપમા આપીએ તેવું બન્યું ! ૧૦. પછી પડિયા ભરી ભરીને જેટલું ચંદન લાવ્યા તેનાથી શ્રીહરિની પૂજા કરી અને તે પ્રસાદીભૂત ચંદનના સંતોએ પાસા બનાવ્યા. ૧૧. તે વખતે માંગરોળથી જે દર્પણ મંગાવ્યાં હતાં, તે દર્પણ શ્રીહરિએ સંતોનાં દરેક મંડળમાં એક એક આપ્યાં. ૧૨.

પછી શ્રીહરિએ કહ્યું કે, "કેસર ચંદનનું તિલક કરીને તેમાં કુંકુમનો ચાંદલો કરવો તે યોગ્ય છે. માટે કોઈ ચતુર સંત હોય તે અમને ચંદનનું સુશોભિત તિલક કરો." ૧૩-૧૪. તે વખતે શ્રીહરિના લહિયા વૈષ્ણવાનંદ સ્વામી પોતાને ચતુર માનતા હતા. તેઓ શ્રીહરિને તિલક કરવા માટે ઊઠ્યા. ૧૫. બીજા બે-ચાર સંતો પણ બોલ્યા કે, "અમને તિલક સારું આવડે છે. જો આપ કહો તો અમે પણ તિલક કરી આપીએ." ૧૬. વળી, દેવરામ સુતાર કે જે ઘડિયાળના કારીગર હતા અને ચિત્રકળામાં પ્રવીણ હતા. તેમના ભાઈઓ પણ તેવા જ નિપુણ કહેવાતા હતા. ૧૭. તેમાં એકનું નામ નારાયણજી અને બીજા ભાઈનું નામ અજરામર હતું. ત્રણેય ભાઈઓ કારીગરીમાં સમાન હતા અને સત્સંગમાં પણ પ્રમાણભૂત હતા. ૧૮. દેવરામભાઈ ત્યારે નરનારાયણ દેવની મૂર્તિની છાપને સુધારતા હતા. સત્સંગમાં મૂર્તિઓની જેટલી છાપો છે તે નારાયણજીની પાસે બનાવડાવી હતી. તે વખતે તેઓ પણ શ્રીહરિની પાસે તિલક કરવા માટે આવ્યા, પરંતુ શ્રીહરિએ તેની પાસે તિલક ન કરાવ્યું. ૧૯-૨૦. પછી આધારાનંદ સ્વામીનું નામ લઈને તેમને બોલાવ્યા અને તેમની પાસે તિલક કરાવ્યું. ૨૧.

શ્રીહરિ ત્રણ પ્રકારના કુસંગની વાત કુસંગને દેખાડી દેવા માટે ઘણા પ્રેમથી વારંવાર રોજ કરાવતા હતા. ૨૨. સંધ્યા આરતી પછી જેટલા સંતો ત્યાં હતા તેની પાસે વારાફરતી વાત કરાવતા હતા. ૨૩. સંતોને જેવી વાત

આવડતી તેવી અલગ અલગ રીતે કહેતા. એક મહિના સુધી શ્રીહરિએ પોતે સાક્ષાત્ આવી વાતો કરાવી હતી. ૨૪.

❋ જે બને ગુણવાન, તે પામે સન્માન :

ભગવાનની વાત પણ શીખ્યા વગર આવડતી નથી. એમાં પણ જે ત્યાગી થયા હોય, તે બધાએ તો બધા પ્રકારની વાત કરતા શીખવું જોઈએ. ૨૫. **ત્યાગી થઈને જે વાત કરતા ન શીખે, વાંચવાનું ન શીખે અને કીર્તન ગાવાનું પણ ન શીખે તો તેમને કોઈનાં આદર અને સન્માન મળતાં નથી. કેમ જે, જેટલા સદ્‌ગુણો હોય તેટલું તેનું આદર-સન્માન થાય છે. જેમાં ગુણ ન હોય તે પ્રગટ ભગવાનને મળેલા હોય, તોપણ તેને આદર-સન્માન મળતાં નથી.** ૨૬-૨૭. જેમાં જે જે ગુણ રહ્યા હોય તેની જેને કાંઈ ગણતરી જ ન હોય તો તે ચાહે તેવા મોટા હોય, તોપણ તે જીવ વગરના શબ સમાન છે. ૨૮. તેવા કોઈ અધિકારીને પાત્રતા વિના કોઈના સંબંધને લીધે કાંઈક અધિકાર પ્રાપ્ત થયો હોય, તોપણ અધિકારને અનુરૂપ ગુણ વગરના તે અધિકારીમાં કોઈનો જીવ ચોંટતો નથી. અર્થાત્ દિલથી તેનો સ્વીકાર થતો નથી. ૨૯. અધિકારી હોય કે ન હોય પણ જેમાં જેટલા સદ્‌ગુણ દેખ્યામાં આવે છે, તેટલો તેમાં જીવ ચોંટે છે. સર્વે ગુણો કરતાં મોક્ષરૂપી ગુણ અનુપમ છે. તે મોક્ષરૂપી ગુણમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય રાત-દિવસ સહાયરૂપ થાય છે. તે ગુણો પાત્ર પ્રમાણે સહાય કરે છે. કેમ જે, મોક્ષરૂપી ગુણ એવા જ હોય છે. ૩૦-૩૧.

चोपाई :

भगवान ताके गुण हि जेता, सरवोपरि रहायेउ तेता;
तिमी संत के गुण हि जेते, सरवोपरि यह रहेउ तेते...३२

पात्र तेसे आवत गुण तामें, पात्र विन नहि आवत यामें;
संत के गुण आवे एसा, निश दिन आदर रखना तेसा...३३

जो जो गुण रहायेउ जाही, आदर विन न आत रहाही;
अलोकिक गुण आवे जेसे, आदर रखना संत कु तेसे...३४

ભગવાનના સર્વે ગુણ સર્વોપરિ છે, તેમ સંતોના ગુણો પણ સર્વોપરિ છે. ૩૨. જે જેવું યોગ્ય પાત્ર હોય તેવા તેમાં ગુણ આવે છે. પાત્રતા વિના ગુણ આવતા નથી. માટે પોતામાં સંતોના ગુણ આવે એવો રાત-દિવસ આદર-ખપ-ખટકો રાખવો જોઈએ. ૩૩. જેમાં જે જે ગુણો છે તે આદર વિના આવતા નથી. માટે જે રીતે પોતામાં અલૌકિક ગુણ આવે તેવો સંતોએ આદર રાખવો જોઈએ." ૩૪.

❋ ભક્તો પાસે માગ માગ કરતા સંતોની ફરિયાદ :

શ્રીહરિએ આટલી વાત કરી. પછી જ્યારે બીજો દિવસ થયો ત્યારે સવારમાં શ્રીહરિ સભામાં આવીને બેઠા. તે વખતે શ્રીહરિ પ્રત્યે મુનિબાવા બોલ્યા જે, "સત્સંગની વૃદ્ધિ કરવા માટે સંતોનું વિચરણ હોય છે. સત્સંગનો જે રીતે અભ્યુદય થાય એવું આપને તાન રહે છે. ૩૫-૩૬. સત્સંગના અભ્યુદય માટે આપ વારે વારે શાસ્ત્રની રીતે પ્રકરણ પણ ફેરવતા રહો છો. ૩૭. સર્વે સંતો અને હરિભક્તો જ્યાં સુધી પોતપોતાની રીતમાં વર્તતા રહે, ત્યાં સુધી સત્સંગનો વિજય રહે છે. ૩૮. પણ આ હરિયાનંદ અને વિશ્વાસચૈતન્યાનંદ, એ બે સંત સદ્‌ગુરુ થઈને પણ હરિભક્તોને સેવા માટે લૂંટે છે." ૩૯. પછી શ્રીહરિએ તે બંને સંતોને બોલાવીને સભા વચ્ચે ઊભા કર્યા. પછી તેમને કહ્યું કે, "જે વાત બની હોય તે સાચું કહો." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિએ પંચાળામાં આધારાનંદ સ્વામી પાસે તિલક કરાવ્યું અને ગુણ પ્રમાણે આદર મળવાની વાત કરી" એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર પચીશમું : તરંગ - ૧૦

પોતા માટે કોઈ વસ્ત્રાદિક હરિભક્તોની પાસે માગવું નહિ, તેમ શ્રીહરિએ કહ્યું

શ્રીહરિએ જ્યારે હરિયાનંદ અને વિશ્વાસચૈતન્યાનંદ, તે બે સંતોને બોલાવીને કહ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો કે, "મુનિબાવા હરિભક્તોને લૂંટવાની જે વાત કહે છે તે મિથ્યા છે. ૧. આપ પણ જે વિમુખ છે તેની વાતને માનો છો. કયા હરિભક્તને અમે લૂંટ્યા ? આવી વાત કહેતા પણ તેને શરમ આવતી નથી." ૨.

ત્યારે શ્રીહરિ બોલ્યા, "અમારે માટે સેવા કરવા હરિભક્તોને કહેવાનું અમે તમને ક્યારેય કહ્યું નથી. ૩. અમારી સેવા માટે બધા ગમે તેમ કહેતા રહે, તે ત્યાગીને માટે યોગ્ય નથી. તેથી અમે સેવા કરાવવાનું કોઈને કહ્યું નથી. ૪. અમારા કહ્યા વિના જે એવી સેવા કરે તેમાં અમે મોટાઈ માનતા નથી. મોટાની આજ્ઞાએ કરીને જેટલું કાર્ય કરવામાં આવે તે નિર્બાધ ગણાય. ૫. તેથી અમારી આજ્ઞા વિના જેટલું કરવામાં આવે છે તે અમને રુચતું નથી."

✻ સંતમુખી સદા સુખી, મનમુખી સદા દુઃખી :

ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, "અત્યારે સત્સંગમાં જેટલા ત્યાગીઓ છે તેવા કોઈ બ્રહ્માંડમાં નથી. આવા આ ત્યાગી દેખાય છે. તેઓ બ્રહ્માંડનાં આભૂષણ જેવા અને સર્વોપરિ રહ્યા છે. ૬-૭.

चोपाई :

भूषण के भूषण सत्संगा, रहाये जो शुद्ध अति अंगा;
सत्संग के भूषण संत रहाये, ताके भूषण भगवान कहाये...०८

भगवान के भूषण भगवाना, जानत रहे इमि बुद्धिमाना;
तेही करी भगवान ताके, बचन रहे सरवोपरि वाके...०९

भगवान के बचन जो तामें, मोक्ष रहाये निश्चय यामें;
मनमुखी वरतत रहे तिनकू, दुःख जितना होवत हे इनकू...१०

અતિ શુદ્ધ અંગવાળો જે સત્સંગ તે સર્વ ભૂષણોનું પણ આભૂષણ છે. એવા આ સત્સંગનું આભૂષણ સંતો છે અને સંતોનું આભૂષણ ભગવાન કહેવાય છે. ૮. અને ભગવાનનું ઘરેણું તો ભગવાન પોતે જ છે, એમ બુદ્ધિમાન મોટા પુરુષો જાણે છે. માટે ભગવાને કહેલાં વચન જ સર્વોપરિ છે. ૯. વળી, ભગવાનનાં વચનોમાં જ નક્કી મોક્ષ રહ્યો છે. જે મનમુખી વર્તે છે તેને તો દુઃખમાત્ર આવે છે. ૧૦. **સર્વે દુઃખોમાં મોટું દુઃખ વારંવાર જન્મ-મરણ ચાલુ રહે તે છે. જે જીવ જમપુરી અને લખચોરાશીના ભટકણમાંથી પોતાનો ઉદ્ધાર કરતો નથી, તેને મનુષ્યદેહ મળ્યો હોવા છતાં ન મળ્યા બરાબર જ છે. તે વેદ પુરાણને ભણ્યો હોવા છતાં ન ભણ્યા બરાબર જ છે.**

અરે ! જ્યાં સુધી જન્મ-મરણ ચાલુ હોય, ત્યાં સુધી તે આખી પૃથ્વીનો રાજા થયો તોએ શું ? ૧૧-૧૨. આવો સત્સંગ મળ્યો છે, ભગવાન મળ્યા છે, તોપણ સત્સંગની રીતે જે ચાલે નહિ તો ત્યાગી થયા તે ન થયા બરાબર છે. ૧૩. કારણ કે, સત્સંગની રીતમાં ચાલ્યા વિના તેનું દુઃખ તલભાર પણ મટતું નથી. જ્યારે પોતામાં દોષ દેખે ત્યારે તેનું દુઃખ ટળે છે. ૧૪.

❋ જેમ વાળે તેમ વળે તેને સહુનો પ્રેમ મળે :

सोरठा : आपमें गुण मानत, विमुख रहत यह ताहि लग;
दोष जब निज जानत, सत्संग में तिहाँ लगही...१५
निभत रहे निरधार, गुण मानत निज में जबही;
निभत हि न तेहि वार, आपके गुण विमुख करत...१६

જ્યાં સુધી પોતામાં ગુણ માને છે, ત્યાં સુધી તે વિમુખ રહે છે. અને જ્યાં સુધી પોતામાં દોષ જાણે, ત્યાં સુધી તે સત્સંગમાં ચોક્કસ નભે છે. પરંતુ જ્યારે પોતામાં ગુણ માને છે ત્યારે તે સત્સંગમાં નભતા નથી. કેમ જે, પોતાના માનેલા ગુણ જ તેને વિમુખ કરી દે છે. ૧૫-૧૬. **મોટા જેમ વાળે તેમ જે વળતા રહે, ત્યાં સુધી તે અમૂલ્ય રહે છે. પણ વાળતા વાળતા જ્યારે પોતે અટકી જાય-માનતા બંધ થઈ જાય, ત્યારે તે કાંઈ ઉપયોગમાં આવતા નથી.** ૧૭. જે નિર્જીવ થઈ જાય અર્થાત્ મોટાના મહિમાએ રહિત

મનમુખી થઈ જાય, તેનો સત્સંગમાં નિભાવ થવો કઠણ છે. પછી તે કોઈની રુચિમાં મળીને રહેતો નથી અને બધાથી ઉથડક રહેતો દેખાય છે, એવાને ક્યારેય સત્સંગમાં સુખ આવતું નથી.

જ્યાં સુધી જેમ વાળે તેમ વળે, ત્યાં સુધી તેને સત્સંગનું અપાર સુખ આવતું રહે છે. તેને કોઈ જાતનું લગાર પણ દુઃખ આવતું નથી.” મુક્તાનંદ સ્વામીએ આગળ કહ્યું કે, “જે મનમુખી ચાલતા હોય તે સંત તો દંડ દેવાને યોગ્ય છે. દંડ દીધા સિવાય તો તેમાં અયોગ્યતા રહે છે. વળી, તેને મોક્ષનો ખપ છે કે નહીં ? તે દંડ દેવામાં દેખાઈ આવે છે.” ૧૮-૨૧.

⁕ જે વારેવારે બીજા પાસે માગે તેનાથી સહુ ભાગે :

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “ત્યાગી થઈને મોટા થવા માટે અમારે નિમિત્તે જે હરિભક્તને પીડતા રહે તેને તમે જેમ કહો તેમ શિક્ષા કરીએ. તમે જે મોટા મોટા સંતો છો, તે જેમ કહો તેમ મનમુખીને શિક્ષા કરીએ. અમારે તો તેનો સ્વભાવ સુધારવાનું તાન રહ્યું છે. ૨૨-૨૩. સુધાર્યા વિના સ્વભાવ સુધરતો નથી. એવી કેટલીક વાત રહી છે.”

ત્યારે બુદ્ધિમાન એવા નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, “અમે સુરત ગયા હતા તેને ત્રણ વર્ષ થયા છે. ત્યાંના હરિભક્તો મને વારંવાર કહેતા રહેતા કે, ‘શ્રીહરિને માટે તમે અમને કાંઈક સેવા કહો તે અમે ભાવથી કરીએ. માટે અમને જરૂર કાંઈક સેવા બતાવો.’ ૨૪-૨૬. હરિભક્તોનો ભાવ દેખીને મારા મનમાં પણ ભાવ થયો. તેથી હે હરિ ! જેની બહુ ઝાઝી કિંમત ન હોય એવી નરનારાયણ નામને સોનાના વરખથી છપાવીને જે રીતે ઓછી કિંમત થાય, તે રીતે આપના માટે એક કસુંબી પાઘ કરાવી હતી. ૨૭-૨૮. આ બ્રહ્માનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી તથા મુખ્ય ચાર હરિભક્તો અધિકારી શેઠ ગોવિંદભાઈ, લક્ષ્મીચંદભાઈ, ગિરધરભાઈ અને ચોથા ભગવાનદાસ; એ બધાની સંમતિ પણ મેં લીધી હતી અને તે પછી મેં એક નવી પાઘ બનાવડાવી હતી. ૨૯-૩૦.

પછી તે પાઘ મેં આપને ગઢપુરમાં બંધાવી હતી. આપને રાજી કરવાનો મારા મનમાં ભાવ હતો. પરંતુ વરખ ખરવા લાગ્યો તેથી તેમાં આપ રાજી નહોતા થયા. ૩૧. આપે તે પાઘ મસ્તક ઉપર એક જ વાર બાંધી, ફરીવાર ન બાંધી. પછી જ્યારે નરનારાયણ દેવ અમદાવાદમાં પધરાવ્યા, ત્યારે તે પાઘના કાપડમાંથી જામા કરાવ્યા. મેં સાધુ થઈને આપને માટે આ એક પાઘ બનાવડાવી હતી. ૩૨-૩૩. હરિભક્તો તો ઘણાં પદાર્થ આપવા તત્પર હોય છે, પરંતુ આ સિવાય આજ સુધી મેં આપને માટે ક્યારેય હરિભક્તોને ઉપદેશ દઈને લેશમાત્ર પણ પદાર્થ મગાવેલાં નથી. ૩૪. મેં ફૂલના હાર પણ મગાવ્યા નથી. માગવામાં તુચ્છતા દેખાય છે." ત્યારે મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી આદિક મુનિઓ બોલ્યા કે, "હે હરિ ! આપને માટે આજ સુધી કોઈ વસ્તુ લાવવાનો અમે હરિભક્તોને ઉપદેશ કર્યો નથી." ૩૫-૩૬.

પછી વિશ્વાસચૈતન્યાનંદ અને હરિયાનંદે કહ્યું કે, "અમે હરિભક્તોને ઉપદેશ કર્યો છે." ૩૭. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "હરિભક્તોને અમે ઉપદેશ કરવાનું કહ્યું નથી. અમારા કહ્યા સિવાય તમે કહ્યું, તેથી તમે સંતોમાં ચોર રહ્યા છો. ૩૮. અમારી આજ્ઞા સિવાય અમારી સેવા કરવા માટે કોઈને ક્યારેય દ્રવ્યનો ઉપદેશ કરવો નહિ, તેમ અમે કહ્યું છે." ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિને માટે કોઈ વસ્ત્રાદિક હરિભક્તોની પાસે માગવું નહિ, તેમ શ્રીહરિએ કહ્યું" એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર પચીશમું : તરંગ - ૧૧

આજ્ઞા વિના હરિભક્તોને સેવાનું કહેનારા સંતને શ્રીહરિએ પ્રાયશ્ચિત કહ્યું

શ્રીહરિએ ફરીને હરિયાનંદ અને વિશ્વાસચૈતન્યાનંદ સ્વામીને કહ્યું, ૧. "તમે મોટા સંત છો. તેથી તમારી દેખાદેખી કરીને બીજા ત્યાગી પણ તમારી જેમ કરશે તેને કોણ રોકશે ? માટે ત્યાગીઓનું હિત કરવા માટે અમે જેમ કહીએ તેમ તમે કરો. તમે બધી રીત જાણો છો, તેટલા માટે અમે કહીએ છીએ. ૨-૩. અમે જેમ કહીએ તેમ જે સંતો અને હરિભક્તો નથી કરતા, તેનું અંતર દીવો બુઝાઈ ગયા જેવું પ્રકાશહીન થઈ જાય છે. ૪.

❋ હરિવચનની મહત્તા :

चोपाई :

हमकु प्रसन्न हि करने हीता, संत हरिजन साधन करीता;
हम कहे तिमी करना जेही, साधन सरवोपरि रहे तेही...५
हमारी प्रसन्नता रहे जेती, हमारे बचन तामें तेती;
संत हरिजन कहावत ताके, सिद्धांत यह रहाये वाके...६
हमारे बचन में शंका जेता, करत संत हरिजन जो तेता;
माया ताके तितना तामें, निवास रहे जानना यामें...७

અમને પ્રસન્ન કરવા માટે જ સંતો અને હરિભક્તો સાધન કરે છે. તેમાં અમે જેમ કહીએ તેમ જે કરવું, તે જ સર્વોપરિ સાધન છે. ૫. અમારો જેટલો રાજીપો છે તે અમારાં વચન અનુસારે રહેવામાં રહ્યો છે. આવો સંતો અને હરિભક્તોનો સિદ્ધાંત છે. ૬. અમારાં વચનમાં જે સંતો-હરિભક્તો જેટલી શંકા કરે છે તેટલી તેમાં માયા નિવાસ કરીને રહી છે, તેમ જાણવું. ૭. જ્યાં સુધી માયા નિવાસ કરીને રહે છે, ત્યાં સુધી તેના અંતરના તમાશાને ભગવાન વારંવાર દેખતા રહે છે. ૮. હરિભક્તો તો અતિશય નિષ્પાપ હોય છે. તેઓ ભગવાન અને સંતોનું અપાર માહાત્મ્ય જાણે છે, તેથી તેમાં લગાર પણ દોષ દેખતા નથી. ૯. આવા હરિભક્તો જીવનભર મનમાં એવા

મનોરથ કરતા રહે છે કે, ભગવાન અને સંતને ન દઈએ એવું કોઈ પદાર્થ અધિક કહ્યું નથી. ૧૦. નિષ્પાપ હરિભક્તો એવી રીતે વર્તે છે. તેથી તો ભગવાન તેનાથી દૂર જતા નથી. જે કોઈ સમજણમાં જેટલી કાચપ રાખે છે, તેનાથી ભગવાન તેટલા દૂર રહે છે. ૧૧.

❋ ભગવદ્નિશ્ચયની મહત્તા :

જે હરિભક્તો હોય છે તે ધર્મને મુખ્ય રાખે છે. ધર્મ તથા નિયમ વગરની જેટલી વાતો હોય તેમાં ચાહે તેટલો પ્રતાપ દેખાતો હોય, પણ હરિભક્તો તે પ્રતાપને કોઈ દિવસ માનતા નથી. જ્યારે ભગવાનને જાણીને-સ્વીકારીને તેના વચને ધર્મ-નિયમોને રાખે, ત્યારે ભગવાન તેને આધીન વર્તે છે. પરંતુ ભગવાનને જાણ્યા વિના કેવળ ધર્મ-નિયમે કરીને ક્યારેય મોક્ષ થાતો નથી, તેમજ જન્મ-મરણ મટતા નથી. કેવળ ધર્મ-નિયમે કરીને લખચોરાશીમાં જ્યાં જાય ત્યાં બહુ સુખી થાય છે. ૧૨-૧૫.

सोरठा : निश्चय हि जितना जेह, भगवान के रहे तेही;
धर्म नियम हि जो तेह, तितना तेही वरतत रहे...१६

चोपाई :

संत भगवान में भाव जितना, वरतत रहे जाकू हि तितना;
तितना धर्म नियम रहे तामें, भावकर देख आवत यामें...१७

જેને જેટલો ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેટલો તે ધર્મ-નિયમમાં વર્તતો રહે છે. ૧૬. સંતોમાં તથા ભગવાનમાં જેટલો જેને ભાવ હોય છે તેટલો તે ધર્મ-નિયમમાં રહે છે. તે તેના ભાવ ઉપરથી દેખાઈ આવે છે.” ૧૭. આટલી વાત જ્યારે શ્રીહરિ કરી રહ્યા.

❋ વચનનો લોપ એટલો શ્રીહરિનો કોપ :

ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા, “હે મહારાજ ! મોટા સંતો અને આપની આજ્ઞા વિના કોઈ હરિભક્તને કે સંતો, વર્ણી અને પાર્ષદોને આપની સેવા કરવા માટે અથવા તો મંદિર થાય છે તેમાં અને ભગવાનની મૂર્તિઓ પધરાવી છે તેમાં સેવા કરવા માટે વાત કરતો રહ્યો છું, પણ તેમાં મારું

પોતાનું અંગત કોઈ હિત સાધ્યું નથી. તો તેમાં મારો કેટલો દોષ રહ્યો છે ? તે કહો." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, **"આજ્ઞા સિવાય જે કાંઈ કરવું તેમાં તો મૃત્યુ રહ્યું છે.** ચાહે તેવા સિદ્ધ હોય તોપણ તે સીતાજી અને લક્ષ્મણજી સમાન કોઈ ન કહેવાય. કેમ જે, તેઓ તો ભગવાનને અતિશય વહાલામાં વહાલા હતાં. વળી, ભગવાનની સાથે તન, મન તથા જીવ એક કરીને વર્તતાં હતાં. તેમજ એકબીજાનાં સુખ માટે પ્રયત્ન કરતાં હતાં. તેમ છતાં તે બન્નેએ જ્યારે ભગવાનની આજ્ઞાનો લોપ કર્યો, ત્યારે તેમને અપરંપાર કષ્ટ થયું અને લગાર પણ સુખ રહ્યું નહીં. ૧૮-૨૩.

बडेकी आज्ञा तामें जेता, वरतत बडता पावत तेता;
जो जो बडे देखावत जेते, आज्ञा जेसी पालेउ तेते...२४

મોટાની આજ્ઞામાં જે જેટલા વર્તે, તે તેટલી મોટાઈને પામે છે. જે જે જેટલા મોટા દેખાય છે તેમણે પ્રભુની તેવી આજ્ઞા પાળી હોય છે." ૨૪.

ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, "આપની આજ્ઞા વિના પણ હરિભક્તે મને સામેથી કહ્યું, ત્યારે જ મેં નવી પાઘ કરાવી હતી. વળી, મારા મનમાં એક આપને પ્રસન્ન કરવાનું જ તાન હતું. છતાં આપ પ્રસન્ન ન થયા તેનું કારણ શું છે ?" ૨૫-૨૬. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તમારી દેખાદેખીએ કરીને બીજા સહુ ત્યાગીઓ હરિભક્તોને સેવાની વાત કરીને પીડતા રહે. ૨૭. હરિયાનંદ અને વિશ્વાસચૈતન્યાનંદ હરિભક્તોને કહેતા હતા કે, 'તમને ભગવાનનો નિશ્ચય પાકો છે કે કાચો છે ? તે અમે જાણીએ છીએ. તે બીજા કોઈ સંત જાણતા નથી. પાકો નિશ્ચય થયા સિવાય પૂરા હરિભક્ત કહેવાય નહીં. ૨૮-૨૯. ધર્મ-નિયમને પૂરા રાખે એટલાથી કાંઈ નિશ્ચય પાકો ન કહેવાય. સત્સંગમાં પૂરા ધર્મ-નિયમને પાળનારા તો અપાર લોકો છે. ૩૦.

❋ દેહભાવ જાય તો જ દિવ્યભાવની દૃઢતા થાય :

સ્ત્રી અને ધનનો ત્યાગ કરાવે, આવી વાત કાંઈ કઠણ નથી. હંમેશાં કથા-કીર્તન કરે, ધ્યાન અને સ્મરણમાં લવલેશ મોળા ન પડે પણ અધિક

કરે, એવા તો ગામે ગામ દેખાય આવે છે. સંતો અને હરિભક્તોને જ્યાં સુધી મનુષ્ય જેવા દેખે છે, ત્યાં સુધી જેટલાં સાધન કર્યાં હોય તે બધાં ન કર્યાં બરોબર છે. જ્યાં સુધી સંતો અને હરિભક્તોને મનુષ્યના જેવા દેખે છે, ત્યાં સુધી તેના ગુણ-અવગુણ આવે છે. ૩૧-૩૩. અને જ્યાં સુધી ગુણ-અવગુણ આવ્યા કરતા હોય, ત્યાં સુધી પક્વતા થઈ નથી. તે પક્વતા સત્સંગ કરતાં કરતાં થાય છે. ૩૪. પક્વતા પ્રાપ્ત કરવાના સત્સંગ સિવાય બીજા કોઈ ઉપાય નથી." જ્યારે તેઓ આવી વાતો કરતા હતા ત્યારે તે જે ઈચ્છે તે હરિભક્તો આપતા હતા. ૩૫.

જે જે ઉપાયો કહેવાય છે તે બધા વાતમાં રહ્યા છે. **શુદ્ધ મતિવાળા લોકો જે વાતો કરે છે, તેમાં શુદ્ધ બુદ્ધિને કારણે ભગવાનના ધામની પ્રાપ્તિ નિશ્ચિત રહી છે.** કુબુદ્ધિની વાતે કરીને તો જમપુરી મળે છે અને દુઃખનો પાર રહેતો નથી. ૩૬-૩૭. શ્રીહરિએ કહ્યું કે, 'હરિભક્તોનાં પગરખાંને માથા ઉપર ઉપાડે તો આ અપરાધ છૂટી જાય.' ૩૮. પછી નિત્યાનંદ સ્વામી નિર્દોષ હતા તોપણ તેમણે શ્રીહરિની મોજડીને પોતાના મસ્તક ઉપર ચઢાવી. ૩૯. પછી હરિયાનંદ અને વિશ્વાસચૈતન્યાનંદ પણ મનમાં સંકોચ પામીને ઊભા થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "આજ્ઞા વિના હરિભક્તોને સેવાનું કહેનારા સંતને શ્રીહરિએ પ્રાયશ્ચિત કહ્યું" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર પચીશમું : તરંગ - ૧૨

મુનિબાવાનું વ્યક્તિત્વ અને તેમના એકનિષ્ઠ સત્સંગની શ્રીહરિએ વાત કરી

શ્રીહરિને પ્રસન્ન કરવા માટે હરિયાનંદ સ્વામી અને વિશ્વાસચૈતન્યાનંદ સ્વામીએ હરિભક્તોનાં પગરખાંને પોતાનાં મસ્તક ઉપર લીધાં. તેને સંતો તથા હરિભક્તોની બધી સભાએ દેખ્યા. પછી તે બંને સંતો સહુની સન્મુખ જોઈને બધી સભા વચ્ચે શ્રીહરિની સામે આવ્યા. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, "હવે અમે તમારો દોષ માફ કરીએ છીએ. ૧-૩. લોકપ્રતિષ્ઠિત વ્યક્તિનું ક્યારેય અપમાન ન કરવું. કેમ જે, તેમનું અપમાન જ તેને માટે મરણ છે. પણ આ વાતની ત્યાગીને ગમ નથી હોતી. ૪.

⁕ મુનિબાવાના સદ્‌ગુણોની પ્રશંસા :

મુનિબાવા તો ભારે પ્રતિષ્ઠિત છે, છતાં તેમને મોક્ષનો અપાર ખપ છે. તેમણે પ્રથમ આપણા સંતોની અતિશય પવિત્ર અલૌકિક રીત દેખી, તેમાં પણ મુક્તાનંદ સ્વામીના મુખની વાત સાંભળીને તેમને વિશ્વાસ આવ્યો. તેથી અમને દૃઢપણે ભગવાન જાણ્યા છે. સંતોનું પવિત્ર વર્તન અને મુક્તાનંદ સ્વામીની વાતો, એ બે બાબતે કરીને તેઓ સત્સંગમાં બંધાયા છે. તેઓ જ્યાં જતાં ત્યાં મોટા રાજાઓ, ઉમરાવો તથા મોટા મોટા શેઠ શાહુકારો તેમને અપાર આદર, માન આપતાં હતાં.

મુનિબાવા મનમાં જેવી ઈચ્છા કરતા તેવું બધું તે લોકો પોતાને કૃતાર્થ થયા માનીને ૫-૮. પરમ હેતથી સમર્પણ કરતાં હતાં. કેમ જે, મુનિબાવાનું વર્તન એવું હતું. કેટલાંક બાઈ-ભાઈઓ તો તેમનાં શિષ્ય થઈને સેવા કરતાં હતાં. ૯. તે શિષ્યો તેમને રોજ ભાવથી નવડાવતાં, જમાડતાં. તેમને પોતાને હાથે ક્યારેય કાંઈ કરવું પડતું નહીં. સો સો રૂપિયાની તો પગમાં પહેરવાની મોજડીઓ આપતાં હતાં. ૧૦. મસ્તક ઉપર છત્ર ધારણ કરતા. જ્યાં જતાં ત્યાં શિષ્યો સાથે રહેતા. જોગી, જતી, સંન્યાસી અને સર્વે ભેખધારીઓ તેમને માન આપતા. ૧૧. તેઓ ગૌડ વિપ્ર હતા. તેમનું મૂળ સ્થાન દિલ્લી હતું અને

મોગલ નવાબો પણ તેનું રૂપ જોઈને અંજાઈ જતા હતા. ૧૨. તેની બોલી સાંભળીને મોટા રાજાઓ પણ દબાઈ જતા હતા. પીલુ શાહ અને અરદેશર, બંને પારસી ભાઈ તેમને આધીન રહેતા હતા. ૧૩. વળી, તેમનાં વચનથી જ તે પારસી અમને ભગવાન જાણે છે. તેઓ અતિશય બુદ્ધિમાન છે. ૧૪.

આ મુનિબાવા આવાં સુખનો ત્યાગ કરીને સત્સંગને માટે અતિશય અપમાનને સહન કરે છે. ૧૫. મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી સિવાયના સર્વે સંતો તથા હરિભક્તો આમની મોટાઈને જાણતા નથી, પણ અમે તેમની મોટાઈ જાણીએ છીએ. ૧૬. **તેમની ત્રીશ વર્ષની ઉંમર થઈ ત્યારથી મુનિબાવા જગત છોડી પરમહંસ થયા છે. બાર વર્ષ સુધી તો તેમણે મૌન વ્રત રાખ્યું હતું. (તેથી તેમને મુનિબાવા કહે છે.) વળી, દિવસમાં એક વખત બાજરીનો લોટ મીઠાવાળી છાશમાં ઘોળીને પી જતા હતા. તેઓ કોઈ પણ સ્ત્રીનો પ્રસંગ રાખતા નથી. તેમજ જગતના પરમહંસોમાં જે લબાડ દેખ્યામાં આવતા તેના સંગનો તેઓ ત્યાગ કરી દેતા.** અને દંભીની સાથે તેમને હેત થાતું નહીં. સં.૧૮૬૫ના વર્ષમાં આપણા કેટલાક પરમહંસો ખોખરા મહેમદાવાદથી સુરતમાં જઈને સલાટપરામાં નવાબની વાડીમાં રહ્યા હતા. સંતો ભિક્ષા માગીને જમતા હતા. મુનિબાવાએ પહેલા આવીને તે સંતોને દેખ્યા. ૧૭-૨૧.

❋ સાચા સંતોના સદ્‌ગુણોનું વર્ણન :

તે સંતો ઝોળીમાં જે અન્ન આવતું તેને ભેળું કરીને તેમાં પાણી છાંટતા અને ગોળા કરતા હતા. ૨૨. તે ગોળો હાથમાં લઈને જમતા હતા. બધા જ સંતોની એક જ રીત દેખી. સંતો ભગવાનની વાતો કરતા અને કથા, કીર્તન કરતા રહેતા. ૨૩. કોઈ પદાર્થ માટે કોઈ ગૃહસ્થને કાંઈ કહેતા નહીં. એક સંત વાત કરતા અને બીજા બધા સંતો ભાવથી સાંભળતા રહેતા. ૨૪. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની વાતો કહેતા રહેતા. નૈમિષારણ્યમાં રહેનારા મુનિઓના જેવું તેમનું સાક્ષાત્ વર્તન હતું. ૨૫. તેમની અને આ સંતોની એકસરખી રીત પ્રગટ દેખ્યામાં આવી. તેમને લાગ્યું કે ભાગવતમાં જેવું કહ્યું છે તેમ આ સંતો વર્તે છે. ૨૬.

सोरठा : भगवान की बात बिन, व्यसन न कोउ बातहु के;
भगवान एक छिन, तिनसे नहि दूर हि रहत...२७
भगवान की जो बात, जितनी घडी होवत रहेउ;
तितनी घडी साक्षात, भगवान हि निवास करत...२८

चोपाई :

भगवान सबंधी जिहाँ जेहा, निरडंभ करीके तिहाँ तेहा;
कथा कीर्तन बात जो जेहू, ध्यान स्मरण पूजन यह तेहू...२९
होवत तिहाँ प्रगट भगवाना, निवास करी रहे एसे जाना;
जेसी रित्य जिहाँ वरतत रहेऊ, बात देखाई देवत तेऊ...३०

એક ભગવાનની વાત સિવાય બીજી કોઈ બાબતનું જેને વ્યસન ન હોય, તેનાથી ભગવાન એક ક્ષણ પણ દૂર રહેતા નથી. ૨૭. ભગવાનની વાત જેટલી ઘડી થાય તેટલી ઘડી સુધી ત્યાં ભગવાન સાક્ષાત્ નિવાસ કરે છે. ૨૮. જ્યાં ભગવાન સંબંધી કથા, કીર્તન, વાત, ધ્યાન, સ્મરણ અને પૂજન વગેરે નિર્દંભપણે કરીને થતું હોય, ત્યાં પ્રગટ ભગવાન નિવાસ કરીને રહે છે; એમ જાણવું. જ્યાં જેવી રીત વર્તતી હોય તેને વાતો દેખાડી દે છે. ૨૯-૩૦. મુનિવર મુનિબાવાએ તે પવિત્ર સંતોનું આવું શુભ આચરણ દેખીને પોતામાં રહેલી જે મોટાઈ હતી તેને તુચ્છ જાણી. ૩૧.

પછી તેઓ સંતોની પાસે વાતો સાંભળતા અને સંતો જેવી વાત કહેતા તેવી તેમને મનાતી. પછી સં.૧૮૬૮ના વર્ષમાં મુનિવર મુક્તાનંદ સ્વામી સુરત જઈને રહ્યા. ત્યારે કતારગામને દરવાજે નવાબની વાડીમાં ઊતર્યા હતા. તે વખતે પણ મુનિબાવા ત્યાં આવતા રહેતા. ૩૨-૩૩. જ્યારે મુક્તાનંદ સ્વામીની વાત સાંભળીને મુનિબાવાએ સત્સંગના વ્રતમાન નિયમ ધાર્યા, ત્યાર પછી ક્યારેક તેઓ સંતોની ભેળા આવીને અન્નના ગોળા જમતા. ૩૪. જ્યારે અમે જેતલપુરમાં આવ્યા હતા અને છત્રને ફેંકી દીધું હતું, તે વખતે તેમણે મુક્તાનંદ સ્વામીની સાથે જેતલપુરમાં અમારાં દર્શન ઉત્સાહથી કર્યાં હતાં. ૩૫. મુનિબાવા ત્યારથી આરંભીને અમારું ભજન કરે છે. એમના કેટલાક શિષ્યો પણ હરિભક્ત થયા છે. ૩૬.

સં.૧૮૭૮ના વર્ષમાં આ હરિયાનંદ સ્વામી સુરતમાં જઈને રહ્યા હતા. ૩૭. તેઓ અમારા કહ્યા વિના જ ચાહે તે રીતે મુનિબાવાનું અતિશય અપમાન કરતા હતા. ૩૮. પછી હરિયાનંદને સાધુના ગુણથી રહિત જાણીને મુનિબાવાએ તેમનો ઈલાજ કરવાનો ઉપાય કર્યો. ૩૯. તેમાં સુરતના હરિભક્તોએ અમને પત્ર લખ્યો તેથી અમે હરિયાનંદને તરત બોલાવી લીધા.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં “મુનિબાવાનું વ્યક્તિત્વ અને તેમના એકનિષ્ઠ સત્સંગની શ્રીહરિએ વાત કરી” એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર પચીશમું : તરંગ - ૧૩

શ્રીહરિ ભક્તોના આગ્રહથી એક દિવસ સુતરેજ ગામ આવ્યા

શ્રીહરિ સંતો પ્રત્યે આગળ કહેવા લાગ્યા જે, મુનિબાવા જ્યારે અહીં આવ્યા ત્યારે તેમણે સુરતનું તે વૃત્તાંત કહ્યું તથા આ સત્સંગમાં જે રીતે તેમનું અપમાન થતું હતું તે વાત પણ કહી. ૧-૨. આમ, મુનિબાવાનું નિત્ય અપમાન થતું હતું, છતાં પણ તેમણે સત્સંગને છોડ્યો નહીં. જો કે, સત્સંગથી વિરુદ્ધ અમુક વર્તન પણ તેમનાથી ત્યજી શકાયું નથી. ૩. મુનિબાવા સત્સંગની બધી વાતોને અંતરમાં દૃઢપણે સત્ય જાણે છે, પણ તેઓ પોતાનો વેશ આપણા સાધુઓથી વિરુદ્ધ રાખે છે. ૪. આ સત્સંગમાં રહીને સત્સંગથી વિરુદ્ધ ચાલનારા જે કોઈ સંતો, વર્ણી, પાર્ષદો કે બાઈ-ભાઈ હરિભક્તો હોય, તેને હેત દેખાડીને તેમાં રહેલી વિરુદ્ધતાને બતાવી દેવી તે સુખકર શ્રેષ્ઠ રીત છે. કેમ જે, સાધુતા રાખીને જેટલું કહેવામાં આવે તેમાં સહુને ભાવ રહે છે. અપમાન કે તિરસ્કાર કરીને કહેવાથી ભાવનો નાશ થાય છે. ૫-૬.

✵ પરસ્પર ભાવ વધે તે સત્સંગનું ફળ છે :

चोपाई :

भाव बढे तिमी केना जोऊ, सत्संग की रीत रहाये सोऊ;
साधुता रखीके केना तामें, भाव बढत रहे अधिक यामें...७

अधिक भाव बढावन हि हीता, सत्संग ताकी रीत हि रहीता;
रीत छोरी कर कहत रहे जितना, भाव नहीं बढावत हि तितना...८

જે રીતે ભાવ વધે તે રીતે કહેવું તે સત્સંગની રીત છે. સાધુતા રાખીને કહેવામાં ભાવ અધિક વધતો રહે છે. ૭. અધિક ભાવ વધારવા માટે જ સત્સંગની બધી રીત છે. સત્સંગની રીત છોડીને જેટલું કહેવામાં આવે છે તેનાથી સત્સંગમાં ભાવ વધતો નથી. ૮. સાધુતા રાખીને કહેવું, તેમાં ઘણો ભાવ વધે છે. જેના ઘરમાં હુકમ-સત્તા હોય તે જો ભગવાનનો ડર રાખતા હોય, તો તેઓ કાયદા લોપનારાઓને શાસ્ત્રમાં કહ્યા મુજબ અપરાધ પ્રમાણે દંડ આપે છે. તેનો દોષ તે સત્તાધીશને લાગતો નથી. ૯-૧૦. શાસ્ત્રમાં જોયા વિના પોતાની રીતે આડેધડ અપરાધીને જેટલો દંડ દેવામાં આવે છે, તેટલો દોષ તે દંડ દેવાવાળા સત્તાધીશને લાગે છે, આવો શાસ્ત્રનો મત છે. ૧૧.

❋ અધિકાર પ્રમાણે કહેલાં યોગ્ય વચનો સહુને ગમે છે :

सत्संग में जाके जेसेऊ, अधिकार रहाये तेसेऊ;
अधिकार प्रमाने जितना जेहू, केना हित करत रहे तेहू...१२

दोहा : अधिकार बिन जितना जो, कहत रहाये जेहु;
व्यर्थ होई जात रहेउ, बचन ताके हि तेहु...१३
जो जो केना जितना हि, अधिकार जितना जेहि;
तितना बचन तिनके यह, प्रिय लगत रहे तेहि...१४

સત્સંગમાં જેનો જેવો અધિકાર-સત્તા હોય તે પોતાના અધિકાર પ્રમાણે બીજાને જેટલું કહે તેટલું હિતકારી નીવડે છે. ૧૨. જો અધિકાર વિના કહે તો તેનાં કહેલાં વચનો વ્યર્થ થઈ જાય છે. ૧૩. માટે જે કાંઈ અને જેટલું કહેવું તે અધિકાર અનુસારે કહેવું. કારણ કે, અધિકારમાં રહીને કહેલાં વચનો જ સહુને પ્રિય લાગે છે." ૧૪. શ્રીહરિએ આટલી વાત કરીને મુનિબાવાને શાંત કર્યા અને મુનિબાવા પણ તેનાથી મનમાં પ્રસન્ન થયા. ૧૫.

જ્યારે હુતાશનીને ત્રણ દિવસ બાકી રહ્યા, ત્યારે રામપ્રતાપજીભાઈ દ્વારકાથી પાછા આવ્યા. ૧૬. પછી એક દિવસ શ્રીહરિ પંચાળાની નજીકના **સુતરેજ** ગામના હરિભક્તોનું હિત કરવા માટે સંતોએ સહિત તે

ગામ પધાર્યા. ૧૭. તે ગામના જેટલા હરિભક્તો હતા તે ખૂબ જ ભાવપૂર્વક શ્રીહરિની સન્મુખ આવ્યા અને સહુના મનમાં ઘણો જ ઉત્સાહ છવાઈ ગયો હતો. ૧૮. તે સહુ પોતાનાં ધન્યભાગ્ય દેખીને શ્રીહરિનાં ચરણમાં આવીને પડ્યા. શ્રીહરિ 'માણકી' નામની ઘોડી ઉપર બેઠા હતા. ૧૯.

આ ભૂમિ ઉપર અપાર અશ્વો છે. તે બધા અશ્વોમાં અપાર રૂપ, ગુણ અને શીલ હોય છે. પણ તે બધું શ્રીહરિની માણકીના એક રૂંવાડાંનાં રૂપ, ગુણ, શીલમાં સમાઈ જાય છે. ૨૦. આવી માણકી ઉપર શ્રીહરિ બેઠા હતા. તે વખતે ભારે કિંમતી શ્વેત વસ્ત્ર શ્રીહરિએ પહેર્યાં હતાં. ૨૧. મસ્તક ઉપર શ્વેત છત્ર ધાર્યું હતું. તેના ઉપર સોનાનો કળશ હતો. પચીશથી ત્રીશ જેટલા અશ્વોની સવારી સાથે હતી. ૨૨. ગ્વાલિયર અને બુંદેલખંડના બધા હરિભક્તો તથા શ્રીહરિના સર્વે પાર્ષદો પણ સાથે હતા. ૨૩. જે સંતો અને વર્ણી શ્રીહરિની સાથે હતા તે ગરબીનાં પદ ગાતા હતા. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર 'જય... જય...'નો ધ્વનિ કરતા હતા. ૨૪.

ગામના જેટલા હરિભક્તો હતા તે ઉત્સવ કરવા માટે ઝાંઝ, મૃદંગ લાવ્યા હતા. શ્રીહરિની આગળ અતિ પ્રેમસભર ઉત્સવ થતો હતો. આ રીતે શ્રીહરિ ગામમાં પધાર્યા. ઢોલ, દુંદુભિ, ભૂંગળ અને શરણાઈ વાગતાં હતાં. ૨૫-૨૬. ગામનાં બધાં લોકો શ્રીહરિનાં દર્શન કરવાં માટે બજારમાં ઊભાં હતાં અને બધાં જયજયકાર કરતાં હતાં. ૨૭. ગુલાલ ઊડતો હતો, તેનાથી બધી બજાર રંગાઈને લાલ થઈ ગઈ હતી. પછી શ્રીહરિ ઉતારે આવ્યા. ૨૮. ગામની વચ્ચે એક કિલ્લો હતો અને તેમાં વિશાળ ચોક હતો. તે ચોકમાં છાયા માટે કાપડનો મંડપ બાંધી દીધો હતો. ૨૯. મંડપની વચ્ચે પલંગ બિછાવ્યો હતો, તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. જ્યારે શ્રીહરિ ત્યાં આવ્યા ત્યારે દિવસ છ ઘડી ચઢ્યો હતો. ૩૦.

જે વિપ્ર હરિભક્તો હતા તે સંતોને માટે રસોઈ કરવા લાગ્યા અને રામપ્રતાપજીભાઈ શ્રીહરિને માટે રસોઈ કરવા લાગ્યા. ૩૧. ગામમાં સવારનું અને સાંજનું દૂધ હતું તેમાંથી સાંજના દૂધનું દહીં જમાવ્યું હતું અને સવારનું

દૂધ રાખી મૂક્યું હતું. ૩૨. રામપ્રતાપજીભાઈએ જેટલું કહ્યું તેટલું દૂધ અને દહીં હરિભક્તોએ તેમને આપ્યું. જેટલા વિપ્રો અને વર્ણી હતા તેમને પણ જોઈએ તેટલું દૂધ અને દહીં આપ્યું. ૩૩. બાકીનું દૂધ-દહીં સંતો માટે જતન કરીને રાખી મૂક્યું હતું.

જેટલા સંતો સાથે હતા તે સહુની સુતરેજ ગામમાં શ્રીહરિની સમીપે સભા થઈ. ૩૪. જેટલા હરિભક્તો સાથે આવ્યા હતા તેમની પણ સભા થઈ. વસંત, હોરી અને ધુમારનાં પદોને ઝાંઝ તથા મૃદંગ વગાડીને મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી આદિક સંતો પ્રેમભાવથી રોમાંચિત થઈને ગાતા હતા. ૩૫-૩૬.

❋ પ્રેમ વગરની વાત મીઠા વગરના શાક જેવી છે :

दोहा : जो जो बात जितनी जोउ, प्रेम आयेउ बिन;
जिमी लुण बिन विजन हि जो, चाय तेसे हि किन...३७
जन बिन रहे जो पुरि जिमी, जीव बिन तन रहेउ;
सूर्य बिन रहे तम जो जिमी, प्रेम बिन सब हि तेउ...३८

જે જે કાંઈ બાબત છે તે ગમે તેવી હોય, તોપણ જો તે પ્રેમ વગરની હોય તો મીઠા વગરના શાક જેવી ગણાય. ૩૭. માણસો વિનાનું નગર જેવું લાગે, જીવ વિનાનું શરીર જેવું લાગે અને સૂર્ય વિનાની રાત જેવી લાગે તેવું જ પ્રેમ વિનાનું બધું લૂખું લાગે છે. ૩૮. **હરેક બાબત પ્રેમભાવથી જ પ્રિય લાગે છે. શ્રીહરિની તમામ બાબતો અતિ અલૌકિક અને સારરૂપ જ હોય છે. ૩૯.** શ્રીહરિના સંબંધવાળી તમામ બાબતો પણ અતિ સારરૂપ અને અલૌકિક હોય છે. જો તેમાં અલૌકિક મતિ જ રહે તો તે સંસારનો પાર કરાવનારી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિ ભક્તોના આગ્રહથી એક દિવસ સુતરેજ ગામ આવ્યા" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર પચીશમું : તરંગ - ૧૪

શ્રીહરિ સુતરેજના ભક્તોને રાજી કરીને પાછા પંચાળા આવવા નીકળ્યા

રામપ્રતાપજીભાઈએ જ્યારે શ્રીહરિને માટે રસોઈ તૈયાર કરી ત્યારે મુકુંદાનંદ વર્ણી શ્રીહરિની પાસે આવ્યા. ૧. પછી તેમણે કહ્યું કે, "મહારાજ ! થાળ જમવા માટે ચાલો, રસોઈ તૈયાર થઈ ગઈ છે. હવે કાંઈ વિલંબ નથી." ૨. પછી શ્રીહરિ ઊઠીને જ્યાં રસોઈ થઈ હતી ત્યાં આવ્યા. હાથમાં રૂમાલ લીધો હતો અને ચરણમાં ચાખડીઓ પહેરી હતી. ૩. ત્યાં પાણી ગરમ કરી રાખ્યું હતું, તેનાથી વર્ણીએ શ્રીહરિને સ્નાન કરાવ્યું. રૂમાલથી શરીર લૂછ્યું અને એક સારું પીતાંબર પહેરી લીધું. ૪. બીજું પીતાંબર ધર્મકુમાર શ્રીહરિએ ઓઢ્યું અને ધોયેલી ચાખડીઓ ચરણમાં પહેરી. ૫.

પછી કાષ્ઠના બાજોઠ ઉપર આવીને હરખભર બેઠા અને બીજા બાજોઠ ઉપર થાળ લાવીને મૂક્યો. ૬. જેટલાં ભોજન અને વ્યંજન કર્યાં હતાં તે બધાં જ લાવીને થાળમાં પીરસ્યાં. દૂધપાક, પૂરી, ભજિયાં અને સુંદર વડાં દહીંમાં મૂક્યાં. ૭. રીંગણાને ઘીમાં તળીને ઘણા ભાવથી શાક કર્યું હતું. જેટલાં ભોજન કર્યાં હતાં તે બધાં શ્રીહરિ રુચિ લાવીને જમ્યા. ૮. મોટા ભાઈનો ઘણો ભાવ જોઈને શ્રીહરિ તે રસોઈને વારંવાર વખાણવા લાગ્યા. હરિભક્તને જે અપાર ભાવ હોય છે તેને સર્વજ્ઞ શ્રીહરિ જાણે છે. ૯. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામી; એ બધા સંતોને રામપ્રતાપજીભાઈએ બોલાવીને ત્યાં જમાડ્યા અને પછી પોતે જમ્યા. તેમને સંતોના ઉપર ઘણો ભાવ હતો. ૧૦-૧૧. રામપ્રતાપજીભાઈ જે દિવસથી શ્રીહરિની સમીપે આવીને રહ્યા હતા, તે દિવસથી શ્રીહરિને માટે રોજ રોજ ઘણા ભાવથી રસોઈ બનાવતા હતા. ૧૨.

✵ ભગવાન ભાવના ભૂખ્યા છે :

दोहा : भाव जोई हरि जेंवत हि, भाव हि जितना जेह;
श्रीहरि रखत हि प्रीत तेही, जेती बात में तेह...१३

भाव के रहे भाविक हरि, भाव बिन कबु नाहि;
जेसा जिनकु भाव यह, तेसा रखत रहाहि...१४

सोरठा : उपरी अंतर के भाव, श्रीहरि जानत हि रहेउ;
रहत न कबहु छिपाव, अंतरजामी तेही कर हि...१५

कहत हि वेद पुरान, गुणग्राहक रहेउ हरि;
दोष जितना रहान, ताके करत त्याग यह...१६

અને શ્રીહરિ તેમનો ભાવ જોઈને તે ભાવ પ્રમાણે જમતા હતા. જે બાબતમાં જેટલો ભાવ હોય તે પ્રમાણે શ્રીહરિ તેમાં પ્રેમ રાખતા હતા. ૧૩. શ્રીહરિ તો ભાવનાના ચાહક છે. તેઓ ક્યારેય ભાવ રહિત નથી હોતા, સદા ભાવથી સભર જ હોય છે. જેને જેવો ભાવ હોય તેમાં શ્રીહરિ પણ તેવો ભાવ રાખે છે. ૧૪. શ્રીહરિ પોતે અંતર્યામી હોવાથી ઉપરનો ભાવ અને અંદરનો ભાવ, બંનેને જાણે છે. તેમનાથી ક્યારેય કાંઈ છૂપું રહેતું નથી. ૧૫. વેદ અને પુરાણો એવું કહે છે કે ભગવાન તો ગુણગ્રાહક છે, તેથી ભક્તમાં જેટલા દોષ હોય તેનો ત્યાગ કરે છે. ૧૬.

❋ રામપ્રતાપભાઈની સંતો પ્રત્યેની ભાવના :

શ્રીહરિના ભાઈઓ જેવા આ બ્રહ્માંડમાં બીજા કોઈ હતા નહીં. રામપ્રતાપભાઈ ભગવાનપરાયણ સંતોને અલૌકિક દેખતા હતા. ૧૭. તેણે કરીને તેમાં અપાર અલૌકિક ભાવ માનતા હતા. તેઓ જાતે રસોઈ કરતા હતા. કોઈ વિપ્રનું પણ રાંધેલું જમતા નહીં. ૧૮. **જ્યારે પોતે જમતા ત્યારે એક, બે કે ત્રણ સંતોને જમાડ્યા વિના જમતા નહીં. તેમણે જીવ્યા ત્યાં સુધી આ ટેક રાખી હતી.** ૧૯. કોઈ અતિથિ આવીને કાંઈક માગે તો તેના ઉપર ક્યારેય દ્વેષ કરતા નહીં. જે અતિથિ ઉપર જેટલો દ્વેષ કરે છે તેનું તેટલું પુણ્ય તે અતિથિને મળે છે અને તે અતિથિનું જે પાપ હોય તે દ્વેષ કરનારાને લાગે છે; તેમ ઠેકઠેકાણે ગ્રંથોમાં લખ્યું છે. તે વાતને સાંભળ્યા પછી પણ જે આ વાતનું ગ્રહણ નથી કરતા તેને એનું પાપ લાગે છે. ૨૦-૨૨. રામપ્રતાપજીભાઈ આવી બધી બાબતને જાણતા હતા. તેથી તેઓ

સંતોને જમાડતા રહેતા અને કોઈ અતિથિ આવે તેને પણ ઘણા પ્રેમ અને વિનયે સહિત આપતા હતા. ૨૩.

અતિથિની સેવા કરવાની વાતને શ્રીહરિ પોતે માનતા હતા, પણ જે નાસ્તિકો હોય છે તે આવી સાચી વાતને પણ માનતા નથી. ૨૪. તેથી નાસ્તિકભાવને લીધે તેઓ વારંવાર સંસારમાં ભટકતા રહે છે. જ્યારે તેઓ આસ્તિક થાય છે ત્યારે તેઓ સંસારના પારને પામે છે. ૨૫. જે આસ્તિક મનુષ્ય હોય છે તેને કોઈક દિવસ તો સત્સંગ થાય છે. જ્યાં સુધી જીવને સત્સંગ થતો નથી અને નાસ્તિક રહે છે ત્યાં સુધી તેને ભવભટકણ ચાલુ રહે છે; આવું શુક, સનકાદિક અને વ્યાસમુનિ જેવા મોટા મોટા મુનિઓ કહે છે. ૨૬-૨૭. રામપ્રતાપજીભાઈ આ બધી વાતને ચોક્કસ રૂપમાં જાણતા હતા, તેથી તે રીતે તેઓ શ્રીહરિને પ્રસન્ન કરતા હતા. પછી મુક્તાનંદ સ્વામી આદિક સંતોને જમાડીને મોટા ભાઈ જમ્યા.

શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે બીજા સંતોની પણ પંગત કરાવી. ૨૮-૨૯. સંતોને માટે લાડુની રસોઈ કરાવી હતી. શ્રીહરિને સંતો ઉપર બહુ ભાવ હતો, તેથી સંતોને લાડુ પીરસવા માટે આવ્યા. ૩૦. જ્યાં સુધી સંતો જમતા રહ્યા, ત્યાં સુધી શ્રીહરિ સુંદર લાડુઓને પીરસતાં પંગતમાં ફરતા રહ્યા. સંતોની જેટલી રુચિ હોય તે પ્રમાણે શ્રીહરિ આપતા હતા. ૩૧. જ્યારે સંતો લાડુ જમી રહ્યા ત્યારે ભાત પીરસ્યો. પછી સાકર નાખેલું દૂધ શ્રીહરિએ પીરસ્યું. ૩૨. જે સંતોએ દહીં લીધું તેને શ્રીહરિએ દહીં પીરસ્યું. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ કર-ચરણ ધોયાં. પછી પરમકૃપાળુ શ્રીહરિ પલંગ ઉપર આવીને બેઠા અને પોતાની આગળ બધા સંતોની સભા થઈ.

પછી તે સુતરેજ ગામના હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. જેવો ભાવ હતો તેવી તેમણે પૂજા કરી. શ્રીહરિની જ્યારે પૂજા કરી રહ્યા, ત્યારે તે હરિભક્તોએ રામપ્રતાપજીભાઈની પૂજા કરી અને પછી સંતોની તથા વર્ણીની પૂજા કરીને પોતાના મોક્ષનું કાર્ય સુધારી લીધું. ૩૩-૩૬. પછી શ્રીહરિ સુતરેજ ગામથી અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. બધા

સંતો પણ પંચાળાના માર્ગે ચાલી રહ્યા હતા. રસ્તામાં શ્રીહરિની સાથે બધી સવારી હતી. બુંદેલખંડના જેટલા હરિભક્તો આવ્યા હતા તેમાં ધૂવાબરાઈના કાશીરામભાઈ જમાદાર હતા. તે ગુર્જર હતા. બીજા કેટલાક જાટ અને આહિર હતા. ૩૭-૩૯. તેમાં કેટલાકે તીર અને ભાથાએ સહિત કમાનો રાખી હતી. તે બધા આગળ ચાલતા હતા, તેમને શ્રીહરિએ જોયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિ સુતરેજના ભક્તોને રાજી કરીને પાછા પંચાળા આવવા નીકળ્યા" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર પચીશમું : તરંગ - ૧૫

બુંદેલખંડ અને ગ્વાલિયરના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી

બુંદેલખંડના હરિભક્તોને તીર-કમાનવાળા જોઈને શ્રીહરિ ઘણા હેતથી તેમના પ્રત્યે બોલ્યા કે, "બુંદેલખંડના લોકો તો ઘણા બાંકડા(સાહસિક) હોય છે. તેમનો પહેરવેશ અને બોલી પણ તેવા જ હોય છે." ૧-૨. ભરતપુરના જે રાજા હતા તે જ બુંદેલખંડ પ્રદેશના રાજા હતા. અંગ્રેજોએ પહેલા ત્યાંથી જીતવાનો આરંભ કર્યો હતો. અંગ્રેજના દિલમાં ભગવાન નરનારાયણે જે રીતે પ્રજાની રક્ષા થાય તે રીતે પોતાની ભરપૂર શક્તિ પ્રેરી હતી. ૩-૪. બુંદેલખંડના હરિભક્તોને તે વખતે શ્રીહરિએ કહ્યું કે, "તમે જેટલાએ તીર-કમાન બાંધ્યા છે, તેમાં કેટલા શૂરવીર છો ? ૫. તમને તીર ચલાવતા કેવું આવડે છે ? તમે તીર ચલાવો, અમે તેને દેખીએ. પછી જેમાં જેવું જોર હતું તે પ્રમાણે તે તીરને કમાન ઉપર ચઢાવી ફેંકવા લાગ્યા. ૬. તેમની કમાન તો બરાબર હતી પણ તીર ફેંકતા બરાબર આવડતું ન હતું, તેમ છતાં તેમને શ્રીહરિને રાજી કરવાનો મનમાં ભાવ હતો. પછી શ્રીહરિએ કહ્યું કે, "જે કોઈ પણ બાબત હોય તે અભ્યાસ કર્યા સિવાય ક્યારેય આવડતી નથી. ગમે તેવો બુદ્ધિમાન હોય, તોપણ અભ્યાસ કર્યા સિવાય તેને પણ કાંઈ ન આવડે. ૭-૮.

❋ શ્રીહરિને રાજી કરતા શીખાય તો સાધનમાત્ર પૂરાં થાય :

જે જે કાંઈ બાબત હોય તેને શીખવા માટે સૌથી મુખ્ય ઈશક હોવો જોઈએ. તે ઈશક ઈશકમાં પણ અપાર ભેદ હોય છે. ૯.

चोपाई :

एक इशक कहाये एसा, भगवान प्रसन्न होवे तेसा;
भगवान प्रसन्न होवत तामें, ब्रह्मांड अनंत जोउ वामें...१०
प्रसन्न तेही होत रहाते, सर्वोपरि यह इशक कहाते;
ता विन इशक रहाये जेता, भव भटकन रहाये तेता...११
भव भटकन इशक जितना, विवेकी त्याग करत हि तितना;
ताके नाम विवेक कहावे, ता विन अविवेक रहावे...१२

તે સર્વ ઈશકમાં એક ઈશક એવો છે કે જેનાથી ભગવાન રાજી થાય. જેના ઉપર ભગવાન રાજી થાય તેના ઉપર અનંત બ્રહ્માંડ પ્રસન્ન થતાં રહે છે, માટે એ ઈશક સર્વોપરિ કહેવાય છે. તે સિવાયના બીજા જેટલા ઈશક છે તે બધા તો સંસારમાં ભટકાવનારા છે. ૧૦-૧૧. સંસારમાં ભટકાવનારા જેટલા ઈશક છે તે સર્વનો વિવેકી માણસ ત્યાગ કરી દે છે. તેવા ઈશકનો ત્યાગ કરવો તેનું જ નામ વિવેક કહેવાય છે. તે સિવાયના તો કહેવાતાં વિવેક પણ બધા અવિવેક જ છે. ૧૨. જે વિવેકી જીવો હોય છે તે અવિવેકનો ત્યાગ કરે છે અને તેણે કરીને તે મનુષ્ય બહુ ભાગ્યશાળી કહેવાય છે. ૧૩. આવા વિવેકને કારણે જ પ્રહ્લાદ, પ્રિયવ્રત રાજા, ધ્રુવ, ચિત્રકેતુ, ભરતજી, અંબરીષ અને વિભીષણ; એ આદિક કેટલાય રાજા પણ ભગવાનના ભક્ત થયા હતા." ૧૪.

શ્રીહરિ આવી વાતો કહેતા હતા, ત્યાં **પંચાળા** ગામ આવી ગયું. તે પછી બીજે દિવસ શ્રીહરિ ચોતરા પાસે આવ્યા. ૧૫. પછી તે ચોતરા ઉપર જે પલંગ બિછાવ્યો હતો, ત્યાં આવીને શ્રીહરિ બેઠા. ત્યારે સંતો તથા હરિભક્તોની સભા થઈ. ૧૬. પછી બુંદેલખંડના હરિભક્ત કાશીરામ જમાદાર ઘણા હરખથી શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૧૭. મોટા સોનાના થાળમાં બધો પૂજાપો રાખ્યો હતો. તેને શ્રીહરિના ઉપર ઘણો

ભક્તિભાવ હતો, તેથી ઘણા પ્યારથી શ્રીહરિની પૂજા કરી. ૧૮. તેઓ સારું નવું પીતાંબર લાવ્યા હતા. તે પહેલા શ્રીહરિને પહેરાવ્યું.

પછી શ્રીહરિ તકિયા ઉપર બેઠા ત્યારે શ્રીહરિનું મુખારવિંદ દક્ષિણ દિશા તરફ હતું. ૧૯. તેણે શ્રીહરિને નખથી શિખા પર્યંત કેસરયુક્ત ચંદન ચરચ્યું. તેની સાથે બીજા જે હરિભક્તો આવ્યા હતા, તે બધાએ પણ શ્રીહરિની પૂજા કરી. ૨૦. લલાટ અને ભુજા ઉપર કુંકુમના સુંદર ચાંદલા કર્યા. કેસરયુક્ત ચંદન અને કુંકુમથી જ્યારે પૂજા કરી રહ્યા, પછી કસુંબલ રંગની જે પાઘ હતી તે શ્રીહરિના મસ્તક ઉપર ધરાવી. બુંદેલખંડની જેવી રીત હતી તે પ્રમાણે તે પાઘ વાંકી બાંધી હતી. ૨૧-૨૨. સોનાના અને સ્ફટિકમણિના મોટા મોટા પારાની બે સેરનો ગળચવો લઈને શ્રીહરિના કંઠમાં પહેરાવ્યો. ૨૩. તે વખતે ઘણું કિંમતી એક કસુંબલ શેલું ઓઢાડ્યું. પછી વિવિધ ભાતવાળી એક સોનેરી કમાન શ્રીહરિના હાથમાં આપી. અને સોનાના તારવાળો મખમલનો સુંદર ભાથો શ્રીહરિને આપ્યો. ૨૪-૨૫.

પછી જેટલા હરિભક્તો હતા તેણે વિવિધ પ્રકારના મેવાથી ભરેલા થાળ લાવીને શ્રીહરિની આગળ ધર્યા. ૨૬. ત્યાર બાદ સહુએ કપૂરથી શ્રીહરિની આરતી ઉતારી અને સહુ જયજયકાર કરવા લાગ્યા. ૨૭. તે પછી સહુએ અતિ ભાવથી શ્રીહરિની સ્તુતિ કરી. તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. ૨૮. તે પછી જેટલા સંતો અને વર્ણી હતા તે બધાની પણ પૂજા કરી. ત્યાર બાદ ગ્વાલિયર દેશના જે હરિભક્તો આવ્યા હતા, ૨૯. તેમણે જેનો જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. જેને જેવો ભાવ અને સંપત્તિ હોય તે પ્રમાણે તે સહુ શ્રીહરિની પૂજા કરતા હતા. ૩૦.

પછી આરતી કરી અને ઘણા ભાવથી શ્રીહરિની સ્તુતિ કરી. આ ગ્વાલિયર દેશના હરિભક્તો ચાર-પાંચ વખત શ્રીહરિનાં દર્શન કરવા માટે ભાવે સહિત આવ્યા હતા. શ્રીહરિ તેમના ભાવને દેખીને તેમના ઉપર પ્રસન્ન થયા હતા. ૩૧-૩૨. તેમજ બુંદેલખંડના જે બાઈ-ભાઈ હરિભક્તો હતાં તે પણ બે-ત્રણ વખત ઘણા ભક્તિભાવથી શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવતાં

રહેતાં. તેમને એટલો બધો ભાવ હતો જે કહી શકાતો નથી. જે કોઈ પણ બાબત હોય તે ભાવ વગર થઈ શકતી નથી. ૩૩-૩૪.

✵ જો શુદ્ધ ભાવ હોય તો શ્રીહરિ સાથે રહે :

चोपाई :

चाय तितना कठिन रहाता, भाव करीके सुगम देखाता;
भाव बिन रती सम जोउ जाही, मेरु सम कठिन करना ताही...३५

मोक्ष होवनके करीके भावा, कठिन बात सुगम देखावा;
कठिन बात सुगम देखावे, भाव में एसी बात रहावे...३६

दोहा : जो जो बात भाव बिन हि, सिद्ध न होत रहात;
मोक्ष के भाव भाव रहे, ओर हि भव भटकात...३७

ગમે તેટલું કઠણ કામ હોય, તોપણ ભાવને લીધે તે સુગમ દેખાય છે. ભાવ વગર તો રતી જેટલું નાનું કામ કરવું પણ મેરુ સમાન કઠણ લાગે છે. ૩૫. જેને પોતાના જીવનો મોક્ષ કરવાનો ભાવ હોય તેને કઠણ વાત પણ સુગમ દેખાય છે. ભાવમાં એવું મહત્ત્વ રહ્યું છે કે જેને લીધે કઠણ વાત પણ સુગમ દેખાય છે. ૩૬. હરકોઈ બાબત ભાવ વગર સિદ્ધ થતી નથી. પરંતુ તેમાં **મોક્ષનો જે ભાવ છે તે જ ખરો ભાવ છે. તે વિના બીજા ભાવ તો સંસારમાં ભટકાવે છે.** ૩૭. આ મનુષ્યનો દેહ વારંવાર મળતો નથી અને મનુષ્યદેહ મળ્યા વિના લખચોરાશી મટતી નથી. ૩૮. **જ્યાં સુધી પોતાને માથે લખચોરાશી મટતી નથી ત્યાં સુધી બ્રહ્માંડનો અધિકાર મળે તોપણ શું ? પરંતુ જીવ મૂર્ખાઈએ કરીને અલ્પ વિષયસુખ માટે મોક્ષરૂપી ચિંતામણિને ખોઈ નાખે છે.** ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "બુંદેલખંડ અને ગ્વાલિયરના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર પચીશમું : તરંગ - ૧૬

શ્રીહરિએ પંચાળામાં તીર-કમાન ચઢાવવાની લીલા કરી

શ્રીહરિનાં ચરિત્રોની વાત જેમ બની તેમ મુક્તાનંદ સ્વામી વળી દરબાર દાદા ખાચર તથા બીજા હરિભક્તોની આગળ સાક્ષાત્ કહેવા લાગ્યા. ૧. બુંદેલખંડના હરિભક્તોએ જ્યારે શ્રીહરિની અતિશય ભાવ સહિત પૂજા કરી ત્યારે શ્રીહરિની મૂર્તિ અતિશય સુંદર નટવર બની હતી. શ્રીકૃષ્ણે કંસને માર્યો ત્યારે જેવી શોભા બની હતી તેવી શ્રીહરિની શોભા બની હતી. ૨-૩. તે વખતે બધાં જ બ્રહ્માંડોની જેટલી કાંઈ શ્રેષ્ઠ શ્રેષ્ઠ શોભા હતી તે બધી શ્રીહરિની મૂર્તિમાં પ્રગટ થઈ હતી. ૪. **સર્વે બ્રહ્માંડોના દેવતાઓ, રાજાઓ, મનુષ્યો, પશુ, પક્ષી, વૃક્ષ, પર્વત, સાગર, સરોવર; એ બધાં જ શ્રીહરિની સુંદર બનેલી તે મૂર્તિમાં લીન થયેલાં દેખાતાં હતાં. શ્રીહરિની મૂર્તિ એવી રમણીય બની હતી કે તેને જોનારા સર્વે ચિત્રમાં દોર્યા હોય, તેવા સ્થિર થઈ જતા દેખાતા અને સહુને એક મૂર્તિનું જ ધ્યાન રહેતું હતું.** ૫-૬. **તે કોઈને પોતપોતાની સ્મૃતિ રહી ન હતી. તેમને મૂર્તિથી અધિક બીજું કાંઈ દેખાતું ન હતું.**

તે સમયે શ્રીહરિની મૂર્તિ જેવી બની હતી તેવી શ્રીહરિને દેખાડવાને માટે આધારાનંદ સ્વામી તત્કાળ ઊઠ્યા અને એક દર્પણ લાવીને શ્રીહરિના હાથમાં આપ્યું. શ્રીહરિએ આધારાનંદ સ્વામીને સેવા કરવા માટે પાસે રાખ્યા હતા. ૭-૮. પોતાની મૂર્તિ જેવી સુશોભિત બની હતી તેવી શ્રીહરિએ દર્પણમાં દેખી. દર્પણમાં મૂર્તિને દેખીને શ્રીહરિ મરક મરક હસવા લાગ્યા. પછી મુખ દેખીને તે દર્પણ આધારાનંદ સ્વામીને પાછું આપ્યું. ૯. પછી હરિભક્તોએ જે કમાન આપી હતી તેને પોતાના હાથમાં પકડી અને ડાબા હાથથી તેની પણછ જેટલું બળ હતું તેટલું લગાડીને ખેંચવા લાગ્યા. ૧૦. હરિભક્તોનાં મનને રાજી કરવાનો ભાવ શ્રીહરિને એવો વિસ્તરતો રહેતો કે, જે તે પ્રકારે કરીને જીવ પોતાની મૂર્તિમાં ચોંટે. ૧૧. જેમાં કાંઈ સાર નથી હોતો એવું ભગવાન સિવાયનું અન્ય જે કાંઈ છે, તેમાં તો જન્મ, મૃત્યુ, જમપુરી અને લખચોરાશી રહ્યાં છે.

✵ જે ભગવાનને શરણે જાય તે મહાન થાય :

છતાં આ બ્રહ્માંડમાં જેટલા દેવ અને મનુષ્યો છે તે જાગ્રત કે સ્વપ્નમાં તેના જ સંકલ્પ કરે છે. જ્યાં સુધી ભગવાનનો યોગ નથી થતો, ત્યાં સુધી જીવ વારંવાર સંસારમાં ભટકતો રહે છે. ૧૨-૧૪. કોઈ મનુષ્ય ચાહે તેવો ચતુર હોય અને વેદ-પુરાણ આદિ શાસ્ત્રોમાં પારંગત હોય; તેમજ જેટલી ભૂમિ છે તેટલાનું દાન કરતો હોય, પણ તેનો ભગવાનનાં શરણ સિવાય ક્યારેય સંસારથી ઉદ્ધાર થતો નથી. ૧૫-૧૬.

चोपाई :

वेद पुराण के रहस्य हि इतना, भगवान के शरण होना तितना;
जो जो साधन रहाये ताके, रहस्य इतना रहाये वाके...१७
रहस्य यह बात जो तिनके, समझत नहीं तिहाँ लग इनके;
भव भटकत नहि आवत पारा, चतुर रहे मन करहि अपारा...१८

વેદો અને પુરાણોનું એટલું જ રહસ્ય છે કે જીવે ભગવાનને શરણે થવું. બીજાં પણ જે જે સાધનો છે તેનું પણ 'પ્રભુનાં શરણે જવું' એટલું જ રહસ્ય છે. ૧૭. આ રહસ્યમય વાતને મનુષ્ય જ્યાં સુધી સમજતો નથી, ત્યાં સુધી તે મનથી અપાર ચતુર હોય તોપણ તેના ભવભટકણનો પાર આવતો નથી. ૧૮.

શ્રીહરિએ જ્યારે કમાન ખેંચી ત્યારે બોલ્યા કે, "આ કમાન તો બહુ જ કરડી-કડક છે." તે સમયે સહુની વચ્ચે રામપ્રતાપજીભાઈ શ્રીહરિ પ્રત્યે બોલ્યા કે, "તમારામાં બળ નથી તેથી તમને આ કમાન કરડી લાગે છે." ત્યારે શ્રીહરિએ તરત જ તે કમાન ખેંચવા માટે રામપ્રતાપજીભાઈના હાથમાં આપી દીધી. ૧૯-૨૦. પછી રામપ્રતાપજીભાઈએ પોતામાં જેટલું બળ હતું તે બધું વાપરીને તે કમાનને ખૂબ ખેંચી. ત્યારે તેમના મોઢા ઉપર પરસેવો આવી ગયો. પછી પણ તેઓ વારંવાર ખેંચતા રહ્યા, છતાં શ્રીહરિએ જેટલી કમાન ખેંચી હતી તેટલી પણ તે ખેંચી ન શક્યા. છેવટે જેટલું બળ હતું તે કરી-કરીને થાકી ગયા. પછી શ્રીહરિએ કહ્યું, "હવે તમારે પોતાના બળનું અભિમાન રાખવું નહિ, તમે હવે ઘરડા થઈ ગયા છો. ૨૧-૨૨.

તેમાં પણ હવે તો દિવસે દિવસે આ શરીરનું બળ ઘટતું જાશે. **જે ઘરડા થયા હોય તે જે જે વાતનું જેટલું માન રાખે તેટલા તે દુઃખી થાય છે.** ચાહે તેવો ઉમરાવ હોય, તોપણ તેને નિર્માનીપણામાં જેવું સુખ રહે છે તેવું માનમાં રહેતું નથી. ૨૩-૨૪.

❋ જે ગુણ પરલોકમાં સહાય કરે તે ગુણ જ શ્રેષ્ઠ છે :

दोहा : एक एक से श्रेष्ठ अति, होवन हे मन जेहु;
श्रेष्ठ गुन ग्रहे बिन हि, दुःख पावत हे तेहु...२५
दुःख न होवे आपकु, एसे गुण जो जेउ;
श्रेष्ठ में रहे श्रेष्ठ यह, यह लोक महीं तेउ...२६

सोरठा : परलोक महीं जेह, सहाय करे आयकर हि;
श्रेष्ठ गुण रहे तेह, ग्रहण करना मुख्य तेही...२७

જીવને એકબીજાથી અતિ શ્રેષ્ઠ થાવાનું મન થાય છે, પણ શ્રેષ્ઠ ગુણોને કેળવ્યા વિના મોટો થવા ઈચ્છે છે તે છેવટે દુઃખ પામે છે. ૨૫. આ લોકમાં જે ગુણને કારણે પોતાને દુઃખ પ્રાપ્ત ન થાય, એવો જે ગુણ તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગુણ છે. ૨૬. જે ગુણ પરલોકમાં પણ સાથે આવીને સહાય કરે, તે ગુણ સર્વ શ્રેષ્ઠ છે. એવા કલ્યાણકારી ગુણને મુખ્યપણે ગ્રહણ કરવા. ૨૭. જીવનમાં આવતી સુખ-દુઃખરૂપ બાબતનું બીજ-કારણ અલગ અલગ હોય છે. જેને બુદ્ધિ હોય તેને તે પ્રત્યક્ષ દેખાઈ આવે છે. ૨૮.

चोपाई :

बुद्धि रहाये अनंत प्रकारा, कहत ताके न आवत पारा;
मोक्ष के खप रुप बुद्धि जेहा, तिनसे श्रेष्ठ न कोउ तेहा...२९
श्रेष्ठ बुद्धि कहावत हि जितना, सत्संग तामें वरतत तितना;
सत्संग की रित्य जिमि रहेऊ, सत्संग करत रहे तिमि तेऊ...३०
ताके नाम रहे सत्संगा, रित्य बिन जेता रहे कुसंगा;
रित्य बिन बात रहेउ जेता, अनीति तामें खपत हे तेता...३१

બુદ્ધિ પણ અનંત પ્રકારની છે, તેનો કહેતા અંત આવતો નથી. પરંતુ મોક્ષના ખપરૂપી જે બુદ્ધિ છે તેનાથી શ્રેષ્ઠ કોઈ બુદ્ધિ નથી. ૨૯. જેટલી શ્રેષ્ઠ બુદ્ધિ કહેવાય છે તે સત્સંગમાં રહી છે. સત્સંગની જેવી રીત છે તે પ્રમાણે

સત્સંગ કરવો તેનું જ નામ સત્સંગ છે. પરંતુ રીત વિનાનો જેટલો સત્સંગ છે તે તો કુસંગ છે. રીત વગરની જેટલી બાબતો છે તે તો અનીતિમાં જ ખપે છે. ૩૦-૩૧. જે લોકો અનીતિમાં ચાલે છે તે બધા અનીતિને પણ નીતિના રૂપમાં દેખતા રહે છે. કાકડીની બધી જાતિ જોવામાં એકસરખી હોય છે. ૩૨. કિંમતમાં અને માપમાં પણ સમાન દેખાતી હોય પણ તે કડવી છે કે મીઠી છે તે ઉપરથી દેખાતી નથી. જ્યારે ખાવાનું કામ પડે છે ત્યારે તેની કડવાશ કે મીઠાશ જણાય છે. ૩૩. પછી કડવી કાકડીમાં તો જેવા તેમાં ગુણ હોય તેવો તેમાં પ્રેમ થાય છે, તે રીતે જેમાં જેવા ગુણ હોય તેવો તેમાં પ્રેમ થાય છે. ૩૪.

પ્રેમનું કારણ ગુણ છે. કેમ જે, જેવા ગુણ હોય તેવો પ્રેમ ઊપજે છે. ગુણે કરીને જેવો અર્થ સરે છે-હેતુ સિદ્ધ થાય છે તેવો તો મોટા અધિકારનો લેખપત્ર-મોરછાપ મળી જવાથી પણ સિદ્ધ થતો નથી. ૩૫. પુના અને લખનૌ જેવું કોઈ રાજ્ય કહેવાય નહીં. ઉદેપુર અને જોધપુરનું પણ રાજ્ય તેવું નથી. તો પછી બીજા રાજ્યની શું ગણતરી ? બીજા બધા તો તેની આગળ ઘાસફૂસ જેવા છે. ૩૬. માટે તે મોટા મોટા રાજાઓના લેખપત્રના જેવી કિંમત બીજાઓના લેખપત્રની ન થાય. પરંતુ ગુણની સમાન તો બીજા કોઈ જ લેખપત્ર થાય નહીં. કેમ જે, ગુણ અને વિનય વિના તેમને પુના અને લખનૌનું રાજ્ય પણ કાંઈ જ ઉપયોગી થયું નહીં. ૩૭. અંગ્રેજ લોકો વિલાયતથી આવીને વિનય અને બુદ્ધિરૂપી ગુણે કરીને રાજાના પણ રાજા થઈ ગયા છે. ૩૮. બુદ્ધિ અને વિનયરૂપ ગુણે કરીને તે ગુરુના પણ ગુરુ થઈ ગયા છે. ચાહે તેટલું ભણ્યા હોય તોપણ તે અંગ્રેજને આધીન રહે છે. ૩૯. અંગ્રેજે પોતે નિર્માની થઈને બીજા બધાને નિર્માની કરી દીધા છે. અને જેટલા ઉદ્ધત હતા તે બધાને પોતાની બુદ્ધિથી નમાવી દીધા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિએ પંચાળામાં તીર કમાન ચઢાવવાની લીલા કરી" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર પચીશમું : તરંગ - ૧૭

પ્રજારક્ષણનું મહત્ત્વ તથા શ્રીહરિની વાતોનો મહિમા

વળી, શ્રીહરિએ પોતાના આશ્રિતોના પ્રત્યે પ્રત્યક્ષ મોક્ષરૂપ જેવી વાત કરી હતી તે બધી વાત મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરને કહી. ૧.

✼ જે બીજાને તુચ્છ માને છે તે પોતે તુચ્છ છે :

અનંત પ્રકારની વાતો કહીને શ્રીહરિને એક મોક્ષ ઉપર જ તાન રહેતું હતું. શ્રીહરિના તે મોક્ષના તાનને જાણ્યા વિના અમુક અજ્ઞાની લોકો તે વાતોને તુચ્છ માનતા હતા. ૨. **જે મનુષ્યની બુદ્ધિ તુચ્છ હોય તે શ્રીહરિની વાતને તુચ્છ માને છે અને પોતાને અતિ શ્રેષ્ઠ માને છે.** ૩. જેટલી જેમાં તુચ્છ મતિ હોય તે તેનાં વર્તનમાં દેખાઈ આવે છે. માટે જેવી બુદ્ધિ હોય તે છુપાવી છુપી રહેતી નથી. ૪. રાજા થઈને પ્રજાની સંભાળ ન રાખે અને પ્રજા પાસેથી વધારે ને વધારે કર લેવા પ્રજાને પીડતા રહે, તોપણ તે દેશના વતનદાર(રહેવાસી) લોકો તે પોતાના વતનને છોડી શકતા નથી અને દેહ પડે ત્યાં સુધી વતનને નહિ છોડીને દુઃખ પામતા રહે છે. ૫-૬. રાજા થઈને જેને વતન છોડાવવાનું તાન રહેતું હોય, એવા પ્રજાપીડક રાજાઓ ખરેખર રાજા ન કહેવાય, તેની તો ઘણી અપકીર્તિ થાય છે. ૭.

પોતાને આશ્રયે રહેલી પ્રજાને જે રાજા પીડે છે, તે સાચો રાજા ન કહેવાય. જે પ્રજાનો રક્ષક હોય તે જ સાચો રાજા કહેવાય છે. ૮. જે રાજા પોતાની પ્રજાની દિવસે દિવસે વધારે ને વધારે સંભાળ રાખે છે, તેની કીર્તિ દિવસે દિવસે ચૌદેય લોકમાં ખૂબ જ વધતી રહે છે. ૯. આવા રાજાની પ્રજા રાત-દિવસ તેની કીર્તિ ગાતી રહે છે. જે પોતાની સુકીર્તિ વધારે છે તે જ રાજા કહેવાય અને તે તો દેવતાઓ કરતાં પણ શ્રેષ્ઠ દેખાય છે. ૧૦. **પ્રજાને સુખી રાખવી, એટલું જ રાજાનું રાજાપણું છે.** પ્રજાને દુઃખ દેનારાઓના અધિકારને ખૂંચવી લે એવા રાજાને ભૂમિ ઉપરની બધી લક્ષ્મી આવીને વરે છે. તે રાજા ન ચાહે, તોપણ જોરાવરીએ લક્ષ્મી આવીને વરે છે. ૧૧-૧૨.

જે બળજબરીથી કર નિમિત્તે ધન લે છે અને પ્રજાને અતિશય દુઃખ આપે છે, આવા રાજાઓ મરીને ઘોર દુઃખને પામે છે. ૧૩. આ લોકમાં એટલા બધા રાજા થઈ ગયા છે કે તેનો પાકો સરવાળો થઈ શકતો નથી. જે તેનો નિર્ધાર કરે છે તેને તો કાંઈ બુદ્ધિ જ નથી. ૧૪. જે રાજા થઈને પ્રજાની જેટલી સંભાળ રાખે છે તેની યુગો યુગ સુધી ગવાય તેટલી કીર્તિ થાય છે. ૧૫. જે શુભ વાતોનું આચરણ કરે છે તેની શુભ કીર્તિ યુગ યુગ સુધી રહે છે. રાજા માટે તો જેટલી શુભ કીર્તિ છે તેટલી મુક્તિ છે. ૧૬.

પોતે રાજા થઈને પ્રજાને જે રીતે પીડે છે અને જેટલું અશુભ આચરણ કરે છે તેની તે રીતે તેટલી અપકીર્તિ થાય છે. ૧૭. યુગો યુગ સુધી તેની નિંદા લોકો કરતા રહે છે. અન્યાયી રાજાના શરીરનો નાશ થાય છે, પણ તેની અપકીર્તિનો નાશ થાતો નથી. ૧૮. જેને શુભ કીર્તિની ચાહના રહે છે તેવા રાજાઓ તો દેવ જેવા છે. પ્રજાની સંભાળ રાખવા માટે ભગવાને તેવા શુભ રાજા કર્યા હોય છે. ૧૯.

ભગવાનની જેવી મરજી હોય તે પ્રમાણે જે રાજા ચાલે તેનો ભગવાન ઉદ્ધાર કરે છે, તેમાં લગાર પણ ખોટું નથી. ૨૦. **ભગવાનની મરજીનો જેટલો લોપ કરે છે, તેને ભગવાન દેખતા રહે છે.** તે રાજા ચાહે તેટલો મોટો હોય, પણ તેની અસદ્‌ગતિ જ થાય છે. ૨૧. શ્રીહરિએ પોતાના આશ્રિતોની આગળ આવી વાત બહુ વાર કરી હતી. તે વાત મુક્તાનંદ સ્વામી દાદા ખાચરને કહે છે. ૨૨.

✵ ભગવાન સંબંધી વાતોનો મહિમા :

તે વાત હું(આધારાનંદ સ્વામી) સહુ હરિભક્તો પ્રત્યે કહું છું. શ્રીહરિની વાતો અલૌકિક કહેવાય છે. શ્રીહરિની સર્વે વાતો દુર્લભમાં પણ અતિશય દુર્લભ છે. ૨૩. શ્રીહરિની વાતો તો વેદ અને પુરાણોનું પણ જીવન છે. આ વાતો સહુનું ભૂષણ છે અને સર્વે સાધનનો રસ છે. ૨૪. જે મનુષ્ય આટલું સમજી જાય તેણે સર્વે સાધન કરી લીધાં છે અને જેટલી વિદ્યા કહેવાય છે તે બધી પણ તેણે ભણી લીધી છે. ૨૫.

दोहा : इनमें बुद्धि आये सब, हरि सम हि कोउ बात;
अधिक नहीं समझत रहत, सुने देखे हि आत...२६

सोरठा : समाधि तिनसे जेहु, अनंत कोटि अधिक हि यह;
रहत भये जो तेहु, समझ एसी जो दृढ कर...२७

सत्संगहु में जोउ, भगवान ताकी इच्छा कर;
अपार जन कू सोउ, समाधि तेहि होत रहेउ...२८

चोपाई :

भगवान सत्य संकल्प रहाते, सिद्धन के यह सिद्ध कहाते;
जोगी ताके जोगी रहावा, एहि सम सिद्ध कोउ न कहावा...२९

भगवान सम वा अधिक तिनसे, मानत रहे जेहिकु इनसे;
भगवान ताके तेहि चोरा, होत सुख न लहत कोउ ठोरा...३०

જે કાંઈ સાંભળવામાં કે દેખવામાં આવે છે તે કોઈ વસ્તુ કે વ્યક્તિ શ્રીહરિની સમાન કે અધિક નથી; આવું જે સમજે તેનામાં સર્વે બુદ્ધિ આવી ગઈ કહેવાય. ૨૬. ભગવાનના સ્વરૂપની જો આવી દૃઢપણે સમજણ હોય તો તે સમાધિ કરતાં પણ અનંત કોટિગણી શ્રેષ્ઠ છે. ૨૭. આ સત્સંગમાં ભગવાનની ઈચ્છાએ કરીને સમાધિ તો અનેક જીવોને થતી રહે છે. ૨૮. ભગવાન સત્યસંકલ્પ છે. સિદ્ધોના પણ સિદ્ધ છે તથા યોગીના પણ યોગી છે. એમના જેવા કોઈ સિદ્ધ કે યોગી કહેવાય નહીં. ૨૯. જે મનુષ્ય એવા ભગવાનથી સમાન કે અધિક બીજા કોઈને માને છે તો તે ભગવાનનો ચોર છે અને તે કોઈ જગ્યાએ સુખી થતો નથી. ૩૦. જે તુચ્છ માણસો છે તે તો ભગવાનની વાતે કરીને છકી જાય છે. પછી તે પોતાના મનમાં પોતાને સર્વોપરિ માને છે. ૩૧. ભગવાનની વાત સાંભળ્યા વિના ભગવાનનો જેવો પ્રતાપ છે તે યથાર્થરૂપમાં જણાતો નથી અને પ્રતાપને જાણ્યા સિવાય મહિમા દેખાતો નથી. ૩૨. **અને મહિમાને જાણ્યા વિના તો જીવ અજ્ઞાની અંધ સમાન રહે છે. વળી, હરેક વાત નિયમ વિના હિત કરતી નથી.** ૩૩.

જે માણસ નિયમમાં જેટલા વધારે કે ઓછા વર્તે છે તેટલું તેને અંતરમાં ક્યારેય સુખ રહેતું નથી. ૩૪. જેનાં વર્તનમાં કપટ હોય છે, તેનું કપટ જાહેર થયા વિના રહેતું નથી. જે કપટી હોય છે તેનું કલ્યાણ થતું નથી. કારણ કે, કપટ ભગવાનથી છાનું રહેતું નથી. ૩૫. **મનુષ્ય અંદર અને બહાર જેમ વર્તતો હોય તેવું તેનું કલ્યાણ થાય છે. ભગવાન, ભગવાનનાં ધામો, ભગવાનની વાતો, કથા-કીર્તન તથા ભગવાનના સંબંધને પામેલ જે કોઈ પણ હોય તેને સર્વોપરિ સમજવા.** જેમ ઉદ્ધવજી, બ્રહ્મા, ભવ, શુકદેવજી તથા સનકાદિકોએ ભગવાનના સંબંધનો મહિમા જાણ્યો હતો, તેમ તેમનો મહિમા સમજવો. ભગવાનનો અને ભગવાનના સંબંધનો નિષ્કપટભાવે જેટલો મહિમા સમજાય છે તેટલો તે સમજનારો મોટપ પામે છે. તે સદ્‌ગ્રંથોમાં પ્રહ્લાદ, પ્રિયવ્રત ઈત્યાદિકનાં વૃત્તાંતથી બતાવી દીધું છે. ૩૬-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પ્રજારક્ષણનું મહત્ત્વ તથા શ્રીહરિની વાતોનો મહિમા કહ્યો" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર પચીશમું : તરંગ - ૧૮

પંચાળા ઉત્સવમાં આવેલા ભક્તોનાં દિલની વાતો તથા બાટવાના નવાબ આવ્યા

ફાગણ સુદિ ચૌદશ સુધીમાં જે દેશમાં સત્સંગ હતો ત્યાંનાં બધાં બાઈ-ભાઈ હરિભક્તો પંચાળા આવી ગયાં. ૧. તે બધાં મંગળમય ધોળ રાગનાં કીર્તન ગાતાં હતાં. સહુને શ્રીહરિની મૂર્તિમાં અમાપ હેત હતું, તેથી તે સહુને મૂર્તિમાં જ ચિત્તની વૃત્તિ રહેતી હતી. ૨. **તે ભક્તોનાં મનની વૃત્તિ પોતાનું શરીર, ઘર કે પરિવારમાં રહેતી નહીં. તેઓ શ્રીહરિને જ સારમાં પણ શ્રેષ્ઠ સારરૂપ જાણતા હતા.** ૩. તેવાં સહુ ભક્તોએ પંચાળા આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. તેમને અંતરમાં શાંતિ થઈ ગઈ અને જેટલા કાંઈ સંતાપ હતા તે બધા ટળી ગયા. ૪.

⁕ પાકા હરિભક્તની સમજણ :

चोपाई :

सरवोपरि सुख जितना जेहा, हरि की मूर्ति में देखत तेहा;
हरि की मूर्ति बिन जेता तामें, सुख मनावत रहाये यामें...०५
सुख कु दुःख तेहि मानत रहाते, हरिजन नकी जितने कहाते;
तन गेह परिवार जो जितना, बंधन रूप मानत हि तितना...०६
साचे हरिजन की रीत रहे एसी, लोक कु देखावन रहे न लेसी;
लोक कु देखावन जितना जाही, श्रीहरि नहि मानत हे ताही...०७

જેટલા પાકા હરિભક્તો હતા, તેઓ જેટલાં સર્વોપરિ સુખો છે તે શ્રીહરિની મૂર્તિમાં જ દેખતા હતા. ભગવાનની મૂર્તિ વિના અન્યમાં જે કાંઈ સુખ મનાય તે સુખને તેઓ દુઃખ માનતા હતા. તેથી જ તેઓ પોતાનું શરીર, ઘર અને આખા પરિવારને બંધનરૂપ માનતા હતા. ૫-૬. સાચા હરિભક્તોની રીત એવી હોય છે કે, તેઓ ભગવાનને દેખાડવા જ બધું કરે છે. લોકોને દેખાડવા લેશમાત્ર કરતા નથી. જે દુનિયાને દેખાડવા માટે જેટલું કરે છે તેને શ્રીહરિ માનતા-સ્વીકારતા નથી. ૭.

લોકોને દેખાડવા માટે જેટલું કરીએ તેને ફક્ત લોકો જ માને, પણ ભગવાન તેને માનતા નથી. કેમ જે, જે કોઈ બાબત જેને દેખાડવા માટે હોય, તે તેને માને છે. પછી તેમાં જેવું દૈવત હોય તેવું તે ફળ આપે છે. ભગવાનના ભક્ત વિના કોઈનું ઠેકાણું નથી. તે અભક્તો તો અનેક પ્રકારનાં જન્મ-મરણનાં દુઃખ પામે છે. ૮-૯. તથા જમપુરી અને લખચોરાશીનાં દુઃખો સહન કરે છે. સત્સંગ વગરના સિદ્ધ થઈને પૂજાનારા જોગી, જતિ અને ગુરુઓ તથા સત્સંગથી અલગ રહેનારા મતપંથીઓ, રાજાઓ અને શ્રીમંતો યુગો સુધી સંસારમાં ભટકતા રહે છે. ૧૦-૧૧.

ચાહે તેવા મોટા ગુણવાન હોય, તોપણ તે જ્યાં સુધી સત્સંગ નથી કરતા ત્યાં સુધી તેમાં રહેલા ગુણો નિષ્ફળ થઈ જાય છે. ૧૨. જે પાકા હરિભક્તો હોય છે તે આવું જાણે છે. સત્સંગ વગરના ગમે તેવા હોય, તોપણ તેનો મોક્ષ થતો નથી. ૧૩. કોઈ મનુષ્ય યોગ સાધે, કરોડો યજ્ઞ કરે

અને અપાર જપ-તપ કરે, પણ સત્સંગ કર્યા સિવાય ક્યારેય તે સંસારને તરી શકતા નથી. ૧૪.

❋ સાચા સત્સંગીનાં લક્ષણ :

આ વખતે હરિભક્તોને આવું જ્ઞાન થયું હતું. તેથી જ તે સત્સંગ સિવાય અન્ય કોઈને અધિક મહત્ત્વપૂર્ણ દેખતા નહીં. ૧૫. સત્સંગ સિવાયની વાત ચાહે તેવી હોય, તોપણ તેમને તે પ્રાણ વિનાની દેખાતી અને તેમાં ક્યારેય ભક્તોનું ચિત્ત ચોંટતું નહીં. ૧૬. પાકા સત્સંગની વાત કાંઈક જુદી જ હોય છે. એવી વાત બીજે કોઈ ઠેકાણે નથી. અસંખ્ય કોટિ બ્રહ્માંડમાં સત્સંગ સમાન કોઈ નથી. ૧૭.

આ સત્સંગમાં એકે એક વાત જીવનો મોક્ષ કરી નાખે તેવી છે. પરંતુ જ્યાં સુધી સત્સંગમાં ચિત્તની વૃત્તિ ચોંટતી નથી, ત્યાં સુધી તેને સત્સંગનો યથાર્થ પ્રતાપ દેખ્યામાં આવતો નથી. જ્યારે તેમાં ચિત્તની વૃત્તિ ચોંટે છે ત્યારે તેનો પ્રતાપ દેખાય છે. દરેક બાબતનું જ્ઞાન જ્ઞાનેન્દ્રિયો તથા અંતઃકરણે કરીને થાય છે. તે જ્ઞાન જીવમાં અદૃશ્યપણે વસીને રહે છે. દસ ઇન્દ્રિયો પણ અદૃશ્યપણે રહે છે. તે જીવ અને શરીરના યોગથી જણાય છે. તેનું જ્ઞાન તે જ્ઞાનથી યુક્ત ગુરુ સિવાય કોઈ દિવસ થતું નથી. ખરેખર યથાર્થ જ્ઞાન તો જ્યારે સત્સંગ કરે ત્યારે જ પમાય છે. ૧૮-૨૧.

જે મનુષ્યને સત્સંગનો જેવો ખપ હોય તે તેવું સમજે છે અને જેટલું સમજે છે તેટલું તેમાં હેત થાય છે. પરંતુ સત્સંગ કર્યા પછી પણ જે સીધો ચાલતો નથી તેનો મોક્ષ થતો નથી. ૨૨. આવી વાતો તે આવનારા હરિભક્તો પરસ્પર કહેતા હતા, તેનો તો પાર પામી શકાય તેમ નથી. એક એક હરિભક્ત એક એક બ્રહ્માંડ ભરાઈ જાય તેટલી મોક્ષ સંબંધી વાતો જાણતા હતા. જે અપાર વાતો હોય તેનો લખીને પાર કોણ લઈ શકે ? ૨૩-૨૪. આ બધી વાતોમાં જેટલી વાતો બુદ્ધિના માપમાં આવે છે તેટલી લખું છું. આવી જેટલી વાતો હરિભક્તો કરતા હતા તે વાતો તો જ્યાં સુધી આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી વારંવાર થયા કરશે. ૨૫-૨૬. શ્રીહરિ અને

તેમના સંતો-ભક્તોની વાતમાં જ મોક્ષ રહ્યો છે. બીજી વાતો તો બહુ છે, પણ તેમાં તો જન્મ-મરણ તથા જમપુરી રહ્યાં છે. આટલી વાતને જે દૃઢ કરીને સમજે છે, તેણે જેટલી કરવા યોગ્ય બાબતો છે તે સર્વેને કરી લેવાનો શ્રમ કરી લીધો છે. ૨૭-૨૮.

શ્રીહરિ અને તેમના સંતો-ભક્તોની વાતો મનુષ્યનો મોક્ષ કરનારી છે. વેદો તથા પુરાણોનો પણ આવો જ સિદ્ધાંત છે. ૨૯. આટલી વાતનો નિશ્ચય પરિપક્વ અને દૃઢ કરવા માટે રાત-દિવસ સત્સંગનો યોગ રાખવો અને તેમાં હંમેશાં પ્રીતિપૂર્વક અધિક અધિક શ્રદ્ધા વધતી રહે, તેને જ હરિભક્તની રીત સમજવી. શ્રીહરિ અને સંતો-ભક્તોમાં જેટલો પ્રેમ હોય તેટલો તેમાં સત્સંગ રહે છે અને તેટલી જ તેમાં સરળતા રહે છે. ૩૦-૩૧.

❋ પ્રેમ હોય તો સરળતા રહે અને તે હોય તો સત્સંગ રહે :

चोपाई :

प्रीत सरलता में जितना कठोरा, सत्संग इतना रहे थोरा;
प्रीत सरलता कर जो जेसा, अंतर में सत्संग रहे तेसा...३२
अंतर मिलत में आत देखाता, अंतर जितना चोरत रहाता;
तितना कचे सत्संग रहाते, नेन बेन में आत देखाते...३३
इंद्रिय अंतर जीव में जेसे, सत्संग जाकु रहेउ तेसे;
अंतरवृत्ति भये जोउ जाकी, देखत भये वृत्ति कर प्रीत ताकी...३४

પ્રેમ અને સરળતા રાખવામાં જેટલું કઠણ પડે, તેટલો સત્સંગ ઓછો થયો છે. પ્રેમ અને સરળતાએ કરીને અંતરમાં કેવો સત્સંગ લાગ્યો છે તે જણાય છે. ૩૨. અંતર-દિલ પરસ્પર મળી જાય છે કે નથી મળતું ? તે ઉપરથી, પ્રેમ અને સરળતાવાળો સત્સંગ દેખાઈ આવે છે. જે જેટલું અંતર-દિલ ચોરે છે તેટલો તેનો સત્સંગ કાચો છે. તે તેના નેણમાં અને વેણમાં દેખાઈ આવે છે. ૩૩. ઇન્દ્રિયો, અંતઃકરણ કે જીવમાં જેને જેવો સત્સંગ થયો હોય, તેની પ્રીતિને અંતર્વૃત્તિવાળા સંત-ભક્ત તેની વૃત્તિ ઉપરથી સમજી લે છે. ૩૪. જેને જેવો સત્સંગ થયો હોય તેને તેવી જ વાત કરાય. જ્યાં સુધી જેને સત્સંગનો અભાવ આવે તેવો સ્વભાવ હોય, ત્યાં સુધી તેમાં તેટલા

માનાદિક દોષ અખંડ રહ્યા હોય છે. પછી જ્યારે તે ભક્ત પોતે પોતામાં જ દોષ દેખે છે ત્યારે તે શુદ્ધ થાય છે. ૩૫-૩૬.

दोहा : हरि हरिजन में गुण हि, देखत जितना जेहु;
शुद्ध भये तितना तेही, गुण कर देखना तेहु...३७

ભગવાન અને ભગવાનના ભક્તમાં જેને જેટલા ગુણ દેખાય તેટલા તે ગુણ દેખનાર શુદ્ધ થયા હોય છે. તે તેની ગુણ લેવાની વૃત્તિ પરથી સમજવું. પરમ સુજ્ઞ હરિભક્તો ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને ભગવાનના જ્ઞાનની આવી વાતો નિત્ય કરતા રહે છે. ૩૭-૩૮. એક દિવસ બાટવા ગામના મુસ્લિમ નવાબ બુલેખાન શ્રીહરિનાં દર્શન કરવા માટે પ્રેમથી પંચાળા આવ્યા. તેમને શ્રીહરિમાં ભાવ હતો. તેઓ શ્રીહરિના પ્રતાપની અલૌકિક રીતને જાણતા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં “પંચાળા ઉત્સવમાં આવેલા ભક્તોનાં દિલની વાતો તથા બાટવાના નવાબ આવ્યા” એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર પચીશમું : તરંગ - ૧૯

બાટવાના નવાબ શ્રીહરિને મળ્યા અને સરળ સંતપુરુષની વાત કહી

✺ ગ્રંથમાં લખેલી વાત જ અમર બને છે :

મુક્તાનંદ સ્વામીએ આ શ્રીહરિનાં ચરિત્રોને જે રીતે સાક્ષાત્ દેખ્યાં હતાં તે રીતે ગઢપુરના દરબાર દાદા ખાચરને પોતે કહે છે. ૧. જે વાત જેવી થઈ હોય તે કહ્યા અને લખ્યા વગર, જેવી તે મૂર્તિમાન બની હોય તેવી ને તેવી કહેવા-સાંભળવામાં આવતી નથી. ૨.

सोरठा : लिखे बिन जितनी बात, जन के हित की रहे तोउ;
हित नहीं यह करात, सरवोपरि रहे तोउ कहा...०३
जितनी बात जो जाहि, लिखे तामें आत रहे;
सुनने तितनी हि ताहि, आवत रहे अनंत वेर...०४

चोपाई :

सूर्य चंद्र रहे जिहाँ लगही, बात मूर्तिमान तिहाँ लगही;
रहत भयेउ बडभागी जेता, आपके जीय के हित हि तेता...०५
करी लेवत सुनिके यह बाता, भव भटकन फेर फेर न आता;
भव भटकन मेटनके हीता, बहु श्रम कर ग्रंथ हि लिखीता...०६

લખ્યા વગરની વાતો મનુષ્યનું હિત કરનારી હોય, તોપણ તે મનુષ્યનું હિત કરી શકતી નથી. ભલે તે વાત ઘણી સર્વોપરિ હોય તોપણ શું ? ૩. જેટલી વાત લખ્યામાં આવી હોય, તેટલી તે અનંત વાર સાંભળવામાં આવતી રહે છે. ૪. જો વાત લખેલી હોય તો તે જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર રહે, ત્યાં સુધી મૂર્તિમાન રહે છે. જે ઘણા ભાગ્યશાળી હોય તે આ વાતને સાંભળીને પોતાના જીવનું હિત સાધી લે છે. તેથી તેને વારંવાર સંસારનું ભટકણ આવતું નથી. તે ભવભટકણને ટાળવાને માટે જ મેં ઘણો શ્રમ કરીને આ ગ્રંથ લખ્યો છે. ૫-૬.

⁕ સરળ વ્યક્તિ જ સર્વોપરી બને છે :

मोक्ष के खप के जीय में जाही, अंकुर उदय जिनकु जो ताही;
सद्य मोक्ष तेहि करन रहाये, यामें जीय कु जब ही खुताये...०७
जीय रुचे बिन हित न कराते, चाय तेसे हितकारी रहाते;
आपकी बुद्धि के मान जिनकू, वरतत रहे जीय में तिनकू...०८
ताके हित यह करत हि नाहीं, सरल के हित बहु करत रहाही;
सरल कु सरवोपरि देखावा, अभिमान नहीं जाकु रहावा...०९
अभिमान रहे जाकू जितना, भगवान के भक्त होय तितना;
अभिमान भक्तपना हि ताके, शोभा खंडन करत हे वाके...१०

જેના જીવમાં મોક્ષના ખપનો અંકુર ઉદય થયો હોય, તે જો આ ગ્રંથની કથામાં પોતાનો જીવ ખૂંતાડી દે તો આ કથા તેનો તત્કાળ મોક્ષ કરનારી છે. ૭. આ કથા ભલે ગમે તેટલી હિતકારી છે તોપણ જો જીવને ગમી જાય નહિ, તો તે હિત કરતી નથી. જેના જીવમાં પોતાની બુદ્ધિનું માન રહેતું હોય, તેનું તો આ કથા હિત કરતી જ નથી. જે સરળ સ્વભાવના હોય તેનું આ

કથા બહુ જ હિત કરે છે. **જેને અભિમાન ન હોય તેવા સરળ મનુષ્યને આ ગ્રંથની કથા સર્વોપરિ દેખાય છે.** ૮-૯. ભગવાનનો ભક્ત હોવા છતાં જેને જેટલું અભિમાન હોય તે અભિમાન ભક્તપણાની શોભાનું ખંડન કરે છે. ૧૦. જેને અભિમાન હોય તેને હિરણ્યકશિપુ, રાવણ, કંસ, દૂર્યોધન અને શિશુપાળ જેવા કહ્યા છે. અર્થાત્ અભિમાન એવું વિકરાળ-ભયંકર છે. ૧૧.

શ્રીહરિવર એવું માનીને અભિમાનીને પૂરો ભક્ત માનતા નહીં. જેનો જેટલો સરળ સ્વભાવ હોય તેટલો તે ભક્તજન કહેવાય છે. ૧૨. એમ સમજીને જે સંતો છે તે બધા જ દોષોને શત્રુ જાણીને તેનો ત્યાગ કરે છે. ૧૩. **જેટલા દોષ કહેવાય છે તે બધાને પોતાના શત્રુ તરીકે જ દેખે, પણ તેને ક્યારેય મિત્ર માને નહીં, તે સાચા સંતની રીત છે.** ૧૪. જેટલાં પ્રકારનાં વ્યસનો છે તે સર્વનો ત્યાગ કરે તે સંત કહેવાય છે અને જે વ્યસનો રાખે છે તે તો અસંત છે. ૧૫.

✵ સંત-અસંતની ઓળખાણ, કહે છે પુરાણ :

અસંતનાં આચરણનો તથા વ્યસનોનો શાસ્ત્રમાં નિષેધ કરેલ છે. ૧૬. શાસ્ત્રો જેને દોષ કહે છે તેને અસંતો ગુણ જાણીને ગ્રહણ કરે છે. તેઓ શાસ્ત્રો કહે તેમ ચાલતા નથી, એટલે જ તેને અસંત કહેવાય છે. ૧૭. ચાર વર્ણ અને ચાર આશ્રમની જેવી રીત છે, સત્પુરુષની તથા અસત્પુરુષની જેવી રીત છે, તેમજ મોક્ષની જેવી રીત છે તેવી જ વેદ અને પુરાણોમાં લખી છે, આવી બધી બાબતના ઉત્તર તેમાં મળે છે. ૧૮-૧૯. તેને લીધે જ વેદ તથા પુરાણો સહુથી અધિક ગણાય છે. તેના સમાન બીજું કોઈ નથી. સદ્ગ્રંથો જે માણસ જેવો હોય તેવું તેનું હિત કરે છે. ૨૦.

(જ્યારે સંતો તો માતા સમાન છે. માતા કેવી હોય ? તો,) જેમ પોતાના બાળકની જ્યાં સુધી બાળબુદ્ધિ હોય ત્યાં સુધી તે બાળક મળ-મૂત્રમાં લપેટાતું-બગડતું રહે, પોતાનાં કપડાં, પથારી વગેરે નિત્ય બગાડતું રહે, તોપણ માતાના મનમાં તેનો રતીભાર પણ અભાવ આવતો નથી. (તેમ સંતો જીવનો દોષ લીધા વિના તેનું જેમ હિત થાય તેમ કરતા રહે છે. અર્થાત્ વાતચીત દ્વારા તેને સમજાવતા રહે છે.) ૨૧-૨૨. પછી બાળકરૂપ જીવને

જેમ જેમ સારી કે ખરાબ બાબત વિશે સાર-અસારનું જ્ઞાન થાય છે, ત્યારે તે અસારનો ત્યાગ કરે છે અને સાર હોય તેમાં પ્રેમ કરે છે. આવું સમજીને બાટવાના નવાબ મુસ્લિમ હોવા છતાં શ્રીહરિને મોટા સંત માની સમાગમ કરવા આવતા હતા. જૂનાગઢના નવાબ બહાદુરખાન હતા તે આ બાટવાના નવાબ બુલેખાનના સંબંધી હતા અને તે માણાવદરના નવાબ ગજેફરખાનના ભાઈ હતા. ૨૩-૨૫.

અને માંગરોળ બંદરના નવાબ વજરુદ્દિન પણ મુસલમાન હતા. આ ચાર ગામના નવાબો પોતાના મનમાં શ્રીહરિને નિત્ય શુભ કરનારા માનતા હતા. બાટવાના નવાબ પોતાની બુદ્ધિએ કરીને શ્રીહરિની શુભ નીતિને જોઈને શ્રીહરિના મુખની વાતો સાંભળવા માટે પંચાળા આવ્યા હતા. બાટવાના નવાબ બુલેખાન ઝીણાભાઈના ભવનની ઓસરીમાં જ્યાં શ્રીહરિ હતા, ત્યાં પાસે આવીને બેઠા. ૨૬-૨૮. શ્રીહરિએ તેનો ખૂબ આદર સત્કાર કર્યો અને તેને આવવાનું કારણ પણ પૂછ્યું. ત્યારે તે નવાબે હાથ જોડીને કહ્યું, "અમારી બુદ્ધિ તો થોડી છે. ૨૯. અમે તો અમારા મનમાં એવું સમજીએ છીએ કે આપે લોકોનો ઉદ્ધાર કરવા માટે શરીર ધારણ કર્યું છે. આપ તો સદાય દિવ્યતનુ જ રહ્યા છો, પણ ક્યારેય માયિક દેહવાળા નથી. ૩૦. પરંતુ જેની બુદ્ધિ માયિક હોય છે તેને આપ માયિક દેખાઓ છો."

❋ જે શ્રીહરિને જેવા જાણે તે તેવાં સુખને માણે :

ત્યારે શ્રીહરિએ તે નવાબને કહ્યું કે, "જે મનુષ્યો અમને જેવા જાણે છે તેને તેવું સુખ મળે છે. અમારી તો આવી વાત છે." ત્યારે તે નવાબે કહ્યું કે, "હાલના સમયમાં જેટલા દેવતાઓ અને મનુષ્યો છે તેમાં આપને તુલ્ય કોઈ દેખાતું નથી. કારણ કે, આપનું વર્તન તેવું અનોખું જણાય છે." ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "અમારું જે વર્તન છે તે શુભમતિવાળા મનુષ્યોને પ્રિય લાગે છે. ૩૧-૩૩. પરંતુ જેમાં જેટલી કુબુદ્ધિ હોય છે તેને તેટલું અમારું શુભ વર્તન પણ લગારેય ગમતું નથી, એ એક પ્રગટ ચમત્કાર છે. ૩૪.

જે વ્યભિચારિણી સ્ત્રી હોય તેને પોતાનો પતિ શત્રુ લાગે છે. તેમ જ જેટલા ચોર હોય છે તેને ચંદ્રમાનું અજવાળું ગમતું નથી. ૩૫. જેમ માછલી

અને હરણ કોઈનું ક્યારેય ભૂંડું કરતા નથી, છતાં માછીમાર અને શિકારી સહજસ્વભાવે તેના શત્રુ હોય છે. ૩૬. માછલી અને હરણ અપરાધ રહિત હોવા છતાં ઢીમર અને શિકારી તેને સહેજે જ મારી નાખે છે. ૩૭. તેમ શાહુકાર અને સંતો છે તે કોઈનું ભૂંડું ચાહતા નથી, છતાં પણ જે દુષ્ટ કે ચોર છે તે તેનું ભૂંડું કરવા જ ફરતા હોય છે. ૩૮. **જે ભગવાનના સંતો છે તેને તો એક ભગવાન જ નિધિ છે,** છતાં જેટલા અસંત હોય છે તે બધા સંતપુરુષનું ભૂંડું કરવા ચાહે છે. ૩૯. જે સંતો છે તે સાચી વાત કહે છે, તેથી અસન્માર્ગે ચાલનારાને સંતોની વાત રુચતી નથી. તેને કારણે તે સંતોનો દ્વેષ કરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "બાટવાના નવાબ શ્રીહરિને મળ્યા અને સરળ સંતપુરુષની વાત કહી" એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર પચીશમું : તરંગ - ૨૦

શ્રીહરિની સમક્ષ નવાબે સત્સંગની નીતિ અને શુદ્ધ ચારિત્ર્યની પ્રશંસા કરી

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરની આગળ વાત કહી કે જે વાત તેમણે શ્રીહરિના મુખથી સાક્ષાત્ સાંભળી હતી. ૧. બીજી બધી જે વાતો છે તે તો આ બ્રહ્માંડમાં મળી રહે છે, પણ શ્રીહરિની જે વાત છે તે મળવી અતિશય દુર્લભ છે. ૨. તેથી શ્રીહરિની વાતના માણનારા તો દુર્લભમાં પણ અતિશય દુર્લભ છે. કેમ જે, આ વાત સાંભળવાથી જીવાત્મા સંસારના રોગથી છૂટે છે, એવી આ વાત છે. ૩. શ્રીહરિ પંચાળામાં આવેલા નવાબની પાસે જેમ બોલ્યા હતા તેને હું તેવાં જ રૂપમાં કહું છું. કહ્યા સિવાય તેની ખબર પડતી નથી. ૪.

✵ શ્રીહરિની વાતમાં સર્વે સાધનો આવી જાય છે :

શ્રીહરિની સર્વે વાતો તો કહેનાર અને સાંભળનાર બન્નેનું હિત

કરનારી છે. શ્રીહરિની એક એક વાત એવી છે કે તે સંસારનાં સંકટને ટાળી નાખે છે. ૫. શ્રીહરિની વાતને અપનાવ્યા વિના બીજાં સાધનો ગમે તેવાં કહેવાતાં હોય, તોપણ તે જીવનાં જન્મ-મરણને છોડાવી શકતાં નથી. આ વાત ચોક્કસ એમ જ છે. ૬. બીજાં જેટલાં જેટલાં સાધન કહેવાય છે તે બધાં સાધનો શ્રીહરિની એક એક વાતમાં વગર પ્રયાસે આવી જાય છે, આવી શ્રીહરિની વાત સર્વોત્તમ છે. ૭.

જેમ કોઈ ત્રિલોકીનો રાજા હોય, તેને આશરે રહેલા બીજા જેટલા રાજા હોય તે બધા સહેજે જ તેને અનુસરીને રહેતા હોય છે; ૮. તેમ છતાં ચક્રવર્તી રાજાના આશ્રિત ખંડિયા રાજાને જે લોકો ચક્રવર્તી રાજાથી પણ અધિક માને છે, તેમને તો ચક્રવર્તી રાજાના પ્રતાપની ગમ જ નથી. ૯. મુખ્ય ચક્રવર્તી રાજા અને તેનો જે આશ્રિત રાજા, તે બંનેમાં રાત-દિવસ જેટલો ફરક હોય છે, તેમ શ્રીહરિની જેટલી વાતો છે તે તો બધાં સાધનનો રાજા કહેવાય છે. ૧૦.

चोपाई :

साधन जो जो कहावत जितना, हरि की बात ताके सब तितना;
आश्रित कहावत ही रहाते, हरि ताके किंकर हि कहाते...११
ध्यान धारणा समाधि जेऊ, हरि की बात ताके यह तेऊ;
किंकर होई वरतत रहीता, एसे हरि की बात कहीता...१२

दोहा : हरि की बात से अधिक जो, ओर बात हि ताकु;
जानत रहे जिहाँ लग हि, दशमोर रहे वाकु...१३
अधिक बात से अधिक हि, सार से अति सार;
जानत हरि की बात कु, बात सब भये पार...१४

બીજાં જે કોઈ પણ સાધનો કહેવાય છે તે સર્વે તો ભગવાનની વાતોના આશ્રિત કહેવાય છે. તે બધાં શ્રીહરિની વાતોના ચાકર કહેવાય છે. ૧૧. જે ધ્યાન, ધારણા અને સમાધિરૂપ સાધનો છે તે તો ભગવાનની વાત આગળ ચાકર થઈને વર્તે છે. આવી મહિમાવંતી શ્રીહરિની વાત છે. ૧૨. જ્યાં સુધી શ્રીહરિની વાત(ગ્રંથો, ચરિત્રો) કરતાં બીજી વાતને જેઓ અધિક મહત્ત્વપૂર્ણ

જાણતા હોય, ત્યાં સુધી તેનું માથું ફરી ગયેલું છે. ૧૩. જે કોઈ શ્રીહરિની વાતને સર્વાધિક મહત્ત્વપૂર્ણ અને સાર કરતાં પણ અતિશય સારરૂપ જાણે છે તે બધી જ વાતના પારને પામી ગયો છે. અર્થાત્ સંસારને તરી ગયો છે. ૧૪. જે શ્રીહરિની વાતથી કોઈ વાતને અધિક જાણતા નથી, તેણે જીવના કલ્યાણ માટેનાં સર્વે સાધનો કરી લીધાં છે." ૧૫.

❋ ભગવાનનાં દર્શન થાય એ જ મનુષ્યજન્મનું ફળ છે :

પંચાળા આવેલા બાટવાના નવાબ બુલેખાન આગળ શ્રીહરિએ જ્યારે આવી વાત કરી ત્યારે તે ઘણા ખુશ થયા અને શ્રીહરિની આગળ બોલ્યા કે, "આપની વાતમાં સર્વે વાતો આવી જાય છે. આપની વાતો કેવી છે ? તે હવે આપની વાતો સાંભળવાથી મને સમજાયું છે. જન્મ ધર્યાનું જેટલું શુભ ફળ છે તે આપનાં દર્શન થયા તે જ છે. તે આપનાં દર્શનમાત્રમાં પણ બધી વાત આવી જાય છે, એવું હું સમજું છું. ૧૬-૧૮. આપના સંતોની આંખોની વૃત્તિને હું જોઈ રહ્યો છું. આ સહુ સંતોનાં અંતઃકરણ અને ઇન્દ્રિયો નિર્વિકાર દેખાય છે. ૧૯. **આપના આશ્રિત જેટલાં સ્ત્રી-પુરુષો છે તે બધાં પણ વિકારે રહિત દેખાય છે. આ દુનિયામાં અપાર લોકો ભેળાં થાય છે ત્યારે જેનો જેવો ભાવ હોય છે તે દેખાઈ આવે છે.** ૨૦. ઝાઝાં લોકો ભેળાં થાય છે તેમાં કોઈ સ્ત્રી કે પુરુષ વિકાર રહિત દેખાતાં નથી. પોતાનાં મનના વિકારોને અધિક વધારવા માટે અપાર લોકો ભેળાં થતાં હોય છે. ૨૧.

જ્યાં સુધી મનુષ્ય વિકારનો ત્યાગ કરતો નથી ત્યાં સુધી તેને વધારે દોષ લાગે છે, પરંતુ દોષને વધારવા માટે જ ભેગાં થયેલાં નર-નારીઓ મોહના વેગને લીધે તે દેખતાં નથી. ૨૨. મોહ તો દારૂના જેવો છે. તે સત્સંગ સિવાય કોઈને દેખાતો નથી. મનુષ્ય ચાહે તેટલાં વેદ અને પુરાણને ભણ્યો હોય, છતાં સત્સંગ વિના તેનો રતીભાર પણ મોહ ટળતો નથી. ૨૩. પોતાનું શ્રેય કરવામાં મનુષ્યને જ્યાં સુધી ગમ હોતી નથી, ત્યાં સુધી તે સંસારમાં ભટકતો રહે છે અને તેને તે મોહને લીધે ઘણું નુકશાન થાય છે. ૨૪. ચાહે તેવો કોઈ ચતુર મનુષ્ય હોય, પણ તે નિર્મોહી ગુરુ મળ્યા

વિના સંસારમાં ભટકતો રહે છે અને અપાર દુઃખને પામે છે. ૨૫. સુખને માર્ગે ચાલ્યા સિવાય કોઈને સુખ મળતું નથી. જે દુઃખને માર્ગે ચાલે છે, તેને દુઃખ જ મળે છે. ૨૬. **ભગવાન સિવાયની જગત સંબંધી વાતોને જીવ રાત-દિવસ કરતો રહે છે, તે વાતમાંથી જ વિકાર ઉત્પન્ન થાય છે.** ૨૭.

❋ વિષયમાં રાગ તે આગ સમાન છે :

જ્યાં બાઈ-ભાઈ એકમેક થઈ ન કરવાનું કરે છે એવા બધા માર્ગો ખરાબ છે, એવું વિધાતાનું વિધાન છે. ૨૮. ભગવાનની મૂર્તિને પધરાવીને પાખંડી ગુરુ ત્યાં કોઈ નારી આવે તેની સાથે વ્યભિચાર કરે છે. ૨૯. આવા જે ગુરુ અને શિષ્ય હોય તે બધા ગધેડાની યોનિને પામે છે અને કૂતરાં, વાંદરાં તથા પાડાની યોનિને પામે છે. ૩૦. જે ગુરુ થઈને વ્યભિચાર કરે છે તેને દુઃખનો પાર આવતો નથી. ગુરુ-શિષ્ય થઈને જે અનીતિને માર્ગે ચાલે છે, તે જેવા અનીતિ માર્ગે ચાલે છે તેવાં દુઃખને પામે છે. બ્રહ્મા કે ઈન્દ્ર સમાન કોઈ દેવ કહેવાય નહીં. તે રાજાઓના રાજા અને દેવતાઓના પણ દેવતા કહેવાય છે, તોપણ તે જેટલા અનીતિને માર્ગે ચાલે છે તેટલી તેમની ખોટ શાસ્ત્રમાં લખાઈ છે. તો બીજા મનુષ્ય શું લેખામાં ? ૩૧-૩૩.

❋ વ્યવહારમાં નીતિ અને શ્રીહરિમાં પ્રીતિ રાખવી :

નીતિને રાખનારા જેટલી નીતિ રાખે તેટલી તેની મોટપ કહેવાય છે. જે લોકો નીતિનો ત્યાગ કરે છે, તે ચાહે તેવો ભૂપ હોય તોપણ તેની તેટલી ન્યૂનતા લખાયેલી છે. પરંતુ નીતિભ્રષ્ટની ક્યારેય કીર્તિ લખાયેલી નથી. જેવી નીતિ હોય તેવી તેની કીર્તિ થાય છે. નીતિની આવી વાત રહી છે. ૩૪-૩૫. જેટલા બુદ્ધિમાન રાજાઓ હોય છે તે પોતાની કીર્તિ વધારવા માટે જતન કરીને નીતિને રાખે છે. કારણ કે, નીતિ તો ઘરેણાંઓનું પણ ઘરેણું છે. ૩૬. જે મનુષ્ય જેટલો નીતિનો ત્યાગ કરતો રહે છે તેટલી તેની અપકીર્તિ ઘેર ઘેર ગવાય છે. ૩૭. પોતે અનીતિના માર્ગે ચાલતા હોય એવા નિર્લજ્જ મનુષ્યો નીતિના માર્ગે ચાલનારાની અપકીર્તિ કહેતા રહે છે. ૩૮. ચારિત્ર્યભ્રષ્ટ લોકો પોતે નાક-કાન વગરના હોવા છતાં નીતિને

માર્ગે ચાલનારાની અપકીર્તિ બોલે છે. એવા ભ્રષ્ટ મનુષ્યો સત્પુરુષોની અપકીર્તિ બોલે છે, છતાં સત્પુરુષો તેને ક્ષમા કરે છે; એ સત્પુરુષનું શુભ લક્ષણ છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિની સમક્ષ નવાબે સત્સંગની નીતિ અને શુદ્ધ ચારિત્ર્યની પ્રશંસા કરી" એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર પચીશમું : તરંગ - ૨૧

સમજુ નવાબની અને પોરબંદરના ભગવાનજીભાઈના પુત્રની વાત કહી

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર આગળ જે વાત કહી હતી તે વાત હવે હું જેમ છે તેમ કહું છું. ૧. જે જે વાત હું કહું છું તે વાસ્તવમાં હોય તેના કરતાં કરોડગણી ઓછી કહું છું, અતિ સંકોચ રાખીને કહું છું. કેમ જે, અપારનો પાર લઈ શકાતો નથી. ૨. શ્રીહરિની વાત કહેતા મારાં મનમાં ક્યારેય તૃપ્તિ થાતી નથી. પણ આ શરીર અનિત્ય છે, તેનો કાંઈ નિર્ધાર નથી. ૩.

❋ ભજન કરવા માટે જ શ્રીહરિ મનુષ્યદેહ આપે છે :

सोरठा : जो जो बात हि जेति, आधीन हरि के रहे यह;
जीय के करन एति, मनोरथ पूरे होत नहि...४

चोपाई :

इमि जानिके हरि के आधिना, मन क्रम वरतत तेहि प्रवीना;
मनुष्य तन हरि देत तेहि हीता, हरि कु भजना भाव सहिता...५
मनुष्य तन पाई हरि में भावा, जिहाँ लग न करत जो रहावा;
तिहाँ लग भव भटकन रहाता, कहत ताके न पार लहाता...६

જે જે બાબતો જીવ કરવા ચાહે છે તે સર્વે શ્રીહરિને આધીન છે. તેથી જીવના બધા મનોરથો પૂરા થતા નથી. ૪. આમ જાણીને મન, કર્મ,

વચનથી જે કોઈ ભગવાનને આધીન વર્તે છે, તે જ ડાહ્યા છે. આવી રીતે ભાવ સહિત ભગવાનને ભજવા માટે જ ભગવાન જીવને મનુષ્યતન આપે છે. ૫. પરંતુ, મનુષ્યદેહ પામીને જીવ જ્યાં સુધી ભગવાનમાં ભાવ કરતો નથી ત્યાં સુધી તેને સંસારનું ભટકણ રહે છે, જેનો કહેતા પાર આવતો નથી. ૬.

જીવ જમપુરી અને લખચોરાશીમાં અપાર દુઃખ પામે છે છતાં ભગવાનનું ભજન નથી કરતો, એટલે જ જીવને જન્મ-મરણ મટતું નથી. ૭. તે જન્મ-મરણનું દુઃખ એટલું બધું છે કે તેનો કહેતા પાર આવતો નથી. જીવને તે દુઃખ સાંભળીને જ્યારે ત્રાસ ઉપજે ત્યારે મોહ ટળે છે. ત્રાસ થયા સિવાય મોહનો નાશ થતો નથી. ૮. ભગવાનના સંતને હિતકારી જાણે અને જો તે સંતમાં મોક્ષ કરવા સિવાય બીજો કોઈ સ્વાર્થ ન મનાય, તો તે સંત જીવને મોહરૂપ મદિરામાં દોષ બતાવે તે સત્ય મનાય છે. પરંતુ, તે દોષમાં પણ જ્યાં સુધી જીવને ગુણબુદ્ધિ રહે છે, ત્યાં સુધી તે જીવમાં દોષનાં બીજ રહી જાય છે. ૯-૧૦.

❋ જે દોષોથી બચાવે તે જ સાચા મિત્ર છે :

જીવને જ્યારે બધા દોષો ઝેર જેવા દેખાય છે, ત્યારે જ તેને તે દોષોનો અભાવ આવે છે. દોષરૂપી જે જે શત્રુઓ છે તે જ્યાં સુધી જીવના મિત્ર બનીને રહ્યા છે ત્યાં સુધી તે દોષો દુર્જય દેખાય છે. મિત્ર થઈ ગયેલા તે શત્રુને જીવ જો યથાર્થરૂપમાં ઓળખી લે તો તે દોષરૂપી શત્રુ ક્યારેય મિત્ર મનાય નહીં. **જ્યાં સુધી તે દોષરૂપી શત્રુને મિત્ર માને છે, ત્યાં સુધી તે સંસારમાં ભટકતો ફરે છે.** ૧૧-૧૩.

એવા છૂપા શત્રુની મિત્રતાને જે હેતે કરીને છોડાવે, તે જીવના અતિ પવિત્ર સાચા મિત્ર છે. ૧૪. જીવના મિત્રરૂપ એવા સંત જીવને સંસારનાં બંધન ઓળખાવે છે. જે અસંત છે તેને તો તે બંધન ક્યારેય દેખાતા જ નથી. ૧૫. જેઓ બંધનને દેખતા જ નથી તેવા અસંત તો અંધ કહેવાય છે. જે સાચા સંત છે તે જ જીવને અંતકાળે સહાય કરે છે. ૧૬. જે ખરા વખતે ઉપયોગી થાય છે તે જ સત્ય બાબત કહેવાય છે અને જે સાચી બાબત હોય

છે તે જ્યારે ખરું કામ પડે ત્યારે મદદ કરે છે. ૧૭. જે મિથ્યા બાબત હોય છે તે ક્યારેય સહાય કરતી નથી. એ બંને બાબતને બુદ્ધિમાન પુરુષો જાણે છે.” બાટવાના નવાબ બુલેખાને આ બધી વાત સાંભળી. તેમને સત્સંગના જેવી કોઈ પવિત્ર વાત ન દેખાણી. જેમ કસ્તુરીની સુગંધ છાની રહેતી નથી, તેમ સંતો અને હરિભક્તોના પવિત્ર વર્તનને જોઈને જેટલા બુદ્ધિમાન લોકો હતા તે શ્રીહરિને ભગવાન જાણતા હતા. ૧૮-૧૯.

વળી, જેમ કપૂર અને અત્તર, એ બંનેનો સુગંધ સહુને પ્રિય લાગે છે તેમ શ્રીહરિનું વર્તન જ એવું હતું કે, તે તેમના પરમેશ્વરપણાનો નિશ્ચય કરાવી દેતું હતું. ૨૦. જે વસ્તુ જેવી હોય તેનો નિશ્ચય તેના ગુણો કરાવી દે છે, તેમ શ્રીહરિની વાતો જ તેમના ભગવાનપણાનો નિશ્ચય કરાવી દેતી હતી. ૨૧. જેની જેવી કારીગરી હોય તે કારીગરી જ તે કારીગરને ઓળખાવી દે છે, તેમ શ્રીહરિવરમાં રહેલા કલ્યાણકારી ગુણો જ તેમને પ્રગટ ભગવાન તરીકે બતાવી દેતા હતા. ૨૨.

જે કોઈ પણ બાબત હોય તેનો નિશ્ચય તેના ગુણ દ્વારા થાય છે. તે ગુણો માયિક હોય કે અમાયિક, પણ તે ગુણના ધારકનું સ્વરૂપ યથાર્થ કહી દે છે. ૨૩. જે વાત જેવી હોય તેને તેવી જ જાણવાનું દ્વાર તેના ગુણો છે. જેવો ગ્રંથ હોય તથા જેવા કવિ હોય તે તેના ગુણે કરીને દેખાઈ આવે છે. ૨૪. કોઈના ઈષ્ટદેવ કે તેની ઉપાસના, તે પણ ગુણોથી જ દેખાઈ આવે છે. જે વસ્તુ જેવી હોય તેવી તેનાં નામ ઉપરથી પણ જોઈ શકાય છે. ૨૫. તે નવાબ ઘણા બુદ્ધિમાન હતા. તેથી શ્રીહરિને જીવનો મોક્ષ કરનારા પરમેશ્વર જાણ્યા અને બીજું બધું નાશવંત જાણ્યું. ૨૬.

ચૌદશના દિવસે જ્યારે સવાર થયું ત્યારે જેટલા સંતો અને હરિભક્તો હતા તેની સભા થઈ. ૨૭. સહુને દર્શન દેવા માટે સહુના પરમ મિત્ર એવા શ્રીહરિ ચોતરા ઉપર બિછાવેલા પલંગ ઉપર આવીને બેઠા. તેમણે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨૮. બધા સંતો ઘણા ઉત્સાહથી ગરબીનાં પદ ગાતા હતા. શ્રીહરિ જ્યાં જ્યાં વિચરતા હતા ત્યાં ત્યાં પરમ આનંદ વ્યાપી જતો

હતો. ૨૯. સહુને તેનો ઉમંગ અને પ્રેમરસ વર્તતો હતો. આવો રસ બીજો કોઈ કહેવાય નહીં. **શ્રીહરિ હોય ત્યાં ઉત્સાહ અને પ્રેમરસ સર્વોપરિ વર્તતો અને બીજા બધા ઉમંગ તથા રસ ફિક્કા દેખાતા.** ૩૦.

બરાબર તે અરસામાં પોરબંદરના ભગવાનજીભાઈ સુતારના પુત્ર જે ઘડિયાળીનું કામ કરતા હતા અને બહુ સારા હરિભક્ત હતા, ૩૧. તે શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેની સાથે દેવરામભાઈ, નારાયણજીભાઈ અને અજરામરભાઈ, તે ત્રણેય ભાઈઓ પણ હતા. ૩૨. વળી, તેમની સાથે સુરતના પુરુષોત્તમભાઈ નામે એક વણિક હરિભક્ત હતા. તે પોરબંદરના રાજાના કારભારી થઈને રહ્યા હતા. ૩૩. તે અંગ્રેજી ભણેલા ઘણા હોશિયાર હતા. તેમને શ્રીહરિ અને સંતોના ઉપર બહુ પ્રેમ હતો. માટે તેઓ પણ સુતાર હરિભક્તોની સાથે ત્યાં પંચાળા શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા હતા. ૩૪.

ભગવાનજીભાઈ સુતાર તો રામાનંદ સ્વામીના સમયથી પાકા હરિભક્ત હતા. તેઓ પહેલાં ભુજમાં રહેતા હતા. ૩૫. સં.૧૮૬૩ની સાલમાં તેમણે શ્રીહરિને ભુજમાં પોતાને ઘેર કોઈ ન જાણે તે રીતે પધરાવ્યા હતા. ૩૬. તે સમયે તેમણે શ્રીહરિને માટે જરિયાની જામો અને સુરવાળ બનાવડાવીને ઘણા પ્રેમથી પહેરાવ્યા હતા. ૩૭. જોકે, શ્રીહરિ તો કિંમતી વસ્ત્ર, સોનાનાં ઘરેણાં, મોતી અને બીજી ઝવેરાતને મોટા કલંકરૂપ જાણતા હતા. ૩૮. **બધી જ બાબતો કરતાં શ્રીહરિ હરિભક્તોના ભાવને મહત્ત્વપૂર્ણ સમજતા હતા. તેથી જ જેવો ભક્તનો ભાવ હોય તે પ્રમાણે તેવી વસ્તુઓને સ્વીકારતા હતા.** ૩૯. શ્રીહરિની આ ભાવનાને જે જાણતા ન હતા તેમના મનને મોહ ભ્રમિત-સંશયયુક્ત કરતો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "સમજુ નવાબની અને પોરબંદરના ભગવાનજીભાઈના પુત્રની વાત કહી" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર પચીશમું : તરંગ - ૨૨

શ્રીહરિના પ્રતાપની અને ભગવાનજીભાઈ નિમિત્તની રસોઈ અને પૂજા કહી

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરને ભગવાનજીભાઈ સુતારની વાત (ભુજમાં) જેમ બની હતી તેમ સાક્ષાત્ કહી. ૧. જરિયાની કોરના કસુંબલ બે રેંટા હતા, તેમાંથી એક શ્રીહરિના મસ્તક ઉપર બંધાવ્યો. ૨. બીજો રેંટો શ્રીહરિની કમર ઉપર બંધાવ્યો. તેની સુંદર શોભા થઈ. હાથમાં સોનાનાં કડાં ધરાવ્યાં અને લલાટમાં કેસરચંદનની અર્ચા કરી. તેનાથી કરોડો કામદેવ શરમાઈ જાય એવી શ્રીહરિની ભવ્ય શોભા બની. ૩-૪. ફૂલના હાર પહેરાવ્યા અને ફૂલના બાજુ બાંધ્યા. મસ્તક ઉપર ફૂલના તોરા અને કાન ઉપર સુશોભિત ફૂલના ગુચ્છ ધરાવ્યા. ૫. શ્રીહરિનાં અંગો અત્તરથી મહેકી રહ્યાં.

પછી ભગવાનજીભાઈએ કપૂરની આરતી કરી અને દંડવત્પ્રણામ કર્યાં. શ્રીહરિનાં ચરણકમળને છાતી ઉપર ધાર્યાં. ૬. બરફી તથા પેંડાના થાળ અને વિવિધ પ્રકારના મેવા શ્રીહરિની આગળ મૂક્યા. પછી તેમણે વિનયભર્યાં વચને શ્રીહરિની સ્તુતિ કરી હતી. ૭. આ બ્રહ્માંડમાં કોઈ પણ નામથી કહેવાતા પદાર્થો અને ખાન-પાનાદિકની અપાર વસ્તુઓ છે જેનો ગણ્યે પાર આવતો નથી.

✵ જીવ અને જગદીશ વચ્ચેનો તફાવત :

પરંતુ ભગવાન તેણે કરીને સુખ માનતા નથી, ઉલટાનું તેમાં અપાર દુઃખ માને છે. માયિક મનુષ્ય અને પરમેશ્વરમાં સમજણે કરીને જમીન-આસમાનનો ફરક હોય છે. પરમેશ્વર માયિક પદાર્થે કરીને સુખ માનતા નથી અને જીવ માને છે. આમ, પરમેશ્વરમાં અને જીવમાં એટલો ફરક છે કે, **'પરમેશ્વર નિર્બંધ છે અને જીવ બંધાયેલો છે.'** બંનેના તેવા અલગ ગુણો કહ્યા છે. ૮-૧૦.

चोपाई :

ईश्वर वरतत निरबंध ताई, पदार्थ चाय तेसे रहाई;
सुख दुःख रूप पदार्थ तिनसे, ईश्वर रहत असंगी इनसे...११

जन ताके संग ईश्वर जेहू, निरबंध रहे बंधात न तेहू;
एसि कला एक ईश्वर तिनमें, साधन बिन रहायेउ इनमें...१२

दोहा : साधन हि बिन निरबंध की, कला जितना हि जेहु;
ईश्वर में रहे सहज हि, तिनकर ईश्वर तेहु...१३

ચાહે તેવાં પદાર્થ હોય, તોપણ પરમેશ્વર તો તેમાં બંધનરહિત વર્તે છે. પરમેશ્વર સુખરૂપ કે દુઃખરૂપ સર્વે પદાર્થ થકી અસંગી રહે છે. ૧૧. પરમેશ્વર સ્ત્રી-પુરુષરૂપ મનુષ્યની સાથે રહેવા છતાં પણ નિર્બંધ રહે છે, તેમાં બંધાતા નથી. એવી કળા તો એક પરમેશ્વરમાં જ રહી છે. વળી, તે કળા તેમાં કોઈ સાધન કર્યા વગર જ સ્વતઃસિદ્ધ રહી છે. ૧૨. કોઈ પણ સાધન વગર નિર્બંધતારૂપી કળા પરમેશ્વરમાં સહજ સ્વભાવે જ રહી છે. એટલે જ તે પરમેશ્વર કહેવાય છે. ૧૩. જીવ તો નિર્બંધ રહેવાનાં સાધનો કરતો રહે અને જ્યાં સુધી તે નિર્બંધ રહે ત્યાં સુધી જ તે નિર્બંધ કહેવાય છે. ૧૪.

सोरठा : जो जो बात जेति, ईश्वर के संकल्पहु से;
होत भये जो तेति, तेहि कर सत्य संकल्प कहत...१५

સર્વે બાબત પરમેશ્વરના સંકલ્પથી જ થાય છે. તેથી જ તેમને સત્યસંકલ્પ કહેવાય છે. **કીટથી લઈને અક્ષરપર્યંત કોઈ પોતાનાં બળે સત્યસંકલ્પ નથી.** તો બીજાની વાત શી કહેવી ? ૧૫-૧૬.

⁕ સમર્થ થયા પછી સેવક બનીને રહે તે જ સાચી સમજણ છે :

સર્વે આશ્ચર્યકારી બાબત પરમેશ્વરમાં સહેજે જ રહી છે. જે પોતાને પરમેશ્વરથી અધિક જાણતા હોય તે ચાહે તેવા સમર્થ હોય, વળી બ્રહ્માંડની ઉત્પત્તિ અને વિનાશને પ્રગટપણે કરી દેખાડતા હોય તોપણ તે સર્વે પરમેશ્વરના દાસ કહેવાય છે; આવી જેની સમજણ હોય છે તે સાચા હરિભક્ત છે અને તેની સમજણ સર્વોપરિ કહેવાય છે. સમજણની અવધિ એટલી જ છે કે પરમેશ્વર સમાન બીજા કોઈને સમજે નહીં. ૧૭-૧૯.

પરમેશ્વર સિવાયના જે જે સમર્થ કહેવાતા હોય, તે બધા પરમેશ્વરના દાસ છે. ભવ, બ્રહ્મા અને અક્ષરપર્યંત બધા જ પરમેશ્વરના દાસ થઈને વર્તે

છે. ૨૦. ગમે તેવા સમર્થ હોય, તોપણ પરમેશ્વર કરતાં કોઈને અધિક ન જાણે તથા પરમેશ્વર સિવાયના જે કોઈ પણ હોય એ સર્વેને પરમેશ્વરાધીન જ દેખતા રહે, ૨૧. આવી રીતે જે પરમેશ્વરને સમજતા હોય તે શુદ્ધ આચાર્ય કહેવાય છે. ખરા પરમેશ્વર તો શ્રીકૃષ્ણ છે, તેમ છતાં જે કોઈ જ્યાં સુધી પરમાત્મા કરતાં પણ બીજાને અધિક કહે છે, ત્યાં સુધી તે તેની માતાના પેટે કુપુત્ર જન્મ્યો કહેવાય. એવા જે કપુત આચાર્ય હોય છે તે પોતાને પરમેશ્વર માને છે. ૨૨-૨૩.

❋ શ્રીહરિની ભક્તવત્સલતા અને કરુણા :

चोपाई :

ईश्वर के गुण ईश्वर तामें, वरतत रहत सदा जो वामें;
ईश्वर में बडे गुण यह रहावा, आश्रित जन जेते कहावा...२४

दोहा : अंत समे होत जन के, रहत न कोउ सहाय;
तब सहाय करत रहेउ, अति हित कर जो ताय...२५
अंत समय के हित जोउ, कहे में नहीं आत;
पेले वेतरि गाउ जिमि, वछ हित अति अकुलात...२६

सोरठा : ईश्वर की मूर्ति जेहु, भक्त उपरी इस रीत यह;
हित करत रहे तेहु, प्रत्यक्ष देखी कर कहत भये...२७
ईश्वर की मूर्ति जोउ, जेसी रहे प्रताप जुत;
केतेक जन कु सोउ, देखावत हे मरजि जब...२८

પરમેશ્વરના ગુણ પરમેશ્વરમાં સદા વર્તતા હોય છે. સત્ય એવા પરમેશ્વર શ્રીહરિનો સૌથી મોટો ગુણ એ છે કે, જ્યારે બીજા કોઈ સહાય ન કરી શકે એવા અંત સમયે પોતાનાં સર્વ આશ્રિતોને શ્રીહરિ અતિશય હેતથી સહાય કરે છે. અર્થાત્ કાળ-કર્મથી છોડાવી તેડવા પધારે છે. ૨૪-૨૫. ભક્તના અંતકાળે તેના ઉપર શ્રીહરિને એટલું બધું હેત હોય છે કે જે કહી શકાતું નથી. પહેલા વેતરની ગાય જેમ પોતાના વાછરું માટે અકળાતી હોય, તેમ ભગવાન પોતે હેતથી ભક્ત માટે વ્યાકુળ થાય છે. પરમેશ્વરની મૂર્તિ ભક્તના ઉપર આવી રીતે જે હેત કરે છે, તે હું પ્રત્યક્ષ દેખીને કહું છું. ૨૬-૨૭. પરમેશ્વરની મૂર્તિ જેવા પ્રતાપે યુક્ત છે તેવી ને તેવી કેટલાક હરિભક્તોને

પોતાની જ્યારે મરજી હોય ત્યારે દેખાડે છે. ૨૮. શ્રીહરિ જ્યારથી આ સત્સંગમાં આવ્યા છે ત્યારથી તેમણે જેટલો પ્રતાપ દેખાડ્યો છે તે પ્રતાપ દેખાતો હોવા છતાં તેની યથાર્થ સ્મૃતિ ક્યારેય રહેતી નથી. ૨૯.

જેમ કોઈ રાંકને સ્વપ્ન આવે ત્યારે સ્વપ્નમાં તે કેટલાક દિવસ સુધી ચક્રવર્તી રાજા બને, પણ જ્યારે તે જાગે છે ત્યારે રાંકનો રાંક જ રહે છે. તેમ જ મનુષ્યોએ (સમાધિમાં) શ્રીહરિનો પ્રગટપ્રમાણ જે અપાર પ્રતાપ દેખ્યો હતો, તે જ્યાં સુધી દેહનું ભાન આવે નહિ ત્યાં સુધી તે પ્રતાપ દેખતા. પણ જ્યારે દેહનું સ્મરણ થતું ત્યારે જેવા હતા તેવા ને તેવા થઈ જતા. જે પરમેશ્વરનો અમાપ પ્રતાપ છે તેનું માપ તો અક્ષર જેવા પણ કરી શકતા નથી. ૩૦-૩૨. તો પછી બ્રહ્મા અને મનુષ્ય જેવાની તો તે માપ કાઢવામાં શી ગણતરી ? શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર વિચરણ કરતા રહ્યા, ત્યાં સુધી દિવસે દિવસે તેમણે કેટલોય પ્રતાપ દેખાડ્યો છે પણ તેનું માપ કોણ કરી શકે ? તે પુરુષોત્તમનારાયણના પ્રતાપને જે જે જનો ભાવથી કાને સાંભળશે, ૩૩-૩૪. તે અક્ષરધામમાં જઈને બેસશે; એવો ભગવાન સ્વામિનારાયણનો પ્રતાપ છે.

આગળ વાત કરી હતી તે ભગવાનજી સુતાર પોરબંદરમાં આવીને રહ્યા હતા. શ્રીહરિ જે દિવસોમાં લોયામાં રહ્યા હતા તે દિવસોમાં તે ભગવાનજીભાઈએ પોતાનો દેહ છોડ્યો હતો. તે નિમિત્તે તેમના પુત્રોએ અત્યારે પંચાળામાં મોતીચૂર લાડુની રસોઈ આપી હતી. ૩૫-૩૬. ભગવાનજીભાઈના પુત્ર રસોઈ જમાડ્યા પહેલા પૂજા કરવા આવ્યા. એક ખુરશી લાવીને શ્રીહરિને તેના ઉપર પધરાવ્યા. ૩૭. તે ભગવાનજી સુતારના જે પુત્રો હતા તેમણે ઘણા ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૩૮. સોનેરી તારવાળો જે કસુંબી રેંટો હતો તેને શ્રીહરિના મસ્તક ઉપર બંધાવ્યો. ૩૯. તેના જેવો જ બીજો એક રેંટો શ્રીહરિને ઓઢાડ્યો અને તે વખતે એક સોનાનો દોરો પણ પહેરાવ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિના પ્રતાપની અને ભગવાનજીભાઈ નિમિત્તની રસોઈ અને પૂજા કહી" એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥

પૂર પચીશમું : તરંગ - ૨૩

રોગીને દૂર બેસાડવાની વાત, સંતને જમાડ્યા અને રસોઈવાળાએ પૂજન કર્યું

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરને હરિભક્તોએ શ્રીહરિની જે રીતે સાક્ષાત્ પૂજા કરી તે વાત કહેવા લાગ્યા. ૧. ભગવાનજીભાઈના પુત્રોએ કેસરયુક્ત ચંદન લઈને પહેલા શ્રીહરિના લલાટમાં ઘણા ભાવથી તે ચરચ્યું. શ્રીહરિનું લલાટ વિશાળ હતું. ૨. પછી બંને ભુજાઓ ઉપર પણ ચંદન ચરચ્યું. છાતી, પેટ, કંઠ, પીઠ અને ચરણ ઉપર પણ ચંદન ચરચ્યું. ૩. પછી તેમણે કપૂરથી આરતી કરી ત્યારે મુનિઓએ જયજયકાર બોલાવ્યો. પછી હરિભક્તોએ શ્રીહરિનાં ચરણકમળને પોતાની છાતીમાં લીધાં. ૪. પછી રામપ્રતાપજીભાઈએ રસોઈ કરી, ત્યારે શ્રીહરિ ત્યાં જમવા માટે ચાલ્યા. ચરણમાં ચાખડીઓ પહેરી હતી અને હાથમાં સુંદર રૂમાલ રાખ્યો હતો. ૫. પૂજા કરાયેલા શ્રીહરિનાં દર્શન રામપ્રતાજીભાઈએ કર્યાં ત્યારે તેઓ મનમાં ખૂબ ખુશ થયા અને બોલ્યા કે, 'આપણા વંશમાં આપના જેવા બીજા કોઈ પ્રતાપી થયા નથી. ૬. તેના તે શબ્દને વારંવાર બોલતાં બોલતાં તેમની આંખોમાંથી હરખનાં આંસુઓ વહેવાં લાગ્યાં.

✵ સંપૂર્ણ સત્સંગ થાય તો સંપૂર્ણ સુખ મળે :

ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, 'જો તમે આ સત્સંગનો યોગ રાખશો અને પૂરો સત્સંગ કરશો તો તમારાં બધાં જ દુઃખો દૂર થઈ જશે. સંપૂર્ણ સત્સંગ રાખ્યા સિવાય સત્સંગનું સુખ ક્યારેય આવતું નથી. ૭-૮. **સત્સંગની એવી રીત છે કે સત્સંગ વગરનામાં ક્યારેય ચિત્ત ચોંટતું નથી. ચાહે તેવો કોઈ બુદ્ધિમાન હોય, તોપણ જો તેને સત્સંગ ન હોય તો તે તુચ્છ દેખાય છે.'** ૯. સ્વામીએ કહેલી વાતને રામપ્રતાપજીભાઈએ સત્ય માની. તેથી સત્સંગ કર્યા સિવાય દુઃખ જશે નહિ, તેમ જાણીને તેમણે સત્સંગના નિયમ-વ્રતમાન તત્કાળ ધારણ કર્યાં. ૧૦. રામપ્રતાપજીભાઈ જ્યારે હરિભક્ત થયા ત્યારે બધા હરિભક્તો રાજી થયા. પછી શ્રીહરિ પણ બોલ્યા કે, 'હવે

તમારાં જેટલાં દુઃખ હતાં તે બધાં દૂર થઈ ગયાં, તેમ તમે જાણો. ૧૧. તમે આ સત્સંગના નિયમો ધાર્યા તેથી હવે તમે સાચા ધર્મવંશી થયા છો. જે ધર્મવંશી હોવા છતાં સત્સંગના નિયમ વગરના થઈને વર્તે છે, ૧૨. ત્યારે તે નિયમ વગરના ધર્મવંશીને સંતો-હરિભક્તો, હરિભક્ત માનતા નથી; પરંતુ વિમુખ માને છે.' ૧૩.

શ્રીહરિ અને રામપ્રતાપજીભાઈ ભોજન જમવા લાગ્યા. જમી રહ્યા પછી શ્રીહરિ ઊભા થયા અને સંતોની પંક્તિ થઈ. ૧૪. શ્રીહરિ સંતોની પંગતમાં લાડુ પીરસવા લાગ્યા. તે વખતે જે જે સંતોને આખે શરીરે દાદર થઈ હતી અને જે ગરમીના રોગવાળા હતા તેમને પંગતથી દૂર બેસાડ્યા. ૧૫-૧૬.

શ્રીહરિએ કહ્યું, "જેને ઘણો મોટો કે ચેપી રોગ થયો હોય તેણે પંગતમાં અને સભામાં બેસવું નહીં. કદાચ તે બેસે તો તેને ઉઠાડીને 'તમે દૂર બેસો' તેમ વિવેકીએ કહેવું. ૧૭. જો આ અમારું કહ્યું ન માને તો તેની લગારેય મોબત રાખવી નહીં. પૂર્વના કોઈ કર્મને લીધે શરીરમાં કોઈને કોઢ નીકળે, વાયુના રોગને લીધે મુખથી ગમે તેવું બોલવા માંડે, જેનું શરીર અતિશય કંપવા લાગે(કંપવાનો રોગ) અથવા વાઈનો રોગ થયો હોય, આંખે આંધળા થયા હોય તથા કાનથી કાંઈ સાંભળતા ન હોય; આવા અનંત પ્રકારે જ્યારે દેહ પરાધીન થઈ જાય ત્યારે જે વિવેકી સંતો હોય છે તે પોતે સમજીને જ સંતની પંગતમાં બેસતા નથી. તેવા ત્યાગીએ સાધુની જગ્યાના કોઈ એક સ્થળે સાનુકૂળ ક્રિયા થઈ શકે ત્યાં ધીરજ રાખીને જીવન ગુજારો કરવો, પણ તેમણે મનમાં લગારેય મૂંઝાવું નહીં.

જેને આ સત્સંગ થયો છે, તેને તો હવે આ શરીર છે ત્યાં સુધી જ શરીરનાં દુઃખ ભોગવવાનાં છે. ૧૮-૨૨. કારણ કે, જેને આ સત્સંગ થયો છે તેને વારંવાર બીજાં અનંત શરીર ધરવાનું મોટું દુઃખ તો મટી ગયું છે. જમપુરી અને લખચોરાશીનાં અપરંપાર દુઃખ પણ આ સત્સંગ કરવાથી નાશ થઈ ગયાં છે. આવા શુભ વિચારે કરી માંદાએ ઉત્સાહમાં રહેવું. જે **કોઈ ભગવાન, સંતો અને હરિભક્તોના જેમ જેમ ગુણ લેતા રહે, તેમ તેમ**

તેમના બધા જ વ્યાધિઓનો અંત આવતો જાય છે. માટે જ્યાં સુધી શરીર છે ત્યાં સુધી હિંમત રાખવી. કેમ જે, આવી નિષ્ઠાવાળા ફરી દુઃખ પામતા નથી. ૨૩-૨૫.

✵ બીમારીમાં ભોજન ઘટે ને ભજન વધે, તેનો સત્સંગ સાચો :

दोहा : व्याधि कर सत्संग हि, जथार्थ ही कलात;
मृतिका के भाजन जोउ, अनल विन अर्थ न आत...२६

सोरठा : सत्संग साचे जाहि, जिमी जिमी व्याधि आत यह;
तिमि तिमि मगन रहाहि, तन लग देखत दुःख तेही...२७

तन की व्याधि हि देख, भगवान के लेवत गुण अधिक;
व्याधि देख अलेख, सत्संग ताके रंग चढत...२८

જ્યારે કોઈ દુઃખ આવે ત્યારે તેને સત્સંગ કેવો થયો છે, તે યથાર્થરૂપમાં કળાય છે. માટીનું વાસણ અગ્નિમાં તપાવ્યા વિનાનું ઉપયોગમાં આવતું નથી. ૨૬. જેને સાચો સત્સંગ લાગ્યો હોય તેને જેમ જેમ દુઃખ આવે, તેમ તેમ તે ખુશ રહે છે. વળી, 'આ શરીર છે ત્યાં સુધી જ દુઃખ છે', એવું સમજે છે. ૨૭. શરીરની પીડા દેખીને નિષ્ઠાવાન ભક્ત ભગવાનનો વધારે ગુણ લે છે. અપાર વ્યાધિને દેખી તેને સત્સંગનો અપાર રંગ ચઢે છે." ૨૮. આટલી વાત કહીને શ્રીહરિએ રોગી સંતોને દૂર બેસાડ્યા. પછી જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ લાડુ પીરસતા રહ્યા. ૨૯. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ ઉતારે જઈને બેઠા.

પછી જ્યારે સંધ્યા સમય થયો ત્યારે ચોતરા ઉપર પલંગ બિછાવ્યો હતો તેના ઉપર આવીને બેઠા. સંતો સરોદ અને દૂકડ વગાડીને હોરીનાં પદ ગાવા લાગ્યા. ૩૦-૩૧. પછી રામપ્રતાપજીભાઈ આવીને બેઠા. તેમને ગાદી-તકિયો બિછાવી દીધો. તે દિવસે જેની રસોઈ હતી તેને ભાઈની પૂજા કરવાની ઇચ્છા હતી. ૩૨. પછી રસોઈવાળાએ શ્રીહરિના મોટા ભાઈની પ્રથમ પૂજા કરી. ઘણા ભાવથી તેમના લલાટમાં કેસરચંદન ચરચ્યું. ૩૩. છાતી અને ભુજાઓ ઉપર પણ ચંદન ચરચ્યું. તેમાં શ્રીહરિની પ્રસન્નતા દેખાઈ

આવતી હતી. પછી એક ભારે શ્વેત દુશાલો હતો તે મોટા ભાઈને ઓઢાડી દીધો અને એક નવી કસુંબલ પાઘ તેમને મસ્તકે બંધાવી. આંગળીમાં સોનાનો વેઢ પહેરાવ્યો. સર્વે સંતો અને હરિભક્તો પણ ખુશ થયા. ૩૪-૩૫. તે હરિભક્તે બંને હાથ જોડ્યા અને પગે લાગ્યા.

તે પછી ઘણા ભાવથી સંતો અને શ્રીહરિની સેવામાં રહેનારા વર્ણીઓની પૂજા કરી. ૩૬. તે પછી નિષ્કામભાવે સેવા કરનારા પ્રભાશંકરભાઈ નામના જે શ્રીહરિના કોઠારી હતા તેમની પૂજા કરી. ૩૭. પછી નિષ્કામ એવા શ્રીહરિના હજૂરી પાર્ષદોની પૂજા કરી. ૩૮. મયારામ ભટ્ટ અને દાદા ખાચર આપણા સત્સંગના હરિભક્તોમાં શ્રેષ્ઠ હતા, તેથી તેમની પૂજા પણ કરી. ૩૯. દરબાર ઝીણાભાઈ અને તેમના ભાઈ ગગાભાઈની પણ પૂજા કરી. પછી સંધ્યા આરતી કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "રોગીને દૂર બેસાડવાની વાત, સંતને જમાડ્યા અને રસોઈવાળાએ પૂજન કર્યું" એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર પચીશમું : તરંગ - ૨૪

ભગવાનના આશ્રયની મહત્તા અંગે શ્રીહરિએ વાતો કહી

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરની આગળ અતિશય દુર્લભ એવી શ્રીહરિની જે વાત કહી તે હવે હું કહું છું. ૧. ભગવાનની વાતના અમૃતરસને માણનારા લોકો દુર્લભ હોય છે. નકામી જગતની વાતોના ભોગી તો ઘેર ઘેર હોય છે. ૨. તેવી નિરર્થક વાતોનું ફળ પણ નિરર્થક જ હોય છે. જ્યાં સુધી જીવને સ્ત્રી અને ધનનો ફેર-વેગ ચઢી ગયો છે અને જ્યાં સુધી સત્સંગ કરતો નથી ત્યાં સુધી તેને ચોરાશીના ફેરા ચાલુ જ રહે છે. તેમ છતાં જીવ ક્યારેય લખચોરાશીનાં દુઃખનો વિચાર કરતો નથી. ઉલટાનો જેમાં અપાર દુઃખ રહ્યું છે તેવાં સુખને જ ઈચ્છે છે. ૩-૪. જીવ જ્યાં સુધી

સત્સંગને માર્ગે ચાલતો નથી, ત્યાં સુધી બ્રહ્મા જેવો થયો હોય તોપણ શું ? કારણ કે, તેને જન્મ-મરણ તો ચાલુ જ રહે છે. અરે ! જ્યાં સુધી માથે જન્મ-મરણ ચાલુ હોય ત્યાં સુધી કદાચ વૈરાજપુરુષ જેવા મોટા થયા હોય, તોપણ તેનું શું ફળ ? ૫-૬.

ખરેખર તો જન્મ-મરણરૂપી જે દુઃખ જીવાત્માને માથે વળગ્યું છે તેને જે ટાળી નાખે તે જ ખરો બુદ્ધિમાન છે. કેમ જે, કરોડો કરોડ મનુષ્યમાં પણ એવી બુદ્ધિવાળો મનુષ્ય મળતો નથી. ૭. બધા દેવતાઓ અને મનુષ્યો જન્મ અને મૃત્યુના માર્ગમાં તણાતા જાય છે. કોઈ કદાચ કરોડો કરોડ યોગ, યજ્ઞાદિ કરે, તીર્થ અને વ્રતને માર્ગે ચાલે; એવાં ગણતાં પણ પાર ન આવે એટલાં બધાં સાધનો કરે, પણ જો એક સત્સંગ ન કરે તો તેનાં બધાં સાધનો આંકડા વિનાના શૂન્યમાં જ ખપે છે. ૮-૯. જ્યારે બધાં સાધનો મજૂરની જેમ લાચાર જેવાં થઈ જાય, અર્થાત્ સાધનનું બળ ન રહે ત્યારે જ જીવ સત્સંગના માર્ગે વળે છે. જ્યારે મનુષ્ય સત્સંગના માર્ગે ચાલે છે, ત્યારે તેની બુદ્ધિ પણ મજૂર જેવી લાચાર થઈ જાય છે. અર્થાત્ બુદ્ધિનું ડહાપણ રહેતું નથી. ૧૦. જે સત્સંગના માર્ગે ચાલે છે, તેણે સર્વે સિદ્ધાંતના ગ્રંથો ભણી લીધા છે તથા વેદ અને પુરાણોને પણ ભણી લીધા છે. અર્થાત્ જે કાંઈ ભણવાનું છે તે બધું જ સત્સંગને માર્ગે ચાલવાથી જ સફળ થાય છે. ૧૧.

જે જે મોટા મોટા બુદ્ધિમાન આચાર્યો થયા છે, તે બધા વ્યાસમુનિનાં વચનને અનુસરીને ચાલ્યા છે. ૧૨. જે કોઈ વ્યાસમુનિનાં વચન છોડીને વર્તે છે તે બધા તો દુઃખદાયી જમપુરીને માર્ગે ચાલ્યા છે. ૧૩. વ્યાસમુનિનાં જેટલાં વચનો છે તે બધાં મોક્ષપરક છે, પણ તે સમજવાં ઘણાં કઠણ છે. જેનાં હૃદયમાં ભગવાન નિવાસ કરે છે ત્યારે તેને પ્રભુનાં વચનનો સિદ્ધાંત જેવો હોય તેવો યથાર્થરૂપમાં જણાય છે. તે વિના તો જેમ છે તેમ વાત સમજવી અતિશય કઠણ છે. ૧૪-૧૫. જેના હૃદયમાં અધર્મ આવીને વસે છે તેઓ તો વ્યાસમુનિનાં વચનનો અર્થ જેવું પોતાનું અંતર હોય તેવો

કરે છે. ૧૬. તેનાથી વ્યાસમુનિને તો ક્યારેય લગાર પણ દોષ લાગતો નથી. પરંતુ જે અર્થનો અનર્થ કરીને ચલાવે છે, તેને તે જેવું કરે છે તેવો દોષ લાગે છે. ૧૭.

ગાયના આંચળમાં દૂધ અને રુધિર, બંને રહ્યાં છે. મનુષ્યો તે આંચળમાંથી દૂધ જ લે છે. તે દૂધમાંથી અમૃત જેવા દહીં, માખણ અને ઘી થાય છે. ૧૮. ઇતરડી, કથીરી અને ગિગોડા જેવાં જંતુઓ આંચળમાંથી લોહી જ પીવે છે, તેમાં ગાયને કોઈ દોષ લાગતો નથી. જે જેવું ગ્રહણ કરે છે તેને તેવું ફળ મળે છે. ૧૯. જેટલા મનુષ્યો મનમુખી થાય છે તે પરમેશ્વર જેવાનાં વચનમાં પણ રાત-દિવસ દોષોને દેખે છે અને તેમાંથી એક પણ ગુણને ગ્રહણ કરતા નથી. ૨૦. તેવા લોકો એકેએક શાસ્ત્રવચનમાં દોષ ખોળવા માટે જ ગ્રંથોનો અભ્યાસ કરે છે. મોટા પુરુષોએ જે બાબતનો નિષેધ કર્યો હોય તેનું જ તેઓ પ્રતિપાદન કરે છે. ૨૧. આવા જે અધમ મનુષ્યો છે તે મૂર્તિમાન પાપ પ્રગટ થયું હોય તેવા ગણાય છે. તે પાપી પોતામાં જેવા પાપમય ગુણ વર્તતા હોય તેવા સિદ્ધાંતો ચલાવે છે. તે જેવા મતને ચલાવે છે તેવું તેને ફળ મળે છે. જે ભગવાનનો ડર નથી રાખતા તે બધા ચંડાળની જેમ ત્યાગ કરવા લાયક છે. ૨૨-૨૩.

❋ સત્સંગ અને કુસંગ વચનમાં રહેવાથી ઓળખાય છે :

જે મનુષ્ય પોતાના અંતરમાં જેટલો ભગવાનનો ડર રાખે છે તેટલો જ તે સાચા અર્થમાં મનુષ્ય કહેવાય છે. જે ભગવાનનો ડર નથી રાખતા તે તો પશુમાં જ ખપે છે. ૨૪. જે ભગવાનના ભક્તો છે તે અક્ષરપર્યંત કોઈને ભગવાનથી અધિક માનતા નથી. ૨૫. જે લોકો બીજા કોઈને પણ ભગવાનથી જેટલા અધિક માને છે તેટલો તેના જીવમાં કુસંગ રહ્યો હોય છે. ૨૬. સત્સંગ અને કુસંગ, તે બંને વચનમાં દેખાઈ આવે છે; છુપા રહેતા નથી. જેમ પિત્તળ અને સોનું અગ્નિમાં તપે ત્યારે સ્પષ્ટ દેખાય છે, તેમ સત્સંગ અને કુસંગ વચનરૂપી અગ્નિમાં છુપા રહેતા નથી. ૨૭. તલવારનું મ્યાન ક્યારેય તલવાર સમાન થઈ શકતું નથી. અસત્ મતો મ્યાન જેવા નિરર્થક છે અને સત્ય મત તો તલવાર સમાન છે. ૨૮.

સત્ય અને અસત્ય મતની કિંમત એકસમાન હોતી નથી. અસત્ય મત રાત-દિવસ સત્ય મતનું અપમાન કરતો હોય છે. ૨૯. અસત્ય મતનું મુખ્ય ચિહ્ન એ છે કે તે ભગવાનને સત્ય નથી કહેતા. તે પોતાની બુદ્ધિને ભગવાન કરતાં પણ અધિક માને છે. ૩૦. જે લોકો ભગવાનમાં દોષ લગાડે છે તે ભગવાનના દ્રોહી કહેવાય છે અને જે ભગવાનનું ખંડન કરે છે તે પાપીઓમાં પણ સહુથી અધિક પાપી છે. ૩૧. આવું હોવા છતાં પણ ભગવાન વારંવાર અપાર ક્ષમા રાખે છે. ક્યાં જીવ અને ક્યાં ભગવાન ? જીવ તો પહેલેથી જ બદ્ધ રહ્યો છે. ૩૨.

✵ દાસપણું તે જ ખરી મહત્તા છે :

चोपाई :

अक्षर परियंत बध कहाता, भगवान ताके दास रहाता;
भगवान के दास जिहाँ लगही, बडे बडे वरतत तिहाँ लगही...३३
दास वरतत रहे जिस रीता, बडता तामें हे तिस रीता;
दास गुण जब त्याग करीता, चाय तेसे बडे जो रहीता...३४
आपके पाप आप हि ताही, नारकी करत रहाये वाही;
भगवान सबके हित कराते, तेहि करिके भगवान कहाते...३५

ભગવાનની આગળ અક્ષર સુધીના બધા જ બદ્ધ કહેવાય છે. કેમ જે, તે બધા ભગવાનના દાસ છે. જ્યાં સુધી તે મોટા મોટા પણ ભગવાનના જેવા અને જેટલા દાસ થઈને વર્તે છે, ત્યાં સુધી તેમાં તેવી અને તેટલી મોટાઈ રહે છે. જ્યારે તે ભગવાનના દાસપણારૂપી ગુણને છોડી દે છે ત્યારે તે ચાહે તેવા મોટા હોય, તોપણ સ્વતંત્ર થઈ જવા રૂપ પોતાનું પાપ તેમને નારકી કરી દે છે. ભગવાન તો સહુનું હિત જ કરે છે અને તેણે કરીને જ તે ભગવાન કહેવાય છે. ૩૩-૩૫. આ જીવ તો એવો છે કે જ્યારે બીજા કોઈને પોતા કરતાં અધિક દેખે છે, ત્યારે તેનું ભૂંડું કરે છે. જ્યારે ભગવાનનાં સર્વે ચરિત્રો તો જીવોનો મોક્ષ કરનારાં છે, એવું જે સમજે છે તે તેવી સમજણે કરીને સર્વોપરિ ભક્ત કહેવાય છે. ૩૬-૩૭. **જે ભગવાનને જેટલા નિર્દોષ જાણે છે, તેટલો તે પોતે નિર્દોષ થાય છે." તેવું શ્રીહરિએ પોતે કહ્યું છે.** ૩૮.

જ્યારે સહુ આરતી કરી રહ્યા ત્યારે શ્રીહરિએ પોતાના આશ્રિતો પ્રત્યે આ બધી વાત કરી હતી. તે મેં જેવી સાંભળી હતી તેવી કહી છે. ૩૯. સંધ્યા આરતી કર્યા પછી શ્રીહરિ રોજ સત્સંગ અને કુસંગની વાત પોતે કરતા તથા સંતોની પાસે તેવી વાતો કરાવતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "ભગવાનના આશ્રયની મહત્તા અંગે શ્રીહરિએ વાતો કહી" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર પચીશમું : તરંગ - ૨૫

શ્રીહરિએ સંતોને વિવેકપૂર્વક જમવાનાં પાત્ર આપ્યાં

શ્રીહરિએ દેશદેશના હરિભક્તો પ્રત્યે જે વાત કરી હતી તે વાત ફરી મુક્તાનંદ સ્વામી દાદા ખાચરને કહે છે. ૧. જેટલા અખતર ડાહ્યા હોય છે, તેમને બુદ્ધિનું માન રહે છે. તેથી તેઓ શ્રીહરિની અમૃત સમાન વાતમાં પણ દોષો કલ્પે છે. ૨. સત્સંગની જેટલી વાત છે તે બધી મોક્ષદાયક છે, તેમ શુભ બુદ્ધિવાળાને દેખાય છે, પણ દુર્બુદ્ધિવાળા તો તેમાં પણ દોષ કહે છે. ૩.

✻ સરળ ચિત્તવાળા છે તે જ સુમતિ છે :

જેટલા સરળ ચિત્તના અને શુભ મતિવાળા ભગવાનના ભક્તજનો હોય છે, તે ભગવાન સંબંધી સર્વે વાતોને અમૃત જાણીને તેનું પાન કરે છે. તેથી તે જન્મ-મરણનાં દુઃખથી છૂટી જાય છે. પણ જે લોકો પોતાની બુદ્ધિમત્તાને દેખાડવા માટે કાકચાતુરી કરે છે, તે જન્મ-મરણથી છૂટશે નહિ અને વારંવાર સંસારમાં ભટકતા રહેશે. **જેને ભગવાનની વાત સાંભળવામાં જેટલો ભાવ રહે છે, તે ભાવ અનુસાર તેનો તેટલો મોક્ષ થાય છે.** કેમ જે, મોક્ષ થવાની રીત તો ભાવ છે, એમ દેખાય છે.

આ રીતે જ્યારે શ્રીહરિ સત્સંગ અને કુસંગ સંબંધી વાત કરી રહ્યા, ૪-૭. ત્યારે માંગરોળના અનન્ય ભક્ત સંઘેડિયા આણંદજીભાઈ નામે હતા તે પંચાળા આવ્યા. ૮. તેઓ સંતોને જમવા માટેનાં કાષ્ઠનાં પાત્ર લાવ્યા

હતા. લગભગ પચાસ જેટલાં પાત્ર તેમણે શ્રીહરિની આગળ લાવીને મૂક્યાં. ૯. આણંદજીભાઈને ત્રણ-ચાર દીકરા હતા. તેઓ સંઘાડિયાનું કામ કરતા હતા. તે બધા આવીને શ્રીહરિને પગે લાગ્યા અને શ્રીહરિના પ્રત્યે બોલ્યા, ૧૦. "જે મોટા મોટા સંતો છે તેમને આમાંથી જમવા માટેનું એક એક પાત્ર આપો."

પછી શ્રીજીમહારાજ સંતોના પ્રત્યે ઘણું હેત લાવીને બોલ્યા, ૧૧. "જેટલા મોટા મોટા સંતો છો તેમને માટે આણંદજીભાઈ પાત્ર લાવ્યા છે. તો જેની પાસે પાત્ર ન હોય એવા મોટેરા સંતો પહેલા આ પાત્ર લો." ૧૨. મોટા સંતો બધા શ્રીહરિની રીતને જાણતા હતા. તેથી તેઓ શ્રીહરિના પ્રત્યે બોલ્યા, "અમે પાત્ર વગરના નથી." ૧૩. પછી બીજા જે સંતો હતા તે શ્રીહરિની રીતને જાણતા ન હતા. તેથી તે પાત્ર શ્રીહરિની પ્રસાદીનાં છે, એમ જાણીને પ્રેમથી માગવા લાગ્યા. ૧૪. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "જેની પાસે પાત્ર ન હોય તેને માટે આ પાત્ર છે. માટે તેઓ એક એક ઊઠીને આવો, અમે પાત્ર આપીએ." ૧૫.

પછી ઉજાસાનંદ સ્વામી ઊઠીને શ્રીહરિની પાસે આવ્યા અને એક પાત્ર માગ્યું. ત્યારે શ્રીહરિએ કહ્યું, "અત્યારે તમે શેમાં જમો છો ?" ત્યારે તે સ્વામી હાથ જોડીને બોલ્યા કે, "મારું પાત્ર ફૂટી ગયું છે તેને રાળ દઈને રાખ્યું છે. શ્રીહરિ કહે, "ફૂટેલું પાત્ર લાવો જોઈએ ! પહેલા દેખીને પછી આપશું." ૧૬-૧૭. તે સંત ફૂટેલું પાત્ર લાવ્યા. તે પાત્ર તુંબડાનું હતું. પછી શ્રીહરિએ સારા-મોળાની તારવણી કર્યા સિવાય જે હાથમાં આવ્યું તે કાષ્ઠનું પાત્ર તેમને આપ્યું. શ્રીહરિ સંતોને તેનું મનધાર્યું પાત્ર આપતા નહીં. ૧૮.

✵ સંતનું ગમતું કરે તે સુમતિ, મનધાર્યું કરે તે કુમતિ :

चोपाई :

निज धारे करत रहे जितना, सत्संग ताके सुख हि तितना;
आवत तामें कसर रहाते, हरि इमि केति वेर हि कहाते...१९

જે જેટલું પોતાનું ધાર્યું કરતો રહે છે તેને તેટલું સત્સંગનું સુખ મળવામાં કસર રહે છે; આવું શ્રીહરિ કેટલીયે વાર કહેતા હતા. ૧૯. સંતોને પાત્ર આપતાં જેટલાં વધ્યાં તેટલાં શ્રીહરિએ દરબાર ઝીણાભાઈને બોલાવીને આપ્યાં અને કહ્યું કે, "આ તમે રાખી મૂકો. જ્યારે જોઈશે ત્યારે અમે કહેશું. સંતો જ્યારે આવીને માગશે ત્યારે અમે જ તેમને આપશું. તમારી પાસે આવીને કોઈ સંત માગે તો અમારી પાસે તેને મોકલજો. ૨૦-૨૧. પછી અમે તેમનું જૂનું પાત્ર જોઈને આપશું. પાત્ર દેખ્યા સિવાય કોઈને આપવાનું નથી. જ્યાં સુધી મનગમતું કરે, ત્યાં સુધી અમે તેમને સંત માનતા નથી. ૨૨. અમે સત્સંગમાં જ્યારથી આવ્યા છીએ ત્યારથી અમારો આવો સ્વભાવ છે. આત્માનંદ સ્વામી ઘણા મોટા થઈ ગયા, તેમનો પણ એવો જ સ્વભાવ હતો. સંતોનું મનગમતું તેઓ છોડાવી દેતા. રામાનંદ સ્વામી પણ સંતોનું મનધાર્યું ક્યારેય ચાલવા દેતા નહીં. મનધાર્યું ન ચાલવા દઈએ તેણે કરીને જેને જેટલો સત્સંગનો ખપ હોય તે દેખાઈ આવે છે. ૨૩-૨૫.

दोहा : सत्संग के खप जिनकू, निज धारे हि तामें;
बंधन यह देखत रहे, सुमति रहेउ जामें...२६

सोरठा : कुमति रहे जा महीं, निज धारे सो करत तेही;
बंधन रहे ता महीं, कुमति तेही देखत नहि...२७

જેને સત્સંગનો ખપ હોય અને જેમાં શુભમતિ હોય તે પોતાનું ધાર્યું કરવામાં બંધન દેખે છે. ૨૬. જેમાં કુબુદ્ધિ રહી હોય તે પોતાનું મનધાર્યું કરે છે. કેમ જે, મનધાર્યું કરવામાં જે બંધન રહ્યું છે, તે કુમતિવાળાને દેખાતું નથી. ૨૭. જેમાં કુમતિ હોય છે તે સુમતિવાળાનો દ્રોહ કરવાના પ્રયત્નમાં જ તત્પર રહે છે. ૨૮.

चोपाई :

कुमति त्याग करन हित जेहा, सत्संग कारण रहे तेहा;
एसे देखेमें आवत जाही, सुमति जन कहावत ताही...२९

सुमति तामें भगवान ताके, प्रगट निवास रहाये वाके;
सुमतिरूप इतना गुण जेहू, भगवान के गुण रहे तेहू...३०

તેની દુર્બુદ્ધિનો ત્યાગ કરવા માટે આ સત્સંગ મૂળ કારણ છે. આમ જેને સમજ્યામાં આવે છે તે મનુષ્ય શુભ બુદ્ધિવાળો કહેવાય છે. ૨૯. શુભ બુદ્ધિવાળામાં ભગવાનનો સાક્ષાત્ નિવાસ રહ્યો હોય છે. શુભમતિરૂપ જે ગુણ છે તે ભગવાનનો ગુણ છે. ૩૦. કુમતિરૂપ ગુણ છે તે કળિયુગનો છે. તે ગુણ કુમતિવાળાને કજિયામાં સુખ મનાવે છે. કુમતિવાળામાં કળિયુગનો સદાય નિવાસ રહે છે. ૩૧. જે શુભબુદ્ધિવાળા છે તે કુબુદ્ધિ અને કળિયુગના દોષ દેખાડવા માટે તથા કુબુદ્ધિ અને કળિયુગને વશ રહેનારા મનુષ્યોને સુમતિના માર્ગ ઉપર ચલાવવા માટે સતત ઉપાય કરતા રહે છે. જેની તરફ ભગવાન રહ્યા હોય તે તો સર્વોપરિ વાત કહેવાય. ૩૨-૩૩. જેટલી વાતમાં પ્રગટ પ્રમાણ ભગવાન રહ્યા હોય, તેટલી વાતોને શુભ બુદ્ધિવાળા મનુષ્યો ગ્રહણ કરે છે. ૩૪.

જે સારી સારી વાત હોય છે તે બધી અમને પ્રિય લાગે છે. અને જે સરસ સરસ વાત હોય છે તેમાં સરસ મોક્ષ રહ્યો હોય છે. ૩૫. અસારરૂપ વાતોમાં જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીનું અપાર દુઃખ રહ્યું હોય છે. ૩૬. શુભ બુદ્ધિવાળા મનુષ્યો જીવનભર જેટલી સારી સારી વાતો હોય છે તેને રાત-દિવસ ગ્રહણ કરતા રહે છે. ૩૭. સારી સારી વાતોમાં પણ કુબુદ્ધિવાળા લોકો પોતાની કુબુદ્ધિએ કરીને કજિયો કરતા રહે છે. ૩૮. કુબુદ્ધિનો ત્યાગ કર્યા સિવાય મનુષ્ય ક્યારેય સદ્‌બુદ્ધિવાળો થતો નથી. જેના ઘણાં મોટાં સદ્‌ભાગ્ય હોય તે જ સદ્‌બુદ્ધિને ગ્રહણ કરે છે.” ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં “શ્રીહરિએ સંતોને વિવેકપૂર્વક જમવાનાં પાત્ર આપ્યાં” એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર પચીશમું : તરંગ - ૨૬

સમગ્ર હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને તેમના શુદ્ધ ભાવની પ્રશંસા કરી

હવે મુક્તાનંદ સ્વામીએ કહેલી અને મેં સાક્ષાત્ જોયેલી હુતાશનીના દિવસની વાત કહું છું. ૧. જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ ઝીણાભાઈના દરબારમાં ભવનની આગળના ચોકમાં જ્યાં ચોતરો હતો, ત્યાં બિછાવેલા પલંગ ઉપર હરિભક્તોને દર્શન દેવા માટે આવીને બેઠા. ૨-૩. ચોક ઘણો વિશાળ હતો. તેમાં મંડપ બાંધ્યો હતો. જે સંતો હતા તે તત્કાળ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા અને પછી સહુ સભા કરીને બેઠા. જે હરિભક્તો હતા તે પણ ત્યાં આવીને બેઠા. શ્રીહરિએ બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મૂર્તિ અતિશય શોભી રહી હતી, જે કહી શકાતી નથી. ૪-૫. **જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા શ્રીહરિના સ્વરૂપમાં પોતાના નેત્રની વૃત્તિને પરોવીને બેઠા હતા. તે વખતે તેમને શ્રીહરિની મૂર્તિમાં શોભાની જેટલી કાંઈ સીમા હોય તે દેખાતી હતી. અર્થાત્ સર્વથી શ્રેષ્ઠત્તમ શોભા મૂર્તિમાં રહી છે, એમ દેખાતું હતું.** ૬. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી આદિક સંતો ઝાંઝ અને મૃદંગ બજાવવા લાગ્યા. પછી હોરી, વસંત અને ધુમારનાં જે પદ ગાતા હતા. તેની જે અદ્‌ભુત શોભા બની હતી તે વર્ણવી શકાતી નથી.

આ ઉત્સવમાં ગામે ગામના હરિભક્તોએ અપાર લાભ લીધો. ૭-૮. તે સહુ હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેમના હૃદયમાં ભાવ અતિશય છવાયેલો હતો. સહુ પહેલા સુરતના હરિભક્તો પૂજા કરવા આવ્યા. તેઓ કેટલાય પ્રકારની પૂજા સામગ્રી લાવ્યા હતા. ૯. જેના મનમાં જેવો મનોરથ હોય તેવી તેઓ પૂજા લાવતા હતા. જેને વસ્ત્રો અર્પવાનો ભાવ હોય તેઓ વસ્ત્ર લાવીને સમર્પણ કરતા હતા. ૧૦. જેને ઘરેણાં પહેરાવવાનો જેવો ભાવ હોય તેઓ તેવાં ઘરેણાં લાવીને અર્પણ કરતા હતા. **હરિભક્તોનો જેવો પ્રેમભાવ હોય તેને તેવા રૂપમાં શ્રીહરિ જાણતા હતા.** ૧૧. **જે હરિભક્તોનો**

જે રીતનો ભાવ હોય તે રીતે તેણે આપેલી તે તે વસ્તુને શ્રીહરિ સ્વીકારતા હતા. તે ભક્તોએ કેટલીયે જાતના મેવા અને મીઠાઈઓ લાવીને તે વખતે શ્રીહરિને અર્પણ કરી. ૧૨.

જે થાળ ભરી ભરીને લાવ્યા હતા તે થાળનો કોઈ પાર ન રહ્યો. કેટલાક પાત્રોમાં ગુલાલ ભર્યો હતો. જે રંગથી છટાદાર લાગતો હતો. ૧૩. બુરાનપુર તથા ખાનદેશના જે હરિભક્તો હતા તેમણે પણ વિવિધ પ્રકારની વસ્તુઓ લાવીને પૂજા કરી. ૧૪. જે જે હરિભક્તો થાળ ભરીને પૂજા લાવતા હતા તે બધા પ્રેમથી શ્રીહરિને પૂજતા હતા. ૧૫. અમૂલ્ય વસ્ત્ર અને ઘરેણાં લાવનારા ભક્તોનો ભાવ અમાપ હતો. તેઓએ વસ્ત્ર-અલંકારાદિક લાવીને શ્રીહરિને અર્પણ કર્યાં. ૧૬. તે હરિભક્તોએ કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી, તે પછી સંતો તથા વર્ણીઓની પણ પૂજા કરી. ૧૭.

✵ જેટલો અલૌકિક ભાવ તેટલું સુખ :

चोपाई :

हरि के धाम के संत ऋषि जेते, हरि संग हि आये हे तेते;
इमि जानीकर पूजत रहाते, अलोकिक भाव कहे न जाते...१८
अलोकिक भाव रहे जिस रीता, ताके अंतर सुख तिस रीता;
वरतत रहत कहे न जाता, हरि बिन सुख सब तुच्छ देखाता...१९

આ સંતો તો ભગવાનના ધામના મુક્ત છે, કેટલાક તો ઋષિઓ છે. આ બધા શ્રીહરિની સાથે ધામમાંથી આવ્યા છે, એમ જાણીને હરિભક્તો પૂજા કરતા હતા. તેમનો અલૌકિક ભાવ કહી શકાતો નથી. ૧૮. જેના હૃદયમાં જેવો અલૌકિક ભાવ હોય છે તેના હૃદયમાં તેવું સુખ વર્તે છે, તે કહી શકાતું નથી. તે સુખની આગળ ભગવાન સિવાયનું બીજું બધું સુખ તુચ્છ દેખાતું હતું. ૧૯. **ભગવાન સિવાયનાં જેટલાં સુખ કહેવાય છે તે બધાંને તુચ્છ કરવા માટે સત્સંગ સિવાય બીજું કોઈ સાધન નથી. આ સત્સંગ એવો મહિમાવંતો છે. ૨૦. સત્સંગ કરવા છતાં પણ સમજણ-મહિમા વિના આ સત્સંગનું જેવું છે તેવું મહત્ત્વ દેખ્યામાં આવતું નથી.**

જેમ કે, કોઈ ભિખારણને સહુથી મોટી રાણી બનાવવામાં આવે તોપણ તે ઘેર ઘેર ભીખ માગતી ફરે છે. ૨૧. તેનાં બધી જાતનાં દુઃખ મટી ગયાં હોય છે અને જે કાંઈ સુખ કહેવાય છે તે બધું જ તેને મળ્યું હોય છે, તોપણ તે રાણી ભીખ માગતી રહે છે. કેમ જે, તેમાં જ તે પરમ સુખ માને છે. ૨૨. એવી રીતે જે કોઈ સમજ્યા વિના સત્સંગ કરે, તેને સત્સંગનું સુખ આવતું નથી. તેથી આ અમૂલ્ય સત્સંગનો ત્યાગ કરીને અમાપ રીતે સંસારમાં ભટકતો રહે છે. ૨૩. જેમ ભિખારણને રાણી કરી હતી તે છેવટે તો તેવી ને તેવી જ રહી, તેમ ભિખારણના જેવી જેની સમજણ હોય તેને સત્સંગનું સુખ આવતું નથી. ૨૪.

પ્રહ્લાદ, પ્રિયવ્રત, વિભીષણ, ધ્રુવ, જડભરત, ચિત્રકેતુ અને જનક વગેરે ભક્તોની સમજણ ગ્રહણ કરીને જો તેવી જ રીતે સત્સંગ કરે તો ભગવાનના ભક્તનું અંગ વૃદ્ધિ પામે છે. ૨૫-૨૬. હરિભક્તો આવી રીતે સમજીને સત્સંગ કરતા હતા. તેથી સત્સંગ ઉપર તેમને વધારેમાં વધારે પ્રેમ થતો હતો. ૨૭. શ્રીહરિને અને સંતોને અલૌકિક જાણીને હરિભક્તો હૃદયમાં ખૂબ હેત પ્રગટાવીને વારંવાર પૂજા કરતા હતા. ૨૮. **અલૌકિક ભાવ રાખીને જે સત્સંગ કરે છે, તેનું સત્સંગનું અંગ વૃદ્ધિ પામે છે.** જે રીતે ઉદ્ધવજીએ સત્સંગ કર્યો હતો તે રીતે તે સહુ હરિભક્તો સત્સંગ કરતા હતા. ૨૯. અમુક ભક્તો અક્રૂરના જેવો સત્સંગ કરે છે, તે પૂરા ભક્ત કહેવાય નહીં. જેને શરીર છૂટે ત્યાં સુધી એક જ સરખો ભાવ રહે, તેનો સત્સંગ પૂરો કહેવાય છે. ભાવ ઉપરથી જેવી રીતે સત્સંગ કરતા હોય તે દેખાઈ આવે છે. જેનો જેવો સત્સંગ હોય તેને ભાવ દેખાડી દે છે, છૂપો રહેતો નથી. ૩૦-૩૧.

❋ કામ પડે ત્યારે જ વ્યક્તિનો ભાવ જણાય છે :

જે વસ્તુ જેવી હોય તેને તેના ગુણો અને સુગંધ કહી દે છે, તેમ અંતરનો કે ઉપરનો જેવો સત્સંગ હોય તે તેનો ભાવ કહી દે છે. તે છૂપો રહેતો નથી. ૩૨. **ભાવ તો અંતર્યામીના જેવો છે. જે મનુષ્ય જેવો હોય તે ભાવ ઉપરથી દેખાય છે.** જ્યાં સુધી માણસનું કામ નથી પડતું ત્યાં સુધી બધા સરસ જ

દેખાય છે. ૩૩. કામ પડે તે બાબત તો અગ્નિની કસોટી જેવી છે, તે જેનું જેવું અંતર હોય તે કામ કહી દે છે. બીજાનું દિલ જોવાના ઘણાં દ્વાર-નિમિત્ત છે, પણ બુદ્ધિ વિના તે એકેય દ્વાર ક્યારેય દેખ્યામાં આવતા નથી. જે વાત જેવી હોય તેને જાણવા માટે તેવી બુદ્ધિ હોવી જોઈએ. ૩૪-૩૫.

માણસમાં ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ; એમ ત્રણ પ્રકારની બુદ્ધિ હોય છે. તે બુદ્ધિમાં જે જે રીતના પાશ લાગ્યા હોય તે પાશ તેનું અંતર જેવું હોય તેવું બહાર જણાવી દે છે. જેના ઉપર જેવું હેત હોય તેને જાણવાનું મુખ્ય દ્વાર તેની રુચિ છે. ૩૬-૩૭. મનુષ્યમાં રુચિ ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. તેમાં કેટલીક રુચિ કીર્તિ વધારે છે અને કેટલીક રુચિ દૂષણરૂપ હોવાથી અપકીર્તિ ફેલાવે છે. ૩૮. જેટલો કુસંગ છે તે અપકીર્તિનો માર્ગ છે અને જેટલા સત્સંગના માર્ગ છે તે શુભકીર્તિ કરનારા છે. ૩૯. જે હરિભક્ત આવું સમજીને સત્સંગ કરતા રહે છે તેને સત્સંગના ઉપર બહુ ભાવ રહે છે અને તેથી તે જ સત્સંગમાં મોટા રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "સમગ્ર હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને તેમના શુદ્ધ ભાવની પ્રશંસા કરી" એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર પચીશમું : તરંગ - ૨૭

મૂર્તિમાં હેત વધારવા અને સત્સંગનો ઉત્કર્ષ કરવા માટે શ્રીહરિ સમૈયા કરતા

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર આગળ જે વાત કહી હતી, તેને હું બધા હરિભક્તોની સમક્ષ જેમ છે તેમ કહું છું. ૧. **શ્રીહરિ, સંતો, વર્ણી અને હરિભક્તોની વાત જેમ છે તેમ ન કહીએ તો ક્યારેય તેની ખબર પડે નહીં. આ વાત એમ જ છે.** ૨. જેમાં જેવો અને જેટલો સાર તથા અસાર રહ્યો હોય છે, તેને વાત જણાવી દે છે. કારણ કે વાતમાં એવો ગુણ રહ્યો છે. ૩. જે સત્ય અને અસત્ય વાતોનો કહેતા પાર આવતો

નથી. તેમાં જે અસત્ય વાત કહેવાય છે તે ત્યાગ કરવા યોગ્ય છે. ૪. સત્ય વાતને લીધે જ અસત્ય વાત દેખ્યામાં આવે છે. સત્ય વગર અસત્ય દેખાતું નથી અને અસત્ય વિના ક્યારેય સત્ય ઓળખાતું નથી. ૫. તે એકબીજાને દેખાડી દે છે, તેણે કરીને સત્ય-અસત્યનો વિભાગ રહે છે. સત્ય માર્ગે કરીને અસત્ય માર્ગ દેખાય છે. ૬. અસત્ય માર્ગે કરીને જેટલો સત્ય માર્ગ છે તે દેખવામાં આવે છે.

✻ સંત જ સાચા જ્ઞાનના દાતા છે :

ઈન્દ્રિયો અને અંતઃકરણમાં જે જ્ઞાન રહ્યું છે તે તેના દેવને લીધે રહ્યું છે. ૭. ઈન્દ્રિયો અને અંતઃકરણમાં તેના દેવતાઓ વિના જ્ઞાન રહેતું નથી, પરંતુ જ્ઞાનના દાતા સંત કહેવાય છે. જીવ શરીરમાંથી નીકળી જાય છે ત્યારે ઈન્દ્રિયો, અંતઃકરણ તથા દેવતાઓ જીવની સાથે બીજા દેહમાં જાય છે. પરંતુ સંતોએ આપેલું જ્ઞાન તો મોક્ષાવસ્થામાં પણ જીવની સાથે જ રહે છે. જ્યાં સુધી જીવ સુષુપ્તિ અવસ્થામાં રહે છે ત્યાં સુધી તેને પોતાનું અને બીજાનું જે કાંઈ જ્ઞાન હોય છે તે બધું લીન થઈ જાય છે. તેથી ત્યારે તેને સુખ-દુઃખનું જ્ઞાન પણ રહેતું નથી. તેમજ જે માનસિકપીડા હોય છે તે પણ જણાતી નથી. ૮-૧૦. અને શરીરમાં જેટલી પીડા રહી હોય છે તે પણ સુષુપ્તિમાં રહેતી નથી. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ; એ ત્રણ જીવનાં શરીર છે. ૧૧. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ; એ ત્રણ અવસ્થા કહેવાય છે. ઉપર કહ્યા તે ત્રણ પ્રકારનાં શરીરના ભોગ પણ ત્રણ પ્રકારના હોય છે. ૧૨.

✻ અંતર્યામીની અવગણના ન કરે તે જ જ્ઞાની છે :

दोहा : अंतरजामी ईश्वर जो, निरलेप अतर्क अपार;
माप न आवत कोउके, अक्षर लग निरधार...१३

भक्त रहे निष्कपट जो, पोताके डापन जेते;
ताके करत त्याग जब, समीप वरतत तेते...१४

सोरठा : जीव सबके समीप रहेउ, अंतरजामी शक्ति कर;
ज्ञान जितना हि तेउ, तितना समीप रहत तेही...१५

અંતર્યામી પરમેશ્વર તો અપાર નિર્લેપ અને અતર્ક્ય છે. અક્ષર સુધીના કોઈના માપમાં તે ચોક્કસરૂપમાં આવતા નથી. ૧૩. જે નિષ્કપટ ભક્ત હોય તે જ્યારે પોતાના સર્વ ડહાપણનો ત્યાગ કરે છે, ત્યારે અંતર્યામી પરમેશ્વર તેની સમીપે વર્તે છે. પરમેશ્વર પોતાની અંતર્યામી શક્તિએ કરીને બધા જીવોની પાસે જ રહ્યા છે, પરંતુ તે બાબતનું જેને જેટલું જ્ઞાન હોય તેટલો તેને પરમેશ્વરની સમીપતાનો લાભ થાય છે. ૧૪-૧૫.

કોઈ માણસ બ્રહ્મા જેવો અતિ બુદ્ધિમાન હોય, પણ જ્યાં સુધી તે પોતાની બુદ્ધિનું જેટલું અભિમાન રાખે છે, ત્યાં સુધી ભગવાન તેની સમીપે જ હોવા છતાં તેટલા દૂર રહે છે. ૧૬-૧૭. જે મનુષ્ય જેટલો સત્સંગને આશરે રહે છે, તેને તેટલો પ્રગટ ભગવાનનો નિશ્ચય છે. જેવા સંતોના ધર્મ છે તે પ્રમાણે ભાવથી જે સંત વર્તતા હોય, એવા સંત જ્યારે વાત કરે ત્યારે તે સંતની વાતનું અમૃતની જેમ જે પાન કરે તથા પોતાની બુદ્ધિનું જેટલું કાંઈ માન હોય તેને ભવમાં ભટકાવનારું જ માને; એવો જે મનુષ્ય હોય તેને સત્સંગ થાય છે. પછી તે જેમ જેમ સંતસમાગમ કરે છે તેમ તેમ દિવસે દિવસે તેને સત્સંગનો રંગ વધારે ને વધારે ચઢતો જાય છે. ૧૮-૨૦.

❋ સંત, સત્સંગનો યોગ, મટાડે મોટો ભવરોગ :

સંતોનો સમાગમ તો એવો છે કે તે સંસારનાં બંધનને તોડી નાખે છે. જેટલા કાંઈ સંસારનાં બંધનો કહેવાય છે તે જ જન્મ-મરણનું કારણ છે. ૨૧. જ્યાં સુધી જન્મ-મરણ ચાલુ રહે, ત્યાં સુધી જમપુરીનું દુઃખ તથા લખચોરાશીનું દુઃખ તલભાર જેટલું પણ ટળતું નથી. ૨૨.

चोपाई :

सत्संग संत जोग रहे ऐसे, दुःख मात्र मिटावन हे तैसे;
सत्संग संत के संग हि तामें, सरवोपरि लाभ रहे यामें...२३
चिंतामनि कल्पवृक्ष तिनसे, कोटिगण लाभ रहाये इनसे;
लाभ मनावना कठिन रहेऊ, भाव ताकू सहज हे तेऊ...२४

સત્સંગ અને સંતોનો યોગ એવો છે કે તે દુઃખમાત્રને મટાડી દે છે. સત્સંગ અને સંતોના સંગમાં સર્વોપરિ લાભ રહ્યો છે. ૨૩. તે બંનેનો લાભ

ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતાં પણ કરોડગણો વધારે છે. પરંતુ જીવને તેમાં લાભ મનાવો કઠણ છે, છતાં જેને ભાવ હોય છે તેને માટે તે સહજ છે. ૨૪. જેના ઉપર જેને ભાવ થાય છે ત્યારે તે કામ ચાહે તેટલું કઠણ હોય તોપણ તે મનુષ્ય તેને સિદ્ધ કરી દે છે. ૨૫. **ભાવ વગર તો સુગમ કામ હોય તોપણ સિદ્ધ થાતું નથી. એટલે જ સંતો સૌથી પહેલા જીવના હૃદયમાં ભાવ ઉત્પન્ન કરે છે.** ૨૬. ચાર વર્ણ અને ચાર આશ્રમનાં બધાં મનુષ્યો સંસારની સન્મુખ સુખની આશા કરીને દોડ્યાં જાય છે. ૨૭. કારણ કે, તે જીવોને પરમેશ્વરના સુખની તો ગમ નથી. તેથી જેમાં કહ્યે પાર ન આવે એવું અપાર દુઃખ રહ્યું છે, તે તરફ દોડ્યા કરે છે. ૨૮.

રાજા, રાંક, પંડિતો, મોટા મોટા બુદ્ધિમાન અને દેવો-દૈત્યો વગેરે સર્વે દુઃખમાં જ સુખ માનીને જીવે છે. તે બધા દુઃખના માર્ગે અતિશય સુખ માની રહ્યા છે. ખરેખર તો સંસાર સન્મુખ જતા માર્ગમાં નખથી શિખા પર્યંત દુઃખ ભર્યું છે. ૨૯-૩૦. સંતો જ્યારે આ રીતે જીવને દૃઢપણે સમજાવે છે, ત્યારે તે સત્સંગ સન્મુખ ચાલે છે. પછી તે જેટલો સત્સંગ સન્મુખ ચાલે છે, તેટલાં તેનાં સંસારનાં દુઃખ છૂટી જાય છે. ૩૧. સત્સંગ વિના કરોડો ઉપાયો કરવામાં આવે તોપણ સંસારનું દુઃખ ટળતું નથી.

તેથી સત્સંગની વૃદ્ધિ કરવા માટે શ્રીહરિ સમૈયાઓ કરતા હતા. ૩૨. શ્રીહરિ પોતાના જે આશ્રિત થયા હોય તેમના સત્સંગને દૃઢ કરાવવાનું મનમાં ધારીને વરસોવરસ બે, ત્રણ કે ચાર સમૈયાઓ કરતા હતા. ૩૩. જ્યારે વસંતપંચમી અને હુતાશની વરસોવરસ આવે ત્યારે શ્રીહરિ જે ગામમાં વિરાજમાન હોય ત્યાં હરિભક્તોના હેતને વધારવા માટે અપાર ગુલાલ અને વિવિધ પ્રકારનો રંગ સંતો અને હરિભક્તોના ઉપર નાખતા હતા. એવો રંગોત્સવ કોઈ વખત દેખ્યો ન હોય અને કાને સાંભળ્યો પણ ન હોય એટલો રંગ ઉડાડતા.

શ્રીહરિની જેટલી વાતો છે તે બધી તેને યાદ કરનારનો મોક્ષ કરનારી છે. ૩૪-૩૬. મુમુક્ષુ જીવોનો મોક્ષ થાય તે માટે ભગવાન અને ભગવાનના ભક્તની વાત હું અતિ ભાવથી કહું છું. આ વાતો તો એવી અતિ દુર્લભ

છે. ૩૭. ભગવાન અને ભગવાનના ભક્તની વાત સિવાય કોઈ વાત મોક્ષ કરતી નથી. બીજી ચાહે તેવી વાત હોય તોપણ તે સંસારમાં ભટકાવતી રહે છે. સંસારનાં બંધનથી છૂટવા માટે આ શ્રીહરિની વાતો પરમ પ્રેમથી કહું છું. તે બધી વાતો સર્વોપરિ છે. ૩૮-૩૯. જ્યારે શ્રીહરિ અને તેમના સંતો-ભક્તોની જ વાત સર્વોપરિ સમજે અને એવી બીજી કોઈ વાત ન મનાય ત્યારે તેને પૂરો સત્સંગ થયો કહેવાય. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "મૂર્તિમાં હેત વધારવા અને સત્સંગનો ઉત્કર્ષ કરવા માટે શ્રીહરિ સમૈયા કરતા" એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર પચીશમું : તરંગ - ૨૮

શ્રીહરિ વસ્ત્ર-અલંકારથી સજ્જ થઈને ગામ બહાર આવ્યા અને ત્યાં બાલા ગામના દરબાર આવ્યા

મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરને કહ્યું કે, "હુતાશનીને દિવસ દરબાર ઝીણાભાઈની નવીન રસોઈ હતી. ૧. રામપ્રતાપજીભાઈએ શ્રીહરિને માટે રસોઈ કરી અને તેમને જમાડ્યા. પછી જ્યારે સંતોની પંગત કરી ત્યારે તેમાં શ્રીહરિ પીરસવા આવ્યા. ૨. શ્રીહરિના દિલમાં ભક્તજનોને પ્રસન્ન કરવાનો ભરપૂર ભાવ હતો. તેથી તેમને રાજી કરવાને માટે શ્રીહરિ જલેબી અને મોતીચૂર સંતોને પીરસવા માટે આવ્યા. ૩. જ્યારે હરિભક્તો મનમાં ઘણો ઉત્સાહ રાખીને રસોઈ આપતા ત્યારે જેવો તે ભક્તોનો ભાવ હોય તે રીતે શ્રીહરિ પીરસતા હતા. ૪. જે દિવસથી પંચાળા ગામમાં શ્રીહરિ અને સંતો આવ્યા હતા તે દિવસથી દેશોદેશથી હરિભક્તો પંચાળા આવતા હતા. ૫. જે ધનાઢ્ય બાઈ-ભાઈ હરિભક્ત હતાં તે બધાં શ્રીહરિ અને સંતોને માટે મનમાં જેવો ભાવ હોય તે રીતે રસોઈ આપતાં હતાં. ૬. શ્રીહરિ જ્યારે સંતોને પીરસતા ત્યારે તેમાં અતિશય ભાવ દેખાડતા. હેત વિના ભાવ થતો નથી. પીરસતી વખતે શ્રીહરિ એવા ભાવિક દેખાતા હતા. ૭. લાખો

મનુષ્યો જેને ભગવાન રૂપે માનતા હોય તે પોતે પંગતમાં આવીને પીરસે, એ વાત તો ઘણી કઠણ દેખાય છે. ૮.

❋ શ્રીહરિનો મહિમા :

चोपाई :

अक्षर के एक एक जोऊ, रोम ताके हि माहिं सोऊ;
अनंत अनंत कोटि हि जाही, ब्रह्मांड उडत अणु जिमी ताही...०९

एसे अक्षर के रहे ईशा, ब्रह्मांड की मोटप कोन दीशा;
अति सुख दीने हरिजन ताकू, मनुष्याकृति रहेउ धराऊ...१०

मनुष्याकृति धरे कहा होई, जेसे के तेसे रहे सोई;
इहाँ श्रीहरि रहे जिस रीता, अक्षर तामें रहे तिस रीता...११

अक्षर तामें रहाये जिमी, इहाँ बिचरत रहाये तीमी;
संत हरिजन नकी जितने, एसे जानत रहेउ तितने...१२

જે અક્ષરના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડો અણુની જેમ ઊડે છે એવા અક્ષરના પણ પોતે ઈશ્વર-નિયંતા છે. તેમની આગળ બ્રહ્માંડની મોટાઈની તો શી વિસાત ? એવા મોટા શ્રીહરિએ મનુષ્યાકૃતિ ધારીને ભક્તજનોને અતિ સુખ દીધું છે. ૯-૧૦. ભગવાને મનુષ્યાકૃતિ ધારી તો શું થયું ? ભગવાન તો જેવા છે તેવા ને તેવા જ છે. શ્રીહરિ આ લોકમાં જે રીતે રહે છે તે રીતે જ અક્ષરધામમાં રહ્યા છે. ૧૧. શ્રીહરિ જેવા અક્ષરધામમાં રહ્યા છે, તેવા ને તેવા જ ત્યાં રહ્યા થકા અહીં વિચરણ કરતા હોય છે. જે પાકા સંતો અને હરિભક્તો હોય છે તે શ્રીહરિનું સ્વરૂપ આવું જાણે છે. ૧૨. તેવા સંતો-ભક્તોને શ્રીહરિનું તેવું દિવ્ય અપાર સુખ આવે છે. તેથી તેમને આ લોકનો ક્યારેય લેશમાત્ર ક્લેશ થતો નથી. ૧૩.

दोहा : समझ में जितना कसर हि, तितना दुःख रहे ताय;
समझ पाये जो सुखहु कि, दुःख न ताकू रहाय...१४

જેને સમજણમાં જેટલી કસર રહે છે તેને તેટલું દુઃખ રહે છે. જે સાચા સુખની સમજણને પામ્યા હોય છે, તેમને કોઈ જાતનું દુઃખ રહેતું નથી. ૧૪. સત્સંગ સિવાયનું જે કાંઈ પણ છે તે બધો દુઃખનો માર્ગ છે. જેને

પૂર્ણ સત્સંગ થયો હોય છે તે તેવાં દુઃખને જાણતા હોય છે. જ્યારે ભાવથી સત્સંગ કરવામાં આવે ત્યારે જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીનું દુઃખ દૂર થઈ જાય છે. ૧૫-૧૬. શ્રીહરિ સંતોને જમવાનું જેટલું ભોજન હતું તે બધું જ્યારે પીરસી રહ્યા ત્યારે શ્રીહરિએ સંતોને જમવા માટેની આજ્ઞા આપી. ત્યારે બુદ્ધિમાન એવા બધા સંતો પીરસાયેલું ભોજન હતું તેને મેળાવીને યોગ્ય પ્રમાણમાં જળનું પ્રોક્ષણ કરીને સહુ પ્રસન્નતાથી જમવા લાગ્યા. **જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી પરસ્પર બોલતા નહિ અને જમતાં જમતાં પ્રત્યેક ગ્રાસે ભગવાનનું નામ ઉચ્ચારતા હતા.** ૧૭-૧૯.

જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. તે પછી જ્યારે દિવસ ચાર ઘડી બાકી રહ્યો ત્યારે રાતા કિનખાબનો સુંદર સુરવાળ લઈને ઝીણાભાઈ તત્કાળ આવ્યા. અને તે સુરવાળ શ્રીહરિને પહેરાવ્યો તથા તેવી જ ડગલી પહેરાવી. બુરાનપુરનો ભારે સોનાના તારવાળો કસુંબલ રેંટો શ્રીહરિને મસ્તકે બંધાવ્યો, અને બીજો એક રેંટો ઘણા ભાવથી કમર ઉપર બંધાવ્યો. અને તેવો જ એક ત્રીજો રેંટો ખભા ઉપર ધરાવ્યો. તેની વર્ણવી ન શકાય તેવી શોભા બની. ૨૦-૨૩. પછી સુખધામ ઘનશ્યામ શ્રીહરિ માણકી ઘોડી ઉપર સવાર થયા અને સહુને દર્શન દેવા માટે ગામની બહાર આવ્યા. ૨૪. જે સ્થળે સંતો રહેતા હતા ત્યાં એક એક મંડળ રહે તેવી પર્ણકૂટીઓ બનાવી હતી. તેની ઘણી સુંદર શોભા થઈ હતી. ૨૫.

તે સ્થળે શ્રીહરિને બેસવાને માટે નિષ્કુળાનંદ સ્વામીએ પ્રેમથી મંચ કરી રાખ્યો હતો. શ્રીહરિ ત્યાં આવ્યા ત્યારે તે મંચ ઉપર બેઠા. ૨૬. તે સમયે ત્યાં સંતોની તથા દેશદેશના હરિભક્તોની સભા થઈ. તે સભા માનો ખીલેલું કમળનું વન હોય તેવી લાગતી હતી. ૨૭. તે સમયે બાલા ગામના સોલંકી દરબાર હરિસંગજી પોતાના ભાઈ નારસંગજીએ સહિત સવારી લઈને શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. તેમણે ઘણા ભાવથી શ્રીહરિનાં ચરણમાં મસ્તક નમાવ્યું. એક શ્રીફળ લાવીને શ્રીહરિની આગળ ભેટ ધર્યું. તથા બંને હાથ જોડીને સંતોને મસ્તક નમાવ્યું. ૨૮-૨૯.

❋ સંતસભાનાં દર્શનની મહત્તા :

પછી તેઓ સંતો તથા હરિભક્તોની સભા જોઈને બેઠા અને શ્રીહરિના પ્રત્યે બોલ્યા કે, "મેં આ રીતની સભા ભૂમિ ઉપર ક્યારેય જોઈ નથી અને કાનથી ક્યારેય સાંભળી નથી. અહીંયાં જ આવી સભા છે. આજ મારા ઘણાં ધન્યભાગ્ય છે કે આવી રીતે સભાએ સહિત મને આપનાં દર્શન થયાં. ૩૦-૩૧. આજે જો હું અહીંયાં ન આવ્યો હોત તો મને આ મનુષ્યદેહ મળ્યો તે ન મળ્યા જેવો ગણાત. અને રાજા થયો છતાં પણ મને કાંઈ સિદ્ધિ મળી ન ગણાત. જ્યાં સુધી આવાં દર્શન મેં નહોતાં કર્યાં ત્યાં સુધી મેં કાંઈ જ કર્યું ન હતું. મને આવાં દર્શન થયાં ત્યારે આવું સમજાયું છે. **કરોડો કરોડ રૂપિયાની રોજ આવક કરે એવો કોઈ મહાન બુદ્ધિમાન હોય અને આખું બ્રહ્માંડ સોનાનું રચે એવો હોય, પણ જ્યાં સુધી આવાં દર્શન પ્રાપ્ત થયા ન હોય ત્યાં સુધી તેની બધી બુદ્ધિ વ્યર્થ કહેવાય છે. જે કાંઈ પણ સારી વાત કહેવાય છે તે બધી આપનાં દર્શનમાં આવી જાય છે. એક પણ વાત બાકી રહેતી નથી; એવાં આપનાં આ દર્શન છે."** ૩૨-૩૫.

ત્યારે શ્રીહરિએ બાલા ગામના દરબારને કહ્યું કે, "અમૃતને આંખથી જોયું હોય, પણ જ્યાં સુધી તે પીધું ન હોય તો તે અમૃત શું કરે ? ૩૬. અમૃત મળ્યું હોય, પણ તે અમૃતને જે મનુષ્ય પીવે નહિ, તેણે કરીને અમૃતની મહત્તા ક્યારેય ઘટતી નથી. ૩૭. ખીર છે તે અમૃત જેવી કહેવાય છે. મનુષ્યજાતિ તેના ઉપર ઘણી રુચિ કરે છે, પણ તે ખીર શ્વાનના પેટમાં ટકતી નથી. ૩૮. સત્સંગ તો સાચો છે, પરંતુ જ્યાં સુધી કુસંગમાં ગુણ મનાતો હોય ત્યાં સુધી તે માણસને સત્સંગ થતો નથી." ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિ વસ્ત્ર-અલંકારથી સજ્જ થઈને ગામ બહાર આવ્યા અને ત્યાં બાલા ગામના દરબાર આવ્યા" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર પચીશમું : તરંગ - ૨૯

પંચાળામાં ગામથી બહાર શ્રીહરિની બાલા ગામના રાજા સાથે સત્સંગની ચર્ચા

પછી શ્રીહરિએ બાલા ગામના દરબારને સત્સંગ ઉપર જેવો ભાવ હોવો જોઈએ, તે વિશે વાત કહી. ૧. જે જીવને જેના ઉપર જેવી રીતનો ભાવ હોય તેવી રીતનું તેનું શરીર બંધાય છે. ૨. શ્રીહરિ તે બાબતમાં ભગવદ્‌ગીતાનો શ્લોક બોલ્યા. જીવને (અંતકાળે) જેવો ભાવ સ્ફુરે છે તેવું તેનું શરીર બને છે. ૩. વળી, શ્રીહરિએ ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતજીની વાત કહી. એવી વાત તો ઘણી છે, તેનો કહેતા પાર આવતો નથી. ૪.

❋ દેહ અને આત્માની ચોખ્ખી વિગત કરવી :

આ જીવ શરીર વિના એક પલકવાર પણ રહેતો નથી. જીવ પોતાને જેવું શરીર મળ્યું હોય તેવું તેમાં 'હું'પણું માનીને રહે છે. શરીર અને જીવના સ્વભાવ અલગ અલગ છે. જીવ અછેદ્ય છે અને શરીર છેદ્ય છે. ૫. જે વસ્તુ નાશવંત હોય છે તેનો નાશ થયા વગર રહેતો નથી. છતાં પણ જીવને જ્યાં સુધી નાશવંત એવા શરીરાદિનો સંબંધ રહે છે, ત્યાં સુધી તેમાં તે દુઃખ દેખતો નથી. ૬. જીવ જ્યાં સુધી દુઃખમાં સુખ માને છે ત્યાં સુધી તેને માયિક શરીર ટળતું નથી. અને જ્યારે તેમાં દુઃખ દેખાય છે ત્યારે તેને માયિક શરીર મટી જાય છે. ૭. સત્સંગ વિના જે આ માયિક શરીર છે તે યથાર્થરૂપમાં નાશવંત અને દુઃખરૂપ દેખાતું નથી. જીવને જ્યાં સુધી સત્સંગનો અભાવ વર્તતો રહે છે, ત્યાં સુધી માયિક વસ્તુમાં અપાર દુઃખ રહ્યું હોવા છતાં તેમાં અપાર સુખ માને છે અને સત્સંગને નકારો જાણે છે. ૮-૯. એવી વિપરીત મતિ થાય છે તે કુસંગનું ફળ છે. તે સત્સંગ વિના દેખાતું નથી.

પ્રહ્લાદજી અને પ્રિયવ્રત આદિક કેટલાય રાજાઓએ સત્સંગ કરીને બ્રહ્માંડનાં જેટલાં કાંઈ માયિક સુખ છે, તેને મળ સમાન દેખીને તજી દીધાં હતાં. તેમણે સાંસારિક સુખને જ્યારે તજ્યાં ત્યારે તેના દિલમાં ભગવાને આવીને નિવાસ કર્યો હતો. ૧૦-૧૧.

चोपाई :

भगवान के निवास हि आई, जाके उर में करत रहाई;
ताकी रित्य प्रीत रहे न्यारी, कोउ पदार्थ हित कोउ वारी...१२

दोहा : अंतर में उद्वेग तेही, होवत न कबु लगार;
भगवान से अधिक कोउ, समझत न कोउ वार...१३

જેના દિલમાં ભગવાન આવીને નિવાસ કરે છે તેની રીત અને પ્રીત ન્યારી હોય છે. તેને કોઈ પદાર્થને માટે દિલમાં ક્યારેય લગાર પણ ઉદ્વેગ થતો નથી. તે ક્યારેય કોઈને ભગવાનથી અધિક સમજતા નથી. ૧૨-૧૩. મનુષ્યના હૃદયમાં હિતકારી કે અહિતકારી, એવા સંકલ્પોનો પ્રવાહ નદીના પ્રવાહની જેમ અપાર ચાલ્યા જ કરતો હોય છે. ૧૪. જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં યોગ્ય કે અયોગ્ય એવા સંકલ્પોનો પ્રવાહ સતત ચાલતો રહે છે. તે પ્રવાહ ક્યારેય બંધ રહેતો નથી. ૧૫. આમ જીવને જે કાંઈ ઉપાધિ-બંધનરૂપ બબાલ વળગી હોય તે જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં દેખાય છે, પણ પિંડ-બ્રહ્માંડની તે બધી ઉપાધિ સુષુપ્તિમાં લીન થઈ જાય છે. ૧૬.

નવસો અને નવ્વાણું નદીઓમાં જે કાંઈ જળપ્રવાહ છે તે જે દિવસથી આ પૃથ્વી રચાણી ત્યારથી રાત-દિવસ ચાલતો રહે છે. ૧૭. તે જળનો પ્રવાહ જ્યારે સમુદ્રમાં જાય છે ત્યારે તેમાં એક પણ નદી દેખાતી નથી, એકમાત્ર સાગર દેખાય છે, તેવી જ આ જીવના સંકલ્પોની પણ વાત છે. અર્થાત્ જાગ્રત અને સ્વપ્નના જેટલા સંકલ્પો છે તે નદીના પ્રવાહની જેમ સતત ચાલતા રહે છે. જ્યારે જીવ સુષુપ્તિ અવસ્થામાં જાય છે ત્યારે એકલી સુષુપ્તિ જ દેખાય છે. ૧૮-૧૯. સુષુપ્તિ સિવાયની પિંડ-બ્રહ્માંડની બધી ઉપાધિઓ સુષુપ્તિમાં લીન થઈ જાય છે. તે વખતે સુષુપ્તિ સિવાય કાંઈ દેખાતું નથી. ૨૦. જીવની પિંડ-બ્રહ્માંડ સંબંધી જે જે જેટલી કાંઈ ઉપાધિ કહેવાય છે, તે બધી જાગ્રત અને સ્વપ્નમાં જણાઈ આવે છે. તેમાં જીવ જરા પણ સ્વતંત્ર જણાતો નથી. ૨૧. તેમ છતાં જીવને તેમાં કેટલુંય અભિમાન રહે છે ! એનું જ નામ અજ્ઞાન છે. સહુનું કારણ એક ભગવાન જ છે. પરંતુ ભગવાનનું કારણ બીજું કોઈ નથી. ૨૨.

✻ ભગવાનના સ્વરૂપનો મહિમા :

જે લોકો ભગવાનનું પણ કારણ કહે છે, તે ચાહે તેવા બુદ્ધિમાન હોય તોપણ તેમાં એટલું અજ્ઞાન રહ્યું છે. તે જ્યારે વચન બોલે છે તેમાં તે દેખાઈ આવે છે. ૨૩. કોઈ પણનું જ્ઞાન કે અજ્ઞાન, તેના બોલવા ઉપરથી યથાર્થ દેખાઈ આવે છે. જે કાંઈ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન હોય તે પણ તેના બોલવા ઉપરથી દેખાઈ આવે છે. ૨૪. શ્રીહરિના સ્વરૂપનું જે જ્ઞાન તેના વગર તો મનુષ્ય અજ્ઞાની અને અંધ ગણાય છે. જે ભગવાનને સર્વોપરી-સહુથી શ્રેષ્ઠ જાણે છે તે જ જ્ઞાની છે.

दोहा : सर्वोपरि भगवान कू, जानना दृढ तामें;
ज्ञान की अवधि जितना, आवत रहे यामें...२६

ભગવાનને દઢપણે સર્વોપરી જાણવા, તેમાં જ્ઞાનનો જે કાંઈ અવધિ કહેવાય છે તે આવી જાય છે, અર્થાત્ તેને પૂરો જ્ઞાની કહેવાય છે. ૨૫-૨૬. આટલું જે જાણે તેમાં તમામ સિદ્ધાંતરૂપ ગોપ્ય-ગુપ્ત ગ્રંથોનું રહસ્ય સહજ રીતે આવી જાય છે. ૨૭. આટલી વાતનો મહિમા જાણવા-જણાવવા માટે જ જેને જેવી મતિ હોય તેણે તેવા અપાર ગ્રંથો રચ્યા છે. ૨૮. ભગવાનને દઢપણે સર્વોપરી જાણવા માટે જ અપાર યોગ, યજ્ઞાદિ સાધનો કહ્યાં છે; જેનો કોઈ પાર લઈ શકાતો નથી. ૨૯.

चोपाई :

भगवान सम नहीं को बाता, जानना तामें सब हि आता;
भगवान सबंधी संकल्प जबही, होने लगे सहज हि तबही...३०
मायिक संकल्प जितना जाही, निष्फल सब देखत रहे ताही;
तब तेही सत्संग पूरे भयेऊ, वरतन में देख आत तेऊ...३१

ભગવાન સમાન બીજી કોઈ વાત નથી. તે ભગવાનને જાણવામાં સર્વે વાત આવી જાય છે. જ્યારે ભગવાન સંબંધી સંકલ્પો સહેજે જ થવા લાગે અને તે સિવાયના જેટલા માયિક સંકલ્પો છે તે તમામ તદ્દન નિષ્ફળ દેખાય, ત્યારે તેનો સત્સંગ પરિપૂર્ણ થયો કહેવાય; તે તેના વર્તન ઉપરથી દેખાય છે. ૩૦-૩૧. **ભગવાન તો સદાય અજન્મા રહ્યા છે. તે ક્યારેય**

જીવની જેમ જન્મ ધારણ કરતા નથી. તે એક જ સ્વરૂપે હોવા છતાં અનેક અનુપમરૂપે દેખાય છે. ભગવાન બ્રહ્માદિક અને ઈન્દ્રાદિક દેવતાઓને માટે પણ સદાય અકળ રહ્યા છે. અરે ! મહાપુરુષ અને અક્ષરાદિકને માટે પણ સદા અકળ રહ્યા છે. ૩૨-૩૩.

શુકદેવજી, સનકાદિકો અને નારદજી જેવા મોટા મોટા સિદ્ધ ઋષિઓને પણ ભગવાન જેવા છે તેવા કળ્યામાં આવતા નથી. કારણ કે, ભગવાન એવા જ અનંત-અપાર છે. ૩૪. કોઈ વિપ્રો ગમે તેટલા પુરાણોને ભણતા રહે, અખંડ વેદોને ભણતા રહે અને અતિશય બુદ્ધિમાન હોય, પણ જ્યાં સુધી તેના દિલમાં ભગવાનનો ખપ ન હોય તો તે કાશીમાં રહીને ભણ્યા હોય તોપણ તે શું કામનું ? તે તો માત્ર પંડિત કહેવાય. ૩૫-૩૬. તે પંડિત પંડિત એવે નામે કહેવાય છે. તેને દાન-દક્ષિણા મળતી રહે છે, પણ ભગવાનનું શરણ સ્વીકાર્યા વિના તેનો મોક્ષ થાતો નથી. ૩૭. જ્યાં સુધી ભગવાનનું શરણ ન સ્વીકાર્યું હોય ત્યાં સુધી તેનો જન્મ વ્યર્થ છે. કેમ જે, તેના માથે લખચોરાશી રહી છે." ૩૮.

❋ વિષયવાસના તોડો, મન મૂર્તિમાં જોડો :

શ્રીહરિએ તે બાલા ગામના દરબારની આગળ આટલી વાત કરી. તે સાંભળીને તે દરબાર બોલ્યા, "મહારાજ ! આપ જે વાત કરો છો તે જન્મ-મરણ છોડાવનારી છે. ૩૯. પણ જીવને વિષયનું અપાર બંધન થયું છે, તેનો કહ્યે પાર આવતો નથી. જ્યાં સુધી જે વિષયમાં સુખ માને છે ત્યાં સુધી તે પંચવિષય તેને ભગવાનમાં ચોંટવા દેતા નથી. જીવને પંચવિષય તરફ જેવી દોડ રહી છે તેવી ભગવાન તરફ નથી. ૪૦-૪૧. જીવ પંચવિષયને મેળવવા માટે અપાર સાધનો કરે છે. અરે ! કઠણમાં પણ કઠણ સાધનો શ્રદ્ધાએ સહિત કરે છે. ૪૨. જેમ કે, કેટલાક ગિરનાર પર્વત ઉપર ચઢીને ભૈરવજપ ખાય છે(નીચે પડે છે). કેટલાક હિમાલયમાં શરીર ગાળી નાખે છે, જેનો ગણતાં પાર આવતો નથી. ૪૩. કેટલાક લોકો શિવલિંગ ઉપર પોતાનું માથું ચઢાવે છે. કેટલીક સ્ત્રી પતિની ચિતા ઉપર અગ્નિમાં સળગી મરે છે. અને કેટલાક જીવતા જ જમીનમાં દટાઈ જાય છે, પણ તેનું દુઃખ માનતા નથી. ૪૪.

આવું ઘણું બધું જીવ કરે છે પણ પંચવિષયનો અંતરથી અભાવ કરવો, તે સહુથી કઠણ કામ છે. કોઈ પણ બાબત હોય તેનો માર્ગ-ઉપાય ગુરુ વિના મળતો નથી. ૪૫. માટે સર્વોપરિ બાબતના ગુરુ પણ સર્વોપરિ હોવા જોઈએ. પરંતુ જો જીવને તેનો ખપ ન હોય તો ગુરુ વાત પણ શું કરે ? ખપને કારણે જ તે વાત ઉપયોગી થાય છે. ૪૬. જ્યાં સુધી બાળબુદ્ધિ રહે છે, ત્યાં સુધી અહિતકારી પણ હિતકારી મનાય છે અને પોતાનું હિત કરનારાને પણ શત્રુ માને છે. અરે ! તેનો નાશ કરવા પણ ચાહે છે. ૪૭. ગમે તેવો પુત્ર હોય, પણ તેનાં માતા-પિતા તો તેનાં જ રહે છે, બીજાનાં થઈ જાતાં નથી. વળી, તે પોતાના પુત્રના દોષ જોતાં નથી." ૪૮.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તમારી વાત સાચી છે. જેનાં જે માતા-પિતા હોય તે પોતાના સંતાન પર હેત રાખે છે, પણ સુપુત્ર હોય તેના ઉપર હેત રાખે છે, કુપુત્ર ઉપર નહીં. ૪૯. માતા-પિતા પણ જે કુપુત્ર હોય તેને કુપુત્રની રીતે રાખે છે. જેવો પુત્ર હોય તેવું હેત માતા-પિતાને તેના ઉપર થાય છે." ૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળામાં ગામથી બહાર શ્રીહરિની બાલા ગામના રાજા સાથે સત્સંગની ચર્ચા" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર પચીશમું : તરંગ - ૩૦

હુતાશની નિમિત્તે સહુ ભક્તોએ ખારેક વગેરે ફગવા ભેટ મૂક્યા

શ્રીહરિએ કહેલી વાતને સાંભળીને બાલા ગામના દરબાર મનમાં ઘણા ખુશ થયા અને પછી પોતાને ગામ જવા તૈયાર થયા. ૧. ત્યારે તેમણે શ્રીહરિ અને સંતોને હાથ જોડી મસ્તક નમાવ્યું. પછી તરત સવારી સાથે ચાલતા થયા. ૨. તે પછી દેશ-દેશમાંથી આવેલા હરિભક્તો ખારેક, ખજૂર અને શ્રીફળ વગેરેના થાળ ભરી ભરીને લાવ્યા. જેને જેવો પ્રેમ હતો તે પ્રમાણે સહુ કેટલીક જાતના મેવાઓ પુષ્કળ પ્રમાણમાં લાવ્યા હતા. ૩-૪.

હરિભક્તો અપાર ફગવા લાવ્યા ત્યારે તેની ઘણી ભીડ થઈ. શ્રીહરિ પણ હરિભક્તોનો જેવો ભાવ હોય તેને પૂર્ણ કરતા રહેતા. ૫. શ્રીહરિ તે ફગવાને પ્રસાદીના કરીને પાછા આપી દેતા. કેટલાક ભક્તો સાકરના હાર-હારડા લાવ્યા હતા કે જેનો ગણ્યે પાર આવતો નથી. ૬. કેટલાક ગુલાલના ભરેલા થાળ લઈને આવ્યા કે જેનો મોટો ગંજ કરી દીધો. પછી તો શ્રીહરિ સંતો અને હરિભક્તોના ઉપર ખૂબ જ ગુલાલ ઉડાડવા લાગ્યા. ૭.

⁕ સંતો-ભક્તોનાં સુખની દેવોએ કરેલી પ્રશંસા :

સંતો અને હરિભક્તોની સભા એવી શોભતી હતી કે માનો, ખીલેલાં કમળનું વન હોય ! તે વખતે વિમાનમાં બેસીને દેવતાઓ આવ્યા. તેથી આખું આકાશ દેવતાઓનાં વિમાનોથી છવાઈ ગયું. શ્રીહરિ સંતો અને હરિભક્તોને જે રીતે દર્શનનું સુખ આપતા હતા તેનાં દર્શન કરવા માટે બધા દેવતાઓ રોજ આવતા હતા. ૮-૯.

चोपाई :

देव सब नित्य देखन कु आते, पोता के सुख कु तुछ मनाते;
संत हरिजन श्रीहरि ताके, सुख लेवत जिस विध वाके...१०
धन्य धन्य देव कहत वेर वेरी, संत हरिजन कु बडे तेरी;
मानत रहे करत हि बखाना, अपार होत रहे भगवाना...११
संत हरिजन हित अपारा, भगवान होव हि नहि पारा;
अब वेर के सुख हि जो जेहा, एक दिन ताके रहे तेहा...१२

दोहा : तुलना ताकी न आत रहे, इतना सुख दियेउ;
संत हरिजन के भाग्य अब, कहे न आवत तेउ...१३

તે દર્શનનાં સુખની આગળ દેવતાઓને પોતાનું સુખ તુચ્છ મનાતું હતું. સંતો અને હરિભક્તો શ્રીહરિનું જે રીતનું સુખ લેતા હતા, તેને દેખીને તે દેવતાઓ તેને વારંવાર 'ધન્ય ધન્ય' એમ કહેતા હતા. અને સંતો તથા હરિભક્તોને ઘણા મહાન માનીને તેમનાં વખાણ કરતા હતા. ભગવાનના અનંત અવતારો થયા છે, તથા સંતો-ભક્તોનાં હિત માટે ભગવાનના અપાર અવતારો ભવિષ્યમાં થાશે; પણ આ વખતે સર્વાવતારી શ્રીહરિએ પોતાના

સંતો-હરિભક્તોને જે એક દિવસનું સુખ આપ્યું છે તેની તુલનામાં બીજા તમામ અવતારોનાં સુખ પણ થઈ શકતાં નથી. એટલું બધું સુખ ભગવાન સ્વામિનારાયણે આપ્યું છે. આ વખતે સંતો અને હરિભક્તોનું એટલું મોટું ભાગ્ય છે કે જે કહી શકાતું નથી. ૮-૧૩.

❋ શ્રીહરિએ ભક્તોને આપેલાં સુખની મહત્તા :

આ વખતે શ્રીહરિ જે રીતે સંતો તથા હરિભક્તોને નિત્ય નવાં નવાં સુખ આપતા હતા, તે શ્રીહરિએ આપેલાં સુખને મોટા મોટા દેવતાઓ લખી લેતા હતા. કારણ કે, આ બાબત સહુથી પર હતી, આવી ઘટના ક્યારેય બની ન હતી. ૧૪-૧૫. ભક્તોને જેવી રીતે શ્રીહરિએ સુખ આપ્યું હતું તે એક દિવસનાં સુખની વાત પણ દેવતાઓથી લખી શકાતી નહિ, એટલી બધી આ વિશેષતાવાળી વાત હતી. ૧૬. જેની જેવી બુદ્ધિ હતી તે પ્રમાણે એટલી વાત દેવતાઓના લખવામાં આવી હતી. દેવતાઓને તે વાત લખવામાં પ્રેમ થતો હતો. ૧૭. તે લખવામાં નિત્ય નવા ભાવો ઊપજતા હતા. પણ તેમાં આળસ કે પ્રમાદ થતા નહીં. એવી શ્રીહરિની વાતમાં જે આળસ, પ્રમાદ રાખે છે એટલા તે ભગવાનની વાતના ઓછા રસિક કહેવાય. જેને જન્માંતરનાં જેટલાં પાપ હોય તેટલાં તેને ભગવાનનાં ચરિત્રની વાત કહેવા-સાંભળવામાં આળસ, પ્રમાદ રહે છે. ૧૮-૧૯.

કદાચ કોઈમાં આળસ, પ્રમાદ વર્તતા હોય, પણ જો તે ભગવાનની વાત સાંભળે ત્યારે તેને લગાર પણ આળસ કે પ્રમાદ થતાં નથી; એવો ભગવાનની વાતમાં અપાર રસ રહ્યો છે. ૨૦. જેને ભગવાનનાં ચરિત્રની વાતનો એવો અભ્યાસ હોય તેનાં સર્વે પાપ જાણે કે નાશ થઈ ગયાં હોય, એવું કહેવાય. કોઈ માણસનાં પાપ ટળ્યાં છે કે નથી ટળ્યાં, તે તો તેના ઈશક ઉપરથી દેખી શકાય છે. ૨૧. આ ભૂમિ ઉપર અપાર મનુષ્યો છે, જેનો ગણ્યે પાર આવતો નથી. તેમાં સર્વોત્તમ મનુષ્ય એટલા જ છે કે જે સત્સંગ રાખે છે. ૨૨. **સત્સંગ સ્વીકાર્યા પછી જે સત્સંગની રીતમાં ચાલવું તે ઉત્તમ કહેવાય છે. તેમાં પણ જે બીજાનાં દુઃખને સમજી શકે તે વધારે ઉત્તમ ભક્ત કહેવાય છે.** ૨૩. તેમાં પણ જે જેટલી બની શકે તેટલી બીજાને મદદ કરે,

પણ તેમાં લેશમાત્ર સ્વાર્થ રાખે નહીં; તે તો સર્વોત્તમ ભક્ત છે. આ કહ્યા તે બધા એક એકથી ઉત્તમ કહેવાય છે. તે કહ્યા સિવાય સમજ્યામાં આવે નહીં. ૨૪. જે વાત જેવી હોય તેને તેવી જ રીતે કહેવામાં આવે ત્યારે તે યથાર્થ દેખ્યામાં આવે છે, કહ્યા સિવાય તે દેખાય નહીં. ૨૫. જેમાં કોઈ બાધ ન આવે એ રીતે વાતને લખવી કે બોલવી, તે બધી બાબતો કરતાં અતિશય કઠણ બાબત છે. ૨૬.

❋ સત્સંગ સર્વોત્તમ ભૂષણ છે :

सोरठा : पंडित उत्तम जेते, तामें उत्तम पंडित यह;
सत्संग करत तेते, भूषण के भूषण हि यह...२७
उत्तम में उत्तम जेउ, भूषण रहे ब्रह्मांड महीं;
तामें उत्तम तेउ, सत्संगरूप भूषण जेहि...२८

चोपाई :

सत्संगरूप भूषण जेहा, सब भूषण में उत्तम रहे तेहा;
सत्संगरूप भूषण बिन जेते, ब्रह्मा जेसे बडे हि तेते...२९
तुच्छ से तुच्छ देखात रहाते, सत्संग सम न कोउ कहाते;
ब्रह्मांड में बात अपारा, सत्संग बिन हि सब हि नकारा...३०

ઉત્તમ પંડિતોમાં પણ ઉત્તમ પંડિત એ છે કે જે સત્સંગ કરે છે. કારણ કે, સત્સંગ છે તે ઘરેણાંનું પણ ઘરેણું છે. ૨૭. આ બ્રહ્માંડમાં ઉત્તમમાં પણ અતિશય ઉત્તમ જે ઘરેણું હોય તેમાં પણ સત્સંગરૂપ ઘરેણું સહુથી ઉત્તમ છે. ૨૮. સત્સંગરૂપ જે ઘરેણું છે તે સર્વ ઘરેણાંઓમાં ઉત્તમ છે. સત્સંગરૂપી ઘરેણું ન હોય તો બ્રહ્મા જેવા મોટા હોય, તોપણ તુચ્છથી પણ તુચ્છ દેખાય છે. માટે સત્સંગના સમાન કોઈ કહેવાય નહીં. આ બ્રહ્માંડમાં અપાર બાબતો છે, પણ સત્સંગ વિના તે બધી નઠારી છે. ૨૯-૩૦. જેને એવું જીવમાં સમજાતું હોય તથા દેશકાળની વિપરીતતામાં પણ બુદ્ધિ એકસરખી રહેતી હોય, ફરી જતી ન હોય અને સત્સંગથી અધિક બીજા કોઈને ન સમજતો હોય; તેનો સત્સંગ પરિપૂર્ણ છે. પરંતુ એકસરખી મતિ ન રહે તેનો સત્સંગ અધૂરો છે. સત્સંગમાં કાયમ એકસરખી મતિ રખાવવા માટે તો અપાર ગ્રંથો

રહ્યા છે. કોઈ એક ગ્રંથથી તેનો નિર્ધાર ક્યારેય થઈ શકતો નથી. કારણ કે, સત્સંગની વાત એવી અલૌકિક હોય છે. ૩૧-૩૩.

જે ભક્ત રાત-દિવસ સત્સંગનો જેવો અભ્યાસ રાખે અને જેવો સંગ રાખે તેને સત્સંગનો તેવો રંગ ચઢે છે. ૩૪. જે કોઈ પણ બાબત હોય તેનો જો રંગ ન ચઢ્યો હોય તો તે વાત ફિક્કી લાગે છે. જેમ કે, રસ વિનાનાં ભોજનમાં ક્યારેય પ્રેમ થાતો નથી. ૩૫. માટે સત્સંગનો રંગ જે રીતે અધિક ચઢે તે રીતે સત્સંગ કરવો. રંગ વિનાનો સત્સંગ કર્યો ન કર્યા જેવો છે, તેમ અમને દેખાય છે. ૩૬. જે આસુરી હોય છે તે નિર્દોષ વ્યક્તિમાં પણ રાત-દિવસ દોષોને કલ્પ્યા કરે છે. **જે સંતો અને હરિભક્તો નિયમમાં રહે છે, તે એકે એક અક્ષરધામના મુક્ત છે.** આ સમાજમાં આવું દેખાય છે કે જેટલા દૈવી જીવો છે તેને સત્સંગ થાય છે અને તે દૈવી મનુષ્યોનો જ સત્સંગ ટકે છે. ૩૭-૩૯. જે આસુરી લોકો છે તેને તો અનીતિને માર્ગે ચાલવું હોય છે. તેના તે દોષને લીધે જ તેઓ ક્યારેય સત્સંગ કરતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "હુતાશની નિમિત્તે સહુ ભક્તોએ ખારેક વગેરે ફગવા ભેટ મૂક્યા" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ||૩૦||



પૂર પચીશમું : તરંગ - ૩૧

સત્સંગની તથા કીર્તનભક્તિની મહત્તા

શ્રીહરિએ હરિભક્તોની આગળ જે વાત કહી તે બધી વાત મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરની આગળ કહી. ૧. અસુરો, દૈત્યો અને રાક્ષસમાં પણ જે દૈવી જીવ હતા તેઓ સત્સંગની નીતિની વાતનું પ્રતિપાદન કરતા હતા. ૨. જેટલી સત્ય વાત હોય છે તે ભૂષણોમાં સર્વોત્તમ ભૂષણ છે. આ રીતે જે દૈત્યો સમજે છે, તે દૈત્યોમાં પણ દૈવીજન છે. ૩. દૈવીજનોમાં પણ જેને સત્ય વાત ન રુચતી હોય અને અસત્ય વાત જ અધિકપણે રુચતી

હોય અને જે સાચી વાત હોય તેનું પણ ક્યારેય પ્રતિપાદન ન કરતા હોય, તે દૈવીજનમાં રહેતો હોય તોપણ તે દૈત્યોનો રાજા છે. ૪-૫. દૈવી અને આસુરી જન તો તેના ભાવ, સ્વભાવ અને રુચિમાં દેખાયા સિવાય રહેતા નથી, તે છુપાવ્યા છૂપા રહેતા નથી. ૬. જેટલી કાંઈ બાબતો છે તેને ઓળખવાનાં અલગ-અલગ દ્વાર-માધ્યમ હોય છે. પણ તે દ્વારને સમજવા કઠણ છે. તે ભાવ અને કુભાવમાં દેખાઈ આવે છે. ૭. કેટલીક બાબત આંખથી દેખાઈ આવે છે, તેનો કહ્યે પાર આવતો નથી અને કેટલીક બાબત શ્રોત્ર દ્વારે સાંભળીને જણાઈ આવે છે, તેનો પણ કહેતા પાર આવતો નથી. ૮.

જેટલી જ્ઞાનેન્દ્રિયો કહેવાય છે તે સત્ય અને અસત્યને યથાર્થરૂપમાં દેખવાનું દ્વાર છે. અને તે બધાનું ફળ એટલું જ છે કે પોતાના જીવનો ઉદ્ધાર કરવો. જ્યાં સુધી પોતાના આત્માનો ઉદ્ધાર ન કરે, ત્યાં સુધી તે આત્મહત્યારો કહેવાય છે. તેને ક્યારેય દુઃખ મટતું નથી. જે કાંઈ દુઃખો છે તેને ટાળવાને માટે તો ભગવાને જ્ઞાનેન્દ્રિયો આપ્યા છે, અર્થાત્ એનું પ્રયોજન દુઃખ ટાળી સુખી થાવું એટલું જ છે. ૯-૧૧.

❋ સંતો-ભક્તોમાં પ્યાર જ સુખનું દ્વાર છે :

चोपाई :

सुख के मारग जिहाँ लगही, चलत न जन तिहाँ लगही;
भवसागर रूप सिंधु तिनमें, डूबत रहाये सदा इनमें...१२

दोहा : सुख के मारग चलत नहि, सुख इच्छत रहेउ;
कहाँसे मीले सुख तेही, कोटि कल्प लग तेउ...१३
सत्य संत हरिजन सत्य, सत्य सत्संग जेहि;
सुख के रहेउ द्वार यह, जुग जुग प्रति ही तेहि...१४

જ્યાં સુધી મનુષ્ય સુખને માર્ગે નથી ચાલતો, ત્યાં સુધી તે સંસારરૂપી સાગરમાં હંમેશાં ડૂબકાં મારતો રહે છે. ૧૨. જે સુખને ઈચ્છે છે, પણ સુખને માર્ગે ચાલતો નથી તો તેને કરોડો કલ્પ વીતી જાય છતાં સુખ ક્યાંથી મળે ? ૧૩. સાચા સંતો, સાચા હરિભક્તો અને સાચો સત્સંગ; તે જ દરેક યુગમાં સુખનાં દ્વાર છે." ૧૪. શ્રીહરિ પોતાના ભક્તજનોની આગળ આ

રીતે વાતો કહેતા હતા, તેને કરોડો કલ્પ સુધી કહીએ તોપણ તેનો કહીએ પાર આવે તેમ નથી. ૧૫.

શ્રીહરિ ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સંબંધી એક એક વાતોને અનેક રીતે કહેતા હતા. ૧૬. જે ધર્મ એક કહેવાય છે તેને અનેક રીતે કહેતા. તેનું વિવરણ કરીને કહીએ તો પાર આવે તેમ નથી, તેટલો અનેક પ્રકારનો ધર્મ રહ્યો છે. ૧૭. તે રીતે જ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આદિકને શ્રીહરિ અનેક પ્રકારે કહેતા હતા. શ્રીહરિની આવી જે જે વાતો છે તે બધી બહારથી અને અંદરથી બંને રીતે સત્ય છે. જે કાંઈ બહારથી અને અંદરથી જેટલા સત્ય હોય તેટલા જ તે જીવને સુખ આપે છે. જે દંભી ભક્તો ઉપરથી જુદા અને અંદરથી જુદા હોય છે તે તો ભગવાનના ચોર છે. ૧૮-૧૯. એવા જે ભગવાનના ચોર હોય છે તેને કોઈ સહાય કરતા નથી. જીવ જ્યારે બહાર અને અંદર, બંને રીતે સત્ય વર્તન રાખે છે, ત્યારે તેને ભગવાન સહાય કરે છે. ૨૦. કારણ કે, ભગવાન સત્ય વાતમાં રહેલા છે, અસત્ય વાતમાં રહ્યા નથી. અસત્ય વાતોએ કરીને જ સત્ય વાતનો નિશ્ચય થાય છે. ૨૧. ચાહે તેવો કોઈ બુદ્ધિમાન હોય, છતાં પણ જ્યાં સુધી તેને કહેવામાં ન આવે, ત્યાં સુધી તેને ખબર પડતી નથી. તેથી કહેવા યોગ્ય વાતો જેટલી કહ્યા વગરની રહી જાય તો તે જીવમાં ક્યારેય સુખ કરી શકતી નથી. ૨૨. કોઈની વાતમાં જ્યારે માણસને બુદ્ધિ ન પહોંચતી હોય અથવા જ્યારે કોઈની વાતને પૂરી રીતે ન સમજતો હોય ત્યારે તે બાબતમાં તે દોષ દેવા લાગે છે. ૨૩.

જે પાકો ઠગ કે ખળ હોય અને તેની બુદ્ધિ જ્યારે ન પહોંચે ત્યારે તે બીજાનો વાંક કાઢે છે. પરંતુ આવી બધી વાતો તાળા જેવી હોય છે. તે ચાવી વિના ખૂલે નહીં. ૨૪. દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ અસત્ય છે, તે અસત્ય એવાં દેહાદિકે કરીને સત્યનો ખ્યાલ આવે છે. ૨૫. ભગવાન સત્ય છે. આત્મા સત્ય છે અને ભગવાનનું ધામ પણ સત્ય છે. ૨૬. આવી સત્ય અને અસત્ય વાતનો નિશ્ચય કરવા માટે સહુનાં અલગ અલગ દ્વાર રહ્યાં હોય છે. દ્વાર વિના કાંઈ હોતું નથી. ૨૭.

(શ્રીહરિએ આટલી વાત કરી. પછી) હરિભક્તોએ જ્યારે શ્રીહરિની પૂજા કરીને ભેટ અર્પણ કરી દીધી, તે પછી બધા સંતોની પણ પૂજા કરી. પછી સંધ્યા આરતી થઈ. ૨૮. તે વખતે બે મશાલો પ્રગટાવી અને સંતોએ આરતી તથા ધૂન કરી. પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી અને દેવાનંદ સ્વામી; એ બધા સંતો સરોદ અને દોકડ આદિ વાજિંત્રો લઈને હોરીનાં પદ ગાવા લાગ્યા. ૨૯. ચાર ઘડી સુધી તે ગાન કર્યું. તે સાંભળીને શ્રીહરિ ખુશી થયા અને સંતોનાં વારંવાર વખાણ કરવા લાગ્યા. ૩૦.

❋ કીર્તનભક્તિની મહત્તા :

चोपाई :

गान सम न रहे कोउ बाता, भगवान की मूर्ति साक्षाता;
कीर्तन के शब्द रहाये ताही, देखाय देवत जिमी रहाही...३१
भगवान की मूर्ति रहे जेसा, हित करत रहे तामें तेसा;
हित ताकू देखाई आते, मूर्ति कु कीर्तन जेसे कहाते...३२
कीर्तन पर हम कु बहु भावा, रहाये न जात कहावा;
भगवान की मूर्ति के जेते, रसिक जन नहि रहाये तेते...३३

કીર્તનગાન જેવી કોઈ શ્રેષ્ઠ વાત નથી. કારણ કે, કીર્તનના જે શબ્દો છે તે ભગવાનની મૂર્તિ જેવી છે તેવી જ સાક્ષાત્ દેખાડી દે છે. ૩૧. ભગવાનની મૂર્તિ છે તેમાં જેણે જેવું હેત કર્યું હોય, તે હેત જ્યારે મૂર્તિનાં કીર્તનો ગાય ત્યારે દેખાઈ આવે છે. ૩૨. અમને કીર્તનભક્તિ ઉપર બહુ ભાવ છે, તે કહી શકાતો નથી. જેટલા ભગવાનની મૂર્તિના રસભોક્તા નથી, તે બધા શાસ્ત્રની જ મહત્તા વધુ જાણે છે. અને એટલે જ તેઓ શાસ્ત્રને અનંત કહે છે. પછી ભગવાનનાં કીર્તનોને તુચ્છ માની શાસ્ત્રોમાં જ જીવને ચોંટાડે છે. ૩૩-૩૪. જેટલા સંસ્કૃત ગ્રંથો છે તે બધા દેવવાણી કહેવાય છે અને તેને જે ભણે છે તે પંડિત કહેવાય છે. તે પંડિતોને ઘણી મોટાઈ મળે છે. ૩૫. તે પંડિતોને મોટું આસન, પૂજા અને ભેટ વગેરે સહજ સ્વાભાવિક મળે છે. એટલે શાસ્ત્રની આગળ કીર્તન અતિ સામાન્ય જણાય છે. ૩૬.

પરંતુ જેટલા ભગવાનના ભક્તો છે તેમાં જે ભગવાનની મૂર્તિના રસભોક્તા પ્રેમી ભક્તો છે, તેમને તો જેમ શાસ્ત્રમાં રસ ઊપજે છે તેમ જ કીર્તનોમાં પણ અતિ અધિકપણે રસ ઊપજે છે. ૩૭-૩૮. જેમ એક પાણી બહાર પ્રગટ રહ્યું છે અને બીજું પાણી જમીનની અંદર રહ્યું છે. તેવી જ વાત સંસ્કૃત શાસ્ત્ર અને ભાષાનાં કીર્તનોની છે. અર્થાત્ સંસ્કૃતભાષાનાં શાસ્ત્રોની વાત જમીનનાં પાણી જેવી દુર્ગમ તથા પરોક્ષ છે અને લોકભાષાનાં કીર્તનો તો બહારનાં પાણી જેવાં સુગમ તથા પ્રગટ છે. ૩૯. જે નદીમાં વહેતું પાણી છે તે બહારનું પ્રત્યક્ષ પાણી છે. તેને બધાં જ મનુષ્યો, પશુ, પક્ષી વગેરે સહેજે પી શકે છે. જ્યારે કૂવાનું જે પાણી હોય છે તેને તો સીંચવા માટે દોરડું અને વાસણ જોઈએ. તે બે સિવાય તે પાણી પી શકાતું નથી. સંસ્કૃત ગ્રંથો તે કૂવા જેવા જ છે. તેનું જ્ઞાન પંડિત સિવાય ક્યારેય કોઈને મળતું નથી. ૪૦-૪૧. અને તે પંડિતોનાં હૃદયમાં ભગવાનનું જેવું જ્ઞાન હોય તેવું તે બીજા લોકોને વાતો કરીને કહે છે. માટે સંસ્કૃત ગ્રંથો કૂવાનાં પાણી જેવાં કહેવાય છે. (અને કીર્તનો નદીનાં પાણી સમાન છે.) ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "સત્સંગની તથા કીર્તનભક્તિની મહત્તા કહી" એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર પચીશમું : તરંગ - ૩૨

શ્રીહરિ પંચાળામાં સંતો વગેરેની સાથે રાસ રમ્યા

જેમને વાજિંત્રોની સાથે કીર્તન ગાતા આવડતું ન હતું એવા તથા જેઓ સંસ્કૃત ભણનારા હતા અને પ્રાકૃત ગ્રંથોને ભણ્યા હતા એવા જેટલા સંતો હતા, તે બધા જ્યારે ઉત્સવનાં પદ ગવાતાં હતાં ત્યારે રાસ લેવા માટે તત્પર થઈને ઊઠ્યા. કારણ કે, તેમને શ્રીહરિને પ્રસન્ન કરવાનું તાન હતું. ૧-૨.

❋ મૂર્તિમાં જીવ જોડવો :

सोरठा : हरि रहाये ताकु, रात दिन प्रसन्न करन;
तान रहेउ वाकु, संसार छोरे हित यह...०३

संत की क्रिया जेति, कहावत जितनी जो जेही;
यत्किंचित यह तेति, प्रसन्न करन हरि कु रहे...०४

चोपाई :

रात्य दिन हरि मूर्ति ताकू, सर्वोपरि जानकर हि वाकू;
तामें जीय कु जोरत रहाते, अभ्यास अखंड करत रहाते...०५

हरि मूर्ति बिन रहाये जेता, हरिजन बिन कहावत तेता;
हरि के धाम बिन जेता जाही, नाम धरावत रहे ताही...०६

नाशवंत देखत हि अपारा, सार न मानत तामें लगारा;
सार तामें देखत हि जितना, समझ में कसर रहेउ तितना...०७

તે સંતોને શ્રીહરિને રાજી કરવા માટેનું રાત-દિવસ એકસરખું તાન રહેતું હતું. કેમ જે, તેમણે શ્રીહરિને રાજી કરવા માટે જ સંસાર છોડ્યો હતો. ૩. સાચા સંતની જેટલી પણ કાંઈ યત્કિંચિત્ ક્રિયાઓ હોય છે તે બધી શ્રીહરિને રાજી કરવા માટે જ હોય છે. તેવા સંતો રાત-દિવસ શ્રીહરિની મૂર્તિને જ સર્વોપરિ જાણીને તેમાં પોતાના જીવને જોડતા રહે છે. તે માટેનો અભ્યાસ અખંડ કરતા રહે છે. ૪-૫. શ્રીહરિની મૂર્તિ વિનાનું જેટલું કાંઈ છે તથા શ્રીહરિના સંતો-ભક્તો સિવાયનું અને ભગવાનનાં ધામ સિવાયનું જે કાંઈ પણ નામ ધરાવે છે તે સર્વેને સંતો અત્યંત નાશવંત દેખે છે. અને તેમાં લગાર પણ સાર(લાભ) માનતા નથી. તેમાં જેટલો સાર દેખે છે તેટલી તેની સમજણમાં કસર છે, તેમ માને છે. ૬-૭.

શ્રીહરિ, અક્ષરધામ અને સંતો-ભક્તો સિવાયનાં પદાર્થોમાં જે માલ મનાય છે એટલો તે દોષ છે. તે દોષનો ત્યાગ કરવા માટે સંતો શ્રીહરિના સ્વરૂપમાં પ્રેમ કરતા રહે છે. જેમને જેટલો કથા અને કીર્તનમાં ભાવ હોય છે, તેમના તેટલા દોષ ટળી જાય છે. ૮. જેનું જેવું અંતર હોય તે તેનાં હૃદયના ભાવ ઉપરથી દેખાઈ આવે છે. શ્રીહરિને ફરતે વર્તુળાકારે ફરીને ગરબીનાં પદો ગાવા માટે જે સંતો ઊભા થયા હતા તે તેમ ગાવા લાગ્યા. જેને ઘણાં કીર્તનો કંઠે હતાં એવા ગુણાતીતાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી અને નિષ્કામાનંદ સ્વામી વગેરે સંતો પહેલા કીર્તનો

ગાવા લાગ્યા, અર્થાત્ ગવરાવવા લાગ્યા. પછી બીજા સંતો ઝીલીને ગાવા લાગ્યા. તે સિવાયના જે હતા તે વાસણ ભરી ભરીને જમીન ઉપર પાણી છાંટવા લાગ્યા. ૯-૧૧. સંતોનાં વર્તુળ ઘણાં મોટાં થયાં હતાં. તે વખતે દુંદુભિ, રણશિંગી, તુરાઈ અને શરણાઈ વગેરે વાજિંત્રો વાગવાં લાગ્યાં અને તેનાથી આકાશ ગાજવા લાગ્યું. ૧૨.

મુક્તાનંદ સ્વામી વગેરે જે સંતો હોરીનાં પદ ગાતા હતા તેમને શ્રીહરિએ કહ્યું કે, "હવે તમે કીર્તન રાખો. કેમ જે, જે આના રસભોક્તા નથી, તેમને આ કીર્તનોમાં રસ આવતો નથી. તેથી તેવા ઘણા લોકો અમારાં દર્શન થતાં હોવા છતાં ઊંઘે છે. ૧૩-૧૪. આ બાબતને પહેલેથી સમજીને જે સંતો ઊંઘથી બચવાની કળા જાણે છે તે સંતો તો ઊભા થઈ મંડળાકારે ફરીને ગરબી ગાવા લાગ્યા છે. ૧૫. **તેમાં પણ જેને બુદ્ધિ થોડી છે તેવા જનો તો રાસ-ગરબીમાં જ ખુશ થાય છે, અર્થાત્ અમારી મૂર્તિ ભૂલીને તેઓ રાસ-ગરબાનો જ આનંદ ભોગવે છે. જો બધા લોકો કીર્તન બોલે તો ઊંઘ આવતી નથી.** ૧૬. તેમાં પણ જો મંડળાકારે ફરીને પદ બોલાય તો તો કોઈને ઊંઘ આવે નહીં. ભગવાનની જે કથાવાર્તા છે તેમાં તો અપાર સર્વોપરિ રસ ભર્યો હોય છે અને તે રસ તો ચોક્કસ અમૃતનું પણ અમૃત છે. એટલે જ તે રસના જે રસિક ભક્તો હોય તે ઊંઘનો ત્યાગ કરીને તેનું પાન કરે છે. ૧૭-૧૮.

ભગવાન સંબંધી કથા, વાર્તા અને કીર્તનમાં તથા ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની જેટલી વાતો છે તેમાં સર્વોપરિ રસ રહ્યો છે; એવું જાણનારા જે સંતો-ભક્તો છે તેને કોઈ દિવસ તેમાં ઊંઘ આવતી નથી. તેઓ તો તેના રસમાં તલ્લીન થઈ જાય છે. ૧૯-૨૦.

❋ કથા-વાર્તામાં રસ જાગે તો જ ઊંઘ-આળસ ભાગે :

ચોપાઈ :

भगवान तामें हित हि जितना, वरतत रहत उर में तितना;
कथा वारता कीर्तन तामें, देखाय आत प्रगट यामें...२१

निंद के त्याग जिनकू जेता, भगवान में हित ताकु तेता;
भगवान में देखावन हीता, निंद यह रहायेउ खचीता...२२

જે ભક્તોનાં હૃદયમાં જેટલું ભગવાનમાં હેત હોય છે તે બધું કથા, વાર્તા અને કીર્તનમાં પ્રત્યક્ષ દેખાઈ આવે છે. ૨૧. કથા-કીર્તનમાં જેને જેટલી ઊંઘ નથી આવતી તેને તેટલું ભગવાનમાં હેત હોય છે. આ રીતે ભગવાનમાં હેત છે કે નહીં તે દેખાડવા માટેનું ચોક્કસ સાધન ઊંઘ છે." ૨૨. જ્યારે બધા સંતો રાસમંડળમાં ફરીને ગરબીનાં પદ ગાવા લાગ્યા, ત્યારે વાજિંત્ર વગાડીને જે ગાતા હતા તે સંતોને ગાવાનું બંધ કરાવ્યું. ૨૩. તેથી તે વખતે જેટલા જનોને ઊંઘ આવતી હતી તે બધા પણ ઊંઘનો ત્યાગ કરી ઊભા થઈને રાસમાં ફરવા લાગ્યા. પછી જે સંતો વાજિંત્રો વગાડતા હતા તે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી પણ સંતોની સાથે અતિ ભાવથી રાસ રમવા લાગ્યા. ૨૪-૨૫.

✻ શ્રીહરિ અને સંતોનો અલૌકિક રાસોત્સવ :

હવે સર્વે સંતોને રાસમાં ફરતા જોઈને શ્રીહરિ પણ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીની વચ્ચે આવીને રાસ લેવા લાગ્યા. ૨૬. શ્રીહરિએ જેટલાં સારાં વસ્ત્ર અને આભૂષણ પહેર્યાં હતાં, તેની જેટલી શોભા હતી તે બધી મૂર્તિમાં આવીને પ્રગટ થઈ ગઈ. ૨૭. તેથી મૂર્તિ એવી નવરંગ-મનમોહક બની કે તેની શોભા કહી શકાતી નથી. તેમાં પણ જ્યારે શ્રીહરિ ઉમંગથી રાસ રમતા ત્યારે અદ્‌ભુત શોભા થાતી હતી. ૨૮. ભક્તજનો જેવી ભાવના કરે છે તેવી શ્રીહરિ જાણતા હોય છે. ભક્તોની તે ભાવનાને પૂરી કરવા માટે તો શ્રીહરિએ અવતાર લીધો છે. તેથી શ્રીહરિ હંમેશાં ભક્તોને આધીન રહે છે. ૨૯. ગોલોકધામમાં ગોપીઓનું મંડળ રાસમાં વર્તુળાકાર થઈને શ્રીહરિનાં અદ્‌ભુત ચરિત્રોને આનંદથી ગાય છે. ૩૦. **શ્રીહરિનાં સર્વોપરિ ચરિત્રમાં પરમરસ માને છે. શ્રીહરિ જે જે વાત કરતા રહે છે તે સર્વે શ્રીહરિનાં ચરિત્ર જ કહેવાય છે.** ૩૧. તેથી જ ભગવાનના ભક્તો વ્યાસજી આદિક જેટલા રસજ્ઞ કવિઓ છે તે બધા ભગવાનનાં ચરિત્રોનાં કાવ્યો કરીને ઘણા હર્ષથી તે કાવ્યોને ગાતા રહે છે. ૩૨.

કાવ્ય-કીર્તનરૂપ પ્રબંધમાં ગુંથાયા વિનાના જેટલાં ભગવાનનાં ચરિત્રો છે તે કહેવાં-સાંભળવામાં આવતાં નથી. શ્રીહરિનાં આ ચરિત્રો સદા કહેવાં-સાંભળવામાં આવતા રહે તે માટે આજ સુધી જેટલા ભગવાનના ભક્ત કવિઓ થયા છે તે બધા ભગવાનનાં ચરિત્રોને ચિંતામણિ સમજીને તથા કલ્પવૃક્ષ સમજીને, વિવિધ પ્રકારના કાવ્ય-પ્રબંધોમાં ભાવથી ગૂંથતા રહ્યા છે; જેને સાંભળીને તેમાં સહુ પ્રેમ કરે છે. ૩૩-૩૫.

અવતાર સમયે ભગવાનની મૂર્તિ જેવી છે તેવી પ્રગટ દેખ્યામાં આવે છે. ભગવાનની તે મૂર્તિને પછી પણ પ્રગટ દેખાડવા માટે ભક્ત કવિઓ ભગવાનનાં ચરિત્રોને વિવિધ પ્રકારનાં કાવ્ય-પ્રબંધોમાં ઘણા ભાવથી ગૂંથતા રહે છે. તેમાં તેમને તૃપ્તિ થાતી નથી. ભાવ વગર તે કાવ્યગ્રંથ ગૂંથાતા નથી. ભગવાનનાં ચરિત્રોને જેવાં છે તેવાં કાવ્યમાં ગૂંથવા કે સાંભળવા ઘણા કઠિન છે. ૩૬-૩૮. તે કામ કઠિન હોવા છતાં પણ જેને જેટલો ભાવ હોય તેટલું તેને માટે તે સુગમ થઈ જાય છે. ભાવનાને કારણે જ પ્રભુ કે પ્રભુનાં ચરિત્રો પ્રગટ થઈ આવતાં દેખાય છે. ૩૯. શ્રીહરિ સંતોની સાથે રાસમાં ફરતા હતા તેમાં કેટલીક વાત દેખાતી હતી અને તેમાં કેટલાકના ગર્વને હરી લેતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિ પંચાળામાં સંતો વગેરેની સાથે રાસ રમ્યા" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર પચીશમું : તરંગ - ૩૩

રાસ રમતા શ્રીહરિનાં દર્શન કરવા ભવ-બ્રહ્માદિક દેવો આવ્યા

વળી મુક્તાનંદ સ્વામી દરબાર દાદા ખાચરની આગળ વાત કહેવા લાગ્યા કે, "શ્રીહરિનાં જે ચરિત્ર મેં તમારી આગળ કહ્યાં તેનાથી લાખો-કરોડો ભાગનાં કહેવાનાં બાકી રહી જાય છે. ૧. શ્રીહરિનાં ચરિત્રો અપાર અપાર છે તે હું અત્યારે સંક્ષેપથી કહું છું. કેમ જે, આ મારું શરીર કાચા

ઘડા જેવું છે. ૨. આ શરીરનો એક પળવાર જેટલો પણ નિર્ધાર નથી અને હરિચરિત્રો એટલાં બધાં છે કે તેનો કોઈ પાર લઈ શકતું નથી. ૩. **જેને સત્સંગ હોય છે તેના મનોરથ સમજણે કરીને પૂરા થાય છે. સમજણ વિના તો કોઈના મનોરથ પૂરા થતા નથી.** ૪. શ્રીહરિનાં જેટલાં ચરિત્રો છે તેને કહેતાં કોઈ પણ કવિ પાર પામી શકતા નથી. વેદ, ભવ, બ્રહ્મા આદિક, અરે ! અક્ષર જેવા પણ તે ચરિત્રના પારને પામતા નથી; તો પછી મુક્તોના તો શાં લેખાં ? તે કોઈને ચરિત્રોનો પાર પામતા દેખ્યા નથી.

શ્રીહરિમાં એવી એકે એક વાત અપાર અને આશ્ચર્યકારી રહી છે, ૫-૬. તેથી સહુ 'નેતિ નેતિ' કરીને કહે છે. **શ્રીહરિનાં ચરિત્રો એટલા અપાર છે કે, કરોડો ચરિત્રોમાંથી એકાદ ચરિત્ર કહું છું અને અનેક બાકી રહી જાય છે. શ્રીહરિ જન્મથી લઈને અગિયાર વરસ પર્યંત ઘરમાં કુટુંબી સાથે રહ્યા. તેમાં તેમણે રાત-દિવસ જે ચરિત્રો કર્યાં છે તેમાંથી એક દિવસનાં ચરિત્રને પણ અથથી ઈતિ સુધી (જેમ છે તેમ) કહેવા માટે અક્ષર જેવા પણ સંકોચ પામે છે. કારણ કે, શ્રીહરિ તો અક્ષરના પણ આત્મા પુરુષોત્તમનારાયણ છે.** ૭-૯. હે હરિ ! આપના આ અવતારનાં જે ચરિત્રો છે, તેનો કોઈ પાર પામતું નથી. અનંત કોટિ કોટિ અક્ષરના જેવા તો આ શ્રીહરિના એક એક રોમમાં ઊડતા રહે છે તે દેખાતા પણ નથી, આવા ભગવાનને યથાર્થ કોણ માપી શકે ? ૧૦-૧૧. જે તુચ્છ બુદ્ધિના અને ગમાર છે તે 'ભગવાન આવા જ છે' એમ નિર્ધાર કરે છે. તેમ જ જે તુચ્છ કે માયિક બુદ્ધિના હોય તે જ ભગવાનનાં ચરિત્રોનો 'ચરિત્ર આટલાં જ છે' એવો નિર્ધાર કરે છે.

જેની જેવી બુદ્ધિ હોય તે તેનાં વચનમાં સહેજે દેખાય આવે છે કે, આની અપાર તુચ્છ બુદ્ધિ છે. જેની જેવી બુદ્ધિ હોય છે તે તેનાં વચન દ્વારા દેખાય છે. ૧૨-૧૪. વ્યક્તિ પ્રામાણિક છે કે અપ્રામાણિક એ તેનાં વચન જ કહી દે છે. વ્યક્તિનાં વચનમાં જ તેનાં માન અને અપમાન હોય છે. ૧૫. કોઈ માણસ એક દિવસમાં એકાદ વચન બોલીને સહેજે હજાર રૂપિયાની કમાણી કરી લે છે. ૧૬. કોઈ માણસ કોઈના એક જ વચનને આધારે

જિંદગીભર પરેજીનું પાલન કરતો રહે છે. કોઈ એકનાં વચનમાં અમૃતનો એવો અપાર સાગર ભર્યો હોય છે કે જેને અનંત બ્રહ્માંડના સ્થાવર-જંગમ જીવો ચાહે તેટલું પાન કરે, તોપણ તે ક્યારેય ખૂટતો નથી; એવી વચનની મહત્તા છે. ૧૭-૧૮.

❋ **શ્રીહરિનાં ચરિત્રનો મહિમા :**

આ માનવશરીરને પામીને પણ જે ભગવાનનાં ચરિત્રને સાંભળતા નથી તે સંસારસાગરમાં ડૂબતા રહે છે, અને કહી ન શકાય તેટલા તે દુઃખી થાય છે. ૧૯. તેઓ અપરંપાર દુઃખને સહન કરે છે, જેનો કહેતા પાર આવતો નથી. તે દુઃખમાંથી જે કાંઈ છૂટકારો પામવા ઇચ્છે છે તે શ્રીહરિનાં ચરિત્રોને સાંભળે છે. ૨૦. શ્રીહરિનાં ચરિત્રોને સાંભળ્યા સિવાય સંસારસંકટમાંથી ક્યારેય છૂટાતું નથી. ચાહે તેવી વિશાળ બુદ્ધિ હોય, તોપણ તેનાથી સંસારનું સંકટ તરી શકાતું નથી. ૨૧.

चोपाई :

हरि के चरित्र सुनने में जाही, भाव जिहाँ लग नहीं कराही;
चाय तितनी बुद्धि रहे जोऊ, निर्थक में खपत रहे तोऊ...२२
एसे जानीके हरिजन जितने, हरि के चरित्र तामें तितने;
रुचि करत रहाये ऐसे, सुनीके तृप्ति न होवत तैसे...२३
सुनीके तृप्ति होवत जबहू, भाविक यह न रहाये तबहू;
जिमी जिमी सुनत रहेउ चरीता, नये नये भाव रहत उदीता...२४

दोहा : कोटिक कल्प लग हि जोउ, हरि के चरित्र जेहु;
सुनत वेर वेर हि तोउ, नये नये रहे तेहु...२५

શ્રીહરિનાં ચરિત્ર સાંભળવામાં જીવ જ્યાં સુધી સદ્‌ભાવના કરતો નથી, ત્યાં સુધી તેની ગમે તેટલી બુદ્ધિ હોય તોપણ તે નિરર્થકમાં ખપે છે. ૨૨. આવી રીતે સમજીને જેટલા ભગવાનના ભક્તો છે તે શ્રીહરિનાં ચરિત્રો સાંભળવામાં રુચિ કરતા રહે છે અને તે ચરિત્રો સાંભળીને તૃપ્ત થતા નથી. ૨૩. ચરિત્ર સાંભળીને જો તૃપ્ત થઈ જાય તો તે પૂરા ભાવિક ભક્ત નથી. કારણ કે, ભક્ત જેમ જેમ ચરિત્રોને સાંભળે છે તેમ તેમ તેમાં નવા

નવા શ્રદ્ધા-ભાવ પ્રગટ થતા રહે છે. ૨૪. કરોડો કલ્પ સુધી ભગવાનનાં ચરિત્રોને વારંવાર સાંભળવામાં આવે તોપણ ભાવિક ભક્તોને તે ચરિત્રો નવાં ને નવાં જ રહે છે. ૨૫.

શૌનક આદિક અઠ્યાશી હજાર ઋષિઓ એક કલ્પ સુધીનું નક્કી કરીને નૈમિષારણ્યમાં શ્રીમદ્‌ભાગવત પુરાણને વારંવાર સાંભળતા રહે છે, અને તેમાં પ્રેમથી નવો નવો ભાવ રાખે છે. ૨૬-૨૭. તે એવા રસિક શ્રોતાઓ છે કે એક કલ્પ પર્યંત ભાગવત સાંભળ્યું હોય, તોપણ જાણે એક ઘડી પણ સાંભળ્યું નથી ! એવા રસિક છે. ૨૮.

भवसागर अपार जो जेहा, पार न पावत हि कबहु तेहा;
हरि ताके चरित्र में भावा, जब जन जेही करत रहावा...२९
भवसागर गउ वछ समाना, होई जावत एहि रहाना;
चरित्र में एसे गुण अपारा, रहाये ताके वार न पारा...३०

આ અપાર ભવસાગરનો ક્યારેય પાર આવે તેમ નથી. પણ જે લોકો શ્રીહરિનાં ચરિત્રો સાંભળવામાં શ્રદ્ધા-ભાવ કરે છે, ત્યારે તેને માટે ભવસાગર ગાયના વાછરુંનાં પગલાંમાં ભરાયેલાં પાણી જેવો અલ્પ થઈ જાય છે. શ્રીહરિચરિત્રમાં તેવા અપાર ગુણો રહ્યા છે, તેનો કોઈ પાર પામી શકતું નથી. ૨૯-૩૦.

✻ રાસોત્સવનાં દર્શનાર્થે દેવો આવ્યા :

જ્યારે શ્રીહરિ સંતોની વચ્ચે રાસમાં ફરવા લાગ્યા ત્યારે તેની અપાર શોભા થઈ હતી. શ્રીહરિ રાસમાં ફરી રહ્યા છે, તે સાંભળીને તે સમયે તેત્રીશ કરોડ દેવતાઓ વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. તેથી વિમાનોથી બધું આકાશ છવાઈ ગયું હતું. જેટલી દેવાંગનાઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને હેતથી વધાવવા લાગી અને મુખથી મંગળમય ગીત ગાવા લાગી. જેટલી અપ્સરાઓ હતી તે બધી ત્યારે નૃત્ય કરવા લાગી. ૩૧-૩૩.

જે મોટા મોટા ગાંધર્વો હતા તે વિવિધ પ્રકારનાં વાજિંત્ર લઈને પોતાની વાદ્યચાતુરી શ્રીહરિને અર્પણ કરવા આવ્યા. ૩૪. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક

દેવતાઓ પણ વિમાનમાં બેસીને આવ્યા અને કેસરયુક્ત ચંદન તથા પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. ૩૫. દેવતાઓનાં જે જે વાજિંત્રો હતાં તે બધાં તેઓ વગાડતા હતા. આ રીતે એક પહોર સુધી શ્રીહરિ રાસ રમતા રહ્યા. તે વખતની શોભા કહી શકાતી નથી. ૩૬.

दोहा : हरि फीरत रहे तिन महीं, फिरने ताकी जेति;
चातुरता रहे जितनि हि, देखात भये तेति...३७
चातुरता जिनकी हि जोउ, नृत्य करनकी जेति;
कोटि गण हि तिनसे अधिक, देखाये हरि तेति...३८

सोरठा : जो जो गुण यह जेता, ब्रह्मांड में रहे छायकर;
सरवोपरि गुण तेता, हरि में रहे छायकर हि...३९
हरि के देख हि गूण, ओर हि गुण जितना जेही;
देखावत हि अलूण, विंजन जिमी रहे तेही...४०

શ્રીહરિ રાસમાં ફરતા હતા, ત્યારે રાસ લેવાની જેટલી ચતુરાઈ-કળાચાતુર્ય છે તે બધી બતાવવા લાગ્યા. ૩૭. નૃત્ય કરવાની જેટલી ચાતુરી કહેવાય છે તેનાથી કરોડગણી અધિક ચતુરાઈ શ્રીહરિ બતાવતા હતા. ૩૮. આ બ્રહ્માંડમાં જેટલા કાંઈ જે જે સદ્‌ગુણો છવાય રહ્યા છે, તે સર્વે સર્વોપરિ ગુણો શ્રીહરિમાં વ્યાપીને રહ્યા છે. ૩૯. શ્રીહરિના આવા ગુણોને જોઈને બીજામાં જે જે ગુણો હતા તે બધા તો મીઠાં વગરનાં શાક જેવા લાગતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "રાસ રમતા શ્રીહરિનાં દર્શન કરવા ભવ-બ્રહ્માદિક દેવો આવ્યા" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર પચીશમું : તરંગ - ૩૪

વેદાદિ શાસ્ત્રોમાં કહેલી ચરિત્રની શ્રેષ્ઠતા અને શ્રીહરિએ રાસ પૂરો કર્યો

શ્રીહરિ જ્યાં રાસમંડળમાં ફરતા હતા તેમની પાછળના ભાગમાં સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તોનાં ગોળાકારે ચાર મંડળ થયાં હતાં. ૧. સંતો, વર્ણી, પાર્ષદો અને બાઈ-ભાઈ હરિભક્તોએ શ્રીહરિનાં દર્શન વગેરેનો એટલો બધો લાભ લીધો હતો કે જે બધો કહ્યામાં આવતો નથી. ૨. એક એક સંતોએ, એક એક વર્ણીઓએ, સર્વે પાર્ષદો અને જેટલા હરિભક્તો હતા તે બધાએ શ્રીહરિનો જે જે રીતે લાભ લીધો છે તે બધો લખ્યામાં ન આવે તેટલો લાભ આ વખતે લીધો હતો. ૩-૪. સંતો અને હરિભક્તોએ પ્રગટ શ્રીહરિનો વારંવાર લાભ લીધો હતો. અને કેટલીયે પ્રકારના લાભ લીધા હતા. તેમાંથી એક જ કહેવાય છે અને અપાર બાકી રહી જાય છે. ૫. સંતો, વર્ણી, પાર્ષદો અને બાઈ-ભાઈ હરિભક્તો; તે બધાએ જે લાભ લીધો તે બધાનાં નામ લખતા પણ પાર આવે તેમ નથી. ૬. શ્રીહરિનાં ચરિત્રની આવી વાત કહેવાથી જેણે જે લાભ લીધો હોય તે સહુને યથાર્થરૂપમાં જાણ્યામાં આવે છે. તેટલા માટે જ હું આ લખી રહ્યો છું. ૭.

❊ શ્રેષ્ઠ સંતો-ભક્તોનાં લક્ષણ :

चोपाई :

श्रेष्ठ हरिजन जितने जेहा, पुत्र परिवार पदार्थ तेहा;
हरि तिनसे न अधिक रखेऊ, जीवत यह लग हि जोउ तेऊ...८

तिनकरी धाम के हरिजन हि, प्रगट देखे में आत इनहि;
संत वर्णि पदाती रहे जितने, मन कर्म बचन कर हि जो तितने...९

श्रीहरि के बचन जिमी हि तिनमें, सरवोपरि सुख मानत इनमें;
जो जो धाम से आये जितना, वरतन कर देख आवत तितना...१०

हरि संत हरिजन केउ जाही, दिव्यभाव हि जितना ताही;
जानत रहाये तितना तेही, सत्संग जीय में इता एही...११

हरि संत हरिजन केउ जाकू, जितना उर में भाव हि ताकू;
तितना सत्संग रहे तिनके, भाव अंतर देखावत इनके...१२

શ્રીહરિના જેટલા એકાંતિક હરિભક્તો હતા, તેમણે પોતાનાં પુત્ર, પરિવાર અને પદાર્થોને જિંદગી પર્યંત શ્રીહરિ કરતાં અધિક કરીને રાખ્યાં ન હતાં. ૮. અને તેને લીધે જ તે હરિભક્તો ધામમાંથી આવ્યા છે, તેવું પ્રત્યક્ષ દેખાતું હતું. સંતો, વર્ણી અને પાર્ષદ જેટલા હતા તે બધા મન, કર્મ અને વચને કરીને શ્રીહરિનાં જેવાં જેવાં વચનો હોય તેમાં સર્વોપરિ સુખ માનતા હતા. જે જે ધામમાંથી જે કોઈ આવ્યા હતા તે તેમનાં વર્તન ઉપરથી દેખાઈ આવતું હતું. ૯-૧૦. જે કોઈ શ્રીહરિ, સંતો અને હરિભક્તોનો જેટલો દિવ્યભાવ જાણતા હોય તેટલો તેના જીવમાં સત્સંગ આવ્યો છે. ૧૧. **જેના હૃદયમાં શ્રીહરિ, સંતો અને હરિભક્તો વિષે જેટલો ભાવ છે તેટલો તેને ખરો સત્સંગ લાગ્યો છે. તેના હૃદયનો ભાવ તેના અંતરને દેખાડી દે છે.** ૧૨.

જેના જીવમાં જેટલો સત્સંગ ઊતર્યો હોય તેમાં તેટલો વિનય સહજભાવે વર્તતો હોય છે. તેમાં તેટલી સરલતા પણ સહજભાવે રહે છે. આવા ગુણોને કારણે જેને જેટલો સત્સંગ હોય તે છુપાવ્યો છુપાતો નથી. ૧૩-૧૪. જે ભક્તમાં જેટલું નિષ્કપટપણું અને નિર્દંભપણું હોય તેટલો તેને ખરા અર્થમાં સત્સંગ થયો છે અને તેટલી જ તેની કીર્તિ વધે છે. ૧૫. ક્યાં ગોપીઓ અને ગોવાળો ? જે વેદ કે પુરાણોને કાંઈ ભણ્યા ન હતાં. પરંતુ તેમણે એવો અનુપમ સત્સંગ કર્યો હતો, તેથી તેઓ મુક્તાત્માઓમાં લખાયા છે. ૧૬.

જ્યારે મથુરાના બધા વિપ્રો વેદ તથા પુરાણોને ભણેલા હતા. તથા યજ્ઞ કરવો અને કરાવવો, તેવા ક્રિયાકાંડને જાણતા હતા. ૧૭. વેદ અને પુરાણોમાં શ્રીકૃષ્ણ ભગવાનની અપરંપાર મોટાઈ કહી છે, તેને તેઓ ઘણી જાણતા હતા. ૧૮. વેદ અને પુરાણોમાં જેની મોટાઈ સર્વોપરિ કહી છે તે શ્રીકૃષ્ણ ભગવાન મથુરામાં પ્રગટ થયા હતા. ૧૯. જે કાળના પણ કાળ હતા, તે પોતે મનુષ્યચરિત્ર કરતા હતા. તેઓ ગોપીઓ અને ગોવાળોને સુખ આપવાના નિમિત્તે પ્રગટ થયા હતા. ૨૦. જેને નિમિત્તે પ્રગટ્યા હતા તેને અપાર સુખ આપ્યું, કાંઈ બાકી રાખ્યું નહીં. તેમણે કોઈ મનુષ્ય કે દેવતાઓનો ડર રાખ્યો નહીં. કારણ કે, તેમને પોતાથી સમર્થ કોઈ જ દેખાતા નો'તા. ૨૧.

❋ હરિચરિત્ર અને ભક્તની મહત્તા :

ભક્તજનોના જેવા સંકલ્પો હતા તે રીતનાં તેમણે ચરિત્રો કર્યાં. એ બાબતને જ તેઓ મુખ્ય રાખતા હતા. ભગવાનની જેટલી બાબત છે તે બધી ધર્મ કહેવાય છે. ૨૨. વેદ અને પુરાણો પણ ભગવાનનાં ચરિત્રોને પોતા કરતાં અધિક માનતા હતા. શુકજી, સનકાદિકો, વ્યાસજી, બ્રહ્મા, ભવ, શેષજી અને નારદજી જેવા અને વેદો, પુરાણો પણ 'સર્વોપરિ શ્રીહરિનાં જે ચરિત્રો છે તે તમામ દોષોને ટાળનારા છે', એમ જ્યારે સમજ્યા ત્યારે તેમનો સર્વોપરિ મહિમા થયો. ૨૩-૨૪.

શ્રીહરિનાં ચરિત્રોને સર્વોપરિ જાણીને જે આદરથી શ્રવણ કરે છે તેનો મહિમા પણ સર્વોપરિ થાય છે. ૨૫. આવો જે ભગવાનનો મહિમા છે તેને બ્રહ્માંડમાં જ્યારે કોઈ જાણતા ન હતા ત્યારે અનંત કલ્પથી વેદાદિ શાસ્ત્રો પ્રસિદ્ધ સૂર્યની જેમ જાણતાં રહ્યાં છે. ૨૬. આવા જે મહિમાવાળા ભગવાનના ભક્ત હોય છે તેની મોટાઈ આ બ્રહ્માંડમાં અનંત કલ્પ પર્યંત ટકી રહે છે. વેદ તથા પુરાણોને ભણેલા જે ઘણા વિપ્ર વિદ્વાનો હોય છે તેની મોટપ તો તેનું શરીર જ્યાં સુધી રહે છે ત્યાં સુધી જ રહે છે. ૨૭-૨૮. **વેદ અને પુરાણોમાં મોક્ષની પરમ પવિત્ર રીત કહી છે. પણ જ્યાં સુધી તે મોક્ષની રીત મુજબ ચાલતા નથી, ત્યાં સુધી તે શ્રોતા અને વક્તાઓનો લગાર પણ મોક્ષ થતો હોય તેવું ક્યારેય સાંભળ્યું નથી.** જે જે મોક્ષના માર્ગો છે તેમાં બતાવેલ મોક્ષની રીતિ પ્રમાણે ચાલ્યા સિવાય મોક્ષ ક્યારેય થાતો નથી. જે ધર્મની રીતમાં ચાલે છે તેનો મોક્ષ થાય છે. આ ભૂમિ ઉપર ભગવાનના અપાર અવતારો થાય છે. તે વખતે જે લોકો તેમને ઓળખે છે અને તેમની મરજી પ્રમાણે ચાલે છે તે બધાનો મોક્ષ થયો છે, તેવી વાત પુરાણોમાં લખી છે. ૨૯-૩૨.

જેટલા લોકો ભગવાનની સાથે વૈરભાવ રાખતા હતા અને અનીતિને માર્ગે ચાલતા હતા તેમનો મોક્ષ થયો નથી. સંતોએ રાસમાં વીશ પદ ગાયાં ત્યાં સુધી શ્રીહરિ ભાવથી સંતોની સાથે ફરતા રહ્યા અને સહુને પ્રસન્ન કરતા

રહ્યા. ૩૩-૩૪. પછી પરમ આનંદકારી શ્રીહરિ મંચ ઉપર જઈને બેઠા. જ્યારે અધરાત કરતાં પણ વધારે સમય થયો ત્યાં સુધી સંતો કીર્તન બોલતા રહ્યા. ૩૫. કીર્તનો સાંભળવામાં શ્રીહરિને શ્રદ્ધા ઘણી હતી. સંતોને જે આવડતા હતા તે બધાં અલગ અલગ પ્રકારનાં કીર્તનો શ્રીહરિ ગવડાવતા હતા. ૩૬.

તે સમયે સચ્ચિદાનંદ મુનિ ખાખરાના વનમાં ગયા અને જોરથી 'ચોર..આવ્યો.. ચોર..આવ્યો..' એવો પોકાર કર્યો. ૩૭. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "હવે કીર્તન રાખો અને જુઓ જોઈએ ચોર ક્યાં છે ?" તે સમયે બધા પાર્ષદો ચોરને જોવા માટે ચારે બાજુ દોડી ગયા. ૩૮. ખાખરાનું એક એક ઝાડ જોઈ વળ્યા. પછી જ્યારે ચોર ન દેખાયો ત્યારે શ્રીહરિની પાસે આવીને બધી વાત કહી. ૩૯. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "કીર્તનનો ઘણો રસ આવતો હતો, પણ આવી ઉત્તમ વાતમાં કોઈએ આવીને વિઘ્ન કર્યું. હવે અમે ગામમાં જઈએ છીએ." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "વેદાદિ શાસ્ત્રોમાં કહેલી ચરિત્રની શ્રેષ્ઠતા અને શ્રીહરિએ રાસ પૂરો કર્યો" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર પચીશમું : તરંગ - ૩૫

ગરમ રંગથી નારાજ થયેલા શ્રીહરિ રંગોત્સવ કરવા ગામ બહાર આવ્યા

વળી મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરની આગળ શ્રીહરિનાં ચરિત્રની વાત કરતા કહ્યું કે, "પછી શ્રીહરિ ગામમાં આવીને પોઢી ગયા. ૧. ઝીણાભાઈના નાના ભાઈ ગગાભાઈ હતા. તેમણે આખી રાત રંગ ભરવા માટેના બે કુંડ કરાવ્યા. પછી કેસૂડાં અને પતંગનો રંગ પ્રેમથી કરાવીને તે બંને કુંડોને રંગથી ભર્યા. ૨-૩. કેસરનો રંગ બનાવીને દસ-બાર મોટાં માટલાં ભર્યાં.

પછી જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ ઊઠ્યા અને નાહ્યા. ૪. પછી તેમણે બધો પૂજાવિધિ કર્યો. પછી શ્વેત સુરવાળ અને શ્વેત અંગરખું પહેર્યું અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી. ૫. અને એક શ્વેત પટકો કમર ઉપર બાંધ્યો. ત્યારે શ્રીહરિની સુંદર નટવરમૂર્તિ બની હતી. પછી ભવનના ચોકની વચ્ચે જે ચોતરો હતો તેના ઉપર પલંગ બિછાવ્યો હતો, ત્યાં આવીને શ્રીહરિ બેઠા. તે સમયે કેસરી રંગથી ભરેલી તાંબડી ઝીણાભાઈ શ્રીહરિ ઉપર ઉડાડવા માટે લાવ્યા. તે રંગ ઘણો ગરમ હતો. તેમણે નિત્યાનંદ સ્વામીને લાવીને તે રંગ આપ્યો અને કહ્યું કે, "તમે જઈને શ્રીહરિ ઉપર રંગ નાખો. ૬-૮. શ્રીહરિની જેવી મરજી હોય, તેને અમે બરાબર જાણતા નથી. મરજી જાણ્યા સિવાય કાંઈ કરીએ તો રંગમાં ભંગ પડી જાય. ૯. શ્રીહરિને રાજી રાખવા માટે તો અમે રાત-દિવસ ચિંતવન કરતા રહીએ છીએ."

❋ પ્રથમ ઝીણાભાઈના ઘેર રંગોત્સવ કર્યો :

ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા કે, "તમારી જેવી મરજી હોય તેમ હું કરું." ૧૦. ત્યારે ઝીણાભાઈ બોલ્યા કે, "સહુ પહેલા અમારાં ભવનમાં શ્રીહરિને નખશિખ પર્યંત રંગમાં રસબસ કરી દો. ૧૧. જ્યારે શ્રીહરિને રંગથી રસબસ કરો ત્યારે જ અમારાં ભવન સફળ થાય. અમારો મનોરથ તો સંતોના હાથમાં છે. આમાં અમારું કાંઈ ચાલે નહીં." ૧૨. પછી નિત્યાનંદ સ્વામીએ ઝીણાભાઈનો મનોરથ પૂરો કરવા માટે શ્રીહરિના ઉપર જે ગરમ રંગ હતો તે નાખ્યો. ૧૩. જ્યારે રંગ વધારે ગરમ લાગ્યો ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "આ તો દગો કર્યો." નિત્યાનંદ સ્વામીને તેનું કાંઈ ધ્યાન ન રહ્યું. પછી તેનો મનમાં ઘણો અફસોસ થયો. ૧૪.

ત્યારે શ્રીહરિ પોતે રિસાઈને ઝીણાભાઈના ભવનમાં દિવસ ઊગ્યાથી પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી બેસી રહ્યા. ૧૫. મયારામ ભટ્ટ, સોમલા ખાચર અને ઝીણાભાઈ શ્રીહરિની પાસે હતા. ૧૬. ત્યારે સોમલા ખાચરે શ્રીહરિને કહ્યું કે, "હવે આપ રંગે રમવા ચાલો. બંને હોજ રંગથી ભરી દીધા છે અને દેશદેશના હરિભક્તો આપનાં દર્શન કરવા માટે આવ્યા છે. હું હાથ જોડીને દરબાર ઝીણાભાઈ વતી બોલી રહ્યો છું." ૧૭-૧૮. ત્યારે

શ્રીહરિ બોલ્યા કે, "જે બધા સંતો છે તેઓ જો અમારા ઉપર રંગ ન નાખે અને તમે તેના જામીન થાઓ તો અમે બહાર આવીએ." ૧૯. ત્યારે સોમલા ખાચર બોલ્યા કે, "જે સંતો છે તે અત્યારે આપના ઉપર રંગ નહિ નાખે અને તેના માટે હું જામીન થાઉં છું." ૨૦.

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી બધા જ સંતોના જામીન થાય કે અમારા ઉપર જે જે સાધુ એવું નામ ધરાવે છે તેમાંથી કોઈ રંગ ન નાખે, ૨૧. તો અમે તરત જ બહાર આવીએ. તેમના કહ્યા સિવાય અમને વિશ્વાસ ન આવે." ત્યારે ઝીણાભાઈએ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીની પાસે આવીને શ્રીહરિએ જેમ કહ્યું હતું તે બધું કહ્યું. ત્યારે મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીએ જેટલા સંતો હતા તે સહુને બોલાવ્યા અને બધા સંતોને કહ્યું કે, "તમારે કોઈએ શ્રીહરિ ઉપર લગાર પણ રંગ ભૂલથીય નાખવો નહિ, એમ નિયમ લો તો શ્રીહરિ અહીં બહાર આવે, એવું તેમણે કહ્યું છે. હવે બધી વાત તમારા સહુ સંતોના હાથમાં છે. ૨૨-૨૪.

✵ સહુ સંતો-ભક્તો સાથે શ્રીહરિનો દિવ્ય રંગોત્સવ :

ત્યારે સહુ સંતો બોલ્યા કે, "હવે શ્રીહરિ જેમ કહે છે તે રીતે અમે બધા કરશું. તે વાત નક્કી છે." જ્યારે તે વાત શ્રીહરિની આગળ કહી ત્યારે કેસરી રંગથી ભીંજાયેલા શ્રીહરિ અતિ રાજી થયા અને અશ્વ ઉપર બેઠા. ૨૫-૨૬. તે સમયે ઢોલ, ભૂંગળ, રણશિંગી આદિક વાજિંત્રો વાગતાં હતાં અને ઘણા ભાવિક ગામલોકો દર્શન કરતા હતા. ૨૭. શ્રીહરિ ગામથી બહાર આવ્યા અને આવીને મંચ ઉપર બેઠા. તેમના બધાં વસ્ત્ર કેસરી રંગથી ભરાઈ ગયા હતા. ૨૮. પછી તેમણે સંતોને કહ્યું કે, "તમે બધા પરસ્પર રંગે રમો. અત્યારે તમે જેટલા સંતો છો તે સર્વે બરોબર બે ભાગમાં થાઓ અને પછી સહુ રંગે રમો, અમે તેને દેખીએ. આટલા દિવસ સુધી જ્યાં જ્યાં હુતાશનીના ઉત્સવ કર્યા છે, વળી અમે જ્યારથી સત્સંગમાં આવીને રહ્યા છીએ અને જે દિવસથી રામાનંદ સ્વામી સ્વધામ ગયા છે, ત્યાર પછીથી જેટલા આ સંતો છે અને જે હરિભક્ત નામે

કહેવાય છે, તે બધાએ અમારા ઉપર વરસાદની હેલીની જેમ રંગ નાખ્યો છે અને રંગની હેલી મચાવી છે. ૨૯-૩૨.

છેલ્લા બાવીશ વરસથી જ્યાં જ્યાં હુતાશનીનો ઉત્સવ કરીએ છીએ ત્યાં ત્યાં વરસાદ વરસતો હોય તેમ અમારા ઉપર સહુ રંગ નાખે છે, કોઈ વિચાર કરતા નથી. ૩૩. ચાહે તેવો કોઈ મલ્લના જેવો બળવાન જુવાન હોય અને તેના ઉપર બધા સંતો અને હરિભક્તો પાણીનો એક એક ઘડો નાખે, તો તેને કેવી વીતે ? તેનો વિચાર કર્યો છે ? વળી, જેટલા સંતો અને હરિભક્તો છે તે બધા એક અમને જ હાર ચઢાવે છે, ૩૪-૩૫. અને બધા સંતો તથા હરિભક્તો અમને એકને જ ચંદન ચર્ચે છે. વળી, જેટલા હરિભક્તો છે તે બધા એક જ દિવસમાં અમને એકને તેમના ઉતારે ઉતારે લઈ જઈને અતિ ભાવથી મેવા-મીઠાઈના થાળ જમાડે છે ત્યારે અમને કેવું થતું હશે ? તેનો વિચાર કરો. ૩૬-૩૭. હવે તમે સહુ કહો તેને અમે અમારી મોટાઈ આપીએ, તો મોટપમાં કેવું સુખ છે તે તેને યથાર્થ દેખાય. ૩૮.

⁂ જગત અને ભગતની સમજણનો તફાવત :

सोरठा : जगत भक्त जो ताकि, समझ में रहे फरक अति;
समझ हि एक न वाकि, रात दिन हि फरक रहे...३९
जगत सबंधी हि बात, जो जो जेति रहे तेही;
जामें न हरि रहात, भक्त सार न मानत यह...४०

જગત અને ભગતની સમજણમાં ઘણો ફરક છે, એક નથી હોતી. બંનેની સમજણમાં રાત-દિવસ જેટલો ફરક છે. ૩૯. જગત સંબંધી જે જે બાબત જેટલી કાંઈ છે તેમાં જો ભગવાનનો સંબંધ ન હોય તો તેને ભક્તજનો સારી માનતા નથી અને જગતના લોકો તેમાં જ સાર માને છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "ગરમ રંગથી નારાજ થયેલા શ્રીહરિ રંગોત્સવ કરવા ગામ બહાર આવ્યા" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર પચીશમું : તરંગ - ૩૬

શ્રીહરિએ સંતોનાં બંને જૂથોને રંગે રમાડ્યા

વળી શ્રીહરિએ કહ્યું કે, “ભગવાન સિવાયની બાબતોમાં જ્યાં સુધી ભક્તને સાર દેખાય છે, ત્યાં સુધી તે ભક્ત જરૂર કાચો છે. ૧. જેટલા કાચા ભક્તજન હોય છે તે બધાને પાકા કરવા માટે અમે તેના ઉપર પ્રેમ કરીએ છીએ. ૨. **ભગવાન સિવાયની ચાહે તેવી બાબત હોય તે બધી બંધનરૂપ જ દેખાય, ત્યારે તે પાકો સિદ્ધ થયો ગણાય.** ૩. એવા સિદ્ધ બનાવવા માટે અમારી આ વાતો છે. જે અમારે શરણે આવ્યા છે, તેમને એવા સિદ્ધ કરવાનું અમને તાન રહે છે. ૪. અમે જે જે વાત કરીએ છીએ તે બધી ભક્તોને સિદ્ધ બનાવવાની જ હોય છે. આટલી વાત જો સિદ્ધ ન થઈ હોય તો તે ચાહે તેવો બુદ્ધિમાન હોય અને આ ભૂમિ ઉપરના બધા જ મનુષ્યોને નિયમમાં વર્તાવતો હોય, તોપણ તેની બધી બાબત નિષ્ફળતામાં જ ખપે છે. ૫-૬. જેટલી રિદ્ધિ અને સિદ્ધિઓ કહેવાય છે તે ભગવાન આગળ અત્યંત તુચ્છ દેખાય છે. જેટલા ચિંતામણિ તથા કલ્પવૃક્ષ છે તે બધાં પણ ભગવાનની સમક્ષ અતિ તુચ્છ લાગે છે. ૭.

જ્યારે ભગવાન કરતાં કોઈ જ અધિક ન દેખાય ત્યારે તે સાચા સિદ્ધ થયા ગણાય છે. ભગવાનથી કોઈને અધિક ન દેખે, ત્યારે બધાં સાધનોનો અંત આવ્યો કહેવાય. ૮. આવો જે સિદ્ધ હોય છે તે સંસારસાગરના અંતને પામે છે, એટલો અમારો સિદ્ધાંત છે. એટલા સિદ્ધાંતને દૃઢ કરવા માટે બ્રહ્માંડ ભરાઈ જાય તેટલી વાતો રહી છે. ૯. માણસ જ્યાં સુધી એટલો સિદ્ધાંત પૂર્ણ રીતે દૃઢ નથી કરતો, ત્યાં સુધી તેને વારંવાર સંસારમાં ભટકવાનું રહે છે. પરંતુ તે હકીકત સત્સંગ વિના દેખાતી નથી.” ૧૦.

❋ સંતો-ભક્તોનાં બે જૂથ બનાવી રંગોત્સવ કર્યો :

શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી ત્યારે સંતોનાં બે જૂથ તૈયાર થઈ ગયા. એક જૂથમાં પ્રસન્નપણે બ્રહ્માનંદ સ્વામીને મુખ્ય કર્યા. ૧૧. અને બીજા જૂથમાં ઘણા પ્રેમથી નિત્યાનંદ સ્વામીને મુખ્ય કર્યા. પછી રંગ ઉડાડવાની

છૂટ કરી. ૧૨. પૂર્વ દિશા તરફના હોજ ઉપર સંતોનાં જૂથ સહિત અતિશય પ્રેમરસથી ભરેલા નિત્યાનંદ સ્વામી રહ્યા. ૧૩. પશ્ચિમ દિશા તરફના હોજ તરફ સંતોનાં જૂથે સહિત બ્રહ્માનંદ સ્વામી રહ્યા. તે વખતની શોભા અદ્‌ભુત થઈ હતી. ૧૪. તે વખતે શ્રીહરિ બ્રહ્માનંદ સ્વામી પ્રત્યે મર્મભર્યા શબ્દ બોલ્યા, ‘જે રંગ રમવાના રસિયા છે તેના ઉપર તે રંગે કરીને અકળાઈ જાય એ રીતે જેટલો રંગ છે તે બધો નાખવાનું અધિક તાન રાખજો.’ શ્રીહરિ હસતાં હસતાં વારંવાર આવી તેમને સાન કરતા હતા. ૧૫-૧૬. તે સમયે બ્રહ્માનંદ સ્વામીના જૂથમાં જેટલા સંતો હતા તે બધા, શ્રીહરિને જેના ઉપર તાન હતું તેને તરત સમજી ગયા. ૧૭.

પછી સહુ પહેલા શ્રીહરિના મોટા ભાઈ રામપ્રતાપજી હતા. તેઓ કેસરી રંગ લઈને આવ્યા અને મંચ ઉપર ચડ્યા. ૧૮. શ્રીહરિની મરજી લઈને તેમણે કેસરનો જે રંગ હતો તેની શ્રીહરિના ઉપર ધાર કરી દીધી. ૧૯. શ્રીહરિ મંદ મંદ હસતા રહ્યા. ભાઈનો ઘણો પ્રેમ જોઈને મનમાં હર્ષ થયો. ચારે બાજુ ‘હોરી..હે..! હોરી..હે..!’ એમ બોલાતું હતું અને જેટલાં વાજિંત્રો હતાં તે બધાં વાગતાં હતાં. ૨૦. જ્યારે રામપ્રતાપજીભાઈએ શ્રીહરિ ઉપર રંગ નાખ્યો, ત્યારે શ્રીહરિએ જે કેસરી રંગ હતો તે રામપ્રતાપજીભાઈના ઉપર પ્યારથી પુષ્કળ નાખ્યો. પછી તત્કાળ ગુલાલ પણ નાખ્યો. મોટા ભાઈ તે સમયે ગુલાલથી લાલ લાલ થઈ ગયા. ૨૧-૨૨. ત્યાર પછી જે સંતોનાં જૂથ હતાં તે રંગની પિચકારીઓ ભરી ભરીને સામસામા સંતોનાં જૂથ ઉપર રંગ નાખીને રંગે રમવા લાગ્યા. ૨૩. અને હરિભક્તો પણ જેને રંગ વિનાના દેખતા તેને રંગમાં રસબસ કરી દેવા લાગ્યા. ઝીણાભાઈએ ગગાભાઈને રંગમાં રસબસ કર્યા. ૨૪. દેશદેશના જે હરિભક્તો આવ્યા હતા, તે સહુ પણ રંગમાં ગરકાવ થઈ ગયા. ૨૫.

બ્રહ્માનંદ સ્વામી તરફના જે સંતો હતા તેમણે નિત્યાનંદ સ્વામી ઉપર પિચકારીઓથી રંગનો પ્રવાહ એકતાર ચલાવ્યો. જાણે કે, ઇન્દ્રનો કોપ થયો હોય ! ૨૬-૨૭. ગ્વાલિયર પ્રદેશના હરિભક્તો ઘણા શ્રેષ્ઠ પ્રેમી હતા.

તેઓ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૮. મોરચંગ તથા ઝાંઝ વગાડીને તે વખતે નૃત્ય કરવા લાગ્યા. રામપ્રતાપજીભાઈએ ઢોલક બાંધ્યું હતું. તેઓ પણ રંગમાં આવી જઈને ઢોલક વગાડવા લાગ્યા. ૨૯. તેઓ મનમાં પ્રસન્ન થઈને હોરી ગાવા લાગ્યા. પ્રેમનો સાગર ઊભરાયો. તેથી તેઓ પ્રેમના આવેશમાં ઉન્મત્ત જેવા દેખાતા હતા. તેમના દેશનો એવો ધારો હતો કે, તે દેશમાં ફાગણ મહિનામાં વદિ પડવા સુધી લોકો મર્યાદા રહિત થઈને પાગલ જેવા થઈ જાય છે. પણ હરિભક્તો તેમાં ક્યારેય ભળતા નથી. ૩૦-૩૧.

✵ હરિસ્મૃતિની મહત્તા :

ભગવાનના ભક્તો તો વસંત અને હોરીનાં અમૃત સમાન પદોને ગાય છે. ભગવાને મનુષ્યાકૃતિ ધારીને જે જે સમયે આનંદથી જે તે સમયને અનુરૂપ જેવાં ચરિત્રો કર્યાં હોય તથા સમયે સમયે જે રીતે ભક્તોને લાડ લડાવ્યા હોય, તે રીતે ભગવાનનાં તે ચરિત્રોને જે કવિઓ ભક્ત હોય તેમણે પરમ અમૃતમય જાણીને ગાયાં છે. હરિભક્તો તેવાં પદોને શ્રીહરિની મૂર્તિ સંભારીને પ્રેમથી ગાતા હતા. ૩૨-૩૪.

चोपाई :

जिन करी हरि की मूर्ति ताकी, स्मृति रहे जिमी विचरेउ वाकी;
सबसे अधिक यह रहे बाता, एही सम कोउ न बात रहाता...३५

करी करीके करना हे इतना, हरि की स्मृति रहे जिमी तितना;
भगवान के रसिक भक्त जेता, ऐसे तान ताके हि तेता...३६

दोहा : साधन जितना तिनकेउ, सत्संग केउ ताय;
भगवान के अवतार के, हेतु इतना रहाय...३७

कोटि कोटि वेर बात यह, हरिजन प्रति हि जेहु;
श्रीहरि आप करत भये, मनन हि करत न केहु...३८

सोरठा : त्याग करी सब हि बात, भगवान की मूर्ति तिनके;
स्मृति नित करत रहात, सर्वोपरि रसिक कहत यह...३९

જેનાથી શ્રીહરિની મૂર્તિની સ્મૃતિ રહે તથા તેઓ જે રીતે વિચર્યા હોય તેની સ્મૃતિ થાય, એ વાત સહુથી અધિક છે. તેના સમાન બીજી કોઈ વાત

નથી. ૩૫. કરી કરીને એટલું જ કરવાનું છે કે 'શ્રીહરિની સ્મૃતિ રહે.' જે ભગવાનના ખરા રસિક-પ્રેમી ભક્તો હોય છે તેમને ભગવાનની સ્મૃતિ રાખ્યાનું જ તાન રહે છે. ૩૬. ભગવાનના સ્વરૂપમાં જીવની વૃત્તિ રહે, એટલો જ સત્સંગનાં જેટલાં સાધનો છે તેનો તથા ભગવાનના અવતારોનો હેતુ છે. ૩૭. એટલે જ શ્રીહરિ પોતે આ સ્મૃતિ રાખવાની વાત પોતાના ભક્તોની આગળ કરોડો કરોડ વખત કરતા હતા, પણ કોઈ તેનું મનન કરતા નહીં. ૩૮. **બીજી બધી જ બાબતનો ત્યાગ કરીને એક ભગવાનની મૂર્તિની સ્મૃતિ જે નિરંતર રાખે છે, તે જ સર્વોપરિ રસિક ભક્ત કહેવાય છે.** ૩૯. હું સિદ્ધાનંદ સ્વામી વારે વારે કેટલોય દાખડો કરીને શ્રીહરિની સ્મૃતિ રાખવા માટે આ ગ્રંથ લખી રહ્યો છું, તેનો કોઈ પાર આવતો નથી; પણ તેનો સિદ્ધાંત એટલો જ છે કે ભગવાનમાં સ્મૃતિ રાખવી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોનાં બંને જૂથોને રંગે રમાડ્યા" એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર પચીશમું : તરંગ - ૩૭

રંગોત્સવ પછી સ્નાન કરીને સહુ ઝીણાભાઈના દરબારમાં આવ્યા

પછી મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરને રંગોત્સવની જે રીતની વાત હતી તે કહી. જેમ વરસાદની હેલી થાય તેમ સંતોએ રંગની અતિશય ધૂમ મચાવી. ૧. હોજમાં જેટલો રંગ ભર્યો હતો તે બધો જ્યારે ઉડાવી દીધો ત્યારે રંગનો જે કીચડ થયો હતો, તેને સંતો ઉડાડવા લાગ્યા. ૨. કીચડવાળા રંગની પિચકારી ભરી એકબીજાની આંખમાં નાખતા પણ કોઈ અટક્યા નહીં. ૩. આંખમાં કીચડ ભરાયો તોપણ 'અમે હાર્યા' તેમ કોઈએ કહ્યું નહીં. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "હવે રાખો, તમે બંને પક્ષ જીતી ગયા." ૪. તે પછી સંતો અને હરિભક્તો શ્રીહરિના મંચને ફરતે ઊભા રહ્યા. સહુ રંગથી ભીના હતા અને સહુએ રંગનું અપૂર્વ યુદ્ધ કર્યું હતું. ૫.

આ સંતોનું આ છેલ્લીવારનું રંગયુદ્ધ જ્યારે થઈ રહ્યું ત્યારે શ્રીહરિ મંચ ઉપર ઊભા રહીને ઝોળીમાં ગુલાલ ભરી ભરીને સંતો તથા હરિભક્તોના ઉપર નાખવા લાગ્યા. તે વખતે બધી જમીન અને આકાશ ગુલાલથી લાલ થઈ ગયા. **દેવતાઓનાં ભવન અને બ્રહ્માનાં ભવન સુધી ગુલાલથી બધું રંગ રંગ થઈ ગયું. રંગ વિના બીજું કાંઈ કોઈને સૂઝતું નહીં.** તે વખતે દેવતાઓ ઘેર ઘેર દુંદુભિઓ વગાડવા લાગ્યા. ૬-૮. દેવતાઓ રંગને દેખીને ‘જય જય...જય જય...’ બોલવા લાગ્યા અને પુષ્પની ઝડી વરસાવવા લાગ્યા. હરિભક્તો જેટલો ગુલાલ લાવ્યા હતા તે બધો શ્રીહરિએ પોતે ઉડાડી દીધો. ૯. ઝીણાભાઈનો જેવો સંકલ્પ હતો તે આજે શ્રીહરિએ તે રીતે પૂરો કર્યો.

જ્યારે ગુલાલ ઉડાડી રહ્યા ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૧૦. ગામથી પશ્ચિમમાં નદીની પાસે એક નિર્મળ જળથી ભરેલી તલાવડી હતી. તેમાં જઈને રંગભર્યા શ્રીહરિ ખૂબ પ્રસન્નપણે નાહ્યા. ૧૧. શ્રીહરિ સંતો પહેલા જઈને નાહ્યા હતા. જ્યારે સંતો આવ્યા ત્યારે પોતે નાહી રહ્યા હતા. શ્રીહરિએ શ્વેત વસ્ત્ર પહેર્યું અને તે વખતે અશ્વ ઉપર બેઠા. ૧૨. શ્રીહરિની સાથે અશ્વોની બીજી સવારી પણ હતી. તે સમયે શ્રીહરિના મસ્તક ઉપર છત્ર વિરાજતું હતું. ૧૩. વિવિધ પ્રકારનાં અપાર વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ ગામમાં આવ્યા અને અપાર શોભા બની. ૧૪. જ્યાં શ્રીહરિએ સ્નાન કર્યું હતું ત્યાં જઈને સંતોએ પણ સ્નાન કર્યું અને પછી પોતાને ઉતારે આવ્યા. ૧૫. રામપ્રતાપજીભાઈએ જ્યાં રસોઈ કરી હતી ત્યાં શ્રીહરિ આવ્યા અને ત્યાં ભોજન જમ્યા. ૧૬.

ઝીણાભાઈનું જ્યાં ભવન હતું તેના ચોકમાં સંતોની પંગત થઈ હતી. ચોકમાં પહેલાં પાણી છંટાવી દીધું હતું. ૧૭. સંતો મુખથી ‘સ્વામિનારાયણ’ નામની ધૂન કરતા હતા. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “જુઓ ! અમને સંતો બોલાવે છે.” ૧૮. આમ કહીને શ્રીહરિએ ચરણમાં ચાખડીઓ પહેરી સંતોને પીરસવા ચાલ્યા. એક પીતાંબર પહેર્યું હતું અને બીજું લાલ રેશમી વસ્ત્ર ઓઢ્યું હતું તથા એક રૂમાલથી કમર બાંધી લીધી હતી. મુખવાસ જમતાં જમતાં સહુને દર્શન દીધાં. લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું હતું. તે જ

રીતે વિશાળ છાતીમાં અને ભુજાઓમાં ચંદન ચરચ્યું હતું. ૧૯-૨૦. છાતી ઉપર ગુલાબના હાર અને હાથે ગુલાબના બાજુબંધ તથા બે પહોંચીઓ બાંધી હતી. ચોતરફ સુગંધ સુગંધ છવાઈ ગયો હતો. ૨૧.

તે દિવસે ઝીણાભાઈની વિવિધ પ્રકારનાં પકવાનની રસોઈ હતી. શ્રીહરિ પ્યારથી પીરસવા લાગ્યા. ૨૨. મોતીચૂર અને જલેબી સંતોને પીરસતાં પીરસતાં શ્રીહરિ મર્મ કરતા હતા કે, "આજ તમે બધાએ બહુ શ્રમ કર્યો છે. બધા રંગ રમવામાં ચકચૂર થઈ ગયા હતા. ૨૩. **એકે એકને એવું દૃઢ મમત્વ હતું કે 'હારવું જ નથી', જ્યારે આવો મમત્વનો વેગ આવે છે ત્યારે સાધુતા રહેતી નથી.** ૨૪.

❋ મમતા દુઃખનું મૂળ છે :

'સાધુતા સમાન કોઈ શુભ ગુણ નથી અને અહં-મમત્વ જેવો કોઈ દોષ નથી', એવું જાણતા હોવા છતાં પણ જ્યારે વેગરૂપી દોષ પ્રવેશ કરી જાય છે ત્યારે તે શુભ ગુણોને દોષરૂપ કરી દે છે. પરંતુ એવા (મમત્વરૂપ) દોષમાં (સ્વવિજયાદિક) કાંઈ પણ ગુણ રહ્યા હોય તેને સંતો ગ્રહણ કરતા નથી. ૨૫-૨૬. જો સત્સંગની રીતમાં ચાલે તો સત્સંગના યોગે કરીને પોતામાં જેટલા દોષ હોય તે બધા નષ્ટ થઈ જાય છે. ૨૭. જે સત્સંગ કરે પણ સત્સંગની રીતમાં ચાલતા નથી, તેનામાં શુભ ગુણ આવતા નથી. શુભ ગુણ આવે તે માટે તો આ સત્સંગ છે. ૨૮.

❋ પ્રગટનો આશરો જ સહેજે પાર ઉતારે છે :

જ્યારે જ્યારે ભગવાન પ્રગટ થાય છે ત્યારે તેમનો આશ્રય કર્યા સિવાય કોઈ પણ શુભ ગુણ શોભતા નથી. ૨૯. **ચાહે તેવો સત્સંગ હોય, પણ પ્રગટ શ્રીહરિના જ્ઞાન વિના જેનાં જેટલાં સાધન હોય તે બધાં તેને બંધનરૂપ થાય છે.** ૩૦.

चोपाई :

निश्चय बात यह रहे जरूरा, यामें नहि हे कबहु कूरा;
प्रगट हरि के आश्रय जेहा, मोक्ष के मूर रहाये तेहा...३१

मूर विन हि जो साधन जेते, सुके जिमी वृक्ष रहाये तेते;
आश्रय साधन चैये दोऊ, तिन करी जन के मोक्ष होऊ...३२
आश्रय जाकू रहेउ जेसा, अंतरजामी जानत हे तेसा;
आश्रय तेसे होत कल्याना, निश्चय कर यह बात रहाना...३३
हरि से अधिक न जानत केहू, ओर समर्थ जेते रहे तेहू;
याके नाम आश्रय रहाते, हरि बिन सब हि असत देखाते...३४

પ્રગટ ભગવાનનો આશરો, તે જ મોક્ષનું મૂળ છે. આ વાત ચોક્કસ છે. તે ક્યારેય ખોટી પડતી નથી. ૩૧. ભગવાનના આશરારૂપ મૂળ વગરનાં જેટલાં સાધનો છે તે બધાં મૂળના અભાવે સૂકાઈ ગયેલાં ઝાડ જેવાં છે. ભગવાનનો આશ્રય અને સાધન તે બંને હોવા જોઈએ. તેણે કરીને જ ભક્તનો મોક્ષ થાય છે. ૩૨. જેને ભગવાનનો જેવો આશરો હોય છે તેને અંતર્યામી પ્રભુ જાણે છે. જેવો આશરો હોય એવું જ કલ્યાણ થાય છે, આ વાત નિશ્ચિત છે. ૩૩. આશરો એટલે શું ? તો બીજા કોઈ ચાહે તેટલા સમર્થ હોય, તોપણ ભગવાન કરતાં તેને અધિક ન જાણે, તેનું જ નામ ‘આશ્રય’ છે. જેને દૃઢ આશ્રય હોય તેને ભગવાન વિનાનું બધું જ અસત્ય દેખાય છે.” ૩૪.

શ્રીહરિ સંતોને પીરસતાં પીરસતાં જેવી વાત અંતરમાં ઉદ્ભવતી તેવી કરતા હતા. શ્રીહરિની સ્વાભાવિક એવી રીત હતી કે જે વખતે જે વાત મનમાં ઊપજે તે વાત તરત કહી દેતા. ૩૫. **કેમ જે, જો વાત કહેવાનો સમય જતો રહે તો તેવો સમય ફરીવાર આવતો નથી. દરેક વાત સમય ઉપર અમૃત જેવી હોય છે.** ૩૬. સમય વિના કહેવામાં આવેલી વાત અમૃત સમાન હોય, તોપણ અસાધ્ય રોગવાળાને તે સમાસ કરતી નથી. ૩૭. જેને (અહં-મમત્વરૂપ) અસાધ્ય રોગ ઉત્પન્ન થયો હોય, તે ચાહે તેવો નિપુણ હોય તોપણ તે વિપરીત જ બોલે છે. ૩૮. જેને અસાધ્ય રોગ હોય છે તે રોગ મટાડનારાને એમ કહે જે, ‘હું કહું છું તે વાત સાચી છે, તમે કહો છો તે ખોટી છે.’ પણ જેને સુધ છે અર્થાત્ જે ડાહ્યા છે તેને આ વાત કઈ રીતે

મનાય ? છતાં ડાહ્યા માણસો તેને રોગી જાણીને ઉપહાસ નથી કરતા. અને એવું જાણે છે કે, આ તો અસાધ્ય રોગે કરીને આવું બોલે છે, પણ એમાં એનો કાંઈ દોષ નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "રંગોત્સવ પછી સ્નાન કરીને સહુ ઝીણાભાઈના દરબારમાં આવ્યા" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર પચીશમું : તરંગ - ૩૮

દરબાર ઝીણાભાઈ તથા ગગાભાઈએ શ્રીહરિની પૂજા કરી

મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરને ફરીવાર કહ્યું કે, "શ્રીહરિ જે વાત કરે છે તેને જો ભાવથી સાંભળવામાં આવે તો તેમાં સહેજે મોક્ષ રહ્યો છે. ૧. **જેવો ભાવ હોય તેવો મોક્ષ થાય છે. કારણ કે, મોક્ષ ભાવના હાથમાં છે. કપટ રાખીને જે અતિશય ભાવ દેખાડે છે તેને તેવું ફળ મળે છે.** ૨. ખેતરમાં જેવું વાવેતર કરે અને જેવી જાળવણી કરે, તેવું ઉત્પાદન થાય છે તે રીતે જ જેવો ભાવ હોય તેવું ફળ મળે છે. ૩. શ્રીહરિ સંતોને પીરસી રહ્યા પછી જમવાની આજ્ઞા કરી. જેટલાં પકવાન હતાં તે બધાં લઈને શ્રીહરિ બહુ ભાવથી પંગતમાં ફર્યા. ૪.

પછી જ્યારે સાંજનો સમય થયો ત્યારે શ્રીહરિ ચોતરા ઉપરના પલંગ ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા ત્યાં આવીને બેઠા. ૫. ત્યાં ગાલમસૂરિયા લાવીને પણ મૂક્યા હતા. શ્રીહરિએ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા ત્યાં સભા કરીને બેઠા. ૬. ઝીણાભાઈ તથા ગગાભાઈ, બંને સોનાના થાળ લઈને શ્રીહરિની પૂજા કરવા આવ્યા. કેસરયુક્ત ચંદનના કટોરા ભર્યા હતા. ૭. રામપ્રતાપજીભાઈને જ્યાં આસન બિછાવી દીધું હતું ત્યાં બેઠા હતા.

પછી ઝીણાભાઈ તથા ગગાભાઈએ વિધિએ સહિત શ્રીહરિની પૂજા કરી. ઘણા દિવસનો જે ભાવ હતો તે બધો આજ પૂરો કર્યો. જે સારાં વસ્ત્ર,

ઘરેણાં અને ધન વગેરે લાવ્યા હતા તે બધું શ્રીહરિને સમર્પણ કર્યું. ૮-૯. તે પછી કપૂરની આરતી ઉતારી. બંને ભાઈઓએ જ્યારે આરતી ઉતારી ત્યારે શ્રીહરિની નખથી શિખા પર્યંતની મૂર્તિ હૈયામાં ધારી લીધી. ૧૦. જ્યારે આરતી કરી રહ્યા ત્યારે શ્રીહરિનાં ચરણકમળ ઉપર કેસરયુક્ત ચંદન ચરચ્યું અને પોતાની છાતીમાં લીધાં. પછી જેને રાધિકાજી અને લક્ષ્મીજી નિત્ય સેવે છે તેવાં ચરણારવિંદને અતિશય દુર્લભ માનીને પોતાનાં મુખ અને મસ્તક ઉપર ધાર્યાં. ૧૧-૧૨.

શ્રીહરિનાં ચરણકમળને બ્રહ્માદિક મોટા દેવતાઓ પણ ખૂબ ઈચ્છે છે, તોપણ ક્યારેય મળતા નથી. ૧૩. જ્યારે ભગવાન પ્રગટ થાય અને તેમનું શરણ લે ત્યારે ભક્તજનને તે પ્રભુના ચરણ સુગમ થાય છે. ૧૪. જે ભગવાનથી વિમુખ લોકો હોય અને જેને ભગવાનનો ખપ ન હોય એવા લોકો સંસારમાં ભટકતા રહે છે. તેમને તેનો કાંઈ ભય પણ નથી હોતો. ૧૫. તે અજ્ઞાનીને જેવું વર્ણન કરતા અંત જ ન આવે તેવું અપાર દુઃખ હોય છે, પરંતુ તેઓ તે દુઃખને લગાર પણ દેખતા નથી. તેથી તેના બધા પુરુષાર્થ નકામા થઈ જાય છે. ૧૬. જેટલી વિદ્યાઓ છે તે બધી કોઈ સિદ્ધ કરે, તોપણ તે જ્યાં સુધી લખચોરાશી અને જમપુરીનાં દુઃખને જાણતો નથી ત્યાં સુધી તેને મનુષ્યદેહ મળ્યો તે ન મળ્યા તુલ્ય જ છે. કોઈ ચક્રવર્તી રાજા થાય તોપણ શું ? ઈન્દ્ર કે બ્રહ્મા થાય, તોપણ તેનાથી શું ? કારણ કે, જીવનો મોક્ષ કરવાનું જે કામ છે તે તો તેણે કર્યું નથી. ૧૭-૧૮.

કેટલાક અસત્પુરુષો પોતાના મુખથી એવું બોલતા હોય છે કે, “ભગવાનનું ભજન, સેવા, સત્સંગ વગેરે કાર્ય જ્યારે ભગવાન પોતે કરાવશે ત્યારે જીવ તે કરી શકે છે. ૧૯. કારણ કે, સારી કે મોળી જે કાંઈ પણ બાબત છે તે ભગવાન જ કરાવતા હોય છે.” આવી વાતમાં જે બાધ આવે છે, તેને તે અસત્પુરુષ દેખતા નથી. ૨૦. જેટલા સત્પુરુષો હોય છે તે તો એવું બોલે છે કે, અમૂલ્ય મનુષ્યના દેહને પામ્યા પછી પણ મોક્ષની બાબતમાં જે ભૂલ રહી જાય છે, તે ખરેખર જીવનો જ વાંક છે. ભગવાને તો જીવને મનુષ્યનું શરીર આપ્યું છે. તે પછી પણ જો જીવ ભગવાનનું ભજન ન કરે

તો તેમાં જીવનો દોષ છે. ૨૧-૨૨. **જેટલું ભગવાનને કરવાનું કામ હોય છે, તેને તે ક્યારેય ભૂલતા નથી. જ્યારે જીવ તો પોતાને જે અવશ્ય કરવાનું મોક્ષ સંબંધી કાર્ય છે તે જીવનભર ભૂલી જાય છે.** ૨૩.

※ સગાં-સંબંધીમાં જે સ્નેહ, મોટો માયાનો પાશ તેહ :

જીવ આ નાશવંત શરીરને માટે અને મિથ્યા સંબંધીઓને માટે રાત-દિવસ તેનું હિત કરવા લાગી પડે છે, ઘડીભર પણ જીવ જંપતો નથી. ૨૪. કોઈની સાથે દગો અથવા હત્યા કરીને પણ જીવ શરીરના સંબંધીઓનું ભરણપોષણ ખોટી રીતે કરે છે. ૨૫. તે મિથ્યા સંબંધીઓનાં હિતને માટે વધારે ને વધારે ઘણો પરિશ્રમ કરે છે, પણ તે કોઈ સંબંધી જીવને અંતકાળે સહાય કરતા નથી. ૨૬. જે સગાં-સંબંધીઓનું અતિ મમત્વ રાખીને તેના માટે રાત-દિવસ શ્રમ કરે છે, તે કોઈ અંતે સહાય કરતા નથી. તેથી જીવે તેના માટે કરેલો બધો શ્રમ વ્યર્થ જાય છે. ૨૭. તે માટે અપાર દગાઓ અને હત્યા કરીને જે ઘણું બધું દ્રવ્ય ભેળું કર્યું હોય તે પણ અંત સમયે લગારેય સહાય કરતું નથી. ૨૮. મનુષ્ય દગો અને હત્યા ઈત્યાદિક કરે છે, તેનું તેને પાપ લાગે છે. તે પાપ જેવું હોય તેવું મૂર્તિમાન રોગરૂપે જેવું શરીર મળ્યું હોય તેમાં ઉત્પન્ન થઈ આવે છે. આમાં લગાર પણ ખોટું નથી. સત્પુરુષોએ આ રીતે ચોક્કસ નિર્ધાર કર્યો છે. ૨૯-૩૦.

※ સત્પુરુષની લાક્ષણિકતા :

चोपाई :

जानी सत्संग तेही कराते, वा सत बात कु सत कहाते;
जामें दोष निरदोष हि जितना, सत्पुरुष जानत रहे तितना...३१
सत्पुरुष हंस की एक रीता, रहायेउ परम जो पुनिता;
दरपन दीपक सूर्य हि समाना, सत्पुरुष के चिह्न रहाना...३२

એમ જાણીને જે સત્સંગ કરે છે તથા જે સત્ય વાત હોય તેને સત્ય જ કહે છે. જેમાં જેટલા દોષો હોય કે કોઈ નિર્દોષ હોય તેને સત્પુરુષ યથાર્થરૂપમાં જાણે છે. ૩૧. સત્પુરુષો અને હંસની પરમ પવિત્ર એકસરખી રીત રહી છે. સત્પુરુષો દર્પણ, દીવો અને સૂર્યના જેવા છે. કેમ જે, જે વસ્તુ

જેવી હોય તેને તેવી યથાર્થ બતાવી દે, તે સત્પુરુષનું લક્ષણ છે. ૩૨. કોઈ સત્પુરુષ કે અસત્પુરુષ હોય તે તેનાં લક્ષણ ઉપરથી દેખાઈ આવે છે. દરેક વસ્તુમાં તેની ઓળખ કરાવનારાં ચિહ્ન રહ્યાં હોય છે. ૩૩.

જેટલી જાતના શબ્દ હોય તેટલી જાતનાં તે શબ્દમાં ચિહ્ન હોય છે. જેટલી જાતના સ્પર્શ હોય તેમાં પણ તેટલી જાતનાં ચિહ્ન હોય છે. જેટલી જાતનાં રૂપ હોય તેમાં પણ તેટલી જાતનાં ચિહ્ન હોય છે. અને જેટલી જાતનો રસ હોય છે તેમાં પણ તેટલી જાતનાં તેનાં ચિહ્ન હોય છે. અને જેટલી જાતના ગંધ હોય છે તેટલી જાતનાં તેનાં ચિહ્ન હોય છે. જેને ખપ હોય તેને જે વસ્તુ જેવી હોય તે તેનાં ચિહ્નોએ કરીને ઓળખાય જાય છે. ૩૪-૩૬.

સત્પુરુષ કે અસત્પુરુષ, સાચો સત્સંગ કે ખોટો સત્સંગ અને સત્ય ગ્રંથ કે અસત્ય ગ્રંથ; એ પ્રસંગે કરીને દેખાઈ આવે છે. ૩૭. જે માણસ જેવો હોય તેને સત્પુરુષ સત્યપણે તેવો જ માને છે. કેમ જે, અસત્ય અંત સમે એને કાંઈ જ સહાય કરતું નથી. ૩૮. જેમ દૂધ દૂધમાં પણ સારા મોળાપણું અપાર રહ્યું છે. અને રાજા રાજામાં પણ રાત-દિવસ જેટલો ફરક હોય છે, તેમ સાચા અને ખોટા સંત, સાચો અને ખોટો સત્સંગ અને સત્સંપ્રદાય અને અસત્સંપ્રદાયમાં પણ અપાર ફરક હોય છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં “દરબાર ઝીણાભાઈ તથા ગગાભાઈએ શ્રીહરિની પૂજા કરી” એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર પચીશમું : તરંગ - ૩૯

ગામલોકોને જમાડ્યા અને શ્રીહરિએ મોટા ભાઈને દેશમાં વળાવ્યા

મુક્તાનંદ સ્વામી દાદા ખાચર તથા બીજા જેટલા હરિભક્તો હાજર હતા તે સહુની આગળ કહેવા લાગ્યા. ૧. કારણ કે, બાઈ-ભાઈ જેટલાં હરિભક્તો સત્સંગી થયાં હતાં તે બધાં મુક્તાનંદ સ્વામી જ્યાં વાત કરતા હોય ત્યાં સાંભળવા બેસતાં હતાં. ૨. જ્યારે જેને શ્રીહરિનો નિશ્ચય થતો

હતો ત્યારે તેને શ્રીહરિનાં ચરિત્રની વાતોમાં અને સત્સંગની વાતોમાં મોક્ષ મનાતો હતો. ૩. **નિશ્ચય વગરના હોય તે તો ફૂટેલા ઘડા જેવા છે અને જેને નિશ્ચય હોય તે બધા સાજા ઘડા જેવા છે.** ૪. શ્રીહરિ તથા સત્સંગની વાતો સમાન જેને બીજું કાંઈ દેખાય નહીં, આવી મતિ જ્યારે થાય ત્યારે તે પાકો હરિભક્ત થયો ગણાય છે. શ્રીહરિ તથા સત્સંગમાં જ્યાં સુધી લૌકિકબુદ્ધિ રહે છે ત્યાં સુધી તે લૌકિક હરિભક્ત કહેવાય છે. ૫-૬. જેની જેવી મતિ હોય તેવો તે હરિભક્ત કહેવાય છે. સાચા અર્થમાં જે સત્સંગ છે તેની આવી રીત હોય છે. ૭. ખોટા સત્સંગવાળાનું વર્તન અસત્ય ભર્યું હોય છે. જેનું અસત્ વર્તન હોય તેને ફળ પણ અસત્ મળે છે. જેનું વર્તન સાચું હોય તો તેને સાચું ફળ મળે છે. મુક્તાનંદ સ્વામી આટલી વાત કહીને પછી જે ચાલુ વાત બાકી હતી તેને કહે છે. ૮-૯.

ઝીણાભાઈ અને ગગાભાઈએ શ્રીહરિની પૂજા કર્યા પછી રામપ્રતાપજીભાઈની પણ પૂજા કરી. ૧૦. તે પછી જેટલા સંતો અને વર્ણી હતા, તેમની પણ ઘણા આદરભાવથી પૂજા કરી અને સહુને વસ્ત્ર ઓઢાડ્યાં. ફરીવાર આવો અવસર ક્યારે આવે ? એવું જાણીને ઝીણાભાઈએ એટલો બધો લાભ લીધો કે, જે કહી શકાતો નથી. આ વખતે તેમણે શ્રીહરિનો લેવાય તેટલો વધુ લાભ લઈ લીધો. કારણ કે, ફરીવાર આવો અવસર ન આવે ! ૧૧-૧૨. આમ હરિભક્તોએ આ વખતે શ્રીહરિનો જેવો લાભ લીધો તે મુક્તાનંદ સ્વામીએ જેમ કહ્યો હતો, તે હું સંક્ષેપે કરીને કહું છું. ૧૩.

ઝીણાભાઈ જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે સુરતના હરિભક્તો લીલાં, પીળાં અને રાતાં હીરની વિવિધ પ્રકારની ટોપીઓ લઈને આવ્યા. કેટલીક છીંટની હતી અને કેટલીક સફેદ હતી. તે બધી ટોપીઓ પ્રસાદીની કરવા માટે હરિભક્તોએ શ્રીહરિની આગળ મૂકી. ૧૪-૧૫. પછી શ્રીહરિ પોતે સહુ સંતોને તે એક એક ટોપી ભાવથી દેવા લાગ્યા. ૧૬. સંતોએ પ્રસાદીની જાણીને જ્યારે તે ટોપી માથા ઉપર પહેરી અને તેના ઉપર રૂમાલ ધાર્યા ત્યારે તેનાથી તે સંતો વધુ પડતા શોભી ઊઠ્યા. ૧૭. આ બધું જોઈને શ્રીહરિએ

કહ્યું કે, "રેશમની ટોપી પહેરવી તેમાં ત્યાગીની રીત રહે નહીં. અત્યારે આવી ગઈ તે ભલે આવી. આ ટોપી ફાટે ત્યાં સુધી રાખજો. ૧૮.

❋ નિર્બંધતા નૌતમ નિધિ છે :

ત્યાગ રાખનાર ત્યાગી સમાન બીજા કોઈની શોભા નથી. મોટા મોટા રાજાઓ પણ ત્યાગીઓને નમે છે. માટે ભારે ભારે વસ્ત્ર અને ઘરેણાંમાં ત્યાગી હોવા છતાં બંધાઈ જાય, તો તેને સાચા ત્યાગી ક્યારેય જાણવા નહીં." શ્રીહરિ કહે, "તમે બધા જ સંતો સાંભળો. બંધનમાં ક્યારેય સુખ રહ્યું નથી, તેમાં તો નિરંતર દુઃખ જ રહ્યું છે. ૧૯-૨૦. અપાર સુખિયા થવા માટેનો આ ત્યાગીનો માર્ગ છે. તેથી અનેક મોટા ચક્રવર્તી રાજાઓ પણ રાજ્યનાં સુખમાં અપાર દુઃખ જાણીને પોતે ત્યાગી થઈ ગયા હતા.

એક ક્ષણવાર પણ ભગવાનને ભજવાનું જે સુખ છે તે સુખને બરાબર તો ત્રિલોકીનાં રાજ્યનું સુખ પણ થઈ શકતું નથી. ભગવાનમાં એવું જે નિરતિશય સુખ રહ્યું છે તેનો ક્યારેય પાર આવતો નથી. ૨૧-૨૩. બ્રહ્માના લોક સુધી દુઃખ જ દેખાય છે. ઈન્દ્રના પદની તો કોઈ ગણતરી નથી. તો ચક્રવર્તી રાજાનું સુખ કેટલું ? તે તો જ્યાં સુધી શરીર રહે ત્યાં સુધીનું જ છે. ૨૪. આ શરીરનો તો એક પળવાર જેટલો પણ પાકો વિશ્વાસ નથી. છતાં જીવ અનેક આશા બાંધતો રહે છે, પણ તે વિચાર કરતો નથી. ૨૫. અને તેનું જ નામ મોહ કહેવાય છે. આ આખાં બ્રહ્માંડને જ્યાં સુધી આવું ક્ષણિક તથા દુઃખદાયી સમજતા નથી, ત્યાં સુધી તે ત્યાગી-ગૃહી બધા બાળબુદ્ધિ જ છે. ૨૬.

❋ નાશવંતમાંથી સ્નેહ તોડી શ્રીહરિમાં જીવ જોડવો :

सोरठा : बिजरीहु के झबकार, ब्रह्मांड के सुख रहे सब;
जात न लागत वार, तन लग ममत रहे सब...२७
नाश हि न कबहु होत, सुख के वार न पार रहेउ;
दुःख नजर नहीं जोत, एसे सुख सो सुख रहे...२८

ચોપાઈ :

भगवान के एक चलन तिनमें, अपार सुख रहायेउ इनमें;
भगवान के आधीन हि जबही, होवत रहत हे जन हि तबही...२९
काल कर्म माया के आधीना, जन्म मरण जमपुरी जो तीना;
चोराशी के आधीन न रहाते, सब याके आधीन वरताते...३०
भगवान ता महीं सुख अपारा, रहाये कहत न आवत पारा;
यह सुख करीके सुख जो जितना, मानत रहाये दृढकर तितना...३१
सरवोपरि सुख यह सब परहि, मिलत रहाये तर से तरही;

આ બ્રહ્માંડનું બધું સુખ વીજળીના ઝબકારા જેવું છે, તેને જતાં વાર લાગતી નથી. તેનું બધું મમત્વ તો શરીર સુધીનું છે. ૨૭. જે સુખનો ક્યારેય નાશ ન થાય, જે સુખ અપરિમિત હોય તથા જે સુખમાં દુઃખ તો ક્યારેય જોવા જ ન મળે, એવું સુખ જ ખરેખર સાચું સુખ છે. ૨૮. જ્યાં ભગવાનનું જ એક ચલણ-નિયંત્રણ હોય તેમાં અપાર સુખ રહ્યું છે. જ્યારે મનુષ્ય ભગવાનને જ આધીન રહે છે ત્યારે તે કાળ, કર્મ અને માયાને આધીન રહેતા નથી. પછી તે જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીને આધીન થતા નથી. કેમ જે, તે કાળ વગેરે બધાં ભગવાનને આધીન વર્તે છે. ૨૯-૩૦. ભગવાનમાં અપાર સુખ રહ્યું છે, જેનો કહેતા પાર આવતો નથી. ભગવાનનાં તે સુખે કરીને જે પોતાને દઢપણે સુખી માને છે, તેને તે સર્વાધિક શ્રેષ્ઠ સર્વોપરી ભગવાનનું સુખ મળે છે.

શ્રીહરિએ આવી વાતો કરી. પછી જ્યારે બીજનો દિવસ આવ્યો ત્યારે ઝીણાભાઈએ પંચાળા ગામના બધા જ લોકોને મોઢે માગ્યું ભોજન કરીને જમાડ્યા. પછી સુંદર ભાત પિરસાવ્યો અને તેમાં ખોબા ભરી ભરીને ખાંડ પિરસાવી અને પછી તેમાં શ્રીહરિએ ઘી પીરસ્યું. શ્રીહરિ જમવાનાં મોટાં મોટાં પાત્રને ઘીથી ભરી દેતા ત્યારે તે છલકાઈ જતા. ૩૧-૩૪.

ગામલોકોની જેમ જ ઘણા પ્રેમથી સંતોને પણ જમાડ્યા. પછી રામપ્રતાપજીભાઈએ શ્રીહરિને પણ જમાડ્યા. ૩૫. શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે રામપ્રતાપજીભાઈને તેમના દેશમાં જવાને માટે તરત તૈયાર

કરાવ્યા. ૩૬. તેમણે જે માગ્યું તે બધું અપાવ્યું. જે સંતો અને પાર્ષદોને કહ્યું હતું તે બધા પણ શ્રીહરિની આજ્ઞાથી તરત ચાલ્યા. ૩૭. મોટા ભાઈ શ્રીહરિને હેતથી મળ્યા. આંખોમાં આંસુ ભરાઈ ગયાં. ગદ્ગદ કંઠ થવાથી બોલી શકાયું નહિ અને વિયોગની ઘણી પીડા અનુભવાણી. ૩૮. રામપ્રતાપજી શ્રીહરિને મળી રહ્યા પછી સંતો અને વર્ણીઓને મળ્યા. અને તે પછી મોટા મોટા હરિભક્તોને પણ મળીને ચાલતા થયા. ૩૯. શ્રીહરિએ નિર્ગુણાનંદ સ્વામીને એમ કહ્યું કે, "ધર્મકુળમાંથી જે આવે તે બધાને લાવજો." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "ઝીણાભાઈએ ગામલોકોને જમાડ્યા અને શ્રીહરિએ મોટા ભાઈને દેશમાં વળાવ્યા" એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર પચીશમું : તરંગ - ૪૦

બધા દોષોનું મૂળ વિવિધ પ્રકારના લોભને કહ્યો

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર આગળ અને બધા હરિભક્તોની આગળ જેવી પ્રત્યક્ષ અનુભવી હતી તે બધી વાત કહી. ૧. શ્રીહરિની આજ્ઞામાં રહેનારા જે સંતો અને પાર્ષદો છપૈયા જતા હતા તે શ્રીહરિને મળ્યા. તે સિવાયના બે-ત્રણ સંતો શ્રીહરિને કહ્યા સિવાય આગળ ચાલતા થયા. તેમને કાંઈ ભાન ન હતી. ૨-૩. તે સંતોના મનમાં નવા નવા પ્રદેશ જોવાનો ભાવ હતો, એવા તે બાળબુદ્ધિ હતા. પરંતુ એ સંતની રીત નથી. ૪.

✵ સંતો સત્સંગના આધારસ્તંભ છે :

જે સંત હોય તે તો સંતોની પરમ પવિત્ર રીતમાં જ વર્તતા રહે છે. સંતની રીતમાં રહેવું, તે જ સંતોનું ભૂષણ છે. કેમ જે, સંતો તો સત્સંગના આધારસ્તંભ છે. ૫. જે સંતની રીતમાં ચાલે તે સંત કહેવાય છે. સત્સંગની

આવી પ્રથા છે. હરિભક્તોની પણ તેવી જ રીત છે કે તેમના માટે જે જે અયોગ્ય બાબત હોય તેનો ત્યાગ કરવો. ૬. ધર્મ અને ભક્તિમાં ભગવાન સાક્ષાત્ નિવાસ કરીને રહે છે. જે આવા સત્યને માર્ગે ચાલે છે તેવા મનુષ્યોનો મોક્ષ થાય છે. ૭.

જેનું જેવું સત્ય વર્તન હોય તેનો તેવો મોક્ષ થાય છે. કેમ જે, મોક્ષ સત્યના હાથમાં છે. એ સત્ય તો એક ભગવાન પોતે જ છે. ૮. જ્યાં સત્યની નીતિ હોય છે ત્યાં ભગવાન પ્રગટ રહે છે. જેના અંતરમાં ખરો વિવેક હોય છે તેને તે દેખાઈ આવે છે. જે મનુષ્યો વિવેક વગરના હોય છે તે બધા તો અત્યંત આંધળા છે. એવા વિવેકહીનને ભગવાન ક્યારેય દેખાતા નથી. ૯-૧૦. જેટલા અજ્ઞાની અંધ છે તે બધા સત્યને અસત્ય કરી દેખાડે છે. જે સત્યને અસત્ય કહેનારા છે તે બધા અત્યંત અંધ કહેવાય છે. ૧૧. એવા અંધતમ મનુષ્યો જ્યાં રહેતા હોય ત્યાં તેઓ નીતિને અનીતિ કહે છે અને અનીતિને નીતિ કહે છે. જ્યાં સત્ય નીતિ રહેતી હોય છે ત્યાં સાક્ષાત્ ભગવાન હોય છે અને ત્યાં મનુષ્યોને ઘણું સુખ રહે છે, તે સુખ ઉપરથી ભગવાનનો વાસ જાણી શકાય છે. ૧૨-૧૩. જ્યાં અસત્ય અને અનીતિનું ચલણ હોય ત્યાં માણસને સુખ રહેતું નથી, ત્યાં તો એકલો અધર્મ રહે છે. ૧૪.

જેને મોક્ષનો ખપ હોય છે તે જ સાચો મનુષ્ય કહેવાય છે. જેને મોક્ષનો ખપ નથી તે તો કહેવામાત્ર માણસ છે. ૧૫. એવા જે કહેવામાત્રના મનુષ્ય હોય છે તે કહેવામાત્રના ગુરુને ગુરુ કરે છે. તેનો મોક્ષ પણ કહેવામાત્રનો જ હોય છે. છતાં આવા ગુરુને મૂર્ખાઓ ઠેર ઠેર માનતા હોય છે ૧૬. જેટલા ભોળા-વિશ્વાસી મનુષ્યો છે તેમને સાચા સત્સંગનો યોગ ન હોવાથી તેઓ કહેવામાત્રના ગુરુને સાચા ગુરુ માનીને નિષ્કપટભાવે સેવતા રહે છે. પરંતુ તે ખોટા ગુરુમાં જેવા ગુણ હોય તેવું તેને ફળ મળે છે. જેને કોઈ પ્રકારના નિયમ જ ન હોય તેવાને મિથ્યા ગુરુ કહેવાય છે. ૧૮. જે અનેક પ્રકારનાં વ્યસનથી ભરપૂર હોય તે ખોટા ગુરુઓ છે. પણ જે વિશ્વાસી-ભોળા મનુષ્ય છે તે બાધ-નિર્બાધને દેખતા નથી. ૧૯.

✵ સત્સંગમહિમા :

સાચા સત્સંગના યોગ વિના તે વિશ્વાસી લોકો મનુષ્યશરીરને વ્યર્થ ખૂએ છે. ખરા મોક્ષભાગી વિશ્વાસી લોકો માટે તો આ પવિત્ર સત્સંગ કામનો છે. ૨૦.

ચોપાઈ :

सत्संग मिलत जब हि जाही, भवसागर दुःख जात तराही;
जस होवत तेही वार न पारा, सत्संग एसे रहे निरधारा...२१
सत्संग से जस होवत हे ऐसा, एसे जस कोउ रहे न तैसा;
कोउ कल्प में होत न नाशा, एसे जस होवत अविनाशा...२२

જ્યારે જેને સત્સંગ મળે છે, ત્યારે તે સંસારસાગરનાં દુઃખને તરી જાય છે. વળી, તેનો અપાર યશ થાય છે. કેમ જે, સત્સંગ ખરેખર એવો દિવ્ય છે. ૨૧. સત્સંગથી જેવો યશ થાય છે, તેવો યશ તો બીજો કોઈ નથી. સત્સંગને પ્રતાપે મનુષ્યને કોઈ કલ્પમાં નાશ ન થાય એવો અવિનાશી યશ મળે છે. ૨૨. આ ભૂમિ ઉપર જેટલા મનુષ્યો છે, તેઓને જેટલી મોટાઈ અને બુદ્ધિ પ્રાપ્ત થઈ હોય તથા જે પ્રમાણે ધન મેળવ્યું હોય તે રીતે પોતાનો યશ મેળવે છે. ૨૩. પોતાની કીર્તિને વધારવા માટે કેટલાક લોકો કરોડો યજ્ઞ કરે છે અને રોજ કરોડો બ્રાહ્મણોને જમાડે છે તથા રોજ કરોડોની સંખ્યામાં ધનનું દાન કરે છે. ૨૪.

✵ લોભની ભયંકરતા :

જેને જેવા ગુરુ મળ્યા હોય તેને તે ગુરુ તેવી બુદ્ધિ આપે છે, તે વાત નિશ્ચિત છે. લોભી ગુરુ પોતાનું જેટલું ચાલે તેટલા પ્રયત્ન કરીને શિષ્યમાં એવો દઢાવ કરાવે છે કે, તે શિષ્ય બીજા કોઈની વાતને ક્યારેય કાને ન ધરે. ૨૫-૨૬. લોભને લીધે એક ગુરુ બીજા ગુરુમાં પોતાનું જેટલું ચાલે તેટલી યુક્તિ કરી દોષ દેખાડે છે. ૨૭. **જ્યાં જ્યાં નાના-મોટા વિરોધો થતા રહે છે તે બધા લોભ જ કરાવે છે. લોભને લીધે તો કરોડો મનુષ્ય કપાઈ જાય છે.** ૨૮. વળી, તે કરોડો મનુષ્યો કપાઈ જાય તેનો લોભીને ત્રાસ

થાતો નથી, પરંતુ તેમાં ઉત્સાહ રહે છે. આ દુનિયામાં લોભના જેવો બીજો કોઈ નિર્દય નથી. લોભ તો કસાઈની કસબ(કારીગરી) શીખવાડે છે. ૨૯.

આ જગતમાં જેને વર્ણવી ન શકાય તેવો જે જે અધર્મ(પાપ) થાય છે તે બધા અધર્મનું કારણ એક લોભ છે. માટે લોભ સહુથી મોટો દોષ છે. ૩૦. જન્મ-મરણ અને જમપુરીનું જેટલું કાંઈ દુઃખ છે તથા લખચોરાશીનું જેટલું દુઃખ છે તે બધું લોભને કારણે લોભીને ભોગવવું પડે છે. ૩૧. માંસ, દારૂ, ચોરી, પરસ્ત્રીનો સંગ; આવી પાપમય પ્રવૃત્તિ જેટલી જગતમાં ચાલી રહી છે તથા લોકો અભક્ષ્ય વસ્તુઓને ખાય છે. ૩૨. વળી, ઘણા વિપ્ર બુદ્ધિમાન હોવા છતાં પણ અંત્યજ સુધીનાની સાથે એકમેક થઈને રહે છે અથવા તો તેને આધીન થઈને રહે છે; આ બધાં પાપનું મૂળકારણ લોભ કહેવાય છે. ૩૩. એનો એ લોભ જ્યારે સાચા સદ્‌ગુરુના સંગે કરીને સત્સંગ સન્મુખ થાય છે, ત્યારે તેના દોષમાત્ર ટળી જાય છે. ૩૪.

❋ સાચા ગુરુને શોધવા એ ખરું ડહાપણ છે :

સાચા સદ્‌ગુરુ મળ્યા સિવાય કરોડો યુગે પણ સાચો માર્ગ મળતો નથી. જેને અનંત કીર્તિ મેળવવાની ચાહના હોય તો તેણે સાચા ગુરુને શોધવા. પછી પોતાના આપડહાપણનો ત્યાગ કરીને તે સાચા ગુરુને માનવા અને તે જેમ કહે તેમ નિષ્કપટ થઈને કરવું. ૩૫-૩૬.

दोहा : साचे गुरु रहे जितने, हरि से करावत हित;
हरि बिन प्रीत रहे जितना, देखावत हीं अनित...३७
जो जो सुख रहे जितना, हरि तामें देखात;
हरि बिन सुख हे जेतेहि, देखावत दुःख रहात...३८

જેટલા સાચા ગુરુઓ છે તેઓ શિષ્યોને ભગવાનની સાથે હેત કરાવે છે. શિષ્યોને ભગવાન સિવાય બીજામાં જે પ્રેમ હોય છે તેને તે અનિત્ય દેખાડે છે. ૩૭. જે જે સુખ છે તે બધું ભગવાનમાં દેખાડે છે અને શ્રીહરિ સિવાયનું જેટલું સુખ છે તેમાં દુઃખ રહ્યું છે, એમ દેખાડે છે. ૩૮. જે ધન-માનાદિકના લાલચુ ખોટા ગુરુ હોય છે તે બધા જીવને સંસારમાં વધારે ને

વધારે પ્રીતિ કરાવે છે અને સંસારના સમાન બીજું કાંઈ બતાવતા નથી. ૩૯. અજ્ઞાની વિપ્રો અને ખોટા યોગીઓ પણ એવું જ કહે છે કે, ભગવાન અને સંતનું મૂળ પણ સંસાર છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "બધા દોષોનું મૂળ વિવિધ પ્રકારના લોભને કહ્યો" એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર પચીશમું : તરંગ - ૪૧

શ્રીહરિએ સત્સંગની શુભ રીતિની વાત કહી

મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરની આગળ જે વાત કહી હતી તે વાતને બધા જ હરિભક્તોના પ્રત્યે હું કહું છું. ૧. શ્રીહરિની વાત સિવાયની બીજી વાતો તો અપરંપાર છે, પણ તે કોઈ જીવના અંત વખતે તલભાર પણ મદદ કરતી નથી. ૨. જેટલી છે તે સમગ્ર ભૂમિને તથા ભૂમિ ઉપર જેટલું ધન છે અને હાથી, ઘોડા વગેરે જે કાંઈ છે તેને પોતાના કબજામાં કરતાં કરતાં અપાર લોકો મરી ગયા અને જે બચ્યા છે તે પણ મરી જશે, તેમાં લગાર પણ ખોટું નથી. કોઈ એક માણસ આ બધી વસ્તુઓને સ્વાધીન કરે તેનાથી શું ? ૩-૪. અરે ! ઈન્દ્ર જેવા થઈ જાય તોપણ શું ? બ્રહ્મા જેવા થાય તોપણ તેનાથી શું ? આ ભૂમિ ઉપર જેટલા ગ્રંથ રહ્યા છે તે બધાને કોઈ ભણે તોપણ તેનાથી શું ફાયદો ? ૫. આ ભૂમિ ઉપર જેટલા પંડિતો છે તે બધા છ શાસ્ત્રને જાણનારા થાય તોપણ ભગવાનની વાતો પ્રમાણે કર્યા વિના તેની ક્યારેય કીર્તિ થતી નથી. ૬. અપાર મતપંથો છે તે બધા તો વગર જીતે જીતાઈ ગયેલા જ છે. જે શુભ રીતની વાતને માને છે તેને આ બધી વસ્તુ યથાર્થરૂપમાં દેખાય છે. ૭. જે રીત છોડીને તેની બહાર ચાલે છે તે ક્યારેય જીતાતા નથી.

જે રાજા રીતમાં સમજતો હોય, તે રીત બહાર ચાલનારાને રીતમાં ચલાવે છે. આ લોકમાં જે ગુરુ અને શિષ્યો રાજાથી છાની રીતે શાસ્ત્રની

મર્યાદાને છોડીને જેટલા બહાર ચાલે છે તે બધાને યમરાજા તો જાણે જ છે. ૮-૯. મર્યાદાથી બહાર વર્તનારા રાજાઓ, પ્રજાજનો, મોટા-મોટા પંડિતો, મતપંથના ગુરુઓ અને શિષ્યો; તે બધા અહીંયાં જે રીતે રીત છોડીને ચાલ્યા હોય તેને યમરાજા તેના મોઢે જ કબૂલ કરાવે છે. અને જેવાં પાપ કર્યાં હોય તેવું તેને ફળ આપે છે. ૧૦-૧૧. અહીંની રીત જુદા પ્રકારની છે, પણ યમરાજાની રીત તો અદ્દલ છે. ત્યાં લગાર પણ કોઈની લાંચ ચાલતી નથી. ત્યાં કોઈની હિંમત-શૂરવીરતા પણ ચાલતી નથી. ૧૨.

ચાહે તેવો હોય પણ જો તે રીત પ્રમાણે ચાલ્યો હોય તો જ તેની હિંમત ત્યાં ચાલે છે. રીતમાં ચાલ્યા ન હોય તેનું ત્યાં કાંઈ ચાલતું નથી. પરલોકમાં અહીંયાંના જેવી રીત નથી. ૧૩. સત્સંગની જેટલી બાબતો છે તેમાં જ બધી રીત રહી છે અને યમરાજા પણ તેની પૂરી તપાસ કરીને તેને પ્રમાણરૂપ માને છે. ૧૪. રીત અનુસાર મનુષ્ય જે રીતે ચાલે છે તેવું તેને સુખ મળે છે, આ વાત ચોક્કસ છે. આવી શુદ્ધ રીતિથી ઉપરવટ થઈને યમરાજાનું કાંઈ ચાલતું નથી. ૧૫. જેવી સત્સંગની રીતિ છે તેને જોઈને તે પ્રમાણે જ જે ચાલે છે તેને તો યમરાજા પણ પૂજે છે અને તેની વારંવાર પ્રશંસા કરે છે. ૧૬. જે કોઈ રીતિ-મર્યાદામાં નથી ચાલતા તેને યમરાજા જાણતા હોય છે. તેથી તેના ગુના દેખીને તે પ્રમાણે તેને દંડ દે છે. એટલે તો તે યમરાજ 'ધર્મ' કહેવાય છે. ૧૭. જે પોતે રીતિમાં ચાલે અને બીજાને રીતિમાં ચલાવે પણ લોભમાં ક્યારેય લેવાય નહીં, એવા રાજા અને ગુરુઓ આ દુનિયામાં વારંવાર થતા નથી. ૧૮.

જે રીતિ પ્રમાણે ચાલે છે તેની અપાર કીર્તિ થાય છે. સંપૂર્ણ બ્રહ્માંડમાં તેની કીર્તિ ઘરોઘર વ્યાપી જાય છે. ૧૯. રીતિ પ્રમાણે જે ચાલે છે તેની વચનોથી પ્રશંસા થતી રહે છે. અને રીતિ વગર ચાલનારા રાજા, ગુરુ કે હર કોઈ માણસની ઘેર ઘેર અપકીર્તિ થાય છે. તેમ છતાં ઘણા મૂર્ખાઓ ઝાંખા પડતા નથી. આવી રીતે શાસ્ત્રની મર્યાદા મૂકીને વર્તનારા માણસો સાક્ષાત્ અધર્મના પરિવારજનો ગણાય છે. ૨૦-૨૧. એવા જે અધર્મના ઘરના સભ્યો છે તે ધર્મનું ઉત્થાપન કરવા માટે પ્રયત્ન કરતા હોય છે અને

જે ધર્મના ઘરના સભ્યો હોય તે ધર્મનું સ્થાપન કરે છે. વેદ તથા પુરાણમાં ધર્મનું સ્થાપન કરનારાં જેટલાં વચનો છે તે **ભગવાનના કે ભગવાનના અપૂર્વ ભક્તોનાં વચનો છે, તેમનાં તે વચનો તો મોતી જેવા અનુપમ અને અમૃતરૂપ કહ્યાં છે.** વેદ અને પુરાણોમાં પણ ધર્મનું ઉત્થાપન કરનારાં જેટલાં વચન છે તે અધર્મમાં રુચિવાળાનાં વચન છે. તેમણે મોટાનાં વચનમાં પોતાનાં અધર્મયુક્ત વચન ભેળવીને એકરસ કરી દીધાં છે. ૨૨-૨૫.

❋ સંત-અસંતને ઓળખે તે જ ખરો વિવેકી છે :

જેને બુદ્ધિમાં વિવેક હોય અને ધર્મમાં રુચિ હોય તેવા પુરુષો સત્પુરુષ અને અસત્પુરુષનાં વચનોને પારખી લે છે. ૨૬. અધર્મી લોકો સાચા રૂપિયામાં ખોટા રૂપિયાને ભેળવીને એક કરી દે છે. તે સાચા અને ખોટા રૂપિયાના સિક્કા તો એક રૂપ તથા એક રંગવાળા હોવાથી એકસરખા દેખાય છે, પણ જેનામાં તેને પારખવાની શક્તિ હોય છે તે સાચા અને ખોટાને અલગ કરી દે છે. ૨૭-૨૮. સાચા અને ખોટાને પારખી શકે એવી વિવેકીબુદ્ધિ પ્રત્યેક વ્યક્તિમાં નથી હોતી. એ તો કોઈક બુદ્ધિમાનમાં જ દેખાય છે. ૨૯. કેટલાક અંધ હોવા છતાં બુદ્ધિમાન હોય તો અભ્યાસે કરીને સાચા અને ખોટા રૂપિયાને હાથમાં લેતાંની સાથે જ સાચા કે ખોટા કહી દે છે. ૩૦. તેમ સત્ય અને અસત્ય શબ્દોએ કરીને જેનું જેવું અંતર હોય તે પરખાય જાય છે. જે કોઈ પણ બાબત હોય તે અભ્યાસ વિના સમજી શકાતી નથી. ૩૧.

❋ ધાર્યું ધણીનું થાય, બીજા ડાહ્યાનું ડહાપણ જાય :

ચોપાઈ :

भगवान बसत जिन महीं आई, हरकोउ हित कु करने ताई;
कोउसे नहि बन सकत जैसे, तरक करेमें न आवत तैसे...३२
प्राक्रम ताकू करत अपारा, कोउ वेर न करे कोउ वारा;
जो जो बात रहाये जेता, जन से बन सकत न तेता...३३

હરકોઈનું હિત કરવા માટે જેના અંતરમાં ભગવાન આવીને વસ્યા હોય, તે કોઈથી ન થઈ શકે એવું અતર્ક્ય અપાર પરાક્રમ ક્યારેક કરે છે અને ક્યારેક નથી પણ કરતા. દરેક બાબત માણસથી બની શકતી નથી.

૩૨-૩૩. તેવી તો નવી નવી કેટલીક બાબતો નજરે દેખાય છે. જેમ કે, જે માણસો પોતાના સંકલ્પ પૂરા કરવા પ્રજાને પીડતા હતા, તેને શોધી શોધીને ભગવાને એવી વિકટ જગ્યાએ પહોંચાડી દીધા કે ફરીને કોઈ તેનું નામ પણ સંભારે નહીં. જે પ્રજાને દુઃખ આપે છે તેને તેના કરતાં અપાર દુઃખ ભોગવવું પડે છે. ૩૪-૩૫.

हरि संकल्प करत जिस रीता, चाय के द्वार करी तिस रीता;
भक्तजन ताकी करत सहाया, प्रत्यक्ष कोउकु न आत देखाया...३६

ભગવાન જ્યારે સંકલ્પ કરે છે ત્યારે ચાહે તે દ્વારા તેવાં કાર્યો કરાવે છે. ભગવાન પોતે ભક્તજનને એવી સહાય કરે છે કે તે કોઈને પ્રત્યક્ષ દેખાતી નથી. ૩૬. **ભગવાનનાં ચરિત્રો અપાર છે. તેનો પાર અક્ષર પણ લઈ શકતા નથી. જો ચરિત્રોનો પાર આવે તો તેને અપાર કોણ કહે ? જે અપારનું અપાર રહે ત્યારે જ તેને અપાર કહેવાય. માટે અક્ષર જેવા કરોડોથી પણ પ્રભુનો પાર પામી શકાતો નથી.** ૩૭-૩૮. સાગરમાં અપાર પાણી રહ્યું છે. તેને બ્રહ્માંડમાં રહેલા બધા જીવો પીવે છે, છતાં પણ તે કોઈ યુગમાં લગાર પણ ખૂટતું નથી. ૩૯. હું એક એક અક્ષરે સંકોચ સંકોચ કરતો રહું છું. વળી રાત-દિવસ વિચાર કરીને હું આ ગ્રંથને પૂરો કરતો રહું છું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિએ સત્સંગની શુભ રીતિની વાત કહી" એ નામે એક્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર પચીશમું : તરંગ - ૪૨

પંચાળાનું ચોથું વચનામૃત

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરની આગળ ફરી જે વાત કહી હતી તે વાત શ્રીહરિએ સહુ હરિભક્તોને કહેલી. હવે હું(સિદ્ધાનંદ સ્વામી) તે વાત કહું છું. ૧. (સંવત્ ૧૮૭૭ના) ફાગણ વદિ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીપંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર

પલંગ હતો ત્યાં સવારના પહોરમાં આવીને વિરાજમાન થયા હતા. અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો તથા શ્વેત ખેસ પહેર્યો હતો. ૨-૪. તે વખતે શ્રીહરિએ ઝીણી શ્વેત પછેડી ઓઢી હતી અને હસ્તકમળમાં તુલસીની માળા લઈને સહેજે ફેરવી રહ્યા હતા. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ ઘણા હેતથી બોલ્યા કે, "જે બધા પરમહંસ છો તે પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો અને અમે તેને સાંભળીએ." ત્યારે મુનિબાવાએ બ્રહ્માનંદ સ્વામીને ઘણા પ્રેમભાવથી પ્રશ્ન પૂછ્યો જે, "જેને પ્રથમ ભગવાનનો દૃઢ નિશ્ચય હોય અને ભજન-સ્મરણ પણ ભાવસભર મનથી કરતો હોય, ૫-૯. પણ પછી ભગવાનનાં મનુષ્યચરિત્રને જોઈને તેને ભગવાનના નિશ્ચયમાં સંશય થઈ જાય છે, તેનું શું કારણ છે ? તે કહો." ૧૦. પછી તે પ્રશ્નનો ઉત્તર બ્રહ્માનંદ સ્વામી કરવા લાગ્યા, પણ તેનો ઉત્તર થયો નહીં.

❋ ભગવાન જેવા તો એક ભગવાન જ છે :

ત્યારે શ્રીજીમહારાજ ઘણીવાર સુધી વિચાર કરીને પછી બોલ્યા કે, "આ પ્રશ્નનો જેવો ઉત્તર છે તેવો અમે કરીએ છીએ જે, ૧૧-૧૨. વેદ, પુરાણ, મહાભારત અને સ્મૃતિઓ ઇત્યાદિક જે શાસ્ત્ર તેને વિષે ભગવાનનું સનાતન, અનાદિ, દિવ્ય એવું મૂળરૂપ પોતાના અક્ષરધામમાં રહ્યું છે તે કહ્યું છે, તે ભગવાન કેવા છે ? તો આ ચક્ષુઇન્દ્રિયે કરીને દેખ્યામાં આવતું યત્કિંચિત્ રૂપ તે જેવું તેમનું રૂપ નથી. તે રૂપ તો સદા દિવ્યાકાર અને ચિદ્‌ઘન રહ્યું છે. ૧૩-૧૬. અને શ્રવણે કરીને સાંભળ્યામાં આવતા જે શબ્દ તેના જેવો તે ભગવાનનો શબ્દ નથી. ૧૭. અને ત્વચાએ કરીને જે સ્પર્શ કરવામાં આવે છે તેના જેવો તે ભગવાનનો સ્પર્શ નથી. ૧૮.

અને નાસિકાએ કરીને સૂંઘ્યામાં જે સુગંધ દેખાય છે તેના જેવો તે શ્રીહરિનો સુગંધ નથી. ૧૯. અને જિહ્વાએ કરીને જે કાંઈ વસ્તુ-પદાર્થનું વર્ણન કરવામાં આવે છે તેવા પણ તે ભગવાન નથી. ૨૦. અને મનના જે સંકલ્પ, તેમાં આવે તેવા નથી તથા ચિત્તના ચિંતવનમાં આવે તેવા નથી. ૨૧. તથા બુદ્ધિના નિશ્ચયમાં આવે તેવા નથી તથા એ ભગવાન અહંકારે

કરીને મનથી અહંપણું ધરાય તેવા નથી, જે હું મન, કર્મ, વચને કરીને તે ભગવાનનો છું અને તે ભગવાન મારું સર્વસ્વ છે અને મારા પરમમિત્ર છે. ૨૨-૨૩. આ અમે કહ્યું એ રીતે ભગવાન ઈન્દ્રિયો અને અંતઃકરણને અગોચર રહ્યા છે. એવા જે અગોચર પ્રભુ છે તે જ આ લોકમાં પ્રગટ થાય છે. ૨૪.

આવી રીતે અગોચર અને ગોચર, એવા જે ભગવાન તેનું જેવું રૂપ છે તેવું આ બ્રહ્માંડમાં બ્રહ્માદિક સ્તંબ પર્યંત કોઈનું રૂપ નથી કે, ૨૫-૨૬. જેની તેને ઉપમા દઈએ. અને જેવો તેમનો શબ્દ છે તેવો આ બ્રહ્માંડમાં બીજા કોઈનો શબ્દ નથી કે જેની તેને ઉપમા દઈએ એવો તેમનો શબ્દ દિવ્ય છે. ૨૭-૨૮. અને એ ભગવાનનો જેવો સુગંધ છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો સુગંધ નથી કે જેની તેને ઉપમા દઈએ. ૨૯. તથા એ ભગવાનનો જેવો સ્પર્શ છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો સ્પર્શ ક્યારેય રહ્યો નથી કે જેની તેને ઉપમા દઈએ. અને એ ભગવાનનો જેવો રસ છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો રસ ક્યાંય નથી કે જેની તેને ઉપમા દઈએ. આવી રીતે તે ભગવાન કોઈની ઉપમામાં આવતા નથી. ૩૦-૩૨.

❋ ભગવાનનાં સ્થાન તથા સુખની અદ્વિતીયતા :

અને એ ભગવાનનું જેવું ધામ છે તેવું આ બ્રહ્માંડમાં કોઈ ચોક્કસ સ્થાન નથી કે જેની તેને ઉપમા દઈએ. ૩૩. તે સાત દ્વીપ અને નવ ખંડમાં જે જે સ્થાનક રહ્યાં છે તથા મેરુની ઉપર ઘણાં શોભાયમાન બ્રહ્માદિકનાં સ્થાન રહ્યાં છે. ૩૪. તથા લોકાલોક પર્વતની ઉપર દેવતાઓનાં ઘણાં સ્થાનક છે. તથા ઈન્દ્ર, વરુણ, કુબેર, શિવ અને બ્રહ્માદિકનાં જે જે સ્થાનક છે. ૩૫.

चोपाई :

दूजे पण बहुत तेही बहूता, स्थानक रहाये समृद्धि जूता;
यह सबमें एसे जो एकही, स्थानक नहि रहेउ किनही...३६

दोहा : जिनकी यह भगवान केउ, धाम ताकी जो जेहु;
उपमा न आवत रहेउ, कोउ दिन जो तेहु...३७

यह भगवान के धाम के, विषे रहाये जेहि;
भगवान के भक्त जोउ, तिनकू जेसे तेहि...३८

सोरठा : सुख रहेउ जेसेउ, तेसे यह ब्रह्मांड महीं;
कोउ केउ सुख तेउ, रहे नहि निश्चय कर हि...३९
जाकी ईनकू जोउ, उपमा देवात हि नहि;
एसे रहेउ सोउ, उपमा में न आत रहे...४०

અને બીજાં પણ ઘણાં સ્થાનક સમૃદ્ધિથી યુક્ત રહ્યાં છે, તે બધાંમાં કોઈ એક પણ એવું સ્થાનક નથી કે તેને ભગવાનના ધામની ઉપમા કોઈ દિવસ આપી શકાય. ૩૬-૩૭. અને ભગવાનના ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત, તેને જેવું સુખ છે તેવું સુખ આ બ્રહ્માંડમાં કોઈને કાંઈ પણ રહ્યું નથી. અર્થાત્ તે ભગવાનનું એવું સુખ છે કે તેની બીજા કોઈની સાથે ઉપમા દઈ શકાય નહીં. ૩૮-૪૦.

चोपाई :

कीमी जे यह ब्रह्मांड तिनसे, जेते पुरुष प्रकृति इनसे...४२
उत्पन्न भये आकार जेता, मायिक सब हि रहाये तेता;
अरु भगवान दिव्य रहे तेही, अमायिक रहाये जो एही...४३

અને એ ભગવાનનો જેવો આકાર છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો આકાર નથી કે જેની તેને ઉપમા દઈએ, આવા તે ભગવાન છે. કારણ કે, આ બ્રહ્માંડમાં પ્રકૃતિ-પુરુષ થકી ઉત્પન્ન થયા જે આકાર તે બધા માયિક છે અને તે ભગવાન તો દિવ્ય છે અને અમાયિક છે. ૪૧-૪૩. માટે તે બંનેમાં અતિશય વિલક્ષણપણું(જુદાપણું) છે. તે કારણથી તેને અને આને સાદૃશ્યપણું(સમાનપણું) કેમ થાય ? ૪૪. જેમ કોઈ મનુષ્યને કહીએ કે, ‘આ માણસ ભેંસ જેવો છે, સર્પ જેવો છે, ચકલા જેવો છે, ગધેડા જેવો છે, કૂતરા જેવો છે, કાગડા જેવો છે, હાથી જેવો છે; એવી ઉપમા મનુષ્યને લગાર પણ સંભવે નહીં. કેમ જે, મનુષ્ય કરતાં તે ભેંસ વગેરે બીજામાં અપાર વિજાતીયપણું દેખ્યામાં આવે છે. અને મનુષ્ય મનુષ્યમાં પણ અતિશય સાદૃશ્યપણું નથી કે, ૪૫-૪૭. જેની તેને ઉપમા દઈએ કે, આ છે તે આના જેવો જ છે. અને જો એકસરખા જ હોય તો તેની બીજાથી અલગ ઓળખાણ કેમ થાય ? માટે પરસ્પર એકબીજાની ઓળખાણ થાય તેવી સજાતીયોમાં

પણ પ્રભુએ રચના કરી છે. માટે મનુષ્ય મનુષ્ય સજાતીય હોય છે, તોપણ તેને વિષે અત્યંત સાદૃશ્યપણું હોતું નથી. ૪૮-૫૦.

જુઓને, આ ભગો તથા મૂળો તે બંને ભાઈ છે; તે એકસરખા જ દેખાય છે, પણ ઝાઝા દિવસ ભેળા રહીએ તો તેને નિશ્ચિતપણે ઓળખી શકાય છે કે, 'આ ભગો છે અને આ મૂળો છે.' ૫૧-૫૨. માટે જો વિલક્ષણતા ન હોય તો તે ઓળખાય કેમ ? માટે મનુષ્ય મનુષ્યમાં પણ સાદૃશ્યપણું નથી. તો પછી માયિક અને અમાયિકને વિષે સાદૃશ્યપણું કેમ આવે ? એટલા માટે જ તેની ઉપમા ભગવાનને કેમ આપી શકાય ? ૫૩-૫૪. તેવી જ રીતે ભગવાનના ધામને પણ તેની ઉપમા કઈ રીતે સંભવે ? કેમ જે, એ ભગવાન (તથા ભગવાનનું ધામ) છે તે તો ઇન્દ્રિયો તથા અંતઃકરણને અગોચર છે, તેમ સર્વ શાસ્ત્રમાં કહ્યું છે.

✲ મનુષ્યભાવમાં દિવ્યભાવ રાખવાની વિગત :

અને તે ભગવાન જ્યારે જીવને દર્શન આપવા માટે ન ઇચ્છે ત્યારે તો આવી રીતે દિવ્યરૂપ અગોચર થકા પોતાના અક્ષરધામમાં રહે છે. ૫૫-૫૮. અને તે ભગવાનની મોટપ અપાર રહી છે. તેનો કોઈ પાર પામી શકતા નથી અને તે મહારાજાધિરાજ છે. અને દિવ્યરૂપ એવી અગણિત સમૃદ્ધિ તથા અસંખ્ય પાર્ષદથી યુક્ત રહ્યા છે અને તે ભગવાન અનંત કોટિ બ્રહ્માંડના પતિ છે. ૫૮-૫૯. જેમ આ લોકમાં કોઈ મોટો ચક્રવર્તી રાજા હોય, તેનું સૂર્યના ઉદયથી અસ્ત સુધી રાજ્ય હોય અને તે જ રાજા પોતાના તપના બળે કરીને દેવતાનાં જેવાં ઐશ્વર્યને પામ્યો હોય, ને સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રિલોકીનાં રાજ્યને કરતો હોય અને આવો તે રાજા જ્યારે રાજ્ય કરતો હોય ત્યારે તેની પ્રજાને કેટલું બધું સુખ કરી શકે ? ૬૦-૬૨.

જેમ અર્જુન હતા તે આના આ દેહે કરીને સ્વર્ગને વિષે ઇન્દ્રાસન ઉપર કેટલાંક વર્ષ સુધી રહ્યા હતા તથા નહુષ રાજા પણ ઇન્દ્ર થયો હતો. એવા જે પ્રતાપી અને ચક્રવર્તી રાજા થયા હોય, ૬૩-૬૪. તો તેને ઘેર જેટલાં ગામ હોય છે તેની ગણતરી પણ થતી નથી તથા ગામ ગામના પટેલ જે

મુખી હોય તેની ગણતરી પણ થતી નથી કે તે આટલા આટલા છે. અને તે બધા પટેલ તેના દરબારમાં અરજ કરવા આવતા હોય, તે રાજાનાં ધન, ખજાના, ભોગ, સ્થાનક અને સમૃદ્ધિ તે પણ ગણતરીમાં ન આવે તેટલી બધી તેની સાહેબી કહેવાતી હોય છે. ૬૬-૬૭. તેમ આ જે ભગવાન છે તે અસંખ્યકોટિ બ્રહ્માંડરૂપ ગામ તેના રાજાધિરાજ છે. ૬૮.

✵ વિષ્ણુ, શિવ અને બ્રહ્માદિક પટેલિયાની પ્રાર્થના :

અને તે બ્રહ્માંડરૂપ જે ગામ તેના મુખ્ય પટેલ તે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ કહેવાય છે. અને તેમનાં કામ પણ જુદાં જુદાં હોય છે. ૬૯. જેમ એક એક ગામમાં એક એક પટેલ મોટો હોય, તેને તે ગામની જેટલી પ્રજા હોય છે તે બધી આવીને નમતી હોય છે અને હરખથી તેની આજ્ઞામાં રહેતી હોય છે અને તે પટેલ રાજાને વારંવાર નમતો હોય છે, ૭૦-૭૧.

दोहा : तिमी ब्रह्मांड ब्रह्मांड हि, प्रति ब्रह्मा हि जोउ;
विष्णु शिव रहेउ बडे हि, तिनकू दूजे सोउ...७२
ब्रह्मांड में देव दैत्य हि, मनुष्य ऋषि जो जेहि;
प्रजापति जोउ इनकू, नमत भजत हे तेहि...७३

सोरठा : आज्ञा में जो ताहि, वरतत रहत हे प्रजा सब;
सबसे बडे रहाहि, ब्रह्मा विष्णु शिव हि तेही...७४
भगवान रहे जेहु, पुरुषोत्तम कु भजत यह;
आज्ञा में जो तेहु, वरतत हि रहत हे सदा...७५

તેમ બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે, તે મોટેરા છે. અને તેમને બીજા જે બ્રહ્માંડમાં દેવ, દૈત્ય, મનુષ્ય, ઋષિ અને પ્રજાપતિ વગેરે છે તે નમે છે, અને તેમને ભજે છે. ૭૨-૭૩. અને તે બધી પ્રજા તેમની આજ્ઞામાં રહે છે. કેમ જે, એક બ્રહ્માંડમાં સહુથી મોટા તે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે. તે ત્રણેય ભગવાન જે પુરુષોત્તમ છે તેને ભજે છે અને સદા તેમની આજ્ઞામાં વર્તે છે. ૭૪-૭૫. વળી, બ્રહ્માંડ બ્રહ્માંડના જેટલા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે; તે ભગવાન પુરુષોત્તમની પ્રાર્થના કરતા રહે

છે જે, 'હે મહારાજ ! અમે હાથ જોડીને કહીએ છીએ કે, આપ કૃપા કરીને અમારા બ્રહ્માંડમાં પધારો અને દર્શન આપો. ૭૬-૭૭.

જેમ કોઈ ગામનો પટેલ હોય તે ચક્રવર્તી રાજાની આગળ ભેટ ધરીને તેની પ્રાર્થના કરે કે, 'હે મહારાજ ! હું ગરીબ છું, તો તમે મારું ઘર તમારું પોતાનું માનીને મારે ઘેર પધારો. ૭૮-૭૯. મારાથી જે રીતે આપની ચાકરી થઈ શકશે, તે રીતે હું હજૂરમાં તત્પર રહીને આપની ચાકરી કરીશ. તો આપ મારી ઈચ્છાને પૂરી કરો.' ૮૦. પછી તે રાજા તેની ઈચ્છાને પૂરી કરે છે. તેવી રીતે જ જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે તે એ ભગવાનની પ્રાર્થના કરતા રહે છે. તે વાત હવે કહે છે જે, 'હે મહારાજ ! આપ દયા કરીને અતિશય પ્રસન્નતાથી અમને દર્શન આપો અને અમારા બ્રહ્માંડમાં કૃપા કરીને પધારો.' ત્યારે આ ભગવાન જે છે તે તેમની પ્રાર્થનાને સાંભળીને જે બ્રહ્માંડમાં જેવું કામ હોય ત્યાં તેવું રૂપ ધારણ કરતા રહે છે. તેમાં કેટલીકવાર રામ-કૃષ્ણાદિક રૂપ ધારે છે. ૮૩-૮૪. આમ જીવોને દર્શન દેવા માટે જે આ અગોચર ભગવાન છે તે હૃદયમાં અતિશય કૃપા કરીને અવારનવાર ગોચર થાય છે. અર્થાત્ જેવું કાર્ય હોય તેવું શરીર ધારણ કરે છે. અને તે શરીરની રીતે જ વર્તે છે તથા તેવાં ચરિત્રને કરે છે. ૮૫-૮૬.

❋ મનુષ્યાકાર ભગવાનના જીવનની વિગત :

જ્યારે દેવતાઓમાં દેહ ધારણ કરે છે ત્યારે દેવતાઓના જેવી ચેષ્ટા કરતા રહે છે. ૮૭. તથા પશુના જેવા દેહને જ્યારે ધારણ કરે છે ત્યારે પશુની રીતે વર્તે છે. ૮૮. જેમ કે, ભગવાને જ્યારે વરાહરૂપ ધારણ કર્યું ત્યારે સૂંઘીને ભૂમિને ખોળી લીધી હતી, તથા હિરણ્યાક્ષનો વધ કર્યો હતો. ૮૯. અને જ્યારે હયગ્રીવરૂપ ધારણ કર્યું ત્યારે કેશી દૈત્યને માર્યો અને ઘોડાની રીતે ફૂંફાડા મારવા લાગ્યા, ૯૦. તથા મચ્છ, કચ્છ આદિક જળજંતુનો દેહ ધારણ કર્યો ત્યારે જળમાં જ ફરતા રહ્યા, પણ પૃથ્વી ઉપર ફર્યા નહીં. ૯૧. તથા નૃસિંહરૂપે થયા ત્યારે સિંહની રીતે વર્ત્યા પણ મનુષ્યની રીતે ચેષ્ટા કરી નહીં. ૯૨.

અને એ ભગવાન જ્યારે મનુષ્યદેહને ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવી જ સર્વ ક્રિયાને કરે છે. ૯૩. તે જ્યારે સત્યયુગ હોય ત્યારે જેટલા મનુષ્ય કહેવાય છે તેની લાખ વર્ષની આવરદા યુગ પ્રમાણે હોય છે. તેથી ભગવાન પણ લાખ વર્ષ પર્યંત દેહને રાખે છે. અને ત્યારે જેમ સત્યયુગના જે મનુષ્ય હોય છે તે મનોવાંછિત ભોગને ભોગવે છે તેમ ભગવાન પણ તે રીતે જ ભોગને ભોગવે છે, પણ એ રીતને તજીને ક્યારેય અધિકપણે વર્તતા નથી. ૯૪-૯૬. અને ત્રેતાયુગમાં જ્યારે દેહને ધારણ કરે છે ત્યારે મનુષ્યને દસ હજાર વર્ષની આયુષ્ય હોય છે, ૯૭. તેથી ભગવાન પણ તેટલા જ વર્ષ દેહને રાખે છે. અને તે યુગના ભોગની સમાન ભોગને ભોગવે છે. ૯૮.

અને દ્વાપરયુગમાં હજાર વર્ષ સુધીની આવરદા હોય છે, તેમ જ્યોતિષ કહે છે. ૯૯. અને દસ હજાર હાથીનું બળ માણસમાં હોય છે, ત્યારે ભગવાન પણ તેટલું જ બળ અને આયુષ્ય ગ્રહણ કરે છે. ૧૦૦. તેમજ ભોગ પણ તેટલા જ ભોગવે છે પણ તેથી અધિક વર્તતા નથી. અને કળિયુગમાં દેહ ધારણ કરે છે ત્યારે કળિયુગના પ્રમાણે આયુષ્ય અને બળ તેને ભગવાન ધારણ કરે છે.

વળી, જેમ બાળક ગર્ભમાં આવે અને તે ગર્ભ વૃદ્ધિને પામે પછી જન્મે છે, અને બાળ, યૌવન તથા વૃદ્ધાવસ્થાને પામે છે અને મૃત્યુને પણ પામે છે, તેમ ભગવાન પણ **તેવી જ મનુષ્યના જેવી ચેષ્ટા કરતા રહે છે. પણ ભક્તજનો તેને ચરિત્ર જ માને છે. તથા મનુષ્યમાં જેવા કામ, ક્રોધ, લોભ, સ્વાદ, માન, સ્નેહ, મદ, મત્સર, ઈર્ષ્યા, દ્વેષ, રાગ, મોહ, સુખ, દુઃખ, ભય, નિર્ભય, શૂરતા, કાયરતા, ભૂખ, તરસ, આશા, તૃષ્ણા, નિદ્રા, પક્ષપાત, પારકું, પોતાનું, ત્યાગ અને વૈરાગ્ય ઈત્યાદિક જે સ્વભાવ હોય છે તેવા જ સ્વભાવને ભગવાન જ્યારે મનુષ્યદેહ ધારણ કરે છે ત્યારે તેમાં જણાવતા રહે છે. કારણ કે, ભગવાનની એવી રીત છે.** ૧૦૧-૧૦૭. અને ભગવાનના એ મનુષ્ય સ્વરૂપનું પણ સર્વે શાસ્ત્રમાં વર્ણન કર્યું છે. ૧૦૮.

અને જે ભગવાનનું મૂળ દિવ્ય સ્વરૂપ છે તેનું પણ વર્ણન કર્યું છે. તે બંને સ્વરૂપનું જેણે યથાર્થરૂપમાં શ્રવણ, મનન કરીને દૃઢ નિશ્ચય કર્યો હોય

તેને કોઈ રીતે ક્યારેય સંશય થાય નહીં. ૧૦૯-૧૧૦. પણ જેને આવી રીતે ભગવાનને સમજવામાં કસર રહી હોય, તેના ચિત્તમાં ભગવાનના સ્વરૂપ વિષે અગણિત સંશયો થાય છે. ૧૧૧. અને એ જ દિવ્ય સ્વરૂપ ભગવાન મનુષ્યદેહને ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવા સ્વભાવે યુક્ત વર્તતા રહે છે. ૧૧૨. પણ જે બુદ્ધિમાન હોય છે તેના મનમાં એમ જણાય ખરું જે, 'આમાં જેટલો જે જે પ્રતાપ છે તે દેવ અને મનુષ્યો કરતાં અધિક છે. ૧૧૩. અને તેમાં કામાદિક જે સ્વભાવ છે તે બીજા દેવ, મનુષ્યથી જુદા છે. તથા ક્રોધ, લોભ, સ્વાદ અને માન ઈત્યાદિક જે જે સ્વભાવ મનુષ્યમાં હોય છે તે ભગવાનમાં છે પણ બીજા મનુષ્યના જેવા તો ભગવાનમાં નથી જ, એમાં કાંઈક દિવ્યભાવ છે. તે બુદ્ધિમાનને જણાઈ આવે છે. તેણે કરીને ભગવાનપણાનો દૃઢ નિશ્ચય થાય છે. ૧૧૪-૧૧૬. જેમ શંકરાચાર્યે શૃંગારરસની વાર્તાને જાણવા માટે એક રાજાના શરીરમાં પ્રવેશ કર્યો હતો. ૧૧૭.

ત્યારે તે રાજાના જેવો જ બધો શૃંગારાદિક ભાવ હતો. અને દેહની ચેષ્ટા પણ તેવી જ દેખાડતા રહ્યા. ૧૧૮. પણ તે રાજાની જે રાણી હતી તેને અપાર બુદ્ધિ હતી. તેણે કરીને તેણે એમ જાણ્યું કે, 'મારા ધણીમાં આટલો ચમત્કાર કોઈ દિવસ દેખ્યામાં આવ્યો નથી. અમે ભેગાં ઘણું રહ્યાં છીએ, માટે આ દેહમાં કોઈ બીજા જીવે પ્રવેશ કર્યો છે, તે વાત નિશ્ચિત છે; તેમ બુદ્ધિમાન જે ભક્ત હોય તે તેને નિશ્ચય થાય ત્યારે મનુષ્યરૂપ એવા જે ભગવાન, તેને વિષે દિવ્યભાવને દેખે છે. તેણે કરીને તેને ભગવાનપણાનો દૃઢ નિશ્ચય થાય છે. તે નિશ્ચય પણ શ્રવણ, મનન કર્યા સિવાય થાતો નથી. ૧૧૯-૧૨૩.

ત્યારે તમે કહેશો કે, 'કાંઈક દિવ્યભાવ જાણ્યામાં આવ્યો, તેણે કરીને મનુષ્યને મોહ ટળીને ભગવાનપણાનો નિશ્ચય થાય છે. તો જ્યારે ભગવાન ઘણો વધારે દિવ્યભાવ બતાવે ત્યારે ઝાઝા માણસો શરણે આવે અને તેમને નિશ્ચય થાય. એમ જો તમે કહો તો તેનું તો એમ છે જે, જે આ સૂર્ય છે તેને સર્વ શાસ્ત્રમાં 'એ નારાયણ છે' એમ કહ્યા છે. અને તે સૂર્ય સહુના દૃષ્ટિગોચર રહ્યા છે અને નિત્ય એનું દર્શન મનુષ્યમાત્ર કરે છે, ૧૨૪-૧૨૭.

તોપણ તેનાં દર્શને કરીને કોઈને પોતાના કલ્યાણનો નિશ્ચય થાતો નથી અને 'મારું કલ્યાણ થયું', તેમ પણ કોઈને જણાતું નથી. ૧૨૮. અને મનુષ્યપણે કરીને રહેલા એવા જે રામ-કૃષ્ણાદિક ભગવાનના અવતાર તથા નારદ, શુક, સનકાદિક સંત તેનાં દર્શને કરીને મનુષ્યને એવો નિશ્ચય થાય છે કે, 'મારું નિશ્ચિત કલ્યાણ થયું અને હું કૃતાર્થ થયો છું.' ૧૨૯-૧૩૦.

અને આ ભગવાન તથા સંતોમાં તો તેવો કાંઈ પ્રકાશ રહ્યો નથી. અને તેની આગળ જ્યારે દીવો કરીએ ત્યારે તેમનાં દર્શન થાય છે, ૧૩૧. તોપણ એવો કલ્યાણનો નિશ્ચય થાય છે. તથા અગ્નિ છે તે પણ સાક્ષાત્ ભગવાન છે તેવું શ્રીકૃષ્ણ ભગવાને ગીતા : ૧૫/૧૪માં કહ્યું છે જે,

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥

એવો જે અગ્નિ તેનું પણ સહુને દર્શન થાય છે, પણ મનુષ્યને તેનાથી ક્યારેય પોતાનું કલ્યાણ થયાનો નિશ્ચય થાતો નથી. અને ભગવાન તથા સંતનાં દર્શને કરીને કલ્યાણનો દૃઢ નિશ્ચય થાય છે તેનું શું કારણ છે ? ૧૩૪-૧૩૬. તો, મનુષ્યને તથા સૂર્ય અને અગ્નિને અતિશય વિજાતીયપણું છે. માટે તેનાં દર્શને કરીને કલ્યાણનો નિશ્ચય ક્યારેય થાતો નથી. કાં જે, અગ્નિનો સ્પર્શ કરવામાં આવે તો બળી મરે. એટલે જે વિજાતીય કહેવાય છે તેનાથી સુખ થાતું નથી. તથા જે સૂર્ય છે તેને કુંતાજીએ દુર્વાસાએ આપેલા મંત્ર દ્વારા પાસે બોલાવ્યા હતા. અને તે મંત્રે કરીને જ્યારે સૂર્યને બોલાવ્યા ત્યારે સૂર્ય કુંતાજી પાસે પોતાનો પ્રકાશ સંકેલીને આવ્યા. ૧૩૭-૧૪૦. તે કુંતાજી જેવા મનુષ્યરૂપે હતા તેવા જ મનુષ્યરૂપે થઈને સૂર્ય આવ્યા, ત્યારે તેનાં અંગસંગનું સુખ તેને સંપૂર્ણ આવ્યું અને કર્ણરૂપ ગર્ભ રહ્યો; પણ જેવા સૂર્ય પ્રકાશમાન છે તેવા પ્રકાશે સહિત આવ્યા હોત તો કુંતાજીને એવું સુખ થાત નહિ અને બળી જાત. સ્પર્શનું પણ સુખ આવત નહીં. ૧૪૧-૧૪૩. તથા સત્રાજિત નામના યાદવની સમીપે સૂર્ય આવતા હતા, તે પણ મનુષ્ય જેવા થઈને આવતા ત્યારે તે એકે એકને સુખ રહેતું હતું. ૧૪૪.

અને જ્યારે સૂર્ય કુંતાજી તથા સત્રાજિત યાદવ પાસે આવતા ત્યારે શું તે આકાશમાં નહોતા ? ત્યારે પણ તે આકાશમાં તો હતા જ, પણ બીજે રૂપે કરીને એના એ જ સૂર્ય કુંતાજી તથા સત્રાજિતની પાસે આવ્યા હતા. અને જ્યારે મનુષ્યરૂપે આવ્યા ત્યારે જેવો સૂર્યનો પ્રકાશ હતો તેવો બધો જ એ સૂર્યમાં હતો, પણ તે પ્રકાશનો સંકોચ કરીને મનુષ્ય જેવા થઈને આવ્યા હતા. તેમ એ જે ભગવાન છે તે પોતે પોતાના દિવ્યભાવ સહિત જ જો મનુષ્યને દર્શન આપે તો ઠીક ન પડે અને લોકો એમ જાણે જે, 'આ તે શું ભૂત હશે કે શું હશે ? માટે એ ભગવાન પોતાનાં ઐશ્વર્યનો સંકોચ કરીને મનુષ્ય જેવા થઈને દર્શન આપતા રહે છે અને પોતે પોતાના ધામમાં પણ વિરાજમાન રહે છે. ૧૪૫-૧૫૧.

❋ ભગવાન ભક્તના સુખાર્થે દિવ્યભાવ દેખાડતા નથી :

भगवान की सदा इस रीता, रहायेउ तेहि परम पुनीता;
तब मनुष्य कु दर्शन हि तामें, स्पर्श करे पास बैठत यामें...१५२
तथा नव प्रकार की हि जेही, भक्ति करेमें आवत तेही;
अरु जो भगवान मनुष्य जैसे, न होवे दिव्यभाव हि तैसे...१५३
वरते तब मनुष्य कु जोऊ, पोतामें हित न होवे सोऊ;
सुवाण्य रुचि न परे लगारा, एसे सहज रहाये धारा...१५४

ભગવાનની આ પ્રમાણે સદા પરમ પવિત્ર રીત રહી છે અને ત્યારે જ મનુષ્યને દર્શન કરવામાં, સ્પર્શ કરવામાં, પાસે બેસવામાં તથા નવ પ્રકારની ભક્તિ કરવામાં ઠીક પડે છે. અને જો ભગવાન મનુષ્ય જેવા ન થાય અને દિવ્યભાવે જ વર્તે તો મનુષ્યને પોતામાં હેત થાય નહિ અને સુવાણ કહેતાં મનમેળ તથા રુચિ લગાર પણ થાય નહીં. કેમ જે, મનુષ્યનો આવો સહજ ધારો છે. ૧૫૨-૧૫૪. શા માટે ? તો, મનુષ્યને મનુષ્યને વિષે હેત અને સુવાણ થાય છે, પણ પશુ અને મનુષ્યને પરસ્પર હેત અને સુવાણ થતા નથી. ૧૫૫.

અને પશુ પશુમાં પરસ્પર અપાર હેત અને સુવાણ થાય છે. કેમ જે, સજાતીય સજાતીયમાં હેત થાય છે, પણ વિજાતીયમાં હેત ક્યારેય

થાતું નથી. તેમ ભગવાન પોતાના દિવ્યભાવનો સંકોચ કરીને પોતાના જે ભક્ત હોય છે તેને પોતામાં હેત થાય તેટલા માટે મનુષ્યના જેવા થાય છે અને તેથી જ તેઓ દિવ્યભાવને દેખાડતા નથી. તેવી તેમની રીત છે. ૧૫૬-૧૫૯. અને જો દિવ્યભાવને દેખાડે તો તેમાં વિજાતીયપણું આવી જાય, માટે ભક્તને પોતામાં હેત અને સુવાણ થાય નહિ અને તેથી મનમેળ પણ થાય નહીં. અને ભગવાન જ્યારે મનુષ્યરૂપે થાય છે ત્યારે પોતાનો જે દિવ્યભાવ છે તેને છુપાવી રાખવો તેના ઉપર જ તેમની દૃષ્ટિ તત્પર રહે છે. ૧૬૦-૧૬૨. અને તે છુપાવતાં છુપાવતાં ક્યારેક કોઈક કાર્ય કરવામાં ઉતાવળા થઈ જાય છે, ૧૬૩. ત્યારે દિવ્યભાવ જણાઈ આવે છે અને મનુષ્યભાવ ભુલાઈ જાય છે. અને ક્યારેક પોતે પોતાની ઈચ્છાએ કરીને પણ પોતાના કોઈ ભક્તને દિવ્યભાવ જણાવે છે.

જેમ શ્રીકૃષ્ણ ભગવાન ભીષ્મને મારવા માટે ચાલ્યા ત્યારે ઉતાવળા થઈ ગયા હતા અને મનુષ્યભાવને ભૂલી ગયા હતા. અને પોતામાં જ્યારે દિવ્યભાવ આવ્યો ત્યારે પોતાના ભારને સહન કરવા માટે પૃથ્વી લગાર પણ સમર્થ થઈ નહિ, આવું તે વખતે થયું હતું. ૧૬૪-૧૬૭. તથા અર્જુનને જે અદ્‌ભુત દિવ્યભાવ દેખાડ્યો તે પોતાની ઈચ્છાએ કરીને દેખાડ્યો હતો. ૧૬૮. પણ તે દિવ્યભાવે કરીને અર્જુનને સુખ થયું નહિ અને ઘણા વ્યાકુળ થઈ ગયા. પછી શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને મનુષ્યરૂપે દર્શન આપ્યું ત્યારે તેને સુખ થયું. ૧૬૯-૧૭૦. પછી તેણે હાથ જોડીને કહ્યું હતું કે,

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः।। *(ગીતા : ૧૧/૫૧)*

માટે મનુષ્યપણે કરીને ભગવાન જ્યારે વર્તે છે ત્યારે જીવને સાનુકૂળ પડે છે, નહિ તો ન પડે. તેટલા માટે ભગવાન કૃપા કરીને મનુષ્યરૂપે વર્તે છે, ત્યારે જે આવી રીતે નથી સમજતો તેને મનુષ્યભાવ દેખીને ભગવાનના નિશ્ચયમાં સંશય થાય છે અને અવળું પડે છે. અને ભગવાનના દિવ્યભાવને અને મનુષ્યભાવને જાણ્યા વિના સંશય થતો રહે છે. ભગવાનનાં

મનુષ્યચરિત્રને દેખી, સાંભળીને બુદ્ધિ વિપરીત થઈ જાય છે. ૧૭૧-૧૭૫. **અને જો ભગવાન દિવ્યભાવે જ વર્તતા રહે તો તે સ્વરૂપ જીવનાં મન, વાણીને અગોચર જ રહે, તેથી જીવના જાણ્યામાં આવે નહીં. અને જાણ્યા વિના કોઈનો મોક્ષ થાય નહીં.** માટે દિવ્યભાવ અને મનુષ્યભાવ, બંને પ્રકારે ભગવાનને શાસ્ત્રમાં કહ્યા છે; તેને યથાર્થ રીતે જો જાણવામાં આવે તો તેને ભગવાનનાં કોઈ પણ ચરિત્રમાં સંશય થાય નહીં. પણ તે સમજણ વિના સંશય જાતો નથી. ૧૭૬-૧૭૮.

અને જે એમ કહે કે, 'મેં ભગવાનને જાણ્યા છે અને મને ભગવાનનો પૂરો નિશ્ચય છે', તો તેમાં કાંઈ ખોટું નથી. પણ આ અમે જે વાત કહી તે વાતને, તે જ્યાં સુધી યથાર્થ સમજ્યો નથી ત્યાં સુધી તેનો ગમે તેવો નિશ્ચય હોય તોપણ તે નિશ્ચય કાચો છે. ૧૭૯-૧૮૦. જેમ કોઈક પુરુષ કદાચ શ્લોક શીખ્યો હોય અથવા કીર્તન શીખ્યો હોય અને તેને કહેવામાં આવે કે, 'તને આ શ્લોક અને કીર્તન આવડે છે ?' ત્યારે તે કહે, 'આવડે છે.' એમ કહીને મુખપાઠ કરી દેખાડે. પણ પછી થોડા દિવસમાં જે શીખ્યો હોય તે ભૂલી જાય છે. ૧૮૧-૧૮૨.

❋ અભ્યાસની મહત્તા :

दोहा : जो जो बात जितना यह, पक्व करे बिन जेते;
शीखे न शीखे होत रहे, अभ्यास बिन तेते...१८३

सोरठा : भगवानहु के जेहु, निश्चय करे तदपि तोउ;
अभ्यास बिन हि तेहु, विसर जावत बात यह...१८४
जीव में चोंट जात, जो जो बात जेती जेहु;
कबहु नहीं विसरात, जीवत लग हि जो तेहि...१८५
जो जो बात हि जेति, अभ्यास रखे बिन तेउ;
सिद्ध न होवत तेति, निश्चय की बात रहे तिमी...१८६

જે જે જેટલી કાંઈ બાબત છે તે પાકી કર્યા વગર અને તેનો અભ્યાસ રાખ્યા વગર શીખ્યા હોય, તોપણ ન શીખ્યા જેવું છે. ૧૮૩. તેમ ભગવાનનો નિશ્ચય કર્યો હોય, તોપણ અભ્યાસ વિના તે બાબત ભૂલી જવાય છે. ૧૮૪.

જેને જેટલી વાત જીવમાં ચોંટી જાય છે તે જીવે ત્યાં સુધી વિસરાતી નથી. ૧૮૫. પરંતુ, જે જે વાત જેવી હોય તેવી જ અભ્યાસ રાખ્યા વિના સિદ્ધ થાતી નથી. ભગવાનના નિશ્ચયની વાત પણ તેવી જ છે. ૧૮૬. મનુષ્યમાં ગમે તેટલી બુદ્ધિ નિવાસ કરીને રહી હોય, પણ ભગવાનને ઓળખ્યા વિના તે બુદ્ધિ કાંઈ કામમાં આવતી નથી. ૧૮૭. જે ભગવાનને જેમ છે તેમ યથાર્થપણે જાણે છે તેના સમાન બીજો કોઈ મોટો નથી. એવો ભક્ત તો સર્વોપરી છે. ૧૮૮.

જે ભક્ત ભગવાનને જેટલા પ્રમાણમાં દઢતાથી નિઃસંદેહપણે જાણે છે તેટલું તેને ભગવાનનું સુખ મળે છે. ૧૮૯. અને સત્યસ્વરૂપ ભગવાનમાં જેટલા સંશય કરે છે તેટલો તે અનંતવાર સંસારમાં ભટકતો રહે છે. ૧૯૦. ગમે તેવી બુદ્ધિ હોય, પણ જે મનુષ્ય ભગવાનનો નિશ્ચય જ્યાં સુધી નથી કરતો ત્યાં સુધી તેની બુદ્ધિ નિષ્ફળ રહે છે. ૧૯૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળાનું ચોથું વચનામૃત કહ્યું" એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર પચીશમું : તરંગ - ૪૩

પંચાળાનું પાંચમું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ના) ફાગણ વદિ અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ગામ શ્રીપંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટાની ઉપર બિછાવેલા પલંગ ઉપર વિરાજમાન થયા હતા. ૧-૨. અને શ્વેત ખેસ પહેર્યો હતો અને ગરમ પોસની રાતી ડગલી પહેરી હતી, અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો અને અંગ ઉપર શ્વેત ચાદર ઓઢી હતી. અને પોતાના મુખારવિંદની આગળ બધા પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તેની સુંદર શોભા બની હતી, તે વર્ણવી શકાતી નથી. ૩-૫.

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ સર્વ સુખના મૂળ એવા શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, "કયે ઠેકાણે માન રાખવું સારું છે અને કયે ઠેકાણે સારું નથી ? તેમજ કયે ઠેકાણે નિર્માનીપણું સારું અને કયે ઠેકાણે નિર્માની રહેવું તે લગાર પણ સારું નથી ? તે આપ કહો. કેમ જે, કહ્યા વિના તે જાણી શકાતું નથી" ૬-૭.

❋ માન રાખવા-ન રાખવાનો વિવેક :

પછી શ્રીજીમહારાજ સંતોના પ્રત્યે બોલ્યા જે, "જે સત્સંગનો દ્રોહી હોય અને પરમેશ્વરનું અને મોટા સંતનું ઘસાતું બોલતો હોય, તેની આગળ માન રાખવું ઘણું સારું છે. ૮-૯. અને જે ઘસાતું બોલતો હોય તેને જેમ તીક્ષ્ણ બાણ હોય તેના જેવા અતિશય તીખાં વચનનાં બાણ મારવા. ૧૦. પણ વિમુખની આગળ ક્યારેય નિર્માની રહેવું નહીં. વિમુખ જે રીતે દબાઈ જાય તે રીતે અતિ પવિત્ર વર્તન કરવું. ૧૧. અને ભગવાન તથા ભગવાનના સંતની આગળ માનનો ત્યાગ કરવો, અને મનને સરળ રાખીને વર્તવું. ૧૨.

❋ વર્તન એક કસોટી છે :

दोहा : भगवान संत के आगे हि, जेता रखत हि मान;
तेता रहे कुसंग यह, प्रगट रहे प्रमान...१३
सत्संग कुसंग जितना, वरतन यह कही देत;
वरतन रहे कसोटी यह, हित देखात कुहेत...१४
सोरठा : अंतरजामी हि गून, जितना रहाये जो तेही;
वर्तन में रहे तून, वरतन दीपक सम रहेउ...१५
उत्तम मध्यम जेहि, कनिष्ठ जन रहे जेते;
वरतन कहत हि तेहि, प्रताप जिमी वरतन कहत...१६

ભગવાન તથા સંતની આગળ જેટલું માન રાખે છે તેટલો એ કુસંગ છે, તે પ્રગટપ્રમાણ વાત છે. ૧૩. જેટલો સત્સંગ અને કુસંગ હોય છે તેને તેવું વર્તન કહી દે છે. વર્તન છે તે એક કસોટી છે. તેથી તે હેતને કે કુહેતને બતાવી દે છે. ૧૪. કોઈ અંતર્યામી હોય તેમાં જેટલા ગુણ હોય તેટલા વર્તનમાં ગુણ રહ્યા છે. વર્તન તો દીવા જેવું છે. ૧૫. જે મનુષ્ય ઉત્તમ,

મધ્યમ કે કનિષ્ઠ જેવો હોય તેવો તેનું વર્તન કહી દે છે. તેમજ જેમાં જેવો પ્રતાપ હોય તેને તેનું વર્તન જણાવી દે છે. ૧૬.

❋ જે નિર્માની રહે તે જ મહાન બને છે :

चोपाई :

भगवान भगवान जो ताके, संत के आगे जेता वाके;
मान हि रखना ठीक न रहाये, ताकी आगे मान जो ताये...१७

त्याग करीके दासानुदासा, वरतना होय परम हुलासा;
निर्मानीपने वर्ताय जेता, बडता रहाये तामें तेता...१८

बडता रहाये जामें जितना, वरतन कहत ताके तितना;
भगवान सम न कहत केहा, एसे संत के बचन तेहा...१९

सिद्धांत ताके सिद्धांत रहाता, वेद सतशास्त्र पर जो चलाता;
वेद सतशास्त्र यह तिनके, भगवान सब पर रहे इनके...२०

उथापन करत हि ग्रंथ जेते, साखि कीर्तन बात जो तेते;
श्वपच सम करन रहेउ त्यागा, सत्य बचन पर जेही अनुरागा...२१

ભગવાન અને ભગવાનના સંતની આગળ માન રાખવું તે ઠીક નથી. તેમની આગળ તો માનનો ત્યાગ કરીને અતિ ઉત્સાહથી દાસાનુદાસ થઈને વર્તવું. કેમ જે, તેમની પાસે જેટલું નિર્માનીપણે વર્તાય તેટલી તેમાં મોટાઈ રહે છે. ૧૭-૧૮. જેમાં જેટલી મોટાઈ હોય તેને તેનું વર્તન કહી દે છે. ભગવાન સમાન બીજા કોઈને ન કહેતા હોય; એવા સંતનાં જે વચન છે, તે તો સિદ્ધાંતોનો પણ સિદ્ધાંત છે. વેદ અને સચ્છાસ્ત્રને આધારે જે ચાલે છે તેવા સત્પુરુષોનો તથા વેદ અને સચ્છાસ્ત્રનો સિદ્ધાંત એ છે કે, 'ભગવાન સહુથી પર છે.' ૧૯-૨૦. જેને આ સત્ય વચન ઉપર વિશ્વાસ હોય તેણે ભગવાનના સર્વોપરિપણાનું ખંડન કરનારાં જેટલાં ગ્રંથ, સાખી, કીર્તન અને વાતો હોય તે બધાંનો ચંડાળની જેમ ત્યાગ કરવો. ૨૧.

જેનાં વચન અને વર્તન તે બન્ને વ્યાસ, શુકજી, સનકાદિકો, નારદ, પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, પૃથુ, અંબરીષ અને ઉદ્ધવજીની સાથે મળતા હોય તથા તેવા જે મતપંથો હોય તે સત્કાર કરવા યોગ્ય છે. તેમજ તેને મળતાં

જે ગ્રંથ, સાખી, કીર્તન અને ઉપાસના તે બધાં સત્કાર કરવાને પાત્ર છે. ૨૨-૨૩. **એક ભગવાનમાં જ સાર માને અને ભગવાન સિવાયનું બીજું બધું અસાર છે, તેમ માનનારો જે મત છે તે અનંત કોટિ બ્રહ્માંડોમાં સર્વોપરિ છે.** ૨૪. એવા જે મત છે તેમાં મોક્ષ જરૂર રહ્યો છે. અને જેટલું સુખ કહેવાય છે તે બધું તેમાં રહ્યું છે, તેમાં કાંઈ ખોટું નથી. ૨૫.

જે સત્યને અસત્ય કહેતા હોય તે મત તો અસત્ય છે. જેનું અંતર નિર્દોષ હોય તે તો તેનાં વચનમાં દેખાઈ આવે છે. ૨૬. જેનું અંતર નિર્દોષ હોય તે જ સત્સંગને કરે છે અને જેમાં દોષ હોય તે સત્સંગ કરતા નથી. ૨૭. જેમાં જેટલો દોષ હોય છે તે તેના દોષના પ્રભાવે કરીને તેટલો સત્સંગનો દ્રોહ સહજભાવે કરે છે.” ૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં “પંચાળાનું પાંચમું વચનામૃત કહ્યું” એ નામે તેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર પચીશમું : તરંગ - ૪૪

પંચાળાનું છઠ્ઠું વચનામૃત

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર આગળ ફરીને જે વાત કહી, તે વાત જેમ છે તેમ સહુ હરિભક્તોના પ્રત્યે હું કહું છું. ૧. (સંવત્ ૧૮૭૭ના) ફાગણ વદિ નવમીને દિવસ રાત્રિને સમયે શ્રીજીમહારાજ ગામ શ્રીપંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર પલંગ હતો તેના ઉપર વિરાજમાન હતા. ૨-૩. તે વખતે મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો અને શ્વેત અંગરખાએ સહિત ગરમ પોસની ડગલી પહેરી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો તથા શ્વેત પછેડી ઓઢી હતી. મૂર્તિ એટલી સોહામણી હતી જે કહી શકાતી નથી. ૪-૫. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે ખીલેલાં કમળના વન જેવી દેખાતી હતી.

પછી શ્રીહરિ પ્રસન્ન થઈને તે સભાના પ્રત્યે બોલ્યા જે, ૬-૭. "પ્રસન્નતાની વાત જુદી છે ને તે પરમ રહસ્ય તથા સિદ્ધાંતરૂપ છે. ભગવાન પુરુષોત્તમનારાયણ જેનાં હૃદયકમળમાં વસ્યા હોય છે, તે જ્યારે મુખથી વચન બોલે છે ત્યારે જેટલાં સચ્છાસ્ત્ર છે તેનું અલૌકિક પરમ રહસ્ય તેમાં આવી જાય છે. ૮-૯.

❋ પિંડ-બ્રહ્માંડ સ્વપ્ન દેખાય ત્યારે જ સત્સંગ થાય :

चोपाई :

पिंड रु ब्रह्मांड जिहाँ लगहू, सत्य देखत रहे तिहाँ लगहू;
शास्त्र में रहस्य रहे जेता, कोटि कल्प न देखावत तेता...१०
पिंड ब्रह्मांड सुप्नवत जबहू, देखत हि सत्संग कर तबहू;
शास्त्र में बात रहे जिस रीता, समझेमें आवत तिस रीता...११
कोटि हि कोटि सिद्धांत तिनही, ग्रंथ पढत रहायेउ इनही;
मोक्ष के मग न चलत जिहाँ लगही, ग्रंथ एक न पढे तिहाँ लगही...१२

दोहा : श्रम मात्र यह करत रहे, सत्संगहु के जेहु;
द्रोह जिहाँ लग करत यह, ग्रंथ रहस्य हे तेहु...१३

મનુષ્ય જ્યાં સુધી આ પિંડ અને બ્રહ્માંડને સાચા દેખે છે ત્યાં સુધી કરોડો કલ્પ જાય, તોપણ તેને શાસ્ત્રમાં જે રહસ્ય છે તે સમજાતું નથી. ૧૦. પિંડ અને બ્રહ્માંડને જ્યારે સ્વપ્નના જેવું દેખે ત્યારે જ તે સત્સંગ કરે છે. અને સત્સંગ કરે છે ત્યારે શાસ્ત્રમાં જે રીતની વાત હોય છે તે રીતની સમજાય છે. ૧૧. કોઈ મનુષ્ય કરોડો કરોડ સિદ્ધાંતના ગ્રંથો પોતાની રીતે ભણતો રહે, પરંતુ જ્યાં સુધી તે મોક્ષને માર્ગે ચાલતો નથી ત્યાં સુધી તે એક પણ ગ્રંથ ભણ્યો નથી. ૧૨. અને જ્યાં સુધી મનુષ્ય સત્સંગનો દ્રોહ કરતો રહે છે ત્યાં સુધી તેણે કરેલું ગ્રંથોનું ભણતર વ્યર્થ મહેનત છે. તેને તે ગ્રંથનું રહસ્ય સમજાયું જ નથી. ૧૩.

મનુષ્ય જ્યાં સુધી સત્સંગ કરતો નથી ત્યાં સુધી તેણે જેટલાં સાધન કર્યાં હોય છે તે નિષ્ફળ થાય છે. ૧૪. ભગવાનને ઓળખ્યા વગર અને સત્સંગ કર્યા વગર તેણે કરેલાં બધાં સાધનોથી ક્યારેય તે સંસારસાગરને

તરી શકતો નથી. ૧૫. શ્રીહરિ આ વાત ઘણીવાર કહેતા કે, અમે ઘણીવાર વિચાર કર્યો છે અને બધાં શાસ્ત્રોને કેટલાંક વર્ષ સુધી ફરી ફરીને સાંભળ્યા છે. ૧૬. તેમાંથી જે રહસ્ય અમને જાણવા મળ્યું છે તે કહું છું. **ભગવાન, સચ્છાસ્ત્ર અને નિર્દોષ સત્સંગનો એક જ મત છે અને એક જ સમજણ છે. તેમજ તે ત્રણેયનું એક જ તાન દેખાય છે.** વળી, પહેલાં જે જે અનેક આચાર્ય થઈ ગયા છે, ૧૭-૧૮. તેમનો તથા કપિલ, દત્તાત્રેય અને જડભરત; તેમનો પણ એક જ સિદ્ધાંત છે.

※ અધર્મવંશી આચાર્યનાં દૂષણો :

પરંતુ જે જે મતમાં આધુનિક લોકો થયા કે જેનાં દિલમાં મોક્ષનો ખપ ન હતો, તેઓ પોતાના જીવમાં જેવી રુચિ હતી તે રીતે ચાલતા રહ્યા. વળી, જેવી તેમની રુચિ હતી તેવાં રૂપમાં મોક્ષને દઢ કરીને માનતા રહ્યા. ૧૯-૨૦. જેમાં લોભે કરીને અધર્મવંશનું ચલણ-પ્રવર્તન ચાલતું હોય, ત્યાં તે લોભજન્ય અધર્મને કારણે ધર્મવંશ નામમાત્ર રહ્યા હોય છે. કેમ જે, ત્યાંથી ધર્મવંશનો લોભ ચાલ્યો જાય છે. ખરેખર મોક્ષના ખપરૂપી જે મોક્ષનો લોભ હોય તે લોભ કહેવાતો નથી, પણ જે અજ્ઞાની છે તે મોક્ષનો લોભ અને ધનાદિકનો લોભ, તે બંનેને એક સમજે છે. ભક્તે રાખેલા મોક્ષના લોભમાં ધર્મવંશનું ચલણ અવશ્ય રહે છે. ૨૧-૨૨. અધર્મવંશી લોભ અને મોક્ષનો લોભ, તે બંનેમાં રાત-દિવસ જેટલો ફરક છે. અધર્મવંશનો લોભ જેમાં નિવાસ કરીને રહેતો હોય તેવા જે અધર્મવંશના મુખ્ય આચાર્યો હોય છે, તેમાં આવા દોષ હોય છે : ૧. તેઓ વ્યભિચાર કરવામાં પ્રભુતા માને છે. ૨. ચોરીના નિષેધની વાત ક્યારેય કરતા નથી. તથા ૩. દારૂ અને માંસમાં ક્યારેય દોષ માનતા નથી.' ૨૩-૨૫. ધર્મશાસ્ત્ર તો તે સિવાયના બીજા પણ કેટલાક ભાત-ભાતના દોષોને બતાવે છે, પણ તેની ક્યારેય તે આચાર્યો વાત કરતા નથી. ૨૬.

જેટલા અજ્ઞાની લોકો છે તેઓ, જ્યાં કોઈ જાતની પરહેજ અર્થાત્ પવિત્રતા કે સંયમ-નિયમ ન હોય તેવાં દેવસ્થાનોમાં, તેવા ગુરુઓની પાસે અને તેવાં જ તીર્થમાં કરોડોની સંખ્યામાં સમયે સમયે દોડતા રહે છે. વળી,

જ્યાં કોઈ જાતની પરહેજ ન હોય ત્યાં જવું તેને જ મોટી યાત્રા માને છે. ૨૭-૨૮. બ્રહ્મા જેવા સમર્થ હોય તોપણ જે જેવું કર્મ કરે છે તે તેવું ફળ પામે છે, તેમ શાસ્ત્રમાં પ્રસિદ્ધ લખ્યું છે. ૨૯.

✵ સત્પુરુષ ને શાસ્ત્રો નેત્ર સમાન છે :

चोपाई :

जिनके कृत्य रहे जिस रीता, शास्त्र तामें तेसे लखीता;
अछे बूरेके क्रत्य रहे जेसा, शास्त्र तामें लिखेउ तेसा...३०
नेत्र सूर्य सम शास्त्र कहाते, शास्त्र बिन अंधकार रहाते;
जो जो जुग के वरतन जेसे, शास्त्र कही देवत रहे तेसे...३१
तीन चार कल्प की बाता, शास्त्र यथार्थ रहत कहाता;
तपास करीके देखे हमही, शास्त्र सम नहि बात हे किनही...३२
जो जो बात के खप रहे जाही, शास्त्र तामें मिलत रहे ताही;
अष्टावर्ण से पर जो जेहू, भगवान के धाम रहाये तेहू...३३

જેનું જેવું કર્તવ્ય છે તે તેવું શાસ્ત્રમાં લખેલું હોય છે. વળી, સારા અને ખરાબ માણસોના જેવાં કાર્યો હોય છે તે પણ શાસ્ત્રમાં લખેલાં હોય છે. ૩૦. એટલે જ શાસ્ત્ર તો નેત્ર અને સૂર્યના સમાન કહેવાય છે. શાસ્ત્ર વિના તો બધે અંધકાર રહે છે. જે જે યુગનું જેવું વર્તન હોય છે તે બધાંને શાસ્ત્ર તેવાં રૂપમાં કહી દે છે. ૩૧. ત્રણ-ચાર કલ્પ સુધીની વાતોને શાસ્ત્રોમાં યથાર્થરૂપમાં કહી છે, તે અમે તપાસ કરીને જોયું છે. શાસ્ત્રના સમાન બીજા કોઈની વાત હોતી નથી. ૩૨. જે જે બાબતનો ખપ હોય તે બધું શાસ્ત્રમાંથી મળી રહે છે. આઠ આવરણોથી પર ભગવાનનું ધામ રહ્યું છે. ૩૩. શાસ્ત્ર તો તે ધામની વાત પણ કહે છે, પણ જેમાં અધર્મનો વંશ રહ્યો હોય છે તે એવાં સાચાં શાસ્ત્રોને મિથ્યા કહે છે.

જ્યારે તેઓ મુખથી બોલે છે તેમાં જ 'આ ધર્મવંશી છે કે અધર્મવંશી છે', તે બધું વિવેકી મનુષ્યને દેખાઈ આવે છે. વિવેક વિનાનાને કાંઈ દેખાતું નથી. ૩૪-૩૫. વિવેકી માણસ કોને કહેવાય ? તો, માતા, પુત્રી અને બહેન તેની સાથે વ્યભિચારરૂપ પાપથી જે જેટલો ડરતો હોય તથા પરનારીના

સંગમાં જેટલું પાપ માનતો હોય અને દારૂ, માંસ તથા ચોરી કરવામાં જેટલું પાપ સમજતો હોય તેટલો તે વિવેકી મનુષ્ય છે. એવા જે વિવેકી હોય તેને કોઈક દિવસ જરૂર સત્સંગ થાશે; એમ અમને તેની રુચિ ઉપરથી દેખાય છે, તે અમે નિશ્ચય કરીને કહીએ છીએ. ૩૬-૩૮. જેટલાં કાંઈ પાપ છે તેને જ્યાં સુધી કરતા રહે અને તેમાં દોષ ન દેખે ત્યાં સુધી તે સત્સંગ કરતા નથી. તેથી જ તેને માટે વિવેક તો ઘણો દૂર રહે છે. તે લોકો પાપ કરીને પણ 'અમે આવા જ છીએ' તેમ નિર્લજ્જપણે બોલે છે. ૩૯-૪૦.

❋ જેવી ઉપાસના હોય તેવું કલ્યાણ થાય :

"બીજા અપાર અવતારો થયા છે, પણ શ્રીકૃષ્ણના જેવો સર્વ શક્તિથી યુક્ત અવતાર બીજો કોઈ થયો નથી, તે શાસ્ત્રે કરીને દેખાય છે. કેમ જે, બીજી બધી પોતાની અનંત મૂર્તિઓ ભિન્ન ભિન્નરૂપે જેવું કાર્ય હોય તેવી રહી છે. ૪૧-૪૨. તે સર્વનો ભાવ શ્રીકૃષ્ણ ભગવાને પોતાની મૂર્તિમાં કેટલીયે વાર દેખાડ્યો છે. ૪૩. કેવી રીતે ? તો પ્રથમ પોતે દેવકીજી થકી જ્યારે જન્મ લીધો ત્યારે શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારીને ચતુર્ભુજરૂપે દર્શન દીધું. તેણે કરીને લક્ષ્મીપતિ જે વૈકુંઠવાસી તેનો ભાવ શ્રીકૃષ્ણે પોતાની મૂર્તિમાં દેખાડ્યો અને પોતાની ઈચ્છાથી માતા યશોદાને પ્રસન્ન કરવા માટે પોતાના મુખમાં વિશ્વરૂપ દેખાડ્યું. તેણે કરીને અતિ હર્ષથી સહસ્રશીર્ષાપણે કરીને અનિરુદ્ધપણું પોતામાં દેખાડ્યું. જેનો કોઈ પાર લઈ શકતા નથી તથા અક્રૂરજીને યમુનાજીના ધરામાં દર્શન દીધાં, તેણે કરીને શેષશાયીપણું જણાવ્યું. તથા અર્જુનને રણસંગ્રામમાં વિશ્વરૂપ દેખાડ્યું. તે ગીતામાં કહ્યું છે કે, **'पश्य मे पार्थ ! रूपाणि शतशोऽथ सहस्रशः।** *(ગીતા : ૧૧/૫)* એવી રીતે અનંત બ્રહ્માંડોને દેખાડીને તેમણે સહુથી પર એવું પોતાનું પુરુષોત્તમપણું દેખાડ્યું. ૪૪-૫૧. તથા પોતે જ શ્રીકૃષ્ણે આ શ્લોકમાં કહ્યું છે કે,

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः।। *(ગીતા : ૧૫/૧૮)*

એવી રીતે પોતાનું પુરુષોત્તમપણું જેમ હતું તેમ કહી દેખાડ્યું. તથા ગોલોકવાસી જે રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ રહ્યા છે, તે શ્રીકૃષ્ણ તો પોતે જ

હતા. અને બ્રાહ્મણના બાળકને લેવા ગયા ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને પોતાનું ભૂમાપુરુષરૂપે પ્રસન્ન થઈને દર્શન કરાવ્યું. તથા શ્વેતદ્વીપવાસી વાસુદેવ તેણે તો પોતે જ અવતાર ધાર્યો હતો. તથા જે નરનારાયણ છે તે તો સમગ્ર મહાભારતમાં તથા શ્રીમદ્‌ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણને જ કહ્યા છે અને તે સહુનું કારણ છે તેમ ઠેકઠેકાણે પ્રસિદ્ધ છે. ૫૨-૫૭. તેણે કરીને જે શ્રીકૃષ્ણના અવતારને વિષે તો ભિન્ન ભિન્નપણે કરીને રહી જે એ જ ભગવાનની મૂર્તિઓ તથા શક્તિઓ-ઐશ્વર્યો તે સમગ્ર રહ્યાં છે, માટે એ અવતાર તે સહુથી અપાર મોટો થયો છે. ૫૮-૫૯. અને બીજી જે મૂર્તિઓ અનંત કોટિ બ્રહ્માંડમાં રહી છે, તેમાં શ્રીકૃષ્ણની જેટલી મરજી હોય તેટલું ઐશ્વર્ય રહ્યું છે. ૬૦. મૂર્તિઓ એકની એક જ છે. તેમાં લગાર પણ ભેદ નથી, પણ સામર્થ્યમાં સોનાની જેમ ઘણો ભેદ નિર્ધારિત છે. ૬૧.

'સોનું એવું નામ તો બધાનું એક જ સરખું છે, પણ જે તોલમાં જેટલું વધારે હોય તેટલું તેનું મૂલ્ય વધારે હોય છે. તે રીતે જ બધા અવતારો છે. ૬૨. સોનાની ખાણમાં સોનું અપાર હોય છે, તે નવું ક્યારેય થાતું નથી. તેમ શ્રીકૃષ્ણ સોનાની ખાણ જેવા છે. ૬૩. 'ભગવાન' એવું નામ તો એકસરખું જ છે, પણ સામર્થ્યમાં પાર ન આવે તેવા અનેક ભેદ રહ્યા છે. ૬૪. તેને તે રીતે કહેવા જોઈએ કે કોઈ ભગવાનના અવતારોનો દ્રોહ ન થાય. અને જેટલી વાત કહેવી તે બધી વિવેકથી કહેવી. જેમાં કોઈ જાતનો બાધ આવે નહીં. ૬૫. વાંધા-વિરોધ વિનાની જેટલી વાતને કહે તે સર્વોપરિ પંડિત છે. અને નિર્બાધ વાતમાં પણ જે બાધ દેખાડે તે મૂર્ખાઓનો રાજા છે. ૬૬. કોઈ માણસ વચન બોલે છે, તો તેટલી જ વાતમાં દેખાય છે કે, 'આ નિપુણ માણસ છે કે મૂર્ખ છે.' જેટલી શ્રેષ્ઠ બાબત કહેવાય છે તે બધાની ખાણ શ્રીકૃષ્ણ છે. ૬૭. ચિંતામણિ, કલ્પવૃક્ષ, અમૃતની ખાણ, રિદ્ધિ, સિદ્ધિ, જે જે મોટા દેવ, પુરુષ તથા પ્રકૃતિ અને અક્ષર પર્યંત બધાં શ્રીકૃષ્ણના તેજમાં કોઈ વખતે લીન થઈ જાય એવા તે શ્રીકૃષ્ણ અપાર સમર્થ છે. ૬૮-૬૯. માટે તેમને વિષે સંપૂર્ણ ઐશ્વર્ય રહ્યું છે અને શ્રીકૃષ્ણ જેવો બીજો કોઈ અવતાર નથી. ૭૦.

चोपाई :

सरवोपरि वरतत हे ताई, दुजे अवतार करीके वाई;
थोरी शक्ति जणावत रहेऊ, अरु यह अवतार करीके तेऊ...७१
संपूर्ण ऐश्वर्य शक्तियु जाही, देखावत रहे अपार ताही;
माट हि यह जो अवतारा, सर्वोत्कर्षपणे करी निरधारा...७२

दोहा : वरतत रहे एसि रीत हि, जाकी प्रत्यक्ष जेउ;
श्रीकृष्ण के स्वरूप में, अचल मति होय तेउ...७३

આ અવતાર સર્વોપરિ વર્તે છે. બીજા અવતારોએ કરીને તો થોડી શક્તિ જણાવી છે અને આ અવતારે કરીને તો સંપૂર્ણ ઐશ્વર્ય-શક્તિઓ અપાર જણાવી છે, માટે આ અવતાર સર્વત્કૃષ્ટપણે ચોક્કસ વર્તે છે. એવી રીતે જેની પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અચળ મતિ હોય અને એ મતિ કોઈ દિવસ ક્યારેય વ્યભિચારને ન પામતી હોય એવી એકની એક મતિ રહેતી હોય, ૭૧-૭૪. તેના વતે કોઈ વાર કુસંગના યોગે કરીને કદાચ ક્યારેક અયોગ્ય વર્તન થઈ ગયું હોય; તોપણ તે કલ્યાણના માર્ગથી ક્યારેય પડતો નથી તેનું કલ્યાણ ચોક્કસ થાય છે. ૭૫-૭૬.

માટે તમે સર્વ જે પરમહંસો અને હરિભક્તો છો, તે અમે જે રીતે વાત કરી છે તે રીતે ઉપાસનાની દૃઢતા ભગવાનને વિષે રાખશો તો કદાચિત્ ક્યારેક દેશકાળના યોગે કરીને અયોગ્ય-ખરાબ વર્તાઈ જશે, તોપણ અંત્યે નિશ્ચિતપણે કલ્યાણ થાશે." આવી રીતની શ્રીહરિએ કહેલી વાતને સાંભળીને બધા સંતો તથા હરિભક્તો શ્રીજીમહારાજને સર્વનું કારણ જાણીને તેમાં અડગ ઉપાસનાની દૃઢતા કરી. ૭૭-૮૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળાનું છઠ્ઠું વચનામૃત કહ્યું" એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર પચીશમું : તરંગ - ૪૫

પંચાળાનું સાતમું વચનામૃત

(સંવત્ ૧૮૭૭ના) ફાગણ વદિ એકાદશીને દિવસ છ ઘડી દિવસ ચઢતે શ્રીજીમહારાજ ગામ શ્રીપંચાળા મધ્યે ઝીણાભાઈના દરબારમાં ઓટા ઉપર પલંગ હતો ત્યાં વિરાજમાન થયા. ૧-૨. મસ્તક ઉપર સારી શ્વેત પાઘ બાંધી હતી અને ગરમ પોસની ડગલી તે વખતે પહેરી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો. ૩. તથા શ્વેત ઝીણી પછેડી તે સમયે ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તેની વર્ણવી ન શકાય તેવી શોભા બની હતી. ૪-૫.

✻ તત્ત્વે કરીને ભગવાન જાણવાની રીત :

તે સમયે શ્રીજીમહારાજ નિત્યાનંદ સ્વામીની પાસે શ્રીમદ્ભાગવતના પ્રથમ સ્કંધની કથા કરાવતા હતા. તેમાં '**जन्माद्यस्य**' *(ભાગ.૧/૧/૧)* એ શ્લોક પ્રથમ આવ્યો. ત્યારે તેનો અર્થ '**यत्र त्रिसर्गो मृषा**' તેમાં એવા એ શ્લોકના પાદનો જેવો અર્થ છે, તેવો જ તે વખતે શ્રીજીમહારાજ પોતે પરમ આનંદથી કરવા લાગ્યા જે, "માયાના ત્રણ ગુણનો જે સર્ગ-પંચભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા કહેવાય છે. ૬-૯. તે ભગવાનના સ્વરૂપને વિષે ત્રણેયકાળમાં છે જ નહીં. આવી રીતે સમજે તથા શ્લોકનું પાદ જે, '**धाम्ना स्वेन सदा निरस्तकुहकम्**' કહેતાં ધામ એવું જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે માયાના સર્ગરૂપ કપટ(આવરણ) જેણે એવું ભગવાનનું પરમ સત્યસ્વરૂપ છે અને તે સદા દિવ્ય છે. **આત્યંતિક પ્રલયને અંતે પણ અક્ષરધામને વિષે જેવું ભગવાનનું સ્વરૂપ અનંત ઐશ્વર્યે યુક્ત રહ્યું છે તેવું ને તેવું જ અનુપમ દિવ્યપણું પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનને વિષે જાણવું તેણે તત્ત્વે કરીને યથાર્થ રીતે ભગવાનને જાણી લીધા છે.** અને તે જ પ્રત્યક્ષ ભગવાનને જે મૂઢ જીવ છે તે માયિક દૃષ્ટિએ કરીને જુએ છે, ત્યારે તેને પોતાના જેવા મનુષ્ય દેખે છે. ૧૦-૧૬.

અને જેમ પોતે જન્મ્યો છે, બાળક, યુવાન અને વૃદ્ધ થાય છે અને જે રીતે મરી જાય છે તેમ જ ભગવાનને પણ જાણે છે; પણ જેમ છે તેમ ભગવાનનો દિવ્યભાવ સમજતો નથી. અને જ્યારે ભગવાનના એકાંતિક સાધુનાં વચનને વિષે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનનાં ચરણકમળને નિરંતર ભજતો રહે છે, ૧૭-૧૯. ત્યારે તેની જે માયિક દૃષ્ટિ છે તે બધી મટી જાય છે. અને તે પછી એની એ જે ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્ય, સુખરૂપ અને અનુપમ સત્, ચિત્ તથા આનંદમય જાણે છે. તે પણ ભાગવત (૧/૩/૩૮) માં કહ્યું છે. પછી તે શ્લોક શ્રીહરિ બોલ્યા જે,

स वेद धातुः पदवीं परस्य दुरन्तवीर्यस्य रथाङ्गपाणेः ।
योऽमायया सन्ततयानुवृत्त्या भजेत तत्पादसरोजगन्धम् ।।

પછી ફરી વાત કરી જે, તે ભગવાનને વિષે બાળ, યુવાન અને વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું વગેરે જે કાંઈ દેખાય છે તે તો તેમની યોગમાયાએ કરીને દેખાય છે, પણ વસ્તુગતે(હકીકતે) ભગવાન ધામમાં જેવા છે તેવા ને તેવા જ આ લોકમાં રહ્યા છે. જેમ નટવિદ્યાવાળો હોય, તે શસ્ત્ર બાંધીને આકાશમાં ઈન્દ્રના શત્રુ જે અસુર, તેના સૈનિકો સાથે લડવા માટે તેની સમીપે જાય છે. ૨૦-૨૫. પછી તેના હાથ, પગ અને મસ્તક કપાઈને ભૂમિ ઉપર પડે છે. પછી તે અંગોને ભેળા કરીને તે નટની સ્ત્રી બળી જાય છે. ૨૬. જ્યારે તેની સ્ત્રી બળી રહે છે, ત્યારે તે નટ આકાશમાંથી બધા હથિયાર બાંધ્યા હોય તેવો ને તેવો આવીને રાજાની પાસે મોજ(ભેટ-ઈનામ) માગે છે અને કહે છે, 'મારી સ્ત્રી લાવો.' એમ પોતાની સ્ત્રીને માગે છે. ૨૭-૨૮.

એવી રીતે નટની માયા પણ કોઈના કળ્યામાં આવતી નથી, તો ભગવાનની યોગમાયા તો જેમ છે તેમ કોઈના કળ્યામાં કેમ આવે ? ન જ આવે. અને જેઓ નટની જે માયા તેને યથાર્થરૂપમાં જાણતા હોય છે તે એમ જાણે છે કે, 'આ નટ મર્યો પણ નથી અને બળ્યો પણ નથી, જેવો છે તેવો ને તેવો જ છે.' તેમ આ ભગવાનના પરમ અનુપમ સ્વરૂપને તત્ત્વે કરીને જે

જાણે છે તે તો ભગવાનના સ્વરૂપને (જન્મ-મરણાદિ) મનુષ્યભાવ દેખાડતાં હોય ત્યારે પણ અખંડ અને અવિનાશી જેવા છે તેવા જ દૃઢપણે કરીને સમજે છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને જ્યારે દેહત્યાગ કર્યો ત્યારે ભગવાનની રુક્મિણી આદિક જે પત્નીઓ હતી તે ભગવાનના દેહને લઈને બળી ગઈ. ૨૯-૩૪. ત્યારે જેટલા અજ્ઞાની મનુષ્યો હતા તે બધાએ એમ જાણ્યું કે, હવે શ્રીકૃષ્ણનો નાશ થઈ ગયો અને જે જ્ઞાની હતા તેણે એમ જાણ્યું કે, અહીંથી અંતર્ધાન થયા છે અને બીજે સ્થાને જેવા છે તેવા ને તેવા જ જણાયા છે. ૩૫-૩૬. આ રીતે જ્ઞાની ભક્તો તે ભગવાનને અખંડ સમજે છે. તે શ્રીકૃષ્ણ ભગવાને પોતે ગીતામાં કહ્યું છે કે, ૩૭.

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ।।

(ગીતા : ૯/૧૧)

અર્થાત્ દિવ્ય એવો જે હું તે મારા મનુષ્ય સ્વરૂપને મૂઢ મનુષ્યો અવગણે છે. આવા શ્લોકો શાસ્ત્રમાં ઠેર ઠેર છે. ૩૮. માટે આ પૃથ્વી પર જે મૂર્ખ અને અજ્ઞાની છે તે પોતાને પંડિત માનીને ગુરુ માને છે. ૩૯. ભગવાનને જો સાકાર સમજે તો કેવળ મનુષ્ય જેવા જ સમજે. ૪૦. અને જો નિરાકાર સમજે તો બીજા આકારને જેમ માયિક જાણે છે તેમ ભગવાનના આકારને પણ માયિક જાણે છે. આમ, જે આધુનિક મૂઢ બુદ્ધિના માણસો છે તે પોતાની સમજણ પ્રમાણે ભગવાનના સ્વરૂપને અરૂપ કલ્પે છે. ૪૧-૪૨. માટે તે બંને પ્રકારે અજ્ઞાની, ગમાર અને મૂર્ખને તો જે સવળી વાત છે તે પણ અસચ્છાસ્ત્રના યોગે કરીને અવળી સમજાય છે. અર્થાત્ તેઓ મનમાં દિગ્મૂઢ થઈ જાય છે. તેથી ત્યારે એમ વિચાર કરવો કે જો ભગવાનનો આકાર ન હોય તો જ્યારે આત્યંતિક પ્રલય થયો ત્યારે શ્રુતિએ એમ કહ્યું જે, '**स ईक्षत**' *(ઐત.ઉપ.૧/૩)* અર્થાત્ 'તે ભગવાને જોયું.' ત્યારે જો ભગવાને જોયું હોય તો ભગવાનનું નેત્ર, શ્રોત્રાદિક અવયવે સહિત સાકાર, દિવ્ય અનુપમ સ્વરૂપ જ હતું; એમ શ્રુતિઓનું કહેવું છે. ૪૩-૪૬.

અને વળી એમ પણ કહ્યું છે કે, **'પુરુષેણાત્મભૂતેન વીર્યમાધત્ત વીર્યવાન્'** *(ભાગ.૩/૫/૨૬)* એવી રીતે પુરુષરૂપે થઈને તે પુરુષોત્તમ તેણે માયાને વિષે વીર્યને ધારણ કર્યું. ત્યારે તે જે ભગવાન છે તે પહેલેથી જ સાકાર હતા. ૪૭-૪૮.

❋ શ્રીહરિ જ સર્વપ્રકાશક છે :

અને એ જે પુરુષોત્તમનારાયણ તે કોઈ કાર્યને અર્થે પુરુષરૂપે થાય છે. ત્યારે એ પુરુષ છે તે પુરુષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાય છે. ૪૯-૫૦. અને તે પુરુષોત્તમ જ એકલા રહે છે. તેમ જ પ્રભુ જ્યારે માયારૂપે થાય છે, ૫૧. ત્યારે માયા પણ પુરુષોત્તમના તેજમાં લીન થઈ જાય છે અને તે રૂપે ભગવાન જ રહે છે. ૫૨. અને તે પછી ભગવાન મહત્તત્ત્વરૂપે થાય છે અને તેમ જ મહત્તત્ત્વમાંથી થયા જે બીજાં તત્ત્વ તે રૂપે થાય છે. ત્યાર પછી તે તત્ત્વનું કાર્ય જે પરમ અનુપમ વિરાટ તે રૂપે થાય છે તથા એ વિરાટપુરુષથી થયેલા જે બ્રહ્માદિક તે રૂપે થાય છે; આવું ભાગવતમાં કહ્યું છે. ૫૩-૫૫. તથા તે પરમાત્મા પરમ અનુપમ નારદ, સનકાદિકરૂપે પણ થાય છે. એવી રીતે અનેક પ્રકારનાં જે કાર્ય તેને અનુસારે જેને જેને વિષે એ પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે, તેને તેને પોતાના પ્રકાશે-પ્રતાપે કરીને લીન કરીને પોતે જ તે રૂપે સર્વોત્કૃષ્ટપણે કરીને વિરાજમાન થકા રહે છે. ૫૬-૫૮.

અને જેને વિષે તે ભગવાન વિરાજમાન રહે છે તેના પ્રકાશને-પ્રતાપને પોતે દબાવી દઈને પોતાનો પ્રકાશ પ્રગટ કરે છે. જેમ અગ્નિ લોઢાને વિષે જ્યારે આવે છે ત્યારે લોઢાનો જે શીતળ ગુણ અને શ્યામ વર્ણ તેને ટાળીને પોતે પોતાના ગુણને પ્રકાશ કરે છે. ૫૯-૬૧. તથા જેમ સૂર્યનો ઉદય થાય છે ત્યારે તેના પ્રકાશમાં બધા તારા અને ચંદ્રમા તેનું તેજ લીન થઈ જાય છે. અને એક સૂર્યનો જ પ્રકાશ રહે છે તેમ આ ભગવાનનો જેને જેને વિષે પ્રવેશ થાય છે, ત્યારે તેનાં તેજનો પરાભવ કરીને પોતાના પ્રકાશને અધિકપણે જણાવતા રહે છે. માટે તે પરમાત્મા જેવા બીજા કોઈ કહેવાય નહીં. ૬૨-૬૫.

✵ ભગવાનમાં દેહભાવ તો નટની માયાની પેઠે છે :

चोपाई :

अरु जेहि कारज ताके हीता, पोते जामें प्रवेश करीता;
तेही कारज करिके रहाते, तामें सुँ जब जुदे हो जाते...६६
तब तेही जेसे के तेसे ताई, पंडे पोते होवत रहाई;
अरु तामें अधिक दैवत जेता, देखेमें आवत रहे तेता...६७
पुरुषोत्तम भगवान तिनके, रहाये यतकिंचित हि इनके;
इमि जानना एहि रहे ज्ञाना, ता विन ज्ञान रहे अज्ञाना...६८
एसी रित्य हि सबकेउ जेहा, कारण दिव्य साकार तेहा;
एसे प्रत्यक्ष पुरुषोत्तम जेही, नारायण ताकि मूर्ति तेही...६९
ताके विषे सकर के जिमी, रस की मूर्ति रहायेउ तिमी;
त्याग हि भाग समझना नाहीं, जेसी हि मूर्ति देखे रहाही...७०
तिनके ज एक ध्यान जेहू, उपासना भक्ति करना तेहू;
पण तिनसे पृथक ओर कोऊ, समझना नहीं कबहु सोऊ...७१

અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હોય તે કાર્ય કરીને પછી જ્યારે પરમાત્મા તેમાંથી જુદા થઈ જાય છે, ૬૬. ત્યારે તે પુરુષાદિક પોતે જેવા હોય તેવા જ પંડે થઈ જાય છે. અને તેમાં જે અધિક દૈવત દેખવામાં આવતું હતું, તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું. આ રીતે જે જાણવું; તેને જ્ઞાન કહેવાય છે અને જો તેનાથી બીજી રીતનું હોય તો તે જ્ઞાન પણ અજ્ઞાન છે. ૬૭-૬૮. આવી રીતે સર્વના કારણ અને સદા દિવ્ય સાકાર એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ, તેની મૂર્તિને વિષે સાકરના રસની મૂર્તિની જેમ ત્યાગ-ભાગ સમજવો નહીં. અર્થાત્ જેવી તે મૂર્તિ દેખી હોય તેનું જ એક ધ્યાન, ઉપાસના અને ભક્તિ કરવી, પણ તેનાથી અલગ બીજું કાંઈ ક્યારેય સમજવું નહીં. ૬૯-૭૧. અને તે ભગવાનમાં જેટલો દેહભાવ જણાય છે તે તો નટની માયાની પેઠે છે, એવી રીતે ચોક્કસ દૃઢપણે સમજવું. ૭૨. અને જે આવી રીતે સમજે તેને ભગવાનને વિષે મોહ થાતો નથી. ૭૩.

❋ ભગવાનનું યથાર્થ સ્વરૂપ ન સમજવાની વિગત :

दोहा : अरु यह वारता रहेउ, किनकू दृढ समझात;
जिनकू दृढ प्रतीति होय, आत्यंतिक हि रहात...७४

सोरठा : प्रलय तब पण हि जोउ, भगवान भगवानहु के;
भक्त दिव्य जो सोउ, साकार रुपे कर तेही...७५
अक्षरधाम ताके, विषे दिव्य हि भोग ताही;
भोगवत थके वाके, रहत हे निश्चय कर यह...७६

चोपाई :
अरु तेही भगवान के रूपा, अरु भगवान के भक्त अनूपा;
ताके रूप अनंत सूर्य जेहा, चंद्र के प्रकाश सम रहे तेहा...७७

અને આ જે વાર્તા છે તે દૃઢપણે કોને સમજાય છે ? તો જેને એવી દૃઢ પ્રતીતિ હોય જે, 'આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન તથા ભગવાનના ભક્ત તે દિવ્ય સાકારરૂપે કરીને અક્ષરધામને વિષે દિવ્યભોગને ભોગવતા થકા નિશ્ચિત રહ્યા છે. ૭૪-૭૬. અને તે ભગવાનનું અનુપમ રૂપ તથા ભગવાનના ભક્તનું રૂપ તે અનંત સૂર્ય તથા ચંદ્રના પ્રકાશ સમાન છે. ૭૭. એવી રીતની જેને દૃઢ મતિ થઈ હોય તે જ આ વાર્તામાં જેટલી ખાંચખૂંચ-આંટીઘૂંટી છે તેને યથાર્થરૂપમાં સમજી શકે છે. ૭૮.

અને એવા તેજોમય દિવ્યમૂર્તિ ભગવાન તે જીવોનાં કલ્યાણને માટે તથા પોતાને વિષે જીવોને નવ પ્રકારની ભક્તિ કરાવવાને માટે કૃપા કરીને પોતાની સર્વે શક્તિઓ, ઐશ્વર્ય અને પાર્ષદોએ સહિત થકા જ મનુષ્ય જેવા સમય સમય પ્રમાણે થાય છે. ત્યારે પણ આ રીતના મર્મને જાણનારા જે હોય તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું નિર્ધારિત સ્વરૂપે રહ્યું છે, તેવું ને તેવું આ ભૂમિને વિષે ભગવાન જે મનુષ્ય સ્વરૂપને ધારણ કરે છે તેને દૃઢપણે સમજે છે. પણ તે ધામસ્થ સ્વરૂપમાં અને આ સ્વરૂપમાં લેશમાત્ર ફરક માનતા નથી અને એમ જે સમજે છે તે કૃતાર્થ થાય છે. ૭૯-૮૩.

અને આવી રીતે જે ભગવાનને જાણે છે તેણે જ તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય છે. ૮૪. અને તેને જ માયાની નિવૃત્તિ થઈ કહેવાય છે. અને આવી રીતે જે જાણે છે તે જ્ઞાની ભક્ત કહેવાય છે. ૮૫. અને તેને એકાંતિક ભક્ત જાણવા. અને આવી રીતે જેને ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની દૃઢ ઉપાસના રહે તેને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય થાય નહીં. અને તેનાથી કદાચ ક્યારેક કુસંગના યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મના યોગે કોઈ રીતે અઘટિત વર્તાઈ જાય, તોપણ તેનું કલ્યાણ થાય છે. અને જો આ કહ્યું તે રીતે ભગવાનને જાણવામાં જેને સંશય થતો રહેતો હોય અને તે જો ઊર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય અને મહાન ત્યાગી હોય, તોપણ તેનું કલ્યાણ થવું તે ઘણી કઠણ વાત છે. ૮૬-૯૧.

અને જેણે અમે પ્રથમ કહ્યું તે રીતે દૃઢ નિશ્ચય કર્યો હોય કે, ‘જ્યારે આત્યંતિક પ્રલય થાય છે તેને અંતે પણ ભગવાન તો સાકાર, દિવ્ય અને મૂર્તિમાન જ છે. અને તેમના જેટલા રાધા, લક્ષ્મી ઇત્યાદિક અસંખ્ય કોટિ હરિભક્તોનાં વૃંદના વૃંદ છે, તે પણ સાકાર છે. એવી દૃઢ નિશ્ચયની ગાંઠ જેના હૃદયમાં પડી હોય અને તે પછી જો તેને તેજોમય અલિંગપણું (નિરાકારપણું) શાસ્ત્રમાં કહ્યું હોય તેનું કદાચ શ્રવણ થાય, તોપણ તેને કોઈ પ્રકારે લગાર પણ સંશય થાય નહીં. કેમ જે, એ તો એમ સમજે જે, ‘ભગવાન તો સદા સાકાર જ છે, પણ નિરાકાર ક્યારેય કોઈ દિવસ નથી. અને તે જ ભગવાન પુરુષોત્તમ અવતાર લઈને રામ-કૃષ્ણાદિક મૂર્તિઓને ધારણ કરે છે.’ આવી રીતે જેને દૃઢ સમજણ થઈ હોય તે ભક્તની પરિપક્વ નિષ્ઠા જાણવી અને તેની સમજણ ક્યારેય ફરે નહીં.” એવી રીતે શ્રીહરિએ વાર્તા કરી. ૯૨-૯૯.

પછી શ્રીજીમહારાજે પોતાના ભક્તને સમજાવવા માટે પોતાના સ્વરૂપની અનન્યનિષ્ઠા સંબંધી જે વાત કરી, તેને સાક્ષાત્ સાંભળીને બધા પરમહંસો અને હરિભક્તોએ શ્રીજીમહારાજના તે સ્વરૂપની ત્યારે તેવી જ રીતે વિશેષપણે દૃઢતા કરી. તે વાતની બધા સંતો-ભક્તોને દૃઢતા થવાથી

બીજે દિવસે શ્રીહરિ પોતે અચાનક જ માનો દેહત્યાગ કરવો હોય ! તેમ પાંચ દિવસ સુધી વિરામ પામી ગયા. (એકાંતમાં રહીને કલ્યાણકારી પ્રથાનો ગૂઢ વિચાર કર્યો.) ૧૦૦-૧૦૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "પંચાળાનું સાતમું વચનામૃત કહ્યું" એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર પચીશમું : તરંગ - ૪૬

શ્રીહરિએ એક કલ્યાણકારી પ્રથા સ્થાપવાનો નિર્ણય કર્યો

મુક્તાનંદ સ્વામી દાદા ખાચરના પ્રત્યે જે વાત કરતા હતા, તે જેવી હતી તેવી સાક્ષાત્ સહુ હરિભક્તોના પ્રત્યે પણ કહેવા લાગ્યા. ૧. શ્રીજીમહારાજની વાતોને જે ભાવથી કહે કે, સાંભળે છે તેને જેવો ભાવ હોય તે પ્રમાણે સુખ મળે છે. શ્રીહરિનું તે સુખ સર્વોપરિ છે. એના જેવું માયિક સુખ કોણ કહેવાય ? ૨-૩. જે મનુષ્ય માયિક સુખમાં જ્યાં સુધી સુખ માને છે, ત્યાં સુધી તે સંસારમાં ભટકે છે. શ્રીહરિની વાત એવી છે કે, જેટલું કાંઈ સર્વોપરિ સુખ છે તે બધું શ્રીહરિની વાતમાં રહ્યું છે; આવી સમજણ દૃઢ કરવા માટે પરમ હરખથી સત્સંગ કરવો. ૪-૫. સત્સંગ કરવાનું એટલું જ ફળ છે કે, તેની સમજણ પાકી થાય. તે સમજણ કઈ ? તો, ભગવાનની વાત સિવાયની જેટલી વાતો છે તેનાથી વારંવાર સંસારનું ભટકણ ચાલુ રહે છે, અને ફરી ફરીને જન્મ-મરણનું દુઃખ મળતું રહે છે, તેમ સમજાઈ જાય. તેમજ એવી સમજણ નાશવંત શરીરના રોગે કરીને પણ કોઈ દિવસ ફરે નહિ, અને નાશવંત શરીરના જેટલા રોગ છે તે પણ અસત્ય મનાય. ૬-૭.

જેનું હૃદય જેટલું નિષ્કપટ અને નિર્દંભ હોય તે તેટલા ખરા હરિભક્ત કહેવાય છે. જેઓ અંતરમાં જુદા અને બહાર જુદા હોય તે તો સત્સંગ અને પ્રભુના ચોર છે. ૮. લખચોરાશી, જન્મ-મરણ અને જમપુરી વગેરે દુઃખ સત્સંગના અને પ્રભુના કબજામાં છે. જે સત્સંગ અને પ્રભુના ચોર

છે, તે તો એ લખચોરાશી આદિકના બંધનમાં નક્કી પડે છે. જે નિષ્કપટ અને નિર્દંભ રહે છે, તે જ પરમ શુદ્ધ હરિભક્ત રહે છે. ૯-૧૦. એવા જે પરમ શુદ્ધ ભક્તો છે તે જીવથી સતત ભગવાનની સમીપે વર્તતા હોય અને એક પળ પણ પ્રભુથી દૂર ન રહેતા હોય, તોપણ તેનું લગારેય અભિમાન રાખતા નથી. કેમ જે, અભિમાનને તેઓ નઠારું માને છે. ૧૧. જે જે વાતનું માન રાખવામાં આવે છે તે માન તેની બધી શોભાનો નાશ કરી નાખે છે. જેમાં માન આવે છે, તેમાં કોઈ પણ નિમિત્તે જેટલો અધર્મનો વંશ છે તે સર્વે આવીને પ્રવેશ કરે છે. વળી, જેમાં માન આવીને રહે છે તે તેના સુહૃદપણારૂપ ગુણનો નાશ કરી નાખે છે. ૧૨-૧૩.

✵ એકબીજાનું હિત ઇચ્છે ત્યાં હરિ રહે છે :

दोहा : परलोक में हित करन हि, सुहृद गुण रहे जेहु;
भगवानहु के निवास हि, वरतत हि तिहाँ तेहु...१४

सोरठा : एक एक के जेहि, हित इछत रहे जाहि लग;
भगवान तिहाँ तेहि, तितना रहे निवास कर...१५
एक एक के जेह, बुरे करन तिन महीं यह;
ततपर रहत हि तेह, अधर्म तितना निवास करेउ...१६

જ્યાં પરલોકનું હિત કરવા માટે જ સુહૃદપણાનો ગુણ રાખવામાં આવે છે, ત્યાં ભગવાનનો નિવાસ રહે છે. ૧૪. સુહૃદપણું એટલે નિઃસ્વાર્થપણે એકબીજાનું હિત ઇચ્છવું. જ્યાં સુધી એવી રીતે એકબીજાનું હિત ઇચ્છતા રહે, ત્યાં સુધી ત્યાં ભગવાન નિવાસ કરીને રહે છે. ૧૫. જ્યાં પરસ્પર એકબીજાનું ભૂંડું કરવા તત્પર રહેતા હોય, ત્યાં તેટલો અધર્મ નિવાસ કરીને રહે છે. ૧૬. જ્યાં અધર્મ નિવાસ કરે છે, ત્યાં એકબીજાનું સુખ દેખીને તથા એકબીજાનો ઉત્કર્ષ દિવસે દિવસે અધિક વધતો દેખીને અંતરમાં બળતા રહે છે. કારણ કે, ત્યાં અધર્મનો નિવાસ હોય છે. એવા જેટલા મતપંથો છે તે એકબીજાના ઉત્કર્ષને દેખીને મનમાં ખુશ થતા નથી. તેથી ત્યાં તેટલો અધર્મ નિવાસ કરીને રહે છે.

જ્યાં પરસ્પર એકબીજાની શ્રેષ્ઠતા ધર્મ, ભક્તિ, જ્ઞાન ઇત્યાદિકે કરીને જ ગણવામાં આવતી હોય, એવી રીત જે સંપ્રદાયમાં હોય અને જ્યાં કુફેલ તથા વ્યસનોનો ત્યાગ કરાતો હોય; એવા સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારો જે મત હોય ત્યાં અધર્મ રહેતો નથી. ૧૭-૨૦. જેમાં ભગવાનની સમાન બીજી કોઈ બાબત હોતી નથી, તે મત સર્વોપરિ કહેવાય છે.

આવો શ્રીહરિએ પોતાના મનમાં વિચાર કર્યો. પછી સાત વર્ષ સુધીનો તેનો નિર્ધાર કર્યો. ૨૧. એટલે કે, હવે મારે સાત વર્ષ સુધીમાં સત્સંગની મજબૂત સંપ્રદાયરૂપ પ્રથા બાંધવી છે. સત્સંગની પ્રથા જેવી બાંધી હોય, તે પ્રમાણે લોકો તેના ઉપર ચાલે છે. ત્યાગી હોય કે ગૃહસ્થ, વિપ્રથી લઈને ચાંડાળ સુધીના લોકો, રાજા, દીવાન કે ધનાઢ્ય, મુસલમાન કે તેને મળતા સ્વભાવના લોકો દૈત્ય કે રાક્ષસ જેવા સ્વભાવના હશે; તોપણ જો તેઓ સત્સંગનું પ્રતિપાદન કરશે તો તેમનો મોક્ષ થાશે. જે નરનારીઓ સત્સંગનું પ્રતિપાદન કરશે, તે ઇન્દ્ર કરતાં પણ મોટા દેવ થાશે અને અંતે તે હરિભક્ત થઈને મોક્ષને પામશે, એ પ્રથા સત્સંગનો કોટ-કિલ્લો છે. એ પ્રથા જ સત્સંગની સુરક્ષા માટેનો ગઢ છે, વાડ છે અથવા સુરક્ષાની ખાઈ છે. ૨૨-૨૬.

❋ દ્રોહ કરનારો ગમે તેવો હોય તોપણ દૈત્ય થાય :

જેનાથી સત્સંગની જેટલી રીત છે તેમાંથી એક પણ બરાબર પળતી ન હોય, છતાં તે સત્સંગની વાતોને સર્વોપરિપણે કહેતો હોય અને સત્સંગના સર્વ સંતો અને હરિભક્તોને દુઃખી કરતો હોય, ૨૭-૨૮. તો તે ગમે તેટલો ધર્મવાળો હોય; તોપણ દૈત્યોમાં પણ અધમ દૈત્ય છે અને રાક્ષસોમાં પણ અધમ રાક્ષસ છે. વળી, જે રોજ કરોડો ગાયોનું દાન આપતો હોય, ચાહે તેવો પુણ્યવાન હોય, યજ્ઞ કરીને કરોડો વિપ્રને રોજ ભાવથી જમાડતો હોય અને રોજ કરોડો મણ સોનું બ્રાહ્મણોને દાનમાં આપતો હોય, ૨૯-૩૦. તેમજ સોનાનાં આભૂષણોથી શણગારેલા કરોડો હાથી અને ઘોડા બ્રાહ્મણોને નિત્ય દાનમાં આપતો હોય, વળી પાર ન આવે તેટલા શાલ અને દુશાલા આપતો હોય; તોપણ જો તેને સત્સંગ, સંતો અને હરિભક્તોના ઉપર અંતરમાં દ્રોહબુદ્ધિ રહેતી હોય તો ત્યાં સુધી તેનું કરેલું બધું જ પુણ્ય બળી

જાય છે. ૩૧-૩૨. ઊલટાનું તેને એવું પાપ લાગે છે કે તે ફરીને ક્યારેય મનુષ્યજન્મ પામતો નથી. પછી તે કોઈ સ્થાવરયોનિમાં ભમતો રહે છે અને તેમાં પણ તે કોઈના ઉપયોગમાં આવતો નથી. ૩૩.

વળી, તે હાથલિયા થોરના જન્મને પામતો રહે છે અથવા તો સર્પ કે વીંછીની યોનિમાં, સિંહ કે દીપડાની યોનિમાં અનંત જન્મને વારંવાર પામતો રહે છે. જેના મનમાં સત્સંગ ઉપર જેટલી અરુચિ વર્તતી હોય, તે મનુષ્ય ભલે આ દુનિયામાં ગમે તે રીતે વર્તતો હોય; પણ તેને યમરાજા જાણે છે. તેથી જેવું જેનું વર્તન હોય છે તેવું તેનું સન્માન કરે છે, ભલેને અહીંયાં તે મનફાવે તેમ વર્તે. ૩૪-૩૬. જેટલા સર્પ છે તે બધા બહાર જ્યાં ત્યાં ફરતાં હોય, ત્યાં સુધી તે વાંકાચૂંકા ચાલે છે; પણ તે દરમાં તો સીધા થઈ જાય છે. તેમ સત્સંગના જેટલા દ્રોહી છે તે આ લોકમાં ભલે ગમે તે રીતે વર્તે, પણ જ્યારે જમપુરીમાં જાય છે ત્યારે સીધા ચાલતા થઈ જાય છે. ૩૬-૩૮. **સંતો-હરિભક્તોને જ્યારે સત્સંગ નિમિત્તે દુ:ખ આવે, ત્યારે જે કોઈ તેમને મદદ કરીને સુખી કરે છે તે ચાહે તેવો હોય; તોપણ સત્સંગના પ્રતાપે કરીને તે હરિભક્તને તુલ્ય સુખી થાય છે. તે વાત નિશ્ચિત છે."** ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિએ એક કલ્યાણકારી પ્રથા સ્થાપવાનો નિર્ણય કર્યો" એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર પચીશમું : તરંગ - ૪૭

શ્રીહરિએ સંબંધીમાં સ્નેહને દોષરૂપ કહ્યો અને રામાનંદ સ્વામીની આજ્ઞા કહી

જ્યારે શ્રીહરિએ સત્સંગની પ્રથાનો વિચાર કર્યો ત્યારે પાંચ દિવસ અતિ વિરામ કરીને રહ્યા અને પછી અતિશય સુખ થયું. ૧. ઝીણાભાઈના ઉગમણા બારના ભવનની પાછળ રહેલા વાડામાં પાંચ દિવસ એકાંતમાં શ્રીહરિ રહ્યા હતા. ૨. ત્યાર પછી છઠ્ઠા દિવસે શ્રીહરિ તંબુની વચ્ચે પલંગ

ઉપર આવીને બેઠા. મુક્તાનંદ સ્વામી કહે છે કે, હું આદિક ઘણાક સંતો ત્યાં હતા. ૩. તેમાં નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી આદિક તથા વીશ-પચીશ જેટલા ભણનારા સંતો ત્યાં હતા તે બધાને શ્રીહરિએ દર્શન કરવા માટે ઘણા પ્રેમથી બોલાવ્યા.” ૪-૫.

⁕ ત્યાગીએ નિઃસ્નેહી રહેવું :

મુક્તાનંદ સ્વામી કહે છે કે, “શ્રીહરિએ પછી મારી આગળ કહ્યું કે આ વખતે જે વિરામ(બીમારી) થયો હતો, તેમાં શરીર છૂટવામાં કાંઈ વાર રહી ન હતી. ૬. અમારા સંબંધીઓ અહીં આવ્યા તેમાં અમે સુખ માનતા નથી. સંબંધીમાં અમે અપાર દુઃખ માનીએ છીએ. ૭. અમે ઘર છોડ્યું તેને કેટલાંયે વર્ષ થઈ ગયાં, પણ કોઈ સંબંધીને સંભાર્યા નથી. તેઓ સ્વપ્નમાં એક દિવસ પણ આવ્યા નથી, આવી અમારી રુચિ છે. ૮. **જે પોતાના સગાં-સંબંધીઓમાં હેત રાખે છે તેને અમે ત્યાગી કહેતા નથી. શુકદેવજી, સનકાદિકો, કપિલ, દત્તાત્રેય અને જડભરત જેવા જે ભગવાનને પ્રસન્ન કરવા માટે ત્યાગી થયા હતા, તેમણે કોઈએ કુટુંબમાં હેત રાખ્યું નથી. કેમ જે, કુટુંબમાં હેત રાખવું તે ત્યાગીની રીત નથી.** ૯-૧૦. **ત્યાગી થઈને સંબંધીમાં જે હેત રાખે છે તેને અમે ત્યાગી કહેતા નથી. અમારી આવી રુચિ છે.** ૧૧.

જેનાથી સત્સંગનું હિત થાય એવું અમે કરીએ છીએ. સદ્‌ગુરુ રામાનંદ સ્વામી અમારા ગુરુ હતા. ૧૨. તેમણે અમને ચરણ સ્પર્શ કરાવીને કહ્યું હતું કે, ‘તમારે સંતો અને હરિભક્તોનું જે રીતે અતિશય હિત થાય તેમ કરવું. ૧૩. સંતો અને હરિભક્તોને અતિશય સુખ રહે, તેમ જ સદાય રહેવું. આ સત્સંગમાં તમારા જેવા કોઈ સંત ફરીને થાશે નહિ’, તેમ કહ્યું હતું. ૧૪. કેમ જે, સરસમાં સરસ વાત કાયમ રહેવી અતિ કઠણ છે. જે મુખ્ય વ્યક્તિ હોય તે જેમ રહે તેમ તેને આધીન રહેનારા લોકો વર્તે છે. ૧૫.

⁕ વર્તન ઉપરથી વ્યક્તિની બુદ્ધિ ઓળખાય છે :

જે કોઈ પણ બાબત છે તેમાં અમે વિચાર કરીને જોયું કે, **મુખ્ય વ્યક્તિ જે રીતે વર્તે છે તે રીતે બીજા બધા વર્તે છે. અને મુખ્ય વ્યક્તિમાં**

જે રીતની બુદ્ધિ હોય તે રીતનું નીચેનાનું વર્તન હોય છે. આ લોક અને પરલોકમાં જેનું જેમ હિત રહે તે રીત પરમ પવિત્ર છે. એવું વર્તન સહુને સુખરૂપ છે અને જે એમ રહે તેને અમે અનુપમ બુદ્ધિમાન માનીએ છીએ. પણ જે બુદ્ધિહીન મનુષ્ય હોય છે તે પોતાના હિતને દેખતા નથી. ૧૬-૧૮. બુદ્ધિહીનને આંખો હોય છે, છતાં પણ તે અંધ હોય છે. પંડિત થવાથી પણ શું ફળ ? રાજા થવાથી પણ શું ? અમે તેમાં કોઈ મોટાઈ માનતા નથી. ૧૯. જે મોટપ મળ્યા પછી ફરી તેનો નાશ ન થાય, એવી મોટપને અમે સાચી મોટપ માનીએ છીએ. રાજા થયા પછી પણ ફરીવાર નાશ ન થાય એવી મોટપ મળે; એવું તપાસીને જોવું જોઈએ. ૨૦. જે જે ઉત્તમ બાબતો હોય છે તે સુખદાયક અને કસદાર હોય છે. જે બાબતમાં જેટલું પાપ રહ્યું હોય તેને સમજીને ત્યાગ કરવો, તેનું જ નામ અમે બુદ્ધિ માનીએ છીએ. તે ઉત્તમમાં પણ ઉત્તમ છે. તે સિવાયની ચાહે તેવી બુદ્ધિ હોય તોપણ તે રાજસ અને તામસ ગણાય છે. ૨૧-૨૨.

✵ કલ્યાણના અર્થે કામ આવે એ જ સુબુદ્ધિ છે :

જ્યાં સુધી જીવનું કલ્યાણ ન કરે, ત્યાં સુધી તેણે એક પણ બાબત કરી નથી; એવી જે બુદ્ધિ તેને જ ખરી બુદ્ધિ કહેવાય છે. તે સિવાયની જે બુદ્ધિ છે તે કુબુદ્ધિ કહેવાય છે. ૨૩. અમારી જે રીતની સમજણ છે તેને જેટલા પ્રમાણ કરે છે તે ભલે હરિભક્ત ન હોય, તોપણ અમે તેને હરિભક્ત માનીએ છીએ." ૨૪. આવી રીતે શ્રીહરિએ અપાર વાતો કરી હતી. તેમાંથી તો આ દિશમાત્ર લગારેક લખી છે.

આ ગ્રંથમાં જેટલી વાત કહેવાય છે તેમાં દિશમાત્ર જ દેખાડવાનું તાન રહે છે. ૨૫. જે કોઈ પણ બાબત હોય, તેની જો દિશા બતાવવામાં ન આવે તો ચાહે તેવો કોઈ નિપુણ હોય; તોપણ તે કોઈ દિવસ જાણી શકતો નથી. ૨૬. વેદ અને પુરાણનો એટલો જ હેતુ રહ્યો છે કે વિધિ અને નિષેધને બતાવતા રહેવું. ૨૭. જે શાસ્ત્રનું માને છે, તેનું શાસ્ત્ર આ લોક અને પરલોકમાં અતિશય હિત કરે છે. ૨૮.

❋ પરલોકમાં મદદ કરે તે જ સાચા ગુરુ કે સંત છે :

આ લોક અને પરલોકમાં જેટલા સહાય કરે એવા મત, પંડિત, ગુરુ કે સંત હોય તથા ભગવાનને દૃઢપણે કરીને જે સાકાર માનતા હોય, તેને જે જે લોકો માને છે તેનો મોક્ષ થાય છે. જેવી ગુરુની રીત છે, તેવી જ રીતે જે ગુરુ વર્તે, તેનું જ નામ ગુરુ કહેવાય છે. રીતમાં ચાલ્યા સિવાય ગુરુ કહેવાતા નથી. ૨૯-૩૧. અને રીત વગરના જેટલા ગુરુ કહેવાય છે તેનાથી ક્યારેય મોક્ષ થાતો નથી. જે આ લોકમાં સાર માને છે તેને અજ્ઞાની મનુષ્ય કહેવાય છે. ૩૨. એવા જેટલા અજ્ઞાની ગુરુ અને સંતો હોય છે તે બધા પથ્થરના નાવ જેવા છે અને જેટલા સત્પુરુષો થયા છે, તેમણે કામી ગુરુઓને તો કૂતરાં જેવા કહ્યા છે. ૩૩. વળી, તે સત્પુરુષોએ લોભી ગુરુને ચંડાળ સમાન કહ્યા છે.

હવે જે અસત્પુરુષ હોય છે તેમનાં વચનને કહું છું. ૩૪. તે અસદ્‌ગુરુઓ કહે છે કે, ‘જે ગુરુ કામી હોય છે તેને કૃષ્ણના સમાન જાણવા.’ જે પુરુષ અને સ્ત્રી કામી હોય છે તે જ કામી ગુરુને માને છે. ૩૫. સત્પુરુષોએ કામી ગુરુને કૂતરાં જેવા કહ્યા છે, પણ કામી લોકો તે કામી ગુરુનો દોષ ગ્રહણ કરતા નથી. આવા તો દુનિયામાં અપાર મતપંથો છે, જેનો ગણ્યે પાર આવતો નથી. ૩૬. જે સ્થળે કામી ગુરુનાં શિષ્ય બાઈ-ભાઈ બધાં એકરસ થઈને વર્તતાં હોય અને કુમાર્ગે ચાલતાં હોય તે બધાં કામી લોકો કહે છે કે, ‘જ્યાં કામ હોય છે ત્યાં મોક્ષ રહે છે.’ અને તે બધાં કામી ગુરુને કૃષ્ણના સમાન માને છે. ૩૭-૩૮. કામમાં અનેક દોષ રહ્યા છે, પણ જે કામી પુરુષ હોય છે તે આ વાતને કાને ધરતા નથી અને દોષ કહેનારાને શત્રુ કહે છે. ૩૯. જેમાં જેને અતિશય દૃઢ રાગ હોય તે તેનો ક્યારેય ત્યાગ કરતા નથી. તેથી તેઓ સંસારસાગરને તરી શકતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં “શ્રીહરિએ સંબંધીમાં સ્નેહને દોષરૂપ કહ્યો અને રામાનંદ સ્વામીની આજ્ઞા કહી” એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર પચીશમું : તરંગ - ૪૮

શ્રીહરિ સાજા થયા, સંતોને બબ્બે લાડુ આપ્યા અને પછી માણાવદર આવ્યા

મુક્તાનંદ સ્વામીએ ફરીને દાદા ખાચર આગળ જે વાત કહી હતી, તે વાત સર્વ હરિભક્તોના પ્રત્યે કહે છે. ૧. **શ્રીહરિની વાતના સમાન બીજું કાંઈ નથી. ચિંતામણિ અને કલ્પવૃક્ષના કરતાં પણ તે વાત અધિક રહી છે;** ૨. **આવું જાણીને તેમાં દિવસે દિવસે વધારે ને વધારે શ્રદ્ધા રહે છે. કરોડો કલ્પ સુધી શ્રીહરિની વાત કહેતાં કહેતાં પણ મનમાં વધારે ને વધારે ભાવ વધતો રહે છે. મનને તૃપ્તિ થાતી નથી. જેમ જેમ શ્રીહરિ સંબંધી વાત કહું છું તેમ ભાવ વધતો રહે છે.** ૩-૪. શ્રીહરિની વાત આવી રસમય છે. તેથી તે કહેવામાં શ્રદ્ધા વધતી રહે છે. તેમજ સાંભળવામાં પણ અપાર શ્રદ્ધા થાય છે. ૫. જ્યારે શ્રીહરિનાં ચરિત્ર કહું છું ત્યારે આળસ અને પ્રમાદ તત્કાળ નાશ થઈ જાય છે અને બધા અંતઃશત્રુઓ ત્રાસ પામે છે. ૬.

જ્યારે રામાનંદ સ્વામી પ્રગટ હતા ત્યારે એવું બોલતા હતા કે, "શ્રીહરિના જે સંબંધીઓ છે તે જ્યાં સુધી તેમની ભેગા નહિ થાય ત્યાં સુધી શ્રીહરિ, સંતો અને હરિભક્તોને અપાર સુખ આપશે. અને ભવિષ્યમાં ક્યારેક શ્રીહરિને જ્યારે તેમના સંબંધીઓનો યોગે થાશે ત્યારે શ્રીહરિ ત્યાગી છે, તેથી તેઓ અતિ ઉદાસ થઈ જશે. પછી તેઓ ઉપરથી સંત-હરિભક્તોને હેત દઈ બોલાવશે, પણ અંતરમાં એવું વર્તશે કે, 'ક્યારે હું આ શરીરનો ત્યાગ કરી દઉં ?' **જેનામાં જેટલું ભગવાનનું ભક્તપણું હોય અને જેટલો ધર્મ પાળવામાં પ્રેમ હોય તેટલાને જ શ્રીહરિ પોતાના સંબંધી માને છે. અને તેનો ક્યારેય ત્યાગ કરતા નથી.** પણ ભગવાનના ભક્તપણામાં જે જેટલી કસર રાખતા હોય અને ભક્ત થઈને પણ ધર્મમાં જે કસર રાખતા હોય, તેને આ શ્રીહરિ જાણે છે. તેમને જણાયા વગરનું રતીભાર પણ રહેતું નથી. ૭-૧૨.

જેનું જેવું વર્તન હોય તેને આ શ્રીહરિ જાણે છે અને તે પ્રમાણે તેના અંતરમાં નિરંતર સુખ આપે છે. ૧૩. જેટલા અધર્મી અને પાપી લોકો હોય છે, તે જગતનાં સુખમાં સુખ માને છે. જે પાપમાં અતિશય સુખ માને છે તે ભગવાનના ચોર છે. તેમને લખચોરાશીનાં દુઃખમાંથી ક્યારેય ઠેકાણું પડતું

નથી. ૧૪-૧૫. જ્યાં સુધી મનુષ્ય પાપમાં સુખ માને છે, ત્યાં સુધી તેના ઉપર ભગવાનનો કોપ રહે છે. તેથી તે ધર્મનો લોપ કરી નાખે છે. કોપના માથે કોઈ શીંગડાં નથી હોતાં.” ૧૬.

આ પ્રમાણે રામાનંદ સ્વામી વારંવાર વાત કરતા હતા. જ્યાં સુધી શુભ માર્ગમાં ચાલવાની બુદ્ધિ નથી થતી, ત્યાં સુધી તેના ઉપર ભગવાનનો કોપ રહ્યો છે; તેમ જાણવું. પણ જે અજ્ઞાની મનુષ્યો છે તે તેવા કોપને પણ પ્રસન્નતા માનતા રહે છે. અને જ્યાં સુધી તે કોપને પ્રસન્નતા માને છે, ત્યાં સુધી તે સંસારમાં ભટકતા રહે છે. આવી વાતને જે જાણતા હોય તેમનો જ્યારે જીવ વિશ્વાસ કરે છે ત્યારે તેના ઉપર ભગવાનની ઘણી પ્રસન્નતા થાય છે. **ભગવાનની પ્રસન્નતા-મરજી શેમાં છે ? એટલી વાત જાણવી, તે વાત ખૂબ અટપટી છે.** ૧૭-૨૦. અનંત કોટિ બ્રહ્માંડમાં જેટલા જીવ રહ્યા છે, તેનાં અંતરમાં અજ્ઞાનના એટલા મોટા મોટા પહાડ રહ્યા છે કે જેને લીધે જીવને જેમ છે તેમ સમજાતું નથી. વળી, પાપના પર્વત પણ તેના અંતરમાં વ્યાપી રહ્યા છે. વજ્રથી પણ તે તોડી શકાતા નથી, એવા તે પાપના પહાડ કહેવાય છે. ૨૧-૨૨.

❋ જેને સત્સંગ અને શ્રીહરિમાં પ્રીતિ થાય તેના સર્વે પાપ જાય :

चोपाई :

भगवान की करीके बात जेहा, पापरूप गिरि कु संत तेहा;
छेदत रहेउ ताकू जबही, भगवान सन्मुख मति तबही...२३

दोहा : होवत रहाये दृढ कर, पाप के त्याग करात;
सत्य बात सत्संग की, देखे में यह आत...२४
सत्संग रु भगवान में, जितनी प्रीत भयेउ;
तितना पाप तिनके, नाश भये जो तेउ...२५

સંતો ભગવાનની વાત કરીને તે પાપરૂપી પહાડને કાપતા રહે છે. પછી જ્યારે તે જીવની બુદ્ધિ દૃઢપણે ભગવાનની સન્મુખ થાય છે, ત્યારે તે પાપનો ત્યાગ કરે છે. આવી સત્સંગની સત્ય વાત જોવામાં આવે છે. ૨૩-૨૪. જીવને સત્સંગમાં અને ભગવાનમાં જેટલી પ્રીતિ થાય છે તેટલાં તેનાં પાપનો નાશ થાય છે. ૨૫.

મુક્તાનંદ સ્વામીએ જ્યારે રામાનંદ સ્વામીની આવી વાત કહી ત્યારે તે સાંભળીને શ્રીહરિ બોલ્યા, ૨૬. "હવે તમે જે મોટા મોટા સંતો છો, તે જેમ કહો તે રીતે અમારે કરવું છે અને તે મોક્ષની પ્રથાને બાંધવી છે. ૨૭. હવે રામનવમી કરીને ગઢપુર જાવું છે. સવારમાં જ રામનવમી છે, તે કરીને દશમને દિવસે ચોક્કસ ચાલવું છે." આટલી વાત જ્યારે શ્રીહરિ કરી રહ્યા, ત્યારે દરબાર ઝીણાભાઈ મોતીચૂર લાડુના પાંચ થાળ ભરીને લાવ્યા અને શ્રીહરિની આગળ મૂક્યા. ત્યાં જેટલા સંતો હતા તે બધાને શ્રીહરિએ ઘણા પ્રેમભાવથી બબ્બે લાડુ પોતાને હાથે આપ્યા. અને શ્રીહરિ બોલ્યા કે, "અમે સાજા થયા તેની વધાઈના આ લાડુ આપ્યા છે." ૨૮-૩૧.

પછી દશમને દિવસે પારણાં કરીને તરત ચાલ્યા. પછી **માણાવદર** ગામ આવ્યા અને ત્યાં આવીને રાત રોકાયા. ૩૨. મયારામ ભટ્ટનું ઘર આથમણા બારનું હતું, ત્યાં શ્રીહરિએ આવીને ઉતારો કર્યો. ૩૩. ભવનની ઓસરીમાં પલંગ બિછાવી દીધો હતો, તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધાર્યાં હતાં. ૩૪. તે વખતે બધા સંતો તથા હરિભક્તોની સભા થઈ. ત્યાં જે માણાવદર ગામના નવાબ ગજેફરખાન હતા, તેને શ્રીહરિના ઉપર ખૂબ આદરભાવ હતો. ૩૫. શ્રીહરિ આવ્યા છે, તેવા સમાચાર સાંભળીને નવાબ દર્શન કરવા આવ્યા અને શ્રીહરિની આગળ શ્રીફળ મૂકીને ચરણોમાં મસ્તક નમાવ્યું. ૩૬. તેઓ શ્રીહરિની સમીપે બેઠા. તેમણે જે જે વાત પૂછી તે બધાના ઉત્તર શ્રીહરિએ આપ્યા. તેથી નવાબ ખૂબ જ પ્રસન્ન થયા. ૩૭. તે પછી લખનૌના કોઈ એક ગવૈયા આવ્યા હતા, તેમણે તંબૂર વગાડીને ત્યાં ગાન કર્યું. ૩૮. શ્રીહરિએ તે સંગીત સાથે બે-ત્રણ કીર્તન સાંભળ્યાં અને પછી તે કીર્તનગાન બંધ કરાવીને એક રૂપિયો અપાવડાવ્યો. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિ સાજા થયા, સંતોને બબ્બે લાડુ આપ્યા અને પછી માણાવદર આવ્યા" એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર પચીશમું : તરંગ - ૪૯

શ્રીહરિ ગણોદ આવ્યા અને મયારામ ભટ્ટને ગરમ પોસની ડગલી આપી

શ્રીહરિ માણાવદરમાં રાત રોકાયા. બધા હરિભક્તોને દર્શન વગેરેથી રાજી કરીને ત્યાંથી ચાલ્યા, તે **ગણોદ** ગામ આવ્યા. પછી ત્યાં નદીને દક્ષિણ કિનારે રાત રોકાયા અને ગણોદના હરિભક્ત દરબારોને રાજી કર્યા. જ્યારે સવાર થયું ત્યારે એક ખુરશી હતી, તેના ઉપર શ્રીહરિ બેઠા. ૧-૩. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા દર્શન કરવા આવ્યા અને આગળ આવીને બેઠા. તે વખતે શ્રીહરિ ઉગમણે મુખારવિંદે બેઠા હતા. ૪.

ત્યારે મયારામ ભટ્ટ ત્યાં આવીને બેઠા. પછી શ્રીહરિએ તેમના શુદ્ધ હૃદયને દેખીને કહ્યું, ૫. “આજ ટાઢ ઘણી પડી હતી. તમે કઈ રીતે ઠંડીમાં ગુજારો કરો છો ?” ત્યારે મયારામ ભટ્ટે બે હાથ જોડીને કહ્યું, “મારી પાસે મજબૂત નવો ચોફાળ છે. ૬. તે ચોફાળ ઓઢવાથી મને ઠંડી લાગતી નથી. આપ હંમેશાં મારી સંભાળ રાખો છો. રામાનંદ સ્વામીનો જ્યારે વિયોગ થયો ત્યારે હું ઘણો દિલગીર થઈ ગયો હતો, પણ તે વખતથી આપ મને વારંવાર બોલાવતા રહો છો. તેણે કરીને કોઈ દિવસ મારા અંતરમાં લગાર પણ શોક થયો નથી. ૭-૮.

❋ વાણી વિવેકની મહત્તા :

चोपाई :

बडे भये सब जन पर जेहू, जेसे जन रहायेउ तेहू;
बोलावनके गुण बिन हि ताकी, बडता कछु न देखावत वाकी...९
बडता जामें रहाये जितना, बोलाये में देखात तितना;
बोलावनके जामें जेही, गुण रहाये मुख्य कर तेही...१०
तामें खलता लगार न रहाते, खलता गुण सब धोवत देखाते;
गुण कर बडता सोहत अपारा, तुंकारे मुख से न करत उचारा...११

જે જનસમુદાયમાં સહુથી મોટા થયા હોય તેમાં જે માણસ જેવો હોય તેને તેમ બોલાવવાનો ગુણ હોય છે. તે ગુણ ન હોય તો તેની મોટાઈ કાંઈ

દેખાતી નથી. ૯. જેમાં જેટલી મોટાઈ હોય તે બોલાવવામાં દેખાઈ આવે છે. પરંતુ જેમાં બીજાને બોલાવવાનો ગુણ મુખ્ય રહ્યો હોય તેમાં લગાર પણ ખળતા-છેતરપીંડી હોવી જોઈએ નહીં. કારણ કે, ખળતા સર્વે સદ્‌ગુણોને ધોઈ નાખે છે. સદ્‌ગુણોથી મોટપ અપાર શોભે છે. મોટા માણસો પોતાના મુખથી તુંકારાનો ઉચ્ચાર કરતા નથી. ૧૦-૧૧. જો મોટા થઈને હુંકારા-તુંકારા કરે તો તેમાં અપાર મોટપ હોવા છતાં તેની મોટાઈ ઝેર જેવી ગણાય છે. પછી સહુ તેની અપકીર્તિ બોલતા રહે છે. ૧૨.

મોટાના યોગે કરીને કૂતરો પણ મોટપ પામે છે, અર્થાત્ તેના માલિકની સાથે વગર ઉદ્યમે હાથીની અંબાડી ઉપર પણ બેસે છે. અરે ! એ કૂતરો સોનાના સિંહાસન ઉપર બેસે છે અને સોનાના હિંડોળા ઉપર ઝૂલતો રહે છે. ૧૩-૧૪. મોટો સર્વોપરિ કહેવાતો રાજા તે કૂતરાને કરોડોની કિંમતનાં સાચાં મોતી અને સોનાનાં ઘરેણાં પહેરાવીને શણગારે છે. ૧૫. તે રાજા જે જે ભારે ભારે ચીજોને ખાય છે તે કૂતરાને પણ આપે છે, તે કોઈ આશ્ચર્યની વાત નથી. ૧૬. રાજનીતિને ભણેલો એવો બુદ્ધિમાન રાજા બધી પૃથ્વીને સ્વાધીન કરે છે. અને જે ખંડિયા રાજાઓ હોય છે તે રાત-દિવસ તે રાજાની હજૂરમાં રહે છે. તે મોટા ચક્રવર્તી રાજાની આવી મોટાઈ છે, છતાં એવો મોટો રાજા તે કૂતરાને રમાડે છે. ૧૭-૧૮.

મોટા ગાદીપતિઓ પોતે ધર્મગુરુ હોવા છતાં જે મનુષ્ય જેવો હોય તેવો તેને ઓળખતા નથી. તેથી તે જેને ગુરુ કરીને બેસાડે છે તેને ધર્મ ઉપર રુચિ હોતી નથી. ૧૯. કથા અને કીર્તનમાં પણ રુચિ હોતી નથી. એટલે રાત-દિવસ ઠઠા-મશ્કરીમાં વીતાવતો હોય છે અને પોતે ગુરુ થઈને ભગવાન સિવાયની બીજી જ વાતો કર્યા કરતો હોય છે, એવા ગુરુથી સંસારસાગર તરી શકાતો નથી. ૨૦. ઘણા વિપ્રો કહેવાય છે તે ગૃહસ્થાશ્રમી હોવા છતાં તેમજ વિદ્યા ભણ્યા હોય કે ન ભણ્યા હોય, તોપણ જનોઈ ધારે છે. તેણે કરીને સહજભાવે સહુ તેમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવના ગુણ ધારતા હોય છે. તેથી તેઓ રાજા-પ્રજા સૌના સહેજે જ ગુરુ ગણાય છે. ૨૧-૨૨.

જો વિપ્રે શંખ, ચક્ર, ગદા અને પદ્મ; આ ચાર આયુધોની તપ્તમુદ્રા ધારણ કરી હોય અને પોતાની પત્ની સિવાય સ્ત્રીમાત્રને મા અને બહેન સમાન માનતો હોય, માંસ, મદિરા અને ચોરીનો મન-કર્મથી જેણે ત્યાગ કર્યો હોય અને શ્રીકૃષ્ણની મૂર્તિને ઈષ્ટદેવ તરીકે માનતો હોય, તેમજ જેટલી અનીતિ છે તે બધાનો ત્યાગ કર્યો હોય અને નીતિને ગ્રહણ કરી હોય, આવો જે હોય તે વિપ્ર કહેવાય છે. ૨૩-૨૫. જે રાત-દિવસ ભગવાનનાં કથા-કીર્તન કહેતો-સાંભળતો હોય તે વિપ્ર સહુને માટે પૂજ્ય છે. ૨૬.

⁕ ભક્ત જ ભગવાનનો પ્રતાપ જાણી શકે છે :

આત્માનંદ સ્વામી કરતાં દસ ગણા અધિક રામાનંદ સ્વામી આચાર્યરૂપમાં વિચરતા હતા. ૨૭. **હે હરિ ! આપ તો અત્યારે તે આત્માનંદ સ્વામી અને રામાનંદ સ્વામી કરતાં કરોડ ગણા વધારે પ્રતાપી દેખાઓ છો.** ૨૮. આપનો જેવો પ્રતાપ છે તેને બધા સંતો તથા હરિભક્તો જાણે છે. હરિભક્તો સિવાયના લોકો પણ અત્યારે તો આપના પ્રતાપને ઠેકઠેકાણે જાણે છે. અત્યારે અસંખ્ય નર-નારીઓ આપનાં આશ્રિત થાય છે, તેનો ગણ્યે પાર આવતો નથી. **અત્યારે આ સત્સંગમાં રાત-દિવસ અલૌકિક વાતો થાય છે અને ભગવાનના સંબંધ વિનાની બીજી એક પણ વાત થતી નથી.** ૨૯-૩૧. સત્સંગમાં એક ભગવાનને વિશે જ સર્વે લાભ બતાવવામાં આવે છે.

⁕ જેના જેવા સંકલ્પ હોય તેવો તેને જન્મ આવે :

પરંતુ બીજા રાજાથી રંક સુધીના જેટલા સામાન્ય જીવો છે, તે બધા તો અતિ પ્રેમથી પેટ ભરવાના ઉદ્યમમાં રાત-દિવસ લાગ્યા રહે છે. તેમાંથી થોડીવાર પણ જંપતા નથી. આમ ને આમ આજીવિકાના સંકલ્પ કરતાં કરતાં જ મરી જાય છે. ૩૨-૩૩.

संकल्प करत मरी जावत जैसे, जन्म ताके पावत हि तैसे;
संकल्प जन्म के बिज रहाते, मनुष्य जाती तामें कहाते...३४
उद्यम के संकल्प जिस रीता, करत रहत निवृत्ति न लहीता;
भगवान के संकल्प तीमी, जब हि जन करत रहेउ इमी...३५

ताके होवत जरूर कल्याना, मिथ्या नहि यामें रहाना;
सत्संग में एसी बात अपारा, होवत रहाये वार न पारा...३६

જે માણસ જેવા સંકલ્પ કરતાં કરતાં મરી જાય, તે પ્રમાણે તે જન્મને પામે છે. કારણ કે, મનુષ્ય જાતિમાં સંકલ્પ છે તે જ જન્મનું બીજ કહેવાય છે. મનુષ્ય જેમ ઉદ્યમના સંકલ્પ સતત કરતા રહે છે અને તેમાંથી ક્યારેય નિવૃત્તિ પામતા નથી, તેમ જ મનુષ્ય જ્યારે ભગવાનના સંકલ્પ કરે છે ત્યારે તેનું કલ્યાણ જરૂર થાય છે; તેમાં કાંઈ જ મિથ્યા નથી. સત્સંગમાં આવી મોક્ષની અપાર વાતો થાય છે તેનો કહેતા પાર આવે તેમ નથી." ૩૪-૩૬.

મયારામ ભટ્ટે કહેલી વાતોને સાંભળીને શ્રીહરિ રાજી થયા. અને તે વખતે પોતે જે ગરમ પોસની ડગલી પહેરી હતી, તે શ્રીહરિએ ભટ્ટજીને પહેરાવી દીધી. જોકે ભટ્ટજી તો 'ના..ના..' એમ કહેતા રહ્યા, પણ જેમ વાત બની તે અહીં કહી છે. ૩૭-૩૮. ગણોદ ગામના બંને જાડેજા ક્ષત્રિય દરબારો એક એકથી સરસ હરિભક્ત હતા. ૩૯. તે બંનેએ શ્રીહરિ, સંતો અને હરિભક્તોને માટે સુંદર રસોઈ કરાવીને સહુને જમાડ્યા અને મનોવાંછિત લાભ લીધો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિ ગણોદ આવ્યા અને મયારામ ભટ્ટને ગરમ પોસની ડગલી આપી" એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર પચીશમું : તરંગ - ૫૦

શ્રીહરિ ક્રમથી રાયપુર આવ્યા અને રાજગર હરિભક્તનો ચઢતો રંગ કહ્યો

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરની આગળ જે વાત કહી તે વાત હવે હું બીજા બધા હરિભક્તોને કહું છું. ૧. શ્રીહરિ ગણોદ ગામથી ચાલ્યા, તે **જાળિયા** ગામ આવ્યા અને ત્યાં હીરા ઠક્કરને ઘેર રાત રહ્યા. ૨. બીજે દિવસ શ્રીહરિ રસોઈ જમી રહ્યા, ત્યારે ત્યાંના જેટલા હરિભક્તો હતા

તેમણે શ્રીહરિ અને સંતોની ઘણા ભાવથી પૂજા કરી. પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા, તે વખતે સંતો સાથે હતા. રસ્તામાં વચ્ચે **ઉપલેટા** ગામ થઈને ચાલ્યા. અજવાળી રાત હતી. પછી ઝાંઝમેર ગામથી દૂર એક નાની નદીનો જળપ્રવાહ જમીન ઉપર પાંચેક હાથ પહોળો વહી રહ્યો હતો ત્યાં આવ્યા. ૩-૫. બળદ ચરી શકે તેવું ત્યાં ઘાસ હતું. માફાવાળી દસ-બાર ગાડીઓ શ્રીહરિની સાથે હતી. ૬. અને વીશ-પચીશ જેટલા અશ્વ હતા. તેથી શ્રીહરિ તે વનમાં મુકામ કરીને રહ્યા. વારાફરતી સહુ ચોકી કરતા હતા અને સવાર થયું ત્યારે ત્યાંથી ચાલ્યા. ૭.

પછી ઘનશ્યામ શ્રીહરિ ત્યાંથી **દૂધીવદર** ગામ આવ્યા. ત્યાં નદીમાં જ મુકામ કર્યો. તે ઠેકાણે શ્રીહરિ અને સંતો નાહ્યા. ૮. ત્યાં શ્રીહરિએ પોતા તરફથી શીરા-પૂરીની રસોઈ કરાવીને સહુ સંતો તથા હરિભક્તોને જમાડ્યા, કાંઈ ખામી રાખી નહીં. ૯. પછી **બંધિયા** ગામ આવ્યા અને ત્યાં રાત રોકાયા. ત્યાં સહુ હરિભક્તો આવ્યા તેમને શ્રીહરિએ દર્શન દીધાં. ૧૦. ત્યાં રાત રહીને સવારે શ્રીહરિ ચાલતા થયા. પછી બહુનામી શ્રીહરિ **નવાગામ** થઈને **પીપળિયા** ગામ આવ્યા. ૧૧. ત્યાં લક્ષ્મણભાઈ આદિક હરિભક્તો હતા. તેમણે શ્રીહરિ તથા સંતોને માટે શીરા-પૂરીની રસોઈ કરાવી. ૧૨. પછી ઘણા પ્રેમભાવથી સહુ જમ્યા અને જમીને ચાલતા થયા તે **રાયપુર** આવીને રાત રહ્યા.

❋ સાચા હરિભક્તની સમજણ :

રાયપુરમાં રાજગર હરિભક્ત ઘણા ભાવિક હતા. શ્રીહરિ અને સંતોને માટે જેટલું ઉપયોગમાં આવે તેટલું સફળ થયું, એમ તેઓ મનમાં માનતા હતા. તેમને રાત-દિવસ સત્સંગનો રંગ વધારે ને વધારે ચઢતો રહેતો હતો. ૧૩-૧૫. જેને સત્સંગનો રંગ-ઉત્સાહ નિત્ય નવીન વધારે ને વધારે દિન પ્રતિદિન ચઢતો રહે પણ તેનો ભાવ ક્યારેય જૂનો ન થાય, તેને ચાહે તેવી વિપત્તિ આવી પડે; તોપણ તેનો ભાવ ક્યારેય ઝાંખો પડતો નથી. ઉલ્ટાનું જેમ અધિક અધિક વિપત્તિ આવી પડે, તેમ તેનો રંગ અધિક અધિક ચઢતો રહે છે; ૧૬-૧૭. આવું જેને વર્તે તેનો સત્સંગ પૂર્ણ કહેવાય. **સત્સંગ તો**

ઘણા લોકો કરે છે, પણ જેનો પાયો પાકો હોય તેને જેમ જેમ વિપત્તિ આવે તેમ તેમ દિનપ્રતિદિન અધિક અધિક રંગ ચઢતો જાય છે. શ્રીહરિ એવા હરિભક્તને સહુ સંતો અને હરિભક્તોમાં મુખ્ય માનતા હતા. ૧૮-૧૯.

આવી સત્સંગની વાતોને શીખવી જોઈએ. સત્સંગની વાતો તો બ્રહ્માદિકને પણ દુર્લભ છે. અક્ષરધામમાં અને સત્સંગમાં એક જ સરખી વાત રહી છે. ૨૦. **અક્ષરધામ તથા સત્સંગમાં રતીભાર પણ ફરક નથી. આવી બાબતોને કપટી લોકો માનતા નથી.** તેમને પૂર્વનાં પાપે કરીને જમપુરીનો, જન્મ-મરણનો અને લખચોરાશીનો પણ અંતરમાંથી ડર ઊઠી જાય છે. તેવા લોકો સંતો તથા હરિભક્તોને તુચ્છ દેખાડે છે. તેઓ જ્યારે બીજાને તુચ્છ જોવા લાગે છે, ત્યારે તેનું જેટલું પાપ હોય છે તે તેને ઘેરી લે છે. પછી તેના અંતરમાં અંધારું થઈ જાય છે અને તેની બુદ્ધિ પણ અપાર ફરી જાય છે. ૨૧-૨૩. પછી જેમાં મોક્ષ માન્યો હતો, તેમાં જ દોષ કલ્પે છે. જે સત્સંગમાં કપટ રાખે છે, તેની આવી બુદ્ધિ થઈ જાય છે. ૨૪. તેવા જેટલા કપટી હોય છે તે બધા સત્સંગથી વિમુખ થઈ જાય છે. આ સત્સંગનો આવો પ્રતાપ છે તેને તે કપટી લોકો જાણતા નથી. ૨૫.

જેટલા તુચ્છ બુદ્ધિવાળા છે તે સત્સંગની રીતને શીખીને અને સત્સંગના ગ્રંથને લઈને ભગવાન થઈ જાય છે, પણ તે રીત સત્સંગની નથી. તે તો અધર્મીની રીત છે અને જે અધર્મીઓ હોય તે જ તેવાને માને છે. ૨૬-૨૭. પાતાળથી લઈને અક્ષરપર્યંત અને કસાઈ જેવા જીવથી લઈને મુક્ત સુધીમાં કોઈ ક્યારેય ભગવાન થઈ શકતા નથી. છતાં જે સત્સંગની વાતોને શીખીને ભગવાન બની બેસે છે, તે લોકો તો કસાઈ કરતાં પણ કોટિગણા અધમ કસાઈ કહેવાય છે. ૨૮-૨૯. સત્સંગની સમજણ એવી છે કે સત્સંગની વાત સાંભળીને કોઈ સત્સંગમાં ભગવાન બનીને તે મતને ચલાવવા જાય, તો તેની દુર્બુદ્ધિ દેખાઈ આવે છે. જે સાચા સત્સંગી છે તે તેની છાયામાં દબાતા નથી. સત્સંગમાં અગણિત એવાં બાઈ-ભાઈ છે કે જે અંતરની કેટલીક વાતો કહી દે છે, ૩૦-૩૧. પણ તેણે કરીને તેઓ ક્યારેય ભગવાન થઈ જતા નથી.

❋ સર્વનું કારણ એક શ્રીહરિ છે :

મનુષ્ય, દૈત્ય, દેવ, પશુ-પક્ષી, મનુ, કશ્યપ, ઋષિ તથા પંચભૂતોની સ્થાવર જંગમરૂપ અગણિત સૃષ્ટિ અને સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર તથા તારાઓ કે જેનો ગણ્યે પાર આવતો નથી; તે બધાંનું કારણ બ્રહ્મા કહેવાય છે. બ્રહ્માનું કારણ વિરાટ છે. તેવા અનંત કોટિ વિરાટનું કારણ અનંત પ્રધાનપુરુષ છે. ૩૨-૩૪. અને તેમનું કારણ પ્રકૃતિપુરુષ કહેવાય છે. અને તેમનું કારણ અક્ષર છે. તે અક્ષરનું કારણ પુરુષોત્તમ છે. ૩૫. તે પુરુષોત્તમથી પર કોઈ નથી. છતાં જે અજ્ઞાની મનુષ્યો છે તેઓ તો ગમે તેમ બોલે છે. ૩૬.

दोहा : पुरुषोत्तम से ओरे हि, जो जो जेते जेहि;
पुरुषोत्तम के दास रही, भजत रहत हे तेहि...३७

सोरठा : पुरुषोत्तम हि ताके, दासपना इच्छत रहत;
बडता अति वाके, होवत रहे सब हि पर...३८
सत्संग ताकी एसि, समझ रहे निरबाध अति;
साम्रथी पावे कैसि, तोउ हरि के दास रहत...३९

પુરુષોત્તમથી ઓરા જે જે છે તે બધા પુરુષોત્તમના દાસ રહીને તેમને ભજતા રહે છે. ૩૭. તે બધા પુરુષોત્તમનું દાસપણું ઇચ્છતા રહે છે. તેથી જ તેમની અતિ મોટાઈ સહુથી શ્રેષ્ઠ થઈ છે. ૩૮. સત્સંગની આવી અતિ નિર્બાધ સમજણ છે કે, કોઈ ગમે તેવા સામર્થ્યને પામે તોપણ તે શ્રીહરિનો દાસ જ રહે છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિ ક્રમથી રાયપુર આવ્યા અને રાજગર હરિભક્તનો ચઢતો રંગ કહ્યો" એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર પચીશમું : તરંગ - ૫૧

રાયપુરથી નીકળેલા શ્રીહરિ ગઢપુર આવ્યા

મુક્તાનંદ સ્વામીએ ફરીને દાદા ખાચરની આગળ જે વાત કહી તે સારરૂપ વાત બધા જ હરિભક્તોની આગળ કહું છું. ૧. જેટલા મલિન જીવો હોય છે, તેઓ તત્ત્વરૂપ-સારરૂપ વાતમાં રહેલા સારને જાણ્યા વિના તે વાતમાં દોષારોપણ કરે છે. ૨. જીવ શુદ્ધ છે કે મલિન, તે તેના બોલવા ઉપરથી દેખાઈ આવે છે. બોલતા આવડે તો વચને કરીને રાજ્ય મળે છે અને ન આવડે તો મળેલું રાજ્ય પણ જતું રહે છે. ૩. માણસમાં યોગ્યતા અને અયોગ્યતાના ગુણો રહ્યા હોય છે, તે જ્યારે બોલે ત્યારે દેખાઈ આવે છે. ૪. પછી શ્રીહરિ જ્યારે રાયપુરથી ચાલ્યા, ત્યારે અશ્વ ઉપર બેઠા હતા. એક કોશ ચાલ્યા ત્યાં સુધી અશ્વ ઉપર બેઠા. ૫.

જ્યારે સૂર્યોદયનો સમય થયો, ત્યારે શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતરી ગયા અને પગપાળા ચાલ્યા. શરીર ઉપર બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ૬. દાદા ખાચર વગેરે બીજા પણ જેટલા ઘોડેસવારો પોતપોતાના ઘોડા ઉપર હતા, તે બધા પણ અશ્વ ઉપરથી ઊતરી ગયા. ૭. શ્રીહરિ એક કોશ સુધી ચાલતા રહ્યા. પછી અશ્વ ઉપર બેઠા અને મોકા ખાચરને ગામ **વાંકિયા** આવ્યા. ૮. શ્રીહરિ વાંકિયામાં રસોઈ જમ્યા અને મોકા ખાચરને રાજી કરીને ચાલ્યા. તે બહુનામી શ્રીહરિ સંઘે સહિત **ખંભાળા** ગામ આવ્યા. ૯. ત્યાં માણસિયા ખાચર નામે સારા હરિભક્ત રહેતા હતા. બીજા પણ જે હરિભક્ત હતા, તે સહુને દર્શન દીધાં. ૧૦.

પછી ત્યાંથી પૂર્ણકામ શ્રીહરિ **માંડવધાર** ગામ આવ્યા. ત્યાંના ગોવા પટેલ વગેરે જેટલા હરિભક્તો હતા, તેને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા તે હરખભર્યા **ગઢપુર** આવ્યા. ગામના જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૧-૧૨. શ્રીહરિ આવ્યા છે તે સાંભળીને જીવા ખાચર તથા મૂળુ ખાચર, બંને ભાઈ સન્મુખ આવ્યા. ૧૩. તે બંને ભાઈના પુત્રો પણ બધા સાથે હતા. સહુ એક એક શ્રીફળ લાવ્યા હતા. ૧૪. સહુએ શ્રીફળ

શ્રીહરિને સમર્પણ કર્યાં. શ્રીહરિએ ઘણા ભાવથી તેમને બોલાવ્યા. ૧૫. સહુએ આવીને દંડવત કર્યા. ઢોલ અને તાંસા ઇત્યાદિક જે વાજિંત્રો લાવ્યા હતા, તેને ઘણા પ્રેમથી વગાડવા લાગ્યા. ૧૬. જ્યારે શ્રીહરિ ગઢપુરમાં આવ્યા, તે વખતે બધી રાજબજારોને સ્વચ્છ કરી હતી. ગઢપુરવાસી બધાં નર-નારીઓ બજારની બંને પડખે ઘણા ઉત્સાહથી ઊભા રહ્યાં અને તેમનાં હૃદયમાં શ્રીહરિનાં દર્શન કરવાની અતિશય અભિલાષા હતી. ૧૭-૧૮. **જેના અંતરમાં જેવો ભાવ હોય છે, તે આંખમાં દેખાય છે. ભાવ તો વાણી અને મુખ ઉપર પણ દેખાઈ આવે છે. ભાવ છુપાવ્યો રહેતો નથી.** ૧૯. બધા લોકો ‘જય જય...જય જય...’ તેમ બોલતા હતા. સહુ હાથ જોડીને ઊભા હતા અને બધા જ શ્રીહરિનાં ચરણકમળનો સ્પર્શ કરતા હતા. ૨૦.

શ્રીહરિની જેવી મરજી હોય તેને ગઢપુરવાસી જાણતાં હતાં અને મરજી પ્રમાણે ભાવ બતાવતાં; ગઢપુરવાસી ભક્તો એવાં હતાં. ૨૧. શ્રીહરિ અશ્વ ઉપર વિરાજમાન હતા, ત્યારે તેમણે ઘણાં ઉજ્જ્વળ અને શ્વેત વસ્ત્ર અંગ ઉપર પહેર્યાં હતાં. ૨૨. મસ્તક ઉપર શ્વેત છત્ર હતું અને છત્ર ઉપર સોનાનો કળશ હતો. આ રીતે જ્યારે શ્રીહરિ પુરમાં આવ્યા, ત્યારે ખૂબ જ ગુલાલ ઉડાડવામાં આવ્યો હતો. ૨૩. તે વખતે શ્રીહરિ ઉપર ઘણા ફૂલહારની એકધારી વૃષ્ટિ થઈ રહી હતી. ૨૪.

જીવા ખાચરે તે વખતે શ્રીહરિને પોતાના દરબારમાં ઘણા ભાવથી પધરાવ્યા. ૨૫. પોતાના ભવનની ઓસરી ઉપર પલંગ બિછાવી દીધો હતો. તે પલંગ ઉપર શ્રીહરિને પધરાવ્યા. ૨૬. શ્રીહરિએ પંચાળામાં જેટલી લીલા કરી હતી, તે બધી જીવા ખાચરે પૂછી. ત્યારે શ્રીહરિએ તે બધી કહી. ૨૭. જ્યારે શ્રીહરિ વાત કરી રહ્યા ત્યારે ઘરના જેટલા મનુષ્ય હતા તે સાકરના ભરેલા થાળ લાવ્યા. ૨૮. તે બધા શ્રીહરિની આગળ ધર્યા. ત્યારે શ્રીહરિએ તે સાકર સહુને વહેંચી દીધી. જ્યાં જેવો સમય હોય તેને જીવા ખાચર ઓળખતા. ૨૯. જીવા ખાચરના એટલા ગુણને શ્રીહરિ અંતરમાં ઘણો મોટો જાણતા હતા. તેથી તેમના તે ગુણને શ્રીહરિ વખાણતા હતા. ૩૦.

✵ સમય જાણીને વાત કરે તેવા માણસો થોડા હોય છે :

સમયને બરાબર ઓળખનારા તો કોઈક જ હોય છે. તેમાં પણ જે રીતે સમયને ઓળખે તે જ રીતે વર્તે, એવા માણસો ઠેર ઠેર હોતા નથી. માણસો તો પૃથ્વી ઉપર થોડા નથી, પણ સમયને પારખી તે પ્રમાણે વર્તનારા દુર્લભ છે. જે મનુષ્યો સમયને ઓળખે છે, તેઓ તો નિધિ જેવા કહેવાય છે. ૩૧-૩૨. શ્રીહરિએ જીવા ખાચરનો મનોરથ પૂરો કર્યો. પછી ત્યાંથી ચાલતા થયા ત્યારે અશ્વ ઉપર બેઠા. ૩૩. જેટલાં વાજિંત્રો હતાં તે વાગવાં લાગ્યાં. હરિભક્તો કીર્તન ગાતા હતા અને રાજબજારે ચાલ્યા ત્યારે તેની અદ્‌ભુત શોભા થઈ, તે કહી શકાતી નથી. ૩૪. દયાળુ શ્રીહરિ ગઢપુરના લોકોને દર્શન દેતાં ચાલ્યા. અબીલ અને ગુલાલ ઊડતો હતો અને જીવા ખાચર પણ અતિશય ઉમંગથી શ્રીહરિની સાથે આવતા હતા.

શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા. જે ઉગમણા બારના ઓરડાની ઓસરી કહેવાય છે, તેના ઉપર એક સુંદર પલંગ બિછાવી દીધો હતો; ત્યાં આવીને શ્રીહરિ અશ્વ ઉપરથી ઊતર્યા અને તે પલંગ ઉપર બેઠા. ૩૫-૩૭. તે વખતે સંતો અને હરિભક્તોની સભા થઈ, ત્યારે તેમાં શ્રીહરિ સારી પેઠે સુંદર વચનો બોલ્યા કે, “અમે જે જે દેશમાં ઘણી વાર જઈને હરિભક્તોનાં હિતને માટે વિચર્યા છીએ, ત્યાં હજુ ભલે મંદિર ન હોય તોપણ અમે વેદ અને પુરાણોમાં જેવાં વચન કહ્યાં છે તે રીતે જીવના મોક્ષને માટે ધર્મ મર્યાદા બાંધી છે; જેણે કરીને જીવોનો મોક્ષ કાયમ થતો રહે.” ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં “રાયપુરથી નીકળેલા શ્રીહરિ ગઢપુર આવ્યા” એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર પચીશમું : તરંગ - ૫૨

કચ્છમાં મંદિરનું કામ ચાલે છે અને બ્રહ્મમુનિને મંદિર કરવા વડતાલ મોકલ્યા

વળી મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરના પ્રત્યે જે શ્રીહરિચરિત્રની વાત કહી તે જેમ છે તેમ સહુ હરિભક્તોની આગળ કહું છું. ૧. શ્રીહરિ રાત-દિવસ જીવોનો મોક્ષ થાય એવું ઈચ્છતા રહેતા તથા સહુની સુમતિ પણ ઈચ્છતા હતા. ૨. કારણ કે, જેટલા ભગવાનના ભક્ત થયા, તેમણે જ્યારે સુમતિનું ગ્રહણ કર્યું ત્યારે તેમનો મોક્ષ થયો છે. ૩. ચાહે તેવો પંડિત હોય, તોપણ જ્યાં સુધી તે હરિભક્ત ન થાય ત્યાં સુધી તેને પોતામાં રહેલી દુર્બુદ્ધિ દેખાતી નથી. ૪. જે સમજણ વગરના લોકો છે તેઓ એવું બોલે છે કે, 'ભગવાનને પામવાનાં સાધનો ભગવાન કરાવે તો થાય.' એમ કહીને તેઓ ભગવાનને ભજવાનાં જેટલાં સાધનો છે તેને મિથ્યા કરી નાખે છે. ૫. એવા લોકો ક્યારેય ભવસાગરને તરી શકતા નથી. જેને ભગવાનને પામવાનાં સાધનોનું કામ હોય છે, તેઓ તે સાધનોને સત્ય માને છે. ૬.

❋ જેનું જે કામ હોય તે તે કરે, એમ વિવેકી સમજે છે :

चोपाई :

भगवान के काम जितनेऊ, भगवान कर रहत तितनेऊ;
काल के काम जितना जाही, काल यह करत रहेउ ताही...७
कर्म के काम रहाये जैसे, कर्म करत रहायेउ यह तैसे;
इमि समझे तेही रहे विवेका, सब एक कु कहत हि अविवेका...८

જેટલું ભગવાનનું કામ છે, તેને ભગવાન કરતા રહે છે. કાળનું કામ કાળ કરતો રહે છે. ૭. કર્મનું જે કામ છે તે કર્મ કરતા રહે છે. આમ જે સમજે છે તેને વિવેક છે, પણ તે બધાંને એક કરીને કહે તે અવિવેક કહેવાય છે. ૮. જ્યાં સુધી એવો અવિવેક હોય, ત્યાં સુધી ચાહે તેવો વેદનો ભણેલો હોય અને પુરાણ, જ્યોતિષ ને યોગના ગ્રંથોનો ભણીને અભ્યાસ કર્યો હોય, તેમજ સાંખ્યના અને વેદાંતના ગ્રંથોનો પાકો અભ્યાસ કર્યો હોય; છતાં પાંચ

વ્રતમાનને સિદ્ધ કર્યા સિવાય ચાહે તેવા ભણેલા વિદ્વાનો હોય, તોપણ તે માથાં વિનાનાં ધડ જેવા છે. ૯-૧૧. કાશીમાં ભણ્યા હોય તોપણ શું ? દુનિયાના પંડિતોને જીતી લે તોપણ શું ? જ્યાં સુધી પરલોકની વાત સિદ્ધ ન કરી હોય, ત્યાં સુધી તેનું બધું ભણેલું વૃથા છે. પ્રહ્લાદ અને પ્રિયવ્રત રાજાની આવી સમજણ હતી. ૧૨-૧૩.

ભગવાનના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય, પાંચ જ્ઞાનેન્દ્રિયોને જીતી ન હોય, તેમજ સત્સંગનો યોગ ન હોય તો તે મનુષ્ય ગમે તેવો હોશિયાર હોય, ચાહે તેવો રાજા કે ધનવાન હોય, અનુપમ ઈન્દ્રના સમાન હોય કે બ્રહ્માના જેવો બુદ્ધિશાળી હોય; પણ જ્યાં સુધી તે સત્સંગથી વિમુખ વર્તતો રહે છે ત્યાં સુધી તે પશુમાં ગણાય છે. ૧૪-૧૬.

❋ શ્રીહરિ અને સત્સંગની સર્વોપરિતા :

चोपाई :

भगवान अरु सत्संग ताकी, सर्वोपरि रहे मोटप वाकी;
भगवान के धाम जो तिनकी, भगवान के भक्त यह इनकी...१७
सर्वोपरि मोटप रहाये, एही सम मोटप कोउ न कहाये;
तीर्थ व्रत हुकी समझ हे ऐसे, कहे एही सम न कोउ तैसे...१८
व्यासादिक सत्पुरुष जेते, बडे बडे आचार्य हि तेते;
ग्रंथ करे कोउ वार न पारा, सतग्रंथ यह रहे निरधारा...१९
भगवान भगवान जो ताके, जिनकू भये सबंध वाके;
विप्र से ले स्वपच लग जाही, दर्शन करन रहायेउ ताही...२०

ભગવાન તથા સત્સંગની મોટાઈ સર્વોપરિ છે. તેમજ ભગવાનનું ધામ અને ભગવાનના ભક્તો, તેની મોટપ પણ સર્વોપરિ છે. તેવી મોટપ કોઈની કહેવાય નહીં. તીર્થો તથા વ્રતોની પણ એવી જ સમજણ છે. આ કહ્યું તેના સમાન બીજું કોઈ નથી. ૧૭-૧૮. વ્યાસાદિક જે સત્પુરુષો થયા તથા એવા જે મોટા મોટા આચાર્ય થયા, તેમણે જે અપાર ગ્રંથો કર્યા છે તે ચોક્કસ સદ્ગ્રંથ કહેવાય છે. ૧૯. જેને ભગવાનનો અને ભગવાનના ભક્તોનો સંબંધ થયો હોય, તેવા વિપ્રથી લઈને ચંડાળ પર્યંતના લોકો દર્શન કરવાને

યોગ્ય છે. ૨૦. જે વિપ્ર હોય તથા તેણે વેદ અને પુરાણ કંઠે કર્યાં હોય, તોપણ જ્યાં સુધી તે ભગવાનને શરણે ન થાય ત્યાં સુધી તેની ચંડાળમાં ગણતરી થાય છે. ૨૧.

જેટલા સત્પુરુષ હોય છે તે બધાની એકસરખી સમજણ હોય છે. તે સત્પુરુષનાં વચનો વિવેકે યુક્ત હોય છે. ૨૨. જેમાં વિવેક ન હોય તે સત્પુરુષનાં વચનમાં સદાય જ્યાં ત્યાં દોષ દીધા કરે છે. ૨૩. જે ભગવાનથી વિમુખ હોય છે, તે સત્પુરુષનાં વચનને પ્રમાણ કરતા નથી. તેણે કરીને કાંઈ તે વચન કહેનારા સત્પુરુષ મટી જતા નથી. ૨૪. જે અસત્પુરુષ હોય છે તે ક્યારેય સત્પુરુષ થતા નથી. અને જે સત્પુરુષ હોય છે તે ક્યારેય અસત્પુરુષ થઈ જતા નથી. ૨૫. જે સત્પુરુષ હોય છે તે જેટલાં નિંદિત કર્મને દેખે છે, તેનો તરત ત્યાગ કરે છે. ૨૬. અને જે અસત્પુરુષ હોય છે તેને નિંદિત કર્મ કરવામાં ઉત્સાહ રહે છે અને તેને તલભાર પણ દયા હોતી નથી. ૨૭. **જેટલી દયા હોય છે તે જેનાં દિલમાં રહેતી હોય તે સત્પુરુષ છે. આ રીતે સત્પુરુષ અને અસત્પુરુષમાં રાત-દિવસનો ફરક રહે છે.** ૨૮.

સુખધામ શ્રીહરિએ જ્યારે કારિયાણીમાં અન્નકોટ કર્યો ત્યારે ભુજના જે મોટા મોટા હરિભક્તો હતા, તેમણે શ્રીહરિ પાસેથી ભુજમાં શિખરબંધ મંદિર કરવાની આજ્ઞા લીધી હતી. અને જ્યારે મુહૂર્ત આવ્યું ત્યારે તે હરિભક્તો મંદિર કરવા લાગ્યા હતા. ૨૯-૩૦. શ્રીહરિ અને રામાનંદ સ્વામી કચ્છ દેશના હરિભક્તો જેટલા ગામમાં હતા, તેમાં કેટલાંક વર્ષ સુધી ઘણું રહ્યા હતા. ૩૧. તે હરિભક્તોને ઘેર ઘેર જઈને ઘણાં હેતથી દર્શન દીધાં હતાં અને જેના જેવા મનોરથ હતા તેને પ્રસન્નતાથી પૂરા કર્યા હતા. ૩૨. શ્રીહરિ ગઢપુર ગામમાં આવીને ત્યાં ત્રણ દિવસ રહ્યા.

પછી **કારિયાણી** ગામ આવ્યા. તે વખતે જેટલા સંતો હતા તે બધાને સત્સંગમાં ફરવા વિદાય આપી. તે સમયે શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, "વડતાલ ગામ જેવું સરસ છે તેવું ત્યાં તમે હરિમંદિર કરો." ૩૩-૩૪. પછી બ્રહ્માનંદ સ્વામી ચરોતર આવ્યા. શ્રીહરિએ વડતાલમાં ઘણા ઉત્સવ

અને સમૈયાઓ કર્યા હતા. તે ઉત્સવ-સમૈયાઓ એટલા બધા અદ્‌ભુત અને એવી રીતે કર્યા હતા કે બીજા કેટલાય અવતારો થઈ ગયા, પણ કોઈએ આવા ઉત્સવ-સમૈયા કર્યા ન હતા. ૩૫-૩૬.

શ્રીહરિએ ઉત્સવ-સમૈયાઓ કર્યા, મહારુદ્ર યજ્ઞ કર્યા અને ઘણી અદ્‌ભુત ચોરાશીઓ કરી. ૩૭. આ બધું નજરે દેખવા છતાં નાક, કાન વગરના દુર્ભાગી મનુષ્યો મનફાવે તેમ બોલતા હતા. ૩૮. સત્સંગ સિવાયના જે ગુરુ, શિષ્યો અને આચાર્યો હતા, તે બધા પોતાના મનમાં ફાવે તેમ ચાલવામાં જ મુક્તિ માનતા હતા. ૩૯. આ સત્સંગનું જે વૃત્તાંત છે તે તો સૂર્ય જેવું છે, તેથી જે જેવું વર્તતા હોય તે દેખાઈ આવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "કચ્છમાં મંદિરનું કામ ચાલે છે અને બ્રહ્મમુનિને મંદિર કરવા વડતાલ મોકલ્યા" એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર પચીશમું : તરંગ - ૫૩

શ્રીહરિએ સત્સંગનાં મૂળને દૃઢ કરવા મંદિર અને સચ્છાસ્ત્ર કરાવવાનો નિશ્ચય કર્યો

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરને જે કથા કહી હતી તે હરિભક્તો પ્રત્યે જેવી વાત છે તેવી કહું છું. ૧. સત્સંગ વગરના ગુરુઓ, આચાર્ય અને શિષ્યો મનફાવે તેમ વર્તે છે. જેમ મન ખુશ રહે, તેમ વર્તવામાં તે ગુરુ અને શિષ્યો નિઃશંક વર્તતા હતા. તેમાં તેઓ આનંદ પામતા હતા. ૨-૩. પણ તેમને માટે તો જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીનું વિકરાળ દુઃખ દૂર ન હતું. અંત સમયે તૈયાર જ હતું. ૪.

ગુરુ, શિષ્ય અને આચાર્યની જેવી રીત હોવી જોઈએ, તેને સત્સંગ સિવાય કોઈ ગુરુ, શિષ્ય કે આચાર્ય જાણતા નહીં. ૫. ગુરુ, શિષ્ય અને આચાર્યનાં વર્તનની જેવી જેની રીત હોય, તેને જાણ્યા વિના તે બધા અંધ

કહેવાય છે. એવી રીતનો શાસ્ત્રોનો પરમ પવિત્ર સિદ્ધાંત છે. જે ગુરુ, શિષ્ય અને આચાર્ય વિષયને માર્ગે ચાલે છે, તેઓ શાસ્ત્રના સિદ્ધાંતને ક્યારેય જાણતા નથી. સિદ્ધાંત જાણ્યા વિના તે ચાહે તે મતના હોય, તોપણ અંધ કહેવાય છે. ૬-૮.

⁕ નિયમ-ધર્મની મહત્તા :

નિયમ વગરની એક પણ બાબત શોભતી નથી, તેમ જાણીને શ્રીહરિએ સત્સંગમાં સારા સારા અમૂલ્ય નિયમોને વેદ તથા શાસ્ત્રોમાંથી દેખી દેખીને નક્કી કર્યા. જે આ લોક અને પરલોકમાં સહાય કરે, એવા જે નિયમો છે તે આભૂષણોનું પણ આભૂષણ છે અને તે અપાર કીર્તિ કરનારા છે. ૯-૧૧. બ્રહ્માનંદ સ્વામીએ વડતાલમાં આવીને મંદિરનો આરંભ કર્યો. શ્રીહરિએ જે રીતે કહ્યું હતું તે રીતે નાનું મંદિર આરંભ્યું. ૧૨. શ્રીહરિના મનમાં રાત-દિવસ હરિભક્તોની રક્ષા કરવાનું તાન રહેતું હતું. જે બુદ્ધિમાન હોય તેઓ તે બાબતને જાણે છે. ૧૩. બાળક, પશુ, વૃક્ષ, દ્રવ્ય અને અન્ન-ધન આટલી વસ્તુઓની રક્ષા કર્યા વિના કોઈ દિવસ તેની વૃદ્ધિ થાતી નથી, એમ નિપુણ લોકો જાણે છે. ૧૪. **આ બ્રહ્માંડમાં ભગવાન જેવા કોઈ નિપુણ નથી. ભગવાનની બુદ્ધિ તો સર્વોપરિ વર્તે છે.** ૧૫. આ લોક અને પરલોકમાં જે રીતે સુખી રહેવાય, તેવું બીજા એક પણ જાણતા નથી. ભગવાનમાં અને બીજામાં તો રાત અને દિવસ જેટલો ફરક રહે છે. ૧૬.

⁕ ભજન તથા શ્રીહરિનાં સુખની સર્વોત્તમતા :

જે જે વાત જેવી રીતની હોય, તેને જીવ જ્યારે મનુષ્યશરીરમાં આવે છે ત્યારે જાણી શકે છે. મનુષ્યદેહ સિવાયના બીજા અનેક દેહ છે, તેનો ગણતા પાર આવતો નથી. ૧૭. પણ મનુષ્યદેહ સિવાયના બીજા દેહ નિરર્થક છે. આવી રીતે જે જાણે ત્યારે તેમાં બુદ્ધિ છે, એમ કહેવાય. તે વિના તો ચાહે તેવી બુદ્ધિ હોય, તોપણ તે નિરર્થકમાં ખપે છે. ૧૮. બુદ્ધિનો ખરો અર્થ એટલો જ છે કે, 'જે વાત જેવી હોય તેને તેવા રૂપમાં સમજવી.' ભગવાનને ભજવામાં અપાર સુખ રહ્યું છે. ભગવાન ભજવા જેવું સુખ બીજું

એક પણ નથી; એમ જ્યારે જાણે ત્યારે તેને ખરો વિવેક કહેવાય. આવો વિવેક જેને થઈ જાય તેણે સર્વે ગ્રંથો ભણી લીધા, સર્વે બાબતો કરી લીધી, તેમજ યોગ, યજ્ઞ, જપ, તપ, વ્રત, દાન અને તીર્થાદિક કરી લીધાં છે અને તેણે અનંત કોટિ બ્રહ્માંડોનું રાજ્ય કરી લીધું છે. ૧૯-૨૧.

चोपाई :

जो जो इच्छा रहाये जेती, पुरण न होवत कबहु तेती;
तिनकरी जन्म मरण ताकी, निवृत्ति पल एक आवत न वाकी...२२

हरि की मूर्ति में जिहाँ लगहू, सुख न देखत तिहाँ लगहू;
साधन सब जो करत रहाते, एक साधन न करे कहाते...२३

जो जो बात रहाये जितनी, हरि मूर्ति में देखत हि तितनी;
साधन की समाप्ति भये ताई, रतीभर नूनता ताही न रहाई...२४

જીવની જેટલી ઇચ્છાઓ હોય છે, તે ક્યારેય પૂરી થઈ શકતી નથી. તેને લીધે જ તેને જન્મ-મરણની નિવૃત્તિ એક પળવાર પણ થતી નથી. ૨૨. જ્યાં સુધી ભગવાનની મૂર્તિમાં સુખ દેખાતું નથી, ત્યાં સુધી સર્વે સાધન કર્યાં હોવા છતાં તેણે એક પણ સાધન કર્યું નથી; તેમ કહેવાય. ૨૩. જડ કે ચિત્ જે જે જેટલી કાંઈ બાબતો છે, તે બધી જ ભગવાનની મૂર્તિમાં દેખે; તેને સર્વે સાધનોની સમાપ્તિ થઈ ગઈ છે. જ્યારે ભગવાનની મૂર્તિમાં જ સુખ દેખાય ત્યારે તેને રતીભાર ન્યૂનતા રહેતી નથી. ૨૪.

दोहा : समाधी कहावत जितना, कर रहाये ताहि;
मूर्ति बिन सुख जिहाँ लगहि, देखत ओर रहाहि...२५

समाधि भये कहा भये, यह बाल मति रहेउ;
बाल मति जिहाँ लगहि, सुख न लहत हे तेउ...२६

सोरठा : सुख भये फेर दुःख, आवत नहि कोउ दिन जब;
तेही साचे हि सुख, पाये एसे यह सुख रहे...२७

एसे सुख हि जेहु, मूर्ति तामें रहे एक;
मूर्ति बिन दुःख तेहु, रहे वार पार तेही...२८

જેને ભગવાનમાં જ સુખ દેખાય છે, તેણે જેટલી પ્રકારની સમાધિ કહેવાય છે તે બધી સિદ્ધ કરી લીધી છે. ભગવાનની મૂર્તિ સિવાય જ્યાં સુધી

બીજે સુખ દેખાય છે, ત્યાં સુધી તેને સમાધિ થઈ હોય તોપણ શું ? તે તો બાળબુદ્ધિ છે. જ્યાં સુધી બાળબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેને ભગવાનનું સુખ મળતું નથી. ૨૫-૨૬. એકવાર સુખ થયા પછી ફરીવાર ક્યારેય દુઃખ ન આવે, એવું જે સાચું સુખ પ્રાપ્ત થાય, તે જ ખરું સુખ છે. ૨૭. આવું જે સર્વોત્તમ અને અવિચળ સુખ છે, તે એક ભગવાનની મૂર્તિમાં જ રહ્યું છે. મૂર્તિ વિના તો બીજે બધે અપાર દુઃખ જ રહ્યું છે. ૨૮.

જ્યાં સુધી આવી સમજણ નથી આવી, ત્યાં સુધી સત્સંગ કાચો છે. માટે વારંવાર સત્સંગને અતિશય દૃઢ કરવો અને તેમાં ઘણું હેત કરવું. ૨૯. જેમ જેમ આ સત્સંગની વાત સાંભળતો રહે, તેમ તેમ સત્સંગ ઉપર અપાર ભાવ વધતો રહે છે. ૩૦. દિન પ્રતિદિન જેનો રંગ વધારે ચઢતો રહે, તેનું જ નામ સત્સંગ કર્યો કહેવાય છે. સત્સંગના રંગ સમાન બીજો કોઈ રંગ નથી. ૩૧. જેના રંગે કરીને જેટલું દુઃખ હોય છે તે બધાનો નાશ થઈ જાય, એવો રંગ તો એક સત્સંગનો જ રહ્યો છે; જેની તુલનામાં બીજું કાંઈ આવતું નથી. ૩૨. આવા અમૂલ્ય સત્સંગનું મૂળ ભૂમિ ઉપર સ્થાપન કરવા માટે શ્રીહરિએ દેશોદેશમાં મંદિર થાય, એવો સંકલ્પ કર્યો હતો. ૩૩.

❋ સદ્‌ગ્રંથની આવશ્યકતા અને મહત્તા :

સત્સંગ, આચાર્ય અને મંદિરનાં મૂળને દૃઢ કરવા માટે શ્રીહરિ ગઢપુરમાં નિવાસ કરીને રહ્યા અને ગ્રંથ કરવાનો અભ્યાસ-વિચાર કર્યો. ૩૪. સદ્‌ગ્રંથે કરીને સત્સંગની વાત દર્પણની જેમ જેવી હોય તેવી દેખાય આવે છે. જેની જે રીતની વાત હોય છે, તે બધી ગ્રંથમાં તેવી રીતે બતાવી દીધી. ૩૫. **જીવનો મોક્ષ થવાની જે ઉત્તમમાં પણ ઉત્તમ વાત હતી, તે બધી પણ ગ્રંથમાં બતાવી દીધી. બ્રહ્મા જેવા કરોડો આવે, તોપણ તે બધી વાતો સિદ્ધાંતની દૃષ્ટિએ ક્યારેય અપ્રમાણ ન થાય; તેવા ગ્રંથ શ્રીહરિએ કરાવ્યા.** ૩૬. ભગવાનના અવતાર એવા વ્યાસમુનિ જેવા કરોડો ઋષિઓ કહેવાય છે. તેઓ પણ તે ગ્રંથને પ્રમાણ કરતા હતા. ૩૭. શ્રીહરિએ એવી એવી કલ્યાણકારી વાતો ગ્રંથમાં લખાવી અને તે ગ્રંથનું 'સત્સંગિજીવન' એવું નામ

ધારણ કરાવ્યું. ૩૮. તે ગ્રંથનું જેવું નામ છે તેવી જ બધી વાતો તેમાં લખી છે. તે વાતો હરિભક્તોને દિવસે દિવસે ભગવાનમાં અધિક પ્રીતિ ઉપજાવનારી છે. ૩૯. **જે જે ગ્રંથોમાં સારરૂપ જે દૂધ હતું તેનું દોહન કરીને આ અદ્‌ભુત ગ્રંથમાં તેને રાખ્યું. તેથી તે ગ્રંથ ભગવાન જેવો અદ્‌ભુત બન્યો.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં “શ્રીહરિએ સત્સંગનાં મૂળને દઢ કરવા મંદિર અને સચ્છાસ્ત્ર કરાવવાનો નિશ્ચય કર્યો” એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર પચીશમું : તરંગ - ૫૪

વડતાલ મંદિરની તથા જોબન પગીના પૂર્વજીવનની વાત કહી

હવે મુક્તાનંદ સ્વામીએ વડતાલ ગામની જે વાત કહી તે વાતને જેમ છે તેમ સાક્ષાત્ કહું છું. ૧. વડતાલ ગામના પાટીદાર હરિભક્તો, ગોસાઈ નારાયણગિરિ, જોબન પગી તથા સુંદર પગી વગેરે બધા એક મત થઈને બ્રહ્માનંદ સ્વામીને કાંઈક વાત જણાવવા આવ્યા હતા. તેમાં જોબન પગી અને સુંદર પગી ખૂબ પ્રસન્ન મનવાળા રાજી હતા. ૨-૩. તે બંને ભાઈ હતા અને ઘણા સારા સત્સંગી થયા હતા. આમ તો તેઓ પહેલાં સો સો ગાઉ સુધીમાં પ્રસિદ્ધ મોટા ચોર હતા. ૪. તેઓ ઠાકોર અને પગી કહેવાતા. તેને જોઈને બધો પ્રદેશ ધ્રૂજતો હતો. જ્યારે રાત પડે ત્યારે ચરોતરના ગામેગામમાં ઘેર ઘેર લોકો તેના ભયથી વારાફરતી જાગતા રહેતા હતા, છતાં પણ તેઓ જે ઘરમાં ધારે ત્યાંથી તેનાં ધન અને ઘરેણાં વગેરેને લઈ લેતા હતા. ૫-૬. અને જે માણસ ધન ન આપે તેને માર્યા વિના છોડતા નહીં. તે બંને ભાઈનાં શરીર ઉપર નખથી શિખા પર્યંત ઘા લાગેલા હતા. ૭. છતાં પણ તે બંને ચોરી કરતા રહેતા. તે મરવાથી ડરતા નહીં.

જ્યારે શ્રીહરિ છાસઠના વર્ષમાં ડભાણમાં યજ્ઞ કરતા હતા, ત્યારે તેઓ યજ્ઞ જોવાને બહાને ડભાણ ગામમાં આવીને રહ્યા હતા. ખરેખર તો તેમને શ્રીહરિની સાથે આવેલા કાઠીઓના ઘોડાઓને ચોરવાની ઈચ્છા હતી. ૮-૯.

તેથી જ્યારે રાત થાય ત્યારે મનમાં હરખ પામીને ચોરી કરવા આવતા. સુંદર પગીનાં જોયેલાં શુકન અફર રહેતાં હતાં. ૧૦. તે સમયે ડભાણના પાટીદારોનાં ઘેર ઘેર એક એક અશ્વ બાંધેલો હતો. તેને બામરોલીવાળા તખા પગીએ જોઈ રાખ્યા હતા. ૧૧. તેથી જોબન પગી વગેરે બધા એક મત કરીને સહુ ભેગા થઈને આવ્યા. તેમણે ઘોડા લેવાનો ચોક્કસ નિર્ધાર કર્યો હતો. જ્યારે અધરાત થઈ ત્યારે છાની રીતે દરેક ઘેર ઘોડા ચોરવાને માટે ફરવા લાગ્યા. પરંતુ તેઓ જ્યાં જ્યાં જાતા હતા ત્યાં બબ્બે પાર્ષદો ચોકી કરતા હતા. ૧૨-૧૩. આ રીતે ત્રણ દિવસ સુધી રાતે ચોરી કરવા ફર્યા, પણ ત્યાં ચોકી કરવા માટે તત્પર થઈને ઊભા હોય તેમ પાર્ષદોને દેખ્યા; તેથી ચોરી થઈ નહીં. ૧૪.

શ્રીહરિએ તે બધા પગીને ઘણા ભાવથી ત્રણ દિવસ સુધી જમાડ્યા અને તેમનાં અંતરને ઓળખીને પછી તેમને બોલાવ્યા. ૧૫. પહેલા તેમને ફૂલના હાર પહેરાવ્યા અને કહ્યું કે, “તમે આવ્યા, ઘણું સારું થયું. તમે આવ્યા તેથી અમને હવે ચોરનો કોઈ જાતનો ડર રહ્યો નથી. ૧૬. કાઠીઓ કોળીનો વિશ્વાસ રાખે છે અને કોળી લોકો કાઠીનું લગાર પણ લેતા નથી. કારણ કે, એક ચોર બીજા ચોરની એટલી મહોબત પરસ્પર રાખે છે. ૧૭. આટલો ધર્મ એકે એકમાં દૃઢતાથી રહ્યો છે. જે આપણો વિશ્વાસ રાખતા હોય, તેવા વિશ્વાસીનું પણ કાંઈક લઈ લેવાનું જે મન કરે તેને તેનું ઘણું પાપ લાગે છે. તેમ છતાં અમુક લોકો તે વિશ્વાસીનું ચોરવારૂપ પાપ કરતા પણ ડરતા નથી. કેમ જે, જેને ચોરીનું વ્યસન પડે છે તેના જીવને ચોરી સિવાય જંપ થાતો નથી. ૧૮-૧૯. તમે ત્રણ દિવસ સુધી ઘણી સારી ધીરજ રાખી. તમે તમારા મનને એટલું તો સંયમમાં રાખ્યું.”

ત્યારે તે બધા પગીઓ પાપને છોડી, માથું નમાવી, બંને હાથ જોડીને બોલ્યા, “હે પ્રભુ ! ખરેખર તો અમે ચોરી કરવાનો નિશ્ચય કરીને આવ્યા હતા. ઘોડા લેવાનું મનમાં નક્કી જ કર્યું હતું. તેથી ત્રણ દિવસ સુધી રાતે ફરતા રહ્યા. પરંતુ એક એક ઘોડા પાસે આવીને અમે જ્યારે જોયું ત્યારે હાથમાં ઢાલ, તલવાર લઈને બબ્બે પાર્ષદો ઘોડાની પાસે ઊભા હતા. એ

રીતે અમે રોજ જે બન્યું તે દેખતા રહ્યા. ૨૦-૨૨. છતાં આપ અમને ઘણા પ્રેમથી લાડુ જમાડો છો અને ફૂલના હાર આપો છો. હે મહારાજ ! અમારી જેવા ચોરને આપ સંઘની ચોકી કરવા પ્રેરો છો !! ૨૩. ચોકી કરતા થકા અમારું મન ચોર હોવા છતાં કોઈની કોઈ વસ્તુ નહિ ઉઠાવી લે, એવો આપે અમારો વિશ્વાસ કર્યો. આ બધું જાણતા હોવા છતાં આપ અમને જમાડો છો. ૨૪. આ સંઘની સુરક્ષા કરવાનું કામ અમારા શિરે દીધું છે, તેમ છતાં અમે ઘોડાની ચોરી કરત એવા અમે લબાડ છીએ. ૨૫. તેવો દગો ન કરવામાં આપના પાર્ષદોએ અમારી લાજ રાખી છે. માટે આજથી 'ક્યારેય ચોરી કરવી નહીં', એવો હવે અમે નિયમ લઈએ છીએ." ૨૬. અનેક મનુષ્યોની વચ્ચે તેમણે સત્સંગના નિયમ ધારણ કર્યા. તે વાતથી આખા ચરોતર પ્રદેશમાં સહુને ઘણું આશ્ચર્ય થયું. ૨૭.

જોબન પગી, સુંદર પગી અને તખા પગીએ જ્યારથી સત્સંગના નિયમ ધારણ કર્યા, ત્યારથી લઈને જિંદગીભર તેઓ ક્યારેય કોઈ વાર ચોરી કરવા ગયા નહીં. એટલું જ નહીં, પરંતુ જે કોઈ બીજા ચોરી કરતા તેને પણ તેઓ રોકતા હતા. ચોરને તેઓ કહેતા કે, 'ચોરીમાં ક્યારેય સુખ રહ્યું નથી.' ૨૮-૨૯. સાચું સમજાવીને તેમણે બીજા કેટલાક ચોરોને પણ ચોરી કરવાનું છોડાવી દીધું અને તેમને સત્સંગ કરાવ્યો હતો. તેમાંથી જે કોઈએ શ્રીહરિનો સત્સંગ સ્વીકાર્યો તેમને પછી પ્રભુકૃપાથી અપાર અન્ન-વસ્ત્રાદિક મળ્યાં હતાં. ૩૦.

એવા જોબન પગીએ બ્રહ્માનંદ સ્વામીને કહ્યું કે, "સ્વામી ! અમદાવાદ કરતાં પણ ઘણું વિશાળ ત્રણ શિખરનું મંદિર અહીં કરો. ૩૧. ગામના પાટીદારોની પણ આ બાબતે શુભમતિ વર્તે છે. આપ જેમ કહેશો તે રીતે ઘણાં હેતથી અમે સહુ જરૂર સેવા કરશું. ૩૨. આપ જે કહેશો તે વસ્તુને હાજર કરશું, તેમાં ક્યારેય પાછો પગ રાખશું નહીં." ત્યારે ત્યાં રહેલા ગામના મોટા-મોટા પાટીદારો બોલ્યા કે, "તમે જેટલી કહો તેટલી અમે જમીન આપીએ." એમ સહુ પહેલા જીવાભાઈ તથા જેસંગભાઈએ સ્વામીને કહ્યું. પછી મૂળજીભાઈ અને કુબેરભાઈ બોલ્યા અને તેના પછી થોભણદાસ,

લાલદાસ, નરોત્તમદાસ અને વસંતદાસે પણ ઘણાં હેતથી કહ્યું. ૩૩-૩૫. વળી દયાળજીભાઈ, કરશનદાસ અને બેચરદાસ પણ ઉત્સાહથી બોલ્યા. તેમજ ગોસાઈ નારાયણગિરિ અને જોબન પગી પણ બોલ્યા. ૩૬.

❋ સ્ત્રી અને ધનની ભયંકરતા :

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ સહુ હરિભક્તોને કહ્યું કે, "ફક્ત જગ્યા આપવાથી શું થાય ? કેમ જે, ધન વિના મોટું મંદિર ક્યારેય થાય નહીં. ૩૭. **અમે જેટલા સંતો છીએ તેમાંથી કોઈ ધન રાખતા નથી. કેમ જે, ત્યાગી માટે ધન અને નારી બંધનરૂપ અને કલંકરૂપ છે.** ૩૮. **ચાહે તેવો કોઈ સિદ્ધ થઈને પૂજાતો હોય, પણ જો ત્યાગી થઈને ધન-નારી રાખે તો તે ધન અને નારી તેને ગુલામ કરી દે છે.** ૩૯. જે કાંઈ ધન છે તે તો હરિભક્તોનાં ઘરમાં છે. માટે જો તમે બધા મળીને ધારો તો શું કામ ન થાય ?" ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "વડતાલના મંદિરની તથા જોબન પગીનાં પૂર્વજીવનની વાત કહી" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર પચીશમું : તરંગ - ૫૫

સત્પુરુષ અને અસત્પુરુષનાં લક્ષણ પ્રસંગે સત્ય-અસત્યનું વિવેચન કર્યું

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરને શ્રીહરિનાં ચરિત્રની જે વાત કહી હતી, તે હું હરિભક્તોની આગળ કહું છું. બ્રહ્માનંદ સ્વામી વડતાલના સર્વ પાટીદારો આગળ જેવી વાત હતી તેવી કહેવા લાગ્યા. ૧-૨. જેટલા ખેડૂતો છે તે મોટા મોટા રાજાઓનું પોષણ કરે છે અને પોતાનું પણ પોષણ કરે છે. ૩. ઈન્દ્ર વરસાદ વરસાવે અને જેની જે જમીન હોય તેમાં ખેડૂતો ખેતી કરે ત્યારે જમીનદારને ઊપજ મળે છે. ૪. રાજાના ઘરમાં જેટલું આવે છે તે બધું એકલો રાજા જ ભોગવે છે. તેની ઈચ્છામાં જેમ આવે તે રીતે તે ભોગવે છે. ૫. 'ભગવાન મારા ઉપર અપાર પ્રસન્ન થાય', એવો

વિચાર જે રાજા થયો હોય તેને પ્રાયઃ કોઈ દિવસ આવતો નથી. ૬. રાજાને જેટલા કાંઈ મનુષ્યો કારભારી વગેરેના રૂપમાં મળે છે, તે મોટાભાગે તેને પાપમાં જ રુચિ કરાવે છે. તે કર્મચારીઓ રાજાને સત્પુરુષની બહુ અરુચિ કરાવે-રખાવે છે. ૭.

❋ સત્પુરુષના યોગની ગરિમા :

चोपाई :

सत्पुरुष ताके जोग विनही, शुभ मति नहि होवत हि किनही;
जितना सार सुख रहे जेता, भगवान में देखावे तेता...८

सत्पुरुष कहावत हे जेही, भगवान कु मिलावत तेही;
त्यागी ग्रही के नियम न रहाते, भगवान में सुख हि देखाते...९

भगवान में सार जो जितना, देखावत रहायेउ तितना;
सत्पुरुष रहाये यह ताई, वरणाश्रम के नहि नियम रहाई...१०

સત્પુરુષના યોગ વિના ક્યારેય કોઈની બુદ્ધિ શુભ થતી નથી. સત્પુરુષ જેટલું કાંઈ સારરૂપ સુખ છે તે બધું તેને ભગવાનમાં જ દેખાડે છે. ૮. જે સત્પુરુષ કહેવાય છે તે જીવને ભગવાન મેળવી આપે છે. સત્પુરુષપણામાં ત્યાગી-ગૃહીનો કાંઈ નિયમ નથી. જે કોઈ ભગવાનમાં જ સુખ દેખાડે અને જેટલી કાંઈ સારભૂત બાબત છે તે બધી જે ભગવાનમાં જ દેખાડે, તે સત્પુરુષ છે. તેમાં વર્ણ કે આશ્રમનો કોઈ નિયમ નથી. ૯-૧૦. પુરુષોમાં જે એવા સત્પુરુષ હોય છે, તે પુરુષોમાં જ્ઞાનવાર્તાએ કરીને કથા-કીર્તન ઈત્યાદિક કરવામાં દિનપ્રતિદિન અધિક શ્રદ્ધા ઉપજાવે છે અને જેટલું સારરૂપ સુખ છે તે ભગવાનમાં દેખાડે છે. ૧૧-૧૨. સત્પુરુષમાં આ રીતના અપાર સર્વોપરિ ગુણ રહ્યા હોય છે, જેનો કહ્યે પાર આવતો નથી. ૧૩.

જે સધવા તથા વિધવા સ્ત્રીઓ હોય, તેમાં જે ભગવાન સિવાયના બધાને કાળનું ચવાણું દેખે છે; તે બધી સતીનારી કહેવાય છે. ૧૪. તેમાં જે હરિભક્ત સ્ત્રીઓ છે, તે સ્ત્રીઓ ફક્ત સ્ત્રીઓમાં જ ઘણા પ્રેમથી ભગવાનની વાતો કરે છે. ૧૫. ભગવાને ભક્તોને જે રીતે આ ભૂમિ ઉપર રહીને સુખ દીધું હોય છે, તેને ભક્તો અત્યંત ભાવથી સંભારે છે. ૧૬.

✻ સાચા ભક્તનાં લક્ષણ :

चोपाई :

भगवान अरु भगवान ताके, सबंध बिन हि जितना वाके;
संकल्प होवत रहे मनमांही, बडे दुःख सम मानत रहाही...१७
भगवान के भक्त की इस रीता, रहायेउ यह परम पुनीता;
इंद्रियु अंतःकर्ण हि इनके, दोराये न दोरावत तिनके...१८
भगवान के बचन रहाये जीमी, तामें सुख मानि के तीमी;
जितनी बात यह करत रहाये, बाध करत न एक जो ताये...१९

ભગવાન તથા ભગવાનના સંબંધ વગરના મનમાં જેટલા સંકલ્પ થાય છે, તેને ભક્તો મોટાં દુઃખના સમાન માને છે. ૧૭. જે ભગવાનના ભક્ત હોય છે તેની આવી પરમ પવિત્ર રીત હોય છે. તે ઈન્દ્રિયો અને અંતઃકરણના દોરાવ્યા દોરાતા નથી. ૧૮. ભગવાનનાં જેવાં વચન હોય તે પ્રમાણે તેમાં સુખ માનીને જેટલી કાંઈ વાત કરવામાં આવે, તેમાં કોઈ પણ જાતનો બાધ આવતો નથી. ૧૯.

અને આપમેળે મન ધાર્યાં જેટલાં સાધન કરવામાં આવે છે, તેનું કાંઈ ફળ મળતું નથી અને સંસારના ભટકણનું દુઃખ પણ મટતું નથી. ૨૦. જ્યાં સુધી સંસારનું ભટકણ રહે છે, ત્યાં સુધી જમપુરીનું દુઃખ પણ રહે છે. જ્યારે સત્સંગ કરવામાં આવે છે ત્યારે અજ્ઞાનનું બધું અંધારું ટળી જાય છે. ૨૧. સત્સંગ કર્યા સિવાય બીજા કરોડો ઉપાય કરે, તોપણ અજ્ઞાનનું અંધારું ટળતું નથી. જેટલા ગ્રંથો મોક્ષપરક છે તે બધાનું આવું એક જ તાન રહ્યું છે. ૨૨. શ્રીહરિને મંદિર કરાવવા પાછળ એટલું જ તાન હતું કે, જ્યાં સુધી આ ભૂમિ રહે, ત્યાં સુધી મોક્ષનો માર્ગ ચાલુ રહે. ૨૩. શ્રીહરિના સંકલ્પનો જે લોકો આદર નથી કરતા તેમનું મૂળ કદાચ પાતાળ સુધી ગયું હોય, તોપણ તે આતશબાજીની જેમ ઊડી જાય છે. ૨૪. સત્યનાં મૂળને જે અસત્ય કહે છે, તે પોતે જ અસત્યરૂપ જણાય છે અને તેને બધું જગત પણ જાણે છે. ૨૫.

✵ સત્ય અને અસત્યના માર્ગની વિગત :

ભગવાન સત્ય છે, સત્સંગ પણ સત્ય છે અને અજ્ઞાની સર્વે અસત્ય છે; એમ શ્રીહરિ પોતે જ કહે છે. ૨૬. મનુષ્ય મનુષ્યની રીતે બોલે છે, પશુ પશુની રીતે બોલે છે, પંખી પંખીની રીતે બોલે છે; પણ જે અજ્ઞાની છે તે તો ભાતભાતનું જુદું જુદું બોલે છે. ૨૭.

જે સત્પુરુષ છે તે સત્ય માર્ગ ઉપર ચાલતા રહે છે. અને જે અસત્પુરુષ છે તે અસત્ માર્ગ ઉપર ચાલે છે. ૨૮. સત્ય અને અસત્ય માર્ગમાં રાત દિવસ જેટલો ફરક હોય છે. સત્ય અને અસત્ય એવા રાજાઓ, તેનાં વર્તન ઉપરથી દેખાઈ આવે છે. ૨૯. જેટલા સત્ય માર્ગ ઉપર ચાલનારા રાજાઓ છે તે પ્રજાનાં દુઃખને હરે છે અને પ્રજાને સુખી કરવા રાત-દિવસ તત્પર રહે છે. ૩૦. તેઓ જે રાજાઓ પ્રજાને દુઃખ દેતા હોય છે, તેની બરાબર રીતે તપાસ કરીને તેનાં મૂળને જરૂર ઉખાડી નાખે છે. તે કોઈ પણ જાતની લાંચના લાલચુ થતા નથી. ૩૧. લાંચના લાલચુ રાજાઓ અસત્ય કહેવાય છે અને એવા જેટલા કારભારીઓ હોય, તે બધા અસત્પુરુષ હોય છે. ૩૨. તે બધાને જ્યારે પૂરેપૂરી લાંચ મળે છે, ત્યારે ચાહે તેવા અન્યાયને પણ સત્ય ઠેરાવી દે છે અને સત્યને અસત્ય કહી દે છે. ૩૩.

જે સ્થળે આવું વર્તન થતું હોય છે, તે બધા ભગવાનના ચોર છે અને જે ભગવાનના ચોર બને છે તેની બધે અપકીર્તિ થાય છે. ૩૪. જેટલા ઠગ લોકો છે તે બધા ઉપરથી તો ઘણા શાહુકાર બનીને રહે છે. પણ તે લોકો આ લોકમાં અત્યારે મનુષ્યોને જે રીતે ઠગે છે, તેવું તેને ભવિષ્યમાં દુઃખ ભોગવવું પડે છે. ૩૫. ભગવાન સત્યસ્વરૂપ છે અને અધર્મ અસત્યરૂપ છે. જ્યાં લાંચિયા રહેતા હોય છે ત્યાં ગરીબ પ્રજા ઘણી પીડાતી હોય છે. ૩૬. ચાહે તેવો કોઈ ગરીબ માણસ હોય, પણ જો સત્ય માર્ગે ચાલતો હોય તો છેવટે તેની કીર્તિ કહી ન શકાય તેટલી વધે છે. ૩૭. આ જગતમાં જે લોભના દાસ થઈ ગયા હોય છે તે જેમ લોભ કહે તેમ કરે છે, પણ તેમાં દોષ દેખતા નથી. ૩૮. જે સત્યના દાસ હોય છે તે જેમ સત્ય કહે તેમ કરે

છે અને તેનું સત્યનું ચલણ કોઈ કલ્પે પણ ફરતું નથી. ૩૯. જે **અસત્ય છે તે અસત્ય જ રહે છે. અસત્ય ક્યારેય સત્ય થાતું નથી અને જે સત્ય છે તે કરોડો કલ્પે કરીને પણ અસત્ય થાતું નથી.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "સત્પુરુષ અને અસત્પુરુષનાં લક્ષણ પ્રસંગે સત્ય-અસત્યનું વિવેચન કર્યું" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર પચીશમું : તરંગ - ૫૬

વડતાલમાં વિશાળ ત્રણ શિખરનું મંદિર કરવાનો બ્રહ્મમુનિએ આરંભ કરાવ્યો

બ્રહ્માનંદ સ્વામીએ વડતાલના પાટીદારોને કહ્યું કે, "ત્રણ શિખરનું મંદિર થાય તે રીતે આપણે આરંભ કરીએ. પણ ક્યારેય કરજ ન થાય એવું અને જેવો દેશ હોય તેવું અર્થાત્ જ્યાં જેવી જરૂર હોય તેવું જ મંદિર કરવું જોઈએ. ૧-૨. જ્યારે આ મંદિરમાં ભગવાન આવીને વિરાજશે ત્યારે તેમની ઈચ્છા પ્રમાણે બધું સહજ રીતે થાશે. ૩. જે સહેજે થાય તેમાં રસ રહે છે. ક્લેશમાં રસ રહેતો નથી, તે પ્રગટ દેખાય છે. શ્રીહરિનો એવો જ મત છે. ૪. શ્રીજીમહારાજ જેટલી વખત વડતાલ આવ્યા અને જેટલા સમૈયાઓ કર્યા, તે બધી પરિસ્થિતિને વડતાલના જેટલા પાટીદારો છે તે બધા જ જાણે છે. ૫. સંવત્ અઢારસો બાસઠના વર્ષથી છ્યાશીના વર્ષ સુધી શ્રીહરિ વરસમાં એક, બે કે ત્રણ વાર ફરી ફરીને વડતાલ આવતા રહ્યા છે. ૬. શ્રીહરિએ અહીં એવા સમૈયા કર્યા છે કે જે બીજે ક્યાંય કોઈ દિવસ સાંભળ્યા ન હોય. તે સમૈયામાં શ્રીહરિ હંમેશાં એવી વાત કરતા કે ક્યારેય અધર્મનો પ્રવેશ થાય નહીં. ૭. સમૈયા કરવાનું ફળ એટલું જ હોય છે કે, 'સત્સંગ સિવાયનું બધું જ તુચ્છ જણાય.' પરંતુ બ્રહ્માંડમાં જેટલા જીવ છે તે બધા માયિક પંચવિષયમાં જ અપાર સુખ માને છે. તેમને તે વિષયસુખ

સિવાય કાંઈ સારું લાગતું નથી. અને જે જે સાધનો કરે છે તેનું ફળ પણ પંચવિષય મળે તે જ માનતા રહે છે. ૮-૯.

✵ વિષયમાં સુખ માને તે તુચ્છ બુદ્ધિ કહેવાય :

चोपाई :

चाय तेसे पंडित रहेऊ, चाय तेसे त्यागि भये जेऊ;
चाय तेसे रहे बुद्धिमाना, भगवान ताकु भजत रहाना...१०
पंचविषय के जिहाँ लगहू, दुर्लभपना रहे तिहाँ लगहू;
आकाश तामें उडत रहावा, तुच्छ मति में यह सब कहावा...११
ग्रंथ कीर्तन करत रहे कोटी, बडे बडेमें काढत खोटी;
ब्रह्मांड सबके करत राजा, देव ताकु नित्य करत निवाजा...१२

दोहा : प्रलय में आवत जाहि लग, मायिक पंचविषय जाहि;
तुछ न जानत हि रहे यह, तुच्छ मति रहेउ ताहि...१३

ચાહે તેવો કોઈ પંડિત હોય, ચાહે તેવો ત્યાગી કહેવાતો હોય કે ચાહે તેવો કોઈ બુદ્ધિમાન હોય અને ભગવાનનું ભજન કરતો હોય; તોપણ જ્યાં સુધી તેને પંચવિષયનાં સુખનું દુર્લભપણું મનાય છે, ત્યાં સુધી તે બધા કદાચ આકાશમાં ઊડે તેવા હોય તોપણ તુચ્છ બુદ્ધિના જ કહેવાય છે. ૧૦-૧૧. કોઈ કરોડો ગ્રંથો અને કરોડો કીર્તન કરતા રહે, અરે ! મોટા મોટામાં પણ ખોટ કાઢે, આખાં બ્રહ્માંડનું રાજ્ય કરે તથા દેવતાઓ પણ જેને નિત્ય આદરથી ભેટ આપે તેવા હોય; તોપણ જેને પ્રલયમાં નાશ થઈ જનારા માયિક પંચવિષયમાં તુચ્છતા નથી જણાતી તો તે બધા તુચ્છ બુદ્ધિના છે. ૧૨-૧૩. સર્વે સાધન કર્યાનું, ગ્રંથો ભણ્યાનું, તીર્થો કર્યાનું અને સત્સંગ કર્યાનું અને ભગવાનને ભજ્યાનું; એટલું જ ફળ છે કે, જેટલા માયિક પદાર્થમાત્ર છે તે બધાનો જ્ઞાનપ્રલય થઈ જાય. (એકલા ભગવાન જ અનુભવાય.) ૧૪-૧૫.

✵ નિર્દંભ અને દંભી ભક્તની વાત :

જે કોઈ સત્સંગના અને ભગવાનના સંબંધને દઢપણે પામ્યા હોય, તેની મતિ ક્યારેય ફરી જાતી નથી. ૧૬. જેને ભગવાનના સંબંધની દઢતામાં જેટલો દંભ ન હોય, તે તેટલા શુદ્ધ ધર્મ-નિયમો રાખે છે અને શુદ્ધ સત્સંગ

કરે છે. વળી, સત્સંગને દિવ્ય જાણીને જ ગ્રહણ કરે છે. ૧૭. જે જીવ ભગવાન સંબંધી બાબતો જેટલી નિર્દંભતાથી કરે છે તથા પોતે જેટલો નિર્દંભપણે વર્તે છે, તેટલું તે બધું તેને અંતે સહાય કરે છે. અર્થાત્ દંભથી કરેલું અંતે કામ લાગતું નથી. ૧૮.

જે દંભ રાખીને સત્સંગ કરે છે, તેવા સંત-હરિભક્તની કશી મોટપ કહેવાય નહીં. ખરેખર તો નિર્દંભ સંત-હરિભક્તની જ અપાર મોટપ કહી છે. તેવા સાચા સંતો-ભક્તો જે કાંઈ વાત કરે, તેમાં પોતાને મોઢે પોતાની તુચ્છતા કહે છે. અને તેને હરિભક્તો તથા સંતોની સેવા કરવામાં અધિક ઉત્સાહ હોય છે. ૧૯-૨૦. વળી, કોઈ પોતાની સેવા કરે તેમાં જેવી રુચિ હોય, તેના કરતાં અન્ય સંતો-હરિભક્તોની સેવા કરવામાં જેનાં તન-મન કે જીવમાં અધિક રુચિ વર્તતી હોય; તેટલા સંતો-ભક્તો સત્સંગમાં મોટા ગણાય છે. જેના જીવમાં દંભ રહેતો હોય, તેનાથી તેવી સેવા બની શકતી નથી. ૨૧-૨૨.

જેમાં જેટલો દંભ હોય છે તેટલો તે સેવામાં અટકે છે. જેના જીવમાં જેટલો સત્સંગ ઊતર્યો હોય છે, તે સેવામાં દેખાઈ આવે છે. ૨૩. **સેવામાં જેને જેટલી શ્રદ્ધા હોય તેટલો જ તેને ખરો સત્સંગ થયો છે. જેટલો જેને સત્સંગ થયો હોય તે સેવામાં દેખાઈ આવે છે.** ૨૪. તદુપરાંત તે સત્સંગ ધર્મ-નિયમમાં, સમાગમમાં, વચનમાં બધે દેખાય છે, પણ ક્યારેય છુપો રહેતો નથી. ૨૫. જે સંતો-હરિભક્તોમાં જેવો સત્સંગ હોય, તે તેના ગુણ અને વિનય કહી દે છે. જેમ જ્યાં સુગંધ હોય ત્યાં તે પોતે પોતાની હાજરી જણાવી દે છે. ૨૬.

✻ શ્રીહરિ અને સત્સંગની સર્વોપરિતા :

સત્સંગમાં જેટલી બાબતો છે તે બધી અત્યારે સર્વોપરિ વર્તે છે. તે વર્તન ઉપરથી દેખાય છે કે શ્રીહરિનો આ અવતાર સર્વોપરિ છે. ૨૭. જે મનુષ્યને તે સત્સંગની વાત સર્વોપરિ દેખ્યામાં આવે છે, તેને સત્સંગ થાય છે. ૨૮. **સર્વોપરિ ભગવાનની ઈચ્છાએ કરીને અત્યારે તો સત્સંગની એક**

એક વાતમાં એવો જ અદ્‌ભુત પ્રતાપ રહ્યો છે. ૨૯. **બ્રહ્માંડમાં સત્સંગ સિવાયની જેટલી બાબતો છે તે ચાહે તેવી હોય, તોપણ સત્સંગ તે બાબતોને ઝાંખી કરી નાખે છે.** ૩૦. જેમ ગમે તેવા મણિ કરોડોની સંખ્યામાં હોય, ચાહે તેટલો અગ્નિ હોય અને બધા તારાઓ ભેગા થાય, તોપણ તે બધા સૂર્યની આગળ ઝાંખા દેખાય છે. સૂર્યને કોણ ઝાંખો કરી શકે ? એવા તેજસ્વી સૂર્ય કરોડો હોય, તોપણ તેનો પ્રકાશ અક્ષરના એક રોમમાં લીન થઈ જાય છે; એવું જે અક્ષર મહાન કહેવાય છે. તેવા અક્ષર કદાચ કોટાનકોટી હોય, તોપણ તેમનું તમામ તેજ ભગવાન શ્રીહરિના એક રોમમાં લીન થઈ જાય છે. એવા મોટા ભગવાન શ્રીહરિ છે. ૩૧-૩૪.

'ભગવાનથી કોઈ અધિક નથી', આમ દૃઢપણે કરીને જે જાણે છે તે બીજા કોઈ ગ્રંથને વાંચે કે સાંભળે; તોપણ તેની તે દૃઢતા ફરે નહીં. ૩૫. અને ત્યારે જ આ સત્સંગ પરિપૂર્ણ થયો કહેવાય છે. પરંતુ જો તેનું અંતર ફરી જાતું હોય, તો તે અધૂરો કહેવાય છે અને ત્યાં સુધી તેને સત્સંગનું સુખ આવતું નથી; પણ દુઃખ રહે છે. ૩૬. **'ભગવાનથી અધિક કોઈ બાબતને ન જ જાણે', એ વાત સર્વોપરિ છે અને તેને જ સત્સંગ થયો કહેવાય છે.** ૩૭. ચાહે તેવો કોઈ જ્ઞાની હોય; તોપણ જ્યાં સુધી તે શરીરમાં રહે છે, ત્યાં સુધી તે શરીરને આધીન રહે છે. તેથી જ જે સમજણા માણસો હોય છે, તે પિંડ અને બ્રહ્માંડને અત્યંત અસત્ય દેખે છે. એવા જીવ એક ભગવાનને જ સત્ય દેખે છે. જેને સત્સંગ છે તે હંમેશાં સત્યને જ સત્યનાં રૂપમાં જાણે છે. પણ જે અસત્ય છે તેને કોઈ દિવસ સત્યનાં રૂપમાં દેખતા નથી. ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "વડતાલમાં વિશાળ ત્રણ શિખરનું મંદિર કરવાનો બ્રહ્મમુનિએ આરંભ કરાવ્યો" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર પચીશમું : તરંગ - ૫૭

સત્સંગ, ભગવાનનું સ્વરૂપ અને શિક્ષાપત્રીના સદાચારની સર્વોત્તમતા કહી

બ્રહ્માનંદ સ્વામીએ પાટીદારોની આગળ જે વાત કહી તે વાત મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરને કહી. તે વાત જેવી છે તેવી હરિભક્તોના પ્રત્યે હું કહું છું. કારણ કે, કોઈ પણ વાત કહ્યા સિવાય ચોક્કસ જાણી શકાતી નથી. ૧-૨. **જે વાતનો જેવો હેતુ હોય છે, તે કોટિ કલ્પે પણ કહ્યા વિના જાણી શકાતો નથી.** ૩. જેમાં જેટલું દૈવત હોય છે તે કહેવાથી દેખવામાં આવે છે. તે માટે આ વાત કહું છું. ૪. શ્રીહરિની વાતો મોક્ષમાર્ગને દેખાડી દે છે. તેથી તે વાત સર્વોપરિ છે. ૫.

વેદો, પુરાણો, વેદાંત તથા યોગના ગ્રંથો અને મોટા મોટા જે ઋષિઓ અને વ્યાસાદિક જેવા જે કોઈ સત્પુરુષો છે, તે શ્રીહરિની વાત સમાન બીજી કોઈ વાતને ક્યારેય જરા પણ કહેતા નથી. ભગવાનની વાત સિવાયની જેટલી બીજી વાતો છે તે બધો નરકનો માર્ગ છે, તેમ દેખાય છે. ૬-૭. જેટલા ગ્રંથો છે તે સર્વે ભગવાનના ભક્ત સિવાયના અન્ય ઉપાસકોને મોક્ષના ખપમાં આવતા નથી. જે જેને ઈષ્ટદેવ માને છે તે તેને સર્વોપરિ કહે છે. એટલું જ નહીં માંસ, દારૂ, ચોરી અને વ્યભિચાર એવાં પાપમાં પણ જે જેટલો સાર માને છે; તેને તે સર્વોપરિ વાત કહે છે અને તેમાં કાંઈ દોષ દેખતા નથી. પરંતુ ભગવાનના જે ભક્તો છે તે તો ભગવાનને તુલ્ય બીજા કોઈને સમજતા નથી. ૮-૧૦. જ્યાં સુધી બીજી બાબતને ભગવાનને તુલ્ય જાણે છે, ત્યાં સુધી તેટલો તે હરિભક્ત કાચો છે. તે તેની બોલીમાં દેખાઈ આવે છે. **ભગવાન સમાન કોઈ વાત સર્વોપરિ દેખાતી નથી. સત્સંગ અને હરિભક્તની જેટલી બાબત છે, તે બધી સર્વોપરિ છે.** તે સર્વોપરિ વાતને હરિભક્ત સિવાયના બીજા કદાચ વેદ અને પુરાણને ભણ્યા હોય, તોપણ તે ક્યારેય જાણી શકતા નથી. ૧૧-૧૩.

❋ સત્સંગમહિમા :

दोहा : सत्संग हरि हरिजन कु, जिहाँ लगहि जेहि;
जानत नहि जिहाँ लगहि, कछु न पढे यह तेहि...१४

सोरठा : सत्संग बिन जेते, पढे चाय तेसे तेहि;
अंतराय हि तेते, करत चलत तेते तेहि...१५
सत्संग करन हित, वेद पुराण के मत रहे;
पढे ताकू हि जीत, सत्संग करे न सुने यह...१६

સત્સંગ, શ્રીહરિ અને ભગવાનના ભક્તને જ્યાં સુધી જે ઓળખતો નથી, ત્યાં સુધી તે ભણ્યો હોવા છતાં કાંઈ જ ભણ્યો નથી. ૧૪. કેમ જે, સત્સંગ વિના ગમે તેટલું ભણે, તોપણ તે મોક્ષમાર્ગે ચાલવામાં અંતરાય કરે છે. ૧૫. વેદ અને પુરાણોનો મત છે કે, 'સત્સંગ કરવો.' પણ ભણ્યા પછી જે બીજાને જીતવાનું જ કામ કરતા હોય, તેણે સત્સંગ કર્યો હોય તેવું સાંભળ્યું નથી. ૧૬. જ્યાં સુધી સત્સંગ કરતા નથી ત્યાં સુધી તે સહુથી વધુ ભણ્યા હોય, મોટાં મોટાં તીર્થધામમાં નિવાસ કરીને રહે, રોજ કરોડો ગાયોનું બ્રાહ્મણોને દાન આપે, તેમજ કરોડો અશ્વ, હાથી અને રથનું દાન નિત્ય આપે, રોજ કરોડો બ્રાહ્મણને તેની ઈચ્છા મુજબ જમાડે અને કરોડો વિપ્રને એક એક સોનામહોર આપે, દર મહિને વિધિ પ્રમાણે મોટા મોટા યજ્ઞો કરાવે તથા સવારથી સાંજ સુધી જે કોઈ અભ્યાગત ભિક્ષુક આવે તેને તે તૃપ્ત થાય તેટલું ભાવ સહિત જમાડે; તોપણ જ્યાં સુધી તે સત્સંગ નથી કરતા ત્યાં સુધી તેણે કરેલાં તે સર્વે સાધનો એકડા વગરનાં શૂન્ય જેવાં શોભે છે. ૧૭-૨૧.

આવા સત્સંગને પ્રસિદ્ધ કરવા માટે શ્રીહરિને મનમાં ઘણો ઉત્સાહ હતો. શ્રીહરિએ ઉદ્ધવ સંપ્રદાયને પ્રમાણભૂત કર્યો છે. ધર્મ વગરના જેટલા મતો છે કે જેમાં સ્ત્રી અને પુરુષની ભેળસેળ હોય છે, ત્યાં શ્રીહરિ ક્યારેય મોક્ષ માનતા નથી. આ જગતમાં જેટલા વિષયી ગુરુ, આચાર્ય અને તેવા શિષ્યો હોય કે જેમાં દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારનો ત્યાગ કરાતો ન હોય અને જેમાં ભગવાનની મૂર્તિને મોક્ષદાયક માનવામાં ન આવતી હોય; તેવા મતોના ઉપર શ્રીહરિએ ચોકડી તાણી દીધી છે. અને જે નિપુણ માણસો છે તે ચોકડીવાળાને ધર્મ રહિત માને છે. ૨૨-૨૫. જે ખેતરમાં કોઈ રખેવાળ કે વાડ ન હોય તે ચાહે તેવું ખેતર હોય, તોપણ તે સારું રહ્યું હોય તેવું સાંભળ્યું નથી. ૨૬.

✲ સત્સંગરૂપી ખેતરનાં રક્ષણ અને પોષણની વિગત :

सोरठा : सत्संगरूप जेहु, खेत रहेउ मोक्षरूप;
हरि के चरित्र तेहु, तामें कल्पवृक्ष रहे...२७
सत्संग खेत ताहि, नियमरूप वारी रहेउ;
नित्य समागम वाहि, कथा कीर्तन नीर जो यह...२८

આ સત્સંગરૂપ જે ખેતર છે, તેમાં મોક્ષરૂપ શ્રીહરિનાં ચરિત્રો કલ્પવૃક્ષ છે. ૨૭. સત્સંગરૂપી ખેતરને નિયમરૂપી વાડ કરી છે. નિત્ય સંત સમાગમ કરવો અને કથા-કીર્તન કરવાં, તે સત્સંગરૂપ ખેતરનું પાણી છે. ૨૮. દેશેદેશ અને ગામેગામમાં જેટલા હરિભક્તો રહે છે, તે સહુને ભગવાનની કથાવાર્તા કરી શકાય, કીર્તન અને ભગવાનનાં નામની ધૂન થાય, સુખપૂર્વક પૂજા, ધ્યાન અને સ્મરણ થાય અને ભગવાનનાં અનુપમ ચરિત્રો સુખપૂર્વક કહેવાય; તેટલા માટે શ્રીહરિએ હરિમંદિરો કર્યાં છે. જ્યારે જ્યારે તે મંદિરમાં સંતો કે વર્ણીઓ આવતા રહે, ત્યારે તેનાથી જેમ જેમ સત્સંગ પાકો થાય તેમ તેમ સત્સંગનો નવો રંગ ચઢતો રહે છે.

જેના જેવા નિયમો છે તે બધા શિક્ષાપત્રીમાં કહ્યા છે. ૨૯-૩૧. શિક્ષાપત્રીમાં તે જેવી વાત કહી છે તેવી સંતો સંભારીને કરતા રહે છે. સંતો, વર્ણી અને હરિભક્તોને પાળવાની જેટલી રીત છે તથા સત્સંગના આચાર્યને વર્તવાની જે રીત છે, તેમજ આચાર્યની પત્નીઓને વર્તવાની જે રીત છે, ચાર વર્ણ અને ચાર આશ્રમનાં વર્તનની જેવી રીત છે, તેમજ ભગવાને વારંવાર પ્રગટ થઈને જે ધર્મની રીત બાંધી છે; તે બધી શિક્ષાપત્રીમાં કહી છે. ૩૨-૩૪.

જ્યારે ભગવાન સાધુરૂપે પ્રગટ થાય છે, ત્યારે પોતાના આશ્રિતોને શિક્ષાપત્રીમાં કહેલા જે મોક્ષરૂપ ધર્મ છે તેને અનુસારે વર્તાવે છે. જે તે પ્રમાણે વર્તે છે તેનો મોક્ષ કરે છે. જ્યારે ભગવાન રાજારૂપે પ્રગટ થાય છે, ત્યારે પોતાની પ્રજાને શિક્ષાપત્રીમાં કહેલા અતિ પરમ પુનિત જે ધર્મ કહ્યા છે તે પ્રમાણે યથાર્થ પળાવે છે. ૩૫-૩૭. વેદ, પુરાણ, સ્મૃતિ અને ઈતિહાસમાં ભગવાનને અવતરવાના જે જે હેતુઓ છે તે કહ્યા છે. જે કોઈ

આચાર્ય હોય તે શિક્ષાપત્રીમાં કહેલાં વચન પ્રમાણે ચાલે તો જ તેનું પ્રમાણ થાય છે. ૩૮-૩૯. શિક્ષાપત્રીમાં કહેલા સદાચારનો લોપ કરીને જે વર્તે છે તે તો પાખંડી છે, તેમ શિક્ષાપત્રી જ કહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "સત્સંગ, ભગવાનનું સ્વરૂપ અને શિક્ષાપત્રીના સદાચારની સર્વોત્તમતા કહી" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર પચીશમું : તરંગ - ૫૮

શ્રીહરિએ કહેલી અને મનમાં વિચારેલી કલ્યાણકારી વાતોની વિશેષતા

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરની આગળ જે વાત કહી, તે ઘણી ઉત્તમ વાત બીજા બધા હરિભક્તોની આગળ પણ કહું છું. ૧. વાત વાતમાં રાત-દિવસના જેટલો ફરક હોય છે. એક વાત શાંતિ કરાવે છે, તો એક વાત અશાંતિ ઊપજાવે છે. ૨. શાંતિ કરાવે એવી વાત તો દુર્લભમાં પણ દુર્લભ રહી છે. જે વાતમાં મોક્ષ રહ્યો હોય તે વાત અતિ શાંતિકારક સર્વોપરિ છે. ૩. ભગવાન સર્વોપરિ છે. તે ભગવાન સર્વોપરિ વાતમાં વાતરૂપે રહે છે, તેને વાત જ કહી દે છે. ૪. શાંતિ વગરની જે વાત હોય છે તેનાથી ભગવાન દૂર રહે છે. નીતિ વગરની વાતોથી તો બ્રહ્માંડ ભરાય ગયું છે. તે બધી વાતો સંતાપ કરનારી છે, એમ નીતિ કહે છે.

❋ નીતિ અમૃત છે, અનીતિ ઝેર છે :

જેટલાં નીતિનાં પ્રમાણરૂપ વચન છે, તે બધાં ભગવાનના મુખનાં વચન છે. જે નીતિનાં વચનો છે તે અમૃત કરતાં પણ કરોડગણા જીવનરૂપ છે. જેટલાં ધર્મ તથા મોક્ષપરક વચન છે, તે બધાં નીતિનાં વચનોમાં પણ સહુથી મુખ્ય વચન છે. ૫-૭. નીતિ શાસ્ત્રમાં કામ અને અર્થનું પ્રતિપાદન કરનારાં જે વચન છે, તે બધાં ધર્મ અને મોક્ષરૂપ ગુરુના શિષ્ય થઈને વર્તે

છે. ૮. નીતિ બે પ્રકારની છે : એક માયિક અને બીજી અમાયિક. તે બંનેમાં રાત-દિવસ જેટલો ફરક છે. માયિક નીતિમાં માયિક ફળ રહ્યું હોય છે. ૯.

આ બ્રહ્માંડમાં જેટલું માયિક સુખ છે, તેમાં અતિશય દુઃખ ભર્યું છે. જે લોકો માયિક નીતિ ઉપર ચાલે છે, તેને એવું દુઃખ ભરેલું સુખ મળે છે. ૧૦. અમાયિક(દિવ્ય) નીતિ ઉપર જે ચાલે છે, તેને અમાયિક ફળ મળે છે. તે અમાયિક ફળ સ્વયં ભગવાન છે. તે કહ્યા સિવાય સમજાતું નથી. ૧૧.

⁕ જે અમાયિક સુખ પામે તેના સર્વે સંકટ વામે :

चोपाई :

अमायिक फल सत्संग रहाते, भगवान की कथा बात कहाते;
भगवान सबंधी कीर्तन रहाये, भगवान सबंधी सेवा कहाये...१२

दोहा : अमायिक रहे सब हि तेहि, गिनत न आवत पार;
कोटि कल्प लग कहत तोउ, रहत भयेउ अपार...१३

अमायिक नीति पढत रहे, हरिजन जेते जेहु;
ब्रह्मांड कहावत जितना, जित रहत यह तेहु...१४

સત્સંગ છે તે અમાયિક ફળ છે અને ભગવાનની કથાવાર્તા, ભગવાનનાં સંબંધવાળાં કીર્તન અને ભગવાન સંબંધી સેવા; એ બધું અમાયિક છે. અને તેનું ફળ પણ અમાયિક છે, જેનો ગણ્યે પાર આવતો નથી. તેને કરોડો કલ્પ સુધી કહેવામાં આવે, તોપણ તે અપાર રહે છે. ૧૨-૧૩. જે હરિભક્તો અમાયિક નીતિને ભણે છે તે જેટલાં બ્રહ્માંડો કહેવાય છે તે બધાંને જીતી જાય છે. ૧૪. અને તે અમાયિક સુખનો અપાર લાભ લે છે. તેવા ભક્તનો કાળ ક્યારેય પરાભવ કરી શકતો નથી. ૧૫. સત્સંગ કરવાથી આવું સુખ મળે છે. પછી તે સંસારમાં ભટકતો નથી અને તેને અવિનાશી સુખ મળતું રહે છે. ૧૬. અમાયિક નીતિને લીધે અમાયિક સુખ મળે છે. અનંત બ્રહ્માંડનાં જે ઉત્તમ વિષય કહેવાય છે, તે બધા અમાયિક સુખની આગળ નાશવંત અને અતિશય તુચ્છ લાગે છે. ચિંતામણિની આગળ દમડી જેવાં એ બધાં માયિક સુખ લાગે છે. ૧૭-૧૮.

બ્રહ્માંડમાં જેટલા લોકો હોય છે તે બધા માયિક સુખની પાછળ દોડે છે. જેની જેવી બુદ્ધિ હોય તેવા તે માયિક સુખ પામવાના ઉપાયો કરે છે. તે માયિક સુખને માટે અગણિત લશ્કર રાખે, અનંત તોપો રાખે અને અપાર ધન ભેળું કરે છે. ધન ભેળું કરતાં કરતાં કેટલાય લોકો મરી જાય છે, તેનો કોઈ પાર નથી. તે મરી ગયેલાની પાછળ પોતાનું નામ લખનારા(વારસદાર) જે બીજા હોય છે, તે જે રીતે પોતાની બુદ્ધિ ચાલે તે રીતે મરનારાના ધનના માલિક થાય છે. જ્યારથી આ બ્રહ્માંડ થયું છે તે દિવસથી આવું ચાલતું આવે છે. ૧૯-૨૨. જ્યારે નારદજી અને શુકદેવજીના જેવા અમાયિક સંતો મળ્યા, ત્યારે પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવા રાજાઓ અમાયિક સુખના માર્ગે ચાલ્યા હતા. તે સંતોએ તેમને અમાયિક માર્ગ દેખાડ્યો કે જેનાથી અધિક બીજું કોઈ સુખ રહ્યું નથી અને જે સુખ કોઈ કલ્પે કરીને પણ તલભાર જેટલું પણ નાશ નથી પામતું. ૨૩-૨૪. જે મનુષ્ય અમાયિક માર્ગે ચાલે છે તેને જેટલા નિપુણ મનુષ્યો છે તે બુદ્ધિમાન કહે છે અને પંડિત કહે છે. ૨૫. **આ સત્સંગમાં રહીને શ્રીહરિએ જે જે વાતો કરી છે, તે તો આખું બ્રહ્માંડ ભરાય તેટલી છે.** ૨૬. શ્રીહરિ પોતાની વાતોમાં જેટલી માયિક બાબતો છે, તે બધી તુચ્છ દેખાડતા અને જે અમાયિક બાબતો છે તે સત્ય દેખાડતા. ૨૭.

શ્રીહરિએ વાતો કરીને અસત્‌ને અસત્ય બતાવી દીધું અને સત્યને તે જેવું હતું તેવું સત્ય બતાવી દીધું. ૨૮. અત્યારે શ્રીહરિએ ઉત્તમમાં ઉત્તમ ત્યાગ, ઉત્તમમાં ઉત્તમ વૈરાગ્ય, ઉત્તમમાં ઉત્તમ જ્ઞાન, ઉત્તમમાં ઉત્તમ ધર્મ અને ઉત્તમમાં ઉત્તમ ભક્તિ; એ સર્વેને પ્રવર્તાવ્યાં છે. શુક, સનકાદિક, નારદ, દત્તાત્રેય, કપિલદેવ તથા જડભરત જેવા સત્પુરુષો પણ તેને કરોડોવાર પ્રમાણિત કરે છે અને વારંવાર તેની પ્રશંસા કરે છે. વળી ભવ, બ્રહ્મા, ઈન્દ્રાદિક દેવો અને વ્યાસ આદિક અપાર ઋષિઓ, તે બધાએ શ્રીહરિની કહેલી વાતને સહુથી શ્રેષ્ઠના રૂપમાં વખાણી છે. સર્વે બ્રહ્માંડોમાં રહેલા જે ભગવાનના અવતારો તથા જે તે બ્રહ્માંડમાં રહેલા ભવ, બ્રહ્મા, ઈન્દ્રાદિક દેવતા; એ સર્વે શ્રીહરિએ સત્સંગમાં જેટલી વાત સ્થાપન કરી છે, તેને પરમનિધિરૂપ જાણે છે અને તેને સર્વશ્રેષ્ઠના રૂપમાં પ્રમાણ કરે છે. સર્વે

બ્રહ્માંડના જે ઇન્દ્રિયોના દેવો છે તે પણ શ્રીહરિની વાતને પ્રમાણ કરી પ્રશંસા કરે છે. તેઓ **શ્રીહરિ આ ભૂમિ ઉપર પ્રગટ થઈને જેટલાં વરસ રહ્યા ત્યાં સુધીની જે જે વાતો કરી હોય, તે બધી વાતોને વરસ, માસ, દિવસ અને ઘડી સુધીની યાદ રાખીને તેનું સ્મરણ કરે છે. અને જીવનનું સાચું ફળ એટલું જ છે, એમ માને છે.** શ્રીહરિની વાતોનાં સ્મરણ કરતાં અન્ય વસ્તુને સ્વપ્નમાં પણ અધિક દેખતા નથી. ૨૯-૩૬.

તેઓ જિંદગીનું ફળ તે વાતોને સંભારવી તેટલું જ માને છે. તે સિવાય જેટલો સમય વીતે છે તેને વ્યર્થ માને છે. ૩૭. શ્રીહરિની જેટલી વાત છે તેને જ્યાં સુધી સર્વોપરિ દેખતા નથી, ત્યાં સુધી મોટા થયા હોય તોપણ શું ? જે શ્રીહરિની વાતોને પ્રમાણ નથી કરતા, એવા લોકોનો નરકમાં નિવાસ થાય છે. ૩૮-૩૯. નારકી લોકો ચાહે તેવા મોટા હોય, સર્વે લોકો તેને નમતા હોય; તોપણ તે તેની બોલી ઉપરથી દેખાઈ આવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિએ કહેલી અને મનમાં વિચારેલી કલ્યાણકારી વાતોની વિશેષતા" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર પચીશમું : તરંગ - ૫૯

શ્રીહરિ સંત-હરિભક્તોની સાથે ભુજમાં નરનારાયણ દેવને પધરાવવા આવ્યા

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરની જે વાત કહી, તે બીજા સર્વે હરિભક્તોની આગળ જેમ છે તેમ કહું છું. ૧. બ્રહ્માનંદ સ્વામી જેમ શ્રીહરિએ કહ્યું હતું તેમ વડતાલમાં મંદિર કરવા લાગ્યા. તે દિવસોમાં શ્રીહરિ ગઢપુર હતા, ત્યાં બ્રહ્માનંદ સ્વામીના વારંવાર પત્ર આવતા હતા અને શ્રીહરિ પણ તેમને સામે પત્ર લખતા હતા. જેમાં કોઈ જાતનું દુઃખ ન આવે એવી વાતો લખતા હતા. ૨-૩. ભુજમાં જ્યારે મંદિર પૂરું થઈ ગયું, ત્યારે તે મંદિરમાં ઘણી ભાવનાથી નરનારાયણ દેવને પધરાવવા માટે શ્રીહરિ તે વખતે સંતો

અને મોટા મોટા જે હરિભક્તો હતા તે સહુને સાથે લઈને ગયા. મુક્તાનંદ સ્વામી કહે, હે દાદા ખાચર ! તમારી જેવા ઘણા હરિભક્તોનાં નામ સાથે લઈ જવા માટે શ્રીહરિએ લખાવ્યાં. તે હવે હું તમને કહું છું.

જે દેશમાં જે હરિભક્ત રહેતા હતા તેમને તેની જાણ કરી. જેમ કે, સોરઠમાં મયારામ ભટ્ટ આદિક તથા ઝીણાભાઈ, હીરાભાઈ ઇત્યાદિક તે તે ગામના મુખ્ય હરિભક્તો. તેમજ હાલાર દેશમાં જે મુખ્ય હરિભક્તો હતા, કાઠિયાવાડ દેશનાં જેટલાં ગામોના મુખ્ય હરિભક્તો હતા તેમનાં પણ નામ લખ્યાં. ૪-૮. વાળાક દેશનાં ગામોના જે મુખ્ય હરિભક્તો હતા, તેમજ ઊના અને દીવના જે મુખ્ય હરિભક્તો હતા તેનાં નામ પણ લખ્યાં. ૯. ગોહિલવાડ દેશનાં ગામોના જે મુખ્ય હરિભક્તો હતા, તેનાં નામ પણ સંભારીને લખ્યાં. તેમ દેશેદેશનાં જે ગામો છે ત્યાંના હરિભક્તો અને સંતોને સાથે લઈને શ્રીહરિ ભુજનગરના ભક્તોના ભાવ પૂરા કરવા માટે ત્યાં પધાર્યા. ૧૦-૧૧.

કચ્છ દેશનાં ગામોમાં જે હરિભક્ત બાઈ-ભાઈઓ રહેતાં હતાં, તેનાં નામ લઈએ તો પાર આવે તેમ નથી. ૧૨. તે બધાં હરિભક્તો અતિશય પ્રેમી હતાં. શ્રીહરિ પધાર્યા છે, તેમ સાંભળ્યું એટલે ગંગારામ મલ્લ, હીરજીભાઈ તથા બીજા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. તે ભક્તો એક એકથી સરસ હતા, શ્રીહરિ ઉપર ખૂબ ભાવવાળા હતા અને તેમનાં મનમાં ઘણો ઉત્સાહ ભર્યો હતો. ૧૩-૧૪. સહુ અરધા કોશ સુધી શ્રીહરિની સામે આવ્યા અને જ્યારે શ્રીહરિને દેખ્યા ત્યારે સહુએ દંડવત્પ્રણામ કર્યા. ૧૫. શહેરથી લઈને અરધા કોશ સુધી જે હરિભક્તો આવી રહ્યા હતા, તેમણે બધાએ સારાં સારાં વસ્ત્ર અને ઘરેણાં વગેરે પહેર્યાં હતાં. ૧૬. જેટલા હરિભક્તો હતા, તે બધા પોતાના હાથમાં એક એક ફૂલનો હાર લઈને આવ્યા હતા. તે સહુ માનો ફૂલનો બગીચો હોય ! તેવા જણાતા હતા. ૧૭. હરિભક્તો એક એકથી આગળ રહીને ફૂલહાર શ્રીહરિને પહેરાવતા હતા.

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧૮. હરિભક્તો જેટલા હાર લાવ્યા હતા તે બધા ઘણા ભક્તિભાવથી શ્રીહરિને

પહેરાવતા હતા. કચ્છ દેશનાં જેટલાં વૃદ્ધ, યુવાન કે બાળક બાઈ-ભાઈ હરિભક્ત કહેવાતાં હતાં; તે બધાનાં નામ શ્રીહરિ જાણતા હતા. કારણ કે, શ્રીહરિ સાત વર્ષ સુધી કચ્છમાં રહ્યા હતા. તે બધી વાત કહેતાં પાર આવે તેમ નથી. ૧૯-૨૦. કચ્છ દેશમાં ગામનાં ગામ હરિભક્તોના હતા. ત્યાં એક મહિનો, બે મહિના કે ત્રણ મહિના જેટલું વરસોવરસ શ્રીહરિ ફરતા હતા. તેની વાત અપાર છે, જે કહી શકાતી નથી. ૨૧. શ્રીહરિએ હરિભક્તો અને સંતોને જે સુખ આપ્યું હતું તે તો અગણિત છે. અત્યારે તે અગણિત સુખને કોણ કહી શકે ? એકની વાત કહેવામાં તો કરોડો રહી જાય છે. ૨૨.

જેટલાં સંતો, વર્ણી અને ભાઈ-બાઈ સહુ હરિભક્તો હતાં, તે એક એકને એટલું બધું સુખ આપ્યું છે કે તે એક એકનાં સુખથી એક એક બ્રહ્માંડ ભરાઈ જાય તોપણ સુખ વધી પડે, આટલું સુખ શ્રીહરિએ તે સહુને આપ્યું છે. લખી લખીને મારે કેટલુંક લખવું ? તેનો છેડો ન જ આવે, એટલું સુખ શ્રીહરિએ આપ્યું હતું. ૨૩-૨૪. જેને શ્રીહરિએ આપેલાં સુખને કરોડો કરોડ કલ્પ સુધી રાત-દિવસ કહેવામાં જ્યારે નવી નવી શ્રદ્ધા રહે, ત્યારે તે પૂરો રસિક કહેવાય. જેની શ્રદ્ધા નવી ને નવી રહે, તેને પૂરા સંત તથા વર્ણી કહેવાય અને તેને જ પૂરા હરિભક્ત કહેવાય. તેમની પૂર્ણતા તેમની શ્રદ્ધા કહી દે છે. ૨૫-૨૬.

❋ જો સત્સંગમાં શ્રદ્ધા જાગે તો કસરમાત્ર ભાગે :

सोरठा : श्रद्धा जितनी हि जाय, तेसे संत हरिजन रहेउ;
बचन हि में सुँ ताय, देख परत जेसे हि यह...२७
जितनी श्रद्धा जेहि, तितनी समाधि रहे यह;
कसर जितना तेहि, श्रद्धा कही देवत रहेउ...२८

चोपाई :
संत हरिजन में श्रद्धा जेता, सत्संग सबंधी जो तेता;
श्रद्धा तितना मोटप तामें, आवत रहे सहज हि यामें...२९

જે સંત કે હરિભક્તને જેટલી શ્રદ્ધા હોય છે, તે બધી તેનાં વચનમાં દેખાય આવે છે. ૨૭. જેટલી શ્રદ્ધા હોય છે તેટલી સમાધિ રહે છે. જેનામાં

જેટલી કસર હોય છે, તે શ્રદ્ધા કહી દે છે. **સંતો અને હરિભક્તોમાં જેટલી સત્સંગ સંબંધી શ્રદ્ધા હોય છે, તેટલી તેમાં મોટપ સહજભાવે આવે છે.** ૨૮-૨૯. **અને શ્રદ્ધામાં જેટલી કસર રહે છે તેટલી મોટપમાં કસર રહે છે.** જે પેશવાનું અતિ મોટું રાજ્ય કહેવાતું હતું તેને ઊપજનો કોઈ પાર ન હતો. ૩૦. તેમની પાસે તોપ અને લશ્કર પણ અપાર હતું. ગાયકવાડ, હોલકર, ગોરખા અને સિંધિયા; આ ચાર તેનું રક્ષણ કરનારા મજબૂત કિલ્લાઓ હતા. ૩૧. પણ જ્યારે તેઓ અનીતિમાં ચાલવા લાગ્યા ત્યારે તે પેશવાનું રાજ્ય ડૂબી ગયું. અને જે નીતિ ઉપર ચાલ્યા તેનું રાજ્ય થઈ ગયું. ૩૨. નીતિ વગરનાં જેટલાં રાજ્યો હતાં તે બધાં મૂળ વગરનાં હતાં. જે નીતિ વિનાનાં રાજ્યો છે તે બધાં જીવ વિનાના દેહ જેવાં છે. ૩૩. જેનામાં અલૌકિક બુદ્ધિ હતી તેઓ નીતિ ભણીને કોણ સજીવ છે અને કોણ નિર્જીવ-શબ જેવા છે, તેને જોવા લાગ્યા અને પછી તેણે રાજ્ય કબજે કર્યું. ૩૪.

નીતિ અને શ્રીહરિનો મત એક કહેવાય છે. નીતિનાં મૂળ જામતાં ગયાં ત્યારે મૂળ વગરની જે અનીતિ હતી તે સહજ ભાવે ઝાંખી થઈ ગઈ. ૩૫. એ જ રીતે સત્સંગની અલૌકિક રીત દેખીને ધર્મ વગરના જેટલા મતપંથ હતા, તેના જામી ગયેલાં મૂળ સૂકાવાં લાગ્યાં. ૩૬. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે ચાહે તેટલાં પતંગિયાં હોય, તોપણ સહજ રીતે ઝાંખા થઈ જાય છે. ૩૭. ભુજના રાજા જે મહારાવ હતા તેણે શ્રીહરિ આવે છે; તેમ જાણીને ડંકા, નિશાન તથા ચોપદાર ઇત્યાદિકને ઘણાં હેતભાવથી શ્રીહરિની સન્મુખ મોકલ્યા. અને જેટલાં વાજિંત્ર હતાં તે પણ બધાં તેમની સાથે મોકલ્યાં. ૩૮-૩૯. જ્યારે તે બધાં વાજિંત્રો વાગવાં લાગ્યાં તે સમયે હરિભક્તોનાં હૃદયમાં આનંદ આનંદ થઈ ગયો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિ સંત-હરિભક્તોની સાથે ભુજમાં નરનારાયણ દેવને પધરાવવા આવ્યા" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત-૫૯



પૂર પચીશમું : તરંગ - ૬૦

શ્રીહરિ ધામધૂમથી ભુજનગરમાં પધાર્યા અને સહુને ઉતારા કરાવ્યા

મુક્તાનંદ સ્વામીએ જે શ્રીહરિચરિત્ર હેતથી દાદા ખાચરને કહ્યાં હતાં તે ઘણા આનંદથી સર્વ હરિભક્તોના પ્રત્યે કહેવા લાગ્યા. ૧. મોટા મોટા ગામેતી કાઠી અને ગામેતી ક્ષત્રિય રાજપૂત હરિભક્તો ભુજની સવારીમાં શ્રીહરિની સાથે હતા. ૨. તે વીશ ગામના બધા હરિભક્તો પોતપોતાના અશ્વને લઈને આવ્યા હતા. ૩. જેટલા અશ્વ હતા તે બધાને સોનાનાં ઘરેણાંથી શ્રીહરિના અશ્વની જેમ શણગાર્યા હતા. ૪. કાઠી અને ક્ષત્રિય દરબારોએ મસ્તક ઉપર જરિયાની પાઘ બાંધી હતી અને સોનેરી ફૂબાવાળી ઢાલ પીઠ પાછળ સહુએ બાંધી હતી. ૫. સહુના એક એક હાથમાં ભાલો અને સોનેરી મૂઠવાળી તલવાર કમર ઉપર બાંધેલી હતી. તેની એટલી અદ્‌ભુત શોભા હતી જે કહી શકાતી નથી. ૬. શ્રીહરિએ પોતાના અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મૂર્તિ મનમોહક બની હતી.

જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે શ્રીહરિએ **ભુજ**શહેરમાં પ્રવેશ કર્યો. ૭. બધી રાજબજારો સ્વચ્છ કરાવીને તેમાં પાણી છંટાવ્યું હતું. બજારના બંને પડખાના ભાગમાં ફળવાળી કેળો ઠેર ઠેર રોપાવી દીધી હતી. તથા પાર ન લઈ શકાય તેટલા દીવાઓ કર્યા હતા. કેળના દરેક થાંભલામાં ભાત ભાતના ફૂલના હાર પહેરાવી દીધા હતા. જેવો સમય હોય, તેને જાણનારા લોકોએ દુકાનોને પણ રંગબેરંગી બનાવી દીધી હતી અને બધા લોકો આવીને ત્યાં ઊભા રહ્યા હતા. ૮-૧૦. સંતો અને હરિભક્તો સહુ શ્રીહરિની આગળ ચાલતા હતા. અને તેમની આગળ વાજિંત્રો વાગતાં હતાં. સહુ સહજાનંદ સ્વામીની ‘જય જય...જય જય...’ એમ બોલતા હતા. ૧૧. હરિભક્તો ઝાંઝ તથા મૃદંગ લઈને ઉત્સવ કરતા હતા. અને જે પ્રેમી હરિભક્તો હતા તે ગુલાલ ઉડાડતા હતા. ૧૨.

શ્રીહરિના અશ્વની પાછળ બીજા બધા અશ્વો હતા. ડંકા તથા નિશાનના બે અશ્વો સહુની આગળ ચાલતા હતા. ૧૩. ચાર ચોપદારો હાથમાં સોનાની

છડી લઈ 'જય જય મહારાજાધિરાજ..!' એમ વારંવાર બોલતા હતા. ૧૪. શહેરની જેટલી સ્ત્રીઓ હતી તે બધી શ્રીહરિનાં દર્શન કરવા માટે ગોખ તથા અગાશી ઉપર ચઢી ગઈ હતી. સહુના હાથમાં મોતીના થાળ હતા. ૧૫. દિલમાં અતિશય હેત કરીને શ્રીહરિને મોતી અને સોનાનાં ફૂલથી વધાવતી હતી. ૧૬. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિક દેવતાઓ વિમાનમાં બેસીને શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તેઓ કેસરયુક્ત ચંદન અને પુષ્પ લાવ્યા હતા. તે શ્રીહરિના ઉપર વરસાવીને પોતાના જન્મને સફળ માનતા હતા. જેટલા ગાંધર્વ સાથે આવ્યા હતા તે બધા વાજિંત્ર વગાડવા લાગ્યા. ૧૭-૧૮. જે અપ્સરાઓ તથા દેવાંગનાઓ હતી તે નૃત્ય તથા ગાન કરવા લાગી. જેવો શ્રીહરિનો મહિમા હતો, તે રીતે તે ગાન કરતી હતી. ૧૯. તેમનાં દિલમાં અપાર આનંદ ભર્યો હતો. તેવો આનંદ બીજો કોઈ કહેવાય નહીં.

તે સમયે શ્રીહરિએ ફૂલના અપાર હાર ધારણ કર્યા હતા. ૨૦. શ્રીહરિ તેમાંથી કેટલાક હાર સંતો તથા હરિભક્તોને આપતા હતા. વળી, અશ્વ ઉપર બેઠેલા બધા દરબારોને પણ ફૂલના હાર શ્રીહરિ આપતા હતા. જેમ જેમ ફૂલના હાર આવતા, તેમ તેમ એકે એકને સંભારીને હાર આપતા હતા. શ્રીહરિના પાર્ષદો, ચોપદાર અને જે વાજિંત્રવાળા હતા, તે બધાને પણ તેટલા જ ફૂલના હાર આપ્યા. અરધા કોશ જેટલા લાંબા માર્ગે બજારમાં સંતો અને હરિભક્તો ચાલ્યા આવતા હતા. ૨૧-૨૩. આવી શોભા ક્યારેય બની ન હતી. ઘણા દિવસે આવી શોભા થઈ, તેને દેખીને ભક્તજનો મનમાં રાજી રાજી થઈ ગયા અને વારંવાર તે શોભાને વખાણવા લાગ્યા. ભુજ શહેરમાં બીજા જે મતપંથીઓ અને પંડિતો રહેતા હતા, તે શ્રીહરિને આવ્યા દેખીને એકદમ ઝાંખા થઈ ગયા. ૨૪-૨૫.

પુરજનોને દર્શન દેતાં દેતાં શ્રીહરિ જ્યાં પોતાનો ઉતારો હતો ત્યાં આવ્યા અને ઉતારો કર્યો. હવે તે વાત કહું છું. ૨૬. વિશાળ ચંદની બાંધી હતી. તેને મધ્યે સુંદર સજાવેલી પાટના ઉપર ગાદી તકિયા બિછાવી દીધાં હતાં. ૨૭. શ્રીહરિ તે પાટ ઉપર બેઠા ત્યારે ભક્તજનો 'જય જય...જય

જય...' એમ બોલવા લાગ્યા. જે મશાલી હતા, તે જ્યાં ઘટે તેમ ઊભા હતા. ૨૮. શ્રીહરિની સાથે આવેલા સંતો અને હરિભક્તોને જેને જ્યાં ઘટે તે રીતે ઉતાર્યા હતા. શ્રીહરિની સાથે જે ઘોડેસવાર હતા તેમને પણ યોગ્ય રીતે ઉતારા આપ્યા હતા. ૨૯. શ્રીહરિને પણ યથાયોગ્ય ઉતારો કરાવ્યો. ઉતારા કરીને બધા સંતો શ્રીહરિની પાસે આવીને બેઠા. ૩૦.

❋ જે સત્સંગની પ્રથામાં રહે છે તે સમજુ છે :

જે હરિભક્તો અને કાઠી દરબારો શ્રીહરિની સાથે આવ્યા હતા, તે પણ શ્રીહરિની પાસે આવીને બેઠા અને યોગ્ય રીતે તેની સભા થઈ. ૩૧. નિપુણ હરિભક્તો સંતોની ભેગા ક્યારેય બેસતા નહીં. જે સુજ્ઞ બુદ્ધિમાન સંતો હતા તે હરિભક્તોની વચ્ચે જઈને બેસતા નહીં. ૩૨. અને જેટલા શ્રેષ્ઠ વર્ણી કહેવાતા હતા, તે વર્ણીના સમુદાયમાં બેસતા હતા. વર્ણી માથા ઉપર ટોપી રાખતા હતા અને તેનાથી બધા વર્ણી દેખાઈ આવતા હતા. ૩૩. હરિભક્ત બાઈઓ જે લાજ મર્યાદાવાળી હતી તે બાઈઓના સમુદાયમાં બેસતી હતી. લાજ મર્યાદા વગરની જે સ્ત્રીઓ હોય છે, તે હરિભક્ત કહેવાતી નથી. ૩૪.

चोपाई :

संत की रीति में संत जबहू, रहत संत कहावत तबहू;
वर्णी की रीत में वर्णी चलीता, वर्णी पूरे ताकू तब कहीता...३५
हरिजन की रीत में हरिजन जाही, चले तब हरिजन रहे ताही;
सत्संग की प्रथा रहे इमि, कही देखाये रहेउ जिमी...३६

સંતો જ્યારે સંતોની મર્યાદામાં રહે, ત્યારે તે સંત કહેવાય છે અને વર્ણી જ્યારે વર્ણીની રીતમાં ચાલતા હોય, ત્યારે તે પૂરા વર્ણી કહેવાય છે. ૩૫. હરિભક્તોની રીતમાં હરિભક્તો જ્યારે ચાલતા હોય, ત્યારે તે હરિભક્ત કહેવાય છે; આવી સત્સંગની પ્રથા રહી છે. તે જેમ હતી તેમ કહી બતાવી છે. ૩૬. આવી મર્યાદા વગરની જેટલી પ્રથા કહેવાય છે, તે તો કુસંગની ભવાઈ સમાન છે. ૩૭. મોક્ષભાગી મનુષ્યો જેમાં ભવાઈ હોય છે, તેનો ત્યાગ કરી દે છે અને તેમાં બંધાતા નથી. ૩૮. અને જે ભવાઈની રીતને

દેખવા છતાં પણ તેનો ત્યાગ નથી કરતા, તે તો બધા પશુ છે અને તેના ગુરુ પણ પશુ જેવા છે. ૩૯. જે સત્સંગ કરે છે તેઓ પશુ જેવા શિષ્ય અને ગુરુઓને જેમ છે તેમ પ્રસિદ્ધપણે ઓળખી લે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "શ્રીહરિ ધામધૂમથી ભુજનગરમાં પધાર્યા અને સહુને ઉતારા કરાવ્યા" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર પચીશમું : તરંગ - ૬૧

ભુજના મહારાવે શ્રીહરિ પાસે ઉમરાવોને મોકલીને ભક્તિભાવ દર્શાવ્યો

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર આગળ જે વાત કહી તે બીજા બધા હરિભક્તોની આગળ જેમ છે તેમ કહું છું. ૧. ભુજના મહારાવે પોતાના બધા વહીવટી અધિકારી અને ઉમરાવોને શ્રીહરિનાં દર્શન કરવા માટે મોકલ્યા. ૨. તે બધા શ્રીહરિનાં દર્શન કરીને આગળના ભાગમાં બેઠા. સહુએ એક એક શ્રીફળ શ્રીહરિની પાસે મૂક્યું. ૩. શ્રીહરિએ તે સહુને આદરભાવથી બોલાવીને આગળ બેસાડ્યા. તેઓ પણ પરસ્પર જેવો પોતપોતાનો અધિકાર હતો તે પ્રમાણે બેઠા. ૪.

ભુજ નરેશે જેવી વાત કહી મોકલી હતી તે બધી વાત અધિકારીઓ હાથ જોડીને શ્રીહરિને કહેવા લાગ્યા, "હે શ્રીજીમહારાજ ! આપને અમારા મહારાવે ઘણા પ્રણામ કહીને કહ્યું છે કે, અમને આપના પોતાના માની લેજો. ૫. અને જે કોઈ સામાન જોઈએ તે પોતાના જાણીને મગાવી લેજો. ઘોડાને માટે ઘાસ અને ચંદી જેટલી જોઈએ તેટલી રોજ અમે પહોંચાડશું. ૬. પણ તે દરેક સામગ્રીની રોજ ચીઠ્ઠી લખીને મોકલજો. કારણ કે ચિઠ્ઠી લખ્યા સિવાય કોઈને ખબર પડે નહીં. ચિઠ્ઠી લખીને રોજ ગંગારામભાઈ મલ્લને સંભારીને આપી દેજો. ૭. અને બીજું જે કાંઈ અમારે યોગ્ય કામ હોય તેની ચીઠ્ઠી લખીને આપજો. ચિઠ્ઠી લખ્યા સિવાય મળે નહીં, એવો અહીંના દરબારનો ધારો છે. ૮. દરબારને પણ જે રોજ જોઈએ તે ચિઠ્ઠી

લખ્યા સિવાય મળતું નથી. આપ તો જાણો જ છો તોપણ કહીએ છીએ, જેથી કોઈ જાતનો સંદેહ રહે નહીં. ૯.

દિલમાં જેને જેવો ભાવ હોય તે પત્ર લખ્યા સિવાય દેખાય નહીં. ભાવ વિના ક્યારેય પત્ર લખાતો નથી. પત્રથી ભાવ તરત દેખાઈ આવે છે." ૧૦. ત્યારે શ્રીહરિએ તે અધિકારીઓને કહ્યું કે, "અમે મોટા રાજાઓની રીતને જાણતા નથી. રાજરીતને જે જાણતા હોય તેને પૂછીને અમે કહેશું. ૧૧. આપના જે મહારાવ છે તેને જઈને અમારા સંભારીને નારાયણ કહેજો. અમારે કાંઈ જોઈશે તો અમે કહેશું. ૧૨. ક્ષત્રિય રાજાઓ શુભ બુદ્ધિવાળા હોય છે. તેઓ પવિત્ર વિપ્રો અને પવિત્ર સંતોનું સન્માન કરે છે. ૧૩.

જેની બુદ્ધિ શુભ હોય તેને શુભ બુદ્ધિવાળા મનુષ્યો ગમે છે. પવિત્ર મનુષ્યોના યોગ વિના ક્યારેય શુભ મતિ રહેતી નથી. ૧૪. **જેની જેવી મતિ હોય તેને તેવા મનુષ્યો ગમે છે. અને પ્રસંગે કરીને જેની જેવી મતિ હોય તે દેખાઈ આવે છે.** ૧૫. સાત્ત્વિક, રાજસ અને તામસ જેવાં પોતાનાં કર્મ હોય તેવા મનુષ્ય થાય છે. તેમાં પણ બહુ મર્મ રહ્યો છે, તે તરત સમજાતું નથી. ૧૬. મન, કર્મ, વચને કરીને જે કોઈ પણ બાબત કરવામાં આવે, તે કર્મ જેવાં હોય તેવા ગુણ તેમાં આવે છે. તે ગુણ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ છે. ૧૭. વેદો પણ તે ત્રણ ગુણને અનુસારે પ્રવર્તી રહ્યા છે, તે વાત ઉપરથી દેખાઈ આવે છે. બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ; તે ત્રણ દેવ પણ ત્રણ ગુણમય રહ્યા છે. ૧૮. અને તે દેવના પણ જે દેવ સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને ત્રીજા અનિરુદ્ધ છે; તે પણ ત્રણ ગુણમય છે. પરંતુ જે ભગવાન વાસુદેવ છે, તે તો ત્રણ ગુણથી પર નિર્ગુણ છે. ૧૯. જે આ ત્રણ સ્વરૂપ છે તે અનંત બ્રહ્માંડોનું મૂળ છે. અમે કાશી પર્યંત જઈને દેખ્યું છે કે, જેટલા આધુનિક આચાર્ય છે તે પંડિત થઈને ફરતા હોય છે; પણ તે આવી બાબતને જાણતા નથી હોતા."

ત્યારે મહારાવના જે ઉમરાવો હતા તે સહુએ હાથ જોડીને શ્રીહરિને કહ્યું, **"ભગવાનના ઘરની જેટલી વાત હોય છે તે બધી અલૌકિક છે. જ્યાં સુધી આચાર્ય કે પંડિતોમાં લૌકિક બુદ્ધિ રહે, ત્યાં સુધી તેને અલૌકિક બાબતમાં કાંઈ ખબર પડતી નથી.** ૨૦-૨૨. બ્રહ્માને પણ તેવી વાત સમજાતી નથી.

તે પણ ભગવાનનાં ચરિત્રને દેખીને મૂંઝાઈ જાય છે. શિવ, પાર્વતી, ઇન્દ્ર અને ગરુડ જેવાં કેટલાંય ભગવાનનાં ચરિત્રને દેખીને મૂંઝાયાં હતાં. ૨૩. ઉદ્ધવજી, નારદ, શૌનક, શુકદેવ અને ગોપીઓ જેવાં જે ભક્ત છે, તેમણે ભગવાનની સર્વે વાતને આકાશ સમાન નિર્લેપ દેખી હતી. ૨૪. આપશ્રી ભગવાનની બધી નિર્બાધ વાતને સમજો છો અને ભગવાનના જેટલા ગુણ છે તે બધા અત્યારે આપમાં પ્રત્યક્ષ રહ્યા છે, તેમાં કાંઈ સંદેહ નથી. અને તે વાત ભગવાને ગીતામાં પણ કહી છે. ૨૫-૨૬. જ્યારે ભગવાનમાં કોઈ પ્રકારનો દોષ ન દેખાય, ત્યારે એવા જ્ઞાનીને ભગવાને ઠેર ઠેર પોતાનો આત્મા કહ્યો છે. તે બાબતને અજ્ઞાની જાણતા નથી.

અજ્ઞાનીઓ પોતે કુમાર્ગે ચાલે છે, છતાં સન્માર્ગે ચાલનારાને 'આ તો કુમાર્ગે ચાલે છે', એમ કહે છે. પરંતુ પોતામાં જે દોષ રહ્યા છે તેને દેખતા નથી. તેથી કુમાર્ગીઓ સન્માર્ગે ચાલનારાને ભગવાનના ચોર કહે છે. ૨૭-૨૯. વળી, વેદ અને પુરાણોમાં કહેલી શુભ રીત પ્રમાણે ચાલનારાને કુમાર્ગીઓ નવો પંથ કહે છે. ૩૦. તેઓ ગમે તેમ ચાલે પણ 'અમે અસલ છીએ', તેમ બોલે છે અને તેના જેવા જે લોકો હોય છે તે તેવું બોલનારાને ગુરુ માને છે. ૩૧. જે માર્ગ જેવો હોય તે સત્સંગે કરીને દેખ્યામાં આવે છે, છતાંય તે સત્સંગનો પ્રતાપ જેવો છે તેવો દેખાતો નથી. ૩૨. આપનો જેવો શુભ માર્ગ છે, તેવા જ શુભ દેવ નરનારાયણને આપ લાવ્યા છો કે જે દેવ સ્ત્રી અને ધનના અપાર ત્યાગી છે, અને જેને જે અભીષ્ટ હોય તેને તે આપનારા છે. ૩૩. તે પ્રભુ કલ્પતરુનો ત્યાગ કરી બોરડી નીચે રહે છે, તેમાં તેમની આવી જેટલી દિવ્ય બાબતો છે તે બધી રહી છે. વૈકુંઠ કે ગોલોકમાં એક જ ભગવાન રહ્યા છે. ૩૪.

તે ધામમાં ભગવાનમાં પ્રેમવાળા ભક્તોના અંતરમાં જેવી ભાવના હોય છે, તેને તે ભગવાન જાણતા હોય છે. જેની જેવી ભાવના હોય તેને પૂરી કરવા માટે તે ભગવાન તેવાં રૂપમાં રહ્યા હોય છે, તેમાં કાંઈ ખોટું નથી. જેટલી યોગકળાઓ છે તે બધી ભગવાનમાં નિવાસ કરીને રહી છે. ૩૫-૩૬. અને જેટલા ભગવાનના ભક્ત હોય છે, તેમની પણ એક રીતની રુચિ

નથી હોતી. તે ભક્તોની અનેક પ્રકારની રુચિને પૂર્ણ કરવા માટે ભગવાન પણ અગણિત સ્વરૂપે થાય છે. ૩૭. **ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરવાની બાબતમાં જ ભગવાનને મુખ્યપણે તાન રહે છે.** ૩૮.

ભગવાન તો યોગીઓમાં સર્વ શ્રેષ્ઠ યોગી છે. એવા જે યોગી હોય તે ભોગી હોતા નથી. સ્વયં યોગી હોવા છતાં જે ભોગી જેવા દેખાય છે, તે તો ભક્તજનને સુખ કરવા માટેનાં તેમનાં સર્વે ચરિત્ર છે. ૩૯. ભગવાનની અપાર યોગકળાઓ હોય છે. જે મૂઢ મતિવાળો હોય છે તે જ ભગવાનની અપાર કળાઓનો નિર્ધાર કરવા જાય છે. ૪૦. અમે બધા તો સંસારી છીએ અને સ્ત્રી તથા ધનમાં બંધાયેલા છીએ. જ્યાં સુધી સ્ત્રી અને ધનમાં સુખ માનતા રહીએ છીએ, ત્યાં સુધી જન્મ-મરણનું અપાર દુઃખ વેઠવું પડે છે, તેનો કહેતા પાર આવતો નથી. જેમાં જેવી બુદ્ધિ હોય તે તેટલાં દુઃખોનું વર્ણન કરીને કહે છે. ૪૧-૪૨. તે દુઃખનો કહેતાં પાર કોણ લઈ શકે ? સત્સંગ સિવાય તે દેખાતું નથી. આવા સત્સંગ વગરના લોકો મનમાં ફાવે તેમ બોલતા રહે છે. ૪૩.

❋ શ્રીહરિ અને સંત સંબંધનો મહિમા :

સત્સંગ વિના આ જન્મ-મરણ વગેરેનું દુઃખ ક્યારેય છૂટતું નથી. છતાં ઉલ્ટાના અજ્ઞાનીઓ તે દુઃખમાં સુખ માને છે." ત્યારે શ્રીહરિ બોલ્યા કે, ૪૪.

चोपाई :

कोटि कल्प जाते जो जेहू, तरु पशु की योनि में यह तेहू;
भगवान के संत ही ताके, उपजोग में आवहि जब वाके...४५
मोक्ष होवत लगत हि न वारा, ता विन तेसे के नहीं द्वारा;
फल फूल पत्र अन्न बसन जेहा, हरकोउ निमित्त कर जो तेहा...४६
अज्ञानि जन के होत उद्धारा, ता बिन ताके नहीं निस्तारा;

"એવા જે સંસારમાં ભટકનારા જીવો છે, તે કરોડો કલ્પે જ્યારે કોઈ વૃક્ષ કે પશુ યોનિમાં જન્મે ત્યારે તેને ભગવાન કે ભગવાનના સંતનો યોગ થાય અને તેના ઉપયોગમાં આવે ત્યારે તેનો મોક્ષ થતાં વાર લાગતી નથી. તે સિવાય તેના ઉદ્ધારનું બીજું કોઈ દ્વાર નથી. શ્રીહરિ અને સંતના ઉપયોગમાં

તેનાં ફળ, ફૂલ, પાંદડું, અન્ન કે વસ્ત્ર કોઈ પણ નિમિત્તે કરીને આવે; તો તેવા અજ્ઞાનીઓનો ઉદ્ધાર થાય છે. તે સિવાય તેનો કોઈ નિવેડો આવતો નથી." આવી જ્યારે શ્રીહરિએ વાત કરી ત્યારે તે બધા ઉમરાવોએ તે વાતને પોતાને માથે ચઢાવી અને તે બધા શ્રીહરિનાં ચરણમાં પડ્યા. પછી તેઓ પહેલા ભુજના મહારાવની પાસે જઈને પોતપોતાને ઘેર ગયા. ૪૫-૪૮.

ઉમરાવોએ પહેલા મહારાવની આગળ શ્રીહરિના કહેલા 'જય નારાયણ' કહ્યા અને મહારાવે જે વાત પૂછી તે બધી વાત તેમની આગળ કહી. ૪૯. તે ઉમરાવોએ જે રીતે વાત કહી અને પછી મહારાવે જે કહ્યું તે બધી વાત તેવાં રૂપમાં જ શ્રીહરિની પાસે આવતી હતી. ૫૦. બીજે દિવસે ભુજમાં જેટલા શાસ્ત્રી, પુરાણી અને મતપંથીઓ હતા, તે બધા મળીને ભુજના મહારાવની પાસે આવ્યા. ૫૧. તે સહુએ મહારાવને કહ્યું કે, "આ બ્રહ્માંડ થયું તેને કેટલાય યુગ થઈ ગયા, પણ કોઈ નગરમાં નરનારાયણ દેવ નિવાસ કરીને રહ્યા હોય તેવું સાંભળ્યું નથી. આ આપણા શહેરમાં એક નવી રીત થઈ રહી છે. ૫૨-૫૩. આપની મરજી વિના અમે શું કહીએ ? અમને કાંઈ ચેન પડતું નથી. અમે તો આપનાં હિત માટે આ વાત કરવા આવ્યા છીએ. ૫૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "ભુજના મહારાવે શ્રીહરિ પાસે ઉમરાવોને મોકલીને ભક્તિભાવ દર્શાવ્યો" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર પચીશમું : તરંગ - ૬૨

મહારાવની પાસે વિપ્ર તથા મતપંથીઓએ નરનારાયણ દેવ બાબતમાં ફરિયાદ કરી ત્યારે મહારાવે તેમને સામા પ્રશ્ન કરીને હઠાવી દીધા

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર આગળ જે વાત કહી હતી તે બધી જ વાત હરિભક્તોની આગળ પણ કહે છે. ૧. ભુજનગરના મહારાવે તે વખતે બધા વિપ્ર પંડિતો અને મતપંથીઓની આગળ કહ્યું કે, "નરનારાયણ દેવનું મંદિર તો ઘણા સમયથી થાય છે, તેને તમે બધા જાણો

છો. ૨. છતાં આટલા દિવસ સુધી તમે કાંઈ બોલ્યા નહીં. મંદિર કરવામાં કેટલીયે કોરી(ભુજનું ચલણી નાણું)ઓનો ખર્ચ થઈ ગયો છે. હવે સમય વીતી ગયા પછી જે બોલે તે કોઈને માન્ય રહે નહીં. ૩.

હવે હું તમને સહુને પૂછું છું તેનો તમે સહુ જવાબ આપો. અમે તો શાસ્ત્ર ભણ્યા નથી. તમે તો બધા ગુરુ અને વિદ્વાન વિપ્રો છો. ૪. તમારી અને અમારી બધી વાતો જ્યારે એકસરખી મળતી આવશે, ત્યારે તમે જેમ કહો છો તે રીતે કરશું; તેમાં કોઈ સંશય નથી. ૫. વિચાર્યા વિના ચાહે તેમ બોલે તે વિદ્વાન કે ગુરુ કેવો ગણાય ? કેમ જે, કદાચ કાશીમાં જઈને ભણ્યો હોય; તોપણ વિવેક વિના તો તે અંધ જ રહે છે. ૬. જ્યાં સુધી પોતાનાં મન અને શરીરને જીત્યા ન હોય, ત્યાં સુધી ભૂમિ ઉપરના પંડિતોને જીતવામાં કોઈ મોટપ રહી નથી. ૭.

તે ચાહે તેટલી વિદ્યાને ભણ્યો હોય, તોપણ તે એક પણ વિદ્યા નથી ભણ્યો. જે ગુરુ થયા હોય છે, તે ગુરુનો પ્રથમ ગુણ કયો છે ? તે કહો. ૮. તમે બહુ ભણીને પંડિત થયા છો, પણ પોતાનાં તન તથા મનને કેટલાંક જીત્યા છે ? તેનો તમે જ્યારે ખરો ઉત્તર કરશો ત્યારે તમે જેમ કહેશો તેમ અમે કરશું. ૯. વિપ્રના જે ધર્મ કહેવાય છે તેમાંથી તમે કેટલા ધર્મ પાળો છો ? તે તમે બધા વિપ્રો કહો. તેથી હું પણ તે જાણું. તમે અહીં આવ્યા તે બહુ સારું થયું. ૧૦. તમે સહુ પોતાનાં નામ લખાવો, અમે તે લખી લઈએ. પછી બરાબર તપાસીને અમારા ઉત્તર આપો. તમે જે વિપ્ર અહીં આવ્યા છો, તે મારા કહેલા પ્રશ્નના જવાબ આપ્યા પછી જ અહીંથી ઊઠજો. ૧૧. તમે જેટલા મતપંથના ગુરુઓ અહીં ફરિયાદ કરવા આવ્યા છો, તે તમે બધા ગુરુ તો થઈ ગયા છો પણ ગુરુના ગુણ શું હોય છે ? તે મને કહી બતાવો." ૧૨.

ત્યારે તે બધા મતપંથી ગુરુઓએ મહારાવને કહ્યું કે, "મહારાજા, તમે સાંભળો. આ બાબતે તમે અજાણ છો. ગુરુના મહિમાની વાત તો એવી અગમ્ય છે કે, વેદ પણ તેને પ્રમાણ કરી શકતા નથી. ૧૩. તો પછી ગુરુની બાબતમાં દેવો અને મનુષ્યોના શાં લેખાં ? તેઓ તો ગુરુને

નમતા રહે છે. ગુરુમાં તો એટલા અપાર ગુણ છે કે તેને કહેતાં શેષજી પણ મૂંઝાય છે. ૧૪. એવા જે ગુરુ હોય તેનું બાનું અમે ધારણ કર્યું છે. તેને લીધે અમે ગુરુ કહેવાઈએ છીએ. ગુરુના જેટલા ગુણ છે તેને તો એક ગુરુ જ જાણતા હોય છે. અમે જેટલા ગુરુઓ છીએ, તે તો ગુરુના બાનાએ કરીને થયા છીએ. ૧૫-૧૬. જેટલા ભેખધારી અને વિપ્રો છે, તેમને તો ઠેકઠેકાણે ભગવાને શ્રીમુખે પોતાનું સ્વરૂપ કહ્યું છે. તમે ધનના મદના જોરે કરીને તે જાણતા નથી. ૧૭. જો તમે તમારું ભલું ચાહતા હો, તો તમારે કોઈ વિપ્ર કે ભેખધારીને ક્યારેય ખીજવવા નહિ, એવું નિયમ ધારો. તેમાં તમારું શ્રેય રહ્યું છે.” ૧૮.

ત્યારે મહારાવે તેમની આગળ કહ્યું કે, “હું અત્યારે જ તે નિયમ ધારણ કરું, પણ તમે બધા વિચારીને કહો. ઉપર કહેલાં શાસ્ત્રોનાં તેવાં વચન સાચા સંત અને સાચા વિપ્ર માટે છે કે બધા માટે ? હા, સાચા વિપ્ર અને સાચા સંતને છેડવામાં વારંવાર ડરવું જોઈએ. ૧૯. તમે કહ્યું કે ‘વિપ્ર અને ભેખધારીને છેડવા નહિ’, તે તમારાં વચનને હું વારંવાર માથે ચડાવું છું. તેમાં કાંઈ ફેર નહિ પડે. ૨૦. કારણ કે, જે આ સ્વામિનારાયણ છે તે સાચા વિપ્ર છે અને સાચા ભેખધારી છે. તે તેમના ધર્માચરણ ઉપરથી દેખાય છે. ૨૧.

❋ નિષ્કામધર્મની મહત્તા :

સદાચારરૂપ ધર્મ તો અપાર રહ્યા છે, પણ તેમાં નિષ્કામધર્મ જે બ્રહ્મચર્ય તે મુખ્ય છે. નિષ્કામધર્મ વિના ચાહે તેવા આકાશમાં ચાલનારા હોય અને સૂર્ય-ચંદ્રના જેવા થયા હોય, તોપણ તેનાથી શું ? નિષ્કામધર્મ વગર કોઈ બ્રહ્મા, ભવ અને ઈન્દ્રના સમાન થાય; તોપણ તેનાથી શું થયું ? નિષ્કામધર્મ એવો મહત્ત્વપૂર્ણ છે. ૨૨-૨૩. અત્યારે લોકો જે નિષ્કામધર્મનો ત્યાગ કરીને વર્તે છે, તે નિષ્કામધર્મનું સ્થાપન કરવા માટે સ્વામિનારાયણે નરનારાયણ દેવને શોધ્યા છે. ૨૪. નરનારાયણ દેવના સમાન બીજા કોઈ નિષ્કામી નથી. તેમાં તો તેઓ સર્વોપરિ છે. જ્યાં નરનારાયણ દેવ વસીને રહેશે, તે આખા દેશના ધન્યભાગ્ય છે. ૨૫. જે નર-નારીઓ નિષ્કામધર્મને

નહિ રાખતાં હોય, તેઓ આવા પવિત્ર દેવને જોઈને પોતાનાં મનમાં ધિક્કાર માનશે. ૨૬.

सोरठा : देव में गुण जिस रीत, प्रीति देव में होत जबही;
होवत रहे खचीत, निष्काम धर्म रहे सब ही पर...२७
निष्काम धर्म हि वीन, भक्ति करे कोटिक कोउ;
मंजुर यह कोउ दीन, होत नहीं बडे धर्म बिन...२८

चोपाई :

निष्काम धर्म रहाये ताके, केतेक नियम रहाते वाके;
नियम बिन एहि न धर्म रहीता, बात रहे कहे जो खचीता...२९

જ્યારે દેવમાં પ્રીતિ થાય છે, ત્યારે તે દેવમાં જેવા ગુણ હોય તેવા ઉપાસકમાં આવે છે. નિષ્કામધર્મ સહુથી પર રહ્યો છે. ૨૭. નિષ્કામધર્મ વગર કોઈ કરોડો પ્રકારે ભક્તિ કરે, તોપણ તે ભક્તિ કોઈ દિવસ માન્ય ગણાતી નથી. કેમ જે, નિષ્કામધર્મ એવો મુખ્ય છે. ૨૮. નિષ્કામધર્મ રાખવાના કેટલાક નિયમો હોય છે. તે નિયમ વિના આ ધર્મ રહેતો નથી, તે વાત પણ ચોક્કસ છે. ૨૯. ચ્યવન, સૌભરિ, પરાશર, ઋષ્યશૃંગ, નારદ તથા પર્વત આદિક ગણ્યે પાર ન આવે તેટલા મોટા મોટા જે ઋષિઓ હતા; તેમાં પણ નિયમ વિના તેમના નિષ્કામધર્મનું કાંઈ નામ-નિશાન રહ્યું નહીં. બ્રહ્મા, શિવ, ઈન્દ્ર અને ચંદ્ર આદિક કેટલાક મોટા દેવતાઓને પણ નિયમ વગર નિષ્કામધર્મ રહ્યો નથી. તે બધું શાસ્ત્રમાં લખ્યું છે. સેતુ વગરના સમુદ્રને ઉલ્લંઘવો ઘણો કઠિન છે. ૩૦-૩૨. તે સમુદ્રને ઉલ્લંઘવો તે ગરુડ જેવાને માટે પણ કઠિન છે, તો બીજાની વાત શી કહેવી ? **નિષ્કામધર્મને રાખવા માટે તેના નિયમરૂપી પાળ રહી છે.** ૩૩.

જે ગુરુ થયા હોય છે, તેને પણ નિષ્કામધર્મની ગમ ન હોય તો શિષ્યને ક્યાંથી હોય ? જો તમને તેની ગમ હોય, તો બોલો. અમે તે જાણીએ અને તમને સાચા ગુરુ કરીને માનીએ. ૩૪. માત્ર બોલવાથી શું સિદ્ધિ થાય ? જેમ નિયમ હોય તેમ જોઈને ચાલવું જોઈએ. તમે બધા અત્યારે ગુરુ થયા છો, પણ ત્યાગી હોવા છતાં ગૃહસ્થ જેમ રહો છો. ૩૫. જો તમે ત્યાગી

હોવ તો ત્યાગીની રીતને કહો, અમને તેની ખબર પડે. અને જો ગૃહસ્થ હોવ તો ગૃહસ્થની રીતને યથાર્થરૂપમાં કહો. ૩૬. આ મારી પૂછેલી રીતને કહ્યાં પછી જ તમે સહુ ઊઠજો.

તમે જેટલા પરમહંસ, સંન્યાસી અને વર્ણી અહીં આવ્યો છો, ૩૭. તેમજ વેરાગી, અતીત, ગોસ્વામી, માર્ગી, કાપડી, પ્રણામી, કાંચળિયા, ઉંદરિયા, જંગમ, શૈવ, ઢૂંઢિયા, કુંડાપંથી, બીજમાર્ગી, નાથપંથી, કાનફટા, વામમાર્ગી, શક્તિપંથી, જતિ, અઘોરી, અજરીબજરી, કબીરિયા, ફકીર, નાનકપંથી, ઉદાસી, નાટકચેટક કરનારા, બધા વીરવિદ્યાવાળા, હીજડા, મૂંડા તથા કંકાળી વગેરે આવ્યા છો, તે સહુ બોલો. ૩૮-૪૧. તમારી જેમ વેશ્યાઓ, કસાઈ તથા શિકારી પણ દુઃખી થઈને અમારી આજીવિકા રહી નથી, તેમ આવીને કહે છે. ૪૨. જેટલી જાતના વ્યસનીઓ છે અને જે ઠગારાઓ છે, તે પણ અંતરમાં અતિશય ઉદ્વેગી થઈને અમારી આગળ આવે છે (કે આ સ્વામિનારાયણે અમારી આજીવિકા તોડી છે). ૪૩. શ્રીનરનારાયણ દેવના અતિશય પ્રતાપને જાણીને ભુજના રાજા મહારાવ અતિશય પ્રસન્ન થયા અને ધર્મહીન લોકોની કોઈ વાતને સાંભળી નહીં. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "મહારાવની પાસે વિપ્ર તથા મતપંથીઓએ નરનારાયણ દેવ બાબતમાં ફરિયાદ કરી ત્યારે મહારાવે તેમને સામા પ્રશ્ન કરીને હઠાવી દીધા" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર પચીશમું : તરંગ - ૬૩

ભુજના મહારાવનું સુજ્ઞપણું અને નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કહી

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર આગળ જે શ્રીહરિચરિત્રની વાત કહી, તે બીજા બધા હરિભક્તોની આગળ પણ જેવી હતી તેવી કહી. ૧. ભુજના મહારાવ દેશલજી ઘણા બુદ્ધિશાળી હતા અને રાણીને પરિપક્વ સત્સંગ થયો હતો. તેથી તેઓ કુસંગને ઓળખતા હતા. ૨.

(એ રાણી કોણ હતા ? તો, મછિયાવના સુરસિંહ ઉર્ફે દાજીભાઈ વાઘેલાને ત્રણ પત્નીઓ હતી. ૧. ધોલેરાના ચુડાસમાની દીકરી ૨. કચ્છ વાગડ પ્રાંતના સમલાણા ગામના દરબારની રાજકુંવરી ૩. શિહોરના દરબારની દીકરી સજનકુંવરબા ઉર્ફે ફઈબા. તેમાં ધોલેરાના રાણી થકી એક દીકરીનો જન્મ થયો હતો. તેનું નામ ભાણીબા હતું. આ ભાણીબાના લગ્ન ભુજના રાજા પ્રાગમલજીના દીકરા દેશલજી સાથે થયા હતા. અને સમલાણાના રાણી થકી બાઉબા નામે દીકરી થયા હતા. તેના લગ્ન આડેસર ગામના રાજા સાથે થયા હતા. આ બંને કુંવરીઓ પ્રથમથી જ સત્સંગના રંગે રંગાયેલી હતી. આ ભાણીબાના યોગે કરીને ભુજના રાજા દેશલજીને સત્સંગ ઉપર ઘણો ભાવ હતો.) મહારાણી ભાણીબાએ રાજા દેશલજીને કુસંગ અને સત્સંગ જેવો હતો તેવો વિવેક સાથે બતાવી દીધો હતો. ૩. જોકે મહારાવને સત્સંગ ન હતો, છતાં પણ બધા કુસંગને અને સત્સંગને સારી રીતે જાણતા હતા. ૪.

સત્સંગની વાતમાં કુસંગીઓ જે કોઈ બહાને અને હરકોઈ વાતમાં જે દોષ બતાવતા હતા, તેને તેઓ ક્યારેય માનતા નહીં. જે લોકો દોષ કહેવા આવતા તેને મહારાવ કહેતા હતા કે, 'સત્સંગમાં એક પણ દોષ નથી.' ૫-૬. સાધુ અથવા સત્સંગી, વર્ણી અથવા પાર્ષદો જ્યારે પોતાની રીતમાં ન ચાલે ત્યારે શ્રીહરિ તેનો તપાસ કરીને, જો તેને સત્સંગનો ખપ હોય તો તેના દોષનું નિવારણ કરાવે છે. જેની જેવી શક્તિ હોય તેને તેવો ઉપાય બતાવે છે. જે દોષોનું નિવારણ ન કરે તેને તેઓ કુસંગમાં ગણે છે. ચાહે તેવો વિદ્વાન હોય પણ દોષ નિવારણ કર્યા વિના તે કુસંગમાં ખપે છે. ૭-૯.

તેમજ ગમે તેવા જ્ઞાની, ધ્યાની અથવા ઘણા વાચાળ હોય કે ચાહે તેવી યોગકળાને જાણતા હોય; તે પણ દોષો ટાળ્યા વિના ઊલટી કરેલાં અન્ન સમાન ગણાય છે. ૧૦. સત્સંગના જેટલા નિયમો છે તે સત્સંગ અને ભગવાનનું દૈવત કહેવાય છે. પણ જ્યાં સુધી સત્સંગના નિયમોમાં વર્તે ત્યાં સુધી તેમાં તે દૈવત રહે છે. સત્સંગ, ભગવાનનો યોગ તથા નિશ્ચય વિના કોઈ ચાહે તેટલા નિયમ રાખે, તોપણ તે કુસંગમાં ગણાય છે. સત્સંગની જેટલી વાત છે તે બધી સત્સંગમાં શોભે છે. ૧૧-૧૩.

વિપ્રથી લઈને ચંડાળ પર્યંતના જે લોકો નિષ્કપટભાવે સત્સંગ કરે છે, તેમના અંતસમયે કોઈકને ભગવાન અથવા સંતો અથવા હરિભક્તો દર્શન દે છે. તે કેટલાક લોકોને પ્રત્યક્ષ દેખાય પણ છે. ૧૪-૧૫. કોઈ ગણિકા ગણાતી સ્ત્રી પણ નિષ્કપટભાવે સત્સંગ કરે તો તેને અંતસમયે ભગવાન દર્શન દે છે. ૧૬.

ચાહે તેવો કુકર્મી મનુષ્ય હોય, પરંતુ તે જો પોતાને અધમ માને અને સાચો સત્સંગ, સાચા ભગવાન, સાચા સંત અને સાચાં બાઈ-ભાઈ હરિભક્ત હોય તે બધાંને સાચાં માને. તેમજ જો કોઈ તેમનું અપમાન કરે તો મન, કર્મ, વચને જેટલું પોતાનું ચાલે તેટલો તેનો પક્ષ રાખે; તથા જેટલી પોતાની ઊપજ હોય તે પ્રમાણે અન્ન, ધન તથા વસ્ત્રથી તે બધાંની સેવા કરે તથા સત્સંગ, ભગવાન, સંત અને હરિભક્તો સાચા છે; એમ સમજીને તેમાં મરણ પર્યંત અલૌકિક બુદ્ધિ રહે, તો આ બધું તેને વિકટ સમયે સહાય કરે છે, તે વાત નિશ્ચિત છે. ૧૭-૨૦. જે લોકો સત્યને અસત્ય કહે છે, તે બધા સત્યના ચોર બને છે. આ દુનિયામાં તો તે ચાહે તેમ કરે, પણ તે બધું ભગવાનની જાણમાં આવી જાય છે. ૨૧.

❋ સમજુએ ક્યારેય અંતર્યામીની અવગણના ન કરવી :

જે મનુષ્ય જે રીતે વર્તતો હોય તેને ભગવાન દેખતા રહે છે. યમરાજા અને બધા યમદૂતો પણ દેખતા હોય છે. ૨૨. પૃથ્વી આદિ પાંચ ભૂતો પણ મનુષ્ય જેવું કરે છે તેને દેખે છે. તેમજ ઇન્દ્રિયોના ચૌદ દેવતાઓ પણ મનુષ્ય જેવું કરે છે તેને દેખે છે. માણસ ચાહે તે રીતે ગુપ્તપણે કરે, તોપણ અંતર્યામી દેવતાઓ તો તે મનુષ્યનાં પુણ્ય-પાપને જાણે છે. તે દેવતાઓના જાણ્યા બારું ક્યારેય કાંઈ રહેતું નથી. ૨૩-૨૪. દિવસ અને રાતના દેવ, સંધ્યાના દેવ, દશેય દિશાઓના દેવ; તે બધા મનુષ્ય જે કર્મ કરે છે તેને જાણે છે. ૨૫. **મનુષ્ય શુભ કે અશુભ જે જે કર્મ કરે છે, તે બધું અંતર્યામીથી અજાણ્યું રહેતું નથી.** ૨૬. **આ જીવ મનુષ્યદેહને પામીને ચાહે તેમ વર્તે છે અને કોઈને ગણકારતો નથી, પણ તે જેવું વર્તે છે તેવું તે ફળ પામશે.** ૨૭.

ભુજનગરના ભૂપ મહારાવ રાત-દિવસના અનુપમ સત્સંગના યોગે કરીને આ બધું જાણતા હતા. ૨૮. ભક્તજનોનાં ચિત્તને ચોરનારા ભગવાન શ્રીહરિ ભુજમાં પાંચ દિવસ રહ્યા. અનેક પ્રકારની શુભ વાતો કરી અને હરિભક્તોને અપાર સુખ આપ્યું. ૨૯. શહેરના અને દેશના જેટલા હરિભક્તો હતા, તે રોજ સવારે અને સાંજે શ્રીહરિને ફૂલના હાર ઘણા પ્રેમથી પહેરાવતા હતા. ૩૦. નવા નવા મેવા લાવતા, તે શ્રીહરિની આગળ ધરતા અને મોટા મોટા સંતોની આગળ પણ તે મેવા લાવીને ધરતા રહેતા. ૩૧. તે બધા હરિભક્તો અતિશય પ્રેમરસથી શ્રીહરિને ફૂલના હાર પહેરાવતા. કેસરયુક્ત ચંદન લઈને પહેલા શ્રીહરિની પૂજા કરતા. ૩૨. તે પછી સંતો, વર્ણી અને પાર્ષદોની પૂજા કરતા હતા. હળવદના વિપ્રો પાકા હરિભક્ત હતા. ૩૩.

શ્રીહરિએ આ સત્સંગમાં અનેક સ્થળે મહારુદ્ર યજ્ઞ અને રુદ્રી અપાર કર્યાં હતાં, તેનો કહ્યે પાર આવતો નથી. તેમજ ભગવાનની જ્યારે પ્રતિષ્ઠા કરાવતા હતા, ત્યારે તેમાં હળવદના શંભુ શુક્લ અને શિવા જાની વગેરે વિપ્રને બોલાવતા કે જે કર્મકાંડ કરવામાં સર્વોપરિપણે પંકાતા હતા. તે બધાને શ્રીહરિએ વરણી કરીને પ્રતિષ્ઠા યજ્ઞમાં બેસાડ્યા. ૩૪-૩૬. હળવદના વિપ્રોએ જે રીતે કહ્યું તે રીતે ભુજનગરના વિપ્રોને પણ પ્રેમથી યજ્ઞમાં બેસાડ્યા. ૩૭. જે વિપ્રો રીત વિના વાદવિવાદ કરતા તેને બેસાડતા નહીં. પહેલેથી જ તેમને કહીને સાવધાન કરી દેતા. ૩૮. સારો મંડપ રચ્યો. તેમાં વિધિ પ્રમાણે વેદી કરી અને પ્રતિષ્ઠાવિધિનું બધું સાહિત્ય નક્કી કરીને મગાવ્યું. ૩૯. જેટલો યોગ્ય વિધિ કરવો જોઈએ તે બધો વિપ્રોએ કર્યો અને પછી જે મૂર્તિઓ પધરાવવાની હતી તે મંદિરમાં પધરાવી દીધી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં "ભુજના મહારાવનું સુજ્ઞપણું અને નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કહી" એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર પચીશમું : તરંગ - ૬૪

ગઢડા મધ્ય પ્રકરણનું પહેલું વચનામૃત

મુક્તાનંદ સ્વામીએ ફરીને દાદા ખાચરના પ્રત્યે શ્રીહરિચરિત્રની વાત કહી તે બધા હરિભક્તોના પ્રત્યે પણ જેવી હતી તેવી કહી. ૧. જ્યારે ભુજમાં નરનારાયણ દેવને મંદિરમાં પધરાવ્યા, ત્યારે જેટલી પ્રકારનાં વાજિંત્રો હતાં તે સર્વે વાગતાં હતાં અને સહુ સંતોની સાથે શ્રીહરિ હાજર હતા. તે સમયે સં.૧૮૭૯ વૈશાખ સુદિ પાંચમને દિવસ શુભ મુહૂર્તમાં સ્વયં શ્રીહરિએ નરનારાયણ દેવને પધરાવ્યા. ૨-૩.

✵ શ્રીહરિને ગમતા-અગમતાનું વર્ણન :

જે કોઈ ખરાબ રીતથી વર્તતા હતા તેને તે રુચ્યું નહીં. અને જે સુરીતિથી ચાલતા હતા તેમને તે ઘણું ગમ્યું હતું. ૪. સત્સંગની જેટલી બાબતો છે તે સુરીતિમાં ચાલવાની મતિવાળાને અપાર રુચતી હતી, પણ તે જ વાતથી કુમતિ લોકોને અપાર દુઃખ થાતું હતું. ૫. જે જે મતપંથોમાં અને જે રાજ્યમાં સંતોષનું ચલણ વર્તી રહ્યું હતું, તે બધાં પંથો અને રાજ્ય મોટી નદીના પૂરની સમાન દિવસે દિવસે સર્વોપરિ વધતા હતા. કારણ કે, સંતોષમાં તેવો પ્રતાપ રહ્યો છે. જ્યાં સુધી સંતોષ રહે ત્યાં સુધી બધા મતની અને રાજ્યની દિવસે દિવસે વૃદ્ધિ થાતી રહે છે; જે મુખથી કહી શકાતી નથી. પરંતુ કોઈ પણ નિમિત્તને કારણે વ્યક્તિમાં જ્યારે થોડો થોડો લોભ પ્રવેશ કરે છે, ત્યારે સંતોષનું જે પૂર હોય છે તે ધીરે ધીરે મંદ પડી જાય છે. પછી જેનું જેવું વર્તન હોય છે તેવી તેની કીર્તિ કે અપકીર્તિ ગવાય છે. ૬-૯.

શ્રીહરિએ જેટલા નિયમો બાંધ્યા છે તે બધા સર્વોપરિ અપાર કીર્તિને કરનારા છે. જેઓ પ્રયત્નપૂર્વક નિયમમાં સાવધાન રહે છે તેઓ તેને જાણે છે. ૧૦. ભુજમાં નરનારાયણ દેવની જે દિવસ પ્રતિષ્ઠા કરી તે દિવસે શ્રીહરિએ ભુજના બધા વિપ્રોની ચોરાશી કરીને તેમને જમાડ્યા. ૧૧. વિપ્રો જ્યારે જમી રહ્યા ત્યારે બધા હરિભક્તોને પણ જમાડ્યા. જેટલા દિવસ શ્રીહરિ અને સંતો ભુજમાં રહ્યા, ત્યાં સુધી હરિભક્તો અતિશય ભાવથી સારામાં સારી રસોઈ આપતા હતા. ઘેબર, જલેબી, બરફી, મોતીચૂર,

દૂધપાક વગેરેની રસોઈ ભાવ સહિત આપતા હતા અને રસોઈ આપનારા ભક્તો શ્રીહરિ તથા સંતોને પરમ પ્રેમથી પૂજતા હતા. ૧૨-૧૪. શ્રીહરિએ ભુજમાં હરિભક્તોના જે મનોરથ પૂરા કર્યા, તે અવર્ણનીય હતા. પછી શ્રીહરિ ત્યાંથી **ગઢપુર** આવી ગયા. ૧૫.

❋ વચનામૃત ગ.મ.૧ - મોહ ઉદય થયાનું :

(સંવત્ ૧૮૭૭ના) જેઠ સુદિ પૂર્ણમાસીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણા બારના ઓરડાની ઓસરી ઉપર પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર આવીને વિરાજમાન થયા હતા. અને શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. શ્વેત પુષ્પના હાર પહેર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના બધા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. અને તે વખતે સંતો ઝાંઝ, મૃદંગ વગાડીને ગાતા હતા.

પછી શ્રીજીમહારાજે કીર્તનિયા સંતોને કહ્યું જે, "હવે કીર્તન રાખો અને પ્રશ્ન-ઉત્તર કરો." પછી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! મોહનું શું રૂપ છે ? ૧૬-૨૨. અને મોહની નિવૃત્તિ થયાનો શો ઉપાય છે ?" પછી શ્રીજીમહારાજ થોડીવાર વિચારીને ગીતામાં જેવું મોહનું રૂપ કહ્યું છે તેવું કહેવા લાગ્યા જે, **"મોહનું રૂપ તો મનને વિષે વિભ્રાંતિ જેવું થઈ જાય, અર્થાત્ મનની હાલક-ડોલક સ્થિતિ થઈ જાય એ જ જણાય છે.** તે જે રીતે સમજાય તે રીતે હવે હું સ્પષ્ટ કરીને કહું છું. ૨૩-૨૫. અને જ્યારે પુરુષના હૃદયમાં મોહની વૃદ્ધિ થાય છે, ત્યારે મનમાં ઘણી વધારે ભ્રાંતિ-અનિશ્ચિતતા થાય છે. ૨૬. પછી 'આ કરવા યોગ્ય છે અને આ કરવા યોગ્ય નથી', આવો કાંઈ વિવેક રહેતો નથી. ૨૭.

❋ નવગ્રહ તથા તારામંડળ વગેરેનું વર્ણન :

અને તે મોહ થવાનું કારણ તો આજ જ અમે જેમ વિચાર્યું છે તેમ કહીએ છીએ. ૨૮. આજે જ્યારે મધરાત થઈ ત્યારે અમારી ઊંઘ ઊડી ગઈ. તે સમયે અમે ઉત્તર દિશા તરફ મુખ કરીને સૂતા હતા. પછી ધ્રુવનો તારો

દેખ્યો ત્યારે એમ વિચાર થયો કે, 'આ તો ઉત્તર દિશાનો ધ્રુવ છે. ૨૯-૩૦. પણ શાસ્ત્રમાં દક્ષિણ ધ્રુવ કહ્યો છે તે ક્યાં હશે ?' પછી અમે દક્ષિણ દિશામાં ધ્રુવને દેખ્યો. તે અમે જેવો દેખ્યો તેવું કહીએ છીએ. જેમ કૂવા ઉપર પાણી સીંચવાને માટે જે રીતે ફાળકો હોય તેમ બંને ધ્રુવની વચ્ચે મોટો ફાળકો દીઠ્યો. અને તે ફાળકાના મેરુનાં બે ઠેબાં બંને કોરે બે બાજુ અડી રહ્યાં હતાં. જેમ કાષ્ઠનો સ્તંભ હોય અને તેમાં લોઢાની આરો ખૂંતી હોય તેવો તે દેખાયો. તે જેવો દેખાયો તેવો કહું છું. તે ફાળકાની ઉપર સૂતરની દોરી વીંટી હોય તેમ જોયું. અને તે ફાળકામાં જેમ પિત્તળની ફૂદડિયો જડી હોય તે રીતે બધા તારાઓ, દેવતાઓ અને નવ ગ્રહ ઈત્યાદિકનાં જે સ્થાનક તે ફાળકામાં જડ્યા હોય તે રીતે બધાંને દેખ્યાં. **પછી સૂર્ય અને ચંદ્રનો અસ્ત એક જ ઠેકાણેથી થાય છે, તે પણ દેખવામાં આવ્યું.**

પછી અંતર્દષ્ટિએ કરીને જોયું ત્યારે ધ્રુવ આદિક જે બ્રહ્માંડમાં રહ્યા છે તે રીતે જ પિંડમાં પણ રહ્યાં છે, તે પણ દેખ્યું. પછી આ દેહને વિષે જે ક્ષેત્રજ્ઞ છે તેને પણ જેવો છે તે રીતે દેખ્યો. ૩૧-૪૧. તે પછી તે ક્ષેત્રજ્ઞમાં પુરુષોત્તમ ભગવાન જે રીતે રહ્યા છે, તે રીતે તેમને પણ શુદ્ધપણે દેખ્યા. અને તે ભગવાનને જોઈને ભગવાનનાં સ્વરૂપમાં અમારી વૃત્તિ અતિશય જોડાઈ ગઈ, તેથી સમાધિ થઈ. પછી સમાધિમાંથી કોઈ પ્રકારે કરીને નીકળાયું નહીં. પછી કોઈક ભક્તજને આવીને તે વખતે અમારી બહુ સ્તુતિ કરી, ત્યારે અમે તેની દયાએ કરીને પાછા અમારા દેહમાં આવી ગયા. ૪૨-૪૫.

❋ મોહ ઊપજ્યાનો હેતુ :

પછી અમારા હૃદયમાં એવો વિચાર થયો કે, 'અમારે અત્યારે સમાધિમાંથી જે નીકળાયું, તે તો દયાએ કરીને નીકળાયું છે; પણ બીજાને સમાધિમાંથી નીકળાતું હોય છે તેનું કારણ શું હશે ? ૪૬-૪૭. તે વાત બીજાને સમજવામાં આવતી નથી. તે અમને જેમ સમજાયું તેમ વાત કહીએ છીએ. ૪૮. એને વિષયમાં કાંઈક આસક્તિ રહે છે, તેણે કરીને પાછું સમાધિમાંથી અવાય છે. **અને મોહ ઊપજ્યાનું જે કારણ છે તે પણ પંચવિષય જ છે.**

અને તે વિષય પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ; એ ત્રણ પ્રકારના છે. તેમાં જ્યારે ઉત્તમ વિષય મળી જાય અને તેમાં કોઈ અંતરાય કરવા આવે ત્યારે તેના ઉપર ક્રોધ થાય છે. અને પછી તે ક્રોધમાંથી મોહ થાય છે. અને તે મોહમાં મતિ વિભ્રાંત(અનિશ્ચિત) થઈ જાય છે. ૪૯-૫૨.

અને સામાન્યપણે તો શ્રોત્ર અને શબ્દને સદા સંબંધ રહ્યો છે, તે બુદ્ધિમાન હોય તેને જાણ્યામાં આવે છે. ૫૩. અને ત્વચા તથા સ્પર્શને સદાય સંબંધ રહ્યો છે. એવી રીતે પાંચે જ્ઞાનેન્દ્રિયોને પંચવિષયની સાથે સદાય સંબંધ રહ્યો છે. તે મનુષ્યશરીરમાં દેખાય છે. માટે જે પદાર્થને સામાન્યપણે જોયું હોય તે પદાર્થમાંથી વૃત્તિને તોડીને ભગવાનના સ્વરૂપમાં રાખવી હોય, તો તેમાં કાંઈ ઝાઝો શ્રમ પડતો નથી. સહેજે જ વૃત્તિ વિષયમાં જતી નથી અને વિષયમાંથી વૃત્તિ તૂટીને સહજ સ્વભાવે ભગવાનના સ્વરૂપમાં જોડાઈ જાય છે. અને તે વૃત્તિ જ્યારે ભગવાનમાં જોડતા હોઈએ ત્યારે જો સ્ત્રી આદિકનું અતિશય રમણીયરૂપ દેખ્યામાં આવી ગયું હોય અને તેમાં વૃત્તિ ચોંટી ગઈ હોય, તો પછી ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવા જાય તોપણ રહે નહીં. અને ચિત્ત પણ એક ઠેકાણે રહે નહીં.

માટે જ્યાં સુધી જેને રમણીય પંચવિષયમાં ચિત્ત લોભાય છે, ત્યાં સુધી તેને મોહ ટળતો નથી. અને તેની વૃત્તિઓ સત્સંગનો ત્યાગ કરીને વિષયમાં ચોંટી જાય છે. ૫૪-૬૨. અને જેનું જ્યારે વિષયમાં ચિત્ત તણાઈ ગયું હોય ત્યારે તેનું ખંડન પોતાના ગુરુ, સંત તથા પોતાના ઈષ્ટદેવ ભગવાન પોતે કરે; તોપણ તે નિષેધને માને નહિ અને તે નિષેધ કરનારાનો ત્યાગ કરે કાં વૈર કરે. વળી, જેટલું પોતાનું ઊપજે તેટલો દ્રોહ પણ કરે. પછી તેને જો કોઈ શિખામણ આપે તો તે પણ મનાય નહીં; ૬૩-૬૫. **એવું જેના અંતરમાં વર્તતું હોય તેને મોહ કહેવાય છે. એવો જે મોહ છે તે જ પરસ્પર વૈર કરાવે છે.** ૬૬.

चोपाई :

मोह के कारण विषय रहाते, विषय के कारण अज्ञान कहाते;
अज्ञान के कारण कुसंग कहीता, विपरीत बात जो तेहि रहीता...६७

सबके बीज कुसंग रयेऊ, सत्संग बिन विधि सम रयेऊ;
ज्ञान की कोर ते अंध कहाता, सत्संग बिन ज्ञान नेत्र न आता...६८

એટલે મોહનું કારણ વિષયો છે અને વિષયનું કારણ અજ્ઞાન છે તથા અજ્ઞાનનું કારણ કુસંગ કહેવાય છે. જેટલી કાંઈ અહિતકારી ઊંધી બાબતો છે, તે બધાનું બીજ કુસંગ છે. સત્સંગ વગર બ્રહ્માના જેવા હોય, તોપણ તે જ્ઞાનની બાબતમાં અંધ કહેવાય છે. સત્સંગ વિના કોઈને જ્ઞાનરૂપી નેત્ર આવતાં નથી. ૬૭-૬૮. સત્સંગ વિના તો વેદ અને પુરાણોને કંઠે કર્યા હોય, તોપણ તે મોક્ષના માર્ગમાં અંધ રહે છે. કેમ જે, મોહ અને અજ્ઞાન છે તે જ આંધળાપણું છે. તે ભગવાને ગીતામાં કહ્યું છે કે, ૬૯.

ध्यायतो विषयान् पुंसः सङ्गस्तेषूपजायते।
सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते ।।

क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः।
स्मृतिभ्रंशात् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ।।

આ શ્લોકો સત્સંગ વિના સમજાતા નથી. શાસ્ત્રમાં આવી અપાર વાત છે, પણ તે વાતો સત્સંગ વિના ઉદ્ધાર કરતી નથી. ૭૦. માટે આ વચન જે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યાં છે તે પરમ સિદ્ધાંત છે, તે કોઈ દિવસ ફરે નહીં. ૭૧. અને કરોડો કલ્પે પણ ઉપર કહ્યાં તે વચન ક્યારેય ખોટાં થાય નહીં.' જ્યારે શબ્દાદિક કોઈ વિષયમાં ચિત્ત લોભાયેલું હોય ત્યારે ગમે તેવો બુદ્ધિમાન હોય, તોપણ તેનું કાંઈ ઠેકાણું રહે નહીં. અને તે પશુ જેવો થઈ જાય છે. ૭૨-૭૩.

✵ મોહને ટાળવાનો ઉપાય :

दोहा : माट हि मोह तिनकू जो, उदय होवन ताके;
कारण विषय में रहेउ, आसक्ति जो याके...७४

अरु जाकू विषय तिनसे, चित्त यह ताकु जोउ;
उखडना होय तिनकू हि, पेले आत्म हि सोउ...७५

सोरठा : निष्ठा दृढ कर जेहु, रखना में आत्मा रहे;
पण में देह न तेहु, एक तोउ विच्यार यह...७६

दृढ कर रखना तेउ, दूजे प्रकार जगतहु की;
उत्पत्ति स्थिति जेउ, प्रलय होवत रहे...७७

चोपाई :

तेही वात पण सारी हि रीता, समझना करीके खचीता;
अरु तिजे भगवान जो ताके, स्वरूप के महात्म अति वाके...७८

समझना तेही इमि विचारा, कहत तिमी करना वार वारा;
पंचविषय जो रहाये जेहा, भगवानने करे हे तेहा...७९

माट हि भगवान जोउ तामें, विषय करते अति बहुत यामें;
सुख रहायेउ वार न पारा, कोउ दिन दुःख न होउ लगारा...८०

માટે મોહને ઉદય થવાનું કારણ તો વિષયમાં આસક્તિ છે તે જ છે. ૭૪. અને જેને એ વિષયમાંથી ચિત્તને ઉખેડવું હોય તો તેને પહેલા તો આત્મનિષ્ઠા અતિશય દૃઢ કરી રાખવી જે, 'હું આત્મા છું પણ હું દેહ નથી.' એક તો એ વિચાર દૃઢ કરીને રાખવો. અને બીજું જે રીતે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે તે વાત પણ સારી રીતે દૃઢતાથી સમજી રાખવી. અને ત્રીજું ભગવાનના સ્વરૂપનું માહાત્મ્ય અતિશય સમજવું. તે કહીએ છીએ તેવો વિચાર વારંવાર કરવો, 'જે પંચવિષય છે તે તો ભગવાનના કર્યા થયા છે, ૭૫-૭૯. માટે ભગવાનમાં તો વિષય કરતાં ઘણું અપાર સુખ રહ્યું છે કે જેમાં કોઈ દિવસ લગાર પણ દુઃખ હોય નહીં. ૮૦. કેમ જે, જે શબ્દ છે તેમાં શબ્દ સંબંધી એક જ સુખ હોય છે અને બીજા ચાર વિષય રહ્યા તેનું સુખ શબ્દમાં હોતું નથી. એવી રીતે સ્પર્શમાં સ્પર્શનું જ સુખ હોય છે, પણ બીજાં સુખ તેમાં દેખાતાં નથી ૮૧-૮૨. તેમ જ રૂપમાં રૂપ સંબંધી જ સુખ રહ્યું હોય છે, તેમ જ રસ અને ગંધમાં પોતપોતાના વિષય સંબંધી એક પ્રકારનું જ સુખ રહ્યું હોય છે; પણ એક વિષયમાં તે પાંચ વિષયનું સુખ ભેળું આવતું નથી. તે પ્રત્યક્ષ જોવામાં આવે છે. ૮૩-૮૪.

અને ભગવાનનું જે સ્વરૂપ છે તે તો પરમ અનુપમ છે. અને તેમાં તો બધાં સુખ ભેળાં રહ્યાં છે. તે મૂર્તિનાં એક દર્શન જ કરે તોપણ ભક્ત પૂર્ણકામ થઈ જાય છે. એવી રીતે ભગવાનનાં સ્પર્શાદિક છે તે પણ પોતાના ભક્તજનને પૂર્ણકામ કરી દે છે. અને માયિક વિષય સંબંધી જે સુખ રહ્યું

છે તે તો દુઃખનું ધામ છે. તથા માયિક સુખ તો નાશવંત છે અને ભગવાન સંબંધી સુખ છે તે તો અખંડ રહ્યું છે; એવું ભગવાનનું સ્વરૂપ કહેવાય છે. માટે એવું જે ભગવાનનું સ્વરૂપ તેના માહાત્મ્યનો વિચાર અતિશય દૃઢ કરવો. આ રીતે જે ઉપર કહ્યા તે ત્રણ વિચારને હૃદયમાં ધારવા, તો તેણે કરીને વિષયની આસક્તિ જરૂર ટળી જાય છે. ૮૫-૯૦.

❋ નિર્મોહી તથા જ્ઞાની ભક્તનાં લક્ષણ :

અને જ્યારે તે વિષયની આસક્તિ ટળી જાય છે ત્યારે વિષય સારા કે નરસા, તેનો ભેદ જરૂર રહેતો નથી. ૯૧. જેવી રૂપવાન સ્ત્રી હોય તેવી જ કુરૂપવાન સ્ત્રી ભાસે, માટે ઉપર કહ્યા એવા વિચારો કરવા. વિચાર્યા વિના વિષય નકારા લાગતા નથી. ૯૨. અને તે રીતે જ પશુ, પક્ષી, કાષ્ઠ, છાણાં, પથ્થર અને સુવર્ણ; એ બધાં તુલ્યપણે જુએ પણ સારાં પદાર્થને દેખીને તેમાં મોહ થાય નહીં. આવી રીતે પંચવિષયને વિષે વર્તે, પણ સારાં કે નરસાં એવો બુદ્ધિને વિષે ભેદ ન રહે; એવું જેને વર્તે તેને નિર્મોહી કહીએ. ૯૩-૯૫.

તે શ્રીકૃષ્ણ ભગવાને પણ ગીતામાં તે વાત શ્લોકે કરીને કહી છે જે, **'समलोष्टाश्मकाञ्चनः'** એવાં જેનાં લક્ષણ હોય તેણે ભગવાનના સ્વરૂપને તત્ત્વે કરીને જાણ્યું કહેવાય. ૯૬-૯૭. અને તેને જ અનન્ય પરિપૂર્ણ ભક્ત કહેવાય અને પતિવ્રતાનું અંગ પણ તેનું જ જાણવું અને એવી સમજણ હોય તેથી જ્ઞાની ભક્ત પણ તેને જ જાણવો. અને ભગવાન પણ એવા ભક્ત ઉપર જ પ્રસન્ન થાય છે. ૯૮-૯૯.

અને ભગવાનને તેવો ભક્ત અતિશય વહાલો હોય છે. તે ભગવાને ગીતાના આ શ્લોકમાં કહ્યું છે જે, **'प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः'** *(ગીતા : ૭/૧૭)* માટે એવા જે પતિવ્રતાના અંગવાળા ભગવાનના ભક્ત છે તે જ ભગવાનને અતિશય વહાલા છે. અને તે પતિવ્રતાનું અંગ ડાહ્યાને જ આવે એવી વાત નથી, જેને ખપ હોય તે સહુને આવે છે. પણ ખપ વિના કોઈને આવતું જણાતું નથી. ૧૦૦-૧૦૩. જેમ આ સંસારમાં ભોળી સ્ત્રીઓ હોય તે અપાર પતિવ્રતા હોય છે અને હોશિયાર સ્ત્રી હોય તે વ્યભિચાર કરતી હોય છે. ૧૦૪. માટે ડાહ્યા-ભોળાનો કાંઈ મેળ નથી.

એ તો જેને જીવમાં કલ્યાણનો ખપ હોય, તે જ પતિવ્રતાનું અંગ રાખીને ભગવાનની ભક્તિને કરે છે. આ ખપવાળાની વાત કહેવાય છે. ૧૦૫-૧૦૬.

❋ અભ્યાસુને કોઈ વાત અશક્ય નથી :

અને એવી રીતે જે સારા-નરસા વિષયમાં સમાન બુદ્ધિ થાવી તે જાણે કે એક દિવસમાં તરત કરી લઈએ અને નિર્મોહી થઈ જઈએ; પણ તે કામ એમ ઉતાવળે થાતું નથી, ધીરે ધીરે આદર રાખે તેનાથી તે કામ સિદ્ધ થાય છે. જેમ કૂવાના કાંઠા ઉપર પથ્થર રહ્યો હોય છે. ૧૦૭-૧૦૯. તેના ઉપર કૂવામાંથી પાણી ખેંચતાં ખેંચતાં નરમ દોરડી હોય, તોપણ ઘણે કાળે કરીને તે પથ્થરમાં કાપા પાડે છે. ૧૧૦. અને લોઢાની સાંકળે કરીને સીંચે, તોપણ ઉતાવળે ક્યારેય એવો કાપો પડે નહીં. ૧૧૧. માટે કલ્યાણને અર્થે જેણે નિશ્ચિત પ્રયત્ન કરવો હોય તેણે વિષયમાંથી આસક્તિ ટાળવી. અને તેને વિષે આકળા થઈને અકળાઈ જાવું નહીં.

તે એવી રીતે ગીતામાં ભગવાને પોતે કહ્યું છે, '**अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्।**' *(ગીતા : ૬/૪૫)* માટે એમ વિચારવું જે, 'ભગવાનના ભક્તે આ જન્મે જેટલી વિષયમાંથી આસક્તિ ટળે તેટલી ટાળવી અને તેમ કરતાં જો કાંઈક રહી જાય તો બીજે જન્મે કરીને આસક્તિને જરૂર ટાળવી છે, પણ ભગવાનના ભક્ત થયા છીએ, તેથી હવે લખચોરાશીનું જેટલું દુઃખ છે તે બધું ટળી ગયું છે. આવી રીતે ભગવાનના ભક્તે હિંમત રાખીને ધીરે ધીરે શૂરવીરપણે મોહનાં મૂળને ઉખાડવાનો આદર રાખવો, તેમાં પાછો પગ ક્યારેય ધરવો નહીં. ૧૧૨-૧૧૮.

चोपाई :

अरु अछे बूरे दोउ जिहाँ लगही, विषय तुल्य नहि तिहाँ लगही;
भगवान के भक्त जो ऐसे, साधन दशा में रहे तैसे...११९

दोहा : अरु जब अछे बुरे हि जो, विषय तुल्य हि जनाय;
तब यह भक्त सिद्धदशा, ताकू पाय रहाय...१२०
अरु जब विषय तिनमें सु, आसक्ति छुट गयेउ;
सिद्धदशा कु पाये तब, कृतार्थ तेही भयेउ...१२१

सोरठा : वेद शास्त्र हि पुरान, इतिहास सब ग्रंथहु के;
रहस्य इतना रहान, इतना गलितार्थ रहे...१२२
बात करे हम एह, शास्त्र सब के रहस्य रये;
माट हि बात हि तेह, दृढ करिके रखना सब...१२३

અને સારા-નરસા એ બંને વિષય જ્યાં સુધી તુલ્ય ન જણાય, ત્યાં સુધી તે ભગવાનનો ભક્ત છે તોપણ સાધનદશામાં રહ્યો છે. ૧૧૯. અને જ્યારે સારા-નરસા વિષય તુલ્ય જણાય ત્યારે તે ભક્ત સિદ્ધદશાને પામ્યો છે, તેમ જાણવું. ૧૨૦. અને જ્યારે વિષયમાંથી આસક્તિ છૂટી જાય અને સિદ્ધદશાને પામ્યો હોય ત્યારે તે કૃતાર્થ થયો છે, એમ જાણવું. ૧૨૧. અને વેદ, શાસ્ત્ર, પુરાણ અને ઈતિહાસ; એ બધાં ગ્રંથોનું એ જ રહસ્ય છે અને એ જ ગલિતાર્થ કહેતાં નિચોડ છે. ૧૨૨. અમે આ જે વાર્તા કરી તે સર્વ શાસ્ત્રનું રહસ્ય છે, માટે તેને સહુ દૃઢ કરીને રાખજો.” ૧૨૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચવિંશ પૂરમાં “ગઢડા મધ્ય પ્રકરણનું પહેલું વચનામૃત કહ્યું” એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે પંચવિંશ પૂર સંપૂર્ણ ॥૨૫॥



INDEX

પરિશિષ્ટ-૧

શ્રીનારાયણ અંગ ચિંતામણિ :

: ભૂમિકા :

આ નારાયણ અંગ ચિંતામણિ ગ્રંથ આધારાનંદ સ્વામીએ વિ.સં.૧૮૭૮ આસો સુદ-૧ ને ગુરુવારે ગઢપુરમાં રહીને પૂર્ણ કર્યો છે. આ ગ્રંથ રચ્યો ત્યારે સ્વામીની ઉંમર આશરે ૨૩ વર્ષની હતી. સિદ્ધાનંદ(આધારાનંદ) સ્વામીએ રચેલો આ સર્વ પ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથ રચી સિદ્ધાનંદ સ્વામીએ પોતાના ગુરુ મુક્તાનંદ સ્વામીને બતાવી પ્રાગજી દવેને આપ્યો. પ્રાગજી દવેએ આ ગ્રંથ શ્રીહરિની આગળ વાંચ્યો. સર્વાવતારી શ્રીહરિએ જ્યારે આ 'શ્રીનારાયણ અંગ ચિંતામણિ' ગ્રંથ સાંભળ્યો ત્યારે વારંવાર આ ગ્રંથની પ્રશંસા કરી. પછી સિદ્ધાનંદ સ્વામીને પાસે બોલાવ્યા અને તેમની છાતીમાં તથા મસ્તક ઉપર ચરણારવિંદ આપ્યાં.

પછી મુક્તાનંદ સ્વામીને શ્રીહરિએ કહ્યું કે, **'આ સિદ્ધાનંદ મુનિને કાવ્ય કરવામાં સારી ગતિ થશે; એવું મને ચોક્કસ જણાય છે.** કોઈ પિંગળ શાસ્ત્ર ભણ્યા હોય, અને કવિતા કરે તે વાતનું કોઈ આશ્ચર્ય નથી, પરંતુ પિંગળ શાસ્ત્રને ભણ્યા વિના જે કાવ્ય રચના કરવી તે આશ્ચર્યકારી વાત છે. આ સિદ્ધાનંદ સ્વામી પિંગળ શાસ્ત્ર ભણ્યા વિના કાવ્ય બનાવીને લાવ્યા છે. માટે તે મહાન કવિ થશે, એવું અમને દેખાય છે. જેમ મોરનાં ઈંડાંને ચીતરવાં પડે નહિ, તેમ જેની જેવી બુદ્ધિ હોય તે તેના લખેલા પત્ર ઉપરથી જણાઈ આવે છે.' આમ શ્રીહરિએ સ્વામીએ રચેલો આ ગ્રંથ વાંચી ભવિષ્યવાણી ભાખેલી. તે જ્યારે શ્રીહરિચરિત્રામૃતસાગર જેવો મહાકાય ગ્રંથ રચાયો ત્યારે સત્ય થઈ છે.

આ ગ્રંથમાં **સિદ્ધાનંદ સ્વામીએ શ્રીહરિના મંત્રનો મહિમા, ચિંતવનનો મહિમા, મૂર્તિનાં અંગોઅંગનું મહિમાત્મક વર્ણન અને છેલ્લે ધ્યાનનો મહિમા કહેલો છે.** એવા આ મહા પ્રસાદીભૂત અમૂલ્ય ગ્રંથને આપણે વાંચીએ, વિચારીએ અને જીવનમાં ઉતારીએ.

(આધારાનંદ સ્વામી)

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિ કૃત

श्रीनारायण अंग चिंतामणि :

।। श्रीप्रत्यक्षपुरुषोत्तमाय नमः ।।
।। अथ श्रीनारायण अंग चिंतामणिः प्रारभ्यते ।।

✵ સ્વામિનારાયણ મંત્ર મહિમા :

दोहा : श्रीभक्तिधर्म सुत सुखकरन, दुःख हि हरन हरि नाम;
स्वामिनारायण नाम जो, रटत वसत हरिधाम...०१
स्वामिनारायण नाम यह, चिंतामनि से जोउ;
कोटि गन फल अधिक रहे, बडभागी रटत सोउ...०२

સુખનું કારણ અને દુઃખને હરનારા એવા શ્રીભક્તિધર્મના પુત્ર શ્રીહરિ, તેમના સ્વામિનારાયણ નામને કોઈ રટે છે, તો તે ભગવાનના ધામમાં રહે છે. ૧. 'સ્વામિનારાયણ' આવું નામ ચિંતામણિ કરતાં પણ કરોડગણું વધારે ફળ આપે છે. તે નામનું જે ભજન કરે છે તે ઘણો ભાગ્યશાળી છે. ૨.

सोरठा : हरि के नाम हि ताके, महिमा रहे अपार कर;
जितना महिमा वाके, जानत तितना फल होत...०३
हरि के अंग जेते, बसन भूषण जेते तेहि;
खान पान हि तेते, चिंतामनि यह रहेउ सब...०४

શ્રીહરિના નામનો મહિમા અપાર છે. તે જેટલો મહિમા સમજવામાં આવે છે તેટલું તેનું ફળ થાય છે. ૩. શ્રીહરિની મૂર્તિનાં સર્વે અંગો, તેમનાં વસ્ત્ર, આભૂષણો અને ખાન-પાન જે કાંઈ છે તે બધાં ચિંતામણિરૂપ છે. ૪.

हरि के वाहन भुवन हि जेता, हरि करेउ चरित्र जो तेता;
कथा बात कीर्तन हरि जितना, करत भयेउ भक्त हित तितना...०५

શ્રીહરિનું વાહન, રહેવાનું ભવન, ભક્તના હિતને માટે ભગવાન સ્વામિનારાયણે કરેલાં ચરિત્રો, કથા, વાર્તા અને કીર્તન વગેરે જે શ્રીહરિએ કર્યાં હોય છે, ૫.

चिंतामनि तेहि सब हि रहाये, हरि के सबंध करिके ताये;
हरि के सबंध बिन चितवन जेते, नर्क से नर्क अपार हि तेते;
जमपुरि दुजि जो एहि रहेऊ, प्रगट रहे देखत न केऊ...०६
कुसंग कर शुभ मति जो जेती, बहुत जन्म से विपरीत तेती;
हो गयेउ कछु वार न पारा, दुःख सहत तिन करीके अपारा...०७

તે બધાં શ્રીહરિના સંબંધે કરીને ચિંતામણિ જેવાં છે. ભગવાનના સંબંધ વગરની જે કોઈ પણ વસ્તુનું ચિંતવન કરવામાં આવે છે, તે નરક કરતાં પણ અત્યંત દુઃખદાયક છે. અને તે તો જીવને માટે બીજી જમપુરી રહી છે. આ જમપુરી પ્રગટ રહી હોવા છતાં કોઈને દેખાતી નથી. જીવની શુભમતિ ઘણા જન્મનાં કુસંગે કરીને અત્યંત વિપરીત થઈ ગઈ છે. અને તેને લીધે જીવને અપાર દુઃખ સહન કરવું પડે છે. ૬-૭.

हरि बिन चिंतवन जितना जेहा, करत रहत जन जेते तेहा;
हरि से तितना दूर हि चलाते, ज्ञान नेत्र बिन नहि देखाते...०८
हरि के चितवन जितना जेहू, हर कोउ बात करिके तेहू;
करत रहत तितना हरि ताके, सन्मुख चलत भये यह वाके...०९

ભગવાન સિવાયના બીજા પદાર્થોનું જીવ જેટલું ચિંતવન કરતો રહે છે તેટલો તે ભગવાનથી દૂર થતો જાય છે. તે જ્ઞાનરૂપી નેત્ર વિના દેખાતું નથી. ૮. ભગવાનના સ્વરૂપનું જેટલું ચિંતવન હરકોઈ રીતે જો કરતો રહે, તો તે ચિંતવન કરતાં કરતાં તે જીવ ભગવાનને સન્મુખ ચાલતો થઈ જાય છે. ૯.

❋ શ્રીનારાયણ અંગ ચિંતામણિ :

हरि सन्मुख चलने जो हीता, नारायण अंग चिंतामनि तीता;
ग्रंथ करे विमान यह रूपा, हरि अंग रंग रहे अनूपा...१०

दोहा : श्रीनारायण भक्तपति, भक्त प्रान आधार;
तिनके चरणसरोज कु, उर धरु वार हि वार...११

શ્રીહરિને સન્મુખ ચાલવાને માટે 'નારાયણ અંગ ચિંતામણિ' નામનો આ ગ્રંથ વિમાનરૂપ કર્યો છે. તેમાં ભગવાનનાં અંગોનો અનુપમ મહિમા અને તેના ધ્યાનનો રંગ કહ્યો છે. ૧૦. ભક્તપતિ અને ભક્તોના પ્રાણાધાર એવા શ્રીનારાયણ પ્રભુનાં ચરણકમળને હું મારા હૃદયમાં વારંવાર ધારું છું. ૧૧.

जेहि पदपंकज ध्यान से, मुनिवर भए अपार;
तेहि चरण मम उर महिं, रखहुँ करी बहु प्यार...१२
श्रीनारायण चरणकु, उर में धार हि जोय;
काम क्रोध मद लोभ कु, देव हि सब यह धोय...१३

જે ચરણકમળનું ધ્યાન કરવાથી અપાર મોટા મુનિવરો સિદ્ધગતિને પામી ગયા છે, તે શ્રીહરિનાં ચરણકમળને હું મારા હૃદયમાં ઘણા પ્રેમથી રાખું છું. ૧૨. જે કોઈ મનુષ્ય શ્રીનારાયણનાં ચરણને હૃદયમાં ધારે છે, તો તે કામ, ક્રોધ, મદ અને લોભ જેવા દોષોને ધોઈ નાખે છે. ૧૩.

श्रीनारायण अंग सबे, नखशिख चिंतहि कोइ;
मन चंचल अस्थिर हि अति, थिर कर हि नर सोई...१४
श्रेष्ठ यह अंग चिंतामनि, एहि तुल्य नहि कोउ;
क्षर अक्षर पर जेहि प्रभु, इन करी निरख हि सोउ...१५

કોઈ ભક્ત સ્વામિનારાયણનાં બધાં અંગોને નખથી શિખા પર્યંત ચિંતવે છે, તો તેનું ચંચળ અને અસ્થિર એવું જે મન છે, તે પણ સ્થિર થઈ જાય છે. ૧૪. આ 'શ્રીનારાયણ અંગ ચિંતામણિ' શ્રેષ્ઠ છે. તેને સમાન બીજું કોઈ નથી. કારણ કે, આ ગ્રંથ દ્વારા ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું જે ચિંતવન કરશે, તેને ક્ષર અને અક્ષરથી પર એવા પરમેશ્વરનાં દર્શન થશે. ૧૫.

अंग विविध प्रकार करी, पद अरु शिश प्रजंत;
सो अब में वरनन करत, एक चित्त सुनहु संत...१६

તે સ્વામિનારાયણનાં અંગોને ચરણથી શિખા પર્યંત વિવિધ પ્રકારે હવે હું વર્ણવું છું. હવે સહુ સંતો એક ચિત્ત થઈને સાંભળો. ૧૬.

प्रथम हि ध्यान चरण के धरना, एक हि निरत सुरत सो करना;
तिन महिं सोल चिह्न दिव्य जानो, स्वस्तिक अष्टकोण प्रमानो...१७

जव जंबु उर्ध्वरेख हि जोऊ, पवि पंकज अंकुश जुत सोऊ;
केतु आदि नव चिह्न बिराजे, ईन लक्षित दक्षिन पद छाजे...१८

સહુ પહેલા તે સ્વામિનારાયણનાં ચરણોનું ધ્યાન કરવું. તેમાં તે ચરણોની અખંડ સ્મૃતિ રાખવી. તે ચરણોમાં દિવ્ય સોળ ચિહ્નો છે. સ્વસ્તિક, અષ્ટકોણ, જવ, જાંબુ, ઊર્ધ્વરેખા, વજ્ર, કમળ, અંકુશ અને ધ્વજ આદિ નવ ચિહ્ન જમણા ચરણમાં સુશોભિત રહ્યાં છે. ૧૭-૧૮.

झष अर्धचंद सुरभिपद जोई, व्योम त्रिकोण चाप शुभ होई;
सप्त चिह्न कलशादिक वामा, वाम चरण प्रगट प्रमाना...१९

મત્સ્ય, અર્ધચંદ્ર, ગોપદ, વ્યોમ, ત્રિકોણ, શુભ ધનુષ અને કળશ, ઈત્યાદિક સાત ચિહ્ન ડાબા ચરણમાં પ્રગટ પ્રમાણ રહ્યાં છે. ૧૯.

सोरठा : एहि चरण के ध्यान, संत सबे निश दिन करत;
निरत सुरत एक तान, नारद शुकादि मुक्तमुनि...२०

दोहा : अंगुलि पंक्ति अति सम शुभ, रक्त नवांकुर सोय;
चरन कमल सुखधाम छबि, देखि मुनि रहे मोय...२१

સર્વ સંતો આ શ્રીજીમહારાજનાં ચરણોનું રાત-દિવસ ધ્યાન કરે છે. નારદ અને શુકદેવ આદિક મુક્તો તથા મુનિઓ એકાગ્રચિત્તથી નિરંતર તેમનું સ્મરણ કરતા રહે છે. ૨૦. ચરણની આંગળીઓની પંક્તિ એકસરખી અને અતિશય શુભ છે. લાલ રંગનાં નવાંકુર જેવાં તે ચરણકમળ સુખનું ધામ છે અને તેની શોભાને દેખીને મુનિજનો મોહિત થાય છે. ૨૧.

शुक्ल हि नख रक्तोनत जेहू, रवि शशि ज्योति हरत हे तेहू;
एहि चरण उर धरत हे संता, सनकादिक महामुनि महंता...२२
कंचित उनत व्रतुल सम जेही, गुल्फ चारु सोहत हे तेही;
फना एडि जुत शोभित जोई, जंघा जानु देखि जन मोई...२३

લાલાશ ભરેલા સફેદ અને ઊપડતા એવા બધી આંગળીઓના નખ, સૂર્ય અને ચંદ્રની કાંતિને હરે તેવા છે. તે ચરણકમળને સનકાદિક, મોટા મુનિઓ, સંતો અને મહંતો હૃદયમાં ધારે છે. ૨૨. થોડી ઊપડતી ગોળ

એકસરખી સુંદર ઘૂંટીઓ ફણા અને એડીથી યુક્ત ઘણી શોભે છે. તેમની પિંડીઓ અને ઘૂંટણને દેખીને લોકો મોહિત થઈ જાય છે. ૨૩.

ऊरु जुगल करभ तुल्य हि शोभे, निज भक्तन के मन कु लोभे;
बृहत कटि शोभत पट पीते, कटि मेखल चोरत हे चीते...२४

सोरठा : विश्व सकल सुखदाइ, शोभामनि करुना हि भुवन;
रतिपति रहत लजाइ, कटि देखत मुनि हरष मन...२५

બંને સાથળ કરભ(ટચલી આંગળીથી ઉપર હથેળીની અંદરની કોર)ના તુલ્ય શોભી રહ્યા છે. તે પોતાના ભક્તના મનને લોભાવે છે. પછી રેશમી પીતાંબરથી વીંટાયેલ વિશાળ કટી શોભે છે કે જેના ઉપર પહેરેલો કંદોરો ભક્તના ચિત્તને ચોરે છે. ૨૪. સમગ્ર વિશ્વને સુખ આપનાર, શોભાના મણિરૂપ, કરુણાનું ભવન તથા મુનિના મનને હર્ષ આપનાર; એવી કમરને દેખીને કામદેવ પણ લજાઈ જાય છે. ૨૫.

दोहा : निम्न व्रतुल नाभि नलिन, शोभित सुंदर शाम;
उदर हि में चलदल हि सम, त्रिवलि हरत मद काम...२६
सोहत हे उर अतिशय भारी, तामें श्रीवत्स की छबि न्यारी;
स्तन हि दोउ शुभ जो मन भाये, शशि भानु देखत हि लजाये...२७

કમળના જેવી સુશોભિત, શ્યામ, સુંદર અને ગોળ એવી નમતી નાભિ છે. પીપળાના પાનના જેવા ઉદરમાં રહેલી ત્રિવળી કામદેવના મદને પણ હરે છે. ૨૬. શ્રીહરિનું વક્ષઃસ્થળ ઘણું ભારે શોભી રહ્યું છે. તેમાં શ્રીવત્સના ચિહ્નની શોભા તો અલગ જ છે. શુભ અને મનભાવતા બંને સ્તનને જોઈને સૂર્ય અને ચંદ્ર પણ લજ્જિત થઈ જાય છે. ૨૭.

दृढ आजानु लंबित जेहा, अधिक भुजदंड सोहत तेहा;
अंगुलि तेहि सुक्ष्म शुभ राजे, शोण पद्म ज्युं बहु विध छाजे...२८
उतंग श्वेत अरून नख जोई, द्युति सहित राजत हे सोई;
कर जुगल छबि देखि मन भावे, सब जन कु आनंद उपजावे...२९

મજબૂત ઘૂંટણ સુધી લાંબા એવા બંને ભુજદંડ અધિક શોભે છે. અને સૂક્ષ્મ આંગળીઓની શુભ પંક્તિ લાલ કમળની જેમ અનેક રીતે શોભી રહી

છે. ૨૮. ઉપડતા લાલાશ ભર્યા શ્વેત નખને જોઈને, તથા કાંતિએ સહિત લાલાશવાળી હાથની હથેળીની મનભાવતી શોભા જોઈને સહુને ઘણો આનંદ થાય છે. ૨૯.

सोरठा : कर जुग ध्यान जोय, जेहि जन हित उर धरत नित;
अक्षर होत हि सोय, जन्म मरण के मेटि दुःख...३०

दोहा : श्रीनारायण अंग जेहि, अति हित चिंतव ही कोय;
महामुक्त तेहि जनकु, धन्य कहत हे सोय...३१

બંને હાથનું જે ભક્ત હેતથી નિત્ય હૃદયમાં ધ્યાન કરે છે, તો તે જન્મ-મરણનાં દુઃખને મટાડીને અક્ષરરૂપ થઈ જાય છે. ૩૦. શ્રીનારાયણનાં અંગોને કોઈ અતિહેતથી ચિંતવે છે, તો તે ભક્તને મહામુક્તો ધન્ય ધન્ય કહે છે. ૩૧.

कंबु हि कंठ चिबुक रद शोभे, तिन महिं दंत पंक्ति मन लोभे;
सोहत उज्वल तेहि अति भारी, द्युती सहित सुंदर सुखकारी...३२
नासा हि तिल कुसुम सोहाई, मुनिभ्रंग तिन महिं रहत लोभाई;
शशि बिंब पूरण मुख हि जोई, जन चकोर रहत चित्त प्रोई...३३

શંખના જેવો કંઠ, ચિબુક અને સુશોભિત હોઠની વચ્ચે દાંતની પંક્તિ મનને લોભાવનારી, સોહામણી અને ઘણી ઉજ્જ્વળ છે, તથા કાંતિએ સહિત ઘણી સુંદર અને સુખકારી છે. ૩૨. તલના ફૂલના જેવી નાસિકા છે. તેના ઉપર મુનિરૂપી ભમરાઓ લોભાઈ રહે છે. પૂર્ણચંદ્રના બિંબના જેવા શ્રીહરિના મુખમાં ભક્તજનરૂપી ચકોર ચિત્ત પરોવીને રહે છે. ૩૩.

कपोल दोउ सोहत उजारे, लगत जन कु तेहि अति प्यारे;
दक्षिन कपोल रहे तिल जेहा, प्रेमि भक्त नित धारत तेहा...३४
शोण प्रांत महिं सुंदर नेना, चपल मिन ज्युं सोहे प्रवीना;
शरद सरोज के पत्र हे जोउ, चपल दृग अति सोहत सोऊ...३५

બંને ઉજ્જ્વળ ગાલ અત્યંત શોભી રહ્યા છે અને ભક્તજનોને તે અતિ પ્યારા લાગે છે. તેમાં જમણા ગાલ ઉપર જે તિલ છે તેને પ્રેમી ભક્તો હંમેશાં હૃદયમાં ધારે છે. ૩૪. લાલ છેડાવાળાં સુંદર નેત્ર માછલીનાં જેવાં

ચપળ અને ભક્તોનું મન હરી લેવામાં નિપુણ છે અને શોભાનાં ધામ છે. લાલ કમળની પાંખડીના જેવી ચંચળ દૃષ્ટિ અત્યંત સોહામણી લાગે છે. ૩૫.

सोरठा : एहि दृगन के ध्यान, मुक्त सबे अहोनिश करत;
तजिके सब मद मान, चंद हि बिंब चकोर विध...३६

दोहा : दृग चंचल चपला तेहि, हसत हे मुख हुलास;
सोउ छबि निज भक्त हि उर, रहत करिके निवास...३७

ચકોર પક્ષી જેમ ચંદ્રના બિંબને જુએ છે, તેમ સમગ્ર મુક્તો આવાં ભગવાનનાં નેત્રકમળનું ધ્યાન રાત-દિવસ બધાં પ્રકારનાં મદ, માન તજીને કરે છે. ૩૬. મોહનવરની વીજળીના જેવી ચંચળ દૃષ્ટિ છે. અને ઉલ્લાસથી તેમનું મુખ હસતું રહે છે. આવી સ્વામિનારાયણની છબી પોતાના ભક્તજનના હૃદયમાં નિવાસ કરીને રહે છે. ૩૭.

करण जुगल छबि उर बिच धारी, काम कुमति तेहि देत दारी;
शाम बिंदु एक श्रवण वामा, निज जन कु तेहि अति सुखधामा...३८
ललित लिलाट विशाल हि राजे, तेहि बिच रेखा तिलक ज्युं छाजे;
मस्तक कृष्ण कुटिल ही केशा, प्रणय ध्यान तेहि धरत मुनेशा...३९

બંને કાનની શોભાને હૃદયની વચ્ચે ધારવાથી તે કામ અને કુબુદ્ધિને ટાળી દે છે. ડાબા કાનમાં એક શ્યામ બિંદુ છે, તે ભક્તજનોને માટે અત્યંત સુખનું ધામ છે. ૩૮. શ્રીહરિનું સુંદર, વિશાળ લલાટ શોભી રહ્યું છે. અને તેની વચ્ચે તિલકને આકારે રેખા શોભી રહી છે. મસ્તક ઉપરના વાંકડિયા કાળા કેશ છે. મોટા મુનિવરો પણ તેનું પ્રેમપૂર્વક ધ્યાન ધરે છે. ૩૯.

❋ ધ્યાનનો મહિમા :

सोरठा : चिक्कण कुंचित केश, राजत हे मस्तक महीं;
तेहि उर धरत महेश, ब्रह्मा विष्णु शेषादि सब...४०

दोहा : एही अंग सब हि प्रेम जुत, जे जन धरत हि ऊर;
सो जन प्रभु के निकट ते, कबहु न होवत दूर...४१

ચીકણા, વાંકડિયા કેશ મસ્તક ઉપર શોભી રહ્યા છે. તેને મહેશ્વર, બ્રહ્મા, વિષ્ણુ અને શેષ ઇત્યાદિક બધા દેવો પોતાના હૃદયમાં ધારે છે. ૪૦.

જે કોઈ પણ ભક્ત પ્રેમભાવનાથી આ બધાં અંગોએ સહિત મૂર્તિનું હૃદયમાં ધ્યાન કરે છે, તો તે ભક્ત ભગવાનની સમીપે રહે છે અને ક્યારેય તેમનાથી દૂર થાતો નથી. ૪૧.

कोटि कल्प जप तप करे, यज्ञ जोग गौ दान;
एही अंग ध्यान तिनकी, निमिष न होत प्रमान...४२

ज्ञान भक्ति वैराग धर्म, तेहि जुत हि जेहि जन;
विषय रहित हरि अंग यह, तिनके बस हि जो मन...४३

કોઈ કરોડો કલ્પ સુધી જપ તથા તપ કરે, યજ્ઞ કરે, યોગ સાધે અને ગાયોનું દાન આપે, પણ આ નારાયણનાં અંગના નિમિષ જેટલા સમય પર્યંત કરેલા ધ્યાનને સમાન તે થતા નથી. ૪૨. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય - એ ચાર ગુણથી સંપન્ન જે ભક્તજન વિષય રહિત થઈને આ શ્રીનારાયણનાં અંગોનું જો ધ્યાન કરે છે, તો તેના મનમાં શ્રીહરિ નિવાસ કરીને રહે છે. ૪૩.

स्वर्ग मृत्यु पाताल महिं, हे यह दुल्लभ जोय;
प्रेमि भक्त के भजन हित, सुल्लभ कियेउ सोय...४४

આ સ્વામિનારાયણની મૂર્તિ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ લોકમાં પણ દુર્લભ છે. તે પ્રેમી ભક્તજનોને ભજન કરવાને માટે તેમણે સુલભ કરી છે. ૪૪.

सोरठा : त्रिविध ताप के दूःख, हरि अंग धरत दूर रहत;
अति होवत हे सूख, जन्म मरण व्याधि टरत...४५

अंग एहि सुख कंद, इन हि तुल्य नहि ओर सब;
कहत हि सिद्धानंद, अंग चिंतामनि परम हित...४६

આ શ્રીહરિનાં અંગોનું હૃદયમાં ધ્યાન કરવામાં આવે તો આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક જેવાં ત્રણ પ્રકારનાં દુઃખો દૂર રહે છે. તે ધ્યાનથી ભક્તજનોને અત્યંત સુખ થાય છે. તેમજ જન્મ, મરણ તથા બધી વ્યાધિઓ ટળી જાય છે. ૪૫. આ ભગવાનનાં અંગો સુખનું મૂળ છે, આને તુલ્ય બીજું બધું કાંઈ નથી. એટલે સિદ્ધાનંદ મુનિ કહે છે કે, આ ‘શ્રીનારાયણ અંગ ચિંતામણિ’ ગ્રંથ પરમ હિતકારી છે. ૪૬.


दोहा : अंग चिंतामनि पाठ नित, जो जन राख हि नेम;
प्रसन्न होय हरि तिनकु, पास रख हि कर प्रेम...४७
अंग चिंतामनि पाठ लव, जेहि जन सुन हि श्रोत्र;
भवसागर सो तरहि सुख, मात तात सब गोत्र...४८

જે કોઈ ભક્તજન આ 'શ્રીનારાયણ અંગ ચિંતામણિ'ના નિત્ય પાઠનું નિયમ રાખશે, તો શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થશે. અને પ્રેમથી પોતાની પાસે રાખશે. ૪૭. આ 'શ્રીનારાયણ અંગ ચિંતામણિ'નો પાઠ થોડીવાર પણ જો કોઈ કાનથી સાંભળે છે, તો માતા, પિતા અને બધાં ગોત્રની સાથે ભવસાગરને સુખપૂર્વક તરી જાય છે. ૪૮.

संवत अठार अठोतरो, अश्विन शुभ हि मास;
शुक्ल पक्ष गुरु प्रतिपदा, पूरन ग्रंथ प्रकाश...४९

વિ.સંવત્ ૧૮૭૮ના શુભ આસો માસના શુક્લ પક્ષના પડવાના દિવસે ગુરુવારે આ ગ્રંથ સંપૂર્ણ પ્રકાશિત થયો છે. ૪૯.

।। इति श्रीसहजानन्दस्वामिशिष्य सिद्धानंदमुनि रचितः "श्रीनारायण अंग चिंतामणि" ग्रंथ संपूर्णः।।



પરિશિષ્ટ-૨

ગ્રંથકર્તા : પ.પૂ.સદ્.શ્રી સિદ્ધાનંદ સ્વામી
(આધારાનંદ સ્વામી)

અક્ષરબાવની

: ભૂમિકા :

આ ‘અક્ષરબાવની’ નામનો નાનકડો ગ્રંથ સિદ્ધાનંદ(આધારાનંદ) સ્વામીએ ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજની સાનિધ્યમાં રહીને લખ્યો છે. સંવત્ ૧૯૧૦, આસો સુદ એકાદશીએ આ ગ્રંથ પૂર્ણ કર્યો છે. આ ગ્રંથનો મહિમા સમજાવતાં સ્વામી કહે છે કે, **“જે કોઈ ચિત્ત દઈને આ ગ્રંથ વાંચે કે સાંભળે તે નિષ્કામી બને છે. જન્મ-મૃત્યુનાં દુઃખને તરે છે અને અંતે અક્ષરધામમાં અપાર સુખને પામે છે.”** આ ગ્રંથમાં શ્રીહરિનો મહિમા તથા જગતનું નાશવંતપણું સમજાવવા માટે પૂ.સ્વામીએ કક્કાના અનુક્રમમાં ચોપ્પન છંદ-છપ્પઈ લખી છે. આ ગ્રંથ મુમુક્ષુ જીવો માટે અતિ ઉપયોગી સમજી અત્રે પ્રસ્તુત કર્યો છે.

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

શ્રીસહજાનંદસ્વામિને નમો નમઃ

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિ કૃત

અક્ષરબાવની

अथ अक्षरबावनी लिख्यते

છપ્પય : રાગ - જય જય મંગળરૂપ અનુપ જય જગવંદ
જય જગકારણ તારણ ભવ ભંજન દુઃખદ્વંદ્વ.

ભારતીય વેદો અને વૈદિક શાસ્ત્રોમાં મહામનીષી અને સંત કવિઓએ અક્ષરોનું ઘણું ગૌરવ વિચાર્યું છે. અને તેને અનુસારે સંત કવિઓએ તે અક્ષરો(વર્ણમાલા)ને આધારે પરમેશ્વર, જીવનો ઉદ્ધાર, પરમેશ્વરની ભક્તિ અને તેમાં બાધક જગત, તે સંબંધી વિચારોને અક્ષરોના ક્રમે કાવ્યના રૂપમાં વ્યક્ત કર્યા હોય છે. તેમાં આ એક **'અક્ષરબાવની' સદ્‌ગુરુ શ્રીસિદ્ધાનંદ સ્વામીએ લખી છે.** વર્ણોમાં પ્રથમ અક્ષર ૐકાર કહ્યો છે. અને તેને વેદો તથા વૈદિક સાહિત્યોમાં સંપૂર્ણ વર્ણમાલાનું મૂળ કહ્યો છે. એટલે આ અક્ષરબાવની ૐકારથી શરૂ થાય છે. તેમાં સ્વામી પ્રથમ મંગલાચરણનું વાક્ય લખે છે કે, પરમ મંગળ સ્વરૂપ, જગદ્‌વંદ્ય, સર્વ જગતનું કારણ, સંસારથી ઉદ્ધાર કરનારા, અનેકવિધ દુઃખો તથા દ્વંદ્વોને ટાળનારા આવા મારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સર્વોત્કૃષ્ટપણે જય થાઓ...જય થાઓ...

ॐनमो ॐकार तेहि, पर परिब्रह्म जानो,
श्रीहरिकृष्ण कृपाल सदा, साकार प्रमानो;
ब्रह्मपुरमें रहत मनोहर, श्याम शरीरा,
द्विभुज मोरली बजात मधुर स्वर, महागंभीरा;

मस्तक मुगट जडावको, करनमें कुंडल जडावहि,
कहे सिद्धानंद निज तखत पर, बेठे महा सोहावहि...१

ૐકારને પરબ્રહ્મ માનવો. તે પરબ્રહ્મ કૃપાળુ શ્રીહરિકૃષ્ણ મહારાજ છે. જે સદા સાકારમૂર્તિ છે અને નિરંતર અક્ષરધામમાં રહે છે. તેમનું મનોહર સ્વરૂપ શ્યામ છે, દ્વિભુજ છે અને મધુર સ્વરે મુરલીને વગાડી રહ્યા છે. તેઓ મહાન ગંભીર છે. તેમણે મસ્તક ઉપર રત્નજડિત મુકુટ તથા કાનમાં રત્નજડિત કુંડળ ધારણ કર્યાં હોય છે. **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "આવા મારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતાના સિંહાસન ઉપર વિરાજતા હોય છે અને ઘણા સોહામણા લાગે છે."** ૧.

अनंत कोटी ब्रह्मांड अनंत, शक्तिके कारण,
अनंत मुक्त आधार अनंत, अवतारके धारण;
अनंत हि महिमा अपार अनंत,हि गुन के सागर,
अनंत सेवे सिद्ध चरण, अनंत हि रुप उजागर;
अनंत धामके धामी जो, श्रीहरिकृपा निधान हे,
कहे सिद्धानंद घनश्याम सदा, मोरे जीवन प्रान हे...२

અનંત કોટિ બ્રહ્માંડો રહ્યાં છે. તેમાં વ્યાપીને રહેલા મારા ઈષ્ટદેવ શ્રીહરિ અનંત શક્તિઓનું કારણ છે. પોતાના ધામમાં અનંત મુક્તોનો આધાર છે. તેઓ આવશ્યકતાને અનુસારે તથા લીલાને માટે અનંત અવતારોને ધારણ કરે છે. તેમનો મહિમા અનંત અને અપાર છે. તેઓ અનંત કલ્યાણકારી ગુણોના સાગર છે. તેમને અનંત સિદ્ધ, ચારણ ઈત્યાદિક સ્તુતિપાઠકો સેવી રહ્યા છે. તથા જેમનું સ્વરૂપ અનંત રીતે દેદીપ્યમાન છે, તેઓ અનંત ધામના ધામી છે, કૃપાના નિધાન છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તે ઘનશ્યામ શ્રીહરિ હંમેશાં મારા જીવનપ્રાણ રહ્યા છે." ૨.

आनंद धाम अपार आनंदमय मंगलकारी,
आनंद सुख अपार आनंद, हरि करुणाधारी;
आनंद अक्षरधाम आनंदमय मुक्त अपारा,
आनंदमय सब साज आनंदमय भुक्तनहारा;

आनंदमय मोहोला तबऊ, झगमग ज्योति हो रहि,
कहे सिद्धानंद हरिधामकी, ऐसी शोभा सो में कहि...३

આનંદસ્વરૂપ, અપાર આનંદમય, પરમ મંગળકારી, જેને સુખ કહે છે; એવો અપાર આનંદ જેના સ્વરૂપમાં સદા રહ્યો છે. જે કરુણાથી પરિપૂર્ણ છે. જેમનું અક્ષરધામ આનંદમય છે, અપાર મુક્તો પણ આનંદમય છે અને જેમનાં વસ્ત્ર, અલંકાર, આસન, વાહન, આયુધ ઈત્યાદિક બધાં જ સાધનો આનંદમય છે. અને તે ધામમાં રહેલા મુક્તો હંમેશાં તે આનંદના જ ભોક્તા છે. વળી, તે શ્રીહરિનો બ્રહ્મમહોલ આનંદમય છે અને અમાપ તેજથી ઝગમગી રહ્યો છે. **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "મારા ઈષ્ટદેવ શ્રીહરિના ધામની આવી અદ્ભુત શોભા આ કહી તેવી છે."** ૩.

इतिहास पुराण शास्त्र पार, नहि वेद हि पावत,
शारद नारद शेष व्यास, मुख कहि कहि गावत;
अपनी अपनी समझ प्रमान, सो कहत हे सबहि,
हरिको महिमा अपार अपार, सो रहत हे तब हि;
ऐसे हे सुखदेन सदा, श्रीघनश्याम सुजान रे,
कहे सिद्धानंद यह सृष्टिके, कारण एहिकुं जान रे...४

ઈતિહાસ, પુરાણો, શાસ્ત્રો અને વેદો જેના મહિમાના પારને પામતા નથી. શારદા, નારદ, શેષ અને વ્યાસમુનિ ઈત્યાદિક સહુ પોતપોતાની સમજણ પ્રમાણે જે શ્રીહરિના મહિમાને અપાર રૂપમાં મુખથી કહી રહ્યા છે, છતાં પણ જે સંપૂર્ણ કહી શકાતા નથી અર્થાત્ બાકી રહી જાય છે; આવા સદા સુખદાયક અને સર્વજ્ઞ છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે, "એવા મારા ઈષ્ટદેવ ઘનશ્યામ શ્રીહરિ સર્વ જગતનું કારણ છે, તેમ હું જાણું છું." ૪.

ईश्वर सब आधार ईशनके, ईश हि जाणो,
धरण मनुष्य अवतार सोई, जगदीश प्रमानो;
जानत विरला कोई जक्तमें, विचरत है जोई,
नहि देखत जन घूर रहे दृग, मिंच हि सोई;
जनावत प्रौढ प्रताप अति, तोउ न देखत अंध रे,
कहे सिद्धानंद मोहजालमें, रहे मंद सब बंध रे...०५

ઈશ્વર, સર્વાધાર અને જેમને હું ઈશ્વરોના પણ ઈશ્વર જાણું છું. જે જગદીશ્વર મનુષ્ય અવતાર ધારીને આ જગતમાં વિચરતા હોય છે ત્યારે કોઈક વિરલ પુરુષ જ તેમને જાણી શકે છે. આંખો બંધ કરીને ચાલનારા ઘુવડના જેવા જે અભાગિયાઓ હોય છે તેમને જેનાં દર્શન થતાં નથી. અરે, તેઓ અતિશય અપાર પ્રતાપને જણાવે છે, તોપણ તેમને જે દેખતા નથી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "મારા ઈષ્ટદેવ શ્રીહરિને નહિ ઓળખનારા તે અજ્ઞાનીઓ મંદબુદ્ધિના છે અને મોહજાળમાં ફસાયેલા છે." ૫.

उज्वल महा सब रीत उज्वल, धर्म अपारा,
उज्वल चरित पुनित उज्वल, सब व्यवहारा;
उज्वल वात विवेक उज्वल, शास्त्र उदारा,
उज्वल ज्ञान वैराग उज्वल, भक्ति विचारा;
उज्वल संत सुजान सब, उज्वल नीति पुनित हे,
कहे सिद्धानंद तेहि देखिके, न माने सो गुह्नित हे...६

ઉજ્જ્વળતાની દૃષ્ટિએ મારા ઈષ્ટદેવ શ્રીહરિ બધી રીતે અતિશય ઉજ્જ્વળ છે. તેમનો સદાચારમય ધર્મ, પવિત્ર ચરિત્ર અને બધી જ જાતના વ્યવહારો અતિશય ઉજ્જ્વળ છે. તેમણે કહેલી કલ્યાણકારી વાતો અને અજ્ઞાનથી છોડવનારો વિવેક અતિશય ઊજળો છે. વિશાળ સિદ્ધાંતથી પૂર્ણ શાસ્ત્ર સમુદાય અને નિર્મળ જ્ઞાન, તીવ્ર વૈરાગ્ય અને એકાંતિકી ભક્તિના વિચારો પણ અતિશય જેમના ઉજ્જ્વળ છે. જેમના સુજ્ઞ સહુ સંતો ચારિત્ર્યથી ઉજ્જ્વળ છે અને પવિત્ર નીતિ પણ ઉજ્જ્વળ છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "આવા શ્રીહરિને દેખવા છતાં પણ તેમને યથાર્થરૂપમાં જે નથી માનતા તે ખરેખર ગુનાહિત છે." ૬.

ऊत्तम हे उपदेश उत्तम, हे धाम जाहि के,
उत्तम महा सत्संग उत्तम, हे भक्त ताहि के;
उत्तम हे आचार उत्तम, सुजस समेता,
उत्तम हे सब साज उत्तम, हे वास निकेता;
उत्तम हे कल्याण व्रत, उत्तम संप्रदाय रीत हे,
कहे सिद्धानंद हि एही बिन, अन्य संप्रदाय अनित हे...७

ઉત્તમ ઉપદેશને આપનારા આવા મારા ઈષ્ટદેવ શ્રીહરિ, એમનું ધામ સર્વોત્તમ છે. તેમણે પોષણ કરેલો સત્સંગ તથા તે સત્સંગના ભક્તો અતિશય ઉત્તમ છે. તે ઉત્તમ ભક્તોનો આચાર, વ્યવહાર પણ ઘણા સુયશથી ભરેલા ઉજ્જવળ છે. તેમનાં કહેલાં કલ્યાણકારી બધાં જ સાધન સર્વોત્તમ છે અને પોતાના અનન્ય ભક્ત ઉત્તમ(દાદા ખાચર)ને ઘેર જે નિવાસ કરીને રહ્યા છે, તેમના કલ્યાણકારી પંચમહાવ્રત ઉત્તમ છે, અને સંપ્રદાયની રીત પણ અતિશય ઉત્તમ છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "ઉપર કહેલા મારા ઈષ્ટદેવના ઉત્તમ ગુણો જેમાં ન હોય એવા અન્ય સંપ્રદાયો અનીતિથી ભર્યા છે." ૭.

ऋतु हे शुभ आज एहि, सम ओर न कावे,
याकु जो नहि जाने सोई, जन जमपुर जावे;
पिछे करे पस्ताव तो कछुं, काम न होई,
जज्ञ जप व्रत दान करे जो, कोटिक कोई;
चेतनहार सोचे तियो तो, तुम चतुर कहाई रे,
कहे सिद्धानंद हि चेते बिन, धूर परी चतुराई रे...८

ઋતુ એટલે અનુકૂળ શુભ વર્તમાન સમય કે તેના જેવો બીજો કોઈ સમય ન કહી શકાય. તેવો અનુકૂળ સમય તો પવિત્ર સદાચારી બની અને અંતર્યામી સર્વેશ્વર શ્રીહરિની ઉપાસના જેમાં કરાય તે છે. અને આવા અનુકૂળ સમયને ન ઓળખે, અનાચારી રહીને તે પરમેશ્વરને ન ભજે, તો તે મનુષ્ય જમપુરીમાં જાય છે. ઋતુ-અનુકૂળ સમય વીતી ગયા પછી પસ્તાવો કરે, તો તે કાંઈ કામ આવે તેમ નથી. તેવી અનુકૂળ ઋતુમાં યજ્ઞ, જપ, વ્રત અને દાન કોઈ કરોડોની સંખ્યામાં કરે, છતાં પણ જે સમજુ માણસ પરમેશ્વર એવા શ્રીહરિને ઓળખે છે, તો તેની ચતુરતા ખરેખર કહેવાય છે. **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "જો તે આ પરમેશ્વર શ્રીહરિને ન ઓળખે તો તેની ચતુરતામાં ધૂળ પડી છે."** ૮.

ऋजु होई मन माई वात, को करो विचारा,
जामे होवे लाभ अमुलिख, अर्थ अपारा;
ऐसो अवसर सार नहि, मिलत कोई वारा,
प्रगट आज भगवान भये हे, धर्मके द्वारा;

एहि बातके मर्म कुं, नहि जानत जन आंधरे,
कहे सिद्धानंद मानमें, उंधे चलत ले कांध रे...९

ॠ અક્ષરથી મનમાં સરલતા લાવવી. તે સરલ મનથી વિચાર કરો કે, જેનાથી તેની કોઈ કિંમત ન થઈ શકે એવો અપાર લાભ અને પુરુષાર્થ સિદ્ધ થાય છે. આવો સર્વોત્તમ અવસર ફરીવાર ક્યારેય નહિ મળે. આજે તો ધર્મને ઘેર પ્રગટ ભગવાન પુરુષોત્તમ શ્રીહરિ આવ્યા છે, તે હકીકતને સમજવી જોઈએ. પણ જે મનુષ્ય અંધ(અજ્ઞાની) છે તે મારી આ માર્મિક વાતને સમજી શકતા નથી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તેવા અજ્ઞાની લોકો માનને લીધે ઊંધે કાંધ ચાલે છે." ૯.

लृलंपट हे जन सो, नहि मानत कबउ,
अपना जुठा धर्म सत्य, करी जानत सबउ;
रेहनी नहि लव लेश फेल, में फूले मालत,
नियममें नहि कोई वात नियम बिन, ज्युं त्युं चालत;
करता पाप हंमेश अति डर, नहि कछु मानता,
कहे सिद्धानंद जुठ बाजी यह, खेलत जुठा तानता...१०

લૃ અક્ષરથી વિષયીલંપટ મનુષ્યને કહી શકાય છે. જે સત્ય વાતને ક્યારેય માનતા નથી. તે પોતાના મિથ્યા ધર્મને બધી રીતે સત્યના રૂપમાં સમજે છે. તેની રહેણી તથા કરણી લેશમાત્ર પણ સારી હોતી નથી. તે અનેક જાતના ફેલમાં જ ફુલાતો અને મલકાતો ફરતો રહે છે. તેની કોઈ વાત શુદ્ધ નિયમવાળી હોતી નથી. અને જે તે રીતે તે વ્યવહારમાર્ગમાં ચાલે છે અને હંમેશાં પાપમય કર્મ જ કરે છે, તે મનમાં કોઈ જાતનો ભય માનતો નથી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "આવો ઉદ્ધત્ત માણસ મિથ્યા બાજીને ખેલે છે અને મિથ્યા દુરાગ્રહને ખેંચતો રહે છે." ૧૦.

लृलंक बलवंत हि रावन, महा अभिमानी,
सीता ले गयो जोर तोरी, मरजाद अग्यानी;
हनुमंत गये महावीर सिंधु, उलंघीके तब हि,
सीताकी मीली शोध गये महा, वेग हि जब हि;

श्रीरघुवीरके दूत यह, दुष्टजन के काल हे,
कहे सिद्धानंद शरन भये जो, ताके सो रछपाल हे...११

લ અક્ષરથી આપણે લંકા કહીએ. તે લંકામાં ઘણો બળવાન અને મહાન અભિમાની રાવણ હતો. તે અજ્ઞાની લોક અને શાસ્ત્રની મર્યાદાને જોરથી તોડી અને સીતાજીને લઈ ગયો હતો. તે રાવણની લંકામાં મહાવીર હનુમાનજી સાગરને ઉલ્લંઘીને પહોંચ્યા. તેમને સીતાજીની શોધ મળી. જ્યારે શ્રીરામચંદ્રજીના દૂત હનુમાનજી વેગથી ગયા કે જે દુષ્ટ લોકોના કાળરૂપ હતા. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તે સમયે જે શ્રીરામચંદ્રજીને શરણે ગયા તેનું કલ્યાણ થયું. કારણ કે, તેઓ તો શરણાગતનું પાલન કરનારા છે." ૧૧.

एक हे आनंदकंद, वंद सहजानंदस्वामी,
स्वामिनारायण नाम महा, बलवंत बहुनामी;
घनश्याम हरिकृष्ण कृष्ण, केशव कमलावर,
वर्णी नीलकंठ निरलेप, श्रीपुरुषोत्तम सुखकर;
वारंवार वंदन करुं, कर जुग जोरी चरनमें,
कहे सिद्धानंद भवजालमें, फेर न आवुं जरनमें...१२

એક શબ્દથી સમસ્ત સુખનાં મૂળરૂપ સર્વવંદ્ય સહજાનંદ સ્વામીને હું કહું છું. જે સર્વશક્તિમાન છે તથા સ્વામિનારાયણ, ઘનશ્યામ, હરિકૃષ્ણ, કૃષ્ણ, લક્ષ્મીપતિ કેશવ, નિર્લેપ, નીલકંઠ વર્ણી તથા સુખકારી શ્રીપુરુષોત્તમ એવાં અનેક નામે કહેવાય છે. **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "એવા મારા ઈષ્ટદેવ શ્રીહરિનાં ચરણકમળમાં હું બંને હાથ જોડીને વારંવાર વંદન કરું છું કે, જેનાથી હું ફરીને આ સંસારની જાળમાં આવીને બળું નહીં."** ૧૨.

ऐश्वर्य अनंत अपार पार, कहो कुन लहावे,
भव ब्रह्मा चंद्र इन्द्र, सहस्रमुख शेष कहावे;
शारद नारद शुक व्यास, विस्मित भये सबहु,
महिमा निशदिन कहत अंत, न लहत हे कबहु;
ऐसे सुखकंद हरि ताकु, कबहु न छोरिये,
कहे सिद्धानंद तेहि चरनमें, जोरे जोरे चित्त जोरिये...१३

ઐશ્વર્યથી સંપન્ન આવા પરમેશ્વર શ્રીહરિ તેનાં અપાર ઐશ્વર્યોનો કોઈ પાર લઈ શકે તેમ નથી. ભવ, બ્રહ્મા, ઈન્દ્ર, ચંદ્ર, સહસ્ર મુખવાળા શેષ, શારદા, નારદ, શુક, વ્યાસ અને શેષ વગેરે સહુ પણ તે પરમેશ્વરના ઐશ્વર્યને વિચારતા અત્યંત વિસ્મિત થઈ જાય છે. તેઓ રાત-દિવસ તે પરમેશ્વર શ્રીહરિનો યશ કહે છે, છતાં ક્યારેય તેના અંતને પામતા નથી. આવા સુખના પરમ મૂળરૂપ પરમેશ્વર શ્રીહરિને ક્યારેય છોડવા નહીં. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તે શ્રીહરિનાં ચરણમાં પોતાના ચિત્તને પરાણે-જોર કરીને જોડી દેવું." ૧૩.

ओर मत सब फंद फेलमें, जगमे होई रहे हे,
धर्म नियम आचार कोउ, उर नाहि रहे हे;
जक्त ठगनकुं काजही, ठाकोर सेवत सोई,
कांता कनकके संग महि, चित्त रहवत प्रोई;
माल तिलक धरे अंगमें, संतता नहि मन लेश हे,
कहे सिद्धानंद सत्संग बिना, जा देखो सो कलेश हे...१४

ઓર-બીજા બધા મતો આ જગતમાં જે છે તે બધા અનેક પ્રકારના ફંદ અને ફેલમાં ડૂબ્યા છે. તેના દિલમાં ધર્મ, નિયમ કે કોઈ સદાચાર રહ્યો નથી. જગતને ઠગવા માટે જ તેઓ ઠાકોરજીની સેવા કરે છે. સ્ત્રી અને ધનમાં જ પોતાના ચિત્તને પરોવીને તેઓ રહેતા હોય છે. જે પોતાના શરીર ઉપર તિલક અને માળા વગેરે રાખતા હોય છે, પણ તેમના મનમાં લેશમાત્ર સાધુતા હોતી નથી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "આ શ્રીહરિએ સ્થાપેલા સત્સંગ સિવાય જ્યાં દેખો ત્યાં એકલો ક્લેશ જ હોય છે." ૧૪.

औषध मुलि अपार जक्तमें, एक नहि जानो,
सबको गुन नहि एक ऐसे, ही तेही बखानो;
एक अभय करे अंग एक, करे घातकुं जोई,
ऐसे संत असंतकी, वातकुं जानो सोई;
जेसे ही जा मही गुन हे, तेसे ही ताहीकुं मानीए,
कहे सिद्धानंद सत्संग बिन, पाखंड सब प्रमानीए...१५

આ જગતમાં **ઔષધિ** તથા મૂળ અપાર છે. તે બધાં એકસમાન નથી હોતાં, અને બધાંનો ગુણ પણ એકસરખો નથી હોતો. જેવા જેમાં ગુણ હોય તેને તેવા રૂપમાં વખાણવા જોઈએ. કોઈ એક ઔષધિ કે મૂળ મનુષ્યના અંગને નિર્ભય કરી દે છે ત્યારે બીજી કોઈ ઔષધિ કે મૂળ અંગનો નાશ કરે છે. તે રીતે જ આ જગતમાં સંતોની અને અસંતની વાતને સમજવી જોઈએ. જેમાં જેવા ગુણ હોય તે જોઈને સદ્ગુણવાળાને તેવા રૂપમાં માનવા. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, “આપણા સત્સંગ સિવાય બીજે બધે તો પાખંડ રહ્યું છે, તેમ સમજવું.” ૧૫.

अंग होवे जेही शुद्ध, सोई सत्संग करही,
अंगमें जाकुं दोष तेही, नहि एही अनुसरही;
श्वानकुं नहि सोहात है, खीरनको भोजन भारी,
मछको है जीवन प्राण, जानो निरंतर वारि;
ऐसे परम विवेक कर, वात एक नहि तोलिये,
कहे सिद्धानंद जेसे मनुष्य, तेसे ताही ओलखीए...१६

અંગ એવા શબ્દથી જીવના કલ્યાણના કોઈ શુદ્ધ સાધનને કહી શકાય છે. જેનું અંગ શુદ્ધ હોય તેણે શુદ્ધ સત્સંગ કરવો જોઈએ. પણ જેના અંગમાં દોષ હોય તે શુદ્ધ સત્સંગને અનુસરી શકતો નથી. જેમ કે, અમૃત જેવું ખીરનું ભોજન કૂતરાના પેટમાં પચતું નથી. વળી માછલાંને નિરંતર રહેલું પાણી જીવનપ્રાણ ગણાય છે. બંને બાબતમાં ઉત્તમ વિવેક કરીને વિચારવું. બધી વાતનું મૂલ્ય એકસરખું નથી હોતું. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, “જેવો મનુષ્ય હોય તે પ્રમાણે તેને ઓળખીને મૂલ્ય આંકવું.” ૧૬.

अःरेनके माई दिल, बिच करो बिचारा,
कोई न अपना हेतु यह, संसारमें सारा;
तृष्णा अरु तिन ताप टार, मन शांत हि करही,
ऐसे संत सुजान जानी, ताकुं अनुसरही;
पार पावे भवपंथको, फेर नहि भटकन परे,
कहे सिद्धानंद जो संतको, कपट तजीके संग करे...१७

અઃ(અહઃ) રાત અર્થાત્ રાત-દિવસ તમે તમારા હૃદયમાં વિચારો કે, આ સંસારમાં સારી રીતે તમારું કોઈ હિત કરનાર નથી. જીવમાં રહેલી તૃષ્ણા અને ત્રણ પ્રકારના તાપને ટાળીને મનને શાંતિ આપે એવા સુજ્ઞ, સાચા સંતને ઓળખીને તેને અનુસરો. તેવા સાચા સંત આ સંસારના માર્ગનો અંત લાવશે. **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તેવા સંતનો નિષ્કપટભાવે કરીને જો સંગ કરવામાં આવે તો ફરીથી સંસારમાં ભટકવું પડશે નહીં."** ૧૭.

कका कलिके मांई करी, करुणा अति भारी,
प्रगट भये भगवान भानुं, ज्युं महातम हारी;
शरणागत सुखकंद हरन, भवदुःख मोरारी,
भूपनके महाभूप ईश, ईशन सुखकारी;
वारंवार वंदन करो, करजोरी शिर नाईके,
कहे सिद्धानंद हरिधाममें, जाओ हरिगुन गाईके...१८

કનો સાચો અર્થ એ છે કે, આ કળિયુગમાં અપાર કરુણા કરીને ભગવાન શ્રીહરિ ઘણા અંધકારને ટાળતા સૂર્યની જેમ સાક્ષાત્ પ્રગટ થયા છે. જે શરણે આવનારાને માટે પરમ સુખનું મૂળ છે અને સંસારનાં દુઃખને હરનારા છે. તે મુરારી પ્રભુ રાજાઓના પણ મહાન ચક્રવર્તી રાજા છે, ઈશ્વરોના પણ ઈશ્વર અને સર્વ પ્રકારનાં સુખને આપનારા છે. જો તમે બે હાથ જોડી, મસ્તક નમાવીને તે શ્રીહરિને વારંવાર વંદન કરશો, તો **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તે શ્રીહરિના ગુણ ગાતાં ગાતાં તેમના અક્ષરધામમાં જાશો."** ૧૮.

खखा खलक ही खलक, खोजी हम देख्यो जाई,
तीरथ व्रत जप जाप, जोग जो शास्त्र कहाई;
दुर्लभ मनुष्य देह पाई, हरिशरन ही लीजे,
चोरी जारी मद्य मांस, फेल सब दूर तजीजे;
सत्संगको संग सदा करो, कपट छल त्यागीके,
कहे सिद्धानंद हरिधाममें, जाओ हरि जश गाईके...१९

ખનો અર્થ ખલક છે, એટલે કે સંસાર છે. મેં આખા સંસારને તપાસીને જોયો છે. તીર્થ, વ્રત, જપ, પાઠ, યોગ તથા જે કાંઈ શાસ્ત્ર કહેવાતાં હોય છે તે બધાંને મેં જોઈ-વિચાર્યા છે. તે સહુના સારરૂપ એક જ મારે કહેવાનું છે કે, દેવતાઓને પણ દુર્લભ આવા મનુષ્યના દેહને પામીને ભગવાન શ્રીહરિનું શરણ સ્વીકારો. તથા ચોરી, વ્યભિચાર, દારૂ, માંસ અને બધી જ જાતના ફેલને દૂર ફેંકી દો. છળ, કપટ છોડીને હંમેશાં સત્સંગ કરો. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "આ રીતે જો કરશો તો ભગવાન શ્રીહરિના વિશુદ્ધ યશને ગાઈને તમે તેમના ધામને પામશો." ૧૯.

गगा गगन ही मगन, रहो यह जगके मांई,
सतसंग बिना कोउ नाहि, यह जीयको सुखदाई;
ध्रुव अंबरीष प्रह्लाद, प्रियव्रत नाभी उदारा,
स्वायंभुमनु मुचुकुंद, उत्तानपाद अपारा;
करी संग भवपार भये, गोपीचंद सुलतान ही,
कहे सिद्धानंद हरिधाममें, गये सो सब जग जानही...२०

ગનો અર્થ ગગન કહીએ. અર્થાત્ અપાર સામર્થ્યસંપન્ન, સ્વરૂપ તથા સ્વભાવથી વિશાળ એવા પરમેશ્વરના સ્વરૂપમાં તલ્લિન રહીને આ જગતમાં રહો. જીવને આ જગતમાં સત્સંગ વિના કોઈ સુખદાયક નથી. પૂર્વે ધ્રુવ, અંબરીષ, પ્રહ્લાદ, પ્રિયવ્રત, નાભિ, સ્વાયંભુવ મનુ, મુચુકુંદ તથા ઉત્તાનપાદ, ઉપર કહ્યા તે અનેક ઉદાર ચરિત્રોના રાજાઓ હતા. તેમજ ગોપીચંદ તથા બાજંદશાહ જેવા રાજાઓ સત્સંગ કરીને સંસારના પારને પામ્યા છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તે બધા સત્સંગના પ્રતાપથી શ્રીહરિના ધામને પામ્યા છે, તેમ બધું જગત જાણે છે." ૨૦.

घघा घरघरमांई नाई, सत्य बात बतावे,
असत बात मुख कही, कही सब जग भरमावे;
असंत भये सत संत, संतकुं असंत देखावे,
गुरु हि अंध शिष्य बधिर, ऐसे सब अधोगति जावे;
धर्म ज्ञान वैरागको, लेश नहि घट जाहीके,
कहे सिद्धानंद जमपुरी मही, जावत हे जीय ताहीके...२१

ઘ અક્ષર ઉપરથી ઘર કહીએ. જે અસંત છે તે ઘેર ઘેર જઈને સત્ય વાત બતાવતા નથી, અને ખોટી વાત મુખથી કહી કહી આખા જગતને ભરમાવે છે. અને તેવા ખટપટિયા અસંતો સાચા સંત બની બેઠા છે. અને વાસ્તવમાં સાચા સંતને ખોટા બતાવે છે. આ રીતે જો વિચારીએ તો ગુરુ આંધળા છે અને શિષ્ય બહેરા છે. તે બધા ભેળામળીને અધોગતિને પામે છે. જેમના જીવનમાં ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યનો લેશ પણ હોતો નથી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "એવા બધા જે છે તેનો જીવ જમપુરીમાં જાય છે." ૨૧.

ङ्ङा ङंग सच मनावो, सब पाप नसावे,
या भवमें भटकन फेर, फेर कबुं नहि आवे;
दिलमें धरी विचार करो, तुम परम विवेका,
श्रीपतिको लियो शरन जानी, जगपति तुम एका;
ज्ञानद्दष्टि करी देखीए, या सम नहि जगमाहीं हे,
कहे सिद्धानंद हरि भजनसे, महादुःख दूर जाही हे...२२

ઙ અક્ષર ગઙ્ગા શબ્દમાં વપરાયો છે. સાચા અર્થમાં ગંગા એટલે પવિત્રતા. ગંગા બધાં જ પાપનો નાશ કરે છે. આ સંસારમાં વારંવાર ક્યારેય પણ ભટકવાનું ન રહે એવું તમે દિલમાં ધારીને વિચાર કરો. તમે પરમ વિવેકી છો. તે ગંગાને પવિત્ર કરનાર ભગવાન નારાયણનાં ચરણ છે. એટલે તે વિવેકથી જગત્પતિ, લક્ષ્મીના સ્વામી આવા એક ભગવાન નારાયણનાં ચરણનું સમજણપૂર્વક શરણ સ્વીકારો. તમે જ્ઞાનદૃષ્ટિથી જુઓ કે તે ભગવાન નારાયણને સમાન આ જગતમાં કોઈ નથી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તેવા ભગવાન નારાયણ શ્રીહરિના ભજનથી તમારું આ સંસારના ભટકણરૂપ મહાન દુઃખ દૂર થઈ જશે." ૨૨.

चचा चरनसरोज श्यामके, महा भयहारी,
समरो श्वास उसास हृदे, धरी वार हि वारी;
ब्रह्मा भव सुरराज रटत, निशदिन हमेशा,
शारद नारद निगम पार, नहि पावत शेषा;
कारनरुप करुणानिधि, नेति नेति वेद गावही,
कहे सिद्धानंद हरिधाममें, भजन करे सो जावही...२३

ચ અક્ષરથી શ્યામસુંદર શ્રીહરિનાં ચરણકમળને વિચારીએ. તે ચરણકમળ જીવના અનેક પ્રકારના અપાર ભયને હરનારા છે. તેને શ્વાસોશ્વાસ પોતાના હૃદયમાં વિચારો, વારંવાર ધારીને ચિંતવો. બ્રહ્મા, ભવ, દેવરાજ ઈન્દ્ર તેને રાત-દિવસ રટે છે અર્થાત્ સંભારે છે. શારદા, નારદ, શેષ અને વેદો તે ચરણકમળના મહિમાના પારને પામતા નથી. તે ચરણકમળને કારણરૂપમાં કે કરુણાનિધિના રૂપમાં વેદો **"નેતિ નેતિ"** કહીને ગાય છે. **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તે શ્યામસુંદર શ્રીહરિના ચરણનું જે ભજન કરે છે તે જ શ્રીહરિના અક્ષરધામમાં જાશે."** ૨૩.

छछा छलबल त्याग करीके, हरि गुन गावो,
या भव भटकन काज फेर, भवमें नहि आवो;
स्वप्न तुल्य है संसार, सार यामें कछु नांई,
सार जानी मनमांई रया, ते कहां लोभाई;
वार वार दे शीख तोय, हजहु न मानत मंद रे,
कहे सिद्धानंद ही नियम जुत, भज ते श्रीव्रजचंद रे...२४

છ એટલે કે છળનું બળ. મુમુક્ષુએ તે છળના બળનો ત્યાગ કરીને ભગવાન શ્રીહરિના ગુણ ગાવા જોઈએ. જેણે કરીને આ સંસારમાં ભટકવા માટે ફરીવાર ક્યારેય જન્મ લેવો પડે નહીં. આ બધો સંસાર તો સ્વપ્નના જેવો છે. આમાં કાંઈ જ સાર નથી. તે આ અસાર સંસારમાં શું સાર માનીને લોકો લોભાઈ રહ્યા હશે ? લોકો એવા મંદ છે કે તેને વારે વારે શિખામણ આપવામાં આવે છે છતાં હજી સુધી તે માનતા નથી. સિદ્ધાનંદ સ્વામી તો કહે છે કે, "શાસ્ત્રમાં કહેલા નિયમોને પાળીને શ્રીવ્રજચંદ્ર અર્થાત્ ભગવાન શ્રીહરિને તમે ભજો." ૨૪.

जजा जीवन जूठ लोभाना, क्या जग मांई,
सिमल फूल समान देखो, तुम सब जग तांई;
इन्द्र चंद्र रंक राव, थिर नहि कोउ ठिकाना,
स्वर्ग मृत्यु पाताल सबे, सम तुल्य हि जाना;
काल व्याल विकराल महा, खावत सबकुं नित रे,
कहे सिद्धानंद हरिशरन बिन, सुवत नहि नचिंत रे...२५

જ અક્ષર જીવનને સૂચવે છે. તે જીવન વાસ્તવમાં મિથ્યા છે. તો વિવેકી મનુષ્યે પોતાના જીવનમાં આ જગતમાં શા માટે લોભાવું જોઈએ ? આ બધાં જગતને તમે શેમળાના ફૂલ જેવું જુઓ. ઇન્દ્ર, ચંદ્ર, રાંક કે રાજા કોઈ ઠેકાણે સ્થિર નથી. સ્વર્ગ, મૃત્યુ તથા પાતાળ તે બધાં ખરેખર એક જ સરખાં જણાય છે. બધાં મનુષ્યોને મહા ભયંકર કાળરૂપી મોટો અજગર રોજ ગળી રહ્યો છે. **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "એક ભગવાન શ્રીહરિના શરણને સ્વીકાર્યા સિવાય કોઈને શાંતિની ઊંઘ આવે તેવું નથી."** ૨૫.

झझा झटपट आये मृत्यु, कबहु रे नहि छोरे,
ज्युं मुषेको बदन आय, मंजार मरोरे;
मात पिता सुत नारी पीछे, हि करे पोकारा,
तोहु न छोडत काल महा, निरदेई ठगारा;
निशदिनही फीरत पीछे, देखत नहि क्युं आंधरे,
कहे सिद्धानंद हरिशरन बिन, लई जावे जम कांध रे...२६

ઝ અર્થાત્ ઝટપટ. મનુષ્યના જીવનમાં મૃત્યુ એકદમ શીઘ્ર આવી રહ્યું છે. તે ક્યારેય કોઈને છોડતું નથી. જેમ બિલાડીના મુખમાં પકડાયેલા ઉંદરના જેવી મનુષ્યની સ્થિતિ છે. મૃત્યુ પામેલા મનુષ્યની પાછળ તેના માતા, પિતા, પુત્ર અને પત્ની ચાહે તેટલા પોકાર કરે, તોપણ અત્યંત નિર્દયી અને નઠારો કાળ તે મનુષ્યને છોડતો નથી. અરે, અંધ અવિવેકી મનુષ્ય ! કાળ રાત-દિવસ તારી પાછળ ફરી રહ્યો છે. તું તેને દેખતો કેમ નથી ? સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "શ્રીહરિને શરણે આવ્યા સિવાય જમ તને કાંધ ઉપર ચઢાવીને લઈ જાશે." ૨૬.

ञञा इयां आय के किया, तुमने कोन उपाई,
पंच विषय सुख काज करत, तृष्णा अधिकाई;
फिरत मगन मन होय, अंधधंध सुजत नाई,
ज्ञानभानु करी देख बेर, बेर कहुं समजाई;
तज दे खोटी आश यह, सत्य आश उर धार रे,
कहे सिद्धानंद हरिधाममें, मिले सुख अपार रे...२७

ઞ અક્ષરનો લક્ષણાથી અહીં એવો અર્થ કરવાનો છે. અરે, જીવ ! તેં આ સંસારમાં આવીને શું કર્યું ? તારા શ્રેય માટે કયો ઉપાય કર્યો ? માયિક પંચવિષયનાં સુખને માટે જ અધિક તૃષ્ણાથી પ્રયત્ન કરી રહ્યો છો. પંચવિષયથી મનને ખુશ રાખીને અંધધંધ ઘૂમતો રહે છે. કાંઈ સારું સૂઝતું નથી. હું વારે વારે સમજાવીને કહું છું કે, જ્ઞાનરૂપી સૂર્યે કરીને જો તો ખરો ! વિષયની ખોટી આશાઓને છોડી દે અને સાચી પરમેશ્વરની આશા દિલમાં ધારણ કર. જો એક પરમેશ્વરના આશ્રયની આશા રાખીશ, તો સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તને શ્રીહરિના ધામમાં અપાર સુખ મળશે." ૨૭.

टटा टेढी छांड संतजन, कहत है पोकारी,
ऐसो अवसर सार नहि, आवत कोई वारी;
तज दे मनकी तान मान, बतियां हितनकी,
मर्द होई हुशियार मंडो, तजी आशा तनकी;
आलस तज अज्ञानता, अखंड हरि गुन गाव रे,
कहे सिद्धानंद ही फीर तोय, होवत नहि पिस्ताव रे...२८

ट એટલે ટારડાઈ. સત્પુરુષો જીવને પોકારીને કહે છે કે, તું ટારડાઈ-વાયડાઈ છોડી દે. આટલો સારો અવસર ફરીવાર ક્યારેય આવશે નહીં. તારા મનની બધી તાણ છોડી દે અને હિતની બધી વાતોને માન. ખરો મરદ થઈ, હોશિયાર રહી, શરીરની આશા પણ છોડી દઈને જીવના કલ્યાણને માટે મંડી પડો. આળસ અને અજ્ઞાન છોડી દઈને અખંડ શ્રીહરિના ગુણ ગાઓ. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "જો શ્રીહરિના ગુણોને ગાશો તો ફરીવાર તારે ક્યારેય પસ્તાવો થશે નહીં." ૨૮.

ठठा ठाठ कहा करत देख, मृत्यु ढीग आयो,
धन संपत परिवार करत, नहि कोउ सहायो;
साधत रहत हे कल्प काल, नहि छोडत कबहु,
अनंत कोटी ब्रह्मांड भोग, गली जावत सबहु;
मनमें बहुत अभिलाखही, लाख हि रहत बनावते,
कहे सिद्धानंद जमद्वार गये, महासंकट दुःख पावते...२९

ઠ અક્ષરથી ઠાઠ કહી શકાય છે. હે જીવ ! તું આ દુનિયાના બધા ઠાઠમાઠને શું કરી રહ્યો છો ? જો, તારું મૃત્યુ નજીક આવી ગયું છે. અંત સમયે ધન, સંપત્તિ કે પરિવાર કોઈ સહાય કરશે નહીં. તું એક કલ્પ પર્યંત ભોગ, સંપત્તિને સંપાદન કરતો રહીશ, તોપણ તને કાળ ક્યારેય છોડશે નહીં. કેમ જે, કાળ અનંત કોટિ બ્રહ્માંડના ભોગોને પણ ગળી જાશે. તું તારા મનમાં ઘણી લાખો નવી નવી અભિલાષાઓને કરતો જ રહે છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "જ્યારે તું યમરાજને દ્વાર જઈશ ત્યારે અત્યંત સંકટરૂપ દુઃખને પામીશ." ૨૯.

डडा डापण छोड डोड, नहि मनमें धरना,
डोड किये सो नर गये है, चोराशी मे फिरना;
मान मत्सर करो त्याग, ईर्षा अति दुःखदाई,
क्रोध काम महाकलह, दियो तुम दुर बहाई;
मोक्षमगके मांई यह, शत्रु विकट बखानीए,
कहे सिद्धानंद तेही छोडकर, हरिचरने चित्त आनीए...३०

ડ અક્ષર મનુષ્યને સૂચવે છે કે, તું તારા ડહાપણનો ડોડ છોડી દે. ખોટું ડહાપણ મનમાં રાખીશ નહીં. કેમ જે, જેટલા ડોડ કરનારા હતા તે બધા મરી ગયા છે અને લખચોરાશીમાં ફરી રહ્યા છે. માન તથા મત્સર જેવા દોષનો ત્યાગ કરો. ઈર્ષ્યા તો અતિશય દુઃખદાયક છે. ક્રોધ અને કામના મહાન ક્લેશોને તમે દૂર ફેંકી દો. કારણ કે, મોક્ષના માર્ગમાં ઉપર કહેલા માન વગેરે અંતઃશત્રુઓ ઘણા ભયંકર કહેવાય છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તે માન આદિ અંતઃશત્રુઓને છોડીને શ્રીહરિનાં ચરણમાં પોતાના ચિત્તને એકાગ્ર કરો." ૩૦.

ढढा ढुंढी देख डोलीकर, देश विदेशा,
तेरो कुन हितकारी है संत, युं करे उपदेशा;
सगे सबंधी जो तोय, सबे हे लूंटनहारे,
भीर परे तब कोउ नहि हे, तेरे रखनहारे;
देख देख निज दिलमें घात, ऐसा दिल दे तज्जके,
कहे सिद्धानंद संत शीख ग्रही, हो हुशियार ही सज्जके...३१

ઢ એટલે કે ઢૂંઢવું-ખોળવું. અરે, જીવ ! તું દેશ-વિદેશમાં ફરી વિચારીને જો તો ખરો ! તારો હિતકારી કોણ છે ? સંતપુરુષો તને આ રીતે વારંવાર ઉપદેશ કરે છે. જેટલાં તારાં સગાંસંબંધીઓ છે તે બધાં તો લૂંટનારાં છે. જ્યારે તને કોઈ મોટું સંકટ આવશે ત્યારે કોઈ તારું રક્ષણ કરનારા થશે નહીં. જો જો, તું તારા દિલમાં જે દુષ્ટતા રહી છે તેને જો, અને એવું દુષ્ટતાવાળું દિલ તજી દે. **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "સંતોની આવી શિખામણ ગ્રહણ કરીને ખરો હોશિયાર અને તૈયાર થઈ જા."** ૩૧.

णणा रण महाधिर गर्जत, जम महाभारी,
ताकुं देख विचारी संत, सब कहत पोकारी;
पाप करत दिनरेन त्रास, मनमें नहि लावे,
जमपुरमें महादुःख जाय के, अतिशय पावे;
निशंक होय आराम कर, फिरत है मगरुरमें,
कहे सिद्धानंद ही भय यह, धारत नहि क्युं उरमें...३२

ણ અક્ષરથી રણ તરફ ધ્યાન જાય છે. જે રણ અત્યંત ધીર, ગંભીર અને ઘણું ભારે યમરાજ તરફથી ગર્જના કરતું આવતું દુઃખ છે. સમગ્ર સંતો તેને દેખી, વિચારીને ઘણો પોકાર કરીને ચેતવે છે. છતાં જીવ રાત-દિવસ પાપ કરતો રહે છે અને તેના મનમાં થોડોએ ત્રાસ થતો નથી. પાપ કરનારો જીવ જમપુરીમાં જઈને અતિશય ઉગ્ર પુષ્કળ દુઃખ પામે છે. પણ તે બાબતની શંકા કર્યા સિવાય આ દુનિયામાં રહેતો જીવ એશ-આરામ કરે છે, અને મગરૂર થઈને ફરતો રહે છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "આટલો દુખદ ભય હોવા છતાં જીવ તેને પોતાના મનમાં કેમ લાવતો નથી ?" ૩૨.

तता ततपर होय तज, आलस अग्याना,
आलस किये तें कितने अंते, ही अधोगत जाना;
पीछे करे पिछताव सो कछु, काम न आवे,
पानी पेली पाल बांधे, तबही नीर रहावे;
बारबार यह बातकुं विसराय कबु नहि दिजीये,
कहे सिद्धानंद हरिधाममें, महाअचल सुख लीजीये...३३

ત અક્ષર તત્પરતાને કહે છે કે હે જીવ ! તું તત્પર થઈને આળસ તથા અજ્ઞાનનો ત્યાગ કરી દે. તેં કેટલી આળસ કરી છે ? છેવટે તો તારી અધોગતિ જ થવાની છે. સમય ગયા પછી જો પશ્ચાત્તાપ કરીશ તો કાંઈ કામ લાગશે નહીં. વરસાદનું પાણી આવ્યા પહેલાં પાળ બાંધી દઈશ તો તે તળાવમાં પાણી ભરાશે. હું જે આ વાત વારંવાર કહું છું તેને ક્યારેય ભૂલી જવી નહીં. **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "આ મારી કહેલી વાતને ધ્યાનમાં લઈ અને મોક્ષને માટે પ્રયત્ન કરીશ, તો તને જીવને ઘણું અવિનાશી મોક્ષનું સુખ પ્રાપ્ત થશે."** ૩૩.

थथा थिर नहि वास ऐसे, हे सब ब्रह्मांडा,
ताके सुखके काज कहा तु, करत उमांडा;
तीन तापके मांही जरत हे, राव रु रंका,
हो गये फना मकाम महा, विकट रु वंका;
राजकाज सुख छुडाके जमपुर, ले गये जम मारते,
कहे सिद्धानंद जमरायकुं, मेर नहि कछु आवते...३४

થ અક્ષર સ્થિરતામાં લેવાય છે. કોઈનો સ્થિર વાસ ન હોય તેવું આ સમગ્ર બ્રહ્માંડ રહ્યું છે. તેવા આ બ્રહ્માંડમાં માયિક સુખને મેળવવા માટે તું ધમપછાડા શા માટે કરે છે ? રાજા તથા રાંક, બધા જ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રિવિધ તાપમાં બળતા રહે છે. ઘણા અપાર, વિકરાળ અને ફાંકડા આદમીનાં મકાનો પણ નષ્ટ ભ્રષ્ટ થઈ ગયાં છે. તેવા મોટાને પણ જમદૂતો રાજ્યનું કામકાજ છોડાવી દઈને મારતાં મારતાં જમપુરીમાં લઈ ગયા હોય છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "યમરાજને તેવા પાપી ફાંકડા લોકોની ઉપર કોઈ પણ પ્રકારની દયા આવતી નથી." ૩૪.

ददा दिलु कर देख, अपना अंत न कोई,
जूठा जग झंझाल रया, क्या यामें मोई;
मोह ममत तजी दूर लियो, लालनको शरनो,
ऐसो करनो उपाय फेर, नहि होवे फिरनो;
जन्म मृत्यु व्याधि विकट, कोटी बिछुं अंग होत हे,
कहे सिद्धानंद तें चेत नर, कहां मनुष्य तन खोत हे...३५

દ અક્ષર ઉપરથી તમારે સાચા દિલથી જોવું-વિચારવું જોઈએ. આ સંસારમાં જીવનો કોઈ એવો સુખકારી અંત નથી. આ જગતમાં બધી ઝંઝાળ મિથ્યા ભરી છે. તેમાં તું શા માટે મોહી રહ્યો છો ? માટે મોહ અને મમત્વને દૂર તજી દઈને શરણાગતરક્ષક એવા લાલ-પરમેશ્વરનું શરણ સ્વીકારવું જોઈએ. શરણાગતિ સ્વીકારીને પરમેશ્વરને રાજી કરવાનો કોઈ એવો ઉપાય કરવો જોઈએ કે, આ સંસારમાં ફરીવાર આવવું પડે નહીં. જન્મ, મૃત્યુ અને અનેક પ્રકારના રોગ એ ઘણાં વિકટ છે. તથા શરીરમાં કરોડો વીંછી કરડ્યા જેવી વેદના પણ થાય છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, “હે મનુષ્ય ! તું ચેતી જા. શા માટે આવા દેવ દુર્લભ મનુષ્ય શરીરને ખુએ છે.” ૩૫.

धधा धन्य धन्य जन शोधी, सत्संगत आवे,
यह महाभवके मांही बोरी, भटकन नहि जावे;
अनंत लहे महासुख दुःखको, जामें नहि लेशा,
अनंतर मही लवलेश कबु, नहि होत क्लेशा;
मनकी आंटी छोडकर शरन लियो घनश्यामको,
कहे सिद्धानंद तेही भजनकर, महा प्रताप जेही नामको...३६

ધ અક્ષરથી ધન્ય કહી શકાય છે. તેવા મનુષ્યને ધન્ય છે કે જે સાચા દિલથી શોધીને સત્સંગમાં આવે છે. જે સત્સંગને લીધે આ મહાન સંસારમાં ફરીવાર ભટકવા જવું પડે નહીં. અને અપાર મહાન સુખ પ્રાપ્ત થાય કે જેમાં દુઃખનો લેશ પણ હોય નહીં. અને તે સત્સંગ કર્યા પછી જીવને ક્યારેય લેશમાત્ર પણ ક્લેશ થાય નહીં. માટે સત્સંગના આશ્રયથી મનની બધી આંટીઓને છોડી દઈને શ્રીઘનશ્યામ પ્રભુનું શરણ સ્વીકારો. **સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, “જે શ્રીહરિના નામનો મહાન પ્રતાપ છે, તો તે પ્રભુ શ્રીહરિનું ભજન કરો.”** ૩૬.

नना नारायन नाम निरंतर, नियम जुत लीजे,
ओर बचन बकवाद कबहु, नहि मुखसुं कीजे;
ऐसो मनुष्य तन पाय वृथा, नहि श्वासकुं भरना,
मिथ्या जामें अर्थ ऐसी, नहि वातकुं करना;

चरित्र हरिके अपार हे पार, कोउ नहि पावही,
कहे सिद्धानंद एही सुनत, श्रवन या भवमें नहि आवही...३७

न એવા અક્ષરથી ભગવાન નારાયણનું નામ આવે છે. તે નારાયણના નામને નિયમ સાથે નિરંતર લેવું જોઈએ. અને બીજા બધા બકવાદના શબ્દને મુખથી ક્યારેય બોલવા જોઈએ નહીં. આવા દુર્લભ મનુષ્ય શરીરને પામ્યા પછી પોતાનો એક પણ શ્વાસ હરિસ્મરણ વિના વ્યર્થ ગુમાવવો નહીં. અને જે પ્રવૃત્તિનું પરિણામ મિથ્યા હોય તેવી કોઈ વાત કરવી નહીં. શ્રીહરિનાં કલ્યાણકારી ચરિત્ર એટલાં અપાર છે કે કોઈ તેનો છેડો પામી શકતું નથી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તે ચરિત્રોને કાનથી સાંભળનારો મનુષ્ય આ સંસારમાં ફરીવાર ક્યારેય આવતો નથી." ૩૭.

पपा तज पंपाल हरि जश, अमरुत पीजे,
पंचविषयको सुख विष सम, दूर करीजे;
विष पीवत विष चडत टरत, नहि कोटी उपाई,
ताको संग दिये छोड तबे, तेही होत भलाई;
भले भलाई होत हे, बुरे बुराई होत हे,
कहे सिद्धानंद हरि शरन बिन, वृथा जन्म बिगोत हे...३८

प અક્ષરથી બધી આળપંપાળ જણાય છે. તો સમજુ માણસે તે બધી આળપંપાળનો ત્યાગ કરીને અમૃતમય શ્રીહરિના યશનું પાન કરવું જોઈએ. તેમજ ઝેર જેવા પંચવિષયનાં સુખનો દૂરથી જ ત્યાગ કરવો જોઈએ. જો વિષયરૂપી ઝેર પીવામાં આવે તો તે ઝેર ચઢે જ છે. પછી તે વિષયનું ઝેર કરોડો ઉપાયે પણ ટળતું નથી. માટે તમે પંચવિષયનો સંસર્ગ છોડી દેશો તો જ તેમાં તમારું ભલું થાશે. ભલાથી ભલું થાય છે અને ભૂંડાથી ભૂંડું થાય છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "જીવ શ્રીહરિનું શરણ સ્વીકાર્યા સિવાય પોતાના આ મનુષ્યજન્મને ખોટી રીતે ગુમાવે છે." ૩૮.

फफा फरी फरी कहत संतजन, परम दयालु,
सुजत नहि तोय पंथ भूलमें, फिरत बिहालुं;
विकट वन संसार व्याघ्र, मही जंतु कठोरा,

बसत ताहीमें जन सोई, हे सबही चोरा;
ठगही पुरमें ठग बसत, बचत नहि कोउ याहीमें,
कहे सिद्धानंद भज श्यामपद, सोळहु चिह्न हे जाहीमें...३९

ફ અક્ષર 'ફરી' એવા અર્થને કહે છે. અતિશય દયાળુ એવા સાચા સંતો જીવને ફરી ફરીને સમજાવીને સત્સંગ-ભજન કરવાનું કહે છે. છતાં અભાગિયા જીવને સાચી વસ્તુ સૂઝતી નથી, અને સન્માર્ગ ભૂલીને તે જીવ બેહાલ દશામાં ભટકતો રહે છે. આ સંસાર તો મહાન ભયંકર વન છે. જેમાં વાઘ જેવા કઠોર હિંસક પ્રાણીઓ રહે છે. અને તે સંસારમાં જે કોઈ મનુષ્યો રહે છે તે પણ બધા પ્રભુના ચોર જ છે. ઠગના ગામમાં તો ઠગ જ રહેતા હોય છે. તેમાંથી કોઈ બચી શકે તેમ નથી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "એ મુમુક્ષુ જીવ ! જો તારે બચવું હોય તો જેમનાં ચરણમાં સોળ ચિહ્ન રહ્યાં છે એવા શ્યામસુંદર શ્રીહરિનાં ચરણનું ભજન કર." ૩૯.

बबा बात बलवंत श्याम, चरने चित्त लावे,
नरक पंथके राह ताहीमें, नाहि चलावे;
स्वधर्म रखना चित्त चाव, अधर्म दूर बहावे,
ऐसो परम विवेक करत, मन नहि बिसरावे;
सोई मनुष्य गुन कहत हे, ओर पशुवत लेखीए,
कहे सिद्धानंद तें समज नर, सार असार युं देखीए...४०

બ અક્ષર વાત(બાત)ને સૂચવે છે. તો અતિશય બળવાન આવા શ્યામસુંદર શ્રીહરિનાં ચરણમાં ચિત્ત લાવવાની વાત વિચારવી અને નરકમાં જવાના માર્ગમાં ક્યારેય ચિત્તને ચાલવા દેવું નહીં. તે ચિત્તને સાવધાનીથી સ્વધર્મમાં રાખવું અને અધર્મથી દૂર રાખવું. આવો જો પરમ વિવેક રાખવામાં આવશે તો ચિત્ત ક્યારેય ભૂલ કરશે નહીં. આ રીતે જે મનને દોષ તરફથી પાછું વાળીને પ્રભુ શ્રીહરિ તરફ રાખવું, તે જ મનુષ્યનો સાચો ગુણ કહેવાય છે. અને જે મનને નિયમિત ન કરે, તો તેને પશુના જેવો ગણવો. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "હે નર ! તું બરાબર સમજીને સાર તથા અસાર વસ્તુને જોઈ લે." ૪૦.

भभा भव महासिंधु तरनको करो उपाया,
नौका नटवर नाव फिरत, प्रगट हरिराया;
अनंत जीव उद्धार करत, जो जो शरने आवे,
दुबधा अनंत अपार सोई, सबही जरी जावे;
साच बात सत्य मानीए असत्य बात दूर तज रे,
कहे सिद्धानंद ही प्रगट प्रभु, भवभय टालन भज रे...४१

ભ અક્ષરથી 'ભવ' શબ્દ બુદ્ધિમાં સ્ફૂરે છે. ભવ એટલે સંસારરૂપી મહાસાગર છે. તે મહાસાગરને તરવા માટેનો જો કોઈ ઉપાય હોય, તો તે નટવર પ્રત્યક્ષ પરમાત્મા શ્રીહરિરૂપી નૌકા છે. તે શ્રીહરિ આજે સાક્ષાત્ આ જગતમાં વિચરી રહ્યા છે. જે જે અનંત જીવો શરણે આવે છે તેનો તેઓ ઉદ્ધાર કરે છે. શરણે આવેલાની અનંત અને અપાર એવી બધી જ દ્વિધાઓ નષ્ટ થઈ જાય છે. ખરેખર જે સત્ય વાત છે તેને સાચા અર્થમાં માનીને મિથ્યા વાતોને દૂર જ તજી દેવી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "હે જીવ ! તું આ સંસારસાગરથી બચવા માટે પ્રત્યક્ષ પ્રભુ શ્રીહરિનું ભજન કર." ૪૧.

ममा मायिक सुख देखी, कहा रया लोभाई,
मृग तृष्णा संसार सार, जानी मनमाई;
रेतीके मंदिरमांई रया ते, अचल पग रोपी,
वेरी महाबलवंत शिर, फिरे जमरा कोपी;
त्रास नहि उर ताही कि आया निकट चली तोय रे,
कहे सिद्धानंद हि कुबुद्धि नर, सुखे रया क्युं सोय रे...४२

મ અક્ષર 'માયિક' શબ્દ તરફ સંકેત કરે છે કે, હે જીવ ! તું માયિક સુખ તરફ જોઈને શા માટે લોભાઈ રહ્યો છો ? આ બધો સંસાર તો ઝાંઝવાનાં પાણી જેવો મિથ્યા છે, એમ તું મનમાં જાણી રાખ. તું તો રેતીના મહેલમાં અચળ પગ રોપીને રહ્યો હોય તેમ જણાય છે. તું વિચાર તો કર, તારે માથે ઘણો બળવાન શત્રુ જમ ક્રોધ કરીને ફરી રહ્યો છે. તે જમ એકદમ તારી પાસે આવી ગયો છે, છતાં તારા દિલમાં તેનો ભય થતો નથી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "હે કુબુદ્ધિ નર ! તું શા માટે સુખ માનીને સૂઈ રહ્યો છો ?" ૪૨.

यया आया कहा काज करत हे कोन उपाई,
जामे नहि कछु सार या, महि रया लोभाई;
लाभ बात नहि जोत अलाभमें, लाभ हि मानत,
चतुर नाहि कछु चित चतुरता, बहुत देखावत;
प्रभुकी साध नहि चित्तमें, चतुरभया कहां किन रे ?
कहे सिद्धानंद हरि शरण बिन, ते खपता मतिहिन रे...४३

ય અક્ષર 'આવ્યા' અર્થમાં વપરાય છે. તું આ જગતમાં શા માટે જન્મ્યો છો ? શું કામ કરે છે ? અને તારા હિતનો કયો ઉપાય વિચારી રહ્યો છો ? જેમાં કાંઈ પણ સાર નથી એવા સંસારમાં તું લોભાઈ રહ્યો છો. તું તારા આત્મકલ્યાણના લાભની વાત તરફ દેખતો નથી. અને અધઃપતનની નુકશાનીમાં લાભ માની રહ્યો છો. તારામાં એવું કાંઈ ચાતુર્ય દેખાતું નથી, છતાં તું તારા ચિત્તની ચતુરતાને ખૂબ દેખાડી રહ્યો છો. તારા ચિત્તમાં પરમેશ્વરની કોઈ સ્મૃતિ-ચેતના તો નથી અને તું તારે હાથે ચતુર થયો, તેથી શું થયું ? સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "હે બુદ્ધિહીન જીવ ! શ્રીહરિને શરણે આવ્યા સિવાય તારા આ મનુષ્ય દેહનો શો ખપ છે ?" ૪૩.

ररा रेन दिन रटन रटन, मुख हरिको किजे,
ओर रटन मन हटन तन, मन प्रभुकु दिजे;
तत्पर होई हुशियार लगन, कर रामसे तोई,
क्या लुभावे लुब्ध धरा धन, धाममें जोई;
पतंग रंग संसार सुख, फनाफुल सम देख रे,
कहे सिद्धानंद सुख सार एक, शाम परम पद लेख रे...४४

ર અક્ષરથી 'રેણ' અર્થાત્ રાત-દિન કહી શકાય છે. માટે મુમુક્ષુ જીવે રાત-દિવસ મુખથી શ્રીહરિનું, કહેતાં **"સ્વામિનારાયણ"** મહામંત્રનું અખંડ રટણ-ભજનસ્મરણ કરવું જોઈએ. ભગવાન સિવાયની બીજી બધી રટણાને મનમાંથી હટાવીને પોતાનું શરીર તથા મન પ્રભુને સમર્પણ કરી દેવું. મુમુક્ષુએ હોશિયાર અને તત્પર થઈને એક પરમેશ્વરમાં જ લગની રાખવી. લોભિયા થઈને જમીન, ઘર અને ધનમાં શું જોઈને લોભાઈ રહેવું ? આ સંસારનો રંગ

તો પતંગિયાના રંગ જેવો છે અને તેનાં બધાં સુખને પણ સાપની ફૂલાવેલી ફેણ જેવું દેખવું. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "શ્યામસુંદર પરમેશ્વર શ્રીહરિનાં સર્વોત્તમ ચરણકમળ જ ખરાં સુખરૂપ અને એક સારરૂપ ગણવાં." ૪૪.

लला लगन लगाय लालमे, लेलिन रिजियें,
हरि हैया बिच धार हेत, अति अति किजिये;
लालच लोभमे ललचाय, लेश नहि भूलना,
पद हि पावे निरवान, अचल हि अमूलनां;
तनकी ममता त्याग कर्य, मोक्ष रीत उर धार रे,
कहे सिद्धानंद खडग ज्ञानसें, कामादिक रिपु मार रे...४५

લ અક્ષર 'લગની'ને સૂચવે છે. તેથી પોતાના મનને લાલ અર્થાત્ પ્યારા શ્રીહરિના સ્વરૂપમાં તલ્લીન કરીને રાખવું. અને તે શ્રીહરિને પોતાના હૃદયમાં ધારીને, તે ધારેલા સ્વરૂપમાં ખૂબ ખૂબ હેત કરવું. દુનિયાના પંચવિષયોની લાલચ કે તે મેળવવાના લોભમાં લલચાઈને ક્યારેય લેશમાત્ર પણ ભૂલ કરવી નહીં. અને તે રીતે શ્રીહરિના સ્વરૂપમાં હેત રહેશે તો અવિચળ અને અમૂલ્ય મોક્ષપદની પ્રાપ્તિ થશે. પોતાના શરીરનું મમત્વ તજી દઈને એક મોક્ષની રીત જ દિલમાં ધારવી. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "હે જીવ ! તું જ્ઞાનની તલવારથી કામ, ક્રોધ, લોભ આદિ શત્રુઓને મારી નાખ." ૪૫.

ववा वनज व़ेपार आदि, अलौकिक किजिये,
जा महि होवे शुभ लाभ, अर्थ सोई लिजिये;
अर्थ बिना होय हानि हानिसें, महादुःख पावे,
दुःख सुं होवे पाप पापसुं, अधोगत जावे;
नर्क कुंड अपार हे, पार न पावे दुःखको,
कहे सिद्धानंद हरि भजन कर्य, लाभ मिले महासुखको...४६

વ અક્ષર 'વણજવ્યાપાર'ને સૂચવે છે. માટે મુમુક્ષુએ સત્સંગ-ભજનરૂપી વણજવ્યાપાર આદિનું અલૌકિક કામ કરવું જોઈએ કે, જેમાં જીવના શ્રેયરૂપી શુભ લાભ પ્રાપ્ત થાય. અને શ્રેયરૂપ પુરુષાર્થ વિના જે નુકશાન થાય છે તેનાથી જીવ અત્યંત દુઃખને પામે છે. જ્યારે મનુષ્ય દુઃખી હોય છે ત્યારે તે

દુઃખથી પાપ કરવા લાગે છે, અને તે પછી ભેળાં થયેલાં પાપોથી અધોગતિ પ્રાપ્ત થાય છે. તે અધોગતિમાં તો અપાર નરકના કુંડો રહ્યા હોય છે. તેમાં પડ્યા પછી દુઃખનો કોઈ પાર આવતો નથી. તો સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "હે જીવ ! તું પરમેશ્વર શ્રીહરિનું ભજન કર. તેનાથી તને મહાન સુખનો લાભ મળશે." ૪૬.

शशा शेष महेश समरत, शारद सब हि,
गौरी गणपति गात अति, जश पाये तब हि;
सहजानंद सुखकंद सारमें, सार हे सारा,
सब करता किरतार गुन हे, अपरमपारा;
जानत संत महंत यह, मर्म अलौकिक बातको,
कहे सिद्धानंद हे भाग्य तेहि, जाने भेद यह बातको...४७

श અક્ષર ઉપરથી 'શેષ' યાદ આવે છે. જે શેષ, મહેશ અને શારદા તથા ગૌરી અને ગણપતિ વગેરે બધાં તો પરમેશ્વર શ્રીહરિના અતિશય મંગળમય યશને ગાય છે. તે સર્વ સુખનું મૂળ સહજાનંદ સ્વામી શ્રીહરિ સારમાં સર્વોત્તમ સાર છે. તેઓ સર્વકર્તા છે અને બધું કરાવનારા છે. તેમના ગુણ અપરંપાર છે. તે અલૌકિક વાતના મર્મને મોટા મોટા સંતપુરુષો જાણે છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "ઉપર કહેલા પરમ મહાન પરમેશ્વર શ્રીહરિની વાતના રહસ્યને જે જાણે છે તેનું ઘણું સદ્ભાગ્ય છે." ૪૭.

षषा खेलियो बहु खेल, या भवमें भरपूरा,
जो जो कियो उपाय सो, सब कुर हि कूरा;
खाया यामें खोट अब तो, ले ले शरनो साचो,
ओर सबे हे झुठ झुठ हि, झुठ हि काचो;
क्षेम दया उरमें रखो, खोटा राह दे छोर रे,
कहे सिद्धानंद शामपद, अखंड चित्तकुं जोर रे...४८

ष અક્ષર ખ(ષ)ને સૂચવે છે. તે ખ અર્થાત્ ખેલ છે. આ સંસારમાં લખચોરાશીના ભરપૂર અપાર ખેલ રહ્યા છે. જીવે તે ખેલમાં સફળતા મેળવવા માટે જેટલા ઉપાય કર્યા છે તે બધા અતિશય ખોટા જ રહ્યા છે.

અત્યાર સુધી તેણે જે ભોગવ્યું છે તેમાં ખોટ જ કરી છે. તો હે જીવ ! તું સત્યસ્વરૂપ પરમેશ્વર શ્રીહરિનું શરણ સ્વીકાર. તે શ્રીહરિના શરણ સિવાય બીજું બધું તો જૂઠું જૂઠું જૂઠું અને કાચું જ છે. દિલમાં ક્ષમા અને દયા રાખીને ખોટા માર્ગને છોડી દે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "ઘનશ્યામ શ્રીહરિનાં ચરણકમળમાં પોતાના ચિત્તને નિરંતર જોડી રાખ." ૪૮.

ससा सारमें सार सत्संग, सबहिमें जानो,
ओर बात असार असार, हि असत् प्रमानो;
संत सुलक्षन जो होय जानी, मानीयें ताकुं प्रीते,
असंतको किजे त्याग धर्म, नहि कोउ रीतें;
अष्ट भांति ललनां तजे, धातुमात्र संग त्याग हे,
कहे सिद्धानंद सो संतकुं माने, तास बड भाग हे...४९

સ અક્ષરથી 'સાર'ની સ્મૃતિ થાય છે. આ જગતમાં બધી જાતના સારમાં શ્રેષ્ઠ સાર તો સત્સંગ છે તેમ જાણવું. સત્સંગ સિવાયની બીજી બધી વાતો તો અત્યંત અસાર અર્થાત્ તુચ્છ છે અને અસત્ છે. જે શુભ લક્ષણવાળા સંત હોય તેમને ઓળખવા અને પ્રેમથી તેમને માનવા. જેમાં કોઈ જાતનો ધર્મ ન હોય એવા અસત્પુરુષના સંગનો ત્યાગ કરવો. જે સાચા સંતો હોય છે તે આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કરીને ધાતુમાત્રનો પણ પ્રસંગ છોડી દે છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તેવા સાચા સંતને જે શ્રદ્ધાથી માને છે તેનાં ઘણાં મહાન ભાગ્ય છે." ૪૯.

हहा हिंमते हरखाय, हरिगुन सुनिये,
जाको परम प्रताप सदा, उर मे उनको तुंनिये;
तज आळस अज्ञान अभिमान, ज्ञान ले दीप रे,
ज्युं नक्षत्र श्वांतमें होत, आरत अति छीप रे;
तत्पर होते त्यार कर, कमर कस ले मंड रे,
कहे सिद्धानंद हरि भजन कर्य, पडे न जमका दंड रे...५०

હ અક્ષર હિંમત આપે છે. તો જીવે પોતાના હૃદયમાં હિંમત રાખીને હરખથી ભગવાન શ્રીહરિના ગુણ સાંભળવા. અને જેનો હંમેશને માટે અદ્ભુત અને શ્રેષ્ઠ પ્રતાપ હોય છે, તે પ્રતાપવાળા શ્રીહરિને પોતાના હૃદયમાં દઢ

કરીને ગૂંથી લેવા. જ્ઞાનનો દીવો લઈને આળસ, અજ્ઞાન તથા અભિમાન વગેરેનો ત્યાગ કરવો. જેમ સ્વાતિ નક્ષત્રના વરસાદના બિંદુને તરસથી પીડાતી છીપની માછલી ઊછળીને લઈ લે છે, તેમ હે જીવ ! તું એકદમ તત્પર તથા તૈયાર થઈને તારા કલ્યાણને માટે કમર કસીને સફળતા માટે લાગી જા. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તું શ્રીહરિનું ભજન કર. તેનાથી તારા ઉપર યમરાજનો દંડ પડશે નહીં." ૫૦.

क्षक्षा खालि श्वास भरत हे, काहिकुं भाई,
अंत समे नहि करत कोउ, तेरी हि सहाई;
संत बिना नहि शरन तेरी, जक्तमें कोई कहावे,
जूठा जगमें काही करी, ते मोई रहावे;
देह गेह परिवारकुं फना, नकाम करी मान रे,
कहे सिद्धानंद तें तज नर, जुठा मान गुमान रे...५१

क्ष સંયુક્તાક્ષર છે. તેના ઉપરથી ખાલી શબ્દ લઈ શકાય છે. તો હે ભાઈ ! તું ખાલી નિષ્પ્રયોજન શ્વાસ શા માટે લીધા કરે છે ? તારા અંતકાળે તને કોઈ સહાય કરશે નહીં. આ જગતમાં સાચા સંત સિવાય તારો કોઈ આશરો કહેવાશે નહીં. આ મિથ્યા જગતમાં તું શા માટે મોહી રહ્યો છો ? તું તારાં શરીર, ઘર અને પરિવારને નષ્ટ થનારાં અને નકામાં માની લે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "હે મનુષ્ય ! તું તારા મિથ્યા માન કે વધારે પડતા અભિમાનનો ત્યાગ કર." ૫૧.

त्रत्रा त्रिस गुण जुत संत, सोई सदा बखानो,
एहि बिन असंत अपार, अंतर महिं जानो;
खाख लगावे खूब अंगमें, क्रोध है अनंता,
गांजा धतुरा भांग्य पित, बोलत बलवंता;
तिनभाग बिन जमत नहिं, खासी रोटी कालिया,
कहे सिद्धानंद हुके तानिके, हाथमें लेवत मालिया...५२

त्र અક્ષર પણ સંયુક્ત છે. તે 'ત્રીશ' એ શબ્દમાં વપરાયો છે. અર્થાત્ તે ત્રીશ શબ્દથી ભાગવતમાં ત્રીશ ગુણવાળા સંતને હંમેશાં સદા શ્રેષ્ઠ ગણવા

જોઈએ. તે ત્રીશ ગુણ વગરના અસંત તો અપાર છે, તેમ પોતાના મનમાં સમજવું. જે પોતાના શરીર ઉપર ભભૂતિ લગાવે, અપાર ક્રોધ કરે; ગાંજો, ધતૂરો તથા ભાંગ પીવે અને તેનાં કેફના બળમાં બકવાદ કરે; માલપૂડાને કાળી રોટી કહીને ખાસા પ્રમાણમાં ત્રણગણા સિવાય જમે નહીં. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તેવા અસંત તો હોકાનો કશ તાણીને પછી જ હાથમાં માળા લે છે." ૫૨.


ज्ञंज्ञा ज्ञानकी बात ज्ञान, बिन कोउ न कर हि,
जो पुछे कछु बात ताहिकुं, लरलर मर हि;
प्रभुको जाकुं ज्ञान संत, सोई सत्य बखानो,
जिनकुं हरिके शरन करन, मन आग्रह जानो;
अनंत ब्रह्मांडके ठाठकुं असत्य करीकें कहत हे,
कहे सिद्धानंद सो संत उर, सदा शाम हि बसत हे...५३

જ્ઞ અક્ષર પણ સંયુક્ત છે. અને તે 'જ્ઞાન' શબ્દમાં વપરાયો છે. જ્ઞાન એટલે સમજણ. કેટલાક લોકો જ્ઞાન થાય તેવી વાત તો ક્યારેય કરતા જ નથી. અને તેની આગળ જો જ્ઞાનની કાંઈ વાત પૂછવામાં આવે તો તે પૂછનારની સાથે લડી પડે છે. હકીકતમાં જેને પરમેશ્વરના સ્વરૂપનું જ્ઞાન હોય છે તે જ સાચા સંત વખાણવા લાયક છે. જે સાચા સંતોને ભગવાનનો આશ્રય કરાવવાનો જ મનમાં આગ્રહ હોય છે, તે સંતો અનંત બ્રહ્માંડોના ભોગ વૈભવોને પણ અસત્ય કરીને કહે છે. સિદ્ધાનંદ સ્વામી કહે છે કે, "તેવા સાચા સંતોના દિલમાં શ્યામસુંદર પરમેશ્વર શ્રીહરિ હંમેશાં વસીને રહે છે." ૫૩.

सिद्धानंद के अक्षर बावनी, यह ग्रंथ को नामा,
याकुं चित्त दई पढत सुनत, होवत निष्कामा;
अक्षर मिलत धाम जाहिमें, सुख है अपारा,
जन्म मृत्युको दुःख न होवत, वारमवारा;
संवत ओगनिसदश हि वर्ष, ग्रंथ कियो गढपुरमें,
आसो हि सुदी शुभ एकादशी, सिद्धानंद धरी हरिउरमें...५४

સિદ્ધાનંદ મુનિએ લખેલો આ ‘અક્ષરબાવની’ નામનો ગ્રંથ છે. તેને કોઈ એકાગ્રમનથી વાંચશે કે સાંભળશે તો તે નિષ્કામ ભાવને પામશે. અને તે નિષ્કામી ભક્તને અક્ષરધામ મળે છે કે જેમાં અપાર સુખ રહ્યું છે. વળી આ ગ્રંથને વાંચનાર કે સાંભળનાર જીવને વારંવાર આવનારું જન્મ-મરણનું દુઃખ ક્યારેય આવશે નહીં. વિક્રમ સંવત્ ૧૯૧૦ના વરસમાં આસો સુદિ શુભ એકાદશીને દિવસ સિદ્ધાનંદ સ્વામીએ શ્રીહરિને હૃદયમાં ધારીને આ ગ્રંથ ગઢપુરમાં રચ્યો છે. ૫૪.

।। इति श्रीसहजानन्द स्वामी शिष्य सिद्धानंद मुनि रचिता “अक्षरबावनी” परमपदपावनी संपूर्णा ।।



પરિશિષ્ટ-૩

ગ્રંથકર્તા : પ.પૂ.સદ્.શ્રી સિદ્ધાનંદ સ્વામી
(આધારાનંદ સ્વામી)

शिक्षापत्री दोहावली

: ભૂમિકા :

આ શિક્ષાપત્રી દોહાવલી ગ્રંથ સિદ્ધાનંદ સ્વામીએ ગઢપુરમાં રહીને લખ્યો છે. અને સંવત્ ૧૯૧૩ ભાદરવા વદિ એકાદશીએ પૂર્ણ કર્યો છે. આ ગ્રંથમાં પૂ.સ્વામીએ સહુ સંતસમાજના સુખાર્થે ચિંતામણિ તુલ્ય એવી "શિક્ષાપત્રી"નો હિંદી પદ્યમાં અનુવાદ કર્યો છે.

INDEX

श्रीस्वामिनारायणो विजयतेतराम्

॥ श्रीसहजानंदस्वामिने नमो नमः ॥

महामुक्त स्वामी सिद्धानंद मुनिकृत

शिक्षापत्री दोहावली

॥ अथ शिक्षापत्री दोहावली लिख्यते ॥

दोहा : श्रीसहजानंद स्वामि की, शिक्षापत्री अनूप;
दोहावलि करी लिखित हूँ, भाषा परम स्वरूप...०१

वाम भाग जेहि राधिका, श्रीहरि उर बिच जेहि;
वृंदावन महीं बिचरे, कृष्ण धरुँ उर तेहि...०२

सहजानंद स्वामी हम, आश्रितजन प्रति जोइ;
वृतालयसुं लिखत हें, शिक्षापत्री सोइ...०३

बंधु रामप्रताप ही, दूजे इच्छाराम;
अवधप्रसाद रघुविरही, तेहि सुतहि सुखधाम...०४

दत्तपुत्र तिनकुं किये, धर्मवंशी महा धीर;
सब सत्संगि आचार्य हम, स्थापन किन गंभीर...०५

निष्ठिक ब्रह्मचारी हि, मुकुंदादिक जोउ;
मयाराम भट्टादि गृही, ममाश्रित तुम सोउ...०६

सधवा विधवा योषिता, सबहि मम आश्रीत;
मुक्तानंदादि साधु सब, सुनियो करि तुम प्रीत...०७

स्वधर्म रक्षक तुमहि सब, कुशल मोर आशीष;
श्रीमन्नारायन सहित, बांचना सबहि शिष्य...०८

एकाग्र मनहि जो करी, पत्री हेतु विचारि;
धरनी मम जन हि अंतरे, निज हेतु निरधारि...०९

जो जो पाले जीव सो, सतशास्त्रहि अनुसार;
सदाचार यह लोक में, सुख सो लहे अपार...१०

उलंघन करी इनहिको, व्रते जो कबुद्धि जंत;
यह लोक परलोक विषे, कष्ट लहे सो अनंत...११

तेहि कारन तुम शिष्य सब, सावधान हि होइ;
श्रवन जो करिके प्रितसुं, व्रतहुं निरंतर सोइ...१२

कोउ प्रानिहि मात्रकी, हिंसा न करनी लेश;
जुं मांकड चांचड लगी, धरिके मम उपदेश...१३

देवता पितृ यज्ञ हित, अजादि जिवहि अपार;
हिंसा न करनि काहुकी, परम धर्म एहि सार...१४

त्रिया धन अरु राज्य हित, मनुष्य की हिंसा जोय;
सब विध करना त्याग तेहि, तब तेहि सुखिया होय...१५

आत्मघात न तीर्थ महीं, क्रोध करिके न जोउ;
बिष अजोगाचरन करी, खानो नहिं जन कोउ...१६

भक्षन करना मांस को, यज्ञ शेष होय जोउ;
सुरा मद्य नहिं पिवनो, देव निवेदहि तोउ...१७

अकार्य आप रु पर से, हो जावे को दीन;
अंग छेदन पर आपही, करना नहिं प्रवीन...१८

चोरी कर्म कबु नहिं करनो, धर्म हितहि कोउ वार;
काष्ठ पुष्पादि काउको, विना पुछे हि लगार...१९

नरनारी व्यभिचार कुं, करना नहिं कबु जन;
द्यूतादि व्यसन त्यागनो, भंगादि तजहु व्यसन...२०

बिन खपतो खानो नहिं, उदक अन्नहि कोइ;
जगन्नाथपुरी में ग्रहो, हरिप्रसाद हि सोइ...२१

अपवाद मिथ्या कोउ बिध, धरना न कोउ शीर;
निजस्वार्थ हितहि जन कुं, गारी न देनि लगीर...२२

देव रु तीर्थ विप्र जो, पतिव्रता संत वेद;
निंदा न तिनकी हि करना, मन में पाइ खेद...२३

निवेद हि सुरा मांस को, देव अंगे जो होत;
अजादिक हिंसादि जोउ, भक्त न सो मुख जोत...२४

देवालय जो गेल में, नमनो मम जन हेत;
आदर करनो देव को, बोलनो नहिं कुहेत...२५

निज वर्णाश्रम धर्म को, कबहु न करनो त्याग;
परधर्म पाखंड धर्म कुं, न ग्रहो बडही भाग...२६

कृष्णभक्ति निज धर्म को, नास होय ततखेव;
तेहि मुख कथावारता, सुनना न ग्रही टेव...२७

निज पर को द्रोह होय, एसो सत्य हि बचन;
बोलना नहिं मम जनही, कृतघ्नि संग तजो तन...२८

लांच न लेनी कोइकी, छांनी कोइ प्रकार;
व्यवहार काज में कबुहु, निजमन में निरधार...२९

चोर पापी रु व्यसनी, कामिहि किमियादार;
पाखंडीहि परपंचि को, संग तजो नरनार...३०

भक्तिज्ञान आलंब करी, स्त्रि द्रव्य रस लोलुप;
तिनको संगहि न करनो, ममजन परम अनुप...३१

कृष्ण कृष्ण अवतार कुं, जुक्ति से खंडन कीन;
एसो न शास्त्र माननो, ममजन कोइ दीन...३२

बिन गाले पय पानि कुं, पिना नहिं कोउ वार;
सूक्ष्म जंतु जुत जल महिं, नानो न धोनो विचार...३३

उषद जो दारु मांस जुत, अज्ञात वैद दीन;
सो उषद कबु खानो नहिं, मम जन तुम प्रवीन...३४

लोक शास्त्र निषेध कियो, एसो जो जो स्थान;
तिहाँ मल मुत्र न करनो, थुकनो नई अजान...३५

द्वार विन नहिं पेठनो, निकसनो नहिं कोइ;
कोउ जगे में पुछे बिन, उतरो न जन सोइ...३६

नरकुं नारि के मुख से, ज्ञान न सुननो लेश;
वादहि विवाद न करनो, नृप भृतसुं विशेष...३७

गुरु श्रेष्ठ मनुष्य को, लोक पुजत विद्वान;
शस्त्रधारि जो मनुष्य को, करनो नहिं अपमान...३८

विचार बिन तत्काल कोउ, करनो नहि कबु काज;
धर्मकाज ततखेवहि, करने करनि न लाज...३९

विद्या कोकुं पढावनी, करनो संत हि संग;
सोउ कबहु नहि भुलना, तजना संग कुसंग...४०

गुरुदेव नृप दर्श हित, जानो न खाली हाथ;
विश्वासधात न करना, स्वश्लाघ तजो गाथ...४१

तन देखाय तें सो वसन, न पेरना मम हि जन;
कबहु न भुलना तेहिकुं, एहि मम हि जो बचन...४२

कृष्णभक्ति कुं धर्म बीन, न करनी कोइ काल;
तिमि सेवा न त्यागनी, अज्ञही भय तत्काल...४३

उछव में रु मंदिर में, नारि नहि छुनो कोय;
नरकुं न छुना नारिकुं, ममजन कावत जोय...४४

कृष्ण दिक्षा गुरुन से, प्राप्त भये द्विज जोइ;
कंठ में तुलसि मालिका, दोरी धरो सब सोइ...४५

लेलाट हृदय बाहु में, उर्ध्वपुंड्र तिलक सार;
गोपिचंदन चंदन को, तिलक करो तेहि वार...४६

तेहि मध्य चंद्र गोल ही, हरिप्रसादी कराय;
एसो कुंकुम सार ले, करो जन हित लाय...४७

सतशूद्रकुं तेहि विध, दिक्षा लेनी प्रीत;
उर्ध्वपुंड्र तिलक कुं, कंठी धरना हीत...४८

लिलाट में करनो चंदही, बेवडी चंदन माल;
धरनी असत शूद्रकुं, मोर वचन संभाल...४९

त्रिपुंड्र रुद्राक्ष मालहि, द्विजहि जाति कुं जोय;
कुल परंपरा जो करी, चलेउ आये सोय...५०

तिनकुं न तेहि त्यागनो, हरिजन पर्म प्रतीन;
हरिकुं हरही वल्लभ हे, रिझत देखतहि चीन...५१

श्रीहरि हर एकात्म हे, जानो मम जन जेहि;
ब्रह्म कर वेद दोउको, प्रतिपादन किन तेहि...५२

आपतधर्म अल्पकाल ही, कबहु न करनो त्याग;
एहि विध सब ग्रंथ में, कह्यो जन बड भाग...५३

नित्य भानु उगे प्रथम, उठनो सब हरिजन;
स्मरनहि करि श्रीकृष्ण को, शौचविधि करना तन...५४

एक स्थानके बेठिके, दंत धावन करो जन;
शुद्ध जलमें नाइके, धोयल पेरो बसन...५५

शुद्ध भु आसन डारिके, पूर्व वा उत्तर मुख;
बेठनो मम ही जनकूं, आचमन करना सुख...५६

चंद्र जुक्त करो तिलक कुं, हरिजन पुरुष जोय;
सुवासनि त्रिय जो करे, कुंकुम चंदहि सोय...५७

विधवा तिलक हि चंद कुं, भाल न करनो तेहि;
सब हरिजन कुं मानसी, पूजा करना एहि...५८

श्रीकृष्ण राधा चित्र की, प्रतिमा आदर जूत;
पूजना नमनो भाव से, अष्टाक्षर मंत्र यूत...५९

व्यवहारिक पिछे काज कुं, करो सबे हरिदास;
अंबरीष हि वद्भक्त कुं, तेसे करना हुलास...६०

शिला धातु की मूर्ति कुं, शालग्राम हि जेहु;
पूजना नित तेहिकुं, यथा प्राप्त ले तेहु...६१

अष्टाक्षर कृष्णमंत्र को, जप करनो नित्य तेहि;
स्तोत्र शक्ति अनुसार ले, पाठ कुं करना एहि...६२

श्रीकृष्ण कुं निवेद विन, वस्तु न खाना कोइ;
हरि की सेवा नित पर, आत्मनिवेदि होइ...६३

निर्गुन हरि संबंध कर, निर्गुन होत हरिजन;
सबे भक्त में जाहु, श्रेष्ठ सो परमहि मन...६४

पत्र फल जल कंद जो, ओर वस्तु अपार;
हरि अर्पे विन खात नहिं, आत्मनिवेदि उदार...६५

असक्त हरिजन भक्त को, देह होवे जेहि वार;
निज पूजा कोउ भक्त कुं, देना सो संभार...६६

निज आचार्य सेवने, कृष्ण स्वरूप जो दीन;
सो स्वरूप कुं सेवना, ओर वंदहु प्रवीन...६७

नित्य प्रति संझा समे, हरिमंदिर महिं जाइ;
कृष्ण कीर्तन करनो नित, उंचे स्वर हुलसाइ...६८

कथा वार्ता श्रवन तेहि, करना आदर आन;
वाजित्र सहित करना, उछव दिन प्रमान...६९

संस्कृत प्राकृत ग्रंथ को, निज बुद्धि अनुसार;
अभ्यासहि करना मम जन, नित्यहि वारही वार...७०

जो कारज में जोग्यजन, प्रेरनो तेहि विचार;
कारज में नहिं जोग्य जो, न प्रेरना निरधार...७१

निज सेवक की सबहि विध, अन्न वस्त्रादिक करी;
जथा जोग्य संभावना, नित रखनी मुद भरी...७२

जेसो गुन जो मनुष्य में, देशकाल सम जोइ;
तेसे बोलावनो तेहिकुं, भुलना नहिं कोइ...७३

गुरु नृप वृद्ध त्यागीही, विद्वान तपस्वि जेउ;
आवत सामे उठनो, आदर देना तेउ...७४

गुरु देव राजा समीप, अरु सभा मध्य जाय;
पग पर पग न चढाना, ढिचन न वस्त्र बंधाय...७५

निज आचार्य समिपही, विवाद न करना जंत;
अन्न वस्त्रादिके पूजना, मम जन सबहि संत...७६

निज आचार्य आवते, जानीके सबहि जन;
आदरे सन्मुख जाइवो, चले तब तेसे करन...७७

कोइक फलके लोभ से, धर्म न करनो त्याग;
धर्म में सब फल जानिवो, मोर जन बडभाग...७८

अधर्माचर्न न ग्रहिवो, धर्म चरन ग्रहो जोइ;
त्याग करना अधम को, हरिजन जो जो होइ...७९

गुह्य वार्ता कोइकी, छति न करनी जानी;
जेसो जन तेसोहि जोइ, सन्मान करनो प्रानी...८०

चातुरमास विशेष ही, धरना नियम हि जन;
असमर्थ श्रावन मास एक, नियम रखो दृढ मन...८१

पूजा प्रदक्षणा दंडवत, मंत्र जप कीर्तन;
स्तोत्र पाठ श्रवन कथा, रु वांचनो मम वचन...८२

एकादशी सबहिकुं, करना आदर लाय;
कृष्ण जन्म शिवरात्रि व्रत, उछव करो हरखाय...८३

प्रयत्न करी उपवास में, निंद को करना त्याग;
उपावस त्याग होय निंदस्युं, मिथुन सुं ज्युं बडभाग...८४

सब वैष्णव मध्य नृप सम, वल्लभाचार्य नंद नंद;
श्रीविठ्ठलेश हि कृत व्रत, उछव निर्नय हि बंद...८५

तेहि अनुसर उछव व्रत, सेवा रित तदरूप;
ग्रहन करना मम जन कुं, जानी वचन अनूप...८६

द्वारिकादिक तीर्थ कुं, करना शक्ति विचारि;
दया करनी दीन पर, यथा विध उर धारि...८७

विष्णु भव गणपति सती, दिवाकर सुखधाम;
पंचदेव एहि पूजने, मानना पुरनकाम...८८

भूतादिक उपद्रव कछु, बनि आवे कोउ वार;
हनुमंत नारायनकवच को, जपनो मंत्र उदार...८९

सूर्यचंद्र के ग्रहनमें, त्याग करना सब काज;
शुचि होई श्रीकृष्ण को, मंत्र जपो तजि लाज...९०

मुक्त होई रहे ग्रहन को, वस्त्र सह करी स्नान;
दान देना ग्रहि शक्ति सम, त्यागी करे हरिध्यान...९१

जन्ममृत्यु कही सुतक में, स्वसबंध अनुसार;
यथा शास्त्र जोइ माननो, चातुर वर्न उरधार...९२

ब्राह्मन वर्न शम दम क्षमा, संतोष जुक्त गुनवान;
क्षत्रि वर्न शुरवीर धीरज, गुन रहो एहि जान...९३

वैश्य वर्न कृषिकर्म वनज, व्याज वटादिक जेहु;
शूद्र वर्न द्विज सेवरत, वृत्ति करी वरतना तेहु...९४

निज निज ग्रह्यहि सुत्र करी, अवसर तेहि विचारि;
संस्कार आह्निक श्राद्धकुं, करना द्विज वर धारि...९५

अज्ञान ज्ञान करी गुरु लधु, पातक जो कोउ होय;
निज शक्ति जुत पाप को, प्राश्चित करना सोय...९६

वेद हि व्याससूत्र अरु, श्रीमद्भागवत जेहि;
विष्णुसहस्र भारतमहिं, जानो मम जन तेहि...९७

भगवद्गीता विदुरनीति, वासुदेवमहात्म्य सार;
याज्ञवल्क्य ऋषि स्मृति, मोर इष्ट निरधार...९८

मदाश्रित द्विजजन तेहि, अष्ट ग्रंथ एहि जोइ;
पढना पढावना करनि कथा, श्रवन करो नित सोइ...९९

आचार व्यवहार प्रायश्चित, निर्नय करनो जब ताहि;
याज्ञवल्क्य टीका स्मृति, ग्रहन ह करना वाहि...१००

श्रीमद्भागवत के विषे, दशम रु पंचम दोउ;
श्रीकृष्ण को महात्म्य जानने, सबसुं अधीक सोइ...१०१

दशम सो भक्तिशास्त्र मम, पंचम योग ग्रंथ मोर;
याज्ञवल्क्य ऋषि स्मृति, धर्मशास्त्र मम ओर...१०२

श्रीरामानुजाचार्य किन, व्याससूत्र श्रीभाष्य;
श्रीभगवद्गीताभाष्य अरु, अध्यात्मशास्त्र मम तास...१०३

ए सब शास्त्रन के विषे, अधिक वचन हे एहि;
कृष्ण को स्वरूप धर्म हि, भक्ति वैराग तेहि...१०४

सो वचन ओर वचन से, प्रधान करिके लेहु;
धर्म जूत करना भक्ति कुं, शास्त्र रहस्य हे एहु...१०५

श्रुति स्मृति प्रतिपादन किन, सदाचार धर्म एउ;
कृष्ण पर महात्म्य ज्ञानजूत, बहु स्नेहे सो भक्ति तेउ...१०६

कृष्ण बिन ओर वस्तु में, राग न सो वैराग;
जीव माया इश्वर स्वरूप, ज्ञान जानो बडभाग...१०७

जिव अनु सम हृदय बिच, चैतन्य ज्ञानहि रूप;
नखशिख व्यापक देह में, अजरादि लछन अनूप...१०८

माया त्रिगुन अंधरूप, श्रीकृष्ण की शक्ति जान;
देह देह के सबंध की, ममत्व करावन वान...१०९

हृदय जीव जीववत, इश्वर रये हे जोइ;
अंतर्यामी स्वतंत्र ही, कर्मफलप्रद हि सोइ...११०

सो ईश्वर श्रीकृष्ण हे, अपने इष्ट हि देव;
सब अवतार कारन एहि, उपासन करन सेव...१११

राधा जूत श्रीकृष्ण कुं, राधाकृष्ण केवंत;
रमा जुक्त श्रीकृष्ण कुं, नारायन कहे संत...११२

अर्जुन जुक्त श्रीकृष्ण सो, नरनारायन नाम;
बलरामादिक जोग करि, तेहि नाम सो ठाम...११३

राधादिकहि भक्त सो, कबु रहे कृष्ण के पास;
कबु स्नेह हरि अंग रहे, तब एक रहे अविनास...११४

द्विभुज कृष्ण स्वरूप में, भेद न कोउ प्रकार;
चतुरभुज सहस्रभुज सो, निज इछा रहे धार...११५

एहि श्रीकृष्ण कि भक्तिकुं, मनुष्य कुं करनी जोइ;
साधन कोटिक एहि सम, कल्यानकारि न कोइ...११६

विद्यादिक गुनवान को, परम फल हे एहि;
सत्संग कृष्ण कि भक्ति बिन, लहे दुरगति तेहि...११७

श्रीकृष्ण रु अवतार तेहि, प्रतिमा तेहि जोउ;
ध्यान करन कुं जोग्य हे, तेहि विन देव न कोउ...११८

तिन देह से भिन्न हे, आत्मा परम अनूप;
कृष्ण कि करनी भक्ति नीत, होई के ब्रह्मस्वरूप...११९

दशम स्कंध हि नित प्रति, सुनना चित लगाय;
अरु वर्षमें एक वेर, सुननो हित हि लाय...१२०

दशम विष्णुसहस्र को, पुरश्चर्न पुन्य स्थान;
सामर्थ जुत करावनो, वांछित फल हि जान...१२१

देव संबंध जन संबंध, रोग संबंध रु जोउ;
कोई विध पावे आपदा, नासे करनो सोउ...१२२

आचार व्यवहार प्राश्चित, वय देश काल द्रव्य जाति ;
सामर्थ्य जोई जाननो, उर विचारि बहु भाति...१२३

विशिष्टाद्वैत हे मत मम, प्रिये हे गोलोक धाम;
ब्रह्मरुप होई कृष्ण की, भक्ति करनी निष्काम...१२४

गृही त्यागी सब भक्त के, धर्म कहे सामान;
विशेष धर्म अब कहत हे, सुनियो जन तुम कान...१२५

अवधप्रसाद रधुवीर हि, दो मम बंधु के सुत;
निज सबंध बिन नारी कुं, मंत्र न देना जुक्त...१२६

छुना नहिं कोउ नारि कुं, बोलना नहिं कोइ वार;
थापन न कोइकी रखनी, करुरपन दिजे टार...१२७

कोइको व्यवहार काज में, जमान न होना जोइ;
करज न करनो कोइको, आपत्काल परे तोइ...१२८

धर्म निमित्त होय अन्न सो, बेचनो न कोउ दीन;
जीर्न होय नयो किजिये, चतुर हो तुम प्रवीन...१२९

भादर शुदि चतुर्थी, गनपति पूजने जोउ;
आसो वदि चतुर्दशी, हनुमंत पूजने सोउ...१३०

धर्मकी रक्षा करन हित, हरिजन हितहि धीर;
गुरु करिके थापन किये, अवधप्रसाद रघुवीर...१३१

मुमुक्षु पुरुष मात्रकुं, दिक्षा देनि उर धार;
पात्र कुपात्र देखीके, दिजे मंत्र उचार...१३२

अधिकार जोइके जन को, धर्म में रखना तेहि;
आदर करनो सत्शास्त्र को, दिनदिन प्रीत सुं एहि...१३३

लक्ष्मीनारायन आदिलुं, स्थापे कृष्ण स्वरूप;
यथा विध तेहि सेवने, जानिके परम अनूप...१३४

मंदिर प्रति हर कोउ, आये अन्नार्थि जन;
निज सामृथ अन्नदान से, संभावना करनी तन...१३५

शाला विद्या पढन हित, करनि विप्र एकधारि;
पुन्य तेहि कर होत बहु, लिजे मन में विचारि...१३६

पत्नि दो आचार्य की, आज्ञा पति ले तेहि;
मंत्र दिनो स्त्री जाति कुं, नरकुं न दिना केहि...१३७

निज संबंध बिन तेहिकुं, पुरुष मात्रही संग;
बोलनो छुनो कबहु नहिं, देखावनो मुख न अभंग...१३८

सतसंगी अब ग्रही सबे, सबंध बिन विधवा नार;
स्पर्श न तिनको करनो, वचनहि मोर विचार...१३९

मात बेन रु पुत्री संग, रात न रहो एकान्त;
निज नारि को दान कबु, दिना नहिं कोउ दान्त...१४०

कोइ रीत कर नारी कुं, नृप को प्रसंग होय;
तिनको प्रसंग न करनो, कोइ प्रकार हि जोय...१४१

अतिथि आदर करनो, निज सामर्थ हि देख;
होमादिक देवकर्म रु, श्राद्धादिक हि लेख...१४२

रोगातुर गुरु मात पिता, एसे मनुष्य हि जोहि;
सामर्थ जोइ सेवा करनी, जीवत परजंत हि सोहि...१४३

वर्नाश्रम घटित उद्यम, सामर्थ करनो जोइ;
वछ वृछन न काटना, कृषिवृत्ति जन कोइ...१४४

सामर्थ जोइ अन्नद्रव्य को, संग्रह करनो विचारी;
घास को संग्रह करनो, पशु सम उर धारी...१४५

घास जलादि के करी, संभावना होवे जोउ;
तीतने पशु राखने, गौ घोडादिक सोउ...१४६

साक्षि सहित बिनलखत जो, पुत्र मित्र को न किजे;
भूधनादि लेनदेन में, ततपर सब में रिजे...१४७

आपको अरु ओरको, विवाह संबंध हि काज;
साक्ष्यसुं लक्षत करनो, तामें न रखनी लाज...१४८

निज उपज द्रव्य अनुसरी, काज हि करनो जन;
अधिके में कष्ट होय महा, युँ समझो ग्रही मन...१४९

धन उपज अरु खरच को, अक्षरे सुंदर सार;
नामो लिखनो नित प्रति, तेहिमें न करनि वार...१५०

निज वृत्ति उद्यम करी, धन धान्यादिक जोइ;
दशमो विशमो भाग ही, हरि कुं अर्पनो सोइ...१५१

एकादशी आदि व्रत को, उद्यापन शक्ति विचार;
करनो जथा शास्त्र करी, वांछित फल ले अपार...१५२

श्रावन मासे शिव को, पूजन करना प्रीत;
कां विप्रसुं करावना, जोइके शास्त्र रीत...१५३

निज आचार्य पाससुं, श्रीकृष्ण के मंदिर जोउ;
करज न कबहु काढना, वस्तु न लिनी कोउ...१५४

श्रीकृष्ण गुरु साधु के, दर्श हि जाना कोहु;
सो स्थान अन्न न खाइवो, परन्न हरे पुन्य सोहु...१५५

धन्य धान्यादिक मजूर कुं, दिजे बोली प्रमान;
दइ चूके जो करज कुं, गुप्त न रखनो सुजान...१५६

निज वंश कन्यादान कूं, गुप्त न रखना जंत;
दुष्ट संग व्यवहार ही, करनो नहि बुद्धिवंत...१५७

कठोर काल नृप शत्रु को, उपद्रव होवे जब;
धान धन लज्जा नाश होय, मूल स्थान तजो तब...१५८

निरभे स्थानक जोईके, रेहेनो बुद्धिमान;
अंतर व्याधि न होय कछु, सुखे भजो भगवान...१५९

धनाढ जन हिंसा रहित, करना विष्णु जज्ञ;
तीर्थ द्वादशी पर्व में, विप्र संत जेमावो तज्ञ...१६०

हरी मंदिर उछव महा, करना वारमवार;
सुपात्र विप्रकुं दान ही, देना विविध प्रकार...१६१

मदाश्रित जो नृप सब, धर्मशास्त्र अनुसार;
पुत्र ज्युं प्रजा पालनी, करो भू धर्म विस्तार...१६२

राज्य सप्तांग उपाय चहु, छ गुन लछ विचार;
तिर्थ चार प्रेरन स्थल, सभासद जान व्यवहार...१६३

दंड्य अदंड्य जोग्य ही, मनुष्य कुं जाननो जोय;
जथार्थ एसे जाननो, नृपति कहावे सोय...१६४

सुवासनी नारी स्वामि निज, अंध रोगि दरिद्रि तोउ;
नपुंसक इश्वर तुल्य गनी, सेवनो मृदुल मुख होउ...१६५

रुप जोबनहि जुक्त जो, अन्य पुरुषहि जोहि;
सहज स्वभाविक तिनको, प्रसंग न करना कोहि...१६६

नाभि साथल छातिकुं, अन्य पुरुष न देखे त्युंहि;
वर्तनो सधवा नारीकुं, वचन हे मेरो युंहि...१६७

उघाडे शरीर न फिरनो, भांडभवाइ जोना नाइ;
निर्लज नारी को संग कबु, मन में न करनो चाइ...१६८

निज पति परदेश गये, पेरना न वस्त्र नवीन;
पर घर जानो न बेठने, हास्य करना प्रवीन...१६९

विधवा पति बुद्धि कर, सेवना श्री भगवान;
पिता पुत्रादिक नियम में, वरतना परम सुजान...१७०

विधवा समिप सबंध विन, नर परश करना त्याग;
जोबन वय जोबन नर से, बोलनो नहिं बडभाग...१७१

बालक धावने परश में, दोष न पशुवत मानि;
अवश्य काज वृद्ध नर संग, छुनो बोलनो जानि...१७२

निज संबंध बिन पुरुष संग, पढे न विधवा कोइ;
व्रत उपवास करी देह कुं, दमनो वेर वेर सोइ...१७३

देह निर्वाह जीवत लग, इतनो रखनो धन;
अधिक धन सो खरचनो, विधवा जानना मन...१७४

एक वेर करनो आहार कुं, भू पर सुनो तेहि;
मैथुनासक्त पशु पक्षिलुं, जोना न विधवा एहि...१७५

विधवा सुवासनि संन्यासनि, रु वैरागनि तूल;
देश कुल आचार विरुद्ध, वेश न धरना भूल...१७६

गर्भ की पातक नारी को, पर्श न करना संग;
वात नर रसश्रृंगार की, करनि न सुननि अभंग...१७७

निज संबंधी तरुन नर, तरुन हि विधवा नारि;
आपत विन एकांत थल, रेनो न कोइ विचारि...१७८

रमत न करना होरी की, भूषन धरना नाहिं;
सुवर्न जुक्त झिनो वसन, विधवा धरनो न चाहि...१७९

सधवा विधवा नारी सब, वस्त्र विन नहिं नानो;
रजस्वल गुप्त न राखनो, मोर जन एहि जानो...१८०

तिन दिन मनुष्य वसन कुं, छुनो न रजस्वल नारि;
चोथे दिने नाहि करी, अडनो तबहि विचारि...१८१

नैष्ठिक ब्रह्मचारी सब, मदाश्रित हि सोउ;
नारीसुं नहिं बोलना, सन्मुख न बेठनो सोउ...१८२

बात न करनि नारी की, सुननि नहिं कबु कान;
पगफेर नारी जेहि स्थल, क्रिया न करो स्नान...१८३

देवता प्रतिमा विन ओर, चित्रकाष्ठादिक नारि;
परश न करनो तिनको, देखनि न नेन निहारि...१८४

प्रतिमा करनि न नारी की, तन छुनो न वस्त्र धरेल;
मैथुनासक्त पशु पक्षिलु, जोना नेन परेल...१८५

छुना जोना न बोलना, नारी बने नर जेहि;
नारी उदेश कथा वार्ता, किर्त्तन करनो न केहि...१८६

ब्रह्मचर्ज व्रत न त्यागनो, गुरु बचन कहे तोहु;
निर्मान धीर्ज संतोष जुत, रहो संत जन सोहु...१८७

बलात्करीके नारी कोउ, नजिक हि आवे जोउ;
तिरस्कार करी निवारनि, समिप न आन द्यो कोउ...१८८

कदापि नारी रु निजको, प्रान को होवे नास;
बोलना छुना रक्ष हित, एसे काल महिं तास...१८९

तैल मर्दन न करनो, आयुध न धरना कोइ;
भयंकर वेश न धरना, रस इंद्रि जितनि सोइ...१९०

नारी पिरसने विप्र घर, तिहां न जमनो जाय;
विप्र नर पिरसने हि जो, सो घर जमनो चाय...१९१

वेदशास्त्र अभ्यास हि, गुरुसेवा करना प्रीत्य;
नारी सम करना त्याग हि, स्त्रेण पुरुष जोइ चीत...१९२

चर्मवारी न पिवनो, पलांडु लसुन हि कोहु;
अभक्ष्यहि वस्तु मात्रकुं, विप्र हि तजनो सोहु...१९३

स्नान संध्या गायत्रि जप, विष्णुपूजन वैश्व हि देव;
सो करे विन न जिमनो, विप्र नैष्ठिक वर एव...१९४

साधु सब ब्रह्मचारी सम, त्रिया को त्यागे संग;
दर्श भाषन स्त्रैण नर तिमि, अंतः अरी करे भंग...१९५

सब इंद्रियन कुं जितना, रसना इंद्रि विशेष;
द्रव्य संग्रह करनो नहिं, ओरसुं न रखावनो रेष...१९६

थापन कोइकि न रखनी, धिरज त्यागनो नाहिं;
निज जगा बंधि की तिहां, प्रवेश न नारी कराहिं...१९७

अवस्य काज बिन निशि में, संग विन चलनो नाइ;
एकेला कबु न चलना, अवस्य बिन साधु तोइ...१९८

महा मूल विचित्र वसन, कोउ रंग रंग रचीत;
अन्य इछा कर प्राप्त भये, अंग धरना न को रीत...१९९

भिक्षा सभाप्रसंग बिन, जानो न गृहि गृह जोय;
व्यर्थकाल नहिं खोवना, हरि की भक्ति बिन कोय...२००

जो गृही घर नारी को, इक्षनादिक न होय;
अन्न पीरश कुं नर होय, यह घर जाना सोय...२०१

तेसो न होय गृही घर, जाना न त्यागी जेहि;
थान कचो अन्न राधना, हरि धरी जमना तेहि...२०२

ऋषभदेव के पुत्र जो, जड विप्र ज्युं वर्ते जानि;
तेसे वर्तना साधु कुं, भु पर होइ निरमानि...२०३

ब्रह्मचारी रु साधु सब, प्रयत्न करना त्याग;
तांबुल अफिन तमालदे, रखना न कोइमें राग...२०४

संस्कार गर्भाधानादि में, अन्न न जमना तेहि;
प्रेत श्राद्ध एकादशाहलुं, तिमि द्वादशालुं जेहि...२०५

रोगादिक अवस्य बिन, दिन में सुना नाहिं;
ग्राम्य वात नहिं करना, जानि न सुनना चाहि...२०६

रोग बिन कोई कालमें, षटिये न सुना कोइ;
निशदिन साधु आगे हि, निष्कपट वरतना सोइ...२०७

गालि दान ताडन करे, कुमति जन कोउ वार;
सहन त्यागी कुं करनो, चिंतवन करना सार...२०८

दूत्य कर्म न करनो, पैशुन न होना कोउ;
चारकर्म करना नहीं, स्वजन हेत तजो सोउ...२०९

एहि विध सबके धर्म सो, संक्षेपे कहें मोइ;
संप्रदाय के ग्रंथसुं, अधिक हि सुनना सोइ...२१०

सब सत्छास्त्र विचारीके, सार लिखे हम एहि;
मनवांछित फलदाइ हे, मम पत्री यह जेहि...२११

मदाश्रित सत्संगी सबे, नित्य एहि अनुसार;
वरतनो तत्पर होइके, धार्‍यो न करनो लगार...२१२

पुरुषहि अरु जोषिता, वर्त्तनो यह प्रकार;
चतुर वर्ग की सिद्धि कुं, प्राप्त होवे अपार...२१३

बाइ भाइ नहिं वर्त्त हि, शिक्षापत्री प्रमान;
संप्रदाय मम बार हे, जानो बुद्धिमान...२१४

शिक्षापत्री नित्य प्रति, पाठ कुं करना जन;
श्रवनहि करना अभन कुं, आदर कर अति मन...२१५

एसो न जोग तब पुजना, शिक्षापत्री हि नित;
मद्रूप मद्वानी यह, आदर मानना हित...२१६

शिक्षापत्री मोर यह, दैवी जन कुं देनि;
असुरी कुं देनी नहीं, मोर अग्या धर लेनि...२१७

संवत् अढार बासि हि, महा शुदि पंचमि वार;
शिक्षापत्री लिखि हि हम, कल्यानी सुखसार...२१८


मदाश्रित भक्तजन की, व्याधि करन विनास;
धर्मे जुक्त भक्ति की, रक्षा कर अविनास...२१९

मनवांछित निज भक्त के, सुख के देन अपार;
एसे कृष्ण सबहि मम, मंगल करो विस्तार...२२०

प्रथम शिक्षापत्री यह, संस्कृत किन महाराज;
सो दोहा प्राकृत किये, सिद्धानंद संत समाज...२२१

संवत ओगनिश तेर हि, भादु वदि एकादशि;
दोहापत्री पूरन भई, चिंतामनि ज्युं लशि...२२२

।। इति श्रीसहजानंदस्वामि शिष्य सिद्धानंदमुनि विरचिता
"श्रीशिक्षापत्री दोहावली" चिंतामनि परमपद पावनी संपूर्णाः ।।



INDEX

શ્રીસ્વામિનારાયણ મંદિર-કુંડળધામ તથા કારેલીબાગ, વડોદરા
દ્વારા કરવામાં આવેલ પ્રકાશન

MP5

INDEX

DVD

૧. નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત ૧૪ ગ્રંથ
૨. પંચરત્ન
૩. અક્ષરબાવની
૪. ભક્તિસિદ્ધિ
૫. બુદ્ધિપ્રદીપ
૬. વિવેકસાર
૭. સર્ગ નિસરણી
૮. મુક્તવંદના
૯. હિંડોળા ઉત્સવ
૧૦. યમદંડ
૧૧. શિક્ષાપત્રી ભાષ્ય
૧૨. યુવાશિબિર
૧૩. ભાલદેશની લીલા
૧૪. વિવેકશતક કથા
૧૫. મૂર્ખશતક કથા
૧૬. કુંડળધામ દર્શન
૧૭. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૮. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૯. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૨૦. દિવ્ય દિવ્ય મહારાજ *(કીર્તન દર્શન-૫)*
૨૧. માધુરી મૂર્તિ-૧ *(કીર્તન દર્શન-૬)*
૨૨. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૨૩. શ્રીજીચાલીસા *(કીર્તન દર્શન-૯)*
૨૪. યુવાની એક શક્તિ *(કીર્તન દર્શન-૧૦)*
૨૫. જોઈએ તારો પ્યાર *(કીર્તન દર્શન-૧૧)*
૨૬. ઘનશ્યામ ચાલ *(કીર્તન દર્શન-૧૨)*
૨૭. માધુરી મૂર્તિ-૨
૨૮. મે તેરે બલ જાઉં *(કીર્તન દર્શન-૧૪)*
૨૯. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૩૦. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૩૧. શ્રીસ્વા.સત્સંગ શિબિર-૨૨, ૨૩
૩૨. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. દાદા ખાચરના વિવાહ
૩. બુદ્ધિપ્રદીપ
૪. પંચરત્ન
૫. હરિસ્મરણ
૬. શ્રીમદ્‌ભાગવત

VCD

૧. મોક્ષનાં સાધનો
૨. સહજાનંદ
૩. સાધુ ભજનપ્રકાશદાસજી
૪. ઉત્તર ભારતની યાત્રા
૫. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૬. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૭. નાટક : શૂન્ય
૮. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૯. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

हिन्दी प्रकाशन

१. टेलीफिल्म : केसर मियाँ VCD
२. टेलीफिल्म : शेख मियाँ DVD
३. टेलीफिल्म : डोसा ताई DVD
४. लाडला युवान (कीर्तन दर्शन-३)
५. हे नाथ ! (कीर्तन दर्शन-८)
६. घेर बेठा तीरथ भाग-३
७. आपको पाना है (कीर्तन दर्शन-१३)

3D Animation

૧. લીલાછમ વનમાં... DVD

USB AUDIO

પેનડ્રાઈવ મેમરી કાર્ડ

કથા તથા કીર્તનો ભાગ : ૧ થી ૧૩

INDEX

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદ સ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદ સ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૨. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૩. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૪. કીર્તન દીપાવલી ભાગ-૧
૧૫. કીર્તનસાર
૧૬. સાગર સાર ભાગ : ૧ થી ૧૨
૧૭. શિક્ષાપત્રી
૧૮. હરિસ્મૃતિ
૧૯. હરિરસામૃત
૨૦. નિત્યનિયમ
૨૧. શાંતિપાઠ
૨૨. સંત આખ્યાન
૨૩. ભક્ત આખ્યાન
૨૪. શ્રીવિધાત્રાનંદ સ્વામીના ગ્રંથો
૨૫. સદ્.શ્રીઅદ્ભુતાનંદ સ્વામીની મૂળવાતો
૨૬. સદ્.શ્રીપ્રેમાનંદ સ્વામીના ગ્રંથો
૨૭. સદ્.શ્રીનિત્યાનંદ સ્વામીના ગ્રંથો
૨૮. સદ્.શ્રીનિર્ગુણદાસ સ્વામીની વાતો
૨૯. સદ્.શ્રીશુકાનંદ સ્વામી કૃત ગ્રંથાદિ
૩૦. સદ્.શ્રીભૂમાનંદ સ્વામી કૃત શ્રીહરિલીલામૃતગ્રંથ
૩૧. સદ્.શ્રીઅક્ષરાનંદ સ્વામીની વાતો
૩૨. સદ્.શ્રીભાયાત્માનંદ સ્વામીની વાતો
૩૩. પ.ભ.શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો
૩૪. પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત લીલાચિંતામણિ
૩૫. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૩૬. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૩૭. શ્રીપુરુષોત્તમલીલા
૩૮. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૩૯. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૪૦. શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ
૪૧. સ્વાસ્થ્ય સુધા
૪૨. વાલપનાં વેણ (ગુજરાતી, હિંદી, અંગ્રેજી)

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्ति निर्णय *(गुजराती अनुवाद के साथ)*

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्
(गुजराती अनुवाद के साथ)

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા પચીસેક વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમત્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ www.swaminarayanbhagwan.com દ્વારા કરવામાં આવે છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો

હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્ગ્રંથો તથા ‘સત્સંગ સેવક’ નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.





જીવા ખાચરનો દરબારગઢ (સારંગપુરધામ)



Visit us :

www.swaminarayanbhagwan.com

karelibaug@gmail.com

ISBN 978-93-83456-33-8



